بِسۡمِ اللهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

# નુઝ્હતુલ્ ક઼ારી

# શરહે સહીહ બુખારી

[ભાગ : ૪]

અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી

હસ્બે ફર્માઈશ **હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી**

અઝ : ફક઼ીહુલ્ હિંદ હઝરત અલ્લામા

**મુફતી મુહમ્મદશરીફુલ હક઼્ક઼ અમજદી** رحمۃ اللہ علیہ

(પૂર્વ સદર મુફતી જામિઆ અશ્રફિયા, મુબારકપુર, જિ. આ'ઝમગઢ, યુ.પી.)

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

**પ્રકાશકો**


અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા

GRWB/059/
Bharuch/02
C/o. ફય્ઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ
પિન. ૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨)
(ઓફિસ) ૨૮૦૦૧૧,(ઘર) ૨૮૦૧૯૨,
૨૮૦૨૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
Web. :www. barkatekhwaja.net
Email :anjuman2006@hotmail.com

સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા શાખા

GRWB/058/
Bharuch/02
C/o. ફય્ઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ
પિન. ૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨)
(ઓફિસ) ૨૮૦૦૧૧,(ઘર) ૨૮૦૧૯૨,
૨૮૦૨૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
Web. :www. barkatekhwaja.net
Email :anjuman2006@hotmail.com

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا رَسُوۡلَ اللّٰهِ ﷺ

وَعَلٰى آلِكَ وَاَصۡحَابِكَ يَا حَبِيۡبَ اللّٰهِ ﷺ

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન


કિતાબનું નામ : નુઝ્હતુલ્ કારી શરહે સહીહ બુખારી (ભાગ : ૪)

અઝ : ફકીહુલ્ હિંદ હઝરત અલ્લામા મુફતી

**મુહમ્મદશરીફુલ હક્ક અમજદી** رحمۃ اللہ علیہ

(પૂર્વ સદર મુફતી જામિઆ અશ્રફિયા, મુબારકપુર, જિ. આ'ઝમગઢ, યુ.પી.)

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, Email : anjuman2006@hotmail.com

કંપોઝિંગ & ડિઝાઈન : સાદિક્ યાકૂબ પટેલ દયાદરવી (મો. ૯૪૨૭૮ ૧૭૩૯૯)

: હાફિઝ વહીદ ઈકબાલ જમાદાર (૯૭૨૫૫ ૧૯૮૨૨)

પેજીસ : ૪૯૬ ★ **કિંમત** : રૂા. ૧૮૦/– ★ **આવૃત્તિ** : પ્રથમ

પ્રકાશન વર્ષ : ૧૨ રબીઉલ આખર, હિ.સ. ૧૪૩૪

અંગ્રેજી તા. ૨૨–ફેબ્રુઆરી– ૨૦૧૩, જુમ્આ

પ્રાપ્તિસ્થાન : **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

મુ.પો. દયાદરા, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦,

ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧, ૨૧૦૪૧૧ (ઘર) ૨૮૦૧૯૨

મો. ૯૪૨૭૪૬૪૪૧૧, Email : anjuman2006@hotmail.com

www.barkatekhwaja.net

**પ્રકાશકો**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** | **સુન્ની દા'વતે ઈસ્લામી** (દયાદરા શાખા)

★ નકલ : ૩૦૦૦ | ★ નકલ : ૧૦૦૦

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,

તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧,

(ઘર) ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨, મો. ૯૪૨૭૪૬૪૪૧૧


નોંધ : ડોનરો–મેમ્બરોને દરેક કિતાબની એક કોપી ફ્રીમાં મોકલવામાં આવે છે. (મેમ્બર ફી રૂા. ૩૦૦/–)

# અ.....નુ.....ક્ર.....મ.....ણિ.....કા.....


| વિષય | પેજ નં |
| --- | --- |
| ➪ **કલેમાતે ખૈર** | |
| *(અઝ :મુહમ્મદ શાકિર નૂરી રઝવી–મુંબઈ)* | 011 |
| ➪ **અનુવાદકના બે બોલ...** | |
| *(અઝ :પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી)* | 012 |
| **કિતાબુલ્ જનાઈઝ "જનાઝા વિશે પ્રકરણ"** | 014 |
| [તઅલીક઼ : ૨૨૮] | 014 |
| [હદીષ : ૭૨૯ અને ૭૩૦] | 015 |
| [હદીષ : ૭૩૧] | 018 |
| [હદીષ : ૭૩૨] | 021 |
| [હદીષ : ૭૩૩] | 022 |
| [હદીષ : ૭૩૪] | 025 |
| [હદીષ : ૭૩૫] | 031 |
| [હદીષ : ૭૩૬] | 032 |
| ગાઈબાના નમાઝે જનાઝા | 033 |
| હુઝૂર તથા સહાબાની ગાઈબાના નમાઝે જનાઝા નથી પઢવામાં આવી | 033 |
| [હદીષ : ૭૩૭] | 036 |
| ગઝવએ મૂતા | 037 |
| ઝયદ બિન હારિષા رضی اللہ عنہ | 037 |
| [હદીષ : ૭૩૮] | 038 |
| [હદીષ : ૭૩૯] | 049 |
| [હદીષ : ૭૪૦] | 040 |
| [હદીષ : ૭૪૧] | 042 |
| [તઅલીક઼ : ૨૨૮–૨૨૯–૨૩૦] | 044 |
| [તઅલીક઼ : ૨૩૧–૨૩૨] | 046 |
| [હદીષ : ૭૪૨] | 046 |
| [તઅલીક઼ : ૨૩૩ અને હદીષ : ૭૪૩ ] | 049 |
| [હદીષ : ૭૪૪] | 051 |
| [હદીષ : ૭૪૫] | 051 |
| [તઅલીક઼ : ૨૩૪] | 053 |
| [તઅલીક઼ : ૨૩૫–૨૩૬–૨૩૭, હદીષ : ૭૪૬] | 054 |
| હઝરત મુસ્અબ બિન ઉમૈર رضی اللہ عنہ | 056 |
| [હદીષ : ૭૪૭] | 055 |
| [હદીષ : ૭૪૮] | 059 |
| [હદીષ : ૭૪૯] | 060 |
| [હદીષ : ૭૫૦] | 061 |
| [હદીષ : ૭૫૧] | 062 |
| [હદીષ : ૭૫૨] | 063 |
| ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે હ઼બીબા رضی اللہ عنہا | 065 |
| [હદીષ : ૭૫૩] | 067 |
| [હદીષ : ૭૫૪] | 069 |
| [હદીષ : ૭૫૫] | 070 |
| હઝરત સુહૈબ બિન સનાન رضی اللہ عنہ | 070 |
| [હદીષ : ૭૫૬] | 074 |
| [હદીષ : ૭૫૭] | 075 |
| [તઅલીક઼ : ૨૩૮] | 075 |
| [હદીષ : ૭૫૮] | 076 |
| [તઅલીક઼ : ૨૩૯] | 077 |
| [હદીષ : ૭૫૯–૭૬૦] | 077 |
| [હદીષ : ૭૬૧] | 078 |
| [તઅલીક઼ : ૨૪૧] | 080 |
| સઅદ બિન ખૌલા | 080 |
| [હદીષ : ૭૬૨] | 082 |
| હઝરત જઅફર બિન અબી તાલિબ | 083 |
| હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા رضی اللہ عنہ | 083 |
| [તઅલીક઼ : ૨૪૧] | 084 |
| [હદીષ : ૭૬૩] | 085 |
| [હદીષ : ૭૬૪] | 087 |

| વિષય | પેજ નં |
|---|---|
| [હદીષ : ૭૬૫] | 088 |
| [હદીષ : ૭૬૬] | 089 |
| [હદીષ : ૭૬૭ અને ૭૬૮] | 090 |
| [હદીષ : ૭૬૯] | 091 |
| [હદીષ : ૭૭૦ અને ૭૭૧] | 092 |
| સહલ બિન હુનૈફ | 092 |
| [તઅલીક઼ : ૨૪૨] | 093 |
| અબ્દુર્રહમાન ક઼ાસિમ બિન અબી લયલા | 093 |
| [હદીષ : ૭૭૨] | 094 |
| [તઅલીક઼ : ૨૪૪] | 095 |
| [હદીષ : ૭૭૩ અને ૭૭૪] | 096 |
| [હદીષ : ૭૭૫] | 097 |
| [તઅલીક઼ : ૨૪૫] | 097 |
| નમાઝે જનાઝામાં બે વાર સલામ છે | 098 |
| [તઅલીક઼ : ૨૪૬] | 098 |
| [તઅલીક઼ : ૨૪૭–૨૪૮–૨૪૯] | 099 |
| [તઅલીક઼ : ૨૫૦] | 100 |
| [હદીષ : ૭૭૬–૭૭૭] | 100 |
| [હદીષ : ૭૭૮] | 102 |
| [તઅલીક઼ : ૨૫૧] | 104 |
| [હદીષ : ૭૭૯] | 105 |
| [તઅલીક઼ : ૨૫૨–૨૫૩–૨૫૪] | 107 |
| નમાઝે જનાઝામાં સૂરએ ફ઼ાતિહા | 108 |
| [હદીષ : ૭૮૦–૭૮૧] | 108 |
| નકીરૈનના સવાલો | 110 |
| [હદીષ : ૭૮૨] | 111 |
| [હદીષ : ૭૮૩] | 113 |
| [હદીષ : ૭૮૪] | 114 |
| [તઅલીક઼ : ૨૫૫] | 115 |
| [હદીષ : ૭૮૫] | 116 |
| [હદીષ : ૭૮૬] | 117 |
| [હદીષ : ૭૮૭] | 118 |
| [તઅલીક઼ : ૨૫૬–૨૫૭] | 119 |
| [હદીષ : ૭૮૮] | 120 |
| [હદીષ : ૭૮૯] | 125 |
| [હદીષ : ૭૯૦] | 126 |
| [હદીષ : ૭૯૧] | 127 |
| [હદીષ : ૭૯૨] | 129 |
| [તઅલીક઼ : ૨૫૮–૨૫૯] | 133 |
| [તઅલીક઼ : ૨૬૦] | 134 |
| [તઅલીક઼ : ૨૬૧] | 134 |
| [તઅલીક઼ : ૨૬૨] | 135 |
| [હદીષ : ૭૯૩] | 136 |
| [હદીષ : ૭૯૪] | 137 |
| [હદીષ : ૭૯૫] | 138 |
| [હદીષ : ૭૯૬] | 139 |
| [હદીષ : ૭૯૭] | 141 |
| [હદીષ : ૭૯૮] | 142 |
| [હદીષ : ૭૯૯] | 143 |
| ક઼બ્રનો અઝાબ | 143 |
| [હદીષ : ૮૦૦] | 145 |
| [હદીષ : ૮૦૧] | 146 |
| મુડદાનું સાંભળવું | 146 |
| [હદીષ : ૮૦૨] | 149 |
| [હદીષ : ૮૦૩] | 150 |
| [હદીષ : ૮૦૪] | 151 |
| [હદીષ : ૮૦૫] | 151 |
| [હદીષ : ૮૦૬] | 153 |
| [હદીષ : ૮૦૭] | 153 |
| [હદીષ : ૮૦૮] | 153 |
| [હદીષ : ૮૦૯] | 158 |
| [હદીષ : ૮૧૦] | 160 |
| [હદીષ : ૮૧૧] | 160 |
| [હદીષ : ૮૧૨] | 161 |
| [હદીષ : ૮૧૩] | 161 |
| [હદીષ : ૮૧૪] | 162 |

| વિષય | પેજ નં |
|---|---|
| [હદીષ : ૮૧૫] | 163 |
| યઝીદનું નામકરણ સહીહ ન હતું | 164 |
| [હદીષ : ૮૧૬] | 167 |
| **કિતાબુઝ્ ઝકાત (ઝકાત વિશે પ્રકરણ)** | 169 |
| [હદીષ : ૮૧૭] | 170 |
| [હદીષ : ૮૧૮] | 171 |
| [હદીષ : ૮૧૯] | 172 |
| [હદીષ : ૮૨૦] | 173 |
| [હદીષ : ૮૨૧] | 175 |
| [હદીષ : ૮૨૨] | 177 |
| [હદીષ : ૮૨૩] | 177 |
| [હદીષ : ૮૨૪] | 178 |
| [હદીષ : ૮૨૫] | 179 |
| [હદીષ : ૮૨૬] | 181 |
| [હદીષ : ૮૨૭] | 183 |
| [હદીષ : ૮૨૮] | 183 |
| [હદીષ : ૮૨૯] | 184 |
| [હદીષ : ૮૩૦] | 184 |
| [હદીષ : ૮૩૧] | 185 |
| [હદીષ : ૮૩૨] | 186 |
| [હદીષ : ૮૩૩] | 186 |
| [હદીષ : ૮૩૪] | 187 |
| [હદીષ : ૮૩૫] | 188 |
| [હદીષ : ૮૩૬] | 189 |
| [હદીષ : ૮૩૭] | 191 |
| [હદીષ : ૮૩૮] | 193 |
| [હદીષ : ૮૩૯] | 194 |
| [હદીષ : ૮૪૦] | 195 |
| [હદીષ : ૮૪૧] | 195 |
| [હદીષ : ૮૪૨] | 196 |
| [હદીષ : ૮૪૩] | 196 |
| [હદીષ : ૮૪૪] | 197 |
| [હદીષ : ૮૪૫] | 198 |

| વિષય | પેજ નં |
|---|---|
| [હદીષ : ૮૪૬] | 199 |
| [હદીષ : ૮૪૭] | 199 |
| [હદીષ : ૮૪૮] | 200 |
| [હદીષ : ૮૪૯] | 201 |
| [હદીષ : ૮૫૦] | 202 |
| [તઅલીક઼ : ૨૬૩] | 203 |
| [હદીષ : ૮૫૧] | 203 |
| [તઅલીક઼ : ૨૬૪] | 205 |
| [હદીષ : ૮૫૨] | 205 |
| [તઅલીક઼ : ૨૬૫] | 206 |
| [તઅલીક઼ : ૨૬૬] | 207 |
| [હદીષ : ૮૫૩] | 208 |
| [હદીષ : ૮૫૪] | 208 |
| [હદીષ : ૮૫૫] | 209 |
| [હદીષ : ૮૫૬] | 211 |
| [હદીષ : ૮૫૭] | 216 |
| [હદીષ : ૮૫૮] | 217 |
| [હદીષ : ૮૫૯] | 218 |
| [હદીષ : ૮૬૦] | 220 |
| [હદીષ : ૮૬૧] | 221 |
| [હદીષ : ૮૬૨] | 224 |
| [હદીષ : ૮૬૩] | 227 |
| [તઅલીક઼ : ૨૬૭] | 227 |
| [તઅલીક઼ : ૨૬૮] | 228 |
| [તઅલીક઼ : ૨૬૯] | 229 |
| [હદીષ : ૮૬૪] | 229 |
| [તઅલીક઼ : ૨૭૦] | 231 |
| [હદીષ : ૮૬૫] | 232 |
| [હદીષ : ૮૬૬] | 232 |
| [હદીષ : ૮૬૭] | 233 |
| [હદીષ : ૮૬૮] | 233 |
| [હદીષ : ૮૬૯] | 235 |
| [હદીષ : ૮૭૦] | 235 |
| [હદીષ : ૮૭૧] | 237 |

| વિષય | પેજ નં |
|---|---|
| [હદીષ : ૮૭૨] | 237 |
| [હદીષ : ૮૭૩] | 238 |
| [હદીષ : ૮૭૪] | 240 |
| [હદીષ : ૮૭૫] | 240 |
| [હદીષ : ૮૭૬] | 241 |
| [તઅલીક઼ : ૨૭૧] | 245 |
| [હદીષ : ૮૭૭] | 246 |
| [હદીષ : ૮૭૮] | 246 |
| [હદીષ : ૮૭૯] | 247 |
| [હદીષ : ૮૮૦] | 248 |
| [હદીષ : ૮૮૧] | 248 |
| [હદીષ : ૮૮૨] | 249 |
| [હદીષ : ૮૮૩] | 249 |
| [હદીષ : ૮૮૪] | 250 |
| [હદીષ : ૮૮૫] | 252 |
| [હદીષ : ૮૮૬] | 253 |
| [હદીષ : ૮૮૭] | 254 |
| [તઅલીક઼ : ૨૭૨] | 254 |
| હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી ઔફા رضی اللہ عنہ | 254 |
| [તઅલીક઼ : ૨૭૩] | 255 |
| [હદીષ : ૮૮૮] | 255 |
| [તઅલીક઼ : ૨૭૪] | 257 |
| [તઅલીક઼ : ૨૭૫] | 257 |
| [તઅલીક઼ : ૨૭૬] | 258 |
| [હદીષ : ૮૮૯] | 261 |
| [હદીષ : ૮૯૦] | 261 |
| [હદીષ : ૮૯૧] | 262 |
| **સદક઼ાએ ફિત્ર વિશે પ્રકરણ** | 263 |
| [તઅલીક઼ : ૨૭૭] | 264 |
| [હદીષ : ૮૯૨] | 264 |
| [હદીષ : ૮૯૩] | 265 |
| [હદીષ : ૮૯૪] | 266 |
| [તઅલીક઼ : ૨૭૮] | 267 |
| [હદીષ : ૮૯૫] | 267 |

| વિષય | પેજ નં |
|---|---|
| [તઅલીક઼ : ૨૭૯] | 267 |
| [હદીષ : ૮૯૬] | 268 |
| [હદીષ : ૮૯૭–૮૯૮–૮૯૯] | 271 |
| [તઅલીક઼ : ૨૮૦] | 272 |
| [હદીષ : ૯૦૦] | 272 |
| [હદીષ : ૯૦૧] | 272 |
| [હદીષ : ૯૦૨] | 273 |
| [હદીષ : ૯૦૩] | 273 |
| [હદીષ : ૯૦૪] | 274 |
| [હદીષ : ૯૦૫] | 274 |
| [હદીષ : ૯૦૬] | 275 |
| [હદીષ : ૯૦૭] | 276 |
| [હદીષ : ૯૦૮] | 277 |
| [હદીષ : ૯૦૯] | 277 |
| [હદીષ : ૯૧૦] | 278 |
| [હદીષ : ૯૧૧] | 278 |
| [હદીષ : ૯૧૨] | 279 |
| [તઅલીક઼ : ૨૮૧] | 281 |
| [તઅલીક઼ : ૨૮૨] | 281 |
| [તઅલીક઼ : ૨૮૩] | 281 |
| [તઅલીક઼ : ૨૮૪] | 282 |
| [હદીષ : ૯૧૩] | 282 |
| [હદીષ : ૯૧૪] | 283 |
| [હદીષ : ૯૧૫] | 283 |
| [હદીષ : ૯૧૬] | 284 |
| [હદીષ : ૯૧૭] | 285 |
| [હદીષ : ૯૧૮] | 287 |
| [તઅલીક઼ : ૨૮૫] | 287 |
| [તઅલીક઼ : ૨૮૬] | 288 |
| [તઅલીક઼ : ૨૮૭] | 288 |
| [તઅલીક઼ : ૨૮૮] | 288 |
| [હદીષ : ૯૧૯] | 288 |
| [હદીષ : ૯૨૦] | 290 |
| [હદીષ : ૯૨૧] | 290 |

| વિષય | પેજ નં |
|---|---|
| [હદીષ : ૯૨૨] | 291 |
| [હદીષ : ૯૨૩] | 292 |
| [તઅલીક઼ : ૨૮૯] | 293 |
| [હદીષ : ૯૨૪] | 293 |
| [હદીષ : ૯૨૫] | 294 |
| [તઅલીક઼ : ૨૯૦] | 296 |
| [હદીષ : ૯૨૬] | 296 |
| [તઅલીક઼ : ૨૯૧] | 297 |
| [હદીષ : ૯૨૭] | 297 |
| [હદીષ : ૯૨૮] | 298 |
| એહરામે મોઅલ્લક | 299 |
| [તઅલીક઼ : ૨૯૨] | 300 |
| [તઅલીક઼ : ૨૯૩] | 300 |
| [તઅલીક઼ : ૨૯૪] | 301 |
| [હદીષ : ૯૨૯] | 301 |
| હજ્જ પહેલાં ઉમરો | 302 |
| [હદીષ : ૯૩૦] | 305 |
| [હદીષ : ૯૩૧] | 307 |
| [હદીષ : ૯૩૨] | 308 |
| [હદીષ : ૯૩૩] | 310 |
| [હદીષ : ૯૩૪] | 311 |
| [હદીષ : ૯૩૫] | 312 |
| [હદીષ : ૯૩૬] | 313 |
| ક઼ારિન પર બે તવાફ છે | 314 |
| [હદીષ : ૯૩૭] | 316 |
| [હદીષ : ૯૩૮] | 316 |
| [હદીષ : ૯૩૯] | 318 |
| [હદીષ : ૯૪૦] | 319 |
| [હદીષ : ૯૪૧] | 319 |
| [હદીષ : ૯૪૨] | 319 |
| [હદીષ : ૯૪૩] | 320 |
| [હદીષ : ૯૪૪] | 322 |
| બની અબ્દુલ મુત્તલિબ | 323 |
| [હદીષ : ૯૪૫] | 324 |
| [હદીષ : ૯૪૬] | 325 |
| [હદીષ : ૯૪૭] | 326 |
| [હદીષ : ૯૪૮] | 327 |
| [હદીષ : ૯૪૯] | 328 |
| [હદીષ : ૯૫૦] | 328 |
| [તઅલીક઼ : ૨૯૫] | 332 |
| [હદીષ : ૯૫૧] | 332 |
| [હદીષ : ૯૫૨] | 333 |
| [હદીષ : ૯૫૩] | 334 |
| [હદીષ : ૯૫૪] | 335 |
| [હદીષ : ૯૫૫] | 336 |
| [હદીષ : ૯૫૬] | 336 |
| [હદીષ : ૯૫૭] | 337 |
| [તઅલીક઼ : ૨૯૬] | 338 |
| [હદીષ : ૯૫૮] | 338 |
| [હદીષ : ૯૫૯] | 339 |
| [હદીષ : ૯૬૦] | 340 |
| [હદીષ : ૯૬૧] | 340 |
| [હદીષ : ૯૬૨] | 342 |
| [હદીષ : ૯૬૩] | 342 |
| [હદીષ : ૯૬૪] | 344 |
| [તઅલીક઼ : ૨૯૭] | 345 |
| [તઅલીક઼ : ૨૯૮] | 345 |
| [તઅલીક઼ : ૨૯૯] | 346 |
| [તઅલીક઼ : ૩૦૦] | 347 |
| [હદીષ : ૯૬૫] | 347 |
| [હદીષ : ૯૬૬] | 348 |
| [હદીષ : ૯૬૭] | 348 |
| [હદીષ : ૯૬૮] | 349 |
| [હદીષ : ૯૬૯] | 350 |
| [હદીષ : ૯૭૦] | 351 |
| [હદીષ : ૯૭૧] | 352 |
| [હદીષ : ૯૭૨] | 354 |
| [હદીષ : ૯૭૩] | 360 |

| વિષય | પેજ નં | વિષય | પેજ નં |
|---|---|---|---|
| [તઅલીક઼ : ૩૦૧] | 360 | [હદીષ : ૧૦૦૨] | 387 |
| [હદીષ : ૯૭૪] | 361 | [તઅલીક઼ : ૩૦૭] | 390 |
| [હદીષ : ૯૭૫] | 361 | [હદીષ : ૧૦૦૩] | 391 |
| [હદીષ : ૯૭૬] | 362 | હઝરત મિસ્વર બિન મખ્રમા رضی اللہ عنہ | 391 |
| [તઅલીક઼ : ૩૦૨] | 363 | [હદીષ : ૧૦૦૪] | 394 |
| [તઅલીક઼ : ૩૦૩] | 363 | [હદીષ : ૧૦૦૫] | 395 |
| [તઅલીક઼ : ૩૦૪] | 364 | [હદીષ : ૧૦૦૬] | 395 |
| [તઅલીક઼ : ૩૦૫] | 364 | [હદીષ : ૧૦૦૭] | 396 |
| [હદીષ : ૯૭૭] | 365 | [હદીષ : ૧૦૦૮] | 396 |
| [હદીષ : ૯૭૮] | 365 | [હદીષ : ૧૦૦૯] | 397 |
| [હદીષ : ૯૭૯] | 366 | [તઅલીક઼ : ૩૦૮] | 397 |
| યૌમે અરફાનો રોઝો | 366 | [હદીષ : ૧૦૧૦] | 397 |
| [હદીષ : ૯૮૦] | 367 | [હદીષ : ૧૦૧૧] | 399 |
| [તઅલીક઼ : ૩૦૬] | 368 | [હદીષ : ૧૦૧૨] | 399 |
| [હદીષ : ૯૮૧] | 369 | [હદીષ : ૧૦૧૩] | 399 |
| [હદીષ : ૯૮૨] | 370 | [હદીષ : ૧૦૧૪] | 400 |
| [હદીષ : ૯૮૩] | 371 | [તઅલીક઼ : ૩૦૯] | 400 |
| [હદીષ : ૯૮૪] | 373 | [તઅલીક઼ : ૩૧૦] | 400 |
| [હદીષ : ૯૮૫] | 375 | [હદીષ : ૧૦૧૫] | 400 |
| [હદીષ : ૯૮૬] | 375 | [હદીષ : ૧૦૧૬] | 401 |
| [હદીષ : ૯૮૭] | 376 | [હદીષ : ૧૦૧૭] | 402 |
| [હદીષ : ૯૮૮] | 377 | [હદીષ : ૧૦૧૮] | 403 |
| [હદીષ : ૯૮૯] | 378 | [હદીષ : ૧૦૧૯] | 404 |
| [હદીષ : ૯૯૦] | 379 | [હદીષ : ૧૦૨૦] | 404 |
| [હદીષ : ૯૯૧] | 380 | [હદીષ : ૧૦૨૧] | 405 |
| [હદીષ : ૯૯૨] | 380 | [હદીષ : ૧૦૨૨] | 405 |
| [હદીષ : ૯૯૩] | 381 | [હદીષ : ૧૦૨૩] | 406 |
| [હદીષ : ૯૯૪] | 381 | [તઅલીક઼ : ૩૧૧] | 406 |
| [હદીષ : ૯૯૫] | 382 | [તઅલીક઼ : ૩૧૨] | 406 |
| [હદીષ : ૯૯૬] | 383 | [તઅલીક઼ : ૩૧૩] | 407 |
| [હદીષ : ૯૯૭] | 383 | [હદીષ : ૧૦૨૪] | 408 |
| [હદીષ : ૯૯૮] | 384 | [હદીષ : ૧૦૨૫] | 409 |
| [હદીષ : ૯૯૯] | 385 | [હદીષ : ૧૦૨૬] | 410 |
| [હદીષ : ૧૦૦૦] | 385 | [હદીષ : ૧૦૨૭] | 411 |
| [હદીષ : ૧૦૦૧] | 386 | [તઅલીક઼ : ૩૧૪] | 412 |

| વિષય | પેજ નં |
|---|---|
| [હદીષ : ૧૦૨૮] | 413 |
| [હદીષ : ૧૦૨૯] | 413 |
| [હદીષ : ૧૦૩૦] | 414 |
| [હદીષ : ૧૦૩૧] | 415 |
| [હદીષ : ૧૦૩૨] | 416 |
| [હદીષ : ૧૦૩૩] | 417 |
| [હદીષ : ૧૦૩૪] | 417 |
| [હદીષ : ૧૦૩૫] | 418 |
| [હદીષ : ૧૦૩૬] | 418 |
| [હદીષ : ૧૦૩૭] | 419 |
| [હદીષ : ૧૦૩૮] | 420 |
| [હદીષ : ૧૦૩૯] | 420 |
| [હદીષ : ૧૦૪૦] | 421 |
| ઉમરાનુ વાજિબ હોવું અને તેની ફઝીલત | 423 |
| [તઅલીક઼ : ૩૧૫] | 423 |
| [તઅલીક઼ : ૩૧૬] | 423 |
| [હદીષ : ૧૦૪૧] | 425 |
| હજ્જ પહેલાં ઉમરો કરવા વિશે | 425 |
| [હદીષ : ૧૦૪૨] | 425 |
| નબી ﷺએ કેટલા ઉમરા કર્યા | 425 |
| [હદીષ : ૧૦૪૩] | 425 |
| [હદીષ : ૧૦૪૪] | 427 |
| [હદીષ : ૧૦૪૫] | 427 |
| [હદીષ : ૧૦૪૬] | 428 |
| રમઝાનમાં ઉમરા | 428 |
| [હદીષ : ૧૦૪૭] | 428 |
| [હદીષ : ૧૦૪૮] | 429 |
| તકલીફની માત્રા ઉમરાનો અજર છે | 430 |
| [હદીષ : ૧૦૪૯] | 430 |
| ઉમરો કરનાર ક્યારે એહરામથી બહાર થશે | 431 |
| [હદીષ : ૧૦૫૦] | 431 |
| [હદીષ : ૧૦૫૧] | 432 |
| જ્યારે હજ્જ કે ઉમરા કે ગઝવાથી પરત થાય તો શું પઢે ? | 433 |
| [હદીષ : ૧૦૫૨] | 433 |

| વિષય | પેજ નં |
|---|---|
| આપ ﷺને યા મુહમ્મદ કહીને પોકારવું | 434 |
| આવનારા હાજીઓનું સ્વાગત કરવું અને ત્રણને જાનવર પર સવાર કરવું | 435 |
| [હદીષ : ૧૦૫૩] | 435 |
| બપોર પછી ઘરે આવવું | 436 |
| [હદીષ : ૧૦૫૪] | 436 |
| જ્યારે મદીના પહોંચો રાતે તમારા ઘરવાળામાં ન જાવ | 436 |
| [હદીષ : ૧૦૫૫] | 436 |
| જે પોતાની સવારી તેજ કરી આપે જ્યારે મદીના પહોંચ | 437 |
| [હદીષ : ૧૦૫૬] | 437 |
| અલ્લાહ ﷻના એ ઈર્શાદનું બયાન કે તમારાં ઘરોમાં એના દરવાજાઓથી પ્રવેશો | 437 |
| [હદીષ : ૧૦૫૭] | 437 |
| સફર અઝાબનો ટુકડો છે | 438 |
| [હદીષ : ૧૦૫૮] | 438 |
| મુહસર તથા શિકારના બદલાનું બયાન | 439 |
| [તઅલીક઼ : ૩૧૭] | 439 |
| જ્યારે ઉમરો કરનારને રોકી દેવામાં આવે | 440 |
| [હદીષ : ૧૦૫૯] | 440 |
| હજ્જમાં ઈહસારનું બયાન | 441 |
| [હદીષ : ૧૦૬૦] | 441 |
| ઈહસારમાં માથુ મૂંડાવતા પહેલાં કુર્બાની કરવી | 442 |
| [હદીષ : ૧૦૬૧] | 442 |
| મુહસર પર બદલ નથી | 442 |
| [તઅલીક઼ : ૩૧૮] | 442 |
| [તઅલીક઼ : ૩૧૯] | 442 |
| મુહસર કુર્બાનીનું જાનવર ક્યાં ઝબહ કરે ? | 443 |
| ફિદિયામાં અડધો સાઅ ખાવા ખવડાવવું છે | 443 |
| [હદીષ : ૧૦૬૨] | 445 |
| જ્યારે ગૈર મુહરિમ શિકાર કરીને મુહરિમને આપે તો ખાઈ લે | 446 |
| [તઅલીક઼ : ૩૨૦] | 446 |

| વિષય | પેજ નં |
|---|---|
| [હદીષ : ૧૦૬૩] | 447 |
| મુહરિમને જો કોઈ જીવંત ગોરખર હદિયો કરે તો ન સ્વીકારે | 451 |
| [હદીષ : ૧૦૬૪] | 451 |
| [હદીષ : ૧૦૬૫] | 453 |
| [હદીષ : ૧૦૬૬] | 453 |
| [હદીષ : ૧૦૬૭] | 454 |
| [હદીષ : ૧૦૬૮] | 455 |
| હરમનું ઝાડ ન કાપવામાં આવે | 457 |
| [હદીષ : ૧૦૬૯] | 457 |
| [હદીષ : ૧૦૭૦] | 459 |
| [તઅલીક઼ : ૩૨૧] | 460 |
| [હદીષ : ૧૦૭૧] | 461 |
| [હદીષ : ૧૦૭૨] | 461 |
| [હદીષ : ૧૦૭૩] | 462 |
| [તઅલીક઼ : ૩૨૨] | 463 |
| [તઅલીક઼ : ૩૨૩] | 463 |
| [તઅલીક઼ : ૩૨૪] | 463 |
| [હદીષ : ૧૦૭૪] | 464 |
| મુહરિમનું હથિયાર પહેરવુ | 465 |
| [તઅલીક઼ : ૩૨૫] | 465 |
| [હદીષ : ૧૦૭૫] | 465 |
| હરમ તથા મક્કામાં વિના એહરામે પ્રવેશ | 466 |
| [તઅલીક઼ : ૩૨૬] | 466 |
| [હદીષ : ૧૦૭૬] | 466 |
| [તઅલીક઼ : ૩૨૭] | 468 |
| [હદીષ : ૧૦૭૭] | 469 |
| [હદીષ : ૧૦૭૮] | 469 |
| બાળકોના હજ્જ વિશે | 471 |
| [હદીષ : ૧૦૭૯] | 471 |
| [હદીષ : ૧૦૮૦] | 472 |
| [હદીષ : ૧૦૮૧] | 472 |
| સ્ત્રીઓની હજ્જ વિશે | 473 |
| [હદીષ : ૧૦૮૨] | 473 |
| [હદીષ : ૧૦૮૩] | 474 |
| અજવાઝે મુતહ્હરાત | 474 |
| (નબીની પુનિત પત્નીઓ)નો હજ્જ | 474 |
| [હદીષ : ૧૦૮૪] | 475 |
| જેણે પગપાળા કા'બા જવાની મન્નત માની | 475 |
| [હદીષ : ૧૦૮૫] | 475 |
| [હદીષ : ૧૦૮૬] | 476 |
| **"ફ઼ઝાઈલે મદીના"** | |
| **મદીના શરીફ઼ના ફ઼ઝાઈલ** | 477 |
| મદીનાનું હરમ હોવું | 478 |
| [હદીષ : ૧૦૮૭] | 480 |
| [હદીષ : ૧૦૮૮] | 481 |
| [હદીષ : ૧૦૮૯] | 481 |
| મદીનાની ફ઼ઝીલત અને એ કે તે લોકોને કાઢી નાખે છે | 484 |
| [હદીષ : ૧૦૯૦] | 484 |
| મદીનાની બે પહાડીઓ | 485 |
| [હદીષ : ૧૦૯૧] | 485 |
| જે શખ્સ મદીનાથી મોઢું ફેરવે | 486 |
| [હદીષ : ૧૦૯૨] | 486 |
| [હદીષ : ૧૦૯૩] | 486 |
| ઈમાન મદીનામાં પનાહ લેશે | 488 |
| [હદીષ : ૧૦૯૪] | 488 |
| મદીનાવાસીઓ સાથે ધોકો કરનારનો ગુનોહ | 488 |
| [હદીષ : ૧૦૯૫] | 488 |
| મદીનાની ટેકરીઓનું બયાન | 489 |
| [હદીષ : ૧૦૯૬] | 489 |
| દજ્જાલ મદીનામાં પ્રવેશશે નહીં | 489 |
| [હદીષ : ૧૦૯૭] | 489 |
| [હદીષ : ૧૦૯૮] | 490 |
| [હદીષ : ૧૦૯૯] | 490 |
| [હદીષ : ૧૧૦૦] | 491 |
| મદીના મેલ કાટ દૂર કરી આપે છે | 492 |
| [હદીષ : ૧૧૦૧] | 492 |
| [હદીષ : ૧૧૦૨] | 493 |
| [હદીષ : ૧૧૦૩] | 494 |
| [હદીષ : ૧૧૦૪] | 494 |
| [હદીષ : ૧૧૦૫] | 496 |

# કલેમાતે ખૈર

અઝ : અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી

**હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી (મુંબઈ)**

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ    اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ    اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

**નુઝહતુલક઼ારી શરહે બુખારી** એ **બુખારી શરીફની ઉર્દૂ શરહોમાં એક ઉચ્ચ કક્ષાની શરહ** છે. આ શરહ કેવળ આમ લોકો માટે જ નહીં બલ્કે ઉલમાએ કિરામ તથા ખાસ લોકોના માટે પણ અતિશય લાભદાયી છે, જેનાથી આમ તથા ખાસ બંને તબક઼ાના લોકો લાભ ઉઠાવે છે. નુઝહતુલ ક઼ારી ફક઼ીહે અસ્ર **હઝરત મુફ્તી મુહમ્મદ શરીફુલહક઼ અમજદી** عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانُની માયનાઝ કૃતિ છે. આ શરહ લખીને હઝરત મૌસૂફે ઉલમાએ અહલે સુન્નત તરફથી ફર્ઝે કિફાયહ અદા કર્યો છે. આજે વિશ્વ કક્ષાએ આ કિતાબની લોકપ્રિયતા અને પ્રશંસા થતી જોઈ શકાય છે. મુહિબ્બે ગિરામી અઝીઝમ શબ્બીર પટેલ રઝવીએ આથી અગાઉ એની ત્રણ જિલ્દો (ભાગો)નો ગુજરાતી ભાષામાં અનુવાદ કર્યો જેનાથી દુનિયાભરમાં ફેલાયેલા લાખો ગુજરાતી ભાઈઓએ લાભ ઉઠાવ્યો. અત્યારે આપના હાથોમાં નુઝહતુલ ક઼ારીની ચોથી જિલ્દ (ચોથો ભાગ) છે. ઉમ્મીદ છે કે આ જિલ્દ પણ હાથો હાથ લેવામાં આવશે. મોહતરમ શબ્બીર પટેલ રઝવીએ આથી અગાઉ ઘણી બધી કિતાબો ગુજરાતી ભાષામાં અનુવાદ કરી જે ખૂબ જ મક઼બૂલ થઈ. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની બારગાહમાં દુઆ છે કે મૌસૂફની આ કોશિશોને ક઼બૂલ ફર્માવે અને અધિક ખિદમતે દીનની તૌફીક઼ અતા ફર્માવે. આમીન બિ જાહિન્નબીકરીમ ﷺ.

ખાકપાએ ઉલમા વ સુલહા

**–મુહમ્મદ શાકિર નૂરી રઝવી (મુંબઈ)**

*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

*૨૨–રબીઉલ આખર હિ.સ. ૧૪૩૪, અંગ્રેજી તા. ૫–૩–૨૦૧૩*

# અનુવાદકના બે બોલ........

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ     نَحۡمَدُهٗ وَ نُصَلِّى عَلٰى رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનો બેહદ શુક્રો એહસાન છે કે તેણે તેના પ્યારા મહબૂબ નબી કરીમ ﷺના સદકામાં મુઝ નાચીઝને એના પાત્ર બનાવ્યો કે સહીહ બુખારી શરીફની શરહ "નુઝહતુલ કારી શરહે બુખારી" (ભાગ : ૪, ગુજરાતીમાં) આજે આપ હઝરાતના મુબારક હાથો સુધી પહોંચી ચૂકી છે. ઘણી બેચેનીપૂર્વક આ કિતાબનો ઈન્તેઝાર હતો. ઘણા ભાઈ બહેનો અવાર નવાર ફોનથી, રૂબરૂ અમારો સંપર્ક કરીને આ કિતાબની આતુરતા દર્શાવી હતી પણ.....જેમ કે આ'લા હઝરત رضی اللہ عنہએ ફર્માવ્યું છે :

***અય "રઝા" હર કામ કા એક વક્ત હૈ-દિલ કો ભી આરામ હો હી જાએગા !***

અલ્હમ્દુલિલ્લાહ ! આજે હું આ ઘડીએ ધન્યતા અનુભવું છું કે "નુઝહતુલ કારી શરહે સહીહ બુખારી" (ભાગ : ૪)નો ગુજરાતી અનુવાદ આપના હાથોમાં છે. પણ સાથોસાથ એ વાતનો રંજ પણ દિલમાં છે કે આપણી જમાઅતનો એક ખાસ્સો મોટો તબકો (વર્ગ) એવો પણ છે કે જેની પાસે દીની કિતાબો વાંચવાનો સમય નથી ! કિતાબને હાથ લગાડતાં જાણે કરંટ લાગવાનો હોય તેમ તેનાથી દૂર ભાગે છે ! તેમની પાસે નોકરી ધંધા માટે, ટી.વી. પર, મોબાઈલ પર મનોરંજન માટે, અખબારો વાંચવા માટે, મિત્રોમાં બેસી ગપસપ માટે, દુનિયાવી કે સામાજિક કે ખેલકૂદની રમત ગમતની ચર્ચાઓ માટે સમય છે, પણ સમય નથી તો તે દીન વિશે જાણકારી પ્રાપ્ત કરવાનો જે દીન તેમને જન્નતની સૈર કરાવવાની જિમ્મેદારી લે છે. આવો ! ઈલ્મે દીનની ફઝીલત કુર્આન તથા હદીષથી સમજીએ કે શક્ય છે આપણા દિલમાં એની મહોબ્બત જાગે.

રબ ફર્માવે છે : وَقُلۡ رَّبِّ زِدۡنِىۡ عِلۡمًا **"અને તમે અર્ઝ કરો કે, હે મારા રબ ! મને "અધિક ઈલ્મ આપ."** *(પારા, ૧૬, રુકૂઅ-૧૪)* હઝરત અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની رحمۃ اللہ علیہ લખે છે કે, "આ આયતે કરીમાથી ઈલ્મની ફઝીલત સ્પષ્ટપણે સાબિત થાય છે **એટલા માટે ખુદા તઆલાએ પોતાના પ્યારા મુસ્તફા ﷺ ને ઈલ્મ સિવાય કોઈ અન્ય ચીજની અધિકતા પામવા માટેનો હુકમ નથી ફર્માવ્યો."** *(ફત્હુલ બારી શરહે બુખારી, ભાગ-૧, પેજ-૧૩૦)* હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે : **"ઈલ્મથી ઈસ્લામની જિંદગી છે અને દીનનો સ્તંભ છે."** *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ-૧૦, પેજ-૭૬)*

હઝરત ઓબાદા رضی اللہ عنہ થી રિવાયત છે : **"ઈલ્મ ઈબાદતથી બેહતર છે."** *(હવાલો ઉપર મુજબ)* હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે : **"રાતમાં એક ઘડી ઈલ્મ પઢવો આખી રાત જાગવા કરતાં બેહતર છે."** *(મિશ્કાત શરીફ, પેજ-૩૬)*

હઝરત મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "આ હદીષ શરીફનો મતલબ એ છે કે એક કલામ આપસમાં ઈલ્મની તકરાર (ચર્ચા) કરવી, ઉસ્તાદથી પઢવું, શાગિર્દને પઢાવવું, કિતાબ અથવા એનો અભ્યાસ કરવો એ **રાતભરની ઈબાદતથી બેહતર** છે."

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની રિવાયત છે કે : "ઈલ્મને અનિવાર્યપણે પકડો ! એટલા માટે કે

**ઈલ્મ મો'મિનનો ગાઢ મિત્ર** છે." *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૧૦, પેજ–૮૮)*

સારાંશ કે **ઈલ્મ** અતિ મહત્વની ચીજ છે. પણ અફસોસ કે આજે લોકો ઈલ્મથી એટલા દૂર ભાગે છે કે **કેટલાક તો નાની સરખી કિતાબ મફત આપીએ તોય હાથમાં આપીએ ત્યારે જાણે વિછી હાથમાં આવી ગયો હોય એમ ગભરાઈને પાછી આપી દે છે ! કે ટાઈમ જ કોની પાસે છે ! અફસોસ ! મુસલમાન અફસોસ ! તારું અસલ જૌહર ત્યજીને તું દુનિયાના શૈતાની કારખાના પાછળ એવો ડૂબી ગયો કે તને આખેરત માટે જાણવા કે કરવા કશાયની ફુરુસદ જ નથી !** હે ભાઈ ! જો તારું ભલું ચાહતો હોય તો પલ્ટી આવ ! દીન તરફ પલ્ટી આવ ! નહીં તો દુનિયામાં તારી ફજેતી હજી વધારે થશે ! અને આખેરતની પરીક્ષા તો બહું જ કઠિન છે.

ઈલ્મ પ્રાપ્તિની ફઝીલતમાં એ જ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત છે કે : **"એક ક્ષણ ઈલ્મ હાંસલ કરવો રાતભરની ઈબાદતથી બેહતર છે અને એક દિવસ ઈલ્મ હાંસલ કરવો ત્રણ મહીનાના રોઝાથી બેહતર છે."** *(કન્ઝુલ ઉમ્માલ, પેજ–૭૫, ભાગ–૧૦)*

સારાંશ કે ઈલ્મે દીન એ જ શ્રેષ્ઠ મૂડી છે જેના પ્રકાશમાં દિલ ઈમાનની રોશનીથી જગમગતુ રહેશે જે આપણી નજાતનો સબબ બનશે. આ દુનિયા તો ૬૦–૭૦–૮૦ વરસની ગમે તે રીતે ગુજરી જશે પણ કૃબ્રમાં કૃયામત સુધી અને કૃયામતનો એક દિવસ ૫૦ હજાર વરસ જેટલો હશે ત્યાંના અઝાબો તથા ત્યારબાદ જે ફેંસલો થશે તે જન્નત કે જહન્નમમાં અનુક્રમે ઈમાનવાળાએ તથા કાફિર થનારે હમેશાં હમેશાં રહેવાનું છે. તો આ દુનિયાની ક્ષણિક જિંદગીના આરામ તથા જમીનો, મકાનો, મિલ્કતો, સોના ચાંદી, રૂપિયા પામવાની લાલચમાં આવી લાંબી મજલ આખેરતમાં છૂટકારો પામવાનો સમય ન કાઢીએ તો આપણાથી મહાન મૂર્ખ કોણ હશે ? સોચો ! વિચારો ! અને સમય કાઢીને ઈલ્મે દીન હાંસલ કરવા પાછળ લાગી જાવ અને તમારા તથા તમારી ઔલાદના દીન તથા ઈમાનને મજબૂત કરીને રસૂલુલ્લાહ ﷺની શફાઅતના હક્કદાર બનો.

આ પ્રસંગે હું વિશેષતઃ **હઝરત અલ્લામા મૌલાના કલીમુલ્લાહ નિઝામી** مدظلہ العالیનો અતિ આભારી છું કે આગલા ભાગોની જેમ ભાગ–૪માં પણ ઈસ્તેલાહી શબ્દો તથા કઠિન ઈબારતોને સમજવામાં તથા અનુવાદમાં આપે મને ખૂબ જ સહકાર કર્યો તેમજ **હઝરત મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** مدظلہ العالی (મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)નો પણ ખૂબ જ આભાર માનુ છું કે જો તેમનો સાથ ન હોત તો ઘણી પ્રુફની તથા સમજફેરની ભૂલો આ કિતાબમાં રહી જાત. આપે આખી કિતાબને વાંચીને જરૂર જણાઈ ત્યાં સુધારો કરી જરૂરી માર્ગદર્શન આપ્યું છે. તેમજ **જનાબ સાદિક યાકૂબ બરજી (દયાદરા)** તથા **જનાબ હાફિઝ વહીદ ઈકબાલ જમાદાર (દયાદરા)**નો પણ ખૂબ આભારી છું કે તેમણે અરબી સેટિંગ કરવામાં ખૂબ મહેનતથી લગનથી કોમ્પ્યુટર પર કામ કર્યું છે. તેમજ આ કિતાબના છાપકામમાં આર્થિક મદદ કરનારાઓનો પણ હું ખૂબ આભારી છું. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકૃામાં સૌને બેહતરીન બદલો બંને જહાનમાં આપે અને આ કિતાબ વાંચીને ઈલ્મે દીન શીખવાની સૌને તૌફીકૃ આપે. (આમીન)

**:: સુન્નીઓનો નાચીઝ ખાદિમ ::**

**–પટેલ શબ્બીર અલી રઝવી** *(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*ઈસ્લામી ચાંદ ૨૫ રબીઉલ આખર, હિ.સ. ૧૪૩૪ અંગ્રેજી તા. ૦૮ માર્ચ ૨૦૧૩, જુમ્આ*

بسم الله الرحمٰن الرحيم

**બિસ્મિલ્લાહિર્રહ્‌માનિર્રહીમ**

# كتاب الجنائز

## કિતાબુલ્ જનાઈઝ (જનાઝા વિશે પ્રકરણ)

જનાઈઝ એ જનાઝાનું બહુવચન છે જીમના ઝબરની સાથે, તે મૈયત જે ચારપાઈ પર લાદીને દફનના માટે લઈ જવામાં આવે છે. જીમના કસ્રા (ઝેર)ની સાથે તે ચારપાઈ જેના પર મુડદાને દફનના માટે લઈ જવામાં આવે છે. અને એક કૌલ એ છે કે મામલો એનાથી ઉલ્ટો છે. જો ચારપાઈ પર મુડદુ ન હોય તો અરબીમાં સરીર તથા નઅશ (તખ્ત તથા તાબૂત) કહે છે. જનાઝાનો મૂળ અર્થ છુપાવવું છે, બોલવામાં આવે છે : جنز يجنزا اذ استر

ت ٢٢٨ قِيلَ لِوَهَبِ بْنِ مُنَبِّهٍ أَلَيْسَ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ مِفْتَاحُ

"વહ્‌બ બિન મુનબ્બહથી કહેવામાં આવ્યું, **[તઅલીક્ : ૨૨૮]**

الْجَنَّةِ قَالَ بَلٰى وَلٰكِنْ لَيْسَ مِفْتَاحٌ إِلَّا لَهُ أَسْنَانٌ فَإِنْ جِئْتَ

*શું લાઈલાહ ઈલ્લલ્લાહ જન્નતની કુંજી નથી ? ફર્માવ્યું, છે, પરંતુ કૂંચીના ખાંચા હોય છે, જો ખાંચાવાળી*

بِمِفْتَاحٍ لَهُ أَسْنَانٌ فُتِحَ لَكَ وَإِلَّا لَمْ يُفْتَحْ لَكَ

*કૂંચી લાવીશ તો તારા માટે ખોલવામાં આવશે, નહીં તો નહીં." (બુખારી શરીફ, ૧/૧૬૫, કિતાબુલ્ જનાઈઝ)*

### તઅલીક્ : ૨૨૮ની સમજૂતી

હઝરત વહ્‌બ બિન મુનબ્બહની આ હદીષે મક્તૂઅનું આ લખાણ એક મરફૂઅ હદીષમાં પણ આવ્યું છે. *(ઉમ્દતુલ્ કારી, ૮/૩)* જેને બયહકીએ હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہથી રિવાયત કરેલ છે. હુઝૂરે અક્દસ ﷺએ જ્યારે તેમને યમન મોકલ્યા તો ફર્માવ્યું, અહલે કિતાબ તમારી પાસે આવશે અને પૂછશે, જન્નતની કૂંચી શું છે ? તો તેમને બતાવી દેજો : لا اله الا الله લાઈલાહ ઈલ્લલ્લાહની ગવાહી છે. પરંતુ આ કૂંચી ખાંચાઓ વિનાની છે, જો ખાંચાઓવાળી લાવશો તો ખુલશે, નહીં તો નહીં.

ખાંચાઓથી મુરાદ આજ્ઞાનુ પાલન અને ગુનાહોથી બચવું છે, અને મુરાદ દુખૂલે અવ્વલી (પ્રથમ પ્રવેશ) છે એટલે કે જે મો'મિન હશે અને કબીરાઓમાં સપડાશે તે પોતાના ગુનાહોની સજા ભોગવ્યા વિના જન્નતમાં નહીં

## حدیث ۷۲۹

**[હદીષ : ૭૨૯]**

عَنْ اَبِي ذَرٍّ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

*"હઝરત અબૂઝર رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, મારા પરવરદિગારની બારગાહથી મારી*

عَلَيْهِ وَسَلَّمَ اَتَانِيْ اٰتٍ مِّنْ رَّبِّيْ فَاَخْبَرَنِيْ اَوْ قَالَ بَشَّرَنِيْ اَنَّهٗ مَنْ مَّاتَ مِنْ

*ખિદમતમાં એક આવનાર આવ્યા અને મને એ ખબર આપી, અથવા આ પ્રમાણે ફર્માવ્યું કે મને બશારત*

اُمَّتِيْ لَا يُشْرِكُ بِاللّٰهِ شَيْئًا دَخَلَ الْجَنَّةَ فَقُلْتُ وَاِنْ زَنٰى وَاِنْ سَرَقَ قَالَ وَاِنْ

*આપી કે મારી ઉમ્મતમાંથી જે એ હાલમાં મરે કે અલ્લાહની સાથે કોઈને શરીક ન કરે તે જન્નતમાં જશે.*

زَنٰى وَاِنْ سَرَقَ ع

*મેં અર્ઝ કરી, ભલે તે ઝિના કરે, ચોરી કરે ! ફર્માવ્યું, ભલે તે ઝિના કરે, ચોરી કરે."*

*(બુખારી, ૧/૧૬૫, કિતાબુલ જનાઈઝ, ૧/૩૨૧, અલ્ ઈસ્તિક્રાદ્, બદ્ઉલખલ્ક, ૨/૯૨૭, અલ ઈસ્તીઝાન, ૨/૯૫૩, અર્રિક્ાક્, ૨/૯૫૪, અત્તોહીદ, ૨/૧૧૧૫, મુસ્લિમ–અલ્ઈમાન, નિસાઈ ફિલ્યૌમે વલ્લૈલતે, તિર્મિઝી)*

## حدیث ۷۳۰

عَنْ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ એ કહ્યું કે નબી ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૭૩૦]**

જાય. પરંતુ જે મો'મિન ગુનાહોમાં નહીં સપડાય તે જહન્નમમાં ગયા વિના જન્નતમાં જશે.

**હું કહું છું :** આ લખનારના દિમાગમાં આવે છે કે સંબોધન એહલે કિતાબને છે. અહલે કિતાબ મુવહ્હિદ હતા, લાઈલાહ ઈલ્લલ્લાહની ગવાહી આપતા હતા પણ છતાં તેઓ ન જન્નતના દુખૂલે અવ્વલીન (પ્રથમ પ્રવેશ)ના પાત્ર છે ન ષાનવી (બીજા પ્રવેશના), એટલા માટે કે ન તો તેઓ હુઝૂરે અક્દસ ﷺ ને રસૂલ માનતા હતા ન ઈસ્લામને હક્ક્ માનતા હતા, ન કુર્આનને કિતાબુલ્લાહ માનતા હતા. જો કેવળ આટલો જ જવાબ આપીને છોડી દેવામાં આવતુ કે જન્નતની કૂંચી લાઈલાહ ઈલ્લાહની ગવાહી છે તો તેમને ચાર આંખો થઈ જાત કે મુસલમાનોના કથનાનુસાર અમે પણ જન્નતી છીએ. તેમના વસવસાને દૂર કરવાના માટે ફર્માવ્યું કે દરેક કૂંચીના ખાંચાઓ હોય છે, ખાંચાઓ વિનાની કૂંચી બેકાર છે ! હવે એ ખાંચાઓની તફસીરમાં કહી શકાય છે કે હુઝૂરે અક્દસ ﷺ ની રિસાલતની અને ઈસ્લામની હક્કાનિયતની અને કુર્આને કરીમના કિતાબુલ્લાહ (અલ્લાહની કિતાબ) હોવાનું સમર્થન કરવું છે. વિચારવા પાત્ર છે કે ખાંચાઓ કૂંચીની હકીકતમાં સામેલ છે.

### સમજૂતી : ૭૨૯ અને ૭૩૦

**آت من ربی** એ જિબ્રઈલે અમીન હતા, જેમ કે અન્ય પ્રકરણોની રિવાયતોમાં સ્પષ્ટતા છે. ખ્વાબમાં હાજર થયા હતા અથવા જાગૃતાવસ્થામાં, કિતાબુલ્ લિબાસ (૨/૮૬૭ બાબુ ષિયાબિલ બયદ્)ની રિવાયતમાં સ્પષ્ટતા છે કે ખ્વાબમાં આવ્યા હતા. બીજા પ્રકરણોની રિવાયતોથી જાહેર થાય છે કે જાગૃતાવસ્થામાં જાહેર થયા હતા.

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ مَنْ مَّاتَ یُشْرِكُ بِاللّٰهِ دَخَلَ النَّارَ وَقُلْتُ اَنَا مَنْ

*જે મુશ્રિક થઈને મરશે જહન્નમમાં જશે અને હું કહું છું કે*

مَّاتَ لَا یُشْرِكُ بِاللّٰهِ شَیْئًا دَخَلَ الْجَنَّةَ ع ه

*જે એ હાલમાં મરે કે મુશ્રિક ન હોય તે જન્નતમાં જશે."* (બુખારી, ૧/૧૬૫, કિતાબુલ જનાઈઝ)

આ રિવાયતમાં **و ان زنیٰ و ان سرق** એકવાર છે બીજી રિવાયતોમાં ત્રણવાર છે. અમુક રિવાયતોમાં એ પણ છે કે **علیٰ رغم انف ابی ذر**

**સ્પષ્ટતા : ૧.** અલ્લાહ તબારક વ તઆલાની ઝાત કે સિફતો કે ઈબાદત આ ત્રણેવમાં કે બેમાં કોઈને શરીક કરવાને શિર્ક કહે છે. આ કુફ્રનો ખાસ અને અતિબદ્તર પ્રકાર છે, એટલા માટે શિર્ક ન કરવાથી કુફ્રના અન્ય પ્રકારોનો નકાર નથી થતો, અને જહન્નમમાં હમેશાં સુધી રહેવાનો સબબ દરેક કુફ્ર છે, ભલે શિર્ક ન હોય. એનો ખુલાસો એ છે કે આ હદીષમાં શિર્કથી કુફ્ર મુરાદ છે, જેમ કે આયતે કરીમા :–

**اِنَّ اللّٰهَ لَا یَغْفِرُ اَنْ یُّشْرَكَ بِهٖ وَ یَغْفِرُ مَا دُوْنَ ذٰلِكَ لِمَنْ یَّشَآءُ** "અલ્લાહ શિર્કને હરગિઝ નહીં બખ્શે, એના સિવાય જેને ચાહશે બખ્શી આપશે." *(સૂ. નિસાઅ, ૪૮–૧૧૬)* શિર્કથી તા'બીર એટલા માટે છે કે કુર્આન પ્રથમ સંબોધિત અરબના મુશ્રિકોને થયું. તેઓ જ્યારે શિર્ક છોડતા તો મુખ્લિસ મો'મિન થઈ જતા જાણે શિર્કને ત્યજી દેતા તો ઈમાન લાઝિમ થતું, જેથી સામાન્યપણે મજાઝરૂપે ઈમાન મુરાદ છે.

**૨.** કિતાબુલ્ લિબાસમાં **لا یشرك بالله شیا**ની જગાએ **قال لا اله الا الله** છે, બંનેનો ભાવાર્થ એક જ છે, એકબીજાના પૂરક છે. એનાથી શંકા થાય છે કે કેવળ તૌહીદનો ઈક્રાર (સ્વીકારવું) નજાત માટે પૂરતો છે જ્યારે કે કેવળ તૌહીદનો ઈક્રાર અને તસ્દીક્ ઈમાન માટે પૂરતાં નથી, રિસાલતની તસ્દીક્ અને ઈક્રાર પણ ઈમાનનો ભાગ છે. બલ્કે તમામ જરૂરિયાતનું સમર્થન તથા ઈક્રાર પણ જરૂરી છે. એનો ખુલાસો એ છે કે લાઈલાહ ઈલ્લલ્લાહ પૂરા કલ્મએ તયૈબહનું અલમ (વિશેષ તથા પ્રસિધ્ધ નામ) નામ છે. જેમ કે અલ્હમ્દ એ સૂરએ ફાતિહાનું, કુલ્હુવલ્લાહ એ સૂરએ ઈખ્લાસનું. કલ્માએ તયૈબહનો અલમ કેવળ "લાઈલાહ" નથી હોઈ શકતો, એટલા માટે કે આ નર્યું કુફ્ર છે, એટલા માટે કે એનો અર્થ છે "કોઈ મઅબૂદ નથી." એટલા માટે **لا اله الا الله** "લાઈલાહ ઈલ્લલ્લાહ" આખુ નામ થયું. હવે મતલબ એ થયો કે જેણે પૂરો કલ્મએ તયૈબહ પઢયો. અને એને પઢવાને **جمیع ما جاء به الرسول**નું સમર્થન કરવું લાઝિમ છે. તો એનો સાર એ નીકળ્યો કે જેણે ઈસ્લામ ધર્મને હક્ક્ માની લીધો અથવા એ કે લાઈલાહ ઈલ્લલ્લાહ આ ખાસ તરકીબ તથા અરબી કલમાઓ (શબ્દો)ની સાથે પઢવા એ ઈસ્લામની નિશાની છે. તૌહીદના અન્ય દાવેદારો ભલે તૌહીદનો ઈક્રાર કરે છે પણ આ ઈક્રારના શબ્દો અન્ય ભાષાના હોય છે અને તરકીબ (જોડણી) જુદી હોય છે જેથી હવે "લાઈલાહ ઈલ્લલ્લાહ" કહેવું એ દલીલ છે ઈસ્લામ ક્બૂલ કરવાની. જેથી હદીષનો અર્થ એ થયો કે જે મુસલમાન હોવાની હાલતમાં મૃત્યુ પામ્યો તે જન્નતમાં જશે.

**૩.** વર્ણન થઈ ચૂક્યું કે જન્નતમાં દાખલ થવાથી મુરાદ એ છે કે તે જન્નતમાં જરૂર દાખલ થશે ભલે પોતાના બુરા અમલોની સજા ભોગવ્યા પછી, અથવા મુરાદ એ છે કે આ કલ્મો પઢવો જન્નતમાં દાખલ થવાનો સબબ છે, જેણે એને પઢયો જન્નતનો હક્ક્દાર થઈ ગયો, ભલે કાંઈક મોડેથી જાય. અથવા મુરાદ એ છે કે જેણે મૌતના વખતે ઈખ્લાસ સાથે (સાચા દિલથી) એને પઢયો તે જન્નતમાં જશે એટલા માટે કે ઈખ્લાસની

સાથે જ્યારે પઢશે તો બુરા અમલો પર શર્મિંદગી અને તૌબા પણ જરૂર કરશે જેના કારણે તે જન્નતમાં જશે.

**قلت** હઝરત અબૂઝરવાળી હદીષમાં છે : **قلت وان زنی وان سرق** "મેં કહ્યું, ભલે ઝિના કરે ! ભલે ચોરી કરે ! એમાં બે સંભાવનાઓ છે : એક એ કે હુઝૂરે અક્દસ ﷺનો ઈર્શાદ હોય કે હુઝૂર ﷺએ જિબ્રઈલે અમીનથી ઈર્શાદ ફર્માવ્યો હોય. બીજુ એ કે હઝરત અબૂઝરની ગુઝારિશ હોય. એ હદીષના અહીં જે શબ્દો છે તે બે સંભાવના ધરાવે છે. પણ બીજી રિવાયતોમાં સ્પષ્ટતા છે : **قال ابو ذر یا رسول الله و ان زنیٰ و ان سرق** અને એક રિવાયતમાં છે : **علیٰ رغم انف ابی ذر** એનાથી નિશ્ચિત છે કે આ હઝરત અબૂઝરનું જ કથન છે.

**و قلت انا** : કિતાબુત્તફસીર (સૂ. બકરહ–૬૪૫)માં હઝરત ઈબ્ને મસ્ઊદથી જ આ પ્રમાણે રિવાયત છે. નબી ﷺએ એક વાત કહી અને મેં બીજી વાત કહી. અને આવું જ કિતાબુલ અયમાન (પેજ–૯૮૮)માં પણ છે. એનો સાર એ નીકળ્યો કે સહીહૈનની રિવાયતો એના પર સહમત છે કે મરફૂઅ વઈદ છે અને મૌકૂફ વાયદો છે. પણ ઈમામ હુમૈદીએ જમઅ બયનસ્સહીહૈન અને મુગલતાઈએ એની શરહમાં અને જે લોકોએ એનાથી લીધુ, એવું કહ્યું છે કે વકીઅ અને ઈબ્ને નુમેરની રિવાયત બિલ અકસ છે એટલે કે મરફૂઅ વાયદો છે અને મૌકૂફ વઈદ છે. હદીષ આ પ્રમાણે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે એ હાલમાં મર્યો કે અલ્લાહ તબારક વ તઆલાની સાથે કોઈને શરીક નથી કરતો તે જન્નતમાં જશે. અને મેં કહ્યું, જે એ હાલમાં મર્યો કે અલ્લાહ તબારક વ તઆલાની સાથે કોઈને શરીક કરે છે તે જહન્નમમાં જશે. ઈમામ નવવીએ (શરહે મુસ્લિમ, ૧/૬૭માં)એ ફર્માવ્યું કે સહીહ મુસ્લિમના અમુક વિશ્વસનીય અસૂલોમાં એવું જોવામાં આવ્યું છે. જમઅલ બયનસ્સહીહૈનના ઉપરાંત અબૂ ઊરની કિતાબુલ મખ્રજ અલા સહીહ મુસ્લિમમાં પણ એ જ છે. એના બંનેવ હિસ્સા રસૂલુલ્લાહ ﷺના ઈર્શાદ છે. જેમ કે મુસ્લિમ (અલ્ ઈમાન–૬૬)માં જ હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે. ઈમામ નવવીએ ફર્માવ્યું કે, એનો ખુલાસો એ છે કે હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہએ બંનેવ વાક્યો હુઝૂરથી સાંભળ્યાં હતાં. એક વખતે એક હિસ્સો યાદ આવ્યો તો તેને હુઝૂરની તરફ નિસ્બત કરીને વર્ણન કર્યો અને બીજો પોતાના ઈસ્તંબાત (ચૂંટી કાઢેલ) વડે ઉમેર્યો અને બીજી વખતે બીજો યાદ આવ્યો એને હુઝૂરનો ઈર્શાદ દર્શાવ્યો, અને એકને પોતાનો ઈસ્તંબાત દર્શાવ્યો. અલ્લાહ તબારક વ તઆલા બેહતર જાણનાર છે. *(**હદીષે મરફૂઅ** : જે હદીષની સનદ નબી ﷺએ સુધી પહોંચે એને હદીષે મરફૂઅ કહે છે. **મૌકૂફ** : એ હદીષ જેની સનદ સહાબી સુધી પહોંચે. દા.ત. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماએ આ પ્રમાણે ફર્માવ્યું.....)*

**પ્રકરણથી સામ્યતા** : વહબ બિન મુનબ્બહના અષર અને આ હદીષો પર ઈમામ બુખારીએ પ્રકરણના બે ટાઈટલ રચ્યાં છે : એક એ કે જનાઈઝના બારામાં જે કાંઈ આવ્યું છે. બીજુ એ કે જેના છેલ્લા શબ્દો લાઈલાહ ઈલ્લલ્લાહ હોય. જાહેરી રીતે આ અષર તથા હદીષોને પ્રકરણના કોઈ ભાગ સાથે સંબંધ નથી જણાતો.

**હું કહું છું** : બંને હદીષોના પ્રકરણના બીજા ભાગ સાથે મળતાપણુ એ છે કે ફર્માવ્યું : **من مات من امتی لا یشرك بالله شیئا** એમાં **لا یشرك** હાલ છે. હાલ અને ઝુલ હાલના આમિલના ઈક્તરાન બિઝ્ઝમાન લાઝિમ છે. કોઈકે કહ્યું, મારી પાસે ઝયદ હસતો હસતો આવ્યો. એનો મતલબ એ થયો કે આવતી વખતે હસી રહ્યો હતો. હવે હદીષનો મતલબ એ થયો કે જે શખ્સ મરતી વખતે શિર્કથી ખરડાયેલો ન હોય, લાઈલાહ ઈલ્લલ્લાહ કહેતો કહેતો મરે તે જન્નતમાં જશે. આખુ લખાણ આ પ્રમાણે થયું કે જેની છેલ્લી વાણી લાઈલાહ ઈલ્લલ્લાહ હશે તે શિર્કથી ખરડાયેલ ન હશે એટલે તે જન્નતમાં જશે.

## حدیث ۷۳۱

**[હદીષ : ૭૩૧]**

عَنِ الْبَرَاءِ بْنِ عَازِبٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ اَمَرَنَا النَّبِیُّ صَلَّی اللّٰهُ

''હઝરત બરાઅ બિન આઝિમ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી ﷺ એ અમને

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ بِسَبْعٍ وَّنَهَانَا عَنْ سَبْعٍ۔ اَمَرَنَا بِاتِّبَاعِ الْجَنَائِزِ وَعِیَادَةِ

સાત ચીજોનો હુકમ આપ્યો અને સાત ચીજોથી મના કર્યું. જનાઝાઓ પાછળ ચાલવા તથા બીમારપુર્સી

الْمَرِیْضِ وَاِجَابَةِ الدَّاعِیْ وَنَصْرِ الْمَظْلُوْمِ وَاِبْرَارِ الْقَسَمِ وَرَدِّ السَّلَامِ وَ

તથા દા'વત કૃબૂલ કરવી તથા મઝલૂમની મદદ કરવી અને કૃસમ પૂરી કરવી અને સલામ તથા છીંકનો જવાબ

تَشْمِیْتِ الْعَاطِسِ وَنَهَانَا عَنْ آنِیَةِ الْفِضَّةِ وَخَاتَمِ الذَّهَبِ وَالْحَرِیْرِ

આપવાનો હુકમ આપ્યો અને ચાંદીના વાસણો વાપરવાથી, સોનાની વિંટી તથા હરીર તથા દીબાજ,

وَالدِّیْبَاجِ وَالْقَسِّیِّ وَالْاِسْتَبْرَقِ عـه

કૃસિય્યી તથા ઈસ્તબ્રક પહેરવાથી મના ફર્માવ્યું.''

(બુખારી ૧/૧૬૬, અલ્ જનાઈઝ, ૧/૩૩૧ મઝાલિમ, ૨/૭૭૭ અન્નિકાહ, ૨/૮૪૨ અશબા, અત્તિબ્બ, ૨/૮૬૮ અલ્લિબાસ, ૨/૮૭૧, અલ અદબ, ઈસ્તીઝાન ૨/૯૪૧, ૨/૯૮૪ અલ્ઈમાન, મુસ્લિમ–અત્ઈમહ, તિર્મિઝી–અલ્ઈસ્તીઝાન, નિસાઈ–જનાઈઝુલ ઈમાનન્નઝૂર, ઈબ્ને માજહ અલ્કિફરાત)

**સમજૂતી : ૭૩૧**

**ابرار القسم** અને એક રિવાયતમાં છે : **ابرار المقسم** એટલે કૃસમ ખાવાવાળાની વાત પૂરી કરવી. ઈબરાર એ હનષનું વિરોધાર્થી છે એનો અર્થ સાચુ કરવું. મતલબ એ થયો કે જો તમને કોઈ એવું કહે કે ખુદાની કૃસમ ! તમારે આ કરવું પડશે, અને તે કામ જાઈઝ તથા શક્તિ અનુસાર હોય તો જરૂર કરી દો.

(તશમિત) **تشمیت**નો અર્થ દુઆએ ખૈર કરવું છે. અહીં મુરાદ એ છે કે છીંકવાવાળાના જવાબમાં **یرحمك الله** (યરહ્મુકલ્લાહ) કહે. ''હરીર'' નરમ રેશમના કપડાને કહેવામાં આવે છે ચાહે તે કોઈપણ પ્રકારનુ હોય. ''દીબાજ''નો અર્થ દીબા બારીક રેશમનું ખાસ પ્રકારનું કપડુ. ''કસિય્યી'' સૂતર તથા રેશમનું મિશ્ર એક ખાસ કપડુ જે મિસ્રથી આવતુ હતુ. સમુદ્રના કિનારે તનીસની નજીક એક શહેર કૃસ હતું ત્યાં તૈયાર થતુ હતું. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે બહરે દમયાતના કિનારે કૃસ, તનીસ અને ફરમા શહેર હતાં જ્યાંથી ઉમદા પ્રકારનાં કપડાં પૂરી દુનિયામાં જતાં હતાં. ''ઈસ્તબરક'' રેશમનું જાડુ કપડું.

**ખુલાસો** : હદીષમાં વર્ણન થયેલું છે કે સાત ચીજોથી મના ફર્માવ્યું અને અહીં વર્ણન થયેલ છ છે. અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે આ બુખારીથી સહ્વ થયો અથવા તેમના કોઈ શયખથી થયો. અલ્લામા કિર્માનીએ ફર્માવ્યું કે ઈમામ બુખારીના શયખ અબુલ વલીદથી સહ્વ થયો. એક સંભાવના એ પણ છે કે બુખારીના

નક્લકારોથી છૂટી ગયું હોય. અલ્લામા અયનીએ ફર્માવ્યું, ઈમામ બુખારી અથવા તેમના શયખની તરફ સહ્વની નિસ્બત કરવા કરતાં બેહતર એ છે કે નાસિખીન (ફેરબદલ કરનાર)ની ગલતી માનવામાં આવે, એટલા માટે કે કિતાબુલ્ લિબાસમાં સાતમીનું વર્ણન છે એટલે "મુષીરતુલ્ હમ્રાઅ્" લાલ રંગના ઝીનપોશથી.

**મસાઈલ** : આ હદીષથી આ પ્રમાણે મસ્અલા માલૂમ પડયા. જનાઝાની સાથે જવું અને નમાઝ તથા દફનમાં શરીક થવું. જનાઝાની સાથે જઈને નમાઝ પઢીને પરત આવવા પર એક ક઼ીરાત સવાબ છે, અને દફન સુધી શરીક રહેવામાં બે ક઼ીરાત અને તલ્ક઼ીન સુધી રહેવા પર એક ક઼ીરાત. *(ઉમ્દતુલ ક઼ારી, ૮/૭ બહવાલા દાઊદી)*

જે શખ્સ જનાઝાની નમાઝ પઢી લે તેણે મૈયતના વલીઓની ઈજાઝત વિના પરત ન થવું જાઈએ. *(આલમગીરી, ૧/૮૫)*

આપણે ત્યાં જનાઝા પાછળ ચાલવું અફઝલ છે. એ આ જ હદીષથી સાબિત છે, એટલા માટે કે ઈત્તેબાઅનો અર્થ પાછળ ચાલવું છે. ઈમામ શાફઈ તથા ઈમામ અહમદને ત્યાં આગળ ચાલવું અફઝલ છે. બીમારની ખબર અંતર લેવી તથા તબીયત પૂછવી સુન્નત છે. અમુક હઝરાતે ફર્માવ્યું કે વાજિબ છે. વાજિબ હોવાની દલીલ એના બાદવાળી હદીષ છે. **બીમારપુર્સીનો તરીક઼ો** એ છે કે પોતાનો હાથ બીમારની પેશાની અથવા હાથ પર રાખે અને પૂછે કે તેને કેમ છે ? *(મુસ્નદે ઈમામ અહમદ, ૫/૨૬૦)* તેના માથા પાસે બેસે અને શક્ય હોય તો તંદુરસ્તીની દુઆ કરે, તસલ્લી તથા સાંત્વન આપે. દઅવત ક઼બૂલ કરવી સુન્નત છે, ત્યાં સુધી કે ફર્માવ્યું, જેણે દા'વત ક઼બૂલ ન કરી એણે અબુલ ક઼ાસિમ ﷺની નાફર્માની કરી. આ ત્યારે છે જયારે કે ત્યાં કોઈ હરામ કામ ન હોય. જો કોઈ નાજાઈઝ કામ થતુ હોય અને તેને ઈત્મિનાન હોય કે હું જઈશ તો તે બંધ થઈ જશે, અથવા હું મના કરીશ તો તે લોકો આ હરામથી રોકાઈ જશે, તો જરૂર જાય, નહીં તો જવું જાઈઝ નથી. જેનામાં શક્તિ હોય તેના પર મઝલૂમની મદદ કરવી વાજિબ છે. હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, પોતાના ભાઈની મદદ કરો, જાલિમ હોય કે મઝલૂમ. એક સાહબે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મઝલૂમની મદદ તો કરીશ, એ જણાવો કે જાલિમની કેવી રીતે મદદ કરું ?! ફર્માવ્યું, તેને જુલ્મથી રોકી દે, એ તેની મદદ છે. *(બુખારી ૧/૩૩૧, મઝાલિમ)*

કોઈની ક઼સમ પૂરી કરવી પણ ઉમદા સંસ્કારમાંથી છે જયારે કે તે જાઈઝ હોય અને એને પૂરી કરવા માટે શક્તિમાન હોય, તેમજ તેને પૂર્ણ કરવું મસ્લેહતની વિરુદ્ધ ન હોય. જેમ કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ વર્ણન કર્યું કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ આ હદીષ બયાન કરતા હતા કે એક સાહબ ખિદમતે અક઼દસ ﷺમાં હાજર થયા અને એક ખવાબ બયાન કર્યો. એ સાંભળીને હઝરત અબૂબક્રે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપના પર મારાં માબાપ કુર્બાન ! ઈજાઝત આપો કે હું તેની તાબીર વર્ણવું. ફર્માવ્યું, વર્ણવો ! હઝરત અબૂબક્રે તાબીર વર્ણવી અને પૂછયું, યા રસૂલલ્લાહ ! ફર્માવો, મેં સહીહ તાબીર વર્ણવી કે ગલત ? ફર્માવ્યું, અમુક સહીહ છે, અમુક ગલત. અર્ઝ કરી, આપના પર મારાં માબાપ કુર્બાન ! હું ક઼સમ આપુ છું કે બતાવો, મેં શું ગલતી કરી છે ? રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ક઼સમ ન આપો ! *(તિર્મિઝી, ૨/૫૩, અર્રુઅ્યા બાબુ રૂયાઈન્નબી ﷺ)*

**رد السلام** : સલામનો જવાબ આપવો વાજિબ છે. જો કોઈ જમાઅતને સલામ કરવામાં આવે તો એમાંથી એકનું જવાબ આપવું પૂરતુ છે ભલે તે બાળક હોય જો તે સમજવાળો હોય. સલામ કરવી સુન્નત છે પણ સલામ કરવામાં અધિક સવાબ છે. જો પુરૂષ કોઈ સ્ત્રીને સલામ કરે તો સ્ત્રી પર પણ સલામનો જવાબ આપવો વાજિબ છે પણ તેણી આહિસ્તા જવાબ આપે. અને જો સ્ત્રી પુરૂષને સલામ કરે તો પુરૂષ પણ ધીમેથી જવાબ આપે. એ જ પ્રમાણે છીંકનો પણ જવાબ આપવો વાજિબ છે.

**تشمیت العاطس** : જયારે કોઈને છીંક આવે તો તેણે જોઈએ કે **الحمد لله** (અલ્હમ્દુલિલ્લાહ) કહે. બેહતર

એ છે કે الحمد لله رب العالمين (અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન) કહે. હવે સાંભળનાર પર જવાબ આપવો વાજિબ છે. એના જવાબમાં સાંભળનાર કહે : يرحمك الله (યર્હમુકલ્લાહ) એના પર છીંકનાર કહે : يغفر الله لنا و لكم (યગફિરુલ્લાહુ લનાવલકુમ) અથવા એવું કહે يهديكم الله و يصلح بالكم (યહદીકુમુલ્લાહુ વયુસ્લિહ બાલકુમ) એક મજલિસમાં જો વારંવાર છીંક આવે તો પ્રથમવાર જવાબ આપવો વાજિબ છે અને બીજીવાર મુસ્તહબ, એના પછી નથી.

જેનાથી મના ફર્માવ્યું : એ સાત ચીજો જેનાથી મના ફર્માવ્યું તે આ પ્રમાણે છે : ચાંદીનું વાસણ પુરૂષ માટે પણ નાજાઈઝ છે અને સ્ત્રી માટે પણ, ત્યાં સુધી કે ચાંદીનો આઈનો સ્ત્રીઓએ પણ વાપરવો જાઈઝ નથી. એ જ પ્રમાણે સોનાનાં વાસણ પણ, સાજ સજાવટ માટે રાખી શકે છે. સોના ચાંદીનાં કેવળ ઘરેણાં સ્ત્રીઓએ ઉપયોગ કરવાં જાઈઝ છે.

**સોનાની વિંટી** : પુરૂષો માટે હરામ સ્ત્રીઓ માટે જાઈઝ. અમુક લોકોએ સોનાની વિંટી પુરૂષો માટે જાઈઝ કહી છે, તેમની દલીલ હઝરત બર્રાઅ્ رضي الله عنهની હદીષ છે. લોકોએ તેમના હાથમાં સોનાની વિંટી જોયી અને પૂછયું તો ફર્માવ્યું કે એક મૌક઼ા પર હુઝૂરે અક઼દસ ﷺએ માલે ગનીમત વહેંચ્યો અને મને આ વિંટી અર્પણ કરી અને ઈર્શાદ ફર્માવ્યો, البس ما كساك الله ورسوله પહેર ! જેને અલ્લાહ વ રસૂલે તને પહેરાવ્યું ! તમે લોકો કેવી રીતે મને હુકમ આપો છો કે હું તેને ઉતારી દઉં ! જેના બારામાં રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, પહેર ! જેને અલ્લાહ તથા તેના રસૂલે તને પહેરાવ્યું. *(મુસ્નદે ઈમામ અહમદ, ૪/૨૯૪, શરહે મઆનિયુલ આષાર, ૨/૩૫૦)*

એનો જવાબ એ છે કે એમના માટે હુઝૂરે જાઈઝ ફર્માવી દીધી હતી. અને એ નિશ્ચિત છે કે હુઝૂર અક઼દસ ﷺને એ ઈખ્તિયાર છે કે જે ચીજ ચાહે જેને ચાહે જાઈઝ કરી આપે. એની જબરદસ્ત દલીલો આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمة الله عليهની કિતાબ ''અલ્ અમ્નુ વલ્ ઉલા''માં અને આ ખાદિમના લેખ સંગ્રહ ''મક઼ાલાતે અમજદી''માં જુઓ.

ચાંદીની એક વિંટી તે પણ એક નંગની જે સાડા ચાર માશાથી ઓછી (વજનમાં) હોય તો પુરૂષો માટે જાઈઝ છે. પૂરા સાડા ચાર માશા વજનની અથવા એનાથી વધુ વજનવાળી અથવા બે નંગવાળી અથવા કેટલાય નંગવાળી અથવા કેટલીયે વિંટીઓ પહેરવી પુરૂષો માટે હરામ છે. હઝરત બુરીદા رضي الله عنهથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ એક શખ્સના હાથમાં પિત્તળની વિંટી જોયી તો ફર્માવ્યું, શું વાત છે કે હું તારાથી મૂર્તિઓની બૂ (ગંધ) પામી રહ્યો છું ?! તેમણે એને ફેંકી દીધી. બીજી વખત આવ્યા તો લોખંડની વિંટી પહેરી હતી, તો ફર્માવ્યું, શું વાત છે કે હું તારી સાથે જહન્નમીઓનું ઘરેણુ જોઈ રહ્યો છું ?! તેમણે એને પણ ફેંકી દીધી અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કઈ ચીજને વિંટી બનાવું ?! તો ઈર્શાદ ફર્માવ્યો, ચાંદીની ! એક મિષ્ક઼ાલ પૂરી ન કર. *(અબૂ દાઊદ, ૨/૨૨૪, નિસાઈ, ૨/૨૮૮)* એક મિષ્ક઼ાલ સાડા ચાર માશાનો થાય છે જે વર્તમાન દશાંશ પદ્ધતિ પ્રમાણે ૪.૩૭૫ (લગભગ ૪.૫) ગ્રામ થાય.

હઝરત શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمة الله عليه એના હેઠળ લખે છે : ''બે અથવા બેથી અધિક વિંટીઓ પહેરવી મકરૂહ છે.''

**عن الحرير** : રેશમી કપડુ જેના તાણા વાણા બંને રેશમ હોય અથવા વાણા રેશમ અને તાણા સૂતર, ઉન વગેરે હોય તેને પહેરવું પુરૂષો માટે હરામ છે અને સ્ત્રીઓ માટે હલાલ છે અને જેનો વાણો સૂતર વગેરે હોય અને તાણો રેશમ હોય તે પુરૂષો માટે પણ જાઈઝ છે. રેશમથી મુરાદ અહીં તે રેશમ છે જે કીડાથી પેદા થાય છે. આજકાલ સિલ્કનાં જે ઘણી જાતનાં કપડાં નીકળે છે તે આ રેશમથી નથી વણવામાં આવતાં, બલ્કે તે કોઈ ઝાડની છાલ કે ગુંદર વગેરેના દોરાથી બને છે એ પુરૂષ તથા સ્ત્રી બંને માટે જાઈઝ છે. દીબા, ઈસ્તબરક, કસિય્ય આ સૌ રેશમી કપડાંના પ્રકારો છે એ સૌ હરીરમાં સામેલ છે, પણ તેનાં નામો અલગ અલગ હતાં, એટલા માટે પ્રથમ સામાન્ય

**حديث ۷۳۲** اَخْبَرَنِي سَعِيْدُ بْنُ الْمُسَيِّبِ اَنَّ اَبَا هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ ફર્માવ્યું, **[હદીષ : ૭૩૨]**

قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ حَقُّ الْمُسْلِمِ عَلَى

મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી સાંભળ્યું : ફર્માવતા હતા, મુસલમાનના મુસલમાન પર પાંચ હક્કો છે :

الْمُسْلِمِ خَمْسٌ رَدُّ السَّلَامِ وَعِيَادَةُ الْمَرِيْضِ وَاتِّبَاعُ الْجَنَائِزِ وَاِجَابَةُ الدَّعْوَةِ

સલામનો જવાબ આપવો, બીમારપુસી કરવું, તથા જનાઝાની સાથે જવું તથા દા'વત ક઼બૂલ કરવી

وَتَشْمِيْتُ الْعَاطِسِ ۔

અને છીંકનો જવાબ આપવો."

રીતે પછી ખાસના રૂપે અલગ વર્ણવ્યાં.

**الميثرة الحمراء** : ઝીન પર જે ગદ્દો રાખે છે તેને અલ્મૈષરા કહે છે, એ વિવિધ પ્રકારનાં હોય છે જંગલી પશુઓની ખાલના, રેશમના એ બંનેવ મના છે. એ જ પ્રમાણે સૂતર અથવા ઉનનું હોય પણ લાલ હોય તો તે પણ મના છે.

**એક શંકાનો જવાબ** : એમાં અમુક વાતો સ્ત્રીઓ માટે અપવાદ છે, દા.ત. જનાઝા સાથે જવું, સોનાની વિંટી, રેશમી લિબાસ પહેરવાની મનાઈથી, અને હુકમ આમ (સર્વ સામાન્ય) છે ખાસ નથી. જવાબ એ છે કે સ્ત્રીઓનું અપવાદ હોવું બીજી હદીષોથી જાણવા મળ્યું. હદીષથી હદીષને ખાસ કરવું સર્વ સંમતિએ દુરુસ્ત છે.

**સમજૂતી : ૭૩૨**

પહેલામાં સાત છે આમાં પાંચ, પણ ઓછા એ વધારેનો નકાર નથી કરતા, એટલા માટે કાંઈ વાંધો નથી. સીમા (બંધન) ન આ હદીષમાં હેતુ છે ન તેમાં. આ હદીષમાં જાહેર થાય છે કે આ પાંચેવ વાજિબ છે. **حق المسلم علىٰ المسلم**નો આ જ ફાયદો છે. પણ ગુજરી ચૂક્યું કે એવું નથી, એમાંથી અમુક વાજિબ છે અમુક સુન્નત અમુક મુસ્તહબ. અને આ સેગાથી આદેશ અધિક પ્રોત્સાહન માટે છે, એટલા માટે કે અન્ય હદીષોમાં અધિક અન્ય ચીજો પણ આવેલી છે. દા.ત. મુસ્લિમ્ (૨/૫૬૨)ની એક હદીષમાં જે હઝરત અબૂ હુરૈરહ્થી મરવી છે તેમાં આટલી ચીજો અધિક છે : જ્યારે મુલાકાત કરે તો તેને સલામ કર, અને જ્યારે તારાથી સલાહ માગે તો શુભેચ્છા કર. (સારો મશ્વરો આપ)

## حدیث ۷۳۳

[હદીષ : ૭૩૩]

اَخْبَرَنِي اَبُوْ سَلَمَةَ اَنَّ عَائِشَةَ زَوْجَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

"અબૂ સલ્માએ ખબર આપી કે તેમને હઝરત આઈશા رضی اللہ عنہا નબી صلی اللہ علیہ وسلم ના

اَخْبَرَتْهُ قَالَتْ اَقْبَلَ اَبُوْ بَكْرٍ عَلٰى فَرَسِهٖ مِنْ مَّسْكَنِهٖ بِالسُّنْحِ حَتّٰى نَزَلَ

જીવનસંગિનીએ ખબર આપી. ફર્માવ્યું કે અબૂબક્ર પોતાના ઘોડા પર પોતાના સુનહવાળા

فَدَخَلَ الْمَسْجِدَ فَلَمْ يُكَلِّمِ النَّاسَ حَتّٰى دَخَلَ عَلٰى عَائِشَةَ فَتَيَمَّمَ النَّبِيَّ

ઘરેથી આવ્યા. ઉતરીને મસ્જિદમાં ગયા અને કોઈને ન બોલ્યા. આઈશાની પાસે આવ્યા અને

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ مُسَجًّى بِبُرْدِ حِبَرَةٍ فَكَشَفَ عَنْ

નબી صلی اللہ علیہ وسلم નો (મળવાનો) ઈરાદો કર્યો અને હુઝૂર હિબ્રાની ચાદર વડે ઢંકાયેલા હતા. તેમણે હુઝૂર صلی اللہ علیہ وسلم ના

لَا يَجْمَعُ اللّٰهُ عَلَيْكَ مَوْتَتَيْنِ اَمَّا الْمَوْتَةُ الَّتِيْ كُتِبَ اللّٰهُ عَلَيْكَ فَقَدْ مُتَّهَا

ચહેરાથી ચાદર હટાવી પછી વાંકા વળ્યા અને હુઝૂરને બોસો કર્યો ત્યારબાદ રડયા પછી કહ્યું, હે

قَالَ اَبُوْ سَلَمَةَ فَاَخْبَرَنِي ابْنُ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ اَبَا بَكْرٍ

અલ્લાહના નબી ! મારાં (મા) બાપ આપના પર કુર્બાન ! અલ્લાહ جل جلالہ આપના પર બે મૌત ભેગાં નહીં કરે.

### સમજૂતી : ૭૩૩

**પરિપૂર્ણતા** : કિતાબુલ મનાકિબમાં શરૂમાં આટલુ વધારે છે : નબી صلی اللہ علیہ وسلم નો વિસાલ થઈ ગયો અને અબૂબક્ર સનહમાં હતા. ઈસ્માઈલીએ કહ્યું, એટલે કે આલિયામાં મદીના તયબહના ઊંચાઈવાળા હિસ્સામાં ઉમર ઉભા થઈ ગયા અને એવું કહેવા લાગ્યા, ખુદાના સોગંદ ! હુઝૂર صلی اللہ علیہ وسلم નો વિસાલ નથી થયો. ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું, હઝરત ઉમરે કહ્યું, બખુદા ! મારા દિલમાં એના સિવાય કોઈ વાત આવતી ન હતી અને એ કે અલ્લાહ તબારક વ તઆલા હુઝૂરને ઉઠાડશે. અને હુઝૂર કેટલાક લોકોના હાથ પગ કાપશે, એવામાં અબૂબક્ર આવ્યા છેવટ સુધી. આખરમાં આયતે કરીમા وَمَا مُحَمَّدٌ اِلَّا رَسُوْلٌ થી પહેલાં اِنَّكَ مَيِّتٌ وَّ اِنَّهُمْ لَمَيِّتُوْنَ નો વધારો છે. આખરમાં છે કે રડતાં રડતાં લોકોની હિચકી બંધાઈ ગઈ. અલ્મગાઝીમાં આખરમાં છે કે ઈમામ ઝુહરીએ કહ્યું કે મને સઈદ બિન મુસય્યબે ખબર આપી કે ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું, બખુદા ! અબૂબક્રને એની તિલાવત કરતા સાંભળ્યા તો ગભરાઈ ગયો અને મારા પગો મને ઉઠાવી ન શક્યા અને હું જમીન પર ગબડી પડયો, જ્યારે મેં અબૂબક્રને આવું કહેતાં સાંભળ્યા કે નબી صلی اللہ علیہ وسلم નો વિસાલ થઈ ગયો.

**بالسنح** (સૂન્હ) : મદીના તયબહના ઊંચાઈવાળા હિસ્સામાં જેને અવાલી કહે છે ત્યાંની એક જગાનું નામ

خَرَجَ وَعُمَرُ يُكَلِّمُ النَّاسَ فَقَالَ اِجْلِسْ فَاَبٰى فَقَالَ اِجْلِسْ فَاَبٰى فَتَشَهَّدَ

*જે વફાત અલ્લાહે આપના માટે લખી હતી તે આપ પામી ચૂક્યાં. અબૂ સલ્માએ કહ્યું, ઈબ્ને અબ્બાસે*

اَبُوْبَكْرٍ فَمَالَ اِلَيْهِ النَّاسُ وَتَرَكُوْا عُمَرَ فَقَالَ اَمَّا بَعْدُ فَمَنْ كَانَ مِنْكُمْ

*મને ખબર આપી કે અબૂબક્ર બહાર નીકળ્યા અને ઉમર લોકો સાથે વાત કરી રહ્યા હતા. અબૂબક્રે તેમને*

يَعْبُدُ مُحَمَّدًا فَاِنَّ مُحَمَّدًا قَدْ مَاتَ وَمَنْ كَانَ يَعْبُدُ اللّٰهَ عَزَّوَجَلَّ فَاِنَّ اللّٰهَ

*ફર્માવ્યું, બેસી જાવ ! પણ તે ન માન્યા. ફરી ફર્માવ્યું, બેસી જાવ ! હજી પણ તે ન માન્યા. તો અબૂબક્રએ*

حَیٌّ لَّا یَمُوْتُ قَالَ اللّٰهُ عَزَّوَجَلَّ وَمَا مُحَمَّدٌ اِلَّا رَسُوْلٌ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِ

*કલ્મએ શહાદત પઢયો. હવે લોકો તેમના તરફ ધ્યાનિત થઈ ગયા અને ઉમરને છોડી આપ્યા. ત્યારબાદ*

الرُّسُلُ اَفَاِنْ مَّاتَ اَوْ قُتِلَ انْقَلَبْتُمْ عَلٰى اَعْقَابِكُمْ وَمَنْ یَّنْقَلِبْ عَلٰى

*અબૂબક્રએ શહાદત પછી કહ્યું (કહેવું એ છે) કે જે હઝરત મુહમ્મદ ﷺની પૂજા કરતો હતો તો તે સાંભળી*

છે. એ મસ્જિદે નબવીથી એક માઈલના અંતર પર આવેલ છે. અહીં બની હારિષ બિન ખઝરજ રહેતા હતા. એમનામાં હઝરત સિદ્દીકે અકબરે શાદી કરી લીધી હતી અને ત્યાં તેમનું એક મકાન હતું.

**هُوَ مسجّٰى** : એનાથી માલૂમ થયું કે મૃત્યુ બાદ મૈયતને ઢાંકી દેવું જોઈએ, ત્યાં સુધી કે ઉલ્માએ ફર્માવ્યું કે ખાસ ગુસ્લ આપનારા અને ખાસ સગાંઓ સિવાય અન્ય કોઈ ન જુએ. **حبره** (હિબ્રા) એક પ્રકારની કિંમતી ચાદર છે. દાઉદીએ કહ્યું કે લીલા રંગનાં કપડાંને કહે છે.

**قَبَّلَ** (કૃબ્બલ) : મૈયત પર ઝુકવુ અને એને બોસો આપવું, હુઝૂરે અક્દસ ﷺની સુન્નત છે. જ્યારે હઝરત ઉષ્માન બિન મઝઊન رضی اللہ عنہનો ઈન્તેકાલ થયો તો હુઝૂર તશરીફ લઈ ગયા અને તેમના ઉપર ઝુકયા અને તેમની બંને આંખોની વચ્ચે બોસો આપ્યો. અને એટલુ રડયા કે આંસૂ ગાલો પર વહેતાં હતાં. *(તિર્મિઝી, ૧/૧૧૮, જનાઈઝ)* નિસાઈમાં સ્પષ્ટતા છે કે હઝરત અબૂબક્રએ હુઝૂરની આંખોની વચ્ચે બોસો આપ્યો હતો. *(અવ્વલ, જનાઈઝ–૨૬૦)*

**لايجمع الله عليك موتتين** : વિસાલ પછી કેટલાક લોકોનો ખયાલ હતો કે હુઝૂરે અક્દસ ﷺ ફરી જીવતા થશે અને અમુક લોકોને સજા આપશે. હઝરત ઉમર رضی اللہ عنہનો ઈર્શાદ વર્ણન થઈ ચૂક્યો એના નિવારણ માટે હઝરત સિદ્દીકે અકબરે ઈર્શાદ ફર્માવ્યો કે અલ્લાહ તઆલા હુઝૂર પર બે મૌત ભેગાં નહીં કરે. મગાઝીની રિવાયતમાં છે બે મૌતની મજા નહીં ચખાડે, એટલે કે હવે હુઝૂર દુનિયામાં તશરીફ નહીં લાવે કે બીજીવાર મૌતની મજા ચાખવી પડે. એનાથી જાહેર છે કે મુરાદ એ છે કે આ દુનિયામાં ફરી વાર ન આપ જીવંત થઈને તશરીફ લાવશે ન ફરીવાર આ દુનિયામાં મૌત આવશે. મતલબ એ છે કે આ દુનિયામાં બેવાર આપના પર મૌત નહીં આવે. અહલે સુન્નતની એના પર એકમતિ છે કે અંબિયાએ કિરામ પોતાના મઝારોમાં દુનિયવી શારીરિક હયાતની સાથે જીવંત છે. મુસ્નદે ઈમામ અહમદ (૪/૮), નિસાઈ (૧/૨૦૪ જુમ્આ), ઈબ્ને માજહ *(ઈક઼ામતુસ્સલાત, પેજ : ૭૭, જનાઈઝ–૧૧૯)* અને દારમીમાં હઝરત અવસ બિન અવસ رضی اللہ عنہથી મરવી છે કે

عَقِبَیۡهِ فَلَنۡ یَّضُرَّ اللّٰهَ شَیۡئًا وَسَیَجۡزِی اللّٰهُ الشّٰکِرِیۡنَ ۔ وَاللّٰهِ لَکَاَنَّ النَّاسَ

*લે કે તે દુનિયાથી જતા રહ્યા અને જે અલ્લાહ ﷻ ની પૂજા કરતો હતો તે સાંભળી લે, અલ્લાહ તબારક વ*

لَمۡ یَکُوۡنُوۡا یَعۡلَمُوۡنَ اَنَّ اللّٰهَ اَنۡزَلَ حَتّٰی تَلَاهَا اَبُوۡبَکۡرٍ فَتَلَقَّاهَا مِنۡهُ النَّاسُ

*તઆલા જીવંત છે તે કદી મરશે નહીં. અલ્લાહ ﷻ એ ઈર્શાદ ફર્માવ્યો અને મુહમ્મદ રસૂલ જ છે, એમનાથી*

فَمَا یَسۡمَعُ بَشَرٌ اِلَّا یَتۡلُوۡهَا ۔ ع

*અગાઉ ઘણા બધા રસૂલ ગુજરી ચૂક્યા છે. શું તે વિસાલ ફર્માવી જાય અથવા શહીદ કરી દેવામાં આવે તો તમે લોકો પોતાની એડીઓ પર પલ્ટી જશો, અને જે પણ પોતાની એડી પર પલ્ટાશે તે અલ્લાહ તબારક વ તઆલાનું કાંઈ પણ બગાડશે નહીં, અને શુક્ર કરનારાઓને અલ્લાહ વહેલી તકે ઈનામ આપશે. ખુદાની કસમ ! લોકો જાણે જાણતા જ ન હતા કે અલ્લાહે આ આયત નાઝિલ ફર્માવી છે, ત્યાં સુધી કે અબૂબક્રએ તિલાવત કરી તો લોકોએ એમનાથી સાંભળીને એને યાદ કરી લીધી. હવે દરેક શખ્સથી સાંભળવામાં આવતુ કે તે એની તિલાવત કરી રહ્યો છે." (૧/૧૬૬ બાબુદ્દખૂલ અલલ મૈયત બઅદલ મૌત, અલ્મનાક઼િબ બાબ ફદ્લિ અબી બકર, પેજ : ૫૧૭, ૨/૬૪૨ અલ મગાઝી, નિસાઈ–જનાઈઝ, ઈબ્ને માજહ–જનાઈઝ)*

રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું :–

**ان اللہ قد حرم علی علی الارض ان تاکل اجساد الانبیاء وزاد بن ماجه عن ابی السدرداء رضی اللہ تعالی عنه مبنی اللہ حی یرزق**

"બેશક ! અલ્લાહ ﷻ એ જમીન પર હરામ ફર્માવી દીધું છે કે અંબિયા عَلَيْهِمُ السَّلَام ના શરીરોને ખાય. અલ્લાહના નબી ઝિંદા છે એમને રોજી આપવામાં આવે છે."

હઝરત શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ સુલૂકો અક્રબિસ્સુબુલ ફિત્તવજ્જુહિ ઈલા સૈયદિર્રુસુલ (અખ્બારુલ અખ્યારના હાશિયા, પેજ : ૧૬૧)માં ફર્માવે છે : "આટલા મતભેદો તથા પુષ્કળ મઝહબો જે ઉલમાએ ઉમ્મતના દરમ્યાન છે છતાં **કોઈ એક વ્યક્તિનો આ મસ્અલામાં કોઈ મતભેદ નથી કે આં હઝરત ﷺ હક઼ીક઼ી હયાતની સાથે જીવંત છે જેમાં મજાઝનો સાયો કે તાવીલનો વહેમ નથી. અને ઉમ્મતના હાલાત પર હાઝિરો નાઝિર છે અને તાલિબાને હક઼ીક઼ત તથા આં હઝરત પ્રતિ ધ્યાનિત થનારને ફયઝ અતા ફર્માવનાર અને તર્બિયત કરનાર છે."**

**મસાઈલ** : આ હદીષ એની દલીલ છે કે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ તમામ સહાબાએ કિરામ કરતાં સંપૂર્ણ જાણકાર હતા, સૌથી વિશેષ બુદ્ધિમાન અને સૌથી વધુ તદબીરવાળા અને સમયના તકાઝા પ્રમાણે અધિક મુનાસિબ કદમ ઉઠાવવામાં સૌથી વધુ માહિર હતા. અને સૌથી વધુ ફસીહ તથા બલીગ, જાદૂમય વાણીવાળા વક્તા હતા. વિચારો ! હુઝૂરે અક્દસ ﷺ નો વિસાલ થઈ ગયો છે એનો સદમો હઝરત સિદ્દીકે અકબરને કેટલો રહ્યો હશે. સદમો તે પણ આટલા મહાન સદમા વખતે તો જઝબાતનો તકાઝો એ હતો કે બેસીને રડવામાં આવે. પણ તે સમય એવો હતો કે જો અન્ય હઝરાતની જેમ સિદ્દીકે અકબર પણ રોવા ધોવામાં રહેતા તો દીનનો ખુદા હાફિઝ હતો ! મુનાફિકો બુરી હરકતો (શરારતો) માટે ટાંપીને બેઠા હતા. ગ્રામ્ય અરબો તરફથી સંતોષ ન હતો. જો લોકોનું સહીહ માર્ગદર્શન ન કરવામાં આવત તો શું થાત એની કલ્પનાથી રૂહ કાંપી ઉઠે છે. તે વખતે રડવા કે

حدیث ۷۳۴ حَدَّثَنِیْ خَارِجَةُ بْنُ زَیْدِ نِ الْاَنْصَارِیُّ اَنَّ اُمَّ الْعَلَاءِ اِمْرَأَةٌ مِّنْ نِّسَاءِ

''ખારિજા બિન ઝયદ અન્સારીએ ખબર આપી કે ઉમ્મુલ ઉલાએ જે એક અન્સારી **[હદીષ : ૭૩૪]**

قَدْ بَایَعَتِ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اَخْبَرَتْہُ اَنَّ عُثْمَانَ بْنَ مَظْعُوْنٍ

*સ્ત્રી હતી જેમણે નબી ﷺથી બયઅત કરી હતી. ખબર આપી કે જ્યારે અન્સારે મુહાજિરોના રહેઠાણના*

પગ તોડીને બેસવાનો સમય ન હતો. હુઝૂરે અક્દસ ﷺ દુનિયામાં હવે (જાહેરી રીતે) પાછા આવશે નહીં, જરૂરત એ વાતની હતી કે તેમના લાવેલા દીન તથા તેની પ્રગતિ તથા ફેલાવાની કોશિશ કરવામાં આવે. એને હઝરત સિદ્દીકે અકબરે મહેસૂસ કર્યું અને પોતાના સીના પર પથ્થરની શીલા રાખીને બેધડક આગળ વધ્યા. પોતાની જિમ્મેદારીનો એહસાસ કર્યો અને તેને તેના હક્ક પ્રમાણે નિભાવી. મિમ્બરે રસૂલ ખાલી હતું એ ઈન્તેઝાર કરી રહ્યું હતું કે રસૂલના બાદ જેને એના પર ખુત્બો આપવાનો હક્ક છે તે આવે અને રસૂલના નાયબપણાનો હક્ક અદા કરે. અને જે હક્કદાર હોય તે એના પર ઉભો થાય અને અફસોસ પામેલી, ભગ્નહૃદયી, દર્દમાં ડૂબેલી ઉમ્મતને સબ્ર તથા સાંત્વન પણ આપે અને તેમને સહીહ રાહ પર ચલાવે. આ ફર્ઝને સિદ્દીકે અકબરે જે ખૂબી વડે અદા કર્યો એનો દુનિયાને સ્વીકાર છે. સૌથી મહાન લીડર તે છે જે સમય આવે યોગ્ય માગદર્શન કરે.

આ બંનેવ આયતો કયા સહાબાની જાણમાં ન હતી. જે વિષય વસ્તુ તેમણે વર્ણવ્યું એ સર્વ સહાબાનું ઈમાન હતું પણ તે સમય પૂરતા રંજ તથા ગમે પડદો પાડી રાખ્યો હતો. એ હઝરત સિદ્દીકે અકબરનું શાણપણ હતું કે સૌથી અધિક ગમગીન તથા દુઃખી હોવા છતાં પણ એમના પર કોઈ પડદો ન પડયો અને તેમને એ સૌ નજર આવી ગયું જેની એ વખતે જરૂરત હતી. કુર્આન મજીદ હિફઝ (યાદ) રાખવું એક કમાલ છે પણ એનાથી ઈશતસ્હાદ તથા ઈસ્તંબાત એ કમાલ છે જ્યાં સુધી સૌની પહોંચ નથી. સિદ્દીકે અકબરનો આ ખુત્બો તે ખુત્બો છે જેના જેવું દૃષ્ટાંત રજૂ કરવાથી દુનિયા લાચાર છે. સંક્ષિપ્તપણે ફસાહત, બલાગત, સલાસત, હિકમત, મવએઝત, ઝોરે બયાન, દલીલ પૂરી પાડવાની શક્તિ, તાષીર, તે કઈ ખૂબી છે જે આ ખુત્બામાં નથી અને તે પણ પોતાના કમાલની ઉચ્ચ કક્ષાએ ! એની અસર એ થઈ કે સહાબાએ કિરામની આંખોથી પર્દા હટી ગયા અને તેમને રાહ મળી ગઈ. આ હદીષ એની પણ દલીલ છે કે સહાબાએ કિરામના દિલમાં હુઝૂરે અક્દસ ﷺ પછી હઝરત સિદ્દીકે અકબરનો પ્રભાવ સૌથી અધિક હતો એ જ કારણે એ જ્યારે મિમ્બર પર ઉભા થયા તો સૌ લોકો એમના પ્રતિ ધ્યાનિત થઈ ગયા એટલે સુધી કે હઝરત ઉમરને છોડી આપ્યા. તેમજ આ હદીષ હઝરત સિદ્દીકા رضی اللہ عنہاના ફઝ્લો કમાલની દલીલ છે કે આવા સંજોગોમાં પણ તેમણે આટલા મહત્વના બનાવની જુઝઈય્યાત (નાની નાની વાતો) સુદ્ધાં મહેફૂઝ રાખી.

**સમજૂતી : ૭૩૪**

કિતાબુલ જનાઈઝની સરખામણીમાં કિતાબુશ્શહાદતની રિવાયત અધિક સંપૂર્ણ છે એટલા માટે અમે એને જ લીધી છે. આ મદીના પાકના પ્રારંભિક દૌરની વાત છે. મદીના પાકમાં પુષ્કળ સંખ્યામાં મુનાફિકો હતા જેઓ જાહેરી રીતે મુખ્લિસ મો'મિન બનેલા હતા, જેની ખબર સામાન્ય લોકોને ન હતી, ખાસ કરીને સ્ત્રીઓને. હઝરત ઉમ્મુલ ઉલાએ ઉષ્માન બિન મઝઊનના નેક અમલો જોઈને તેવું કહ્યું હતું, જો એને ન રોકવામાં આવત તો રિવાજ પડવાનો અંદેશો હતો, ચાહે તે હકીકતમાં મુનાફિક જ કેમ ન હોતો. જેનાથી લોકો વાકેફ ન હોતા કેવળ જાહેરી હાલતોના આધારે આવા પ્રકારની ગવાહી આપવા લાગતા. એની રોકથામના માટે હુઝૂરે અક્દસ ﷺએ એવું

طَارَ لَهُمْ سَهْمُهٗ فِي السُّكْنٰى حِيْنَ اَقْرَعَتِ الْاَنْصَارُ سُكْنٰى الْمُهَاجِرِيْنَ

માટે ચિઠ્ઠીઓ ફરકાવી (ડ્રો કર્યો) તો ઉષ્માન બિન મઝઊન એમના હિસ્સામાં આવ્યા અને તે અમારા ત્યાં

قَالَتْ اُمُّ الْعَلَاءِ فَسَكَنَ عُثْمَانُ بْنُ مَظْعُوْنٍ فَاشْتَكٰى فَمَرَّضْنَاهُ حَتّٰى

રહેવા લાગ્યા. પછી બીમાર પડી ગયા. અમે તેમની બીમારીમાં ચાકરી કરી. જ્યારે તેમની વફાત થઈ ગઈ અને

اِذَا تُوُفِّيَ وَجَعَلْنَاهُ فِيْ ثِيَابِهٖ دَخَلَ عَلَيْنَا رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

અમે તેમને તેમનાં કપડામાં કરી દીધા તો રસૂલુલ્લાહ ﷺ અમારા ત્યાં તશરીફ લાવ્યા. તો મેં કહ્યું, હે અબૂ

وَسَلَّمَ فَقُلْتُ رَحْمَةُ اللّٰهِ عَلَيْكَ اَبَا السَّائِبِ فَشَهَادَتِيْ عَلَيْكَ لَقَدْ

સાઈબ ! તમારા પર અલ્લાહની રહમત થાય, આપના બારામાં મારી ગવાહી એ છે કે જરૂર અલ્લાહે

اَكْرَمَكَ اللّٰهُ فَقَالَ لِيَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَمَا يُدْرِيْكِ

આપને ઈજ્જત આપી છે, તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તને કેવી રીતે ખબર પડી કે અલ્લાહે એને ઈજ્જત

اَنَّ اللّٰهَ اَكْرَمَهٗ فَقُلْتُ لَا اَدْرِيْ بِاَبِيْ وَاُمِّيْ يَا رَسُوْلَ اللّٰهِ فَقَالَ رَسُوْلُ

આપી છે ? મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આપના પર મારાં માબાપ કુર્બાન ! હું નથી જાણતી ! તો રસૂલુલ્લાહ

ઈર્શાદ ફર્માવ્યું જેનો સાર એ છે કે અવામને માટે એ યોગ્ય નથી કે દરેક મરનારના બારામાં તેના (નિશ્ચિત) કતઈ તૌર પર જન્નતી હોવાની ગવાહી આપે, હા ! એવું કહે કે જે હું કહું છું કે એના માટે ભલાઈની ઉમ્મીદ છે. અને આ વાત કેવળ અવામ (પબ્લિક)ના માટે છે, રહી ગયા હુઝૂરે અક્દસ ﷺ, તો આપ જેના બારામાં જે ચાહે ઈર્શાદ ફર્માવે, તેમને સૌનો જાહેરી તથા ભીતરી હાલ માલૂમ છે અને તેનો અંજામ પણ. જેમ કે હઝરત હારિષા رضی اللہ عنہના બારામાં બુખારી (૧/૩૯૪ જેહાદ, ૨/૫૬૮ મગાઝી)માં છે : એ ગઝવએ બદરમાં શહીદ થયા, તેમનાં વાલિદા હાજર થયાં અને અર્ઝ કરી, જો એ જન્નતમાં હોય તો હું સબ્ર કરીશ, નહીં તો હું શું કરીશ હુઝૂર જોશે. ઈર્શાદ ફર્માવ્યો, "તારો પુત્ર ફિરદોસે આ'લામાં છે." એના પછી હદીષ આવી રહી છે કે હઝરત જાબિર رضی اللہ عنہના વાલિદે માજિદના માટે ફર્માવ્યું જે ગઝવએ ઓહદમાં શહીદ થયા હતા કે, "જ્યાં સુધી તમે એમને ઉઠાવ્યા ન હતા ત્યાં સુધી ફરિશ્તા પોતાની પાંખો વડે સાયો કરતા રહ્યા હતા." બલ્કે સર્વ બદરમાં શરીક થનારાઓ માટે ઈર્શાદ ફર્માવ્યો, અલ્લાહ جل جلالہએ એમના પ્રતિ ખાસ તવજ્જોહ ફર્માવીને ઈર્શાદ ફર્માવી આપ્યો છે, તમારો જીવ જેમ ચાહે તેમ કરો ! મેં તમારા માટે જન્નત વાજિબ કરી આપી છે. અથવા એવું ફર્માવ્યું કે મેં તમોને બખ્શી આપ્યા. (બુખારી મગ઼ાઝી–૫૬૭) એવું પણ થઈ શકે છે કે હઝરત ઉમ્મુલ ઉલાએ આ હિમ્મત હુઝૂર અક્દસ ﷺની સમક્ષ કરી હતી એ યોગ્ય ન હતું એટલા માટે ચેતવણી આપી.

**ما يفعل به** : શહાદાતની રિવાયતમાં **ما يفعل به** છે અર્દુઅ્યાની રિવાયતમાં **ما يفعل بى و لا بكم** અને જનાઈઝની રિવાયતમાં **ما يفعل بى** છે જેનો તર્જુમો એ છે કે, "તેમ છતાં કે હું અલ્લાહનો રસૂલ છું અને નથી જાણતો કે મારી સાથે શું કરવામાં આવશે." આમ શરહ કરનારાઓએ એનો જવાબ એ આપ્યો કે તેના પછી હુઝૂરે અક્દસ ﷺને પોતાનો પણ અને સહાબાએ કિરામનો પણ અંજામ સૂરએ ફતહમાં બતાવી દેવામાં

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَمَّا عُثْمَانُ فَقَدْ جَاءَهُ وَاللّٰهِ الْيَقِيْنُ

ﷺએ ફર્માવ્યું, અલ્લાહની કૃસમ ! ઉષ્માનની મૌત આવી ગઈ અને હું તેના માટે ભલાઈની ઉમ્મીદ કરું છું.

وَاِنِّىْ لَاَرْجُوْلَهُ الْخَيْرَ وَاللّٰهِ لَا اَدْرِىْ وَاَنَا رَسُوْلُ اللّٰهِ مَا يُفْعَلُ بِهٖ قَالَتْ

બખુદા હું નથી જાણતો જ્યારે કે હું અલ્લાહનો રસૂલ છું કે એમની સાથે શું કરવામાં આવશે ?! ઉમ્મુલ ઉલાએ

આવ્યો. જેમ કે તિર્મિઝીમાં છે : હઝરત અનસ رضی اللہ عنہએ ફર્માવ્યું, હુદૈબિયાથી પરત થતી વખતે રસૂલુલ્લાહ ﷺ પર આ આયત નાઝિલ થઈ : لِيَغْفِرَ لَكَ اللّٰهُ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِكَ وَمَا تَأَخَّرَ તો નબી ﷺએ ફર્માવ્યું, મારા પર એક એવી આયત નાઝિલ થઈ છે કે પૃથ્વીના પટ પર જે કાંઈ છે તે સૌથી અધિક પ્રિય છે, પછી આ આયતની તિલાવત કરી. એના પર લોકોએ અર્ઝ કર્યું, યા રસૂલલ્લાહ ! ﷺ આપને મુબારક થાય ! અલ્લાહ عزوجلએ આપને બતાવી આપ્યું કે આપની સાથે શો મામલો કરશે. હવે સવાલ એ છે કે અમારી સાથે શો મામલો કરશે ?! એના પર આ આયતે કરીમા નાઝિલ થઈ : لِيُدْخِلَ اللّٰهُ الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ جَنّٰتٍ تَجْرِىْ مِنْ تَحْتِهَا الْاَنْهَارُ ... فَوْزًا عَظِيْمًا સુધી. અલ્લાહ جل جلالهએ આપને એટલા માટે ફતહે મુબીન (ઉઘાડી જીત) અતા ફર્માવી કે મો'મિન મર્દો તથા ઔરતોને એ જન્નતોમાં દાખલ કરે જેની નીચે નહેરો વહે છે.

આ ખુલાસા પર હઝરત શયખ નૂરુલ હક્ક બિન હઝરત શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ તયસીરુલ કારી (૧/૪૧૬)માં ફર્માવે છે : ગુપ્ત ન રહ્યું કે આ ખુલાસો મુસલમાનોનું અકીદતમંદ દિલ સ્વીકાર નહીં કરે કે સૂરએ ફતહના નાઝિલ થતા સુધી એ રોજ રોજ વધતાં ઈનામો તથા અતિશય તરક્કીઓ છતાં હુઝૂરે અક્દસ ﷺ પોતાની આખેરત ખૈર સાથે થવામાં અસમંજસમાં હતા ! અલ્લાહની તૌફીકથી હું કહું છું : મૌલા عزوجل હઝરત શયખ નૂરુલ હક્ક رحمۃ اللہ علیہને તેના હબીબ ﷺની તરફથી જઝાએ ખૈર આપે, આ ખુલાસાના સહીહ ન હોવાની દલીલ એ છે કે મક્કા મોઅઝ્ઝમામાં ઈસ્લામના પ્રારંભમાં જ સૂરએ વદુહા નાઝિલ થઈ જેમાં સાફ સાફ ઈર્શાદ છે : وَلَلْاٰخِرَةُ خَيْرٌ لَّكَ مِنَ الْاُوْلٰى وَلَسَوْفَ يُعْطِيْكَ رَبُّكَ فَتَرْضٰى "નિઃશંક ! આખેરત આપના માટે દુનિયાથી બેહતર છે અને ખૂબ જ જલ્દી આપને આપનો પરવરદિગાર એટલુ આપશે કે આપ ખુશ થઈ જશો."

મક્કા મોઅઝ્ઝમામાં જ સૂરએ બની ઈસ્રાઈલ નાઝિલ થઈ જેમાં ફર્માવવામાં આવ્યું : عَسٰى اَنْ يَّبْعَثَكَ رَبُّكَ مَقَامًا مَّحْمُوْدًا "નજીકમાં જ આપનો રબ આપને મકામે મહમૂદ પર બિરાજમાન કરશે." મક્કા મોઅઝ્ઝમામાં જ સૂરએ કૌષર નાઝિલ થઈ જેમાં ફર્માવ્યું : اِنَّا اَعْطَيْنٰكَ الْكَوْثَرَ "અમે તમને કૌષર અતા કર્યું." હવે એની શું ગુંજાઈશ રહી જાય છે કે એવું કહેવામાં આવે કે હિજરત પછી બે વરસો સુધી હુઝૂરને પોતાનો અંજામ ખયર સાથે થવામાં વસવસો હતો ! સહીહ ખુલાસો આ છે :–

**સહીહ ખુલાસો** : ما يفعل بی ની રિવાયત સહીહ નથી. દાઊદીએ કહ્યું કે આ વહેમ છે. સહીહ ما يفعل به છે. ખૂદ ઈમામ બુખારીએ એના પછી બીજી તઅલીક વર્ણન કરી. وقال نافع بن زيد عن عقيل ما يفعل به એનાથી એની જ તરફ નિર્દેશ કર્યો છે કે ليثથી મહફૂઝ એ જ છે. અને એ જ દુરુસ્ત છે, ما يفعل بی દુરુસ્ત નથી. જેમ કે અલ્લામા અયની અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની, અલ્લામા અહમદ ખતીબ અહમદ કસ્તલાનીએ સ્પષ્ટતા કરી છે. ઈમામ ફખ્રુદીન રાઝી તફસીરે કબીર (તફસીરે સૂ. અહકાફ, ૨૮/૮)માં લખે છે : **"દરેક નબીને એનું યકીને કામિલ (સંપૂર્ણ યકીન) હોય છે કે તે નબી છે અને નબી હોવાના કારણે ગુનાહોથી**

فَوَاللّٰهِ لَا اُزَكِّیْ بَعْدَهٗ اَبَدًا فَاَحْزَنَنِیْ ذٰلِكَ قَالَتْ فَنِمْتُ فَاُرِیْتُ

કહ્યું, અલ્લાહની કસમ ! હવે હું કોઈની સફાઈ બયાન કરીશ નહીં. એણે મને ગમગીન કરી નાખી. ઉમ્મુલ

لِعُثْمَانَ عَیْنًا تَجْرِیْ فَجِئْتُ اِلٰی رَسُوْلِ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ

ઉલાએ કહ્યું કે પછી હું સૂતી તો મને ઉષ્માનના માટે એક ઝરણુ દેખાડવામાં આવ્યું જે વહેતુ હતું. હવે

فَاَخْبَرْتُهٗ فَقَالَ ذٰلِكَ عَمَلُهٗ ع ه

રસૂલુલ્લાહ ﷺની સેવામાં હાજર થઈ અને ખ્વાબ વર્ણવ્યો તો ફર્માવ્યું, આ તેનો અમલ છે."

**મા'સૂમ છે."** પછી એની શું ગુંજાઈશ કે તે પોતાની આક઼ેબત (આખેરતના અંજામ)ના બારામાં વસવસામાં હતા ?! તેમજ અલ્લાહ તબારક વ તઆલા ﷻએ ઉમ્મતના અવલિયાના બારામાં ફર્માવ્યું :–

اِنَّ الَّذِیْنَ قَالُوْا رَبُّنَا اللّٰهُ ثُمَّ اسْتَقَامُوْا فَلَا خَوْفٌ عَلَیْهِمْ وَلَا هُمْ یَحْزَنُوْنَ اُوْلٰٓئِكَ اَصْحٰبُ الْجَنَّةِ خٰلِدِیْنَ فِیْهَا

**"જે લોકોએ કહ્યું, અલ્લાહ અમારો રબ છે પછી અડગ રહે, ન એમના પર ખૌફ છે ન તેમને ગમ છે, તેઓ જન્નતવાળા છે, હમેશાં એમાં રહેશે."** *(સૂ. અહક઼ાફ, ૧૨–૧૩)*

**અંબિયાએ કિરામ ઉમ્મતના અવલિયા કરતાં અનંતગણા અફઝલ છે.** પછી હુઝૂરે અક઼દસ ﷺ જે રઈસુલ અત્ક઼િય્યા, કુદ્‌વતુલ્ અંબિયાવલ્ અવલિયા છે તે પોતાની આખેરતના (અંજામના) બારામાં સંતુષ્ઠ ન હોય એ કોઈ બુદ્ધિશાળીની સમજણમાં આવી શકે છે ?

તેમજ ઈર્શાદ ફર્માવ્યો : (انعام ١٢٤) وَاللّٰهُ یَعْلَمُ حَیْثُ یَجْعَلُ رِسَالَتَهٗ "અને અલ્લાહ સારી રીતે જાણે છે કે ક્યાં પોતાની રિસાલત રાખે." (સૂ. અન્આમ–૧૨૪) એનાથી અલ્લાહની બારગાહમાં અત્યંત કુર્બ (નઝદીકી) તથા ઉચ્ચ કમાલો પર બિરાજમાન હોવું મુરાદ છે. પછી એ કેવી રીતે શક્ય છે કે એક નબી પોતાના બારામાં એ પણ ન જાણે કે તે મગફૂર (બખ્શાયેલ) છે કે અઝાબ પામનાર ?! એટલા માટે એવું કહેવું કે, "હુઝૂરે અક઼દસ ﷺને પોતાનો અંજામ માલૂમ ન હતો." એ સખત દિલેરી તથા બેબાકી છે.

**અધિક સ્પષ્ટતા :** હવે પ્રશ્ન એ રહી જાય છે કે જ્યારે **ما یفعل بی**ની રિવાયત સહીહ છે તો એટલું તો લાઝિમ થાય છે કે એ વખતે હુઝૂર ﷺ હઝરત ઉષ્માન બિન મઝઊનના અંજામથી વાકેફ ન હતા. અલ્લાહની તૌફીક઼થી હું કહું છું : એને સહીહ માનવાની સ્થિતિમાં કુર્આન મજીદની સ્પષ્ટ નસ્સ (આયત)થી ટકરાવ ખડો થાત તેમજ ખૂદ એ હદીષમાં પણ ટકરાવ ઊભો થાત. હમણા સૂરએ અહક઼ાફની આયત વર્ણન થઈ ચૂકી જેમાં ફર્માવ્યું, **"જે લોકોએ એવું કહ્યું, અલ્લાહ અમારો રબ છે અને એના પર અડગ રહ્યા, ન તેમને કોઈ ખૌફ છે ન ગમ. એ લોકો જન્નતવાળા છે એમાં હમેશાં રહેશે."** અન્ય પણ આ વિશે બયાન સૂરએ હા મીમ સજદાની ત્રીસમી આયતમાં પણ છે. સૂરએ અહક઼ાફ અને સૂરએ હા મીમ સજદા બંને સૂરતો મક્કી છે. એનાથી સાબિત કે મક્કા મોઅઝ્ઝમામાં જ દરેક મો'મિન મુખ્લિસના માટે બતાવવામાં આવી ચૂક્યું હતું કે તે યક઼ીનન ! જન્નતી છે. અને હઝરત ઉષ્માન બિન મઝઊન رضی اللہનું ઈમાન તથા ઈખ્લાસ દરેક શંકાથી પર છે, તે એ સાબિક઼ીને અવ્વલીનમાંથી છે જે તેર વ્યક્તિઓ પછી ઈસ્લામથી પાવન થયા. હબ્શાની પણ હિજરત કરી અને મદીના તયબહની પણ. અને ઈસ્લામ લાવવાના જુર્મમાં સખતથી સખત મુસીબતો વેઠી. એકવાર લબીદ મશહૂર શાયરે હરમમાં આ શેઅર પઢ્યો હતો : **الا کل شیٔ ما خلا الله باطل** "સાંભળો ! અલ્લાહના સિવાય દરેક ચીજ બાતિલ છે. હઝરત ઉષ્માને ખુશ થઈને દાદ આપી, પણ જ્યારે તેણે બીજી પંક્તિ

પઢી كل نعيم لا محالة زائل દરેક નેઅમત યક઼ીનન ! નષ્ટ થનારી છે. તો કંટ્રોલ ન રહી શક્યો. ફર્માવ્યું, તમે જૂઠા છો ! જન્નતની નેઅમત કદી નષ્ટ ન થશે. પૂરા મજમામાં ઉગ્રતા વ્યાપી ગઈ. લોકોએ લબીદને એ શેઅરને ફરીથી પઢવાની ફર્માઈશ કરી તો લબીદે ફરી પઢયો. તો ફરી હઝરત ઉષ્માને પ્રથમ પંક્તિનું સમર્થન કર્યું અને બીજાને જૂઠલાવ્યો. હવે વલીદ બિન મુગીરાની ઉશ્કેરણી કરવા પર એક શખ્સે એટલા જોરથી પથ્થર માર્યો કે એક આંખ પીળી પડી ગઈ. કેટલાક લોકોએ એના પર ભલુ બુરું કહ્યું તો ફર્માવ્યું, મારી બીજી આંખ પણ એની તમન્ના કરે છે. (અસદુલ ગાબા, ૨/૬, ૩૮૫) એ સૌના પર વિશેષતા એ કે બદરી સહાબીઓમાંથી છે. અને સ્પષ્ટતા છે કે **અલ્લાહ તબારક વ તઆલાએ બદરના સહાબીઓ વિશે ફર્માવી આપ્યું છે, "તમે જેવું ચાહો કરો ! જન્નત તમારા માટે વાજિબ છે."** પછી એવું કહેવું કે હુઝૂરે અક઼દસ ﷺએ વખતે હઝરત ઉષ્માનના અંજામથી વાકેફ ન હતા એ કઈ રીતે સહીહ થઈ શકે છે ?! વળી એ જ હદીષમાં છે, ફર્માવ્યું, وانى لارجوله الخير "હું વિના શંકાએ યક઼ીની તૌર પર એના માટે ખૈરની ઉમ્મીદ ધરાવુ છું." અને એ નિશ્ચિત છે કે અલ્લાહ અને રસૂલના ઈર્શાદોમાં તરજ્જી (ઉમ્મીદ અને આશા પણ યક઼ીનના અર્થમાં હોય છે.) પણ તેહક઼ીક઼ના માટે હોય છે તો હવે આ તરજ્જી પણ તેહક઼ીક થઈ. તો આ ઈર્શાદનો મતલબ એ થયો કે, **"યક઼ીનન ! વિના શંકાએ જરૂર એમના માટે ભલાઈ છે."** હવે જો કોઈ કહે કે હુઝૂરે અક઼દસ ﷺ તેમનો અંજામ ન જાણતા હતા તો ખૂદ આ હદીષમાં જ ટકરાવ થયો. હવે આમ દાવત છે, આવે અને આ બંનેના વિરોધાભાસને તે બદ્અક઼ીદા લોકો દૂર કરે ! જેઓ કહે છે કે, "હુઝૂર ﷺ ન પોતાનો અંજામ જાણતા હતા ન કોઈ અન્યનો." **અલ્લાહની તૌફીક઼થી હું કહું છું :** દિરાયતનો એક અર્થ આ આવે છે, નિશાનીઓ તથા એંધાણો વગેરે જોઈને કોઈ હુકમ લગાડવો. ક઼ામૂસમાં છે : دريته علمته اى بضرب من الحيلة કોઈ હિલા વડે મેં એને જાણ્યું. અહીં એ જ મુરાદ છે. એના પર નિશાની એ છે કે હઝરત ઉમ્મુલ ઉલાઅ્ رضى الله عنهاએ હઝરત ઉષ્માનની જાહેરી સ્થિતિ જોઈને એવું કહ્યું હતું. તો હુઝૂરે અક઼દસ ﷺએ તેમને એનાથી મના ફર્માવી આપ્યું અને અધિક તાકીદના માટે ફર્માવી આપ્યું કે એમની જાહેરી હાલતોથી અંદાઝો કરીને હું પણ એવું નથી કહી શકતો કે એમનો અંજામ શું થશે, હા ! રસૂલ હોવાની હૈસિયતથી પોતાની ગયબદાં શક્તિ વડે મને ખબર છે કે તેમનો અંજામ શંકા વિના યક઼ીનન ! ભલાઈ સાથે છે. એમાં હિકમત એ હતી કે જે શરૂ સ્પષ્ટતામાં અમે દર્શાવી ચૂક્યા કે મદીના પાકમાં મુનાફિક઼ો પણ હતા જેઓ કલ્માએ શહાદત પણ પઢતા હતા, નમાઝો પણ પઢતા, રોઝા પણ રાખતા, જેહાદમાં પણ શરીક થતા. જો જાહેરી હાલત જોઈને દરેક યોગ્ય અયોગ્યને એની ઈજાઝત આપી દેવામાં આવતી કે તે એવો ફેંસલો આપી દે કે આ જન્નતી છે અને મર્હૂમ મગફૂર બખ્શાયેલો છે, તો મુનાફિક઼ોના બારામાં પણ લોકો એવું જ કહેવા લાગતા. એના પર બંદિશના માટે એનાથી મના કરી દેવામાં આવ્યું કે અવામને એ જાઈઝ નથી કે કોઈની જાહેરી સ્થિતિના આધારે તેના જન્નતી હોવાનો હુકમ લગાડે. આ વાત એવી છે કે અલ્લાહ ﷻ તથા રસૂલ ﷺના બતાવ્યા વિના નથી જાણી શકાતી. અલ્લાહ બેહતર જાણનાર છે.

**એક ગુસ્તાખીનો રદ :** *"તક઼વિયતુલ ઈમાન" (પેજ : ૨૨)માં ઈસ્માઈલ દહેલ્વી મહાશયે આ જ હદીષના હેઠળ લખ્યું, "જે કાંઈ અલ્લાહ પોતાના બંદાઓથી મામલો કરશે ચાહે દુનિયામાં ચાહે ક઼બ્રમાં ચાહે આખેરતમાં, એની હક઼ીક઼ત કોઈને ખબર નથી, ન નબીને ન વલીને, ન પોતાનો ન અન્યોનો."*

**મુસલમાન જુલ્મ જુએ !** હુઝૂરે અક઼દસ ﷺના ફઝ્લો કમાલને ઘટાડવા અને હલકો પાડવાની નિય્યતથી એ હિસ્સાને પણ દલીલ બનાવ્યો જેને ઉલમાએ લખ્યો છે કે એ મેહફૂઝ નથી, દુરુસ્ત નથી, એ વહેમ છે. વળી સર્વ ઉલમા એકમત છે કે આ ઈર્શાદ પ્રારંભનો છે, બાદમાં હુઝૂરે અક઼દસ ﷺને પોતાના પણ અંજામના ખૈર સાથે થવાનુ તથા સહાબાએ કિરામના બખૈર પર અંજામ થવા વિશે જણાવી દેવામાં આવ્યું. છતાં સૌથી ઉલ્ટુ આ તે જ ગાઈ રહ્યો છે. **જો તક઼વિયતુલ ઈમાનની એ વાત સાચી માની લેવામાં આવે તો એ તમામ હદીષો**

**તથા આયતોનો ઈન્કાર લાઝિમ થશે જેનામાં ફર્માવવામાં આવ્યું કે અલ્લાહે આપને ફતહે મુબીન અતા ફર્માવી, આપના ગુલામોને જન્નતમાં દાખલ ફર્માવશે, તેમને જમીનમાં ખિલાફત અતા ફર્માવશે, જમીનના વારિસ બનાવશે. અને ફર્માવ્યું, મારી ઉમ્મત ઈરાન, શામ (સીરિયા), પેલેસ્ટાઈન ફતહ કરશે, મને જમીનના સર્વ ભાગો પશ્ચિમ તથા પૂર્વ દેખાડવામાં આવ્યા છે, હું સૌથી પ્રથમ જન્નતનો દરવાજા ખટખટાવીશ, સૌ પ્રથમ હું જન્નતમાં જઈશ, અને મારી સાથે સિત્તેર હજાર મારા ઉમ્મતી હશે.** "તક્વિયતુલ ઈમાન"ના લેખકને હદીષોના અંબારમાંથી કેવળ આ જ હદીષ દેખાયી અને આ પુષ્કળ પ્રમાણમાં રહેલી આયતો તથા હદીષો ન દેખાયી ! વાત એ જ છે કે અલ્લાહના મહબૂબ બંદાઓની મહાનતા તથા મર્તબા ઘટાડવાની નિય્યતથી તે લખવામાં આવી છે.

**કશ્મીરી મહાશયની પકડ** : કશ્મીરી મહાશયની એ હિંમત તો ન થઈ કે પોતાના ઈમામ (દહેલ્વી)ની પૂરી વાત લખી શકે, લાચારવશ એ લખવું પડયું કે હુઝૂરે અક્દસ ﷺ એ તો જાણતા હતા કે તેમની સાથે શો મામલો કરવામાં આવશે, પણ ટૂંકાણમાં જાણતા હતા, વિગતવાર જાણકારી ન હતી. એટલા માટે હુઝૂરને સુકૂન નસીબ ન થયું, હમેશાં ચિંતિત, બેચૈન, ગમગીન, આખેરતના મામલામાં ચિંતાતુર રંજમય રહેતા હતા. *(ફયઝુલબારી, ૨/૪૪૫)*

**انا لله و انا اليه راجعون** આ વાત એ શખ્સની છે જેને તેના ચાહકો ૧૪મી સદીનો મહાન મોહદ્દિષ તથા મુફસ્સિર માને છે. એને હદીષની શરહ કર્તાઓના (ખુલાસો કરનારાઓના) આદેશો ન નજર આવે તો ઓછી શિકાયતની વાત છે પણ **તેને સૂરએ કૌષર, સૂરએ વદ્દુહા, સૂરએ ફતહ પણ નજર ન આવી ?!** હદીષોના તે ઈર્શાદો ન દેખાયા કે ફર્માવ્યું :–

**انا سيد ولد آدم يوم القيامة و لا فخر و بيدى لواء الحمد و لا فخر وما من نبى يومئذ آدم و من سواه الا تحت لوائى۔ اول شافع و اول مشفع يوم القيامة و لا فخر و انا اول من يحرك حلق الجنة فيفتح الله لى فيدخلنيها و معى فقراء المؤمنين و لا فخر و انا اكرم الاولين علىٰ الله و لا فخر۔۔۔**

*(મિશ્કાત, બાબ ફઝાઈલે સૈયદુલ મુરસલીન ﷺ, પેજ : ૫૧૩, બહવાલા તિર્મિઝી, દારમી)* અને ફર્માવ્યું :

**انا اول الناس خروجا اذا بعثوا و انا قائدهم اذا وفدوا و انا خطيبهم اذا انصتواوانا مستشفعهم اذا حبسوا وانا مبشرهم اذا يئسواو الكرامة و المفاتيح يومئذ بيدى و انا اكرم ولد آدم علىٰ ربى يطوف على الف خادم كانهم بيض مكنون او لؤ لؤ منثور۔**

*(મિશ્કાત, બાબ ફઝાઈલે સૈયદુલ મુરસલીન ﷺ, પેજ : ૫૧૩, બહવાલા તિર્મિઝી, દારમી)*

**"હું કયામતના દિવસે આદમની ઔલાદનો સરદાર હોઈશ અને આ ફખ્ર નથી. અને લિવાએ હમ્દ મારા હાથમાં હશે અને આ ફખ્ર નથી. આદમ અને તમામ અંબિયા મારા ઝંડા નીચે હશે અને આ ઘમંડ નથી. હું પ્રથમ શફાઅત કરનાર હોઈશ, પ્રથમ તે શખ્સ હોઈશ જેની શફાઅત કબૂલ થશે અને આ ફખ્ર નથી. હું પ્રથમ વ્યક્તિ હોઈશ જે જન્નતની સાંકળ હલાવીશ તો મારા માટે જન્નત ખોલવામાં આવશે તો હું તેમાં દાખલ થઈશ અને મારી સાથે ગરીબ મુસલમાનો હશે, અને આ ફખ્ર નથી. અને હું અલ્લાહની સમક્ષ સૌ અવ્વલીન તથા આખરીનથી અધિક ઈજ્જતવાન છું, અને આ ફખ્ર નથી. લોકોને જ્યારે કબ્રોથી ઉઠાડવામાં આવશે તો સૌ પ્રથમ હું ઉઠીશ અને જ્યારે ખુદાની બારગાહમાં હાજર થશે તો હું તેમનો સરદાર હોઈશ. અને જ્યારે સૌ ચૂપ હશે ત્યારે હું તેમનો તર્જુમાન (પ્રવક્તા) થઈશ. અને જ્યારે સૌને રોકવામાં આવશે તો હું તેમનો શફીઅ**

حدیث ۷۳۵ سَمِعْتُ جَابِرَ بْنَ عَبْدِ اللّٰهِ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا قَالَ لَمَّا قُتِلَ اَبِیْ جَعَلْتُ

"હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما એ ફર્માવ્યું, જ્યારે (ગઝવએ ઓહદમાં) **[હદીષ : ૭૩૫]**

اَكْشِفُ الثَّوْبَ عَنْ وَّجْهِهٖ اَبْكِیْ وَيَنْهَوْنِیْ وَالنَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ

મારા વાલિદ શહીદ કરી દેવામાં આવ્યા તો હું એમના ચહેરેથી કપડુ હટાવીને રડતો હતો અને લોકો મને

لَا يَنْهَانِیْ فَجَعَلَتْ عَمَّتِیْ فَاطِمَةُ تَبْكِیْ فَقَالَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ

મના કરતા હતા અને નબી ﷺ મના કરતા ન હતા. પછી મારાં ફોઈ ફાતિમા રડવા લાગ્યાં તો

وَسَلَّمَ تَبْكِيْنَ اَوْلَا تَبْكِيْنَ فَمَا زَالَتِ الْمَلَائِكَةُ تُظِلُّهٗ بِاَجْنِحَتِهَا حَتّٰی رَفَعْتُمُوْهُ

નબી ﷺ એ ફર્માવ્યું, રડો કે ન રડો ફરિશ્તાઓ તેમના પર પોતાની પાંખો વડે પડછાયો કરેલ રહ્યા

ત્યાં સુધી કે તમે એમને ઉઠાવી લીધા."

*(બુખારી, ૧/૧૬૬, ૧/૧૭૨, અલ્જેહાદ, ૧/૩૯૫, ૨/૫૪૮, મગાઝી, મુસ્લિમ–અલ ફઝાઈલ, જનાઈઝ મનાકિબ)*

**(શફાઅત કરનાર) થઈશ. અને જ્યારે સૌ નિરાશ થશે ત્યારે હું તેઓને ખુશખબરી આપીશ. ઈજ્જત અને કૂંચીઓ એ દિવસે મારા હાથમાં હશે, અને લિવાએ હમ્દ એ દિવસે મારા હાથમાં હશે અને હું મારા રબની સમક્ષ આદમની સર્વ ઔલાદ કરતાં ઈજ્જતવાન છું. મારી આસપાસ હજાર ખાદિમ હશે જાણે તે છુપાયેલાં ઈંડાં છે અથવા વિખરાયેલાં મોતીઓ."** (વિચારો !) જેનામાં જરા પણ બુદ્ધિ હશે, ઈમાન હશે તે કદી એવું કહી શકે છે કે જે મહાન ખૂબીઓવાળી જાતના આ કથનો છે તે પોતાના પરિણામ (અંજામ)ના બારામાં ચિંતિત, રંજમય તથા બેચૈન હોય ?! પણ **વહાબિયતના ઝહેરથી અલ્લાહ બચાવે.**

ઈમાનની વાત તો એ છે જે હઝરત શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : **"એ દિવસે જાહેર થઈ જશે કે હુઝૂર ﷺ "માલિકિ યવમુદ્દીન"ના નાયબ છે, દિવસ તેમનો દિવસ છે અને હુકમ તેમનો હુકમ છે, રબ્બુલ આલમીનના હુકમથી."** *(મદારિજુન્નબુવ્વત, મનકુલ અઝ અલ્અમ્નુ વલઉલા, પેજ : ૬૧)*

## સમજૂતી : ૭૩૫

હઝરત જાબિર رضی اللہ عنہના પિતા ગઝવએ ઓહદમાં શહીદ થયા હતા. મુશ્રિકોએ તેમનુ નાક તથા કાન કાપીને ચહેરો બેડોળ કરી નાખ્યો હતો. આ ગઝવહ હિ.સ. ૩ શવ્વાલમાં થયો હતો. તારીખના બારામાં સખત મતભેદ છે : ૧૧, ૧૭, ૧૮, ૧૯. ઈમામ માલિકે ફર્માવ્યું, અડધો શવ્વાલ લગભગ છે. એમનો જ એક કૌલ છે કે હિજરતના એકત્રીસ મહિનાના પ્રારંભમાં. તો એનો સારાંશ પણ હિ.સ. ૩ શવ્વાલની લગભગ અડધો છે. અલ્બત્ત એટલુ નિશ્ચિત છે કે બુધના દિવસે કુરૈશે ઓહદના સામે અયનૈનના વિસ્તારમાં પડાવ નાખી દીધો હતો. જુમ્આના દિવસે હુઝૂરે અકદસ ﷺ ત્યાં પહોંચી ગયા હતા, શનિવારે જંગ થયો હતો.

કિતાબુલ જેહાદની રિવાયતમાં છે કે મારા વાલિદ (પિતા)ને નબી ﷺની ખિદમતમાં લાવવામાં આવ્યા અને હુઝૂર ﷺની સમક્ષ રાખવામાં આવ્યા. તેમનો ચહેરો બગાડી નાખવામાં આવ્યો હતો. હું એમના ચહેરેથી

حدیث ۷۳۶ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ* **[હદીષ : ૭૩૬]**

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ نَعَی النَّجَاشِیَّ فِی الْیَوْمِ الَّذِیْ مَاتَ فِیْهِ وَخَرَجَ اِلَی

*નજ્જાશીના મરવાની તે જ દિવસે ખબર આપી જે દિવસે તે મૃત્યુ પામ્યા. અને ઈદગાહ તશરીફ*

اَلْمُصَلّٰی فَصَفَّ بِهِمْ وَکَبَّرَ اَرْبَعًا۔

*લઈ ગયા અને સહાબીઓની સફ લગાડી અને ચાર તકબીરો પઢી." (૧/૧૬૭, ૧/૧૭૬, ૧/૧૭૭, ૧/૧૭૮, મનાકિબ–૧/૫૪૮, મુસ્લિમ–જનાઈઝ, અબૂ દાઊદ–જનાઈઝ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ–જનાઈઝ)*

કપડુ હટાવવા લાગ્યો તો મારી કૌમે મને મના કર્યું. એવામાં મેં એક ચીસ સાંભળી, તો કહેવામાં આવ્યું કે અમ્રની પુત્રી અથવા અમ્રની બહેન છે. અમ્ર હઝરત જાબિરના દાદાનું નામ હતું. એનાથી શંકા થાય છે કે હઝરત જાબિરનાં ફોઈ હતાં, અથવા તેમના વાલિદનાં. સહીહ એ છે કે હઝરત જાબિરનાં ફોઈ તેમના પિતાનાં સગા બહેન હતાં. "રડો કે ન રડો" એ રાવીનો શક નથી હુઝૂર صلی اللہ علیہ وسلمનો ઈર્શાદ છે. દર્શાવવા ચાહે છે કે રડવા કે ન રડવાથી કાંઈ ફરક પડતો નથી, તેમને એ સન્માન મળી જ ચૂક્યું છે કે ફરિશ્તા પોતાની પાંખો વડે તેમના પર છાંયડો કરી રહ્યા છે.

## સમજૂતી : ૭૩૬

**باب الصفوف علی الجنازة**માં છે કે હુઝૂર આગળ વધ્યા અને લોકોએ હુઝૂરની પાછળ સફ લગાડી. અને કિતાબુલ મનાકિબમાં છે : હબ્શાનો માલિક નજ્જાશી મૃત્યુ પામ્યો, તમારા ભાઈના માટે ઈસ્તિગફાર (મગફિરતની દુઆ) કરો, એમનુ નામ અસ્મહા હતું. (બુખારી–જનાઈઝ, ૧/૧૭૬) મુસન્નફે ઈબ્ને અબી શયબામાં એમનું નામ સહમા વર્ણન થયેલું છે. નજ્જાશી નૂનના ઝબર તથા ઝેર બંને સાથે છે. હબ્શાના બાદશાહોનો લકબ છે. તબકાત ઈબ્ને સઅદ (ઉમ્દતુલ કારી, ભાગ : ૮, પેજ : ૧૯૮)માં છે કે હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلمએ હુદૈબિયાથી પરત થયા બાદ મુહર્રમ હિ.સ. ૬માં હઝરત અમ્ર ઈબ્ને ઉમૈયા ઝમરી رضی اللہ عنہના હાથે ઈસ્લામની દા'વતનો પત્ર મોકલ્યો હતો. પત્ર મુબારક જ્યારે પહોંચ્યો તો તેણે તેને લીધો, આંખોથી લગાડયો અને પોતાના તખ્ત (સિંહાસન) પરથી ઉતરીને જમીન પર બેઠો અને જાફર બિન અબૂ તાલિબ رضی اللہ عنہના હાથ પર ઈસ્લામથી પાવન થયો. અને ગઝવએ તબૂકથી પરત થતાં હિ.સ. ૯ રજબમાં મૃત્યુ પામ્યો. મુસ્લિમ (૨/૯૯)માં હઝરત અનસ رضی اللہ عنہથી જે રિવાયત યૂસુફ ઈબ્ને હમ્માદ અલ મુઅન્નીના તરીકાથી છે એમાં એવું છે કે જે નજ્જાશીને ઈસ્લામની દા'વતનો પત્ર મુબારક પહોંચાડયો હતો, આ તે નથી જેના માટે જનાઝાની નમાઝ પઢવામાં આવી હતી. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે આ કદાચ અમુક રાવીઓનો વહેમ છે. હું કહું છું : શક્ય છે જેમને દા'વતનામુ પહોંચાડયું હતું તેમનો ઈન્તેકાલ થઈ ગયો હોય અને જે તેમના અનુગામી થયા તેમની જનાઝાની નમાઝ પઢી.

**الی المصلی** : ઈબ્ને માજહમાં અબ્દુલ આ'લા અન મઅમરના તરીકાથી આ પ્રમાણે છે કે બકીઅમાં નમાઝ પઢી. અલ્લામા ઈબ્ને હજરે એ સ્પષ્ટતા કરી કે ઈબ્ને માજહમાં બકીઅથી બકીએ બત્હાન મુરાદ છે જ્યાં ઈદગાહ હતી, બકીઅમાં કોઈ જગા જનાઝાની નમાઝના માટે નિશ્ચિત હોય તે મુરાદ છે. હવે **مصلی** પોતાના શાબ્દિક અર્થમાં થશે, ઈદગાહના અર્થમાં નહીં.

**મસાઈલ :** આ હદીષથી સાબિત થયું કે કોઈના મૃત્યુનું એલાન કરવું મુસ્તહસન છે જ્યારે કે હેતુ એ હોય કે લોકો વધુથી વધુ જનાઝા તથા દફનમાં શરીક થાય, મૈયતના માટે દુઆએ ખૈર અને ઈસ્તિગફાર કરે. એનાથી સાબિત થયું કે મસ્જિદમાં જનાઝાની નમાઝ મના છે ચાહે જનાઝો મસ્જિદમાં હોય કે ન હોય. એટલા માટે કે હુઝૂરે અક્દસ ﷺએ નજ્જાશીના મૃત્યુની ખબર મસ્જિદમાં આપી પણ ત્યાં નમાઝ ન પઢી. તેમજ અબૂ દાઊદ તથા ઈબ્ને માજહએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેણે મસ્જિદમાં મૈયત પર નમાઝ પઢી તેના માટે કાંઈ નથી.

અબૂ દાઊદ (૨/૯૮ જનાઈઝ)માં **فلا شئ له** છે. ઈબ્ને માજહ (જનાઈઝ, પેજ : ૧૧૦)માં **فليس له شئ** છે. મુસન્નફે ઈબ્ને અબી શયબા (ઉમ્દતુલ કારી, ૮/૨૦)માં છે : **فلا صلوٰة له** આ હદીષ સામે જે જરહો (દલીલો) કરવામાં આવી છે તેના સંશોધનાત્મક જવાબો અલ્લામા અયનીએ આપ્યા છે. જનાઝાની નમાઝ સફ લગાડીને પઢવામાં આવે. તિર્મિઝી (૧/૧૨૨)માં માલિક બિન હુબૈરા رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેના પર ત્રણ સફોએ નમાઝ પઢી એના માટે વાજિબ છે, એટલે જન્નત કે મગફેરત. નિસાઈ (૧/૨૮૨)માં અબૂ મલીહે ઉમ્મુલ મો'મિનીન હઝરત મૈમૂના رضی اللہ عنہاથી રિવાયત કરી કે નબી ﷺએ ફર્માવ્યું, **જેના પર એક ઉમ્મત નમાઝ પઢશે તે મૈયતની શફાઅત કરાવી આપશે.** લોકોએ અબૂ મલીહને પૂછયું, ઉમ્મત કેટલી હોય છે ? તો બતાવ્યું કે **ચાલીસ માણસો.** એમાં જ ઉમ્મુલ મો'મિનીન હઝરત સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત થયેલ છે કે, ઉમ્મતથી મુરાદ **સો માણસો** છે.

**ગાઈબાના નમાઝે જનાઝા :** ઈમામ શાફઈ તથા ઈમામ અહમદ બિન હંબલે આ પરથી તથા એના બાદ આવનાર હદીષથી દલીલ કરી છે કે ગાઈબાના જનાઝાની નમાઝ સહીહ છે, પણ ઈમામ નવવીએ ફર્માવ્યું કે જો મૈયત એ જ શહેરમાં હોય તો જાઈઝ નથી. ઈમામ શાફઈએ ફર્માવ્યું કે એ જરૂરી છે કે મૈયત તથા નમાઝીઓ વચ્ચે બસોથી ત્રણસો હાથનું અંતર ન હોય.

**આપણે ત્યાં (હનફીઓમાં) ગાઈબાના નમાઝે જનાઝા જાઈઝ નથી :** જનાઝાની નમાઝ સહીહ થવાની શર્ત એ છે કે મૈયતનું આખુ અથવા મોટા ભાગનુ શરીર માથાની સાથે નમાઝી સામે મૌજૂદ હોય. આપણી દલીલ એ છે કે હુઝૂરે અક્દસ ﷺ પોતાની કમાલે રહમત (કામિલ રહમત) તથા લાગણી તથા એનાયતના કારણે મુસલમાનોના જનાઝામાં શરીક થવાની ખૂબ જ અધિક પ્રમાણમાં કાળજી લેતા. જો રાતમાં અથવા બપોરના સમયે કોઈ મૃત્યુ પામતું અને એ ખયાલથી કે રાતના અંધકારમાં અને તડકાના કારણે આપ ﷺને તકલીફ થશે, આરામમાં ખલેલ પડશે જેથી સહાબા ખબર ન આપતા અને દફન કરી આપતા, તો ફર્માવતા, એવું ન કરો ! તમારા જનાઝાના માટે બોલાવી લીધા કરો. *(બુખારી, ૧/૧૨૭, ઈબ્ને માજહ–૧૧૧)*

મારી નમાઝ મર્દના માટે રહમત છે. *(ઈબ્ને માજહ, ૧/૧૧૧)*

આ કબ્રો અંધકારથી ભરેલી છે, હું મારી નમાઝ વડે તેમને રોશન કરી આપુ છું. *(ફતાવા રઝવિય્યહ્, ૪/૬૯)*

**હુઝૂર તથા સહાબાની ગાઈબાના નમાઝે જનાઝા નથી પઢવામાં આવી :** તેમ છતાં હુઝૂરે પાક ﷺના મુબારક જમાનામાં સેંકડો સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین અન્ય જગાઓ પર વફાત પામ્યા, શહીદ થયા, પણ કોઈ હદીષમાં આવ્યું નથી કે હુઝૂરે અક્દસ ﷺએ તેમની ગાઈબાના જનાઝાની નમાઝ પઢી. શું તેઓ હુઝૂરે અક્દસ ﷺની રહમતના મોહતાજ ન હતા ? શું તેમના પર રહમતે આલમ ﷺની પ્રેમભાવના ન હતી ? શું એમની કબ્રો પોતાની નમાઝથી પુરનૂર કરવા ચાહતા ન હતા ? શું મદીના તયબહમાં મૃત્યુ પામતા તેમની જ કબ્રો આ મુબારક રોશનીની મોહતાજ હતી અને એ જ લોકો મહોબ્બતની ભાવનાના પાત્ર હતા ?! અન્ય જગાએ મૃત્યુ પામનાર નહીં ?! જરૂરત હોવા છતાં કોઈ કાર્ય ન કરવું

એ એની દલીલ છે કે એ મશ્રૂઅ (દુરુસ્ત) નથી. એ જ કારણે મદીના તયબાહના સિવાય અન્ય જગ્યાના મુસલમાનોએ ખૂદ હુઝૂરે અક્દસ ﷺની નમાઝે જનાઝા ન પઢી. વિસાલના સમયે આખુ અરબ મુસલમાન હતું પણ કોઈએ હુઝૂર ﷺની ગાઈબાના નમાઝે જનાઝા ન પઢી, એ જ પ્રમાણે ખુલફાએ રાશિદીનની પણ ન પઢી. કોણ ઉમ્મતી હશે કે તે એની તમન્ના ન ધરાવતા હોય કે ખાતિમુલ અંબિયા રહમતે હરદોસરા ﷺની નમાઝે જનાઝા પઢીને નેક બખ્તી પ્રાપ્ત કરે. જો નમાઝે જનાઝા ગાઈબાના મશ્રૂઅ (શરીઅતમાં દુરુસ્ત) હોત તો શું સહાબાએ કિરામ તેનાથી દૂર રહેતા ?! ખુલફાએ રાશિદીનના યુગમાં હજારો સહાબા, તાબઈન જેહાદોમાં શહીદ થયા તો શું ક્યાંક રિવાયત વર્ણન થઈ છે કે ખુલફાએ રાશિદીને કદી ગાઈબાના નમાઝે જનાઝા પઢી ?! જો મશ્રૂઅ હોત તો કેમ ન પઢતા ?!

**વિરોધીઓની દલીલોનો જવાબ** : કેવળ ત્રણ બનાવો એવા છે જેમાં નમાઝે જનાઝા ગાઈબાના મશ્રૂઅ (શરીઅતમાં દુરુસ્ત) હોવા પર દલીલ કરવામાં આવે છે. એક હઝરત અસ્મહા નજ્જાશી હબ્શાના બાદશાહનો, બીજો હઝરત મુઆવિયા બિન મુઆવિયા લૈષીનો, ત્રીજો ગઝવાએ મૌતાના અમીરોનો. આ ત્રણેવ જાહેરમાં ગાઈબાના નમાઝ હતી પણ હક઼ીક઼તમાં ત્રણેવ બનાવોમાં જનાઝા હુઝૂરના ચહેરા મુબારકની સામે હતા.

હઝરત નજ્જાશીના જનાઝાના બારામાં સહીહ ઈબ્ને હિબ્બાન (ઉમ્દતુલ ક઼ારી, ૮/૨૪)માં હઝરત ઈમરાન બિન હસીન رضی اللہ عنہની હદીષમાં આ સ્પષ્ટતા છે : فصلينا خلفه ونحن لانرى الاان الجنازة قد امنا "અમે હુઝૂરની પાછળ નમાઝ પઢી અને અમે જોતા હતા કે જનાઝો અમારી સામે છે."

વળી એ કે હઝરત નજ્જાશીની નમાઝે જનાઝા પઢવામાં મસ્લેહતો હતી. તે હબ્શામાં મૃત્યુ પામ્યા ત્યાં તેમની જનાઝાની નમાઝ ન થઈ. રહમતે આલમ ﷺએ પોતાના દૂર રહેલા ગુલામ પર જનાઝાની નમાઝ પઢી. તેમજ કેટલાક લોકોને તેમના મુસલમાન હોવામાં શંકા હતી, તો આમ એલાનની સાથે ઈદગાહમાં નમાઝે જનાઝા પઢીને એ દર્શાવવાનો હેતુ એ હતો કે તે મુખ્લિસ મો'મિન હતા.

**ભોપાલી મહાશયની પકડ** : શોહરે રિયાસતે ભોપાલ હિઝ હોલીનેસે "અવનુલ બારી"માં આ હદીષ હેઠળ લખ્યું : "એનાથી સાબિત થયું કે ગાઈબ પર જનાઝાની નમાઝ જાઈઝ છે, ભલે જનાઝો કિબ્લા સિવાયની અન્ય દિશામાં હોય." એના પર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ આ પ્રમાણે પકડ કરી : "આ તે ઈજતેહાદના દાવેદારની આંધળી તક઼લીદ છે. નજ્જાશીનો જનાઝો હબ્શામાં હતો અને હબ્શા મદીના તયબાહથી દક્ષિણ બાજુએ છે, અને મદીના તયબાહનો કિબ્લો દક્ષિણે જ છે, તો જનાઝો કિબ્લાથી જુદી જગાએ હતો જ ક્યાં ?! આ મુજતહિદ સાહબની જહાલત જોવા જેવી છે જેમને ક઼િબ્લાની દિશા સુદ્ધાંની જાણ નથી. પછી નબી ﷺનું તેમના જનાઝા પર નમાઝ અને તેમની દિશા વિરુદ્ધ પઢવાનો દાવો બીજી જેહાલત છે. હદીષમાં સ્પષ્ટતા છે કે હુઝૂર ﷺએ હબ્શા તરફ નમાઝ પઢી. રિવાયત કરી તિબ્રાનીએ હુઝૈફા બિન ઉસૈદ رضی اللہ عنہથી.

**બીજો બનાવ** : હઝરત મુઆવિયહ બિન મુઆવિયહ મુઝની رضی اللہ عنہ મદીના પાકમાં વિસાલ પામ્યા. તબૂક઼માં હુઝૂરે અક઼દસ ﷺએ તેમની જનાઝાની નમાઝ પઢી. આ હદીષ ઝઈફ છે, એના એક રાવી નૂહ બિન અમ્ર સક સકી છે. ઈબ્ને હબ્બાને તેને હદીષનો ચોર બતાવ્યો. એક સખ્ત ઝઈફ શખ્સ એને હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરતો હતો તેણે તેને બકીયા બિન વલીદના માથે બાંધ્યું. આ હદીષ તબક઼ાત ઈબ્ને સઅદમાં હઝરત અનસથી બે અન્ય તરીક઼ાઓથી રિવાયત પામેલ છે. એકમાં મહબૂબ બિન હિલાલી મુઝની અને બીજામાં અલાઅ્ બિન યઝીદ ષક઼ફી છે. આ બંનેવ ઝઈફ છે દલીલ  પાત્ર નથી, અલાઅ્ના બારામાં ઈમામ બુખારીએ ફર્માવ્યું કે એ હદીષો ઘડયા કરતો હતો. ઈબ્ને હબ્બાને કહ્યું, આ હદીષ એ જ ઘડેલી છે. એનાથી ચોરીને એક શામીએ બક઼ીયાથી રિવાયત કરી. અલ્લામા અબ્દુલ બરે ફર્માવ્યું, આ હદીષની સર્વ સનદો ઝઈફ છે. અહકામના બારામાં મુદ્લે હુજ્જત (દલીલ) નથી. સહાબામાં કોઈ સાહબ મુઆવિયા બિન મુઆવિયા નામવાળા જાણમાં

નથી. (અસાબા, ૩/૪૩૭) ઈબ્ને હબ્બાને પણ કહ્યું કે આ નામના સહાબામાં કોઈ સાહબ મને યાદ નથી.

બીજુ ધારો કે આ હદીષ પોતાના અમુક તરીક઼ાઓથી ઝઈફ ન રહે, જેમ કે અલ્લામા ઈબ્ને હજરે ફત્હુલ બારીમાં અપનાવ્યા, અથવા જો સહીહ લિઝાતિહી માની પણ લઈએ છતાં પણ આપણને નુકસાનકર્તા ન વિરોધીને લાભકર્તા. ખૂદ એમાં સ્પષ્ટતા છે કે જનાઝો હુઝૂરે અન્વર ﷺની મુબારક નજરો સામે કરી દેવામાં આવ્યો, તો એ નમાઝ હાજર પર થઈ ન કે ગાયબ પર ?! તિબ્રાનીની હદીષ અબૂ ઉમામા رضی اللہ عنہમાં છે કે જિબ્રઈલે અર્ઝ કરી, શું હુઝૂર એવું પસંદ કરે છે કે હું હુઝૂરના માટે જમીન લપેટી લઉં ? છેવટના શબ્દો આ છે કે ફર્માવ્યું, જરૂર ! તો તેમણે પોતાની પાંખો જમીન પર મારી.

فرفعله سريره فصلى عليه۔ وخلفه صفان من الملائكة كل صف سبعون الفا

"હવે તો મુઆવિયાની ચારપાઈ (ખાટલો) હુઝૂર ﷺની સામે થઈ ગઈ. એ વખતે હુઝૂરે તેમના પર નમાઝ પઢી અને પાછળ ફરિશ્તાઓની બે સફો હતી. દરેક સફમાં સિત્તેર હજાર ફરિશ્તા હતા."

અબૂ અહમદ હાકિમને ત્યાં આ શબ્દો છે : જિબ્રઈલે અમીને પોતાનુ જમણુ બાવડુ પહાડો પર રાખ્યું તે નીચા થઈ ગયા અને ડાબુ બાવડુ જમીન પર રાખ્યું તો તે સરખી થઈ ગઈ, ત્યાં સુધી કે અમને મદીના દેખાવા લાગ્યું. એ વખતે રસૂલુલ્લાહ ﷺ અને જિબ્રઈલ તથા ફરિશ્તાઓએ એમના પર નમાઝ પઢી.

હઝરત અનસ رضی اللہ عنہની હદીષના શબ્દો મહબૂબના તરીક઼ાથી આ પ્રમાણે છે : જિબ્રઈલે અમીને અર્ઝ કરી, શું હુઝૂર એમના પર નમાઝ પઢવા ચાહે છે ? ફર્માવ્યું, હા ! પછી જિબ્રઈલે જમીન પર પોતાની પાંખ મારી તો કોઈ ઝાડ કે કોઈ ટેકરી ન રહી જે નીચી ન થઈ ગઈ હોય, અને એમનો જનાઝો હુઝૂર ﷺની સામે લાવવામાં આવ્યો ત્યાં સુધી કે નઝરે અન્વરની રૂબરૂ થઈ ગયો, એ વખતે હુઝૂર ﷺએ એના પર નમાઝ પઢી.

અલાઅના તરીક઼ાના શબ્દો આ પ્રમાણે છે : જિબ્રઈલે અર્ઝ કરી, હુઝૂર એમના પર નમાઝ પઢવા ચાહે તો હું જમીનને સમેટી દઉં ? ફર્માવ્યું, જરૂર ! જિબ્રઈલે એવું કર્યું ત્યારે હુઝૂરે એમના પર નમાઝ પઢી. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૪)* બંને હદીષોની રજૂઆત દર્શાવી રહી છે કે જો ગાઈબાના નમાઝે જનાઝા) દુરુસ્ત હોત તો પછી જમીન લપેટીને જનાઝો રૂબરૂ કરવાની જરૂરત જ શું હતી ?!

**ત્રીજો બનાવ** : ઈમામ વાક઼ેદીએ મગાઝીમાં આસિમ બિન ઉમર તથા અબ્દુલ્લાહ બિન અબી બક્રથી રિવાયત કરી. જ્યારે મૌતા સ્થળે લડાઈ શરૂ થઈ તો રસૂલુલ્લાહ ﷺ મિમ્બર પર બિરાજમાન હતા. અલ્લાહ ﷻએ હુઝૂરના માટે પર્દા હટાવી દીધા કે શામનો પ્રદેશ અને તે જંગ હુઝૂર ﷺ જોઈ રહ્યા હતા. એટલામાં હુઝૂર ﷺએ ફર્માવ્યું, ઝયદ બિન હારષાએ ઝંડો ઉઠાવ્યો. તે લડતા રહ્યા ત્યાં સુધી કે શહીદ થઈ ગયા. હુઝૂરે પોતાની સલાત તથા દુઆથી નવાઝયા, અને સહાબાને ફર્માવ્યું, એમના માટે ઈસ્તિગફાર કરો, તે દોડીને જન્નતમાં દાખલ થયા ! હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો, પછી જઅફર ઈબ્ને અબી તાલિબે ઝંડો લીધો અને લડતા રહ્યા ત્યાં સુધી કે શહીદ થયા. તેમને પણ સલાત તથા દુઆથી નવાઝયા અને ઈર્શાદ ફર્માવ્યો, એમના માટે ઈસ્તિગફાર કરો તે દોડતા દોડતા જન્નતમાં પ્રવેશ્યા, અને એમાં પોતાની પાંખો વડે જ્યાં ચાહે છે ઉડતા ફરે છે. એના પર ગુઝારિશ છે. પ્રથમ આ બંનેવ તરીક઼ાઓથી મુરસલ છે. આસિમ બિન ઉમર, ક઼તાદા બિન નુઅમાન رضی اللہ عنہના પૌત્ર અવસાત (દરમિયાની) તાબઈનમાંથી છે, અને અબ્દુલ્લાહ બિન અબી બક્ર બિન મુહમ્મદ બિન અમ્ર બિન હઝ્મ સહાબી رضی اللہ عنہ સગીર (નવ ઉંમર) તાબઈનમાંથી છે. મુરસલ હદીષ શાફઈઓ તથા ગૈર મુક઼લ્લિદોને ત્યાં દલીલને પાત્ર નથી. બીજુ કે ઈમામ વાક઼ેદીને શાફઈઓ તથા ગૈર મુક઼લ્લિદો સખ્ત મજરૂહ તથા અવિશ્વસનીય માને છે. તો પછી તેમની રિવાયત તેમના નજીક કાબિલે એહતેજાઝ (દલીલને પાત્ર) કેવી રીતે થઈ ગઈ ? આશ્ચર્ય છે કે અહીં પોતાના ઉસૂલને છોડી મૂક્યો ! ત્રીજુ અબ્દુલ્લાહ બિન અબી બક્રના શાગિર્દ ઈમામ વાક઼ેદીના

حدیث ۷۳۷ عَنْ اَنَسٍ رَّضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ

''હઝરત અનસ રضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી ﷺ એ ખબર આપી કે ઝંડો (અલમ) **[હદીષ : ૭૩૭]**

وَسَلَّمَ اَخَذَ الرَّایَۃَ زَیْدٌ فَاُصِیْبَ ثُمَّ اَخَذَھَا جَعْفَرٌ فَاُصِیْبَ ثُمَّ اَخَذَھَا

*ઝયદે લીધો અને તેમને શહીદ કરી દેવામાં આવ્યા. પછી જઅફરે લીધો અને તે પણ શહીદ કરી દેવામાં*

શયખ અબ્દુલ જબ્બાર બિન અમ્મારા મજહૂલ છે. તો આ ન મુરસલ અને ન મુઅતઝદ થઈ. ચોથુ એ કે હદીષના શબ્દો આ પ્રમાણે છે : **فصلی علیه ودعاله** એની શું દલીલ છે કે અહીં સલાત જનાઝાની નમાઝના અર્થમાં નિશ્ચિત છે ?! એની પણ સંભાવના છે કે સલાત મુત્લક઼ દુઆના અર્થમાં છે. અને આ ''અતફે તફસીરી'' છે, તઅમીમ બાદ તખ્સીસ નથી. બલ્કે હદીષની વર્ણન પદ્ધતિ (સિયાક઼) એનું જ સમર્થન કરી રહેલ છે, કેમ કે વર્ણન થયું : હુઝૂરે અક઼દસ ﷺ બંને હઝરાતની શહાદતના સમયે મિમ્બર પર બિરાજમાન હતા, ક્યાંય વર્ણન નથી કે સહાબાએ નમાઝ પઢી. જો એ નમાઝે જનાઝા હતી તો સહાબાએ કેમ ન પઢી ? બલ્કે નમાઝે ગાઈબાના જાઈઝ માનવાવાળાઓના તરીક઼ા પર અહીં સલાત દુઆના અર્થમાં નિશ્ચિત બને છે, કેમ કે તેઓ શહીદો પર નમાઝે ગાઈબાના નથી માનતા ! જેમ કે ઓહદના શહીદો પર આવેલ સલાતને દુઆના અર્થમાં ઈમામ નવવી رحمۃ اللہ علیہ, અલ્લામા ક઼સ્તાલાની رحمۃ اللہ علیہ, અલ્લામા સિયૂતી رحمۃ اللہ علیہ માને છે જયારે કે **فصلی علی احد صلاته علی المیت** વર્ણન થયેલ છે. *(અબૂ દાઊદ, ૨/૧૦૩)*

**શૌકાની મહાશયનો રદિયો** : વહાબીઓના અમુક બુદ્ધિહિન જેમ કે શૌકાની મહાશય નયલુલ અવતાર અહીં પોતાની ઈજતેહાદી શાન દેખાડવા માટે આ પ્રમાણે લખે છે કે, ''સલાત એ હક઼ીક઼તમાં શરઈય્યહ નમાઝ છે. અને હક઼ીક઼તથી દલીલ વિના વિરુદ્ધ જવું જાઈઝ નથી કે સલાત ખાસ અરકાનના અર્થમાં હક઼ીક઼તે શરઈય્યહ છે ન નમાઝે જનાઝાના અર્થમાં. નમાઝે જનાઝામાં રુકૂઅ, સજદા, ક઼ાઈદા ઈજમાઅ સાથે નથી. અને ક઼િરાઅત આપણે ત્યાં નથી. એટલા માટે ઉલમાએ ફર્માવ્યું કે નમાઝે જનાઝા સલાત મુત્લક઼ન નથી. અને તેહક઼ીક઼ એ કે દુઆએ મુત્લક઼ અને સલાતે મુતલક઼ાની વચ્ચે બરઝખ છે. એટલા માટે અલ્લામા બદરુદ્દીન મહમૂદ અયનીએ ફર્માવ્યું કે નમાઝે જનાઝા પર સલાતનો ઈત્લાક઼ (બોલાવું) મજાઝન છે.

એની સંપૂર્ણ સંશોધનપૂર્ણ ચર્ચા જોવી હોય તો આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની કિતાબ ''અલ હાદિયુલ હાજિબ અન સલાતિલ જનાઝતિ અલલગાઈબ''નો અભ્યાસ કરો. અમે તેમાંની અમુક લાઈનો લખી આપી છે જે બિહમ્દિહી તબારક વ તઆલા પૂરતી છે.

**તકબીરો** : આ હદીષથી સાબિત થયું કે નમાઝે જનાઝામાં ચાર તકબીરો છે, છેવટમાં એના પર અમલ યથાવત રહ્યો. નમાઝે જનાઝામાં અન્ય નમાઝોની જેમ આપણે ત્યાં બે સલામ છે પણ જમહૂરને ત્યાં એક છે. આ હદીષમાં સલામનું વર્ણન નથી પણ સઈદ બિન મુસૈય્યિબની હદીષ જે ઈબ્ને હબીબ અન મુત્રફ અન માલિક મરવી છે એમાં છે.

## સમજૂતી : ૭૩૭

મનાક઼િબે મગાઝીની રિવાયતમાં પ્રારંભિક શબ્દો આ પ્રમાણે છે કે **રસૂલુલ્લાહ ﷺ એ ઝયદ, જઅફર, અબ્દુલ્લાહ બિન રવાહાની ખબર આવતાં પહેલાં જ તેમના બારામાં દર્શાવી આપ્યું હતું કે એ લોકો શહીદ કરી દેવામાં આવ્યા.** છેવટમાં છે : કે **પછી ઝંડો અલ્લાહની તલ્વારોમાંથી એક તલ્વારે લીધો, અલ્લાહે તેના હાથે ફતહ અતા ફર્માવી.** અલ્ જિહાદમાં હદીષના દરમિયાનમાં છે, રાવી કહે છે, મને યાદ

عَبْدُ اللّٰهِ بْنُ رَوَاحَةَ فَأُصِيْبَ وَاِنَّ عَيْنَيْ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

આવ્યા પછી અબ્દુલ્લાહ બિન રવાહાએ લીધો અને તે પણ શહીદ કરી દેવામાં આવ્યા. અને

وَسَلَّمَ لَتَذْرِفَانِ ثُمَّ اَخَذَهَا خَالِدُ بْنُ الْوَلِيْدِ مِنْ غَيْرِ اِمْرَةٍ فَفُتِحَ لَهٗ ع

રસૂલલ્લાહ ﷺની બંનેવ આંખોએથી આંસૂં વહેતાં હતાં. (અને ફર્માવ્યું) પછી ઝંડો ખાલિદ બિન વલીદે વિના હુકમે લીધો તેમને ફતહ નસીબ થઈ."

(બુખારી, ૧/૧૬૭, ૧/૪૩૧ જેહાદ, ૧/૫૧૨ મનાકિબ, ૧/૫૩૧ ખાલિદ બિન વલીદ, ૨/૬૧૧ મગાઝી, નિસાઈ–જનાઈઝ)

છે એવું ફર્માવ્યું કે તેઓને અમારી પાસે રહેવામાં ખુશી નથી, એટલે કે **શહાદત પછી તેમને જે ઈજ્જત તથા ઈનામો મળ્યાં છે એના પછી અહીંના કરતાં ત્યાં ખુશ છે.**

**ગઝવએ મૂતા :** બયતુલ મુકદ્દસથી બે મંઝિલના અંતરે બલ્કા તરફ મૂતા નામનુ એક સ્થળ છે ત્યાં આ જંગ જમાદિયુલ અવ્વલ હિ.સ. ૮માં થઈ હતી. હુઝૂરે અકદસ ﷺએ હઝરત હારિષ બિન ઉમૈર رضی اللہ عنہના હાથે બુસ્રાના હાકિમ કે કૈસરની પાસે એક પત્ર મોકલ્યો હતો. તેમને શરજીલ બિન અમ્રએ શહીદ કરી દીધા હતા. એ જો કે અરબી વશંજ હતો પણ કૈસરના હેઠળ તે વિસ્તારનો સત્તાધારી હતો. એ દૌરમાં પણ કાસિદોને કત્લ કરવું ઘણો જ મહાન જુર્મ હતો. હુઝૂરે અકદસ ﷺએ શરજીલ બિન અમ્રને ચેતવવાના માટે હઝરત ઝયદ બિન હારિષા رضی اللہ عنہની આગેવાની હેઠળ ત્રણ હજારની ફોજ ગોઠવણી કરીને રવાના કરી. હિદાયત કરી આપી કે જો ઝયદ શહીદ થઈ જાય તો ઝંડો જઅફર બિન અબી તાલિબ લઈ લે અને તે શહીદ થઈ જાય તો અબ્દુલ્લાહ બિન રવાહા લઈ લે. એને **એક યહૂદીએ સાંભળ્યું તો કહ્યું, જો આ નબી છે તો તમો ત્રણેવ આ જંગમાં માર્યા જશો.** હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماએ ફર્માવ્યું, અમે જઅફર બિન અબી તાલિબને શહીદોમાં તલાશ કર્યા તો જોયું કે તેમના શરીર પર ભાલા તથા તીરના નેવુ ઝખ્મ હતા. સૌ સામે હતા, પાછળ એક પણ ન હતો. જ્યારે જમણો હાથ કપાયો તો ઝંડો ડાબા હાથમાં લઈ લીધો. એ પણ કપાઈ ગયો તો બંનેવ કપાયેલા હાથો વડે ઝંડો ઉપાડયો. હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہએ ફર્માવ્યું, એ દિવસે મારા હાથમાં નવ તલ્વારો તૂટી. એક યમની તલ્વાર રહી ગઈ.

**ઝયદ બિન હારિષા** رضی اللہ عنہ **:** આપ હુઝૂર ﷺના આઝાદ કરેલા ગુલામ હતા. હુઝૂરે તેમને પોતાના બેટા બનાવી લીધા હતા.અને તેમને ઝયદ બિન મુહમ્મદ કહેવામાં આવતા હતા. જયારે આયતે કરીમા **مَا كَانَ مُحَمَّدٌ اَبَا اَحَدٍ مِّنْ رِّجَالِكُمْ وَ لٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَ خَاتَمَ النَّبِيّٖنَ** નાઝિલ થઈ તો બંધ થઈ ગયું. તેમના વાલિદ તેમને લેવા આવ્યા પણ હુઝૂરને છોડીને ન ગયા. આપ હુઝૂર ﷺને એટલા પ્યારા હતા કે પોતાની ફોઈની સાહબઝાદી હઝરત ઝયનબ સાથે પ્રથમ તેમના નિકાહ કર્યા હતા. સહાબાએ કિરામમાં આ ફખ્ર કેવળ તેમને જ પ્રાપ્ત થયેલ છે કે કુર્આને કરીમમાં તેમનું નામ વર્ણન થયેલ છે. **فَلَمَّا قَضٰى زَيْدٌ مِّنْهَا وَطَرًا زَوَّجْنٰكَهَا**.

**જઅફર બિન અબી તાલિબ :** આ હઝરત અલી کرم اللہ تعالٰی وجہہ الکریم ના ભાઈ છે. પ્રથમ હબ્શા હિજરત કરી. ત્યાં અમીરુલ મુહાજિરીન રહ્યા. પછી ગઝવએ ખૈબરના પ્રસંગે ખિદમતે અકદસમાં હાજર થયા.

**હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા :** એ કબીલા ખઝરજના અનોખા વ્યક્તિ અને લયલતુલ ઉકબાના આગેવાનોમાં હતા. ખૂબ જ સારા શાયર પણ હતા.

**اللهم لولا انت ما اهتدينا ولا تصدقنا ولا صلينا** "જો હુઝૂર ન હોત તો આપણે ન હિદાયત પામતા ન સદકા આપતા ન નમાઝ પઢતા." એમનો જ શેઅર છે.

حدیث ۷۳۸ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا قَالَ مَاتَ اِنْسَانٌ كَانَ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, એક સાહબ મૃત્યુ પામ્યા. **[હદીષ : ૭૩૮]**

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ يَعُوْدُهٗ فَمَاتَ بِاللَّيْلِ فَدَفَنُوْهُ

રસૂલુલ્લાહ ﷺ તેમની અયાદત (ખબર પૂછવા) જ્યા કરતા હતા. તે રાતમાં મૃત્યુ પામ્યા અને લોકોએ

لَيْلًا فَلَمَّا اَصْبَحَ اَخْبَرُوْهُ فَقَالَ مَا مَنَعَكُمْ اَنْ تُعْلِمُوْنِیْ قَالُوْا

રાતમાં જ દફન કરી આપ્યા. જ્યારે સવાર થઈ તો હુઝૂરને ખબર કરી. ફર્માવ્યું, તમને કઈ ચીજે મને

كَانَ اللَّيْلُ فَكَرِهْنَا وَكَانَتْ ظُلْمَةٌ اَنْ نَشُقَّ عَلَيْكَ فَاَتٰی قَبْرَهٗ فَصَلّٰی عَلَيْهِ

જણાવવાથી રોક્યા ?! લોકોએ અર્ઝ કરી, રાત હતી અને અંધારું હતું. અમે એ પસંદ ન કર્યું કે

હુઝૂરને તકલીફમાં નાખીએ. તો હુઝૂર તેમની કબ્ર પર આવ્યા અને જનાઝાની નમાઝ પઢી."

*(બુખારી ૧/૧૬૭ બાબુલ ઈઝ્ન બિલ્ જનાઝા, ૧/૧૮૪ મુસ્લિમ–જનાઈઝ, અબૂ દાઊદ જનાઈઝ, તિર્મિઝી–જનાઈઝ, નિસાઈ–જનાઈઝ, ઈબ્ને માજહ–જનાઈઝ)*

**હઝરત ખાલિદ બિન વલીદ** رضی اللہ عنہ : દુનિયાના માન્યવર સેનાપતિ જેમણે કોઈ જંગમાં કદી હાર નથી ખાધી. ખૂદ રસૂલે ખુદા ﷺએ "સૈફુલ્લાહ" ફર્માવ્યા. જેમની શમ્શીરે ખારાશિગાફે (મજબૂત) રોમ જેવી મહાન શક્તિના ફુરચા ઉડાવી દીધા.

આ હદીષથી સાબિત થયું કે હુઝૂરે અક્દસ ﷺ ગયબ જાણતા હતા. તેમજ આ હદીષથી સાબિત થયું કે જો કોઈ શખ્સ એવું જુએ કે મુસલમાનોનું સામૂહિક કે વ્યક્તિગત નુકસાન થઈ રહ્યું છે અને એનામાં પાત્રતા છે કે તે એમનું કામ હાથમાં લેશે તો નુકસાન થશે નહીં તો તેણે જાતે પોતે કોઈના નિમંત્રણ વિના તથા કોઈના સોંપ્યા વિના તે કામ કરવું જોઈએ, બલ્કે એ એક હદ સુધી વાજિબ છે. આ હદીષ બુખારીમાં સંક્ષિપ્તમાં છે, સિયરની કિતાબોમાં વિગતવાર છે. **એનાથી શાફઈઓ તેમજ વર્તમાનકાળના ગૈર મુકલ્લિદો ગાઈબાના નામાઝે જનાઝાના જાઈઝ હોવા માટે દલીલ લાવે છે. એનો જવાબ અગાઉ વર્ણન થઈ ચૂક્યો.**

## સમજૂતી : ૭૩૮

અલ્લામા અયનીએ ફર્માવ્યું, કહેવામાં આવ્યું છે કે એ સાહબ તલ્હા બિન બરાઅ્ બિન ઉમૈર બલ્વી અન્સારે કિરામના હલીફ (સાથી) હતા. જેવું કે તિબ્રાનીએ હસીન બિન રજૂહ અન્સારી رضی اللہ عنہથી રિવાયત કરી. તલ્હા બિન બરાઅ બીમાર થયા તો નબી ﷺ તેમની અયાદતના માટે તશરીફ લઈ ગયા અને ફર્માવ્યું, હું જોઈ રહ્યો છું કે તલ્હા મૃત્યુ પામનાર છે, મને ખબર કરજો અને જલ્દી કરજો. હજી હુઝૂર બની સાલિમ બિન ઔફમાં નહીં પહોંચ્યા હશે એવામાં તે વફાત પામી ગયા. અને જ્યારે રાત થઈ ગઈ તો તલ્હાએ પોતાના ઘરવાળાંઓને કહી આપ્યું હતું કે જ્યારે હું મરી જઉં તો દફન કરી આપજો અને રસૂલુલ્લાહ ﷺને ન બોલાવશો એટલા માટે કે મને અંદેશો છે કે હુઝૂરને યહૂદીઓથી કોઈ તકલીફ ન પહોંચી જાય. સવારના સમયે નબી ﷺને બતાવવામાં આવ્યું તો તશરીફ લાવ્યા અને તેમની કબ્ર પર ઊભા રહ્યા અને લોકોએ પણ સફબંધી કરી. પછી હુઝૂરે પોતાના બંનેવ હાથો ઉઠાવ્યા અને ફર્માવ્યું, હે અલ્લાહ ! તલ્હા સાથે એ રીતે મુલાકાત કર કે તે પણ હસતો હોય અને તું પણ, એટલે તું એનાથી ખુશ હોય. અબૂ દાઊદમાં પણ આ હદીષ સંક્ષિપ્તપણે વર્ણન થયેલી છે.

حدیث ۷۳۹ عَنْ اَنَسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ

"હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, **[હદીષ : ૭૩૯]**

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ مَا مِنَ النَّاسِ مِنْ مُّسْلِمٍ یُّتَوَفّٰی لَہٗ ثَلٰثَۃٌ لَمْ یَبْلُغُوا

જે મુસલમાનનાં ત્રણ નાબાલિગ બાળકો મૃત્યુ પામી જાય તો અલ્લાહ તબારક વ તઆલા તેને પોતાની

الْحِنْثَ اِلَّا اَدْخَلَہُ اللّٰہُ الْجَنَّۃَ بِفَضْلِ رَحْمَتِہٖ اِیَّاھُمْ ع۵

અપાર રહમત વડે જન્નતમાં દાખલ ફર્માવશે." (બુખારી, ૧/૧૬૭, નિસાઈ–જનાઈઝ, ઈબ્ને માજહ–જનાઈઝ)

શક્ય છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની આ હદીષમાં ઈન્સાનથી મુરાદ આ જ હઝરત તલ્હા બિન બરાઅ્ رضی اللہ عنہ હોય.

જ્યારે મુર્દાને નમાઝે જનાઝા પઢીને દફન કરી દેવામાં આવ્યું હોય તો એની કબ્ર પર જનાઝાની નમાઝ જાઈઝ નથી. અને જ્યાં વર્ણન થયેલ છે ત્યાં સલાત એ દુઆના અર્થમાં છે જેમ કે હમણા તિબ્રાનીની હદીષ વર્ણન થઈ. જેમાં સ્પષ્ટતા છે કે સફબંદી પણ થઈ પણ હુઝૂરે નમાઝે જનાઝા નથી પઢી બલ્કે કેવળ દુઆ માંગી. તિબ્રાનીની આ હદીષથી સાબિત થયું કે **ક્બ્ર પર હાથ ઉઠાવીને દુઆ માગવી સુન્નત છે.**

હઝરત મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ એ મિર્કાતમાં ફર્માવ્યું કે નમાઝે જનાઝા પછી પણ કબ્ર પર નમાઝ પઢવી એ હુઝૂર ﷺ ની વિશિષ્ટતાઓમાંથી છે, બીજા લોકોના માટે જાઈઝ નથી. અને આ ખાસ હોવાની દલીલ એ હદીષ છે કે ફર્માવ્યું, "આ કબ્રો અંધકારથી ભરેલી રહે છે હું મારી નમાઝ વડે એમને રોશન કરી આપુ છું." જેમ કે ઈબ્ને હિબ્બાનની રિવાયત વર્ણન થઈ ચૂકી. જાહેર છે કે જો કબ્ર પર નમાઝ જાઈઝ હોત તો ઉમ્મત ખૂદ હુઝૂરે અક્દસ ﷺ ના મઝારે પુર અન્વાર પર તથા સહાબાએ કિરામ અને પૂર્વજ બુઝુર્ગોનાં મઝારો પર જરૂર નમાઝ પઢતી. આ ફઝ્લથી શા માટે મેહરૂમ રહેતી ?! હા ! જો કોઈની જનાઝાની નમાઝ ન થઈ હોય તો જ્યાં સુધી તેને અધિક અંશે ધારણા ન થઈ જાય કે મૈયત ફૂલીને ફાટી ગઈ હશે ત્યાં સુધી પઢી શકે છે. ઈમામ અબૂ યૂસુફે ત્રણ દિવસ સુધી ઈજાઝત આપી છે પણ એ સહીહ નથી, એમાં મૈયત તથા ઋતુ અને જમીનના લેહાઝથી વધઘટ થઈ શકે છે.

## સમજૂતી : ૭૩૯

નાના બાળકોની જુદાઈનો દાગ એવો છે જેનાથી કદાચ જ કોઈ બચેલો હોય. આ ઝખ્મ એવો ગંભીર છે કે જીવનભર સુધી રૂઝાતો નથી. એટલા માટે એના સંબંધે ૨૯ સહાબાએ કિરામથી હદીષો રિવાયત થયેલી છે. એ દરેકના વર્ણનોમાં નિકટતા છે. અલ્લામા બદરુદ્દીન મહમૂદ અયની رحمۃ اللہ علیہ એ સર્વ હદીષોને વર્ણન કરેલી છે.

ઈમામ બુખારીએ અહીં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہما ની તે હદીષ પણ વર્ણન કરી છે જે ભાગ–૧, પેજ : ૩૯૨ પર વર્ણન થઈ ચૂકી છે જેમાં ફર્માવવામાં આવ્યું કે જે સ્ત્રીનાં ત્રણ બાળકો આગળ ચાલ્યાં જાય તો તે તેણીને જન્નતમાં દાખલ કરશે. એક સ્ત્રીએ અર્ઝ કરી, અને બે યા રસૂલલ્લાહ? ! ﷺ તો ફર્માવ્યું, **અને બે પણ !** હઝરત અનસ رضی اللہ عنہ ની હદીષમાં આટલુ વધારે છે, જે બાલિગ અવસ્થાએ ન પહોંચ્યાં હોય. આ બંનેવ હદીષોમાં થોડોક સરખો ફરક છે. હઝરત અબૂ સઈદની હદીષમાં સંબોધન સ્ત્રીઓને છે જેનાથી શંકા થાય છે કે આ સવાબ તેણીઓના માટે છે, પણ આ ખાસ કરવાને હઝરત અનસ رضی اللہ عنہ ની હદીષે ખત્મ કરી આપ્યું કે ફર્માવ્યું, **لم یبلغوا الحنث** જે બાલિગ અવસ્થાએ ન પહોંચ્યા હોય. બે પણ ખાસ નથી, તિર્મિઝીમાં હઝરત

حدیث ۷۴۰ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૭૪૦]**

عَلَیْهِ وَسَلَّمَ قَالَ لَا یَمُوْتُ لِمُسْلِمٍ ثَلٰثَةٌ مِّنَ الْوَلَدِ فَیَلِجَ النَّارَ اِلَّا

*એવું નથી થઈ શકતું કે કોઈ મુસલમાનના ત્રણ બાળકો મૃત્યુ પામે અને તે જહન્નમમાં જાય,*

تَحِلَّةَ الْقَسَمِ ؏

*પણ કસમ પૂરી થવા માટે." (બુખારી ૧/૧૬૭, મુસ્લિમ–અદબ, ઈબ્ને માજહ–જનાઈઝ)*

અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે ત્રણ નાબાલિગ બાળકોને આગળ મોકલી આપે તે એના માટે મજબૂત કિલ્લા થશે. એના પર અબૂ ઝરે અર્ઝ કરી, હું બે મોકલી ચૂક્યો છું ! તો ફર્માવ્યું, અને બે પણ ! હવે ઉબય બિન કઅબ સૈયદુલ કુર્રાએ અર્ઝ કરી, હું એક મોકલી ચૂક્યો છું ! તો ફર્માવ્યું, **એક પણ !** *(૧/૧૨૬ જનાઈઝ, ઈબ્ને માજહ–જનાઈઝ, ૧૧૬)*

એમાં જ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત થયેલ છે કે તેમણે રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા, જેના બે બાળકો આગળ પહોંચી ચૂક્યાં, હશે તેઓ તેને જન્નતમાં દાખલ કરશે. એના પર હઝરત આઈશાએ અર્ઝ કરી, અને તમારી ઉમ્મતમાંથી જેનું એક ગયું હોય તો ? ફર્માવ્યું, હે ભલાઈની તૌફીક પામનારી ! જેનું એક ગયું હોય તે પણ ! પછી અર્ઝ કરી, અને જેનું એક પણ ન હોય તો ? ફર્માવ્યું, **હું મારી ઉમ્મતનો આગળ જનારો છું અને મુહમ્મદ જેવો આગળ જનારો કદી પણ પામશો નહીં.** *(૧/૧૨૬ જનાઈઝ)* બલ્કે ઈબ્ને માજહ (જનાઈઝ–૧૧૬)માં હઝરત મઆઝ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "જેની કુદરતના તાબા હેઠળ મારી જાન છે ! **અપૂર્ણ પડી ગયેલ (કાચુ) બાળક પોતાની નાડી વડે પોતાની માને ઘસેડીને જન્નતમાં લઈ જશે,** જો તેણીને રોકવામાં આવી તો." તેમજ એનામાં જ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત થયેલ છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કાચા બાળકોનાં માબાપ જો જહન્નમમાં જશે તો એ પોતાના રબથી ઝઘડો કરશે. તો તેને કહેવામાં આવશે, **હે પોતાના રબથી ઝઘડનાર કાચા બાળક ! તારાં માબાપને જન્નતમાં દાખલ કર ! તો તે પોતાની નાડી વડે તેમને ઘસેડીને જન્નતમાં લઈ જશે.** *(જનાઈઝ : ૧/૧૨૬)*

## સમજૂતી : ૭૪૦

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ની આ હદીષ તથા હઝરત અબૂ સઈદની હદીષમાં **لم یبلغوا الحنث** ની કૈદ નથી. એટલા માટે અમુક ઉલમાએ ફર્માવ્યું કે બાલિગ ઔલાદ પણ સામેલ છે, પણ એ સહીહ નથી. એક હદીષ બીજીની તફસીર હોય છે, જ્યારે બીજી હદીષોમાં આ કૈદ છે તો જરૂર યથાવત રહેશે. એના પહેલાવાળી હદીષના અંતમાં અને કિતાબુલ ઈલ્મમાં ખૂદ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ નો ઈર્શાદ વર્ણન થયેલ છે : **لم یبلغوا الحنث જે બાળક પાગલપનની હાલતમાં બાલિગ થયો અને એ જ હાલતમાં મૃત્યુ પામ્યો તે પણ આમાં સામેલ છે.** રહી ગયા પૌત્રાઓ પૌત્રીઓ તો એમાં ચર્ચા છે. નિસાઈ (૧/૨૬૪ જનાઈઝ)માં હઝરત અનસ رضی اللہ عنہ ની જે હદીષ હફ્સ બિન અબ્દુલ્લાહના તરીકાથી રિવાયત પામેલ છે એમાં આ પ્રમાણે છે, **من احتسب ثلاثة من صلبه دخل الجنة** જે પોતાની નસલની ત્રણ ઔલાદોને મરવા પર સવાબની ઉમ્મીદ રાખે તે જન્નતમાં દાખલ થશે. એ જ પ્રમાણે ઉષ્માન ઈબ્ને આસ رضی اللہ عنہ (ઉમ્દતુલ કારી, ૮/૨૮) رضی اللہ عنہ ની પણ

હદીષમાં છે, **من سلف ثلاثة من صلبه فی الاسلام** જે ઈસ્લામમાં ત્રણ પોતાની નસલની ઔલાદને આગળ મોકલી આપે. આ હદીષોના જાહેરથી એ જ માલૂમ પડે છે કે પૌત્ર પૌત્રીઓ એમાં સામેલ નથી. પણ અલ્લામા અયનીએ ફર્માવ્યું કે જાહેર એ છે કે તે પણ સામેલ છે આ તક્દીર પર ''મિન સુલ્બિહી (તેની પીઠથી)''ની ક઼ૈદ (શર્ત) છોકરીઓની ઔલાદને બહાર કરવાના માટે થશે. બુખારીની હઝરત અનસવાળી હદીષ તેમજ અન્ય પુષ્કળ હદીષોમાં **من مسلم فی الاسلام** મો'મિન મો'મિના વગેરેની ક઼ૈદથી માલૂમ થયું કે આ સવાબ કેવળ એના માટે છે જેનાં ઈસ્લામની હાલતમાં બાળકો મૃત્યુ પામ્યાં હોય, અને જો ઈસ્લામ પહેલાં થયાં હોય તો નહીં. આ હદીષથી સાબિત થયું કે મુસલમાનનાં બાળકો જન્નતમાં જશે, ત્યાં સુધી કે તે કાચાં બાળકો પણ. કાફિરોનાં બાળકોના બારામાં સહીહ મઝહબ તવક્કુફ (મૌન) છે જેની ચર્ચા એના મોક઼ા પર આવશે. **تحلة القسم**થી મુરાદ એ છે કે અલ્લાહ ﷻએ ફર્માવ્યું છે :–

**وَاِنۡ مِّنۡكُمۡ اِلَّا وَارِدُهَا كَانَ عَلٰى رَبِّكَ حَتۡمًا مَّقۡضِيًّا ۔ ثُمَّ نُنَجِّى الَّذِيۡنَ اتَّقَوْا وَنَذَرُ الظّٰلِمِيۡنَ فِيۡهَا جِثِيًّا**''તમારા રબ પર (તેની) લાઝિમ કરેલી નિશ્ચિત કરેલી વાત છે. પછી (અમારાથી) ડરનારાઓને અમે નજાત આપીશું અને જાલિમોને એમાં ગુઠણોભેર પડતો છોડી દઈશું.'' *(સૂ. મરયમ, આ. ૭૧, ૭૨)*

**تحلة القسم** ક઼સમ પૂરી થવાથી મુરાદ આ જ છે. અહીં હક઼ીક઼ી ક઼સમ મુરાદ નથી, પણ જેવી રીતે ક઼સમ ખાનારો ક઼સમ ખાઈને પોતાના ઉપર તે વાત લાઝિમ કરી લે છે કે જે એના પર લાઝિમ નથી હોતી. એ જ પ્રમાણે અલ્લાહ ﷻએ પોતાના ઉપર લાઝિમ કરી લીધું છે કે દરેક શખ્સને જહન્નમ ઉપરથી પસાર કરશે, જ્યારે કે એના પર કાંઈ લાઝિમ નથી. એટલા માટે એને **تحلة القسم**થી તઅબીર કર્યું. અથવા **تحلة القسم**થી મુરાદ થોડીવાર છે જેટલી વારમાં ક઼સમ પૂરી થાય છે, તે કેવળ એક ક્ષણ છે. કોઈએ ક઼સમ ખાધી, હું આજે ફલાણાના ઘરે જઈશ. તો જે ક્ષણે ઘરમાં પ્રવેશ્યો ક઼સમ પૂરી થઈ ગઈ, ભલે ઘરમાં જતાં તરત જ નીકળી જાય, થોડી સેકંડો પણ ન રોકાય. મુરાદ એ છે કે એક ક્ષણના માટે અહીં જહન્નમ પર આવવાથી શું મુરાદ છે ? એમાં સહીહ તથા અગ્રતા પામેલ ઈમામ હસન બસરી તથા હઝરત ક઼તાદાનું કથન છે કે પુલસિરાત પર પસાર થવું મુરાદ છે, જેની પૂરી વિગત પેજ : ૫૧૪ પર વર્ણન થઈ. *(ઉમ્દતુલ ક઼ારી, ૮/૩૪)* એની દલીલ હઝરત અબ્દુર્રહમાન બિન બશીર رضی اللہ عنہની હદીષ છે જેને તિબ્રાનીએ કબીરમાં રિવાયત કરી કે, ફર્માવ્યું કે જેનાં ત્રણ નાબાલિગ બાળકો મૃત્યુ પામે તે જહન્નમમાં હરગિઝ ન જશે પણ જાણે વટેમાર્ગુ. મુરાદ એ છે કે કેવળ પસાર થવાનું થશે. કેટલાક બુઝુર્ગોએ ફર્માવ્યું કે એનાથી મુરાદ જહન્નમમાં દાખલ થવું છે. આ હઝરાતની દલીલ એ હદીષ છે જે હઝરત જાબિર رضی اللہ عنہથી ઈમામ અહમદ (મુસ્નદ, ૩/૩૨૯) ઈમામ હાકિમે રિવાયત કરી છે કે ફર્માવ્યું, **الورود** દાખલ થવું છે. કોઈ પણ એવો નથી ચાહે નેક હોય કે બુરો જે જહન્નમમાં ન પ્રવેશે. તે વખતે જહન્નમ મો'મિનો પર ઠંડી તથા સલામત થઈ જશે. તિર્મિઝી (૨/૧૪૫ તફસીર સૂ. મરયમ)માં ઈમામ સદીથી છે કે મેં હમ્દાનીને આ આયતના બારામાં પૂછયું તો તેમણે આ હદીષ બયાન કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, લોકો જહન્નમમાં જશે પછી તેમાંથી પોત પોતાના અમલોના પ્રમાણે નીકળ શે. પ્રથમ જમાઅત વીજળીના ચમકારાની જેમ, પછી હવાની જેમ, પછી ઘોડાની દોડની જેમ, પછી સવારની જેમ દોડતાં, પછી ચાલતા. આ હદીષ હસન છે. શોઅબાએ પણ એને સદીથી રિવાયત કરી પણ તેને મરફૂઅ નથી કર્યા.

حدیث ۷۴۱ حَدَّثَنَا ثَابِتُ نِ الْبُنَانِیُّ قَالَ سَمِعْتُ اَنَسَ بْنَ مَالِكٍ رَضِیَ اللّٰهُ

"ષાબિત બુનાનીએ કહ્યું, મેં હઝરત અનસ બિન માલિકથી સાંભળ્યું, **[હદીષ : ૭૪૧]**

تَعَالٰی عَنْهُ یَقُوْلُ لِامْرَأَةٍ مِّنْ اَهْلِهٖ تَعْرِفِیْنَ فُلَانَةَ قَالَتْ نَعَمْ قَالَ فَاِنَّ

પોતાની એક પત્નીને ફર્માવતા હતા, તમે ફલાણાને ઓળખો છો ? તેમણે અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, નબી ﷺ

النَّبِیَّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ مَرَّ بِهَا وَهِیَ تَبْكِیْ عِنْدَ قَبْرٍ فَقَالَ

એની પાસેથી પસાર થયા અને તે એક કબ્ર પર રડી રહી હતી, તો ફર્માવ્યું, અલ્લાહથી ડર અને સબ્ર કર ! તો

اِتَّقِی اللّٰهَ وَاصْبِرِیْ فَقَالَتْ اِلَیْكَ عَنِّیْ فَاِنَّكَ خِلْوٌ مِّنْ مُّصِیْبَتِیْ قَالَ

તેણીએ કહ્યું, મારી પાસેથી જાવ ! તમારા પર મારા (જેવી) મુસીબત નથી પડી ! હુઝૂરે એને છોડી આપી

فَجَاوَزَهَا وَمَضٰی فَمَرَّ بِهَا رَجُلٌ فَقَالَ مَا قَالَ لَكِ رَسُوْلُ اللّٰهِ صَلَّی

અને તશરીફ લઈ ગયા. ત્યારબાદ તે સ્ત્રી પાસેથી એક જણ પસાર થયો અને પૂછયું, તમને

اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَتْ مَا عَرَفْتُهٗ قَالَ اِنَّهٗ لَرَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ

રસૂલુલ્લાહ ﷺએ શું ફર્માવ્યું ? તો તે સ્ત્રીએ જવાબ આપ્યો, મેં એમને ન ઓળખ્યા. તે પુરૂષે કહ્યું, એ

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ فَجَاءَتْ اِلٰی بَابِهٖ فَلَمْ تَجِدْ عَلَیْهِ بَوَّابًا فَقَالَتْ

રસૂલુલ્લાહ હતા ! હવે તે સ્ત્રી હુઝૂર ﷺના દરવાજા પર આવી ત્યાં તેણીએ દરવાન ન જોયો અને અર્ઝ

## સમજૂતી : ૭૪૧

**عند القبر** મુસ્લિમની રિવાયતથી જાહેર થાય છે કે એ કબ્ર એના બાળકની હતી. એમાં છે : **تبكی علیٰ صبی لها** યહ્યા બિન કબીરની મુરસલમાં જેને અબ્દુર્રઝ્ઝાકે રિવાયત કરી એની સ્પષ્ટતા છે. એમાં છે : **قد اصیب بولدها** લગભગ એ સ્ત્રીનું રડવું જોર જોરથી અથવા ચીસાચીસ સાથે હતું. યહ્યા બિન કષીરના મુરસલમાં છે : **تسمع فیها مایكره فوقف علیها** વિના અવાજે રડવાની ઈજાઝત છે અને ખૂદ રસૂલુલ્લાહ ﷺથી રિવાયત થયેલ છે. જો વિના અવાજે રડતી હોત તો મના ન કરતા.

**ما تبال بمصیبتی : الیك عنی** **الیك** ઈસ્મે મસ્દર છે. **تَنَحَّ**ના અર્થમાં છે. મુસ્લિમની રિવાયતમાં છે : "તેમને મારી મુસીબતની શું પરવા !" મુસ્નદે અબૂ યઅલામાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની હદીષમાં **انا الحری الثكلی ولو كنت مصابا عذرتنی**માં તે સ્ત્રી જેનું બાળક મૃત્યુ પામ્યુ છે. જો તમને મારા જેવી મુસીબત પહોંચી હોત તો મને મઅઝૂર (મજબૂર) રાખતા.

**فمر بها رجل** : તિબ્રાનીની અવસતમાં અતિય્યાના તરીકાથી હઝરત અનસથી જ છે કે એ સાહબ ફઝ્લ બિન અબ્બાસ હતા. મુસ્નદે અબૂ યઅલામાં છે કે તેમણે તેણીને પૂછયું, શું તું એમને ઓળખે છે ? તો તેણીએ કહ્યું કે નહીં ! મુસ્લિમમાં છે કે જ્યારે તેણીએ એ જાણી લીધું કે એ રસૂલુલ્લાહ ﷺ છે તો શર્મિંદગી તથા ગભરાહટના

يَارَسُوْلَ اللّٰهِ وَاللّٰهِ مَاعَرَفْتُكَ فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*કરી, યા રસૂલલ્લાહ ! ખુદાના સોગંદ ! મેં હુઝૂરને ઓળખ્યા નહીં. એના પર*

اِنَّ الصَّبْرَ عِنْدَ اَوَّلِ صَدْمَةٍ ع ہ

*નબી ﷺએ ફર્માવ્યું, બેશક ! સબ્ર સદમા (આઘાત)ની શરૂઆતના સમયે છે.*

*(બુખારી, ૨/૧૦૫૯, ૧/૧૬૭ જનાઈઝ, ૧/૧૭૧ ઝિયારતુલ કુબૂર, ૧/૧૭૪ સબ્ર, મુસ્લિમ–જનાઈઝ, અબૂ દાઊદ–જનાઈઝ, તિર્મિઝી–જનાઈઝ, નિસાઈ–જનાઈઝ)*

કારણે તેણીના પર મૌત જેવી હાલત છવાઈ ગઈ.

**فلم تجد بوابا** : સામાન્ય સંજોગોમાં કોઈ દરવાન રહેતો ન હતો, પણ કદી કદી ખાસ સંજોગોમાં રહ્યા કરતો હતો. જેમ કે હદીષે ઈલાઅ્માં વિગતવાર વર્ણન છે.

**اول صدمة** : જનાઈઝની રિવાયતમાં છે : **انما الصبر عند الصدمة الاولى** સદ્માનો અર્થ કોઈ ચીજથી ટક્કર લાગવું છે. કેમ કે મુસીબતથી પણ દિલને એક આંચકો લાગે છે. એટલા માટે મુસીબતની અસરને સદમાથી તઅબીર કરવામાં આવે છે. અહીં સબ્રથી મુરાદ સબ્રે કામિલ છે જેના પર સવાબ આપવામાં આવે છે, નહીં તો મુસીબત ચાહે ગમે તેટલી મહાન કેમ ન હોય ક્રમે ક્રમે સબ્ર આવી જ જાય છે. કોઈ મુસીબત પર અજર (બદલો) સબ્રે જમીલ અને સારી નિય્યત પર જ છે.

**મસાઈલ** : આ હદીષથી સાબિત થયું કે સ્ત્રીઓને પણ કબ્રોની ઝિયારતની ઈજાઝત છે કેમ કે હુઝૂરે અક્દસ ﷺએ એ સ્ત્રીને એવું નથી ફર્માવ્યું કે તું કબ્ર પર શા માટે આવે છે ? પણ રડવાથી મના કર્યું. જો સ્ત્રીઓને કબ્રોની ઝિયારત મના હોત તો એવું પણ જરૂર ફર્માવતા કે તું અહીં શા માટે આવી ? સહીહ એ જ છે કે પ્રારંભમાં પુરૂષો તથા સ્ત્રીઓ બંનેને મના કરી આપ્યું હતું. અને **الا فزوروها**થી બંનેને ઈજાઝત મળી ગઈ. અલ્બત્ત વર્તમાનકાળમાં સ્ત્રીઓને ઝિયારતથી તદ્દન રોકી દેવું જરૂરી છે, સગાઓની કબ્રો પર રદારોળ કકલાટ કરશે અને અલ્લાહના મહબૂબ બંદાઓના મઝારો પર ક્યાં તો તા'ઝીમમાં અતિશયોક્તિ કરશે અથવા તો પછી બેઅદબી કરી બેસશે. આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફતાવા રઝવિય્યહ્ (૪/૧૬૫)માં ફર્માવે છે :–

"સગાંઓની કબ્રો પર ખાસ કરીને તેમના મૃત્યુ બાદ નજીકના દિવસોમાં નવેસરથી ગમ મનાવવું ઔરતો સાથે ખાસ છે (એટલે કે સ્ત્રીઓ સબ્ર કર્યા વિના રડારોળ કરવા લાગશે) અને અવલિયાએ કિરામના મઝારો પર હાજરીમાં કોઈ એક બુરી વાત કરવાનો અંદેશો છે, ક્યાં તો અદબનો ત્યાગ અથવા અદબમાં અતિશયોક્તિ કે જે સંદતર મના છે. જેથી ગુન્યહ્માં કરાહત પર (મકરૂહ હોવા પર) યકીન ફર્માવ્યું.

**હું કહું છું** : પણ હવે વાત એનાથી આગળ વધી ગઈ છે. ખાસ કરીને ઉર્સોમાં પુરૂષોની સાથે આમ મજમામાં (ભીડમાં) ધક્કા ખાતી (બધાથી અથડાતી) ફરે છે. બેપર્દા થઈને અત્યંત બેબાકી તથા બેહયાઈની સાથે ઘૂમતી ફરે છે. મોઢા સિવાય પૂરા શરીર પર કવર લપેટેલી હાલતમાં દુકાનો પર ખરીદ વેચાણ કરતી ફરે છે. આવી સ્થિતિમાં કદી પણ તેણીઓને ઉર્સોમાં જવાની ઈજાઝત ન હોવી જોઈએ. પરંતુ આ વિષયમાં સ્ત્રીઓ કરતાં વધુ તેમના પુરૂષોના શોખને દખલ છે જેઓ પશ્ચિમી સંસ્કૃતિથી પ્રભાવિત થઈને પોતાની સ્ત્રીઓના પ્રદર્શનથી ગર્વ અનુભવે છે. એના જ કારણે અકબર ઈલાહાબાદીએ કહ્યું છે :–

***ખુદા કે ફઝ્લસે બીવી મિયાં દોનોં મુહઝ્ઝબ હૈં–ઉન્હેં ગુસ્સા નહીં આતા ઈન્હેં પર્દા નહીં આતા***

ઉર્સોની જ વાત નથી રહી હવે તો મુસલમાન સ્ત્રીઓમાં એ રિવાજ પડી ગયો છે કે તેણીઓ બુરખાના નામે

| | |
|---|---|
| ت ۲۲۸ | وَحَنَّطَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا ابْنًا لِسَعِيْدِ بْنِ زَيْدٍ |

*"અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ હઝરત સઈદ બિન ઝયદના એક પુત્રને* **[તઅલીક઼ : ૨૨૮]**

وَحَمَلَهُ وَصَلّٰى وَلَمْ يَتَوَضَّأْ

*ખુશ્બુ લગાડી અને તેને ઉઠાવી લીધો અને તેના પર નમાઝ પઢી અને વુઝૂ નથી કર્યું."*

| | |
|---|---|
| ت ۲۲۹ | وَقَالَ ابْنُ عَبَّاسٍ الْمُسْلِمُ لَا يَنْجُسُ حَيًّا وَّلَا مَيِّتًا |

*"અને મુસલમાન નજીસ (નાપાક) નથી હોતો, ન જિંદગીમાં ન મૃત્યુ બાદ."* **[તઅલીક઼ : ૨૨૯]**

| | |
|---|---|
| ت ۲۳۰ | قَالَ سَعْدٌ لَوْ كَانَ نَجِسًا مَا مَسِسْتُهُ ع ه |

*"જો નાપાક હોત તો હું તેને ન સ્પર્શ કરત." (બુખારી, ૧/૧૬૭)* **[તઅલીક઼ : ૨૩૦]**

કાળો ફીટ જબ્બો શરીર પર રાખી ખુલ્લા ચહેરે સામાન્યતઃ ફરતી રહે છે. કદાચ આ કાળા કવરનો મક઼સદ કેવળ એ છે કે તેણીઓ એવી જાહેરાત કરી રહી છે કે અમો મુસલમાન સ્ત્રીઓ છીએ જેઓ અલ્લાહ عزوجل અને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની હુકમની વિરુદ્ધ બેપર્દા રહેવા લાગી છીએ !

## સમજૂતી : તઅલીક઼ : ૨૨૮–૨૨૯–૨૩૦

પ્રથમ અષરને ઈમામ માલિકે મોઅત્તા (પેજ : ૯)માં મુત્તસિલ સનદ સાથે રિવાયત કરેલ છે. અને બીજી અષરને અતાથી અને ત્રીજાને હઝરત ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી ઈબ્ને અબી શયબાએ રિવાયત કરી છે.

**સમજૂતી** : આ તઅલીક઼ો પર ઈમામ બુખારીએ આ પ્રકરણ રચ્યું છે : "મુડદાને પાણી તથા બોરડીનાં પાંદડાં વડે ગુસ્લ આપવું અને વુઝૂ કરાવવું" આ પ્રકરણમાં ચાર મસાઈલ વર્ણન થયેલ છે : (૧) મૈયત પાક છે કે નાપાક (૨) મૈયતનું ગુસ્લ વાજિબ છે કે સુન્નત (૩) વુઝૂનો શું હુકમ છે ? (૪) ફક્ત પાણી વડે ગુસ્લ આપવું પૂરતું છે કે બોરડીનું પાણી વાજિબ છે ?

પ્રથમ મસ્અલો બાદવાળી તઅલીક઼ોથી સ્પષ્ટપણે સાબિત થઈ રહ્યો છે, અને પ્રથમ તઅલીક઼ વડે લાઝમી રીતે તે રીતે કે મુડદુ જો નાપાક હોત તો ગુસ્લથી પણ પાક ન થાત. જેવી રીતે અન્ય જાનદારોને મૃત્યુ બાદ લાખ નવડાવવાથી પાક થશે નહીં. પછી હઝરત ઉમર હનૂત (ખુશ્બુદાર ચીજ) શા માટે ઘસતા, એટલા માટે કે નાપાકને સ્પર્શવું જાઈઝ નથી.

**અલ્લાહની તૌફીક઼થી હું કહું છું** : એના પર ઉમ્મતનો ઈજમાઅ છે જેમ કે ઈમામ નવવીએ સ્પષ્ટતા કરી છે કે મૈયતને ગુસ્લ આપવું, કફન પહેરાવવું, એના પર જનાઝાની નમાઝ પઢવી તેને દફન કરવી ફર્ઝે કિફાયા છે. જો નાપાક નથી તો ગુસ્લની શું જરૂરત ?!

આપણા હનફી ઈમામોએ આ પ્રમાણે ભરપુર એકમતિની પછી એમાં મતભેદ કર્યો કે આ નજાસતે હક઼ીક઼ી છે કે હુકમી ? જમહૂરનો ક઼ૌલ છે કે એ હક઼ીક઼ી છે. બદાએઅ્માં એને એકદમ સ્પષ્ટ કર્યું. કાફીમાં ફર્માવ્યું, એ જ સહીહ છે. ફતહુલ ક઼દીરમાં ફર્માવ્યું, આ જ ક઼યાસના અધિક માફક છે. એ હઝરાતની દલીલ છે કે મૌતથી દમે મસ્ફૂહ (ખરાબ લોહી) જે નાપાક છે શરીરમાં રહી ગયેલું છે તેણે મુડદાને નજીસ (નાપાક) કરી આપ્યું. એના

કારણે જો મુસલમાન મુડદુ કૂવામાં પડી જાય તો કૂવો નાપાક છે, બધુ જ પાણી કાઢી નાખવામાં આવે. તેના મોઢેથી વહેલુ પાણી નાપાક છે. એના પર એ આવ્યું કે પછી તો ગુસ્લથી પાક ન થવું જોઈએ જેવી રીતે અન્ય પ્રાણીઓ પાક નથી થતાં. એનો જવાબ એ આપવામાં આવ્યો કે મુસલમાનને કરામતન્ ગુસ્લથી પાક માનવામાં આવ્યો. એના પર એ ગુઝારિશ છે કે, એની શું જરૂરત હતી કે પ્રથમ તેને મુરદારની જેમ નાપાક માન્યું પછી ગુસ્લથી પાક ? મુકતઝાએ કરામત (શરાફતનો તકાઝો તો) એ હતો કે એને મુરદારની જેમ નાપાક ન માનતા, જેમ કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, **المؤمن لا ينجس** ''મો'મિન નાપાક નથી હોતો.'' *(હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنهથી છ રાવીઓએ રિવાયત કરી છે, ઈમામ અહમદે અને બીજા પાંચ રાવીઓએ ઈમામ તિર્મિઝી સિવાય)*

અને ઈમામ હાકિમે હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنهથી આટલો વધારો કર્યો : **لا حيا و لا ميتا** ''ન જીવંત નાપાક હોય છે ન મુડદુ.'' હિલ્યામાં છે કે ઈમામ હાકિમે હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهماથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, પોતાના મુડદાને નજીસ (નાપાક) ન જાણે, એટલા માટે કે મો'મિન ન જીવતો નાપાક હોય છે ન મુર્દા. અને કહ્યું કે શયખૈનની શર્ત પર સહીહ છે. ઝિયાઉદ્દીને પોતાની કિતાબમાં કહ્યું, આ મારી નજીક સહીહની શર્ત પર છે.

બીજા મશાઈખે ફર્માવ્યું, મુડદાની નાપાકી હુકમી છે, મૌતથી ગફલત તથા સાંધાઓમાં ઢીલાશ પેદા થયું જે હદષ છે, જેમ કે ઊંઘ ભલે બિલ અર્ઝ (ટેમ્પરરી ગફલત તથા સાંધામાં ઢીલાશ આવવું) છે. એટલા માટે ગુસ્લ વાજિબ થયું. જીવંતમાં પણ એ જ કયાસ હતો કે હદષથી ગુસ્લ વાજિબ થતુ, પણ હદષ વારંવાર થાય છે એનાથી ગુસ્લ કરવામાં હરજ (પરેશાની) હતો અને મુર્દામાં હરજ નથી. અલ્લામા ઈબ્ને નુજૈમે બહર (બાબુલ અન્જાસ, પેજ : ૨૪૫)માં વર્ણવ્યું કે આ સહીહ છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمة الله عليهએ એ દલીલ વર્ણવી કે પાણી ન મળવાના સંજોગોમાં મૈયતના માટે તયમ્મુમ પૂરતુ છે, અને તયમ્મુમ કેવળ હુકમી નાપાકીના માટે પાક કરનાર છે ન કે હકીકી નજાસતના માટે. ઈર્શાદ છે :–

**اَوْ جَاءَ اَحَدٌ مِنْكُمْ مِنَ الْغَائِطِ اَوْ لٰمَسْتُمُ النِّسَاءَ فَلَمْ تَجِدُوْا مَاءً فَتَيَمَّمُوْا صَعِيْدًا طَيِّبًا** ''અથવા તમારામાંથી કોઈ બયતુલ ખલા (જાજરૂ)થી આવ્યો હોય અથવા સ્ત્રીઓને સ્પર્શેલ હોય અને પાણી ન પામો તો માટી લો.'' *(માઈદહ્–૬)*

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمة الله عليهએ ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૧ (અહસનુત્તઅમ્મુમ–૬૧૧)ના હાશિયામાં ફર્માવ્યું કે હદીષ એનો નકાર કરે છે કે મૌતથી મુડદુ નાપાક થાય છે એટલા માટે બંનેવ મોહક્કિકો અલ્લામા શામી તથા અલ્લામા ઈબ્ને નજીમે જે ફર્માવ્યું એને અગ્રતા આપવી વાજિબ છે કે મૈયતનું ગુસ્લ હદષના કારણે છે. રહી ગયો તે હુકમ કે થોડા પાણીમાં પડવાથી પાણી નાપાક થઈ જાય છે એ એના પર આધારિત છે કે એની નજાસત (નાપાકી) હકીકી છે અને આપણે પણ એના પર સાવધાની પૂરતુ અમલ કરીએ છીએ.

**અલ્લાહની તૌફીકથી હું કહું છું :** આનાથી બિહમ્દિહી તઆલા **ان المؤمنين لا ينجس**થી દલીલનો જવાબ પણ સ્પષ્ટ થઈ ગયો કે આ હદીષમાં નાપાકીથી મુરાદ હકીકી નાપાકી છે. એના પર કરીના (મુનાસિબત તથા નિશાની) એ છે કે હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه એ વખતે જુનુબી હતા તો આ હદીષમાં હુકમી નાપાકીનો નકાર કોઈ રીતે દુરુસ્ત નથી. બીજુ : એનાથી જાહેર થઈ ગયું કે મૈયતનું ગુસ્લ વાજિબ છે. ત્રીજુ : વુઝૂ મસ્નૂન છે. ચોથુ : બોરડીના પાંદડાં વડે ગુસ્લ આપવું મસ્નૂન છે. ત્રીજો અને ચોથો મસ્અલો આ હદીષથી સાબિત છે જે આ પ્રકરણમાં વર્ણન કરવામાં આવી છે.

وَقَالَ ابْنُ سِيرِينَ لَا بَأْسَ اَنْ يُنْقَضَ شَعْرُ الْمَرْأَةِ ع ت ۲۳۱

''અને ઈમામ ઈબ્ને સીરીને ફર્માવ્યું, સ્ત્રીના વાળ ખોલવામાં કોઈ વાંધો નથી.'' (બુખારી, ૧/૧૬૮) **[તઅલીક઼ : ૨૩૧]**

وَقَالَ الْحَسَنُ الْخِرْقَةُ الْخَامِسَةُ يُشَدُّ بِهَا الْفَخِذَيْنِ وَالْوَرِكَيْنِ تَحْتَ الدِّرْعِ ت ۲۳۲

''અને ઈમામ હસન બસરીએ ફર્માવ્યું, કફનનું પાંચમું કપડુ તે છે જેનાથી જાંગ તથા સીટ **[તઅલીક઼ : ૨૩૨]**
કુર્તાની નીચે બાંધવામાં આવે.'' (બુખારી, ૧/૧૬૮)

حدیث ۷۴۲ اَنَّ اَيُّوْبَ اَخْبَرَهُ قَالَ سَمِعْتُ ابْنَ سِيرِيْنَ يَقُوْلُ جَاءَتْ اُمُّ

''મુહમ્મદ ઈબ્ન સીરીન કહે છે કે ઉમ્મે અતિય્યા رضی اللہ عنہا એક અન્સારી ખાતૂન **[હદીષ : ૭૪૨]**

عَطِيَّةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اِمْرَأَةٌ مِّنَ الْاَنْصَارِ مِنَ اللَّاتِيْ بَايَعْنَ النَّبِيَّ

જેમણે નબી صلی اللہ علیہ وسلمથી બયઅત કરી હતી. બુસ્રા પોતાના એક પુત્રને શોધવા આવ્યાં. જે તેમને ન મળ્યો. તેમણે

## સમજૂતી : તઅલીક઼ ૨૩૧-૨૩૨

પ્રથમ તઅલીક઼ને સઈદ બિન મન્સૂરે મુત્તસિલ સનદની સાથે રિવાયત કરી. અલ્લામા ઈબ્ને હજરે બીજી તઅલીક઼ના માટે ફર્માવ્યું કે એને ઈબ્ને અબી શયબાએ મૌસૂલ કરી. એના પર અલ્લામા બદરુદ્દીન અયનીએ ફર્માવ્યું કે તેમણે એ નથી દર્શાવ્યું કે કોને તથા ક્યાં એને મૌસૂલ કરી. જાહેર એ છે કે સહીહ નથી. પછી ફર્માવ્યું કે જવઝનીએ ઈબ્રાહીમ બિન હબીબ બિન શહીદ, હિશામ બિન હસ્સાન અન હફ્સા અન ઉમ્મે અતિય્યાના તરીક઼ાથી રિવાયત કરી કે એમણે ફર્માવ્યું કે અમે ઝયનબને પાંચ કપડાંમાં કફન આપ્યું. અને તેમને તે ઓઢણી ઓઢાડી જે જિંદગીમાં ઓઢતાં હતાં. રહી ગયું તે પાંચમુ કપડુ જેને ઈમામ હસન બસરીએ ફર્માવ્યું તે અસલમાં સીનાબંદ છે જે મૈયતની બગલથી લઈને કમસે કમ ગુઠણો સુધી હોય છે.

**સામ્યતા** : અહીં પ્રકરણ છે અશ્આર કેવા છે ? એના હેઠળ જે હદીષ લાવ્યા છે તેના અંતમાં હઝરત ઐયૂબનો ક઼ૌલ છે કે અશ્આરનો અર્થ એ છે કે એ તેહબંદને એમના શરીર પર લપેટી દો. ઈમામ હસન બસરીના ક઼ૌલનો એ મતલબ છે કે પાંચમુ કપડુ શરીર પર કુર્તાની નીચે લપેટવામાં આવે, કેવળ શરીર પર લપેટવામાં મળતાપણુ છે.

આપણે ત્યાં પણ સ્ત્રીને કફનમાં પાંચ કપડાં આપવાં સુન્નત છે. કુર્તો, ઈજાર, લિફાફા, સીનાબંદ, ખમાર. અલ્બત્ત આપણે ત્યાં અફઝલ એ છે કે સીનાબંદ લિફાફાની પણ ઉપર હોય. અને એ પણ જાઈઝ છે કે ઈજાર અને લિફાફાની વચ્ચે રહે. એક ક઼ૌલ એ પણ છે કે કુર્તાની ઉપર અને ઈજારની નીચે હોય. *(રદ્દુલ મુહ્તાર, ૧/૫૮૦)*

## સમજૂતી : ૭૪૨

આ હદીષ ભાગ : ૧ કિતાબુલ અઝાન પેજ : ૫૦૭, ૮૭૯ પર વર્ણન થઈ ચૂકી છે પણ ત્યાં તેનો નાનો સરખો હિસ્સો વર્ણન થયેલો હતો. એટલા માટે અહીં એનો જવાબ જે સૌથી વિશેષ વિગતવાર અસલી લખાણ (મતન) હતું તે વર્ણન કરી આપ્યું.

એ સાહબઝાદી હઝરત સૈયદા ઝયનબ رضی اللہ عنہا હતાં જેમ કે મુસ્લિમ (૧/૩૦૫ જનાઈઝ)માં સ્પષ્ટતા છે.

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَدِمَتِ الْبَصْرَةَ تُبَادِرُ اِبْنًا لَّهَا فَلَمْ تُدْرِكْهُ

આ હદીષ બયાન કરી કે નબી ﷺ અમારી પાસે તશરીફ લાવ્યા અને અમે તેમની એક સાહબઝાદીને

فَحَدَّثَتْنَا قَالَتْ دَخَلَ عَلَيْنَا النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَنَحْنُ

ગુસ્લ આપી રહ્યાં હતાં. તો ફર્માવ્યું, એને ત્રણ અથવા પાંચવાર, જો જરૂરત સમજો તો એનાથી પણ વધુ

نَغْسِلُ اِبْنَتَهٗ فَقَالَ اغْسِلْنَهَا ثَلٰثًا اَوْ خَمْسًا اَوْ اَكْثَرَ مِنْ ذٰلِكَ اِنْ

વાર પાણી અને બોરડી વડે ગુસ્લ આપો અને અંતમાં કપુર મિલાવી લો અને જ્યારે ફારિગ થઈ જાવ તો મને

رَاَيْتُنَّ ذٰلِكَ بِمَاءٍ وَّسِدْرٍ وَّاجْعَلْنَ فِي الْاٰخِرَةِ كَافُوْرًا فَاِذَا

ખબર આપજો. તેમણે કહ્યું, જ્યારે અમે ગુસ્લ આપી ચૂક્યાં તો હુઝૂરે પોતાનુ તેહબંદ અમારી તરફ ફેંકી

فَرَغْتُنَّ فَاٰذِنَّنِيْ قَالَتْ فَلَمَّا فَرَغْنَا اَلْقٰى اِلَيْنَا حَقْوَهٗ فَقَالَ اَشْعِرْنَهَا

આપ્યું અને ફર્માવ્યું, એને શરીર પર લપેટી આપજો. તેમણે આથી વિશેષ નથી બયાન કર્યું અને હું નથી

اِيَّاهُ وَلَمْ تَزِدْ عَلٰى ذٰلِكَ وَلَا اَدْرِيْ اَيُّ بَنَاتِهٖ وَزَعَمَ اَنَّ الْاِشْعَارَ اَلْفِفْنَهَا

જાણતો કે એ કયાં સાહબઝાદી હતાં. અને ગુમાન કર્યું કે ઈશ્આરનો મતલબ એ છે કે લપેટી દો અને ઈબ્ને

فِيْهِ وَكَذٰلِكَ كَانَ ابْنُ سِيْرِيْنَ يَاْمُرُ بِالْمَرْاَةِ اَنْ تُشْعَرَ وَلَا تُؤْزَرَ عه

સીરીન એ જ હુકમ આપતા હતા કે સ્ત્રીને કપડામાં લપેટવામાં આવે, તેહબંદ ન બાંધવામાં આવે."

(બુખારી, ૧/૧૬૮, અલ્વુઝૂ, પેજ : ૨૮, બાબુલ ગુસ્લ–૧૬૭, ૧૬૮)

**من اللاتی بایعن** : આ બયઅતની તફસીલ મુસ્લિમ (૧/૩૦૪ અલ્ જનાઈઝ)માં આ પ્રમાણે છે કે જ્યારે આ આયતે કરીમા નાઝિલ થઈ : يُبَايِعْنَكَ اَنْ لَّا يُشْرِكْنَ بِاللّٰهِ شَيْئًا وَّلَا يَعْصِيْنَكَ فِيْ مَعْرُوْفٍ "જ્યારે મો'મિન સ્ત્રીઓ તમારી પાસે આવે અને એ વાત પર બયઅત કરે કે અલ્લાહની સાથે કોઈને શરીક નહીં કરશે અને નેકીમાં તમારી નાફર્માની નહીં કરે." તેણીઓથી જે વાતોમાં બયઅત લીધી હતી એમાં એ હતું કે નોહા (મૌત પર ચીસો પાડી રડવું, છાતી કૂટવી વગેરે) કરશે નહીં. તો મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ફલાણાંની આલ પર ?! એટલા માટે કે તેમણે જાહિલિયતના જમાનામાં મારી સાથે નોહા કર્યો હતો. તો ફર્માવ્યું, પણ ફલાણાની આલ પર. ઉમ્મે અતિય્યાએ કહ્યું, આ બયઅતને પાંચ સ્ત્રીઓ સિવાય અન્ય કોઈએ પૂરી નથી કરી, એ પાંચમાં ઉમ્મે સુલૈમ પણ હતાં.

**تبادر ابنا لها** : ઝડપભેર આવ્યાં હતી પોતાના એક પુત્રના માટે જે ઘરેથી ચાલ્યા આવ્યા હતા પણ જ્યારે તે બુસ્રા આવ્યાં તો ન મળ્યા અથવા તે ત્યાં ક્યાંક ચાલ્યા ગયા અથવા તેમનો વિસાલ થઈ ગયો.

**او اکثر ذٰلک** : હેશામ બિન હસ્સાનની જે રિવાયત હઝરત ઈબ્ને સીરીનની બહેન હફ્સાથી છે એમાં આ પ્રમાણે છે કે, "એને એકી સંખ્યામાં ગુસ્લ આપો, ત્રણ અથવા પાંચવાર." ઐયૂબ અન હફ્સાની રિવાયતમાં આ

પ્રમાણે છે : ثلاثا او خمسا او سبعا "ત્રણ અથવા પાંચ અથવા સાતવાર." સાતવારથી વધુ આમ રિવાયતોમાં નથી, અલ્બત્ત અબૂ દાઊદ (૨/૯૩ જનાઈઝ)ની એક રિવાયતમાં આ પ્રમાણે આવ્યું છે કે સાતવાર અથવા એનાથીય વધુ જો તમે એની જરૂરત સમજો.

ان رأيتن ذالك : એટલે જો ત્રણથી વધુ પાંચ અથવા સાત વાર ધોવાની જરૂરત તમે સમજો તો તે સંખ્યા પૂરી કરો. એટલે જો ત્રણથી પૂર્ણપણે ગુસ્લ ન થઈ શકે તો પાંચવાર ધૂઓ, જો એનાથી પણ પૂર્ણપણે ગુસ્લ ન થાય તો સાતવાર અને જો એનાથી પણ સારી રીતે ગુસ્લ ન થઈ શકે તો અધિક સંખ્યા વધારી આપો.

મૈયતને એકવાર ગુસ્લ આપવું ફર્ઝ છે અને ત્રણવાર સુન્નત છે અને જરૂરતના સમયે એનાથી વધુ વાર આપવામાં પણ વાંધો નથી, ત્યાં સુધી કે સાતવારથી પણ વધુમાં વાંધો નથી. વિના જરૂરત ત્રણવારથી વધુ ગુસ્લ આપવું મકરૂહ છે, એમાં પાણીની ફુઝૂલખર્ચી છે. *(રદ્દુલ મુખ્તાર, ૧/૫૭૫)*

**اشعرنها** : **اشعار**નો અર્થ છે કપડાને શરીરની જોડે અન્ય કોઈ કપડાની આડ વિના લપેટવું. હફ્સાની રિવાયતમાં એટલુ અધિક છે કે અમે કાંસકી વડે તેમના વાળના ત્રણ હિસ્સા કર્યા. બીજી રિવાયતમાં એમનાથી જ આ પ્રમાણે છે કે સ્ત્રીઓએ રસૂલુલ્લાહ ﷺનાં સાહબઝાદીના વાળના ત્રણ હિસ્સા કર્યા, તેના ખોલ્યા પછી ધોયા, પછી ત્રણ હિસ્સા કર્યા. એ એટલા માટે કર્યા કે પાણી વાળનાં મૂળોમાં પહોંચી જાય. **આપણે ત્યાં મૈયતના વાળને કાંસકી કરવી ન જોઈએ કે એ ઝીનત છે, અને મૈયતની ઝીનત (શણગાર)નો શો મતલબ ! અને સ્ત્રીના વાળોના બે હિસ્સા કરીને છાતી પર રાખી દેવામાં આવશે.**

لا ادری ای بناته : આ હદીષના રાવી ઐયૂબનો ક઼ૌલ (કથન) છે. વર્ણન થઈ ચૂક્યું કે મુસ્લિમમાં છે કે એ હઝરત સૈયદા ઝયનબ رضی اللہ عنہا હતાં. મુસ્લિમની રિવાયત હઝરત હફ્સાથી જ છે પણ તે આસિમ અહવલથી છે. અમુક લોકોએ કહ્યું કે હઝરત સૈયદા ઉમ્મે કુલ્ષૂમ رضی اللہ عنہا હતાં, જેમ કે અબૂ દાઊદ (૨/૯૪ જનાઈઝ)માં લયલા બિન્તે કાઈફ ષક઼ીફ઼ાથી રિવાયત પામેલ છે કે તે સ્ત્રીઓમાંથી હતી જેમણે સૈયદા ઉમ્મે કુલ્ષૂમ رضی اللہ عنہاને ગુસ્લ આપ્યુ હતું. સૌ પ્રથમ હુઝૂરે અક઼દસ ﷺને ઈઝાર આપી પછી કુર્તો પછી લિફ઼ાફ઼ો પછી તે એક અધિક કપડામાં લપેટવામાં આવ્યાં. રસૂલુલ્લાહ ﷺ દરવાજાની પાસે બેઠા હતા. હુઝૂર ﷺની પાસે તેમનાં કફન હતાં જેને એક પછી એક આપતા રહેતા હતા, પણ એ ખૂદ હદીષની રાવીયા હઝરત હફસાએ જ સ્પષ્ટતા કરી આપી કે એ હઝરત સૈયદા ઝયનબ رضی اللہ عنہا હતાં. તો હવે બીજી રિવાયતોના આધારે આ હદીષની મુરાદને નિશ્ચિત કરવું દુરુસ્ત નથી. હઝરત સૈયદા ઉમ્મે કુલ્ષૂમ رضی اللہ عنہاનો બનાવ અલગ છે. બંનેવમાં બનાવની વિગત અલગ અલગ વર્ણન થઈ છે. અમુક લોકોએ એવું કહ્યું છે કે આ બનાવ હઝરત સૈયદા ઉમ્મે કુલ્ષૂમનો એટલા માટે નથી હોઈ શકતો કે તેમનો વિસાલ ગઝવએ બદરના પ્રસંગે થયો હતો જ્યારે કે હુઝૂર પણ પરત થયા ન હતા. અલ્લામા અયનીએ ફર્માવ્યું અને તદન સહીહ ફર્માવ્યું કે આ પ્રસંગે હઝરત સૈયદા રુકૈયાનો વિસાલ થયો હતો, હઝરત સૈયદા ઉમ્મે કુલ્ષૂમનો તો હજી હઝરત ઉષ્માન رضی اللہ عنہ સાથે નિકાહ પણ થયો ન હતો. હઝરત ઉમ્મે કુલ્ષૂમ رضی اللہ عنہاનો વિસાલ હિ.સ. ૯માં થયો છે. હઝરત સૈયદા ઝયનબનો હિ.સ. ૮માં અને હઝરત સૈયદા રુકૈયાનો હિ.સ. ૨માં થયો. અમુક હઝરાતે એવું કહ્યું કે ઉમ્મે અતિય્યાએ જ સૈયદા ઉમ્મે કુલ્ષૂમને પણ ગુસ્લ આપ્યું હતું એટલા માટે આ સૈયદા ઉમ્મે કુલ્ષૂમ رضی اللہ عنہا જ છે, જાણે એમના ખયાલમાં એક સ્ત્રી બે મૈયતોને ગુસ્લ નથી આપી શકતી ! અમુક બુઝુર્ગોએ અબૂ દાઊદવાળી હદીષને ઝઈફ બતાવીને મુસ્લિમની રિવાયતને અગ્રતા આપી છે. એની કોઈ જરૂરત નથી. આ બંનેમાં ટકરાવ છે ન તો અગ્રતા આપવાની જરૂરત છે, અને સામાન્ય બનાવોમાં તે ઝોઅફ (કમજોરી) જે એમણે બતાવ્યું છે તે દલીલરૂપ હોવાથી રિવાયતને નથી રોકતુ નથી કરતુ. ઝોઅફના કારણમાં એ દર્શાવ્યું કે એના એક રાવી નૂહ બિન કલીમ મજહૂલ છે અને એવા રાવી છે જે

| ت ٢٣٣ | قَالَ وَكِيْعٌ عَنْ سُفْيَانَ نَاصِيَتُهَا وَقَرْنَيْهَا۔ عـه |
|---|---|
| **[તઅલીક઼ : ૨૩૩]** | *"ત્રણ હિસ્સા આ પ્રમાણે હતા, માથાના આગળના વાળ અને માથાના* |
| | *બંને કિનારાના વાળ." (બાબુહલયજ અલુ શઅરુલ મર્અતિ ખલાષતુ કુરૂનિન)* |
| حدیث ٧٤٣ | عَنْ عَائِشَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهَا اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی |
| **[હદીષ : ૭૪૩]** | *"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺને ત્રણ યમની* |
| | عَلَيْهِ وَسَلَّمَ كُفِّنَ فِيْ ثَلٰثَةِ اَثْوَابٍ يَمَانِيَّةٍ بِيْضٍ سُحُوْلِيَّةٍ مِّنْ كُرْسُفٍ |
| | *સફેદ કપડામાં કફન આપવામાં આવ્યું જે સુહૂલનાં વણેલા રૂનાં હતાં,* |
| | لَيْسَ فِيْهَا قَمِيْصٌ وَّلَا عِمَامَةٌ عـه |
| | *એમાં ન કુર્તો હતો ન અમામો." (બુખારી ૧/૧૬૯, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ)* |

મશહૂર નથી અને મુહમ્મદ બિન ઈસ્હાક઼ છે, વર્ણન થઈ ચૂક્યું કે મુહમ્મદ બિન ઈસ્હાક઼ ષિક઼હ છે અને રાવીની જેહાલત અહીં નુકસાનકર્તા નથી.

અમુક રિવાયતોમાં એટલુ અધિક છે કે, અંતમાં કપૂર મિલાવી લો. અને અંતમાં છે કે અમે તેમની ત્રણ ચોટીઓ (ચોટલા) બનાવ્યા અને તેમને પાછળ કરી દીધી. જાહેર છે કે આ ઉમ્મે અતિય્યાનુ પોતાનુ કાર્ય છે, રિવાયતના કોઈ શબ્દથી એ સાબિત નથી થતુ કે હુઝૂરે અક઼દસ ﷺએ એનો હુકમ આપ્યો હોય કે એને જોયું હોય.

## તઅલીક઼ : ૨૩૩ની સમજૂતી

આ અષરને ઈસ્માઈલીએ મુત્તસિલ સનદ સાથે વર્ણન કરેલ છે.

**મસાઈલ :** આ હદીષથી સાબિત થયું કે **બુઝુર્ગોને દીનના લિબાસથી તબર્રુક હાંસલ કરવું મુસ્તહસન છે.** મૈયતને એકી સંખ્યામાં ગુસ્લ આપવું અને ઓછામાં ઓછુ ત્રણવાર દુરુસ્ત છે. મૈયતના ગુસ્લમાં વુઝૂ મસ્નૂન છે. અલ્બત્ત એમાં ન તો પ્રથમ કાંડા સુધી હાથ ધોવામાં આવશે અન ન કુલ્લી કરાવવામાં આવશે અને ન નાકમાં પાણી નાખવામાં આવશે, અલ્બત્ત એમાં વાંધો નથી કે કોઈ બારીક કપડુ આંગળીમાં લપેટીને દાંતો તથા નાકમાં ફેરવી દેવામાં આવે. એમાં માથાનો મસહ છે. બોરડી અથવા એના જેવી કોઈપણ ચીજ પાણીમાં ઉકાળીને ગુસ્લ આપવામાં આવે જેમાં મેલ ખૂબ જ સાફ થઈ જાય. જો કાંઈ ન મળે તો સાબુ વડે. અંતમાં કપૂર મિલાવેલુ પાણી ઉપયોગમાં લેવામાં આવે.

## સમજૂતી : ૭૪૩

**یمانی** : (યમાની) યમનની પ્રતિ સંબંધિત છે. એની અસલ **یمنیة** હતી નિસ્બત.یاને ઉડાડી દઈને અલિફ વધારી આપ્યો. **سحولیة سحول (સહૂલિય્યતુ સહૂલ)** : યમનમાં એક જગાનું નામ છે જ્યાં આ કપડાં વણવામાં આવતાં હતાં.

એના અનુસંધાનમાં વિવિધ રિવાયતો આવી છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું, આ ક્રમની તમામ રિવાયતોથી સહીહ આ જ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاની રિવાયત છે.

حدیث ۷۴۴ عَنِ ابْنِ عَبَّاسٍ رَّضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا قَالَ بَیْنَمَا رَجُلٌ وَّاقِفٌ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે એક સાહબ અરફામાં વુકૂફની સ્થિતિમાં **[હદીષ : ૭૪૪]**

بِعَرَفَةَ اِذْ وَقَعَ عَنْ رَّاحِلَتِهٖ فَوَقَصَتْهُ اَوْ قَالَ فَاَوْقَصَتْهُ قَالَ النَّبِیُّ

હતા એવામાં પોતાની સવારીથી પડી ગયા જેણે એની ગરદન તોડી નાખી. તો નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, એને

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ اِغْسِلُوْهُ بِمَاءٍ وَّسِدْرٍ وَّكَفِّنُوْهُ فِیْ

પાણી તથા બોરડીથી નવડાવી દો અને બે કપડામાં કફન આપો અને તેને ખુશ્બુ ન લગાડો અને ન તેનું

ثَوْبَیْنِ وَلَا تُحَنِّطُوْهُ وَلَا تُخَمِّرُوْا رَاْسَهٗ فَاِنَّهٗ یُبْعَثُ یَوْمَ الْقِیٰمَةِ مُلَبِّیًا ع

માથુ ઢાંકો, **એ ક઼યામતના દિવસે લબ્બૈક કહેતો કહેતો ઉઠશે."**

*(બુખારી ૧/૧૬૯ અલ્કફન ફી ષૌબૈન, ૧/૨૪૯ અલ્ઉમરા, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ)*

આ હદીષથી સાબિત થયું કે પુરૂષોને કફનમાં ત્રણ કપડાં આપવાં સુન્નત છે. ઈમામ શાફઈ તથા ઈમામ અહમદ ફર્માવે છે કે આ ત્રણ કપડાં ઈજાર, ચાદર, લિફાફો છે, કુર્તો નથી. આપણે ત્યાં પણ ત્રણ જ કપડાં મસ્નૂન છે પણ એ ત્રણ કપડાં કુર્તો, ઈજાર તથા ચાદર છે. એક ચાદર મૈયતના કદના જેટલી એ ઈજાર છે, બીજી એટલી મોટી કે બંને બાજુ એટલી વધેલી હોય કે તેને બાંધવામાં આવી શકે અને પકડીને ઉઠાવી શકાય એ લિફાફો છે. અને કુર્તો ગળાથી લઈને ગુઠણોની નીચે અને ઘૂંટીઓથી ઉપર સુધી.

હઝરત જાબિર સમુરહ رضی اللہ عنہની હદીષમાં છે, જેને ઈબ્ને અદીએ કામિલ (ઉમ્દતુલ ક઼ારી, ૮/૫૦)માં રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને ત્રણ કપડામાં કફન આપવામાં આવ્યું, કુર્તો, ઈજાર અને લિફાફો. કફનમાં અમામો નથી. આપણા અમુક મશાઈખે એને મકરૂહ ફર્માવેલ છે કેમ કે કફન ચાર થઈ જશે જે જોડ છે. પણ અમુક મશાઈખે એને ઉલમા તથા મશાઈખના માટે મુસ્તહસન બતાવ્યું, જેમ કે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી મરવી છે કે તેમણે પોતાના સાહબઝાદા વાક઼િદને પાંચ કપડાંઓમાં કફન આપ્યું. કુર્તો, અમામો અને ત્રણ લિફાફા, અને અમામાને હડપચીની નીચેથી લપેટયો. એને સઈદ બિન મન્સૂરે રિવાયત કરી (ઉમ્દતુલ ક઼ારી, ૮/૫૦) આ હદીષથી સાબિત થયું કે પુરૂષના કફનમાં ત્રણથી અધિક કપડાં આપવાં જોઈએ.

## સમજૂતી : ૭૪૪

મૌતથી દરેક ઈબાદત ખત્મ થઈ જાય છે એટલા માટે કે ઈબાદત કુર્બત (અલ્લાહની નઝદીકી)ની નિય્યત સાથે ખાસ કામો વડે અદા કરવાનું નામ છે, અને મૌત પછી ન નિય્યત છે ન કોઈ કામને અદા કરવું. હદીષમાં છે કે ફર્માવ્યું, જ્યારે માણસ મૃત્યુ પામ્યો તો તેનો અમલ ખત્મ થઈ જાય છે એટલા માટે મૌતથી એહરામ ખત્મ થઈ જાય છે. જેથી એહરામની હાલતમાં મરનારના ગુસ્લ તથા કફનમાં એહરામમાં મના ચીજો પાબંદી નથી રહેતી એટલા માટે એ સાહબને બોરડીના પાણી વડે ગુસ્લ આપવાનો હુકમ આપ્યો જ્યારે કે એહરામની હાલતમાં બોરડીના પાણી વડે ગુસ્લ મના છે, એટલા માટે મુહરિમ (એહરામવાળો) મૃત્યુ પામે તો એને ખુશ્બુ પણ લગાડો, અને સામાન્ય મુડદાંઓની જેમ તેનુ માથુ પણ ઢાંકીશું. અને આ સાહબના માટે મનાઈ એમના પર ખાસ પ્રેમને કારણે હતી. બે કપડામાં કફન આપવાનું કારણ લગભગ એ હતું કે તે સમયે એમના શરીર પર

حدیث ۷۴۵ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالیٰ عَنْهُمَا اَنَّ عَبْدَ اللّٰهِ بْنَ

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે અબ્દુલ્લાહ બિન ઉબય **[હદીષ : ૭૪૫]**

اُبَیٍّ لَمَّا تُوُفِّیَ جَاءَ ابْنُهٗ اِلَی النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالیٰ عَلَیْهِ وَسَلَّمَ فَقَالَ

(રાસુલ મુનાફિકીન) જ્યારે મરી ગયો તો તેના ફરઝંદ નબી કરીમ ﷺ ની ખિદમતમાં હાજર થયા અને

اَعْطِنِیْ قَمِیْصَكَ اُكَفِّنْهُ فِیْهِ وَصَلِّ عَلَیْهِ وَاسْتَغْفِرْ لَهٗ فَاَعْطَاهُ

અર્ઝ કરી, મને આપનો કુર્તો અર્પણ કરો જેથી એમાંથી એને કફન આપુ, અને એના પર નમાઝ પઢી દો અને

قَمِیْصَهٗ فَقَالَ اٰذِنِّیْ اُصَلِّیْ عَلَیْهِ فَاٰذَنَهٗ فَلَمَّا اَرَادَ اَنْ یُّصَلِّیَ عَلَیْهِ جَذَبَهٗ

એના માટે બખ્શિશની દુઆ કરી આપો. હુઝૂરે તેને પોતાનો કુર્તો અર્પણ કર્યો. ઈર્શાદ ફર્માવ્યો, મને ખબર

عُمَرُ فَقَالَ اَلَیْسَ اللّٰهُ نَهَاكَ اَنْ تُصَلِّیَ عَلَی الْمُنَافِقِیْنَ فَقَالَ اَنَا

આપજો એના પર નમાઝ પઢી દઈશ. તેમણે ખબર આપી. જ્યારે હુઝૂરે તેની નમાઝે જનાઝા પઢવા ચાહી તો

કેવળ બે જ કપડાં હતાં, શક્ય છે એનાથી વધુ કપડાં ન રહ્યાં હોય. કિતાબુલ ઉમરાની રિવાયતમાં છે કે એને તેનાં બંનેવ કપડામાં કફનાવો. આ હદીષથી સાબિત થયું કે મજબૂરીના કારણે ત્રણ કપડાંઓથી ઓછામાં કફન આપવામાં વાંધો નથી, અલ્બત્ત વિના મજબૂરીએ મકરૂહ છે. બે કપડાં કફને કિફાયત છે અને એક કફને ઝરૂરત છે.

**સમજૂતી : ૭૪૫**

અબ્દુલ્લાહ બિન ઉબય બિન સલૂલ સર્વ મુનાફિકોનો સરદાર હતો. જંગે બુગાષ પછી હુઝૂરે અક્દસ ﷺ ના મદીના તયબહ આગમન પહેલાં અન્સારે કિરામે નક્કી કર્યું હતું કે તેને મદીના તયબહનો બાદશાહ બનાવીશું. હજી એના પર અમલ થઈ શક્યો ન હતો એવામાં હુઝૂરે અક્દસ ﷺ મદીના તયબહ તશરીફ લઈ આવ્યા અને એ મનસૂબો પાર પડી ન શક્યો. આ નિષ્ફળતા પર તેને જે રંજ હતો તેના કારણે હમેશાં અંદરથી સળગતો હતો જેનું પ્રદર્શન વિવિધ પ્રસંગોએ કર્યું જે ક્રમે ક્રમે તેના પ્રસંગો પર આવશે. સલૂલ એની માનું અને ઉબય તુંકારવાચક શબ્દ વડે તેના બાપનું નામ છે. તેના પુત્રો ખૂબ જ નિખાલસ અને જાંનિષાર સહાબી હતા. એક મોકા પર તલ્વાર લઈને ઉભા થઈ ગયા કે જ્યાં સુધી રસૂલુલ્લાહ ﷺ ઈજાઝત નહીં આપે ત્યાં સુધી એને (બાપને) મદીનામાં દાખલ થવા દઈશ નહીં. એમનું નામ ઈસ્લામ પહેલાં ખબાબ હતું, હુઝૂરે અક્દસ ﷺ એ અબ્દુલ્લાહ રાખ્યું. એ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં જંગે યમામામાં શહીદ થયા. ઈબ્ને ઉબય ઈબ્ને સલૂલ હિ.સ. ૯માં વીસ દિવસ બીમાર રહીને મૃત્યુ પામ્યો. શવ્વાલના અંતમાં બીમાર પડયો અને ઝીકઅદાના શરૂમાં મરી ગયો. બીમારીના દિવસોમાં હુઝૂરે અક્દસ ﷺ અયાદત (ખબર પૂછવા) તશરીફ લઈ ગયા તો તેણે વિનંતિ કરી હતી કે મને કફનના માટે કુર્તો અર્પણ કરશો અને નમાઝ પઢશો. હુઝૂરે અક્દસ ﷺ એ એને સ્વીકારી લીધું. એ વાયદાના કારણે એને કમીસ મુબારક પણ અતા કર્યું અને નમાઝે જનાઝા પણ પઢી. તેમજ જંગે બદરમાં હઝરત અબ્બાસને તેણે પોતાનો કુર્તો આપ્યો તેનો બદલો ચૂકવવાનો પણ હેતુ હતો. આ અર્પણની એ અસર પડી કે બનૂ ખઝરજના હજાર માણસો ઈસ્લામથી પાવન થઈ ગયા. (ઉમ્દતુલ કારી, ૮/૫૪) તફસીરની

بَيْنَ خِيَرَتَيْنِ قَالَ اِسْتَغْفِرْ لَهُمْ اَوْلَا تَسْتَغْفِرْ لَهُمْ اِنْ تَسْتَغْفِرْ

*હઝરત ઉમરે હુઝૂરનો દામન પકડી લીધો અને અર્ઝ કરી, હુઝૂર ! શું આપને અલ્લાહે મુનાફિક઼ો પર નમાઝ*

لَهُمْ سَبْعِيْنَ مَرَّةً فَلَنْ يَّغْفِرَ اللّٰهُ لَهُمْ فَصَلّٰى عَلَيْهِ فَنَزَلَتْ - وَلَا

*પઢવાથી નથી રોક્યા ? તો ઈર્શાદ ફર્માવ્યો, મને બે વાતોમાંથી એકનો અધિકાર આપવામાં આવ્યો છે.*

تُصَلِّ عَلٰى اَحَدٍ مِّنْهُمْ مَاتَ اَبَدًا وَّلَا تَقُمْ عَلٰى قَبْرِهٖ ع ه

*ઈર્શાદ ફર્માવ્યો, તેમની બખ્શિશ ચાહો કે ન ચાહો જો સિત્તેરવાર ચાહો તો પણ અલ્લાહ તેમને હરગિઝ નહીં બખ્શે. હુઝૂરે એના પર નમાઝ પઢી, ત્યારબાદ આ આયત નાઝિલ થઈ : મુનાફિક઼ોમાંથી જો કોઈ મૃત્યુ પામે તો એના પર કદી નમાઝ ન પઢશો અને ન તેની ક઼બ્ર પર ઉભા રહેશો."*

*(બુખારી ૧/૧૬૯, ૨/૬૭૩ તફસીર, ૨/૬૭૪, ૨/૮૬૨, મુસ્લિમ—અલ્લિબાસ, અત્તૌબા, તિર્મિઝી—તફસીર, ઈબ્ને માજહ—અલ્જનાઈઝ)*

રિવાયતોમાં છે કે આપ એના પર નમાઝ પઢશે જ્યારે કે એ મુનાફિક઼ છે. આગળ એટલુ અધિક છે કે હું સિત્તેર મર્તબાથી અધિક ઈસ્તિગફાર કરીશ.

**શંકા** : અલ્લાહ ﷻનો આ ઈર્શાદ (سورۂ توبہ ٨٠) اِنْ تَسْتَغْفِرْ لَهُمْ سَبْعِيْنَ مَرَّةً فَلَنْ يَّغْفِرَ اللّٰهُ لَهُمْ "જો તમે એઓના માટે સિત્તેરવાર બખ્શિશ ચાહો પણ અલ્લાહ એમને હરગિઝ બખ્શશે નહીં." (સૂ. તૌબા—૮૦) એના બારામાં સ્પષ્ટ છે કે **મુનાફિક઼ોની મગફેરત થશે નહીં ભલે ગમે તેટલીવાર તેમના માટે ઈસ્તિગફાર કરવામાં આવે,** ભલે હુઝૂર જ કેમ ઈસ્તિગફાર ન કરે. પછી હુઝૂરે અક઼દસ ﷺનું એ ફર્માવવું કે મને બે વાતોમાંથી એકનો ઈખ્તિયાર આપવામાં આવ્યો છે એ કઈ રીતે દુરુસ્ત છે ? જ્યારે કે હુઝૂરે અક઼દસ ﷺ કુર્આન શરીફના ભાવાર્થોને સૌથી અધિક જાણનાર છે. એનો જવાબ એ છે કે આ તલ્ક઼ીયુલ મુખાતબ અલ મુતકલ્લિમ બિગૈરી મા અરાદહુ લિ મસલિહનીનના ક઼બીલથી છે એટલે ક્યારેક એવું બને છે કે મુતકલ્લિમ (વાત કરનાર)ની મુરાદના ઉપરાંત મુખાતબ (શ્રોતા) કોઈ મસ્લેહતના લીધે એવું જાહેર કરે છે કે વાતનો મતલબ આ છે. એ કારણે કે આ બીજો મતલબ એને પસંદ છે અને એને ઉમ્મીદ છે કે એને મુતકલ્લિમ માની લેશે.

હુઝૂરે અક઼દસ ﷺ સારી રીતે જાણતા હતા કે આ ઈર્શાદનો મતલબ આ છે પણ ખુદાની મખ્લૂક઼ પર હુઝૂર ﷺને પ્રેમભાવ તથા રહમત છે તેના કારણે ચાહતા હતા કે મારું સિત્તેરવારથી વધુ ઈસ્તિગફાર કરવું ક઼બૂલ થઈ જાય, એટલા માટે અહીં "સબઐન" શબ્દને જે તહદીદના માટે ન હતો તેને તેહદીદ પર ધારીને ફર્માવ્યું કે હું સિત્તેરવારથી વધુ ઈસ્તિગફાર કરીશ જેમ કે કિતાબુત્તફસીરની રિવાયતોમાં છે. અલ્લાહ ﷻએ આ આયતે કરીમા નાઝિલ ફર્માવીને જાહેર કરી આપ્યું કે **એમની મગફેરત ન થવું ક઼તઈ છે,** એમાં ફેરફાર નથી થવાનો. (سورۂ توبہ ٨٥) وَلَا تُصَلِّ عَلٰٓى اَحَدٍ مِّنْهُمْ مَاتَ اَبَدًا وَّلَا تَقُمْ عَلٰى قَبْرِهٖ **"એમનામાંથી કોઈ મરે તો તેમના જનાઝા પર નમાઝ પઢવી ન તેની ક઼બ્ર પર ઉભા રહેવું."** *(સૂ. તૌબા—૮૫)* એનું સમર્થન એનાથી પણ થાય છે કે હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું, મારો કુર્તો અલ્લાહના અઝાબથી તેને હરગિઝ બચાવશે નહીં, હું ઉમ્મીદ કરું છું કે એના કારણે એના ક઼બીલાવાળા મુસલમાન થઈ જશે. *(ઉમ્દતુલ ક઼ારી, ૮/૫૪)*

**પ્રકરણની સ્પષ્ટતા** : અહીં ઈમામ બુખારીએ એ પ્રકરણ રચ્યું છે કે, "સીલાઈવાળાં કપડાંમાં કફન

بَابُ الْكَفَنِ مِنْ جَمِيْعِ الْمَالِ وَبِهٖ قَالَ عَطَاءٌ وَالزُّهْرِيُّ وَعَمْرُو بْنُ ت ۲۳۴

''કફન પૂરા માલથી છે, અને આ જ અતા તથા ઝુહરી તથા અમ્ર બિન દીનાર **[તઅલીક઼ : ૨૩૪]**

دِيْنَارٍ وَّقَتَادَةُ ع

અને કતાદાએ કહ્યું.'' *(બુખારી, ૧/૭૦ અલ્કફન)*

આપવું અથવા વગર સીવેલામાં.'' અને **یکف**ને બે રીતે યાદ રાખવામાં આવેલ છે. **یکف** તથા **لایکف** મજહૂલના સેગા સાથે. આ **یکف**થી છે જેનો અર્થ કપડાના કિનારાને સીવવું છે. મુરાદ એ છે કે એવો કુર્તો જેના બંને છેડા સીવેલા હોય અથવા ન સીવેલા હોય. એક રિવાયત **یَکُفُّ** છે મઅરૂફ સેગા સાથે, **کَفٌّ** જેનો અર્થ રોકવું છે. એનાથી છે કફ્ફે થૌબુન. નમાઝમાં મકરૂહ છે. હવે તર્જુમો આ પ્રમાણે થયો કે કુર્તામાં કફન આપવું રોકો અથવા ન રોકો, એટલે સરકવાથી. સીવેલું હશે તો સરકવાથી રોકશે અને સીવ્યા વિનાનું હશે તો રોકશે નહીં, તો એનો સાર પણ એ જ થયો. હઝરત શયખ નૂરુલ હક્ક઼ બિન હઝરત શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رضی اللہ عنہએ એની સ્પષ્ટતા કરી. *(તયસીરુલ ક઼ારી, ૫/૪૨૨)* અઝાબથી રોકે અથવા ન રોકે. મતલબ એ વર્ણવ્યો કે સાલેહ લોકોના કુર્તાને કફન બનાવવું ચાહે મુર્દાને અઝાબથી રોકે અથવા ન રોકે.

**મસાઈલ** : આ હદીષથી સાબિત થયું કે કફનમાં કુર્તો આપવો જાઈઝ છે, ચાહે તેના છેડા સીવેલા હોય કે ન સીવેલા હોય, અલ્બત્ત વિના સીવેલો આપવો બેહતર છે. કોઈ પણ કાફિરની નમાઝે જનાઝા પઢવી જાઈઝ નથી, સહીહ એ છે કે (પઢવી) કુફ્ર છે, એટલા માટે કે નમાઝે જનાઝા અસ્લમાં ઈસ્તિગફાર છે અને કાફિરના માટે મગફેરતની દુઆ (ઈસ્તિગફાર)નો મતલબ છે કે આ અલ્લાહના આદેશને જૂઠલાવવું છે કે **اِنَّ اللّٰهَ لَا يَغْفِرُاَنْ يُّشْرَكَ بِهٖ** ''અલ્લાહ ﷻ મુશ્રિકને બખ્શશે નહીં.'' તેમજ જનાઝાની નમાઝ પઢવી એની દલીલ છે કે મૈયતને મુસલમાન જાણ્યું. અને કાફિરને મુસલમાન જાણવું કુફ્ર છે, બલ્કે તેના કાફિર હોવામાં શક પણ કુફ્ર છે. રહી ગયું ગુસ્લ, કફન, દફન તો જો એ કાફિરના સંબંધીઓ છે તો એમને આપી દેવામાં આવે, જો કોઈ ન હોય તો સુન્નતની કાળજી વિના શરીર પર પાણી રેડીને કોઈ કપડામાં લપેટીને એ નિય્યતે કોઈ ખાડામાં દાબી દેવામાં આવે કે તેની બદબૂથી તકલીફ ન ઉભી થાય. આ હદીષથી સાબિત થયું કે **બુઝુર્ગાને દીનના તબર્રુકોથી બરકત હાંસલ કરવી સુન્નત છે. તબર્રુકના માટે સવાલ કરવો જાઈઝ છે** ચાહે માગનાર માલદાર હોય. આમાં ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની ત્રણ ફઝીલતો સાબિત થઈ, એક તો કાફિર તથા મુનાફિકો પર સખ્તી, બીજી કુર્આન મજીદના ભાવાર્થોને સહીહ સમજવાની ક્ષમતા, ત્રીજી એમની રાયના પ્રમાણે કુર્આનનું નુઝૂલ થવું.

## તઅલીક઼ : ૨૩૪ની સમજૂતી

એટલે કે મૈયતના વારસામાંથી સૌ પ્રથમ કફન આપવામાં આવશે પછી જે બચશે એનાથી દેવું અદા થશે પછી વસીયત પર અમલ થશે, પછી જે બચશે તે વારસદારોમાં વહેંચાશે. અને જો છોડેલ માલ એટલો જ છે કે એનાથી કેવળ કફન જ આપી શકાય તો સર્વ કફનમાં જ ખર્ચી કાઢવામાં આવશે.

وَقَالَ عَمْرُو بْنُ دِينَارٍ اَلْحَنُوطُ مِنْ جَمِيعِ الْمَالِ عه ت ٢٣٥

[તઅલીક઼ : ૨૩૫] "અને અમ્ર બિન દીનારે ફ઼ર્માવ્યું કે મૈયતને ખુશ્બૂ પણ પૂરા માલ વડે આપવામાં આવે." (બુખારી, ૧/૭૦ અલ્કફ઼ન)

ت ٢٣٦ وَقَالَ اِبْرَاهِيْمُ يُبْدَأُ بِالْكَفَنِ ثُمَّ بِالدَّيْنِ ثُمَّ بِالْوَصِيَّةِ سه

[તઅલીક઼ : ૨૩૬] "અને ઈબ્રાહીમ નખઈએ ફ઼ર્માવ્યું કે સૌ પ્રથમ કફ઼ન આપવામાં આવે પછી કરજ પછી વસીયત." (ઉપર મુજબ)

ت ٢٣٧ وَقَالَ سُفْيَانُ اَجْرُ الْقَبْرِ وَالْغَسْلِ هُوَ مِنَ الْكَفَنِ للعه

[તઅલીક઼ : ૨૩૭] "અને સુફ઼યાન ષૌરીએ ફ઼ર્માવ્યું, ક઼બ્ર તથા ગુસ્લની મજૂરી કફ઼નથી છે."

حديث ٧٤٦ اَنَّ عَبْدَ الرَّحْمٰنِ بْنِ عَوْفٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اُتِىَ بِطَعَامٍ وَّكَانَ

[હદીષ : ૭૪૬] "હઝ઼રત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ઼ رضی اللہ عنہ ની ખિદમતમાં ખાવા લાવવામાં આવ્યું

صَائِمًا فَقَالَ قُتِلَ مُصْعَبُ بْنُ عُمَيْرٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ وَهُوَ خَيْرٌ

અને તે રોઝા઼ની હાલતમાં હતા તો ફ઼ર્માવ્યું, મુસ્અબ બિન ઉમૈર رضی اللہ عنہ (ઓહદમાં) શહીદ થયા અને તે

مِّنِّىْ كُفِّنَ فِىْ بُرْدَةٍ اِنْ غُطِّىَ رَاْسُهٗ بَدَتْ رِجْلَاهُ وَاِنْ غُطِّىَ رِجْلَاهُ بَدَا

મારાથી બેહતર હતા, તેમને એક ચાદરમાં કફ઼ન આપવામાં આવ્યું. જો તેમનું માથુ ઢાંકવામાં આવતુ તો

رَاْسُهٗ وَاُرَاهُ قَالَ وَقُتِلَ حَمْزَةُ وَهُوَ خَيْرٌ مِّنِّىْ ثُمَّ بُسِطَ لَنَا مِنَ الدُّنْيَا مَا

પગો ખુલી જતા અને જો પગો ઢાંકવામાં આવતા તો માથુ ખુલી જતુ. હું ગમાન કરું છું કે તેમણે એ પણ

## સમજૂતી : તઅલીક઼ : ૨૩૫-૨૩૬-૨૩૭

આ સર્વ તઅલીક઼ોનો સાર એ થયો કે મૈયતના વારસા (છોડેલ માલ)થી સૌ પ્રથમ તેના કફ઼ન, દફ઼ન, ગુસ્લ, ખુશ્બુ વગેરેની સુન્નત તરીક઼ા પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે, એના પછી બચે તો કરજ અદા કરવામાં આવે, તેમાંથી બચે તો વસીયત પૂરી કરવામાં આવે, તેમાંથી બચે તો વારસદારોમાં વહેંચણી કરવામાં આવે. અને જો એટલો માલ હોય કે ગુસ્લ કફ઼ન દફ઼નમાં જ સર્વ ખર્ચાઈ જાય તો એમાં જ ખર્ચવામાં આવે. પ્રથમ તઅલીક઼માં હઝ઼રત અતાના ક઼ૌલને દારમીએ અને ઝુહરી, ક઼તાદા તથા અમ્ર બિન દીનારના ક઼ૌલને અબ્દુર્રઝ્ઝાકે઼ મુત્તસિલ સનદ સાથે રિવાયત કર્યો છે. તેમજ બીજી તઅલીક઼ને પણ અબ્દુર્રઝ્ઝાકે અને ત્રીજી તઅલીક઼ને દારમીએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે.

## સમજૂતી : ૭૪૬ અને ૭૪૭

اَيْنَعَتْનો માદ્દો ينع છે એ બાબે અફ઼આલથી છે એનો મસ્દર ايناع છે. ફળનું પાકી જવું. يهد بها નો મસ્દર

بُسِطَ اَوْ قَالَ اُعْطِيْنَا مِنَ الدُّنْيَا مَا اُعْطِيْنَا وَقَدْ خَشِيْنَا اَنْ تَكُوْنَ حَسَنَاتُنَا

ફર્માવ્યું, અને હમ્ઝા (ઓહદમાં) શહીદ કરવામાં આવ્યા અને તે મારાથી બેહતર હતા. પછી અમારા

عُجِّلَتْ لَنَا ثُمَّ جَعَلَ يَبْكِيْ حَتّٰى تَرَكَ الطَّعَامَ ـ ع٥

માટે દુનિયા વિશાળ કરી દેવામાં આવી જેટલી વિશાળ કરવામાં આવી. અથવા એવું ફર્માવ્યું, **અમને દુનિયામાંથી આપવામાં આવ્યું જે આપવામાં આવ્યું, મને ડર છે કે અમારી નેકીઓનો બદલો જલ્દી ન આપી દેવામાં આવ્યો હોય !** પછી રડવા લાગ્યા ત્યાં સુધી કે ખાવાનુ ત્યજી દીધું.''

(બુખારી, ૧/૧૭૦, ૨/૫૭૯ મગાઝી)

حديث ٧٤٧ حَدَّثَنَا خَبَّابٌ قَالَ هَاجَرْنَا مَعَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

''હઝરત ખબ્બાબ બિન અરષ رضی اللہ عنہએ ફર્માવ્યું, અમે નબી ﷺની સાથે **[હદીષ : ૭૪૭]**

نَلْتَمِسُ وَجْهَ اللّٰهِ فَوَقَعَ اَجْرُنَا عَلَى اللّٰهِ فَمِنَّا مَنْ مَّاتَ وَلَمْ يَاْكُلْ مِنْ

અલ્લાહની રઝાજોઈ (રઝામંદી)ના માટે હિજરત કરી તો અમારો અજર (બદલો) અલ્લાહ તબારક વ

اَجْرِهٖ شَيْئًا مِّنْهُمْ مُّصْعَبُ بْنُ عُمَيْرٍ وَّمِنَّا مَنْ اَيْنَعَتْ لَهٗ ثَمَرَتُهٗ

તઆલાના કરમના જિમ્મા પર થઈ ગયો. અમારામાંથી ઘણા મૃત્યુ પામ્યા અને પોતાના અજરમાંથી કાંઈ ન

فَهُوَ يَهْدِبُهَا قُتِلَ يَوْمَ اُحُدٍ فَلَمْ نَجِدْ مَا نُكَفِّنُهٗ بِهٖ اِلَّا بُرْدَةً اِذَا غَطَّيْنَا

ખાધુ. એમનામાં મુસ્અબ બિન ઉમૈર પણ છે અને અમારામાં તેઓ પણ છે જેમનાં ફળો પાકી ચૂક્યાં અને

هدب છે વીણવાના (ચૂંટી કાઢવાના) અર્થમાં. પ્રથમ હદીષને ઈમામ બુખારીએ અહીં બે તરીકાથી તખરીજ કરી છે, પ્રથમ અહમદ બિન મક્કીથી, પછી મુહમ્મદ બિન મકાતિલથી. પહેલી પર પ્રકરણનો વિષય આ છે : ''કફન પૂરા માલમાંથી છે.'' એમાં આટલુ વધારે છે : فلم يوجد ما يكفن فيه الا بردة فل એમને કફનાવવા માટે એક નાની ચાદર સિવાય અન્ય કાંઈ ન હતું, એટલે કે એમના છોડેલા માલમાંથી. જેમ કે મગાઝીમાં હઝરત ખબ્બાબની હદીષમાં છે : فلم يترك الا نمرة તો તેમણે એક ધારીદાર કંબલ (ચાદર) સિવાય અન્ય કાંઈ છોડયું ન હતું, આ જ તેમનો કુલ સરમાયો હતો જેના વડે કફન આપવામાં આવ્યું. એનાથી પ્રકરણ સાબિત છે.

પછી એ જ હદીષ પર આ પ્રકરણ રચ્યું છે : ''જ્યારે કે કેવળ એક જ કપડુ હોય.'' એના હેઠળ મુહમ્મદ બિન મકાતિલના તરીકાથી તખરીજ કરી. એમાં પ્રકરણને અનુરૂપ આ વાક્ય છે : كفن فى بردة ''એક નાની સરખી ચાદરમાં કફન આપવામાં આવ્યું.'' જાહેર છે કે જો એનાથી અધિક કપડુ ઉપલબ્ધ (Available) હોત તો જરૂર તેને કફનમાં આપવામાં આવતુ. જેથી સાબિત કે કેવળ એક જ કપડુ હતુ. એનાથી સાબિત થયું કે કફને ઝરૂરત એક કપડુ છે.

હઝરત ખબ્બાબવાળી હદીષ પર આ હેડિંગ છે : ''જ્યારે કેવળ એટલુ કફન પામે જે ક્યાં તો માથાને છુપાવે અથવા પગોને, તો માથુ ઢાંકવામાં આવે.'' એ હદીષમાં સ્પષ્ટપણે વર્ણન થયેલ છે

بِهَا رَاسَهٗ خَرَجَتْ رِجْلَاهُ وَاِذَا غَطَّيْنَا رِجْلَيْهِ خَرَجَ رَاسُهٗ فَاَمَرَنَا

*તેઓ વીણી વીણીને ખાઈ રહ્યા છે. એ ઓહદના દિવસે શહીદ થયા તો એમને કફન પહેરાવવા માટે નાની*

النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنْ نُغَطِّيَ رَاسَهٗ وَاَنْ نَجْعَلَ

*સરખી ચાદર સિવાય કાંઈ ન મળ્યું. જ્યારે અમે એના વડે એમનું માથુ ઢાંકતા તો પગો નીકળી જતા અને*

عَلٰى رِجْلَيْهِ مِنَ الْاِذْخِرِ

*જ્યારે એમના પગો ઢાંકતા તો તેમનુ માથુ એનાથી બહાર આવી જતુ. તો અમને નબી ﷺએ હુકમ આપ્યો કે તેમના માથાને ઢાંકી દો અને એમના પગો પર ઈઝખર નાખી દો."*

*(બુખારી ૧/૧૭૦, ૧/૫૫૧, ૧/૫૫૬, ૧/૫૫૭, હિજરતુન્નબી ﷺ, ૨/૫૭૯ મગાઝી ગઝવતુઉહદ, ૨/૫૮૪, ૨/૯૫૫)*

હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہની હદીષના પ્રથમ તરીક઼ામાં શકની સાથે છે : અને હમ્ઝા શહીદ થયા અથવા કોઈ અન્ય સાહબ જેમના માટે પણ એક ચાદર સિવાય અન્ય કાંઈ ન મળ્યું. પણ બીજા તરીક઼ામાં વિના સંકોચે હઝરત હમ્ઝા رضی اللہ عنہનું નામ છે પણ પાછલુ વાક્ય નથી. અલ્બત્ત આ રિવાયતમાં اراہ છે. એટલે ઈબ્રાહીમ એવું કહી રહ્યા છે કે હું ગુમાન કરું છું કે એવું કહ્યું, અને હમ્ઝા શહીદ કરવામાં આવ્યા. આ વસવસો અથવા શંકા એમાં નથી કે હઝરત હમ્ઝા ઓહદમાં શહીદ થઈ ગયા કે નહીં, એ તો ક઼તઈ (નિશ્ચિત) છે. વસવસો અથવા શંકા એમાં છે કે તેમણે હઝરત હમ્ઝાનું નામ લીધું હતું કે અન્ય કોઈનું. અને બીજા તરીક઼ાનો મતલબ એ છે કે ઈબ્રાહીમ રાવીનું એ ગુમાન છે કે હઝરત હમ્ઝાનું જ નામ લીધુ હતું. ગઝવએ ઓહદના મઝલૂમ શહીદોની મુફ઼લિસી તથા તંગદસ્તીની હદ તો એ છે કે સૌને એક એક કપડુ પણ ન મળ્યું અને એક એક કપડામાં બે બે હઝરાત લપેટવામાં આવ્યા. *(બુખારી, ૨/૨૫૪ મગાઝી)*

**હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ** رضی اللہ عنہ : પિતાનું નામ ઔફ અને માનું નામ શિફ઼ા. એ બંનેવ બની ઝહરાના વ્યક્તિ હતાં. એમનો વંશવેલો નબવી વંશથી કલાબ બિન મુર્રા પર જઈને મળી જાય છે. હુઝૂરે અક઼દસ ﷺના જદ્દે આ'લા (દાદાના દાદા) કુસૈય અને તેમના દાદ ઝહરા કલાબના પુત્ર હતા. ઈસ્લામ પહેલાં એ હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہના દોસ્તોમાંથી હતા. તેમના જ જેવા પાકબાઝ, સારી પ્રકૃતિવાળા બુઝુર્ગ હતા. શરાબપાનથી તૌબા કરી લીધી હતી. અને જ્યારે ઈસ્લામનો સૂરજ ઉગ્યો તો હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہના માર્ગદર્શન પ્રમાણે તે વખતે ઈસ્લામી વર્તુળમાં સામેલ થયા જ્યારે કે હજી હુઝૂરે દારુલ અરકમમાં ઈર્શાદો તબ્લીગની છુપી મજલિસ શરૂ કરી ન હતી અને અને અમુક વ્યક્તિઓ જ ઈસ્લામની આ દૌલતથી માલામાલ થયા હતા. આ તે દસ પસંદીદા સાબેકીન અવ્વલીન બુઝુર્ગોમાંથી છે જેમને નામ સાથે જિંદગીમાં જ જન્નતની ખુશખબરી મળી, જેમને અશ્રાએ મુબશ્શરા કહેવામાં આવે છે. પ્રથમ હબ્શાની તરફ હિજરત કરી અને જ્યારે હુઝૂરે અક઼દસ ﷺમદીના તયબહ તશરીફ લઈ ગયા તો આપ વિના વિલંબે મદીના હાજર થયા. સર્વ ગઝવાતમાં સાથે રહ્યા. જંગે ઓહદમાં એવા જિગરપૂર્વક લડયા કે વીસથી વધુ ઝખ્મો લાગ્યા અને પગોમાં એવા કારમા ઘા પડયા કે જિંદગીભર યાદગાર રહ્યા. લંગડાઈને ચાલતા હતા. ખૂબ જ સાહિબુર્રાય બુઝુર્ગ હતા. હઝરત ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہએ પોતાના પછી જે છ બુઝુર્ગોને ખલીફતુલ મુસ્લિમીન ચૂંટવાનો હક્ક઼ આપ્યો હતો એમનામાં એક આ પણ હતા. હક઼ીક઼ત એ છે કે તેમણે આ મહત્વનું કાર્ય ખૂબ જ સારા અંદાઝમાં અંજામ આપ્યુ. હઝરત

ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ ખિલાફતના કારોબારને અંજામ આપવા માટે જે મજલિસે શૂરા (સલાહકાર સમિતિ) નિયુક્ત કરી હતી તેના એક મહત્વના સભ્ય આ પણ હતા. જંગે કાદસિયાના પ્રસંગે જ્યારે ઈરાનીઓએ મુસલમાનોને પૃથ્વીના પટ પરથી નેસ્તો નાબૂદ કરવાના માટે પોતાની પૂરી શક્તિ ભેગી કરીને ચઢાઈ કરી હતી તો તેમની જ હક્ક જોનારી નજર હઝરત સઅદ બિન વક્કાસ પર સર સેનાપતિના માટે પડી હતી. હઝરત ઝુન્નૂરૈન ઉષ્માનગની رضی اللہ عنہએ જનાઝાની નમાઝ પઢાવી અને જન્નતુલ બકીઅમાં દફન કરવામાં આવ્યા.

હઝરત અલી رضی اللہ عنہએ જનાઝા પર ઉભા થઈને કહ્યું, હે ઈબ્ને ઔફ ! જા ! તેં દુનિયાનુ સાફ પાણી મેળવ્યું અને દહોળુ છોડયું. હઝરત સઅદ બિન વક્કાસ رضی اللہ عنہ જનાઝો ઉઠાવનારાઓમાં સામેલ હતા, એવું કહેતા જતા હતા : وا جبلاه "હાય ! આ પહાડ પર જતો રહ્યો !"

**હઝરત મુસ્અબ બિન ઉમૈર** رضی اللہ عنہ : તેમની કુન્નિયત અબૂ મુહમ્મદ અને વાલિદનું નામ ઉમૈર. વાલિદાનુ નામ ખનાસ બિન્તે માલિક છે. આપનો વંશવેલો કુસ્સઈ બિન કલાબ પર જઈને નબવી વંશ સાથે મળી જાય છે. તેમના પરદાદા અબ્દુદ્દાર અને હુઝૂરે અક્દસ ﷺના પર દાદા અબ્દે મુનાફ ભાઈ છે. આપ અતિશય હસીનો જમીલ (હેન્ડસમ) બુઝુર્ગ હતા અને જાહેરી દેખાવ હુઝૂરે અક્દસ ﷺથી ખૂબ મલતો જુલતો હતો. માબાપના ખૂબ જ ચહીતા તથા પ્યારા હતા. તેમણે ખૂબ જ નાઝો નેઅમત સાથે ઉછર્યા. એક એકથી ચડિયાતા પોશાક વડે સજતા અને ઉમદાથી ઉમદા ખુશ્બુ વડે ખુશ્બોદાર રહેતા. હુઝૂરે અક્દસ ﷺ જ્યારે એમની ચર્ચા કરતા તો ઈર્શાદ ફર્માવતા કે મેં મક્કામાં મૂસ્અબથી વધુ હસીન તથા ઉમદા પોશકવાળો, નેઅમતોમાં ઉછરેલ નથી જોયો. પણ આ લાલન પાલનમાં ઉછરેલ ખૂબસૂરત હસ્તીએ તૌહીદની શરાબ એવી પીધી કે સરશારીનો આલમ સાંભળી ચૂક્યા કે શહાદત પછી શરીર પર એક નાની સરખી કમલી રહી ગઈ હતી.

***દો આલમસે કરતી હૈ બેગાના દિલકો–અજબ ચીઝ હૈ લઝ્ઝતે આશનાઈ***

જાહેરી હુસ્નો જમાલની સાથોસાથ આંત્રિક હુસ્ન પણ પ્રકૃતિમાં મિશ્ર થયેલ હતું જેના પરિણામે જ્યારે હુઝૂર દારુલ અરકમમાં બિરાજેલ હતા અને આ ઈસ્લામની દૌલતથી માલામાલ થઈ ગયા. પ્રારંભમાં ઈસ્લામને છુપાવ્યો પણ એક દિવસે ઉષ્માન બિન તલ્હાએ નમાઝ પઢતા જોઈ લીધા તો તેમના પિતાને ખબર કરી દીધી, એ જુર્મમાં ઘરની અંદર કેદ કરી દેવામાં આવ્યા. જ્યારે હબ્શાની તરફ હિજરત શરૂ થઈ તો મોકો જોઈને એક દિવસ હબ્શા ચાલ્યા ગયા. અમુક દિવસો બાદ મક્કા પરત થયા તો તે જાહેરી હુસ્નો જમાલ તથા આકર્ષકતા વિદાય થઈ ચૂકી હતી. મા બાપે જોયું તો દયા આવી ગઈ અને ઘરે શરણ આપ્યું.

જ્યારે અન્સારે કિરામે બયઅતે ઉક્બા ઉલા કરી અને એક મુબિલ્લગની દરખાસ્ત રજૂ કરી તો પસંદગીની નજર એમના પર ઠરી અને એ મદીના પાક તશરીફ લઈ ગયા અને વરસભરમાં એ ક્રાંતિ સર્જી કે બીજા વરસે હજ્જમાં આવનારાઓમાંથી ૭૨ વ્યક્તિઓ ઈસ્લામી વર્તુળમાં પ્રવેશી ગયા. જંગે બદર તથા જંગે ઓહદમાં લશ્કરે નબવીના અલમબરદાર (ઝંડાધારી) હતા. જંગે બદરમાં જાંનિષારીનો હક્ક અદા કરતાં શહાદતનો જામ પીધો. જંગે ઓહદમાં જ્યારે સહાબાએ કિરામ આમતેમ વેરવિખેર થઈ ચૂક્યા હતા ત્યારે આપ ઘણી જ જવાંમર્દી સાથે ઈસ્લામનો ઝંડો લઈને પોતાની જગાએ અડગ જામી રહ્યા. ઈબ્ને કુમિય્યહ્એ આગળ વધીને તલ્વાર વડે જમણો હાથ કાપી નાખ્યો તો ડાબા હાથમાં ઝંડો લઈ લીધો અને આયતે કરીમા وَمَا مُحَمَّدٌ اِلَّا رَسُوْلٌ ج قَدْ خَلَتْ مِنْ قَبْلِهِ الرُّسُلُની તિલાવત કરી. તેણે તેને પણ કાપી નાખ્યો તો બંને બાવડાં વડે ઝંડો પકડીને છાતીથી દબાવીને ઈસ્લામનો ઝંડો ઊંચો રાખેલ રહ્યા. તે જાલિમે ઉશ્કેરાઈને છાતી પર એવો ભાલો માર્યો કે તેની અણી છાતીમાં જ રહી ગઈ અને આ તૌહીદનો દાઈ (દા'વત આપનાર) મઝકૂર આયતની તિલાવત કરતાં કરતાં અલ્લાહને પ્યારો થઈ ગયો. હવે ઝંડો આગળ વધીને તેમના ભાઈ અબુર્રૂમ બિન ઉમૈરે ઉઠાવી લીધો જે અંતિમ શ્વાસ સુધી પકડેલ રહ્યા. જંગના ખાત્મા પછી હુઝૂરે અક્દસ ﷺએ તેમની મુબારક

લાશની પાસે ઊભા થઈને આ આયતે કરીમા તિલાવત કરી :–

مِنَ الْمُؤْمِنِينَ رِجَالٌ صَدَقُوا مَا عَاهَدُوا اللّٰهَ عَلَيْهِ (سورۂ محمد) "મો'મિનોમાં ઘણા બધા એવા છે જેમણે અલ્લાહથી જે વાયદો કર્યો હતો તેને સાચો કરી દેખાડયો." *(સૂ. મુહમ્મદ)*

પછી તેમને સંબોધીને ફર્માવ્યું, "મેં તમને મક્કામાં જોયા હતા. તમારાથી અધિક હેન્ડ્સમ સારા પોશાકવાળો કોઈ યુવાન ન હતો અને આજે જોઈ રહ્યો છું કે તમારા વાળ વિખેરાયલા છે અને શરીર પર કેવળ એક ચાદર છે. અલ્લાહના રસૂલ ગવાહી આપે છે કે તમે લોકો કયામતના દિવસે જરૂર અલ્લાહ ﷻની સમક્ષ હાજર થશો." શહાદતના સમયે ઉમર મુબારક ૪૦ વરસથી થોડીક વધારે હતી.

***ખૂશા રસ્મે બિના કરન્દ બખાકો ખૂન ગલ્તીદન***
***ખુદા રહમત કુનદ ઇં આશિક઼ાને પાક તીનતરા***

(અર્થ) : "એ લોકોએ લોહી તથા માટીમાં તડપવાના કેટલા સરસ રિવાજનો પાયો નાખ્યો ! ખુદા આ નેક તબિઅતવાળા આશિકો પર રહમત ફર્માવે."

**હઝરત ખબ્બાબ બિન અરત :** તેમની કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ છે. આપ કબીલા તમીમના ચશ્મો ચિરાગ હતા. ગુલામ બનાવીને મક્કાના બજારમાં વેચવામાં આવ્યા. તેમનો ઈસ્લામ લાવનારાઓમાં છઠ્ઠો નંબર છે એટલા માટે એ "સાદિસુલ ઈસ્લામ" કહેવાય છે. **તેમનો મક્કામાં કોઈ હાદી તથા મદદગાર ન હતો જેથી એમના પર એવા જુલ્મો કરવામાં આવ્યા કે જેને સાંભળીને કલેજુ કાંપી ઉઠે છે. જાલિમો તેમને સળગતા અંગારાઓ પર સૂવડાવીને છાતી પર વજનદાર પથ્થર મૂકીને તેમના પર ચડી જતા અને ત્યાં સુધી ન છોડતા જ્યાં સુધી આગના અંગારા ઝખ્મના પાણીથી ઓલવાઈ ન જતા ! રહમતે આલમ ﷺ તેમને તસલ્લી આપતા. તેમના જાલિમ માલિકને આટલાથી સંતોષ ન થયો તો તેણે લોઢું તપાવીને તેમના માથાને ડામ લીધો. આ મુસીબતો પણ તેમને રજ માત્ર હચમચાવી ન શકી, આપ અડગતાનો પહાડ બનીને સૌ સહન કરતા રહ્યા.** એકવાર ખિદમતે અક્દસ ﷺમાં અર્ઝ કરી, દુઆ ફર્માવો કે અલ્લાહ ﷻ આ અઝાબથી છૂટકારો આપે. હુઝૂરે અક્દસ ﷺએ દુઆ ફર્માવી, હે અલ્લાહ ! ખબ્બાબની મદદ કર ! **એમનું આસ બિન વાઈલના ઉપર કરજ હતું. આપ માગણી કરતા તો તે એવું કહેતા કે, હું ત્યાં સુધી આપીશ નહીં જ્યાં સુધી મુહમ્મદ (ﷺ)નો સાથ નહીં છોડો. તેર વરસો સુધી સતત આ તકલીફો તથા મુસીબતો સહન કરતા રહ્યા.** પછી મદીના તયબહ હિજરત કરી અને સર્વ ગઝવાતમાં શરીક થવાની સઆદત હાંસલ કરી.

હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ તેમનો એટલો એહતેરામ કરતા કે પોતાની સવારી પર બેસાડતા અને કહેતા કે આ સવારી પર બેસવાને લાયક તમારા સિવાય એક અધિક શખ્સ છે અને તે બિલાલ છે. આપ ફર્માવતા, બિલાલ કેવી રીતે મુસ્તહિક (પાત્ર) થશે કેમ કે તેમના તો ઘણા સમર્થક હતા અને મારો તો કોઈ મદદગાર ન હતો ! મારા પર તો આવી આવી ગુજરી છે.

કૂફામાં બીમાર પડયા અને લાંબા સમય સુધી બીમાર રહ્યા. **બીમારીના લંબાવાથી ગભરાઈને ફર્માવ્યા કરતા હતા કે હુઝૂરે અક્દસ ﷺએ મૌતની દુઆ માંગવાથી મના ન ફર્માવ્યું હોત તો હું મૌતની દુઆ માંગતો !** હઝરત અલી کرم اللہ وجہہ الکریم જંગે સિફ્ફીનથી પરત થયા હતા એવામાં વિસાલની ખબર સાંભળી અને જનાઝાની નમાઝ પઢાવી. વસિયત પ્રમાણે કૂફા બહાર દફન કરવામાં આવ્યા. આ ચર્ચા મુજબ તેમના વિસાલની સન હિ.સ. ૩૭ છે. એક રિવાયતમાં છે કે ફારૂકી યુગમાં હિ.સ. ૧૯માં વફાત પામ્યા.

حدیث ۷۴۸ عَنْ سَهْلٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ امْرَأَةً جَاءَتِ النَّبِیَّ صَلَّی اللّٰهُ

"હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہથી મરવી છે કે એક ખાતૂન નબી ﷺની [હદીષ : ૭૪૮]

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ بِبُرْدَةٍ مَّنْسُوْجَةٍ فِیْهَا حَاشِیَتُهَا تَدْرُوْنَ مَا الْبُرْدَةُ

ખિદમતમાં પોતાની ગુથેલી ધારીદાર બુર્દા લાવી. તમે લોકો જાણો છો બુર્દા શું ચીજ છે ? લોકોએ કહ્યું,

قَالُوا الشَّمْلَةُ قَالَ نَعَمْ قَالَتْ نَسَجْتُهَا بِیَدِیْ فَجِئْتُ لِاَکْسُوَکَهَا فَاَخَذَهَا

ચાદર ! તેમણે ફર્માવ્યું, હા ! તેણીએ અર્ઝ કરી, એને મેં મારા હાથથી વણી છે અને એટલા માટે લાવી છું કે

النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ مُحْتَاجًا اِلَیْهَا فَخَرَجَ اِلَیْنَا وَاِنَّهَا اِزَارُهٗ

હુઝૂરને પહોંચાડું. તેને નબી ﷺએ લઈ લીધી. હુઝૂર ﷺને તે વખતે તેની જરૂરત હતી. કાશાનાએ

فَحَسَّنَهَا فُلَانٌ فَقَالَ اکْسُنِیْهَا مَا اَحْسَنَهَا فَقَالَ الْقَوْمُ مَا اَحْسَنْتَ لَبِسَهَا

અક્દસ ﷺથી (દૌલતખાનાથી) અમારી તરફ તશરીફ લાવ્યા અને એ ચાદરનું તેહબંદ પહેરેલ હતા.

النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ مُحْتَاجًا اِلَیْهَا ثُمَّ سَاَلْتَهٗ وَعَلِمْتَ اَنَّهٗ لَا یَرُدُّ

ફલાણા સાહબે કહ્યું, ઘણી સારી છે ! અને અર્ઝ કરી, મને અર્પણ કરી આપો ! ઘણી ઉમદા છે ! લોકોએ કહ્યું, તેં

قَالَ اِنِّیْ وَاللّٰهِ مَا سَاَلْتُهٗ لِاَلْبَسَهٗ وَاِنَّمَا سَاَلْتُهٗ لِتَکُوْنَ کَفَنِیْ قَالَ سَهْلٌ فَکَانَتْ

સારું કામ નથી કર્યું અને નબી ﷺએ એ સંજોગોમાં પહેરી હતી કે એની જરૂરત હતી છતાં તેં માગી લીધી !

کَفَنَهٗ ع ه

અને તને ખબર છે કે હઝરત કોઈને મેહરૂમ નથી રાખતા. તેમણે કહ્યું, ખુદાની કસમ ! મેં એટલા માટે ન

માગી હતી કે એને પહેરું, મેં એટલા માટે માગી છે કે મારું કફન બને. હઝરત સહલે ફર્માવ્યું,

આ મુબારક ચાદર તેમનું કફન બની."

(બુખારી, ૧/૧૭૦, ૨/૮૬૪–૮૬૫, અલ્લિબાસ, ૨/૮૯૨ અલ્અદબ, ૨/૮૯૨ અલ્અદબ, નિસાઈ–ઝીનત, ઈબ્ને માજહ લિબાસ, મુસ્નદે ઈમામ અહમદ–૫/૩૩૩–૩૩૪)

## સમજૂતી : ૭૪૮

કિતાબુલ્ લિબાસમાં એટલુ વધારે છે કે એને પહેરીને હુઝૂરે અક્દસ ﷺ અમારી પાસે તશરીફ લાવ્યા અને થોડીકવાર બેઠા પછી તેને ઉતારીને ગડી કરીને તેમને આપી દીધી. કિતાબુલ અદબમાં છે કે જ્યારે હુઝૂરે અક્દસ ﷺ તશરીફ લઈ ગયા તો લોકોએ તેમને કહ્યું અને જવાબમાં તેમણે કહ્યું કે, "હું બરકતના માટે લઈ રહ્યો છું." કિતાબુલ્ લિબાસમાં છે કે જ્યારે હઝરત સહલે પૂછ્યું, બુર્દા શું છે ? તો લોકોએ કહ્યું, એ ચાદર જેમાં હાશિયો

حدیث ۷۴۹ عَنْ اُمِّ عَطِیَّۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہَا اَنَّہَا قَالَتْ نُھِیْنَا عَنْ

''હઝરત ઉમ્મે અતિય્યહ્ رضی اللہ عنہا એ ફર્માવ્યું, અમને જનાઝાની સાથે જવાથી મના **[હદીષ : ૭૪૯]**

اِتِّبَاعِ الْجَنَائِزِ وَلَمْ یُعْزَمْ عَلَیْنَا

*કરવામાં આવ્યું અને કૃતઈ તૌર પર (નિશ્ચિતપણે) નથી મના કરવામાં આવ્યું.''*

*(બુખારી, ૧/૧૭૦ ઈત્તિબાઉન્નિસાઈલ જનાઝહ્, ૧/૪૫, અલ્હૈઝ, ૨/૮૦૪ અત્તલાક્)*

(ધારી ભરતવાળી) હોય. અને કિતાબુલ્ અદબમાં છે : લોકોએ કહ્યું, શિમ્લા. તો ફર્માવ્યું તે શિમ્લો જેમાં હાશિયો બનેલો હોય.

**બુર્દા** = ધારીદાર ચાદર, શિમ્લા તે ચાદર જે શરીર પર લપેટવામાં આવે. બુર્દા આમ છે અને શિમ્લા ખાસ, પણ એકને બીજાના માટે બોલવામાં આવે છે. ફલાણા કોણ સાહબ હતા ? મુહિબ્બ તિબ્રીએ કહ્યું કે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ હતા. તિબ્રાનીની એક રિવાયતમાં છે કે હઝરત સઅદ બિન વક્કાસ હતા. એની જ એક રિવાયતમાં છે કે એક અઅ્રાબી હતા, પણ તેની સનદમાં ઝમઆ બિન સાલેહ છે જે ઝઈફ છે. આ હદીષથી સાબિત થયું કે **પોતાના જીવનમાં કફન તૈયાર કરાવીને રાખી શકીએ છીએ, એનાથી મૌત યાદ આવ્યા કરશે.**

હુઝૂરે અક્દસ ﷺ એ ફર્માવ્યું : **افضل المومنین ایمانا اکثرھم للموت ذکرا واحسنھم استعدادا ''મો'મિનોમાં ઈમાનના એ'તબારથી અફ઼ઝલ તે છે જે મૌતને સૌથી અધિક યાદ કરતો હોય અને એની સૌથી સારી તૈયારી કરતો હોય.''** અને એનું જાઈઝ હોવું સહાબાએ કિરામના મૌનથી સાબિત થાય છે કે કોઈએ એના પર ઈન્કાર નથી કર્યો. અલ્બત્ત કૃબ્ર ખોદીને રાખવી મના છે કે શું ખબર ક્યાં મૌત આવે. કફન તો જ્યાં જાય ત્યાં પોતાની સાથે લઈ જઈ શકે છે. છતાંય ઘણાય સાલેહીનથી નક્લ થયેલ છે કે તેમણે પોતાના હાથ વડે પોતાની કૃબ્રો તૈયાર કરી લીધી હતી. કોઈકે પોતાની જિંદગીમાં કૃબ્ર ખોદીને બનાવી રાખવાને નાજાઈઝ હોવાની દલીલમાં એવું કહ્યું હતું કે એ સહાબાએ કિરામથી નક્લ થયેલ નથી. તો અલ્લામા અયનીએ એનો જવાબ એ આપ્યો કે **સહાબાએ કિરામથી કોઈ ચીજનું ન હોવું એ એના નાજાઈઝ હોવાની દલીલ નથી,** એટલા માટે કે જેને મુસલમાન સારું સમજે તે અલ્લાહ નજીક પણ સારું છે. ખાસ કરીને જ્યારે કે એ કાર્યને સુલહાએ અખ્યાર (બુરાઈથી બચનારા નેક લોકો)ની એક જમાઅતે કર્યું હોય. **હું કહું છું અલ્લાહની તૌફીક્થી:** એ કૈદ (શર્ત) લગાડવી જરૂરી છે કે એ કાર્યનો કોઈ તાકીદ ન હોય, ત્યારે કાર્ય (અમલ) ન હોવું એ જાઈઝ ન હોવાની દલીલ નથી અને કરનાર (તાકીદ) હોવા છતાં સહાબાએ કિરામનું કોઈ ફેઅલ (કાર્ય) ન કરવું તેના મશરૂઅ (શરીઅત મુજબ) ન હોવાની દલીલ છે. જેમ કે આ'લા ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ ''અલ્ હાદિયુલ હાજત''માં એના પ્રતિ નિર્દેશ કર્યો છે. તેમજ સાબિત થયું કે **સાલેહીનના આષાર (તબુર્રકો)થી બરકત હાંસલ કરવી સહાબીઓની સુન્નત છે.** તેમજ એ સાબિત થયું કે હુઝૂરે અક્દસ ﷺ માગનારા (સાઈલ)ને મેહરૂમ ન રાખતા હતા ભલે પોતે તકલીફ ઉઠાવવી પડે.

**સમજૂતી : ૭૪૯** આ એક લાંબી હદીષનો ટુકડો છે જે ભાગ–૨માં પેજ : ઉર્દૂ : ૨૩૪ (ગુજરાતીમાં પેજ નં. ૨૧૨, હદીષ–૨૨૦) પર આવી ગઈ છે, પણ ત્યાં જનાઝાની સાથે સ્ત્રીઓએ જવા વિશેની સ્પષ્ટતા નથી કરવામાં આવી. એટલા માટે એને ફરી લખી છે. હદીષના જાહેરથી એ જ સમજમાં આવે છે કે, આ મનાઈ

حدیث ۷۵۰ عَنْ مُحَمَّدِ بْنِ سِيرِينَ قَالَ تُوُفِّيَ ابْنٌ لِأُمِّ عَطِيَّةَ فَلَمَّا كَانَ الْيَوْمُ

*''હઝરત મુહમ્મદ બિન સીરીને ફર્માવ્યું કે ઉમ્મે અતિય્યહ્‌ના એક સાહબઝાદા મૃત્યુ* **[હદીષ : ૭૫૦]**

الثَّالِثُ دَعَتْ بِصُفْرَةٍ فَتَمَسَّحَتْ بِهِ وَقَالَتْ نُهِينَا أَنْ نُحِدَّ أَكْثَرَ

*પામ્યા. તો જ્યારે ત્રીજો દિવસ થયો તો તેમણે પીળા રંગની ખુશ્બુ મંગાવીને ઘસી અને ફર્માવ્યું કે પતિ*

મકરૂહે તન્ઝીહીની હદ સુધી છે. હઝરત ઈમામે આ'ઝમે ફર્માવ્યું, હું એને યોગ્ય નથી સમજતો. એનાથી પણ એ જ સાબિત થાય છે કે ઈમામ બુખારીએ પ્રકરણમાં ન જાઈઝ હોવાની સ્પષ્ટતા કરી છે ન હરામ હોવાની. આ એ કારણે છે કે એના અનુસંધાનમાં વિવિધ હદીષો આવી છે. ઈમામ અબૂબક્ર ઈબ્ને અબી શયબા (ઉમ્દતુલ ક઼ારી, ૮/૬૪) ઈમામ બુખારીના ઉસ્તાદે હઝરત અબૂ હુરૈરહ્‌ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હઝરત ઉમર رضی اللہ عنہએ એક સ્ત્રીને જોઈ તો એના પર બૂમ પાડી. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એને જવા દો હે ઉમર ! એટલા માટે કે આંખ રડી રહી છે અને જાન પર મુસીબત આવી પડી છે. જુદાઈનો જમાનો નજીક છે. આ હદીષથી ઈજાઝત નીકળે છે પણ આ હદીષ વિવિધ કારણો એ મજરૂહ છે એટલા માટે કાબિલે અસ્નાદ નથી. એથી ઉલ્ટુ ઈમામ હાકિમે (હવાલો : ઉપર મુજબ) મુસ્તદરકમાં હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺની સાથે અમે એક જણાને દફન કર્યો. જ્યારે અમે પાછા ફર્યા તો હુઝૂર પોતાના દરવાજાના લગોલગ પહોંચ્યા તો સામે એક સ્ત્રીને જોઈ. અમારું ગુમાન એ ન હતું કે હુઝૂરે તેમને ઓળખી લીધાં છે. તેમને જોઈને હુઝૂરે ફર્માવ્યું, હે ફ઼ાતિમા ! ક્યાંથી આવો છો ?! તેમણે અર્ઝ કરી, મૈયતવાળાઓને ત્યાંથી. મેં એમની મૈયતના માટે રહલતની દુઆ કરી અને તેમને તસલ્લી આપી. ફર્માવ્યું, કદાચ તમે ક઼બ્ર સુધી ગયાં હતાં ?! અર્ઝ કરી, મઆઝલ્લાહ ! હું તેમની સાથે ક઼બ્ર સુધી જતી ?! જ્યારે કે હું હુઝૂરથી સાંભળી ચૂકી છું કે એના બારામાં હુઝૂર શું કહે છે. ઈર્શાદ ફર્માવ્યો, જો તમે એમની સાથે ક઼બ્ર સુધી જાત તો ત્યાં સુધી જન્નત ન જોવત જ્યાં સુધી તમારા બાપના દાદા ન જોવત. ઈમામ હાકિમે ફર્માવ્યું કે આ હદીષ શયખૈન ઈમામ બુખારી તથા ઈમામ મુસ્લિમની શર્ત પર છે એનાથી મનાઈ સાબિત થાય છે.

ઈમામ માલિકે ફર્માવ્યું કે જનાઝાની સાથે સ્ત્રીઓએ જવું વિના કરાહત જાઈઝ છે અલ્બત્ત યુવાન સ્ત્રીઓ માટે મકરૂહ છે. અબ્દરીએ ઈમામ માલિકથી એ નક઼લ ફર્માવ્યું કે જો મૈયત સ્ત્રીની ઔલાદ અથવા પતિ અથવા એવો સંબંધી છે જેનાથી મુલાક઼ાત માટે જિંદગીમાં જતી હતી તો જઈ શકે છે, નહીં તો નહીં. ઈમામ શાફઈના નજીક મુત્લક઼ન (વિના અપવાદે) મકરૂહ છે, અલ્બત્ત હરામ નથી. ઈમામ નવવી શાફઈએ ફર્માવ્યું કે બિદઅત છે. **આ બધું તે દૌરના માટે હતું અને હવે જ્યારે કે મસ્જિદોમાં જમાઅત માટે જવું મના છે તો જનાઝાની સાથે જવાની કેવી રીતે ઈજાઝત મળશે ?! એટલા માટે ગુન્યહમાં ફર્માવ્યું, એ ન પૂછ કે આ જાઈઝ છે કે નાજાઈઝ ?! એ પૂછ કે એ સ્ત્રી પર કેટલી લઅનત અલ્લાહના તરફ઼થી થાય છે ?! અને કેટલી ફ઼રિશ્તાઓ તરફ઼થી અને કેટલી ક઼બ્રવાળા તરફ઼થી ?!**

## સમજૂતી : ૭૫૦–૭૫૧–૭૫૨

تُحِدَّનો મુસ્દર અલ્ અહદાદ છે. એનો મુસ્દર ષલાષી મુજર્રદથી حَدٌّ حِدَادٌ છે નસર–યનસૂરૂ અને ઝરબ–યઝરિબુ બંનેવથી આવે છે, એનો અર્થ કોઈ મરનારા પર ગમગીન થવું અને શણગાર છોડી આપવું છે. صفرة પીળો રંગ, એનો મોટા ભાગે ઉપયોગ પીળા રંગની ખુશ્બુના અર્થમાં થાય છે. કિતાબુત્તલાક઼માં بصفرةને બદલે بطيب છે, અને મુહમ્મદ બિન યૂસુફ઼થી જે રિવાયત છે એમાં આ પ્રમાણે છે :

مِنْ ثَلَاثٍ اِلَّا عَلٰی زَوْجٍ ؏

સિવાય કોઈ અન્યનો ત્રણ દિવસથી વધુ સોગ મનાવવાથી મના કરવામાં આવ્યું છે."

(બુખારી, ૧/૧૭૦, ૨/૮૦૪ અત્તલાક઼)

حدیث ۷۵۱ عَنْ زَیْنَبَ بِنْتِ اَبِیْ سَلَمَةَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا قَالَتْ لَمَّا جَاءَ

"ઝયનબ બિન્તે અબી સલ્મા رضی اللہ عنہا એ ફર્માવ્યું, જ્યારે શામથી અબૂ સુફયાનની **[હદીષ : ૭૫૧]**

نَعْیُ اَبِیْ سُفْیَانَ مِنَ الشَّامِ دَعَتْ اُمُّ حَبِیْبَةَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھَا بِصُفْرَةٍ

વફાતની ખબર આવી તો ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا એ ત્રીજા દિવસે પીળા રંગની

فِی الْیَوْمِ الثَّالِثِ فَمَسَحَتْ عَارِضَیْھَا وَذِرَاعَیْھَا وَقَالَتْ اِنْ کُنْتُ عَنْ ھٰذَا

ખુશ્બુ મંગાવી અને તેને પોતાના બંને ગાલો પર તથા બાવડાં પર ઘસી અને ફર્માવ્યું, હું એનાથી અલિપ્ત

لَغَنِیَّةٌ لَوْلَا سَمِعْتُ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یَقُوْلُ لَا یَحِلُّ

રહેતી જો મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને એવું ફર્માવતાં ન સાંભળ્યા હોત કે જે સ્ત્રી અલ્લાહ અને પાછલા દિવસ પર

لِامْرَاَةٍ تُؤْمِنُ بِاللّٰہِ وَالْیَوْمِ الْاٰخِرِ اَنْ تُحِدَّ عَلٰی مَیِّتٍ فَوْقَ ثَلٰثٍ اِلَّا عَلٰی

ઈમાન રાખતી હોય તેના માટે જાઈઝ નથી કે પતિના સિવાય કોઈ અન્ય માટે ત્રણ દિવસથી વધુ સોગ

زَوْجٍ فَاِنَّھَا تُحِدُّ عَلَیْہِ اَرْبَعَةَ اَشْھُرٍ وَّعَشْرًا ؏

મનાવે. હા ! પતિ માટે ચાર મહિના દસ દિવસ સોગ છે."

**بطيب فيه صفرة خلوق او غيره فدهنت منه جاريته** એટલે કે ખુશ્બુ મંગાવી જેમાં સફરા ખુલૂક઼ અથવા અન્ય કાંઈ હતું. લોંડીને હુકમ આપ્યો, તેણીએ તેમાંથી થોડુક લઈને તેલ મિલાવ્યું પછી ઉમ્મુલ મો'મિનીને તેને લઈને પોતાના ગાલો તથા પહોંચાઓ પર ઘસ્યું. ત્રીજી હદીષમાં ત્યાં એટલુ અધિક છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત ઝયનબ رضی اللہ عنہا એ ફર્માવ્યું કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને મિમ્બર પર એવું કહેતાં સાંભળ્યા, ખુલૂક઼ આ યુગની એક મશ્હૂર ખુશ્બુ છે જેને ઝાફરાન વગેરે મિલાવીને બનાવતા હતા.

**نعیٰ ابی سفیان : نعی-نعی** મૌતની ખબર. આ અબૂ સુફયાન رضی اللہ عنہ હઝરત મુઆવિયહના વાલિદે માજિદ છે, આ હદીષ એના પર નસ (દલીલ) છે કે હઝરત અબૂ સુફયાનનો વિસાલ શામમાં થયો હતો. જો કે સર્વ સિયરવાળાઓ એના પર એકમત છે કે તેમનો વિસાલ મદીના તયબહમાં થયો, ત્યાં સુધી કે ખૂદ અલ્લામા બદરુદ્દીન અયનીએ પણ હિરક઼્લની હદીષ હેઠળ એ જ લખ્યું. એની પયરવી (અનુસરણ) કરતાં ભાગ–૧માં મેં એ જ લખ્યું, પણ અહીં અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે **بالشام** કહેવામાં નઝર છે. આ વધારો હઝરત સુફયાન ઈબ્ને અયનિયાની રિવાયતમાં છે. મારું ગુમાન એ છે કે આ વહેમ છે. આ રિવાયતમાં "ઈબ્ન" છૂટી ગયેલ છે, એટલા માટે કે શામમાં યઝીદ ઈબ્ને અબી સુફયાનનો વિસાલ થયો હતો. અલ્લામા અયનીએ એનો આદત

حدیث ۷۵۲ عَنْ زَیْنَبَ بِنْتِ اَبِیْ سَلَمَةَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا اَنَّھَا اَخْبَرَتْہُ

"હઝરત ઝયનબ બિન્તે અબૂ સલ્મા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે હું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની **[હદીષ : ૭૫૨]**

قَالَتْ دَخَلْتُ عَلٰی اُمِّ حَبِیْبَةَ زَوْجِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فَقَالَتْ

જીવન સંગિની ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે હ્બીબા رضی اللہ عنہا ના ત્યાં ગઈ તો તેમણે ફર્માવ્યું, મેં

سَمِعْتُ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یَقُوْلُ لَا یَحِلُّ لِامْرَاَۃٍ

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યા કે જે સ્ત્રી અલ્લાહ અને ક્યામતના દિવસ પર ઈમાન ધરાવતી હોય

تُؤْمِنُ بِاللّٰہِ وَالْیَوْمِ الْاٰخِرِ اَنْ تُحِدَّ عَلٰی مَیِّتٍ فَوْقَ ثَلَاثٍ اِلَّا عَلٰی زَوْجٍ

તેના માટે જાઈઝ નથી કે મૈયત પર ત્રણ દિવસથી વધુ સોગ મનાવે. હા ! પતિ માટે ચાર મહિના દસ દિવસ

اَرْبَعَةَ اَشْھُرٍ وَّعَشْرًا ثُمَّ دَخَلْتُ عَلٰی زَیْنَبَ بِنْتِ جَحْشٍ حِیْنَ تُوُفِّیَ

સોગ મનાવે. ત્યાર બાદ ઉમ્મુલ મો'મિનીન હઝરત ઝયનબ બિન્તે જહશના ત્યાં ગઈ જ્યારે કે તેમના ભાઈ

اَخُوْھَا فَدَعَتْ بِطِیْبٍ فَمَسَّتْ بِہٖ ثُمَّ قَالَتْ مَالِیْ بِالطِّیْبِ مِنْ حَاجَةٍ غَیْرَ

મૃત્યુ પામ્યા હતા. તો તેમણે ખુશ્બુ મંગાવી અને તેને ઘસી અને ફર્માવ્યું, મને ખુશ્બુની હાજત નથી સિવાય

اَنِّیْ سَمِعْتُ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ لَا یَحِلُّ لِامْرَاَۃٍ تُؤْمِنُ

એના કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી સાંભળ્યું, જે સ્ત્રી અલ્લાહ અને ક્યામત પર ઈમાન ધરાવતી હોય તેને

بِاللّٰہِ وَالْیَوْمِ الْاٰخِرِ تُحِدُّ عَلٰی مَیِّتٍ فَوْقَ ثَلٰثٍ اِلَّا عَلٰی زَوْجٍ اَرْبَعَةَ اَشْھُرٍ

જાઈઝ નથી કોઈ મૈયત માટે ત્રણ દિવસથી વધુ સોગ મનાવે,

وَّعَشْرًا ع

અલ્બત્ત પતિ પર ચાર મહિના દસ દિવસ મનાવે."

(બુખારી ૧/૧૭૦, ૨/૮૦૩, મુસ્લિમ–તલાક, અબૂ દાઊદ–તલાક, નિસાઈ–તલાક)

પ્રમાણે ઘણા ભારપૂર્વક રદ કર્યો છે અને ફર્માવ્યું કે સુફયાન ઈબ્ને અયનિયાની શાન એ છે કે ઈમામ શાફઈ رضی اللہ عنہ એ ફર્માવ્યું, જો માલિક અને સુફયાન ન હોત તો હજજાઝનો ઈલ્મ ચાલ્યો જાત. એનાથી જાહેર થાય છે કે અલ્લામા અયનીની તેહકીક એ જ છે તેમનો વિસાલ શામમાં થયો. અને ઈબ્ને અબી શયબા દારમી અને મુસ્નદે ઈમામ અહમદની રિવાયતમાં જે આવ્યું છે કે તેમના અથવા કોઈ નિકટના સગા સંબંધીના મૌતની ખબર આવી તો ઉમ્મુલ મો'મિનીને ખુશ્બુ લગાડી. તેની સ્પષ્ટતા ખૂદ અલ્લામા ઈબ્ને હજરે એ ફર્માવી કે, શક્ય છે બંનેના વિસાલની ખબર પર આવું કર્યું હોય.

**હું કહું છું અલ્લાહની તૌફીક્થી :** પણ ત્રીજી હદીષથી એના પર શંકા થાય છે એટલા માટે કે એમાં ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે હ્બીબા رضی اللہ عنہاના બનાવ પછી છે : **ثم دَخَلْتُ علیٰ زینب بنت جحش** અને કિતાબુત્ તલાક્માં **فدخلت** છે. **ثم** તરાખીના માટે છે અને **ف** તઅક્ીબના માટે છે. બંનેવની દલીલો ક્રમ પ્રમાણે છે. હવે સાર એ નીકળ્યો કે ઝૈનબ બિન્તે અબૂ સલ્મા કહી રહ્યાં છે કે ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે હ્બીબા رضی اللہ عنہاના પછી ઉમ્મુલ મો'મિનીન હઝરત ઝયનબના ત્યાં ગયાં. ઉમ્મુલ મો'મિનીન હઝરત ઝયનબ رضی اللہ عنہاનો ઈન્તેકાલ હિ.સ. ૨૦ અથવા ૨૧માં થઈ ગયો હતો. જેથી માનવુ પડશે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે હ્બીબા رضی اللہ عنہاનો બનાવ હિ.સ. ૨૦ અથવા ૨૧થી પહેલાંનો છે. અને હઝરત અબૂ સુફ્યાનનો વિસાલ હિ.સ. ૩૪માં થયો છે. અલ્લામા અયનીએ એવો જવાબ આપ્યો કે **ثم** તથા **ف** ક્રમના માટે છે, એમાં મતભેદ છે. અને જો ક્રમના માટે પણ છે છતાં અહીં ક્રમ વર્ણન કરવામાં છે ન કે વાસ્તવિક થવામાં. ભલે હદીષનું બેક ગ્રાઉન્ડ તેનાથી ઉલ્ટુ છે પણ ઈમામ બુખારીની શાનની અઝમતના લેહાઝથી એને કૂબૂલ જ કરવાનું છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**اخوها** ઉમ્મુલ મો'મિનીન હઝરત ઝયનબ બિન્તે જહશ رضی اللہ عنہاના ત્રણ ભાઈ હતા. ઓબેદુલ્લાહ : એ હબ્શામાં નસ્રાની થઈને મર્યો. બીજા અબ્દુલ્લાહ, એ ગઝવએ બદરમાં શહીદ થયા, તે વખતે ઉમ્મુલ મો'મિનીન હબ્શામાં હતાં અને હજી હુઝૂરે અક્દસ ﷺથી નિકાહ પણ થયો ન હતો. ત્રીજા અબૂ અહમદ અથવા અબ્દુલ્લાહ, એ ઉમ્મુલ મો'મિનીનના પછી પણ જીવંત રહ્યા. ઓબૈદુલ્લાહનો ઈન્તેક્ાલ હિ.સ. ૫માં કે ૬માં થયો. એ વખતે હુઝૂરે અક્દસ ﷺ જાહેરી હયાતની સાથે જલ્વાફર્મા હતા પછી ઉમ્મુલ મો'મિનીનનાં આ ઈર્શાદનું કોઈ સ્થાન નથી, અને ખુશ્બુની કોઈ જરૂરત નથી. જ્યારે હુઝૂરે અક્દસ ﷺ જલ્વા ફર્મા હતા તો ખુશ્બુની કેમ હાજત નથી ?! અલ્લામા અયનીએ ફર્માવ્યું કે શક્ય છે એ મૃત્યુ પામનાર ઉમ્મુલ મો'મિનીનનો કોઈ મત્રાઈ ભાઈ હોય. અલ્લાહ બેહતર જાણનાર છે.

**મસાઈલ :** સ્ત્રી પર પોતાના પતિનો સોગ ચાર મહિના દસ દિવસ ફર્ઝ છે, પણ આ સગર્ભા ન હોય તેના માટે છે. **સગર્ભાની ઈદ્દત હમલ બહાર પડતા સુધી છે. જો પતિના મૃત્યુ બાદ તુરત જ બાળક પેદા થઈ ગયું તો ઈદ્દત પૂરી થઈ ગઈ.** ઈર્શાદ છે : **وَ اُولَاتُ الْاَحْمَالِ اَجَلُهُنَّ اَنْ یَّضَعْنَ حَمْلَهُنَّ** (سورۂ طلاق) "અને ગર્ભવાળીઓની ઈદ્દત હમલનુ બહાર થવું છે." *(સૂરએ તલાક્)*

સૂરએ બક્રહમાં ઈર્શાદ છે :–

**وَ الَّذِیْنَ یُتَوَفَّوْنَ مِنْكُمْ وَ یَذَرُوْنَ اَزْوَاجًا یَّتَرَبَّصْنَ بِاَنْفُسِهِنَّ اَرْبَعَةَ اَشْهُرٍ وَّ عَشْرًا** (سورۂ بقرہ) "અને તમારામાં જે લોકો મૃત્યુ પામે અને પત્નીઓ છોડે તો પત્નીઓ ચાર મહિના દસ દિવસ પોતાને રોકી રાખે."

આ બંનેવ આયતો જુઝઈ તૌર પર ટકરાવવાળી છે. જો કોઈ મૃત્યુ પામ્યો અને તેની પત્ની સગર્ભા હોય તો સૂરએ બક્રહની આયતના પ્રમાણે તેની ઈદ્દત ચાર મહિના દસ દિવસ છે અને સૂરએ તલાક્ના પ્રમાણે ગર્ભપાત (ગર્ભ બહાર પડવું) છે. ગર્ભનું બહાર પડવું થોડા સમયમાં પણ થઈ શકે છે અને ચાર મહિના દસ દિવસથી વધુ પણ થઈ શકે છે. પણ કેમ કે સૂરએ તલાક્ બાદમાં નાઝિલ થઈ છે એટલા માટે એ (સૂ. તલાક્) આ સંજોગોમાં તેની (સૂ. બક્રહની ઉપરોક્ત આયતની) નાસિખ છે. હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہએ ફર્માવ્યું કે હું ક્સમ ખાઈને કહું છું, સૂરએ નિસાઅ્ ક્સ્રા સૂરએ બક્રહ પછી નાઝિલ થઈ છે. એનું સમર્થન આ હદીષથી પણ થાય છે, જેમ કે ઈમામ બુખારી (૨/૮૦૨ તલાક્)એ હઝરત ઝયનબ બિન્તે અબી સલ્મા અને હઝરત મુસવ્વર બિન મુખરમા رضی اللہ عنہماથી રિવાયત કરી કે સબીઆ અસ્લમિયાને તેમના પતિની વફાતની અમુક રાતો પછી બાળ જન્મ થયો. તેણી નબી કરીમ ﷺની બારગાહમાં હાજર થઈ અને નિકાહની ઈજાઝત તલબ કરી તો ઈજાઝત આપી.

પતિ સિવાય અન્ય કોઈ મૈયત પર સોગ વાજિબ નથી. (મૃત્યુ બાદ) ત્રણ દિવસ સુધી સોગ મનાવવાની ઈજાઝત છે. અને એ જ સ્થિતિ તલાક઼વાળીની ઈદ્દતની પણ છે. એટલે કે આયતે કરીમા **وَاَلْمُطَلَّقَاتُ يَتَرَبَّصْنَ بِاَنْفُسِهِنَّ ثَلَاثَةَ قُرُوْءٍ** "અને જે સ્ત્રીઓને તલાક઼ આપી દેવામાં આવી છે તે તણીઓ પોતાને ત્રણ હૈઝ સુધી રોકી રાખે."ના સામાન્ય હુકમમાંથી ગૈરમદખૂલા (જેનાથી એકાંતમાં મેળાપ ન થયો હોય તે તેણી) **સગર્ભા** તથા **સગીરા અપવાદ** છે. **ગૈરમદખૂલા પર ઈદ્દત નથી. સગર્ભાની ઈદ્દત ગર્ભનું બહાર થવું** છે અને **સગીરાની ઈદ્દત ત્રણ મહિના** છે.

**ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે હ઼બીબા** رضی اللہ عنہا : તેમનું નામ રમલા છે એ હઝરત અબૂ સુફયાનનાં સાહબઝાદી અને હઝરત મુઆવિયાનાં બહેન હતાં. આપ ક઼દીમુલ ઈસ્લામ ખાતૂન છે. પહેલાં એમના નિકાહ અબ્દુલ્લાહ બિન જહશથી થયા હતા. એ પહેલાં ઈસ્લામ લાવ્યો અને હઝરત ઉમ્મે હ઼બીબા رضی اللہ عنہا સાથે હિજરત કરીને હબ્શા ગયો અને ત્યાં જઈને નસ્રાની (ઈસાઈ) થઈ ગયો. હિ.સ. ૫ કે હિ.સ. ૬માં મૃત્યુ પામ્યો. તેના મૃત્યુ બાદ હુઝૂરે અક઼દસ ﷺની ફર્માઈશ પર નજાશી શાહે હબ્શાએ તેમના નિકાહ હુઝૂરે અક઼દસ ﷺની સાથે કરી આપ્યા. ચારસો દીનાર અથવા ચાર હજાર દિરહમ મહેર નિશ્ચિત થઈ જેને નજજાશીએ ખૂદ અદા કરી. હુઝૂરે અક઼દસ ﷺએ હઝરત શરજીલ બિન હસના رضی اللہ عنہને મોકલીને મદીના તયબહ બોલાવ્યાં. એ સમય સુધી ગૈર મેહરમ સાથે સ્ત્રીએ સફર કરવાની મનાઈ ન હતી. એમનો એ બનાવ ખૂબ જ મશહૂર છે કે જ્યારે હઝરત અબૂ સુફયાન ફતહે મક્કાથી પહેલાં સુલહે હુદૈબિયાની તજદીદ (રિન્યૂ) કરવાના માટે મદીના તયબહ આવ્યા અને તેમનાં (ઉમ્મે હબીબાના) ઘરે ગયા અને ચાહ્યું કે હુઝૂરે અક઼દસ ﷺના બિસ્તર પર બેસી જાઉં તો તેમણે બિસ્તર લપેટી લીધું. હઝરત અબૂ સુફયાને પૂછયું, બેટી ! શું વાત છે ?! હું બિસ્તરના લાયક નથી કે આ બિસ્તર મારા લાયક નથી ?! એના પર ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું, **આ રસૂલુલ્લાહ ﷺનું બિસ્તર છે અને તમે મુશ્રિક છો જેથી એના પર કેવી રીતે બેસવા દઉં ?!** હિ.સ. ૪૪માં વિસાલ થયો. જન્નતુલ બક઼ીઅમાં અન્ય અઝવાજે મુતહ્હરાતની સાથે આરામ ફર્માવી રહ્યાં છે.

**પ્રકરણની સ્પષ્ટતા** : ત્યારબાદ ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ આ પ્રકરણ રચ્યું **باب قول النبی ﷺ يعذب الميت الخ** એટલે નબી ﷺના આદેશના બયાનમાં કે "મૈયતને તેના અમુક ઘરવાળાંના રડવાથી અઝાબ આપવામાં આવે છે, જ્યારે કે મૈયત પર ચીસો પાડવી તેની આદત હોય." અલ્લાહ ﷻના આ ઈર્શાદના સબબે કે, "પોતાને તથા પોતાનાં ઘરવાળાંને આગથી બચાવો." અને નબી ﷺએ ફર્માવ્યું, "તમે સૌ નિગેહબાન છો, અને તમને સૌને એના બારામાં સવાલ કરવામાં આવશે જેમને તમારી નિગેહબાનીમાં આપવામાં આવ્યાં છે." અને જો મૈયત પર ચીસો પાડવી એનો તરીક઼ો નથી તો તે એવી રીતે છે જેમ કે હઝરત આઈશા رضی اللہ عنہاએ ફર્માવ્યું, "કોઈ બોજ ઉઠાવનારી જાન અન્યનો બોજ ઉઠાવશે નહીં." અને આ એ જ પ્રમાણે છે જેમ કે અલ્લાહ ﷻનો ઈર્શાદ છે : "અને બોજથી લદાયેલ કોઈ જાન બોજ ઉઠાવવામાં સાથ (ટેકો) આપવા માટે કોઈને બોલાવે તો તે એ બોજમાંથી કાંઈ ન ઉઠાવશે." અને એનું બયાન કે ચીસો પાડયા વિના રડવાની ઈજાઝત છે.

અને નબી ﷺએ ફર્માવ્યું, "જે પણ કોઈને જુલ્મથી ક઼ત્લ કરશે તે પ્રથમ આદમના પુત્ર ક઼ાબીલ પર તે ખૂનનો હિસ્સો રહેશે, એટલા માટે કે એણે સૌથી પ્રથમ ખૂનની શોધ કરી."

એમાં **ببعض** ઠીક હદીષનો ભાગ છે. એક હદીષ પછી એ હદીષ અહીં વર્ણન થયેલી છે પછી બાદમાં ઈમામ બુખારીએ એ સૂચવ્યું કે હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું, **ان الميت يعذب ببكاء اهله عليه** "બેશક ! મૈયતને તેના ઘરવાળાંના તેના પર રડવાથી અઝાબ આપવામાં આવે છે." એનાથી મુરાદ એ છે કે મૈયત પર રડવું મરનારાની આદત હોય, એના સમર્થનમાં પ્રથમ સૂરએ તહરીમની આ આયત પેશ કરી : **يَا اَيُّهَا الَّذِيْنَ آمَنُوْا قُوْا اَنْفُسَكُمْ وَ اَهْلِيْكُمْ نَارًا وَّقُوْدُهَا النَّاسُ وَ الْحِجَارَةُ** (سورۂ تحریم ۶) "હે ઈમાનવાળાઓ !

પોતે પોતાને તથા પોતાનાં ઘરવાળાંઓને એ આગથી બચાવો જેનું બળતણ માણસ તથા પથ્થર છે.''' *(૬)*

દલીલ કરવાનું કારણ એ છે કે માણસની ફિતરત (પ્રકૃતિ) છે કે પોતાનાં મા બાપને જે કાંઈ કરતાં જુએ છે તે જ કરે છે. જ્યારે મા બાપની આદત નોહા કરવાની (ચીસો પાડી મૈયત પર રડવાની) હશે તો તેની દેખાદેખી તેના ઘરવાળાં પણ નોહા કરશે, જેથી મા બાપ ઘરવાળાંના નોહા કરવાનો સબબ બન્યાં. જો તેમની એવી આદત ન હોત તો તેમના ઘરવાળાં (બીવી બચ્ચાં) નોહા (હાયવોય) ન કરત. જેથી નોહા કરીને તે પણ જહન્નમના પાત્ર થયાં અને એમનાથી શીખીને ઘરવાળાં પણ. નોહા કરનારાંઓએ ન પોતે પોતાને જહન્નમથી બચાવ્યાં ન પોતાનાં ઘરવાળાંઓને બચાવ્યાં. હવે સાબિત થયું કે **જેની આદત નોહા કરવાની હોય તેના પર મૃત્યુ બાદ નોહા કરનારાઓના કારણે અઝાબ થશે**. બીજી દલીલ આ હદીષથી એ છે કે : **كُلُّكُمْ رَاعٍ وَ كُلُّكُمْ مَسْئُوْلٌ عَنْ رَعِيَّتِهٖ**- ''તમે સૌ નિગેહબાન છો અને તમારા સૌને એના બારામાં સવાલ થશે જેની નિગેહબાની એના જિમ્મે છે.''

આ હદીષનો એક મતલબ એ પણ છે કે જ્યારે કોઈ ગુનાહમાં સપડાયેલ હોય અને તેને જોઈને તેનાં ઘરવાળાં (બીવી બચ્ચાં વગેરે) ગુનોહ કરે તો તેને પૂછતાછ થશે. હવે જો કોઈ નોહા કરવાની ટેવવાળો હોય અને એનાથી શીખીને તેનાં ઘરવાળાં નોહા કરે તો તે જરૂર અઝાબનો મુસ્તહિક઼ છે.

ત્યારબાદ ઈમામ બુખારીએ ફર્માવ્યું, અને જો તેની નોહા કરવાની આદત નથી તો તે એવો છે જેને ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاએ ફર્માવ્યું, જેમ કે કુર્આન મજીદમાં છે :–

**لَا تَزِرُ وَازِرَةٌ وِّزْرَ اُخْرٰى وَاِنْ تَدْعُ مُثْقَلَةٌ اِلٰى حِمْلِهَا لَا يُحْمَلُ مِنْهُ شَيْءٌ** ''કોઈના પર બીજાનો ગુનોહ લાદવામાં નહીં આવે.'' અને એવું છે જેમ કે ફર્માવ્યું, ''જો બોજ લદાયેલો કોઈ પોતાનો બોજ ઉઠાવવાની મદદ માટે કોઈને બોલાવે તો તે તેના બોજમાંથી કાંઈ ઉઠાવશે નહીં.'' *(સૂ. ફાતિર–૧૮)*

પ્રથમ આયતનો મતલબ એ છે કે અલ્લાહ તબારક વ તઆલા તરફથી એવું થશે નહીં કે કોઈ ગુનાહ પર બીજાને સવાલ થાય. અને બીજી આયતનો મતલબ એ છે કે જો કોઈ ગુનાહનો બોજવાળો કોઈને બોલાવે કે મારો થોડાક ગુનોહ તમારા માથે લઈ લો, તો કોઈ તૈયાર થશે નહીં, ભલે નજીકનો સગો હોય. જેથી મરનારનાં રંજમય ઘરવાળાંનાં નોહા કરવાથી મૈયત પર અઝાબ થવાનો સવાલ જ નથી. પછી ઈમામ બુખારીએ ફર્માવ્યું કે, ''ચીસો બૂમો પાડયા વિના મૈયત પર રડવાની ઈજાઝત છે.'' આ પ્રકરણનો બીજો ભાગ છે. આ વિષયની તિબ્રાની (ઉમ્દતુલ ક઼ારી, ૮/૭૧)એ મોઅજમે કબીરમાં અને હાકિમે મુસ્તદરકમાં હઝરત કરઝા બિન કઅબ અને હઝરત અબૂ મસઊદ અન્સારી رضی اللہ عنہماથી હદીષ રિવાયત કરી છે કે, એ બંનેવે ફર્માવ્યું કે મુસીબતના સમયે વિના અવાજે રડવાની એમને ઈજાઝત આપવામાં આવી છે. પણ કેમ કે આ ઈમામ બુખારીની શર્ત પર નથી એટલા માટે એને પોતાની સહીહમાં વર્ણન નથી કરી. અને એને પ્રકરણનો વિષય ઠરાવ્યો.

ત્યારબાદ ઈમામ બુખારીએ આ હદીષ વર્ણવી :–

**و قال النبی ﷺ لا تقتل نفس ظلما الا كان علىٰ ابن آدم الاول كفل من دمها وذٰلك لانه اول من سن القتل**

''કોઈપણ જુલ્મથી કત્લ કરવામાં આવશે તો આદમના પ્રથમ પુત્ર ક઼ાબીલ પર એ ખૂનનો હિસ્સો હશે. એટલા માટે કે એ પ્રથમ વ્યક્તિ છે જેમણે કત્લનો તરીકો કાઢયો.''

આ હદીષ ઈમામ બુખારીએ કિતાબુલ અંબિયા, બાબ ખલ્કે આદમ તથા કિતાબુદ્ દિયાત બાબ **من احياها** અને કિતાબુલ એઅ્તેસામ **اثم من دعا الىٰ ضلالة**માં મૌસૂલન વર્ણન કરી છે. અહીં એના સમર્થનમાં લાવ્યા છે કે મૈયત પર નોહા કરવાથી અઝાબ ત્યારે થશે જ્યારે કે મૈયતની આદત નોહા કરવાની હોય. સામ્યતાનું કારણ એ છે કે જેવી રીતે ગુનાહના મૂજિદ (ઉદ્ભવ કરનાર) પર પાછળવાળાં સૌ અમલ કરનારાઓનો વબાલ છે કેમ કે બાદવાળાઓએ એનાથી શીખ્યું છે, એવી જ રીતે જ્યારે મૈયતથી શીખીને તેના ઘરવાળાં નોહા (હાયપીટ) કરી રહ્યાં છે જેથી મૈયતને અઝાબ થશે.

حدیث ۷۵۳ حَدَّثَنِیْ اُسَامَۃُ بْنُ زَیْدٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا قَالَ اَرْسَلَتْ بِنْتُ

''હઝરત ઓસામા બિન ઝયદ رضی اللہ عنہما એ હદીષ બયાન કરી. ફર્માવ્યું, નબી صلی اللہ علیہ وسلم નાં **[હદીષ : ૭૫૩]**

النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اِلَیْہِ اِنَّ اِبْنًا لِّیْ قُبِضَ فَاْتِنَا فَاَرْسَلَ

સાહબઝાદીએ હુઝૂર صلی اللہ علیہ وسلم ની પાસે ખબર મોકલી કે હુઝૂર મારા ત્યાં તશરીફ લાવે, મારો એક પુત્ર મૃત્યુ નજીક

یُقْرِئُ السَّلَامَ وَیَقُوْلُ اِنَّ لِلّٰہِ مَا اَخَذَ وَلَہٗ مَا اَعْطٰی وَکُلُّ شَیْءٍ عِنْدَہٗ بِاَجَلٍ

છે. હુઝૂરે તેમની પાસે કહેવડાવ્યું, જાવ ! કહી દો, તેઓ સલામ કરે છે અને ફર્માવે છે, બેશક ! અલ્લાહનું જ છે

مُّسَمًّی فَلْتَصْبِرْ وَلْتَحْتَسِبْ فَاَرْسَلَتْ اِلَیْہِ تُقْسِمُ عَلَیْہِ لَیَاْتِیَنَّہَا فَقَامَ وَمَعَہٗ

જે એણે લીધું અને એનું જ છે જે તેણે આપ્યું અને દરેક ચીજની મુદ્દત તેના ત્યાં નિશ્ચિત છે. તેણીએ જોઈએ કે સબ્ર

سَعْدُ بْنُ عُبَادَۃَ وَمُعَاذُ بْنُ جَبَلٍ وَّاُبَیُّ بْنُ کَعْبٍ وَّزَیْدُ بْنُ ثَابِتٍ وَّرِجَالٌ

કરે અને સવાબની ઉમ્મીદ રાખે. પછી તેમનાં સાહબઝાદીએ હુઝૂરની પાસે કહેવડાવ્યું કે તે હુઝૂર صلی اللہ علیہ وسلم ને

## સમજૂતી : ૭૫૩

**બિન્તુન્નબી** صلی اللہ علیہ وسلم : આ હઝરત સૈયદા ઝયનબ رضی اللہ عنہا હતાં અને એ સાહબઝાદા હતા જેમનું નામ અલી હતું ન કે હઝરત ઓમામા બિન્તે ઝયનબ رضی اللہ عنہا. એટલા માટે કે હઝરત ઓમામા હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم પછી સુધી જીવંત રહ્યા અને હઝરત સૈયદા ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا ના વિસાલ પછી હઝરત શેરે ખુદા کرم اللہ تعالٰی وجہہ الکریم એ એમની સાથે નિકાહ કર્યો. અને ઈતિહાસકારોની એના પર એકમતિ છે કે હઝરત સૈયદા ઝયનબ رضی اللہ عنہا ને કેવળ બે જ બાળકો થયાં, એક હઝરત ઓમામા બીજા હઝરત અલી. અલ્લામા ઈબ્ને હજર અસ્કલાનીએ ફર્માવ્યું કે એ હઝરત અલી એટલા મોટા થતા સુધી જીવ્યા કે બાલિગ થવાની નિકટ પહોંચી ચૂક્યા હતા. તેમને ફતહે મક્કાના મોકા પર હુઝૂરે પોતાની સાથે પોતાની સવારી પર બેસાડયા હતા. આટલા મોટા બાળકને સબી એટલે છોકરો નથી કહેવામાં આવતો. અલ્લામા અયનીએ ફર્માવ્યું, ઈબ્ને સૈયદાએ કહ્યું, પૈદાઈશના સમયથી જ્યાં સુધી મોટો ન થઈ જાય ત્યાં સુધી સબી કહેવામાં આવે છે અને આ જ આપણા ઉર્ફમાં છોકરાનો બાળકનો હાલ છે. એટલા માટે જે રિવાયતોમાં બિન્તનો શબ્દ આવ્યો છે તે કોઈ રાવીનો વહેમ છે. હઝરત અલ્લામા ઈબ્ને હજર માનવું એ છે કે હઝરત ઓમામા હતાં જે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم ની બરકતથી એ બીમારીથી સાજાં થઈ ગયાં. કેમ કે ઘણી બધી હદીષોમાં તેમના નામની સ્પષ્ટતા પણ આવેલી છે, જેમ કે મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ (પેજ : ૨૦૪)માં આ જ સનદની સાથે અને તિબ્રાની (ફત્હુલ બારી, ૩/૧૨૫)માં હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ થી રિવાયત થયેલ છે.

**قبض** : એ એના અર્થમાં છે કે નજીકમાં છે કે તેની રૂહ કબ્ઝ કરી લેવામાં આવે, એટલા માટે કે કિતાબુલ કદરમાં છે : **ان ابنها يجود** بنفسه કે તેમના સાહબઝાદા દમ તોડી રહ્યા છે. કિતાબુત્તૌહીદમાં છે કે એમના સાહબઝાદા દમ તોડી રહ્યા છે. પછી એ જ હદીષનો અંતિમ હિસ્સો એની દલીલ છે કે તે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم ના તશરીફ લાવતા પહેલાં મૃત્યુ પામ્યાં ન હતાં.

فَرُفِعَ إِلَى رَسُوْلِ اللهِ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ الصَّبِيُّ وَنَفْسُهٗ تَتَقَعْقَعُ

કસમ આપે છે કે જરૂર તશરીફ લાવે ! હવે હુઝૂર ઉઠયા અને હુઝૂરની સાથે સઅદ બિન ઓબાદા, મઆઝ

قَالَ حَسِبْتُهٗ أَنَّهٗ قَالَ كَأَنَّهَا شَنٌّ فَفَاضَتْ عَيْنَاهُ فَقَالَ سَعْدٌ يَا رَسُوْلَ اللهِ

બિન જબલ અને ઉબય બિન કઅબ અને ઝયદ બિન ષાબિત તથા ઘણા બધા લોકો હતા. જ્યારે હુઝૂર ત્યાં

مَا هٰذَا قَالَ هٰذِهٖ رَحْمَةٌ جَعَلَهَا اللهُ فِيْ قُلُوْبِ عِبَادِهٖ وَإِنَّمَا يَرْحَمُ اللهُ

પહોંચ્યા તો તે બાળક હુઝૂર ﷺની સમક્ષ રજૂ કરવામાં આવ્યું અને હુઝૂરે તેને ગોદમાં લઈ લીધુ. તે દમ

مِنْ عِبَادِهِ الرُّحَمَاءُ ع ـه

તોડી રહ્યું હતું જાણે કે તે મશક છે, એની અસરથી રસૂલુલ્લાહ ﷺની આંખોથી આંસૂં વહેવા લાગ્યાં. એના પર સઅદે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આ શું છે ? ફર્માવ્યું, આ શફકત (હેત) છે જેને અલ્લાહે પોતાના બંદાઓના દિલોમાં પેદા ફર્માવ્યું અને અલ્લાહ પોતાના બંદાઓમાંથી રહમ કરનારાઓ પર જ રહમ કરે છે."

(બુખારી, ૧/૧૭૧, ૨/૯૭૬, ૨/૯૮૪, ૨/૧૦૯૭, ૨/૧૧૦૮, મુસ્લિમ-જનાઈઝ, અબૂ દાઊદ-જનાઈઝ, ઈબ્ને માજહ-જનાઈઝ)

**فرفع اليه** : કિતાબુલ ઈમાનમાં છે : અને એમને પોતાની ગોદમાં બેસાડયા.

**و نفسه تتقعقع** : એનો મસ્દર **تقعقع** છે. એનો અર્થ બેચેન થવું, બેકરાર થવું, હલન ચલન કરવું. સૂકી ચીજની હરકતથી જે અવાજ નીકળે. મુરાદ એ છે કે તેમનો શ્વાસ મંદ પડી ચૂક્યો હતો, તેઓ દમ તોડી રહ્યા હતા.

આ હદીષ સિહાહ સિત્તહ સિવાય અન્ય વિવિધ હદીષની કિતાબોમાં વર્ણન થયેલી છે. ક્યાંક **ابنا** છે, ક્યાંક **بنتا** છે, ક્યાંક **اميه** છે. ખૂદ બુખારી કિતાબુલ મરદામાં **ابنتي** છે. જો કે એક અહીં નુસ્ખો **ابني قد حضر** પણ છે, પણ કોઈમાં અંજામ વર્ણન થયેલ નથી. એટલા માટે અલ્લામા ઈબ્ને હજરે એ મુદ્દો પેદા કર્યો કે આ બીમાર હુઝૂરે અકદસ ﷺની બરકતથી તંદુરસ્ત થઈ ગયો, એટલા માટે તે એને અગ્રતા આપે છે કે એ હઝરત ઉમામા બિન્તે ઝયદ رضي الله عنها હતાં. જ્યારે કે અમુક રિવાયતોમાં સ્પષ્ટપણે એમનું નામ વર્ણન થયેલું છે.

પણ હદીષનો સિયાક (વર્ણન શૈલી) એ દર્શાવી રહેલ છે કે તે બીમાર બાળકો નથી એટલા માટે અલ્લામા અયની એને રાજેહ કહી રહ્યા છે કે તે હઝરત અલી ઈબ્ને અબુલ આસ رضي الله عنهما હતા.

**كانها شن** : **شن** પૂરાની સૂકી મશકને કહે છે. મુરાદ એ છે કે તે સાહબઝાદા તદ્દન સૂકાઈ ગયા હતા જાણે પૂરાણી સૂકી મશક હોય. એટલે કે શરીર સૂકા મશકની જેમ થઈ ગયું હતું. અને શ્વાસ એ પ્રમાણે ચાલી રહ્યો હતો જાણે સૂકા મશકમાં કાંકરી નાખીને હલાવવામાં આવે અને અવાજ ન થાય. જેને આપણી બોલીમાં શ્વાસ ઉખડી ચૂકી (મંદ) છે.

**ففاضت عيناه** : એટલે કે બાળકનો એ હાલ જોઈને રસૂલુલ્લાહ ﷺને પ્રેમભાવનાની લાગણી પર કાબૂ ન રહ્યો અને આંખોથી આંસૂં વહેવા લાગ્યાં. એના પર હઝરત સઅદ બિન ઓબાદા رضي الله عنهને આશ્ચર્ય થયું, એટલા માટે કે તે હુઝૂરે અકદસ ﷺના સબ્ર તથા સંયમને વારંવાર જોઈ ચૂક્યા હતા. ગઝવાએ ઓહદની તે કયામતખેઝ ઘડીમાં ઝખ્મી થવા છતાં જીભથી ઉફ સુદ્ધાં ન કાઢયું. ગઝવાએ ખંદકની તે સખતીમાં જેને કુર્આને આ શબ્દોમાં વર્ણન કરેલ છે કે દિલ મોઢા સુધી આવી ગયાં હતાં, ત્યાં પહાડથી પણ વધુ અડગતા હતી. અને આજે બાળકનો

حدیث ۷۵۴ عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ شَهِدْنَا بِنْتًا لِّرَسُوْلِ

"હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ ની એક સાહબઝાદીની **[હદીષ : ૭૫૪]**

اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ وَرَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ

ક઼બ્ર પર અમે હાજર થયા અને રસૂલુલ્લાહ ﷺ તેમની ક઼બ્ર પર બેઠા હતા. મેં જોયું કે રસૂલુલ્લાહ ﷺ ની

وَسَلَّمَ جَالِسٌ عَلَی الْقَبْرِ قَالَ فَرَاَیْتُ عَیْنَیْهِ تَدْمَعَانِ قَالَ فَقَالَ هَلْ مِنْكُمْ

બંને આંખો આંસૂ વહાવી રહી છે. ફર્માવ્યું, તમારામાં કોઈ શખ્સ એવો છે જે આજે રાત્રે સ્ત્રીની નજીક નથી

رَجُلٌ لَّمْ یُقَارِفِ اللَّیْلَةَ فَقَالَ اَبُوْ طَلْحَةَ اَنَا فَقَالَ فَانْزِلْ قَالَ فَنَزَلَ فِیْ قَبْرِهَا

ગયો ? તો અબૂ તલ્હાએ અર્ઝ કરી, હું ! તો ફર્માવ્યું, એની ક઼બ્રમાં ઉતરો ! તો તે એમની ક઼બ્રમાં ઉતર્યા."

*(બુખારી, ૧/૧૭૧, ૧/૧૭૯, તિર્મિઝી–શમાઈલ)*

આ હાલ જોઈને રડી રહ્યા છે ! અથવા આશ્ચર્ય એના પર થયું કે મૈયત પર રડવાનુ મના ફર્માવ્યું છે છતાં આ આંસૂ કેમ કરીને વહી રહ્યાં છે ?! જવાબનો સાર એ છે કે એ પ્રેમભાવનો તક઼ાઝો છે જે ઈખ્તિયારી નથી પણ સ્વભાવિક છે, અને એ મના નથી બલ્કે પસંદીદા છે. એટલા માટે કે અલ્લાહ ﷻ પોતાના તે જ બંદાઓ પર મહેરબાની કરે છે જે ખૂદ અન્ય લોકો પર મહેરબાન હોય છે.

**મસાઈલ** : આ હદીષથી સાબિત થયું કે બીમારપુર્સી વાજિબ નથી સુન્નત છે, તેમજ મૈયતનું કફન દફન વાજિબે અયન નથી, કિફાયા છે. નાનાં બાળકોની બીમારપુર્સી પણ સુન્નત છે. પોતાના મોટાને કે નાનાને કોઈ સુન્નત મુજબના કામના માટે બલ્કે મુસ્તહબ બલ્કે મુબાહ કામના માટે ક઼સમ અપાવવી જાઈઝ છે, અને એવી ક઼સમને પૂર્ણ કરવી મુસ્તહબ છે. કોઈ બુઝુર્ગ ક્યાંક જાય તો તેમના સાથીઓ તથા શાગિર્દોએ સાથે જવું જોઈએ, જો કાંઈ વાંધો ન હોય તો. નાનાં બાળકોને ખોળામાં લેવાં સુન્નત છે. કોઈ મૈયત પર રડવામાં વાંધો નથી, જ્યારે કે રૂદન કકવાટ, હાયપીટના રૂપે તથા ચીસો પાડીને ન હોય. બલ્કે રડવું મહમૂદ (પસંદીદા) છે.

## સમજૂતી : ૭૫૪

આ સૈયદા ઉમ્મે કુલ્ષૂમ رضی اللہ عنہا હતાં જેમનો વિસાલ હિ.સ. ૯માં થયો હતો. હઝરત સૈયદા રૂકૈયા رضی اللہ عنہا નથી. એટલા માટે કે તેમનો વિસાલ તે વખતે થયો હતો જ્યારે હુઝૂરે અક઼દસ ﷺ બદરમાં તશરીફ લઈ ગયા હતા અને પરત થતાં પહેલાં જ તે દફન થઈ ચૂક્યાં હતાં.

**جالس علیٰ قبره** : મુરાદ એ છે કે ક઼બ્રના કિનારે બેઠા હતા. એ મુરાદ નથી કે ક઼બ્રની ઉપર બેઠા હતા, એટલા માટે કે હજી હઝરત સૈયદા ઉમ્મે કુલ્ષૂમ દફન પણ થયાં ન હતાં. તેમજ ખૂદ ફર્માવ્યું કે **કોઈ અંગારા પર બેસે અને તે તેનાં કપડાં સળગાવી દે પછી તે ચામડી સુધી પહોંચી જાય તે એના કરતાં બેહતર છે કે કોઈ ક઼બ્ર પર બેસે.** *(મુસ્લિમ–૧/૩૧૨, જનાઈઝ)*

**عینیه تدمعان** : એનાથી સાબિત થયું કે રૂદન હાયપીટ સાથે ન હોય, અવાજ વિના હોય તો તે મના નથી પણ પસંદીદા છે. આ હિસ્સાથી પ્રકરણના બંનેવ હિસ્સા સાબિત થઈ ગયા.

હઝરત સૈયદા ફાતિમા ઝહ્‌રા, હઝરત સૈયદા રૂકૈયા رضی اللہ عنہا ની ક઼બ્ર મુબારકના કિનારે રડવા લાગ્યાં તો

حدیث ۷۵۵ اَخْبَرَنِیْ عَبْدُاللّٰہِ بْنُ عُبَیْدِاللّٰہِ بْنِ اَبِیْ مُلَیْکَۃَ قَالَ تُوُفِّیَتْ بِنْتٌ لِعُثْمَانَ بِمَکَّۃَ

"અબ્દુલ્લાહ બિન ઓબૈદુલ્લાહ બિન અબી મુલૈકાએ કહ્યું, ઉષ્માનની એક **[હદીષ : ૭૫૫]**

وَجِئْنَا لِنَشْہَدَہَا وَحَضَرَہَا ابْنُ عُمَرَ وَابْنُ عَبَّاسٍ وَّاِنِّیْ لَجَالِسٌ بَیْنَہُمَا

*સાહબઝાદીનો મક્કામાં વિસાલ થયો અને અમે લોકો આવ્યા જેથી એમના જનાઝામાં શરીક થઈએ.*

اَوْقَالَ جَلَسْتُ اِلٰی اَحَدِہِمَا ثُمَّ جَاءَ الْاٰخَرُ فَجَلَسَ اِلٰی جَنْبِیْ فَقَالَ عَبْدُاللّٰہِ

*અને ત્યાં ઈબ્ને ઉમર તથા ઈબ્ને અબ્બાસ પણ મૌજૂદ હતા. હું બંનેવની વચ્ચે બેઠો હતો અથવા એ કે હું*

રસૂલુલ્લાહ ﷺ પોતાના હાથ અથવા કપડા વડે તેમનાં આંસૂ પોછવા લાગ્યા.

**لم یقارف** : એનો અર્થ **لم یقارب** છે તેનો મફઉલ (કર્મ) મહઝૂફ "અલ મર્અત" છે. એ જ જમહૂર (બહુમતિ) શારેહોની સ્પષ્ટતા છે, પણ ખત્તાબીએ ફર્માવ્યું કે *الذنب* છે અને એ જ આ હદીષના એક રાવી ફલૈહનો પણ ક઼ૌલ છે. પણ એ શક્ય નથી, એટલા માટે કે આ તક઼દીર પર લાઝિમ આવશે કે હઝરત અબૂ તલ્હા સિવાય સર્વ હાજરજનો એ રાત્રે ગુનાહમાં પડયા હતા. જેથી પ્રથમ સ્પષ્ટતા જ રાજેહ (પસંદીદા) થઈ. એનું સમર્થન એક રિવાયતથી પણ થાય છે જેને ઈમામ બુખારીએ તારીખે અવસતમાં અને ઈમામ હાકિમે વર્ણન કરેલ છે કે ફર્માવ્યું, ક઼બ્રમાં એવો કોઈ ન ઉતરે જે આજે રાતે પોતાની સ્ત્રી પાસે ગયો હોય. તો હઝરત ઉષ્માન હટી ગયા. આ આદેશનું કારણ એ છે કે એ રાતે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એ કોઈ બાંદી સાથે સહવાસ કરી લીધો હતો, આ તેમના પર કટાક્ષ હતો. પરંતુ એમના તરફથી એ મઅઝેરત કરી શકાય છે કે તેમને શું ખબર હતી કે આજે જ હઝરત સૈયદા ઉમ્મે કુલ્ષૂમનો વિસાલ થઈ જશે, અને તેમની લાંબી માંદગીના કારણે એ મજબૂર રહ્યા હોય. પત્નીના મૃત્યુ પામવાથી નિકાહ ખત્મ થઈ જાય છે, એટલા માટે હઝરત ઉષ્માન પણ અજનબી થઈ ગયા હતા. હવે તેમની અને હઝરત અબૂ તલ્હાની હૈસિયત સરખી થઈ ગઈ હતી કેમ કે મૈયત કફનમાં લપેટાયેલી હોય છે, એટલા માટે એને ક઼બ્રમાં ઉતારવામાં કોઈ વાંધો નથી હોઈ શકતો. એ વખતે હઝરત સૈયદા ઉમ્મે કુલ્ષૂમના મેહરમોમાંથી કોઈ મૌજૂદ ન રહ્યું હોય, એવા સંજોગોમાં કોઈપણ વ્યક્તિ સ્ત્રીને ક઼બ્રમાં ઉતારી શકે છે, અલ્બત્ત સાલેહ તથા તક઼વાવાળાઓને અગ્રતા આપવામાં આવશે. હઝરત અબૂ તલ્હાના સાલેહ તથા મુત્તક઼ી હોવામાં કોઈ શંકાને સ્થાન નથી. તે ક઼બ્ર ખોદવાના નિષ્ણાત હતા. તેમજ એમને અગ્રતા આપવાનું કારણ એ હોઈ શકે છે કે તે ક઼બ્રને સારી રીતે તૈયાર કરી શકતા હતા.

## સમજૂતી : ૭૫૫

**હઝરત સુહૈબ બિન સનાન** رضی اللہ عنہ : એ સાહબઝાદી ઉમ્મે અબાન બિન્તે ઉષ્માન હતાં. જેવું કે મુસ્લિમમાં છે. *(અલ્ જનાઈઝ-૩૦૨)* એમની કુન્નિયત અબૂ યહ્યા છે. એ મૌષીલની નજીક દજલાના કિનારે અથવા દજલા તથા ફુરાતના સંગમ પાસેના એક ગામના વતની હતા. એમના પિતા કસ્રાની તરફથી ઉબુલ્લાના હાકિમ હતા. તેમના બાળપણમાં રોમીઓએ હુમ્લો કર્યો અને માલમત્તાની સાથે તેમને પણ ઉઠાવીને લઈ ગયા. તેમનો ઉછેર રોમીઓમાં થયો. જ્યારે યુવાન થઈ ગયા તો બની કલ્બ રોમીઓથી ખરીદીને મક્કા લાવ્યા અને અબ્દુલ્લાહ બિન જદઆનના હાથે વેચી આપ્યા. એણે એમને આઝાદ કરી આપ્યા. એક રિવાયત એ છે કે એ ખૂદ ભાગીને મક્કા આવ્યા અને અબ્દુલ્લાહના હ઼લીફ (સાથી) બની ગયા. **હુઝૂરે અક઼દસ ﷺ જ્યારે દારે અરક઼મમાં તશરીફ ફર્મા હતા ત્યારે ૩૦મા નંબર પર તે ઈમાનની દૌલતથી માલામાલ થયા. આ**

بن عمر لعمرو بن عثمان الا تنهى عن البكاء فان رسول الله صلى الله

એકની પાસે બેઠો એવામાં બીજા સાહબ આવ્યા અને મારી બાજુમાં બેસી ગયા. અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરે અમ્ર

تعالى عليه وسلم قال ان الميت ليعذب ببكاء اهله عليه فقال ابن

બિન ઉષ્માનને ફર્માવ્યું કે તમે સ્ત્રીઓને રડવાથી શા માટે મના નથી કરતા ? એટલા માટે કે

عباس قد كان عمر يقول بعض ذلك ثم حدث قال صدرت مع

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મૈયતને તેના ઘરવાળાંઓના એના પર રડવાના લીધે અઝાબ આપવામાં આવે

عمر من مكة حتى اذا كنا بالبيداء اذا هو بركب تحت ظل سمرة فقال

છે. એના પર ઈબ્ને અબ્બાસે કહ્યું, ઉમર પણ આવું જ કાંઈક કહ્યા કરતા હતા. એના પછી હદીષ વર્ણન કરી કે

اذهب فانظر من هؤلاء الركب قال فنظرت فاذا صهيب فاخبرته

હઝરત ઉમરની સાથે હું મક્કાથી પરત થઈ રહ્યો હતો. જ્યારે અમે બયદાઅ્ પહોંચ્યા તો એક કાફલો એક

فقال ادعه لي فرجعت الى صهيب فقلت ارتحل فالحق امير المؤمنين

બાવળના ઝાડ નીચે રોકાયેલો હતો. મને ફર્માવ્યું, જાવ ! જુઓ આ કોણ લોકો છે ? મેં નજર કરી તો સુહૈબ

فلما اصيب عمر دخل صهيب يبكي يقول وا اخاه وا صاحباه فقال

હતા. મેં ઉમરને ખબર કરી તો ફર્માવ્યું, એમને બોલાવો. હું પાછો વળીને સુહૈબની પાસે ગયો અને મેં કહ્યું,

له عمر يا صهيب اتبكي علي وقد قال رسول الله صلى الله تعالى عليه

અમીરુલ મો'મિનીનને મળો. ત્યારબાદ જ્યારે હઝરત ઉમરને ઝખ્મી કરવામાં આવ્યા તો સુહૈબ તેમની પાસે

وسلم ان الميت يعذب ببعض بكاء اهله عليه قال ابن عباس

આવીને રડવા લાગ્યા. હાય ભાઈ ! હાય દોસ્ત ! એના પર હઝરત ઉમરે તેમને ફર્માવ્યું, હે સુહૈબ ! તમે મારા

**સૌથી છેલ્લા મુહાજિર છે.** હુઝૂરે અક્દસ ﷺ હજી કુબામાં હઝરત કુલ્ષૂમ બિન હદમના ઘરે હતા એવામાં એ પણ પહોંચી ગયા. સર્વ લોકો ખજૂરો ખાઈ રહ્યા હતા. આ ભૂખ્યા હતા તો ખજૂરો પર તૂટી પડયા. એમની એક આંખમાં દુઃખાવો હતો અને આંખની આ બીમારમાં ખજૂર નુકસાનકારક છે. હઝરત સુહૈબ ખુશમિઝાજ હતા. હઝરત ઉમરે છેડયા. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માવો ! સુહૈલની આંખો દુઃખી રહી છે અને એઓ ખજૂર ખાઈ રહ્યા છે ! હુઝૂરે અક્દસ ﷺએ એમને ફર્માવ્યું, સુહૈબ ! આવી હાલતમાં ખજૂરો ખાઈ રહ્યા છો ! અર્ઝ કરી, જે આંખ દુઃખી રહી છે એ બાજુથી નથી ખાઈ રહ્યો, જે સારી છે એ બાજુથી ખાઈ રહ્યો છું ! હુઝૂર હસી પડયા.

હઝરત ઉમર رضی اللہ عنہને એમના પર ખૂબ જ વિશ્વાસ હતો એટલા માટે જ વસિયત ફર્માવી હતી કે જ્યાં સુધી

فَلَمَّا مَاتَ عُمَرُ ذَكَرْتُ ذٰلِكَ لِعَائِشَةَ فَقَالَتْ يَرْحَمُ اللّٰهُ عُمَرَ وَاللّٰهِ

પર રડો છો ?! અને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું છે, મુડદાને પોતાના ઘરવાળાંઓના અમુકના રડવાના લીધે

مَا حَدَّثَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِنَّ اللّٰهَ لَيُعَذِّبُ

અઝાબ આપવામાં આવે છે. ઈબ્ને અબ્બાસે કહ્યું, જ્યારે હઝરત ઉમરનો વિસાલ થઈ ગયો તો મેં ઉમ્મુલ

الْمُؤْمِنَ بِبُكَاءِ اَهْلِهٖ عَلَيْهِ وَلٰكِنْ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

મો'મિનીન હઝરત આઈશાને એ વર્ણવ્યું તો તેમણે ફર્માવ્યું, અલ્લાહ ઉમર પર રહમ ફર્માવે, ખુદાની કસમ !

قَالَ اِنَّ اللّٰهَ لَيَزِيْدُ الْكَافِرَ عَذَابًا بِبُكَاءِ اَهْلِهٖ عَلَيْهِ وَقَالَتْ حَسْبُكُمُ

રસૂલુલ્લાહ ﷺએ એવું નથી ફર્માવ્યું, અલ્લાહ મો'મિન પર તેનાં ઘરવાળાંઓના રડવાને લીધે અઝાબ કરે

الْقُرْاٰنُ وَلَا تَزِرُ وَازِرَةٌ وِّزْرَ اُخْرٰى قَالَ ابْنُ عَبَّاسٍ عِنْدَ ذٰلِكَ

છે પરંતુ રસૂલુલ્લાહ ﷺએ આ પ્રમાણે ફર્માવ્યું છે, બેશક ! અલ્લાહ કાફિર પર અઝાબ વધારી આપે છે

وَاللّٰهُ هُوَ اَضْحَكَ وَاَبْكٰى قَالَ ابْنُ اَبِيْ مُلَيْكَةَ وَاللّٰهِ مَا قَالَ ابْنُ عُمَرَ شَيْئًا

તેના ઘરવાળાંના રડવાને લીધે. અને ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું, તમને કુર્આન પૂરતુ છે. "કોઈનો બોજ બીજા પર નહીં નાખવામાં આવે." એ વખતે ઈબ્ને અબ્બાસે કહ્યું, અને અલ્લાહ જ હસાવે છે અને રડાવે છે. ઈબ્ને અબી મુલૈકાએ કહ્યું, એના પર ઈબ્ને ઉમર કાંઈ ન બોલ્યા."

(બુખારી, ૧/૧૭૨, મુસ્લિમ–જનાઈઝ, નસાઈ–જનાઈઝ)

શૂરા કોઈ ખલીફાની પસંદગી ન કરે ત્યાં સુધી સુહૈબ નમાઝ પઢાવશે અને ખિલાફતનાં કામો અંજામ આપશે. જેથી ત્રણ દિવસો સુધી તે આ મન્સબ (સ્થાન) પર બિરાજમાન રહ્યા. હિ.સ. ૩૮માં જ્યારે ઉમ્ર મુબારક ૭૨ વરસની થઈ તો મદીના પાકમાં વિસાલ ફર્માવ્યો અને ઈસ્લામી જગતના સૌથી મોતબર્રક કબ્રસ્તાન જન્નતુલ બકીઅમાં દફન થયા. હુઝૂરે અકદસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, સુહૈબ રોમનું પ્રથમ ફળ છે.

**હદીષનો ખુલાસો** : આ હદીષ સૌથી મુશ્કેલ હદીષોમાં ગણત્રી પામે છે. આ હદીષમાં વિવિધ શંકાઓ છે. પ્રથમ : હઝરત ઈબ્ને ઉમરની રિવાયત છે કે મૈયત પર તેનાં ઘરવાળાંઓના રડવાથી અઝાબ થાય છે. આ હદીષમાં ચાર વાતો (ઉમૂમ) સામાન્ય છે. મૈયત આમ (સામાન્ય) છે એ રીતે કે કાફિર હોય કે મુસલમાન. તેને રડવાની આદત હોય કે ન હોય. તેણે રડવાની વસિયત કરી હોય કે ન કરી હોય. બીજુ : સામાન્યપણુ અઝાબમાં છે, જિસ્માની હોય કે રૂહાની. ત્રીજુ : સામાન્યપણુ રડવામાં છે, આ રડવું ઈખ્તિયારી હોય કે ગૈર ઈખ્તિયારી, અવાજથી હોય કે વિના અવાજે, હાયપીટ વગેરેની સાથે હોય કે એના વિના.

અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી જે હઝરત ઉમરની હદીષ રિવાયત થઈ છે એમાં રૂદનની અમુક રડવાના ખાસ પ્રકાર સાથે વિશિષ્ટ કરવામાં આવેલ છે અને આ ખાસપણુ મુબહમ (અધ્યાહન, છુપુ) છે, એ અમુક રડવું શું છે એ જાહેર નથી. આ શંકાને ઈમામ બુખારીએ બે રીતના હેડિંગથી હલ ફર્માવ્યું છે : એક એ કે

હઝરત ઈબ્ને ઉમરની હદીષનું સામાન્યપણુ (ઉમૂમ) હઝરત ઈબ્ને અબ્બાસની હદીષથી ખાસ છે એટલે કે એ એને ખાસ કરનાર છે એમાં પણ મુરાદ અમુક જ પ્રકારનું રૂદન છે. પછી એના છુપાપણાને બે રીતે સ્પષ્ટ કર્યું, એક એ કે મૈયત પર અઝાબ એ વખતે થશે જ્યારે મૈયતની પોતે પણ નોહા કરવાની આદત રહી હોય, આ ખાસિયત મૈયતમાં થઈ. પછી એના વાસ્તાથી રડનારાંઓમાં, પછી રડવામાં. બીજુ એ કે એનાથી મુરાદ અવાજની સાથે બેસબ્રી તથા રૂદન કકલાટની સાથે રડવું છે. હવે એ ખાસિયત રડવામાં થઈ. દરેકને ઈમામ બુખારીએ કુર્આન હદીષથી સાબિત કર્યું, જેવું કે વિગતવાર વર્ણન આવી ગયું.

ઈબ્ને ઉમરની હદીષની ત્રીજી ખાસિયત હઝરત ઉમ્મુલ મો'મિનીનની હદીષથી થઈ કે મૈયતથી મુરાદ કાફિર છે. ચોથી સ્પષ્ટતા એ છે કે મૈયત પર અઝાબ એ વખતે થાય છે જ્યારે તે તેણે નોહા કરવાની વસિયત કરી હોય, પાંચમો ખુલાસો એ છે કે જ્યારે નોહા કરવાને પસંદ કરતો હોય. છટ્ઠો ખુલાસો એ છે કે અઝાબ એ છે કે તેને કહેવામાં આવશે, શું તું આવો હતો ? શું તું આવો હતો ? આ ખાસિયત અઝાબમાં છે, એટલે કે રૂહાની અઝાબ થશે. જેમ કે એ જ વિષયની હદીષ આગળ આવી રહી છે.

**બીજી શંકા** : એ છે કે હઝરત ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું, ખુદાની કસમ ! રસૂલુલ્લાહ ﷺએ એવુ નથી ફર્માવ્યું, અલ્લાહ મો'મિન પર તેનાં ઘરવાળાંના રડવાથી અઝાબ ફર્માવે છે. શંકા એ છે કે હઝરત ઉમર رضی اللہ عنہની હદીષમાં મો'મિન નથી, મૈયત છે, અને મૈયત શબ્દ કાફિર માટે પણ બોલવામાં આવે છે પછી આટલી સખ્તીપૂર્વક ઉમ્મુલ મો'મિનીનના ઈન્કારનું કારણ શું ? હલ એ છે કે હઝરત સુહૈબ હઝરત ઉમર પર રડયા હતા જેના પર હઝરત ઉમરે તે હદીષ વર્ણવી. એનાથી ઉમ્મુલ મો'મિનીન એવું સમજ્યાં કે હઝરત ઉમર આ ઈર્શાદને મો'મિનના હક્કમાં સમજ્યા છે, એને ઉમ્મુલ મો'મિનીન ફર્માવી રહ્યાં છે કે તેમનું આ પ્રમાણે સમજવું દુરુસ્ત નથી. આ ઈર્શાદથી મુરાદ કેવળ કાફિર છે, મો'મિન નહીં.

**ત્રીજી શંકા** : એ છે કે ઉમ્મુલ મો'મિનીને પોતાના મુદ્દા માટે આયતે કરીમા : لَا تَزِرُ وَازِرَةٌ وِزْرَ اُخْرٰی ''કોઈ અન્યના બોજને ઉઠાવશે નહીં''થી દલીલ કરી. તો સવાલ પેદા થાય છે કે એ તો હક્ક છે કે એક મો'મિન પર બીજા મો'મિનના ગુનાહ લાદવામાં નહીં આવે. હવે સવાલ એ છે કે શું એક કાફિર પર બીજા કાફિરના ગુનાહ નાખવામાં આવશે ? જેના લીધે કાફિર પર તેનાં ઘરવાળાંના રડવાથી અઝાબ થશે. જાહેર આયત એ જ દર્શાવી રહી છે કે એમાં મો'મિનનું ખાસપણુ નથી, કાફિરનો પણ એ જ હાલ છે અને એ જ ન્યાયનો તકાદો છે. આ શંકા અલ્લામા કિર્માનીની છે. અલ્લામા અયનીએ એ જવાબ ઈર્શાદ ફર્માવ્યો કે કેમ કે કાફિરોની આદત હતી કે તેઓ નોહા કરવાની વસિયત કરી જતા હતા, જેમ કે જાહિલિયતના લોકોના શેઅરોથી જાહેર છે. તરફા ઈબ્ને અબ્દ કહે છે : اذا مت فانعنی بما انا اهله ۔ و شقی علی الجیب یا ام معبد ''હું જ્યારે મરી જાઉં તો હે ઉમ્મે મઅબદ ! મારા કમાલો વર્ણવીને રડજો અને ગરેવાન ફાડજો.'' એટલા માટે કાફિર પર અઝાબ થાય છે અને મો'મિન પર નહીં. આ જવાબનો સાર એ થયો કે આયતે કરીમા ઉમ્મુલ મો'મિનીને પોતાના દાવાના પ્રથમ ભાગ પર પેશ કરી કે એકનો ગુનોહ બીજા પર લાદવામાં નથી આવતો અને મો'મિન નોહા કરવાની વસિયત પણ નથી કરતો પછી તેના પર ઘરવાળાંના નોહા કરવાથી શા માટે અઝાબ થાય ? કાફિર પર થશે એટલા માટે કે તે વસિયત કરી જાય છે.

એનો એક જવાબ એ પણ આપી શકાય છે કે આ અઝાબથી મુરાદ એ છે કે એને કહેવામાં આવશે કે શું તું આવો જ હતો ? જેવું કે મુગીરા અને હઝરત ઈબ્ને ઉમરની હદીષ હમણા આવી રહી છે. આ અઝાબ પણ કમ નથી. એનું દષ્ટાંત તે છે જે કુર્આને કરીમમાં અબૂ જહલના બારામાં ફર્માવવામાં આવ્યું કે કયામતના દિવસે જહન્નમમાં એને કહેવામાં આવશે : ذُقْ اِنَّكَ اَنْتَ الْعَزِيْزُ الْكَرِيْمُ ''ચાખ ! તું તો ઘણો ઈજ્જતવાળો ઘણો શરીફ છે !'' અઝાબની અધિક્તાથી મુરાદ નિશ્ચિત અઝાબ પર વધુ અઝાબ, આ કટાક્ષ છે.

**و قال** : આ શક ઈબ્ને જુરજથી છે. મુસ્લિમમાં છે કે ઈબ્ને અબી મુલેકા કહે છે કે હું ઈબ્ને ઉમરની બાજુમાં

حديث ۷۵۶ عَنْ اَبِیْ بُرْدَۃَ عَنْ اَبِیْہِ قَالَ لَمَّا اُصِیْبَ عُمَرُ جَعَلَ صُہَیْبٌ

"હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ એ ફર્માવ્યું, જ્યારે હઝરત ઉમર ઝખ્મી કરવામાં **[હદીષ : ૭૫૬]**

یَقُوْلُ وَااَخَاہُ فَقَالَ عُمَرُ اَمَا عَلِمْتَ اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ

આવ્યા તો હઝરત સુહૈબ કહેવા લાગ્યા, "હાય ! ભાઈ !" એના પર હઝરત ઉમરે કહ્યું, શું તમે નથી જાણતા

قَالَ اِنَّ الْمَیِّتَ لَیُعَذَّبُ بِبُکَاءِ الْحَیِّ ع

કે નબી ﷺ એ ફર્માવ્યું, બેશક ! ઝિંદાના રડવાથી મૈયતને અઝાબ આપવામાં આવે છે." (બુખારી, ૧/૧૭૨)

બેઠો હતો. ઉમ્મે અબાન બિન્તે ઉષ્માનના જનાઝાની અમે લોકો રાહ જોઈ રહ્યા હતા અને ત્યાં જ અમ્ર બિન ઉષ્માન પણ હતા. એટલામાં ઈબ્ને અબ્બાસ આવ્યા. એમને એક રહબર લાવ્યો હતો. (તેમની આંખો સફેદ થઈ ગઈ હતી) અને ઈબ્ને ઉમરની જગા બતાવી તો તે આવ્યા અને મારી બાજુમાં બેસી ગયા. હવે હું બંનેની વચ્ચે થઈ ગયો. એવામાં ઘરમાંથી અવાજ આવ્યો તો ઈબ્ને ઉમરે તે ફર્માવ્યું.

**بیداء**નો અર્થ મેદાન થાય છે. અહીં તે મેદાન મુરાદ છે જે મક્કા મોઅઝ્ઝમા અને મદીના તયબહની દરમ્યાનમાં છે.

**فلما اصیب** : આ મુલાકાત હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની અંતિમ હજજમાં થઈ હતી જેમ કે ઐયૂબની રિવાયતમાં છે, જ્યારે અમે મદીના આવી ગયા તો થોડાક અરસા બાદ હઝરત ઉમરને ઝખ્મી કરી દેવામાં આવ્યા.

**قال ابن عباس** : અલ્લાહ જ તે છે જેણે હસાવ્યા તથા રડાવ્યા એટલે આંસૂ પર ખૂદ રડનારો ઈખ્તિયાર નથી ધરાવતો. પછી મૈયત પર બીજાના રડવાથી શાથી અઝાબ થશે ?

**ما قال ابن عمر شیئا** : એટલે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની આ હદીષ સાંભળીને ઈબ્ને ઉમર કાંઈ ન બોલ્યા. જાહેરી રીતે એવું જણાય છે કે હઝરત ઈબ્ને ઉમરનું મૌન એટલા માટે હતું કે એમણે એને કૂબૂલ કરી લીધું. પરંતુ એ પણ સંભાવના છે કે તેમણે બહષ તથા ચર્ચાથી બચવાના માટે મૌન ધારણ કર્યું, ખાસ કરીને એવા સંજોગોમાં જ્યારે કે એક હદીષ મરફૂઅ (એટલે કે એ હદીષ જે રસૂલુલ્લાહ ﷺથી સાબિત હોય) વર્ણન કરી ચૂક્યા છે. એની પણ સંભાવના છે કે તે પોતાની વર્ણવેલી હદીષની તાવીલ વિચારી રહ્યા હોય અને તુરત તાવીલ દિમાગમાં ન આવી હોય એટલા માટે મૌન રહ્યા.

**સમજૂતી : ૭૫૬** બંને હદીષોના એક હિસ્સાનું વર્ણન લગભગ એક જ છે. અહીં આ કે, "શું તમે નથી જાણતા ?" વધારાનું છે. અને ત્યાં **بکاء** મુકૈયદ (શર્તી) છે **بعض**ની સાથે, અને અહીં મુત્લક઼ છે. ત્યાં **اھل** છે, અહીં **الحی** છે. આ હદીષમાં બે સામાન્યપણા (ઉમૂમ) છે : એક **بکاء**માં અને એક **با** રડનારમાં. પણ પાછલી હદીષની સ્પષ્ટતામાં આવી ગયું કે જે હદીષોમાં **ببعض بکاء** નથી એમાં મુરાદ એ જ છે અને કેમ કે મૈયત પર અધિક્તર બીવી બચ્ચાં જ રડે છે એટલા માટે **اھل** (ઘરવાળાં) ફર્માવ્યું. નહીં તો ઘરવાળાં ખાસ નથી બલ્કે કોઈ પણ રડે. તેની અસર એ જ થશે જે ઘરવાળાંના રડવાથી છે. એક સંભાવના એ પણ છે કે **الحی**નો અર્થ કૂબીલો છે. હવે બંનેનું વર્ણન સમાન થઈ ગયું પણ પહેલું રાજેહ (અધિક પસંદીદા) છે. એક તો મૈયતના વિરૂદ્ધમાં થતુ આ વર્ણન એનો તક઼ાઝો કરે છે, બીજુ કે હઝરત સુહૈબ હઝરત ઉમરના કૂબીલાથી ન હતા.

حديث ٧٥٧ عَنْ عَمْرَةَ بِنْتِ عَبْدِ الرَّحْمٰنِ أَنَّهَا سَمِعَتْ عَائِشَةَ زَوْجَ النَّبِيِّ

"અમરહ્ બિન્તે અબ્દુર્રહમાને ખબર આપી કે તેમણે હઝરત આઈશા, **[હદીષ : ૭૫૭]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَتْ إِنَّمَا مَرَّ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

નબી ﷺનાં અહલિયા (પત્ની)થી સાંભળ્યું કે તેમણે ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺએક યહૂદી સ્ત્રી પાસેથી

عَلَيْهِ وَسَلَّمَ عَلٰى يَهُوْدِيَّةٍ يَّبْكِيْ عَلَيْهَا أَهْلُهَا فَقَالَ إِنَّهُمْ لَيَبْكُوْنَ

પસાર થયા જેના પર તેનાં ઘરવાળાં રડી રહ્યાં હતાં. તો ફર્માવ્યું, આ સૌ એના પર રડે છે અને એની ક઼બ્રમાં

عَلَيْهَا وَإِنَّهَا لَتُعَذَّبُ فِيْ قَبْرِهَا ٥

એના પર અઝાબ થાય છે." (બુખારી, ૧/૧૭૨)

ت ٢٣٨ وَقَالَ عُمَرُ دَعْهُنَّ يَبْكِيْنَ عَلٰى أَبِيْ سُلَيْمَانَ مَالَمْ يَكُنْ نَقْعٌ

"અને હઝરત ઉમરે ફર્માવ્યું, એમને છોડી આપો અબૂ સુલૈમાન પર રડે જ્યાં સુધી **[તઅલીક઼ : ૨૩૮]**

وَلَقْلَقَةٌ وَّالنَّقْعُ التُّرَابُ عَلَى الرَّاسِ وَاللَّقْلَقَةُ الصَّوْتُ ٥

માથા પર ધૂળ ન નાખે અને અવાજ ન કાઢે. અને نقع (નક઼અ)નો અર્થ માથા પર ધૂળ નાખવી અને

અર્થ القلقةનો અવાજ છે." (બુખારી ૧/૧૭૨)

## સમજૂતી : ૭૫૭

આ એક હદીષનો અંતિમ ભાગ છે જેને ઈમામ માલિકે મુઅત્તા (જનાઈઝ–૮૮)માં વર્ણન કરેલ છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاને વર્ણન કરવામાં આવ્યું કે અબ્દુલ્લાહ બિન ઉમર એવું કહે છે કે મૈયતને જીવતાઓના રડવાથી અઝાબ આપવામાં આવશે. તો હઝરત આઈશા رضی اللہ عنہاએ ફર્માવ્યું, અબૂ અબ્દુર્રહમાનને અલ્લાહ તબારક વ તઆલા માફ ફર્માવે, તે જૂઠ હરગિઝ નથી બોલ્યા પણ તેઓ ક્યાં તો ભૂલી ગયા અથવા ચૂકી ગયા છે. રસૂલુલ્લાહ ﷺ એક યહૂદી સ્ત્રી પાસેથી પસાર થયા........ છેવટ સુધી. હદીષ **ان المیت لیعذب ببکاء اھله**ની તાવીલ આ પ્રમાણે પણ છે. લખાણની તક઼દીર (અસલ લખાણ) આ પ્રમાણે થશે : **ای عند بکاء اھله علیه** "બા" ઝર્ફના માટે (**عند**)ના અર્થમાં છે. જેમ કે : **مطرنا بنوء کذا ـ ای عند نوء کذا** ફલાણા નક્ષત્રના વખતે વરસાદ થયો.

## તઅલીક઼ : ૨૩૮ની સમજૂતી

આ તઅલીક઼ને ઈમામ બયહક઼ીએ મુત્તસિલ સનદ સાથે વર્ણન કરેલ છે. એના શબ્દો આ પ્રમાણે છે : જ્યારે હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہનો વિસાલ થઈ ગયો તો બની મુગીરાની ઔરતોએ એકત્ર થઈને તેમના પર રડવાનુ શરૂ કરી આપ્યું તો હઝરત ઉમરને કહેવામાં આવ્યું કે કોઈને મોકલીને તેમને મના કરી આપે. તો હઝરત ઉમરે ફર્માવ્યું, તેણીઓ અબૂ સુલૈમાન પર આંસૂં વહાવે છે તો એમના પર કોઈ ગુનોહ નથી જ્યાં સુધી માથા પર

حدیث ٧٥٨ عَنِ الْمُغِيْرَةِ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ سَمِعْتُ النَّبِیَّ صَلَّی اللّٰہُ

"હઝરત મુગીરા رضی اللہ عنہ એ ફર્માવ્યું કે મેં નબી ﷺ ને ફર્માવતાં સાંભળ્યું, મારા પર જૂઠ **[હદીષ : ૭૫૮]**

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یَقُوْلُ اِنَّ کَذِبًا عَلَیَّ لَیْسَ کَکَذِبٍ عَلٰی اَحَدٍ، مَنْ

બાંધવું કોઈ અન્ય પર જૂઠ બાંધવા જેમ નથી. જે મારા પર જાણી જોઈને જૂઠ બાંધશે તે પોતાનુ ઠેકાણુ

کَذَبَ عَلَیَّ مُتَعَمِّدًا فَلْیَتَبَوَّأْ مَقْعَدَہٗ مِنَ النَّارِ وَسَمِعْتُ النَّبِیَّ صَلَّی اللّٰہُ

જહન્નમમાં બનાવે. અને મેં નબી ﷺ થી સાંભળ્યું, ફર્માવતા હતા, જેના પર નોહા કરવામાં આવશે તેને

ધૂળ ન નાખે અને ચીસો ન પાડે. આ પરથી સાબિત થયું કે અવાજ વિના મૈયત પર રડવું મના નથી, અલ્બત્ત અવાજ સાથે ચીસો પાડીને રડવુ મના છે. આનાથી પ્રકરણ સાથે મળતાપણુ છે.

**પ્રકરણનો ખુલાસો** : અહીં પ્રકરણના શબ્દો આ પ્રમાણે છે : **ما یکرہ من النیاحۃ علی المیت** "અહીં બે સંભાવનાઓ છે. એક એ કે (**ما**) મૌસૂલા છે. હવે મતલબ એ થશે કે, "મૈયત પર જે નોહા કરવું મકરૂહ છે તેનું બયાન." બીજુ એ કે આ (**ماء**) મસ્દરયહ્ છે, હવે મતલબ એ થશે કે, "મૈયત પર નોહાના મકરૂહ થવાનુ બયાન." બંને તક્દીર (સ્થિતિ) પર **من** બયાનના માટે છે. તબઈઝિયહનું હોવું બંને તક્દીરોમાંથી કોઈના પર દુરુસ્ત નથી, એટલા માટે કે **نیاحت**નો અર્થ અવાજથી રડવું (મોટેથી) છે અને એ ક્તઅન્ જાઈઝ નથી. અહીં મકરૂહથી મુરાદ મકરૂહે તહરીમી છે જે નાજાઈઝ છે.

**કાશ્મીરી મહાશયની પકડ** : કાશ્મીરી મહાશયે ફયઝુલ બારીમાં ફર્માવ્યું, અહીં **من تبعضیہ** (મિન તબ્ઈઝિયહ) છે અને અમુક નોહા જાઈઝ છે જેમ કે હઝરત જાબિરના વાલિદ માજિદ પર એમના ફોઈ રડયાં અને હુઝૂરે મના ન ફર્માવ્યું.

**હું કહું છું અલ્લાહની તૌફીક્થી** : કે કાશ્મીરી મહાશયને આટલી યાદશક્તિ તથા આટલો ઈલ્મ છતાં એ ખબર જ નથી કે તે વખતે નોહા (મૈયતની ખૂબીઓ વર્ણવી જોરથી રડવું) કરવો મના જ ન હતો ! મુસ્નદે ઈમામ અહમદ (૨/૯૨), ઈબ્ને માજહ (અલ જનાઈઝ-૧૧૫)માં છે : ગઝવએ ઓહદથી પરત થયા પછી બનૂ અબ્દિલ અશહલની સ્ત્રીઓ પોતાના શહીદો પર નોહા (હાય વોય) કરવા લાગી તો હુઝૂર ﷺ એ ફર્માવ્યું, **اما حمزۃ فلا بواکی لہ** "હમ્ઝાના માટે રડનારીઓ નથી." અન્સારે કિરામને ખબર થઈ તો તેમની સ્ત્રીઓ કાશાનાએ અક્દસ (હુઝૂર ﷺ ના ત્યાં) જમા થઈન નોહા કરવા લાગી. હુઝૂર ﷺ સૂઈ ગયા હતા. ચીસો બૂમોના અવાજ સાંભળીને આંખ ખુલી ગઈ. પૂછયું, આ શું છે ? અર્ઝ કરવામાં આવી, અન્સારની સ્ત્રીઓ હમ્ઝા પર રડી રહી છે. ફર્માવ્યું, તેમને કહી આપો, "જાવ ! અને આજ પછી કોઈપણ મરનાર પર ન રડે." શું મન્સૂખ હદીષ પર અમલ જાઈઝ છે ?!

## સમજૂતી : હદીષ-૭૫૮, તઅલીક્-૨૩૯

**وقال آدم** : થી ઈમામ બુખારી એ દર્શાવવા ચાહે છે કે એ જ સનદ સાથે આદમ બિન અયાસે શુઅબાથી **المیت یعذب ببکاء الحی علیہ**ને બદલે **المیت یعذفی قبرہ بما نیح علیہ** રિવાયત કર્યું છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું, આ સનદની સાથે **ببکاء الحی** એકલા આદમે રિવાયત કર્યું છે, અન્ય રાવીઓ **بما نیح علیہ** રિવાયત કરે છે.

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یَقُوْلُ مَنْ نِّیْحَ عَلَیْہِ یُعَذَّبُ بِمَا نِیْحَ عَلَیْہِ ع ہ

નોહાના સબબ અઝાબ આપવામાં આવશે." (બુખારી ૧/૧૭૨, મુસ્લિમ–જનાઈઝ, તિર્મિઝી–જનાઈઝ)

ت ۲۳۹ وَقَالَ آدَمُ عَنْ شُعْبَۃَ ۔ اَلْمَیِّتُ یُعَذَّبُ بِبُکَاءِ الْحَیِّ عَلَیْہِ س ہ

"અને આદમે શુઅબાથી રિવાયત કરતાં કહ્યું, મૈયતને જીવતાઓના તેના પર નોહા **[તઅલીક઼ : ૨૩૯]**

કરવાને લીધે અઝાબ આપવામાં આવે છે." (બુખારી, ૧/૧૭૨)

حدیث عَنِ ابْنِ عُمَرَ عَنْ اَبِیْہِ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરે પોતાના વાલિદ માજિદ હઝરત ઉમરથી અને તેમણે **[હદીષ : ૭૫૯]**

قَالَ اَلْمَیِّتُ یُعَذَّبُ فِیْ قَبْرِہٖ بِمَا نِیْحَ عَلَیْہِ ع ہ

નબી ﷺથી રિવાયત કરી. ફર્માવતા કે મૈયતને તેની ક઼બ્રમાં તેના પર નોહા કરવાના

કારણે અઝાબ આપવામાં આવે છે."

(બુખારી ૧/૧૭૨, મુસ્લિમ–જનાઈઝ, નિસાઈ–જનાઈઝ, ઈબ્ને માજહ–જનાઈઝ, મુસ્નદે ઈમામ અહમદ)

حدیث ۷۶۰ عَنْ عَبْدِ اللّٰہِ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہએ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **[હદીષ : ૭૬૦]**

**بما نیح علیه** : એમાં **باء** સબીબયહ્ છે અને **ما** મસ્દરયહ છે. અર્થ એ થયો : એના પર નોહા કરવાના કારણે. હવે આદમ બિન અયાસની રિવાયત અને આ બંનેવ સમાનઅર્થી થશે. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે એ પણ થઈ શકે છે કે **بما نیح** હાલ હોય, અને **ما** મૌસૂલા. ઈબારતની તક઼દીર આ પ્રમાણે થશે : **یعذب متلبسا بالذی نیح علیه** એટલે જે શબ્દો વડે નોહા કરવામાં આવશે એનાથી અઝાબ આપવામાં આવશે. એ રીતે કે એને કહેવામાં આવશે, શું તું આવો હતો ?! શું તું આવો હતો ?! જેમ કે ઈબ્ને માજહમાં હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہથી મરવી છે કે મૈયતને સખ્તીની સાથે ઝંઝોળવામાં આવશે અને કહેવામાં આવશે કે તું આવો છે ? તું આવો છે ?!

**મસાઈલ** : આ સર્વ હદીષોનો સાર એ નીકળ્યો કે મૈયતની કાયમી જુદાઈની અસરથી જો બેઈખ્તિયાર આંસૂ નીકળી પડે અથવા બેક઼રારીની હાલતમાં કાંઈક અવાજ નીકળી જાય તો કાંઈ વાંધો નથી બલ્કે મહમૂદ (પસંદીદા) છે. પરંતુ ઈરાદાપૂર્વક બૂમો પાડી પાડીને રડવું, માથુ પીટવું, મોઢા પર થપ્પડો મારવી, છાતી કૂટવી, ગરિવાન ફાડવું, માથા પર માટી નાખવી હરામ તથા મના છે. આ જ નોહા તથા બયન છે. જો મૈયતની ખૂદ નોહા કરવાની આદત હોય અથવા તે વસિયત કરી ગયો હોય તો નોહા કરવાના કારણે તેના પર અઝાબ થશે.

**સમજૂતી : ૭૬૦**

**لیس منا** એનાથી મુરાદ એ છે કે અમારા તરીક઼ા પર ચાલનારાઓમાંથી નથી. એટલા માટે કે એહલે સુન્નતનો એના પર ઈજમાઅ છે કે ગુનાહથી માણસ કાફિર નથી થતો. આ આદેશ એ કાર્યોની ખરાબી તથા બુરાઈને

عَلَيْهِ وَسَلَّمَ لَيْسَ مِنَّا مَنْ لَطَمَ الْخُدُوْدَ وَشَقَّ الْجُيُوْبَ وَدَعَا بِدَعْوَى

જે ગાલો પર થપ્પડ મારે અને ગરેવાનને ફાડે અને જાહિલિયત (ઈસ્લામ પહેલાંના) જમાનાની જેમ બૂમો

الْجَاهِلِيَّةِ ٥٥

પાડે તે અમારામાંથી નથી.''

(બુખારી ૧/૧૭૨, ૧/૧૭૩ મનાક઼િબે કુરૈશ ૧/૪૪૯, મુસ્લિમ–ઈમાન,
તિર્મિઝી, ઈબ્ને માજહ, નિસાઈ–અલ્ જનાઈઝ)

حديث ٧٦١ عَنْ عَامِرِ بْنِ سَعْدِ بْنِ اَبِیْ وَقَّاصٍ عَنْ اَبِيْهِ قَالَ كَانَ رَسُوْلُ

''આમિર બિન સઅદ બિન વક્ક઼ાસે પોતાના વાલિદ માજિદ હ઼ઝરત સઅદ બિન **[હદીષ : ૭૬૧]**

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَعُوْدُنِیْ عَامَ حَجَّةِ الْوَدَاعِ مِنْ وَّجَعٍ

વક્ક઼ાસ رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم હજ્જતુલ વિદાઅના વરસે મારી બીમારપુર્સીના માટે

نِ اشْتَدَّ بِیْ فَقُلْتُ اِنِّیْ قَدْ بَلَغَ بِیْ مِنَ الْوَجَعِ وَاَنَا ذُوْمَالٍ وَّلَا يَرِثُنِیْ اِلَّا

આવ્યા. મારી એ બીમારીમાં જે સખત થઈ ગઈ હતી. મેં અર્ઝ કરી, બીમારીએ મને આ હદ સુધી પહોંચાડી

ابْنَةٌ لِّیْ اَفَاَتَصَدَّقُ بِثُلُثَیْ مَالِیْ قَالَ لَا فَقُلْتُ فَالشَّطْرُ فَقَالَ لَا

આપ્યો છે અને હું માલદાર છું અને મારી વારસદાર કેવળ એક પુત્રી છે. શું હું મારા માલનો ૨/૩ ભાગ

દર્શાવવા માટે તાકીદે ફર્માવ્યો.

**دعویٰ الجاهلية** : જાહિલિયતથી મુરાદ ઝમાનાએ ફિતરત છે, એટલે કે તે જમાનો જેમાં કોઈ રસૂલ તશરીફ ન લાવ્યા હોય. આ હઝરત ઈસા علیہ السلام અને આપણા હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم ના આગમનના દરમ્યાનનો સમય છે જે લગભગ ૫૦૦ વરસનો છે. **دعویٰ الجاهلية**થી મુરાદ આમ છે, દરેક તે પુકાર તથા કથન જે ઈસ્લામની વિરુદ્ધ એ યુગમાં રિવાજ પામેલ હોય તે સૌ **دعویٰ الجاهلية** છે. જેમ કે થોડી થોડી વાતમાં પોતાના કબીલાને પોકારવો અને મરનારાના એવા ગુણો વર્ણન કરીને બૂમો પાડવી જે એનામાં ન હોય. જેમ કે **وا جبلاه،وا عضداه،وا اسداه** વગેરે.

## સમજૂતી : ૭૬૧

આ હદીષનો આ ભાગ : **انك لن تنفق۔الیٰ فی فی امرأتك** પ્રથમ ભાગ કિતાબુલ ઈમાનમાં, પેજ–૩૪૪ પર વર્ણન થઈ ચૂક્યો છે.

**الثلث كثير** : એનાથી સાબિત થયું કે ત્રીજા ભાગ (૧/૩)થી અધિક માલની વસિયત માન્ય નથી. જો કોઈ ૧/૩ માલથી અધિકની વસિયત કરી જાય તો પણ કેવળ ત્રીજો ભાગ જ તે પામશે જેના માટે વસિયત કરવામાં આવી છે. હા ! જો વારસદાર આક઼િલ બાલિગ હોય અને સૌ રાજી હોય તો લાગુ થશે, અને સૌ નાબાલિગ હોય અથવા સૌ મજનૂન (પાગલ) હોય અથવા અમુક નાબાલિગ અને અમુક મજનૂન તો લાગુ થશે નહીં, ભલે સૌ

ثُمَّ قَالَ الثُّلُثُ وَالثُّلُثُ كَبِيْرٌ اَوْ كَثِيْرٌ اِنَّكَ اَنْ تَذَرَ وَرَ ثَتَكَ

સદકો કરી દઉં ? ફર્માવ્યું, નહીં ! તો મેં અર્ઝ કરી, અડધો ?! તો ફર્માવ્યું, નહીં ! પછી હુઝૂરે જાતે જ ફર્માવ્યું,

اَغْنِيَاءَ خَيْرٌ مِّنْ اَنْ تَذَرَهُمْ عَالَةً يَّتَكَفَّفُوْنَ النَّاسَ وَاِنَّكَ لَنْ

૧/૩ (ત્રીજો ભાગ) અને ૧/૩ મોટો છે, અથવા એવું ફર્માવ્યું, ઘણો છે. **તમે તમારા વારસોને માલદાર**

تُنْفِقَ نَفَقَةً تَبْتَغِيْ بِهَا وَجْهَ اللّٰهِ اِلَّا اُجِرْتَ بِهَا حَتّٰى مَا تَجْعَلُ فِيْ فِيْ

**છોડો એ બેહતર છે એનાથી કે તેમને તંગદસ્ત છોડો કે તેઓ લોકોની સામે હાથ ફેલાવતા**

اِمْرَاَتِكَ قُلْتُ يَا رَسُوْلَ اللّٰهِ اُخَلَّفُ بَعْدَ اَصْحَابِيْ قَالَ اِنَّكَ لَنْ تُخَلَّفَ

**રહે. અને તું જે પણ અલ્લાહની રઝાને માટે ખર્ચ કરીશ તેના પર સવાબ પામીશ, ત્યાં સુધી**

فَتَعْمَلَ عَمَلًا صَالِحًا اِلَّا ازْدَدْتَ بِهٖ دَرَجَةً وَّرِفْعَةً ثُمَّ لَعَلَّكَ اَنْ تُخَلَّفَ

**કે જે લુકમો તારી પત્નીના મોઢામાં રાખીશ એના પર પણ સવાબ મળશે.** મેં અર્ઝ કરી, યા

حَتّٰى يَنْتَفِعَ بِكَ اَقْوَامٌ وَّيُضَرَّ بِكَ اٰخَرُوْنَ اَللّٰهُمَّ اَمْضِ لِاَصْحَابِيْ

રસૂલલ્લાહ ! ﷺ હું મારા સાથીઓના ચાલ્યા ગયા બાદ મક્કામાં પાછળ રહી જઈશ ? ફર્માવ્યું, તમે કદી

هِجْرَتَهُمْ وَلَا تَرُدَّهُمْ عَلٰى اَعْقَابِهِمْ وَلٰكِنِ الْبَائِسُ سَعْدُ بْنُ خَوْلَةَ

પણ પાછળ નહીં રહો. એના બાદ તમે જે પણ નેક અમલ કરશો એના ઝરીયા તમે તમારા દરજા અને

يَرْثِيْ لَهٗ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنْ مَّاتَ بِمَكَّةَ عـ٥

મર્તબાને બુલંદ કરશો. ત્યારબાદ તમે જીવતા રહેશો ત્યાં સુધી કે તમારાથી કેટલીક કૌમોને લાભ પહોંચશે

અને બીજાઓને નુકસાન. હે અલ્લાહ ! મારા સહાબાની હિજરત પૂરી ફર્માવજે અને તેમને એડીઓભેર ન

પલટાવતો. પરંતુ રહમને પાત્ર સઅદ બિન ખૌલા એમના માટે રસૂલુલ્લાહ ﷺ દુ:ખ પ્રદર્શિત કરી રહ્યા

હતા કે તે મક્કામાં મૃત્યુ પામ્યા."

(બુખારી ૧/૧૭૩, ૧/૩૮૩, ૧/૩૮૪, ૧/૫૬૦, ૨/૬૩૨, ૬૩૩ અલમગાઝી, ૨/૮૦૬, ૨/૮૪૫, ૮૪૬ અદ્અવાત, ૨/૯૪૩, ૨/૯૯૭, ૧/૧૩, મુસ્લિમ અલ્વસાયા, અબૂ દાઊદ–અલ્વસાયા, તિર્મિઝી–અલ્વસાયા, ઈબ્ને માજહ–અલ્વસાયા, મોઅત્તા, દારમી–અલ્વસાયા, મુસ્નદે ઈમામ અહમદ)

રાજી હોય. જો અમુક બાલિગ છે અને અમુક નાબાલિગ, અથવા અમુક પાગલ અને અમુક આકિલ છે અથવા સૌ આકિલ બાલિગ પણ અમુક રાજી છે અને અમુક રાજી નથી તો જેટલા આકિલ બાલિગ રાજી હોય તેમના હિસ્સામાં લાગુ થશે અને જે લોકો રાજી નથી અથવા નાબાલિગ કે પાગલ છે તેમના હિસ્સામાં લાગુ ન થશે.

انك ان تذر : સામાન્યત: લોકો એવું જ સમજે છે કે વારસો માટે માલ છોડવામાં સવાબ નથી અથવા

બાળ બચ્ચાંનાં પાલન પોષણમાં સવાબ નથી, આ હદીષ તેમનું રદ કરે છે. એમાં સ્પષ્ટપણે ઈર્શાદ છે કે **પાછળ વાળાઓ માટે માલ છોડવામાં આવે એમાં અધિક સવાબ છે એના કરતાં કે સર્વ માલ મસ્જિદ વગેરેમાં આપી દેવામાં આવે, અને વારસોને ભીખ માગતા છોડવામાં આવે. એ જ પ્રમાણે, બીવી બચ્ચાંના ભરણપોષણમાં ખર્ચ કરવો પણ સવાબનો સબબ છે.**

***اخلف بعد اصحابی*** : આ સવાલનો મક઼સદ એ હતો કે શું આ બીમારીમાં મારું મૌત મુક઼દ્દર છે ? શું હું અહીં દફન થઈશ ? આ સવાલ એટલા માટે કર્યો હતો કે એ ચીજ એમને પસંદ ન હતી કે હિજરત બાદ મક્કામાં જ દફન થાઉં. જેમ કે, બીજી રિવાયતોમાં છે, મને એ અંદેશો થયો કે ક્યાંક એ જ ભૂમિમાં ન મરું જ્યાંથી હિજરત કરી ચૂક્યો છું. હુઝૂર દાનાએ ગોયૂબ ﷺએ ફર્માવ્યું, "એવું થશે નહીં ! તમે આ બીમારીથી સાજા થશો અને એના પછી જીવંત રહેશો અને નેક અમલો કરશો જેનાથી તમારો દરજ્જો ઔર બુલંદ થશે. તમારા થકી એક ક઼ૌમને ફાયદો પહોંચશે અને એકને નુકસાન પહોંચશે. કિતાબુલ મર્ઝમાં તેમની બીજી સાહબઝાદી જેમનુ નામ પણ આઈશા જ છે તેમનાથી મરવી છે કે હુઝૂરે અક઼દસ ﷺએ પોતાનો દસ્તે મુબારક પેશાની પર રાખ્યો પછી હઝરત સઅદના ચેહરા તથા પેટ પર ઘસ્યો અને આ પ્રમાણે દુઆ ફર્માવી : હે અલ્લાહ ! સઅદને શિફા અતા ફર્માવ અને તેમની હિજરતને પૂરી ફર્માવ. હઝરત સઅદ ફર્માવે છે કે દસ્તે મુબારકની ઠંડક હું હમેશાં મેહસૂસ કરું છું ત્યાં સુધી કે અત્યારે પણ !

હુઝૂરે અક઼દસ ﷺની આ દુઆ ક઼બૂલ થઈ અને **ગયબની ખબર સાચી પડી.** આ બનાવ પછી હઝરત સઅદ ૪૫ કે ૪૭ વરસો સુધી જીવતા રહ્યા. આ બનાવ હિ.સ. ૧૦નો છે અને તેમનો વિસાલ હિ.સ. ૫૫ કે ૫૭માં થયો. અલ્લાહ ﷻએ એમના જ હાથે ઈરાન ફતહ કરાવ્યું જેનાથી ઈરાનીઓને નુકસાન પહોંચ્યું અને મુસલમાનોને મહાન લાભ પહોંચ્યો. તેમજ એ જ્યારે ઈરાકના વાલી હતા તો **કેટલાક બદ્‌નસીબ મુર્તદ થઈ ગયા એમને પકડીને તેમની સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તેમણે તેમને તૌબાનો હુકમ આપ્યો તો અમુકે તૌબા કરી તેમણે બંને જહાનની ભલાઈ મેળવી અને અમુક અડી રહ્યા જેમને ક઼ત્લ કરાવી દેવામાં આવ્યા.** આ પણ એક ક઼ૌમને નફો પહોંચાડવું અને એક ક઼ૌમને નુકસાન પહોંચાડવું છે.

**સઅદ બિન ખૌલા** : એ પોતાના મૂળના એ'તેબારે અજમી હતા અને યમનના રહેવાસી હતા. બની આમિર બિન લુવય હલ્ફી (સાથી) હતા એટલા માટે અમુક લોકોએ તેમને બની આમિરના વ્યક્તિ કહી આપ્યા છે. આપ સાબિક઼ીને અવ્વલીન (શરૂમાં ઈમાન લાવનારાઓ)માંથી છે. પ્રથમ હબ્શા હિજરત કરી પછી મદીના તયબાહ. બદર ઓહદ, ખંદક, સુલહે હુદૈબિયાના જંગોમાં શરીક રહ્યા. હજ્જતુલ વિદાઅના પ્રસંગે મક્કા મોઅઝ્ઝમામાં વફાત પામ્યા. અલ્લાહની રઝાના માટે જે પ્યારા વતનનો ત્યાગ કર્યો હતો ત્યાં દફન થવું મુહાજિરો તથા ખૂદ હુઝૂરે અક઼દસ ﷺને પસંદ ન હતું. એટલા માટે ફર્માવ્યું, "પરંતુ રહમને પાત્ર સઅદ બિન ખૌલા છે."

**یرثی لہ** : **رثیہ** જ્યારે "સિલા" વગર હોય તો એનો અર્થ છે મૃત્યુ પછી કોઈની પ્રશંસા વર્ણન કરવી. અને જ્યારે લામના "સિલા"ની સાથે બોલવામાં આવે **رثیت لہ** તો એનો અર્થ : મરનાર પર ગમગીન થયો. અહીં એ જ અર્થ મુરાદ છે, હઝરત સઅદ બિન ખૌલા رضی اللہ عنہના મક્કા મોઅઝ્ઝમામાં મૃત્યુ પામવા પર ગમ પ્રદર્શિત કરી રહ્યા છે. આ મના મર્ષિયામાં દાખલ નથી, મના તે મર્ષિયા છે જે ગમને તાજો કરવા માટે હોય. જેમ કે હદીષ *(મુસ્નદે ઈમામ અહમદ, ૪/૩૫૬, ૩૮૩, ઈબ્ને માજહ–જનાઈઝ, પેજ–૧૧૫)*માં ફર્માવ્યું છે કે રસૂલુલ્લાહ ﷺએ મરાષીથી મના ફર્માવ્યું છે. આ હદીષને ઈમામ હાકિમે સહીહ કહી. **یرثی لہ**થી છેવટ સુધી હુઝૂરે અક઼દસ ﷺનો ઈર્શાદ નથી, એ હઝરત સઅદ رضی اللہ عنہનો ક઼ૌલ છે. હજ્જતુલ વદાઅના મૌક઼ા પર હઝરત સઅદ رضی اللہ عنہના કેવળ એક સાહબઝાદી હઝરત આઈશા હતાં, આપ સહાબિયા છે. એના પછી અન્ય ઔલાદ થઈ જેમાં આમિર તથા અમ્ર શકી પણ છે જે કર્બલામાં યઝીદી ફૌજનો સેનાપતિ હતો. હઝરત સઅદના ૧૭ પુત્રો તથા ૧૭

ب ٢٤٠ حَدَّثَنِي أَبُو بُرْدَةَ بْنُ أَبِي مُوسَىٰ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ عَنْهُ قَالَ وَجِعَ

''અબૂ બુરદા બિન અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ એ કહ્યું કે હઝરત અબૂ મૂસા સખત **[તઅલીક઼ : ૨૪૦]**

أَبُو مُوسَىٰ وَجَعًا فَغُشِيَ عَلَيْهِ وَرَأْسُهُ فِي حِجْرِ امْرَأَةٍ مِّنْ أَهْلِهِ فَلَمْ

બીમાર પડયા ત્યાં સુધી કે એમના પર બેહોશી છવાઈ ગઈ અને એમનુ માથુ એમનાં એક પત્નીના ખોળામાં

يَسْتَطِعْ أَنْ يَرُدَّ عَلَيْهَا شَيْئًا فَلَمَّا أَفَاقَ قَالَ أَنَا بَرِيءٌ مِّمَّنْ بَرِئَ مِنْهُ

હતું. એમનામાં એટલી શક્તિ ન હતી કે કાંઈ કહી શકે. જ્યારે રાહત થઈ તો ફ઼ર્માવ્યું, **હું બેઝાર છું તેનાથી**

رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَىٰ

**જેનાથી રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم બેઝાર છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم મુસીબત પર ચીસો પાડનારી માથુ**

عَلَيْهِ وَسَلَّمَ بَرِئَ مِنَ الصَّالِقَةِ وَالْحَالِقَةِ وَالشَّاقَّةِ ع‍ه

**મુંડાવનારી તથા કપડાં ફ઼ાડનારીથી બેઝાર છે.''** (બુખારી ૧/૧૭૩)

પુત્રીઓ થઈ જેમાં બેનાં નામ આઈશા છે, એક સહાબિયા છે જેમનું નામ આ હદીષમાં વર્ણન થયેલ છે, બીજાં તાબઈયા છે જેમનાથી ઈમામ માલિક રિવાયત કરે છે, અને જેમનાથી કિતાબે વસાયામાં વર્ણન કરેલ હદીષનો અમુક હિસ્સો રિવાયત થયેલ છે.

## તઅલીક઼ : ૨૪૦ની સમજૂતી

ઈમામ બુખારીએ આ હદીષની સનદને આ પ્રમાણે વર્ણવી છે : **قال الحکم** '' આ હકમ બિન મૂસા અબૂ સાલેહ કન્તરી છે. તેમનો વિસાલ હિ.સ. ૨૩૨માં થયો છે. ઈમામ બુખારીએ જો કે એમનો જમાનો પામ્યો પણ તેમનાથી હદીષ નથી સાંભળી એટલા માટે **قال الحکم** કહ્યું **حدثنی الحکم** નથી કહ્યું, એટલા માટે કે જે લોકોએ ઈમામ બુખારીના શયખોને જમા કર્યા છે. એમણે હકમનો ઉલ્લેખ નથી કર્યો, આ અલ્લામા ઈબ્ને હજરની રાય છે. અલ્લામા અયનીએ ફ઼ર્માવ્યું કે ઈમામ બુખારીએ એ હકમથી હદીષ સાંભળી છે એની દલીલ અબુલ વક઼તની રિવાયત છે જેમાં **حدثنی الحکم** છે. તેમજ દારકુત્નીએ હકમ તથા ક઼ાસિમ બિન મુખયમિરાને એ લોકોમાં ઉલ્લેખ્યા છે જેમની હદીષ ઈમામ બુખારીએ લીધી છે. ઈબ્ને તિને કહ્યું કે એને મુસ્નદના તરીક઼ાથી એટલા માટે નથી વર્ણન કરી કે તે ક઼ાસિમ બિન મુખયમિરાની હદીષની તખરીજ નથી કરતા. અને અમુક લોકો (અલ્લામા ઈબ્ને હજર)એ કહ્યું કે એ જ હાલ હકમનો પણ છે.

આ હદીષથી સાબિત થયું કે કોઈ મુસીબત પર ચીસો પાડવી બૂમો પાડવી (ચીસાચીસ કરવી), માથુ મૂંડાવવું, કપડાં ફ઼ાડવાં હરામ છે. એના જ હુકમમાં મોઢું ચૂથવું, વાળ વિખેરવા, છાતી કૂટવી વગેરે છે.

| حدیث ۷۶۲ | اَخْبَرَتْنِیْ عَمْرَۃُ قَالَتْ سَمِعْتُ عَائِشَۃَ رَضِیَ اللّٰہُ عَنْہَا قَالَتْ لَمَّا |
|---|---|

''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, જ્યારે ઝૈદ બિન હારિષા **[હદીષ : ૭૬૨]**

جَاءَ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَتْلُ ابْنِ حَارِثَۃَ وَجَعْفَرٍ

અને જઅફર અને ઈબ્ને રવાહાના શહીદ થવાની ખબર નબી ﷺની પાસે આવી તો એ પ્રમાણે બેઠા કે

وَابْنِ رَوَاحَۃَ جَلَسَ یُعْرَفُ فِیْہِ الْحُزْنُ وَاَنَا اَنْظُرُ مِنْ صَائِرِ الْبَابِ

હુઝૂરનો આંત્રિક ગમ જાહેર થઈ રહ્યો હતો અને હું દરવાજાના કાણામાંથી જોઈ રહી હતી. એટલામાં એક

شَقِّ الْبَابِ فَاَتَاہُ رَجُلٌ فَقَالَ اِنَّ نِسَاءَ جَعْفَرٍ وَّذَکَرَ بُکَاءَھُنَّ فَاَمَرَہٗ

શખ્સ આવ્યો અને અર્ઝ કરી કે જઅફરની ઔરતો રડી રહી છે. તો તેને હુઝૂરે હુકમ આપ્યો કે તેણીઓને રોકી

اَنْ یَّنْہَاھُنَّ فَذَھَبَ ثُمَّ اَتَاہُ الثَّانِیَۃَ لَمْ یُطِعْنَہٗ فَقَالَ اِنْھَھُنَّ فَاَتَاہُ

દે. તે ગયો અને ફરી બીજીવાર આવ્યો (અને કહ્યું), તેમણે વાત ન માની ! તો ફર્માવ્યું, તેમને મના કરી આપ!

الثَّالِثَۃَ قَالَ وَاللّٰہِ غَلَبْنَنَا یَارَسُوْلَ اللّٰہِ فَزَعَمَتْ اَنَّہٗ قَالَ فَاحْثُ فِیْ اَفْوَاھِھِنَّ

ફરી તે ત્રીજી વાર હાજર થયો અને કહ્યું, ખુદાની કસમ ! તેણીઓ મારા પર ગાલિબ આવી ગઈ, યા

## સમજૂતી : ૭૬૨

એ હઝરાતની શહાદત ગઝવએ મૌતામાં થઈ હતી જે હિ.સ. ૮ના જુમાદલ ઉલામાં થયો હતો. હઝરત ઝયદ બિન હારિષા બિન શરાહીલ બિન કઅબ બિન અબ્દુલઉઝ્ઝા બિન ઈમરઉલ કૈસ કલ્બી કુઝાઈ رضی اللہ عنہ બનૂ કુઝાઅહના ફરઝંદ હતા. એ યમનનો એક કબીલો છે. એ હજી ઘણી નાની વયના હતા એવામાં એમનાં વાલિદા સોઅદા બિન્તે ષઅલ્બા પોતાના પિયર બની મઅનમાં ગયાં જે બની તયની શાખ હતી. સંજોવસાત બનૂ કૈસે એના પર હુમ્લો કર્યો અને લૂટમારમાં હઝરત ઝયદને પણ ઉઠાવી લાવ્યા અને હબાશાના બજારમાં હકીમ બિન હિઝામના હાથે ચારસો દિરહમમાં વેચી દીધા. તેમણે પોતાનાં ફોઈ ઉમ્મુલ મો'મિનીન હઝરત ખદીજતુલ કુબરા رضی اللہ عنہاની ખિદમતમાં પેશ કર્યા. ઉમ્મુલ મો'મિનીને હુઝૂર ﷺને ભેટ ધર્યા. હુઝૂરે અકરમ ﷺએ તેમને પોતાના ફરઝંદ બનાવી લીધા હતા. એના કારણે અરબના દસ્તૂરના પ્રમાણે ઝયદ બિન મુહમ્મદ (ﷺ) કહેવામાં આવતા હતા. જ્યારે આયતે કરીમા اُدْعُوْھُمْ لِاٰبَائِھِمْ ''તેમને તેમના બાપના નામ સાથે પુકારો'' નાઝિલ થઈ તો મૌલા રસૂલુલ્લાહ ﷺના લકબથી યાદ કરવામાં આવ્યા. એકવાર એમના વાલિદ તલાશ કરતા મક્કા મોઅઝ્ઝમા પહોંચ્યા અને તેમને પામી લીધા. ખિદમતે અકદસમાં હાજર થયા અને પોતાના પુત્રને પાછો માગ્યો. હુઝૂરે ફર્માવ્યું, એમને પૂછી લો, જો એઓ જવા ચાહે તો લઈ જાવ. હઝરત ઝયદે પિતા સાથે જવાનો ઈન્કાર કરી આપ્યો અને હુઝૂરની ગુલામી કબૂલ રાખી.

હુઝૂરે એમના નિકાહ હઝરત ઉમ્મે અયમનથી કરી આપ્યા હતા. જેમનાથી હઝરત ઓસામા હિબ્બે રસૂલુલ્લાહ ﷺ પેદા થયા. તેમની ત્રણ ઔલાદો થઈ : ઓસામા, ઝયદ બિન ઝયદ, રુકૈયા. આ બંનેવ નાની વયમાં મૃત્યુ

الـتُّرَابَ فَقُلْتُ اَرْغَمَ اللّٰهُ اَنْفَكَ لَمْ تَفْعَلْ مَا اَمَرَكَ رَسُوْلُ اللّٰهِ صَلَّى

રસૂલલ્લાહ ! ઉમ્મુલ મો'મિનીનનું ગુમાન છે કે ફર્માવ્યું, તેણીઓના મોઢામાં ધૂળ નાખી દો ! તો મેં એ

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَلَمْ تَتْرُكْ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مِنَ الْعَنَاءِ

શખ્સને કહ્યું, અલ્લાહ તારું નાક ધૂળમાં મિલાવે ! રસૂલુલ્લાહ ﷺએ જે હુકમ આપ્યો તે ન કર્યું અને

રસૂલુલ્લાહ ﷺને દુ:ખ પહોંચાડવાથી પણ દૂર ન રહ્યો."

(બુખારી ૧/૧૭૩, ૧/૧૭૪, ૨/૬૧૧ મગાઝી, મુસ્લિમ–જનાઈઝ, અબૂ દાઊદ–જનાઈઝ, નિસાઈ–જનાઈઝ)

પામ્યાં, કેવળ હઝરત ઓસામા જીવતા રહ્યા.

**હઝરત જઅફર બિન અબી તાલિબ** : આપ હઝરત શેરે ખુદા كرم الله تعالى وجهه الكريم થી દસ વરસ મોટા હતા. આપ પણ સાબેક઼ીને અવ્વલીન (શરૂમાં ઈમાન લાવનારાઓ)માંથી છે. પ્રથમ હબ્શા હિજરત કરી પછી ગઝવાએ ખયબરના પ્રસંગે મદીના તયબાહ આવી ગયા. ગઝવએ મૌતામાં એવી બહાદુરીથી લડયા કે બંને હાથો કપાઈ ગયા પણ અલમ (ઝંડો) પડવા ન દીધો. અલ્લાહ جل جلاله એ એમને કપાયેલા હાથોના બદલામાં બે હાથો અતા કરી દીધા જેના વડે તે ફરિશ્તાઓની સાથે ઉડ્ડયન કરે છે. એટલા માટે એમને "ઝુલ જનાહૈન" અને "જઅફરે તૈયાર" કહેવામાં આવે છે. એ બહાદુરી સાથે લડતા હતા કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું કે લડાઈ ખત્મ થયા પછી જોવામાં આવ્યું તો નેવુથી અધિક ઝખ્મો લાગ્યા હતા. સૌ સામે વાગ્યા હતા પીઠ પાછળ એક પણ ન હતો. (બુખારી, ૨/૬૧૧ મગાઝી) હઝરત હુસૈન رضی اللہ عنہ ના બોત્તેર ઝખ્મો વર્ણન કરનારા વાઈઝોથી દરખાસ્ત છે કે તેઓ ઈસ્લામ પર આ ફિદા થનારાના નેવુથી અધિક ઝખ્મોને પણ કદી કદી વર્ણન કર્યા કરે.

એમની પત્નીઓમાં કેવળ હઝરત અસ્મા બિન્તે ઉમૈસનો હાલ જાણમાં છે. તેમનાથી ત્રણ પુત્રો પેદા થયા : અબ્દુલ્લાહ, મુહમ્મદ, ઔફ. એમાંથી વંશ કેવળ હઝરત અબ્દુલ્લાહથી ચાલ્યો.

**હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા** رضی اللہ عنہ : આપ બની ખઝરજના પ્રતિષ્ઠિત શખ્સો તથા અન્સારે કિરામના સાબેક઼ીને અવ્વલીનમાંથી છે. લયલતુલ અક઼બહના નોક઼બામાં આ પણ છે. બદર અને એના બાદ તમામ ગઝવાતમાં શરીક રહ્યા, ત્યાં સુધી કે ગઝવાએ મૌતામાં શહીદ થયા. એમનાથી હઝરત અનસ બિન માલિક, હઝરત ઓસામા, હઝરત ઈબ્ને અબ્બાસે રિવાયત કરી છે. જ્યારે ક્યાંક ઈસ્લામનું લશ્કર જતુ તો એ સૌ પ્રથમ જતા અને સૌથી છેલ્લે પાછા ફરતા. જ્યારે આ આયતે કરીમા નાઝિલ થઈ : **وَالشُّعَرَاءُ يَتَّبِعُهُمُ الْغَاوٗنَ** "શાયરોનું અનુસરણ ગુમરાહ લોકો જ કરે છે." તો એ ખૂબ રંજ પામ્યા અને કહ્યું કે હું એમનામાંથી જ છું ! તો આ આયત નાઝિલ થઈ : **اِلَّا الَّذِيْنَ آمَنُوْا وَعَمِلُوا الصّٰلِحَاتِ** "પણ તેઓ જે ઈમાન લાવ્યા અને સારા અમલો કર્યા." અરબના પ્રખ્યાત શાયરોમાં હતા. ઈમાનથી મુશર્રફ થયા બાદ કેવળ નઅતમાં મશગૂલ રહ્યા. **اللهم لولا انت ما اهتدينا۔ ولا تصدقنا و لا صلينا** તેમના પ્રશંસાના ક઼સીદાનો પ્રથમ શેઅર છે.

**ان نساء جعفر** : એ વખતે હઝરત જઅફરના નિકાહમાં કેવળ હઝરત અસ્મા બિન્તે ઉમૈસ رضی اللہ عنہا હતાં. અહીં મુરાદ એ છે કે હઝરત અસ્મા તથા અન્ય સગી ઔરતો રડતી હતી. એની પણ સંભાવના છે કે એ રડવું અવાજ સાથે હોય જે મના છે તથા હરામ છે. એટલા માટે હુઝૂરે અક઼દસ ﷺએ મના કરવાનો હુકમ આપ્યો. એ સ્ત્રીઓએ રડવાનુ બંધ ન કર્યું કેમ કે મુસીબત સખત હતી એટલા માટે સબ્ર ન કરી શકી. અને એની પણ સંભાવના છે કે તેણીઓ અવાજથી રડી રહી ન હતી પણ એનો અંદેશો હતો કે ક્યાંક અવાજથી ન રડવા માંડે એટલા માટે મના ફર્માવ્યું. આ મનાઈ મકરૂહે તન્ઝીહી હતી. એટલા માટે જ, હુઝૂરે અક઼દસ ﷺએ કોઈ

અન્યને ન મોકલ્યો.

**لم تفعل** : "લમ" ફેઅલે મુઝારેઅને માઝી મનફીના અર્થમાં કરી આપે છે. હવે તેનો તર્જુમો આ પ્રમાણે થયો : રસૂલુલ્લાહ ﷺએ જે હુકમ આપ્યો હતો તે તેં ન કર્યું. હુઝૂરે અક઼દસ ﷺએ પ્રથમ એ હુકમ આપ્યો હતો કે તેમને રોવાથી મના કરી આપો. તે એમણે કર્યું. અને મોમાં ધૂળ નાખી દો ! આ બીજો હુકમ હજુ આપ્યો જ હતો એવામાં ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہاએ ફર્માવ્યું, તેં ન કર્યું. હજી બીજા હુકમ પર અમલ કરવાનો મોકો જ ક્યાં મળ્યો હતો ? કે આવુ ફર્માવવું દુરુસ્ત થાત ! એનો જવાબ એ છે કે ઉમ્મુલ મો'મિનીને અંદાજથી જાણી લીધુ હતું કે તે એવું કરશે નહીં અને એના પર એમને યક઼ીન હતું. એટલા માટે એને ભૂતકાળવાચક સંબોધનથી તાબીર કર્યું. પણ કિતાબુલ જનાઈઝની બીજી રિવાયત અને મગાઝીની રિવાયતમાં છે : **وما انت بفاعل** "તમે એવું નહીં કરો." આ રિવાયત પર કોઈ શંકા નથી. અને **لم تفعل**ની રિવાયત કોઈ રાવીનો તસર્રુફ છે. એ પણ કહી શકાય છે કે લમ તફઅલથી મુરાદ એ છે કે તું એમને ચુપ ન કરાવી શક્યો તો મના કરવું એ ન કરવા સમાન છે. એટલા માટે ફર્માવ્યું, "તેં ન કર્યું."

**فاحث** : "તો એમના મોઢામાં ધૂળ ભરી દો !" અમુક શરહ કરનારાઓએ એને હક઼ીક઼ી અર્થ પર આધારિત કર્યું (ધાર્યુ) છે કે ખરેખર એ જ મતલબ હતો કે મોઢામાં ધૂળ ભરી દો જેથી રડી ન શકે. પણ એ મુનાસિબ નથી. કેમ કે મુસીબતના માર્યાની ગમખ્વારી લાઝિમ છે કે તેને અધિક તકલીફ પહોંચાડવું ?! એટલા માટે જાહેર એ જ છે કે એ કેવળ ધમકાવવા પૂરતુ છે.

**મસાઈલ** : આ હદીષથી જાણવા મળ્યું કે **મુસીબતના સમયે એવી રીતે બેસવું કે ગમ જાહેર થાય, એ સુન્નત છે. સુન્નત તરીક઼ો મધ્યમ માર્ગ અપનાવવું છે. મુસીબત છતાં હસવું, ખુશ મિઝાજ રહેવું એ સંગદિલી તથા ક્રૂરતા છે. અને ચીસો પાડવી, ચિલ્લાવું, બેસબ્રી દેખાડવી અસંયમીપણુ છે અને બંનેના મધ્યમાં રહેવું, ચહેરાથી ગમ જાહેર થાય, આંસૂં વહી રહ્યાં હોય મધ્યમમાર્ગીપણુ છે.** આ પરથી એ પણ જાણવા મળ્યું કે સ્ત્રીઓને માટે એ જાઈઝ છે કે પર્દામાં રહીને અજનબી પુરૂષોને જરૂરત મુજબ જુએ. અને જો તેઓ કોઈ વાંધાજનક કામ કરી રહ્યા હોય અને કોઈ મના ન કરે તો પર્દામાં રહીને મના કરી શકે છે. કોઈ ખબરના સમર્થન માટે ક઼સમ ખાવી જાઈઝ છે.

## તઅલીક઼ : ૨૪૧ની સમજૂતી

**قول سیئ** નાપસંદ વાત : એ વાત જેનાથી રંજમાં વધારો થાય અને **ظن سوء** બદ્‌ગુમાની એ છે કે એનાથી નિરાશ થઈ જાય કે એનો બદલ નથી મળી શકતો અથવા મુસીબત પર જે સવાબનો વાયદો છે, તેને મુશ્કેલ (દૂર) જાણે. *(બુખારી, ૧/૧૭૩)*

حدیث ٧٦٣ اَخْبَرَنَا اِسْحٰقُ بْنُ عَبْدِ اللّٰہِ ابْنِ اَبِیْ طَلْحَۃَ اَنَّہٗ سَمِعَ اَنَسَ بْنَ مَالِکٍ

''ઈસ્હાક બિન અબ્દુલ્લાહ બિન અબી તલ્હાએ ખબર આપી કે તેમણે [હદીષ : ૭૬૩]

رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ یَقُوْلُ اشْتَکٰی ابْنٌ لِاَبِیْ طَلْحَۃَ قَالَ فَمَاتَ وَاَبُوْطَلْحَۃَ

હઝરત અનસ رضی اللہ عنہને એવું કહેતાં સાંભળ્યા કે અબૂ તલ્હાના એક સાહબઝાદા બીમાર થયા અને મૃત્યુ

خَارِجٌ فَلَمَّا رَاَتِ امْرَاَتُہٗ اَنَّہٗ قَدْ مَاتَ ھَیَّاَتْ شَیْئًا وَّنَحَّتْہُ فِیْ جَانِبِ الْبَیْتِ

પામ્યા અને અબૂ તલ્હા બહાર હતા. જ્યારે તેમનાં પત્નીએ જોયું કે બાળક મૃપ્યુ પામ્યો છે તો થોડુક ખાણુ

فَلَمَّا جَاءَ اَبُوْطَلْحَۃَ قَالَ کَیْفَ الْغُلَامُ قَالَتْ قَدْ ھَدَاَتْ نَفْسُہٗ وَاَرْجُوْ

તૈયાર કર્યુ અને બાળકને ઘરની એક બાજુએ અલગ કરી આપ્યું. જ્યારે અબૂ તલ્હા આવ્યા તો પૂછયું, બાળક

اَنْ یَّکُوْنَ قَدِ اسْتَرَاحَ وَظَنَّ اَبُوْطَلْحَۃَ اَنَّھَا صَادِقَۃٌ قَالَ فَبَاتَ

કેવું છે ? તેણીએ કહ્યું કે સુકૂનની સાથે છે અને મને ઉમ્મીદ છે કે તે આરામ પામી ગયો. અને અબૂ તલ્હા એવું

فَلَمَّا اَصْبَحَ اغْتَسَلَ فَلَمَّا اَرَادَ اَنْ یَّخْرُجَ اَعْلَمَتْہُ اَنَّہٗ قَدْ مَاتَ فَصَلّٰی

સમજ્યા કે તેણી સાચુ કહી રહી છે. અને તે સૂઈ ગયા. જ્યારે સવાર થઈ તો ગુસ્લ કર્યુ. જ્યારે બહાર જવાનો

مَعَ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ ثُمَّ اَخْبَرَ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی

ઈરાદો કર્યો તો તેમનાં પત્નીએ તેમને જણાવ્યું કે તે મૃત્યુ પામ્યુ છે. હવે અબૂ તલ્હાએ નબી ﷺની સાથે

عَلَیْہِ وَسَلَّمَ بِمَا کَانَ مِنْھَا فَقَالَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ

નમાઝ પઢી, પછી નબી ﷺને જણાવ્યું જે એમનાં પત્ની તરફથી બન્યું. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું,

**સમજૂતી : ૭૬૩**

**ابن لابی طلحۃ** એ સાહબઝાદા અબૂ ઉમૈર હતા. જ્યારે નબી કરીમ ﷺ એમના ઘરે તશરીફ લઈ જતા તો એમને ફર્માવતા, હે અબૂ ઉમૈર ! નુગૈરનું શું થયું ?! એ વખતે તે દૂધ પીતા બાળક હતા. એક નાની ચકલી એમનાથી ખૂબ જ આકર્ષિત હતી, એમની સાથે રમતી હતી. ''નુગૈર'' : ચકલી જેવું નાનું પક્ષી જેની ચાંચ લાલ રંગની હોય છે. *(મિશ્કાત/૪૧૬, હાશિયો-૮)*

**ھیأت شیئا** : એનો એક અર્થ એ છે કે એ દિવસે હઝરત અબૂ તલ્હાને રોઝો હતો. જેથી એમના માટે ખાણુ પકાવ્યું. અને એક મતલબ એ પણ થઈ શકે છે કે બાળકને નવડાવ્યું, કફન પહેરાવ્યું, ખુશ્બુ લગાડી, જેવું કે અમ્મારા બિન ઝાઝાન અનષાબિતની રિવાયતમાં છે. એટલે કે અમ્મારાબિન ઝાઝાને જે ષાબિતથી રિવાયત કરી, એમાં છે.

وَسَلَّمَ لَعَلَّ اللّٰهُ اَنْ يُّبَارِكَ لَهُمَا فِيْ لَيْلَتِهِمَا قَالَ سُفْيٰنُ فَقَالَ

*અલ્લાહ ﷻ તમને બંનેને આ રાતમાં બરકત આપશે. સુફયાને કહ્યું, અન્સારના એક સાહબે મને બતાવ્યું કે*

رَجُلٌ مِّنَ الْاَنْصَارِ فَرَاَيْتُ تِسْعَةَ اَوْلَادٍ كُلُّهُمْ قَدْ قَرَأَ الْقُرْاٰنَ ع٥

*તેમના નવ પુત્રો જોયા, સૌ કુર્આન પઢેલા હતા."*

*(બુખારી, ૧/૧૭૩, ૧૭૪, ૨/૮૨૨, અલ્ અકીકા, ૨/૯૧૭, અલ્ અદબ, મુસ્લિમ–અલ અદબ, મુસ્નદે ઈમામ અહમદ–૩)*

**قد هدأ نفسه** : **هدأ**નો અર્થ **سكن** છે. મતલબ એ છે કે બીમારીથી શ્વાસમાં જે અજંપો હતો તે જતો રહ્યો. ઉમ્મે સુલૈમની મુરાદ એ હતી કે મૌતથી શ્વાસ ખત્મ થઈ ગયો. પણ અબૂ તલ્હા એવું સમજ્યા કે બીમારી દૂર થઈ ગઈ અને બાળક સૂઈ ગયો. આ "તૌરિયા" છે કે એવી વાત કહેવામાં આવે જેના બે અર્થો હોય. એ જરૂરતના સમયે જાઈઝ છે.

**فبات** : એનો અર્થ એ છે કે અબૂ તલ્હાએ ઉમ્મે સુલૈમની સાથે હમબિસ્તરી પણ કરી જેના પ્રતિ **اغتسل**થી નિર્દેશ થયો છે. કિતાબુલ અકીકામાં છે : ઉમ્મે સુલૈમે એમની સામે ખાણુ મૂક્યું અને એમની સાથે હમબિસ્તરી કરી. અન્ય રિવાયતોમાં છે : પછી બેહતરીન શણગાર સજયો, એવો કે એનાથી પહેલાં ન કરતાં હતાં, પછી ખુશ્બૂ ઘસી પછી અબૂ તલ્હાની સામે આવ્યાં અને તેમણે હમબિસ્તરી કરી.

**لعل الله** : અલ્લામા અયનીએ લખ્યું છે :–

**لعل للترجى الا اذا وردت عن الله وَ رسوله واوليائه فان معناه التحقيق** "તરજ્જીના માટે છે, પણ જ્યારે અલ્લાહ અને તેના રસૂલ અથવા તેના અવલિયા ફર્માવે તો તેહકીકના માટે છે." (તરજ્જી : કોઈ કામની આશા વ્યક્ત કરવી જેનું થવું અચોક્કસ હોય. તેહકીક : કોઈ કામનું ચોક્કસ તથા નિશ્ચિત રીતે થવું.)

જેમ કે આ ઈર્શાદ શબ્દસ : પૂર્ણ થયો. કિતાબુલ અકીકાની એક રિવાયતમાં છે કે, પછી ઉમ્મે સુલૈમને એક બાળકનો જન્મ થયો જેનું નામ અબ્દુલ્લાહ રાખવામાં આવ્યું. હઝરત અબૂ તલ્હાએ તેમને કહ્યું, બાળકને હિફાઝતથી રાખ એને નબી કરીમ ﷺની ખિદમતમાં પેશ કરવાનું છે. પછી હઝરત અનસના થકી એ બાળકને ખિદમતે અકદસ ﷺમાં મોકલ્યો. હુઝૂરે પૂછયું, તારી સાથે કાંઈ છે ? તેમણે અર્ઝ કરી, થોડીક ખજૂરો છે. હુઝૂરે તે ખજૂરોને લઈને ખૂબ સારી રીતે ચાવી અને પછી બાળકના તાળવામાં ચોંટાડી આપી અને એમનું નામ અબ્દુલ્લાહ રાખ્યું.

**قال رجل من الانصار** : બયહકીની "દલાઈલુન્નબુવ્વત" વગેરેમાં છે કે એ સાહબ અબાયહ બિન રિફાઆ હતા. એ નવ ઔલાદ હઝરત અબ્દુલ્લાહની નસલની હતી. સૌ ડાયરેક્ટ એમની ઔલાદ ન હતી.

આ હદીષથી સાબિત થયું કે અઝીમત એ જ છે કે મુસીબત પર ગમનો ઈઝહાર ન કરવામાં આવે અને રઝા બકઝાએ ઈલાહી રહેવામાં આવે. રઝા બિલ કઝાનો (અલ્લાહના ફેંસલા પર રાજી રહેવું) દરજ્જો સૌથી ઊંચો છે એ જ અઝીમત અને ગમને પ્રદર્શિત કરવું એ રુખસદ છે. એક તો એ છે કે માણસ પ્રાકૃતિક રીતે (ફિતરતન્) એટલો કઠણ હૃદયી છે કે એના પર કોઈ અસર નથી થતી. એ બુરુ છે, અને પસંદીદા એ છે કે અલ્લાહ ﷻની સાથે બંદાનો સંબંધ એટલો મજબૂત હોય કે એ ખયાલની સાથે કે દરેક મુસીબત તેની અતા છે એમ સમજીને માણસ સંતોષી રહે. જેમ કે હઝરત નિઝામુલ હક્ક વદીન મહબૂબે ઈલાહીએ ફર્માવ્યું :–

***ચૂં દર્દે બલાએ તુસ્ત બર જાનમ બાદ।***

(અર્થ) : "જ્યારે તકલીફ તારા તરફથી છે તો મારી જાન તૈયાર છે !"

حدیث ۷۶۴ عَنْ اَنَسٍ رَّضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ دَخَلْنَا مَعَ رَسُوْلِ اللّٰهِ صَلَّی اللّٰهُ

''હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું, અમે લોકો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની **[હદીષ : ૭૬૪]**

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ عَلٰی اَبِیْ سَیْفِ الْقَیْنِ وَکَانَ ظِئْرًا لِاِبْرَاهِیْمَ فَاَخَذَ

સાથે અબૂ યૂસુફ લોહારના ઘરે ગયા. હઝરત ઈબ્રાહીમ તેમના જ ઘરે પરવરિશ પામી રહ્યા હતા.

رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ اِبْرَاهِیْمَ فَقَبَّلَهٗ وَشَمَّهٗ ثُمَّ

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ હઝરત ઈબ્રાહીમને લીધા, તેમનો બોસો આપ્યો અને સૂંધ્યા. ત્યારબાદ અમે લોકો પાછા

دَخَلْنَا عَلَیْهِ بَعْدَ ذٰلِكَ وَاِبْرَاهِیْمُ یَجُوْدُ بِنَفْسِهٖ فَجَعَلَتْ عَیْنَا رَسُوْلِ اللّٰهِ

ફરી ગયા. તો ઈબ્રાહીમ અંતિમ શ્વાસ લઈ રહ્યા હતા. એના પર રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની આંખોથી આંસૂ વહેવા

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ تَذْرِفَانِ فَقَالَ لَهٗ عَبْدُ الرَّحْمٰنِ بْنُ عَوْفٍ

લાગ્યાં. હઝરત અબ્દુર્રહ્માન બિન ઔફે અર્ઝ કરી, આપ યા રસૂલલ્લાહ ?! હે ઈબ્ને ઔફ આ શફક્ત

وَاَنْتَ یَا رَسُوْلَ اللّٰهِ فَقَالَ یَا ابْنَ عَوْفٍ اِنَّهَا رَحْمَةٌ ثُمَّ اَتْبَعَهَا بِاُخْرٰی

(લાગણી) છે. પછી ત્યારબાદ બીજીવાર આંસૂ નીકળ્યાં તો હુઝૂરે ફર્માવ્યું, બેશક ! આંખ રડે છે, દિલ

فَقَالَ اِنَّ الْعَیْنَ تَدْمَعُ وَالْقَلْبَ یَحْزَنُ وَلَا نَقُوْلُ اِلَّا مَا یَرْضٰی رَبُّنَا

ગમગીન છે પણ જીભ પર એ જ છે જેને આપણો પરવરદિગાર પસંદ ફર્માવે છે અને અમે

وَاِنَّا بِفِرَاقِكَ یَا اِبْرَاهِیْمُ لَمَحْزُوْنُوْنَ

હે ઈબ્રાહીમ ! તારી જુદાઈથી ગમગીન છીએ.'' (બુખારી ૧/૭૪)

**સમજૂતી : ૭૬૪**

હઝરત ઈબ્રાહીમ ક્યારે પેદા થયા, ક્યારે વિસાલ ફર્માવ્યો, એના પર વિગતવાર ચર્ચા કિતાબુલ કસૂફમાં થઈ ચૂકી છે. હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ હઝરત મારિયા કિબ્તિયાના પેટથી પેદા થયા હતા. જેમને શાહ નજાશીએ નઝર કર્યા હતાં. એ જ્યારે પેદા થયા તો અન્સારે કિરામની સ્ત્રીઓ એની ખ્વાહિશમંદ થઈ કે દૂધ પીવડાવવાની ખિદમત એમને સોંપવામાં આવે. પણ ડ્રો કરતાં હઝરત ઉમ્મે બુરદા બિન્તે મુન્ઝર رضی اللہ عنہا નું નામ નીકળ્યું. એમના જ પતિ અબૂ સૈફ લુહાર હતા. એમનું નામ અવસન બિન બરાઅ્ હતું આ બંનેવ બનૂ નજ્જારના વ્યક્તિ હતા જે હુઝૂર صلی اللہ علیہ وسلم ના જદ્દે કરીમ (દાદા) હઝરત અબ્દુલ મુત્તલિબનું મોસાળ હતું. હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જો ઈબ્રાહીમ જીવંત રહેતા તો કિબ્તીઓથી જિઝયો માફ ફર્માવી આપત. (ઉમ્દતુલ કારી, ૭/૧૦૩)

એના બારામાં વિવિધ રિવાયતો આવી છે કે હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ ની નમાઝે જનાઝા પઢવામાં આવી કે

حدیث ۷۶۵ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ اشْتَكٰى سَعْدُ

*"હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું, સઅદ બિન ઓબાદા પોતાની* **[હદીષ : ૭૬૫]**

بْنُ عُبَادَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ شَكْوٰى لَهٗ فَاَتَاهُ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى

*એક બીમારીમાં સપડાયા, તો એમની પાસે નબી ﷺ તશરીફ લાવ્યા અને હુઝૂરની સાથે અબ્દુર્રહમાન*

عَلَيْهِ وَسَلَّمَ يَعُوْدُهٗ مَعَ عَبْدِ الرَّحْمٰنِ بْنِ عَوْفٍ وَّسَعْدِ بْنِ وَقَّاصٍ

*બિન ઔફ તથા સઅદ બિન વક્કાસ અને અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضوان الله تعالى عليهم اجمعين હતા. જ્યારે*

وَعَبْدِ اللّٰهِ بْنِ مَسْعُوْدٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمْ فَلَمَّا دَخَلَ عَلَيْهِ فَوَجَدَهٗ

*એમની પાસે પહોંચ્યા તો તેમને પોતાના લોકોના ટોળામાં પામ્યા પૂછ્યું, કઝા કરી ગયા ? તો લોકોએ અર્ઝ*

فِيْ غَاشِيَةِ اَهْلِهٖ فَقَالَ قَدْ قَضٰى فَقَالُوْا لَا يَا رَسُوْلَ اللّٰهِ فَبَكَى النَّبِيُّ صَلَّى اللّٰهُ

*કરી, નહીં ! યા રસૂલલ્લાહ ! ﷺ એના પર નબી ﷺ રડી પડયા. જ્યારે લોકોએ નબી ﷺના રડવાને*

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَلَمَّا رَاَى الْقَوْمُ بُكَاءَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*જોયું તો સૌ રડવા લાગ્યા. એની પર ઈર્શાદ ફર્માવ્યું, શું તમે લોકો નથી સાંભળતા આંખનાં આંસૂં, દિલના*

નહીં ? સહીહ એ જ છે કે પઢવામાં આવી. ઈમામ અતાએ ઈબ્ને અજલાનના વાસ્તાથી હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું કે નબી કરીમ ﷺએ તેમના પર ચાર તકબીરો પઢી. એનું સમર્થન એનાથી પણ થયું છે કે **દફન પછી હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, કોઈ એક મશક લાવે. એક અન્સારીએ હુકમનુ પાલન કર્યું. તેમને જ ફર્માવ્યું, ઈબ્રાહીમની કબ્ર પર છાંટી દો.** જ્યારે દફનમાં હુઝૂર શરીક હતા તો પછી આ કેવી રીતે સમજમાં આવી શકે છે કે જનાઝાની નમાઝ ન પઢી હશે, જ્યારે કે જનાઝાની નમાઝ એના અગાઉ મશરૂઅ (શરીઅતના આદેશ હેઠળ) થઈ ચૂકી હતી. જન્નતુલ બકીઅમાં સૌ પ્રથમ હઝરત ઉષ્માન બિન મઝઊન દફન થયા, એમના પછી હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ દફન થયા. હઝરત ઉષ્માન બિન મઝઊનના દફન વખતે જ હઝૂરે ફર્માવ્યું, એક પથ્થર લાવો કે નિશાનના માટે ચોંકી દઉં. મારા ઘરવાળાંઓમાંથી જે મૃત્યુ પામશે તેમને એમના નજીક દફન કરીશ.

આ હદીષથી સાબિત થયું કે કોઈ મુસીબત પર આંસૂં વહાવવાં અને એવા શબ્દો કહેવા જેનાથી અંદરનો ગમ જાહેર થાય અને તે અયોગ્ય ન હોય તો સુન્નત છે. ઔલાદને ખોળામાં લેવી, તેમને ચૂમવું, સૂંઘવું સુન્નત છે. અને એ જ હુકમમાં મહોબ્બત પ્રદર્શિત કરવાના અન્ય તરીકા પણ છે.

## સમજૂતી : ૭૬૫

આ હદીષ એની દલીલ છે કે **ان الميت يعذب ببكاء اهله عليه**માં રડવાથી ચિલ્લાઈને મોટા અવાજે રડવું મુરાદ છે જે મના છે અને કેવળ આંસૂ વહેવડાવવાં અથવા સારી વાતો બોલવી સુન્નત છે.

**يعذب بهذا** : મતલબ એ છે કે જો કોઈ ચીસો પાડશે અથવા જાહિલિયતના જમાનાની જેમ નોહા (રૂદન

بَكَوْ فَقَالَ اَلَا تَسْمَعُوْنَ اِنَّ اللهَ لَا يُعَذِّبُ بِدَمْعِ الْعَيْنِ وَلَا بِحُزْنِ الْقَلْبِ

ગમ પર અલ્લાહ હરગિઝ અઝાબ નથી ફર્માવતો. હા ! આના પર અઝાબ ફર્માવે છે, અને જીભની તરફ

وَلٰكِنْ يُّعَذِّبُ بِهٰذَا وَاَشَارَ اِلٰى لِسَانِهٖ اَوْ يَرْحَمُ وَاِنَّ الْمَيِّتَ يُعَذَّبُ بِبُكَاءِ

ઈશારો કર્યો, અથવા રહમ ફર્માવે છે. અને બેશક ! મૈયતના ઘરવાળાંના રડવાથી એના પર

اَهْلِهٖ عَلَيْهِ وَكَانَ عُمَرُ يَضْرِبُ فِيْهِ بِالْعَصَا وَيَرْمِىْ بِالْحِجَارَةِ وَيَحْثِىْ

અઝાબ થાય છે. અને હઝરત ઉમર એના બારામાં ડંડા વડે મારતા,

بِالتُّرَابِ ع‍ه

પથ્થર ફેંકતા અને માટી નાખતા." (બુખારી ૧/૧૭૪, મુસ્લિમ–જનાઈઝ)

حدیث ۷٦٦ عَنْ اُمِّ عَطِيَّةَ رَضِىَ اللهُ تَعَالٰى عَنْهَا قَالَتْ اَخَذَ عَلَيْنَا النَّبِىُّ

"હઝરતે ઉમ્મે અતિય્યા رضی اللہ عنہا એ કહ્યું, અમે સ્ત્રીઓ સાથે નબી ﷺ એ બયઅત **[હદીષ : ૭૬૬]**

صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عِنْدَ الْبَيْعَةِ اَنْ لَا نَنُوْحَ فَمَا وَفَتْ مِنَّا

વખતે એ અહદ (વાયદો) લીધો હતો કે અમે નોહા (હાયપીટ, છાતી કૂટવું) નહીં કરીએ. પાંચ સ્ત્રીઓ

امْرَاَةٌ غَيْرُ خَمْسِ نِسْوَةٍ اُمِّ سُلَيْمٍ وَاُمِّ الْعَلَاءِ وَابْنَةِ اَبِىْ سَبْرَةَ امْرَاَةِ

સિવાય અમારામાંથી કોઈએ એને પૂરો નથી કર્યો. ઉમ્મે સુલૈમ તથા ઉમ્મે અલાઅ્ તથા અબૂ સબરહની

مُعَاذٍ وَّامْرَاَتَانِ اَوِ ابْنَةُ اَبِىْ سَبْرَةَ وَامْرَاَةُ مُعَاذٍ وَامْرَاَةٌ اُخْرٰى ع‍ه

સાહબઝાદી મઆઝનાં પત્ની તથા બે સ્ત્રીઓ અથવા એવું કહ્યું, અબૂ સબરહ્‌ની સાહબઝાદી તથા મઆઝનાં

પત્ની તથા એક સ્ત્રીએ." (બુખારી ૧/૧૭૫, મુસ્લિમ–જનાઈઝ, નિસાઈ–જનાઈઝ)

હાયપીટ) કરશે તો અઝાબનો મુસ્તહિક્ છે અને જો સારી વાત કહેશે, સબ્ર તથા શુક્રના બોલ બોલશે તો એના પર રહમ થશે. અથવા મુરાદ એ છે કે ચીસો પાડવા ચિલ્લાવા પર પણ અલ્લાહને ઈખ્તિયાર છે, ચાહે અઝાબ આપે ચાહે રહમ ફર્માવે.

**સમજૂતી : ૭૬૬**

ઉમ્મે સુલૈમ બિન્તે મલ્હાન, હઝરત અનસનાં વાલિદા, હઝરત અબૂ તલ્હા અન્સારીનાં પત્ની છે, અને ઉમ્મે અલાઅ બિન્તે હારિષ બિન ખારેજા અન્સારિયા, હઝરત ઝયદ બિન ષાબિતનાં પત્ની.

او ابنة ابی سبرة : આ શક કોઈ રાવીથી થયો છે. બંનેમાં ફરક એ છે કે (او)થી પહેલાં જે કાંઈ છે એનો મતલબ એ છે કે તે પાંચ સ્ત્રીઓ આ પ્રમાણે છે : ઉમ્મે સુલૈમ, ઉમ્મુલ અલાઅ્, ઈબ્નતુ અબૂ સબરહની સાહબઝાદી, હઝરત મઆઝનાં પત્ની અને બે અન્ય બીજી સ્ત્રીઓ. એનો મતલબ એ થયો કે એ પાંચમાંથી

حدیث ۷۶۷ عَنْ عَامِرِ بْنِ رَبِيعَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ

"હઝરત આમિર બિન રબઆ رضی اللہ عنہ એ નબી ﷺથી રિવાયત કરી કે ફર્માવ્યું, **[હદીષ : ૭૬૭]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ إِذَا رَأَى أَحَدُكُمْ جَنَازَةً فَإِنْ لَّمْ يَكُنْ مَّاشِيًا

જ્યારે તમારામાંથી કોઈ જનાઝો જુએ, જો તે તેની સાથે જવા ન ચાહતો હોય તો ઊભો થઈ જાય, ત્યાં સુધી કે

مَعَهَا فَلْيَقُمْ حَتّٰى يُخَلِّفَهَا أَوْ تُخَلِّفَهُ أَوْ تُوضَعَ مِنْ قَبْلِ أَنْ تُخَلِّفَهُ

એ જનાઝાને પાછળ છોડી દે અથવા જનાઝો એને પાછળ છોડી દે અથવા પાછળ છોડવાથી પહેલાં

જમીન પર રાખી દેવામાં આવે." (બુખારી ૧/૧૭૫, મુસ્લિમ-જનાઈઝ, નિસાઈ-જનાઈઝ)

حدیث ۷۶۸ عَنْ أَبِي سَعِيدِ الْخُدْرِيِّ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ નબી ﷺથી રિવાયત કરે છે કે ફર્માવ્યું, **[હદીષ : ૭૬૮]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ إِذَا رَأَيْتُمُ الْجَنَازَةَ فَقُومُوا فَمَنْ تَبِعَهَا فَلَا

જ્યારે તમે જનાઝો જુઓ તો ઉભા થઈ જાવ અને જે જનાઝાની સાથે જાય તો જ્યાં સુધી જમીન પર ન

ત્રણનાં નામ હઝરત ઉમ્મે અતિય્યાએ લીધાં અને બેનાં નહીં. અને ઈબ્નતુ અબૂ સબરહની સાહબઝાદી હઝરત મઆઝનાં પત્ની છે. અને (વ) પછીના લખાણનો મતલબ એ થયો કે એ પાંચમાંથી ચારનું વર્ણન કર્યું : ઉમ્મે સુલૈમ, ઉમ્મે અલાઅ, અબૂ સબરહની સાહબઝાદી અને હઝરત મઆઝનાં અહલિયા. કેવળ એકનું નામ ન લીધું. તેમજ એ પણ કે અન્બહ અબી સબરહ અલગ છે અને હઝરત મઆઝનાં પત્ની કોઈ અન્ય ખાતૂન છે.

**સમજૂતી : ૭૬૭** હઝરત આમિર બિન રબીઆ رضی اللہ عنہ આ તે ઈસ્લામના પૂર્વજ બુઝુર્ગોમાંથી છે જેમણે એ વખતે ઈમાનની દૌલત હાંસલ કરી જ્યારે હુઝૂરે અક્દસ ﷺ દારે અરકમમાં રહેતા હતા. આપ હઝરત ઉમર رضی اللہ عنہના કબીલાના હલીફ હતા. તેમના વાલિદ ખત્તાબે તેમને ફરઝંદ બનાવી લીધા એટલા માટે એ આમિર બિન ખત્તાબ બિન રબિઆના નામથી ઓળખવા લાગ્યા. જ્યારે આ આયતે કરીમા اُدْعُوْهُمْ لِاٰبَآئِهِمْ "તેમને તેમના બાપની તરફ નિસ્બત કરીને પુકારો" નાઝિલ થઈ તો આમિર બિન રબિઆના નામથી પોકારવામાં આવતા. એમણે બે વાર હબ્શા તરફ હિજરત કરી. પછી મદીના તયબહ આવી ગયા. એમનાં પત્ની **લયલા બિન્તે અબી હશ્માને એ ગર્વ હાંસલ છે કે મદીના પાક હિજરત કરનાર પ્રથમ ખાતૂન છે.** સર્વ ગઝવાતમાં હુઝૂર ﷺની સાથે રહ્યા. હઝરત ઉમર رضی اللہ عنہએમની સાથે પુષ્કળ મહોબ્બત કરતા હતા. શામના સફરમાં સાથે રાખ્યા, હજ્જના સફરમાં સાથે રાખતા. હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہની વિરુદ્ધ જ્યારે હંગામો પેદા થયો તો ગોશાનશીન થઈ ગયા અને ગોશાનશીનીની હાલતમાં જ હઝરત ઉષ્માનની શહાદતના અમુક દિવસો બાદ અલ્લાહને પ્યારા થઈ ગયા.

**સમજૂતી : ૭૬૮** આ હદીષથી સાબિત થાય છે કે જનાઝાને જોઈને બેસી રહેવું મના છે. અમુક હઝરાતે ફર્માવ્યું કે ઉભા થઈ જવું વાજિબ છે પણ એ સહીહ નથી. એટલા માટે કે મુસ્લિમ (૧/૩૧૦ જનાઈઝ)માં અબૂ દાઊદ (ભાગ : ૨, જનાઈઝ)માં હઝરત અલી رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ જનાઝાના માટે ઉભા

يَقْعُدُ حَتّٰى تُوْضَعَ ع ہ

રાખી દેવામાં આવે ત્યાં સુધી ન બેસે." (બુખારી, ૧/૧૭૫)

حدیث ۷۶۹ عَنْ سَعِيْدِ نِ الْمَقْبُرِيِّ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنْ اَبِيْهِ قَالَ

"સઈદ મુક઼બરી પોતાના પિતા કિસાનથી રિવાયત કરે છે કે તેમણે કહ્યું, અમે **[હદીષ : ૭૬૯]**

كُنَّا فِيْ جَنَازَةٍ فَاَخَذَ اَبُوْ هُرَيْرَةَ بِيَدِ مَرْوَانَ فَجَلَسَ قَبْلَ اَنْ

એક જનાઝામાં હતા તો અબૂ હુરૈરહ્એ મરવાનનો હાથ પકડયો અને બંનેવ બેસી ગયા અને હજી જનાઝો

تُوْضَعَ فَجَاءَ اَبُوْ سَعِيْدٍ قَالَ فَاَخَذَ بِيَدِ مَرْوَانَ فَقَالَ قُمْ فَوَاللّٰهِ

જમીન પર રાખવામાં આવ્યો ન હતો. એટલામાં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ આવી ગયા અને

لَقَدْ عَلِمَ هٰذَا اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ نَهَانَا عَنْ

મરવાનનો હાથ પકડયો અને ફર્માવ્યું, ઉભો થા ! ખુદાની કસમ ! એમને માલૂમ છે કે નબી ﷺએ એનાથી

ذٰلِكَ فَقَالَ اَبُوْ هُرَيْرَةَ صَدَقَ ع ہ

મના કર્યું. તો હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ ફર્માવ્યું, એમણે સાચુ કહ્યું." (બુખારી ૧/૧૭૫)

થતા હતા, ત્યાર બાદ પછી બેસેલા રહેતા. (એટલા માટે કે જનાઝો જોઈને ઉભા ન થતા) ઈબ્ને હબ્બાનની સહીહમાં છે કે હઝરત અલીએ ફર્માવ્યું, અમને જનાઝાના માટે ઉભા થવાનો હુકમ આપતા હતા. ત્યાર બાદ પછી બેસેલા રહેતા અને બેસવાનો હુકમ આપ્યો. હાઝમીએ કહ્યું કે મારી પાસેથી જનાઝો ગુઝર્યો તો હું ઉભો થઈ ગયો. તો હઝરત અલીએ ફર્માવ્યું, તમને આ ફત્વો કોણે આપ્યો ? મેં અર્ઝ કરી, અબૂ મૂસા અશ્અરીએ. તો હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું, **કેવળ એકવાર હુઝૂર જનાઝાના માટે ઉભા થયા હતા. જ્યારે મન્સૂખ થઈ ગયું તો મના ફર્માવી આપ્યું.** (ઉમ્દતુલ કારી, ૮/૧૦૭) અહનાફ, તથા શવાફેઅ તથા હનાબિલા (હનફી, શાફઈ, હંબલી)નો મઝહબ એ જ કે, "જનાઝાના માટે ઉભા થવું જરૂરી નથી."

**સમજૂતી : ૭૬૯**

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہની હદીષથી બે વાતો જાણવા મળી. એક એ કે જનાઝાને જુઓ તો ઉભા થઈ જાવ, એના બારામાં વર્ણન થઈ ચૂક્યું છે કે હુકમ મન્સૂખ છે. બીજી એ કે જે લોકો જનાઝાની સાથે જાય તે લોકો એ સમય સુધી ન બેસે જ્યાં સુધી જનાઝો જમીન પર રાખી દેવામાં આવે. અને સઈદ મુક઼બરીવાળી હદીષથી કેવળ બીજી વાત સાબિત થાય છે અને આ હુકમ બાકી છે. حتیٰ توضع માં બે સંભાવનાઓ છે : જમીન પર રાખવામાં આવે કે કબ્રમાં, સહીહ એ જ છે કે એનાથી મુરાદ જમીન પર રાખવું છે. ઈમામ અબૂ દાઊદ (૨/૯૬ જનાઈઝ)એ હઝરત અબૂ સઈદ ખુદરીની હદીષ રિવાયત કર્યા બાદ ફર્માવ્યું, આ હદીષને સહલ બિન બયઝાએ પોતાના પિતાના થકી હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી. حتیٰ توضع بالارض અને અબૂ મુઆવિયાએ સહલથી જ એને રિવાયત કરી. حتیٰ توضع فی اللحد અને સુફયાન ષૌરી અબૂ મુઆવિયાથી

حدیث ۷۷۰ عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰهِ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ مَرَّ بِنَا جَنَازَةٌ

"હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ એ ફર્માવ્યું, અમારા નજીકથી એક **[હદીષ : ૭૭૦]**

فَقَامَ لَهَا النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ وَقُمْنَا فَقُلْنَا یَا رَسُوْلَ اللّٰهِ

જનાઝો પસાર થયો. નબી ﷺ તેના માટે ઉભા થઈ ગયા અને અમે પણ ઉભા થઈ ગયા. અને અમે અર્ઝ

اِنَّهَا جَنَازَةُ یَهُوْدِیٍّ قَالَ فَاِذَا رَاَیْتُمُ الْجَنَازَةَ فَقُوْمُوْا ع ہ

કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આ યહૂદીનો જનાઝો છે. તો ફર્માવ્યું, જ્યારે જનાઝો જુઓ તો ઉભા થઈ જાવ."

(બુખારી ૧/૧૭૫, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ–જનાઈઝ સૌમાં)

حدیث ۷۷۱ سَمِعْتُ عَبْدَ الرَّحْمٰنِ بْنَ اَبِیْ لَیْلٰی قَالَ کَانَ سَهْلُ بْنُ حُنَیْفٍ

"અબ્દુર્રહમાન બિન અબી લયલાએ કહ્યું કે સહલ બિન હુનૈફ તથા કૈસ બિન સઅદ رضی اللہ عنہ **[હદીષ : ૭૭૧]**

وَقَیْسُ بْنُ سَعْدٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمْ قَاعِدَیْنِ بِالْقَادِسِیَّةِ فَمَرُّوْا

કાદસિયામાં બેઠા હતા. એવામાં કેટલાક લોકો એક જનાઝો લઈને પસાર થયા તો બંનેવ ઉભા થઈ ગયા.

عَلَیْهِمَا بِجَنَازَةٍ فَقَامَا فَقِیْلَ لَهُمَا اِنَّهَا مِنْ اَهْلِ الْاَرْضِ اَیْ مِنْ اَهْلِ

એમને કહેવામાં આવ્યું કે આ અહીંનો ખેડૂત એટલે ઝિમ્મી છે. તો એ બંને હઝરાતે ફર્માવ્યું કે નબી ﷺની

અહફઝ (અધિક યાદશક્તિવાળા) છે. મતલબ એ થયો કે સુફયાનની જ રિવાયતને અગ્રતા છે.

**હું કહું છું :** હઝરત સુફયાન ષૌરી અબૂ મુઆવિયહ્થી અફકહ (ફિકહમાં અધિક જાણનાર) છે. એટલા માટે પણ અગ્રતા પામશે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہનું બેસવું એની દલીલ છે કે આ "નહી" (રોકવું) તન્ઝીહિયાના માટે હતી, (બેસવુ મકરૂહે તન્ઝીહી છે તે જાહેર કરવા માટે) ખાસ કરીને એવી સ્થિતિમાં કે એમને એ હદીષ માલૂમ હતી.

**સમજૂતી : હદીષ : ૭૭૦–૭૭૧, તઅલીક : ૨૪૨**

આ તઅલીકને ઈમામ સઈદ બિન મન્સૂરે સુફયાન બિન ઉયયનાથી મૌસૂલ સનદ સાથે વર્ણન કરી.

**સહલ બિન હુનૈફ :** અવસી અન્સારી સહાબી છે તેમના થકી ૪૦ હદીષો રિવાયત થયેલી છે કૈસ બિન સઅદ બિન ઓબાદા મશહૂર અન્સારી સહાબી હઝરત સઅદ બિન ઔબાદાના ખલફુર્રશીદ, સહાબી ઈબ્ને સહાબી, જવ્વાદ (અતિ સખી) ઈબ્ને જવ્વાદ, કરીમ ઈબ્ને કરીમ બુઝુર્ગ છે. અગ્રગણ્ય સહાબા તથા અરબના શાણા પુરૂષોમાંથી છે અને દુનિયાના મશહૂર બહાદુરો તથા કદાવરોમાંથી છે. એકવાર એક સ્ત્રીએ આવીને અર્ઝ કરી કે મારા ઘરના ઉંદરો લાઠીના સહારે ચાલે છે. ફર્માવ્યું, હું એવું કરી આપીશ કે સિંહની જેમ કૂદશે. પછી તેના ઘરને ભરી દીધું. (હયાતુલ હયવાન) ઘણા જ હસીનો જમીલ (હેન્ડ્સમ) હતા પણ તેમની દાઢીમાં એક વાળ પણ ન હતો. અન્સાર કહેતા કે જો દાઢી ક્યાંક મળતી તો અમે અમારા માલ વડે એમના માટે મારી ખરીદી લેતા. હિ.સ. ૬માં વિસાલ થયો.

الذِّمَّةِ فَقَالَا إِنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مُرَّتْ بِهِ جَنَازَةٌ

*પાસેથી એક જનાઝો પસાર થયો તો ઉભા થઈ ગયા. અર્ઝ કરવામાં આવી, આ યહૂદીનો જનાઝો છે.*

فَقَامَ فَقِيْلَ لَهُ إِنَّهَا جَنَازَةُ يَهُوْدِيٍّ فَقَالَ أَلَيْسَتْ نَفْسًا ؏

*તો ફર્માવ્યું, શું એ જાન નથી ?" (બુખારી ૧/૧૭૫, મુસ્લિમ, નિસાઈ–જનાઈઝ)*

ت ٢٤٢ وَقَالَ زَكَرِيَّا عَنِ الشَّعْبِيِّ عَنِ ابْنِ أَبِيْ لَيْلٰى قَالَ كَانَ أَبُوْ مَسْعُوْدٍ وَّ

*"અને ઝકરિયાએ શઅબીથી, તે ઈબ્ને અબી લયલાથી રિવાયત કરે છે કે તેમણે કહ્યું,* **[તઅલીક઼ : ૨૪૨]**

قَيْسٌ يَقُوْمَانِ لِلْجَنَازَةِ ؎

*હઝરત અબૂ મસ્ઊદ અને કૈ઼સ જનાઝાના માટે ઉભા થતા હતા." (બુખારી ૧/૧૭૫)*

**અબ્દુર્રહમાન ક઼ાસિમ બિન અબી લયલા :** અબૂ લયલાનું નામ યસાર હતું. યસાર બિન અબી લયલા. હઝરત ફારૂકે આ'ઝમના યુગમાં પેદા થયા. હિ.સ. ૧૮માં, અને હિ.સ. ૮૩માં વિસાલ થયો. તેમના સાહબઝાદા મુહમ્મદ બિન અબ્દર્રુહમાન હતા, એમને પણ ઈબ્ને અબી લયલા કહેવામાં આવે છે. આ હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہના સમકાલિન અને કૂફાના ક઼ાઝી હતા. જલીલુલ ક઼દર ક઼ાઝી, તાબઈ, મુહદ્દિષ, ફક઼ીહ સાહિબે મઝહબ હતા. મુહદ્દિષો જ્યારે ઈબ્ને અબી લયલા કહે છે તો તેમના બાપ અબ્દુર્રહમાન મુરાદ હોય છે. અને જ્યારે ફક઼ીહો ઈબ્ને અબી લયલા બોલે છે તો મુહમ્મદ બિન અબ્દુર્રહમાન બિન અબી લયલા ક઼ાઝીએ કૂફા મુરાદ હોય છે.

**રોકાણનું રહસ્ય :** આ હદીષમાં છે કે ફર્માવ્યું, "શું તે જાન નથી ?" અને હઝરત જાબિર (નિસાઈ ૧/૨૭૨ જનાઈઝ)ની જ એક હદીષમાં છે : "મૌત ગભરાહટની ચીજ છે." આ બંનેનો સાર એક જ છે કે એમાં પણ જાન હતી જેના પર મૌત આવ્યું. આ ખયાલ ગભરાવનારો છે. જનાઝો જોઈને મૌત યાદ આવી ગયું. બીજી હદીષોમાં છે કે જનાઝાની સાથે જે ફરિશ્તા છે એમના માટે ઉભા થાવ, એટલે **દરેક મૈયતની સાથે ફરિશ્તા હોય છે, મો'મિનની સાથે રહમતના અને કાફિરની સાથે અઝાબના.** અમુક હદીષોમાં છે કે જે રૂહ ક઼બ્ઝ કરે છે એમના માટે ઉભા થાવ. (ઉમ્દતુલ ક઼ારી, ૮/૧૦૮) નિસાઈ (૧/૨૭૨ જનાઈઝ)માં સૈયદના ઈમામ હસન મુજતબા رضی اللہ عنہથી રિવાયત થયેલ છે કે રસૂલુલ્લાહ ﷺ એટલા માટે ઉભા થયા કે એવું નાપસંદ ફર્માવ્યું કે સરે અક઼દસ ﷺથી યહૂદીનો જનાઝો ઊંચો રહે. તહાવી (શરહે મઆનિયુલ આષાર, ૧/૨૩૫ જનાઈઝ)માં એમનાથી તથા ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કે ઉભા થવાનો સબબ એ બયાન કર્યો કે, એની બદબૂએ મને ઈજા પહોંચાડી.

**اهل الارض :** એની તફસીર ઝિમ્મી લોકોથી કરી. એનું કારણ એ છે કે સહાબાએ કિરામે જમીનો ફતહ કરીને કામ ચલાઉ ધોરણે ત્યાંના સ્થાનિક રહેવાસીઓને ટેક્ષ પર આપી દીધી હતી, જાતે ખેતિ કરતા ન હતા. એટલા માટે ત્યાં એ સમયના ખેડૂત કાફિર જ હતા.

حدیث ۷۷۲ عَنْ سَعِيدِ الْمَقْبُرِيِّ عَنْ أَبِيهِ أَنَّهُ سَمِعَ أَبَا سَعِيدِ الْخُدْرِيَّ

**[હદીષ : ૭૭૨]** *"સઈદ મુકબરીએ પોતાના વાલિદ (કૈસાન)થી રિવાયત કરી કે તેમણે હઝરત અબૂ*

رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ أَنَّ رَسُولَ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ قَالَ إِذَا

*સઈદ ખુદરી رضی اللہ عنہથી સાંભળ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે* ***જ્યારે મૈયત ખાટલા પર રાખી***

وُضِعَتِ الْجَنَازَةُ وَاحْتَمَلَهَا الرِّجَالُ عَلَى أَعْنَاقِهِمْ فَإِنْ كَانَتْ صَالِحَةً

***દેવામાં આવે છે અને લોકો એને પોતાની ગરદનો પર ઉઠાવી લે છે તો જો તે નેક હોય છે***

قَالَتْ قَدِّمُونِي وَإِنْ كَانَتْ غَيْرَ صَالِحَةٍ قَالَتْ يَا وَيْلَهَا أَيْنَ تَذْهَبُونَ

***તો કહે છે, મને આગળ લઈ ચાલો. જો નેક નથી હોતી તો કહે છે, હાય ! એને ક્યાં લઈ***

بِهَا يَسْمَعُ صَوْتَهَا كُلُّ شَيْءٍ إِلَّا الْإِنْسَانَ وَلَوْ سَمِعَهُ لَصَعِقَ ع‍ه

***જાવ છો ?! એના અવાજને ઈન્સાન સિવાય દરેક ચીજ સાંભળે છે અને જો માણસ સાંભળી***

***લે તો બેહોશ થઈ જાય."*** *(બુખારી ૧/૧૭૫, ૧/૧૭૬, નિસાઈ–જનાઈઝ, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૪૧, ૫૮)*

## સમજૂતી : ૭૭૨

**الجنازة** વર્ણન થઈ ચૂક્યું કે જનાઝો મૈયત તથા ચારપાઈ (ખાટલો) બંને માટે વપરાય છે. અહીં મૈયતના અર્થમાં છે. મતલબ એ છે કે જ્યારે મૈયત ચારપાઈ પર રાખી દેવામાં આવે છે, જેમ કે અબૂ ઝિઅ્બ (નિસાઈ, ૧/૨૭૦ જનાઈઝ)ની રિવાયત છે જે હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત પામેલ છે. **ولو سمعه**ની ઝમીરે મફઉલનો મરજઅ ગૈર સાલેહ મૈયતનો કૌલ છે, જેના માટે **قالت** દલીલ પૂરી પાડે છે. **علی اعناقهم**થી મુરાદ ખભાઓ છે, ગરદન પર જનાઝો ઉઠાવવાનો સવાલ જ નથી. મુરાદ એ છે કે તે એટલા ભયાનક અંદાઝથી ચીસો પાડે છે કે ઈન્સાન એને સહન નથી કરી શકતો, સાંભળી લે તો બેહોશ થઈ જાય. એનાથી સાબિત થયું કે મૃત્યુ પછી પણ દરેક મૈયતમાં ચાહે તે મો'મિન હોય કે કાફિર હયાત હોય છે જેનાથી તે સમજ ધરાવે છે, ત્યાં સુધી કે બોલે તથા ચીસો પાડે છે, આવનારા ખતરાઓનો એહસાસ ધરાવે છે.

**પ્રકરણથી સામ્યતા :** અહીં પ્રકરણ આ છે : "જનાઝાને પુરૂષો ઉઠાવે ન ઔરતો." હદીષમાં આ મુજબ છે : **واحتملها الرجال** આ ભલે ઈખ્બાર (ખબર) છે પણ શારેઅ علیہ السلامનું કથન છે અને શારેઅ (હુઝૂર) علیہ السلامનું કથન જ્યાં સુધી શક્ય હોય તશરીઅ પર આધાર કરવો જરૂરી છે. હવે એનાથી સાબિત થઈ ગયું કે જાઈઝ એ જ છે કે પુરૂષ જનાઝો ઉઠાવે, સ્ત્રીઓ માટે જનાઝો ઉઠાવવો મશરૂઅ (જાઈઝ) નથી.

વર્ણન થઈ ચૂક્યું કે સ્ત્રીઓએ જનાઝાની સાથે જવું જ મના છે પછી જનાઝો ઉઠાવવાનો સવાલ જ નથી. એના અનુસંધાનમાં એનાથી અધિક સ્પષ્ટ રિવાયત થયેલી છે પણ તે ઈમામ બુખારીની શર્ત પર નથી. એટલા માટે એને વર્ણન નથી કરી. અબૂ યઅલા (ફત્હુલ બારી, ૩/૧૪૬)એ હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ એક જનાઝામાં સ્ત્રીઓને જોયી તો ફર્માવ્યું, આ (તેણીઓ) જનાઝાને ઉઠાવશે ?! લોકોએ અર્ઝ કરી, નહીં ! પછી ફર્માવ્યું, શું તેણીઓ દફન કરશે ? અર્ઝ કરવામાં આવી, નહીં ! તો ફર્માવ્યું, પાછી ફરી

જાય ? مَازُوْرَاتٍ غَيْرَ مَاجُوْرَات ગુનાહો ભેગા કરીને ન કે સવાબ હાંસલ કરતી.

**કાશ્મીરી મહાશયની પકડ** : કાશ્મીરી મહાશયે લખ્યું છે કે મૈયત قدمونی ગુસ્લના સમયે કહે છે સુબ્હાનલ્લાહ ! હદીષમાં સાફ સ્પષ્ટતા છે કે و احتملها الرجال علیٰ اعناقهم فان کانت "અને પુરૂષ પોતાની ગરદનો પર ઉઠાવી લે છે, તો જો મૈયત નેક છે......" છેવટ સુધી فاء (ફાઅ્) તઅક઼ીબના માટે છે જેનાથી સ્પષ્ટ દલીલ પુરવાર થાય છે કે ઉઠાવ્યા પછી કહે છે. શું ઉઠાવવાની હાલતમાં ગુસ્લ આપવામાં આવે છે ?! કદાચ એ મહાશયને નિસાઈ (૧/૨૭૦ જનાઈઝ)ની આ હદીષથી ધોકો થયો જે ઈબ્ને અબી ઝઅબે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી, જેમાં આ પ્રમાણે છે : فاذاوضع الرجل الصالح علیٰ سريره قال قدمونی પણ એ ખયાલ ન આવ્યો કે જો આ હદીષને તેના જાહેરી અર્થ પર ધારીશું તો હઝરત અબૂ સઈદ رضی اللہ عنہની આ હદીષ સાથે ટકરાવ લાઝિમ થશે જે દૂર થઈ શકશે નહીં અને જ્યારે હઝરત અબૂ સઈદ رضی اللہ عنہની હદીષને તેના જાહેર પર રાખીશું તો હઝરત અબૂ હુરૈરહ્ની હદીષમાં આસાનીથી તાવીલ (અર્થઘટન) થઈ શકશે જેનાથી ટકરાવ દૂર થઈ જશે. તેમજ દરેક શખ્સ વિચારે કે قدمونی કહેવું ગુસ્લના વખતે અધિક યોગ્ય છે કે પછી ખભાઓ પર ઉઠાવતી વેળા ?!

## તઅલીક઼ : ૨૪૪ની સમજૂતી

આ અષરને ઈમામ ઈબ્ને અબી શયબા અને ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ે મૌસૂલન રિવાયત કરી છે. અહીં પ્રકરણ એ છે કે જનાઝાને ઝડપી લઈ જવો. જાહેર છે કે આ અષરને પ્રકરણ સાથે કોઈ નિસ્બત નથી. ઈબ્ને મુનીરે આ રીતે મળતાપણુ પેદા કર્યું કે સાથેવાળાઓ માટે કોઈ દિશા એટલા માટે નિશ્ચિત ન કરી કે જનાઝો ઝડપભેર લઈ જવામાં આવે. જો સાથેવાળાઓ માટે જગા નિશ્ચિત કરી દેવામાં આવે તો તેનો લેહાઝ કરવો જરૂરી થશે અને તેઓ મજબૂત પણ છે કમજોર પણ છે, ઝડપથી ચાલનારા પણ છે અને સુસ્ત પણ છે, સાથીઓને આઝાદ છોડી દેવામાં આવ્યા જેથી જનાઝાને ઝડપથી લઈ જવામાં કોઈ મુશ્કેલી ન પડે. પરંતુ જો સાથીઓના માટે પાછળની જગા નિશ્ચિત કરી દેવામાં આવે તો જનાઝાને લઈ જવામાં કોઈ આડ ન રહે, એટલા માટે પ્રકરણથી મળ તાપણાની આ ચર્ચા સંપૂર્ણ નથી. વર્ણન થઈ ચૂક્યું કે જનાઝાની પાછળ ચાલવું અફઝલ છે. બીજા સાહબનું કથન તો ઝડપી લઈ જવાની વિરુદ્ધ છે. જ્યારે સાથીઓ પર પાબંદી છે કે જનાઝાની નજીક રહે તો કમજોર તથા સુસ્ત ચાલવાળા નજીક કેમ કરીને રહી શકશે. એટલા માટે અધિક મુનાસિબ એ જ છે કે એવું કહેવામાં આવે કે આ તઅલીક઼ એટલા માટે લાવ્યા છે કે આગળ આ પ્રકરણમાં આવનારી હદીષમાં તેજ ચાલવાથી મુરાદ મધ્યમ ચાલે ચાલવું છે જેથી કમજોર તથા ધીમી ચાલવાળા સૌ સાથે રહી શકે.

حدیث ٧٧٣ عَنْ اَبِیْ ھُرَیْرَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત કરે છે કે ફર્માવ્યું, જનાઝાને **[હદીષ : ૭૭૩]**

عَلَیْہِ وَسَلَّمَ قَالَ اَسْرِعُوْا بِالْجَنَازَۃِ فَاِنْ تَکُ صَالِحَۃً فَخَیْرٌ تُقَدِّمُوْنَھَا وَاِنْ

ઝડપથી લઈ ચાલો, જો તે નેક છે તો ખૈર છે જેને આગળ કરી રહ્યા છો અને જો એનાથી ઉલ્ટુ છે તો બુરાઈને

تَکُ سِوٰی ذٰلِکَ فَشَرٌّ تَضَعُوْنَہٗ عَنْ رِقَابِکُمْ - عہ

પોતાની ગરદનોથી ઉતારશો." (બુખારી, ૧/૧૭૬ અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ–જનાઈઝ)

حدیث ٧٧٤ عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰہِ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا اَنَّ رَسُوْلَ اللّٰہِ

"હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما એ રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ **[હદીષ : ૭૭૪]**

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ صَلّٰی عَلَی النَّجَاشِیِّ فَکُنْتُ فِی الصَّفِّ الثَّانِیْ اَوِالثَّالِثِ

નજાશી પર જનાઝાની નમાઝ પઢી. હું બીજી કે ત્રીજી સફમાં હતો." (બુખારી, ૧/૧૭૬, હિજરતે હબ્શા–૫૪૭)

## સમજૂતી : ૭૭૩

اسرعوا بالجنازة : જનાઝો ઝડપથી લઈ ચાલવાથી મુરાદ છે મધ્યમ ચાલે. જેમ કે હઝરત અબૂબક رضی اللہ عنہ ની હદીષ (નિસાઈ, ૧/૨૭૧, જનાઈઝ, મુસ્નદે ઈમામ અહમદ ખામિસ–૩૬૭૮)માં છે કે તેમણે ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને જોયા કે અમે જનાઝામાં એ ગતિથી ચાલતા જે રમલની નજીક હોતી. એનાથી સ્પષ્ટ એ હદીષ છે જેને ઈમામ અબૂ બકર બિન અબી શયબાએ (ઉમ્દતુલ કારી, ૮/૧૧૩) પોતાના મુસન્નફમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી રિવાયત કરી છે કે એમના વાલિદ માજિદે એ વસિયત કરી હતી કે જ્યારે તમે મને ચારપાઈ પર ઉઠાવો તો બંને ચાલોની દરમ્યાન ચાલજો અને જનાઝાની પાછળ રહેજો એટલા માટે કે તેનો આગલો હિસ્સો ફરિશ્તાઓના માટે છે અને પાછલો માણસો માટે. તેમજ અબૂ દાઊદ (૨/૯૭ જનાઈઝ)માં હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત થયેલ છે કે અમે નબી صلی اللہ علیہ وسلم થી જનાઝાની સાથે ચાલવાના બારામાં પૂછયું તો ફર્માવ્યું, દોડવાથી ઓછું. અને એનાથી એ પણ મુરાદ થઈ શકે છે કે કફન દફનમાં જલ્દી કરો. જેમ કે અબૂ દાઊદ (૨/૯૪ જનાઈઝ)માં હઝરત હસીન બિન વજૂહથી રિવાયત થયેલ છે કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જલ્દી કરશો કેમ કે એ યોગ્ય નથી કે મુસલમાનની લાશ તેમના ઘરવાળાંઓ સામે રોકેલી મૂકી રાખવામાં આવે. તેમજ તિબ્રાની (ઉમ્દતુલ કારી, ૮/૧૧૩)માં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત થયેલ છે કે ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈ મરી જાય તો તેને રોકો નહીં, જલ્દી કરો. આ તક્દીર પર تضعونه عن رقابكم નો અર્થ મજાઝી થશે, એટલે કે જે જિમ્મેદારી હતી તેને પૂર્ણ કરી લેશો.

## સમજૂતી : ૭૭૪ અને ૭૭૫

આ હદીષમાં એ સ્પષ્ટતા છે કે જે દિવસે નજાશીનો વિસાલ થયો હતો એ જ દિવસે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم એ એની વફાતની ખબર આપી. એનાથી સાબિત થયું કે હુઝૂરે અક્દસ ગયબ જાણતા હતા.

**પ્રકરણની સ્પષ્ટતા** : અહીં એક પ્રકરણનું હેડિંગ છે : سُنَّةُ الصلوٰةِ عَلَی الجَنَازَةِ જનાઝા પર નમાઝનો

حدیث ۷۷۵ اَخْبَرَنِیْ عَطَاءٌ اَنَّہٗ سَمِعَ جَابِرَ بْنَ عَبْدِ اللّٰہِ یَقُوْلُ قَالَ النَّبِیُّ

''મને અતાએ ખબર આપી કે તેમણે હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما ને એ **[હદીષ : ૭૭૫]**

صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ قَدْ تُوُفِّیَ الْیَوْمَ رَجُلٌ صَالِحٌ مِّنَ الْحَبَشِ فَهَلُمُّوْا فَصَلُّوْا

કહેતાં સાંભળ્યા કે નબી ﷺએ ફર્માવ્યું, આજે હબ્શાનો એક નેક શખ્સ મૃત્યુ પામ્યો છે, આવો ! એના પર

عَلَیْہِ قَالَ فَصَفَفْنَا فَصَلَّی النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ وَنَحْنُ صُفُوْفٌ

નમાઝ પઢીએ. તો અમે સફ લગાડી અને નબી ﷺએ નમાઝ પઢાવી અને અમે લોકો કેટલીયે

وَقَالَ اَبُو الزُّبَیْرِ عَنْ جَابِرٍ کُنْتُ فِی الصَّفِّ الثَّانِیْ۔ ع ہ

સફોમાં હતા અને હું બીજી સફમાં હતો.'' (બુખારી, ૧/૧૭૬, હિજરતે હબ્શા–૫૪૭)

ت ۲۴۵ وَکَانَ ابْنُ عُمَرَ لَا یُصَلِّی اِلَّا طَاهِرًا وَلَا یُصَلِّیْ عِنْدَ طُلُوْعِ الشَّمْسِ

''અને હઝરત ઈબ્ને ઉમર તહારત (પાકી) વિના પઢતા ન હતા અને તુલૂઅ આફતાબ **[તઅલીક઼ : ૨૪૫]**

وَلَا عِنْدَ غُرُوْبِهَا وَیَرْفَعُ یَدَیْہِ۔ ع ہ

(સૂર્યોદય) અને ગુરૂબ આફતાબ (સૂર્યાસ્ત) વખતે પણ પઢતા ન હતા અને હાથોને ઉઠાવતા હતા.''

(બુખારી ,૧/૧૭૬)

તરીક઼ો એટલે જાઈઝ તરીક઼ો. મતલબ એ છે કે નબી ﷺએ જનાઝામાં શું શરતો તથા અરકાન નિશ્ચિત કર્યા છે ? એની શરતોમાં તહારત (પાકી), સતરે ઔરત, ઈસ્તિક઼બાલે ક઼િબ્લા, નિય્યત, મૈયતના પૂરા કે મોટા ભાગના શરીરનું સામે હોવું, તેનું પાક હોવું. અરકાનમાં તકબીરો છે, એમાં કલામ (વાતચીત) જાઈઝ નથી. ઈમામ બુખારીએ પ્રથમ ત્રણ હદીષના ભાગો નકલ કર્યા જેમાં એની તાબીર (صلی) છે. અથવા (صلوا) છે. પછી ફર્માવ્યું કે હુઝૂરે અક઼દસ ﷺએ એને નમાઝ કહી, જ્યારે કે એમાં રુકૂઅ, સજદા નથી છતાં પણ એ નમાઝ એટલા માટે છે કે એમાં નમાઝના અહકામ તથા અરકાન છે. એમાં વાતચીત જાઈઝ નથી, એમાં તકબીર છે, તસ્લીમ છે.

## તઅલીક઼ : ૨૪૫ની સમજૂતી

આ તઅલીક઼ એની સાબિતીમાં લાવ્યા કે નમાઝે જનાઝા, નમાઝ છે. એટલા માટે કે જેવી રીતે અન્ય નમાઝો તહારત વિના સહીહ નથી અને સૂર્યના ઉદમ તથા અસ્ત વખતે જાઈઝ નથી એ જ પ્રમાણે આ પણ છે. જેવી રીતે અન્ય નમાઝોમાં રફએ યદૈન (હાથો ઉઠાવવું) છે એ જ પ્રમાણે આમાં પણ છે. આ તઅલીક઼ના ત્રણ ભાગો છે. પ્રથમ ભાગને ઈમામ માલિકે મોઅત્તામાં વર્ણન કર્યો અને, બીજા ભાગને ઈમામ અબૂ બકર ઈબ્ને અબી શયબાએ પોતાના મુસન્નફમાં, અને ત્રીજા ભાગને ઈમામ બુખારીએ જુઝએ રફએ યદૈનમાં મુત્તસિલ સનદ સાથે વર્ણન કરેલ છે.

હનફીઓને ત્યાં કેવળ તકબીરે તહરીમા વખતે રફએ યદૈન છે, બાકીની તકબીરોમાં નથી. ઈમામ શાફઈ

ت ٢٤٦ وَقَالَ الْحَسَنُ أَدْرَكْتُ النَّاسَ وَأَحَقُّهُمْ عَلَى جَنَائِزِهِمْ مَنْ رَضُوهُ

''અને ઈમામ હસન બસરીએ ફર્માવ્યું, મેં લોકોને એ તરીક઼ા પર પામ્યા કે નમાઝે [તઅલીક઼ : ૨૪૬]

لِفَرَائِضِهِمْ. وَإِذَا أَحْدَثَ يَوْمَ الْعِيدِ أَوْ عِنْدَ الْجَنَازَةِ يَطْلُبُ الْمَاءَ وَلَا

જનાઝા પઢાવવાનો સૌથી અધિક મુસ્તહિક઼ તે શખ્સ છે જેને લોકોએ ફર્ઝોની ઈમામતના માટે પસંદ કર્યો

يَتَيَمَّمُ وَإِذَا انْتَهَى إِلَى الْجَنَازَةِ وَهُمْ يُصَلُّونَ يَدْخُلُ مَعَهُمْ بِتَكْبِيرَةٍ ع ه

હોય. અને નમાઝે ઈદ અને નમાઝે જનાઝામાં વુઝૂ તૂટી જાય તો પાણી શોધે અને તયમ્મુમ ન કરે અને જ્યારે

જનાઝા સુધી એ વખતે પહોંચે કે લોકો નમાઝ પઢી રહ્યા હોય તો તકબીર કહીને સામેલ થઈ જાય.''

(બુખારી ૧/૧૭૬)

رحمۃ اللہ علیہને ત્યાં દરેક તકબીરમાં રફએ યદૈન છે. આપણી દલીલ એ હદીષ છે જેને ઈમામ તિર્મિઝી (૧/૧૨૭ જનાઈઝામાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી. રસૂલુલ્લાહ ﷺએ જનાઝા પર તકબીર પઢી અને પ્રથમ તકબીરમાં હાથ ઉઠાવ્યા. પછી જમણાને ડાબા પર મૂક્યો. દારકુત્નીમાં આટલુ અધિક છે : ثُمَّ لَا يَعُوْدُ ''પછી ફરીવાર હાથ નથી ઉઠાવ્યો.'' દારકુત્ની હઝરત ઈબ્ને અબ્બાસથી પણ એના જેમ રિવાયત થયેલ છે. મબસૂતમાં છે કે હઝરત ઈબ્ને ઉમર અને હઝરત અલી رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَએ ફર્માવ્યું, તકબીરે તહરીમા સિવાય બીજે ક્યાંય હાથ ન ઉઠાવવામાં આવે. ઈબ્ને હઝમએ હઝરત ઈબ્ને મસઊદ અને હઝરત ઈબ્ને ઉમરથી પણ એ જ નક઼લ કર્યું. અને એ પણ કહ્યું કે તકબીરે તહરીમાના સિવાય અન્ય કોઈ તકબીરમાં હાથ ઉઠાવવાના બારામાં કોઈ નસ (દલીલ) આવેલી નથી, અને ન ઈજમાઅ છે. ઈબ્ને મુન્ઝરે પ્રથમ તકબીર વખતે હાથ ઉઠાવવા પર ઈજમાઅ નક઼લ કર્યો છે.

**નમાઝે જનાઝામાં બે વાર સલામ છે :** બયહક઼ી અને હાકિમે હઝરત અબ્દુલ્લાહ બિન અબી અવફા رضی اللہ عنہના બારામાં રિવાયત કરી કે નમાઝે જનાઝામાં જમણે ડાબે સલામ ફેરવી અને ફારિગ થયા તો ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺને આવુ કરતાં જ જોયા છે હું એના પર વધારો કરીશ નહીં. મઅરુફામાં હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે તેમણે ફર્માવ્યું, ત્રણ વાતો એ છે જેને રસૂલુલ્લાહ ﷺ કરતા હતા, લોકોએ છોડી આપી છે. એમાંથી એક નમાઝે જનાઝામાં અન્ય નમાઝો જેમ બે સલામ છે.

## તઅલીક઼ : ૨૪૬ની સમજૂતી

હઝરત હસન બસરીએ ચાર મસાઈલ વર્ણન કર્યા : (૧) જનાઝાની ઈમામતનો હક્ક઼ તેને છે જે ફર્ઝોનો ઈમામ હોય, અને એ જ એ સમયના સહાબા તથા તાબઈનનો અમલ હતો. કેમ કે નમાઝની ઈમામતનો હક્ક઼ સૌથી પ્રથમ ઈસ્લામી સુલ્તાન અથવા તેના નાયબનો છે. એટલા માટે નમાઝે જનાઝાનો પણ સૌથી અધિક હક્ક઼દાર વાલી જ છે. આ જ હનફીઓનો મઝહબ છે. એના પર સ્પષ્ટ નસ (દલીલ) હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہનો તે ઈર્શાદ છે જે તેમણે સઈદ બિન આસ ઉમવી મદીનાના હાકિમને ફર્માવ્યું જ્યારે તે ઈમામ હસને મુજતબા رضی اللہ عنہની જનાઝાની નમાઝ પઢાવવા માટે આગળ વધ્યો. ''આગળ વધો ! જો આ જ તરીક઼ો ન હોત તો તને આગળ વધવા ન દેત. ''(ઉમ્દતુલ ક઼ારી, ૮/૧૨૪) આ ઈર્શાદ સહાબાએ કિરામ તથા તાબઈને એઝામની મૌજૂદગીમાં થયો અને કોઈએ ઈન્કાર ન કર્યો.

બીજો, ત્રીજો મસ્અલો એ છે કે ઈદૈનની નમાઝો તથા નમાઝે જનાઝામાં જો હદષ થઈ જાય (વુઝૂ તૂટે) તો

ت ۲۴۷ وَقَالَ ابْنُ الْمُسَيَّبِ يُكَبِّرُ بِاللَّيْلِ وَالنَّهَارِ وَالسَّفَرِ وَالْحَضَرِ اَرْبَعًا ۔

**[તઅલીક઼ : ૨૪૭]** *"અને ઈમામ સઈદ બિન મુસય્યબે ફર્માવ્યું, રાત હોય કે દિવસમાં, સફર હોય કે મુક઼ામ પર, ચાર તકબીરો કહે." (બુખારી ૧/૧૭૬)*

ت ۲۴۸ وَقَالَ اَنَسٌ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ التَّكْبِيْرَةُ الْوَاحِدَةُ اِسْتِفْتَاحُ الصَّلٰوةِ ۔

**[તઅલીક઼ : ૨૪૮]** *"અને હઝરત અનસે ફર્માવ્યું, એક તકબીર નમાઝ શરૂ કરવાની છે." (ઉપર મુજબ)*

ت ۲۴۹ وَقَالَ زَيْدُ بْنُ ثَابِتٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اِذَا صَلَّيْتَ فَقَدْ قَضَيْتَ الَّذِیْ عَلَيْكَ

**[તઅલીક઼ : ૨૪૯]** *"અને હઝરત ઝયદ બિન ષાબિત رضی اللہ એ ફર્માવ્યું, જ્યારે તેં નમાઝે જનાઝા પઢી લીધી તો મૈયતનો જે હક્ક઼ તમારા પર હતો તે અદા કરી ચૂક્યા." (ઉપર મુજબ)*

બાકીની નમાઝ તયમ્મુમ કરીને ન પઢે બલ્કે પાણી શોધીને વુઝૂ કરે પછી પઢે. આપણે ત્યાં એવું છે કે જો એને અંદેશો થાય કે જો વુઝૂ કરીશ તો ઈમામ ફારિગ થઈ જશે તો તયમ્મુમ કરીને નમાઝ પઢે, ભલે જ્યારે આવ્યો ત્યારે વુઝૂ ન હતું અથવા નમાઝ દરમ્યાન વુઝૂ તૂટયું હોય. (બહારે શરીઅત, ૨/૬૩) એટલા માટે કે નમાઝે ઈદૈન અને નમાઝે જનાઝાની ક઼ઝા નથી, ન બદલ છે. હઝરત ઈમામ હસન બસરીનો આ ઈર્શાદ એના પર આધારિત છે કે એને અધિક્તર ગુમાન હોય કે ઈમામના ફારિગ થતાં પહેલાં નમાઝમાં સામેલ થઈ જશે. એટલા માટે કે સઈદ બિન મન્સૂરે તેમનો જ આ ક઼ૌલ વર્ણન કર્યો છે કે આ સ્થિતિમાં જો નમાઝે જનાઝા છૂટી જવાનો ભય હોય તો તયમ્મુમ કરે. *(ઉમ્દતુલ ક઼ારી, ૮/૧૨૪)*

ચોથો મસ્અલો એ છે કે જે શખ્સ એ વખતે પહોંચ્યો કે જનાઝાની નમાઝ થઈ રહી હતી તો એ મોડુ કર્યા વિના તકબીર કહીને સામેલ થઈ જાય, એની રાહ ન જુએ કે જ્યારે ઈમામ તકબીર કહે તો સામેલ થાઉં. આપણે ત્યાં તફસીલ છે, જો એવા સમયે આવ્યો કે ઈમામ તકબીરે તહરીમા કહી ચૂક્યો હતો હજી બીજી તકબીર કહી ન હતી, તો તકબીર કહીને તરત જ સામેલ થઈ જાય, બીજી તકબીરની રાહ ન જુએ. અને જો બીજી કે ત્રીજી તકબીરના પછી આવ્યો તો તરત સામેલ ન થાય, રાહ જુએ. જ્યારે ઈમામ તકબીર કહે તો એ વખતે સામેલ થાય. ઈમામ હસન બસરીના છેવટવાળા બંને ઈર્શાદને ઈમામ ઈબ્ને અબી શયબાએ વર્ણન કર્યા.

## સમજૂતી : તઅલીક઼ ૨૪૭-૨૪૮

આ બંનેવ અષરનો સાર એક જ છે કે નમાઝે જનાઝામાં કુલ ચાર તકબીરો છે એમાંથી એક એટલે પ્રથમ તકબીરે તહરીમા છે.

## તઅલીક઼ : ૨૪૯ની સમજૂતી

અહીં પ્રકરણ છે : "જનાઝાની સાથે ચાલવાની ફઝીલતનું બયાન" મળતાપણુ એ છે કે કોઈનો હક્ક઼ અદા કરવો સવાબનું કામ છે. નમાઝે જનાઝા પઢવા માટે જનાઝાની સાથે જવું જરૂરી છે.

**હું કહું છું :** લગભગ ઈમામ બુખારી એ ફાયદો આપવા ચાહે છે કે જેણે નમાઝે જનાઝામાં શિર્કત કરી લીધી તે હુકમની રીતે જનાઝાની સાથે ગયો.

وَقَالَ حُمَيْدُ بْنُ هِلَالٍ مَا عَلِمْنَا عَلَى الْجَنَازَةِ إِذْنًا وَلٰكِنْ مَنْ صَلّٰى ت ۲۵۰

"અને હુમૈદ બિન હિલાલે કહ્યું, જનાઝા પર અમે ઈજાઝત નથી જાણતા. હા ! જે **[તઅલીક઼ : ૨૫૦]**

ثُمَّ رَجَعَ فَلَهُ قِيرَاطٌ۔

નમાઝ પઢીને પરત થયો તેના માટે એક ક઼ીરાત છે." (બુખારી ૧/૧૭૬)

حدیث ۷۷۶ سَمِعْتُ نَافِعًا يَقُولُ حُدِّثَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا أَنَّ أَبَا

"નાફેઅ કહે છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી આ હદીષ વર્ણવામાં આવી કે હઝરત **[હદીષ : ૭૭૬]**

هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ يَقُولُ مَنْ تَبِعَ جَنَازَةً فَلَهُ قِيرَاطٌ فَقَالَ أَكْثَرَ

અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ કહે છે કે જનાઝાની પાછળ ગયો એના માટે એક ક઼ીરાત છે. તો એમણે કહ્યું, અબૂ

**તઅલીક઼ : ૨૫૦ની સમજૂતી** હુમૈદ બિન હિલાલ તાબઈ છે તેમના ઈર્શાદનો પાયો એના પર છે કે નમાઝે જનાઝા મૈયતનો હક્ક઼ છે જે સવાબ પ્રાપ્તિના માટે પઢવામાં આવે છે. મૈયતના વાલીઓનો હક્ક઼ નથી કે પરત થવું તેમની ઈજાઝત પર મૌકૂફ હોય. નમાઝ પઢીને જેનો જીવ ચાહે ચાલ્યો જાય, કોઈ વાંધો નથી. હઝરત ઝયદ બિન ષાબિત, હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضوان اللہ تعالیٰ علیہم اجمعین સહાબાએ કિરામમાંથી, અને ઉરવા બિન ઝુબેર, ક઼ાસિમ બિન મુહમ્મદ, ઈમામ હસન બસરી, ક઼તાદા, અબૂ ક઼લાબાનો આ જ અમલ હતો કે નમાઝે જનાઝા પઢયા બાદ પરત થઈ જતા તો ઈજાઝત ન લેતા હતા. એનાથી ઉલ્ટુ હઝરત ઉમર, હઝરત ઈબ્ને મસઊદ, હઝરત ઈબ્ને ઉમર, હઝરત મિસ્વર બિન મખ્રમા رضوان اللہ تعالیٰ علیہم اجمعین અને ઈમામ નખઈ ઈજાઝત લીધા વિના પરત ન થતા. ઈમામ માલિકે ફર્માવ્યું કે ઈજાઝત લીધા વિના પરત થવું પસંદીદા વાત નથી, પણ એ કે દફનમાં વાર હોય. આપણો મઝહબ પણ એ જ છે કે ઈજાઝત વિના પરત ન થાય, એટલા માટે કે જે રીતે નમાઝે જનાઝા મૈયતનો હક્ક઼ છે એ જ રીતે દફન પણ હક્ક઼ છે અને એ એનાથી મહત્વનું અને એના કરતાં કાંઈક મહેનતવાળુ છે. જો સૌ છોડીને ચાલ્યા જાય તો દફન કોણ કરશે ? એના અનુસંધાનમાં હદીષો પણ આવેલી છે, જો કે સર્વ ઝઈફ છે પણ મુસ્તહબ (હોવા)ની સાબિતી માટે પૂરતી છે. ઈમામ બઝ્ઝારે હઝરત જાબિર رضی اللہ عنہ થી મરફુઅન્ રિવાયત કર્યું કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, બે અમીર છે જ્યારે કે અમીર નથી, તે સ્ત્રી જે ક઼ૌમની સાથે હજ્જ કરે અને તેને હયઝ આવી જાય અને તે પુરૂષ જે જનાઝાની સાથે જાય અને નમાઝ પઢે તો એને એ હક્ક઼ નથી કે જનાઝાવાળાઓની ઈજાઝત હાંસલ કર્યા વિના પાછો ફરે. ઈમામ અહમદે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જે જનાઝાની સાથે ગયો અને એને ખભેથી ઉતાર્યો અને એના પર માટી નાખી દીધી અને બેઠો, ત્યાં સુધી કે તેને ઈજાઝત આપવામાં આવી, તો બે ક઼ીરાન લઈને પરત થયો. ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ નો આ ઈર્શાદ રિવાયત કર્યો, બે અમીર છે અને અમીર નથી, તે શખ્સ જે જનાઝાની સાથે રહ્યો અને એના પર નમાઝ પઢે તો તેને મૈયતના વલીની ઈજાઝત વિના પાછા ન ફરવું જોઈએ. *(ઉમ્દતુલ ક઼ારી, ૮/૧૨૬)*

**સમજૂતી : ૭૭૬ અને ૭૭૭** તિર્મિઝીમાં આ હદીષ અબૂ સલ્માના તરીક઼ાથી આ પ્રમાણે છે કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જે શખ્સ જનાઝા પર કેવળ નમાઝ પઢે એના માટે

ابو هريرة علينا فصدقت يعني عائشة ابا هريرة وقالت سمعت رسول الله

હુરૈરહ્ પુષ્કળ પ્રમાણમાં હદીષ બયાન કરવાના આદી છે. એની ખબર જ્યારે ઉમ્મુલ મો'મિનીન હઝરત

صلى الله تعالى عليه وسلم يقوله فقال ابن عمر لقد فرطنا في قراريط كثيرة

આઈશાને થઈ તો તેમણે અબૂ હુરૈરહ્નું સમર્થન કર્યું અને કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺને એવું ફર્માવતાં સાંભળ્યા છે. તો ઈબ્ને ઉમરે કહ્યું, અમે ઘણા બધા ક઼ીરાત વેડફી નાખ્યા !''

(બુખારી ૧/૧૭૭, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ–જનાઈઝ સૌમાં)

حديث ٧٧٧

ان ابا هريرة رضي الله تعالى عنه قال قال رسول الله صلى الله

''હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنهએ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે જનાઝા પર **[હદીષ : ૭૭૭]**

تعالى عليه وسلم من شهد الجنازة حتى يصلى عليه فله قيراط ومن شهد

હાજર થયો ત્યાં સુધી કે એના પર નમાઝ પઢી તો એના માટે એક ક઼ીરાત છે. અને જે દફનના સમય સુધી રહ્યો

حتى يدفن كان له قيراطان قيل ما القيراطان قال مثل الجبلين العظيمين

એના માટે બે ક઼ીરાત છે. અર્ઝ કરવામાં આવી, ક઼ીરાત શું છે ? તો ફર્માવ્યું, બે મહાન પહાડો સમાન. (ઉપર મુજબ)

એક ક઼ીરાત છે અને જે જનાઝાની સાથે રહે ત્યાં સુધી કે દફન કરી દેવામાં આવે એના માટે બે ક઼ીરાત છે. એમાંથી એક, અથવા આવુ ફર્માવ્યું, એ બંનેમાંથી નાનો ઓહદ પહાડના બરાબર છે. રાવીએ કહ્યું, મેં ઈબ્ને ઉમર رضي الله عنهماને એને વર્ણન કર્યું તો તેમણે હઝરત આઈશાની પાસે માણસ મોકલ્યો કે એમને પૂછે. તો ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું કે, અબૂ હુરૈરહ્એ સાચુ કહ્યું. એના પર હઝરત ઈબ્ને ઉમરે કહ્યું, અમે ઘણા બધા ક઼ીરાત વેડફી નાખ્યા !

**ક઼ીરાત** : અસલમાં ''ક઼િર્રાત'' હતું એટલા માટે કે એનું બહુવચન ''ક઼રારીત'' આવે છે. એક વચનમાં ''રા''ને ક઼યાસ વિરુદ્ધ ''યા''થી બદલી નાખ્યું. જેમ કે દીનારમાં નૂનને ''યા''થી બદલ્યું કેમ કે ''દીનાર'' અસલમાં ''દિન્નાર'' હતું એટલા માટે એનું બહુવચન ''દનાનીર'' થાય છે.

**ક઼ીરાતનો એ અર્થ છે** : આમલીનુ બીજ, દાંગ (છ રતી)નુ અડધુ, દિરહમના છટ્ઠા હિસ્સા બરાબર એક સિક્કો હતો. દીનારનો વીસમો ભાગ. એક દીનાર સાડા ચાર માશાનો થાય છે. કોઈ ચીજના ચોવીસ હિસ્સામાંથી એક હિસ્સો, કોઈ ચીજનો ટુકડો, ભાગ, હિસ્સો. અહીં હદીષમાં હિસ્સો જ મુરાદ છે ઓહદની જેમ અથવા ''મિષ્લુલ જબલૈન અઝીમૈન'' સરખામણી માટે છે. મુરાદ એ છે કે ઘણો જ અધિક સવાબ છે એ પણ થઈ શકે છે કે હક઼ીક઼ી અર્થ મુરાદ હોય.

**اكثر ابوا هريره** એટલે કે ઘણો જ અધિક સવાબ વર્ણવી આપ્યો અથવા એ કે પુષ્કળ પ્રમાણમાં રિવાયત કરી જે બુદ્ધિને ચકિત કરી દે તેમ છે. ક્યાંક તેમને વહેમ તો નથી થયો ! કેમ કે બુખારીની આ રિવાયતના પ્રમાણે હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنهએ એવું ન કહ્યું હતું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું છે, એટલા માટે હઝરત ઈબ્ને ઉમરે એવું કહ્યું. હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنهએ જ્યારે સાંભળ્યું તો ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં હાજરીથી મને મેદાનમાં ઝાડ રોપવા તથા બજારમાં ખરીદ વેચાણ રોકતુ ન હતું. રસૂલુલ્લાહ ﷺથી મારી

حدیث ۷۷۸ عَنْ عَبْدِ اللّٰہِ بْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا اَنَّ الْیَھُوْدَ جَاءُوْا اِلَی

''હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી ﷺની ખિદમતમાં **[હદીષ : ૭૭૮]**

النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ بِرَجُلٍ مِّنْھُمْ وَامْرَاَۃٍ زَنَیَا فَقَالَ لَھُمْ

યહૂદી એક પુરૂષ તથા એક સ્ત્રીને લાવ્યા જેમણે ઝિના કર્યો હતો. એમનાથી હુઝૂર ﷺએ ફર્માવ્યું,

کَیْفَ تَفْعَلُوْنَ بِمَنْ زَنٰی مِنْکُمْ قَالُوْا نُحَمِّمُھُمَا وَنَضْرِبُھُمَا فَقَالَ لَا تَجِدُوْنَ

તમારામાં જે ઝિના કરે છે તેની સાથે શું કરો છો ? યહૂદીઓએ કહ્યું, અમે એનું મોઢુ કાળુ કરીએ છીએ અને

فِی التَّوْرَاۃِ الرَّجْمَ فَقَالُوْا لَا نَجِدُ فِیْھَا شَیْئًا فَقَالَ لَھُمْ عَبْدُ اللّٰہِ بْنُ سَلَامٍ

મારીએ છીએ. તો ફર્માવ્યું, તૌરાતમાં તમે ''રજમ'' નથી જોતા. તેમણે કહ્યું, અમે તેમાં કાંઈ નથી પામતા. તો

کَذَبْتُمْ فَاْتُوْا بِالتَّوْرَاۃِ فَاتْلُوْھَا اِنْ کُنْتُمْ صَادِقِیْنَ فَوَضَعَ مِدْرَاسُھَا

તેમને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામે કહ્યું, તમે જૂઠ બોલ્યા ! તૌરાત લાવો અને તેને પઢો જો તમે લોકો

الَّذِیْ یُدَرِّسُھَا مِنْھُمْ کَفَّہٗ عَلٰی اٰیَۃِ الرَّجْمِ فَطَفِقَ یَقْرَاُ مَا دُوْنَ یَدِہٖ

સાચા હોઉ. (તૌરાત લાવવામાં આવી) તો તૌરાતના મુઅલ્લિમે પોતાની હથેળી ''રજમ''વાળી આયત પર

وَمَا وَرَاءَھَا وَلَا یَقْرَاُ اٰیَۃَ الرَّجْمِ فَنَزَعَ یَدَہٗ عَنْ اٰیَۃِ الرَّجْمِ فَقَالَ مَا

રાખી દીધી અને એની નજીક અને એના સિવાય અન્ય જગાએથી પઢવા લાગ્યો તો તેમણે એનો હાથ

તલબ કેવળ એક લુક્માની હતી જે ખવડાવી દેતા અને ઈર્શાદની હતી જે શીખવાડી આપતા. તો હઝરત ઈબ્ને ઉમરે ફર્માવ્યું, અબૂ હુરૈરહ્ અમારા કરતાં વધુ ખિદમતે અક્દસમાં હાજર રહેતા અને અમારા કરતાં વધુ હદીષના જાણકાર હતા. *(ઉમ્દતુલ ક઼ારી, ૮/૧૨૮)*

**فرطت ضیعت اَمْرِ من اللہ** : આ ઈમામ બુખારીનો ક઼ૌલ છે. આ હદીષમાં પણ **فرطت** આવ્યું છે અને કુર્આને કરીમમાં પણ એક જગાએ ફર્માવ્યું : **یَا حَسْرَتٰی عَلٰی مَا فَرَّطْتُ فِیْ جَنْبِ اللّٰہِ** (سورۂ زمر ۵۶) (ઝુમર–૫૬) હાય ! અફસોસ ! જે ખતા (કોતાહી) મેં અલ્લાહના હક્ક઼માં કરી.'' ઈમામ બુખારીએ આદત મુજબ એની તફસીર ફર્માવી આપી કે **فَرَّطْتُ ضَیَّعْتُ**ના અર્થમાં છે, એટલે કે, ''મેં વેડફી કાઢયું.''

**સમજૂતી : ૭૭૮** આ હદીષ કિતાબુલ જનાઈઝમાં ટૂંકાણમાં હતી એટલા માટે અમે કિતાબુત્તફસીરની રિવાયત અહીં વર્ણવી છે. અહીં પ્રકરણ આ પ્રમાણે છે : ઈદગાહ અને મસ્જિદમાં નમાઝે જનાઝા. આદત પ્રમાણે ઈમામ બુખારીએ અહીં પોતાનો કોઈ મૌક઼ફ (મંતવ્ય) નથી જાહેર કર્યો. આ પ્રકરણમાં બે હદીષો લાવ્યા છે, એક હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની જેમાં એ છે કે નબી ﷺએ ઈદગાહમાં સફ લગાડી અને નજાશી પર નમાઝે જનાઝા પઢી, અને એક આ વર્ણન કરેલી હદીષ, પણ બંનેમાંથી ક્યાંય પણ મસ્જિદમાં નમાઝે જનાઝા પઢવાનો ઉલ્લેખ નથી. પહેલીમાં ઈદગાહમાં નમાઝ પઢવાનું વર્ણન છે અને બીજીમાં એ પણ નથી,

هٰذِهٖ فَلَمَّا رَأَوْا ذٰلِكَ قَالُوْا هِيَ اٰيَةُ الرَّجْمِ فَأَمَرَ بِهِمَا فَرُجِمَا قَرِيْبَ

*'રજમ''વાળી આયત પરથી હટાવ્યો અને કહ્યું, આ શું છે ? જ્યારે યહૂદીઓએ એને જોયી તો કહ્યું, આ*

مِنْ حَيْثُ مَوْضِعُ الْجَنَائِزِ عِنْدَ الْمَسْجِدِ فَرَأَيْتُ صَاحِبَهَا يَحْنِيْ عَلَيْهَا

*''રજમ''વાળી આયત છે. હવે એ બંનેવના બારામાં હુકમ આપ્યો અને તેમને મસ્જિદની પાસે જનાઝાની*

وَيَقِيْهَا الْحِجَارَةَ ؏ـه

*જગાની નજીક સંગસાર કરવામાં આવ્યાં. મેં એ સ્ત્રીના યારને જોયો કે એના પર ઝુકી પડતો*

*અને તેણીને પથ્થરથી બચાવતો.''*

*(બુખારી ૨/૬૫૪, ૧/૧૭૭, અલ્જનાઈઝ, ૧/૫૧૩, ૨/૧૦૯૦, અલ એઅ્તિસામ, ૨/૧૧૨૫, અત્તૌહીદ, મુસ્લિમ, અબૂ દાઊદ, દારમી, મોઅત્તા–સૌમાં હુદૂદ, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૫)*

કેવળ એ છે કે મસ્જિદની પાસે જનાઝાની જગા. એટલા માટે એવું કહેવું પડશે કે આ હદીષને પ્રકરણ સાથે કોઈ સંબંધ નથી. આપણે ત્યાં મસ્જિદમાં નમાઝે જનાઝા પઢવી મના છે, ચાહે જનાઝો મસ્જિદમાં હોય, ચાહે ન હોય. આપણી દલીલ અબૂ દાઊદ (૨/૯૮) તથા ઈબ્ને માજહ (જનાઈઝ–૧૧૦)ની એ હદીષ છે જે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત થયેલી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું :–

**من صلىٰ علىٰ جنازة فى المسجد فلا شئ له و فى ابن ماجه فليس له شئ** ''જેણે મસ્જિદમાં જનાઝા પર નમાઝ પઢી એના માટે કાંઈ નથી.'' એટલે કે એના માટે કોઈ સવાબ નથી. અલ્લામા નવવીએ ફર્માવ્યું, અબૂ દાઊદના સહીહ નુસ્ખામાં **فلا شئ عليه** છે. પણ અલ્લામા ઝય્લઈએ ફર્માવ્યું કે સહીહ નુસ્ખો **فلا شئ له** છે. એનું સમર્થન ઈબ્ને માજહની રિવાયતથી થાય છે જેમાં **فليس له شى** છે. એમાં કિતાબત (લખવા)ની ગલતીની સંભાવના નથી. તેમજ ઈબ્ને અબી શયબામાં **فلاصلوٰة له** છે. આ હદીષના એક રાવી સાલેહ મોલત્તવામા પર એ જરહ (પકડ) કરવામાં આવી છે કે અંતિમ વયમાં યાદશક્તિ કમજોર થઈ જવાના કારણે એમનાથી ભેળસેળ થઈ જતી હતી. પરંતુ આ હદીષને સાલેહથી ઈબ્ને અબી ઝયબે રિવાયત કરી છે, અને તેમણે આ ભેળસેળ થઈ જવાની બીમારી લાગુ થવાથી પહેલાં સાંભળી છે. તફસીલ અલ્જૌહરુન્નક઼ી, ભાગ : ૧, પેજ : ૨૭૮માં છે. એટલા માટે આ હદીષ કમસે કમ હસન જરૂર છે. ઈમામ મુહમ્મદે મુઅત્તામાં એ દલીલ રજૂ કરી કે નબી صلی اللہ علیہ وسلمના જમાનામાં નમાઝે જનાઝા પઢવાની જગા મસ્જિદની બાજુમાં હતી. જો મસ્જિદમાં નમાઝે જનાઝા પઢવામાં કાંઈ વાંધો ન હતો તો મસ્જિદની બહાર નમાઝે જનાઝા માટે જગા બનાવવાની શું જરૂરત હતી ? તેમજ નજાશીની નમાઝે જનાઝા ઈદગાહ જઈને પઢી, જ્યારે કે એમનો જનાઝો મદીના તયબહમાં ન હતો. નબી صلی اللہ علیہ وسلمએ એક બે વાર મસ્જિદમાં નમાઝે જનાઝા પઢી છે એનું કોઈ ખાસ કારણ રહ્યું હશે. શક્ય છે હુઝૂર એ'તેકાફમાં રહ્યા હોય, તબીયત બરાબર ન રહી હોય વગેરે વગેરે.

આ બનાવ શરૂ શરૂનો છે જ્યારે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم મદીના તયબહમાં તશરીફ લઈ ગયા હતા, ત્યારબાદ સૂરએ નૂર નાઝિલ થઈ જેમાં ઝાની તથા ઝાનિયાની સજા સો કોરડા નાઝિલ થઈ, ચાહે તે પરિણત હોય કે અપરિણત. પછી આયતે રજમથી પરણિતના હક઼્માં કોરડાની સજા મન્સૂખ થઈ ગઈ અને રજમ નિશ્ચિત થઈ. પરણિત હોવાના માટે આ શર્તો છે : આઝાદ, આક઼િલ, બાલિગા હોવું અને સહીહ નિકાહ સાથે કોઈ સ્ત્રી સાથે સંભોગ થવું, ભલે એક જ વાર હોય.

وَلَمَّا مَاتَ الْحَسَنُ بْنُ الْحَسَنِ بْنِ عَلِيٍّ ضَرَبَتِ امْرَأَتُهُ الْقُبَّةَ عَلَى قَبْرِهِ سَنَةً

"અને જ્યારે હઝરત હસન બિન હસન હઝરત અલીના પૌત્ર رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن નો **[તઅલીક઼ : ૨૫૧]**

ثُمَّ رَفَعَتْ فَسَمِعُوا صَائِحًا يَقُولُ أَلَا هَلْ وَجَدُوا مَا فَقَدُوا فَأَجَابَهُ

વિસાલ થઈ ગયો તો તેમનાં પત્નીએ તેમની ક઼બ્ર પર કુબ્બો તાણયો જે એક વરસ સુધી રહ્યો પછી ઉઠાવી

آخَرُ بَلْ يَئِسُوا فَانْقَلَبُوا

લીધો. તો લોકોએ સાંભળ્યું કોઈ મોટા અવાજે કહે છે, જે ચીજ એમણે ખોયી હતી તેને મેળવી. તો બીજાએ

જવાબ આપ્યો, નહીં ! બલ્કે નિરાશ થયા અને પાછા ફર્યા." (બુખારી, ૧/૧૭૭)

## તઅલીક઼ : ૨૫૧ની સમજૂતી

ઈમામ હસન મુષન્ના رضی اللہ عنہ એ ઈમામ હસન મુજતબા رضی اللہ عنہ ના સાહબઝાદા છે. કર્બલામાં પોતાના કાકાની સાથે હતા. સ્ત્રીઓ, બાળકોની સાથે ગિરફતાર થયા. અહલે બયતના ઈમામોમાંથી ખાસ વ્યક્તિ છે. હજ્જાજના જુલ્મોથી તંગ આવીને અબ્દુલમલિક બિન મરવાનની પાસે તશરીફ લઈ ગયા. તેણે આપની ખૂબ જ તા'ઝીમ તથા ઈજ્જત કરી અને હજ્જાજના જુલ્મથી બચાવ્યા. એકવાર એક રાફઝીએ તેમને કહ્યું, શું રસૂલુલ્લાહ ﷺ એ આ નથી ફર્માવ્યું : مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ ફર્માવ્યું, જરૂર ફર્માવ્યું છે, જો એનાથી ખિલાફત મુરાદ હોત તો હુઝૂર ﷺ લોકોને ખુત્બો આપતા અને ફર્માવતા, હે લોકો ! મારા પછી આ તમારાં કામોનો વલી અને એ જ તમારા પર ક઼ાયમ થશે, એની વાત સાંભળો અને એનું આજ્ઞાપાલન કરો. **ખુદાની ક઼સમ ! જો અલ્લાહ અને તેના રસૂલે અલીને ખિલાફત માટે પસંદ કર્યા હતા અને અલીએ છોડી આપી તો એ પહેલા તે છે જેમણે અલ્લાહ તથા તેના રસૂલના હુકમને છોડયો !"** તેમનાં વાલિદાનું નામ ખૌલા બિન્તે મન્ઝૂર ફઝારી છે. હિ.સ. ૯૯માં વિસાલ ફર્માવ્યો. એમનાં પત્ની ફાતિમા رضی اللہ عنہا હઝરત ઈમામે હુસૈન શહીદે કર્બલાના સાહબઝાદી છે, એ પણ કર્બલામાં મૌજૂદ હતાં. ઈમામ હસન મુષન્નાના વિસાલ પછી તેમના નિકાહ હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન ઉષ્માન બિન અફ્ફાનથી થયા. જેમનાથી મુહમ્મદ દીબાજ પેદા થયા. આપ ફાતિમા સુગરાથી મશ્હૂર છે. સહીહ એ છે કે એમની મુલાક઼ાત એમનાં દાદી હઝરત સૈયદા ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا સાથે નથી થઈ.

**કુબ્બા** : ગોળ તંબુને કહે છે. અહીં ખાસ વાત એ છે કે હિ.સ. ૯૯માં આ બન્યું. આ જમાનો સહાબાએ કિરામનો છેવટનો હતો અને તાબઈનનો મધ્યમ સમય હતો. વરસ સુધી ઈમામ હસન મુષન્નાના મઝાર પર કુબ્બો રહ્યો પણ કોઈએ મના ન કર્યું, અને ન કોઈ એવી રિવાયત મળે છે કે કોઈ સહાબી કે તાબઈએ એના પર વાંધો ઉઠાવ્યો હોય. એનાથી જાહેર થયું કે **સહીહ હેતુસર મઝારો પર કુબ્બા (ગુંબદ) બનાવવો જાઈઝ છે.** એ જ રીતે અહલે સુન્નત વ જમાઅતનો મઝહબ છે અને એના પર જ સર્વ અહલે સુન્નતનો અમલ છે. لَا يُرْفَعُ عَلَيْهِ بِنَاءٌ થી એની હુર્મત (હરામ હોવા) માટે દલીલ કરવી સહીહ નથી. એટલા માટે કે એનાથી મુરાદ ક઼બ્ર પર એવી ઈમારત બનાવવું છે જેમ કે યહૂદીઓ તથા નસારાઓ સ્તંભ જેવી સમાધિ બનાવે છે. એના પર ક઼રીના (ક઼યાસ) એ છે કે (عَلٰى) (અ઼લા)નો હક઼ીક઼ી અર્થ ઈસ્તિઅ઼લા (ઉચ્ચતા ચાહવું) છે, અને ઉચ્ચતા એ વખતે થશે જ્યારે મૈયતના મઝારની જગા ઉપર ઈમારત બનાવે, અને જો આસપાસ બનાવશે તો ઉચ્ચતા દર્શાવવું ન થશે. તદ્‌ઉપરાંત ઘણા હુકમો જમાનાના બદલાવાથી બદલાઈ જાય છે. જેમ કે ઈર્શાદ છે :

**وَ ابنُوا المَسَاجِدَ وَ اتَّخِذُوهَا جُمًّا** ''મસ્જિદોને મુંડી બનાવો.'' એટલે કે એના પર મીનારા ન બનાવો. પણ તાબઈનના યુગથી જ એનાથી વિરુદ્ધ મસ્જિદોને મીનારા બનવા લાગ્યા હતા. કારણ એ જ બન્યું કે સહાબાના યુગ સુધી દીનની નિશાનીઓની અઝમત દીનની નિશાનીઓ હોવાના કારણે દિલોમાં ભરપૂર હતી તેમજ સામાન્ય મકાનો પણ ખૂબ જ મામૂલી અને સાદાં રહેતાં હતાં. જ્યારે ફતહો થઈ અને દૌલતની અધિક્તા થઈ અને આલીશાન મકાનો બનવા માંડયાં. જેથી હવે જો મસ્જિદ એ જ પ્રમાણે મુંડી અને મામૂલી પ્રકારની રહેતી તો આમ લોકોની નિગાહોમાં એની પ્રતિષ્ઠા (પ્રભાવ) ન રહેતી, ગૈરો હસતા કે મુસલમાનોની ઈબાદતગાહો આવી મામૂલી !! જેથી મસ્જિદોની ઈમારતો આલીશાનથી આલીશાન બનવા માંડી, મીનારા તથા ગુંબદ બનવા લાગ્યા. એનાથી હેતુ દીનની નિશાનીઓની દિલોમાં અઝમત બેસાડવું છે. એ જ પ્રમાણે ભૂતકાળમાં દરેક મુસલમાન મુસલમાનની કૃબ્રની અદબ કરતો હતો અને ઉલમા, સાલેહો (નેક લોકો), મશાઈખની તેમની શાનના પ્રમાણે અઝમત દિલોમાં હતી. પણ હવે જ્યારે કે બાતિની દૃષ્ટિની ઉણપ છે અને જાહેરી શાનો શૌકત જ અઝમતની નિશાની બની ચૂકી છે જેથી ઉલમાએ કિરામે ઉલમા તથા મશાઈખના મઝારો પર ગુંબદ બનાવવાની ઈજાઝત આપી દીધી છે, બલ્કે એને મુસ્તહસન દર્શાવ્યું છે. અલ્લામા ફતનીએ ''મજમએ બિહારુલ અન્વાર''માં અને મુલ્લા અલી કારીએ ફર્માવ્યું, ત્યાં સુધી કે મોલ્વી એઝાઝ અલી મુફતી દારુલ ઉલૂમ દેવબંદે પણ શરહે નકાયા મુલ્લા અલીના હાશિયા (પેજ : ૧૩૯)માં પણ થોડાક ફેરફાર સાથે લખ્યું :–

**قد اباح السلف البناء علىٰ قبر المشائخ والعلماء المشهورين لِيَزُوْرُهم الناسُ ولِيَسْتَرِيْحُوْنَ بِالجلوسِ فيه**

''મશાઈખ તથા મશ્હૂર ઉલમાના મઝારો પર ઈમારતો બનાવવાને ઉલમાએ સલફે (પૂર્વજ ઉલમાએ) જાઈઝ બતાવ્યું છે જેથી લોકો તેમની ઝિયારત કરે અને એમાં બેસવા પર આરામ પામે.''

તેમજ એમાં ઘણા ફાયદાઓ છે. મુલાકાતીઓ ઈત્મિનાનથી તથા દિલ લગાડીને તિલાવત તથા ઝિક્રો અઝકાર કરશે જેનાથી બંનેવને ફાયદા થશે. વરસાદ, તડકો, ઠંડીથી સુરક્ષિત રહેશે. ગુંબદથી લોકો ઓળખી જશે કે આ કોઈ અલ્લાહના મહબૂબ બંદાનો મઝાર છે, જેથી હાજર થશે અને ફયઝ હાંસલ કરશે. એ જ કારણે તમામ પાછલાઓએ એના જાઈઝ હોવાનો ખુલાસો કરેલ છે. ત્યાં સુધી કે અલ્લામા અલાઉદ્દીન હસ્કફીએ દુર્રે મુખ્તાર (૧/૬૦૧)માં ફર્માવ્યું, **ولا يرفع عليه بناء وقيل لا باس به وهو المختار** ''કૃબ્ર પર ઈમારત ન બનાવે. એક કૌલ એ છે કે એમાં કોઈ વાંધો નથી અને એ જ મુખ્તાર (પસંદીદા) છે.''

અને અલ્લામા મુહમ્મદ અમીન બિન આબિદીન શામીએ રદુલ મુહતાર (૧૩૭)માં ફર્માવ્યું, **وفى الاحكام عن جامع الفتاوٰى وقيل لا يكره اذا كان الميت من المشائخ والعلماء والسادات** ''અહકામમાં જામેએ ફતાવાથી છે કે એક કૌલ એ છે કે કૃબ્ર પર ઈમારત બનાવવી મકરૂહ નથી જ્યારે કે મૈયત મશાઈખ તથા ઉલમા અને સાદાતની હોય.''

તહતાવી અલલ મરાકી (પેજ : ૪૭૦)માં દુર્રે મુખ્તારનો કૌલ નકલ કરીને યથાવત રાખ્યો. એ દલીલ છે કે એમનો પણ મુખ્તાર (પસંદીદા મઝહબ) એ જ છે.

**સમજૂતી : ૭૭૯**

યહૂદી તથા નસારા અંબિયાએ કિરામના મઝારાતને જ મસ્જિદ (સજદો કરવાની જગા) બનાવતા અને તેના પર સજદા કરતા, એટલા માટે એમના પર લઅનત ફર્માવી. પરંતુ અબિયાએ કિરામ કે અવલિયાએ કિરામના

وَسَلَّمَ قَالَ فِيْ مَرَضِهِ الَّذِيْ مَاتَ فِيْهِ لَعَنَ اللّٰهُ الْيَهُوْدَ وَالنَّصَارٰى اتَّخَذُوْا

*એ બીમારીમાં જેમાં વિસાલ ફર્માવ્યો ઈર્શાદ ફર્માવ્યો, અલ્લાહ યહૂદીઓ તથા નસારા પર લઅનત ફર્માવે,*

قُبُوْرَ اَنْبِيَاءِ هِمْ مَسَاجِدَ قَالَتْ وَلَوْلَا ذٰلِكَ لَاُبْرِزَ قَبْرُهٗ غَيْرَ اَنِّيْ اَخْشٰى

*એમણે પોતાના અંબિયાની કૂબ્રોને મસ્જિદો બનાવી લીધી. ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું, જો આ વાત ન હોત*

اَنْ يُّتَّخَذَ مَسْجِدًا

*તો હુઝૂરનો મઝાર જાહેર કરી આપતી પણ મને અંદેશો છે કે મસ્જિદ ન બનાવી લેવામાં આવે."*

*(બુખારી ૧/૧૭૭, ૧/૧૮૬, ૨/૬૩૯ મગ઼ાઝી, મુસ્લિમ–મસાજિદ, મુસ્નદે ઈમામ અહમદ, ૭/૮)*

મઝારોની નજીક મસ્જિદ બનાવવી ઈજમાઅથી જાઈઝ છે. અલ્લામા તયબીએ ફર્માવ્યું, "પરંતુ જો કોઈ કોઈક સાલેહ (અલ્લાહના નેક બંદા)ની કૃબ્રની નજીકમાં મસ્જિદ બનાવે એ રીતે કે કૃબ્ર મસ્જિદથી ખારિજ હોય અને હેતુ તેમના કુર્બ (નિકટતા)થી બરકત હાંસલ કરવાનો હોય, અને કૃબ્ર તરફ મોઢું ન હોય તો કોઈ વાંધો નથી, બલ્કે એમાં ફાયદાની ઉમ્મીદ છે. કાશ્મીરી મહાશયે ફયઝુલબારીમાં તેને નક્લ કરીને યથાવત રાખી. એ દલીલ છે કે તે એનાથી સહમત છે.

**لابرز قبره** : હઝરત ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہاએ મઝારે અક્દસ અને પોતાની ક્યામગાહના દરમ્યાન દીવાલ બનાવી લીધી હતી એના વિશે ફર્માવી રહ્યાં છે. વલીદ બિન અબ્દુલ મલિકના યુગમાં જ્યારે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہએ મસ્જિદે નબવીનું નવેસરથી બાંધકામ કર્યું તો હુજરા મુબારકની આસપાસ પાંચ ખૂણાની દીવાલ બનાવીને હુજરા મુબારકને મેહફૂઝ કરી આપ્યો. ઉત્તરી દીવાલને ત્રિકોણ કરી આપી ⬠ આ રીતે જેથી એનો વહેમ પણ ન થઈ શકે કે ઉત્તરી દીવાલ તરફ મોં કરીને નમાઝ પઢવામાં આવી રહી છે.

**કાદયાની દજ્જાલની રદ** : કાદયાની દજ્જાલે આ હદીષથી દલીલ કરી છે કે હઝરત ઈસા علیہ السلامનો વિસાલ થઈ ચૂક્યો છે તેઓને જીવતા આસ્માન પર નથી ઉઠાવવામાં આવ્યા, બલ્કે તેણે એવી તુક્કાબાજી કરી છે કે કાશ્મીરમાં એમનું મઝાર છે. કાશ્મીર શ્રીનરમાં એક મઝાર નૂર આસિફના નામથી મશ્હૂર છે. એ દજ્જાલ કહે છે કે આ શબ્દ મસીહનો મુહર્રફ (ઉલ્ટો) છે અને એ હકીકતમાં હઝરત ઈસા علیہ السلامની કૃબ્ર છે. એ હઝરત ઈસા علیہ السلامની કૃબ્ર એ પ્રમાણે નથી કે જો એમની કૃબ્ર હોત તો બયતુલ મુક્દસની તરફ હોત, ન કે કા'બાની તરફ. તેમજ આ હદીષમાં ખુલાસો છે કે નસારા (ઈસાઈઓ)એ પોતાના અંબિયાની કૃબ્રોને મસ્જિદ બનાવી લીધી, જ્યારે કે આ કૃબ્ર પર કોઈ મસ્જિદ નથી ન એના પર કોઈ સજદો કરે છે, આ દજ્જાલ એ પ્રમાણે બેહકાવે છે કે નસારાના નબી કેવળ હઝરત ઈસા علیہ السلام છે, જો તેમનો વિસાલ નથી થયો તો તેમની કૃબ્રને નસારાએ મસ્જિદ કેવી રીતે બનાવી લીધી ?! એ મરદૂદે એ ન જોયું કે હદીષમાં **قبور انبياء هم** બહુવચન વાચક શબ્દો સાથે છે એનાથી કેવળ હઝરત ઈસા علیہ السلام કઈ રીતે મુરાદ થશે ? વાત એમ છે કે જેવી રીતે આપણે એના માટે બંધાયેલા છીએ કે હુઝૂરે અક્દસ علیہ السلامની સાથોસાથ તમામ પાછલા અંબિયા પર ઈમાન લાવીએ, એ જ પ્રમાણે નસારા પણ એના બંધાયેલા હતા કે હઝરત ઈસા علیہ السلامની સાથોસાથ તમામ અંબિયાએ કિરામ પર ઈમાન લાવે. આ એ'તબારથી હઝરત ઈસા علیہ السلامના સિવાય બીજા અંબિયાએ કિરામને એમના નબી કહેવામાં આવ્યા, નહીં તો (**انبياء هم**) ફર્માવવું દુરુસ્ત ન થાત.

ت ٢٥٢ وَقَالَ حُمَيْدٌ صَلّٰى بِنَا اَنَسٌ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ فَكَبَّرَ ثَلٰثًا ثُمَّ

"અને હુમૈદે કહ્યું, હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ અમને જનાઝાની નમાઝ **[તઅલીક઼ : ૨૫૨]**

سَلَّمَ فَقِيْلَ لَهٗ فَاسْتَقْبَلَ الْقِبْلَةَ ثُمَّ كَبَّرَ الرَّابِعَةَ ثُمَّ سَلَّمَ ـه

પઢાવી અને ત્રણ તકબીરો પર સલામ ફેરવી દીધી. તેમને કહેવામાં આવ્યું તો ફરી કિ઼બ્લા તરફ

મોઢુ કર્યું અને ચોથી તકબીર કહી પછી સલામ ફેરવી." (બુખારી, ૧/૧૭૭)

ت ٢٥٣ عَنْ جَابِرٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ النَّبِىَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

"હઝરત જાબિર رضی اللہ عنہ થી મરવી છે કે નબી ﷺ એ અસ્હમહ નજાશીની **[તઅલીક઼ : ૨૫૩]**

صَلّٰى عَلٰى اَصْحَمَةَ النَّجَاشِىِّ فَكَبَّرَ اَرْبَعًا وَقَالَ يَزِيْدُ بْنُ هَارُوْنَ وَعَبْدُ الصَّمَدِ

જનાઝાની નમાઝ પઢી તો ચાર તકબીરો કહી. યઝીદ બિન હારૂન અને અબ્દુસ્સમદે

عَنْ سَلِيْمٍ اَصْحَمَةَ ـه

સલીમથી રિવાયત કરતાં કહ્યું, અસ્હમહ. (બુખારી ૧/૧૭૮)

ت ٢٥٤ وَقَالَ الْحَسَنُ يَقْرَاُ عَلَى الطِّفْلِ بِفَاتِحَةِ الْكِتَابِ وَيَقُوْلُ اللّٰهُمَّ اجْعَلْهُ

"અને ઈમામ હસન બસરીએ ફર્માવ્યું, બાળકની જનાઝાની નમાઝમાં સૂરએ ફાતિહા **[તઅલીક઼ : ૨૫૪]**

لَنَا فَرَطًا وَّسَلَفًا وَّاَجْرًا ـه

પઢે અને આ દુઆ પઢે : اَللّٰهُمَّ اجْعَلْهُ لَنَا فَرَطًا وَّ سَلَفًا وَّ اَجْرًا (બુખારી, ૧/૧૭૮)

**તઅલીક઼ : ૨૫૨ની સમજૂતી** આ તઅલીક઼ને ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ે મઅમર અન ક઼તાદાના તરીક઼ાથી વર્ણન કરી આ હુમૈદ હુમૈદત્તવીલથી મશ્હૂર છે. તાબઈ હદીષના રાવીઓમાંથી છે. એ જ આપણો મઝહબ પણ છે કે જનાઝામાં ચાર તકબીરો છે. અમુક રિવાયતોમાં જે આવ્યું છે કે હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે જનાઝામાં ત્રણ જ તકબીરો છે. અથવા એમણે જનાઝાની નમાઝ પઢાવી અને એમાં ત્રણ જ તકબીરો કહી. એનાથી મુરાદ તકબીરે તહરીમા સિવાય અન્ય તકબીરો છે જેમ કે વર્ણન થઈ ચૂક્યું કે ફર્માવ્યું, ચોથી તકબીર, તકબીરે ઈફતેતાહ છે.

**તઅલીક઼ : ૨૫૩ની સમજૂતી** હઝરત નજાશીના નામની વિવિધ રિવાયતો આવેલી છે. મુસન્નફે ઈબ્ને અબી શયબામાં યઝીદથી જ મરવી છે, સહમહ હમ્ઝાના હઝફની સાથે ઈસ્માઈલે બયાન કર્યું કે અબ્દુસ્સમદની રિવાયતમાં અસ્ખમહ ખા (خاء) મોઅજ્જમાની સાથે છે. એટલા માટે ઈમામ બુખારીએ મુહમ્મદ બિન સનાનની રિવાયત પછી યઝીદ બિન હારૂન અને અબ્દુસ્સમદની રિવાયત પણ વર્ણન કરી કે આ સહીહ છે, એમનું નામ અસ્હમહ્ હતું. એનો અર્થ અરબીમાં عطِيَّه (અતિય્યહ્) છે.

**તઅલીક઼ : ૨૫૪ની સમજૂતી** આ તઅલીક઼ને ઈમામ અબૂ નસ્ર અબ્દુલ વહ્હાબ બિન ખફ્ફાફે

| حدیث ۷۸۰ | عَنْ طَلْحَةَ بْنِ عَبْدِ اللّٰهِ بْنِ عَوْفٍ قَالَ صَلَّيْتُ خَلْفَ ابْنِ عَبَّاسٍ |
|---|---|

**[હદીષ : ૭૮૦]** ''તલ્હા બિન અબ્દુલ્લાહ બિન ઔફે કહ્યું, મેં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની પાછળ

عَلٰی جَنَازَةٍ فَقَرَأَ بِفَاتِحَةِ الْكِتَابِ وَقَالَ لِتَعْلَمُوا أَنَّهَا سُنَّةٌ ۔ ع ـه

જનાઝાની નમાઝ પઢી તો તેમણે સૂરએ ફાતિહા પઢી અને ફર્માવ્યું, (મેં એટલા માટે પઢી) કે તમે જાણી લો કે આ સુન્નત છે.'' (બુખારી ૧/૧૭૮, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ–જનાઈઝ)

| حدیث ۷۸۱ | عَنْ اَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ |
|---|---|

**[હદીષ : ૭૮૧]** ''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, બંદાને જ્યારે

قَالَ ۔ اَلْعَبْدُ اِذَا وُضِعَ فِيْ قَبْرِهٖ وَتُوُلِّيَ وَذَهَبَ اَصْحَابُهٗ حَتّٰى اِنَّهٗ لَيَسْمَعُ قَرْعَ

તેની કબ્રમાં રાખી દેવામાં આવે છે અને તેના માણસો મોઢું ફેરવીને જવા લાગે છે. હજી એટલા નજીક હોય છે

કિતાબુલ જનાઈઝમાં મુત્તસિલ સનદ સાથે વર્ણન કરેલ છે. فرط (ફરત) અને કહે છે જે કાફલાથી આગળ વધીને મંઝિલ પર જરૂરી સામાન પૂરો પાડે. سلف (સલફ) તેને કહે છે જે પ્રથમ ઘરે પહોંચીને સામાન પૂરો પાડે.

**નમાઝે જનાઝામાં સૂરએ ફાતિહા :** નમાઝે જનાઝામાં સૂરએ ફાતિહાના બારામાં સહાબાએ કિરામનો અમલ વિવિધ છે. હઝરત ઉમર, હઝરત અલી, હઝરત ઈબ્ને ઉમર, હઝરત અબૂ હુરૈરહ્ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ એનાથી ઈન્કાર કરતા હતા. મોઅત્તા ઈમામ માલિક (૯૭)માં છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما નમાઝે જનાઝામાં સૂરએ ફાતિહા પઢતા ન હતા. એ જ આપણો મઝહબ છે કે નમાઝે જનાઝામાં કુર્આન મજીદની કિર્અત વાજિબ નથી. જો દુઆની નિય્યતે પઢી લે તો વાંધો નથી. જે સહાબાએ કિરામથી સૂરએ ફાતિહા પઢવાનુ મરવી છે, તેનો સાર એ જ છે કે તેઓ દુઆ તથા ષનાની નિય્યતથી પઢતા હતા.

**નમાઝે જનાઝાની દુઆઓ :** નમાઝે જનાઝા માટે કોઈ દુઆ નિશ્ચિત નથી. હદીષોમાં પુષ્કળ દુઆઓ આવેલી છે જે ચાહો પઢો એ સૌને આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ **المنة الممتازه**માં એકત્ર કરી છે. જે ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૪, માં છપાઈ ચૂકી છે. એ સર્વ દુઆઓને હઝરત સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہ એ બહારે શરીઅત, ભાગ : ૪માં વર્ણવી આપી છે.

## સમજૂતી : ૭૮૧

**حيات موتى :** આ હદીષ એની દલીલ છે કે મુર્દાને ચાહે તે મો'મિન હોય અથવા કાફિર મૃત્યુબાદ પણ જિંદગી મળે છે જે હયાતે બરઝખી છે. એ દુનિયવી હયાતથી કવી (મજબૂત) હોય છે. જેના કારણે તે કબ્રની બહારની પણ વાતો જુએ છે અને અવાજો સાંભળે છે સમજે છે, આરામ તથા તકલીફ મેહસૂસ કરે છે, દુનિયાની વાતો યાદ રાખે છે, જવાબ આપવાની શક્તિ ધરાવે છે. ફરક એ છે કે મો'મિને સાલેહ (નેક ઈમાનવાળો) આઝાદ હોય છે અને ફાસિક તથા કાફિર કૈદવાળો. એની સંપૂર્ણ તફસીલ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ના રિસાલા મુબારક ''હયાતુલ અમ્વાત''માં જુઓ. મૈયતના સાંભળવા બાબતે આપણો મૌકફ એટલો મજબૂત છે કે વિરોધીઓના ઈમામે વક્ત કાશ્મીરી મહાશયે પણ કહેવું પડયું :–

نعالهم اتاه ملكان فاقعداه فيقولان له ما كنت تقول في هذا الرجل

કે તે તેમના જોડાઓનો અવાજ (પગરવ) સાંભળતો રહે છે એટલામાં તેની પાસે બે ફરિશ્તા આવે છે અને તેને

محمد. فيقول اشهد انه عبد الله ورسوله فيقال انظر الى مقعدك

બેસાડે છે. અને એ બંનેવ તેને પૂછે છે, તું આ મર્દ મુહમ્મદના બારામાં શું કહેતો હતો ? તે કહેશે, હું ગવાહી

من النار ابدلك الله به مقعدا من الجنة قال النبي صلى الله تعالى عليه

આપુ છું કે એ અલ્લાહના બંદા અને તેના રસૂલ છે. એના પર એને કહેવામાં આવશે, જહન્નમમાં તારા

وسلم فيراهما جميعا واما الكافر او المنافق فيقول لا ادري كنت اقول

ઠેકાણાને જો ! અલ્લાહે એના બદલામાં જન્નતમાં તારું ઠેકાણુ બનાવી આપ્યું. નબી ﷺ એ ફર્માવ્યું, તે બંનેને

ما يقول الناس فيقال لا دريت ولا تليت ثم يضرب بمطرقة من حديد

જોશે. પરંતુ કાફિર અથવા મુનાફિક઼, તો તે એવું કહેશે, હું નથી જાણતો ! જેવું લોકો કહેતા હતા હું પણ તે જ

ضربة بين اذنيه فيصيح صيحة يسمعها من يليه الا الثقلين ع

કહેતો હતો. તો એને કહેવામાં આવશે, તેં ન પોતાની બુદ્ધિથી જાણ્યું ન બતાવવાથી માન્યું. ત્યારબાદ લોખંડના હથોડા વડે તેના બંને કાનો વચ્ચે મારવામાં આવશે જેનાથી તે ચીસો પાડશે એટલા જોરથી કે ઈન્સાન તથા જિન સિવાય આસપાસની સર્વ ચીજો સાંભળશે."

(બુખારી ૧/૧૭૮, મુસ્લિમ–સિફ઼તુન્નાર, અબૂ દાઊદ–અસ્સુન્નનહ્, નિસાઈ–જનાઈઝ)

**والاحاديث فی سمع الاموات قد بلغت مبلغ التواتر وفی حديث صححه ابو عمروان احدا اذ اسلم علی الميت فانه يرد عليه ويعرفه انكان يعرفه فی الدنيا (بالمعنٰی) واخرجه ابن كثيرا ايضا وترد دفيه فلا نكارفی غير محله سيما اذ الم ينقل من ائمتنا رحمهم الله تعالٰی فلا بد بالتزام السماع فی الجملة**

"મુડદાંઓના સાંભળવાના બારામાં હદીષો તવાતુરની હદ સુધી પહોંચેલી છે. એક હદીષમાં છે જેને અબૂ અમ્ર એ સહીહ કહી કે જ્યારે મૈયત પર કોઈ સલામ કરે છે તો તે સલામનો જવાબ આપે છે. જો તેને દુનિયામાં ઓળખતો હતો તો ઓળખી લે છે. ઈબ્ને કષીરે પણ એની તખરીજ કરી (એને કાઢી) અને અંદેશો જાહેર કર્યો. મુડદાના સાંભળવાથી ઈન્કારને સ્થાન નથી ખાસ કરીને જ્યારે કે આપણા ઈમામોથી ઈન્કાર નક઼લ થયેલ નથી તો સારાંશ કે સાંભળવાનું લાઝિમ હોવું જરૂરી છે." *(ફયઝુલ બારી, ૨/૪૬૭)*

આ તો સામાન્ય મુડદાંઓના બારામાં છે. પોતાના તબક઼ાના મુર્દાઓના બારામાં તો એટલુ બધુ છે કે જે "તક઼વિયતુલ ઈમાન"ની રૂએ શિર્ક છે ! "અરવાહે ષલાષા" (દેવબંદની કિતાબ)માં છે : "એક કશ્ફવાળા ભાઈ હઝરત હાફિઝ (ઝામિન) સાહબ رحمۃ اللہ علیہના મઝાર પર ફાતેહા પઢવા માટે ગયા. ફાતેહા પછી કહેવા લાગ્યા કે ભાઈ ! આ કોણ બુઝુર્ગ છે ? ઘણા દિલ્લગીબાઝ છે, જ્યારે હું ફાતેહા પઢવા લાગ્યો તો મને કહેવા લાગ્યા કે

જાવ ! ફાતેહા કોઈ મુડદા પર પઢો ! અહીં જીવતા પર ફાતેહા પઢવા આવ્યા છો ?! આ શું વાત છે ? ત્યારે લોકોએ બતાવ્યું કે આ શહીદ છે." *(અરવાહે ષલાષા, પેજ : ૨, ૩, ૪)*

એમાં જ દેવબંદના એક મુદર્રિસ મોલ્વી યાકૂબના બારામાં તેમના પુત્રની ઝબાની આ કહાની લખેલી છે : "એકવાર નાનોતામાં ઝાડા તાવની બીમારી ખૂબ વધી ગઈ. તો જે શખ્સ મૌલાના (યાકૂબ)ની કબ્રથી માટી લઈ જઈને બાંધી લેતો એને આરામ થઈ જતો. તો એટલા અધિક પ્રમાણમાં માટી લઈ ગયા કે જેવો કબ્ર પર માટી નંખાવું કે તરત ખતમ ! કેટલીયેવાર માટી નાખી ચૂક્યો. પરેશાન થઈને એકવાર મેં મૌલાનાની કબ્ર પર જઈને કહ્યું કે આપની તો કરામત થઈ અને અમારા માટે મુસીબત થઈ ગઈ ! યાદ રાખો કે હવે કોઈ સારું થયું તો અમે માટી નાખીશુ નહીં ! એવા જ પડી રહેજો ! લોકો જોડા પહેરીને તમારી ઉપર એવા જ ચાલશે. બસ, તે દિવસ પછી કોઈને આરામ ન થયો. જેવી રીતે ખ્યાતિ થઈ હતી કે સારું થઈ જાય છે એવી જ રીતે ખ્યાતિ થઈ ગઈ કે હવે આરામ નથી થતો. પછી લોકોએ માટીને લઈ જવાનું બંધ કરી આપ્યું. *(અરવાહે ષલાષા, પેજ : ૩૨૨)*
**فَاعْتَبِرُوْا يَاُولِى الْاَبْصَارِ**

**નકીરૈનના સવાલો** : જાહેર હદીષ પરથી એ જ જણાય છે કે મુન્કર નકીર બંનેવ સવાલ કરશે જેથી મુડદા પર ધાક જામે. અને સવાલ જવાબ અરબીમાં જ થશે જેવું કે મિર્કાતમાં હઝરત મુલ્લા અલી કારીએ ફર્માવ્યું, કબ્રમાં જઈને અરબી થઈ જશે ભલે અજમી રહ્યા હોઉ. પણ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ હઝરત સૈયદી અબ્દુલઅઝીઝ દબ્બાગ رحمۃ اللہ علیہથી નકલ ફર્માવ્યું કે સૂર્યાની ભાષામાં થશે. હવે એ કહેવું જરૂરી થશે કે હુઝૂરે અકદસ ﷺના મુખાતબ (સામેવાળા) સૂર્યાની જાણતા ન હતા એટલા માટે એમને અરબી ભાષામાં ફર્માવ્યું.

**لَا دَرَيْتَ وَ لَا تَلَيْتَ** : એટલે કે તને અલ્લાહ ﷻએ અક્કલ આપી હતી એનાથી કામ લઈને તેં ન જાણ્યું કે તારો રબ કોણ છે ? અને આ કોણ છે ? જ્યારે કે અલ્લાહ ﷻની રબૂબિયત અને તેમની રિસાલતની હક્કાનિયતની દલીલો આફતાબથી વધુ રોશન છે. બુદ્ધિ વડે ન જાણ્યું તો ઈસ્લામના મુબલ્લિગો ઉલમા તથા મશાઈખથી સાંભળીને તેમની પયરવી કરવી જોઈતી હતી ! તે પણ તેં ન કર્યું. અથવા એ કે તેં કુર્આન મજીદની તિલાવત (વાંચન) ન કરી જેનાથી તારી સમક્ષ હક્ક જાહેર થઈ જાત.

تَلَيْتَના બારામાં ખિતાબીએ ફર્માવ્યું કે એ સહીહ નથી, اِيْتَلَيْتَ છે. બાબે ઈફતેઆલથી એનો માદો اَلُوٌّ છે. તાકાતના અર્થમાં છે એટલે એની તને શક્તિ ન થઈ. પણ અલ્લામા અયની વગેરે આમ મુહદ્દિષો ફર્માવે છે કે મુહદ્દિષોના માથે ગલત રિવાયત શા માટે સંબંધિત કરવામાં આવે ? આ અસલમાં تَلَوْتَ હતું. دَرَيْتَની સામ્યતાના માટે "વાવ"ને "યા"થી બદલી નાખ્યો. એનું દૃષ્ટાંત **۔عشايا۔غدايا۔مازورات۔ماجورات** છે. હદીષમાં છે : **ارجعن مازورات غير ماجورات۔**.

**الا الثقلين** : ષકલૈનથી મુરાદ જિન તથા ઈન્સાન છે, એટલે કે માણસ તથા જિન સિવાય નજીકની સર્વ ચીજો તેની ચીસો પોકારોને સાંભળશે. દા.ત. ફરિશ્તા, પ્રાણીઓ, એ અલ્લાહનો ફઝ્લ છે કે માણસ તથા જિન એને નથી સાંભળતા, નહીં તો જિંદગી તબાહ થઈ જાત અને પછી ઈમાન, ઈમાન બિલ ગયબ ન રહેત.

حدیث ۷۸۲ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ اُرْسِلَ مَلَكُ الْمَوْتِ اِلٰی

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે **હઝરત મૂસા** علیہ السلام**ની ખિદમતમાં** **[હદીષ : ૭૮૨]**

مُوْسٰی فَلَمَّا جَاءَهٗ صَكَّهٗ فَفَقَأَ عَیْنَهٗ فَرَجَعَ اِلٰی رَبِّهٖ فَقَالَ اَرْسَلْتَنِیْ اِلٰی عَبْدٍ

**મલકુલ મૌત મોકલવામાં આવ્યા તો હઝરત મૂસાએ તેમને એવો તમાચો માર્યો કે એમની**

لَا یُرِیْدُ الْمَوْتَ فَرَدَّ اللّٰهُ عَلَیْهِ عَیْنَهٗ وَقَالَ اِرْجِعْ فَقُلْ لَهٗ یَضَعُ یَدَهٗ عَلٰی

**આંખ ફૂટી ગઈ. તે પોતાના રબની બારગાહમાં પરત આવ્યા અને અર્ઝ કરી કે તેં એવા**

مَتْنِ ثَوْرٍ فَلَهٗ بِكُلِّ مَا غَطَّتْ بِهٖ یَدُهٗ بِكُلِّ شَعْرَةٍ سَنَةٌ قَالَ اَیْ رَبِّ ثُمَّ

**બંદાની પાસે મોકલ્યો હતો જે મૌત નથી ચાહતો.** હવે અલ્લાહે તેમની આંખ ફરી ઠીક કરી આપી

## સમજૂતી : ૭૮૨

**શંકા** : જાહેર છે કે હઝરત મલકુલ મૌત અલ્લાહ جل جلالہ ના હુકમથી હઝરત મૂસા علیہ السلامની ખિદમતમાં રૂહ ખેંચવા માટે આવ્યા હતા. તો પછી હઝરત મૂસા علیہ السلام માટે એ કઈ રીતે જાઈઝ હતુ કે તેમને મારતા અને રૂહ કબ્ઝ કરવા ન દેતા ?! પછી અલ્લાહ عزوجلએ હઝરત મૂસા علیہ السلامથી કોઈ પૂછતાછ ન કરી. એટલા માટે કેટલાક બદ્‌મઝહબ અને જહમિય્યહ આ હદીષની સેહત (સહીહ હોવા)થી ઈન્કાર કરે છે.

**જવાબ** : એ છે કે **અંબિયાએ કિરામ હઝરાતની પવિત્ર રૂહો તેમની ઈજાઝત વિના મલકુલ મૌત કબ્ઝ નથી કરતા. અહીં મલકુલ મૌત માણસના સ્વરૂપમાં આવ્યા અને ઈજાઝત લીધા વિના રૂહ કબ્ઝ કરવા ચાહ્યું. તેમજ અંબિયાએ કિરામ** علیہم السلام**ને ઈખ્તિયાર આપવામાં આવે છે, તેઓ ચાહે તો દુનિયામાં રહે ચાહે તો રફીકે આ'લામાં રહે.** હજી હઝરત મૂસા علیہ السلامને એના બારામાં સવાલ જ થયો ન હતો. એટલા માટે એમને જલાલ આવી ગયો. એમનો જલાલ તો મશહૂર જ છે. જ્યારે ગુસ્સો છવાતો તો કુલાહે મુબારકા (ટોપી) ભડકા મારતી થઈ જતી. માથા મુબારકથી ગજભર ઉપર શોલા નીકળવા લાગતા, શબે મેઅરાજ રબ તબારક વ તઆલાથી તેજ તેજ વાતો કરતા, જ્યારે હુઝૂર صلی اللہ علیہ وسلمએ સાંભળ્યું તો હઝરત જિબ્રઈલે અમીનથી ફર્માવ્યું, આ પ્રમાણે પોતાના રબથી કલામ ફર્માવે છે ?! તો જિબ્રઈલે અમીને અર્ઝ કરી, તેમનો રબ તેમના મિઝાજની ગરમીની (તીવ્રતાને) જાણે છે. તૌરાત લઈને જ્યારે તૂરથી બની ઈસ્રાઈલમાં પરત આવ્યા અને બની ઈસ્રાઈલને ગાય પૂજતા જોયા તો એવો જલાલ આવ્યો કે તૌરાતની તખ્તીઓ છોડી આપી અને હઝરત હારૂનના સરે અકદસના વાળ પકડીને ખેંચવા લાગ્યા અને જ્યારે માફી માટે સિત્તેર વ્યક્તિઓને લઈને બારગાહમાં હાજર થયા અને ધરતીકંપમાં સપડાયા તો અર્ઝ કરી : (سورۃ اعراف ۱۵۵) **اَتُهْلِكُنَا بِمَا فَعَلَ السُّفَهَاءُ مِنَّا اِنْ هِیَ اِلَّا فِتْنَتُكَ** ''શું અમારામાંના અમુક બેવકૂફોએ જે કર્યું છે એના પર અમને હલાક કરીશ ! આ તારી જ આજમાઈશ છે ?!

પછી એની શી શિકાયત કે નબુવ્વતના આદાબની વિરુદ્ધ વર્તન પર મલકુલ મૌતની સાથે એ પ્રમાણે કર્યું. અને હકીકત તો એ છે કે મહબૂબાને બારગાહની સાથે એનો મામલો શો છે એને આપણે શું જાણીએ ? ખાસ વાત એ છે કે જો હઝરત મૂસા علیہ السلامનો મૃત્યુનો સમય આવી ચૂક્યો હતો તો આટલી મોહલત કેવી રીતે મળી ? અને ખૂદ અલ્લાહ عزوجل અંબિયાએ કિરામ علیہم السلام હઝરાતના વિસાલના બારામાં જે સુન્નતે ઈલાહિયા હતી એના

مَاذَا قَالَ ثُمَّ الْمَوْتُ قَالَ فَالْآنَ فَسَأَلَ اللّٰهَ تَعَالٰى اَنْ يُّدْنِيَهٗ مِنَ الْاَرْضِ

અને ફર્માવ્યું જાવ અને તેમને અર્ઝ કરો કે **પોતાનો હાથ બળદની પીઠ પર રાખો. તેમના હાથની**

الْمُقَدَّسَةِ رَمْيَةً بِحَجَرٍ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَلَوْ كُنْتُ

***નીચે જેટલા વાળો આવશે દરેક વાળના બદલામાં એક વરસ જિંદગી મળશે. હઝરત મૂસાએ***

ثَمَّ لَاَرَيْتُكُمْ قَبْرَهٗ اِلٰى جَانِبِ الطَّرِيْقِ عِنْدَ الْكَثِيْبِ الْاَحْمَرِ ع

***અર્ઝ કરી, હે પરવરદિગાર ! પછી એના પછી શું થશે ? ફર્માવ્યું, મૌત ! તો અર્ઝ કરી, એવું***

***છે તો હમણા !*** *અને અલ્લાહ તઆલાથી સવાલ કર્યો કે એક પથ્થર ફેંકવા બરાબર અર્દે મુક઼દ્દસથી*

*એમને નજીક કરી આપે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જો હું ત્યાં હોત તો તેમનો મઝાર રસ્તાના*

*કિનારે લાલ રેતીના ટેકરાની પાસે તમને દેખાડત."*

*(બુખારી ૧/૧૭૮, ૧/૪૮૪, અલ્ અંબિયા, મુસ્લિમ–અલ્ અંબિયા, નિસાઈ–અલજનાઈઝ)*

વિના મલકુલ મૌતને શા માટે મોકલતો ? આ રહસ્યોને તે જ સમજી શકે છે જેને મહબૂબ તથા મોહિબ્બના નાઝો નિયાઝની ચાસણી મળી હોય.

**رمیۃً بحجر** : એમાં બે સંભાવનાઓ છે : એક એ કે જ્યાં હઝરત મૂસા علیہ السلام હતા ત્યાંથી પથ્થર ફેંકવાના અંતર જેટલે અર્ઝે મુક઼દ્દસથી નજીક કરી આપે. બીજુ એ કે મને ત્યાં પહોંચાડી આપે જ્યાંથી અર્દે મુક઼દ્દસ એટલા અંતરે હોય. અહીં એ પ્રશ્ન છે કે અર્દે મુક઼દ્દસમાં જવાનો સવાલ કેમ ન કર્યો ? ઉલમાએ ફર્માવ્યું કે તો એમની ક઼બ્ર માલૂમ થઈ જાત અને યહૂદી એની પૂજા કરવા લાગતા. મારું કહેવું એ છે કે એ વખતે ત્યાં જબ્બારીનનો કબજો હતો, જો ત્યાં કોઈ દફન કરત તો એનો અંદેશો હતો કે બેહુર્મતી કરતા.

**વિસાલ અને મઝાર મુબારક** : હઝરત મૂસા علیہ السلامનો વિસાલ એ જમાનામાં થયો છે જ્યારે બની ઈસ્રાઈલ મેદાને તીહમાં ફસાયેલા હતા. વિસાલ મુબારકની સ્થિતિના બારામાં બે રિવાયતો છે : (૧) આપ જઈ રહ્યા હતા. જોયું કે કેટલાક ફરિશ્તા એક બેહતરીન ક઼બ્ર ખોદી રહ્યા છે. પૂછયું કે કોના માટે ખોદી રહ્યા છો ? ફરિશ્તાઓએ અર્ઝ કરી, શું આપ એમાં દફન થવાનું પસંદ કરો છો ?! ઈર્શાદ ફર્માવ્યો, હા ! ફરિશ્તાઓએ કહ્યું, તો એમાં સૂઈ જાવ અને તમારા રબની તરફ ધ્યાન કરો. હઝરત મૂસા علیہ السلام સૂઈ ગયા અને હલકો શ્વાસ લીધો અને રૂહ પરવાઝ કરી ગઈ. (૨) બીજી રિવાયત એ છે કે હઝરત મલકુલ મૌત જન્નતથી એક સફરજન લાવ્યા એને સૂંઘ્યું અને રૂહ આ'લા ઈલ્લીયીનમાં ચાલી ગઈ.

અલ્લામા મહમૂદ બદરુદ્દીન અયનીએ મઝાર મુબારકના બારામાં સાત કથનો નક઼લ કર્યા છે : (૧) તીહમાં, અને હઝરત હારૂન علیہ السلامનો પણ મઝાર ત્યાં જ છે. આ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماનું કથન છે. (૨) બયતુલ મુક઼દ્દસમાં બાબે લુદ પર. ઈબ્ને જરીર તબ્રીએ કહ્યું, આ જ સહીહ છે. (૩) હાફિઝ અબુલ ક઼ાસિમે તારીખે દમિશ્કમાં લખ્યું છે કે રિવાયત કરવામાં આવી છે કે તેમનો મઝારે પાક દમિશ્ક઼માં મસ્જિદે ક઼દમની નજીક આ઼લિયા ઉ઼વૈલા બે મહેલોના દરમ્યાન છે. એ પણ કહેવામાં આવે છે કે ખ્વાબમાં એ જોવામાં પણ આવેલુ છે. પણ તેમનો પોતાનો ફેંસલો છે કે તીહમાં છે. (૪) બસરા તથા બલક઼ાની વચ્ચે મઆબના મેદાનમાં છે. (૫) દમિશ્કમાં છે. હાફિઝ અબુલ ક઼ાસિમે એને કઅબ અહબારથી નક઼લ કર્યું. (૬) ઈમામ ઈબ્ને હબ્બાને પોતાની

حدیث ۷۸۳ عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰهِ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا قَالَ كَانَ النَّبِیُّ صَلَّی

"હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما એ ફર્માવ્યું, નબી ﷺ ઓહદના શહીદોમાંથી **[હદીષ : ૭૮૩]**

اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ یَجْمَعُ بَیْنَ الرَّجُلَیْنِ مِنْ قَتْلٰی اُحُدٍ فِیْ ثَوْبٍ وَّاحِدٍ

બે બે હઝરાતને એક કપડામાં એકત્ર કરતા. પછી ઈર્શાદ ફર્માવતા, એમનામાં કુર્આન કોને વધારે યાદ છે.

ثُمَّ یَقُوْلُ اَیُّهُمْ اَكْثَرُ اَخْذًا لِّلْقُرْاٰنِ فَاِذَا اُشِیْرَ لَهٗ اِلٰی اَحَدِهِمَا قَدَّمَهٗ فِی اللَّحْدِ

જ્યારે કોઈની તરફ ઈશારો કરવામાં આવતો તો તેને કબ્રમાં પ્રથમ રાખતા. **હું કયામતના દિવસે એમનો**

સહીહમાં વર્ણન કર્યું કે તેમનો મઝારે પાક મદીના તય્યબહ તથા બયતુલ મુકદ્દસ વચ્ચે મદ્યનમાં છે. (૭) ઉરયેહામાં એક કબ્ર છે જે લાલ ટેકરા તથા રસ્તાની નજીક છે, એના બારામાં મશ્હૂર છે કે આ હઝરત મૂસાનું મઝારે પાક છે. અહીં દુઆ કબૂલ થાય છે. રાજેહ (પસંદીદા) એ છે કે હઝરત મૂસા علیہ السلام નો મઝારે પાક તીહમાં છે. એ જ હઝરત ઈબ્ને અબ્બાસ, વહબ બિન મુનબ્બહ તથા આમ ઉલમાનું કથન છે.

સહીહ એ છે કે આ હદીષમાં અર્ઝે મુકદ્દસથી મુરાદ બયતુલ મુકદ્દસ છે જેવું કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ બુખારીના હાશિયામાં ફર્માવ્યું, કયાસ પણ એને જ ચાહે છે એટલા માટે કે બયતુલ મુકદ્દસથી જબ્બારીનને કાઢવા માટે મિસ્રથી ચાલ્યા હતા પણ ઈસ્રાઈલે બુઝદિલી કરી જેના પરિણામે તીહમાં ફસાઈ ગયા અને હઝરત મૂસા علیہ السلام નો વિસાલ થઈ ગયો. તો એ વાત સ્પષ્ટ છે કે દિલમાં બયતુલ મુકદ્દસની તડ્પ રહી હશે તો અંતિમ સમયે એ જ તમન્ના કરી કે નિકટતા (કુર્બત) નસીબ થાય.

આ હદીષથી સાબિત થયું કે **મુતબર્રક સ્થળોએ દફન થવું બેહતર છે, ચાહે તે અંબિયાએ કિરામના મઝાર હોય કે અવલિયાએ એઝામ કે મશાઈખે એઝામના, અથવા કોઈ અન્ય દીની કારણે બરકતવંત હોય, જેથી ત્યાં જે રહમત વરસે છે એનાથી એને પણ હિસ્સો મળે.** સહીહ એ છે કે દફન પછી મૈયતને કબ્રથી કાઢીને બીજી જગાએ તબદીલ કરવું મના છે. આ હદીષથી સાબિત થયું કે **હઝરાતે અંબિયાએ કિરામની શારીરિક શક્તિ પણ રુસુલે મલાઈકા (ફરિશ્તાઓમાં રસૂલો)ની મલકૂતી શક્તિથી વધીને છે. જેનાથી સાબિત થઈ ગયું કે અલ્લાહની બારગાહના મહબૂબ બંદાઓને માનવ શક્તિ બહારની શક્તિ હાંસલ છે.**

**દજ્જાલ કાદયાનીની રદ :** આ દજ્જાલ ઈસા علیہ السلام ની હયાત પર એવો વાંધો ઉઠાવે છે કે આટલી લાંબી ઉમર માણસને મળવી અશક્ય છે. વિચાર કરો ! જો હઝરત મૂસા علیہ السلام દુનિયામાં વધુ રહેવાનું સ્વીકારી લેત તો એમની ઉમર મુબારક કેટલી હોત ? હઝરત મૂસા علیہ السلام નું કદ મુબારક ૪૦ હાથ હતું તો હાથ મુબારક એના હિસાબે કેટલો વિશાળ હશે ? જ્યારે તે બળદની પીઠ પર હાથ મુબારક રાખત તો કેટલા વાળ એની નીચે આવત. કમસે કમ એ જ માની લો કે એમનો હાથ મુબારક સામાન્ય માણસો જેટલો હતો તો પણ કોઈ બળદની પીઠ પર હાથ રાખીને ગણો કે કેટલા વાળ આવે છે. મશ્હૂર છે કે એક સામાન્ય કક્ષાના માણસના માથામાં એક લાખ ચોવીસ હજાર વાળ હોય છે. બળદના વાળ માણસના વાળ કરતાં બારીક હોય છે. ખૂદ હઝરત નૂહ علیہ السلام ની ઉમર મુબારક ૧૫૦ વરસથી વધુ હતી.

**સમજૂતી : ૭૮૩** આ ગઝવામાં ૭૦ શહીદો હતા અને બાકીના મુજાહિદો ક્યાં તો ઝખ્મી હતા અથવા થાકીને ચૂર થઈ ચૂક્યા હતા, અથવા ગમ તથા દુઃખથી નિઢાલ થઈ ચૂક્યા હતા. એટલા માટે અન્સારે કિરામ

وَقَالَ اَنَا شَهِیۡدٌ عَلٰی هٰٓؤُلَآءِ یَوۡمَ الۡقِیٰمَةِ وَاَمَرَ بِدَفۡنِهِمۡ فِیۡ دِمَآئِهِمۡ

ગવાહ છું. અને તેમને લોહી સહિત દફન કરવાનો હુકમ આપ્યો, ન તેમને ગુસ્લ આપવામાં આવ્યું

وَلَمۡ یُغۡسَلُوۡا وَلَمۡ یُصَلِّ عَلَیۡهِمۡ ؏

અને ન એમના પર જનાઝાની નમાઝ પઢવામાં આવી."

(બુખારી ૧/૧૭૯, ૨/૫૮૪, મગાઝી, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ–અલ જનાઈઝ)

حدیث ۷۸۴ عُقۡبَةَ بۡنِ عَامِرٍ اَنَّ رَسُوۡلَ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیۡهِ وَسَلَّمَ

[હદીષ : ૭૮૪] "હઝરત ઉક્બા બિન આમીર رضی اللہ عنہ થી મરવી છે કે નબી ﷺ એક દિવસ તશરીફ

خَرَجَ یَوۡمًا فَصَلّٰی عَلٰی اَهۡلِ اُحُدٍ صَلَاتَهٗ عَلَی الۡمَیِّتِ ثُمَّ انۡصَرَفَ اِلَی الۡمِنۡبَرِ

લઈ ગયા અને ઓહદવાળાઓ પર નમાઝે જનાઝાની જેમ નમાઝ પઢી પછી મિમ્બરની તરફ પાછા આવ્યા

فَقَالَ اِنِّیۡ فَرَطٌ لَّکُمۡ وَاَنَا شَهِیۡدٌ عَلَیۡکُمۡ وَاِنِّیۡ وَاللّٰهِ لَاَنۡظُرُ اِلٰی حَوۡضِیَ الۡاٰنَ وَ

અને ફર્માવ્યું, હું તમારો મીરે સામાન (બાદશાહ) છું અને હું તમારો ગવાહ છું અને હું ખુદાના સોગંદ !

اِنِّیۡ اُعۡطِیۡتُ مَفَاتِیۡحَ خَزَآئِنِ الۡاَرۡضِ اَوۡ مَفَاتِیۡحَ الۡاَرۡضِ وَاِنِّیۡ وَاللّٰهِ مَا

મારા હોઝને અત્યારે જોઈ રહ્યો છું અને મને જમીનના સર્વ ખજાનાઓની સર્વ કુંજીઓ અથવા

اَخَافُ عَلَیۡکُمۡ اَنۡ تُشۡرِکُوۡا بَعۡدِیۡ وَلٰکِنۡ اَخَافُ عَلَیۡکُمۡ اَنۡ تَنَافَسُوۡا فِیۡهَا ؏

જમીનની સર્વ કુંજીઓ આપવામાં આવી છે. અને ખુદાના સોગંદ ! મને એ અંદેશો નથી કે તમે લોકો મારા બાદ શિર્ક કરશો પણ મને એ અંદેશો છે કે એ ખજાનાઓને બીજાઓ કરતાં હાંસલ કરવાની કોશિશ કરશો."

(બુખારી ૧/૧૭૯, અલામતુન્નબુવ્વત, ૧/૫૦૮, ૨/૫૮૫ મગાઝી, ૨/૯૭૫, કિતાબુલ હૌઝ, મુસ્લિમ–ફઝાઈલુન્નબી ﷺ, અબૂ દાઊદ–જનાઈઝ, નિસાઈ–જનાઈઝ)

ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી, અમને ઝખ્મ તથા તકલીફ પહોંચી છે. ઈર્શાદ ફર્માવ્યો, કબ્ર ખોદો અને પહોળી બનાવો, બે અથવા ત્રણ એક કબ્રમાં રાખો. એના પર અમલ થયો. **જરૂરતના પ્રસંગે આજે પણ એ જાઈઝ છે. અલ્બત્ત બે મૈયતોની વચ્ચે થોડીક માટી રાખી દેવી જોઈએ. એ જ પ્રમાણે જ્યારે કફનના માટે કપડાં ન હોય તો કેટલાક મુડદાંને એક જ કફનમાં લપેટીને દફન કરી શકાય છે.**

### સમજૂતી : ૭૮૪

અલ્લામા અયનીએ ફર્માવ્યું, **આ હદીષ અમારી દલીલ છે કે શહીદોની પણ જનાઝાની નમાઝો છે. આપણે ત્યાં (હનફીઓમાં) જ્યાં સુધી એ ગુમાન અધિક્તર ન થઈ જાય કે મૈયત ફાટી ગઈ હશે ત્યાં સુધી નમાઝે જનાઝા પઢી શકાય છે અને ઓહદના શહીદોના શરીરો જેમનાં તેમ યથાવત હતાં**

**એટલા માટે એટલી લાંબી મુદ્દત પછી પણ નમાઝ પઢવી દુરુસ્ત હતી. એ નમાઝ વિસાલથી થોડાક દિવસો અગાઉ પઢી હતી, સાત વરસ પાંચ મહિના પછી. હું કહું છું :** પણ આ હદીષથી દલીલ પુરવાર કરવું એ વખતે સહીહ થશે જ્યારે કે એ સ્વીકારી લેવામાં આવે કે ઓહદના શહીદો પર દફન વખતે નમાઝે જનાઝા પઢવામાં આવી ન હતી. એટલા માટે કે નમાઝે જનાઝાની તકરાર (વારંવાર પઢવું) આપણે ત્યાં જાઈઝ નથી. એના નિવારણ માટે કહેવું પડશે કે આ હુઝૂરે અક઼દસ ﷺનો ઓહદના શહીદો પર ખાસ કરમ હતો. પછી એનાથી દલીલ કરવું દુરુસ્ત થશે નહીં. સહીહ દલીલ કરવું એ જ છે જે ઈમામ તહાવી તથા ખૂદ અલ્લામા અયનીએ ફર્માવ્યું છે કે અન્ય વિવિધ હદીષોથી સાબિત છે કે **હુઝૂરે અક઼દસ ﷺએ ઓહદના શહીદોની નમાઝે જનાઝા પઢી હતી.** જેમ કે ખૂદ અલ્લામા અયનીએ એના અનુસંધાનમાં ત્રણ હદીષો વર્ણવી છે. એક હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસની, બીજી હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબેરની, ત્રીજી અબૂ માલિક ગિફારી رضوان الله تعالى عليهم اجمعين ની. ઈબ્ને માજહ, તહાવી, બઝ્ઝાર, મુસ્તદરક લિલ હાકિમ, મોઅજમે તિબ્રાની, બયહક઼ીમાં. ઈબ્ને હિશામે પોતાની સીરતમાં. દારકુત્નીએ અબૂ દાઊદે મરાસીલમાં એની તખરીજ કરી છે કે **સાત સાત કે દસ દસ શહીદો લાવવામાં આવતા અને હુઝૂર એમના પર નમાઝ પઢતા.** અને હઝરત હમ્ઝા શરૂથી છેવટ સુધી એ જ પ્રમાણે રાખેલા રહ્યા. એટલે કે અન્ય સહાબીઓ પર એકવાર નમાઝ પઢી અને હઝરત હમ્ઝા પર સાતવાર કે દસવાર પઢી. કારણ કે અસલ એ જ છે કે દરેક મુસલમાનની નમાઝે જનાઝા ફર્ઝે કિફાયહ છે, જ્યાં સુધી કોઈ દલીલથી કોઈ પ્રકાર (જાતિ)ના માટે સુકૂત (ફર્ઝ હટવાનો) હુકમ ન હોય. અસલના એ'તબારથી બાકી રહેશે. અને શહીદોથી નમાઝે જનાઝા સાક઼િત થવાની કોઈ દલીલ નથી એટલા માટે એ બાકી રહેશે. તદ્ઉપરાંત ખૂદ હઝરત જાબિરથી પણ એક રિવાયત આવી છે કે શોહદાએ ઓહદની નમાઝે જનાઝા હુઝૂરે પઢી, જેમ કે અકલીલમાં ઈબ્ને અક઼ીલથી રિવાયત છે. *(ઉમ્દતુલ ક઼ારી, ૮/૧૫૫)* બુખારીની હઝરત જાબિરવાળી હદીષમાં છે કે એમની જનાઝાની નમાઝ નથી પઢી. એ સંભાવના છે કે એમના ઈલ્મમાં એ વાત ન આવી હોય જ્યારે તે પોતાના વાલિદને મદીના લઈ જવા માટે સરો સામાન કરવા માટે શહેરમાં ચાલ્યા ગયા હોય અને એ દરમ્યાનમાં નમાઝ પઢી હોય, અને એ વાત એમના ઈલ્મમાં ન આવી શકી.

**શિબ્લી મહાશયની પકડ :** શિબ્લી મહાશયે સીરતુન્નબી, ભાગ : ૧માં લખ્યું છે : "એ શહીદો પર નમાઝે જનાઝા એ વખતે નથી પઢવામાં આવી." (૧/૩૮૫) પછી બીજા ભાગમાં છે : ગઝવએ ઓહદના બયાનમાં વર્ણન થઈ ચૂક્યું કે, "ઓહદના શહીદોની જનાઝાની નમાઝ નથી પઢવામાં આવી." (૨/૧૭૧) એના પર ખૂદ એમના શાગિર્દ સુલેમાન નદવીએ ભાગ–૧ના હાશિયામાં ચેતવણી કરી આપી છે એટલે અમારે અહીં કાંઈ લખવાની જરૂરત નથી.

**તઅલીક઼ : ૨૫૫ની સમજૂતી** હઝરત જાબિરના પિતા હઝરત અબ્દુલ્લાહની સાથે હઝરત અમ્ર બિન જમૂહ બિન ઝયદ બિન હરામ رضي الله عنه દફન થયેલા હતા. એ હઝરત જાબિરના કાકા ઝયદના સાહબઝાદા હતા, કાકા ન હતા. એમને એમની તા'ઝીમ તથા માન ખાતર કાકા કહી આપ્યા. જેમ કે અરબવાસીઓની આદત હતી કે તેઓ માન ખાતર દરેક પોતાનાથી મોટાને કાકા કહી આપતા હતા. ઈમામ વાક઼િદી અને તેમના શાગિર્દ ઈબ્ને સઅદે ફર્માવ્યું કે એ બંનેવ બે કપડામાં કફનાવવામાં આવ્યા હતા. હવે વર્ગીકરણ એ છે કે એ કમ્બલને ફાડીને બંનેને કફન આપવામાં આવ્યું.

حدیث ۷۸۵ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું, અલ્લાહે **[હદીષ : ૭૮૫]**

وَسَلَّمَ قَالَ حَرَّمَ اللّٰہُ مَکَّۃَ فَلَمْ تَحِلَّ لِاَحَدٍ قَبْلِیْ وَلَا تَحِلُّ لِاَحَدٍ بَعْدِیْ اُحِلَّتْ

મક્કાને હરામ બનાવ્યું. મારા પહેલાં કોઈના માટે હલાલ ન થયું. અને મારા પછી કોઈના માટે હલાલ થશે

لِیْ سَاعَۃً مِّنْ نَّھَارٍ لَا یُخْتَلٰی خَلَاھَا وَلَا یُعْضَدُ شَجَرُھَا وَلَا یُنَفَّرُ صَیْدُھَا وَلَا

નહીં. મારા માટે થોડીવારના માટે હલાલ કરવામાં આવ્યું. એની ઘાસ ન સાફ કરવામાં આવે, તેનું ઝાડ ન

تُلْتَقَطُ لُقَطَتُھَا اِلَّا لِمُعَرِّفٍ فَقَالَ الْعَبَّاسُ اِلَّا الْاِذْخِرَ لِصَاغَتِنَا وَقُبُوْرِنَا فَقَالَ

કાપવામાં આવે, તેનો શિકાર ન ભડકાવવામાં આવે, તેમાં પડેલી ચીજ ન ઉઠાવવામાં આવે પણ જાહેરાત

اِلَّا الْاِذْخِرَ وَقَالَ اَبُوْ ھُرَیْرَۃَ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ لِقُبُوْرِنَا

કરનાર. એના પર અબ્બાસે કહ્યું, સિવાય ઈઝખિરના, એ અમારા સોનીઓ અને અમારી કબ્રોના માટે છે. તો

وَبُیُوْتِنَا وَقَالَ مُجَاھِدٌ عَنْ طَاؤُسٍ عَنِ ابْنِ عَبَّاسٍ لِقَیْنِھِمْ وَبُیُوْتِھِمْ ع

ફર્માવ્યું, સિવાય ઈઝખિરના. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે હઝરત અબ્બાસે કહ્યું હતું કે તે અમારી

કબ્રો અને અમારાં ઘરોના માટે છે. અને મુજાહિદે તાઊસથી રિવાયત કરતાં ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી કે

હઝરત અબ્બાસે કહ્યું હતું કે તે અમારા લોહાર અને અમારા ઘરોના માટે છે."

(બુખારી ૧/૧૮૦, અલ્ હજ્જ ૧/૨૧૬, અલ્જેહાદ ૧/૪૫૨, ૧/૨૮૦, અલ્ બુયૂઅ, ૧/૩૨૮ અલ લુકતહ્, અલ મગાઝી, અલ્ફત્હ બાબ ૬૧૭, મુસ્લિમ–અલ હજ્જ, અબૂ દાઊદ–મનાસિક, નિસાઈ–મનાસિક, મુસ્નદે ઈમામ અહમદ, ૧/૨૫૩)

## સમજૂતી : ૭૮૫

આ ખુત્બો ફતહે મક્કાના પ્રસંગે આપ્યો. મગાઝીની રિવાયતમાં એની સ્પષ્ટતા છે. ત્યાં એ પણ છે કે અલ્લાહ جل جلالہ એ જે દિવસે આસ્માન તથા જમીન પેદા કર્યું એ દિવસે મક્કાને હરમ બનાવ્યું.

**اِلَّا لِمُعَرِّفٍ** : એટલે કે હરમમાં કોઈ પડેલી ચીજ મળે તો એને તે જ ઉઠાવે જે એની જાહેરાત કરે જેથી જેની હોય તે લઈ જાય. બીજી રિવાયતોમાં لمنشد છે. انشادનો અર્થ અવાજ મોટો કરવો છે. એનો અર્થ પણ એ જ છે. **ક્યાંક કોઈ પડેલી ચીજ મળે તો તેને તે જ ઉઠાવે જે એની સાલભર સુધી જાહેરાત કરે. વરસ પૂરું થતાં પણ પતો ન લાગે તો સદકો કરી આપે.** આ હુકમ દરેક જગા માટેનો છે. હુઝૂરે અકદસ ﷺ એ મક્કાના માટે ખાસ એટલા માટે આવું ફર્માવ્યું કે ત્યાં એની શકયતા ખૂબ જ અધિક છે કે પડેલી ચીજો રહી જાય. લગભગ એ વખતે આ આદત રહી હશે કે લોકો એને ઉઠાવીને રાખી લેતા હોય. એટલા માટે એને પણ ખાસ કરીને વર્ણન કર્યું.

حديث ٧٨٦ قَالَ عَمْرٌو سَمِعْتُ جَابِرَ بْنَ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ أَتٰى

"અમ્ર બિન દીનારે કહ્યું, મેં હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما થી સાંભળ્યું કે **[હદીષ : ૭૮૬]**

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَبْدَ اللّٰهِ بْنَ أُبَيٍّ بَعْدَ مَا أُدْخِلَ حُفْرَتَهٗ

તેમણે ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم અબ્દુલ્લાહ ઈબ્ને ઉબયની પાસે તશરીફ લાવ્યા. જ્યારે તે પોતાના

فَأَمَرَ بِهٖ فَأُخْرِجَ فَوَضَعَهٗ عَلٰى رُكْبَتَيْهِ وَنَفَثَ فِيْهِ مِنْ رِيْقِهٖ وَأَلْبَسَهٗ قَمِيْصَهٗ

ખાડામાં નાખવામાં આવી ચૂક્યો હતો તો હુકમ આપ્યો, તેને કાઢવામાં આવ્યો. તેને પોતાના ગુથણો પર

فَاللّٰهُ أَعْلَمُ وَكَانَ كَسَا عَبَّاسًا قَمِيْصًا. وَقَالَ سُفْيَانُ وَقَالَ أَبُوْ هَارُوْنَ وَكَانَ

રાખ્યો અને એના પર પોતાનુ લુઆબે દહન (થૂક મુબારક) નાખ્યું, અને એને પોતાનો કુર્તો પહેરાવ્યો.

عَلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَمِيْصَانِ فَقَالَ لَهُ ابْنُ عَبْدِ اللّٰهِ

અલ્લાહ સારી રીતે જાણે છે અને એણે હઝરત અબ્બાસને કુર્તો પહેરાવ્યો હતો અને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ બે

يَا رَسُوْلَ اللّٰهِ أَلْبِسْ أَبِيْ قَمِيْصَكَ الَّذِيْ يَلِيْ جِلْدَكَ قَالَ سُفْيَانُ فَيُرَوْنَ أَنَّ النَّبِيَّ صَلَّى

કુર્તા પહેરેલા હતા. અબ્દુલ્લાહ ઈબ્ને ઉબયના ફરઝંદે હુઝૂરથી અર્ઝ કરી કે મારા બાપને એ કુર્તો પહેરાવ્યો

**لصاغتنا** : (صائغ)-(صاغة)નું બહુવચન છે. સનાર سنار અમુક રિવાયતોમાં (لقيننا) છે. એટલે અમારા લોહારના માટે. અમુક રિવાયતોમાં (لسقف بيوتنا) છે એટલે અમારા ઘરોની છતના માટે છે. હઝરત અબ્બાસનો હેતુ એ હતો કે ઈઝખિર અમારી ભઠ્ઠીઓ, અમારાં મકાનોની છતો અને કબ્રોમાં કામ આવે છે. જો એને કાપવું મના રહેશે તો મક્કાવાસીઓને ખૂબ જ મુશ્કેલી પડશે, એટલા માટે એને અપવાદ કરી આપો. આ હદીષ એની દલીલ છે કે **હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم ને એ અધિકાર છે કે જે ચીજને ચાહે હલાલ કરી આપે, જે ચીજને ચાહે હરામ કરી આપે, અને જે હુકમમાં ચાહે ફેરફાર કરી આપે.** વિગતવાર જાણકારી માટે મુનબ્બિ લબીબનો અભ્યાસ કરશો. આ હદીષ આપણી દલીલ છે કે **મક્કા મોઅઝ્ઝમા જંગના થકી ફતહ થયું.** હરમમાં જે ઝાડ તથા ઘાસ આપોઆપ ઉગતાં હોય એને કાપવું તથા ઉખાડવું જાઈઝ નથી. આપણે ત્યાં (હરમમાં) જાનવરોને ચરાવવું પણ જાઈઝ નથી. કાપવા ઉખેડવા તથા ચરાવવા પર તેની કિંમત વાજિબ છે. અને જે ઝાડો લગાડવામાં આવે અને જે લીલોતરીઓ રોપવામાં આવે તે અપવાદ છે.

**قال ابو هريره** : આ હદીષમાં કેવળ **لصاغتنا و قبورنا** હતું, પરિપૂર્ણતા માટે ઈમામ બુખારીએ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ તથા હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની હદીષ મુજાહિદના તરીકાથી અન તાઊસને તઅલીકન વર્ણન કરી. પહેલામાં **لبيوتنا** વધારે છે અને બીજીમાં **لصاغتنا**ની જગાએ **لقينهم** છે.

**સમજૂતી : ૭૮૬**

આ હદીષની વિગતવાર ચર્ચા હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما ની હદીષના હેઠળ થઈ ચૂકી છે.

اللہ تعالیٰ علیہ وسلم البس عبد اللہ قمیصہ مکافاۃ لما صنع۔ ع

જે હુઝૂરના શરીરથી લાગેલો છે. સુફયાને કહ્યું, લોકોનું ગુમાન એ છે કે નબી ﷺએ અબ્દુલ્લાહને પોતાનો

કુર્તો એના બદલામાં પહેરાવ્યો હતો જે એણે હઝરત અબ્બાસ رضی اللہ عنہની સાથે કર્યું હતું.''

(બુખારી ૧/૧૮૦, ૧/૧૬૯, ૧/૪૨૨, અલ્ જિહાદ, ૨/૮૬૨, લિબાસ, મુસ્લિમ–તૌબા, નિસાઈ–જનાઈઝ)

حدیث ۷۸۷ عن جابر رضی اللہ تعالیٰ عنہ قال لما حضر احد دعانی ابی من

''હઝરત જાબિર رضی اللہ عنہએ ફર્માવ્યું, જ્યારે ઓહદનો દિવસ આવ્યો તો મને મારા **[હદીષ : ૭૮૭]**

اللیل فقال ما ارانی الا مقتولا فی اول من یقتل من اصحاب النبی صلی

પિતાએ રાતમાં બોલાવ્યો અને ફર્માવ્યું, મારું અધિક્તર ગુમાન છે કે હું સહાબાએ કિરામમાં સૌથી પ્રથમ

اللہ تعالیٰ علیہ وسلم وانی لا اترک بعدی اعز علی منک غیر نفس رسول

કત્લ કરવામાં આવીશ અને હું રસૂલુલ્લાહ ﷺના સિવાય તમારાથી અધિક પ્યારો કોઈને નથી છોડી રહ્યો.

اللہ صلی اللہ تعالیٰ علیہ وسلم وان علی دینا فاقض واستوص باخواتک

અને મારા પર કરજ છે એને અદા કરી આપજે અને તારી બહેનોની સાથે સારો વર્તાવ કરજે. સવાર થઈ તો

خیرا فاصبحنا فکان اول قتیل ودفنت معہ آخر فی قبرہ ثم لم تطب نفسی

સૌ પ્રથમ એ જ શહીદ થયા અને મેં તેમની સાથે એક અન્ય સાહબને દફન કરી આપ્યા હતા પછી મને

ان اترکہ مع آخر فاستخرجتہ بعد ستۃ اشہر فاذا ہو کیوم وضعتہ ہنیۃ غیر اذنہ

માન્ય ન થયું કે તેમની સાથે બીજાને રહેવા દઉં. તો મેં છ મહિના બાદ કાઢયા તો તે એવા જ હતા

જેવા કે મેં દફન કર્યા હતા સિવાય કાનના.'' (બુખારી ૧/૧૮૦, અબૂ દાઊદ : થોડાક ફેર સાથે.)

## સમજૂતી : ૭૮૭

એની સાથે વાળી રિવાયતમાં છે : મેં મારા પિતાને અલગ કબ્રમાં કરી આપ્યા. હઝરત જાબિરના પિતાને એ ગુમાન એ બિના પર હતું કે તેમણે ખ્વાબમાં મુબશ્શિર બિન અબ્દુલ્લાહ મુન્ઝરને જોયા. એ બદરમાં શહીદ થયા હતા કે તે કહી રહ્યા છે : તમે આ જ દિવસોમાં અમારી પાસે આવનારા છો. તેમણે રસૂલુલ્લાહ ﷺને ખ્વાબ વર્ણવ્યો તો ફર્માવ્યું, આ શહાદત છે. વર્ણન થઈ ચૂક્યું કે એ બીજી વ્યક્તિ હઝરત અમ્ર બિન જમૂહ બિન ઝયદ બિન હરામ હઝરત જાબિરના કાકાના પુત્ર હતા. એ હઝરત જાબિરના પિતા હઝરત અબ્દુલ્લાહના દોસ્ત પણ હતા અને એમના બનેવી પણ હતા. એ બંનેવને એક કબ્રમાં દફન કરવાનો હુકમ ખૂદ હુઝૂરે અકદસ ﷺએ આપ્યો હતો. છ મહિના પછી શહીદોના શરીરોનું જેમ હતાં તેમ યથાવત રહેવું ઈસ્લામની હક્કાનિયતની કતઈ દલીલ છે.

وَقَالَ الْحَسَنُ وَشُرَيْحٌ وَإِبْرَاهِيمُ وَقَتَادَةُ إِذَا أَسْلَمَ أَحَدُهُمَا فَالْوَلَدُ مَعَ الْمُسْلِمِ ت ۲۵۶

*"અને હસન બસરી તથા શરીહ અને ઈબ્રાહીમ નખઈ અને કતાદાએ કહ્યું,* **[તઅલીક઼ : ૨૫૬]**

*મા બાપમાંથી એક મુસલમાન થઈ જાય તો નાબાલિગ બાળક મુસલમાનની સાથે છે." (બુખારી, ૧/૧૮૦)*

وَقَالَ الْاِسْلَامُ يَعْلُوْ وَلَا يُعْلٰى۔ ع ت ۲۵۷

*"ઈસ્લામ આપોઆપ બુલંદ થાય છે એને બુલંદ નથી કરવામાં આવતો."* **[તઅલીક઼ : ૨૫૭]**

*(બુખારી, ૧/૧૮૦)*

મદીના તય્યબહનો તમામ ઈતિહાસ વફાઉલ વફા, જઝબુલ કુલૂબ વગેરે તેમજ હદીષ તથા સિયરની કિતાબોમાં વર્ણન થયેલ છે કે **જ્યારે હઝરત મુઆવિયહ્એ મદીનાપાકમાં પાણી લાવવા માટે નહેર કાઢી અને એના માટે ખોદકામ થયું તો હઝરત જાબિરના પિતાની કબ્ર ખુલી ગઈ તો એ વખતે પણ તરોતાઝા હતા. હાથના એક ઝખ્મ પર હાથ રાખેલ સ્થિતિમાં હતા. જ્યારે ઝખ્મથી હાથ હટાવવામાં આવ્યો તો લોહી વહેવા લાગ્યું ! ફરી જ્યારે હાથ ઝખ્મ પર રાખી દેવામાં આવ્યો તો લોહી નીકળવું બંધ થઈ ગયું. એમના કફન અને પગો પર જે ઘાસ નાખવામાં આવી હતી તે યથાવત હતી. ખોદતી વખતે પાવડો હઝરત હમ્ઝાના પગો પર વાગ્યો તો એનાથી લોહી વહી નીકળ્યું. એ જ પ્રમાણે અન્ય સહાબા પણ તરોતાઝા હતા, આ ૪૦ વરસ પછીનો બનાવ છે. ફરી છ વરસ પછી પુરથી કબ્રો ખુલી તો પણ શહીદો તરોતાઝા હતા.**

## તઅલીક઼ : ૨૫૬ની સમજૂતી

ઈમામ હસન બસરી અને કાઝી શુરૈહના અષરને બયહકીએ અને હઝરત ઈબ્રાહીમ નખઈ તથા હઝરત કતાદાના અષરને ઈમામ અબ્દુર્રઝ્ઝાકે પોતાના મુસન્નફમાં મૌસૂલન રિવાયત કરેલ છે. અહીં પ્રકરણનાં બે ભાગો છે : "નાબાલિગ બાળક મુસલમાન થઈ જાય અને મૃત્યુ પામે તો શું એના જનાઝાની નમાઝ પઢવામાં આવે ?" બીજો ભાગ એ છે કે, "અને શું નાબાલિગ બાળક સમક્ષ ઈસ્લામ રજૂ કરવામાં આવશે ?" કાફિરનું બાળક જો સમજદાર છે અને તે ઈસ્લામ સ્વીકારે તો તેનો ઈસ્લામ વિશ્વાસપાત્ર છે. એવી સ્થિતિમાં જો મૃત્યુ પામે તો તેના જનાઝાની નમાઝ પઢવામાં આવશે. એ જ પ્રમાણે માબાપમાંથી કોઈ મુસલમાન થઈ ગયું હોય તો એ બાળકની પણ જનાઝાની નમાઝ છે, ભલે તે નાસમજ છે. હવે આ તઅલીક઼નું પ્રકરણના પ્રથમ ભાગ સાથે મળતાપણુ થઈ ગયું. અને બીજા ભાગ સાથે એ રીતે મળતાપણુ છે કે જ્યારે માબાપમાંથી કોઈ એક મુસલમાન હોવાથી બાળક મુસલમાન છે તો એના પર ઈસ્લામ પેશ કરવાની જરૂરત નથી.

## તઅલીક઼ : ૨૫૭ની સમજૂતી

આ હુઝૂરે અકદસ ﷺનો ઈર્શાદ છે જેને દારકુત્નીએ હઝરત આઈઝ બિન અમ્ર મુઝની رضی اللہ عنہથી રિવાયત કરી છે. એક રિવાયત (ફત્હુલબારી, ૩/૧૭૫)માં છે કે જ્યારે હઝરત આઈઝ બિન અમ્ર અને હઝરત અબૂ સુફયાન رضی اللہ عنہما ઈસ્લામ કબૂલ કરવા માટે હાજર થયા તો સહાબાએ ખુશ થઈને કહ્યું, આ આઈઝ બિન અમ્ર તથા અબૂ સુફયાન ?! તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **આ આઈઝ બિન અમ્ર તથા અબૂ સુફયાન છે, ઈસ્લામ એમના કરતાં પણ અધિક ઈજ્જતદાર છે, ઈસ્લામ બુલંદ હોય છે, બુલંદ નથી કરવામાં આવતો.** અલ્લામા ઈબ્ને હજર (ઉપર મુજબ)એ ફર્માવ્યું કે વાવે આતિફાથી જાહેર છે કે આ હઝરત ઈબ્ને

حدیث ۷۸۸ أَخْبَرَنِي سَالِمُ بْنُ عَبْدِ اللهِ أَنَّ ابْنَ عُمَرَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا أَخْبَرَهُ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ખબર આપી કે હઝરત ઉમર رضی اللہ عنہ નબી صلی اللہ علیہ وسلم ની **[હદીષ : ૭૮૮]**

أَنَّ عُمَرَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ انْطَلَقَ مَعَ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ فِي رَهْطٍ

સાથે એક જમાઅતની સાથે ઈબ્ને સૈયાદની તરફ ચાલ્યા ત્યાં સુધી કે બની મુગાલાની ટેકરીઓ પાસે ઈબ્ને

قِبَلَ ابْنِ صَيَّادٍ حَتَّى وَجَدَهُ يَلْعَبُ مَعَ الصِّبْيَانِ عِنْدَ أُطُمِ بَنِي مُغَالَةَ وَقَدْ

સૈયાદને બાળકો સાથે રમતો જોયો અને ઈબ્ને સૈયાદ બાલિગ થવાની નજીક હતા. તેને ખબર ન થઈ ત્યાં

قَارَبَ ابْنُ صَيَّادٍ الْحُلُمَ فَلَمْ يَشْعُرْ حَتَّى ضَرَبَ النَّبِيُّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ

સુધી કે નબી صلی اللہ علیہ وسلم એ તેના પર હાથ રાખ્યો. પછી ઈબ્ને સૈયાદથી ફર્માવ્યું, શું તું એ ગવાહી આપે છે કે હું

અબ્બાસનો કૌલ છે. ઈબ્ને હઝમના મુહલ્લામાં છે કે હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું **યહૂદી અથવા નસ્રાની સ્ત્રી મુસલમાન થાય તો તેમના પતિઓ અને તેણીઓ વચ્ચે જુદાઈ કરી દેવામાં આવશે એટલા માટે કે ઈસ્લામ બુલંદ રહે છે, એના પર કોઈ ચીજ બુલંદ નથી હોતી.** આ તઅલીકને પ્રકરણથી કેવળ એટલી સામ્યતા છે કે નાબાલિગ બાળક માબાપમાંથી કોઈ એકના મુસલમાન થવાથી મુસલમાન થઈ ગયું, એમાં એના ઈરાદા તથા અધિકારને કોઈ દખલ નથી, એ ઈસ્લામના જાતે પોતે બુલંદ હોવાથી દલીલ છે કે એના પર ખૂદબખૂદ ઈરાદા વિના છવાઈ ગયો."

## સમજૂતી : ૭૮૮

ઈબ્ને સૈયાદ : યહૂદીઓમાં અથવા યહૂદીઓના હલીફ (સાથી) બની નજ્જારમાં સૈયાદ નામના એક શખ્સને ત્યાં બાળ જન્મ થયો જેનું નામ સાફી અથવા અબ્દુલ્લાહ હતું. એમાં કેટલીક વિચિત્ર પ્રકારની વાતો હતી. દા.ત. તે પેદા થયો તો એ પ્રમાણે રડયો કે જાણે એક મહિનાનો બાળક રડે છે. ભવિષ્યની વાતો બતાવતો જેમાંથી અમુક કદી કદી સાચી ઠરતી. મુસ્નદે ઈમામ અહમદમાં હઝરત જાબિર رضی اللہ عنہ થી મરવી છે કે એક યહૂદી સ્ત્રીને એક બાળક પેદા થયું જેની એક આંખ ગાયબ હતી અને બીજી ઉભરાયેલી. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને અંદેશો થયો કે ક્યાંક આ જ દજ્જાલ ન હોય. મુસ્નદે અહમદમાં હઝરત અબૂ બકરહની હદીષમાં છે : **દજ્જાલનાં માબાપને ત્રીસ વરસ સુધી ઔલાદ થશે નહીં. પછી એક કાણો પુત્ર થશે,** ખૂબ જ પ્રમાણમાં નુકસાનકર્તા અને ખૂબ જ થોડો લાભકર્તા હશે. તેની આંખો સૂઈ જશે અને દિલ જાગતુ રહેશે. અને દજ્જાલનાં માબાપનો દેખાવ આ પ્રમાણે વર્ણવ્યો : એનો બાપ લાંબો જાડો હશે, એનું નાક ચાંચ જેવું હશે અને એની મા જાડી હશે, તેની છાતીઓ લાંબી હશે. યહૂદીઓમાં આ પ્રકારના એક બાળજન્મના બારામાં અમે સાંભળ્યું તો હું અને ઝુબેર ઈબ્ને અવામ ગયા અને જોયું તો એનાં મા બાપ એવાં જ હતાં. તેમજ એમાં તથા બઝ્ઝારમાં હઝરત અબૂઝર رضی اللہ عنہ ની હદીષમાં છે કે મને નબી صلی اللہ علیہ وسلم એ તેની માની પાસે મોકલ્યો અને હુકમ આપ્યો કે તેણીને પૂછો કે એ કેટલા દિવસ પેટમાં રહ્યો ? તો તેની માએ બતાવ્યું કે બાર મહિના. અને જ્યારે પેદા થયો તો અમે તેની નજીકથી પસાર થયા તો તડકામાં ચાદરમાં લપેટાયેલો પડયો હતો. તેણે પૂછયું, તમે લોકો કયા ચક્કરમાં છો ? અમે કહ્યું, તેં સાંભળી લીધું ? આંખ સૂએ છે અને દિલ જાગે છે.

દજ્જાલની અમુક નિશાનીઓ ઈબ્ને સૈયાદમાં હતી એટલા માટે એની પૂછતાછના માટે હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلم

بِيَدِهٖ ثُمَّ قَالَ لِابْنِ صَيَّادٍ اَتَشْهَدُ اَنِّیْ رَسُوْلُ اللّٰهِ فَنَظَرَ اِلَيْهِ ابْنُ صَيَّادٍ

અલ્લાહ તઆલાનો રસૂલ છું ? તો એણે હુઝૂર ﷺની તરફ જોયું અને કહ્યું, હું ગવાહી આપુ છું કે આપ

فَقَالَ اَشْهَدُ اَنَّكَ رَسُوْلُ الْاُمِّيِّيْنَ فَقَالَ ابْنُ صَيَّادٍ لِلنَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ

ઉમ્મીઓના રસૂલ છો. પછી ઈબ્ને સૈયાદે કહ્યું, શું તમો ગવાહી આપો છો કે હું અલ્લાહનો રસૂલ છું ? તો

وَسَلَّمَ اَتَشْهَدُ اَنِّیْ رَسُوْلُ اللّٰهِ فَرَفَضَهٗ وَقَالَ اٰمَنْتُ بِاللّٰهِ وَبِرُسُلِهٖ فَقَالَ لَهٗ

હુઝૂરે એને છોડી આપ્યો અને ફર્માવ્યું, હું અલ્લાહ અને તેના તમામ રસૂલો પર ઈમાન લાવ્યો. પછી તેને

مَاذَا تَرٰی قَالَ ابْنُ صَيَّادٍ يَاْتِيْنِیْ صَادِقٌ وَّكَاذِبٌ فَقَالَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی

ફર્માવ્યું, તું શું જુએ છે ? ઈબ્ને સૈયાદે કહ્યું, મારી પાસે સાચો પણ આવે છે અને જૂઠો પણ. તો નબી ﷺએ

એની પાસે તશરીફ લઈ ગયા. સહાબાએ કિરામમાં ઘણા હઝરાતને યક઼ીન હતું કે આ જ દજ્જાલ છે જે છેવટમાં જાહેર થશે. અબૂ દાઊદ (૨/૨૩૯)માં છે કે આ બનાવ હુર્રાના બનાવમાં ગાયબ થઈ ગયો. એમાં જ છે કે હઝરત ઈબ્ને ઉમર, હઝરત જાબિર ત્યાં સુધી કે હઝરત ઉમર رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَને યક઼ીન હતું કે આ જ દજ્જાલ છે.

મુસ્લિમ (૨/૩૯૮)માં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી મરવી છે કે મેં તથા અમ્મા૨ તથા ઈબ્ને સૈયાદ હજ્જના ઈરાદાથી મક્કા જવા નીકળ્યા. એક જગા પર લોકો છૂટા પડી ગયા હું તથા ઈબ્ને સૈયાદ એકલા રહી ગયા. એના બારામાં જે કાંઈ કહેવામાં આવતુ હતું એના કારણે મને સખત ભય જણાયો. એણે પોતાનો સામાન લાવીને મારી પાસે રાખવા ચાહ્યું તો મેં કહ્યું, ગરમી બહુ છે એને ઝાડના છાંયડામાં રાખ. તેણે એવું જ કર્યું. અમારી સમક્ષ બકરીઓનું એક ટોળુ આવ્યું. તે ગયો અને દૂધ લાવ્યો. મને કહ્યું, લો પી લો. મેં કહ્યું, ગરમી સખત છે અને દૂધ ગરમ છે. હક઼ીક઼તમાં હું તેના હાથથી પીવા ચાહતો ન હતો. હવે તેણે કહ્યું, હે અબૂ સઈદ ! મારા બારામાં જે કહેવામાં આવે છે એના કારણે હું ચાહું છું કે કોઈ ઝાડ પર રસ્સી લટકાવી ગળુ ઘોંટી લઉં. હે અન્સારના ગિરોહ ! લોકો સમક્ષ રસૂલુલ્લાહ ﷺની હદીષ છુપી હોય તો હોય પણ તમારા સમક્ષ છુપી નથી. શું રસૂલુલ્લાહ ﷺએ એવું નથી કહ્યું કે તે (મસીહ દજ્જાલ) કાફિર છે, અને હું મુસલમાન છું. શું એવું નથી ફર્માવ્યું કે તે વાંઝિયો છે, અને મેં મદીનામાં મારી ઔલાદ છોડી છે. શું એવું નથી ફર્માવ્યું કે તે મદીના તથા મક્કામાં દાખલ નહીં થાય, અને હું મદીનાથી આવી રહ્યો છું અને મક્કા જઈ રહ્યો છું. હઝરત અબૂ સઈદ કહે છે કે હું તેની માફી માગવાનો જ હતો કે તેણે કહ્યું, હું તેને (દજ્જાલને) ઓળખુ છું અને એ પણ જાણું છું કે એનુ જન્મ સ્થળ ક્યાં છે, અને એ પણ જાણુ છું કે તે અત્યારે ક્યાં છે. એનાથી આગલી રિવાયતમાં છે કે હું તેનાં માબાપને ઓળખુ છું. તેને કહેવામાં આવ્યું, શું તને એવું પસંદ છે કે તું તે શખ્સ હોય ?! તો તેણે કહ્યું, જો એ વાત મારા પર પેશ કરવામાં આવે તો નાપસંદ ન કરું. એના પર હઝરત અબૂ સઈદે કહ્યું, તારા માટે સઘળા દિવસ બર્બાદી થાય.

સૈફે કિતાબુલ ફ઼ુતૂહમાં લખ્યું છે કે જ્યારે નોઅમાને સૂસને ઘેરો ઘાલ્યો અને એને ફતહ કરવું મુશ્કેલ થઈ ગયું તો સવસના પાદરીઓએ કહ્યું, હે અરબવાસીઓ ! અમારા આગલા ઉલમાએ કહ્યું છે કે એને કેવળ દજ્જાલ ફતહ કરશે. જો તમારામાં દજ્જાલ છે તો તમે લોકો ફતહ કરવા પામશો, નહીં તો નહીં. ઈબ્ને સૈયાદ એ લશ્કરમાં હતો, તે દરવાજા પર ગુસ્સે થઈને આવ્યો અને પોતાના પગો વડે ઠોકર મારીને કહ્યું, ખોલ ! તો જંજીરો તૂટી ગઈ અને

عَلَيْهِ وَسَلَّمَ خُلِطَ عَلَيْكَ الْأَمْرُ ثُمَّ قَالَ لَهُ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*ફર્માવ્યું, તારા પર મામલો ભેળસેળવાળો છે. ત્યારબાદ નબી ﷺએ તેને ફર્માવ્યું, મેં તારા માટે એક વાત*

اِنِّیْ قَدْ خَبَأْتُ لَكَ خَبِيْئًا فَقَالَ ابْنُ صَيَّادٍ هُوَ الدُّخُّ فَقَالَ اخْسَأْ فَلَنْ تَعْدُوَ

*દિલમાં રાખી છે. (તે શું છે ?) તો ઈબ્ને સૈયાદે કહ્યું, તે ધુમાડો છે. એના પર ફર્માવ્યું, દૂર થા તું તારી*

قَدْرَكَ فَقَالَ عُمَرُ دَعْنِیْ يَا رَسُوْلَ اللّٰهِ اَضْرِبْ عُنُقَهُ فَقَالَ النَّبِیُّ صَلَّى اللّٰهُ

*વિસાતથી કદી આગળ નહીં વધી શકે. હઝરત ઉમરે અર્ઝ કરી, ઈજાઝત આપો હું તેની ગરદન ઉડાડી દઉં !*

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِنْ يَّكُنْ هُوَ فَلَنْ تُسَلَّطَ عَلَيْهِ وَاِنْ لَّمْ يَكُنْ هُوَ فَلَا خَيْرَ

*તો નબી ﷺએ ફર્માવ્યું, જો એ તે જ છે તો તમે એના પર કાબૂ નહીં પામો, અને જો તે નથી તો એના*

لَكَ فِیْ قَتْلِهِ وَقَالَ سَالِمٌ سَمِعْتُ ابْنَ عُمَرَ يَقُوْلُ ثُمَّ انْطَلَقَ بَعْدَ ذٰلِكَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ

*કત્લમાં કોઈ ખાસ ફાયદો નથી. અને સાલિમે કહ્યું, મેં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી સાંભળ્યું. ફર્માવતા હતા,*

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَاُبَیُّ بْنُ كَعْبٍ اِلَى النَّخْلِ الَّتِیْ فِيْهَا ابْنُ صَيَّادٍ وَهُوَ يَخْتِلُ اَنْ

*ત્યાર બાદ રસૂલુલ્લાહ ﷺ અને ઉબય ઈબ્ને કઅબ ખજૂરોની તરફ ચાલ્યા જેમાં ઈબ્ને સૈયાદ રહેતો હતો.*

તાળાં તૂટી ગયાં અને દરવાજા ખુલી ગયો અને મુસલમાન અંદર પ્રવેશી ગયા.

બાદના ઉલમામાં પણ આ મતભેદ રહ્યો. ઈબ્ને તીને કહ્યું, સહીહ એ જ છે કે આ દજજાલ નથી. અલ્લામા કુર્તબી ઈબ્ને તીનથી સહમત નથી. ઈબ્ને જરીર વગેરેએ એને સહાબામાં ગણ્યો છે. અમ્મારા હઝરત ઈમામ માલિકના શયખ એના જ ફરઝંદ હતા.

**ઈબ્ને સૈયાદ** : એના બારામાં ત્રણ રિવાયતો છે : સૈયાદ, સાઈદ, સાઈદ, અલઉમ્મીય્યીન એ ઉમ્મીનું બહુવચન છે. એમાં ત્રણ સંભાવનાઓ છે. એ ઉમ્મતુલ અરબથી છે અથવા ઉમ્મુલ કુરાથી છે જે મક્કા મોઅઝ્ઝમાનું નામ છે. અથવા ઉમ્મથી છે એટલે કે લખવા પઢવાના એતબારથી એ જ હાલત પર છે જેવો માએ પેદા કર્યો હતો. ઉમ્મી એ જમાનામાં અરબવાસીઓને કહેવામાં આવતા હતા.

**ماذا ترى** : એટલે ખ્વાબમાં શું જુએ છે. જે જુએ છે તે સાચુ હોય છે કે ખોટુ. અથવા મુત્લકન જોવું મુરાદ છે એટલે કે ગુપ્ત વાતો. એનો જવાબ એણે એ આપ્યો કે સાચી પણ હોય છે અને જૂઠી પણ. આવનારો સાચો હોય છે જે સાચી ખબર આપે છે અને જૂઠો પણ આવે છે જેની વાતો જૂઠી હોય છે.

**خلط عليك الامر** : એટલે કે તારો શૈતાન તારી પાસે આવીને જૂઠ મિલાવી તને બતાવે છે અને તારાથી જૂઠ તથા સત્યમાં ફરક નથી થઈ શક્તો.

**قد خبئت لك خبيئا** : હુઝૂરે અક્દસ ﷺએ આયતે કરીમા **يَوْمَ تَاْتِى السَّمَاءُ بِدُخَانٍ مُّبِيْنٍ** દિલમાં રાખી હતી એણે બતાવ્યું ''દુ:ખ્ખ'' એનાથી સહાબાએ કિરામ પર જાહેર થઈ ગયું કે આ કઝ્ઝાબ છે. એનાથી જાણવા મળ્યું કે નબુવ્વતના દાવેદારને જાહેર કરવા માટ તેની પાસેથી મો'જિઝો તલબ કરી શકાય છે.

يَسْمَعَ مِنِ ابْنِ صَيَّادٍ شَيْئًا قَبْلَ أَنْ يَرَاهُ ابْنُ صَيَّادٍ فَرَآهُ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالَى

હુઝૂર એવું ચાહતા હતા કે કોઈ હીલા થકી ઈબ્ને સૈયાદની કોઈ વાત સાંભળે, એ પહેલાં કે હુઝૂરને જુએ.

عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ مُضْطَجِعٌ فِي قَطِيفَةٍ لَهُ فِيهَا رَمْزَةٌ أَوْ زَمْرَةٌ فَرَأَتْ أُمُّ ابْنِ

નબી ﷺએ તેને જોયો કે તે પોતાની ચાદરમાં લપેટાયેલો છે, એમાં ગણગણાટ છે. ઈબ્ને સૈયાદની માએ

صَيَّادٍ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ يَتَّقِي بِجُذُوعِ النَّخْلِ فَقَالَتْ

નબી ﷺને જોઈ લીધા કે ખજૂરનાં ઝાડોમાં છુપાયેલા આવી રહ્યા છે, તો તેણીએ ઈબ્ને સૈયાદને કહ્યું, હે

**اخسأ فل تعدو قدرك** : એટલે કે તું નબી નથી, તું કેવળ જ્યોતિષ છે એનાથી વિશેષ તારી હેસિયત નથી, પણ અહીં સવાલ એ છે કે તે આ આયતે કરીમામાંથી એક જ શબ્દ કેવી રીતે જાણી ગયો ? અલ્લામા અયનીએ એવો જવાબ આપ્યો છે કે શક્ય છે હુઝૂરે અક્દસ ﷺએ પહેલાં સહાબાએ કિરામને બતાવી આપ્યું હોય, તેને તેના શૈતાને કાંઈક સાંભળી લીધુ હોય. અને હઝરત ઉમર رضی اللہ عنہના એ કૌલથી કે રસૂલુલ્લાહ ﷺએ દિલમાં આ આયત રાખેલી હતી, એ જ જાહેર છે. એટલા માટે કે પહેલેથી બતાવી દેવાથી સહાબાએ કિરામને સંપૂર્ણ સંતોષ થઈ ગયો અથવા એ કે દરરોજના કાર્યોને માટે અલ્લાહ ﷻ ફરિશ્તાઓને હુકમ આપે છે પછી ફરિશ્તા તેને એકબીજાને કહે છે. શૈતાનો એમાંથી છુપાઈને કાંઈક સાંભળી લે છે. એ જ પ્રમાણે તેના શયતાને કેવળ "દુખ્ખાન" સાંભળ્યું હોય અને તે બતાવી આપ્યું હોય.

**હું કહું છું** : હઝરત શયખે અકબર મુહયુદ્દીન ઈબ્ને અરબી رحمۃ اللہ علیہએ લખ્યું છે કે અમુક લોકોમાં પ્રાકૃતિક રીતે એની શક્તિ હોય છે કે તેઓ થોડી ઘણી ગુપ્ત વાતો જાણી લે છે. શક્ય છે કે ઈબ્ને સૈયાદમાં પણ એ શક્તિ રહી હોય એના કારણે એણે એટલુ જાણી લીધુ.

**وقال سالم** : આ અગાઉ ગુજરી ગયેલ હદીષનો ભાગ છે. મતલબ એ છે કે આ બનાવ પછી ફરી કદી હુઝૂરે અક્દસ ﷺ ઉબય બિન કઅબ رضی اللہ عنہની સાથે ગયા. તો આ બનાવ ઉપસ્થિત થયો. એ ખબર મળી હશે કે ઈબ્ને સૈયાદ સૂતો સૂતો કાંઈક બબડે છે. હુઝૂરે અક્દસ ﷺએ ચાહ્યું કે એને સાંભળું શું બકે છે. અને સહાબાએ કિરામને જણાવી દઉં જેનાથી એમને હક્કુલ યકીન હાંસલ થઈ જાય કે એ કાહિન (જ્યોતિષ) જ છે. પણ તેની માની દખલગીરીના કારણે તેને સાંભળી ન શક્યા અને જે હેતુ હતો તે પૂરો ન થયો.

**قال شعيب** : **فيها رمزة**માં ચાર રિવાયતો છે : رمزة، زمرة، زمزمة، رمرمة એ સૌનો અર્થ લગભગ સરખો છે, મોઢેથી એવો અવાજ કાઢવો જે સાંભળનારની સમજમાં ન આવે, બબડવું, ગણગણવું.

**કાદયાનીની રદ** : કાદયાની દજ્જાલે આ હદીષના આ ભાગથી કે "જો એ એ જ છે તો તમે એના પર પકડ નહીં પામો."થી દલીલ બનાવી કે હુઝૂરે અક્દસ ﷺને દજ્જાલની હકીકત માલૂમ ન હતી. એ મરદૂદે (લઈન–લઅનતીએ) ان يكن માં اِنْને શકના માટે સમજી લીધુ છે. આ દજ્જાલને એ ખબર નથી કે આ બરાબર એ જ પ્રમાણે છે જેમ કે કુર્આન મજીદમાં ફર્માવ્યું : **قُلْ اِنْ كَانَ لِلرَّحْمٰنِ وَلَدٌ فَاَنَا اَوَّلُ الْعٰبِدِيْنَ** "ફર્માવો ! જો રહમાનને કોઈ પુત્ર છે તો હું સૌ પ્રથમ તેની પૂજા કરવાવાળો છું." હિંમત હોય તો કહીને જુએ કે અહીં પણ اِنْ શકના માટે છે ! એ જાહિલને શું ખબર કદીક સમય તથા સંજોગનો તકાઝો હોય છે કે એક યકીની તથા કતઈ (નિશ્ચિત) વાતને શર્ત તથા બદલાની સાથે વર્ણવવી જરૂરી હોય છે. અને આ અંદાઝ અધિક અસરકારક હોય છે, અને શંકા તથા સંકોચને તદ્દન દૂર કરી આપે છે. દા.ત. નસારા (ઈસાઈ)નો અકીદો હતો કે હઝરત ઈસા

لِابْنِ صَيَّادٍ يَا صَافِ وَهُوَ اسْمُ ابْنِ صَيَّادٍ هٰذَا مُحَمَّدٌ فَثَارَ ابْنُ صَيَّادٍ

*સાફ ! (આ ઈબ્ને સૈયાદનું નામ છે,) આ મુહમ્મદ ! તો ઈબ્ને સૈયાદ કૂદી પડયો. એના પર નબી ﷺએ*

فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَوْ تَرَكَتْهُ بَيَّنَ وَقَالَ شُعَيْبٌ زَمْزَمَةٌ

*ફર્માવ્યું, જો એને છોડી આપતી તો ખુલી (સ્પષ્ટ થઈ) જાત. અને શોઐબે કહ્યું, ઝમઝમહ્ અને ઈસ્હાક્ કલ્બી*

فَرَفَصَهُ وَقَالَ إِسْحٰقُ الْكَلْبِيُّ وَعُقَيْلٌ رَمْرَمَةٌ وَقَالَ مَعْمَرٌ رَمْزَةٌ ع

*તથા ઓક઼ૈલે કહ્યું રમરમહ્, અને મુઅમ્મરે કહ્યું, રમઝહ્."*

*(બુખારી ૧/૧૮૦, ૧/૩૫૯ અશ્શહાદત, ૧/૪૨૫ અલ્ જિહાદ, ૧/૪૨૯, ૩૦, અલ્ જિહાદ, ૨/૯૧૨, અલ્ અદબ, ૨/૯૭૯, અલ્ ક઼દ્ર, મુસ્લિમ, અબૂ દાઊદ–મલાહિમ, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૧૪૮)*

علیہ السلام ખુદાના પુત્ર છે, એના રદિયા માટે એક તરીક઼ો એ છે કે ફર્માવવામાં આવ્યું, મસીહ અલ્લાહના પુત્ર નથી. પણ વર્ણવેલ આયતમાં રદ જેટલી અસરકારક તથા મજબૂત છે એ જાહેર છે. એ જ પ્રમાણે અહીં છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એને ક઼ત્લ કરી દેવા ચાહતા હતા એનાથી રોકવાના માટે એટલો ઈર્શાદ પૂરતો હતો કે ક઼ત્લ ન કરો. પણ હદીષના વર્ણવેલ વાક્યમાં મનાઈ જે મજબૂતીની છે એ સર્વ પર જાહેર છે. હુઝૂરે અક઼દસ ﷺએ નિશ્ચિતપણે એ જાણતા હતા કે દજ્જાલ નથી, એની દલીલ કિતાબુલ જિહાદ (૪૩૦)ની આ હદીષ છે જે આ જ હદીષના હેઠળ છે. હઝરત ઈબ્ને ઉમરે ફર્માવ્યું, ત્યારબાદ રસૂલુલ્લાહ ﷺ ઉભા થયા અને અલ્લાહની હમ્દો ષના કરી એવી જેના તે લાયક છે. ત્યારબાદ દજ્જાલનું વર્ણન કર્યું અને ફર્માવ્યું કે હું તમને લોકોને એનાથી ડરાવું છું અને દરેક નબીએ પોતાની ક઼ૌમને એનાથી ડરાવી. નૂહે પણ પોતાની ક઼ૌમને એનાથી ડરાવી. પરંતુ હું એક એવી વાત બતાવું છું કે કોઈ નબીએ પોતાની ક઼ૌમને નથી બતાવી. તમે લોકો જાણે છો કે તે કાણો છે અને અલ્લાહ એનાથી પાક છે.

**અલ્લાહની તૌફીક઼થી હું કહું છું :** અમુક રહસ્યો એવાં હોય છે કે તેને કોઈના પર જાહેર કરવાની અલ્લાહ તરફથી ઈજાઝત નથી હોતી, ભલે અંબિયાએ કિરામ તેને જાણતા હોય છે. જેમ કે ક઼યામત રચવાનો ઈલ્મ. અગાઉ સ્પષ્ટતા વર્ણન થઈ ચૂકી છે કે હુઝૂરે અક઼દસ ﷺને એનો ઈલ્મ હતો પણ એના છુપાવવા બંધાયેલા હતા. એ જ પ્રમાણે ઈબ્ને સૈયાદના બારામાં કોઈ સ્પષ્ટ ફૈસલો ન દર્શાવ્યો, એનાથી એ જરૂરી નથી થતુ કે હુઝૂરે અક઼દસ ﷺ એની હક઼ીક઼તથી વાકેફ ન હતા. શક્ય છે કે એ પણ તે જ ખાસ રહસ્યોમાંથી હોય જેને જાહેર કરવાની ઈજાઝત ન હોય.

**શંકા તથા જવાબ :** ઈબ્ને સૈયાદે નબુવ્વતનો દાવો કર્યો જેના સબબે તે વાજિબુલ ક઼ત્લ હતો. પછી હુઝૂરે અક઼દસ ﷺએ હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہને એને ક઼ત્લ કરવાથી શા માટે રોકી દીધા ? એના ઉલમાએ વિવિધ જવાબો આપ્યા છે. એક એ કે તે યહૂદી હતો અને આ બનાવ મદીના પાક તશરીફ લાવવાના તદ્દન નજીકનો છે. એ વખતે યહૂદીઓ સાથે ક઼રાર થયેલો હતો જેથી એને ક઼ત્લ કરવું એ ક઼રારની વિરુદ્ધ વર્તન હતું. બીજો જવાબ એ આપ્યો છે કે તે નાબાલિગ હતો એટલા માટે છોડી આપ્યો.

**અલ્લાહની તૌફીક઼થી હું કહું છું :** કામો બે પ્રકારનાં છે : તશ્રીઈ (શરીઅત મુજબનાં) તથા તકવીની (કોઈ ચીજને કહે કે થઈ જા તો થઈ જાય) ઉમ્મત શરીઅતના મુજબ અમલ કરવા બંધાયેલી છે, ભલે એવી ખબર હોય કે કામયાબી થશે નહીં. પણ અંબિયાએ કિરામને એ હક઼ છે કે શરીઅતની વિરુદ્ધ તકવીનીના પ્રમાણે

| حدیث ٧٨٩ | عَنْ اَنَسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ کَانَ غُلَامٌ یَّھُوْدِیٌّ یَّخْدُمُ |
|---|---|

"હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું, એક યહૂદી બાળક નબી ﷺ ની ખિદમત કરતો **[હદીષ : ૭૮૯]**

اَلنَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فَمَرِضَ فَاَتَاہُ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ

હતો. તે બીમાર થઈ ગયો તો તેની અયાદત (ખબર અંતર પૂછવા) નબી ﷺ તેની પાસે તશરીફ લઈ ગયા.

وَسَلَّمَ یَعُوْدُہٗ فَقَعَدَ عِنْدَ رَاْسِہٖ فَقَالَ لَہٗ اَسْلِمْ فَنَظَرَ اِلٰی اَبِیْہِ وَھُوَ

અને તેના સિરહાને બેઠા અને તેને કહ્યું, મુસલમાન થઈ જા ! તો તેણે પોતાના બાપની તરફ જોયું અને તે પણ

عِنْدَہٗ فَقَالَ اَطِعْ اَبَا الْقَاسِمِ فَاَسْلَمَ فَخَرَجَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ

એની પાસે હતો. તેના બાપે કહ્યું, અબુલ ક઼ાસિમની વાત માની લે ! એના પર તે મુસલમાન થઈ ગયો. હવે

وَھُوَ یَقُوْلُ اَلْحَمْدُ لِلّٰہِ الَّذِیْ اَنْقَذَہٗ مِنَ النَّارِ ؎

નબી ﷺ ત્યાંથી એવું કહેતા બહાર નીકળ્યા, એ અલ્લાહનો શુક્ર જેણે એને જહન્નમથી નજાત આપી."

(બુખારી ૧/૧૮૦, ૨/૮૪૪, ૪૫, અલ મર્દા બાબ અયાદતુલ મુશ્રિક, અબૂ દાઊદ–જનાઈઝ, નિસાઈ–સિયર)

અમલ કરે અને અમલ કરવાનો હુકમ આપે. જેમ કે ઝુલ્ખુવૈસરા તમીમીએ શાને અક઼દસમાં ગુસ્તાખી કરી અને એવું કહી દીધું : اِعْدِلْ یَا مُحَمَّدُ "હે મુહમ્મદ ! ઈન્સાફ કરો !" અને ગુસ્તાખે રસૂલની સજા શરીઅતમાં ક઼ત્લ છે. એના મુજબ હઝરત ઉમર અથવા હઝરત ખાલિદે એને ક઼ત્લ કરવાની ઈજાઝત ચાહી તો ફર્માવ્યું, "રહેવા દો ! એની નસલથી એવા લોકો નીકળશે જેમની નમાઝોની આગળ તમે તમારી નમાઝોને, તેમના રોઝાઓ સામે તમારા રોઝાને તુચ્છ જાણશો. કુર્આન પઢશે પણ તેમના ગળાથી આગળ નહીં વધે, દીનથી એવા નીકળી જશે જેવું તીર નિશાનથી." શરીઅતના હુકમની માગણી તો એ જ હતી કે ઝુલ્ખુવૈસરાને ક઼ત્લ કરી દેવામાં આવે, પણ અલ્લાહ તરફથી એ મુક઼દ્દર હતું કે એ જીવતો રહે અને તેની નસલથી એ ગુમરાહો પૈદા થાય. હુઝૂરે અક઼દસ ﷺ એ તકવીનના પ્રમાણે અમલનો હુકમ આપ્યો. એ જ પ્રમાણે ઈબ્ને સૈયાદ વાજિબુલ ક઼ત્લ હતો પણ અલ્લાહના તરફથી એ મુક઼દ્દર હતું કે એ જીવંત રહે. આ તકવીનીના પ્રમાણે હુઝૂરે અક઼દસ ﷺ એ હઝરત ફારૂક઼ે આ'ઝમને ક઼તલ કરવાથી રોક્યા.

**સામ્યતા** : પ્રકરણથી મળતાપણુ હુઝૂરે અક઼દસ ﷺ ના આ ઈર્શાદથી છે કે ફર્માવ્યું, શું તું ગવાહી આપે છે કે હું અલ્લાહનો રસૂલ છું ?!

**સમજૂતી : ૭૮૯**

એ બાળકનું નામ અબ્દુલ કુદ્દૂસ હતું. આ હદીષથી બે વાતો સાબિત થઈ કે સમજદાર બાળકનો ઈસ્લામ મોઅતબર (વિશ્વસનીય, સ્વીકાર્ય) છે. બીજુ એ કે કાફિરોમાં બાળકો પોતાનાં માબાપની સાથે જહન્નમમાં રહેશે, પણ નિશ્ચિત (ક઼તઈ) નથી. સંપૂર્ણ ચર્ચા આગળ જતાં આવશે.

حدیث ٧٩٠ قَالَ عُبَيْدُ اللّٰهِ سَمِعْتُ ابْنَ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يَقُوْلُ

*"ઉબેદુલ્લાહે કહ્યું, મેં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને એ ફર્માવતાં સાંભળ્યા,* **[હદીષ : ૭૯૦]**

كُنْتُ أَنَا وَأُمِّي مِنَ الْمُسْتَضْعَفِيْنَ أَنَا مِنَ الْوِلْدَانِ وَأُمِّي مِنَ النِّسَاءِ

*હું અને મારાં મા મુસ્તઝઅફીનમાંથી હતાં, હું બાળકોમાં અને મારાં મા સ્ત્રીઓમાં."*

*(બુખારી, ૧/૧૮૧, ૨/૬૬૦, તફસીરે સૂરએ નિસાઅ)*

## સમજૂતી : ૭૯૦

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નાં વાલિદા માજિદા (માતા)નું નામ લુબાબા બિન્તે હારિષા હતું અને કુન્નિયત ઉમ્મુલ ફઝ્લ. એ ઉમ્મુલ મો'મિનીન હઝરત મૈમૂના رضی اللہ عنہا નાં બહેન હતાં. આપ કદીમુલ ઈસ્લામ ખાતૂન છે. ઈબ્ને સઅદે કહ્યું છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہا ના પછી સ્ત્રીઓમાં એમનો નંબર છે. હઝરત ઈબ્ને અબ્બાસ હિજરતથી ત્રણ વરસ પહેલાં એ સમયે પેદા થયા હતા જ્યારે કે મક્કાના કાફિરોએ હુઝૂરે અક્દસ ﷺ ની સાથે સર્વ બની હાશિમને શોઅબે અબૂ તાલિબમાં ઘેરી રાખ્યા હતા. હઝરત ઈબ્ને અબ્બાસે તૌહીદની ગોદમાં હોશ સંભાળ્યો. શરૂ હોશમાં જ મુસલમાન રહ્યા. હિ.સ. ૮માં હઝરત અબ્બાસ رضی اللہ عنہ મક્કાથી હિજરત કરીને બીવી બચ્ચાં સાથે મદીના આવી ગયા. સહીહ એ છે કે હઝરત અબ્બાસ ગઝવએ બદરના પછી જ ઈસ્લામ સ્વીકારી ચૂક્યા હતા. મુસ્નદે ઈમામ અહમદ (૧/૩૫૩)માં છે કે જ્યારે બદરમાં હઝરત અબ્બાસ ગિરફતાર થયા અને હુઝૂરે અક્દસ ﷺ એ એમની પાસે ફિદિયો માંગ્યો તો તેમણે અર્ઝ કરી કે હું પહેલેથી મુસલમાન છું, આ લોકો જબરદસ્તી મને લાવ્યા છે. ફર્માવ્યું, તમે જે કહો છો એ સાચુ છે તો અલ્લાહ તમને બદલો આપશે, જાહેરી હાલ એ છે કે આપ અમારી સાથે લડવા આવ્યા હતા જેથી ફિદિયો આપો. તો અર્ઝ કરી, મારી પાસે માલ નથી. ઈર્શાદ ફર્માવ્યો, આપનો તે માલ ક્યાં છે જે મક્કાથી નીકળતી વખતે ઉમ્મુલ ફઝ્લની પાસે મૂકીને આવ્યા હતા ? હઝરત અબ્બાસે કહ્યું, ક઼સમ છે તે જાતની જેણે આપને હક્કની સાથે મોકલ્યા છે ! મારા તથા ઉમ્મુલ ફઝ્લના સિવાય કોઈને એની ખબર નથી ? અને હું જાણું છું કે આપ જરૂર અલ્લાહના રસૂલ છો. કેટલીયેવાર હિજરતની ઈજાઝત ચાહી પણ મસ્લેહતના કારણે ઈજાઝત ન મળી. એમણે પોતાના ઈસ્લામનું એલાન ફતહે મક્કાથી પહેલાં કર્યુ હતું. હિજરત કરીને મદીના આવી રહ્યા હતા કે રસ્તામાં હુઝૂરે અક્દસ ﷺ ને મળ્યા. હુઝૂરે તેમને પણ સાથે લઈ લીધા અને કહ્યું, આપ અંતિમ મુહાજિર છો.

**مستضعفین** : થી મુરાદ મુસલમાન છે જે મક્કા મોઅઝ્ઝમામાં મજબૂરીના કારણે રહી ગયા હતા, હિજરત કરી શક્યા ન હતા. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો મતલબ એ છે કે હું એ વખતે બાલિગ થયો ન હતો અને કેવળ માતા મુસલમાન હતાં, પણ હું મુસલમાન ગણાતો હતો. એનાથી સાબિત થયું કે નાબાલિગ બાળક (ખયરૂલ્ અબવૈનિ દીન)ના તાબે છે, જો તેનાં માબાપમાં કોઈ મુસલમાન હોય તો મુસલમાન માનવામાં આવશે. આ રીતે આ પ્રકરણના બીજા ભાગ સાથે સામ્યતા થઈ ગઈ. અને એનો એ પણ મતલબ થઈ શકે છે કે હું નાબાલિગ હતો અને સમજવાળો, એ વખતે મારો ઈસ્લામ મોઅતબર હતો. તો એને પ્રકરણના પ્રથમ ભાગ સાથે પણ સામ્યતા થઈ ગઈ.

حدیث ۷۹۱ قَالَ ابْنُ شِهَابٍ يُصَلَّى عَلَى كُلِّ مَوْلُودٍ مُتَوَفًّى وَإِنْ كَانَ مِنْ

"હઝરત ઈબ્ને શિહાબ ઝુહરીએ ફર્માવ્યું, દરેક મૃત્યુ પામેલ બાળક પર નમાઝ પઢવામાં **[હદીષ : ૭૯૧]**

أَجْلِ أَنَّهُ وُلِدَ عَلَى فِطْرَةِ الْإِسْلَامِ يَدَّعِي أَبَوَاهُ الْإِسْلَامَ أَوْ أَبُوهُ

આવશે ભલે તે ઝાનિયાનું હોય. એટલા માટે કે તે ઈસ્લામની ફિતરત પર પેદા થયું છે. એના મા બાપ

خَاصَّةً وَإِنْ كَانَتْ أُمُّهُ عَلَى غَيْرِ الْإِسْلَامِ إِذَا اسْتَهَلَّ صَارِخًا صُلِّيَ عَلَيْهِ

ઈસ્લામનો દાવો કરતાં હોય. અથવા કેવળ એનો બાપ કરતો હોય ભલે તેની મા ઈસ્લામ સિવાય કોઈ અન્ય

وَلَا يُصَلَّى عَلَى مَنْ لَا يَسْتَهِلُّ مِنْ أَجْلِ أَنَّهُ سِقْطٌ فَإِنَّ أَبَا هُرَيْرَةَ

મઝહબ પર હોય. જ્યારે પેદાઈશના સમયે અવાજની સાથે રડે તો એના પર નમાઝ પઢવામાં આવશે અને

رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ كَانَ يُحَدِّثُ قَالَ النَّبِيُّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ مَا

જો ન રડે તો એના પર નમાઝ નહીં પઢવામાં આવે, કારણ કે કાચો બાળક છે. એટલા માટે કે હઝરત અબૂ

مِنْ مَوْلُودٍ إِلَّا يُولَدُ عَلَى الْفِطْرَةِ فَأَبَوَاهُ يُهَوِّدَانِهِ أَوْ يُنَصِّرَانِهِ أَوْ

હુરૈરહ رضی اللہ عنہ આ હદીષ બયાન કરતા હતા કે નબી ﷺ એ ફર્માવ્યું કે દરેક બાળક ફિતરત (પ્રકૃતિ) પર

### સમજૂતી : ૭૯૧

એમાં બે વાતો વર્ણન થયેલી છે, એક હઝરત ઈબ્ને શિહાબ ઝુહરીનો ઈર્શાદ, એ ઈર્શાદમાં બે ફત્વા છે : પ્રથમ, નાબાલિગ બાળકનાં માબાપ બંનેવ અથવા કેવળ બાપ મુસલમાન હોય તે બાળક મુસલમાન છે. કાફિર ત્યારે માનવામાં આવશે જ્યારે કે મા બાપ બંનેવ કાફિર હોય. આપણે ત્યાં એમાં અધિક ખુલાસો છે, જો બાપ અહલે કિતાબ હોય અને મા મુશ્રિકા અથવા એથી ઉલ્ટુ હોય તો બાળક અહલે કિતાબ ગણાશે. એટલે કે બાળક "ખયરુલ અબ્વૈનિ દીન"ના તાબે થશે. માબાપમાં જેનો દીન બેહતર હશે તે દીનનો બાળક માનવામાં આવશે. બીજુ, નવુ જન્મ પામેલ મુસલમાનનું બાળક ભલે પેદા થયા પછી અવાજથી રડે તો એના જનાઝાની નમાઝ પઢવામાં આવશે, નહીં તો નહીં. આ જ અમારો પણ મઝહબ છે કે શરીરના અધિક ભાગના બહાર આવ્યા પછી બાળક જીવતુ હતું તો એના જનાઝાની નમાઝ છે, નહીં તો નહીં. અવાજથી રડવું જીવનની નિશાની છે અને મોટાભાગે એવું જ થાય છે. એટલા માટે એને વર્ણન કર્યું. જિંદગીની ખાસ નિશાની નબ્ઝની તથા દિલની હરકત છે. ક્યારેક એવું પણ બને છે કે નબ્ઝ મેહસૂસ નથી થતી પણ દિલ હલનચલન કરે છે થાઈસ્કોપ વડે આસાનીપૂર્વક સાંભળી શકાય છે. જો પેદાઈશ પછી કોઈ બાળક જો ચીસ ન પાડે, પણ તેની નસ ચાલી રહી છે અથવા દિલ હરકત કરી રહ્યું છે તો તે જીવંત છે, એને સુન્નત તરીકા પ્રમાણે ગુસલ આપવામાં આવશે, સુન્નત તરીકા પ્રમાણે કફન પહેરાવવામાં આવશે અને જનાઝાની નમાઝ પઢવામાં આવશે. આમ લોકો આનાથી ખૂબ જ ગાફેલ છે. એના પ્રતિ સંપૂર્ણ ધ્યાન આપવું જરૂરી છે. **બાળક ચાહે જીવતુ પેદા થાય કે મુર્દા તેમનું નામ રાખવામાં આવે.**

يُنْتَجُ الْبَهِيمَةُ بَهِيمَةً جَمْعَاءَ هَلْ تُحِسُّونَ فِيهَا مِنْ جَدْعَاءَ

પેદા થાય છે, પછી તેનાં મા બાપ તેને યહૂદી બનાવી આપે છે અથવા નસ્રાની બનાવી આપે છે અથવા

ثُمَّ يَقُولُ أَبُو هُرَيْرَةَ فِطْرَةَ اللّٰهِ الَّتِي فَطَرَ النَّاسَ عَلَيْهَا الآية ٣٠

મજૂસી (અગ્નિપૂજક) બનાવી આપે છે. જેમ કે ચોપગુ સહીહ સલામત બાળક જણે છે, શું તમે એમનામાં

કોઈ કાન કપાયેલું જુઓ છો ? પછી અબૂ હુરૈરહ્ આ આયત તિલાવત ફર્માવે છે :

અલ્લાહનો નાખેલો પાયો જેના પર લોકોને પેદા કર્યા.''

–સૂરએ રૂમ–૩૦ (બુખારી, ૧/૧૮૧, ૨/૭૦૪ તફસીરે સૂરએ રૂમ, ૨/૯૭૯,

અલક્દર, મુસ્લિમ–ક્દર, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૨૧૫, ૨૭૫)

**لِغَيَّةٍ** : હઝરત ઈબ્ને શિહાબ ઝુહરીના ઈર્શાદમાં **لِغَيَّةٍ** આવ્યું છે. **غَيَّةٌ غَوَايَةٌ**થી છે જેનો અર્થ ગુમરાહી છે. જેનો મતલબ એ થયો કે ગુમરાહ સ્ત્રીનો બાળક એટલે કાફિરાનો. પણ ઉર્ફમાં ઝાનિયા માટે પણ એ બોલાય છે. વલદુઝ્ઝિનાને વલદુલ્ગય્ય, અને ષાબિતુન્નસબને વલદુરૂશ્દહ્ કહે છે. હવે એનો એક મતલબ એ પણ થઈ શકે છે કે ઝાનિયાનો પુત્ર. શારેહીને બંનેવ સંભાવનાઓ લીધી છે પણ વલદુઝ્ ઝિનાનો કોઈ બાપ નથી હોતો એટલા માટે આ સંભાવના પર એ શંકા છે કે પછી આગળ એવું કહેવું દુરુસ્ત થશે નહીં કે જો તેનાં માબાપ અથવા કેવળ બાપ મુસલમાન હોય. એટલા માટે અહીં પ્રથમ સંભાવના નિશ્ચિત છે કે એ કાફિર સ્ત્રી (કાફિરા)ના અર્થમાં હોય. પણ એના પર એ શંકા છે કે એ કહેવું સહીહ ન થશે કે માબાપ બંનેવ મુસલમાન હોય. સનદુલ હુફ્ફાઝ અલ્લામા ઈબ્ને હજર અસ્કલાનીએ ફર્માવ્યું, ઈમામ ઝુહ્રી અને ઈમામ માલિકનો એ જ મઝહબ છે કે વલદુઝ્ઝિના ઈસ્લામના મામાલામાં એનો તાબેઅ છે કે જેણે એની મા સાથે ઝિના કર્યો છે. હવે નિશ્ચિત થઈ ગયું કે (**غية**) ઝાનિયાના અર્થમાં છે આગળનું લખાણ (લીટી) એના માટે નસ (દલીલ) છે કે કાફિરા મુરાદ લેવું સહીહ નથી. એટલા માટે મેં તર્જુમો કેવળ ઝાનિયા કર્યો છે.

બીજી વાત એ છે કે ઈમામ ઝુહરીએ પોતાના ફત્વાની સાબિતીમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની હદીષ **كُلُّ مَوْلُوْدٍ يُوْلَدُ عَلَى الْفِطْرَةِ** વર્ણન કરી છે એનાથી જાહેર થઈ ગયું કે એમની નજીક હદીષમાં ફિતરતથી મુરાદ ઈસ્લામ ધર્મ છે.

**હદીષે મુન્કતઅ હુજ્જત (દલીલ) છે** : ઈમામ ઝુહરીની હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મુલાકાત નથી. તેમનો જન્મ લગભગ હિ.સ. ૫૨માં થયો અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہનો હિ.સ. ૫૯માં વિસાલ થયો. એટલા માટે આ હદીષ મુન્કતઅ છે પણ ઈમામ ઝુહરીએ એનાથી દલીલ કરી. જાણવા મળ્યું કે **ષિક્હની રિવાયત કરેલ મુન્ક્તઅ હદીષ હુજ્જત (દલીલ) છે.**

**على الفطرة** : **فطرة**નો અર્થ ખિલ્કત છે. આ વઝન બયાને નૌઅ (હાલતના બયાન)ના માટે છે જેમ કે **جلست جلسة القارى** એનાથી મુરાદ ખાસ પ્રકારની ખલ્કત છે. આ શું છે ? એના બારામાં અલ્લામા અયનીએ સાત કથનો નક્લ કર્યા છે. સૌ પ્રથમ એ કૌલ (કથન)ને વર્ણવ્યો કે આ હદીષમાં ફિતરતથી મુરાદ ''સારી સીધી સાદી તબિઅત'' અધિક જાહેર છે જે રુકાવટો દૂર થતાં આપોઆપ ઈસ્લામ કબૂલ કરી લે. લગભગ જે ઉલમા ફર્માવે છે કે આ હદીષમાં ફિતરતથી મુરાદ ઈસ્લામ છે એમની મુરાદ પણ આ જ છે, નહીં તો જાહેર છે કે ઈસ્લામ તથા ઈમાન સંપૂર્ણ સમજદારી ચાહે છે અને નવા જન્મેલ બાળકમાં સમજ ક્યાં ? તેમજ લાઝિમ કે

કમસે કમ જે બાળકો સમજદારીની વય સુધી ન પહોંચ્યા હોય તે કતઈ તૌર પર (નિશ્ચિતપણે) મુસલમાન હોય અને તેમની નમાઝે જનાઝા લાઝિમ થાય, ભલે તેમનાં માબાપ બંનેવ કાફિર હોય, વળી તેમનુ જન્નતી હોવુ પણ યકીની હોય. એમાં સંકોચને (તવક્કુફને)કોઈ સ્થાન ન હોય.

**كَمَا تُنْتَجُ الْبَهِيْمَةُ** : મજહૂલના સેગા સાથે. મતલબ એ છે કે જેવી રીતે ચોપગાનું બાળક સહી સલામત પેદા થાય છે, જો તેનાં અંગો પર કોઈ આફત ન આવે તો એ સંપૂર્ણ કામ કરશે. પણ આફત આવ્યા બાદ બેકાર અથવા એબદાર થઈ જાય છે. એ જ પ્રમાણે માણસના બાળકો પર દિમાગી આફત ન આવે તો તેની ફિતરત સહીહ કામ કરશે અને તે મુસલમાન થશે, પણ તેનાં માબાપ પોતાની મહોબ્બત, હેત તથા એહસાન વડે અસર નાખીને યહૂદી, નસરાની, મજૂસી બનાવી આપે છે.

**يقول ابو هريرة** : આ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہનો વધારો છે. આ હદીષના વિષય પર કુર્આન મજીદ થકી ગવાહી ફર્માવી રહ્યા છે. આ આયતમાં ફિતરતથી દીને ઈસ્લામ મુરાદ હોવું નિશ્ચિત છે. એટલા માટે કે પૂરી આયત આ પ્રમાણે છે :–

**فَاَقِمْ وَجْهَكَ لِلدِّيْنِ حَنِيْفًا فِطْرَتَ اللّٰهِ الَّتِى فَطَرَ النَّاسَ عَلَيْهَا لَا تَبْدِيْلَ لِخَلْقِ اللّٰهِ ذٰلِكَ الدِّيْنُ الْقَيِّمُ۔**

''તું પોતે પોતાને દીનના માટે એક ધ્યાન થઈને મજબૂત રાખ જે અલ્લાહની રાખેલી બિના (પાયો) છે, જેના પર લોકોને પેદા કર્યા. અલ્લાહના સર્જનને બદલતો નહીં, એ જ સીધાપણુ છે. *(સૂ. રૂમ, આ. 30)*

પ્રથમ ફર્માવ્યું : **فاقم وجهك للدين حنيفا** અને એને જ ફિતરત ફર્માવ્યું. બાદમાં ઈર્શાદ થયો : **ذٰلك الدين القيم** એમાં ખલ્કુલ્લાહ (અલ્લાહની મખ્લૂક)ની તરફ નિર્દેશ છે અને એનાથી મુરાદ ફિતરત છે. જેથી નિશ્ચિત થયું કે ફિતરતથી મુરાદ ઈસ્લામ છે. જ્યારે આ આયતમાં ફિતરતથી મુરાદ દીને ઈસ્લામ છે અને અહીં એ પણ ઈર્શાદ છે કે અલ્લાહે લોકોને એના પર પેદા કર્યા છે. તો એનાથી લાઝિમ થયું કે હદીષમાં પણ **علیٰ الفطرة**થી દીને ઈસ્લામ જ મુરાદ હોય. આ જ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની ગવાહીનો પાયો છે. અલ્મલફૂઝ (૧/૧૨)માં છે : જે રુકૂઅ તથા સજદાઓમાં તઅદીલ (અટકી અટકીને) ન કરે તેની નમાઝો કબૂલ થશે નહીં. હદીષ (બુખારી ૧/૧૦૯, નિસાઈ ૧/૧૯૩, મુસ્નદે ઈમામ અહમદ, ૫/૩૮૪)માં છે : **لو مت علیٰ ذٰلك لمت علیٰ غير الفطرة۔ ای علیٰ غير دين محمد صلیٰ الله تعالیٰ عليه و سلم** આ હઝરત હુઝૈફા رضی اللہ عنہનો ઈર્શાદ છે. **غير الفطرة** પછી **التى فطر الله محمد صلیٰ الله تعالیٰ عليه و سلم** છે. એટલે જો તું એના પર મર્યો તો એ ફિતરતના ગૈર પર મરીશ જેના પર અલ્લાહ તઆલાએ મુહમ્મદ ﷺને પેદા કર્યા. એનાથી સાબિત થયું કે હઝરત હુઝૈફા رضی اللہ عنہની મુરાદ ફિતરતથી દીને ઈસ્લામ છે. એટલા માટે આ'લા હઝરત ઈમામ અહમદ رحمۃ اللہ علیہએ એની તફસીર કરી : **ای غير دين محمد صلیٰ الله تعالیٰ عليه و سلم.**

શરહે ફિક્હે અકબર (૫૬, ૫૭)માં ફર્માવ્યું કે ફિતરતથી મુરાદ તે મીષાક (વાયદો) છે જે આલમે અરવાહમાં સર્વ મખ્લૂકોથી રબ હોવાના ઈકરાર સાથે લેવામાં આવ્યો હતો. સૌને એના પર પેદા કરવામાં આવે છે. બાદમાં જે કાફિર થાય છે તે બદલી નાખે છે અને જે મો'મિન રહી જાય છે તે એના પર સાબિત રહે છે.

**સમજૂતી : ૭૯૨**

બાબે કિસ્સા અબી તાલિબમાં એટલુ અધિક છે : અને આયતે કરીમા **اِنَّكَ لَا تَهْدِىْ مَنْ اَحْبَبْتَ** પણ એ જ

الْوَفَاةُ جَاءَهُ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَوَجَدَ عِنْدَهُ أَبَا

અબૂ તાલિબની વફાતનો સમય આવી પહોંચ્યો તો રસૂલુલ્લાહ ﷺ એની પાસે તશરીફ લાવ્યા તો ત્યાં અબૂ

جَهْلِ بْنِ هِشَامٍ وَعَبْدَ اللّٰهِ بْنَ أَبِيْ أُمَيَّةَ بْنِ الْمُغِيْرَةِ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ

જહલ બિન હિશામ અને અબ્દુલ્લાહ બિન અબૂ ઉમૈયા બિન મુગીરાને હાજર જોયા. રસૂલુલ્લાહ ﷺ એ

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لِأَبِيْ طَالِبٍ أَيْ عَمِّ قُلْ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ كَلِمَةً أَشْهَدُ لَكَ

અબૂ તાલિબને કહ્યું, હે ચાચા ! લાઈલાહ ઈલ્લલ્લાહ કહી લો ! હું અલ્લાહની હુઝૂર તમારી ગવાહી આપીશ.

بِهَا عِنْدَ اللّٰهِ فَقَالَ أَبُوْ جَهْلٍ وَعَبْدُ اللّٰهِ بْنُ أَبِيْ أُمَيَّةَ يَا أَبَا طَالِبٍ أَتَرْغَبُ عَنْ

એના પર અબૂ જહલ અને અબ્દુલ્લાહ બિન અબૂ ઉમૈયાએ કહ્યું, હે અબૂ તાલિબ ! તમે અબ્દુલ મુત્તલિબની

مِلَّةِ عَبْدِ الْمُطَّلِبِ فَلَمْ يَزَلْ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَعْرِضُهَا عَلَيْهِ وَ

મિલ્લતથી ફરશો ? રસૂલુલ્લાહ ﷺ એના પર કલ્માએ તૌહીદ સતત પેશ કરતા રહ્યા અને તે બંનેવ એ જ

يَعُوْدَانِ بِتِلْكَ الْمَقَالَةِ حَتّٰى قَالَ أَبُوْ طَالِبٍ آخِرَ مَا كَلَّمَهُمْ بِهِ هُوَ عَلٰى مِلَّةِ

દોહરાવતા રહ્યા, ત્યાં સુધી કે અબૂ તાલિબે જે અંતિમ વાત કહી તે આ હતી કે તે અબ્દુલ મુત્તલિબની મિલ્લત

મોકા નાઝિલ થઈ. આ હદીષ મરાસીલે સહાબામાંથી છે એટલા માટે કે હઝરત મુસૈયિબ બિન હુઝ્ન رضی اللہ عنہما આ બનાવના સમયે મૌજૂદ ન હતા, અને એમનું નામ ન લીધું જેમનાથી આ બનાવ સાંભળ્યો હતો. પણ એ પણ એ નિશ્ચિત છે કે તેમણે ક્યાં તો ખૂદ રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું હશે અથવા કોઈ સહાબીથી. શક્ય છે અબ્દુલ્લાહ બિન અબૂ ઉમૈયાથી જ સાંભળ્યું હોય. એટલા માટે કે એ બાદમાં ઈસ્લામથી પાવન થઈ ગયા હતા. અને સહાબીઓ કોઈ અપવાદ વિના ષિકહ છે એટલા માટે મરાસીલે સહાબા ઈજમાઅ સાથે મકબૂલ છે.

**પ્રકરણથી સામ્યતા** : અહીં પ્રકરણ એ છે કે, "જ્યારે મુશ્રિકે મૃત્યુ વખતે લાઈલાહ ઈલ્લલ્લાહ કહ્યું." એનો જવાબ ઈમામ બુખારીએ નથી આપ્યો, કેમ કે એમાં તફસીલ પણ છે અને મતભેદ પણ. આપણે ત્યાં રાજેહ એ છે કે ગરગરાના પહેલાં પહેલાં ઈમાન વિશ્વસનીય છે, ભલે બીમારને મૌતનું પૂરેપૂરું યકીન હોય. (દુર્રે મુખ્તાર, ૫૭૧) અને એ ખૂદ આ હદીષ દર્શાવે છે કે અબૂ તાલિબનો હાલ એ જ હતો કે તે એમનો અંતિમ સમય હતો. એમને પણ અને બીજાઓને પણ મૌતનું યકીન હતું, પણ નબી કરીમ ﷺએ અબૂ તાલિબ પર ઈસ્લામ પેશ કર્યો, જો કબૂલ કરી લેત તો જરૂર મુસલમાન બલ્કે સહાબી થઈ જાત.

**અબૂ તાલિબ** : હુઝૂરે અકદસ ﷺના વાલિદે માજિદના સગા ભાઈ એક જ માના પેટથી હતા. એ જ કારણે હઝરત અબ્દુલ મુત્તલિબે વફાતના સમયે હુઝૂરે અકદસ ﷺને એમને સુપ્રત કર્યા. તેમણે હુઝૂરે અકદસ ﷺની પરવરિશ તથા સહાયતામાં મૃત્યુના છેલ્લા શ્વાસ સુધી કોઈ કમી ન કરી. એટલા માટે એમના મૃત્યુથી હુઝૂરે અકદસ ﷺને સખત સદમો થયો. સંજોગોવસાત એ જ વર્ષે ત્રણ દિવસ આગળ પાછળ હઝરત ખદીજતુલ કુબ્રા ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہاનો પણ વિસાલ થયો હતો, એટલા માટે આ ગમમાં ઉમેરો થઈ ગયો. એ

عَبْدِ الْمُطَّلِبِ وَأَبِیْ أَنْ يَقُوْلَ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰی

*પર છે, અને લાઈલાહ ઈલ્લાહ કહેવાથી ઈન્કાર કરી આપ્યો. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, ખુદાની કસમ ! હું*

عَلَیْهِ وَسَلَّمَ اَمَا وَاللّٰهِ لَاَسْتَغْفِرَنَّ لَكَ مَالَمْ اُنْهَ عَنْهُ فَاَنْزَلَ اللّٰهُ فِیْهِ مَا كَانَ لِلنَّبِیِّ الآیَة

*જરૂર તમારા માટે ઈસ્તિગફાર કરતો રહીશ જ્યાં સુધી રોકવામાં ન આવું. તો આ આયતે કરીમા નાઝિલ*

*થઈ: નબી તથા મુસલમાનોને યોગ્ય નથી કે મુશ્રિકોના માટે બખ્શિશ તલબ કરે ભલે તેઓ તેના સગા સંબંધી*

*જ કેમ ન હોય જ્યારે કે એમના પર જાહેર થઈ ચૂક્યુ કે તેઓ જહન્નમી છે.*

*–તૌબા, ૧૧૩ (બુખારી ૧/૧૮૧, ૧/૫૪૮, બન્યાનુલ કાબા કિસ્સા અબૂ તાલિબ, ૨/૬૭૫ તફસીરે સૂરએ બરાઅત, મુસ્લિમ–ઈમાન, નિસાઈ–જનાઈઝ, મુસ્નદે ઈમામ અહમદ, ૫/૪૨૮)*

વરસનું નામ આમ્મુલ હુઝન ખૂદ હુઝૂરે અકદસ ﷺએ રાખ્યું. આ બંનેનો ઈન્તેકાલ હિ.સ. ૧૦માં થયો છે. હઝરત ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہاનો વિસાલ રમઝાનમાં થયો છે. *(તબકાતે ઈબ્ને સઅદ)*

**ترغب عن ملة عبد المطب !** : જે ઉલમા એવું કહે છે કે હુઝૂરે અકદસ ﷺના બાપદાદાઓ અને માઓમાં અમુક મુશ્રિક પણ હતા એમના કહેવાના મુજબ તો કોઈ વાંધો જ નથી. પરંતુ જે ઉલમા એવું ફર્માવે છે કે હઝરત આદમ علیہ السلام તથા હવ્વા رضی اللہ عنہاથી લઈને હઝરત અબ્દુલ્લાહ અને હઝરત સૈયદા આમિના رضی اللہ عنہا સુધી તમામ બાપદાદાઓ તથા માઓ કમસે કમ નાજી મુવહ્હિદ હતાં, એમાં કોઈ મુશ્રિક ન હતુ. અને એ જ સહીહ છે. જેવું કે આ ખાદિમે અશ્રફુસ્સિયર, ભાગ : ૧માં એને સાબિત કરેલ છે અને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ આ વિષય પર એક ખાસ કિતાબ લખી છે જેનું નામ "શુમૂલુલ ઈસ્લામ લિ આબઈર્રસૂલિલ્ કિરામ" છે. તેમજ ખાતિમુલ હુફ્ફાઝ અલ્લામા જલાલુદીન સિયૂતીએ સાત કિતાબો લખી છે. શમૂલિલ ઈસ્લામમાં એ ઉલમાનાં નામો ગણાવ્યાં છે જેમનો એ મઝહબ છે. આ તકદીર પર હઝરત અબ્દુલ મુત્તલિબ મુવહ્હિદ તથા નાજી છે, એમની મિલ્લત પર હોવાનો મતલબ એ છે કે અબૂ તાલિબ મુવહ્હિદ હતા અને મુવહ્હિદ જ દુનિયાથી ગયા પછી એમની નજાતમાં શંકાને શું સ્થાન ?

**અલ્લાહની તૌફીકથી હું કહું છું** : હઝરત અબ્દુલ મુત્તલિબ ફતરતના જમાનામાં હતા. એટલે કે એ જમાનામાં જ્યારે કોઈ નબી તથા રસૂલ ન હતા તે યુગમાં નજાતના માટે તૌહીદ તથા શિર્કથી બચવુ પૂરતુ હતું. પરંતુ જ્યારે હુઝૂરે અકદસ ﷺની રિસાલત તથા કુર્આન જેટલુ નાઝિલ થઈ ચૂક્યું હતું એ સૌ પર ઈમાન લાવવું જરૂરી છે. અબૂ તાલિબે હુઝૂરે અકદસ ﷺની રિસાલત પર ઈમાન લાવવાથી ઈન્કાર કર્યો એટલા માટે એ નાજી નથી. વર્ણન થઈ ચૂક્યું કે લાઈલાહ ઈલ્લલ્લાહ પૂરા કલ્મા તયબહનો ઈલ્મ છે અને એના માટે ઈસ્લામ સ્વીકાર લાઝિમ છે. એટલે હુઝૂરે અકદસ ﷺના આ ઈર્શાદ કે લાઈલાહ ઈલ્લલ્લાહ કહી લો, નો મતલબ પૂરા કલ્મા તયબાહ કહેવાનો છે અને ઈસ્લામને સ્વીકારવું છે.

**فانزل الله تعالیٰ** : ઈમામ વાહેદીએ કહ્યું કે અબૂ ઈસ્હાક ઝજાઝે કહ્યું કે મુફસ્સિરોનો એના પર ઈજમાએ છે કે આ આયત અબૂ તાલિબના બારામાં નાઝિલ થઈ. (ઉમ્દતુલ કારી, ૮/૧૮૧) આ આયત સૂરએ તૌબાની છે અને સૂરએ તૌબા ફતહે મક્કા પછી નાઝિલ થઈ. હવે એ માનવું પડશે કે આ આયત મક્કી છે. જો કે આ ઈજમાઅનો દાવો સહીહ નથી, એટલા માટે કે આ આયતે કરીમાના શાને નુઝૂલમાં અન્ય પણ રિવાયતો છે. અનાયાસે એ કહેવું પડશે કે આ આયત બીજીવાર નાઝિલ થઈ.

**શંકા અને જવાબ** : આ આયતમાં છે કે નબી તથા મો'મિનોની શાનને પાત્ર નથી કે મુશ્રિકોના માટે

બખ્શિશ તલબ કરે. અને હમણા વર્ણન થઈ ગયું કે સહીહ મઝહબના આધારે અબૂ તાલિબ મુશ્રિક ન હતા પણ કાફિર જરૂર હતા. જવાબ જાહેર છે કે આ આયતમાં મુશ્રિકથી મુરાદ કાફિર છે, એટલા માટે કે જેવી રીતે મુશ્રિકના માટે મગફિરતની દુઆ મના છે એ જ પ્રમાણે કાફિરના માટે પણ છે અને કુર્આનના ઉર્ફમાં મુશ્રિક કાફિરના અર્થમાં ઉઘાડુ જાહેર છે.

**અબૂ તાલિબનો હુકમ** : અહલે સુન્નતની એના પર એકમતિ છે કે અબૂ તાલિબને ઈમાન નસીબ ન થયું. અને એ જ સહીહ હદીષોથી સાબિત છે. અલ્બત્ત ઈબ્ને ઈસ્હાકે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી છે કે મરતી વખતે અબૂ તાલિબના હોઠ હાલી રહ્યા હતા. હઝરત અબ્બાસે જેઓ એ વખતે ઈમાનથી પાવન થયા ન હતા તેમણે કાન લગાડીને સાંભળ્યું તો હુઝૂરે અક્દસ ﷺને કહ્યું, હે બિરાદરઝાદ ! જે કલ્મો પઢવાના માટે તમે એમને કહ્યું હતું તે પઢી રહ્યા છે. *(સીરતે ઈબ્ને હિશામ, ૨/૨૭)*

એના વિરુદ્ધ ખૂદ હઝરત અબ્બાસની જ રિવાયત એ જ બુખારીના પ્રકરણમાં કિસ્સએ અબૂ તાલિબમાં છે કે હઝરત અબ્બાસે પૂછયું કે યા રસૂલલ્લાહ ! અબૂ તાલિબને તમે શો ફાયદો પહોંચાડયો કે તે તમારી હિફાઝત કરતા હતા, આપના દુશ્મનથી અદાવત રાખતા હતા. ફર્માવ્યું, તે કેવળ ઘૂંટી સુધી દોઝખમાં છે જેનાથી એનું દિમાગ ઉકળે છે. જો હું ન હોત તો જહન્નમના સૌથી નીચલા તબકામાં હોત. તેમજ હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી પણ એવું જ રિવાયત થયેલ છે. એનાથી જાણવા મળ્યું કે ખૂદ હઝરત અબ્બાસને અબૂ તાલિબના મો'મિન થવાની ખબર ન હતી. નહીં તો તે આવો સવાલ શા માટે કરતા ? એટલા માટે કે ઈબ્ને ઈસ્હાક્ની આ રિવાયત સ્વીકાર પાત્ર નથી, બલ્કે અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે એ સહીહ નથી, ઝઈફ છે. અને સહીહના આધારે તેમણે હુઝૂરે અક્દસ ﷺથી ઈન્કાર કર્યો પછી એ વખતે કલ્મો પઢયો જ્યારે કે બોલવાની શક્તિ ખત્મ થઈ ચૂકી હતી, તો શક્ય છે કે એ જીવવાની આશા ખત્મ થવા (યાસ)ની હાલત રહી હોય અને એ વખતનું ઈમાન મોઅતબર નથી. જેમ કે કુર્આન મજીદમાં છે : فَلَمْ يَكُ يَنْفَعُهُمْ إِيمَانُهُمْ لَمَّا رَأَوْا بَأْسَنَا۔ (غافر۸۳) "જ્યારે અમારો અઝાબ જોઈ ચૂક્યા તો તેમના ઈમાને તેમને કોઈ લાભ ન પહોંચાડયો." *(ગાફિર–૮૩)*

અને ફર્માવ્યું :–

وَ لَيْسَتِ التَّوْبَةُ لِلَّذِيْنَ يَعْمَلُوْنَ السَّيِّئَاتِ حَتّٰى إِذَا حَضَرَ أَحَدَهُمُ الْمَوْتُ قَالَ إِنِّي تُبْتُ الْآنَ۔ (النساء۱۸) "એ લોકોની તૌબા કબૂલ નથી જેઓ (જીવનભર) બુરાઈઓ કરતા રહે છે ત્યાં સુધી કે જ્યારે તેમની મૌત આવી પહોંચી તો કહ્યું, હવે હું તૌબા કરું છું." *(નિસાઅ–૧૮)*

આ આયતમાં બુરાઈઓ, કુફ્ર તથા ગુનાહો બંનેમાં આમ છે જેમ કે તફસીરે રાઝી, કુર્તબી, બયઝાવી, કશ્શાફમાં સ્પષ્ટતા છે. (રદ્દુલ મુહતાર, ૧/૫૭૧) દુર્રે મુખ્તારમાં છે : المختار قبول توبة الياس لا ايمانه મુખ્તાર (પસંદીદા) એ છે કે જિંદગીથી નિરાશ પામેલાની તૌબા સ્વીકાર્ય છે, ઈમાન સ્વીકાર્ય નથી. એના હેઠળ શામીમાં છે : اما ايمان الياس فلا يقبل اتفاقا "એના પર એકમતિ છે કે જિંદગીથી નિરાશ પાગલોનું ઈમાન સ્વીકાર્ય નથી."

એનું સમર્થન એનાથી પણ થાય છે કે જ્યારે અબૂ તાલિબ મરી ગયા તો હઝરત અલી ખિદમતે અક્દસમાં હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આપના વૃદ્ધ ગુમરાહ કાકા મરી ગયા. ફર્માવ્યું, જાવ ! એને છુપાવી દો. હઝરત અલી કહે છે કે મેં અર્ઝ કરી, તે મુશિરક મર્યા છે. ફર્માવ્યું, જાવ ! છુપાવી દો ! અને હું જ્યારે એમને દફન કરીને પાછો આવ્યો તો ફર્માવ્યું, નહાઈ લો. *(અબૂ દાઊદ, ૨/૧૦૨ જનાઈઝ, નિસાઈ ૧/૨૮૩, જનાઈઝ)*

**શિબ્લી મહાશયની પકડ** : આ વિષયે મહાશય શિબ્લી લખે છે : પરંતુ મુહદ્દિષાના હૈસિયતથી બુખારીની આ રિવાયત જરાય દલીલને પાત્ર નથી કેમ કે છેવટ રાવી મુસૈયિબ છે જે ફતહે મક્કામાં ઈસ્લામ લાવ્યા અને અબૂ તાલિબના વખતે હાજર ન હતા. એના આધારે અલ્લામા અયનીએ આ હદીષની શરહમાં લખ્યું

ت
٢٥٨ وَاَوْصٰى بُرَيْدَةُ الْاَسْلَمِيُّ اَنْ يُّجْعَلَ فِىْ قَبْرِهٖ جَرِيْدَانِ ـ ع ـه

[તઅલીક઼ : ૨૫૮] "અને હઝરત બુરીદહ્ બિન હુસૈબ رضی اللہ عنہ એ વસિયત કરી કે તેમની કબ્રમાં ખજૂરની બે શાખો રાખવામાં આવે." (બુખારી, ૧/૧૮૧)

ت
٢٥٩ وَرَاٰى ابْنُ عُمَرَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا فُسْطَاطًا عَلٰى قَبْرِ عَبْدِ الرَّحْمٰنِ

[તઅલીક઼ : ૨૫૯] "અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ અબ્દુર્રહમાન બિન અબૂબક્ર رضی اللہ عنہ ની ક઼બ્ર પર

قَالَ انْزِعْهُ يَا غُلَامُ فَاِنَّمَا يُظِلُّهُ عَمَلُهُ ـ ع ـه

તંબૂ જોયો તો ફર્માવ્યું, હે છોકરા ! એના પર એના અમલે છાંયડો કર્યો છે." (બુખારી, ૧/૧૮૧)

છે કે રિવાયત મુરસલ છે. ઈબ્ને ઈસ્હાક઼ના રિવાયતના ક્રમમાં અબ્બાસ બિન અબ્દુલ્લાહ બિન મઅબદ અને હઝરત ઈબ્ને અબ્બાસ છે આ બંનેવ ષિક઼હ છે, પરંતુ વચ્ચેનો રાવી અહીં પણ રહી ગયો છે એના આધાર પર બંને રિવાયતોના અસ્નાદના દરજામાં જરાય ફરક નથી. *(સીરતુન્નબી, ૧/૨૪૮)*

**અલ્લાહની તૌફીક઼થી હું કહું છું :** અલ્લામાને ખબર હોવી જોઈએ કે તમામ મુહદ્દિષોનો એના પર ઈત્તેફાક (એકમતિ) છે કે સહાબાએ કિરામની મુરસલ હદીષ હુજ્જત છે અને આપના કથનાનુસાર આપના ઈબ્ને ઈસ્હાક઼ની રિવાયતમાં જો કોઈ છૂટયો છે તો અબ્બાસ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને મઅબદ અને હઝરત ઈબ્ને અબ્બાસના દરમ્યાન છૂટેલ છે. અને અબ્બાસ ઈબ્ને અબ્દુલ્લાહ તાબઈ છે. અને તાબઈથી જે રિવાયત મુન્ક઼તઅ હોય એના બારામાં મુહદ્દિષોનો મતભેદ છે. જમહૂર મુહદ્દિષો એને હુજ્જત (દલીલપાત્ર) નથી માનતા. વળી સઈદ બિન મુસૈયિબવાળી ખરાબી આમાં પણ છે કે રાવી હઝરત ઈબ્ને અબ્બાસ છે જે અબ્દુલ મુત્તલિબની વફાતના સમયે મૌજૂદ ન હતા. તો તમારા જ કથનાનુસાર આપની એક ખરાબીમાં બંનેવ શરીક છે. અને ઈબ્ને ઈસ્હાક઼ની રિવાયતમાં અધિક ઈન્કે઼તાઅ (કટ થયેલ હોવું) છે, પછી જરાય તફાવત કેમ નથી ?

જો કે આપને ધોકો થયો, ઈબ્ને ઈસ્હાક઼ની રિવાયતમાં ઈન્કિ઼તાઅ નથી વચ્ચેનો રાવી મજહૂલ છે તેનું નામ વર્ણન થયેલ નથી. કેવળ એટલુ છે કે તેમણે અમુક પોતાના ખાનદાનવાળાઓથી રિવાયત કરી. રાવીની જેહાલત પણ ટીકાને પાત્ર છે, તો પણ એક ખામી અધિક રહી. તદ્ ઉપરાંત આપે ખૂદ પ્રસ્તાવનામાં ઈબ્ને ઈસ્હાક઼ના બારામાં લખ્યું, "તેમના ષિક઼હ તથા ગૈરષિક઼હ હોવાની નિસ્બતે મુહદ્દિષોમાં મતભેદ છે. ઈમામ માલિક એમના સખત વિરોધી છે." (સીરતુન્નબી, ૧/૨૩) અને ઈમામ બુખારીનું ઉચ્ચકક્ષાના ષિક઼હ હોવું એકમતિ સાથે છે પછી બંનેની રિવાયતમાં જરાય ફરક કેમ નથી ?!

## તઅલીક઼ : ૨૫૮ની સમજૂતી

આ તઅલીક઼ને ઈબ્ને સઅદે સનદે મુત્તસિલની સાથે વર્ણન કરેલ છે. મોટા ભાગની રિવાયત فی قبرہ છે પણ મુસલમાનની રિવાયત علیٰ قبرہ છે. એના પર સંપૂર્ણ ચર્ચા ભાગ–૨, પેજ–૧૦૪થી ૧૦૮માં થઈ ચૂકી છે.

## તઅલીક઼ : ૨૫૯ની સમજૂતી

આ અષરને ઈબ્ને સઅદે મૌસૂલન વર્ણન કરેલી છે. આ સાહબઝાદા ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ના ગુલામ હતા. ઈબ્ને સઅદમાં જ છે કે જ્યારે ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ તંબૂ ઉખાડવા કહ્યું તો એ ગુલામે અર્ઝ કરી, મારી માલિકણ મારશે. એમાં જ અવનના તરીક઼ાથી છે : લોકો ગૂ તૂવામાં જ્યારે હઝરત અબ્દુર્રહમાનના

| | |
|---|---|
| وَقَالَ خَارِجَةُ بْنُ زَيْدٍ رَأَيْتُنِي وَنَحْنُ شُبَّانٌ فِي زَمَنِ عُثْمَانَ وَ | ت ۲۶۰ |
| "અને ખારિજા બિન ઝયદે કહ્યું, મેં મને પોતાને જોયો અને અમે હઝરત ઉષ્માનના | **[તઅલીક઼ : ૨૬૦]** |

شَدَّنَا وَثْبَةً الَّذِي يَثِبُ قَبْرَ عُثْمَانَ بْنِ مَظْعُونٍ حَتَّى يُجَاوِزَهُ

*જમાનામાં યુવાન હતા. અમારામાં સૌથી લાંબી છલાંગ લગાડનાર તે હતો જે ઉષ્માન*

*બિન મઝઊનની ક઼બ્રને ફલાંગી જતો." (બુખારી, ૧/૧૮૨)*

| | |
|---|---|
| وَقَالَ عُثْمَانُ بْنُ حَكِيمٍ أَخَذَ بِيَدِي خَارِجَةُ فَأَجْلَسَنِي عَلَى قَبْرٍ وَ | ت ۲۶۱ |
| "અને ઉષ્માન બિન હકીમે કહ્યું, ખારિજાએ મારો હાથ પકડીને એક ક઼બ્ર પર બેસાડયો | **[તઅલીક઼ : ૨૬૧]** |

أَخْبَرَنِي عَنْ عَمِّهِ يَزِيدَ بْنِ ثَابِتٍ قَالَ إِنَّمَا كُرِهَ ذٰلِكَ لِمَنْ أَحْدَثَ عَلَيْهِ

*અને પોતાના કાકા યઝીદ બિન ષાબિતથી રિવાયત કરતાં બતાવ્યું કે તેમણે કહ્યું છે, ક઼બ્ર પર*

*એણે બચવું મકરૂહ છે જે એના પર ઝાડા પેશાબ કરે." (બુખારી, ૧/૧૮૨)*

દફનથી ફ઼ારિગ થઈ ગયા તો હઝરત ઉમ્મુલ મો'મિનીન તશરીફ લાવ્યાં અને તેમની ક઼બ્ર પર તંબૂ તણાવ્યો અને એક શખ્સને ત્યાં નિયુક્ત કર્યા અને ચાલ્યાં ગયાં. એનો સાફ મતલબ એ છે કે તે એને જાઈઝ જાણતાં હતાં. શક્ય છે હઝરત ઉમ્મુલ મો'મિનીને એ તંબુ એટલા માટે ખેંચાવ્યો હોય કે એમાં લોકો આરામની સાથે તેમના માટે ઈસ્તિગફ઼ારની દુઆ કરે. આ નિય્યતથી ક઼બ્રો પર તંબુ અન ઈમારતો બનાવવી વિના શંકાએ જાઈઝ છે, જેમ કે વર્ણન થઈ ચૂક્યું. હઝરત ઈબ્ને ઉમર એનાથી માહિતગાર ન રહ્યા હોય એટલા માટે ઉખેડવાનો હુકમ આપ્યો. અલ્લામા અયનીએ અમુક શારેહીનથી નક઼લ કર્યું કે ક઼બ્ર પર તંબૂ કોઈ યોગ્ય હેતુસર હોય, દા.ત. તડકાથી બચવાના માટે તો જાઈઝ છે અને મૈયત પર સાયો કરવાની નિય્યતથી હોય તો મના છે.

## તઅલીક઼ : ૨૬૦ની સમજૂતી

આ તઅલીક઼ને ઈમામ બુખારીએ તારીખે સગીરમાં મૌસૂલન વર્ણન કરી છે. ખારિજા બિન ઝયદ અન્સારી, ષિક઼ાત તાબઈ અને ફુક઼હાએ સબઆમાંથી છે.

## તઅલીક઼ : ૨૬૧ની સમજૂતી

એને મુસદ્દદે મુસ્નદે કબીરમાં મૌસૂલ કરી. એમાં એ તફસીલ છે કે ઉષ્માન બિન હકીમે હઝરત ખારિજાથી આ હદીષ બયાન કરી કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ ફર્માવ્યું છે, મને અંગારા પર બેસવું તે મારા ગોશ્તના સિવાયને સળગાવીને મારા સુધી પહોંચી જાય એ અધિક પસંદ છે એના કરતાં કે હું ક઼બ્ર પર બેસું. તો ખારિજાએ એમનો હાથ પકડયો અને ક઼બ્ર પર બેસાડયા.

وَقَالَ نَافِعٌ كَانَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يَجْلِسُ عَلَى الْقَبْرِ ت ٢٦٢

*"અને નાફેઅએ કહ્યું કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما કબ્ર પર બેસતા હતા."* **[તઅલીક઼ : ૨૬૨]**

*(બુખારી, ૧/૧૮૨)*

## તઅલીક઼ : ૨૬૨ની સમજૂતી

આ અષરને ઈમામ તહાવીએ મુત્તસિલ સનદ સાથે વર્ણન કરેલ છે.

**પ્રકરણની સ્પષ્ટતા :** આ તઅલીક઼ો પર આ પ્રકરણ છે : "ક઼બ્ર પર ખજૂરની ડાળી રાખવી જાઈઝ છે કે નહીં ?" એના હેઠળ પાંચ અષરો અને હદીષ–૧૫૯ લાવ્યા છે જે બીજા ભાગમાં વર્ણન થઈ ચૂકી છે. જેમાં એ વર્ણન છે કે હુઝૂરે અક઼દસ ﷺ બે એવી ક઼બ્રોથી પસાર થયા જેમના પર અઝાબ થઈ રહ્યો હતો તો ખજૂરની ડાળી મંગાવીને બંનેવ પર રાખી અને ફર્માવ્યું, જ્યાં સુધી આ સૂકાશે નહીં તેમના અઝાબમાં ઘટાડો થશે. હઝરત બુરીદાની વસિયત અને હદીષથી સાબિત થઈ ગયું કે ક઼બ્ર પર ખજૂરની ડાળી રાખવી જાઈઝ છે બલ્કે મુસ્તહસન છે. પણ હવે સવાલ એ પેદા થાય છે કે પછી બાકીના આષારનો પ્રકરણ સાથે શો સંબંધ ?!

ઈમામ બુખારીનો હેતુ આ પ્રકરણથી કેવળ ખજૂરની ડાળીના રાખવાના જાઈઝ હોવા (જવાઝ) સુધી સીમિત નથી, બલ્કે એ છે કે ક઼બ્ર પર માટીના સિવાય અન્ય કોઈ વજની ચીજ રાખવી જાઈઝ છે કે નથી ? ખજૂરની ડાળી રાખવાથી અને હઝરત ખારિજા તથા હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ના અમલથી સાબિત થઈ ગયું કે જાઈઝ છે, એ જ પ્રમાણે એને ફલાંગવી પણ જાઈઝ છે, અલ્બત્ત ક઼બ્ર પર ઝાડુ પેશાબ કરવુ મના છે, અને તંબૂ તાણવો પણ મના છે જ્યારે કે એનાથી કોઈ યોગ્ય હેતુ સંબંધિત ન હોય. એને બીજા શબ્દોમાં આ રીતે રજૂ કરો કે પ્રકરણનો હેતુ એ છે કે ક઼બ્ર પર શું જાઈઝ છે શું નાજાઈઝ.

**ક઼બ્ર પર બેસવું નાજાઈઝ છે :** રહી ગયું એ કે ક઼બ્ર પર બેસવું જાઈઝ છે કે નહીં ? તો અહનાફ (હનફીઓ)નો મુખ્તાર (પસંદીદા) મઝહબ એ છે કે નાજાઈઝ છે. મુસ્લિમ શરીફ (૧/૩૧૨)માં અબૂ દાઊદ શરીફ (૨/૧૦૪)માં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **કોઈ અંગારા પર બેસે અને તે એનાં કપડાંને સળગાવીને ચામડી સુધી પહોંચી જાય એ એનાથી બેહતર છે કે કોઈ ક઼બ્ર પર બેસે.** તેમજ મુસ્લિમ (૧/૩૧૨), અબૂ દાઊદ (૨/૧૦૪) અને ઈમામ તિર્મિઝી (૧/૧૨૫), ઈમામ તહાવી (શરહે મઆનિયુલ આષાર, ૧/૨૪૮)એ હઝરત અબૂ મરષદ ગનવી رضی اللہ عنہ થી રિવાયત કરી કે મેં રસૂલુલ્લાહ ﷺ ને એ ફર્માવતાં સાંભળ્યા, "ક઼બ્રની તરફ નમાઝ ન પઢો અને ન એના પર બેસો." ઈમામ અહમદ (ઉમ્દતુલ ક઼ારી, ૮/૧૫૪) અને ઈમામ તહાવી (૧/૨૪૮)એ હઝરત અમ્ર બિન હઝમ رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ એ મને ક઼બ્ર પર બેઠેલો જોયો તો ફર્માવ્યું, "ક઼બ્રથી ઉતર ! ન તું ક઼બ્રવાળાને ઈજા આપે અને ન તે તને ઈજા આપે." ફત્હુલ ક઼દીર (૨/૧૦૨)માં છે કે, "ક઼બ્ર પર બેસવું અને એને (પગોથી) કચડવી મકરૂહ છે." રદ્દુલ મુહ્તાર (૧/૬૦૬)માં છે કે ખઝાનતુલ ફતાવામાં છે કે હઝરત ઈમામ અબૂ હનીફાથી મરવી છે કે ક઼બ્રને કચડવામાં ન આવે પણ જરૂરત પ્રમાણે, અને દૂરથી ઝિયારત કરવામાં આવે, ન ક઼બ્ર પર બેસવામાં આવે. જો એવું કર્યું તો મકરૂહ છે." અને હિલ્યાથી નક઼લ ફર્માવ્યું કે નવાદિરે તોહફાએ બદાએઅ, મુહીત વગેરેમાં છે કે ઈમામ અબૂ હનીફાએ ક઼બ્રને કચડવાથી, એના પર બેસવાથી, એના પર સૂવાથી અને જાજરૂ કરવાથી મના ફર્માવ્યું છે. દુર્રે મુખ્તારમાં છે કે, **"ક઼બ્રસ્તાનના નવા રસ્તા પર ચાલવું મકરૂહ છે. ત્યાં સુધી કે જો આપણા સગાની ક઼બ્ર સુધી ક઼બ્રને કચડયા વિના ન જઈ શકે તો ન જાય."**

**કશ્મીરી મહાશયની પકડ :** ફયઝુલબારીમાં છે કે ક઼બ્ર પર બેસવું મકરૂહે તહરીમી છે, ઈબ્ને હુમામ

حدیث ۷۹۳ عَنْ عَلِیٍّ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ كُنَّا فِیْ جَنَازَةٍ فِیْ بَقِیْعِ الْغَرْقَدِ

''હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું, બક઼ીઅ ગરક઼દમાં અમે એક જનાઝામાં હતા કે **[હદીષ : ૭૯૩]**

فَاَتَانَا النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ فَقَعَدَ وَقَعَدْنَا حَوْلَهُ وَمَعَهُ مِخْصَرَةٌ

નબી صلی اللہ علیہ وسلم અમારી પાસે તશરીફ લાવ્યા અને બેઠા અને અમે હુઝૂરની આસપાસ બેઠા અને હુઝૂરની સાથે

فَنَكَّسَ فَجَعَلَ یَنْكُتُ بِمِخْصَرَتِهٖ ثُمَّ قَالَ مَا مِنْكُمْ مِنْ اَحَدٍ اَوْ مَا مِنْ نَفْسٍ

એક લાકડી હતી. હુઝૂરે પોતાનું સરમુબારક ઝુકાવી લીધું અને પોતાની લાકડી વડે જમીન ખોતરવા લાગ્યા.

مَنْفُوْسَةٍ اِلَّا كُتِبَ مَكَانُهَا مِنَ الْجَنَّةِ وَالنَّارِ وَاِلَّا قَدْ كُتِبَتْ شَقِیَّةً اَوْ سَعِیْدَةً

પછી ફર્માવ્યું, તમારામાંથી દરેક વ્યક્તિ, અથવા ફર્માવ્યું દરેક મખ્લૂક઼ની જગા જન્નત અને દોઝખમાં

فَقَالَ رَجُلٌ یَا رَسُوْلَ اللّٰهِ اَفَلَا نَتَّكِلُ عَلٰی كِتَابِنَا وَنَدَعُ الْعَمَلَ فَمَنْ كَانَ

લખવામાં આવી ચૂકી છે, અને એ પણ કે તે બદ્‌બખ્ત છે અથવા નેકબખ્ત. એના પર એક જણે અર્ઝ કરી, યા

مِنَّا مِنْ اَهْلِ السَّعَادَةِ فَسَیَصِیْرُ اِلٰی عَمَلِ اَهْلِ السَّعَادَةِ وَاَمَّا مَنْ كَانَ مِنَّا

રસૂલુલ્લાહ ! صلی اللہ علیہ وسلم પછી કેમ ન આપણા લખેલા પર ભરોસો કરી લઈએ અને અમલ છોડી દઈએ ?! જે

مِنْ اَهْلِ الشَّقَاوَةِ فَسَیَصِیْرُ اِلٰی عَمَلِ اَهْلِ الشَّقَاوَةِ قَالَ اَمَّا اَهْلُ السَّعَادَةِ

સઆદતમંદ (ખુશનસીબ) હશે તે નેક બખ્તો જેવો અમલ કરવા લાગશે અને જે બદ્‌બખ્ત હશે તે બદબખ્તો

فَیُیَسَّرُوْنَ لِعَمَلِ السَّعَادَةِ وَاَمَّا اَهْلُ الشَّقَاوَةِ فَیُیَسَّرُوْنَ لِعَمَلِ الشَّقَاوَةِ ثُمَّ

જેવો અમલ કરશે ! ફર્માવ્યું કે નેકબખ્તોને નેકબખ્તોના અમલ કરવાની તૌફીક આપવામાં આવે છે,

رحمۃ اللہ علیہની નજીક જેમ કે ફતહમાં છે.

**હું કહું છું** : હાફિઝ નબાશદવાળી વાત અહીં પણ છે. એનો સાફ સાફ મતલબ એ છે કે ફત્હુલ ક઼દીરમાં મકરૂહે તહરીમી હોવાની સ્પષ્ટતા છે, જ્યારે કે એવું નથી ! ફત્હુલ ક઼દીરમાં કેવળ મકરૂહ લખ્યું છે, તહરીમી કે તન્ઝીહીની સ્પષ્ટતા નથી. પછી એવું કહેવું કઈ રીતે દુરુસ્ત થશે કે ઈમામ ઈબ્ને હુમામની નજીક મકરૂહે તહરીમી છે. એ જુદી વાત છે કે ઈન્દલ ઈત્લાક઼ કરાહતથી તેહરીમ મુરાદ થાય છે અને ઈમામ ઈબ્ને હુમામે મુત્લક઼ન (બેકૈદ) મકરૂહ ફર્માવ્યું છે, તો એનાથી તેહરીમી કરાહત સમજાય છે, પરંતુ ક્યારેક એવું પણ થાય છે કે મુત્લક કરાહતથી તન્ઝીહી પણ મુરાદ હોય છે.

**સમજૂતી : ૭૯૩**

આ હદીષ એની દલીલ છે કે તક઼દીરનો મસ્અલો હક્ક઼ છે. બંદા દુનિયામાં આવ્યા પછી જે એતેક઼ાદ (અક઼ીદો) રાખવાના હતા, તેને અલ્લાહ તઆલા પોતાના ક઼દીમ અજલી (હમેશાના) ઈલ્મથી જાણતો હતો એના પ્રમાણે

قرأ فاما من أعطى واتقى-الاية ع‍ه

*બદબખ્તોને બદબખ્તોના અમલ મયસ્સર થશે. પછી હુઝૂરે આ આયતે કરીમા તિલાવત કરી : પરંતુ તે જેણે અલ્લાહની રાહમાં આપ્યું અને પરેહઝગારી અપનાવી અને સૌથી સારી વાતનું સમર્થન કર્યું તો અમે તેને આસાની પૂરી પાડીશું, અને તે જેણે કંજૂસાઈ કરી અને બેપરવા બનેલો રહ્યો અને સૌથી સારી વાતને જૂઠલાવી અમે તેને ખૂબ જ જલ્દી મુશ્કેલી પૂરી પાડીશું."*

*(બુખારી ૧/૧૮૨, ૨/૯૧૮ તફસીરે સૂરતુલ્લૈલ, ૨/૯૭૭ અલ્ કદર, મુસ્લિમ–કદર, અબૂ દાઊદ–અસ્સુન્નહ, તિર્મિઝી–કદર, નિસાઈ–તફસીર, ઈબ્ને માજહ–અસ્સુન્નહ)*

حديث ٧٩٤ عن أبي قلابة أن ثابت بن الضحاك رضي الله تعالى عنه و

**[હદીષ : ૭૯૪]** *"અબૂ કલાબાથી રિવાયત છે કે હઝરત ષાબિત બિન ઝહાક رضي الله عنه જે અસ્હાબે*

كان من أصحاب الشجرة حدثه أن رسول الله صلى الله تعالى عليه وسلم قال

*શજરામાંથી હતા એમનાથી હદીષ બયાન કરી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,* ***જે ઈસ્લામના સિવાય કોઈ***

من حلف على ملة غير الاسلام فهو كما قال وليس على ابن آدم نذر فيما

***દીન પર હોવાની જૂઠી કસમ ખાય તે એવો જ છે જેવું કહ્યું,*** *અને માણસ જેનો માલિક નથી એમાં*

لا يملك ومن قتل نفسه بشيء في الدنيا عذب به يوم القيمة ومن لعن

*મન્નત નથી. અને જે ચીજ વડે પોતાને કત્લ કરશે તેના વડે કયામતના દિવસે અઝાબ આપવામાં આવશે.*

લખી આપ્યું. એની સંપૂર્ણ વિગત "હદીષે જિબ્રઈલ" ભાગ : ૧માં વર્ણન થઈ ચૂકી છે, વાંચકો એને જોઈ લે. આ હદીષથી સાબિત થયું કે કબ્રની પાસે વઅઝ તથા નસીહત કરવી, દીની વાતો મુસ્તહસન છે, અને અધિક મુનાસિબ એ છે કે મૌત તથા કબ્ર, હિસાબ, કિતાબ, કયામત, આખેરતની બાબતોની વાતો કરવામાં આવે.

لليسرى : આ આયતમાં "યુસ્રા"થી જન્નત અને "ઉસ્રા"થી દોઝખ મુરાદ છે જેવું કે જલાલૈનમાં છે. મતલબ એ છે કે અમે મો'મિન મુત્તકીને એવા અમલોની તૌફીક આપીશું જે જન્નત પ્રાપ્તિના ઝરીયા છે, અને કાફિર, બખીલ, બદ્કારને એવા બદ્ અમલોની જે જહન્નમમાં લઈ જનાર છે.

## સમજૂતી : ૭૯૪

પહેલી હદીષ કિતાબુલ્ અદબની રિવાયત અધિક વિગતવાર તથા સમૃદ્ધ હતી. એટલા માટે અમે એને અહીં લીધી. અહીં **كاذبا متعمدا** અધિક છે. **من حلف على ملة غير الاسلام**નો મતલબ એ છે કે તે એ પ્રમાણે કસમ ખાય કે જો હું જૂઠો છું તો યહૂદી થાઉં કે નસ્રાની થાઉં કે હિંદુ થાઉં. આ હદીષના જાહેરથી એ જ ભાવાર્થ થાય છે કે જો તે ખરેખર જૂઠો છે તો યહૂદી કે નસ્રાની થઈ જશે, અને એ જ ઘણા ઉલમાનો મઝહબ છે.

સહીહ એ છે કે એમાં વિગતે ચર્ચા છે. જો હાલિબ એટલે કસમ ખાનારાનો અકીદો હોય કે જો તે જૂઠો છે અથવા ભવિષ્યમાં આ કસમ પછી કસમ તોડશે તો કાફિર થઈ જશે. તો જૂઠી કસમ ખાવા પર અથવા ભવિષ્યમાં

مُؤْمِنًا فَهُوَ كَقَتْلِهٖ وَمَنْ قَذَفَ مُؤْمِنًا بِكُفْرٍ فَهُوَ كَقَتْلِهٖ ـ ع

*અને મો'મિન પર લઅનત કરવી તેના કત્લના સમાન છે અને કોઈ મુસલમાનને કાફિર કહેવો તેને મારી નાખવાના જેમ છે."*

*(બુખારી, ૨/૮૯૩, અદબ, ૨/૯૦૧, ૨/૯૮૪, અલ્ ઈમાન, ૧/૧૮૨ જનાઈઝ, મુસ્લિમ–ઈમાન, તિર્મિઝી–નુઝૂર, નિસાઈ–ઈમાન, ઈબ્ને માજહ–કફ્ફારાત, મુસ્નદે ઈમામ અહમદ, ૪/૩૩)*

حدیث ٧٩٥ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું કે નબી ﷺ એ ફર્માવ્યું, જે પોતાનું ગળુ ઘોંટીને* **[હદીષ : ૭૯૫]**

عَلَیْهِ وَسَلَّمَ اَلَّذِیْ یَخْنُقُ نَفْسَهٗ یَخْنُقُهَا فِی النَّارِ وَالَّذِیْ یَطْعَنُهَا یَطْعَنُهَا

*(ફાંસી ખાઈને) મરશે તે જહન્નમમાં પણ પોતાનુ ગળુ ઘોંટતો રહેશે. અને જે પોતાને નેજો (ભાલો)*

فِی النَّارِ ـ ع

*ભોંકીને મરશે તે જહન્નમમાં પણ પોતે પોતાને નેજો ભોંકતો રહેશે." (બુખારી, ૧/૧૮૨, ૨/૮૬૦ અત્તિબ્બ)*

કસમ તોડવા પર તે કાફિર થઈ જશે અને જો એની માન્યતા (અકીદો) એવી છે કે કાફિર ન થશે તો નહીં થાય. *(દુર્રે મુખ્તાર, ભાગ : ૩ તથા રદ્દુલ મુહ્તાર, પેજ : ૫૫)*

**لیس علیٰ ابن آدم** : એનો મતલબ એ છે કે **કોઈ એવી મન્નત માને કે જો મારો પુત્ર પરદેશથી આવી જાય તો ઝયદનુ ઘર મસ્જિદ માટે વકફ છે.** એ **મન્નત નિરર્થક છે.** એટલે **એવી ચીજની મન્નત માની જે બીજાની માલિકીમાં હોય તો નિરર્થક છે. પરંતુ જો એવી મન્નત માની કે જો મારું ફલાણુ કામ થઈ જાય તો હજાર રૂપિયા ખૈરાત કરીશ. તો એ મન્નત સહીહ છે,** ભલે તે વખતે એની માલિકીમાં હજાર રૂપિયા ન હોય. એટલા માટે કે એની શક્યતા છે કે તે ભવિષ્યમાં હજાર રૂપિયાનો માલિક થઈ જાય.

**من لعن مومنا** : "લઅનત"નો અર્થ **અલ્લાહની રહમતથી હમેશાં હમેશાંની માટે મેહરૂમ** થવાનો છે. મો'મિન કેટલો પણ ગુનેહગાર હોય તે કદી ન કદી નજાત મેળવીને જન્નતમાં જશે. એટલા માટે કોઈ મો'મિન પર લઅનત કરવાનો મતલબ એ છે કે એ કહેવામાં આવી રહ્યું છે કે તે અલ્લાહની રહમતથી હમેશાં હમેશાં માટે મેહરૂમ છે, એ જાણે કે તેને કત્લ કરવું છે. જેવી રીતે કત્લ થનાર હમેશાં હમેશાંના માટે દુનિયવી જિંદગીથી મેહરૂમ થઈ જાય છે.

**و من قذف مومنا** : કોઈની પર ઝિનાનો આક્ષેપ મૂકવો તેની ઈજ્જત તથા આબરૂને બર્બાદ કરવું છે. અને જેની ઈજ્જત આબરૂ બર્બાદ થઈ જાય તે જાહેરી રીતે જીવતો તો રહે છે પણ મુર્દાની જેમ, તેની કોઈ પ્રતિષ્ઠા નથી હોતી. એટલા માટે **કોઈના પર ઝિના જેવી બેહયાઈનો આક્ષેપ એ એના કત્લના સમાન છે.**

**સમજૂતી : ૭૯૫** કિતાબુત્તિબમાં આ હદીષ ઝકવાનના તરીકાથી અધિક વિગતવાર આ પ્રમાણે છે : જે પોતે પોતાને પહાડ પરથી ફેંકીને મારી નાખે તો તે જહન્નમની આગમાં પોતાને ફેંકતો રહેશે હમેશાં હમેશ, જે ઝહેર ચાટીને પોતાને કત્લ કરશે તો જહન્નમની આગમાં તેના હાથમાં તે ઝહેર રહેશે જેને હમેશાં હમેશ ચાટતો રહેશે. અને જે શખ્સ પોતે પોતાને લોખંડ વડે મારી નાખશે તો એ લોખંડ તેના હાથમાં રહેશે જહન્નમની

حدیث ۷۹۶ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا عَنْ عُمَرَ ابْنِ الْخَطَّابِ

''હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત ઉમર બિન ખત્તાબ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ થી **[હદીષ : ૭૯૬]**

رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اَنَّہٗ قَالَ لَمَّا مَاتَ عَبْدُ اللّٰہِ بْنُ اُبَیِّ بْنِ سَلُوْلَ دُعِیَ لَہٗ

રિવાયત કરે છે કે તેમણે ફર્માવ્યું, જ્યારે અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય બિન સલૂલ મર્યો તો રસૂલુલ્લાહ ﷺ ને

رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ لِیُصَلِّیَ عَلَیْہِ فَلَمَّا قَامَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ

બોલાવવામાં આવ્યા કે એના જનાઝાની નમાઝ પઢે. પછી જ્યારે રસૂલુલ્લાહ ﷺ ઊભા થયા તો હું

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ وَثَبْتُ اِلَیْہِ فَقُلْتُ یَا رَسُوْلَ اللّٰہِ اَتُصَلِّیْ عَلَی ابْنِ اُبَیٍّ وَ

હુઝૂરની તરફ ઝડપથી વધ્યો અને અર્ઝ કરી યા રસૂલલ્લાહ ! ﷺ તમો ઈબ્ને ઉબયની જનાઝાની નમાઝ

قَدْ قَالَ یَوْمَ کَذَا وَکَذَا کَذَا وَکَذَا اُعَدِّدُ عَلَیْہِ قَوْلَہٗ فَتَبَسَّمَ رَسُوْلُ اللّٰہِ صَلَّی

પઢશો ! જ્યારે કે તેણે ફલાણા ફલાણા દિવસે આવુ આવુ કહ્યું છે ! અને હું તેનાં કથનોને ગણાવવા લાગ્યો. તો

આગમાં હમેશાં હમેશ તેને પોતાના પેટમાં ભોંકતો રહેશે.

એનો સાર એ જ નીકળ્યો કે આત્મહત્યા કરનાર જે રીતે પોતે પોતાને મારી નાખશે એ જ પ્રમાણે જહન્નમમાં તે ખૂદ પોતે પોતાને સજા આપતો રહેશે. ખૂદકશી (આત્મહત્યા) હરામ અને સખત હરામ છે, ત્યાં સુધી કે આ હદીષમાં ફર્માવવામાં આવ્યું કે તે હમેશાં હમેશના માટે જહન્નમમાં રહેશે. જો કે તેહક઼ીક઼ના આધારે આ લાંબાકાળ ને દર્શાવવા માટે કહેવામાં આવ્યું છે. **માણસ કોઈક કારણે ગભરાઈને આત્મહત્યા કરી લે છે પણ જ્યારે મૌતના પંજામાં જકડાઈ જાય છે તો હજાર જાનથી આરઝૂ કરે છે કે કોઈ રીતે બચી જાય તો ફરી આવો ક઼દમ નહીં ઉઠાવે. આ દુનિયાનો સખત અઝાબ છે અને આખેરતનો અઝાબ એનાથી પણ સખત છે.**

**સામ્યતા** : આ હદીષો પર પ્રકરણ આ છે : ''જીવ હત્યા કરનારના બારામાં જે આવ્યું છે.'' જીવ હત્યામાં એ પણ સામેલ છે જે પોતે પોતાને ખૂદ ક઼ત્લ કરે અથવા કોઈ અન્યને ક઼ત્લ કરે. હદીષમાં કેવળ પ્રથમ પ્રકારનું વર્ણન છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે બધી રીતે પૂર્ણપણે સામ્યતા જરૂરી નથી એક ભાગથી મળતાપણુ છે એ જ પૂરતુ છે. અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું : હદીષમાં પોતે પોતાને ક઼ત્લ કરનાર વિશેનો હુકમ સ્પષ્ટપણે વર્ણન થયેલો છે એના પરથી બીજાને ક઼ત્લ કરવાવાળાનો હુકમ પણ માલૂમ થઈ ગયો. એટલા માટે કે ખૂદકશીથી વધીને બીજાને ક઼ત્લ કરવું છે, તેનો આ હુકમ એનાથી અધિક કક્ષાએ હશે.

**હું કહું છું** : પણ અહીં એક સવાલ એ રહી જાય છે કે કિતાબુલ જનાઈઝમાં એના વર્ણનની શું જરૂર ? અહીં તો એ વર્ણન હોવું જોઈએ કે એને ગુસ્લ તથા કફન સુન્નત તરીક઼ાથી આપવામાં આવશે, નમાઝે જનાઝા પઢ વામાં આવશે કે નહીં ? આ હદીષથી એ બાબતોનો દૂરથી પણ કોઈ રીતે સંબંધ નથી.

**સમજૂતી : ૭૯૬** આ હદીષ હઝરત ઈબ્ને ઉમર رضی اللّٰہ عنہما ની રિવાયતથી વર્ણન થઈ ચૂકી છે. અને એના પર વિસ્તારપૂર્વક ચર્ચા થઈ ચૂકી છે, અહીં અમુક વાક્યોની સ્પષ્ટતા જરૂરી છે.

اللهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ أَخِّرْ عَنِّي يَا عُمَرُ فَلَمَّا أَكْثَرْتُ عَلَيْهِ قَالَ إِنِّي خُيِّرْتُ

રસૂલુલ્લાહ ﷺ મુસ્કુરાયા અને ફર્માવ્યું, હે ઉમર ! રહેવા દો ! જ્યારે મેં વારંવાર અર્ઝ કરી તો ફર્માવ્યું, મને

فَاخْتَرْتُ لَوْ أَعْلَمُ أَنِّي إِنْ زِدْتُ عَلَى السَّبْعِينَ يُغْفَرْ لَهُ لَزِدْتُ عَلَيْهَا قَالَ

ઈખ્તિયાર આપવામાં આવ્યો, તો મેં એક સ્થિતિ અપનાવી લીધી. જો હું જાણત કે જો સિત્તેરવારથી વધુ

فَصَلّٰى عَلَيْهِ رَسُولُ اللهِ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ثُمَّ انْصَرَفَ فَلَمْ يَمْكُثْ إِلَّا يَسِيرًا

ઈસ્તિગફાર કરીશ તો તેને બખ્શી દેવામાં આવશે તો હું વધારે કરત. હવે રસૂલુલ્લાહ ﷺએ એની નમાઝે

حَتّٰى نَزَلَتِ الْآيَتَانِ مِنْ بَرَاءَةٍ وَلَا تُصَلِّ عَلٰى أَحَدٍ مِنْهُمْ مَاتَ أَبَدًا إِلٰى قَوْلِهِ

જનાઝા પઢી પછી પરત થયા. થોડીવાર પછી સૂરએ બરાઅતની બે આયતો નાઝિલ થઈ : એમનામાંથી કોઈ

وَهُمْ فَاسِقُونَ وَلَا تَقُمْ عَلٰى قَبْرِهِ إِنَّهُمْ كَفَرُوا بِاللهِ وَرَسُولِهِ وَمَاتُوا وَهُمْ

મરી જાય તો આપ તેમની જનાઝાની નમાઝ કદી ન પઢો. અલ્લાહ ﷻના ઈર્શાદ هم فاسقون સુધી. અને ન

فَاسِقُونَ، قَالَ فَعَجِبْتُ بَعْدُ مِنْ جُرْأَتِي عَلٰى رَسُولِ اللهِ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ

તેની કબ્ર પર ઉભા રહો. તેમણે અલ્લાહ તથા તેના રસૂલની સાથે કુફ્ર કર્યું અને નાફર્માન હોવાની હાલતમાં જ

وَسَلَّمَ يَوْمَئِذٍ وَاللهُ وَرَسُولُهُ أَعْلَمُ

મર્યા. હઝરત ઉમરે કહ્યું, ત્યારબાદ તે દિવસે રસૂલુલ્લાહ ﷺની સમક્ષ હિંમત કરવા પર મને આશ્ચર્ય થયું

અને અલ્લાહ તથા તેના રસૂલ સારી રીતે જાણે છે."

(બુખારી ૧/૧૮૨, ૨/૬૭૪, તફસીરે સૂરએ બર્આત, તિર્મિઝી–તફસીર, નિસાઈ, મુસ્નદે ઈમામ અહમદ, ૧/૧૯)

**اِنِّی خُيِّرْتُ** (મને ઈખ્તિયાર આપવામાં આવ્યો) : મતલબ એ છે કે મુનાફિકોના બારામાં ફર્માવવામાં આવ્યું :–

**اِسْتَغْفِرْ لَهُمْ اَوْلَا تَسْتَغْفِرْ لَهُمْ اِنْ تَسْتَغْفِرْ لَهُمْ سَبْعِيْنَ مَرَّةً فَلَنْ يَّغْفِرَ اللّٰهُ لَهُمْ ذٰلِكَ بِاَنَّهُمْ كَفَرُوْا بِاللّٰهِ وَ رَسُوْلِهٖ وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الْفَاسِقِيْنَ۔**

"એમના માટે બખ્શિશ ચાહો કે ન ચાહો, જો તમે સિત્તેરવાર પણ તેમની બખ્શિશ ચાહશો તો અલ્લાહ ﷻ હરગિઝ બખ્શશે નહીં. અને એ કારણે કે તેમણે અલ્લાહ અને તેના રસૂલ સાથે કુફ્ર કર્યું અને અલ્લાહ નાફર્માનોને હિદાયત નથી આપતો." *(૮૦)*

જો કે આ આયતનો ફાયદો મનાઈ છે, પણ કેમ કે સ્પષ્ટ મનાઈનો નિર્દેશ નથી જેથી તેનો ફાયદો ઉઠાવતાં હુઝૂરે અક્દસ ﷺએ પોતાની શાને રહમતુલ્ લિલ્ આલમીનીના તકાઝા હેઠળ ઈન્સાનો પ્રતિ જે કમાલની રહમત તથા પ્રેમાળ ભાવ હતો તેના સબબે જનાઝાની નમાઝ પઢી. એનાથી એને તો કોઈ ફાયદો ન થયો પણ

حدیث ۷۹۷ سَمِعْتُ اَنَسَ بْنَ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰی عَنْهُ يَقُوْلُ مَرُّوْا بِجَنَازَةٍ

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવતા હતા કે લોકો એક જનાઝાને લઈને [હદીષ : ૭૯૭]

فَاَثْنَوْا عَلَيْهَا خَيْرًا فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ وَجَبَتْ ثُمَّ

પસાર થઈ રહ્યા હતા તો લોકોએ તેની અચ્છાઈ બયાન કરી તો નબી ﷺએ ફર્માવ્યું, વાજિબ થઈ ગઈ.

مَرُّوْا بِاُخْرٰی فَاَثْنَوْا عَلَيْهَا شَرًّا فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ

પછી બીજો જનાઝો લઈને પસાર થયા તો લોકોએ તેની બુરાઈ બયાન કરી, તો નબી ﷺએ ફર્માવ્યું,

**આ કરીમી શાનના પરિણામે તેની કૌમના હજાર માણસો ઈસ્લામથી પાવન થયા.**

**حَتّٰی نَزَلَتِ الْآيَتَانِ** : આ બે આયતોથી એક તો એ જ મુરાદ છે જે મતન (મૂળ લખાણ)માં મૌજૂદ છે, એટલે **لَا تُصَلِّ عَلٰی اَحَدٍ مِّنْهُمْ** બીજી કઈ આયત છે એ માલૂમ ન થઈ શક્યું. અલ્લામા અયનીએ ફર્માવ્યું, એનાથી મુરાદ એનાથી પહેલીવાળી આયતે કરીમા **اِسْتَغْفِرْ لَهُمْ اَوْ لَا تَسْتَغْفِرْ لَهُمْ** છે.

**હું કહું છું :** પણ હદીષથી જાહેર છે કે એ પહેલાં જ નાઝિલ થઈ ચૂકી હતી, એનાથી તો હુઝૂરે આ દલીલ કરી હતી કે મને ઈખ્તિયાર આપવામાં આવ્યો છે. ખૂદ અલ્લામા અયનીએ પણ **اِنِّیْ خُيِّرْتُ** હેઠળ આ આયત વર્ણવી છે. પછી એવું કહેવું કેવી રીતે દુરુસ્ત છે ? કે બીજી આયત આ છે ! હવે ક્યાં તો બે આયતો (આયતાન)થી આ આયતના બંને વિષયોને મુરાદ લેવામાં આવે, એક નમાઝે જનાઝા ન પઢવું, બીજુ કબ્ર પર ઉભા ન થવું. અથવા એવું કહેવામાં આવે કે, જેવું કે અલ્લામા જલાલુદ્દીન સિયૂતીએ ફર્માવ્યું કે પ્રથમ આયતની આખરનો હિસ્સો એટલે **ذٰلِكَ بِاَنَّهُمْ كَفَرُوْا بِاللّٰهِ وَ رَسُوْلِهٖ** છેવટ આયત સુધી, પહેલાં નાઝિલ થયો ન હતો, બાદમાં નાઝિલ થયો અને **الآيَتَان** (આયતાન)થી આ અને **وَ لَا تُصَلِّ عَلٰی اَحَدٍ** મુરાદ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**فَعَجِبْتُ** : આ ખુશીનું પ્રદર્શન છે એટલા માટે કે રસૂલુલ્લાહ ﷺની સમક્ષ હિંમત જાહેરી રીતે સારી વાત નથી પણ અલ્લાહ عزوجلએ મારું સમર્થન કરી આપ્યું. તિર્મિઝીમાં એટલુ અધિક છે કે, **"પછી એના બાદ રસૂલુલ્લાહ ﷺએ કોઈ મુનાફિક્ની ન નમાઝે જનાઝા પઢાવી અને ન કોઈ મુનાફિક્ની કબ્ર પર ઉભા રહ્યા."**

**કાફિરની નમાઝે જનાઝા :** આ હદીષથી સાબિત થયું કે **કાફિરની નમાઝે જનાઝા પઢવી, એના માટે મગફિરતની દુઆ કરવી જાઈઝ નથી, બલ્કે મુખ્તાર મઝહબના આધારે કુફ્ર છે.** રદુલ મુહ્તારમાં છે : **و قد علمت ان الصحيح خلافه فالدعاء به كفر لعدم جوازه عقلا و لا شرعا و لتكذيبه النصوص القطعية** *(ભાગ : ૧, પેજ : ૩૫૧)*

## સમજૂતી : ૭૯૭ અને ૭૯૮

તિર્મિઝીની રિવાયતમાં ટૂંકાણ છે. પ્રારંભમાં ચારને બદલે ત્રણ છે. બુખારી કિતાબુશ્શહાદાતમાં શરૂમાં એ છે કે હું મદીનામાં આવ્યો અને ત્યાં બીમારી ફેલાયેલી હતી. ત્યાંના રહેવાસી ખૂબ જ ઝડપભેર મરી રહ્યા હતા. **فاثنی علیٰ صاحبها خيرا** મોટા ભાગે ઉસૂલમાં **خيرا۔ شراً** નસબની સાથે છે, કાયદાનુસાર એ દુરુસ્ત નથી. એટલા માટે કે એ **اُثْنِیَ**નો મફઊલે માલમ યુસમ્મ ફાઈલુ હૂ છે. (એ કર્મ જેનો કર્તા વર્ણવવામાં ન આવ્યો હોય) શરહ કરનારાઓને એની સ્પષ્ટતામાં ખૂબ જ મહેનત કરવી પડી. ઈબ્ને બતાલે કહ્યું કે જાર મજરૂરને મફઊલે

وَجَبَتْ فَقَالَ عُمَرُ بْنُ الْخَطَّابِ مَا وَجَبَتْ قَالَ هٰذَا أَثْنَيْتُمْ عَلَيْهِ خَيْرًا

વાજિબ થઈ ગઈ. એના પર ઉમર બિન ખત્તાબે ફર્માવ્યું, શું વાજિબ થઈ ગઈ ?! ફર્માવ્યું, એકની અચ્છાઈ

فَوَجَبَتْ لَهُ الْجَنَّةُ وَهٰذَا أَثْنَيْتُمْ عَلَيْهِ شَرًّا فَوَجَبَتْ لَهُ النَّارُ أَنْتُمْ شُهَدَاءُ اللّٰهِ فِي الْأَرْضِ

બયાન કરી તો તેના માટે જન્નત વાજિબ થઈ ગઈ અને એકની તમે બુરાઈ બયાન કરી તો તેના માટે દોઝખ વાજિબ થઈ ગઈ. તમે લોકો જમીનમાં અલ્લાહના ગવાહ છો.''

(બુખારી ૧/૧૮૩, ૧/૩૬૦, અશ્શહાદાત, તિર્મિઝી–જનાઈઝ, નિસાઈ–જનાઈઝ)

حديث ۷۹۸ عَنْ أَبِي الْأَسْوَدِ قَالَ قَدِمْتُ الْمَدِينَةَ وَقَدْ وَقَعَ بِهَا مَرَضٌ فَجَلَسْتُ

''અબુલ અસ્વદે કહ્યું, હું મદીના આવ્યો અને ત્યાં બીમારી ફેલાયેલી હતી. **[હદીષ : ૭૯૮]**

إِلَى عُمَرَ بْنِ الْخَطَّابِ فَمَرَّتْ بِهِمْ جَنَازَةٌ فَأُثْنِيَ عَلَى صَاحِبِهَا خَيْرًا فَقَالَ

હઝરત ઉમર બિન ખત્તાબની પાસે બેઠેલો હતો એવામાં એક જનાઝો લઈને લોકો પસાર થયા તો એની

عُمَرُ وَجَبَتْ ثُمَّ مُرَّ بِأُخْرَى فَأُثْنِيَ عَلَى صَاحِبِهَا خَيْرًا فَقَالَ وَجَبَتْ ثُمَّ مُرَّ

પ્રશંસા કરવામાં આવી. તો હઝરત ઉમરે ફર્માવ્યું, વાજિબ થઈ ગઈ. તો બીજો પસાર થયો, લોકોએ એની

بِالثَّالِثَةِ فَأُثْنِيَ عَلَى صَاحِبِهَا شَرًّا فَقَالَ وَجَبَتْ فَقَالَ أَبُو الْأَسْوَدِ فَقُلْتُ وَ

પ્રશંસા કરી તો ફર્માવ્યું, વાજિબ થઈ ગઈ. પછી ત્રીજો પસાર થયો તો એની બુરાઈ કરી તો ફર્માવ્યું, વાજિબ

مَا وَجَبَتْ يَا أَمِيرَ الْمُؤْمِنِينَ قَالَ قُلْتُ كَمَا قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ

થઈ ગઈ. મેં પૂછયું, કઈ ચીજ વાજિબ થઈ ગઈ હે અમીરુલ મો'મિનીન ! ફર્માવ્યું, મેં તે જ કહ્યું છે જે નબી

أَيُّمَا مُسْلِمٍ شَهِدَ لَهُ أَرْبَعَةٌ بِخَيْرٍ أَدْخَلَهُ اللّٰهُ الْجَنَّةَ فَقُلْنَا وَثَلَاثَةٌ قَالَ وَثَلَاثَةٌ

ﷺએ ફર્માવ્યું. **જે મુસ્લિમની ભલાઈની ચાર માણસો ગવાહી આપે તેને અલ્લાહ જન્નતમાં**

فَقُلْنَا وَاثْنَانِ قَالَ وَاثْنَانِ ثُمَّ لَمْ نَسْأَلْهُ عَنِ الْوَاحِدِ۔

**દાખલ કરશે.** તો અમે અર્ઝ કરી, અને ત્રણ ? તો ફર્માવ્યું, તો ત્રણ. પછી અમે અર્ઝ કરી, અને બે ? તો ફર્માવ્યું, અને બે. એના પછી અમે એકના બારામાં નથી પૂછયું.''

અવ્વલનો અને ખયરનૂને મફઉલે ષાનીનો ક઼ાઈમ મક઼ામ કરી આપવામાં આવેલ છે. ઈમામ નવવીએ કહ્યું કે આ મન્સૂબ બનઝએ ખાફિઝ છે. અસ્લ આ હતું : **خيرا**

**اَدْخَلَهُ اللّٰهُ الْجَنَّةَ** : અલ્લાહ ﷻનો આ ઉમ્મત પર એ ખાસ કરમ છે કે પોતાના બંદાઓના મોઢેથી નીકળેલી

حدیث ۷۹۹ عَنِ الْبَرَاءِ بْنِ عَازِبٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ

"હઝરત બરાઅ બિન આઝિબ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, **[હદીષ : ૭૯૯]**

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ اِذَا اُقْعِدَ الْمُؤْمِنُ فِیْ قَبْرِهٖ اُتِیَ ثُمَّ شَهِدَ اَنْ لَّا

જ્યારે મો'મિનને પોતાની ક઼બ્રમાં બેસાડવામાં આવે છે તો એની પાસે ફરિશ્તા મોકલવામાં આવે છે. ત્યારબાદ તે

اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ فَذٰلِكَ قَوْلُهٗ یُثَبِّتُ اللّٰهُ الَّذِیْنَ اٰمَنُوْا

ગવાહી આપે છે કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી અને મુહમ્મદ અલ્લાહના રસૂલ છે. એ જ અલ્લાહ

بِالْقَوْلِ الثَّابِتِ فِی الْحَیٰوةِ الدُّنْیَا وَفِی الْاٰخِرَةِ وَزَادَ شُعْبَةُ نَزَلَتْ فِیْ عَذَابِ الْقَبْرِ - عله

جل جلاله નો ક઼ૌલ છે કે અલ્લાહ ઈમાનવાળાઓને અડગ કથન પર અડગ રાખે છે દુનિયાના જીવનમાં પણ અને આખેરતમાં પણ. શોઅબાએ આટલુ અધિક કર્યું : આ આયત અઝાબે ક઼બ્રના બારામાં નાઝિલ થઈ."

*(બુખારી ૧/૧૮૩, ૨/૬૮૨ તફસીરે સૂરએ ઈબ્રાહીમ, મુસ્લિમ–સિફતુન્નાર, અબૂ દાઊદ ષાની–સુન્નહ, તિર્મિઝી ષાની–તફસીર, નિસાઈ અવ્વલ જનાઈઝ, ઈબ્ને માજહ–ઝુહ્દ)*

વાતને ક઼બૂલ ફર્માવી લે છે. ત્યાં સુધી કે એક હદીષમાં છે જેને ઈમામ અબૂ યઅલા મૂસ્લીએ રિવાયત કરી છે કે, "જો મુસલમાન કોઈ મરનારના બારામાં એવી પ્રશંસા કરે જે એમાં ન હોય તો પણ મગફેરત ફર્માવી આપે છે." એના શબ્દો આ પ્રમાણે છે : ક્યારેક બંદાને પબ્લિક તરફથી પ્રશંસા, પર્દાપોશી અને મહોબ્બત મળે છે તો મુહાફિઝ ફરિશ્તા એવું કહે છે કે હે રબ ! તું પણ જાણે છે અને અમે પણ એનાથી ઉલ્ટુ જાણીએ છીએ જેવુ લોકો કહે છે ! તો ફર્માવશે, તમે ગવાહ થઈ જાવ કે આ જે નથી જાણતા એ મેં બખ્શી આપ્યું અને એમની સાક્ષી ક઼બૂલ કરી લીધી." *(ઉમ્દતુલ ક઼ારી, ૮/૧૯૭)*

**સમજૂતી : ૭૯૯**

**ક઼બ્રનો અઝાબ** : અઝાબે ક઼બ્ર હક્ક઼ છે એના પર એહલે સુન્નતનો ઈજમાઅ છે, અલ્બત્ત રાફઝીઓ તથા મોઅતઝલીઓ એના મુન્કિર છે. કેટલાક લોકો એવું કહે છે કે અઝાબે ક઼બ્ર ખબરે આહાદથી તો સાબિત છે પણ કુર્આન મજીદથી સાબિત નથી. એટલે ઈમામ બુખારીએ પ્રથમ કુર્આન મજીદની ત્રણ એવી આયતો વર્ણન કરી જેનાથી અઝાબે ક઼બ્ર સાબિત છે. પછી હદીષો લાવ્યા. પ્રથમ આયત સૂરએ અન્આમની છે. ઈર્શાદ છે :

وَلَوْ تَرٰی اِذِ الظّٰلِمُوْنَ فِیْ غَمَرَاتِ الْمَوْتِ وَالْمَلٰٓئِكَةُ بَاسِطُوْٓا اَیْدِیْهِمْ اَخْرِجُوْٓا اَنْفُسَكُمْ اَلْیَوْمَ تُجْزَوْنَ عَذَابَ الْهُوْنِ

"અને કાશ ! તમે જાલિમોને એ વખતે જુઓ જ્યારે તેઓ મૌતની સખ્તીમાં હોય અને ફરિશ્તા એમની તરફ હાથોને લંબાવેલા હોય (અને કહેતા હોય) કાઢો તમારી જાનોને ! આજે તમને બેઈજ્જતીનો અઝાબ આપવામાં આવશે." (૯૨)

**દલીલ** : આયતના આ હિસ્સાથી છે : اَلْیَوْمَ تُجْزَوْنَ عَذَابَ الْهُوْنِ "આજે તમને લોકોને ઝિલ્લતનો અઝાબ આપવામાં આવશે." આજથી માલૂમ પડયું કે મૌતના પછીથી જ અઝાબ શરૂ થઈ જાય છે. અને અઝાબે ક઼બ્રથી મુરાદ એ જ છે કે મૌતના પછી અને ક઼યામતથી પહેલાં આલમે બરઝખમાં અઝાબ થાય છે. એટલા માટે જે લોકો દફન ન થાય, સળગાવી દેવામાં આવે, જંગલી જાનવરો ખાઈ જાય એમના પર પણ અઝાબ થાય છે ભલે આપણે

મેહસૂસ ન કરીએ.

બીજી આયત સૂરએ તૌબાની આ છે : (سورہ توبہ۱۰۱) سَنُعَذِّبُهُمۡ مَّرَّتَيۡنِ ثُمَّ يُرَدُّوۡنَ اِلٰى عَذَابٍ عَظِيۡمٍ "ઘણા જ જલ્દી અમે તેમને બે વાર અઝાબ આપીશું ત્યારબાદ તેઓને મોટા અઝાબની તરફ ફેરવવામાં આવશે." *(૧૦૧)*

એ નિશ્ચિત છે અઝાબે અઝીમથી મુરાદ જહન્નમ છે. એનાથી પહેલાં બે વાર અઝાબથી મુરાદ એકવાર દુનિયામાં ઝલીલ અને બેઈજ્જત કરવું છે અને બીજીવારનો અઝાબ કૃબ્રનો છે.

તિબ્રાની અને ઈબ્ને અબી હાતિમે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી છે કે **રસૂલુલ્લાહ ﷺ એ જુમ્આના દિવસે ખુત્બો આપ્યો અને ફર્માવ્યું, હે ફલાણા ! નીકળી જા ! તું મુનાફિક્ છે ! હે ફલાણા ! નીકળી જા ! તું મુનાફિક્ છે ! આ પ્રમાણે સર્વ મુનાફિક્ોને મસ્જિદથી કાઢી મૂક્યા અને તેમને બેઈજ્જત કર્યા.** આ બાજુથી મુનાફિક્ મસ્જિદેથી નીકળી રહ્યા હતા અને પેલી બાજુથી હઝરત ઉમર આવી રહ્યા હતા, તેમને જોયા તો સમજ્યા કે નમાઝ થઈ ચૂકી છે, એઓ નમાઝથી ફારિગ થઈને નીકળી રહ્યા છે. નમાઝ કૃઝા થવાના એહસાસ પર શરમ આવી અને છુપાઈ ગયા. અને મુનાફિક્ોએ હઝરત ઉમરને જોયા તો શરમના માર્યા છુપાય ગયા. પછી હઝરત ઉમર મસ્જિદમાં આવ્યા તો જોયું કે હજી નમાઝ નથી થઈ. એક સાહબે હઝરત ઉમરને કહ્યું, તમને બશારત થાય ! અલ્લાહે મુનાફિક્ોને બેઈજ્જત કરી આપ્યા. હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું, કે **મસ્જિદથી બેઈજ્જત કરીને કાઢવા પ્રથમ અઝાબ હતો, અને બીજો અઝાબે કૃબ્ર છે.** એ જ હઝરત ઈમામ સુફયાન ષૌરી અને હઝરત ઈમામ સદીએ પણ ફર્માવ્યું છે.

ત્રીજી આયત સૂરએ મુઅ્મિનની છે. ઈર્શાદ છે :–

**وَ حَاقَ بِاٰلِ فِرۡعَوۡنَ سُوۡٓءُ الۡعَذَابِ اَلنَّارُ يُعۡرَضُوۡنَ عَلَيۡهَا غُدُوًّا وَّ عَشِيًّا وَّ يَوۡمَ تَقُوۡمُ السَّاعَةُ اَدۡخِلُوۡٓا اٰلَ فِرۡعَوۡنَ اَشَدَّ الۡعَذَابِ**

"અને ફિરઔનના તાબેદારોને બુરા અઝાબ આગે ઘેરી લીધા જેનાથી સવાર સાંજ સળગાવવામાં આવે છે અને કૃયામત થશે (તો) હુકમ થશે કે ફિરઔનના તાબેદારોને સખ્તતરીન અઝાબમાં ધકેલી આપે." *(સૂરએ મો'મિન, ૪૫, ૪૬)*

આ આયતમાં સ્પષ્ટપણે અઝાબે કૃબ્રનું બયાન છે, એ રીતે કે અશદુલ અઝાબથી જહન્નમનો અઝાબ મુરાદ છે જે કૃયામતના દિવસે થશે, એના પહેલાં જે અઝાબ છે તે કબ્રનો અઝાબ છે. અમે **يُعۡرَضُوۡنَ عَلَيۡهَا**નો તર્જુમો આ પ્રમાણે કર્યો, જેનાથી સળગાવવામાં આવે છે. એટલા માટે કે અલ્લામા બદરુદ્દીન અયનીએ ફર્માવ્યું :

**و عرضهم عليها احراقهم بها يقال عرض الاسارى علىٰ السيف اذا قتلتهم به عرض الاسارى علىٰ السيف يُثَبِّتُ اللّٰهُ**

"આગ પર પેશ કરવાનો મતલબ આગ વડે સળગાવવું છે. કહેવામાં આવે છે કે **عرض الاسارى علىٰ السيف** જ્યારે તું એમને તલ્વારથી કૃત્લ કરી આપે." આ આયતે કરીમામાં કૃૌલે ષાબિતથી મુરાદ શહાદતૈનનું સમર્થન અને એનો ઈક્રાર છે કે અલ્લાહ جل جلاله દુનિયામાં પણ મો'મિનોને એના પર કૃાયમ રાખે છે અને આખેરત એટલે કૃબ્રમાં પણ. આ આયતમાં ઓખરતથી કૃબ્ર મુરાદ છે, એટલા માટે કે આખેરતની મંઝિલોમાંથી કૃબ્ર પહેલી મંઝિલ છે એના પર એ કૃરીનો છે કે કાફિરનું કુફ્ર પર અડગ રહેવું કૃબ્ર સુધી જ મર્યાદિત છે, કૃયામતના દિવસે તો સૌ તૌહીદ તથા રિસાલતની હક્કૃાનિયતને સ્વીકારી લેશે.

**وَ يُضِلُّ اللّٰهُ الظّٰلِمِيۡنَ** આ આયતનો અઝાબે કૃબ્ર સાથે સંબંધ એ છે કે અંતમાં છે : **نَزَلَتۡ فِىۡ عَذَابِ الۡقَبۡرِ۔** "અને જાલિમોને અલ્લાહ ગુમરાહ કરી આપે છે જેના કારણે તેઓ નેકીરૈનના સવાલોના જવાબો આપી શક્શે નહીં અને અઝાબે કૃબ્રમાં સપડાઈ જશે." એટલે કે આ આયતમાં અઝાબે કૃબ્રનો સબબ વર્ણન થયો છે સબબથી મુસબ્બબનો સંબંધ સૌની જાણમાં છે.

حدیث ۸۰۰ حَدَّثَنِیْ نَافِعٌ اَنَّ ابْنَ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا اَخْبَرَہٗ قَالَ

[હદીષ : ૮૦૦] "નાફેએ હદીષ વર્ણન કરી કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ તેમને ખબર આપી કે નબી صلی اللہ علیہ وسلم

اِطَّلَعَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ عَلٰی اَھْلِ الْقَلِیْبِ فَقَالَ وَجَدْتُّمْ

કલીબવાળાઓ પર ઝાંક્યા અને ફર્માવ્યું, તમારાથી તમારા પરવરદિગારે જે વાયદો કર્યો હતો શું તમે તેને

مَا وَعَدَکُمْ رَبُّکُمْ حَقًّا فَقِیْلَ لَہٗ تَدْعُوْا اَمْوَاتًا قَالَ مَا اَنْتُمْ بِاَسْمَعَ مِنْھُمْ

સાચો પામ્યો ? તો હુઝૂરને અર્ઝ કરવામાં આવી, હુઝૂર ! મુડદાંઓને બોલાવો છો ?! ફર્માવ્યું,

وَلٰکِنْ لَّا یُجِیْبُوْنَ ع۵

તમે એમનાથી અધિક સાંભળનારા નથી, પણ તેઓ જવાબ નથી આપતા."

(બુખારી ૧/૧૮૩ માજાઅ ફી અઝાબિલ કબ્રે, ૨/૫૬૭, મગાઝી, મુસ્લિમ, નિસાઈ–જનાઈઝ, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૧૩૧)

## સમજૂતી : ૮૦૦ અને ૮૦૧

ઈમામ બુખારીએ આ બંનેવ હદીષોના મતનોને કિતાબુલ મગાઝીમાં એક જ સનદ સાથે એકઠા એક મતનમાં ભેગા કરી આપ્યા છે.

**قلیب** થાળા વિનાનો કૂવો, પૂરાણો કૂવો. મગાઝીમાં હઝરત અબૂ તલ્હાની હદીષમાં આ મુજબ છે : **فی طی من اطواء البدر خبیث مخبث** "બદરના કૂવાઓમાંથી એક ગંદા અંધાર્યા કૂવામાં." **طی** એ કૂવાને કહે છે જેનો કઠેરો બંધ હોય. વર્ગીકરણ એ છે કે એ પહેલાં કઠેરાવાળો હતો પછી તૂટી ગયો હતો. ૭૦ કત્લ થયેલાઓમાંથી ૨૪ને જે કુરૈશના રઈસો હતા તેમને એક આ કૂવામાં ફેંકાવ્યા હતા અને બાકીનાઓને બીજી જગ્યાઓએ ફેંકાવ્યા. ઈમામ વાકેદીએ ફર્માવ્યું, આ કલીબ જેણે ખોદાવ્યો હતો એનું નામ "નાર" હતું. *(ઝુર્કાની અલલ મવાહિબ, ૧/૪૩૧)*

હુઝૂર અકદસ صلی اللہ علیہ وسلم એ કૂવાના થાળા પર ઉભા થયા અને એમનામાંથી ઉત્બા બિન રબીઆ, શયબા બિન રબીઆ, ઉમૈયા બિન ખલફ અને અબૂ જહલનું નામ લઈને પોકાર્યું અને ફર્માવ્યું. *(મુસ્લિમ ૨/૪૮૭, અલ્ જન્નહ, નિસાઈ–અવ્વલ જનાઈઝ, પેજ : ૨૯૩)* ઉમૈયા બિન ખલફ જો કે કલીબ (કૂવા)માં ન હતો પણ તેને પણ અવાજ આપ્યો, શક્ય છે કે નજીકમાં જ દબાવવામાં આવ્યો હોય.

**فقیل لہ** : આ અર્ઝ કરવાવાળા હઝરત ફારૂકે આ'ઝમ હતા જેવું કે બુખારીમાં જ મગાઝીની આ હદીષમાં છે જે હઝરત તલ્હાથી, અને મુસ્લિમ તથા નિસાઈની આ હદીષમાં જે ખૂદ હઝરત ઉમર رضی اللہ عنہ થી મરવી છે.

**મહાન ફાયદો** : મુસ્નદે ઈમામ અહમદ (૩/૨૮૭)ની એક રિવાયતમાં છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم હુઝૂર એમને ત્રણ દિવસ પછી પુકારે છે, શું તેઓ સાંભળે છે ? જ્યારે અલ્લાહ جل جلالہ ફર્માવે છે, તમારા સંભળાવવાથી મુડદાં નથી સાંભળતાં ! તો હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, એની કસમ જેના કબ્જામાં મારી જાન છે, તમે એમનાથી વધુ નથી સાંભળતા. અલ્લામા ઝુર્કાનીએ આ રિવાયત મુસ્લિમ (૧/૪૩૩)ની બતાવી છે.

عَنْ هِشَامِ بْنِ عُرْوَةَ عَنْ أَبِيهِ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ عَنْهَا قَالَتْ حديث ٨٠١

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે તેમણે ફર્માવ્યું **[હદીષ : ૮૦૧]**

إِنَّمَا قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ إِنَّهُمْ لَيَعْلَمُونَ الْآنَ أَنَّ

કે નબી ﷺએ આ પ્રમાણે ફર્માવ્યું છે, લોકો એ વખતે એવું જરૂર જાણી લેશે કે જે હું કહેતો હતો તે હક્ક છે.

مَا كُنْتُ أَقُوْلُ لَهُمْ حَقٌّ وَقَدْ قَالَ اللّٰهُ إِنَّكَ لَا تُسْمِعُ الْمَوْتَىٰ عـه

અને અલ્લાહ ﷻએ ફર્માવ્યું, તમે મુડદાંઓને સંભળાવી નથી શકતા." (બુખારી ૧/૧૮૩, ૨/૫૬૭ મગાઝી)

આયતે કરીમા 'إِنَّكَ لَا تُسْمِعُ الْمَوْتَىٰ'થી મુડદાના સાંભળવાના ઈન્કારની દલીલ લાવનારાઓના શોરને આ હદીષ મૂળમાંથી કાપી નાખે છે. વિચારો ! હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ જાહેરી શબ્દો પર નજર કરીને એને હુઝૂરે અક્દસ ﷺ સમક્ષ તિલાવત કરી તેમ છતાં હુઝૂરે અક્દસ ﷺએ ક઼સમ ખાઈને ફર્માવ્યું કે તમે એના કરતાં વધુ નથી સાંભળતા. આ એના પર નસ (દલીલ) છે કે આ આયતમાં મુડદાના સાંભળવાથી કોઈ સંબંધ નથી જેમ કે વિગતવાર ચર્ચા આવી રહી છે કે મુડદાંથી મુરાદ કાફિરો છે અથવા લા તસ્મઅથી મુરાદ સાંભળવાની ખલ્ક઼ (શ્રવણ શક્તિનું સર્જન) છે.

**ટકરાવ તથા વર્ગીકરણ :** હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ તથા ઉમ્મુલ મો'મિનીનની હદીષોમાં જાહેરી રીતે જોતાં ટકરાવ છે. આ બનાવના સમયે એ બંનેવમાં કોઈ હાજર ન હતું એટલા માટે અલ્લામા સુહૈલીનું એવું કહેવું કે હઝરત ઉમ્મુલ મો'મિનીન ઘટના સ્થળે હાજર ન હતા એટલા માટે હઝરત ઈબ્ને ઉમરની રિવાયતને પ્રાથમિક્તા છે જેઓ બનાવના સમયે હાજર હતા એ સહીહ નથી કારણ કે હઝરત ઉમ્મુલ મો'મિનીને કોઈ સહાબીથી જ સાંભળ્યું હશે. સહાબીની હદીષે મુરસલ સર્વ સહમતિએ સ્વીકાર્ય છે. શક્ય છે કે હુઝૂરે અક્દસ ﷺએ બંને વાક્યો કહ્યાં હોય, જેણે હઝરત ઈબ્ને ઉમરને બતાવ્યું તેણે છેવટનું છોડી આપ્યું હોય, જેણે ઉમ્મુલ મો'મિનીનને સંભળાવ્યું તેણે આગલુ છોડી આપ્યું. અને બારીક દષ્ટિથી જોતાં એ બે રિવાયતોમાં ટકરાવ નથી અને ઈલ્મ સાંભળવાના વિરૂદ્ધ નથી, બલ્કે ઈલ્મની સાબિતી માટે હયાતની સાબિતી જરૂરી છે અને હયાતના માટે સાંભળવું લાઝિમ છે. આ વાસ્તાથી ઈલ્મને સાંભળવું અને સાંભળવાને ઈલ્મ લાઝિમ છે જેવું કે હમણા આવી રહ્યું છે.

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماની રિવાયત બીજા અન્ય સહાબીઓથી પણ મરવી છે, દા.ત. હઝરત ઉમર, હઝરત અબૂ તલ્હા, હઝરત અનસ, હઝરત ઈબ્ને મસઊદ, હઝરત અબ્દુલ્લાહ બિન સીલાન رِضْوَانُ اللّٰهِ تَعَالَىٰ عَلَيْهِمْ أَجْمَعِيْنَ.

**મુડદાનું સાંભળવું : આ હદીષથી મુડદાના સાંભળવા વિશેની સાબિતી સ્પષ્ટપણે થઈ રહી છે અને આ જ અહલે સુન્નતનો મઝહબ છે, અલ્બત્ત મોઅતઝલા તથા વર્તમાનકાળમાં મોઅતઝલાના મુક઼લ્લિદો (પોતાને ગૈર મુકલ્લિદ કહેનારા) એનો ઈન્કાર કરે છે.** એમની દલીલ હઝરત ઉમ્મુલ મો'મિનીનનો વર્ણન થયેલ ઈર્શાદ છે. પરંતુ ઉમ્મુલ મો'મિનીને હુઝૂરે અક્દસ ﷺનો જે ઈર્શાદ નક઼લ કર્યો છે તે ખૂદ મુર્દાઓ માટે બરઝખી હયાતની નસ (દલીલ) છે. એટલા માટે કે, તેઓ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ આ ઈર્શાદ ફર્માવ્યો છે : **اِنَّهُمْ ليعلمون الآن انّ ما كنت اقول لهم حق** "એમાં કોઈ શંકાકુશંકા નથી કે તેઓ અત્યારે જાણે છે કે હું જે કહેતો હતો તે જરૂર હક્ક છે. અને ઈલ્મ, હયાતની જ શાખા છે. એટલા માટે જો એ માની

લેવામાં આવે કે તેઓ કોઈ પ્રકારની હયાત નથી ધરાવતાં તો જાણતાં કેવી રીતે ?! અને હયાત પર જ સાંભળવું આધારિત છે, જ્યારે હયાત છે તો સાંભળવું લાઝિમ થયું. તદ્ઉપરાંત હદીષ વર્ણન થઈ ચૂકી કે મુડદાં દફનથી ફારિગ થઈને પરત થનારાઓનાં પગરખાંનો અવાજ સાંભળે છે. નકીરૈન આવીને જે સવાલો કરે છે તેને સાંભળ છે. ત્યારબાદ જે કાંઈ કહે છે તેને સાંભળે છે. જો સાંભળવાની શક્તિનો ઈન્કાર કરવામાં આવે તો લાઝિમ થશે કે નકીરૈનના સવાલો નિરર્થક છે.

**આયતે કરીમાનો જવાબ :** આયતે મુબારકા اِنَّكَ لَا تُسۡمِعُ الۡمَوۡتٰى નો જવાબ તમામ હદીષના શારેહોએ આ આપ્યો છે કે મુડદાંથી મુરાદ કાફિરો છે એના પર આ આયતની આગળ પાછળનું વર્ણન ક્તઈ દલીલ છે. આ આયત કુર્આન મજીદમાં બે જગાએ છે. સૂરએ નમ્લ તથા સૂરએ રૂમમાં.

બીજી જગાએ શરૂમાં فَ (ફાઅ) છે. ઈર્શાદ છે :–

اِنَّكَ لَا تُسۡمِعُ الۡمَوۡتٰى وَ لَا تُسۡمِعُ الصُّمَّ الدُّعَآءَ اِذَا وَلَّوۡا مُدۡبِرِيۡنَ ۔ وَمَآ اَنۡتَ بِهٰدِى الۡعُمۡىِ عَنۡ ضَلٰلَتِهِمۡ اِنۡ تُسۡمِعُ اِلَّا مَنۡ يُّؤۡمِنُ بِاٰيٰتِنَا فَهُمۡ مُّسۡلِمُوۡنَ

"બેશક ! તમારો પયગામ તમારાં સંભળાવવાથી ન મુડદાં સાંભળે છે અને ન બહેરાં જ્યારે તે મોઢું ફેરવીને ભાગવા માંડે. અને ન આંધળાઓને મંઝિલ સુધી પહોંચાડી શકો છો. તમારા સંભળાવ્યે તેઓ જ સાંભળે છે જેઓ અમારી આયતો પર ઈમાન લાવે છે અને વાત માને છે." *(સૂ. નમ્લ, આ : ૮૦–૮૧)*

અહીં من يومن باٰيٰتنا થી સરખામણી નિશ્ચિત કરી રહેલ છે કે એના અગાઉ વર્ણન કરેલ موتىٰ મુર્દા, صم બહેરા, عمى આંધળાથી મુરાદ કાફિરો છે. એ જ પ્રમાણે બીજી આયતમાં ان تسمع થી મુરાદ ક્બૂલ કરવા માટે સાંભળવું છે એટલે કે કોઈ વાતને સાંભળીને માની લેવું. મતલબ એ થયો કે તમારો પયગામ સાંભળીને ક્બૂલ કેવળ એ જ લોકો કરે છે જેમના માટે ઈમાન મુક્દર છે અને જેમનામાં હક્ક્ વાત માનવાનો જઝબો છે તો એના સામે لا تسمع થી મુરાદ ક્બૂલ ન કરવું જ નિશ્ચિત છે ન કે કાનથી રસમ મુજબનું સાંભળવું. એનાથી સાબિત થઈ ગયું કે આ આયતનો મુડદાને સાંભળવા સાથે કોઈ સંબંધ જ નથી.

**રૂહુલ બયાનમાં છે :–**

هٰذه الآية واردة فى حق الكفار و قطع الطمع للنبى ﷺ فى هدايتهم فان كونهم كالموتىٰ موجب لقطع الطمع و انما شبههم بالموتىٰ لعدم انتفاعهم بما يتلىٰ عليهم من الآيات و المراد المطبوعون علىٰ قلوبهم فلا يخرج ما فيها من الكفر و لا يدخل ما لم يكن فيها من الايمان

"આ આયત કાફિરોના બારામાં છે અને નબી ﷺ ની એ ખ્વાહિશને દૂર કરવાના માટે કે તેઓ ઈમાન તથા હિદાયત ક્બૂલ કરી લે. એટલા માટે કે કાફિરોનું મુર્દાઓની જેમ હોવું એ ખ્વાહિશના ખત્મ થવાનો સબબ છે. **એમને મુર્દાઓ સાથે એટલા માટે સરખાવવામાં આવ્યા કે તેઓ એ આયતોથી જે એમના પર તિલાવત કરવામાં આવી રહી છે તેનાથી ફાયદો નથી હાંસલ કરતા.** મુરાદ એ છે કે એમનાં દિલો પર મોહર કરી દેવામાં આવી છે જેથી અંદરનું કુફ્ર ન બહાર નીકળી શકે છે ન ઈમાન અંદર જઈ શકે છે." આ વિષયની સૂ. ફાતિરમાં પણ એક આયત છે.

ફર્માવ્યું : اِنَّ اللّٰهَ يُسۡمِعُ مَنۡ يَّشَآءُ وَمَآ اَنۡتَ بِمُسۡمِعٍ مَّنۡ فِى الۡقُبُوۡرِ (سورہ فاطر ۲۲) 'બેશક ! અલ્લાહ જેને ચાહે સંભળાવે, અને તમારા સંભળાવ્યે તે નથી સાંભળતા જેઓ ક્બ્રોમાં છે." *(૨૨)*

આ આયતમાં પણ من فى القبور થી મુરાદ કાફિરો છે અને "ન સંભળાવાથી" મુરાદ મનાવી લેવું છે. અહીં પણ તેનાથી ઉપરની આયતો કરીનો છે. ઈર્શાદ :–

اِنَّمَا تُنۡذِرُ الَّذِیۡنَ یَخۡشَوۡنَ رَبَّهُمۡ بِالۡغَیۡبِ وَ اَقَامُوا الصَّلٰوةَ وَ مَنۡ تَزَكّٰی فَاِنَّمَا یَتَزَكّٰی لِنَفۡسِه وَ اِلَی اللّٰهِ الۡمَصِیۡرُ وَ مَا یَسۡتَوِی الۡاَعۡمٰی وَ الۡبَصِیۡرُ وَ لَا الظُّلُمَاتُ وَ لَا النُّوۡرُ وَلَا الظِّلُّ وَ لَا الۡحَرُوۡرُ وَ مَا یَسۡتَوِی الۡاَحۡیَآءُ وَلَا الۡاَمۡوَاتُ اِنَّ اللّٰهَ یُسۡمِعُ مَنۡ یَّشَآءُ وَ مَاۤ اَنۡتَ بِمُسۡمِعٍ مَّنۡ فِی الۡقُبُوۡرِ اِنۡ اَنۡتَ اِلَّا نَذِیۡرٌ (سوره فاطر آیت ۱۸تا۲۳)

"હે મહબૂબ ! તમારું ડરાવવું એમને જ ફાયદો આપે છે જેઓ જોયા વિના પોતાના રબથી ડરે છે. અને જે પાક તથા સાફ થયો તે પોતાના જ ભલા માટે થયો. અને સૌએ અલ્લાહની જ તરફ પરત થવાનું છે. આંધળો અને દેખતો, અંધકાર તથા પ્રકાશ, સાયો અને તેજ તડકો સરખાં નથી, મુડદાં અને જીવતા સરખાં નથી. અલ્લાહ જેને ચાહે સંભળાવે અને તમે તેમને નથી સંભળાવી શકતા જેઓ કબ્રોમાં છે અને તમે અલ્લાહના અઝાબથી ડરાવનાર છો." *(આયત ૧૮ થી ૨૩)*

દરેક સમજદાર પોતે જ ફેંસલો કરી લે કે શું પ્રારંભિક આયત અને અંતિમ આયતના હોવા છતાં કોઈ ગુંજાઈશ છે કે **من فی القبور**થી કબ્રમાં દફન થયેલ મુડદાં મુરાદ હોય ? અને એ કે જો **من فی القبور**થી મુડદાં મુરાદ હોય તો આ વાત (કલામ) કેટલી કઢંગી થઈ જશે ! પ્રથમમાં ઈમાનથી પાવન થનારા ખુશનસીબો અને એનાથી વંચિત રહેનારા બદનસીબોનું વર્ણન છે અને આખરમાં **ان انت الا نذیر** ફર્માવીને હુઝૂરે અક્દસ ﷺને તસલ્લી આપવામાં આવી કે, "તેઓ ઈમાન કબૂલ નથી કરતા તો તમે રંજમય શા માટે થાવ છો ?! તમે તો તમારું કામ કરી આપ્યું, તમારો પ્રચાર તથા તબ્લીગનો હોદ્દો તો તમે નિભાવ્યો, દિલમાં ઈમાન પેદા કરવું એ મારું કામ છે, તમે દિલમાં રંજ ન લાવો." આ વચ્ચે મુડદાના સાંભળવા તથા મુડદાના ન સાંભળવા વિશે શો બકવાસ છે ?! હવે એવું કહેવું કે **من فی القبور**થી મુડદાં મુરાદ છે એ હકીકતમાં કુર્આનમાં ધબ્બો લગાડવું છે. એટલા માટે જલાલૈન (પારા : ૨૨, ૩૬૬)માં ફર્માવ્યું :–

**وما یستوی الاحیاء و لا الاموات المؤمنون والکفار وما انت بمسمع من فی القبور ای الکفار شبهھم بالموتیٰ فلا یجیبون**

"મુડદાં અને જીવતાં સરખાં નથી, એટલે કે મો'મિનો તથા કાફિરો. અને તમારા સંભળાવ્યે એ નહીં સાંભળે જેઓ કબ્રોમાં છે એટલે કાફિરો. તેમને મુડદાં સમાન બતાવ્યા એટલા માટે તેઓ કબૂલ નહીં કરે."

અને જો ધારો કે કોઈ ભાઈને જીદ હોય કે આ આયતોમાં **موتی** અને **من فی القبور** એના હકીકી અર્થમાં જ છે અને મુરાદ કબ્રમાં પડેલાં મુડદાં છે, તો આયતે કરીમા : **فَلَمۡ تَقۡتُلُوۡهُمۡ وَ لٰكِنَّ اللّٰهَ قَتَلَهُمۡ** "હે મુસલમાનો ! તમે એમને કત્લ નથી કર્યા બલ્કે અલ્લાહે કત્લ કર્યા." અને આયતે કરીમા **وَمَا رَمَیۡتَ اِذۡ رَمَیۡتَ وَ لٰكِنَّ اللّٰهَ رَمٰی** "અને જ્યારે તમે (માટી) ફેંકી હતી, તો તમે ફેંકી ન હતી, હા ! અલ્લાહે ફેંકી હતી."ના પ્રકારથી છે. મતલબ એ થયો કે આ જે મુડદાં શરીર તમારી વાત સાંભળી રહ્યાં છે એ તમે તેમને નથી સંભળાવી બલ્કે અલ્લાહે સંભળાવી. **اِنَّ اللّٰهَ یُسۡمِعُ مَنۡ یَّشَآءُ وَمَا اَنۡتَ بِمُسۡمِعٍ مَنۡ فِی الۡقُبُوۡرِ** આ એની જ કુદરતથી થયું છે કે એ ખાલી શરીરોમાં રૂહ ફરી પ્રવેશી જેના આવતાં જ જતા રહેલા હોશ તથા હવાસ ઠીક થઈ ગયા અને તેઓ સાંભળવા લાગ્યા.

**હઝરત ઉમ્મુલ મો'મિનીનો મઝહબ** : મૃત્યુ બાદ મૈયતને ઈદરાક (સમજ) હોય છે કે નહીં, એના અનુસંધાનમાં હઝરત ઉમ્મુલ મો'મિનીનનો મઝહબ આ જ હદીષથી સાબિત છે કે તે ઈદરાક તથા ઈલ્મને સ્વીકારનારાં છે. સાફ સાફ છે કે ફર્માવ્યું, હુઝૂરે અક્દસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો છે : "બેશક ! તે આ વખતે જરૂર જાણે છે કે જે હું કહેતો હતો હક્ક છે, તે પણ એવો અઝીમુશશાન ઈદરાક કે એ કાફિરોએ દુનિયામાં જે કાંઈ સાંભળ્યું હતું તે હજી પણ એમને યાદ છે." તદ્દઉપરાંત મિશ્કાતમાં ઈમામ અહમદ તથા હાકિમના હવાલાથી મરવી છે, આપ (ઉમ્મુલ મો'મિનીન) ફર્માવે છે : "એ મકાન અર્શ આસ્તામાં જ્યાં હુઝૂરે અક્દસ ﷺ દફન છે હું સતર તથા હિજાબના ખાસ લિહાઝ વિના ચાલી જતી અને જીવમાં કહેતી, અહીં કોણ છે ? મારા પતિ અથવા

حدیث ۸۰۲ عَنِ الْبَرَاءِ بْنِ عَازِبٍ عَنْ أَبِي أَيُّوبَ رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهُمْ

"હઝરત અબૂ ઐયૂબ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી ﷺ મદીનાથી બહાર તશરીફ [હદીષ : ૮૦૨]

قَالَ خَرَجَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ وَقَدْ وَجَبَتِ الشَّمْسُ

લઈ ગયા અને સૂર્ય ડૂબી ચૂક્યો હતો તો એક અવાજ સાંભળ્યો એના પર ફર્માવ્યું, યહૂદીઓને તેમની ક઼બ્રોમાં

فَسَمِعَ صَوْتًا فَقَالَ يَهُوْدُ تُعَذَّبُ فِيْ قُبُوْرِهَاء

અઝાબ આપવામાં આવી રહ્યો છે." (બુખારી ૧/૧૮૪, મુસ્લિમ-જનાઈઝ)

પિતા ! જ્યારથી ઉમર દફન થયા, ખુદાની ક઼સમ ! હું પૂરું શરીર છુપાવ્યા વિના નથી ગઈ, ઉમરથી હયાના કારણે."

હવે જો એવું માની લેવામાં આવે કે મૈયતને કાંઈ નજર નથી આવતું તો આ હયાનો શો અર્થ ?! અને જ્યારે નજર આવવું સાબિત તો સાંભળવું એથી અધિક કક્ષાએ સાબિત ! એટલા માટે કે જ્યારે હઝરત ઉમ્મુલ મો'મિનીન દફન બાદ (મૈયતમાં જોવાની શક્તિને) જોવાને માને છે જેથી લાઝિમ થયું કે ઈદરાક માને છે અને તે એવો ઈદરાક કે જે ક઼બ્રની બહારની દુનિયવી બાબતોનો છે, તો સાંભળવાથી ઈન્કારની કોઈ ગુંજાઈશ ન રહી. એટલા માટે કે જો દરમ્યાનમાં કોઈ જાડી ચીજ આડી હોય તો જોવું અશક્ય, પણ સાંભળવું સાબિત છે. ઈમામ મુહમ્મદે કિતાબુલ આષારમાં આ હદીષ રિવાયત કરી કે હઝરત ઉમ્મુલ મો'મિનીને જોયું કે નવડાવતી વખતે એક સ્ત્રીના માથામાં સ્ત્રીએ જોરથી કાંસકી કરી રહી છે. તો ફર્માવ્યું, શા માટે તમારી મૈયતના પેશાનીના વાળ ખેંચો છો ?! આ ફર્માવવું એ કારણે હતું કે એનાથી મૈયતને તકલીફ થાય છે, અને તકલીફનો એહસાસ પણ ઈદરાક તથા ઈલ્મ છે. એ વાત કોની બુદ્ધિમાં સમાશે કે ખૂદ ઉમ્મુલ મો'મિનીન જોવાનું માને, સ્પર્શ માને અને સાભંળવા વિશેનો ઈન્કાર કરે ?! એટલા માટે મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ એ હયાતુલ મવાતમાં ફર્માવ્યું કે ઉમ્મુલ મો'મિનીનની મુરાદ એ છે કે આ શરીરો નથી સાંભળતાં એટલા માટે કે હક઼ીક઼તમાં તેઓ મુર્દા શરીરો જ છે, ક઼બ્રોમાં શરીરો જ છે. રહી ગઈ રૂહ તો તે ઝિંદા છે અને તે ક઼બ્રમાં દફન નથી, તે સાંભળે છે જુએ છે, રાહત તથા તકલીફ મેહસૂસ કરે છે, ઈલ્મ તથા ઈદરાક ધરાવે છે. જે આ વિષયે સંપૂર્ણપણે માહિતી ચાહતો હોય તે આ મુબારક રિસાલો જરૂર પઢે જે અલગથી પણ છપાયો છે અને ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૪માં પણ છપાયેલો છે.

## સમજૂતી : ૮૦૨

**يهود** અસલમાં યહૂદિય્યી હતું યા (ی)ને તખફીફ માટે હઝફ કરી દીધો, જેમ કે زنجيين તથા زنج તથા **افرنج**, એ જ લેહાઝથી એના પર અલિફ લામનું લાવવું અને لا દુરુસ્ત છે. નહીં તો અસલમાં એ મઅરફા મુઅન્નષ છે, **علم للقبيلة** જેવું કે જાહેરીએ કહ્યું. તિબ્રાનીમાં આ હદીષ આ પ્રમાણે છે : હઝરત અબૂ ઐયૂબ رضی اللہ عنہ કહે છે કે સૂર્ય ડૂબ્યા પછી હું નબી કરીમ ﷺની સાથે નીકળ્યો અને મારી સાથે પાણીનો કૂજો હતો. હુઝૂરે ક઼ઝાએ હાજત ફર્માવી અને વુઝૂ બનાવ્યું પછી ફર્માવ્યું, **જે હું સાંભળું છું તે તમે સાંભળી રહ્યા છો?** મેં અર્ઝ કરી કે **અલ્લાહ વ રસૂલ સારી પેઠે જાણે છે.** ફર્માવ્યું, **હું તે યહૂદીઓના અવાજો સાંભળી રહ્યો છું જેમને તેમની ક઼બ્રોમાં અઝાબ આપવામાં આવી રહ્યો છે.**

حدیث ۸۰۳ حَدَّثَتْنِیْ بِنْتُ خَالِدِ بْنِ سَعِیْدِ بْنِ الْعَاصِ رَضِیَ اللّٰہُ تَعَالٰی

''હઝરત ખાલિદ બિન સઈદ બિન આસનાં સાહબઝાદીએ હદીષ બયાન કરી કે [હદીષ : ૮૦૩]

عَنْهُمَا اَنَّهَا سَمِعَتِ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ وَهُوَ یَتَعَوَّذُ

તેમણે નબી કરીમ ﷺને

مِنْ عَذَابِ الْقَبْرِ ع

અઝાબે ક઼બ્રથી પનાહ માગતા સાંભળ્યા.''

(બુખારી ૧/૧૫૪, બાબુત્તઅવુઝ મિન અઝાબિલ્ ક઼બરિ, ૨/૫૪૨ બાબુત્તઅવુઝ મિન અઝાબિલ ક઼બરિ, નિસાઈ–જનાઈઝ, ૩/૨૮૭, મુસ્નદે ઈમામ અહમદ)

**સમજૂતી : ૮૦૩**

કિતાબુદ્દા'વાતમાં એટલુ અધિક છે : રાવીએ હદીષ મૂસા ઈબ્ને ઉક઼બાએ કહ્યું કે મેં ઉમ્મે ખાલિદથી સાંભળ્યું, તેમના સિવાય અન્ય કોઈથી નથી સાંભળ્યું કે એણે (આવુ) નબી ﷺથી સાંભળ્યુ હોય. ઉમ્મે ખાલિદે કહ્યું, મેં નબી ﷺને ક઼બ્રના અઝાબથી પનાહ માગતાં સાંભળ્યા છે.

આ પરથી જાણવા મળ્યું કે આ હદીષના રાવી બિન્તે ખાલિદની કુન્નિયત ઉમ્મે ખાલિદ છે આપ સહાબિયહ્ છે. આપ હબ્શામાં પેદા થયાં. તેમની સાથે હઝરત ઝુબૈર رضی اللہ عنہએ નિકાહ કરી લીધો હતો જેથી ખાલિદ તથા ઉમર પેદા થયા. તેમના વાલિદ હઝરત ખાલિદ બિન સઈદ બિન આસ બિન ઉમૈયા رضی اللہ عنہ સાબિક઼ીને અવ્વલીન (શરૂમાં મુસલમાન થનારા)માંથી છે. અમુક રિવાયતોના પ્રમાણે તેમનો નંબર પાંચમો છે. એમના ઈસ્લામ લાવવાનો સબબ એક ખ્વાબ બન્યો. તેમણે જોયું કે તે એક પહાડની ટોચ પર છે જેની નીચે આગ છે. તેમના બાપ સઈદ બિન આસે ચાહ્યું કે તેમને એમાં ફેંકી દે એવામાં રસૂલુલ્લાહ ﷺએ તેમની કમર પકડી લીધી. સવારમાં હઝરત અબૂબક્ર رضی اللہ عنہની પાસે આવ્યા અને કહ્યું, હું (મુહમ્મદ ﷺ)ની પયરવી કરીશ, એ વિના શંકાએ અલ્લાહના રસૂલ છે. તેમના બાપને જ્યારે આ ખબર મળી તો તેણે એમને ખાવા આપવાનું બંધ કરી આપ્યું અને ભાઈઓને હુકમ આપી દીધો કે એમની સાથે વાત ન કરે. એ પોતાની પત્ની બિન્તે ખાલિદ બિન અસ્અદ ખઝાઈયહની સાથે હિજરત કરીને હબ્શા ચાલ્યા ગયા. પછી ગઝવએ ખયબરના મૌક઼ા પર હઝરત જઅફર બિન અબી તાલિબ વગેરેની સાથે મદીના તયબહ પાછા આવ્યા. એમના અનુભવ માં પ્રથમ ઉમરતુલ ક઼ઝા છે. હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہના ખિલાફતકાળમાં અજનાદૈન અથવા મરજુસ્સફરમાં શહીદ થયા. તેમનાં સાહબઝાદી ઉમ્મે ખાલિદ رضی اللہ عنہاએ કહ્યું, સૌ પ્રથમ તસ્મિયહ્ (બિસ્મિલ્લાહ શરીફ) મારા વાલિદે લખી. આ સર્વ વિગત ઈસાબા, ભાગ : ૧થી લેવામાં આવી છે. એ બની ઉમૈયામાં સૌ પ્રથમ ઈસ્લામથી પાવન થયા. તેમના બે ભાઈ અબાન, અમ્ર رضی اللہ عنہم પણ ઈસ્લામની દૌલતથી માલામાલ થયા.

**ક઼બ્રના અઝાબથી પનાહ** : હુઝૂર ﷺ ઉમ્મતના ઈજમાઅથી ''મઅસૂમ'' છે. દુનિયા તથા આખેરતના દરેક અઝાબથી સુરક્ષિત છે, બલ્કે અન્યોને બચાવનારા છે. હુઝૂર ﷺનું ક઼બ્રના અઝાબથી પનાહ માગવું ઉમ્મતની તા'લીમના માટે હતું.

حدیث ۸۰۴ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ کَانَ رَسُوْلُ اللّٰهِ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ [હદીષ : ૮૦૪]

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ یَدْعُوْ اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُبِكَ مِنْ

ફર્માવ્યું, તમારામાંથી જ્યારે કોઈ મૃત્યુ પામે તો એના સમક્ષ એનું ઠેકાણુ સવાર સાંજ પેશ કરવામાં આવે છે,

عَذَابِ الْقَبْرِ وَمِنْ عَذَابِ النَّارِ وَمِنْ فِتْنَةِ الْمَحْیَا وَالْمَمَاتِ وَمِنْ

જો જન્નતી છે તો જન્નતીઓમાંથી અને જો જહન્નમી છે તો જહન્નમીઓમાંથી, અને તેને કહેવામાં આવે છે,

فِتْنَةِ الْمَسِیْحِ الدَّجَّالِ عسہ

આ તારું ઠેકાણુ છે. એવું ત્યાં સુધી થતુ રહેશે કે અલ્લાહ કયામતના દિવસે તેને કબ્રથી ઉઠાડે."

(બુખારી ૧/૧૮૪, મુસ્લિમ–સિફતુ અહલુન્નાર, નિસાઈ–જનાઈઝ)

حدیث ۸۰۵ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا اَنَّ رَسُوْلَ اللّٰهِ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, [હદીષ : ૮૦૫]

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ اِنَّ اَحَدَکُمْ اِذَا مَاتَ عُرِضَ

તમારામાંથી જ્યારે કોઈ મૃત્યુ પામે તો એના સમક્ષ એનું ઠેકાણુ સવાર સાંજ પેશ કરવામાં આવે છે,

عَلَیْهِ مَقْعَدُهٗ بِالْغَدَاةِ وَالْعَشِیِّ اِنْ کَانَ مِنْ اَهْلِ الْجَنَّةِ فَمِنْ اَهْلِ

જો જન્નતી છે તો જન્નતીઓમાંથી અને જો જહન્નમી છે તો જહન્નમીઓમાંથી, અને તેને કહેવામાં

الْجَنَّةِ وَاِنْ کَانَ مِنْ اَهْلِ النَّارِ فَمِنْ اَهْلِ النَّارِ فَیُقَالُ هٰذَا مَقْعَدُكَ

આવે છે, આ તારું ઠેકાણુ છે. એવું ત્યાં સુધી થતુ રહેશે કે અલ્લાહ

**સમજૂતી : ૮૦૪**

આ જ હદીષ થોડાક ફેરફાર સાથે ઉમ્મુલ મો'મિનીન હઝરત સિદ્દીકા رضی اللہ عنہا થી પણ મરવી છે જે વર્ણન થઈ ચૂકી, ત્યાં વિગતે ચર્ચા થઈ ચૂકી છે.

**સમજૂતી : ૮૦૫**

કબ્રમાં દિવસ, રાત, સવાર, સાંજ નથી. મુરાદ એ છે કે દુનિયાના સવાર સાંજના સમયે દરરોજ બે વાર દેખાડવામાં આવશે. આ પણ અઝાબની અતિશય ગંભીર સ્થિતિ છે જે કબ્રમાં થશે.

حتى يبعثك الله يوم القيامة عه

કયામતના દિવસે તેને કબ્રથી ઉઠાડે." (બુખારી ૧/૧૮૪, મુસ્લિમ–સિફતુ અહલુન્નાર, નિસાઈ–જનાઈઝ)

حديث ٨٠٦ عن عدي بن ثابت انه سمع البراء بن عازب رضى الله

"હઝરત બરાઅ્ બિન આઝિબ رضی اللہ عنہ એ કહ્યું કે જ્યારે હઝરત ઈબ્રાહીમનો **[હદીષ : ૮૦૬]**

تعالى عنهما قال لما توفى ابراهيم قال رسول الله صلى الله تعالى

વિસાલ થઈ ગયો તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,

عليه وسلم ان له مرضعا فى الجنة عه

તેમના માટે જન્નતમાં એક દૂધ પીવડાવનારી છે."

(બુખારી ૧/૧૮૪, ૧/૪૬૧, બદ્ઉલ ખલ્ક, ૨/૯૧૪ અલ અદબ, ઈબ્ને માજહ–અલ જનાઈઝ, મુસ્નદે ઈમામ અહમદ, ૪/૨૮૪)

حديث ٨٠٧ عن ابن عباس رضى الله تعالى عنهما قال سئل رسول الله

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી મુશ્રિકોની **[હદીષ : ૮૦૭]**

صلى الله تعالى عليه وسلم عن اولاد المشركين فقال ، الله

ઔલાદના બારામાં પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું, અલ્લાહે જ્યારે એમને પેદા કર્યા હતાં

**સમજૂતી : ૮૦૬** વર્ણન થઈ ચૂક્યું કે લગભગ અઢાર મહિનાના હતા એવામાં હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ વિસાલ કરી ગયા. કેમ કે રઝાઅતના (દૂધ પીવાના) દિવસો પૂરા થયા ન હતા. અલ્લાહ عزوجل એ તેમને એ મર્તબો અતા ફર્માવ્યો કે જન્નતમાં એમને દૂધ પીવડાવનારી દાયણ અતા કરી. આ હદીષથી સાબિત થયું કે મુસલમાનોની નાબાલિગ ઔલાદ જે મૃત્યુ પામે તે જન્નતમાં છે. એના પહેલાં હઝરત અનસ رضی اللہ عنہ ની તે હદીષ લાવ્યા છે કે જેનાં ત્રણ નાબાલિગ બાળકો મૃત્યુ પામે તેને અલ્લાહ જન્નતમાં દાખલ કરશે. અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ની હદીષ લાવ્યા જેમાં છે, આ બાળકો તેના માટે જહન્નમથી આડ બની જશે. આ બંનેવ હદીષોથી પણ સાબિત કે મુસલમાનોના નાબાલિગ બાળકો જન્નતમાં રહેશે.

**સમજૂતી : ૮૦૭** જે નાબાલિગ બાળકો મૃત્યુ પામે છે તેઓ ક્યાં રહેશે ? આ ખૂબ જ વિવાદાસ્પદ મસ્અલો છે જેમાં હમેશાંથી વિવાદ ચાલતો આવે છે. એના બારામાં નવ કથનો છે. પ્રથમ : એ અલ્લાહ عزوجل ની મરજી પર છે તે જેવો ચાહે એમની સાથે મામલો કરે. આ હમ્માદ બિન સલમા, હમ્માદ બિન ઝયદ, અબ્દુલ્લાહ બિન મુબારક તથા ઈસ્હાક્નો મઝહબ છે. બયહકીએ ખાસ કાફિરોનાં બાળકોના બારામાં ઈમામ શાફઈનો પણ આ જ મઝહબ નક્લ કર્યો છે. ઈમામ માલિકથી એના બારામાં કોઈ સ્પષ્ટ કૌલ નક્લ થયેલ નથી, પણ તેમના સાથીઓએ એ સ્પષ્ટતા કરી છે કે મુસલમાનોનાં બાળકો જન્નતમાં રહેશે અને કાફિરોનાં બાળકો અલ્લાહની મશિય્યત (મરજી) પર છે. એમની દલીલ આ જ હદીષ છે કે ફર્માવ્યું, **الله اعلم بما كانوا عاملين** "અલ્લાહ સારી રીતે જાણે છે કે તેઓ શું કરવાના હતાં." બીજું : તેઓ પોતાનાં માબાપને તાબે છે, મુસલમાનોનાં બાળકો

إِذْ خَلَقَهُمْ أَعْلَمُ بِمَا كَانُوا عَامِلِينَ ع ه

તો તે સારી રીતે જાણતો હતો કે આ શું કરશે.''

(બુખારી ૧/૧૮૫, ૨/૯૭૬, અલ્ કદર, મુસ્લિમ–અલ્ કદર, અબૂ દાઊદ–સુન્નત, નિસાઈ–જનાઈઝ)

حديث ٨٠٨ عَنْ سَمُرَةَ بْنِ جُنْدُبٍ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ قَالَ كَانَ

''હઝરત સમુરહ બિન જુન્દુબ رضی اللہ عنہ એ ફર્માવ્યું, નબી ﷺ જયારે નમાઝ **[હદીષ : ૮૦૮]**

النَّبِيُّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ إِذَا صَلَّى صَلوٰةً أَقْبَلَ عَلَيْنَا

પઢીને ફારિગ થતા તો પોતાનો ચહેરો મુબારક અમારા તરફ કરીને ધ્યાનિત થતા અને ફર્માવતા, આજે રાતે

તેમની સાથે જન્નતમાં અને કાફિરોનાં બાળકો જહન્નમમાં. એનું સમર્થન અમુક ઝઈફ હદીષોથી પણ થાય છે. આ ખારજીઓના ફિર્કા અઝારકાનો મઝહબ છે. ત્રીજુ : તેઓ જન્નત તથા દોઝખની વચ્ચે રહેશે, કેમ કે તેમણે કોઈ એવો અકીદો નથી રાખ્યો અને ન કોઈ એવો અમલ કર્યો જેના બદલામાં જન્નત કે દોઝખમાં જાય. ચોથુ : તેઓ જન્નતીઓના સેવક બનશે. એના બારામાં હઝરત અનસ તથા હઝરત સમુરહ બિનજુન્દુબ رضی اللہ عنہما થી ઝઈફ હદીષ પણ રિવાયત થઈ છે. પાંચમુ : તેઓ માટી બની જશે. આ ષમામા બિન અન્તરસથી નકલ થયેલ છે. છઠ્ઠુ : જહન્નમમાં રહેશે. સાતમુ : કયામતના દિવસે એમની પરીક્ષા લેવામાં આવશે, તેમના માટે આગ બુલંદ કરવામાં આવશે અને એમાં જવાનો હુકમ થશે. જેઓ આજ્ઞાપાલન કરશે અને એમાં દાખલ થશે તેમના પર એ આગ ઠંડી તથા સલામતીવાળી થઈ જશે અને જેઓ નાફર્માની કરશે તેમને અઝાબ આપવામાં આવશે. આઠમુ : તવક્કુફ એટલે મૌન. નવમુ : ઈમ્સાક (ચૂપ રહેવુ) આ બંનેવ મઝહબ નજીક નજીક છે.

આ મઝહબોનું બયાન હતું, પણ અલ્લામા નવવીએ (શરહે મુસ્લિમ, ૨/૩૩૭)માં ફર્માવ્યું, ઉમ્મતના વિશ્વસનીય ઉલમાનો એના પર ઈજમાઅ છે કે મુસલમાનોનાં બાળકો જન્નતમાં રહેશે. અને કાફિરોનાં બાળકોના બારામાં ત્રણ મઝહબ છે : મોટાભાગનાનો મઝહબ એ છે કે તેઓ જહન્નમમાં જશે અને એક ગિરોહે મૌન દર્શાવ્યું. અને સહીહ મઝહબ એ છે કે એઓ પણ જન્નતમાં જશે. આ જ મોહક્કિકોનો મઝહબ છે. એની દલીલ હમણા આવનારી હદીષ છે.

ઈમામ બુખારીએ અહીં પ્રકરણનું ટાઈટલ આ રાખ્યું છે : ''મુશ્રિકોની ઔલાદના બારામાં શું કહેવામાં આવ્યું ?'' એનાથી પરથી જાહેર થાય છે કે એમનો મઝહબ પણ તવકકુફ છે પરંતુ આ પ્રકરણમાં જે હદીષો લાવ્યા છે એમનામાંથી બે હદીષો દ્વારા તવકકુફ સાબિત થાય છે અને બેથી એ કે તેઓ જન્નતમાં જશે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની ચર્ચા હેઠળની હદીષ અને પ્રથમ હદીષથી તવકકુફ સાબિત થાય છે. અને હઝરત અબૂ હુરૈરહની બીજી હદીષ **كل مولود يولد على الفطرة** અને હઝરત સમુરહની હદીષથી સાબિત થાય છે કે તેઓ જન્નતમાં રહેશે, એ એના પ્રતિ નિર્દેશ છે કે એમનો મઝહબ પણ તવકકૂફ છે.

## સમજૂતી : ૮૦૮

**પરિપૂર્ણતા** : આ હદીષ અહીંયા કરતાં અન્ય પ્રકરણોમાં ટૂંકાણમાં છે. અલ્બત્ત કિતાબુત્તા'બીરમાં આનાથી પણ વધુ તફસીલ અધિક વધારા સાથે છે અલ્બત્ત થોડુક આગળ પાછળ છે. ત્યાં આલિમે બેઅમલનો કિસ્સો

بِوَجْهِهٖ فَقَالَ مَنْ رَاٰی مِنْکُمُ اللَّیْلَۃَ رُؤْیَا قَالَ فَاِنْ رَاٰی اَحَدٌ

*તમારામાંથી કોઈએ કોઈ ખ્વાબ જોયો છે ? હવે જો કોઈએ કોઈ ખ્વાબ જોયો હોય તો બયાન કરતું. એના પર*

قَصَّہَا فَیَقُوْلُ مَا شَاءَ اللّٰہُ فَسَاَلَنَا یَوْمًا فَقَالَ ہَلْ رَاٰی مِنْکُمْ رُؤْیَا

*જે અલ્લાહ ચાહતો ફર્માવતા. હુઝૂરે એક દિવસે અમને પૂછયું કે તમારામાંથી કોઈએ કોઈ ખ્વાબ જોયા છે ?*

قُلْنَا لَا قَالَ لٰکِنِّیْ رَاَیْتُ اللَّیْلَۃَ رَجُلَیْنِ اَتَیَانِیْ فَاَخَذَا بِیَدِیْ فَاَخْرَجَانِیْ

*અમે અર્ઝ કરી, નહીં ! તો ફર્માવ્યું, પરંતુ મેં આજે રાત્રે બે શખ્સોને જોયો કે મારી પાસે આવ્યા અને મારા*

اِلٰی اَرْضٍ مُقَدَّسَۃٍ فَاِذَا رَجُلٌ جَالِسٌ وَرَجُلٌ قَائِمٌ بِیَدِہٖ

*બંનેવ હાથોને પકડયા અને અર્ઝે મુક઼દ્દસ સુધી લઈ ગયા. ત્યાં એક શખ્સ બેઠો હતો અને એક શખ્સ ઉભો*

قَالَ بَعْضُ اَصْحَابِنَا عَنْ مُوْسٰی کَلُّوْبٌ مِّنْ حَدِیْدٍ یُدْخِلُہٗ فِیْ شِدْقِہٖ

*હતો. તેના હાથમાં લોખંડનો એક આંકડો (હૂક) હતો જેને તેના જડબામાં દાખલ કરીને બોચી સુધી લઈ જતો.*

حَتّٰی یَبْلُغَ قَفَاہُ ثُمَّ یَفْعَلُ بِشِدْقِہِ الْاٰخَرِ مِثْلَ ذٰلِکَ وَیَلْتَئِمُ

*પછી તેના બીજા જડબાની સાથે એવું જ કરતો અને તેનું પહેલાવાળુ જડબુ ભરાઈ જતુ ફરી પાછો વળતો અને*

شِدْقُہٗ ہٰذَا فَیَعُوْدُ فَیَصْنَعُ مِثْلَہٗ فَقُلْتُ مَا ہٰذَا قَالَا انْطَلِقْ فَا

*એ જ પ્રમાણે કરતો. મેં પૂછયું, આ શું છે ? તો એ બંનેવે કહ્યું, ચાલો ! અમે ચાલ્યા ત્યાં સુધી કે ચટ્ટા સૂતેલા*

نْطَلَقْنَا حَتّٰی اَتَیْنَا عَلٰی رَجُلٍ مُضْطَجِعٍ عَلٰی قَفَاہُ وَرَجُلٌ قَائِمٌ

*એક શખ્સની પાસે પહોંચ્યા. એક શખ્સ એની પાસે લોખંડનો પાયો અથવા પથ્થર લઈને ઉભો છે અને એના*

પહેલો છે અને જૂઠાનો બાદમાં છે અને એ વધારે છે કે તેના ગળા તથા આંખને પણ જડબાની જેમ ચીરે છે. અને ઝાનીઓ (વ્યભિચારીઓ)ના બારામાં એ છે કે ભટ્ટાની જેવી એક ઈમારતની પાસે આવ્યા એમાં શોરબકોર હતો. એમાં ઝાંકીને જોયું તો નગ્ન પુરૂષો સ્ત્રીઓ હતાં. જ્યારે તેમને આગની લપેટ (ઝાળ) પહોંચતી તો ચીસો પાડતા. અને વ્યાજખોરના બારામાં છે કે, અમે એક નદીની પાસે આવ્યા જે લોહીની જેમ લાલ હતી. એમાં એક શખ્સ તરી રહ્યો હતો એ તરતો તરતો નહેરના કિનારાવાળા પાસે આવે છે જેણે ઘણા બધા પથ્થરો એકત્ર કરી રાખ્યા છે તો તે એનું મોઢું ખોલીને તેમાં પથ્થર નાખી દે છે.

જહન્નમના માલિકના બારામાં છે કે અમે એવા ભયાનક ચહેરાવાળા પુરૂષની પાસે આવ્યા કે તમે વધુમાં વધુ ભયાનક સૂરતવાળો જોયો હશે એનાથી પણ વધુ ભયાનક હતો. પછી અમે એક ગાઢ બાગમાં ગયા જેની વચ્ચે એક એટલા ઊંચા કદવાળા શખ્સ છે કે તેમનુ માથુ વાતાવરણમાં એટલુ ઊંચુ છે કે હું તેને જોઈ ન શક્યો. એના પછી છે, અમે એવા મોટા બાગમાં પહોંચ્યા કે એનાથી મોટો તથા સારો બાગ મેં નથી જોયો. અને ચઢયા

عَلٰى رَاْسِهٖ بِفِهْرٍ اَوْ صَخْرَةٍ فَيَشْدَخُ بِهَا رَاْسَهٗ فَاِذَا ضَرَبَهٗ

વડે એના માથાને મારે છે. જ્યારે મારતો તો પથ્થર સરકી જતો. એ શખ્સ જઈને તે પથ્થરને લઈ આવતો. તે

تَدَهْدَهَ الْحَجَرُ فَانْطَلَقَ اِلَيْهِ لِيَاْخُذَهٗ فَلَا يَرْجِعُ اِلٰى هٰذَا حَتّٰى

જ્યાં સુધીમાં પાછો ફરતો તેનું માથુ ઠીક થઈ જતુ અને એનુ માથુ એવું જ થઈ જતું જેવું પહેલાં હતું. તે શખ્સ

يَلْتَئِمَ رَاْسُهٗ وَعَادَ رَاْسُهٗ كَمَا هُوَ فَعَادَ اِلَيْهِ فَضَرَبَهٗ قُلْتُ مَنْ هٰذَا

પાછો વળીને ફરી તેને મારતો. મેં પૂછયું, આ કોણ છે ? તે બંનેવે કહ્યું, તશરીફ લઈ ચાલો ! હવે અમે ભઠ્ઠાની

قَالَا انْطَلِقْ فَانْطَلَقْنَا اِلٰى نَقْبٍ مِثْلِ التَّنُّوْرِ اَعْلَاهُ ضَيِّقٌ وَاَسْفَلُهٗ

જેવા એક કાણા પર પહોંચ્યા. તેની ઉપરનો હિસ્સો સાંકડો હતો અને નીચેનો પહોળો. એની નીચે આગ

وَاسِعٌ تَتَوَقَّدُ تَحْتَهٗ نَارٌ فَاِذَا اقْتَرَبَ ارْتَفَعُوْا حَتّٰى كَادُوْا اَنْ يَخْرُجُوْنَ

ભડકી રહી છે. પછી જ્યારે તેઓ ઉપર નજીક થતા એટલા કે જણાતુ કે નીકળી પડશે ત્યારે આગ ઠંડી થઈ

فَاِذَا خَمَدَتْ رَجَعُوْا فِيْهَا وَفِيْهَا رِجَالٌ وَّنِسَاءٌ عُرَاةٌ فَقُلْتُ مَا هٰذَا

જતી. જ્યારે આગ ધીમી પડી જતી તો ફરી તેમાં પાછા જતા રહેતા. એમાં નગ્ન પુરૂષો તથા સ્ત્રીઓ હતાં. મેં

قَالَا انْطَلِقْ فَانْطَلَقْنَا حَتّٰى اَتَيْنَا عَلٰى نَهْرٍ مِنْ دَمٍ فِيْهِ رَجُلٌ قَائِمٌ

પૂછયું, આ શું છે ? તો એ બંને સાહબોએ કહ્યું, આગળ ચાલો ! અમે ચાલ્યા ત્યાં સુધી કે એક લોહીની નદી

وَعَلٰى وَسَطِ النَّهْرِ - قَالَ يَزِيْدُ بْنُ هَارُوْنَ وَوَهْبُ بْنُ جَرِيْرٍ عَنْ

પર આવ્યા એમાં એક શખ્સ ઉભો છે અને નદીની વચ્ચે અથવા નદીના કિનારે પણ એક શખ્સ ઉભો છે જેની

તો એક એવા શહેરમાં પહોંચ્યા જે સોના તથા ચાંદીની ઈંટો વડે બનાવવામાં આવ્યું હતું. દરવાજો ખોલાવીને અંદર ગયા તો અમને એવા લોકો મળ્યા કે તેમનું અડધુ ધડ ખૂબસૂરતથી અધિક ખૂબસૂરત અને અડધુ બદ્સૂરતથી બદ્સૂરત હતું. મારા બંનેવ સાથીઓએ એ લોકોને કહ્યું, અમારી સાથે આવો ! અને આ નહેરમાં જાવ. એક પહોળી નહેર વહી રહી હતી તેનું પાણી સફેદ ચમકદાર હતું. તે નહેરમાં એ લોકો ગયા અને નીકળ્યા તો તેમની બદ્સૂરતી જતી રહી અને અતિસુંદર થઈ ગયા. મને તે બંનેવે બતાવ્યું કે આ જન્નતે અદન છે અને આપની જગા આ છે. મેં ઉપર નજર ઉઠાવી જોયું કે એક પર એક જામેલાં વાદળોની જેમ એક મહેલ છે, તે બંનેવે કહ્યું, આ આપની જગા છે. અંતમાં એટલુ અધિક છે કે હઝરત ઈબ્રાહીમ علیہ السلامની આસપાસ તે બાળકો છે જેઓ ફિતરત પર મૃત્યુ પામ્યાં છે. કેટલાક મુસલમાનોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અને મુશ્રિકોનાં બાળકો પણ ?! તો ફર્માવ્યું, અને મુશ્રિકોનાં બાળકો પણ.

**અર્ઝે મુક઼દસ** : એનાથી બયતુલ મુક઼દસ મુરાદ છે. મુસ્નદે ઈમામ અહમદની રિવાયતમાં છે, એક ઉઘાડી

جَرِيرِ بْنِ حَازِمٍ وَعَلَى شَطِّ النَّهْرِ رَجُلٌ بَيْنَ يَدَيْهِ حِجَارَةٌ

આગળ પથ્થરો છે. જે શખ્સ નદીમાં છે તે આગળ આવે છે, જ્યારે ચાહતો કે નીકળી જાય, તે શખ્સ પથ્થર

فَأَقْبَلَ الرَّجُلُ الَّذِي فِي النَّهْرِ فَإِذَا أَرَادَ أَنْ يَخْرُجَ رَمَاهُ الرَّجُلُ

વડે તેના મોઢા પર મારે છે તો એને ત્યાં જ પાછો મોકલી દે છે જ્યાં હતો. જ્યારે ફરી તે આવે છે કે નીકળી

بِحَجَرٍ فِي فِيهِ فَرَدَّهُ حَيْثُ كَانَ فَجَعَلَ كُلَّمَا جَاءَ لِيَخْرُجَ رَمَى فِي

જાય તો તેના મોઢા પર તે શખ્સ બીજો પથ્થર મારે છે, તો જ્યાં હતો ત્યાં પાછો વળી જાય છે. મેં પૂછ્યું, આ

فِيهِ بِحَجَرٍ فَيَرْجِعُ كَمَا كَانَ فَقُلْتُ مَا هَذَا قَالَا انْطَلِقْ فَانْطَلَقْنَا

શું છે ? તો એ બંનેવે કહ્યું, ચાલો ! પછી અમે ચાલ્યા ત્યાં સુધી કે એક હર્યાભર્યા બાગ સુધી પહોંચ્યા જેમાં

حَتَّى أَتَيْنَا إِلَى رَوْضَةٍ خَضْرَاءَ فِيهَا شَجَرَةٌ عَظِيمَةٌ وَفِي أَصْلِهَا

એક મોટા ઝાડના મૂળમાં એક બુઝુર્ગ છે અને કેટલાંક બાળકો છે, અને એ ઝાડની નજીક એક શખ્સ છે જેની

شَيْخٌ وَصِبْيَانٌ وَإِذَا رَجُلٌ قَرِيبٌ مِنَ الشَّجَرَةِ بَيْنَ يَدَيْهِ نَارٌ

આગળ આગ છે જેને ભડકાવી રહ્યો છે. તે બંનેવ મને લઈને એ ઝાડ પર ચઢયા અને મને એવા ઘરમાં લઈ

يُوقِدُهَا فَصَعِدَا بِي فِي الشَّجَرَةِ فَأَدْخَلَانِي دَارًا لَمْ أَرَ قَطُّ أَحْسَنَ

ગયા કે એનાથી સારું ઉમદા કોઈ ઘર મેં જોયું ન હતું. એમાં અમુક વૃદ્ધ અમુક યુવાન પુરૂષો છે અને અમુક

وَأَفْضَلَ مِنْهَا فِيهَا رِجَالٌ شُيُوخٌ وَشَبَابٌ وَنِسَاءٌ وَصِبْيَانٌ ثُمَّ

સ્ત્રીઓ અને અમુક બાળકો છે. પછી મને એ ઘરથી બહાર લાવ્યા અને એ ઝાડ પર લઈને ચઢયા અને મને

ભૂમિ પર લઈ ગયા. જાહેર છે કે બંનેમાં વિરોધાભાસ નથી.

**પ્રકરણની સાબિતી** : હદીષનો એ હિસ્સો કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام ની પાસે લોકોનાં બાળકો હતાં. એની દલીલ છે કે નાબાલિગ બાળકો જન્નતમાં જશે. એના સામાન્યપણા (ઉમૂમ)માં કાફિરોનાં બાળકો પણ સામેલ છે બલ્કે તઅબીરુર્રુયાની રિવાયત એના પર દલીલ છે કે કાફિરોનાં બાળકો પણ જન્નતમાં જ રહેશે.

**અલ્લાહની તૌફીક્થી હું કહું છું** : એનાથી ઉલ્ટી બીજી હદીષો છે, દા.ત. આ જ પ્રકરણની પ્રથમ હદીષ કે ફર્માવ્યું, અલ્લાહ સારી રીતે જાણે છે કે તેઓ શું કરવાનાં હતાં. તેમજ મિશ્કાતની આ હદીષ કે ઉમ્મુલ મો'મિનીન હઝરત ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہا એ પોતાના તે બે બાળકોના બારામાં પૂછયું જે પ્રથમ પતિથી હતાં. તો ફર્માવ્યું, જહન્નમમાં છે ! પૂછયું કે હુઝૂરથી જે હતાં તે ? તો ફર્માવ્યું, જન્નતમાં ! પછી ઈર્શાદ ફર્માવ્યો, મો'મિનો તથા તેમની ઔલાદ જન્નતમાં છે અને મુશ્રિકો તથા તેમની ઔલાદ જહન્નમમાં પછી હુઝૂરે આ આયત તિલાવત કરી : (سورہ طور ۲۱) وَالَّذِينَ آمَنُوا وَاتَّبَعَتْهُمْ ذُرِّيَّتُهُمْ ''ઈમાનવાળાઓની અવલાદ તેમના તાબે

اَخْرَجَانِیْ مِنْهَا فَصَعَدَا بِیَ الشَّجَرَةَ فَاَدْخَلَانِیْ دَارًا هِیَ اَحْسَنُ وَ

એક ઘરમાં લઈ ગયા જે પહેલાં કરતાં પણ સારુ અને ઉમદા હતું, એમાં કેટલાક વૃદ્ધ કેટલાક યુવાન હતા. મેં

اَفْضَلُ فِیْهَا شُیُوْخٌ وَّ شَبَابٌ قُلْتُ طَوَّفْتُمَانِی اللَّیْلَةَ فَاَخْبِرَانِیْ عَمَّا

કહ્યું, તમે બંનેવે મને રાતભર ઘુમાવ્યો હવે જે કાંઈ મેં જોયું છે એને દર્શાવો. બંનેવે કહ્યું, જરૂર ! તે જેનું જડબુ

رَاَیْتُ قَالَا نَعَمْ اَمَّا الَّذِیْ رَاَیْتَهٗ یُشَقُّ شِدْقُهٗ فَكَذَّابٌ یُحَدِّثُ

ચીરવામાં આવતુ હતુ જૂઠો છે, જે જૂઠ બોલે છે અને એનાથી નક્લ કરીને દૂર દૂર પહોંચી જાય છે એની સાથે

بِالْكَذْبَةِ فَتُحْمَلُ عَنْهُ حَتّٰی تَبْلُغَ الْاٰفَاقَ فَیُصْنَعُ بِهٖ اِلٰی یَوْمِ الْقِیٰمَةِ

ક્યામત સુધી આ જ કરવામાં આવશે. અને જેના માથાને કચુંડવામાં આવતુ હતું તે છે જેને અલ્લાહ

وَالَّذِیْ یُشْدَخُ رَاْسُهٗ فَرَجُلٌ عَلَّمَهُ اللّٰهُ الْقُرْاٰنَ فَنَامَ عَنْهُ

તઆલાએ કુર્આનનો ઈલ્મ અતા ફર્માવ્યો તેનાથી ગાફેલ થઈને રાત્રે સૂતો અને દિવસમાં એના પર અમલ ન

بِاللَّیْلِ وَلَمْ یَعْمَلْ فِیْهِ بِالنَّهَارِ یُفْعَلُ بِهٖ اِلٰی یَوْمِ الْقِیَامَةِ وَالَّذِیْ رَاَیْتَهٗ

કર્યો એની સાથે ક્યામત સુધી આ જ કરવામાં આવશે. અને જેમને ગુફામાં જોયાં એ લોકો ઝાની છે, અને

فِی النَّقْبِ فَهُمُ الزُّنَاةُ وَالَّذِیْ رَاَیْتَهٗ فِی النَّهْرِ اٰكِلُو الرِّبَاءِ وَالشَّیْخُ

જેમને નદીમાં જોયા વ્યાજખોર છે. અને એ ઝાડના મૂળમાં જે બુઝુર્ગ હતા તે ઈબ્રાહીમ છે અને એમની

الَّذِیْ فِیْ اَصْلِ الشَّجَرَةِ اِبْرَاهِیْمُ وَالصِّبْیَانُ حَوْلَهٗ فَاَوْلَادُ النَّاسِ

આસપાસ લોકોનાં બાળકો છે. અને જે આગ ભડકાવી રહ્યા છે તે માલિક જહન્નમના ખાઝિન છે. અને તે

છે.'' તેમજ મિશ્કાત (૧/૩૨), અબૂ દાઊદ (૨/૨૯૨)માં ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મો'મિનોની અવલાદ ક્યાં હશે ? તો ફર્માવ્યું, પોતાના બાપદાદા સાથે. મેં અર્ઝ કરી, અમલ વિના ? તો ફર્માવ્યું કે અલ્લાહ સારી રીતે જાણે છે કે તે શું કરવાનાં હતાં. અને મુશ્રિકોની ઔલાદ ? તો ફર્માવ્યું, પોતાના બાપદાદા સાથે. મેં અર્ઝ કરી, અમલ વિના ?! તો ફર્માવ્યું કે અલ્લાહ સારી રીતે જાણે છે કે તેઓ શું કરવાનાં હતાં.

તેમજ હમણા હદીષ વર્ણન થઈ ચૂકી કે યહૂદી બાળક જ્યારે મુસલમાન થઈ ગયો તો ફર્માવ્યું, એ અલ્લાહનો શુક્ર છે જેણે એને જહન્નમથી બચાવ્યો. એનાથી સાબિત થયું કે જો મુસલમાન ન થાત તો જહન્નમમાં જાત.

**મઝહબે અહનાફ (હનફીઓનો મઝહબ)** : જ્યારે દલીલો ટકરાવવાળી છે અને કોઈને અગ્રતા આપવાની કોઈ સ્થિતિ નથી તો હક્ક એ જ છે જે હનફીઓ કહે છે કે તવક્કુફ કરવો જોઈએ. ઈમામ અબુલ

وَالَّذِىْ يُوْقِدُ النَّارَ مَالِكٌ خَازِنُ النَّارِ وَالدَّارُ الْاُوْلَى الَّتِىْ دَخَلْتَ

પહેલુ ઘર જેમાં તશરીફ લઈ ગયા હતા આમ મુસલમાનોનું ઘર છે અને આ શહીદોનું.

دَارُ عَامَّةِ الْمُؤْمِنِيْنَ وَاَمَّا هٰذِهِ الدَّارُ فَدَارُ الشُّهَدَاءِ وَاَنَا جِبْرَئِيْلُ وَهٰذَا

અને હું જિબ્રઈલ છું અને આ મીકાઈલ છે. તમારા માથાને ઉઠાવો, મેં મારા માથાને ઉઠાવ્યું તો મારા ઉપર

مِيْكَائِيْلُ فَارْفَعْ رَاسَكَ فَرَفَعْتُ رَاسِىْ فَاِذَا فَوْقِىْ مِثْلُ السَّحَابِ

વાદળ જેમ છે. તેમણે બતાવ્યું, આ આપની જગા છે. હવે મેં કહ્યું, મને છોડી દો હું મારા ઘરમાં જાઉં.

قَالَا ذٰلِكَ مَنْزِلُكَ فَقُلْتُ دَعَانِىْ اَدْخُلْ مَنْزِلِىْ قَالَا اِنَّهٗ بَقِىَ

તો કહ્યું, આપની ઉમર હજી બાકી છે જેને પૂર્ણ નથી કરી,

لَكَ عُمُرٌ لَمْ تَسْتَكْمِلْهُ فَلَوِ اسْتَكْمَلْتَ اَتَيْتَ مَنْزِلَكَ عه

જ્યારે એને પૂરી કરશો ત્યારે તમારા ઘરે તશરીફ લઈ જશો."

(બુખારી ૧/૧૮૫, ૧/૨૭૯ અલ બુયૂઅ, ૧/૩૯૧ અલ જિહાદ, ૧/૪૫૭ બદઉલ ખલ્ક, ૧/૪૭૩, ઝિક્રુલ અંબિયા, ૧/૧૫૩ સલાતુલ્લૈલ, ૧/૯૦૦ અલ્ અદબ, ૧/૧૦૪૩ તઅબીરુર્રૂયા, ઈબ્ને માજહ–તિજારત, મુસ્નદે ઈમામ અહમદ, ૫/૧૪)

حدیث ۸۰۹ عَنْ عَائِشَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ دَخَلْتُ عَلٰى اَبِىْ بَكْرٍ

**[હદીષ : ૮૦૯]** "ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, હું અબૂબક્રની પાસે ગઈ

فَقَالَ فِىْ كَمْ كَفَّنْتُمُ النَّبِىَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قُلْتُ فِىْ ثَلٰثَةِ

તો તેમણે પૂછયું, નબી ﷺ ને કેટલાં કપડાંમાં કફન પહેરાવવામાં આવ્યું હતું ? મેં બતાવ્યું કે ત્રણ સફેદ

બરકાત નસફીએ કાફીમાં ફર્માવ્યું કે તવક્કુફનો મતલબ એ છે કે મુશ્રિકોનાં તમામ બાળકોના બારામાં એક હુકમ નથી લગાડી શકતા, એમાં અમુક નજાત પામશે અને અમુક અઝાબ. આ જ ઈમામ માલિકનો મઝહબ છે. જેવું કે અલ્લામા અબ્દુલબરે તમ્હીદમાં વર્ણન કર્યું છે. અને ઈમામ શાફઈનો પણ. અને ઈમામ અહમદથી બે કથનો રિવાયત થયાં છે. અલ્બત્ત ઈબ્ને કૈયિમે શિફાઉલ અલીલમાં ઈખ્તિયાર કર્યું કે નજાત પામશે. આજકાલના નજદીઓએ પણ એની જ તક્લીદ કરી છે. મશ્હૂર એ કરવામાં આવે છે કે ઈબ્ને તયમિયાનો પણ આ જ મઝહબ છે પણ એના ફત્વામાં તવક્કુફ છે.

**સમજૂતી : ૮૦૯**

હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ જુમ્આની રાતે ઈશા તથા મગરિબની વચ્ચે હિ.સ. ૧૩માં ૬૩ વર્ષના થઈને અલ્લાહની રહમતમાં પહોંચી ગયા. રાતમાં જ સુબ્હ સાદિકથી પહેલાં પહેલાં હુઝૂરે અક્દસ ﷺ ની બાજુમાં સહીહ કૌલના પ્રમાણે એ રીતે દફન છે કે તેમનો ચહેરો મુબારક હુઝૂરે અક્દસ ﷺ ના સીના મુબારકની સામે છે અને હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ નો એમના સીનાના સામે છે. એના કારણે જ હઝરત ફારૂકે આ'ઝમ

اَثْوَابٍ بِيْضٍ سَحُوْلِيَّةٍ لَيْسَ فِيْهَا قَمِيْصٌ وَلَا عِمَامَةٌ وَقَالَ لَهَا فِيْ

સહૂલી કપડામાં જેમાં (સીવડાવેલો) કુર્તો અને અમામો ન હતાં. અને તેમણે ઉમ્મુલ મો'મિનીનને પૂછયું,

اَيِّ يَوْمٍ تُوُفِّيَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَتْ يَوْمَ الْاِثْنَيْنِ

ક્યા દિવસે રસૂલુલ્લાહ ﷺની વફાત થઈ હતી ? ઉમ્મુલ મો'મિનીને બતાવ્યું. પીરના રોજ. તેમણે પૂછયું,

قَالَ فَاَيُّ يَوْمٍ هٰذَا قَالَتْ يَوْمُ الْاِثْنَيْنِ قَالَ اَرْجُوْ فِيْمَا بَيْنِيْ وَبَيْنَ اللَّيْلِ

આજે કયો દિવસ છે ? તેમણે અર્ઝ કરી, પીર ! તો ફર્માવ્યું, હું ઉમ્મીદ કરું છું કે મારી વફાત આ સમય અને

فَنَظَرَ اِلٰى ثَوْبٍ عَلَيْهِ كَانَ يُمَرَّضُ فِيْهِ بِهٖ رَدْعٌ مِّنْ زَعْفَرَانٍ فَقَالَ

રાતના દરમ્યાન છે. પછી પોતાના તે કપડાંને જોયાં જે એમના શરીર પર હતાં જેમાં બીમારીના દિવસો

اِغْسِلُوْا ثَوْبِيْ هٰذَا وَزِيْدُوْا عَلَيْهِ ثَوْبَيْنِ فَكَفِّنُوْنِيْ فِيْهِمَا قُلْتُ اِنَّ

પસાર કરી રહ્યા હતા, જેના પર જઅફરાનનો ધબ્બો હતો. તો ફર્માવ્યું કે મારાં આ કપડાંને ધોઈ લેજો અને બે

هٰذَا خَلَقٌ قَالَ اِنَّ الْحَيَّ اَحَقُّ بِالْجَدِيْدِ مِنَ الْمَيِّتِ اِنَّمَا هُوَ لِلْمُهْلَةِ

અધિક કપડાં વધારીને એમાં કફનાવજો. મેં કહ્યું, આ પૂરાણું છે ! તો ફર્માવ્યું, જીવતો મુડદા કરતાં નવાનો

فَلَمْ يَتَوَفَّ حَتّٰى اَمْسٰى مِنْ لَيْلَةِ الثُّلٰثَاءِ وَدُفِنَ قَبْلَ اَنْ يُّصْبِحَ ع ه

અધિક હક્કદાર છે. આ નવુ કપડુ મોહલતવાળાના માટે છે. પણ તે દિવસે વફાત ન થઈ ત્યાં સુધી કે

જુમ્આની રાત આવી ગઈ તો વફાત થઈ અને સવારથી પહેલાં પહેલાં દફન કરી દેવામાં આવ્યા."

رضی اللہ عنہનો પગ હુજરા મુબારકની પૂર્વી દીવાલથી જોડાયેલો છે, ત્યાં સુધી કે જ્યારે વલીદ બિન અબ્દુલમલિકના શાસનકાળમાં હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે હુજરા મુબારકની દીવાલ પાડીને પાયો ખોદાવ્યો તો એમનો પગ ખુલી ગયો હતો. જેવું કે બુખારીમાં હમણા આવી રહ્યું છે.

**મૃત્યુવેળાની બીમારી** : હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہનો વિસાલ કઈ બીમારીમાં થયો એના બારામાં વિવિધ રિવાયતો છે : ૧. હુઝૂરે અકદસ ﷺની જુદાઈના સદમાથી ઘૂટાતાં ઘૂટાતાં શક્તિએ જવાબ આપી દીધો. આ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماનો કૌલ છે. જેવું કે સૈફ ઈબ્ને ઉમરે કહ્યું છે. ઈબ્ને સઅદે ઈમામ ઝુહરીથી નકલ કર્યુ કે ખાવામાં એક વરસની માત્રાનુ ઝહેર ભેળવીને કોઈએ મોકલ્યું હતું તેને હઝરત સિદ્દીકે અકબર અને હારિષ બિન કલદાએ ખાધુ. ત્યારબાદ બંનેવ બીમાર રહ્યા, અને એક વરસ થતાં એક જ દિવસે બંનેવે ઈન્તેકાલ કર્યો. એક કૌલ એ છે કે એક દિવસે ઠંડક હતી. ગુસ્લ કર્યુ જેની અસરથી તાવ આવ્યો. ૧૫ દિવસ બીમાર રહીને વિસાલ ફર્માવ્યો. આ કથનોમાં ટકરાવ નથી, શક્ય છે કે ત્રણેવ સબબો એકઠા થઈ ગયા હોય.

**ان الحی احق بالجدید** : એ સિદ્દીકે અકબરની તવાઝોઅ (નમ્રતા) હતી, નહીં તો વિવિધ હદીષોમાં આવેલું છે કે મુડદાંને સારુ કફન આપો. અને એક રિવાયત (ઉમ્દતુલ કારી, ૮/૨૩૦ બહવાલા ઈબ્ને સઅદ)માં છે કે

حدیث ۸۱۰ عَنْ عَائِشَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهَا - اَنَّ رَجُلًا قَالَ لِلنَّبِیِّ صَلَّی

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે એક સાહબે **[હદીષ : ૮૧૦]**

اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ اِنَّ اُمِّیْ اُفْتُلِتَتْ نَفْسُهَا وَاَظُنُّهَا لَوْ تَكَلَّمَتْ

નબી ﷺ ને અર્ઝ કરી, મારી મા અચાનક ઈન્તેકાલ કરી ગયાં, હું ગુમાન કરું છું કે જો અત્યારે બોલી શકત

تَصَدَّقَتْ فَهَلْ لَهَا اَجْرٌ اِنْ تَصَدَّقْتُ عَنْهَا قَالَ نَعَمْ ع ہ

તો સદકો કરત. જો હું તેમના તરફથી સદકો કરું તો તેમને સવાબ મળશે ?! ફર્માવ્યું, જરૂર મળશે."

(બુખારી ૧/૧૮૬, ૧/૩૮૬ અલ્ વસાયા, મુસ્લિમ–ઝકાત–વસિયત, ઈબ્ને માજહ–વસાયા, મુસ્નદે ઈમામ અહમદ, ૬/૫૧)

حدیث ۸۱۱ عَنْ عَائِشَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهَا قَالَتْ اِنْ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّی

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ પોતાની **[હદીષ : ૮૧૧]**

اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ لَیَتَعَذَّرُ فِیْ مَرَضِهٖ اَیْنَ اَنَا الْیَوْمَ اَیْنَ اَنَا غَدًا

વિસાલ વેળાની બીમારીમાં આઈશાની વારીમાં મોડાનો એહસાસ કરીને એ રીતે દુઃખ વ્યક્ત કરતા હતા,

ફર્માવ્યું, મને આ જ કપડામાં કફન આપજો, હું આમાં નમાઝ પઢતો હતો. એનાથી જાણવા મળ્યું કે જે લિબાસમાં ઈબાદત કરવામાં આવે તે પણ મુતબર્રક થઈ જાય છે અને એને કફન બનાવવું સહાબાની સુન્નત છે. અલ્લામા અયનીએ એક સંભાવના એ કાઢી કે શક્ય છે કે એ કપડુ હુઝૂરે અક્દસ ﷺ એ અતા કર્યું હોય.

**للمهلة : مهلة -(انما هو للمهلة)**ના કેટલાય અર્થો આવે છે. પરુ તથા પાણી જે શરીરેથી નીકળે, પીગાળવેલુ સીસુ, તેલની કાળી તલછટ, ડામરનો એક પ્રકાર મશહૂર અર્થ. અહીં બે સંભાવનાઓ છે : એક એ કે ઝમીરનો મરજઅ જદીદ હોય. હવે અર્થ આ પ્રમાણે થશે કે, નવુ કપડુ એના માટે છે જેને મોહલત છે એટલે કે જીવતા રહેવાનું છે. બીજુ એ કે એનો મરજઅ કફન હોય. જેના માટે **كفنونى** દલીલ પૂરી પાડે છે. અને **مهلة**નો અર્થ પરુનો હોય. હવે અર્થ આ પ્રમાણે થશે કે,કફન એ પાણી તથા પીપમાં ખરડાવા માટે છે જે મૈયતના શરીરેથી નીકળશે.

આ હદીષથી સાબિત થયું કે પીરના દિવસે મૃત્યુ સારું છે. એટલા માટે કે હુઝૂરે અક્દસ ﷺ નો વિસાલ એ જ દિવસે થયો છે. એનાથી એ પણ સાબિત થાય છે કે જે દિવસે અને જે સમયે અલ્લાહ عزوجل ના મહબૂબ બંદાએ વિસાલ કર્યો હોય તે દિવસ તથા તે સમય મૌતના માટે સારો છે. એ જ પ્રમાણે જે દિવસ તથા જે સમય તથા જે ચીજને સાલેહ લોકોથી નિસ્બત હોય તે મુતબર્રક છે.

**સમજૂતી : ૮૧૦** આ સાહબ હઝરત સઅદ બિન ઓબાદા رضی اللہ عنہ હતા, જેવું કે બીજી હદીષોમાં વર્ણન થયેલું છે. આ હદીષ ઈસાલે સવાબની અસ્લ છે જેના પર વિગતવાર ચર્ચા ઈષ્બાતે ઈસાલે ષવાબમાં થઈ ચૂકી છે અને આગળ જતાં એના પર ચર્ચા થશે.

**સમજૂતી : ૮૧૧** આ હદીષ સંક્ષિપ્તપણે તથા વિસ્તારપૂર્વક બુખારી શરીફમાં જેહાદ, ફઝાઈલે સહાબા, મગાઝી, નિકાહમાં પણ છે. હુઝૂરે અક્દસ ﷺ ની મરજી માલૂમ થયા બાદ પાક બીવીઓએ એની ઈજાઝત

اِسْتِطَاعَ لِيَوْمِ عَائِشَةَ فَلَمَّا كَانَ يَوْمِيْ قَبَضَهُ اللّٰهُ بَيْنَ سَحْرِيْ وَ

આજે હું ક્યાં છું, કાલે હું ક્યાં રહીશ ! જ્યારે મારી વારીનો દિવસ થયો તો અલ્લાહે એમને એ હાલમાં ઉઠાવ્યા

نَحْرِيْ وَدُفِنَ فِيْ بَيْتِيْ عـه

કે મારા સીના તથા ગળાની વચ્ચે હતા અને મારા ઘરમાં દફન થયા." (બુખારી, ૧/૧૮૬, મુસ્લિમ–ફઝાઈલે સહાબા)

حدیث ۸۱۲ عَنْ سُفْيَانَ التَّمَّارِ اَنَّهُ حَدَّثَهُ اَنَّهُ رَاٰى قَبْرَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى

[હદીષ : ૮૧૨] "સુફયાન તમ્મારથી મરવી છે કે તેમણે બયાન કર્યું કે નબી ﷺની

عَلَيْهِ وَسَلَّمَ مُسَنَّمًا عـه

કબ્રે અન્વરને જોયી છે કે તે ખાંધ જેવી છે."

حدیث ۸۱۳ عَنْ هِشَامِ بْنِ عُرْوَةَ عَنْ اَبِيْهِ لَمَّا سَقَطَ عَلَيْهِمُ الْحَائِطُ

[હદીષ : ૮૧૩] "હઝરત ઉરવાથી રિવાયત છે કે વલીદ બિન અબ્દુલ મલિકના જમાનામાં જ્યારે

આપી અને હુઝૂરે અકદસ ﷺ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاના ઘરે તશરીફ લઈ ગયા જેની થોડી ઘણી વિગત વર્ણન થઈ ચૂકી છે, બાકીની આગળ જતાં આવશે. એનાથી જાણવા મળ્યું કે હુઝૂરે અકદસ ﷺને હઝરત આઈશાની સાથે કેટલી મહોબ્બત હતી. આનાથી હઝરત આઈશા رضی اللہ عنہاની ઉચ્ચતાનું અનુમાન કરો કે તેણી મહેબૂબે ખુદા ﷺના મહેબૂબ (પ્રિય) છે. એટલા માટે જે બદનસીબ હઝરત આઈશા رضی اللہ عنہاથી અદાવત રાખે તે હકીકતમાં મહબૂબે ખુદાનો દુશ્મન છે. હઝરત શેરે ખુદાએ ફર્માવ્યું, તારા દુશ્મનો ત્રણ છે : ડાયરેક્ટ તારો દુશ્મન, તારા દોસ્તનો દુશ્મન અને તારા દુશ્મનનો દોસ્ત.

**સમજૂતી : ૮૧૨** સુફયાન તમ્માર અગ્રગણ્ય તાબઈનમાંથી છે. સહાબાએ કિરામનો જમાનો મેળવ્યો પણ કોઈ સહાબીથી રિવાયત નથી કરી. આ સુફયાન બિન દીનાર અસ્ફરી કૂફાના રહેવાસી હતા. ઈમામ બુખારીએ એમનો કેવળ આ જ એક કૌલ વર્ણન કર્યો છે. ઈબ્ને મુઈન વગેરેએ એને સમર્થન કર્યું છે.

**પરિપૂર્ણતા** : ઈમામ ઈબ્ને અબી શયબાએ આટલુ અધિક કર્યું છે, અબૂબક્ર તથા ઉમરની કબ્રો પણ મુસન્નમ એટલે ખાંધ જેવી છે. હઝરત ઈમામ ઈબ્રાહીમ નખઈએ ફર્માવ્યું, જે શખ્સે નબી ﷺ અને સાહિબૈન (અબૂબક્ર, ઉમર)ની કબ્રો જોયી છે એણે મને ખબર આપી છે કે તે સૌ મુસન્નમ, જમીનથી ઉભરાયેલી (ઉઠેલી) છે, તેના પર સફેદ આરસપહાણ છે. ઈમામ શઅબીએ ફર્માવ્યું, મેં ખૂદ ઓહદના શહીદોની કબ્રો મુસન્નમ (ઉઠેલી) જોયી છે. અને હઝરત ઉમર તથા હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની કબ્રો પણ એવી જ એટલે ખાંધ જેવી બનાવવામાં આવી હતી. આ સૌ પરથી સાબિત થયું કે કબ્રને ખાંધ જેવી ઉપસેલી બનાવવી જોઈએ, ન કે સપાટ ચબૂતરાની જેમ.

**સમજૂતી : ૮૧૩** વલીદ મશ્હૂર ઉમવી જાલિમ અબ્દુલમલિકનો સૌથી જયેષ્ઠ પુત્ર હતો. અબ્દુલમલિકની વસિયત પ્રમાણે તેના મૃત્યુ બાદ હિ.સ. ૮૬માં તખ્તનશીન થયો અને હિ.સ. ૯૬ જમાદિઉલ આખરના મધ્યમાં મૃત્યુ પામ્યો. એના જ યુગમાં સ્પેન, તુર્કસ્તાનનો મોટાભાગનો હિસ્સો અને સિંધ ફતહ થયાં હતાં. એના યાદગાર કારનામાઓમાં દમિશ્કની જામેઅ ઉમવી છે અને મસ્જિદે નબવીનું વિસ્તરણ. જ્યારે મુસલમાનોની

فِيْ زَمَانِ الْوَلِيْدِ بْنِ عَبْدِ الْمَلِكِ اَخَذُوْا فِيْ بِنَائِهٖ فَبَدَتْ لَهُمْ قَدَمٌ

આઈશાના હુજરા (ઓરડા)ની દીવાલ (પૂર્વી) પડી ગઈ, લોકોએ એનું બાંધકામ શરૂ કરી આપ્યું તો

فَفَزِعُوْا وَظَنُّوْا اَنَّهَا قَدَمُ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَمَا

એક પગ જાહેર થયો. એના પર લોકો ગભરાઈ ગયા અને લોકોએ ગુમાન કર્યું કે આ નબી ﷺનો ક઼દમ છે.

وَجَدُوْا اَحَدًا يَعْلَمُ ذٰلِكَ حَتّٰى قَالَ لَهُمْ عُرْوَةُ لَا وَاللّٰهِ مَا هِيَ

કોઈ એવો શખ્સ ન મળ્યો જે એને જાણતો હોય, ત્યાં સુધી કે ઉરવાએ કહ્યું, ખુદાની ક઼સમ !

قَدَمُ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَا هِيَ اِلَّا قَدَمُ عُمَرَ ؓ

આ નબી ﷺનો ક઼દમ નથી, આ ઉમરનો ક઼દમ છે.''

حدیث ۸۱۴ عَنْ هِشَامٍ عَنْ اَبِيْهِ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّهَا

''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاએ અબ્દુલ્લાહ બિન ઝુબેર رضی اللہ عنہને **[હદીષ : ૮૧૪]**

اَوْصَتْ عَبْدَ اللّٰهِ بْنَ الزُّبَيْرِ لَا تَدْفِنِّيْ مَعَهُمْ وَادْفِنِّيْ مَعَ صَوَاحِبِيْ

એ વસિયત કરી કે મને એ લોકોની સાથે દફન ન કરશો, અન્ય અઝવાજની સાથે બક઼ીઅમાં દફન કરજો. હું

بِالْبَقِيْعِ لَا اُزَكّٰى بِهٖ اَبَدًا ؓ

અહીં દફન થઈને હરગિઝ મારો તક઼દુસ (પવિત્રતા) જાહેર કરવા નથી ચાહતી.''

(બુખારી ૧/૧૮૬, ૨/૧૦૮૯ અલ્ એઅ્તિસામ)

ખૂબ અધિક્તા થઈ અને મસ્જિદે અક઼દસ સાંકડી પડી તો તેણે અઝવાજે મુતહ્હરાતથી હુજરાઓ ખરીદયા અને મદીનાના વાલી હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝને હુકમ આપ્યો કે હુજરા મુબારકને તોડી પાડીને તેને મસ્જિદે નબવીમાં સામેલ કરી લેવામાં આવે. એ મોક઼ા પર જ્યારે હુજરાએ આઈશાની પૂર્વી દીવાલ પાડી નાખીને પાયો ખોદાવા માંડયો તો હઝરત ઉમર رضی اللہ عنہનો ક઼દમ પાક જાહેર થઈ ગયો. જગાની તંગીના કારણે તેમની ક઼બ્ર મુબારકનો અમુક હિસ્સો પૂર્વી દીવાલની અંદર આવી ગયો હતો. હુજરા મુબારકના બાંધકામ બાદ હુજરા મુબારકની ચારેવ બાજુ એક પંચકોણી ઘેરાવ બનાવી દેવામાં આવ્યો જેનો ઉત્તરી હિસ્સો ત્રિકોણ જેવો છે.

પછી મુતવક્કિલ અબ્બાસી શહનશાહે એના પર સંગેમરમર (આરસપહાણ) ચઢાવ્યું. ત્યારબાદ હિ.સ. ૫૪૮માં અબ્બાસી શહનશાહ મુક઼તદાએ એનું નવેસરથી કામ કર્યું અને તેની આસપાસ સંદલ તથા આબનૂસ (લાકડાનો પ્રકાર જેની છત પહેલેથી હતી)ની છત સુધી ઊંચી જાળીઓ લગાડી દીધી.

**સમજૂતી : ૮૧૪** એના બાદ હદીષ આવી રહી છે કે ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہاનો પ્રથમ એ જ ઈરાદો હતો કે આ જ હુજરામાં દફન થાઉં. પણ હઝરત ઉમર ફ઼ારૂકે આ'ઝમ رضی اللہ عنہ જ્યારે ત્યાં દફન થઈ ગયા તો ઈરાદો બદલી નાખ્યો. એની પણ સંભાવના છે કે હઝરત ઉમ્મુલ મો'મિનીનની ગૈરતે એને પસંદ ન કર્યું

| حدیث ۸۱۵ | عَنْ عَمْرِو بْنِ مَیْمُوْنِ الْاَوْدِیِّ قَالَ رَاَیْتُ عُمَرَ بْنَ الْخَطَّابِ |
|---|---|

'અમ્ર ઈબ્ને મયમૂને કહ્યું, મેં હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ ને જોયા. **[હદીષ : ૮૧૫]**

قَالَ یَا عَبْدَ اللّٰہِ بْنَ عُمَرَ اِذْھَبْ اِلٰی اُمِّ الْمُؤْمِنِیْنَ عَائِشَۃَ فَقُلْ یَقْرَءُ

તેમણે પોતાના પુત્રને ફર્માવ્યું, હે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર ! ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશાની

عُمَرُ بْنُ الْخَطَّابِ عَلَیْكِ السَّلَامَ ثُمَّ سَلْھَا اَنْ اُدْفَنَ مَعَ صَاحِبَیَّ

ખિદમતમાં જાવ અને તેમને અર્ઝ કરો, ઉમર બિન ખત્તાબ આપને સલામ કહે છે. ત્યારબાદ તેમને

قَالَتْ کُنْتُ اُرِیْدُہٗ لِنَفْسِیْ فَلَاُوْثِرَنَّہُ الْیَوْمَ عَلٰی نَفْسِیْ فَلَمَّا اَقْبَلَ

સવાલ કરો (કે હું ઈચ્છુ છું) કે મારા બંને સાથીઓની સાથે દફન થાઉં. (હઝરત ઈબ્ને ઉમરે એવું જ કર્યું

قَالَ لَہٗ مَا لَدَیْكَ قَالَ اَذِنَتْ لَكَ یَا اَمِیْرَ الْمُؤْمِنِیْنَ قَالَ مَا کَانَ شَیْءٌ

તો ઉમ્મુલ મોમિનીને ફર્માવ્યું) એ જગાએ પોતાના માટે ઈચ્છા ધરાવતી હતી, આજે એમને મારા ઉપર

اَھَمَّ اِلَیَّ مِنْ ذٰلِكَ الْمَضْجَعِ فَاِذَا قُبِضْتُ فَاحْمِلُوْنِیْ ثُمَّ سَلِّمُوْا ثُمَّ

અગ્રતા આપુ છું. જ્યારે તે પરત આવ્યા તો હઝરત ઉમરે પૂછયું, તારી પાસે શું ખબર છે ? અર્ઝ કરી,

قُلْ یَسْتَاْذِنُكَ عُمَرُ بْنُ الْخَطَّابِ فَاِنْ اَذِنَتْ لِیْ فَادْفِنُوْنِیْ وَاِلَّا

ઉમ્મુલ મોમિનીને આપને ઈજાઝત આપી દીધી. તો ફર્માવ્યું, **આ આરામગાહથી અધિક મારી નજીક**

હોય. હુજરા મુબારકમાં હજી પણ એક કૃબ્રની જગા છે. હઝરત અબ્દુલ્લાહ બિન સલામ رضی اللہ عنہ અને સઈદ બિન મુસય્યબે ફર્માવ્યું છે કે અહીં હઝરત ઈસા علیہ السلام દફન થશે. *(ઉમ્દતુલ કારી, ૮/૨૨૫)*

## સમજૂતી : ૮૧૫

આ એક લાંબી હદીષનો ભાગ છે જે મનાકિબે ઉષ્માનમાં વિગતવાર આવશે. માલૂમ નહીં, ત્યાં સુધી શરહ લખવાની તૌફીક થાય કે ન થાય એટલા માટે જે હિસ્સો અહીં વર્ણન થયેલ છે એને લખી આપ્યો. કિતાબુલ એઅતેસામમાં હઝરત ઉરવાની હદીષમાં છે કે ઘણા સહાબાએ હુજરા મુબારકમાં દફન થવાની ઈજાઝત ચાહી પણ કોઈને ઈજાઝત નથી મળી. જ્યારે હઝરત ફારૂકે આ'ઝમનો પયગામ પહોંચ્યો તો વિના સંકોચ ઈજાઝત અર્પણ કરી અને તે ઈર્શાદ ફર્માવ્યો જે હદીષમાં વર્ણન થયેલ છે કે એમને મારા ઉપર અગ્રતા આપુ છું. આ પરથી જાહેર થઈ ગયું કે ઉમ્મુલ મો'મિનીનના દિલમાં હઝરત ઉમરની કેટલી અઝમત હતી. સાથોસાથ એ પણ જાહેર થઈ ગયું કે હઝરત ઉમર ઉમ્મુલ મો'મિનીનની કેટલી અદબ સાચવતા હતા. તેમના નાઝુક દિલ પર જરા સરખાં પણ દબાવ નાખવાનું પસંદ કરતા ન હતા. એટલા માટે એ પણ વસિયત કરી આપી કે ગુસ્લ તથા કફન બાદ દરે અકૃદસ પર હાજર થઈને ફરીવાર ઈજાઝતની દરખાસ્ત પેશ કરજો, ક્યાંક એવું ન થાય કે જાહેરી હયાતમાં રૂઆબ તથા દબાવ અનુભવીને ઈજાઝત આપી દીધી હોય. આ પોતાના હુજરામાં દફનની ઈજાઝત

فَرُدُّوْنِیْ اِلٰی مَقَابِرِ الْمُسْلِمِیْنَ اِنِّیْ لَا اَعْلَمُ اَحَدًا اَحَقَّ بِهٰذَا الْاَمْرِ مِنْ هٰؤُلَاءِ

**કોઈ ચીજ નથી !** જ્યારે મારી રૂહ ખેંચી લેવામાં આવે તો મને ઉઠાવીને (હઝરત આઈશાના

النَّفَرِ الَّذِیْنَ تُوُفِّیَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ وَهُوَ عَنْهُمْ

દરવાજે) લઈ જજો પછી સર્વ લોકો સલામ અર્ઝ કરજો. ત્યારબાદ હે અબ્દુલ્લાહ ! તમે અર્ઝ કરજો,

رَاضٍ فَمَنِ اسْتَخْلَفُوْا بَعْدِیْ فَهُوَ الْخَلِیْفَةُ فَاسْمَعُوْا لَهٗ وَاَطِیْعُوْا فَسَمّٰی

ઉમર બિન ખત્તાબ આપથી ઈજાઝત તલબ કરે છે ! જો ફરી ઈજાઝત આપે તો મને ત્યાં દફન કરજો,

عُثْمَانَ وَعَلِیًّا وَّطَلْحَةَ وَالزُّبَیْرَ وَعَبْدَ الرَّحْمٰنِ بْنَ عَوْفٍ وَّسَعْدَ

નહીં તો મુસલમાનોના કબ્રસ્તાનમાં પહોંચાડી દેજો. હું ખિલાફતનો હક્દાર એ ગિરોહથી અધિક કોઈને

بْنَ اَبِیْ وَقَّاصٍ وَّوَلَجَ عَلَیْهِ شَابٌّ مِّنَ الْاَنْصَارِ فَقَالَ اَبْشِرْ یَا

નથી જાણતો જેમનાથી રસૂલુલ્લાહ ﷺ રાજી હોવાની હાલતમાં દુનિયાથી વિદાય થયા. મારા પછી એ

اَمِیْرَ الْمُؤْمِنِیْنَ بِبُشْرَی اللّٰهِ عَزَّ وَجَلَّ كَانَ لَكَ مِنَ الْقِدَمِ

લોકો જેમને ખલીફા બનાવે તે ખલીફા છે, તેની વાત સાંભળવી તથા આજ્ઞાપાલન કરવું. અને ઉષ્માન

હઝરત ઉમ્મુલ મો'મિનીનની એટલી મોટી ત્યાગભાવના (ઈષાર) છે જેનું દષ્ટાંત રજૂ કરવાથી દુનિયા લાચાર છે.

**فمن استخلفوا فهو الخليفة :** એનાથી જાહેર થઈ ગયું કે સમયના ખલીફા પોતાના પછી ખલીફાની નિયુક્તિના માટે અમુક વ્યક્તિઓની કમિટી બનાવી આપે અને તેઓ કોઈને ખલીફા નિશ્ચિત કરી આપે તો એની ખિલાફત બરહક્ છે અને જો કોઈનું નામ દર્શાવી આપે તો તે પણ બરહક્ ખલીફા છે. જેમ કે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ ફારૂકે આ'ઝમનું નામ સૂચવી આપ્યું. અને જો આ બંનેવ સ્થિતિઓ ન હોય તો ચૂંટવાનો હક્ કેવળ બુદ્ધિશાળી, દીન તથા દિયાનતવાળા, બુદ્ધિ તથા દિર્ઘદષ્ટિવાળા હઝરાતને છે જેવું કે સિદ્દીકે અકબરનું થયું હતું.

**યઝીદનું નામકરણ સહીહ ન હતું :** આજકાલ વહાબીઓના વિવિધ ગૃપોના લોકો એનો ખૂબ જોરશોરથી પ્રોપેગન્ડો (દુષ્પ્રચાર) કરે છે કે યઝીદ ખલીફાએ બરહક્ હતો. એટલા માટે સૈયદના ઈમામ હુસૈનનો વિરોધ યક્નીનન ! બગાવત હતો. એટલા માટે કે જ્યારે સૈયદના ઈમામ હસન મુજતબા رضی اللہ عنہ એ મુઆવિયહ رضی اللہ عنہ ને ખિલાફત સોંપી આપી તો તે ખલીફાએ બરહક્ થઈ ગયા. પછી જ્યારે એમણે યઝીદને પોતાનો વલીદઅહદ (અનુગામી) બનાવી આપ્યો તો તે વિના શંકાએ ખલીફાએ બરહક્ થઈ ગયો.

એનો પર ઉલમાએ ઘણુ બધું લખ્યું છે. આ ખાદિમે પણ એના પર "મક્લાલાતે અમજદી"માં સંતોષકારક ચર્ચા કરી છે જેને વિગતવાર જોવું હોય તે એનો અભ્યાસ કરે. અહીં એક મહત્વના મુદ્દા પ્રતિ વાંચકોનું ધ્યાન દોરવા ચાહું છું. સૈયદના ઈમામ હસન મુજતાબા رضی اللہ عنہ એ હઝરત મુઆવિયહને ગૈર મશરૂત (નાજાઈઝ) તૌર

فِى الْاِسْلَامِ مَا قَدْ عَلِمْتَ ثُمَّ اسْتُخْلِفْتَ فَعَدَلْتَ ثُمَّ الشَّهَادَةُ

*તથા અલી તથા તલ્હા તથા ઝુબૈર તથા અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ તથા સઅદ ઈબ્ને અબી વક્કાસનું*

بَعْدَ هٰذَا كُلِّهٖ فَقَالَ لَيْتَنِىْ يَا ابْنَ اَخِىْ وَذٰلِكَ كَفَافٌ لَا عَلَىَّ وَلَا

*નામ લીધું. અને અમીરુલ મોમિનીનની ખિદમતમાં અન્સારનો એક યુવાન હાજર થયો અને અર્ઝ કરી, હે*

لِىَ اُوْصِى الْخَلِيْفَةَ مِنْ بَعْدِىْ بِالْمُهَاجِرِيْنَ الْاَوَّلِيْنَ خَيْرًا

*અમીરુલ મોમિનીન ! આપને અલ્લાહ ﷻની તરફથી બશારત થાય, આપ ક઼દીમુલ ઈસ્લામ (શરૂમાં*

اَنْ يَعْرِفَ لَهُمْ حَقَّهُمْ وَاَنْ يَحْفَظَ لَهُمْ حُرْمَتَهُمْ وَاُوْصِيْهِ

*ઈમાન લાવનાર) છે અથવા ઈસ્લામમાં આપનો જે મર્તબો છે તેને જાણે છે પછી ખલીફા બનાવવામાં*

بِالْاَنْصَارِ خَيْرًا الَّذِيْنَ تَبَوَّؤُا الدَّارَ وَالْاِيْمَانَ اَنْ يَقْبَلَ مِنْ مُحْسِنِهِمْ

*આવ્યા તો આપે ન્યાય કર્યો. પછી તે સૌના પછી શહાદત નસીબ થઈ. એના પર ફર્માવ્યું, કાશ ! કે હે*

પર (બિન શર્તી) ખિલાફત અતા કરી ન હતી, જેથી એમનો એ હક્ક઼ રહેતો કે પોતાના પછી કોઈને ખલીફા નામાંકિત કરે એ સુલહનામાની સૌથી અગત્યની અને પાયાની શર્ત એ હતી કે તમારા બાદ ખિલાફતનો હક્ક઼ મારો હશે, અને હું ખલીફા બનીશ. આ શર્તની રૂએ મુઆવિયહ્ رضی اللہ عنہને પોતાની જિંદગીભર ખિલાફતનો હક્ક઼ હતો, પોતાના બાદ કોઈને ખલીફા પસંદ કરવાનો હક્ક઼ હાંસલ ન હતો, એટલા માટે કે એ મુત્લક઼ (બિનશર્તી) ખલીફા ન હતા, તેમની ખિલાફત શર્તી તથા સીમિત હતી એટલા માટે એમનુ યઝીદને વલી અહદ (અનુગામી) બનાવવું સહીહ ન હતું. અને એનાથી એ કોઈ રીતે ખલીફા ન થયો. એટલા માટે સૈયદના ઈમામ હુસૈન رضی اللہ عنہની યઝીદની વિરુદ્ધ જદ્દોજેહદ બગાવત ન હતી બલ્કે નુબુવ્વતના તરીક઼ા (કાયદા ક઼ાનૂન) મુજબની ખિલાફતને જીવંત રાખવાની (સ્થાપવાની) સારી કોશિશ હતી.

**ثم الشهادة** : હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ દુઆ માગ્યા કરતા હતા, હે અલ્લાહ ! મને તારા માર્ગમાં શહાદત અને તારા રસૂલના શહેરમાં વફાત અતા ફર્માવ. એ વખતે ઈસ્લામની શાનો શૌકત સૂરૈયાની ઊંચાઈએ પહોંચેલી હતી. ઈસ્લામના ગાઝીઓ હિંદ તથા ચીન, આફ્રિકાની સરહદો પાર કરી ચૂક્યા હતા. મદીના તય્યબહમાં કોઈ જેહાદની કલ્પના પણ કરી શકાતી ન હતી. જાહેરી રીતે આ દુઆનું ક઼બૂલ થવું મુશ્કેલ હતું, પણ દુનિયાએ જોયું કે એક અલ્લાહના મહબૂબ બંદાની દુઆ કેવી રીતે ક઼બૂલ થઈ.

**શહાદતનો બનાવ** : હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એને નાપસંદ કરતા હતા કે મદીના તય્યબહમાં અજમી ગુલામો રહે, પણ હઝરત અબ્બાસનો આગ્રહ હતો કે કાંઈ વાંધો નથી. લગભગ આ એ આધારે હતું કે અરબવાસીઓ કલા કારીગરીથી અજાણ હતા અને અજમી એના નિષ્ણાત હતા. હઝરત અબ્બાસનો હેતુ એ રહ્યો હશે કે એનાથી અરબવાસીઓ શીખી લે અને રહણીકરણીમાં પ્રગતિ થાય. હઝરત મુગીરા બિન શઅબાનો એક ગુલામ હતો. અબૂ લૂ લૂ ફીરોઝ એનું નામ હતું. એક દિવસે તે રસ્તામાં હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہને મળ્યો અને દરખાસ્ત કરી કે મારી ઉપર મારા માલિકે એક દીનાર દરરોજ નિશ્ચિત કર્યો છે. હઝરત ઉમરે કહ્યું, એ કાંઈ વધારે નથી, તું સુથાર પણ છે, લુહાર પણ છે, નકશીકામ કરનાર પણ છે. પછી તેને ફર્માવ્યું કે મેં સાંભળ્યું છે કે

وَيُعْفِيْ عَنْ مُّسِيْئِهِمْ وَاُوْصِيْهِ بِذِمَّةِ اللّٰهِ وَذِمَّةِ رَسُوْلِهٖ اَنْ يُّوْفٰى

*ભત્રીજા ! એ સૌ બરાબર બરાબર હોત ! ન મારા પર અઝાબ થાય અને ન સવાબ મળે ! મારા*

لَهُمْ بِعَهْدِهِمْ وَاَنْ يُّقَاتِلَ مِنْ وَّرَائِهِمْ وَاَنْ لَّا يُكَلَّفُوْا

*બાદવાળા ખલીફાને મુહાજિરીને અવ્વલીનના બારામાં ભલાઈની વસિયત કરું છું કે તેમનો હક્ક ઓળખે*

فَوْقَ طَاقَتِهِمْ ع

*અને તેમની ઈજ્જતની હિફાઝત કરે અને અન્સારના માટે અચ્છાઈની વસિયત કરું છું જેમણે દારુલ હિજરતને રહેઠાણ બનાવ્યું અને સાચા દિલથી ઈમાન સ્વીકાર્યું કે એમના એહસાન કરવાવાળાના એહસાનને કૃબૂલ કરે અને લગઝિશ કરવાવાળાની લગઝિશથી દરગુઝર કરે. અને અલ્લાહ તથા રસૂલના જિમ્માની વસિયત કરું છું કે તેમની સાથે કરવામાં આવેલા વાયદાને પૂરો કરે, અને તેમની હિફાઝતમાં લડે અને તેમને તેમની શક્તિથી વધુ તકલીફ ન આપે."*

*(બુખારી ૨/૧૮૬ બાબુ કૃબ્રિન્નબી ﷺ, મનાકિબે ઉષ્માન, પેજ: ૨/૫૨૪)*

તું એવી ચક્કી બનાવવાનું જાણે છે જે હવાથી ચાલે. તેણે કહ્યું, હું તમારા માટે એવી ચક્કી બનાવીશ જેની ખ્યાતિ પૂરી દુનિયામાં થશે. હઝરત ફારૂકે આ'ઝમે ફર્માવ્યું કે આ મને ધમકી આપી રહ્યો છે ! આ મંગળવારનો બનાવ છે. બીજા દિવસે બુધવારે અબૂ લૂલૂ બે ધારવાળો ઝહેર મિશ્રિત ખંજર લઈને મસ્જિદમાં છુપાઈ રહ્યો. જ્યારે ફજરની નમાઝની જમાઅતનો સમય થયો તો ફારૂકે આ'ઝમ નમાઝ માટે મસ્જિદમાં આવ્યા અને અસ્સલાત અસ્સલાત કહેતા કહેતા મુસલ્લા પર ઉભા થયા એવામાં પાછળથી અબૂ લૂ લૂએ ખંજરનો હુમ્લો કરી આપ્યો. ત્રણ કે છ ઘા કર્યા. એક એટલો કારમો હતો કે દૂંટી પાર કરી ગયો હતો. હઝરત ઉમર એવું ફર્માવતા કે, મને કૂતરાએ મારી નાખ્યો ! મને કૂતરાએ મારી નાખ્યો ! ગબડી પડયા. અબૂ લૂ લૂ બે ધારી ખંજર ચલાવતો ભાગ્યો. તેર માણસોને ઝખ્મી કર્યા જેમાંથી છ અલ્લાહને પ્યારા થઈ ગયા. હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ એ તેના પર ચાદર ફેંકીને તેને બોચીમાંથી પકડી લીધો. જ્યારે તેણે જોયું કે હવે ફસાઈ ગયો છું તો એ જ ખંજર વડે આત્મહત્યા કરી લીધી. હઝરત ઉમરે અબ્દુર્રહમાન ઈબ્ને ઔફને નમાઝ પઢાવવાનો હુકમ આપ્યો અને લોકો હઝરત ઉમરને ઉઠાવીને ઘરે લાવ્યા. ઘરે આવીને પૂછયું કે મને કોણે કૃત્લ કર્યો ? જ્યારે બતાવવામાં આવ્યું કે અબૂ લૂ લૂએ. તો અલ્લાહ ﷻ નો શુક્ર અદા કર્યો કે કોઈ મુસલમાનનો હાથ તેમના લોહીથી રંગીન નથી થયો. પછી તબીબને બોલાવ્યો. તબીબે નબીઝ પીવડાવી જે એવી ને એવી ઝખ્મમાં થઈને બહાર નીકળી ગઈ. કેમ કે નબીઝનો રંગ પણ લાલ હતો એટલે સહીહ ખાત્રી ન થઈ શકી કે નબીઝ જ નીકળી, તો તબીબે અર્ઝ કરી આપ્યું હવે બચવાની આશા નથી, જે કાંઈ કરવું હોય કરી લો. ત્યારબાદ ખલીફા ચૂંટવા માટે સલાહકાર સમિતિ નિશ્ચિત કરી અને ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી હુજરા મુબારકમાં દફન થવાની ઈજાઝત તલબ કરી. ત્રણ દિવસ પછી વિસાલ ફર્માવ્યો અને રવિવારે દફન થયા. વિસાલની તારીખના બારામાં મતભેદ છે. એક કથન એ છે કે ૨૬ ઝીલ હજ્જના રોજ ઝખ્મી થયા અને ૧ મુહર્રમના દફન થયા. એક કૌલ એ પણ છે કે ૨૮ ઝીલ હજ્જ સોમવારે અલ્લાહની રહમતમાં પહોંચી ગયા. આ બનાવ ૨૩ હિજરીનો છે. ઉમર મુબારક ૬૩ વરસની થઈ. ખિલાફતની મુદ્દત દસ સાલ છ મહિના અમુક દિવસો છે. જો ૨૮ ઝીલ હજ્જના વિસાલ થયો તો છ દિવસ અને પ્રથમ મુહર્રમે થયો તો ૧૦ કે ૧૧ દિવસ થશે.

حدیث ۸۱۶ عَنْ عَائِشَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهَا قَالَتْ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ કહ્યું કે નબી ﷺ એ ફર્માવ્યું, **[હદીષ : ૮૧૬]**

عَلَیْهِ وَسَلَّمَ لَا تَسُبُّوا الْاَمْوَاتَ فَاِنَّهُمْ قَدْ اَفْضَوْا اِلٰی مَا قَدَّمُوْا ع ه

*મુડદાંઓને બુરાં ન કહો કેમ કે તેમણે જે કાંઈ આગળ મોકલ્યુ હતું તેનો બદલો પામી ચૂક્યા."*

*(બુખારી ૧/૧૮૭, અલ્ જનાઈઝ, નિસાઈ–જનાઈઝ)*

**لیتنی** : આ ઈર્શાદ ક્યાં તો નમ્રતા, આજીજીના રૂપે હતો અથવા એ બિના પર હતો કે ઈમાન ખૌફ તથા ઉમ્મીદના વચ્ચે છે, નહીં તો હુઝૂરે અક્દસ ﷺની બશારત પછી શંકાકુશંકાનો કોઈ અવકાશ જ નથી.

**بالمهاجرین الاولین** : મુહાજિરીન અવ્વલીનના બારામાં ત્રણ કથનો છે : એક એ કે તે હઝરાત છે જેઓ ગઝવએ બદરમાં શરીક થયા. ચાહે હકીકતની રૂએ ચાહે હુકમની રૂએ. આ તફસીલ અમે એટલા માટે કરી કે બદરમાં શરીક થનારાઓની સંખ્યા કુલ ૩૧૩ છે પણ જંગના મેદાનમાં ૩૦૫ હઝરાત જ હતા. ૮૦ મુહાજિરો તથા બાકીના અન્સારે કિરામ, આઠ હઝરાત જંગમાં શરીક ન થયા પણ તેમને બદરના માલે ગનીમતથી હિસ્સો મળ્યો. અને સહમતિ સાથે તે બદરવાળાઓમાંથી છે. એક હઝરત ઝુન્નૂરૈન ઉષ્માન رضی اللہ عنہ જેમને હુઝૂરે અક્દસ ﷺએ હઝરત સૈયદા રુકૈયા رضی اللہ عنہاની બીમારીમાં સેવા ચાકરી માટે મદીના પાક રોકી દીધા હતા. બીજા અને ત્રીજા હઝરત તલ્હા તથા હઝરત સઈદ બિન ઝયદ رضی اللہ عنہما જેઓ કુરૈશના વેપારી કાફલાની શોધખોળમાં મોકલવામાં આવ્યા હતા અને પાંચ અન્સારે કિરામ છે તેમનાં મુબારક નામો માલૂમ ન થઈ શક્યાં. બીજુ એ કે **મુહાજિરીન અવ્વલીન તે હઝરાત છે જેમણે બંને કિબ્લાઓની તરફ નમાઝ પઢી હોય.** એનો સાર એ નીકળ્યો કે જે હઝરાતે કિબ્લાની બદલીના પહેલાં હિજરત કરી. ત્રીજા તે હઝરાત જેઓ બયઅતે રિદ્વાનમાં શરીક થયા હોય જેમની સંખ્યા ૧૪૦૦ છે.

**الذین تبؤا الدار و الایمان** : **الدار**થી મુરાદ મદીના તય્યબહ છે. ઈમામ હસન બસરીએ ફર્માવ્યું, મદીના તયબહનાં નામોમાંથી એક **الایمان** અલ્ઈમાન પણ છે. અને જો અહીં ઈમાનનો શરઈ અર્થ મુરાદ લેવામાં આવે તો એનો આમિલ મહઝૂફ છે એટલે **اجابوا الی الایمان** "જેમણે સાચા દિલથી ઈમાન સ્વીકાર્યુ." અન્સારે કિરામ અસલમાં યમનના રહેવાસી હતા, તેમના આગલા વંશજ અમ્ર બિન આમિરે સદ્દે બારિબની તબાહીના આષાર જોયા તો ત્યાંથી સ્થળાંતર કરીને ગયબી ઈશારાથી મદીના તય્યબહ આવીને વસી ગયા. એમની જ નસલમાં હારિષા અથવા ષઅલ્બતુલ અન્કા છે. અવસ, ખઝરજ એમના ફરઝંદ છે. જેમનાથી અન્સારે કિરામ છે.

આ હદીષથી સાબિત થયું કે **અલ્લાહના મહબૂબોની બારગાહ નજીક દફન થવાની તમન્ના એ સહાબાએ કિરામની સુન્નત છે જેથી એમના પર નાઝિલ થનારી રહમતો અને મુલાકાતીઓની દુઆએ ખૈરથી તેમને પણ લાભ થાય.**

**સમજૂતી : ૮૧૬** અલ્ અમ્વાત પર અલિફ લામ અહદનો છે એનાથી મુરાદ મુસલમાન મુડદાં છે જેઓ ફાસિકે મોઅ્લિન ન હોય. એની દલીલ અબૂ દાઊદ (૨/૩૧૫ અલ અદબ) તથા તિર્મિઝી (૧/૧૨૧ જનાઈઝ)ની તે હદીષ જે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :– **اذکروا محاسن موتاکم و کفوا عن مساویهم** "તમારાં મુડદાંઓની ખૂબીઓ બયાન કરો અને તેમની બુરાઈઓથી મોં બંધ રાખો." ફાસિકે મોઅલિનના બારામાં ઉમ્દતુલ કારી (૮/૨૩૦)માં મુહદ્દિષ ઈબ્ને બત્તાલનું

આ કથન વર્ણન થયેલું છે : و ان کان فاسقا معلنا فلا غیبة له فکذٰلك المیت "ફાસિક઼ે મોઅલિનના ફિસ્ક઼ને વર્ણન કરવું ગીબત નથી, એ જ પ્રમાણે ફાસિક઼ે મોઅલિન મૈયતનું પણ." જેમ કે હદીષમાં ફર્માવ્યું : اذکروا الفاسق بما فیه متیٰ یحذره الناس "ફાસિક઼ના ફિસ્ક઼ને વર્ણન કરો, નહીં તો લોકો એનાથી કેવી રીતે બચશે." તેમજ આ હદીષમાં الاموातથી કેવળ મુસલમાન મુરાદ હોવું. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની આ હદીષથી પણ જાહેર છે જેને ઈમામ બુખારીએ આ પ્રકરણ પછી باب ذکر شرار الموتیٰના હેઠળ વર્ણન કરેલ છે, જેમાં છે :–

હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું, અબૂ લહબે રસૂલુલ્લાહ ﷺને કહ્યું, તારા માટે દિવસભર બર્બાદી થાય ! તો સૂરએ તબ્બતયદા નાઝિલ થઈ જેની પ્રથમ આયત આ પ્રમાણે છે : "અબૂ લહબના બંનેવ હાથ તૂટી જાય અને તે હલાક થઈ ગયો." અહીં બીજા નુસ્ખામાં علیه لعنة الله છે. એને અલ્લામા અયનીએ લીધેલ છે. અને એક નુસ્ખામાં لعنه الله છે એને સનદુલ હુફફાઝ અલ્લામા ઈબ્ને હજરે લીધુ છે. એની સાથે પ્રકરણને મળતાપણુ છે કે અબૂ લહબના મૃત્યુ બાદ હઝરત ઈબ્ને અબ્બાસ એના પર લઅનત મોકલી રહ્યા છે. તેમજ એ બતાવવાનું છે કે અબૂ લહબના જ બારામાં સૂરએ તબ્બતયદા નાઝિલ થઈ એમાં પણ તેની ટીકા તથા બુરાઈ છે. એનાથી સાબિત થઈ ગયું કે કાફિરોની બીવી બચ્ચાં મુસલમાન હોય અને તેમનાં કાફિર મા બાપ દાદાની બુરાઈ કરવાથી એમને તકલીફ પહોંચે તો એનાથી બચવું જરૂરી છે કે હવે એ મુસ્લિમને તકલીફ આપવું છે અને મુસ્લિમને તકલીફ આપવું જાઈઝ નથી. જેવું કે હઝરત ઈબ્ને અબ્બાસથી જ ઈમામ અહમદ તથા નિસાઈએ રિવાયત કરી છે કે કોઈ અન્સારીએ હઝરત અબ્બાસના કોઈ એવા સગાને કે જે જાહિલિયતના યુગમાં મરી ચૂક્યા હતા બુરા કહ્યા તો ઉશ્કેરાઈને હઝરત અબ્બાસે તે અન્સારીને પથ્થર મારી દીધો. એના પર અન્સાર ભડકી ગયા, કહેવા લાગ્યા કે અમે બદલો લઈશું ! ત્યાં સુધી કે શસ્ત્ર સજજ થઈને આવી ગયા. એની ખબર જ્યારે હુઝૂરે અક઼દસ ﷺને થઈ તો મિમ્બર પર તશરીફ લઈ ગયા અને અન્સારને ફર્માવ્યું, અબ્બાસ મારાથી છે અને હું એમનાથી છું. અમારાં મુડદાંઓને બુરા ન કહો કે અમારા જીવતાઓને તકલીફ પહોંચાડો. અન્સારે કહ્યું, અમે હુઝૂરના ગઝબથી અલ્લાહની પનાહ ચાહીએ છીએ ! (ઉમ્દતુલ ક઼ારી, ૮/૨૩૦) એકવાર અબૂ લહબની સાહબઝાદી હઝરત સુબેઅહ رضی اللہ عنہاને કોઈએ બિન્તે હતબુન્નાર કહી દીધાં. તેમણે હુઝૂરની ખિદમતમાં શિકાયત કરી તો જલાલ આવી ગયો ! ઈર્શાદ ફર્માવ્યો, ما بال اقوام یوذوننی فی قرابتی من اذانی فقد اذیٰ الله "એ લોકોનો શો હાલ છે જેઓ મારા સગાઓને કારણે મને ઈજા આપે છે. જેણે મને ઈજા આપી તેણે અલ્લાહને ઈજા આપી."

આ સર્વ છતાં શરઈ જરૂરતના સમયે મુસલમાનોના અયબોને જરૂરત મુજબ બયાન કરવા ક્યારેક જાઈઝ, ક્યારેક વાજિબ, ક્યારેક ફર્ઝ છે, ભલે તે મૃત્યુ પામી ચૂક્યો હોય. દા.ત. હદીષોના રાવીઓ પર જરહ (પકડ), ગવાહો પર જરહ વગેરે વગેરે.

بسم اللہ الرحمن الرحیم

**બિસ્મિલ્લાહિર્રહ્‌માનિર્રહીમ**

# كتاب الزكوٰة

## કિતાબુઝ્ઝ ઝકાત (ઝકાત વિશે પ્રકરણ)

ઝકાતનો શાબ્દિક અર્થ આ પ્રમાણે છે : પાક કરવું, દુરુસ્ત કરવું, વધવું, પ્રશંસા. શરીઅતમાં ઝકાતનો અર્થ આ છે : માલના એક હિસ્સાનો જે શરીઅતે નિશ્ચિત કર્યો છે અલ્લાહના માટે કોઈ મુસલમાન ફકીર વગેરેને માલિક કરી આપવો એ શર્તે કે તે ફકીર હાશમી ન હોય. ઝકાત ફર્ઝ છે અને તેની ફર્ઝિયત કતઈ ઈજમાઈ છે. જે એનો મુન્કિર હોય તે કાફિર છે અને જે ન આપે તે કત્લના પાત્ર છે અને મોડુ કરનાર ફાસિક, મરદૂદુશ્શહાદહ્ (જેની ગવાહી અમાન્ય હોય) છે. જો કોઈ વસ્તીવાળા અથવા કોઈ જમાઅત ઝકાત ન આપે તો સુલ્તાને ઈસ્લામને (ઈસ્લામી બાદશાહને) તેઓ સાથે જંગ કરવાનો હુકમ છે. આ ઈસ્લામનો ત્રીજો રુકન છે. મોટા ભાગનાનો કૌલ એ છે કે ઝકાત હિજરતના બીજા વર્ષે ફર્ઝ થઈ. (ઉમ્દતુલ કારી, ૮/૨૫૫)

ઝકાત દરેક મુસલમાન પુરૂષ, સ્ત્રી, આકિલ, બાલિગ પર ફર્ઝ છે જે એવા માલે નામીનો માલિક હોય જે નિસાબ જેટલો હોય અને એના પર પૂરુ વરસ ગુજરી ચૂક્યું હોય, અને અસલી જરૂરતોથી ફાજલ હોય, માલે નામી ત્રણ ચીજો છે : સોનુ, ચાંદી ચાહે તેની લગડી હોય અથવા ઘરેણા, વાસણ કે સિક્કા, ભલે મૂકી રાખ્યાં હોય, વેપારનો માલ, કાંઈ પણ હોય. ચરાઈનાં જાનવર.

**ફર્ઝિયતની દલીલો** : એનું ફર્ઝ હોવું કુર્આન મજીદની પુષ્કળ આયતોથી સાબિત છે. અહીં ઈમામ બુખારીએ કેવળ એક આયત وَ اَقِيۡمُوۡا الصَّلٰوةَ وَ آتُوۡا الزَّكٰوةَ "અને નમાઝ કાયમ કરો અને ઝકાત આપો." વર્ણન કરી છે. આ આયત છ સૂરતોમાં વર્ણન થયેલી છે. સૂરએ બકરહમાં ત્રણ જગાએ આયત : ૪૩, ૮૨, ૧૧૦, સૂરએ નિસાઅ્, આયત : ૭૭, સૂરએ નૂર, આયત : ૫૬, સૂરએ મુઝમ્મિલ, આયત : ૨૦, સૂરએ હજ્જ, આયત : ૭૭ અને સૂરએ મુજાદિલા, આયત : ૧૨માં. અહીં પ્રારંભમાં વાવને બદલે ف (ફાઅ્) છે : فاقيموا الصلوٰة હવે આ હકીકતમાં આઠ આયતો થઈ ગઈ એ સૌમાં آتوا الزكوٰة માં અમ્ર છે જે વજૂબ (વાજિબ હોવા)ના માટે છે, જેનાથી ફર્ઝિયત નિશ્ચિત રૂપે પર સાબિત છે. તદ્‌ઉપરાંત એની ફર્ઝિયતની દલીલમાં છ હદીષો વર્ણન કરી છે. પ્રથમ હદીષે હિરકલ, જે વિગતવાર પહેલા ભાગમાં વર્ણન થઈ ચૂકી છે. એમાં છે : يامرنا بالصلوٰة و الزكوٰة و الصلة و العفاف હઝરત અબૂ સુફયાને હિરકલને બતાવ્યું કે, આ (નબી) અમને નમાઝ, ઝકાત, સિલએ રહમી (સગાથી સદ્‌વર્તાવ) તથા પાકદામનીનો હુકમ આપે છે." એ પણ ફર્ઝિયત પર દલીલ (કતઈ) છે. બીજી હદીષે મઆઝ જેમાં નસ્સે સરીહ (ઉઘાડી દલીલ) છે : افترض عليهم صدقة فى اموالهم "અલ્લાહ ﷻ એ એમના માલમાં સદકો ફર્ઝ કર્યો જે એમના માલદારો પાસેથી લેવામાં આવે અને તેમના

حدیث ۸۱۷ عَنِ ابْنِ عَبَّاسٍ رَّضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰهُ تَعَالٰی

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે નબી ﷺ એ મઆઝને યમન **[હદીષ : ૮૧૭]**

عَلَیْهِ وَسَلَّمَ بَعَثَ مُعَاذًا اِلَی الْیَمَنِ فَقَالَ اُدْعُهُمْ اِلٰی شَهَادَةِ اَنْ لَّآ

મોકલતી વખતે તેમને ઈર્શાદ ફર્માવ્યો, (પ્રથમ) તેઓને એની દા'વત આપો કે તેઓ ગવાહી આપે કે

اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَنِّیْ رَسُوْلُ اللّٰهِ فَاِنْ هُمْ اَطَاعُوْا لِذٰلِكَ فَاَعْلِمْهُمْ

અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ (ઈબાદતને પાત્ર, પૂજ્ય, પૂજનીય, પૂજા લાયક) નથી અને હું અલ્લાહનો

اَنَّ اللّٰهَ اِفْتَرَضَ عَلَیْهِمْ خَمْسَ صَلَوٰتٍ فِیْ كُلِّ یَوْمٍ وَّلَیْلَةٍ فَاِنْ

રસૂલ છું. પછી જો તેઓ એને કબૂલ કરી લે તો એમને બતાવો કે અલ્લાહે એમના પર દરરોજ પાંચ વખતની

هُمْ اَطَاعُوْا لِذٰلِكَ فَاَعْلِمْهُمْ اَنَّ اللّٰهَ اِفْتَرَضَ عَلَیْهِمْ صَدَقَةً

નમાઝો ફર્ઝ કરી છે. જો એ પણ માની લે તો એમને બતાવો કે અલ્લાહે એમના માલોમાં સદકો ફર્ઝ કર્યો છે

فِیْ اَمْوَالِهِمْ تُؤْخَذُ مِنْ اَغْنِیَائِهِمْ وَتُرَدُّ فِیْ فُقَرَائِهِمْ ع

જે એમના માલદારોથી લેવામાં આવે અને તેમના મોહતાજો પર પરત કરી દેવામાં આવે.''

(બુખારી ૧/૧૮૭, ઝકાત, ૧/૧૯૬, ૧/૨૦૨, ૧/૩૩૧, ૨/૬૨૩, મગાઝી, ૨/૧૦૯૬ અત્તૌહીદ, મુસ્લિમ–ઈમાન, અબૂ દાઊદ–ઝકાત, તિર્મિઝી–ઝકાત, નિસાઈ–ઝકાત, દારમી–ઝકાત, ઈબ્ને માજહ–ઝકાત)

ફકીરો પર વહેંચી દેવામાં આવે.'' ત્રીજી, આ હદીષ કે એક સાહબે નબી ﷺ ની ખિદમતમાં અર્ઝ કરી, મને એવો અમલ બતાવો જે મને જન્નતમાં દાખલ કરી આપે. તો ફર્માવ્યું, અલ્લાહની ઈબાદત કર, તેની સાથે કોઈને શરીક ન કર, અને નમાઝ કાયમ કર અને ઝકાત આપ અને સિલએ રહમી કર. ચોથી હદીષે અઅરાબી જે આ જ વિષયની છે. પાંચમી હદીષે અબ્દુલ કૈસ. છઠ્ઠી ઝકાતના મુન્કિરોની હદીષ. આ છ હદીષો પર બસ નથી, એની ફર્ઝિયતની પુષ્કળ હદીષો છે, જેમાં કેટલીક બહારે શરીઅત, ભાગ : ૫ના શરૂમાં વર્ણવેલી છે.

**સમજૂતી : ૮૧૭**

ઝકાતમાં જ પેજ : ૨૦૩ પર અને મગાઝીમાં આટલુ અધિક છે : **فایاك و کرائم الاموال واتق دعوة المظلوم فانه لیس بینه و بین الله الحجاب** ''ઝકાતમાં ઉમદા માલ લેવાથી બચો અને મઝલૂમની દુઆથી ડરો ! એટલા માટે કે તેના તથા અલ્લાહની વચ્ચે કોઈ હિજાબ (આડ) નથી.''

ગઝવએ તબૂકથી પરત થયા બાદ રબીઉલ આખર ૯ હિજરીમાં હુઝૂરે અકદસ ﷺ એ હઝરત મઆઝ અને હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہما ને યમન મોકલ્યા હતા. યમન પર પાંચ હઝરાત નિયુક્ત થયા હતા. જુન્દલ પર હઝરત મઆઝની, ઝુબૈદ અદન સાહિલ પર હઝરત અબૂ મૂસાની, ખાલિદ બિન સઈદની સિગા પર, મુહાજિર ઈબ્ને ઉમૈયાની કંદા પર અને ઝિયાદ બિન લબીદની હઝરમૂત પર. હઝરત મઆઝની વાલી તથા કાઝીના હોદ્દા પર નિયુક્તિ થઈ હતી અને તેમની જિમ્મેદારીમાં એ પણ હતું કે આમિલોથી ઝકાત વસૂલ કરે.

"હઝરત સૈયદના અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہથી રિવાયત છે કે એક શખ્સે નબી ﷺને **[હદીષ : ૮૧૮]**

યમનમાં નસ્રાની પણ હતા, એના પ્રતિ બીજી રિવાયતોમાં નિર્દેશ પણ છે કે ફર્માવ્યું, "તમે નજીકમાં જ એવા લોકો પાસે જશો જે અહલે કિતાબ છે."

**મસાઈલ** : (૧) આ હદીષથી સાબિત થયું કે કાફિરોને જંગ કરતા પહેલાં ઈસ્લામની દા'વત આપવી જોઈએ. (૨) મુસલમાન થવા માટે જીભથી ઈક્રાર કરવો જરૂરી છે. (૩) અમુક હઝરાતે હદીષના આ ભાગથી કે ઝકાત એમના માલદારોથી લેવામાં આવે અને એમના ગરીબો (મોહતાજો) પર વહેંચી દેવામાં આવે, એ દલીલ રજૂ કરી છે કે એક જગાની ઝકાત બીજી જગાએ તબદીલ કરવી જાઈઝ નથી. સૈયદના ઉમર બિન અબ્દુલઅઝીઝ رحمۃ اللہ علیہનો પણ આ જ મઝહબ હતો. ખુરાસાનથી ઝકાત આવી તો તેને તેમણે ખુરાસાન પરત કરી આપી. પણ એના પર ઉમ્મતનો ઈજમાઅ છે કે અન્ય જગાના ફક઼ીરો (ગરીબો)ને જો ઝકાત આપવામાં આવે તો અદા થઈ જશે. આ હદીષમાં **فقراءهم**માં ઝમીરનો મરજઅ મુસ્લિમીન છે. અથવા એ કે આ ઈર્શાદ મુસ્તહબના રૂપે ખાસ એ લોકો માટે એ કારણે હતો કે ત્યાંના ફક઼ીરો (ગરીબો) વધુ જરૂરતમંદ રહ્યા હશે. (૪) અલ્લામા તયબી વગેરેએ **توخذ من اغنيائهم**થી દલીલ રજૂ કરી કે નાબાલિગ પણ જો માલિકે નિસાબ છે તો તેના પર ઝકાત વાજિબ છે. આપણે ત્યાં વાજિબ નથી કેમ કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી મરવી છે કે નબી ﷺએ ફર્માવ્યું :–

**رفع القلم عن ثلاثة عن النائم حتىٰ يستيقظ و عن الصبى حتىٰ يحتلم و عن المجنون حتىٰ يفيق** "ત્રણ શખ્સો મરફ઼ુઉલ ક઼લમ (શરીઅતનો હુકમ લાગુ ન થાય તે) છે, સૂતેલો જ્યાં સુધી જાગી ન જાય, બાળક જ્યાં સુધી બાલિગ ન થઈ જાય અને પાગલ જ્યાં સુધી તંદુરસ્ત (સાજો) ન થઈ જાય.

તિર્મિઝી વગેરેમાં જે આ હદીષ છે કે ફર્માવ્યું, "જે કોઈ યતીમ વલી (વાલી) હોય તેણે જોઈએ કે વેપાર કરે કે એનો માલ સદક઼ો કે ઝકાત ન ખાય જાય." ઝઈફ છે. (૫) આ હદીષ એના પર દલીલ (નસ) છે કે ઝકાતની અદાયગી સહીહ થવા માટે એ જરૂરી નથી કે કુર્આને કરીમમાં વર્ણવેલ આઠેવ (પ્રકારના) વ્યક્તિ (હક્કદારો)ને આપવામાં આવે, કોઈ એક હક્ક઼દારને આપવું પૂરતુ છે, કારણ કે આ હદીષમાં કેવળ ફક઼ીરોમાં વહેંચવાનું ફર્માવ્યું. (૬) કોઈના ઉપર જુલ્મ કરવો એ હરામ તથા ગુનોહ હોવાના સાથોસાથ જાલિમની તબાહીનો પણ સબબ છે. એટલા માટે કે **મઝલૂમની આહ બેકાર નથી જતી, ભલે મઝલૂમ ફાસિક તથા ફાજિર, ત્યાં સુધી કાફિર હોય.** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે : **دعوة المظلوم مستجابة و ان كان فاجرا ففجوره علىٰ نفسه** "મઝલૂમની દુઆ મક઼બૂલ છે, જો તે ફાજિર છે તો તેનો ફુજૂર તેની જાત પર છે." (ઉમ્દતુલ ક઼ારી, ૬/૨૩૮) વર્ણવેલ હદીષ અમુક તરીક઼ાઓથી મુસ્નદે ઈમામ અહમદમાં હઝરત અનસ رضی اللہ عنہથી પણ મરવી છે એમાં **و ان كان كافرا** (ઉપર મુજબ) વધારે છે. યાદ રાખશો કે ચોરી, ડાકૂગીરી મુર્તદ થવાની સજા આપવી જુલ્મ નથી. શરીઅતના હુકમ પ્રમાણે સુવ્યવસ્થા સાચવવાની કાર્યવાહી છે. વિના જુર્મે નાહક્ક઼ સતાવવું અથવા **શરીઅતની નિશ્ચિત કરેલ સજાથી વધુ સજા આપવી જુલ્મ છે.**

## સમજૂતી : ૮૧૮

ઈબ્ને કુતૈબાએ કહ્યું કે આ અર્ઝ કરનારા ખૂદ હઝરત અબૂ ઐયૂબ અન્સારી જ હતા. કિતાબુલ અદબની રિવાયતમાં છે કે છેવટમાં હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું, એને છોડી આપ ! રાવી કહે છે જાણે હુઝૂર સવારી પર હતા. એટલે સાઈલે આ સવાલ એવા સમયે કર્યો હતો કે હુઝૂરે અક઼દસ ﷺ સવારી પર હતા. ક્યાંક જવાનો

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَخْبِرْنِىْ عَنْ عَمَلٍ يُّدْخِلُنِى الْجَنَّةَ

અર્ઝ કરી કે મને એવો અમલ બતાવો જે મને જન્નતમાં દાખલ કરી આપે. તો લોકોએ કહ્યું, આને શું થઈ

قَالَ مَالَهٗ مَالَهٗ وَقَالَ النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَرَبٌ مَالَهٗ

ગયું ! આને શું થઈ ગયું ! અને નબી ﷺએ ફર્માવ્યું, એને એ સવાલની જરૂરત છે. અલ્લાહની ઈબાદત કર,

تَعْبُدُ اللّٰهَ لَاتُشْرِكُ بِهٖ شَيْئًا وَّتُقِيْمُ الصَّلٰوةَ وَتُؤْتِى الزَّكٰوةَ

એ હાલમાં કે એનો કોઈને ભાગીદાર ન કરતો, અને નમાઝ કાયમ રાખજે, ઝકાત આપતો રહેજે અને

સિલએ રહમી (સગાથી સારો વહેવાર) કરતો રહેજે."

(બુખારી ૧/૧૮૭, ઝકાત, ૨/૮૮૫, અલ અદબ, મુસ્લિમ–ઈમાન, નિસાઈ–સલાત વ ઈલ્મ)

حدیث ۸۱۹ عَنْ اَبِىْ هُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ اَعْرَابِيًّا اَتَى النَّبِىَّ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે એક ગામડિયા નબી ﷺની ખિદમતમાં હાજર **[હદીષ : ૮૧૯]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ دُلَّنِىْ عَلٰى عَمَلٍ اِذَا عَمِلْتُهٗ دَخَلْتُ

થયા અને અરજ કરી, મને કોઈ એવો અમલ બતાવો કે જેને કરું તો જન્નતમાં દાખલ થઈ જાઉં. ફર્માવ્યું,

الْجَنَّةَ قَالَ تَعْبُدُ اللّٰهَ وَلَاتُشْرِكُ بِهٖ شَيْئًا وَّتُقِيْمُ الصَّلٰوةَ الْمَكْتُوْبَةَ

અલ્લાહની ઈબાદત કર અને કોઈને એનો શરીક ન ઠરાવ અને ફર્ઝ નમાઝ કાયમ કર અને ફર્ઝ ઝકાત અદા

وَتُؤَدِّى الزَّكٰوةَ الْمَفْرُوْضَةَ وَتَصُوْمُ رَمَضَانَ قَالَ وَالَّذِىْ نَفْسِىْ بِيَدِهٖ

કર અને રમઝાનના રોઝા રાખ. એ અઅરાબીએ અર્ઝ કરી, કસમ છે એ જાતની જેના કબ્જામાં મારી જાન છે

ઈરાદો હતો અથવા ક્યાંક જઈ રહ્યા હતા. માર્ગ દરમ્યાન સાઈલે સવારીની લગામ પકડીને રોકી અને તે સવાલ કર્યો. એના કારણે લોકોને આશ્ચર્ય થયું અને બોલી ઉઠયા કે આને શું થઈ ગયું છે ! આને શું થઈ ગયું છે ! અને હુઝૂરે ફર્માવ્યું, જરૂતમંદ છે, પૂછવા દો. હઝરત સૈયદના અબૂ ઐયૂબ જેવા સરાપા અદબ તથા ઈખ્લાસવાળાથી આ હરકત અનઅપેક્ષિત છે, આ શાન કોઈ અઅરાબી (ગામડાવાસી)ની હોઈ શકે છે. એટલા માટે હઝરત અલ્લામા ઈબ્ને હજરની આ રાય અધિક યોગ્ય છે કે આ તથા એના બાદવાળી હદીષ એક જ છે. હવે પ્રકરણની સાબિતી પણ સ્પષ્ટ થઈ જશે એટલા માટે એમાં تؤدى الزكوة المفروضة છે. એનું સમર્થન મુસ્લિમની રિવાયતથી થાય છે કેમ કે એમાં ખુલાસો છે કે રસૂલુલ્લાહ ﷺ સફરમાં હતા એવામાં એક અઅરાબીએ માર્ગ રોક્યો, ઊંટણીની નકેલ (લગામ) પકડી લીધી અને તે સવાલ કર્યો.

**સમજૂતી : ૮૧૯** ભાગ : ૧, પેજ : ૩૦૩, ૫૨ આ જ વિષયની હઝરત તલ્હા બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہની હદીષ વર્ણન થઈ ચૂકી. જેથી ખુલાસાવાર વર્ણન ત્યાં જોઈ લેશો. કેવળ બે વાતો રજૂ કરું છું : બુદ્ધિની

لَا اَزِيْدُ عَلٰى هٰذَا فَلَمَّا وَلّٰى قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَنْ

એના પર કાંઈ વધારો ન કરીશ. જ્યારે કે તે ચાલ્યા ગયા તો નબી ﷺ એ ફર્માવ્યું, જે કોઈ જન્નતીને જોવા

سَرَّهُ اَنْ يَّنْظُرَ اِلٰى رَجُلٍ مِّنْ اَهْلِ الْجَنَّةِ فَلْيَنْظُرْ اِلٰى هٰذَا عـه

ચાહતુ હોય તે આ ગામડિયાને જોઈ લે." (ઉપર મુજબ, મુસ્લિમ–ઈમાન, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૩૪૨)

**حديث ٨٢٠** اَنَّ اَبَا هُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ لَمَّا تُوُفِّىَ رَسُوْلُ اللّٰهِ

**[હદીષ : ૮૨૦]** "હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ ફર્માવ્યું, જ્યારે રસૂલુલ્લાહ ﷺ નો વિસાલ થઈ ગયો

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَكَانَ اَبُوْ بَكْرٍ وَّكَفَرَ مَنْ كَفَرَ

અને અબૂબક્ર ખલીફા બન્યા અને અરબવાસીઓમાંથી અમુકે કુફ્ર કર્યું તો ઉમરે ફર્માવ્યું, આપ એ લોકો સાથે

مِنَ الْعَرَبِ فَقَالَ عُمَرُ كَيْفَ تُقَاتِلُ النَّاسَ وَقَدْ قَالَ

કેવી રીતે લડશો, જ્યારે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું છે, મને લોકો સાથે લડવાનો હુકમ આપવામાં આવ્યો

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اُمِرْتُ اَنْ اُقَاتِلَ

છે ત્યાં સુધી કે તેઓ કલ્મએ તૈયેબહ પઢી લે. જેણે કલ્મએ તયબહ પઢી લીધો તેણે પોતાનો માલ પોતાની

النَّاسَ حَتّٰى يَقُوْلُوْا لَا اِلٰهَ اِلَّا اللّٰهُ فَمَنْ قَالَهَا فَقَدْ عَصَمَ

જાન મેહફૂઝ કરી લીધી પણ ઈસ્લામના હક્કના કારણે, અને એનો હિસાબ અલ્લાહ પર છે. અબૂબક્રએ કહ્યું,

مِنِّىْ مَالَهٗ وَنَفْسَهٗ اِلَّا بِحَقِّهٖ وَحِسَابُهٗ عَلَى اللّٰهِ فَقَالَ وَاللّٰهِ

જે નમાઝ અને ઝકાતમાં ફરક કરશે તેની સાથે જરૂર જરૂર લડીશ. ઝકાત માલનો હક્ક છે. હુઝૂરે

રૂએ આદતની રૂએ (સ્વભાવિકપણે) એ શક્ય હતું કે આ શખ્સ એના વિરુદ્ધ વર્તન કરતો અને મઆઝલ્લાહ ! મુર્તદ પણ થઈ શકતો હતો, તેમ છતાં તેને જન્નતી કહેવો એ હુઝૂરે અક્દસ ﷺ ના ગયબદાં હોવાની દલીલ છે. તેમજ એ પણ સાબિત થઈ ગયું કે **હુઝૂરે અક્દસ ﷺ ને એ કુદરત હતી કે એ માલૂમ કરી લે કે કોનો ખાત્મો ઈમાન પર થશે અને કોનો નહીં.**

## સમજૂતી : ૮૨૦

**كفر من كفر من العرب** મુર્તદોના બે પ્રકારો હતા, એક તે જેઓ મુસૈલમા કઝ્ઝાબ અને અસ્વદ ઉન્સીના તાબે થઈ ગયા હતા. બીજા તે જેઓ કોઈ દીનના પાબંદ ન હતા, નાસ્તિક અધર્મી થઈ ગયા.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ના આ ઈર્શાદથી એ જ બંનેવ મુરાદ છે, રહી ગયા ઝકાતના મુન્કિરો, તેમના પર તે દૌરમાં કુફ્રનો હુકમ દુરુસ્ત ન હતો એટલા માટે કે તેઓ સામાન્ય ગામડિયા નવા નવા મુસલમાન થયા હતા, તેમને ઝકાતની ફર્ઝિયતનો ઈલ્મ ન હતો. વળી કેટલાક એવા પણ હતા જેમને તેમને રઈસોએ બેહકાવીને ઝકાત

لَاُقَاتِلَنَّ مَنْ فَرَّقَ بَيْنَ الصَّلٰوةِ وَالزَّكٰوةِ فَاِنَّ الزَّكٰوةَ

અક્દસ ﷺને બકરીનુ નાનુ બચ્ચુ પણ ઝકાતમાં આપતા હતા જો તેને પણ

حَقُّ الْمَالِ - وَاللّٰهِ لَوْمَنَعُوْنِيْ عَنَاقًا كَانُوْا يُؤَدُّوْنَهَا اِلٰى رَسُوْلِ

આપવાનો ઈન્કાર કરશે તો તેમની સાથે એના માટે જરૂર લડીશ. હવે હઝરત ઉમરે કહ્યું,

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَقَاتَلْتُهُمْ عَلٰى مَنْعِهَا قَالَ

ખુદાના ક઼સમ ! અલ્લાહે અબૂબક્રના સીનાને

عُمَرُ فَوَاللّٰهِ مَا هُوَ اِلَّا اَنْ قَدْ شَرَحَ اللّٰهُ صَدْرَ اَبِيْ بَكْرٍ فَعَرَفْتُ اَنَّهُ الْحَقُّ

જંગના માટે ખોલી આપ્યો હતો. હવે મેં જાણ્યું કે એ જ હક્ક઼ છે."

(બુખારી ૧/૧૮૮–ઝકાત, ૨/૧૦૨૩, ૨/૧૦૮૧, અલ એઅ્તિસામ, મુસ્લિમ–ઈમાન, અબૂ દાઊદ–ઝકાત, તિર્મિઝી–ઈમાન, નિસાઈ–ઈમાન, અલ્મુહારિબા–જેહાદ)

વસૂલ કરીને પોતે જ વહેંચી લીધી હતી, એઓ ઈસ્લામના ખલીફાને ઝકાત આપવાનો ઈન્કાર કરતા હતા. એમને બાગી કહેવું અધિક યોગ્ય છે એટલા માટે એમની સાથે જંગ કરવાના બારામાં શરૂમાં મતભેદ થયો. આજે જ્યારે કે ઝકાતનું ફર્ઝ હોવું દરેક આમ તથા ખાસને ખબર છે જેથી જો કોઈ ઝકાતના ફર્ઝ હોવાનો ઈન્કાર કરશે તો જરૂર કાફિર થઈ જશે.

એની ખબર જ્યારે મદીના પહોંચી તો વિના સંકોચે હઝરત અબૂબક્રએ એ સૌની સાથે લડવાનો ફેંસલો કરી લીધો. હવે અહીં બે પ્રશ્નો ઉભા થઈ ગયા. પ્રથમ એ કે જંગના માટે સંજોગો ન હતા. મદીના તૈયબહ તથા આસપાસમાં મુનાફિક઼ો ઘમંડપૂર્વક પડયા હતા. થોડી સરખી ગફલત તથા કમજોરી પર તેમની સાથે આંત્રિક અથડામણનો મજબૂત અંદેશો હતો. બીજુ એ કે વિસાલ પહેલાં ખૂદ હુઝૂરે અક઼દસ ﷺએ શામની તરફ હઝરત ઓસામા બિન ઝયદ رضی اللہ عنہماની સરદારી હેઠળ એક લશ્કર રવાના કર્યું હતું જેણે જરફ પર પડાવ નાખ્યો હતો. હુઝૂર ﷺની તબીયતની નાદુરુસ્તી અને પછી વિસાલની ખબર સાંભળીને રોકાઈ ગયું હતું. હઝરત સિદ્દીક઼ે અકબરને સમજાવ્યા છતાં તે લશ્કરને રોક્યું નહીં, બલ્કે રોકવાનો આગ્રહ કરતાં ફર્માવ્યું, જે લશ્કરને રસૂલુલ્લાહ ﷺએ રવાના કર્યું છે અને જે ઝંડાને રસૂલુલ્લાહ ﷺએ ખોલ્યો છે, અબૂ કહાફાના પુત્રમાં એ મિજાલ નથી કે તેને રોકે અને તે ઝંડાને બાંધે, ચાહે ગમે તે થઈ જાય !

આવા સંજોગોમાં જ્યારે કે આંત્રિક ફિત્નાખોરોથી અંદેશો છે અને ખાસ ખાસ માણસો એક ચળવળ પર જઈ ચૂક્યા છે. એ મુર્તદો સાથે જંગ કામયાબ થશે કે નહીં, એ ખૂબ જ પાયાનો સવાલ હતો. પણ બીજી બાજુ એનાથી પણ મહત્વનો સવાલ એ હતો કે સુસ્તી વર્તવામાં આવત અને એમને એમના હાલ પર છોડી દેવામાં આવતા તો શું થાત ? જ્યારે તેઓ સંગઠિત થઈ જાત શક્તિ મેળવી લેત અને પછી એમને જોઈને અન્ય મુઝબઝબો (ઢુલમુલીયા) એવું કરી દેત તો એનાથી જે પરિણામ નીકળત તે ઈસ્લામની બર્બાદી તથા તબાહી હોત. એટલા માટે જાનશીને રસૂલે ઈસ્લામની સલામતી તથા રક્ષાના માટે જેહાદનું એલાન કરી આપ્યું.

**فقال عمر** : હઝરત ફારૂક઼ે આ'ઝમને ખચકાટ કેવળ ઝકાતના મુન્કિરોથી જેહાદ કરવામાં હતો. ચર્ચા વિચારણા પછી ફારૂક઼ે આ'ઝમે પણ સ્વીકાર કરવો પડયો કે હક્ક઼ એ જ છે જે સિદ્દીક઼ે અકબર કહે છે. આ પ્રમાણે સહાબાની

حدیث ۸۲۱ اَنَّ عَبْدَ الرَّحْمٰنِ بْنِ هُرْمُزَ الْاَعْرَجَ حَدَّثَهٗ اَنَّهٗ سَمِعَ

"અબ્દુર્રહમાન બિન હુરમુઝ અઅરજે હદીષ વર્ણન કરી કે તેમણે હઝરત અબૂ **[હદીષ : ૮૨૧]**

اَبَا هُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ يَقُوْلُ قَالَ النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

હુરૈરહ رضی اللہ عنہને એવું ફર્માવતાં સાંભળ્યા કે નબી صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જ્યારે ઊંટમાંથી તેનો હક્ક઼ ન આપવામાં

وَسَلَّمَ تَاْتِى الْاِبِلُ عَلٰى صَاحِبِهَا عَلٰى خَيْرِ مَا كَانَتْ اِذَا هُوَ لَمْ يُعْطِ

આવે તો ક઼યામતના દિવસે જેવો હતો એનાથી બેહતર થઈને પોતાના માલિકની પાસે આવશે અને તેને પોતાના

فِيْهَا حَقَّهَا تَطَاُهٗ بِاَخْفَافِهَا وَ تَاْتِى الْغَنَمُ عَلٰى صَاحِبِهَا عَلٰى

પગો વડે કચડશે, અને જ્યારે બકરીમાં તેનો હક્ક઼ ન આપવામાં આવે તો તે ક઼યામતના દિવસે જેવી હતી એનાથી

خَيْرِ مَا كَانَتْ اِذَا لَمْ يُعْطِ فِيْهَا حَقَّهَا تَطَاُهٗ بِاَظْلَافِهَا وَ تَنْطَحُهٗ بِقُرُوْنِهَا

બેહતર થઈને પોતાના માલિકની પાસે આવશે અને તેને પોતાના પગો વડે કચડશે અને પોતાની સીંગો વડે

قَالَ وَمِنْ حَقِّهَا اَنْ تُحْلَبَ عَلَى الْمَاءِ قَالَ وَلَا يَاْتِىْ اَحَدُكُمْ يَوْمَ الْقِيٰمَةِ

મારશે. ફર્માવ્યું, એનો હક્ક઼ એ છે કે તેને પાણી પર દોહવામાં આવે. ફર્માવ્યું, તમારામાં કોઈ ક઼યામતના દિવસે

સહમતિએ આ ત્રણેવ પ્રકારના લોકો સાથે જેહાદ શરૂ થયો. અલ્લાહ جل جلالہએ પોતાના દીનની મદદ ફર્માવી અને સર્વ મુર્તદોનો ખાત્મો થઈ ગયો. મુસૈલમા કઝ્ઝાબ અને અસ્વદ ઉન્સી માર્યા ગયા અને ઝકાતના મુન્કિરો સીધા માર્ગે આવી ગયા અને આખુ અરબસ્તાન ખાલિસ ઈસ્લામથી માલામાલ થઈ ગયું. એનાથી જ પ્રભાવિત થઈને હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہએ ફર્માવ્યું હતું : **لقد قام ابو بكر يوم الردة مقام نبى من الانبياء** "યવમે રિદ્દત (ઝકાત આપવાથી કેટલાક લોકોએ ઈન્કાર કરેલો તે દિવસ) અબૂબક્રએ એક નબીની જાનશીનીનો હક્ક઼ અદા કરી આપ્યો. સહીહ રાય, સમય પર જરૂરી પગલાં અને આ'લા કામયાબીનું આનાથી બેહતર દૃષ્ટાંત દુનિયાનો ઈતિહાસ રજૂ કરવાથી લાચાર છે. એ સમયના સંજોગોને જોતાં માણસ પોતાની તદબીર પર ભરોસો કરીને આવાં મહત્વનાં પગલાં ભરવાની હિંમત કરી શકતો ન હતો જ્યાં સુધી કે અલ્લાહ તરફથી તે મદદ ન પામે. ઝકાતની ફર્ઝિયત હઝરત સિદ્દીક઼ અકબર رضی اللہ عنہના આ ઈર્શાદથી સાબિત છે કે જે નમાઝ તથા ઝકાત વચ્ચે ફરક કરશે એની સાથે લડીશ.

**لو منعونى عناقا : عناق** બકરીના વરસથી ઓછી વયના બચ્ચાને કહે છે. અને અમુક રિવાયતોમાં **عقالا** છે, એટલે જાનવર બાંધવાની રસ્સી, આ બર સબીલે મુબાલેગા (અતિશયોક્તિના રૂપે) છે, મતલબ એ છે કે કોઈ હલકી ચીજ પણ ઝકાતમાં આપતા હતા અને હવે નહીં આપે તો તેમની સાથે જેહાદ કરીશ.

## સમજૂતી : ૮૨૧

મુસ્લિમ શરીફમાં આ હદીષ પૂરી વિગત સાથે આ પ્રમાણે વર્ણન થઈ છે કે ફર્માવ્યું, સોના તથા ચાંદીના માલિક જેઓ એનો હક્ક઼ અદા નહીં કરે, ક઼યામતના દિવસે તેના વડે સોના તથા ચાંદીની ચાદર બનાવવામાં

بِشَاةٍ يَحْمِلُهَا عَلٰى رَقَبَتِهٖ لَهَا يُعَارٌ فَيَقُوْلُ يَا مُحَمَّدُ فَاَقُوْلُ لَا اَمْلِكُ

*પોતાની ગરદન પર બકરી લાદીને ન આવે જે બોલી રહી હોય અને કહે યા મુહમ્મદ! (ફરિયાદ છે) અને હું કહું*

لَكَ شَيْئًا قَدْ بَلَّغْتُ وَلَا يَاْتِيْ بِبَعِيْرٍ يَحْمِلُهٗ عَلٰى رَقَبَتِهٖ لَهٗ رُغَاءٌ فَيَقُوْلُ

*હું તારા માટે કાંઈ નથી કરી શકતો, મેં પહોંચાડી આપ્યું હતું. અને કોઈ પોતાની ગરદન પર ઊંટ લાદીને*

يَا مُحَمَّدُ فَاَقُوْلُ لَا اَمْلِكُ لَكَ شَيْئًا قَدْ بَلَّغْتُ عـه

*ન આવે જે બોલી રહ્યું હોય અને કહે હે મુહમ્મદ ! (ફરિયાદ છે ) અને હું કહું, હું તારા માટે કાંઈ નથી કરી શકતો, મેં પહોંચાડી આપ્યું હતું." (૧/૧૮૮ અઝ્ ઝકાત, મુસ્લિમ–ઝકાત, અબૂ દાઊદ, નિસાઈ–ઝકાત)*

આવશે અને તેને જહન્નમની આગથી તપાવીને તેની પેશાની તથા પાસાં તથા પીઠને ડામ દેવામાં આવશે. એ ચાદર જ્યારે ઠંડી પડી જશે તો ફરી તપાવવામાં આવશે અને ફરી ડામ દેવામાં આવશે. આ પ્રમાણે તે દિવસમાં જે પચાસ હજાર વરસનો હશે દિવસભર આવું જ કરવામાં આવશે, ત્યાં સુધી કે બંદાઓનો ફૈંસલો થશે. હવે એ શખ્સ પોતાનો રસ્તો જોશે, ક્યાં તો જન્નતનો કે દોઝખનો. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અને ઊંટ ?! તો ફર્માવ્યું, જે ઊંટનો માલિક ઊંટનો હક્ક્ અદા ન કરે, અને ઊંટનો હક્ક્ એ પણ છે કે જે દિવસે પાણી પર ઉતરે તે દિવસે દોહવામાં આવે તો એ ઊંટ ઘણુ જ તંદુરસ્ત થઈને આવશે અને તેના માલિકને સપાટ મેદાનમાં સૂવાડવામાં આવશે, તે ઊંટ એને કચુંડશે અને મોઢા વડે કરડશે. જ્યારે પાછલુ ટોળુ પસાર થઈ જશે તો પછી આગલુ આવશે, અને એ દિવસે જે પચાસ હજાર વરસનો હશે દિવસભર એવું જ થતું રહેશે, ત્યાં સુધી કે અલ્લાહ ﷻ બંદાઓનો ફૈંસલો ફર્માવી આપશે. હવે તે પોતાનો માર્ગ જોશે, ચાહે જન્નતનો ચાહે જહન્નમનો. અને ગાય બકરીના બારામાં પણ ફર્માવ્યું, જો તેમનો હક્ક્ અદા ન કર્યો તો તેમના માલિકને સપાટ મેદાનમાં સૂવાડવામાં આવશે અને તે સૌ ગાયો તથા બકરીઓ આવશે, ન એમાં કોઈ વળેલી સીંગવાળી હશે ન સીંગ વગરની ન તૂટેલા સીંગવાળી. તે સૌ સીંગો વડે પોતાના માલિકને મારશે અને ખરીઓ વડે કચડશે. જ્યારે એક ટોળુ પસાર થઈ જશે તો બીજુ આવશે. એ દિવસે જે પચાસ હજાર વરસનો હશે, દિવસભર આવું જ થતુ રહેશે ત્યાં સુધી કે અલ્લાહ ﷻ બંદાઓ વચ્ચે ફૈંસલો કરી નાખશે. હવે એ પોતાનો માર્ગ જોશે, જન્નતનો કે જહન્નમનો.

**ان تحلب علی الماء** : અરબની આદત હતી કે જ્યારે કોઈ ચોપગા પાણી પીવા માટે તળાવ, ઝરણા કે કૂવા પર જતાં તો તેને દોહતા. એ મોકા પર મોહતાજ, તંગદસ્ત એકત્ર થઈ જતાં કે એમને પણ થોડુક દૂધ મળી જાય. અને કેટલાંક એવા પણ હતાં જેઓ જાનવર ત્યાં ન દોહતા જેથી કોઈને કાંઈ દૂધ આપવુ ન પડે, એના માટે આવુ ફર્માવ્યું, આ ઈર્શાદ ઉચ્ચ અખ્લાક્માંથી છે.

**لا املك لك شيئا** : આ ઈર્શાદ ક્યાં તો એ આધાર પર છે કે એ લોકોના બારામાં શફાઅતથી રોકી દેવામાં આવ્યા છે. અથવા એ કે ઈર્શાદ ધમકીના રૂપમાં છે, એ કહેવાનો હેતુ છે કે એવા લોકોની હું પણ કાંઈ મદદ કરીશ નહીં, જ્યારે કે સર્વ કાંઈ મેં બતાવી દીધું હતું.

حدیث ۸۲۲ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّی

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જેને અલ્લાહે માલ **[હદીષ : ૮૨૨]**

اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ مَنْ اٰتَاهُ اللّٰهُ مَالًا فَلَمْ یُؤَدِّ زَکٰوتَهٗ مُثِّلَ لَهٗ

આપ્યો પછી તેણે તેની ઝકાત ન આપી તો એનો એ માલ ક઼યામતના દિવસે બોડો સાપ બનાવી દેવામાં

مَالُهٗ یَوْمَ الْقِیٰمَةِ شُجَاعًا اَقْرَعَ لَهٗ زَبِیْبَتَانِ یُطَوَّقُهٗ یَوْمَ الْقِیٰمَةِ ثُمَّ

આવશે જેના માથા પર બે ડાઘ હશે. આ સાપ ક઼યામતના દિવસે તેના ગળામાં લપેટાઈ જશે પછી તેનાં

یَاْخُذُ بِلِهْزِمَتَیْهِ یَعْنِیْ بِشِدْقَیْهِ ثُمَّ یَقُوْلُ اَنَا مَالُكَ اَنَا

બંનેવ જડબાંને ઝંઝોળશે અને કહેશે, હું તારો માલ છું ! હું તારો ખજાનો છું ! ત્યારબાદ હુઝૂરે આ આયત

کَنْزُكَ ثُمَّ تَلَا وَلَا تَحْسَبَنَّ الَّذِیْنَ یَبْخَلُوْنَ الْاٰیَةَ بِمَا اٰتَاهُمُ

તિલાવત ફર્માવી. અલ્લાહ ﷻ એ ફર્માવ્યું, જેઓ આ માલમાં કંજૂસાઈ કરે છે જે અલ્લાહે એમને પોતાના

اللّٰهُ مِنْ فَضْلِهٖ هُوَ خَیْرًا لَّهُمْ بَلْ هُوَ شَرٌّ لَّهُمْ سَیُطَوَّقُوْنَ

ફ઼ઝ્લથી અતા ફર્માવ્યો છે, તેઓ તેને હરગિઝ પોતાના માટે સારો ખયાલ ન કરે બલ્કે એ એમના માટે બુરો

مَا بَخِلُوْا بِهٖ یَوْمَ الْقِیٰمَةِ ع ه

છે. જે માલમાં કંજૂસી કરવામાં આવે તે ક઼યામતમાં તેમના ગળાનો તોક઼ (હાર) બનાવી દેવામાં આવશે.''

حدیث ۸۲۳ عَنْ خَالِدِ بْنِ اَسْلَمَ قَالَ خَرَجْنَا مَعَ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ

''ખાલિદ બિન અસ્લમે કહ્યું, અમે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما ની સાથે **[હદીષ : ૮૨૩]**

**સમજૂતી : ૮૨૨** اقرع નો અર્થ બોડો સાપ છે. દરેક સાપ બોડો હોય છે, કોઈ સાપના માથા પર વાળ નથી હોતા. અહીં મુરાદ એ છે કે અધિક મુદ્દત સુધી ઝહેર જમા રહેવાથી તેના માથેથી ચામડીનુ એક અડધુ પડ ખરી જાય છે. **زبیبتان-زبیب** નો અર્થ અસલમાં ફીણ છે. અહીં મુરાદ કાળો ડાઘ છે જેને ચિત્તી કહે છે. આ ડાઘો ક્યાં તો બંનેવ આંખોની ઉપર હોય છે અથવા માથા પર અથવા મોઢાના બંનેવ કિનારાઓ પર અથવા ગળા નીચે થોડોક ગોશ્ત લટકે છે તે મુરાદ છે. જાહેર પહેલા બે અર્થો છે. ચપટીદાર સાપ સૌથી અધિક ઝેરીલો હોય છે. **العیاذ باللہ تعالی**

**સમજૂતી : ૮૨૩** સૂરએ તૌબા (આયત : ૩૪)માં ફર્માવવામાં આવ્યું :–

**وَ الَّذِیْنَ یَکْنِزُوْنَ الذَّهَبَ وَ الْفِضَّةَ وَ لَا یُنْفِقُوْنَهَا فِیْ سَبِیْلِ اللّٰهِ فَبَشِّرْهُمْ بِعَذَابٍ اَلِیْمٍ** (سورہ توبہ ۳۴) ''અને જે લોકો સોનુ અને ચાંદી જમા રાખે છે અને તેને અલ્લાહના માર્ગમાં ખર્ચ નથી કરતા તેઓને દર્દનાક અઝાબની ખબર આપી દો.''

رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا فَقَالَ أَعْرَابِيٌّ أَخْبِرْنِيْ عَنْ قَوْلِ اللّٰهِ تَعَالٰى

નીકળ્યા તો એક ગામડિયાએ કહ્યું, મને અલ્લાહના આ ઈર્શાદનો મતલબ બતાવો, જે લોકો સોના અને ચાંદીને

وَالَّذِيْنَ يَكْنِزُوْنَ الذَّهَبَ وَالْفِضَّةَ قَالَ ابْنُ عُمَرَ مَنْ

જમા રાખે છે. તો હઝરત ઈબ્ને ઉમરે ફર્માવ્યું, જેણે એને જમા કર્યું અને એની ઝકાત ન આપી તેના માટે તબાહી

كَنَزَهَا فَلَمْ يُؤَدِّ زَكٰوتَهَا فَوَيْلٌ لَّهٗ إِنَّمَا كَانَ هٰذَا قَبْلَ أَنْ

છે. આ ઝકાતનો હુકમ નાઝિલ થતા પહેલાં હતું. જ્યારે ઝકાત નાઝિલ થઈ ગઈ તો અલ્લાહે તેને

تُنْزَلَ الزَّكٰوةُ فَلَمَّا أُنْزِلَتْ جَعَلَهَا اللّٰهُ طُهْرًا لِّلْأَمْوَالِ عه

માલોને પાક કરનાર બનાવી દીધી." (બુખારી ૧/૧૮૮ અઝ્ ઝકાત, ૨/૨૭૨, તફસીરે સૂ. તૌબા, નિસાઈ–ઝકાત)

حديث ۸۲۴ أَنَّهٗ سَمِعَ أَبَا سَعِيْدٍ يَقُوْلُ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

**[હદીષ : ૮૨૪]** "યહયા ઈબ્ને અમ્મારાએ કહ્યું કે હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ને એવું ફર્મા

لَيْسَ فِيْمَا دُوْنَ خَمْسِ أَوَاقٍ صَدَقَةٌ وَّلَا فِيْمَا دُوْنَ خَمْسِ ذَوْدٍ

સાંભળ્યા કે નબી ﷺએ ફર્માવ્યું, પાંચ ઔક઼િયાથી કમમાં સદક઼ો નથી

صَدَقَةٌ وَّلَيْسَ فِيْمَا دُوْنَ خَمْسَةِ أَوْسُقٍ صَدَقَةٌ عه

અને ન પાંચ ઊંટથી કમમાં અને ન પાંચ વસક઼થી કમમાં."

(બુખારી ૧/૧૯૪ અઝ્ ઝકાત, ૧/૧૯૬, ૧/૨૦૧, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજહ–ઝકાત)

આ આયતનો સ્પષ્ટ મતલબ એ છે કે સોનું ચાંદી જમા કરવામાં ન આવે, જે આવે તેને અલ્લાહના માર્ગમાં ખર્ચ કરી દેવામાં આવે. એટલા માટે તે અઅ્‌રાબીએ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી એનો મતલબ પૂછયો. તેમણે ઈર્શાદ ફર્માવ્યો, ઝકાતનો હુકમ લાગુ થતાં પહેલાં આ હુકમ હતો પણ ઝકાતના હુકમ બાદ ઝકાતની માત્રા જેટલો માલ આપી દીધા પછી જે બચે તેને જમા કરવું મના નથી અને હજી પણ ઝકાત ન આપવાની સ્થિતિમાં એ જ ચેતવણી છે.

**સમજૂતી : ૮૨૪**

પેજ–૧૯૬ પર થોડી સરખી વિગત છે કે, પાંચ વસક઼થી ઓછા ખજૂરમાં અને પાંચ ઔક઼િયાથી ઓછી ચાંદીમાં, અને પાંચ ઊંટોથી કમમાં સદક઼ો નથી. અવાક઼ એ ઔક઼િયાનું બહુવચન છે. ઔક઼િયા ૪૦ દિરહમનો થાય છે, આ રીતે ચાંદીની નિસાબ ૨૦૦ દિરહમ થઈ. અને એક દિરહમ ત્રણ માશા ૧$\frac{૧}{૫}$ રતીનો. આ રીતે ચાંદીની નિસાબ સાડા બાવન તોલા થઈ. અંગ્રેજોના યુગમાં જે ચાંદીનો રૂપિયો ચાલતો હતો તે સવા અગ્યાર માશાનો હતો એ રૂપિયાથી નિસાબ ૫૬ રૂપિયા ભર થઈ. સોનાની નિસાબ ૨૦ મિષ્ક઼ાલ છે. એના પર ઈજમાઅ છે. એક મિષ્ક઼ાલ સાડા ચાર માશાનો, આ રીતે સોનાની નિસાબ ૭.૫ તોલા થઈ. વર્તમાન ચાલતા દશાંશ

حديث ٨٢٥ عَنْ زَيْدِ بْنِ وَهْبٍ قَالَ مَرَرْتُ بِالرَّبَذَةِ فَإِذَا أَنَا بِأَبِي ذَرٍّ

*''ઝયદ બિન વહબે કહ્યું, હું રબ્ઝાથી પસાર થયો તો મારી મુલાકાત અબૂઝર સાથે થઈ.* **[હદીષ : ૮૨૫]**

قُلْتُ لَهُ مَا أَنْزَلَكَ مَنْزِلَكَ هٰذَا قَالَ كُنْتُ بِالشَّامِ فَاخْتَلَفْتُ أَنَا وَ

*મેં એમને કહ્યું, કઈ ચીજે આપને આ જગાએ પહોંચાડયા ? તો તેમણે ફર્માવ્યું, હું શામમાં હતો. મારામાં તથા*

مُعَاوِيَةُ فِي الَّذِيْنَ يَكْنِزُوْنَ الذَّهَبَ وَالْفِضَّةَ وَلَا يُنْفِقُوْنَهَا فِي

*મુઆવિયહમાં આ આયતના બારામાં મતભેદ થયો, જે લોકો સોનુ તથા ચાંદી જમા કરે છે અને એને*

પદ્ધતિનાં વજનથી ચાંદીની નિસાબ ૬૪૨ ગ્રામ ૯૬ મિ.ગ્રામ (૬૪૨.૯૬ ગ્રામ) છે અને સોનાની ૯૧.૭૨૮ ગ્રામ છે. ઊંટની નિસાબ પાંચ ઊંટ છે. આ મુત્તફક અલૈહ છે. અનાજની નિસાબ પાંચ વસક઼ છે. મશ્હૂર એ છે કે એક ઊંટના વજનને વસક઼ કહે છે. પણ મુખ્તાર (અગ્રતા પામેલ) આ છે કે ૬૦ સાઅનો એક વસક઼ છે. આ રીતે અનાજની નિસાબ ૩૦૦ સાઅ થઈ, એનાથી ઓછી પેદાવારમાં ઉશ્ર નથી. એ જ ઈમામ શાફઈ, ઈમામ અબૂ યૂસુફ, ઈમામ મુહમ્મદનો મઝહબ છે. પણ ઈમામે આ'ઝમનો મઝહબ એ છે કે જમીનની પેદાવારની કોઈ નિસાબ નથી, થોડી પેદાવાર હોય કે વધુ, સૌમાં ઉશ્ર વાજિબ છે. એમની દલીલ ખૂદ ઈમામ બુખારી رحمۃ اللہ علیہની રિવાયત કરેલ પેજ-૨૦૧વાળી હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماની હદીષ છે કે ફર્માવ્યું, **فيما سقت السماء و العيون او كان عثريا العشر و ما سقى بانضح نصف العشر** ''જેને વરસાદ અથવા ઝરણા સીંચે કે વગર સીંચે પેદાવાર થઈ જાય એમાં ઉશ્ર છે અને જે છાંટીને (ખેંચીને)ને સીંચવામાં આવે એમાં અડધુ ઉશ્ર છે.''

આ હદીષનો શબ્દ ما આમ છે, થોડા કે અધિક સૌના પર લાગુ થાય છે અને ઈબાદતોમાં એહતેયાત (સાવધાની) પર અમલ વાજિબ છે. એટલા માટે જમીનની પેદાવાર (ઉપજ) થોડી હોય કે વધારે સૌમાં ઉશ્ર વાજિબ છે. વિસ્તારપૂર્વક ચર્ચા ઉશ્રના બયાનમાં આ હદીષના હેઠળ આવી રહી છે.

**પ્રકરણથી સામ્યતા** : અહીં પ્રકરણ આ છે : જે માલની ઝકાત આપી દેવામાં આવે તે કન્ઝ (સંગ્રહ, ખજાનો) નથી એટલે તે કન્ઝ નથી જેના પર વઈદ (ધમકી) આવી છે. જ્યારે એ નસ આવી ગઈ કે પાંચ ઔક઼િયાથી ઓછી ચાંદી અને પાંચ ઊંટથી ઓછામાં ઝકાત નથી, તો સાબિત થયું કે એનાથી ઓછુ જમા કરવું અથવા ઝકાત આપ્યા પછી એ માપ જેટલુ પણ જમા કરવું વિના કરાહતે જાઈઝ છે. જેવી રીતે ઝકાત અદા કર્યા પછી પાંચ ઔક઼િયા ચાંદી બલ્કે ૪૮ દિરહમ વધારે રાખવું દુરુસ્ત છે. એ જ પ્રમાણે ઝકાત આપ્યા બાદ પાંચ બલ્કે નવ ઊંટ સુધી રાખવું દુરુસ્ત છે. જેથી જો આ માત્રાથી વધારે પણ હોય અને ઝકાત અદા કરી દેવામાં આવે તો એને જમા કરવું વિના કરાહતે દુરુસ્ત થશે અને આ તે કન્ઝ ન થશે જે મના છે.

**સમજૂતી : ૮૨૫** પ્રથમ ભાગમાં વર્ણન થઈ ચૂક્યું કે રબ્ઝા મદીનાથી ત્રણ મંઝિલના અંતરે એક ગામ છે. હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہએ તેને ઝકાતના ઊંટોને ચરવાની જગા બનાવી દીધી હતી. મુસ્નદે અબૂ યઅલામાં આ જ ઝયદ બિન વહબથી મરવી છે કે ખૂદ હઝરત અબૂઝરે ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે અબૂ ઝર ! જ્યારે મદીનાની આબાદી કોહે સલઅ સુધી પહોંચી જાય તો તમે શામ ચાલ્યા જજો. આ હિદાયત પ્રમાણે જ્યારે મદીનાની આબાદી કોહે સલઅ સુધી પહોંચી ગઈ તો એઓ શામ દમિશ્ક ચાલ્યા ગયા. ત્યાં એ વખતે મુઆવિયહ رضی اللہ عنہ વાલી (ગર્વનર) હતા. હઝરત અબૂઝરનો મઝહબ એ હતો કે જેટલી આવક હોય જરૂરત

سَبِيلِ اللّٰهِ قَالَ مُعَاوِيَةُ نَزَلَتْ فِي اَهْلِ الْكِتَابِ فَقُلْتُ نَزَلَتْ فِيْنَا

અલ્લાહની રાહમાં ખર્ચ નથી કરતા તેમને દર્દનાક અઝાબની બશારત આપો. મુઆવિયહ્એ કહ્યું, આ અહલે

وَفِيهِمْ فَكَانَ بَيْنِي وَبَيْنَهُ فِي ذٰلِكَ فَكَتَبَ اِلٰى عُثْمَانَ يَشْكُوْنِي فَكَتَبَ

કિતાબના બારામાં નાઝિલ થઈ છે. મેં કહ્યું, આપણા તથા એમના બંનેના બારામાં નાઝિલ થઈ છે. અને એના

اِلَيَّ عُثْمَانُ اَنْ اَقْدِمِ الْمَدِيْنَةَ فَقَدِمْتُهَا فَكَثُرَ عَلَيَّ النَّاسُ حَتّٰى كَاَنَّهُمْ

અનુસંધાનમાં મારા તથા એમની વચ્ચે કાંઈક તકરાર થઈ ગઈ. તેમણે હઝરત ઉષ્માનની પાસે મારી શિકાયત

لَمْ يَرَوْنِي قَبْلَ ذٰلِكَ فَذَكَرْتُ ذٰلِكَ لِعُثْمَانَ فَقَالَ لِي اِنْ شِئْتَ

લખી, એના પર હઝરત ઉષ્માને લખ્યું કે તમે મદીના આવી જાવ. હું મદીના આવી ગયો. લોકો મોટી

تَنَحَّيْتَ فَكُنْتَ قَرِيْبًا فَذَاكَ الَّذِي اَنْزَلَنِي هٰذَا الْمَنْزِلَ وَلَوْ اَمَّرُوْا

સંખ્યામાં મારી પાસે એકત્ર થઈ ગયા જાણે આથી પહેલાં એમણે મને જોયો જ ન હતો. મેં હઝરત ઉષ્માનથી

عَلَيَّ حَبَشِيًّا لَسَمِعْتُ وَاَطَعْتُ - ع۵

એનો ઉલ્લેખ કર્યો તો ફર્માવ્યું, જો તમે ચાહો તો આસપાસમાં ક્યાંક ગોશાનશીન થઈ જાવ. એના લીધે હું

અહીં છું અને જો લોકો હબ્શીને અમીર બનાવી આપે તો તેનો પણ હુકમ સાંભળીશ અને માનીશ."

(બુખારી ૧/૧૮૯ અઝ્ ઝકાત, ૨/૬૭૨ તફસીર, નિસાઈ–તફસીર)

કરતાં જે વધે તે સૌનો સદકો કરવો ફર્ઝ છે. હાજતથી વધુ જમા કરવું હરામ છે. ખૂબ જોશીલા તથા બહાદુર માણસ હતા. પોતાના આ મસ્લકની એલાનિયા તબ્લીગ કરતા હતા જેનાથી ત્યાં એક હંગામો મચેલો હતો. કેમ કે સાબિકીને અવ્વલીનમાંથી અને ખૂબ જ મોઅઝ્ઝઝ્ સહાબી હતા એટલા માટે પબ્લિક એમના પ્રતિ અધિક આકર્ષાતી હતી. છેવટે હઝરત મુઆવિયહ સાથે જોરદાર ચર્ચા થઈ. હઝરત અબૂઝરે દર્શાવેલ આયતે કરીમા તિલાવત કરી. એમનો ઈજ્તેહાદ એ હતો કે આ આયતમાં وَ لَا يُنْفِقُوْنَهَا થી મુરાદ જરૂરત કરતાં જે અધિક હોય સૌ પૂરેપૂરું ખર્ચ કરવાનું છે, કેવળ ઝકાત જેટલુ ખર્ચ કરવું મુરાદ નથી. અને મુઆવિયહનો ખયાલ હતો કે એ યહૂદ તથા નસારા, યહૂદીઓના ધર્મગુરૂ તથા પાદરીઓના માટે નાઝિલ થઈ છે. એટલા માટે કે આયતનો આરંભિક હિસ્સો આ છે :

اِنَّ كَثِيْرًا مِّنَ الْاَحْبَارِ وَ الرُّهْبَانِ لَيَاْكُلُوْنَ اَمْوَالَ النَّاسِ بِالْبَاطِلِ وَ يَصُدُّوْنَ عَنْ سَبِيْلِ اللّٰهِ وَ الَّذِيْنَ يَكْنِزُوْنَ

"ઘણા બધા યહૂદી ધર્મગુરૂ તથા ઈસાઈ પાદરી લોકોનો માલ બાતિલ તરીકાથી ખાય છે અને લોકોને અલ્લાહના માર્ગથી રોકે છે અને જે લોકો સોનુ તથા ચાંદી ભેગુ કરી કરીને રાખે છે."

જ્યારે કે બંનેવ હઝરાતથી ખતા થઈ ન આ આયતે કરીમા અહલે કિતાબ સાથે ખાસ છે અને ન ينفقونهاથી કુલ માલ મુરાદ છે. બલ્કે આ આયતે કરીમા આમ છે અને ينفقونهاથી ઝકાત અદા કરવી મુરાદ છે, સઘળો માલ ખર્ચી કાઢવું નહીં. એના પર ઈજમાઅ છે અને આ આયતો તથા હદીષોથી પણ સાબિત છે. ઈર્શાદ છે :

حدیث ۸۲۶ اَنَّ الْاَحْنَفَ بْنَ قَیْسٍ حَدَّثَهُمْ قَالَ جَلَسْتُ اِلٰی مَلَاٍ مِّنْ

'અહનફ બિન કૈસે કહ્યું, હું કુરૈશની એક જમાઅત પાસે બેઠો હતો કે એવામાં એક સાહબ **[હદીષ : ૮૨૬]**

قُرَیْشٍ فَجَاءَ رَجُلٌ خَشِنُ الشَّعْرِ وَالثِّیَابِ وَالْهَیْئَةِ حَتّٰی قَامَ

આવ્યા જેમના વાળ વિખેરાયેલા, કપડાં લઘર વઘર હયઅત અને તેમની સમક્ષ ઊભા થયા અને સલામ કરી

عَلَیْهِمْ فَسَلَّمَ ثُمَّ قَالَ بَشِّرِ الْکَانِزِیْنَ بِرَضْفٍ یُحْمٰی عَلَیْهِ فِیْ

પછી ફર્માવ્યું, ભેગો કરી કરીને માલ એકત્ર કરનારાઓને ખુશખબરી થાય કે એક પથ્થર જહન્નમની આગ

نَارِ جَهَنَّمَ ثُمَّ یُوْضَعُ عَلٰی حَلَمَةِ ثَدْیِ اَحَدِهِمْ حَتّٰی یَخْرُجَ مِنْ

પર તપાવવામાં આવશે પછી તેની છાતીની ડીંટી પર રાખવામાં આવશે જે પાર કરીને ખભાની પાતળી

نُغْضِ کَتِفِهٖ وَیُوْضَعُ عَلٰی نُغْضِ کَتِفِهٖ حَتّٰی یَخْرُجَ مِنْ حَلَمَةِ ثَدْیِهٖ

હાડકીથી બહાર થઈ જશે. અને તેના ખભાની પાતળી હાડકી પર રાખવામાં આવશે જેને છેડીને તેની

یَتَزَلْزَلُ ثُمَّ وَلّٰی فَجَلَسَ اِلٰی سَارِیَةٍ وَتَبِعْتُهٗ وَجَلَسْتُ اِلَیْهِ وَاَنَا

છાતીની ડીંટીથી પાર થઈ જશે. તે પથ્થર હલતો રહેશે. પછી તે પરત થઈ ગયા અને એક થાંભલાની પાસે

وَلَا تَبْسُطْهَا کُلَّ الْبَسْطِ فَتَقْعُدَ مَلُوْمًا مَّحْسُوْرًا "અને હાથ એકદમ ન ફેલાવી દે પછી રંજ કરતો અફસોસ કરતો બેસી રહે."

**فکثر علی الناس** : હઝરત અબૂઝર મશ્હૂર સહાબી હતા અને એમનો મઝહબ પૂરી ઉમ્મતથી અલગ હતો એટલા માટે લોકો ટોળે ટોળાં આવતાં, તેમને જાત જાતના સવાલો કરતા જેનાથી ગભરાઈને હઝરત ઉષ્માનની ખિદમતમાં શિકાયત કરી. હઝરત ઉષ્માને બે વાતો રજૂ કરી, આપ ચાહો તો મારા ઘરે રહો, ઊંટણીઓ દરવાજા પર હાજર કરવામાં આવશે. એટલે કે ન ક્યાંય જાવ ન કોઈને મલો જુલો, ચાહો તો મદીનાની નજીક ક્યાંક વસવાટ અપનાવી લો. હઝરત અબૂઝરે બીજી સ્થિતિ અપનાવી લીધી. અને રબ્ઝા જઈને સ્થાયી થઈ ગયા. એ આક્ષેપ છે કે હઝરત ઉષ્માને તેમને તડીપાર કરીને રબ્ઝા મોકલ્યા હતા. એ બની શકે છે કે જ્યારે એમના ઘરે રહેવાનું પસંદ ન કર્યું તો રબ્ઝા રહેવાની રાય આપી હોય જેને હઝરત અબૂઝરે કુબૂલ ફર્માવી લીધી

**સમજૂતી : ૮૨૬** હુઝૂર ﷺનો આ ઈર્શાદ પોતાની અરફઅ્ તથા આ'લા (અતિ ઉચ્ચ) શાનના પ્રમાણે હતો. જે અલ્લાહ ﷻ પર તવક્કુલ, દુનિયાથી નિઃઆકર્ષણ, ખુદાની મખ્લૂક પર રહમત અને સખાવતનો શ્રોત હતો, આ હુકમ તશરીઈ (શરીઅત હેઠળ) ન હતો કે જેના વિરુદ્ધ અમલ પર પકડ થાય. હઝરત અબૂઝર رضی اللہ عنہએ એને પોતાના શોખના પ્રમાણે હુકમે તશરીઈ સમજ્યો અને જે લોકો એના પર અમલ ન કરતા તેમનાથી નારાજ રહેતા હતા. ત્રણ દીનાર બચાવવાની હિક્મત અલ્લામા કુર્તબીએ એ બતાવી કે એક પોતાનાં ઘરવાળાં માટે, એક ગુલામ આઝાદ કરવા માટે, અને એક કરજના માટે. એ એમનો ઝોક (શોખ, ઉમંગ) છે. શક્ય છે આ ઈર્શાદના સમયે જેમનું ભરણપોષણ હુઝૂર પર વાજિબ હતું તે ત્રણ દીનાર રોજના રહ્યા હોય અથવા કોઈનું કાંઈક કરજ રહ્યું હોય, નહીં તો હદીષ વર્ણન થઈ ચૂકી કે એ પણ પસંદ ન કર્યું કે સોનાનો એક ટુકડો ઘરમાં

لَا أَدْرِي مَنْ هُوَ فَقُلْتُ لَهُ لَا أُرَى الْقَوْمَ إِلَّا قَدْ كَرِهُوا الَّذِي

*બેસી ગયા. હું તેમની પાછળ થઈ ગયો અને તેમની પાસે બેઠો, અને હું ન જાણતો હતો કે તે કોણ બુઝુર્ગ છે ?*

قُلْتَ قَالَ إِنَّهُمْ لَا يَعْقِلُونَ شَيْئًا قَالَ لِي خَلِيلِي قَالَ قُلْتُ وَمَنْ خَلِيلُكَ

*મેં તેમને કહ્યું, મારો અંદાઝો છે કે લોકોએ તમારી વાતને નાપસંદ કરી. તો ફર્માવ્યું, આ લોકો નથી સમજતા*

يَعْنِي قَالَ النَّبِيُّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ يَا أَبَا ذَرٍّ أَتُبْصِرُ أُحُدًا

*મને મારા ખલીલે (દોસ્તે) કહ્યું. મેં કહ્યું, ખલીલ (દોસ્ત)થી આપની મુરાદ શું છે ? તો બતાવ્યું કે*

قَالَ فَنَظَرْتُ إِلَى الشَّمْسِ مَا بَقِيَ مِنَ النَّهَارِ وَأَنَا أُرَى أَنَّ رَسُولَ اللهِ

*રસૂલુલ્લાહ ﷺ. હે અબૂઝર ! ઓહદ જુએ છે ? એ સાંભળીને મેં સૂરજ જોયો કે કેટલો દિવસ રહી ગયો છે.*

صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ يُرْسِلُنِي فِي حَاجَةٍ لَهُ قُلْتُ نَعَمْ قَالَ مَا

*હું એવું સમજી રહ્યો હતો કે રસૂલુલ્લાહ ﷺ પોતાના કોઈ કામના માટે મને મોકલશે. મેં અર્ઝ કરી, હા !*

أُحِبُّ أَنَّ لِي مِثْلَ أُحُدٍ ذَهَبًا أُنْفِقُهُ كُلَّهُ إِلَّا ثَلَاثَةَ دَنَانِيرَ وَإِنَّ هَؤُلَاءِ

*જોઉં છું. ફર્માવ્યું, મને એ પસંદ નથી કે મારી પાસે ઓહદના બરાબર સોનુ હોય, પણ એ કે પૂરેપૂરું વહેંચી*

لَا يَعْقِلُونَ إِنَّمَا يَجْمَعُونَ الدُّنْيَا وَلَا وَاللهِ لَا أَسْأَلُهُمْ دُنْيَا وَلَا أَسْتَفْتِيهِمْ

*દઉં સિવાય ત્રણ દીનારના. અને આ લોકો સમજતા નથી, દુનિયા જમા કરે છે, ખુદાના કસમ ! એમની પાસે*

عَنْ دِينٍ حَتَّى أَلْقَى اللهَ عـه

*દુનિયાનો કોઈ સવાલ કરીશ નહીં અને ન દીનના બારામાં કાંઈ પૂછીશ, ત્યાં સુધી કે અલ્લાહથી મળુ."*

*(બુખારી ૧/૧૮૯ ઝકાત, મુસ્લિમ–ઝકાત)*

રાતભર રહે.

**પ્રકરણથી સામ્યતા** : હઝરત અબૂઝરવાળી બંને હદીષો જાહેરી રીતે પ્રકરણથી ઉલ્ટી છે પણ બારીક દષ્ટિથી જોતાં એ મળતાપણુ છે કે હઝરત ઈમામ બુખારી એ વાતની જરૂરતની તરફ નિર્દેશ કરી રહ્યા છે કે વર્ણવેલ આયતને સામે રાખીને હઝરત અબૂઝરની તરફ અન્ય કોઈપણ એના જાહેરથી એ તારણ કાઢી શકે છે કે હાજતથી વધુ માલ જમા કરવો જાઈઝ નથી, જેથી જરૂરત પડી કે વર્ણવેલ આયતની સહીહ તફસીર પેશ કરી દેવામાં આવે કે એમાં ينفقونهاથી મુરાદ ઝકાત છે. તેમજ ઈશારા ઈશારામાં ખૂદ આ હદીષોથી પણ એ ખાસપણુ સમજમાં આવે છે કે હઝરત અબૂઝરની રાયને સહાબાએ કિરામમાંથી કોઈએ પણ, ત્યાં સુધી કે હઝરત ઉષ્માન ગનીએ પણ સ્વીકારી નથી. એનાથી જાહેર થઈ ગયું કે એ સૌ હઝરાતનો મઝહબ એ જ છે કે આયતમાં ينفقونهاથી મુરાદ ઝકાત છે.

حدیث ۸۲۷ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જે શખ્સ પાક [હદીષ : ૮૨૭]

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ مَنْ تَصَدَّقَ بِعَدْلِ تَمْرَةٍ مِّنْ كَسْبٍ طَیِّبٍ وَلَا

કમાઈથી ખજૂરના બરાબર સદક઼ો કરે તો અલ્લાહ તેને પોતાના જમણા હાથમાં લે છે. અને અલ્લાહ કેવળ

یَقْبَلُ اللّٰهُ اِلَّا الطَّیِّبَ فَاِنَّ اللّٰهَ یَتَقَبَّلُهَا بِیَمِیْنِهٖ ثُمَّ یُرَبِّیْهَا لِصَا

પાક જ કબૂલ ફર્માવે છે, પછી તેને વધારે છે જેવી રીતે તમે લોકો તમારા વાછરડાને ઉછેરો છો કે તે પહાડ

حِبِهٖ كَمَا یُرَبِّیْ اَحَدُكُمْ فَلُوَّهٗ حَتّٰی تَكُوْنَ مِثْلَ الْجَبَلِ ع ہ

બરાબર થઈ જાય છે." (બુખારી ૧/૧૮૯, ઝકાત, મુસ્લિમ–ઝકાત)

حدیث ۸۲۸ سَمِعْتُ حَارِثَةَ بْنَ وَهْبٍ قَالَ سَمِعْتُ النَّبِیَّ صَلَّی اللّٰهُ تَعَالٰی

"હઝરત હારિષા બિન વહબ رضی اللہ عنہ એ ફર્માવ્યું, મેં નબી صلی اللہ علیہ وسلم થી સાંભળ્યું કે ફર્માવ્યું, [હદીષ : ૮૨૮]

عَلَیْهِ وَسَلَّمَ قَالَ یَقُوْلُ تَصَدَّقُوْا فَاِنَّهٗ یَاْتِیْ عَلَیْكُمْ زَمَانٌ یَّمْشِیْ

લોકો ! સદક઼ો કરો ! એટલા માટે કે તમારા પર એક એવો જમાનો આવશે કે માણસ સદક઼ો લઈને ફરશે પણ

الرَّجُلُ بِصَدَقَتِهٖ فَلَا یَجِدُ مَنْ یَّقْبَلُهَا یَقُوْلُ الرَّجُلُ لَوْ جِئْتَ

એવાને નહીં પામે જે એને લે. તે કહેશે, જો કાલે લાવ્યા હોત તો લઈ લેત, આજે મારે એની કોઈ જરૂરત

بِهَا بِالْاَمْسِ لَقَبِلْتُهَا فَاَمَّا الْیَوْمَ فَلَا حَاجَةَ لِیْ فِیْهَا ع ہ

નથી." (બુખારી ૧/૧૯૦ ઝકાત, ૧/૧૯૧ બાબુસ્સદક઼ાત, ૨/૧૦૫૪)

**સમજૂતી : ૮૨૭** عدل "અયન"ના ઝેરની સાથે, કોઈ ચીજનું બીજી ચીજ સાથે કિંમતમાં સરખુ હોવું. અને અયનના ફતહા (ઝબર)ની સાથે, પોતાની સમજાતિની સાથે બરાબર હોવું. فَلُوّ ઘોડાનું બચ્ચુ જ્યારે દૂધ પીવાનુ છોડી આપે. એનું બહુવચન افلاء છે જેવી રીતે કે અદૂનું અઅ્દાઅ્. **بیمینه** : અલ્લાહ جل جلالہ અંગો તથા ઉપાંગો, શરીર તથા શરીરના ભાગોથી પાક છે. અહીં દષ્ટાંત રૂપે સારી રીતે સ્વીકાર કરવા માટે આવી તાબીર છે તમે તથા અમે સૌ પસંદીદા ચીજ જમણા હાથમાં લઈએ છીએ. મુરાદ એ છે કે એને હુસ્ને કુબૂલ અતા ફર્માવે છે.

**સમજૂતી : ૮૨૮** હારિષા બિન વહબ رضی اللہ عنہ, હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ નાં એક પત્ની ઉમ્મે કુલ્ષૂમ બિન્તે જરૂલ ખઝાઈયા હતી જેમના પેટથી ઉબૈદુલ્લાહ ઈબ્ને ઉમર છે. હઝરત ફારૂકે આ'ઝમ મુસલમાન થઈ ગયા પણ એ કુફ્ર પર અડેલી રહી એટલા માટે બંનેમાં જુદાઈ થઈ ગઈ. પછી તેના નિકાહ વહબથી થયા અને હારિષા પેદા થયા. આ હદીષમાં એ ગયબની ખબર છે કે એક સમય તે આવશે કે માલની એટલી ભરમાર થશે કે કોઈ ઝકાત લેવા તૈયાર નહીં થાય.

حدیث ۸۲۹ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی

[હદીષ : ૮૨૯] "હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે નબી ﷺ એ ફર્માવ્યું, ક઼યામત ક઼ાયમ થશે

عَلَیْهِ وَسَلَّمَ لَاتَقُوْمُ السَّاعَةُ حَتّٰی یَکْثُرَ فِیْکُمُ الْمَالُ فَیَفِیْضَ حَتّٰی

નહીં ત્યાં સુધી કે માલમાં અધિક્તા થઈ જશે અને તે વહેવા લાગશે ત્યાં સુધી કે

یُهِمَّ رَبُّ الْمَالِ مَنْ یَّقْبَلُ صَدَقَتَهٗ وَحَتّٰی یَعْرِضَهٗ فَیَقُوْلَ الَّذِیْ

માલવાળાને એ ફિકર રહેશે કે તેનો સદક઼ો કોણ સ્વીકારશે ? ત્યાં સુધી કે

یَعْرِضُهٗ عَلَیْهِ لَا اَرَبَ لِیْ ع ه

તે કોઈને આપવા ચાહશે તો તે એવું કહેશે કે મારે જરૂરત નથી."

(બુખારી ૧/૧૯૦ ઝકાત, ૨/૧૦૫૪ ફિતન, મુસ્લિમ–ઝકાત, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૨૧૨)

حدیث ۸۳۰ سَمِعْتُ عَدِیَّ بْنَ حَاتِمٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ یَقُوْلُ کُنْتُ

[હદીષ : ૮૩૦] "હઝરત અદી બિન હાતિમ رضی اللہ عنہ ફર્માવે છે કે હું નબી ﷺ ની ખિદમતમાં હાજર

عِنْدَ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ فَجَاءَهٗ رَجُلَانِ اَحَدُهُمَا یَشْکُوْ

હતો એવામાં બે શખ્સ આવ્યા. એમાંથી એકે તંગદસ્તીની શિકાયત કરી અને બીજાએ ડાકૂગીરીની. તો

الْعَیْلَةَ وَالْاٰخَرُ یَشْکُوْ قَطْعَ السَّبِیْلِ فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی

રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ડાકૂગીરી ?! થોડા જ દિવસો પછી એ સમય આવશે કે કાફલો રક્ષક વિના મક્કા

عَلَیْهِ وَسَلَّمَ اَمَّا قَطْعُ السَّبِیْلِ فَاِنَّهٗ لَا یَاْتِیْ عَلَیْكَ اِلَّا قَلِیْلٌ حَتّٰی تَخْرُجَ

જશે, અને તંગદસ્તી ! તો ક઼યામત ક઼ાયમ થશે નહીં (જ્યાં સુધી એટલી દોલતની ભરમાર ન થઈ જાય) કે

الْعِیْرُ اِلٰی مَکَّةَ بِغَیْرِ خَفِیْرٍ اَمَّا الْعَیْلَةُ فَاِنَّ السَّاعَةَ لَا تَقُوْمُ حَتّٰی یَطُوْفَ

તમો સદક઼ો લઈને ઘુમશો અને કોઈ લેનાર પામશો નહીં. ત્યારબાદ તમે અલ્લાહના હુઝૂર ઉભા થશો એ રીતે

**સમજૂતી : ૮૨૯** આ હદીષ એની દલીલ છે કે એવું ક઼યામતની નજીકમાં થશે. સહાબામાં જે બનાવો ઝકાત ક઼બૂલ ન કરવાના થયા છે તે માલની ભરમારને કારણે નથી થયા બલ્કે સહાબાની ખુદ્દારી, ઝુહ્દ તથા કનાઅત (દુનિયાથી દૂરી તથા જે મળે તેમાં સંતોષ)ના કારણે બન્યા.

**સમજૂતી : ૮૩૦** આ હદીષ "અલમનાક઼િબ અલામાતિન્નબુવ્વહ"માં થોડાક ફેરફાર સાથે વર્ણન થયેલી છે. ગયબની પ્રથમ ખબર શબ્દે શબ્દ પૂરી થઈ. સહાબાના યુગમાં જ રસ્તા એકદમ સલામત થઈ ગયા,

اَحَدُکُمْ بِصَدَقَتِہٖ فَلَا یَجِدُ مَنْ یَّقْبَلُھَا مِنْہُ ثُمَّ لَیَقِفَنَّ اَحَدُکُمْ بَیْنَ

કે દરમ્યાનમાં કોઈ આડ કે તર્જુમાન ન હશે જે તર્જુમાની કરે. અલ્લાહ ﷻ બંદાને ફર્માવશે કે

یَدَیِ اللہِ لَیْسَ بَیْنَہٗ وَبَیْنَہٗ حِجَابٌ وَّلَا تَرْجُمَانٌ یُّتَرْجِمُ لَہٗ ثُمَّ

શું મેં તને માલ ન આપ્યો હતો ? બંદો અર્ઝ કરશે, જરૂર આપ્યો હતો ! પછી ફર્માવશે,

لَیَقُوْلَنَّ لَہٗ اَلَمْ اُوْتِکَ مَالًا فَیَقُوْلَنَّ بَلٰی ثُمَّ لَیَقُوْلَنَّ اَلَمْ اُرْسِلْ اِلَیْکَ

શું તારી પાસે રસૂલ ન મોકલ્યો હતો ? બંદો અર્ઝ કરશે, જરૂર મોકલ્યા હતા ! હવે જમણી બાજુ જોશે તો

رَسُوْلًا فَیَقُوْلَنَّ بَلٰی فَیَنْظُرُ عَنْ یَّمِیْنِہٖ فَلَا یَرٰی اِلَّا النَّارَ ثُمَّ یَنْظُرُ

આગ જ આગ જોવા મળશે, પછી ડાબી બાજુ નજર ફેરવશે તો કેવળ આગ જ આગ જોવા મળશે.

عَنْ شِمَالِہٖ فَلَا یَرٰی اِلَّا النَّارَ فَلْیَتَّقِیَنَّ اَحَدُکُمُ النَّارَ وَلَوْ بِشِقِّ

તમે આગથી બચો ! ભલે ખજૂરનો એક ટુકડો આપીને,

تَمْرَۃٍ فَاِنْ لَّمْ یَجِدْ فَبِکَلِمَۃٍ طَیِّبَۃٍ عہ

અને જો એ પણ ન મળે તો સારી વાત કહીને.'' (બુખારી ૧/૧૯૦ ઝકાત, ૨/૫૬૮, અર્રિક઼ાક઼)

حدیث ۸۳۱ عَنْ اَبِیْ مُوْسٰی رَضِیَ اللہُ تَعَالٰی عَنْہُ عَنِ النَّبِیِّ صَلَّی اللہُ تَعَالٰی

''હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ નબી صلی اللہ علیہ وسلم થી **[હદીષ : ૮૩૧]**

عَلَیْہِ وَسَلَّمَ قَالَ لَیَاْتِیَنَّ عَلَی النَّاسِ زَمَانٌ یَّطُوْفُ الرَّجُلُ فِیْہِ

રિવાયત કરે છે કે ફર્માવ્યું, એક જમાનો એવો આવશે કે ઈન્સાન

بِالصَّدَقَۃِ مِنَ الذَّھَبِ ثُمَّ لَا یَجِدُ اَحَدًا یَّاْخُذُھَا مِنْہُ وَیُرٰی

સોનાનો સદક઼ો લઈને ઘુમતો ફરશે અને કોઈને પામશે નહીં જે એને લે. અને એક પુરૂષના હાથ નીચે તથા

અને આજે જેનો જીવ ચાહે ખૂદ અનુભવ કરી લે. બીજી ખબર પણ ઈન્શાઅલ્લાહુ તઆલા શબ્દે શબ્દ પૂરી થશે.

**સમજૂતી : ૮૩૧**

**من الذھب** : સોનુ ખાસ નથી, ઝકાતની કોઈપણ ચીજ કોઈ ક઼બૂલ કરશે નહીં. સોનુ સૌથી ઉમદા માલ છે જ્યારે એને સ્વીકારનારો નહીં મળે તો એનાથી ઉતરતી કક્ષાના માલોને લેનાર તો એથી અધિક કક્ષાએ નહીં મળે.

**اربعون امرأۃ** : કિતાબુલ ઈલ્મમાં હઝરત અનસ رضی اللہ عنہ ની હદીષમાં આ પ્રમાણે છે, પચાસ સ્ત્રીઓનો નિગરાં એક પુરૂષ હશે.અક઼લ્લ, અકષરને રદિયો આપનાર નથી, એટલે આ પણ થશે તે પણ થશે.

الرَّجُلُ الوَاحِدُ يَتْبَعُهُ اَرْبَعُوْنَ اِمْرَأَةً يَلُذْنَ بِهِ مِنْ قِلَّةِ الرِّجَالِ

પનાહમાં ૪૦ સ્ત્રીઓ રહેશે, પુરૂષોની કમી

وَكَثْرَةِ النِّسَاءِ ع‍ه

અને સ્ત્રીઓની અધિક્તાના કારણે." (બુખારી ૧/૧૯૦ ઝકાત, મુસ્લિમ, નિસાઈ–ઝકાત)

حديث ٨٣٢ عَنْ اَبِیْ مَسْعُوْدٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ لَمَّا نَزَلَتْ اٰيَةُ الصَّدَقَةِ

"હઝરત અબૂ મસઊદ رضی اللہ عنہ એ ફર્માવ્યું, જ્યારે સદકાની આયત ઉતરી તો **[હદીષ : ૮૩૨]**

كُنَّا نُحَامِلُ فَجَاءَ رَجُلٌ فَتَصَدَّقَ بِشَیْءٍ كَثِيْرٍ فَقَالُوْا مُرَاءٍ وَجَاءَ

અમે વજન ઊંચક્તા હતા. એક સાહબ આવ્યા અને ખૂબ જ વધારે સદકો કર્યો તો મુનાફિકોએ કહ્યું, આ

رَجُلٌ فَتَصَدَّقَ بِصَاعٍ فَقَالُوْا اِنَّ اللّٰهَ لَغَنِیٌّ عَنْ صَاعِ هٰذَا

રિયાકાર છે. અને એક સાહબ આવ્યા અને એક સાઅ સદકો કર્યો તો મુનાફિકોએ કહ્યું, બેશક ! અલ્લાહ એના

فَنَزَلَتْ وَالَّذِيْنَ يَلْمِزُوْنَ الْمُطَّوِّعِيْنَ مِنَ الْمُؤْمِنِيْنَ فِی

સાઅથી ગની છે, તો આ આયત નાઝિલ થઈ, "અને જે લોકો સદકાના બારામાં દિલ ખોલીને ખૈરાત કરનાર

الصَّدَقَاتِ وَالَّذِيْنَ لَا يَجِدُوْنَ اِلَّا جُهْدَهُمْ ع‍ه

અને મજૂરી કરીને પૂરી મજૂરી ખૈરાત કરનારા પર ટોણા મારે છે, અને એમની મજાક ઉડાવે છે, અલ્લાહ એમને સજા આપશે, તેમના માટે દર્દનાક અઝાબ છે."–તૌબા : ૭૯

(બુખારી ૧/૧૯૦ ઝકાત, ૨/૬૭૩ તફસીરે સૂરએ બરાઅત, મુસ્લિમ તથા નિસાઈ–ઝકાત, ઈબ્ને માજહ–ઝુહદ)

**સમજૂતી : ૮૩૨ અને ૮૩૩**

તફસીરમાં છે કે અકીલ આવ્યા, અડધો સાઅ લાવ્યા. અને એક અન્ય સાહબ એનાથી વધારે લાવ્યા તો મુનાફિકોએ એ પ્રમાણે કહ્યું.

**آية الصدقة** : એનાથી મુરાદ આયતે કરીમા :–

**خُذْ مِنْ اَمْوَالِهِمْ صَدَقَةً تُطَهِّرُهُمْ وَ تُزَكِّيْهِمْ بِهَا وَ صَلِّ عَلَيْهِمْ** (سورہ توبہ ۱۰۳) "એમના માલોથી સદકો લઈને તેમને પાક તથા સાફ કરો અને એમના માટે દુઆએ ખૈર કરો." (સૂ. તૌબા, આયત : ૧૦૩)

**فتصدق بشیٔ کثیر** : એ હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ હતા કે ચાર હજાર કે આઠ હજાર પેશ કર્યા. વાહિદીની અસ્બાબે નુઝૂલમાં છે કે નબી ﷺ એ સદકાનું પ્રોત્સાહન આપ્યું તો હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ ચાર હજાર રોકડા કુલ સરમાયાનું અડધુ લાવ્યા. અને હઝરત આસિમ બિન અદી બિન અજલાન رضی اللہ عنہ સો વસક ખજૂર લાવ્યા તો મુનાફિકોએ ટીકા કરી, એના પર આ આયત નાઝિલ થઈ. ઈબ્ને જરીરે ખૂદ હઝરત

حدیث ٨٣٣ عَنْ اَبِیْ مَسْعُوْدِ الْاَنْصَارِیِّ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ کَانَ

''હઝરત અબૂ મસઊદ અન્સારી رضی اللہ عنہ એ ફર્માવ્યું, નબી ﷺ એ જ્યારે અમને [હદીષ : ૮૩૩]

رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اِذَا اَمَرَنَا بِالصَّدَقَۃِ اِنْطَلَقَ

સદક઼ાનો હુકમ આપ્યો તો અમે બજાર જતા માલ ઊંચકતા એક મુદ મળતો તેને ખૈરાત કરતા, અને આજે

اَحَدُنَا اِلَی السُّوْقِ فَیُحَامِلُ فَیُصِیْبُ الْمُدَّ وَاِنَّ لِبَعْضِہِمُ الْیَوْمَ لَمِائَۃَ اَلْفٍ

કેટલાક લોકોની પાસે એક લાખ છે.'' (બુખારી ૧/૧૯૦, ૨/૬૭૩ તફસીરે સૂરએ બરાઅત)

حدیث ٨٣٤ عَنْ عَائِشَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہَا قَالَتْ دَخَلَتْ اِمْرَأَۃٌ مَعَہَا

''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે એક સ્ત્રી સવાલ કરવાના [હદીષ : ૮૩૪]

અબૂ અક઼ીલથી રિવાયત કરી છે. તે ફર્માવે છે :–

**بت آجر الجرید علیٰ ظهری علیٰ صاعین من تمر فانقلبت باحدهما الیٰ اهلی یبلغون به و جئت بالآخر اتقرب الیٰ رسول الله ﷺ و اتیت رسول الله فاخبرته قال انثره علیٰ الصدقة قال فسخر القوم و قال لقد کان الله غنیا عن صدقة هذا المسکین فانزل الله تعالیٰ الذین یلمزون المطوعین الآیة۔**

''ખજૂરની ડાળીઓનો ભારો પોતાની પીઠ પર બે સાઅ ખજૂરના બદલામાં મેં ઊંચક્યો હતો. એક સાઅ ઘરવાળાઓને આપી દીધો કે તેઓ એના વડે પોતાની હાજત પૂરી કરી લે અને બીજો સાઅ રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર લાવ્યો કે એના ઝરીયા રસૂલુલ્લાહ ﷺની નઝદીકી હાંસલ કરું. હુઝૂરે ફર્માવ્યું, આ સદક઼ા પર નાખી દે. એના પર એક કૌમે મઝાક ઉડાડી, બેશક ! અલ્લાહ આ મિસ્કીનના સદક઼ાથી ગની છે. તો અલ્લાહે આ આયત નાઝિલ ફર્માવી : ''જે લોકો દિલ ખોલીને સદક઼ો કરનારાઓ..........'' છેવટ સુધી.

અહીં વિચારવા પાત્ર વાત હઝરત અબૂ અક઼ીલ رضی اللہ عنہનો આ ક઼ૌલ છે :–

**اتقرب الیٰ رسول الله ﷺ--فقالوا--و ان لبعضهم لمأة الف** કે હું રસૂલુલ્લાહ ﷺની નિકટતા હાંસલ કરું. વહાબી, સહાબીએ રસૂલના આ ઈર્શાદને જુએ જેઓ કહે છે કે કોઈ મહબૂબે બારગાહની નિકટતા પામવા કોઈ નેક અમલ કરવો શિર્ક છે. મુસલમાનને મુશ્રિક બનાવવાના શોખમાં એમને કાંઈ દેખાતુ નથી. અલ્લાહ عزوجلની જાત અથવા સિફતો અથવા ઈબાદતો અથવા એ સૌમાં અથવા એમાંથી અમુકમાં કોઈને શરીક કરવું શિર્ક છે, કોઈ નબી અથવા વલીની નિકટતા પ્રાપ્ત કરવા માટે કાંઈક કરવું. ન તેની સિફતમાં ન તેની ઈબાદતમાં કાંઈ છે. પછી આ કેવી રીતે શિર્ક છે ?!

**فقالوا** : આ ટીકા કરનાર મોઅતબ બિન કુશૈર અને અબ્દુર્રહમાન બિન બંતિલ મુનાફિક઼ હતા.

**وان لبعضهم لمائة الف** : બંને જગાએ હઝરત અબૂ મસઊદ અન્સારી જ મુરાદ છે જેમ કે તફસીરમાં **کانه یعرض نفسه۔** છે. એવું દર્શાવવા ચાહે છે કે એક સમય તે હતો કે મજૂરી કરતો હતો અને આજે પુષ્કળ વિજયોને કારણે એક લાખનો માલિક છું.

**સમજૂતી : ૮૩૪**

આ હદીષથી બે ફાયદા હાંસલ થયા, એક એ કે જરૂરતમંદ સાઈલને શક્ય ત્યાં સુધી પરત ન કરવો જોઈએ,

ابْنَتَانِ لَهَا تَسْأَلُ فَلَمْ تَجِدْ عِنْدِي شَيْئًا غَيْرَ تَمْرَةٍ فَأَعْطَيْتُهَا إِيَّاهَا

માટે આવી. તેની સાથે બે બાળકીઓ હતી. તેણીએ મારી પાસે એક ખજૂર સિવાય કાંઈ ન પામ્યું. તે ખજૂર મેં

فَقَسَمَتْهَا بَيْنَ ابْنَتَيْهَا وَلَمْ تَأْكُلْ مِنْهَا ثُمَّ قَامَتْ فَخَرَجَتْ وَ دَخَلَ

તેને આપી દીધુ. તેણીએ તેને તે બાળકીઓમાં વહેંચી આપ્યું. અને એમાંથી એણે કાંઈ ન ખાધુ પછી ઉઠી અને

النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ عَلَيْنَا فَأَخْبَرْتُهُ فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ

ચાલી ગઈ, અને નબી ﷺ તશરીફ લાવ્યા. મેં હુઝૂરને આ બનાવ બતાવ્યો તો ફર્માવ્યું, જે આ બાળકીઓ

تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ مَنِ ابْتُلِيَ مِنْ هٰذِهِ الْبَنَاتِ بِشَيْءٍ كُنَّ لَهُ سِتْرًا مِّنَ النَّارِ

વડે અજમાવવામાં આવે તો બાળકીઓ એના માટે જહન્નમથી આડ બનશે."

(બુખારી, ૧/૧૯૦, ઝકાત, ૨/૮૮૭, અલ્ અદબ, મુસ્લિમ–અદબ, તિર્મિઝી–અલબિર્)

حدیث ۸۳۵ حَدَّثَنَا أَبُوْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهُ قَالَ جَاءَ رَجُلٌ إِلَى النَّبِيِّ

**[હદીષ : ૮૩૫]** "હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે એક સાહબ નબી ﷺ ની

صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ يَا رَسُوْلَ اللّٰهِ أَيُّ الصَّدَقَةِ أَعْظَمُ أَجْرًا

ખિદમતમાં હાજર થયા અને પૂછયું, કયો સદકો સવાબમાં સૌથી વિશેષ છે ? ફર્માવ્યું, તે સદકો જે તું

قَالَ أَنْ تَصَدَّقَ وَأَنْتَ صَحِيْحٌ شَحِيْحٌ تَخْشَى الْفَقْرَ وَتَأْمُلُ الْغِنَى وَلَا

તંદુરસ્તી તથા માલની લાલચ, મોહતાજીના અંદેશા તથા માલદારીની આરઝૂની હાલતમાં કરે. અને એટલો ન

تُمْهِلُ حَتَّى إِذَا بَلَغَتِ الْحُلْقُوْمَ قُلْتَ لِفُلَانٍ كَذَا وَلِفُلَانٍ كَذَا وَقَدْ

રોકો કે જ્યારે જાન ગળા સુધી આવી જાય તો તુ કહે કે આટલુ ફલાણાનું અને આટલુ ફલાણાનું, જ્યારે કે

كَانَ لِفُلَانٍ عسه

તે ફલાણા (વારસ)નું થઈ ગયું !" (બુખારી ૧/૧૯૧, ઝકાત, ૧/૩૮૩ વસાયા, મુસ્લિમ–ઝકાત, નિસાઈ–ઝકાત)

જે શક્તિ હોય મદદ કરવી જોઈએ, ભલે તે માત્રામાં ખૂબ જ ઓછુ હોય. બીજુ એ કે બાળકોનો ઉછેર કરવો, તેમને રાજી રાખવાં, ખાસ કરીને બાળકીઓને એ બેહતરીન નેકી છે.

**સમજૂતી : ૮૩૫** જ્યારે તંદુરસ્તી હોય છે અને એ ઉમ્મીદ હોય છે કે હજી જીવતો રહીશ, ત્યારે માલને જમા રાખવાની લાલચ હોય છે કે માલૂમ નહીં આગળ જતાં શું સ્થિતિ થાય, એવા સમયે સદકો કરવો નફ્સ પર ભારે ગુજરે છે. એટલા માટે એ સમયે સદકો કરવો મૌતના સમયે સદકો કરવા કરતાં અધિક અફઝલ છે. હઝરત અબૂ દરદા رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, મૃત્યુ વખતે જે ગુલામ આઝાદ કરે

حديث عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّ بَعْضَ اَزْوَاجِ النَّبِيِّ صَلَّى اللّٰهُ

''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી ﷺ ની **[હદીષ : ૮૩૬]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قُلْنَ لِلنَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَيُّنَا اَسْرَعُ

અમુક પાક બીવીઓ (અજવાઝે મુતહ્હરાત)એ નબી ﷺ ને પૂછયું, અમારામાંથી જલ્દી તમને કોણ

بِكَ لُحُوْقًا قَالَ اَطْوَلُكُنَّ يَدًا۔ فَاَخَذُوْا قَصَبَةً يَّذْرَعُوْنَهَا فَكَانَتْ

મળશે ? ફર્માવ્યું, જેનો હાથ સૌથી વધુ લાંબો છે. તેઓ લાકડી લઈને હાથ માપવા લાગ્યાં,

سَوْدَةُ اَطْوَلَهُنَّ يَدًا فَعَلِمْنَا بَعْدُ اَنَّمَا كَانَتْ طُوْلَ يَدِهَا الصَّدَقَةُ

તો સૌદાનો હાથ સૌથી લાંબો નીકળ્યો. પછી અમે બાદમાં જાણ્યું કે તેમના હાથને સદક઼ાએ

وَكَانَتْ اَسْرَعَنَا لُحُوْقًا بِهٖ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَكَانَتْ تُحِبُّ

લાંબો કરી આપ્યો હતો અને એ સૌથી પ્રથમ નબી ﷺ ને મળ્યાં.

الصَّدَقَةَ ع ه

અને તે સદક઼ો પસંદ કરતાં હતાં.'' (બુખારી ૧/૧૯૧, ઝકાત, ૨/૨૯૧, નિસાઈ–ઝકાત)

તે એવો છે જેવો કે જ્યારે પેટ ભરાઈ જાય તો હદિયો કરે. શહનશાહ હિશામ બિન અબ્દુલ મલિકની પત્ની રુકૈયાએ મરતી વખતે પોતાના સર્વ ગુલામો આઝાદ કરી આપ્યા. આ ખબર જ્યારે મૈમૂના બિન મહરાન رضی اللہ عنہا ને પહોંચી તો ફર્માવ્યું, આ લોકો માલોમાં બે વાર અલ્લાહની નાફર્માની કરે છે, પ્રથમ કંજૂસી કરે છે પછી જ્યારે બીજાનો થઈ જાય છે તો ફુઝૂલખર્ચી કરે છે.

**وقد كان لفلان** : એમાં ફલાણાથી મુરાદ વારસદાર છે. આ હદીષથી સાબિત થયું કે મૃત્યુવેળાની બીમારી (મૃત્યુશૈયા)માં મૂરિષના માલમાં વારસદારનો હક્ક઼ સાબિત થઈ જાય છે. એના કારણે **૧/૩થી વધુ વસિયત લાગુ થતી નથી.** અને વારસદારના માટે વસિયત બાતિલ છે પણ એ કે વારસદાર એને લાગુ પાડી દે.

## સમજૂતી : ૮૩૬

**بعض ازواج النبی** : ઈબ્ને હબ્બાનની રિવાયતમાં છે કે નબી ﷺ ની પાક બીવીઓ ભેગી થઈ અને એમનામાં કોઈ રહી ગયાં ન હતાં. **اینا** સિબ્વયએ કહ્યું કે **ای** તાનીષમાં કુલ્લુની જેમ છે, એટલે મુઅન્નષ માટે **تاء** ની સાથે ઉપયોગ કરવો ફસીહ નથી. પણ એ સિબ્વયની અંગત રાય છે. બંને રીતે ફસીહ છે. નિસાઈની રિવાયતમાં **ایتنا** જ છે. વધુ એ થઈ શકે છે કે **تاء** વિના વધુ ફસીહ હોય.

આ પ્રશ્ન કરનારાં ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا હતાં. જેમ કે સહીહ ઈબ્ને હબ્બાનમાં યહયા બિન હમ્માદના તરીક઼ાથી આ જ સનદની સાથે છે, **فقلت**.

**اطولكن يدا** : યદ (હાથ)ની મુનાસેબતથી **طولاكن** હોવુ જોઈતુ હતું, પણ ઈઝાફતના સમયે અફઅલુત્તફઝીલમાં મુતાબિક઼ત જરૂરી નથી.

**يذرعونها** : આ અમુક રિવાયત કર્તાનો તસર્રુફ છે. **يذرعنها** જમા મુઅન્નષનો સેગો હોવો જોઈતો હતો.

**શંકા** : હદીષના જાહેરી વર્ણનથી એવું જણાય રહ્યું છે કે **وكانت اسرعنا لحوقا۔** માં **كانت** ની ઝમીરે મુસ્તતરનો મરજઅ હઝરત સૌદા હોય. એટલા માટે કે અન્ય કોઈ પત્નીનું વર્ણન નથી. જેથી હદીષનો ફાયદો એ થયો કે ઉમ્મુલ મો'મિનીન હઝરત સૌદા પાક બીવીઓમાં સૌથી પ્રથમ અલ્લાહને પ્યારાં થઈ ગયાં, જ્યારે કે અહલે સિયરનો ઈજમાઅ છે કે પાક બીવીઓમાં સૌ પ્રથમ હઝરત ઝયનબ બિન્તે જહશ رضی اللہ عنہا નો વિસાલ થયો, અને સદક઼ામાં એ જ વિશિષ્ટ પણ હતાં. એના કારણે એમને ઉમ્મુલ મસાકીન પણ કહેવામાં આવે છે. એમનો વિસાલ હિ.સ. ૨૦ ફારૂકે આ'ઝમના ખિલાફતના આખર ભાગમાં થયો. અને ઉમ્મુલ મો'મિનીન હઝરત સૌદાનો વિસાલ હઝરત મુઆવિયહના સમયમાં શવ્વાલ હિ.સ. ૫૪માં થયો. ખૂદ ઈમામ બુખારીએ તારીખે સગીરમાં હઝરત અબ્દુર્રહમાન બિન અબઝા رضی اللہ عنہ થી રિવાયત કરી. તે ફર્માવે છે કે હઝરત ઉમર رضی اللہ عنہ ની સાથે ઉમ્મુલ મો'મિનીન હઝરત ઝયનબ બિન્તે જહશના જનાઝાની નમાઝ પઢી. નબી પાકની બીવીઓમાં સૌ પ્રથમ હુઝૂરને એ જ મળ્યાં. મુસ્લિમ (૨/૨૯૧ ફઝાઈલે સહાબા)માં આઈશા બિન્તે તલ્હાથી ખૂદ ઉમ્મુલ મો'મિનીન હઝરત સિદીક઼া આ ઈર્શાદ ફર્માવે છે : ઝયનબ અમારા સૌમાં લાંબા હાથવાળાં હતાં. તે કામ કરતાં હતાં અને સદક઼ો કરતાં હતાં. ઈમામ હાકિમે મુસ્તદરકમાં ઉમરના તરીક઼ાથી ઉમ્મુલ મો'મિનીન હઝરત સિદીક઼ાથી રિવાયત કર્યું, તે ફર્માવતાં હતાં કે હુઝૂરે અક઼દસ ﷺ ના વિસાલ પછી અમે જ્યારે ભેગી થતી તો દીવાલ પર હાથ રાખીને માપતી, ત્યાં સુધી કે ઝયનબ બિન્તે જહશનો ઈન્તેકાલ થયો તો અમે જાણ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ લાંબા હાથ હોવાથી સદક઼ો કરવું મુરાદ લીધુ છે, અને આવુ જ યૂનુસ બિન બુકૈરે ઝિયાદતુલ મગ઼ાઝીમાં અને બયહક઼ીએ દલાઈલુન્નબુવ્વતમાં પણ રિવાયત કર્યું છે. એના જ કારણે અલ્લામા ઈબ્ને જવઝીએ ઈમામ બુખારી પર ટીકા કરી છે અને શુર્રાહ કરનારાઓ ઉપર પણ. ત્યાં સુધી કે અલ્લામા ખિતાબી એ આ હદીષ હેઠળ આ પ્રમાણે લખ્યું છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત સૌદાનો સૌ પ્રથમ વિસાલ નબુવ્વતની નિશાનીઓમાંથી છે, તો એમને પણ ન છોડયાં.

**જવાબ** : પ્રથમ : એ ક઼તઈ નથી કે ઉમ્મુલ મો'મિનીન હઝરત ઝયનબ બિન્તે જહશ, ઉમ્મુલ મો'મિનીન હઝરત સૌદાથી પહેલાં નબી ﷺ થી મળ્યાં. ઘણા બધા મુહદ્દિષોએ સ્પષ્ટતા કરી છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત સૌદાનો વિસાલ તેમનાથી પહેલાં હઝરત ફારૂકે આ'ઝમની ખિલાફતના છેવટના સમયમાં થયો છે. ઈમામ બુખારીએ તારીખે સગ઼ીરમાં, ઈમામ બયહક઼ીએ દલાઈલમાં, ઈમામ અહમદએ પોતાની મુસ્નદ (૬/૧૨૧)માં, ઈમામ ઈબ્ને સઅદે અફ્ફાનથી આ જ રિવાયત કરી, બલ્કે નિસાઈ (૧/૩૫૨ ઝકાત)એ ખૂદ ઉમ્મુલ મો'મિનીન હઝરત સિદીક઼ાથી જે રિવાયત કરી છે એમાં સ્પષ્ટતા છે :–

**فكانت سودة اسرعهن لحوقا فكانت اطولهن يدا فكان ذالك من كثرة الصدقة۔** "સૌદા સૌથી પહેલાં હુઝૂરથી મળ્યાં અને તે સૌથી લાંબા હાથવાળાં હતાં અને એ સદક઼ાની અધિક્તાના કારણે હતું." અલ્લામા ઝહબીએ તારીખે કબીરમાં એના પર યક઼ીન કર્યું. ઈબ્ને સૈયદુન્નાસે ફર્માવ્યું, આ જ મશ્હૂર છે.

શક્ય છે ઈમામ બુખારીનો મુખ્તાર આ જ હોય, જેથી ટીકા કોઈ રીતે યોગ્ય નથી. અસ્હાબે સિયરના ઈજમાઅ એવો ક઼તઈ નથી કે એનાથી ઈન્કારનો અવકાશ ન હોય.

બીજુ : હઝરત ઈમામ બુખારી કદી કદી પોતાની રિવાયતોમાં એવા પેચીદા રહસ્યો રાખે છે જેના તરફ આસાનીથી દિમાગ પહોંચી નથી શક્તું. ઈબ્ને રશીદે અહીં એક ઘણી જ મહત્વની વાત કરી છે. ઉમ્મુલ મો'મિનીને પ્રથમ ફર્માવ્યું કે હાથ માપવા લાગ્યાં, તો ઉમ્મુલ મો'મિનીન હઝરત સૌદાનો હાથ સૌથી લાંબો હતો. પછી ફર્માવે છે કે **فعلمنا بعد انما كانت طول يدها الصدقة** પછી બાદમાં અમે જાણ્યું કે નબી ﷺ થી સૌ પ્રથમ મળનારીના હાથની લંબાઈથી મુરાદ સદક઼ો છે. એટલે પહેલાં અમે લાંબા હાથનો હક઼ીક઼ી અર્થ

حدیث ۸۳۷ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **[હદીષ : ૮૩૭]**

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ قَالَ رَجُلٌ لَاَتَصَدَّقَنَّ بِصَدَقَةٍ فَخَرَجَ بِصَدَقَتِهٖ

એક શખ્સે કહ્યું, હું સદકો કરીશ. તે પોતાનો સદકો લઈને નીકળ્યો. અને તેને એક ચોરના હાથમાં આપી

فَوَضَعَهَا فِیْ یَدِ سَارِقٍ فَاَصْبَحُوْا یَتَحَدَّثُوْنَ تُصُدِّقَ عَلٰی سَارِقٍ فَقَالَ اَللّٰهُمَّ

દીધો. સવારે લોકોમાં ચર્ચા થઈ (રાત્રે) ચોરને સદકો આપી દેવામાં આવ્યો. એ શખ્સે કહ્યું, હે અલ્લાહ !

સમજયો, જયારે એ ખુશનસીબ ખાતૂનનો વિસાલ થયો તો અમે જાણ્યું કે લાંબા હાથથી મુરાદ મજાઝી અર્થ સદકો છે. જેથી જાહેર થઈ ગયું કે એ ઉમ્મુલ મો'મિનીન હઝરત સૌદા નથી. નહીં તો હકીકી અર્થથી વિમુખતાનું કોઈ કારણ ન હતું. ખરેખર તેમનો હાથ સૌથી લાંબો હતો. એ કોઈ અન્ય છે જેનો હાથ ખરેખર લાંબો ન હતો પણ તે સદકામાં સર્વ અઝવાજે મુતહ્હરાત કરતાં વિશિષ્ટ છે, તે કોણ છે ? જાણકાર સાંભળનારો જાણે છે કે તે ઉમ્મુલ મસાકીન હઝરત ઝયનબ હતાં જે સદકામાં પણ પ્રખ્યાત હતાં અને સૌ પ્રથમ વિસાલ કરીને નબી ﷺ ને મળ્યાં. અને કદી કદી જયારે સિયાકથી મરજઅનું નિશ્ચિત હોવું માલૂમ હોય અથવા મશહૂર હોય તો મરજઅના વર્ણન વિના ઝમીર લાવવામાં આવે છે. જેમ કે આયતે કરીમા **حتیٰ توارت بالحجاب** માં છે. હવે **انما کانت طول یدھا الصدقة** માં ''યદેહા''ની ઝમીર અને બાદમાં બે જગાએ વર્ણન થયેલ ''કાનત''ની ઝમીરોનો મરજઅ મઅહૂદ ફિઝ્ઝહન (દિમાગમાં મૌજૂદ) હઝરત ઝયનબ છે. અલ્લામા ઈબ્ને હજરે આ ખુલાસાને પસંદ ફર્માવ્યો. અલ્લામા અયનીએ રદ ફર્માવ્યું. આ ખાદિમ એ તરફ છે કે આ સ્પષ્ટતા સ્વીકારવા પાત્ર છે.

નિસાઈની રિવાયત પર ખાતિમુલ હુફ્ફાઝ અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ એ ઝહરુર્રબામાં ચર્ચા કરી અને છેવટમાં આ સ્પષ્ટતા કરી, રિવાયતમાં આગળ પાછળ તથા હઝફ (કટ થવું) થઈ ગયું. અસ્લ લખાણ આ હતું : **فاخذن یذرعنها فکانت سودة اطولهن یدا و کانت اسرعهن لحوقا زینب و کانت ذٰلك من کثرة** ''અજવાઝે મુતહ્હરાત હાથ માપવા લાગ્યાં અને સૌદા એમનામાં લાંબા હાથવાળા હતાં. અને સૌ પ્રથમ હુઝૂરને જઈને મળનારાં ઝયનબ છે. અને એ સદકાની અતિ અધિક્તાના કારણે હતું.''

**આ હદીષ એની દલીલ છે કે હુઝૂરે અક્દસ ﷺ ને માલૂમ હતું કે કોણ ક્યારે મૃત્યુ પામશે. તેમજ એ કે પવિત્ર બીવીઓનો અકીદો હતો કે હુઝૂરે અક્દસ ﷺ ગયબ જાણે છે અને એ પણ જાણે છે કે કોણ ક્યારે મરશે. પાક બીવીઓના અકીદા પ્રમાણે આપણે અહલે સુન્નતનો પણ એ જ અકીદો છે.**

## સમજૂતી : ૮૩૭

**قال الرجل** એમનું નામ ન જાણી શકાયું. મુસ્નદે ઈમામ અહમદમાં ઈબ્ને લહીઆના તરીકાથી છે કે તે બની ઈસ્રાઈલમાંથી હતા.

**تصدق علیٰ سارق** : આ ત્રણેવ જગા આશ્ચર્ય તથા ઈન્કારના માટે છે. લોકોને એ પસંદ ન આવ્યું કે ચોર કે ઝાનિયા કે માલદારને સદકો આપવામાં આવે. એના પર લોકોએ કાનાફૂસી કરી.

**اللھم لك الحمد۔** : આ શુક્રને પ્રદર્શિત કરવા માટે પણ હોઈ શકે છે કે ચોર વગેરેને જ આપ્યું, એનાથી

لَكَ الْحَمْدُ لَأَتَصَدَّقَنَّ بِصَدَقَةٍ فَخَرَجَ بِصَدَقَتِهِ فَوَضَعَهَا فِي يَدِ زَانِيَةٍ

તારા માટે હમ્દ છે, હું સદક઼ો કરીશ. પછી તે પોતાનો સદક઼ો લઈને નીકળ્યો અને એક ઝાનિયા

فَأَصْبَحُوا يَتَحَدَّثُونَ تُصُدِّقَ اللَّيْلَةَ عَلَى زَانِيَةٍ فَقَالَ اللّٰهُمَّ لَكَ الْحَمْدُ

(વ્યભિચારણી)ને આપી દીધો. સવારે લોકોએ ચર્ચા કરી કે, આજે રાત્રે એક ઝાનિયાને સદક઼ો આપી દેવામાં

عَلَى زَانِيَةٍ لَأَتَصَدَّقَنَّ بِصَدَقَةٍ فَخَرَجَ بِصَدَقَتِهِ فَوَضَعَهَا فِي يَدِ غَنِيٍّ

આવ્યો. તેણે કહ્યું, હે અલ્લાહ ! ઝાનિયાને સદક઼ો આપવા પર તારા માટે હમ્દ છે, હું સદક઼ો કરીશ. પછી તે

فَأَصْبَحُوا يَتَحَدَّثُونَ تُصُدِّقَ عَلَى غَنِيٍّ فَقَالَ اللّٰهُمَّ لَكَ الْحَمْدُ عَلَى سَارِقٍ

પોતાનો સદક઼ો લઈને નીકળ્યો અને એક માલદારને આપી દીધો. સવારે ચર્ચા થઈ, માલદારને સદક઼ો આપી

وَعَلَى زَانِيَةٍ وَعَلَى غَنِيٍّ فَأُتِيَ فَقِيلَ أَمَّا صَدَقَتُكَ عَلَى سَارِقٍ فَلَعَلَّهُ أَنْ

દીધો. તેણે કહ્યું, હે અલ્લાહ ! તારા માટે હમ્દ છે ચોર તથા ઝાનિયા તથા માલદારને સદક઼ો આપવા પર. તો

يَسْتَعِفَّ عَنْ سَرِقَتِهِ وَأَمَّا الزَّانِيَةُ فَلَعَلَّهَا أَنْ تَسْتَعِفَّ عَنْ زِنَاهَا

એની પાસે એક આવનારો આવ્યો અને તેણે કહ્યું, ચોરને સદક઼ો આપવાનો ફાયદો એ થશે કે તે ચોરી ત્યજી

وَأَمَّا الْغَنِيُّ فَلَعَلَّهُ يَعْتَبِرُ فَيُنْفِقُ مِمَّا أَعْطَاهُ اللّٰهُ عَزَّ وَجَلَّ عه

દેશે, અને ઝાનિયાને સદક઼ો આપવાથી એ ફાયદો છે કે તે ઝિનાથી ભાવિમાં બચશે, અને માલદારને આપવાથી એ ફાયદો છે કે તે બોધગ્રહણ કરશે, અલ્લાહ ﷻના આપેલામાં ખર્ચ કરશે."

(બુખારી ૧/૧૯૧, ઝકાત, મુસ્લિમ, નિસાઈ–ઝકાત)

બદતરને તો ન આપ્યું ! આશ્ચર્ય વ્યક્ત કરવા માટે પણ હોઈ શકે છે કે હું તો સદક઼ો મુસ્તહિક઼ને આપવા ચાહતો હતો, રાતના અંધકારમાં શું થઈ ગયું. જેમ કે આવા પ્રકારના પ્રસંગો પર સુબ્હાનલ્લાહ ! પણ કહે છે.

**فاتی فقیل** : એને એના પર દુ:ખ હતું કે તેનો સદક઼ો ગૈર મુસ્તહિક઼ને મળ્યો, તો ખ્વાબમાં તેને તસલ્લી આપવામાં આવી અને સારી નિય્યતના કારણે ક઼બૂલ થવાની બશારત તથા તેનો ફાયદો દેખાડી દેવામાં આવ્યો. જેમ કે મુસ્તખરજ અબીનઈમ અને તિબ્રાનીની મુસ્નદુશ્શામિલીનમાં છે : આ બંનેવ તેમજ મુસ્લિમમાં છે કે, તારો સદક઼ો ક઼બૂલ કરી લેવામાં આવ્યો, અને એનો ફાયદો આ છે.

આ હદીષથી સાબિત થયું કે સારી નિય્યત પર ક઼બૂલ થવાની આશા છે. એટલા માટે કે આ શખ્સ એવું જ ચાહતો હતો કે કોઈ મુસ્તહિક઼ને સદક઼ો આપે પણ અજાણતામાં ગૈરમુસ્તહિક઼ (અપાત્ર)ને આપી બેઠો છતાં પણ ક઼બૂલ થયો. ઈખ્લાસ અને સારી નિયત પર ક઼બૂલિયતનો આધાર છે. સાબિત થયું કે **ગૈર મુસ્તહિક઼ને ઝકાત આપી દીધી, એવું જાણીને કે એ મુસ્તહિક઼ છે તો ઝકાત અદા થઈ ગઈ.** માલૂમ પડયા બાદ ફરી આપવી વાજિબ નથી. જેવો કે હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہનો મઝહબ છે, અલ્બત્ત મુસ્તહબ છે કે દોહરાવે.

حدیث ۸۳۸ اَنَّ مَعْنَ بْنَ یَزِیْدَ حَدَّثَہٗ قَالَ بَایَعْتُ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ

"હઝરત મઅન બિન યઝીદ رضی اللہ عنہ એ કહ્યું, મેં તથા મારા પિતા તથા મારા દાદાએ **[હદીષ : ૮૩૮]**

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اَنَا وَاَبِیْ وَجَدِّیْ وَخَطَبَ عَلَیَّ فَاَنْکَحَنِیْ وَخَاصَمْتُ

રસૂલુલ્લાહ ﷺ થી બયઅત કરી અને હુઝૂરે મારી મંગની કરી અને નિકાહ કરી આપ્યા અને હુઝૂર ﷺ ની

اِلَیْہِ وَکَانَ اَبِیْ یَزِیْدُ اَخْرَجَ دَنَانِیْرَ یَتَصَدَّقُ بِہَا فَوَضَعَہَا عِنْدَ رَجُلٍ

બારગાહમાં મેં મારા પિતાની વિરુદ્ધ શિકાયત કરી, મારા વાલિદ યઝીદે અમુક દીનાર સદકાના માટે કાઢયા

فِی الْمَسْجِدِ فَجِئْتُ فَاَخَذْتُہَا فَاَتَیْتُہٗ بِہَا فَقَالَ وَاللّٰہِ مَا اِیَّاکَ اَرَدْتُ

હતા અને એક માણસ પાસે મસ્જિદમાં રાખી દીધા હતા. હું આવ્યો અને તે દીનારોને લઈ આવ્યો અને

فَخَاصَمْتُہٗ اِلٰی رَسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فَقَالَ لَکَ مَا نَوَیْتَ

લઈને પિતાની પાસે આવ્યો, તો તેમણે કહ્યું, ખુદાની કસમ ! હું તને આપવા ચાહતો ન હતો. તો એમની

یَا یَزِیْدُ وَلَکَ مَا اَخَذْتَ یَا مَعْنُ ع ہ

વિરુદ્ધ રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં શિકાયત કરી તો હુઝૂરે ફર્માવ્યું, હે યઝીદ ! તને તારી નિય્યતનો બદલો છે અને મઅન જે તેં લઈ લીધું તે તારું છે." (બુખારી ૧/૧૯૧, અઝ્ ઝકાત)

## સમજૂતી : ૮૩૮

મઅન બિન યઝીદ બિન અખ્નસ બિન હબીબ સલ્લમી رضوان اللہ تعالیٰ علیہم اجمعین પુત્ર, પિતા તથા દાદા ત્રણેવ સહાબી છે. એક કથન એ છે કે ત્રણેવ બુઝુર્ગ જંગે બદ્રમાં શરીક થયા. હઝરત મઅન ફતહે દમિશ્કમાં પણ શરીક હતા. હઝરત મુઆવિયાના સમર્થકોમાંથી હતા. સર્વ લડાઈઓમાં તેમની સાથે રહ્યા. ઝહહાક ખારજીની સાથે મરજ રાહતમાં જે લોહીયાળ જંગ હિ.સ. ૫૪માં થયો હતો એમાં શહીદ થયા.

**وخطب علی :** خطب તથા انکح ની ઝમીરોનો મરજઅ રસૂલુલ્લાહ ﷺ છે એટલા માટે કે કરીબતરીન મઝકૂરને મરજઅ બનાવવો રાજેહ છે. તેમજ હઝરત મઅન રસૂલુલ્લાહ ﷺ ની સાથે પોતાના ગાઢ સંબંધો વર્ણવી રહ્યા છે. દર્શાવવા એ ચાહે છે કે મારા હુઝૂર ﷺ ની સાથે આવા સંબંધો હતા, મેં તથા મારા બાપદાદાએ હુઝૂરની બયઅત કરી. હુઝૂરે મારી મંગની પણ કરી અને નિકાહ પણ કર્યા. હું હુઝૂરની ખિદમતમાં મામલો પણ લઈ ગયો.

**મસાઈલ :** જમહૂર ઉલમાની એના પર એકમતિ છે કે વાજિબ સદકો દા.ત. ઝકાત, સદકાએ ફિત્ર પુત્રને આપવાથી અદા થશે નહીં. અને આ હદીષમાં નફલ સદકો છે. હઝરત ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જો પુત્ર કરજદાર કે ગાઝી હોય તો તેણે બાપની ઝકાત વગેરે લેવું જાઈઝ છે અને આ હદીષનો ભાવાર્થ એ જ છે. રહી ગયા ઈમામ બુખારી رحمۃ اللہ علیہ તો એમનો મઝહબ સ્પષ્ટ નથી. એમણે આ હદીષ પર પ્રકરણ આ રચ્યું છે : "પોતાના પુત્રને ઝકાત આપે અને એવું ન જાણે કે એ એનો પુત્ર છે." શું હુકમ છે એ સ્પષ્ટ નથી કર્યું.

حدیث ۸۳۹ عَنْ عَائِشَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهَا قَالَتْ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ કહ્યું કે નબી ﷺ એ ફર્માવ્યું, જ્યારે **[હદીષ : ૮૩૯]**

عَلَیْهِ وَسَلَّمَ اِذَا اَنْفَقَتِ الْمَرْاَۃُ مِنْ طَعَامِ بَیْتِهَا غَیْرَ مُفْسِدَۃٍ کَانَ لَهَا

સ્ત્રી પોતાના ઘરના ખાવામાંથી કોઈને આપી દે એ શર્તે કે નુકસાનની નિય્યત ન હોય તો તેને આપવાનો

اَجْرُهَا بِمَا اَنْفَقَتْ وَلِزَوْجِهَا اَجْرُہٗ بِمَا کَسَبَ وَلِلْخَازِنِ مِثْلُ ذٰلِكَ

સવાબ મળશે અને તેના પતિને કમાવાનો અને ખાઝિનને પણ તેના બરાબર મળશે, અને

لَا یَنْقُصُ بَعْضُهُمْ اَجْرَ بَعْضٍ شَیْئًا ۔

અમુકનો સવાબ અમુકના સવાબમાં કોઈ કમી નહીં કરે."

*(બુખારી ૧/૧૯૨, ઝકાત, ૧/૧૯૩, ૧/૨૭૭ અલ્ બુયૂઅ, મુસ્લિમ–ઝકાત, અબૂ દાઊદ–ઝકાત, નિસાઈ–ઉશ્રતુન્નિસાઅ, તિર્મિઝી–ઝકાત, ઈબ્ને માજહ–તિજારત)*

સમર્થનમાં આ હદીષ લાવવાથી એ જ સમજાય છે કે એમની નજીક એ દુરુસ્ત છે જો તેમની સદક઼ાથી મુરાદ આમ છે ચાહે વાજિબ હોય કે નફ્લ, તો એમાં કલામ છે જ્યારે કે બાદમાં માલૂમ થઈ જાય કે એ પુત્ર છે, કે આ સ્થિતિમાં ઝકાત અદા થશે નહીં. અને જો જીવનભર એ માલૂમ જ ન થઈ શક્યું કે પુત્રને ઝકાત આપી છે તો પછી એ કહેવું જ સહીહ નથી કે પુત્રને ઝકાત આપી. અને જો નફ્લ સદક઼ો મુરાદ છે તો સહીહ છે. અને જો ઈમામ બુખારીનો મસ્લક ઈમામ શાફઈના પ્રમાણે હતો તો غارما او غازیا નો વધારો લાઝિમ હતો. આ હદીષથી સાબિત થયું કે બાપ કે બાપનો વકીલ પુત્રને સદક઼ો અતિયો આપે તો બાપ તેને પાછો નથી લઈ શકતો. એનાથી સાબિત થયું કે મુત્લક઼ પોતાના ઈત્લાક઼ પર લાગુ થશે. હઝરત યઝીદે પોતાના વકીલને મુત્લક઼ (અબાધિત) અધિકાર આપી દીધો હતો કે જેને ચાહે એ સદક઼ો આપે. એ ઈત્લાક઼માં પુત્ર પણ સામેલ હતો, તો જ્યારે તેમણે પુત્રને આપી દીધું તો અદા થઈ ગયો, હઝરત યઝીદને પરત લેવાનો હક્ક઼ ન રહ્યો.

## સમજૂતી : ૮૩૯

આ હદીષનો ભાવાર્થ એ છે કે લગભગ તમામ શહેરોમાં એ દસ્તૂર છે કે સ્ત્રીઓ સવાલ કરનારાઓ તથા હાજતમંદોને રાંધેલા ખાણામાંથી થોડુ ઘણુ આપે છે અને પતિ ઘરના માલિક એને બુરું નથી જાણતા. આ આદત પ્રમાણેની ઈજાઝત છે. હવે હદીષનો મતલબ એ થયો કે પતિની ઈજાઝતથી સ્ત્રી કાંઈક સદક઼ો આપે તો એ જાઈઝ છે, તેને પણ સવાબ મળશે અને તેના પતિને પણ મળશે. રહી ગયું પતિની રજા વિના, તો એ જાઈઝ નથી. ઈજાઝત આમ છે ચાહે સ્પષ્ટ હોય કે મશહૂર અમલથી માલૂમ હોય. એમાં ખાવાનું જ ખાસ નથી કપડાં, રોકડા સૌને માટે આમ છે.

**સામ્યતા** : અહીં પ્રકરણ આ છે : જેણે ખાદિમને સદક઼ાનો હુકમ આપ્યો, પોતાના હાથથી ન આપ્યો. સામ્યતા وللخازن مثل ذلك થી છે, એટલા માટે કે ખાદિમનો અર્થ છે જે બીજાનું કામ કરે, ચાહે તે તેની માલિકીમાં હોય કે મજૂર હોય, અથવા નિઃસ્વાર્થપણે કામ કરતો હોય. માલની રક્ષા પણ એક કામ છે એ લેહાઝથી ખાદિમ એમાં પણ સામેલ છે.

حدیث ۸۴۰ اَنَّہٗ سَمِعَ اَبَاھُرَیْرَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત કરી કે ફર્માવ્યું, **[હદીષ : ૮૪૦]**

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ خَیْرُ الصَّدَقَۃِ مَاکَانَ عَنْ ظَھْرِ غِنًی وَابْدَأْ

બેહતરીન સદક઼ો તે છે જેના પછી મોહતાજી પેદા ન થઈ જાય. અને સૌ પ્રથમ પોતાનાં

بِمَنْ تَعُوْلُ عنہ

બીવી બચ્ચાંઓ પર ખર્ચ કરો." (બુખારી ૧/૧૯૨, અઝ્ ઝકાત)

حدیث ۸۴۱ عَنِ الْحَکِیْمِ بْنِ حِزَامٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ

"હઝરત હકીમ બિન હિઝામ رضی اللہ عنہ નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત કરે છે **[હદીષ : ૮૪૧]**

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ اَلْیَدُ الْعُلْیَا خَیْرٌ مِّنَ الْیَدِ السُّفْلٰی وَابْدَأْ

કે ફર્માવ્યું, **ઉપરવાળો હાથ નીચેવાળા હાથથી બેહતર છે અને પહેલાં પોતાના ઘરવાળાં તથા**

بِمَنْ تَعُوْلُ وَخَیْرُ الصَّدَقَۃِ مَاکَانَ عَنْ ظَھْرِ غِنًی وَّمَنْ یَّسْتَعْفِفْ

**બીવી બચ્ચાં પર ખર્ચ કરો.** બેહતરીન સદક઼ો તે છે જેના બાદ મોહતાજી ન હોય. જે સદક઼ો લેવાથી

یُعِفَّہُ اللّٰہُ وَمَنْ یَّسْتَغْنِ یُغْنِہِ اللّٰہُ عہ

બચશે, અલ્લાહ તેને બચાવી લેશે, અને જે ગની રહેવા ચાહે એને ગની કરી આપશે." (બુખારી ૧/૧૯૨)

**ફાયદો :** આ પ્રકરણનો ફાયદો એ છે કે ઈબ્ને અબી શયબાએ અબ્બાસ બિન મદયનીથી રિવાયત કરી છે, તે કહે છે : **બે કામ એવાં હતાં કે હુઝૂર અક઼દસ صلی اللہ علیہ وسلم તેને જાતે અંજામ આપતા, કોઈ સાહબથી ન લેતા. મિસ્કીનને પોતાના હાથે આપતા અને તહારતનું પાણી જાતે રાખતા.** ઈબ્ને જવઝીની તરગ઼ીબમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે, તે કહે છે કે **હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم તહારતના માટે પાણી તથા સદક઼ો આપવાનું કોઈ અન્યને સોંપતા ન હતા.** એનાથી શંકા થાય છે કે કદાચ કોઈ અન્યના હાથે સદક઼ો અપાવવું મના છે. આ પ્રકરણ રચીને ઈમામ બુખારી رحمۃ اللہ علیہ એ એ ફાયદો કર્યો કે **એમાં પણ કોઈ વાંધો નથી કે પોતાના ખાદિમ અથવા કોઈ અન્યના હાથે સદક઼ો અપાવવામાં આવે. એમાં એક ફાયદો એ પણ છે કે એ બીજાને પણ સવાબ મળશે. જો કે પોતાના હાથ વડે એટલા માટે બેહતર છે કે એમાં મિસ્કીનની અધિક દિલદારી છે.**

## સમજૂતી : ૮૪૦ અને ૮૪૧

**عن ظھر غنی**- એટલે તે સદક઼ો સૌથી બેહતર છે કે ઈન્સાન એનો મોહતાજ ન થાય. મોહતાજ થવાની કેટલીયે સ્થિતિઓ છે. તે કરજદાર છે તો એના પર વાજિબ છે કે પ્રથમ કરજ અદા કરે. ખૂદ પોતાની જાતના માટે એને હાજત છે અથવા પોતાનાં બીવી બચ્ચાંઓ માટે હાજત છે. એ સદક઼ો પસંદ નથી કે તેના માથે કરજ રહે

| حدیث ۸۴۲ | عَنْ عَبْدِاللّٰہِ بْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا اَنَّ النَّبِیَّ صَلَّی |
|---|---|

[હદીષ : ૮૪૨] હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર ﷺથી રિવાયત છે કે નબી ﷺએ મિમ્બર

اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ ھُوَ عَلَی الْمِنْبَرِ وَذَکَرَ الصَّدَقَۃَ وَالتَّعَفُّفَ

પર બિરાજમાન થતાં ફર્માવ્યું અને સદકો, સવાલથી બચવા તથા ભીખ માગવાનો ઉલ્લેખ કર્યો. ફર્માવ્યું,

وَالْمَسْاَلَۃَ اَلْیَدُ الْعُلْیَا خَیْرٌ مِّنَ الْیَدِ السُّفْلٰی فَالْیَدُ الْعُلْیَا ھِیَ الْمُنْفِقَۃُ

ઉપરવાળો હાથ નીચેવાળા હાથ કરતાં બેહતર છે. ઉપરવાળો હાથ ખર્ચ કરનારો છે અને

وَالسُّفْلٰی ھِیَ السَّائِلَۃُ عبہ

નીચેવાળો ભીખ માગનારો." (૧/૧૯૨ અઝ્ ઝકાત, મુસ્લિમ–ઝકાત, અબૂ દાઊદ–ઝકાત, નિસાઈ–ઝકાત)

| حدیث ۸۴۳ | حَدَّثَنَا اَبُوْ بُرْدَۃَ بْنُ اَبِیْ مُوْسٰی عَنْ اَبِیْہِ قَالَ کَانَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ |
|---|---|

[હદીષ : ૮૪૩] "હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہએ કહ્યું કે નબી ﷺની ખિદમતમાં જ્યારે

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اِذَا جَاءَہُ السَّائِلُ اَوْ طُلِبَتْ اِلَیْہِ حَاجَۃٌ قَالَ اشْفَعُوْا

કોઈ સાઈલ આવતો અથવા હુઝૂરની ખિદમતમાં કોઈ હાજત પેશ કરવામાં આવતી તો ફર્માવતા,

અથવા ભરણપોષણની હાજત રહે અને સદકો કરીને કરજદાર રહી જાય, ખૂદ ભૂખ્યો રહે અથવા ખૂદ તેનાં ઘરવાળાં બીવી બચ્ચાં ભૂખ્યા રહે. એટલા માટે કે આ સ્થિતિમાં સદકો નફ્લ થશે અને **કરજની અદાયગી અથવા પોતાનો કે પોતાનાં બીવી બચ્ચાનું ભરણપોષણ વાજિબ છે અને વાજિબની અદાયગી અગ્રસ્થાને છે.** એને જ હઝરત હકીમ બિન હિઝામની હદીષમાં સ્પષ્ટ કર્યુ કે તમારી આવક સૌ પ્રથમ તમારાં બીવી બચ્ચાં ઘરવાળાંઓ પર ખર્ચ કરો. એ બુદ્ધિની વાત નથી કે ખૂદ તે તથા ઘરવાળાં ભૂખે મરે અને બીજાઓને ખવડાવવામાં આવે. હા ! જો કોઈનો મામલો અલ્લાહ ﷻની સાથે એટલો મજબૂત હોય કે પોતાની તથા અહલો અયાલની (બીવી બચ્ચાંની) હાજત છતાં અલ્લાહ ﷻની સાથે સંબંધ એવો જ રહે તો તેને ઈજાઝત છે. જેમ કે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ પોતાનો સઘળો માલ સદકો કરી આપ્યો હતો. જેમ કે ઘણા બધા સહાબાએ કિરામ ખૂદ ભૂખ્યા રહીને અન્યોને ખવડાવતા હતા. પણ જે કમજોર દિલનો હોય કે ભૂખથી હાય પીટ કરવા માંડે, જેવું કે આમ લોકો હોય છે તો એ પસંદીદા નથી.

**الید العلیا : ید اعلیا**થી આપવાળો હાથ મુરાદ છે અને **سفلی**થી લેવાવાળો. જેવું કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماની હદીષમાં સ્પષ્ટતા છે. અહીં અધિક કથનો પણ છે. **علیا** જે સદકો લેવાથી બચે. **علیا** અલ્લાહ ﷻનો યદે કુદરત છે. **وسطی** દેવાવાળાનો. **سُفلی** લેવાવાળાનો. **سُفلی**થી મુરાદ સદકો ન આપનાર. એક કૌલ એ પણ છે કે અહીં "યદ" નેઅમતના અર્થમાં છે. મતલબ એ છે કે અધિક આપવું ઓછુ આપવા કરતાં બેહતર છે.

**સમજૂતી : ૮૪૩** આ હદીષથી સાબિત થયું કે **સારા કામની સિફારિશ પર અજર છે. મુસલમાનો માટે લાઝિમ છે કે સિફારિશ થકી પોતાના ભાઈઓની મદદ કરે.**

تَوْجَرُوا وَيَقْضِيَ اللّٰهُ عَلٰى لِسَانِ نَبِيِّهٖ مَا شَاءَ عـہ

સિફારિશ કરો બદલો પામશો અને અલ્લાહ પોતાના નબીની ઝબાન પર જે ચાહે છે હુકમ આપે છે."

(બુખારી ૧/૧૯૨, અઝ્ ઝકાત, ૨/૮૯૧, અલ્ અદબ, ૨/૧૧૧૩ અત્તૌહીદ, મુસ્લિમ–અદબ, અબૂ દાઊદ–અદબ, તિર્મિઝી–ઈલ્મ, નિસાઈ–ઝકાત)

حدیث ۸۴۴ عَنْ اَسْمَاءَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهَا قَالَتْ قَالَ لِیَ النَّبِیُّ صَلَّی اللّٰهُ

"હઝરત અસ્મા رضی اللہ عنہا એ કહ્યું કે મને નબી ﷺ એ ફર્માવ્યું, **રાહે ખુદામાં ખર્ચ** **[હદીષ : ૮૪૪]**

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ لَا تُوْکِیْ فَیُوْکٰی عَلَیْكِ عـہ

**કરવાથી ન અટક, નહીં તો રોજી રોકી દેવામાં આવશે.** ઉષ્માન બિન અબી શયબાએ

وَحَدَّثَنَا عُثْمَانُ بْنُ اَبِیْ شَیْبَةَ عَنْ عَبْدَةَ قَالَ لَا تُحْصِیْ فَیُحْصِیَ اللّٰهُ عَلَیْكِ۔

અબ્દહ્થી જ આ શબ્દોમાં રિવાયત કરી, **ગણ ના ! નહીં તો અલ્લાહ પણ ગણીને આપશે."**

(બુખારી ૧/૧૯૨, અઝ્ ઝકાત, ૧/૩૫૩, અલ્હિબા, બે તરીકાથી, મુસ્લિમ, નિસાઈ : ઝકાત, ઉશ્રતુન્નિસાઅ્)

**સમજૂતી : ૮૪૪**

કિતાબુલ હિબામાં થોડી વિગત સાથે તથા શબ્દોના ફેરફાર સાથે આ પ્રમાણે છે : હઝરત અસ્માએ કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺથી અર્ઝ કરી, મારી પાસે એના સિવાય કોઈ માલ નથી જે ઝુબૈરે આપ્યો છે, શું મને સદકો કરવાની ઈજાઝત છે ? ફર્માવ્યું, સદકો કર ! બાંધીને ન રાખ ! નહીં તો તારા માટે બાંધી દેવામાં આવશે. ઉબેદુલ્લાહ ઈબ્ને સઈદની રિવાયતમાં છે, ખર્ચ કર, ગણીને ન રાખ, નહીં તો અલ્લાહ ગણીને આપશે. અને બાંધીને ન રાખ, નહીં તો અલ્લાહ તારા ઉપર બંદિશ કરી આપશે. ત્રણ વાક્યો આવેલાં છે : **لا توکی فیوکی علیك۔ لا تحصی فیحصی الله علیك۔ لا توعی فیوعی الله علیك** સૌનો ભાવાર્થ એક જ છે. મતલબ એ થયો કે રાહે ખુદામાં ખર્ચ કરવાથી હાથ ન રોક, અલ્લાહ તારા ઉપર રિઝક્ ખુલ્લુ રાખશે. એટલે **સદકો કરવાથી માલ વધે છે, એમાં બરકત થાય છે અને કંજૂસી કરવાથી બરકત ઉઠી જાય છે.** **توکی**નો માદ્દો **وکاء** છે. તે દોરો જેના વડે મશકનું મુખ બાંધે છે. શાબ્દિક તર્જુમો આ પ્રમાણે થયો : વાસણનું મુખ બાંધીને ન રાખ. **توعی**નો માદ્દો **وعاء** છે. જેનો અર્થ વાસણ (પાત્ર) છે. તર્જુમો એ થયો કે વાસણમાં મેહફૂઝ ન રાખ કે એમાંથી કાંઈ ન કાઢે. **احصاء**નો અર્થ છે કોઈ ચીજની માત્રા જાણવી, ગણીને અથવા તોલીને અથવા વજન કરીને. મતલબ એ થયો કે, સદકો આપ અને ગણ નહીં ! કે કેટલું આપ્યું, કેટલુ રહી ગયું. એનાથી બરકત જતી રહે છે. **فیوعی**، **فیحصی**، **فیوکی**ની ઈસ્નાદ અલ્લાહ جل جلاله ની તરફ મળતાપણા રૂપે છે. એ જ જગાએ એના બાદવાળી રિવાયતમાં આ પ્રમાણે છે : **ارضخی ما استطعت۔** તમારાથી જેટલુ થઈ શકે આપો.

حدیث ۸۴۵ عَنْ حَکِیْمِ ابْنِ حِزَامٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ قُلْتُ یَارَسُوْلَ

"હઝરત હકીમ બિન હિઝામ رضی اللہ عنہ એ કહ્યું કે મેં અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! صلی اللہ علیہ وسلم [હદીષ : ૮૪૫]

اللّٰہِ اَرَاَیْتَ اَشْیَاءَ کُنْتُ اَتَحَنَّثُ بِھَا فِی الْجَاھِلِیَّۃِ مِنْ صَدَقَۃٍ اَوْعِتَاقٍ

અમુક કામ હું જાહિલિયતમાં ઈબાદતની નિય્યતથી કરતો તો. દા.ત. સદકો, ગુલામ આઝાદ કરવો, સિલએ

اَوْصِلَۃِ رَحِمٍ فَھَلْ فِیْھَا مِنْ اَجْرٍ فَقَالَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی

રહમી (સગાંથી સદ્‌વર્તાવ), શું એમાં મારા માટે સવાબ છે ? તો નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, **પહેલાં કરેલી**

عَلَیْہِ وَسَلَّمَ اَسْلَمْتَ عَلٰی مَا سَلَفَ مِنْ خَیْرٍ۔ عہ

**નેકીઓના સબબે તમને ઈસ્લામ નસીબ થયો."**

*(બુખારી ૧/૧૯૩, ૧/૧૯૫, અલ્બુયૂઅ, ૧/૩૪૪, અલ્અતક઼, ૨/૮૮૬, અલ્અદબ, મુસ્લિમ–ઈમાન, મુસ્નદે ઈમામ અહમદ, ૩/૪૦૨)*

## સમજૂતી : ૮૪૫

હઝરત હકીમ બિન હિઝામ رضی اللہ عنہ ઉમ્મુલ મો'મિનીન હઝરત ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہا ના કાકાના સાહબઝાદા હતા. આમે ફીલ (હાથીવાળા વરસ)થી ૧૩ વરસ પહેલાં પેદા થયાં. ફતહે મક્કાના પ્રસંગે મુસલમાન થયા. જંગે બદરમાં મુશ્રિકોની સાથે હતા. ૧૨૦ વરસની ઉંમર થઈ. હિ.સ. ૫૪માં મદીના તય્યબહમાં અલ્લાહના પ્યારા થયા. ખૂબ ખૈરાત કરનાર તથા સખી માણસ હતા. જાહિલિયતના જમાનામાં સો ગુલામ આઝાદ કર્યા અને સો ઊંટનું વજન સદકો કર્યું. મુસલમાન થયા બાદ હજ્જ કરી તો સો ઊંટો સાથે હતાં. અરફામાં વકૂફના સમયે ૧૦૦ ગુલામ હતા જેમનાં ગળાંઓ પર ચાંદીની તખ્તીઓ પર લખ્યું હતું. આ અલ્લાહના માટે આઝાદ કરેલ લોકો છે અને એક હજાર બકરીઓની હજ્જના મોક઼ા પર કુર્બાની કરી. પોતાનું મકાન એકવાર હઝરત મુઆવિયહના હાથે સાઈઠ હજારમાં વેચ્યું અને પૂરે પૂરી રકમ સદકો કરી નાખી.

**اتحنث** : પ્રથમ ભાગમાં હદીષે હિરાના હેઠળ એની તેહક઼ીક઼ વર્ણન થઈ ચૂકી છે. કિતાબુલ બુયૂઅ તથા કિતાબુલ અદબની અમુક રિવાયતોમાં **اتحنث** ثاء ની સાથે છે પણ એ કોઈ રાવીનો તસામોહ (ચૂક) છે, સહીહ **اتحنث** ثاء ની સાથે છે, એનો માદ્દો **حنث** છે બાબે તફઅઉલમાં તઅબ્બુદના અર્થમાં આવે છે.

**اسلمت ما سلف من خیر** : ઉલમાની એના પર એકમતિ છે કે **કાફિર જો કુફ્ર પર મરે તો તેના નેક અમલોનો તેને કોઈ સવાબ મળશે નહીં.** ઈર્શાદ છે : **عَامِلَۃٌ نَاصِبَۃٌ تَصْلٰی نَارًا حَامِیَۃً** (سورہ غاشیہ ۳-۴) (ગાશિયહ, આયત : ૩, ૪) પરંતુ જે ઈસ્લામથી મુશર્રફ થયો અને ઈસ્લામ પર મર્યો તેને કુફ્રના જમાનાની નેકીઓનો સવાબ મળશે કે નહીં ? એમાં મતભેદ છે. ઈબ્ને બત્તાલ અને બીજા મુહક્કિક઼ીન એ કહે છે કે તે નેક અમલોના ષવાબ મળશે. તેમની દલીલ હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ની આ હદીષ છે કે ફર્માવ્યું કે, "કાફિર જ્યારે મુસલમાન થઈ જાય છે અને તેનો ઈસ્લામ સાચો હોય છે તો અલ્લાહ તેની દરેક નેકીને લખે છે જે પહેલાં થઈ ચૂકી અને દરેક ગુનાહને મિટાવી દે છે. અને મુસલમાન થયા પછી દરેક નેકી દસ ગણીથી લઈને સાતસો સુધી લખે છે, અને એક ગુનાહને એક જ લખે છે અને ચાહે તો માફ કરી આપે છે." આ હદીષને દારકુત્નીએ ગરીબ હદીષે માલિકમાં નવ તરીક઼ાથી રિવાયત કરી છે. તેમજ આ હદીષનું પ્રકરણ પણ પોતાના જાહેરી અર્થના

حدیث ٨٤٦ عَنْ اَبِیْ مُوْسٰی رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی

''હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ એ નબી ﷺ થી રિવાયત કરી કે ફર્માવ્યું, તે મુસલમાન **[હદીષ : ૮૪૬]**

عَلَیْہِ وَسَلَّمَ قَالَ الْخَازِنُ الْمُسْلِمُ الْاَمِیْنُ الَّذِیْ یُنْفِذُ وَرُبَّمَا

અમાનતદાર ખાઝિન જેને કોઈને કાંઈ આપવાનો હુકમ આપવામાં આવ્યો, પૂરેપૂરું ખુશદિલી સાથે

قَالَ یُعْطِیْ مَا اُمِرَ بِہٖ کَامِلًا مُّوَفَّرًا طَیِّبٌ بِہٖ نَفْسُہٗ فَیَدْفَعُہٗ اِلَی

તેને આપે છે જેને આપવાનો હુકમ આપવામાં આવ્યો છે,

الَّذِیْ اُمِرَ لَہٗ بِہٖ اَحَدُ الْمُتَصَدِّقَیْنِ عسہ

સદકો કરનારાઓમાંથી એક છે.''

(બુખારી, ૧/૧૯૩ ઝકાત, ૩૦૧–અલઈજારાત, ૩૧૧–અલ્વકાલતુ, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ–ઝકાત)

حدیث ٨٤٧ عَنْ اَبِیْ ھُرَیْرَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું, **[હદીષ : ૮૪૭]**

عَلَیْہِ وَسَلَّمَ قَالَ مَا مِنْ یَّوْمٍ یُّصْبِحُ الْعِبَادُ فِیْہِ اِلَّا مَلَکَانِ یَنْزِلَانِ

દરરોજ સવારે બે ફરિશ્તા ઉતરે છે એમાંથી એક કહે છે, હે અલ્લાહ ! ખર્ચ કરનારાને એનો બદલો આપ !

હિસાબે એનું સમર્થક છે, પણ ઈમામ કાઝી અયાઝ વગેરે અન્ય મુહક્કિક ઈમામો ફર્માવે છે કે કુફ્રના સમયના નેક અમલોનો તેને અજ્ર મળશે નહીં. અને ઉસૂલના મુતાબિક આ જ છે. એટલા માટે કે નેકીને નેકી કરવા માટે આજ્ઞાપાલનની નિય્યત જરૂરી છે, અને કાફિર નિય્યતનો અહલ (પાત્ર) નથી, એવું થઈ શકે છે કે અમુક વિશિષ્ટતાઓને કારણે કોઈ ખાસ કાફિરને અજ્ર મળે, જેમ કે અબૂ તાલિબ તથા અબૂ લહબના અઝાબમાં કમી થઈ. શક્ય છે હઝરત હકીમ બિન હિઝામ رضی اللہ عنہ ની પણ આ પ્રકરણમાં એ વિશિષ્ટતા હોય કે તેઓ કુફ્રના જમાનાના નેક કાર્યો પર અજ્ર પામે. કુફ્રના જમાનામાં તેમણે હુઝૂરે અકદસ ﷺ ની ખૂબ જ ખિદમત કરી છે. શોઅબે અબી તાલિબમાં ઘેરાવના દિવસોમાં અનાજ મોકલ્યું હતું. એકવાર ઘણો જ ઉમદા હુલ્લો (પોશાક) ખરીદીને મદીના લાવ્યા અને નઝર કર્યો. હુઝૂરે અકદસ ﷺ એ ફર્માવ્યું, ''હું કાફિરનો હદિયો નથી સ્વીકારતો, કિંમત લઈને આપો તો લઈશ. મજબૂરન્ કિંમત લીધી.'' શક્ય છે કે તેમને પણ જાહિલિયતના યુગનાં નેક કાર્યો પર કાંઈ અજર (બદલો) મળે. ઈમામ કાઝી અયાઝે આ હદીષનો ખુલાસો એ કર્યો છે કે, એ જ નેક કાર્યોની બરકતથી અલ્લાહે તને ઈમાનની દૌલત નસીબ ફર્માવી.

**સમજૂતી : ૮૪૬ અને ૮૪૭** રાહે ખુદામાં ખર્ચ કરનારાના માટે બદલાથી મુરાદ દુનિયામાં પણ બદલો મળવો મુરાદ છે અને આખેરતમાં પણ. એ જ પ્રમાણે કંજૂસના માલની બર્બાદીથી દુનિયામાં બર્બાદી પણ મુરાદ હોઈ શકે છે અને આખેરતમાં પણ. ખર્ચ કરવું આમ છે, ફર્ઝો તથા વાજિબો, મુસ્તહબો સૌમાં ખર્ચ કરવું મુરાદ છે. અલ્બત્ત કાયદાઓ પ્રમાણે બખીલ (કંજૂસ)થી અહીં મુરાદ ફર્ઝો તથા વાજિબોમાં ખર્ચ ન કરવાવાળો છે. પણ એ કે તે પ્રાકૃતિક રીતે બખીલ કંજૂસ હોય કે જેવો કરવો જોઈએ તેવો આલ ઔલાદ અને

فَيَقُولُ اَحَدُهُمَا اَللّٰهُمَّ اَعْطِ مُنْفِقًا خَلَفًا وَّيَقُولُ الْاٰخَرُ اَللّٰهُمَّ

અને બીજો કહે છે, હે અલ્લાહ ! કંજૂસના માલને

اَعْطِ مُمْسِكًا تَلَفًا ؏

બર્બાદ કરી આપ." (બુખારી, ૧/૧૯૩, અઝ્ ઝકાત, મુસ્લિમ–ઝકાત, નિસાઈ–ઉશ્રતુન્નિસાઅ્, અલમલાઈકા)

حدیث ٨٤٨ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰهُ

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું કે નબી ﷺ એ ફર્માવ્યું, બખીલ અને ખૈરાત **[હદીષ : ૮૪૮]**

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ مَثَلُ الْبَخِیْلِ وَالْمُتَصَدِّقِ كَمَثَلِ رَجُلَیْنِ عَلَیْهِمَا

કરવાવાળાનું દૃષ્ટાંત એ બે માનવોનું છે જેમણે લોખંડના જબ્બા પહેરેલા છે છાતીઓથી હાંસડી સુધી. ખર્ચ

جُنَّتَانِ مِنْ حَدِیْدٍ مِّنْ ثُدِیِّهِمَا اِلٰی تَرَاقِیْهِمَا فَاَمَّا الْمُنْفِقُ فَلَا

કરનારો જ્યારે ખર્ચ કરે છે તો તે કુર્તો તેના આખા શરીર પર વધી જાય છે, ત્યાં સુધી કે તેની આંગળીઓને

یُنْفِقُ اِلَّا سَبَغَتْ اَوْ وَفَرَتْ عَلٰی جِلْدِهٖ حَتّٰی تُخْفِیَ بَنَانَهٗ وَتَعْفُوَ

છુપાવી લે છે અને કદમના નિશાન મિટાવવા લાગે છે. અને બખીલ જ્યારે કોઈ ખર્ચ કરવા

اَثَرَهٗ وَاَمَّا الْبَخِیْلُ فَلَا یُرِیْدُ اَنْ یُّنْفِقَ شَیْئًا اِلَّا لَزِقَتْ كُلُّ حَلْقَةٍ

ચાહે છે તો દરેક કડી તેની જગાએ ચિપકી જાય છે, તે ફેલાવવા ચાહે છે

مَّكَانَهَا فَهُوَ یُوَسِّعُهَا فَلَا تَتَّسِعُ ؏

પણ ફેલાઈ નથી શકતી." (બુખારી ૧/૧૯૪ ઝકાત, ૧/૪૦૯ જેહાદ, મુસ્લિમ–ઝકાત, નિસાઈ–ઝકાત)

પોતાની જાત અને જરૂરતના મોકા પર સગાંઓ પર ખર્ચ ન કરતો હોય. દા.ત. તેના સગાં, પડોશી ભૂખ્યા રહે છે છતાં એ ખબર નથી લેતો.

**સમજૂતી : ૮૪૮**

ثُدِیِّهِمَا-ثَدْیٌ-નું બહુવચન છે. એ અસલમાં ثُدُوْیٌ હતું સૈયદના કાઈદાથી વાવને "યા"થી બદલીને ઈદગામ કરી આપેલ છે. અને "યા"ની મુનાસિબતના માટે "દાલ"ના ઝમ્મા (પેશ)ને કસરા (ઝેર)થી બદલી નાખેલ છે. تَرَاقِی-تَرْقُوَةٌ-નું બહુવચન છે, છાતી ઉપરની વાંકી હાડકીને કહે છે જેને હાંસડી કહે છે. હન્ઝલાએ ઈમામ તાઊસથી જે રિવાયત કરી છે એમાં الجنتان-الجبتان-ની બદલે الجنتان છે. جنة નો તષ્નિયા. બખ્તરના અર્થમાં. અમુક શુર્રાહે (શરહ કરનારાઓએ) આ રિવાયતની તસ્હીહ કરી છે કેમ કે આગળ من حديد તથા كل حلقة આવી રહ્યું છે. કડી બખ્તરમાં હોય છે, કુર્તામાં નહીં. પણ આ ખાદિમની રાય એ છે કે الجبتانવાળી રિવાયત પણ સહીહ છે. બખ્તરની તાબીર એ જ થશે કે એ કુર્તો જેમાં કડીઓ હોય. અલ્લાહ બેહતર જાણનાર છે.

حدیث ۸۴۹ حَدَّثَنَا سَعِيدُ بْنُ أَبِي بُرْدَةَ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ عَنِ النَّبِيِّ

"હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ નબી ﷺ થી રિવાયત કરે છે કે ફર્માવ્યું, **[હદીષ : ૮૪૯]**

صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ قَالَ عَلَى كُلِّ مُسْلِمٍ صَدَقَةٌ فَقَالُوا يَا نَبِيَّ

દરેક મુસલમાન પર સદકો છે. લોકોએ અર્ઝ કરી, હે અલ્લાહના નબી ! જે કાંઈ ન પામે તે શું કરે ? ફર્માવ્યું,

اللهِ فَمَنْ لَمْ يَجِدْ فَقَالَ يَعْمَلُ بِيَدِهِ فَيَنْفَعُ نَفْسَهُ وَيَتَصَدَّقُ قَالُوا

પોતાના હાથ વડે કામ કરે, પોતાને લાભ પહોંચાડે અને સદકો કરે. જે એની પણ શક્તિ ન ધરાવે ? તો

فَإِنْ لَمْ يَجِدْ قَالَ يُعِينُ ذَا الْحَاجَةِ الْمَلْهُوفَ قَالُوا فَإِنْ لَمْ يَجِدْ قَالَ

ફર્માવ્યું, મોહતાજ મઝલૂમની મદદ કરે. લોકોએ અર્ઝ કરી, એ પણ મયસ્સર ન હોય તો ? ફર્માવ્યું, સારું

فَلْيَعْمَلْ بِالْمَعْرُوفِ وَلْيُمْسِكْ عَنِ الشَّرِّ فَإِنَّهَا لَهُ صَدَقَةٌ عـه

કામ કરે અને બુરાઈથી બચે એ જ એના માટે સદકો છે." (બુખારી ૧/૧૯૪ ઝકાત, મુસ્લિમ–ઝકાત, નિસાઈ–ઝકાત)

આ હદીષનો મતલબ એ છે કે ફૈયાઝ અને સખીનો હાથ વિશાળ હોય છે, તેને કોઈ ચીજ રોકી નથી શકતી, અને બખીલ કંજૂસનો હાથ એવો હોય છે જાણે કોઈ ચીજમાં જકડાયેલો હોય.

**સમજૂતી : ૮૪૯**

અહીં علیٰ આમ છે, વાજિબ તથા મુસ્તહબ બંનેના રૂપમાં સામેલ છે. સદકાથી મુરાદ મુત્લક઼ન (કોઈપણ) સવાબનું કામ છે. જેવી રીતે સદકાથી બીજાને ફાયદો પહોંચાડવાનું હોય છે એવી જ રીતે મઝલૂમ (જુલ્મ પામેલ) તથા મજબૂરની મદદથી તેને ફાયદો પહોંચે છે. બીજી સ્થિતિમાં બુરાઈથી બચશે તો કોઈને નુકસાન નહીં પહોંચે. આ પણ એક પ્રકારનો ફાયદો પહોંચાડવું છે.

**મસાઈલ :** આ હદીષથી સાબિત થયું કે **અલ્લાહની મખ્લૂક઼ પર પ્રેમભાવ (શફક઼ત) એ ઈન્સાનનો કમાલ છે, એ શફક઼ત માલ આપીને હોય અથવા કોઈ અન્ય રીતે લાભ પહોંચાડીને, ચાહે દીની લાભ પહોંચાડીને ચાહે દુનિયવી.** ફર્ઝોનો સવાબ નવાફિલ (નફલો)થી વધુ છે, જેમ કે હદીષે કુદ્સીમાં છે જે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરવી છે. (બુખારી ૨/૯૬૩ તવાઝુઅ) કે અલ્લાહ ﷻ ઈર્શાદ ફર્માવે છે : **ما تقرب الی عبدی بشیٔ احب الی مما افترضت علیه** "બંદો જે જે ચીજો વડે મારો તક઼ર્રુબ (નઝદીકી) ચાહે છે એમાં સૌથી વધુ મને પસંદ ફર્ઝો છે." ઈમામુલ હરમૈને અમુક ઉલમાથી નક઼લ કર્યું કે ફર્ઝોનો સવાબ નફ઼લો કરતાં ૭૦ દરજા વધુ છે. ફર્ઝોને છોડવા પર ગુનોહ છે અને નફલો છોડવા પર ગુનોહ નથી. જે સદકો આપવા શક્તિમાન હોય તેણે સદકો કરવો અફઝલ છે. પોતાની કમાઈ ખર્ચવાની પહેલી જગા પોતાની જાત છે.

حدیث ۸۵۰ عَنْ اُمِّ عَطِیَّۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہَا اَنَّہَا قَالَتْ بُعِثَ اِلٰی

''હઝરત ઉમ્મે અતિય્યહ رضی اللہ عنہا થી રિવાયત છે કે તેમણે ફર્માવ્યું, [હદીષ : ૮૫૦]

نُسَیْبَۃَ الْاَنْصَارِیَّۃِ بِشَاۃٍ فَاَرْسَلَتْ اِلٰی عَائِشَۃَ مِنْہَا فَقَالَ النَّبِیُّ صَلَّی

નસીબા અન્સારિયાની પાસે એક બકરી મોકલવામાં આવી હતી. તેમણે તેમાંથી થોડુક આઈશાની પાસે

اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ عِنْدَکُمْ شَیْءٌ فَقَالَتْ لَا اِلَّا مَا اَرْسَلَتْ بِہٖ

મોકલ્યું. નબી ﷺ એ પૂછયું, તમારી પાસે કાંઈ છે ? તો ફર્માવ્યું, નહીં ! સિવાય એના જે નસીબાએ એ

نُسَیْبَۃُ مِنْ ذٰلِکَ الشَّاۃِ فَقَالَ ھَاتِ فَقَدْ بَلَغَتْ مَحِلَّھَا ۔ ع ہ

બકરીમાંથી મોકલ્યું. તો ફર્માવ્યું, લાવો ! તે પોતાના સ્થાને પહોંચી ચૂકી.''

(બુખારી ૧/૧૯૪ ઝકાત, ૧/૨૦૨ સદકા, ૧/૩૫૧ અલ્ હિબા, મુસ્લિમ–ઝકાત)

## સમજૂતી : ૮૫૦

આ બકરી સદકો એટલે ઝકાતની હતી જે રસૂલુલ્લાહ ﷺ એ હઝરત ઉમ્મે અતિય્યહ رضی اللہ عنہا ને આપી હતી. જેવું કે કિતાબુલ હિબામાં ખુલાસો છે. ઉમ્મે અતિય્યહનું જ નામ નસીબા છે. **ઉમ્મે અતિય્યહએ એ બકરીને લઈ લીધી જેથી ઝકાત અદા થઈ ગઈ અને તેણી એની માલિક થઈ ગયાં. તેમણે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ને આપી એ હદિયો થયો. એટલા માટે હુઝૂરે અક્દસ ﷺ એ તેને ખાધુ.** فقد بلغت محلھا નો મતલબ એ જ છે કે **મુસ્તહિકે (ઝકાતના હક્કદારે) લઈ લીધી તો ઝકાત અદા થઈ ગઈ. હવે તે માલિક છે જેને ચાહે આપે તે બીજાના માટે હદિયો, તોહફો ગણાશે.** જેવું કે હઝરત બરીરાવાળી હદીષમાં વર્ણન થઈ ચૂક્યું કે ફર્માવ્યું, ھو علیھا صدقۃ وھولنا ھدیۃ **''એ બરીરાના માટે સદકો છે, અને બરીરાએ આપણને આપ્યું તો એ તેના તરફથી હદિયો છે.''**

**શરઈ હીલો** : હીલએ શરઈની આ હદીષ અસ્લ (દલીલ) છે. શરઈ જરૂરતના સમયે આ પ્રકારનો હીલો કરવાની ઈજાઝત છે. અહીં હુઝૂરે અક્દસ ﷺ ભૂખ્યા હતા એટલા માટે ઉમ્મતની તા'લીમ તથા આસાનીના માટે એના પર અમલ કર્યો. શરઈ જરૂરત વિના ઝકાત તથા ફિત્રાની રકમ હક્કદારો સિવાય અન્ય વ્યક્તિઓમાં ખર્ચ કરવી અત્યંત બુરુ છે, ખાસ કરીને ગૈર દીની કામોમાં, ખાસ કરીને પોતાના જ ઉપર કે માલદારો પર ખર્ચ થાય. **દીનની સલામતી, દીની મદ્રસાઓથી છે અને દીની મદ્રસાઓનું અસ્તિત્વ ઝકાત તથા ફિત્રાઓ પર છે. મારા પ્રારંભિક તા'લીમના દિવસોમાં દીની મદ્રસાઓની હાલત ખૂબ જ ખરાબ હતી. આ'લાથી આ'લા મુદર્રિસનો પગર રૂા. ૨૦–૨૫ હતો પણ મદ્રસાઓ એ પણ આપી શકતા ન હતા! વરસ બે વરસના પગારો ચઢી જતા હતા. દીની મદ્રસાઓને ચલાવવું લોખંડના ચણા ચાવવા સમાન હતું. તો ઉલમાએ મજબૂર થઈને હીલએ શરઈ કરીને ઝકાત તથા ફિત્રાની રકમ મદ્રસાઓમાં ખર્ચ કરવાની ઈજાઝત આપી. અને આજે એના સબબે સૌથી આસાન કામ મદ્રસો સ્થાપવાનું તથા ચલાવવાનું થઈ ગયું છે.**

પરંતુ **કેટલાક દિવસોથી પબ્લિકમાં એ ખયાલ ચાલ્યો છે કે દુનિયવી સ્કૂલો, સોસાયટીઓ**

ت ۲٦۳ وَقَالَ طَاؤُسٌ قَالَ مَعَاذُ لِاَهْلِ الْيَمَنِ اِيْتُوْنِيْ بِعَرَضٍ ثِيَابٍ

"અને તાઉસે કહ્યું કે હઝરત મઆઝ رضی اللہ عنہ એ યમનવાળાઓને ફર્માવ્યું, મને **[તઅલીક઼ : ૨૬૩]**

خَمِيْصٍ اَوْ لَبِيْسٍ فِى الصَّدَقَةِ مَكَانَ الشَّعِيْرِ وَالذُّرَةِ اَهْوَنُ عَلَيْكُمْ

ઝકાતમાં જવ તથા બાજરાના બદલામાં ચાદર અને પહેરેલાં કપડાં આપો. આ તમારા

وَخَيْرٌ لِاَصْحَابِ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِالْمَدِيْنَةِ ع‍ه

માટે આસાન છે. અને મદીનામાં સહાબાના માટે બેહતર છે." (બુખારી ૧૯૪–ઝકાત)

حدیث ۸۵۱ اَنَّ اَنَسًا حَدَّثَهٗ اَنَّ اَبَا بَكْرٍ كَتَبَ لَهُ الَّتِيْ اَمَرَ اللهُ رَسُوْلَهٗ

"હઝરત અનસ رضی اللہ عنہ એ હદીષ બયાન ફર્માવી કે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ એમના **[હદીષ : ૮૫૧]**

وَمَنْ بَلَغَتْ صَدَقَتُهٗ بِنْتَ مَخَاضٍ وَّلَيْسَتْ عِنْدَهٗ وَعِنْدَهٗ بِنْتُ

માટે તે લખ્યું જેનો અલ્લાહે પોતાના રસૂલને હુકમ આપ્યો હતો (કે) અને જેની ઝકાત બિન્તે મખાઝ સુધી

**ચલાવવા માટે ઝકાત તથા ફિત્રાની રકમ વસૂલ કરવા લાગ્યા છે. એની ઈજાઝત કોઈ રીતે શરીઅત નથી આપી શકતી. એ શરઈ જરૂરત નથી.** બલ્કે દુનિયવી સ્કૂલોમાં તો ઝકાત ખૂદ ઝકાત આપનારાઓનાં બાળકો પર ખર્ચ થાય છે ! આ કોઈ પસંદીદા વાત નથી, બલ્કે ઘણા ખુદાથી ન ડરનારા ઝકાતની રકમ હીલો કરીને પોતે જ રાખી લે છે ! શું ઝકાત આટલા માટે જ શરીઅતમાં આવી હતી ? શું ઝકાતનો હેતુ આ જ છે ? શું આ ઝકાતની અદાયગીથી ભાગવું નથી ? શું આ અસ્હાબે સબ્ત (યહૂદીઓના શનિવારવાળા અમલ)ના અમલ જેવું નથી ? તેમણે આવું જ તો કર્યું હતું !

**તઅલીક઼ : ૨૬૩ની સમજૂતી**

આ તઅલીક઼ને ઈમામ અબી શયબાએ પોતાની મુસન્નફમાં મુત્તસિલ સનદની સાથે થોડા ફેરફારની સાથે વર્ણન કરેલ છે. **عرض** રોકડ, જમીન, જાનવરો સિવાય અન્ય સામાન જેમ કે કપડાં, વાસણો વગેરે. **خميص** આ અસલમાં **خميس** સીનની સાથે (ખમીસ) છે. પાંચ હાથની ચાદર થાન. મુસન્નફે ઈબ્ને અબી શયબામાં સીન જ છે. આ એક પ્રકારનું ખાસ કપડુ છે જેને ખમીસ નામના કોઈ બાદશાહે કાઢયું હતું. **لبس** પહેરેલુ કપડુ. મતલબ એ છે કે અનાજની ઝકાત એટલે કે ઉશ્રમાં અનાજના બદલે એટલી કિંમતનું કપડુ આપો. એ તમારા માટે આસાન છે કે તમારા ત્યાં બને છે અને મદીના તય્યબહમાં સહાબાએ કિરામના માટે અધિક બેહતર છે કે ત્યાં કપડાની કમી હતી. આ તઅલીક઼ હનફીઓની દલીલ છે કે ઝકાત તથા ઉશ્રમાં કિંમત લેવી જાઈઝ છે અને એ જ ઈમામ બુખારીનો પણ મઝહબ છે. આ તઅલીક઼ જો કે મુરસલ છે પણ મુરસલ આપણે ત્યાં અને જમહૂરને ત્યાં હુજ્જત (દલીલને પાત્ર) છે. અને અહીંથી જ જાહેર થઈ ગયું કે ઈમામ બુખારીનો પણ એ જ મઝહબ છે. એનાથી સાબિત થયું કે જો અન્ય જગાના મુસલમાન અધિક જરૂરતમંદ હોય તો એક જગાની ઝકાત બીજી જગાએ તબદીલ કરી શકાય છે.

**સમજૂતી : ૮૫૧** બિન્તે મખાઝ–ઊંટણીની માદા બચ્ચી જે પૂરા એક વરસની થઈ ગઈ હોય અને બીજુ શરૂ થઈ ચૂક્યું હોય. મખાઝનો અર્થ પ્રસૂતિ પીડા છે. જ્યારે ઊંટણીનું બચ્ચુ વરસભરનુ થઈ જાય છે તો તે

لَبُوْنٍ فَاِنَّهَا تُقْبَلُ مِنْهُ وَيُعْطِيْهِ الْمُصَدِّقُ عِشْرِيْنَ دِرْهَمًا اَوْ

પહોંચે અને એની પાસે ન હોય અને બિન્તે લબૂન હોય તો તેની પાસેથી સ્વીકારવામાં આવે અને ઝકાતનો

شَاتَيْنِ فَاِنْ لَّمْ يَكُنْ عِنْدَهٗ بِنْتُ مَخَاضٍ عَلٰى وَجْهِهَا وَعِنْدَهٗ

ઉઘરાવનાર તેને ૨૦ દિરહમ અથવા બે બકરીઓ આપે અને જો તેની પાસે બિન્તે મખાઝ નથી જેવું કે વાજિબ

اِبْنُ لَبُوْنٍ فَاِنَّهٗ يُقْبَلُ مِنْهُ وَلَيْسَ مَعَهٗ شَيْءٌ عـ

છે અને તેની પાસે ઈબ્ને લબૂન છે તો એ જ લઈ લેવામાં આવે, અને એની સાથે કાંઈ નહીં.''

(બુખારી ૧/૧૯૪, ૧/૧૯૫ ઝકાત, ૧/૧૯૬, ૧/૩૩૮, અશ્શિરકત, ૧/૪૩૮, અલ્ જિહાદ, ૨/૮૭૩ અલ્લિબાસ, ૨/૧૦૬૯, અલ્હીલ, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ : ઝકાત)

ઊંટણી સગર્ભા થવા પાત્ર થઈ જાય છે એટલે હવે ગર્ભાવસ્થાનું દર્દ સહેવા પાત્ર થઈ ગઈ. એટલા માટે એની બચ્ચીને બિન્તે મખાઝ કહે છે. નર બચ્ચુ હોય તો ઈબ્ને મખાઝ. બિન્તે લબૂન–ઊંટણીની તે બચ્ચી જે પૂરા બે વરસની થઈ ગઈ હોય અને ત્રીજા વરસમાં કદમ રાખ્યો હોય. ઊંટણી સામાન્યતઃ વરસભર સગર્ભા રહીને બચ્ચુ જણે છે. જ્યારે એક બચ્ચુ બે વરસનુ થઈ ગયું તો તેની માં દૂધવાળી થઈ ગઈ. લબૂનનો અર્થ દૂધવાળી. હિક્ક઼ા–પૂરા ત્રણ વરસની બચ્ચી જે ચોથામાં પ્રવેશ પામે. કેમ કે એ ઉંમરમાં  નર માદાના મિલનના લાયક થઈ જાય છે તેમજ બોજ ઉઠાવવાને લાયક, એટલા માટે એને હિક્ક઼ા કહે છે. તેનો માદ્દો હક઼ છે. જઝઅહ–તે બચ્ચી જે પૂરા ચાર વરસની થઈ ગઈ હોય અને પાંચમું શરૂ થઈ ચૂક્યુ હોય. અને પૂરા પાંચ વરસનું થઈ જાય છે તો તેને ષની કહે છે, એટલા માટે કે તેના તે દાંત જે રુબાઈ (ઉપર નીચેના સામેવાળા બે બે દાંત) કહેવાય છે તે ખરી જાય છે. અને જ્યારે પૂરા છ વરસનું થઈ જાય છે તો નરને રૂબાઈ અને માદાને રૂબાઈયા કહે છે અને જ્યારે પૂરા સાત વરસનું થઈ જાય છે તો તેને સ અને સુદુસ કહે છે એટલા માટે કે હવે રૂબાઈની સાથેના દાંત ખીર જાય છે. અને જ્યારે પૂરા આઠ સાલનુ થઈ જાય છે અને તેના અણીયારા દાંત નીકળી આવે છે તો એને બાઝલ કહે છે, એટલે કે જેના અણીયારા દાંત નીકળી આવ્યા. અને જ્યારે તે પૂરા નવ વરસનું થઈ જાય છે તો તેને મુખલફ કહે છે. ત્યારબાદ કોઈ ખાસ નામ નથી. આ એક લાંબી હદીષનો ટુકડો છે જેને ઈમામ બુખારીએ ટુકડા ટુકડા કરીને પોતાની આ કિતાબમાં દસ જગાએ વર્ણન કરેલ છે જે હાશિયામાં વર્ણવ્યું છે. ઝકાતના વિશે જે હુકમો છે એને અહીં વિવિધ પ્રકરણોમાં વર્ણન કરી આપેલ છે. અલ્બત્ત એનો પ્રારંભિક હિસ્સો જેને ઝકાતથી સંબંધ નથી બલ્કે જેનાથી એ મુબારક પત્રનું મહત્વ જાહેર થાય છે તે કિતાબુલ્ જેહાદ તથા કિતાબુલ્ લિબાસમાં વર્ણન થયેલ છે. પ્રારંભિક ભાગ આ પ્રમાણે છે : જ્યારે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ખલીફા બનાવવામાં આવ્યા તો તેમણે તેમને એટલે હઝરત અનસ رضی اللہ عنہને બહરૈન મોકલ્યા અને તેમને એક વાલાનામા (પત્ર) લખીને આપ્યો, જેના પર નબી صلی اللہ علیہ وسلمની મોહર વડે મોહર કરી, અને એ મુબારક મોહરનો નક્શ ત્રણ લીટીવાળો હતો : એક લીટી મુહમ્મદ, એક લીટી રસૂલ અને એક લીટી અલ્લાહ. આ પ્રમાણે ક્રમમાં : محمد رسول الله صلی اللہ علیہ وسلم

**મસાઈલ** : આ હદીષથી સાબિત થયું કે ઝકાતમાં જે જાનવર વાજિબ છે તે ન હોય તો તેનાથી મોટુ લે અને બંનેની કિંમતમાં જે તફાવત હોય તે પરત કરે. અથવા એનાથી નાનુ લે અને જે કમી હોય તેની કિંમત લે. આ હદીષમાં બિન્તે મખાઝની જગાએ બિન્તે લબૂન લેવા પર ૨૦ દિરહમ અથવા બે બકરીઓ પરત કરવાનુ લખ્યું છે. આ તક઼દીર નક્કી કરવું શરઈ નથી બલ્કે એ પવિત્ર યુગમાં બિન્તે મખાઝ અને બિન્તે લબૂનની કિંમતમાં જે તફાવત હતો એના લેહાઝથી એ માત્રા લખી. આ હદીષથી સાબિત થયું કે ઝકાતમાં વાજિબ ચીજની કિંમતનું

لَايُجْمَعُ بَيْنَ مُتَفَرِّقٍ وَّلَايُفَرَّقُ بَيْنَ مُجْتَمِعٍ وَيُذْكَرُ عَنْ ت ٢٦٤

"વિવિધની વચ્ચે ન જમા કરવામાં આવે અને ન ભેગાની વચ્ચે અલગ અલગ કરવામાં **[તઅલીક઼ : ૨૬૪]**

سَالِمٍ عَنِ ابْنِ عُمَرَ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ع

આવે. સાલિમ અને ઈબ્ને ઉમર અનિન્નબી ﷺથી રિવાયત કરવામાં આવી." (બુખારી, ૧/૧૯૫ ઝકાત)

حدیث ٨٥٢ حَدَّثَنِيْ ثُمَامَةُ اَنَّ اَنَسًا حَدَّثَهُ اَنَّ اَبَابَكْرٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

"હઝરત અનસ رضی اللہ عنہએ હદીષ બયાન કરી કે હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ, **[હદીષ : ૮૫૨]**

كَتَبَ لَهُ الَّتِيْ فَرَضَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَلَا

નબી ﷺએ ઝકાતની માત્રા જે લખી હતી એને એમના માટે લખી (એમાં એ પણ હતું) ઝકાતના ડરથી

يُجْمَعُ بَيْنَ مُتَفَرِّقٍ وَّلَايُفَرَّقُ بَيْنَ مُجْتَمِعٍ خَشْيَةَ الصَّدَقَةِ ع

ન વિવિધને એકત્ર કરવામાં આવે ન ભેગાને અલગ અલગ કરવામાં આવે." (બુખારી, ૨/૧૯૫)

લેવુ દુરુસ્ત છે. એટલા માટે કે ખુલાસો છે કે જ્યારે બિન્તે મખાઝ વાજિબ છે અને તે મૌજૂદ ન હોય તો ઈબ્ને લબૂન લઈ લે અને કાંઈ ન પરત કરે. આ એના કારણે છે કે એ યુગમાં એક બિન્તે મખાઝ અને એક બિન્તે લબૂનની કિંમતો સરખી હતી. એનાથી સાબિત થયું કે હદીષોને લખવુ જાઈઝ છે. સાબિત થયું કે કોઈ શયખ હદીષ લખીને કોઈને આપી દે અને પઢીને ન સંભળાવે અને લેનારો શયખને પઢીને ન સંભળાવે તો પણ એની રિવાયત દુરુસ્ત છે.

## તઅલીક઼ : ૨૬૪ની સમજૂતી

આ તઅલીક઼ને ઈમામ અહમદ (મુસ્નદે ઈમામ અહમદ, ૧/૧૫) ઈમામ તિર્મિઝી (ઝકાત–૭૯), ઈમામ અબૂ દાઊદ (૧/૨૨૦ ઝકાત), ઈમામ ઈબ્ને માજહ (ઝકાત–૧૨૧) તથા ઈમામ હાકિમે મૌસૂલન રિવાયત કરી છે. તેનો પ્રારંભિક હિસ્સો આ પ્રમાણે છે. નબી ﷺએ સદકા઼ના હિસાબની વિગત લખી હતી પણ એના પર અમલનો મોકો઼ ન મળ્યો એવામાં વિસાલ થઈ ગયો. એને પોતાની તલ્વારની સાથે રાખી દીધો હતો. એના પર અબૂબક્રએ અમલ કર્યો, પછી ઉમરે જિંદગીભર અમલ કર્યો. એમાં આ પ્રમાણે હતું, દરેક પાંચ ઊંટમાં એક બકરી. દરમ્યાનની વિગત હજી આવી રહી છે. છેવટમાં આ હિસ્સો હતો. એના એક રાવી સુફયાન બિન હુસૈન છે જે ઝુહરીથી રિવાયત કરે છે. તેમની ઝુહરીની રિવાયત ઝઈફ છે એટલા માટે ઈમામ બુખારીએ એને સેગએ મજહૂલથી લખેલ છે જે સયગએ તમરીઝ છે. ઉમ્દતુલ કા઼રીમાં છે કે તિર્મિઝીએ કિતાબુલ ઈલલમાં વર્ણન કર્યું છે કે મુહમ્મદ એટલે ઈમામ બુખારીથી આ હદીષના બારામાં પૂછયું તો ફર્માવ્યું, મને ઉમ્મીદ છે કે એ મેહફૂઝ હશે. અને સુફયાન બિન હુસૈન સદૂક઼ એટલે ઘણા જ સાચા છે. જો આ હદીષ ઝઈફ પણ હોય તો કાંઈ વાંધો નથી. અહીં હદીષે અનસના માટે શાહિદના રૂપે એને વર્ણન કરી છે.

**لا يجمع بين متفرق** : એના ખુલાસામાં ઉલમાએ કિરામનાં વિવિધ કથનો છે. ઈમામ માલિકે ફર્માવ્યું, એની સ્થિતિ એ છે કે ત્રણ શખ્સોની ચાલીસ ચાલીસ બકરીઓ છે એમાં ત્રણ બકરીઓ વાજિબ છે. એ જાઈઝ નથી કે એ સૌને કોઈ એવું કહે કે સૌ મારી છે એ સ્થિતિમાં કેવળ એક બકરી વાજિબ થશે. અથવા બે ભાગીદાર

ت ۲۶۵ وَقَالَ طَاوُسٌ وَّعَطَاءٌ إِذَا عَلِمَ الْخَلِيْطَانِ أَمْوَالَهُمَا فَلَا

[તઅલીક઼ : ૨૬૫] ''અને જ્યારે બે ભાગીદારોના માલો માલૂમ તથા નિશ્ચિત હોય, તો

مَالُهُمَا عه

*ભેગા કરવામાં નહીં આવે.'' (બુખારી ૧/૧૯૫, અઝ્ ઝકાત)*

છે જેમની બસો બકરીઓ છે, ભેગા પર ત્રણ બકરીઓ વાજિબ છે, અને અલગ અલગ કરી લે તો દરેક પર એક એક બકરી, એટલે સમૂહ પર બે બકરીઓ. ઈમામ શાફઈ رضی اللہ عنہએ ફર્માવ્યું, આ માલિક તથા આમિલ બંનેથી સંબોધન છે. માલિકને એ જાઈઝ નથી કે વિવિધ માલને એકઠો અથવા એકઠા માલને એ રીતે અલગ અલગ કરે કે ઝકાતની માત્રા ઘટી જાય. અને વસૂલ કરનારને એ જાઈઝ નથી કે એવું એટલા માટે કરે કે ઝકાતની માત્રા વધી જાય. હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہએ ફર્માવ્યું કે એની સ્થિતિ એ છે કે બે માણસો વચ્ચે ૪૦ બકરીઓ ભેગી છે. આ સ્થિતિમાં કોઈના ઉપર ઝકાત નથી. હવે આમિલને જાઈઝ નથી કે બંનેને મિલાવીને એક બકરી વસૂલ કરે. એ જ પ્રમાણે કોઈ એકની એકસો એકવીસ બકરીઓ છે એમાં કેવળ બે બકરીઓ છે, પણ એ એમને અલગ અલગ કરી દેવામાં આવે તો ત્રણ બકરીઓ વાજિબ થશે, એ જાઈઝ નથી.

ઈમામ અબૂ યૂસુફે એની એ સ્થિતિ બતાવી કે કોઈ શખ્સની ૮૦ બકરીઓ છે જેમાં એક બકરી વાજિબ છે અને આમિલને એવું બતાવે કે અમે ત્રણ અથવા અધિક ભાઈઓમાં ભેગી છે, હવે કાંઈ વાજિબ ન થશે. અથવા ભાઈઓની વચ્ચે ચાલીસ બકરીઓ ભેગી છે અને આમિલ કહે કે, નહીં ! આ સૌ એક શખ્સની છે અને જબરદસ્તી એક બકરી લઈ લે.

સારાંશ એ કે આ એક ક઼ાયદો વર્ણન કર્યો છે એની ઘણી બધી સ્થિતિઓ હોઈ શકે છે. ખશિયતુસ્સદક઼ાથી જાહેર થઈ રહ્યું છે કે આ સંબોધન માલિકથી છે કે ઝકાતથી બચવાના માટે એવું ન કરે. ઝકાતથી બચવાના માટે જમા કરવાનું દષ્ટાંત એ છે કે બે ભાઈઓની ૪૦–૪૦ બકરીઓ છે, હવે બે બકરીઓ વાજિબ છે તેને ભેગી કરી આપે તો કેવળ એક બકરી વાજિબ થશે. અને અલગ કરવાનું દષ્ટાંત એ છે કે કોઈ શખ્સની ૪૦ બકરીઓ છે એમાં એક બકરી વાજિબ છે, તે આમિલને એવું બતાવે કે એમાં ૨૦ મારી અને ૨૦ મારી પત્નીની છે તો હવે કાંઈ વાજિબ ન થશે. અને એક સ્થિતિ એના કરતાં પર સ્પષ્ટ એ છે કે દા.ત. વિવિધ જાનવરો છે પણ તેમાં કોઈ નિસાબ સુધી નથી પહોંચ્યો, પણ એક જાનવરને બીજા સાથે મિલાવી દે તો પૂરો થઈ જાય છે. દા.ત. કોઈની પાસે ચાર ઊંટ અને આઠ બકરીઓ છે એમાંથી કોઈનો નિસાબ પૂરો નથી પણ બંનેવને ભેગાં કરી આપે તો ઊંટનો નિસાબ પૂરો થઈ જાય છે એટલા માટે કે ઊંટના નિસાબમાં ખુમ્સ (પાંચમા હિસ્સા)ની કમી છે અને બકરીઓનો પાચમો નિસાબ આઠ છે, પણ એવું કરવાની ઈજાઝત નથી. *(બહારે શરીઅત, પંજુમ બહવાલા દુર્રે મુખ્તાર....વગેરે, પેજ : ૩૦, ૩૧)*

## સમજૂતી : તઅલીક઼ ૨૬૫–૨૬૬

પ્રથમ તઅલીક઼ને ઈમામ ઈબ્ને અબી શયબાએ પોતાના મુસન્નફમાં મૌસૂલન્ વર્ણન કરેલ છે, અને બીજી તઅલીક઼ને ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ે. خلیطનો માદ્દો خلط છે. એનો અર્થ ભાગીદાર છે આપણે ત્યાં એનાથી મુરાદ મિલ્કતમાં ભાગીદાર છે, ચાહે તે ભાગીદારી વારસાના કારણે હોય અથવા તોહફાના કારણે અથવા ખરીદવાના કારણે અથવા મહેનતની કમાઈ વગેરેના કારણે હોય. અથવા શિર્કતે અક઼્દ હોય કે ઈનાન હોય

અથવા મુફાવેઝા હોય. મબસૂતમાં છે. ભેગા માલમાં ઝકાત એ સમયે છે જ્યારે કે કોઈ ભાગીદાર અથવા બંનેનો જેટલો હિસ્સો હોય તે નિસાબના જેટલો હોય. દા.ત. ૮૦ બકરીઓ બંને વચ્ચે સરખી સરખી છે તો બંને પર એક એક બકરી ઝકાત વાજિબ છે. અને જો એવું છે કે એક હિસ્સો ૨/૩ હોય અને એકનો હિસ્સો ૧/૩ છે તો જેનો ૨/૩ છે તેના પર એક બકરી વાજિબ છે અને બીજા પર કાંઈ નહીં.

ઈમામ નવવીએ ફર્માવ્યું કે અહીં આ ભાગીદારી માલિકી સાથે ખાસ નથી બલ્કે આમ છે. ચાહે મિલ્કતમાં ભાગીદારી હોય આમ હોવાના હિસાબે અથવા અઅયાન (અસલ ચીજ)માં હોય અથવા અવસાફ (સિફતો)માં હોય, અથવા શિર્કતે જવાર હોય એટલે તે સૌ એક જગ્યાએ હોય. તેની નવી શર્તો છે : (૧) આ ભાગીદારી એ લોકો દરમ્યાન હોય જમના પર ઝકાત વાજીબ હોય. (૨) ભાગીદારી પછી માલ નિસાબની માત્રા જેટલો હોય. (૩) ભાગીદારી પછી એના પર વરસ પૂર્ણ થઈ ચૂક્યું હોય. (૪, ૫, ૬) આ જાનવરો આરામની જગા, ચરવાની જગા, પાણી પીવાની જગામાં એકબીજાથી વિખૂટાં ન હોય. (૭, ૮, ૯) તે સૌનો ચારનારો અને નર તથા દૂધ દોહવાનાં વાસણ ભેગાં હોય. અન્ય ઉલમાનાં પણ આ પ્રકારના થોડાક ફેરફાર તથા વધઘટ સાથે કથનો છે તેમની દલીલ પ્રકરણની હદીષ છે એ આધારે કે ખલીતનો શબ્દ ઉપરોક્ત અર્થ પર સાદિક઼ છે. આ કથનના આધારે જો અમુક માણસોનાં જાનવર ઉપરોક્ત શરતોની સાથે એકત્ર રહેતાં હોય તો સમૂહ પર ઝકાત છે અને ઝકાતની જે પણ માત્રા છે તે સૌ ભાગીદારોમાં ભેગી થશે. દાત. ચાલીસ બકરીઓ બે અથવા ત્રણ માણસોની એકત્ર ઉપરોક્ત શરતોની સાથે રહેતી હોય ભલે દરેકની બકરીઓ નિશ્ચિત હોય તો પણ એક બકરી ઝકાતમાં આપવી વાજિબ છે. અને આ સૌ ભાગીદારોમાં હિસ્સા પ્રમાણે (તેમના હક્ક઼ પ્રમાણે) વહેંચાશે. આપણે ત્યાં કોઈના પર ઝકાત વાજિબ નથી. આપણુ એ કહેવું છે કે خليطનો આ અર્થ લઈને ઝકાત વાજિબ કરવી અન્ય સહીહ હદીષોની વિરુદ્ધ છે. હદીષ વર્ણન થઈ ચૂકી કે પાંચ ઊંટથી ઓછામાં ઝકાત નથી. આ કથનથી પાંચ ઊંટથી ઓછામાં ઝકાત વાજિબ થવાનુ લાઝિમ આવે છે. દા.ત. એક શખ્સનાં ત્રણ અને બીજાનાં બે ઊંટ ઉપરોક્ત શરતોની સાથે એકઠાં રહેતાં હોય તો એ કથન પર ઝકાત વાજિબ છે. આ ત્રણ તથા બે પર ઝકાત વાજિબ કરવું થયું, જે વર્ણવેલ હદીષની વિરુદ્ધ છે.

હદીષોમાં ટકરાવ દૂર કરવા માટે خليطથી મિલ્કતમાં ભાગીદાર મુરાદ લેવું અનિવાર્ય થયું. ઈમામ તાઉસ, ઈમામ અતા તથા ઈમામ સુફયાનનો ક઼ૌલ આપણા મઝહબ પ્રમાણે છે.

**بالسوية** : આ હુકમ એ શરતની સાથે ખાસ છે જ્યારે ભાગીદારી સરખે સરખી હોય.

حدیث ۸۵۳ حَدَّثَنِیْ ثُمَامَةُ اَنَّ اَنَسًا حَدَّثَهُ اَنَّ اَبَا بَکْرٍ کَتَبَ لَهُ الَّتِیْ

''હઝરત અનસ رضی اللہ عنہ એ હદીષ વર્ણન કરી કે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ તેમના **[હદીષ : ૮૫૩]**

فَرَضَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ وَمَا کَانَ مِنْ خَلِیْطَیْنِ

માટે તે લખ્યું જે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઝકાતની માત્રા નિશ્ચિત કરી હતી. (એમાં આ પણ હતું) અને

فَاِنَّهُمَا یَتَرَاجَعَانِ بَیْنَهُمَا بِالسَّوِیَّةِ ع

જે ઝકાત બે ભાગીદારો પર વાજિબ હોય તે બંનેવ સરખે સરખી વહેંચી લે.'' (બુખારી ૧/૧૯૫ અઝ્ ઝકાત)

حدیث ۸۵۴ عَنْ اَبِیْ سَعِیْدِ الْخُدْرِیْ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ اَعْرَابِیًّا

''હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે કે એક ગામડિયાએ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને **[હદીષ : ૮૫૪]**

سَاَلَ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ عَنِ الْهِجْرَةِ فَقَالَ

હિજરતના બારામાં પૂછયું તો ફર્માવ્યું, તારા માટે ખરાબી થાય, બેશક ! હિજરતનો મામલો સખ્ત છે, શું તારી

وَیْحَكَ اِنَّ شَانَهَا شَدِیْدٌ فَهَلْ لَكَ مِنْ اِبِلٍ تُؤَدِّیْ صَدَقَتَهَا قَالَ

પાસે ઊંટ છે જેની ઝકાત તું આપે છે ? તેણે અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, દરિયાઓના પાર રહીને અમલ કર,

نَعَمْ قَالَ فَاعْمَلْ مِنْ وَّرَاءِ الْبِحَارِ فَاِنَّ اللّٰهَ لَنْ یَّتِرَكَ مِنْ عَمَلِكَ شَیْئًا ع

અલ્લાહ તારા અમલથી કાંઈ વેડફશે નહીં.''

(બુખારી ૧/૧૯૫, અઝ્ ઝકાત, ૧/૩૫૮ અલ્હિબા, ૧/૫૫૮ હિજરતુન્નબી صلی اللہ علیہ وسلم, ૨/૯૧૧ અલ્અદબ, મુસ્લિમ–અલ્ અમારત, અબૂ દાઊદ–અલ્ જિહાદ, નિસાઈ–બયઅહ, મુસ્નદે ઈમામ અહમદ, ૩/૬૪)

**સમજૂતી : ૮૫૪**

**سال عن الهجرة** એનાથી એમનો હેતુ એ હતો કે તે હિજરત કરીને મદીના તય્યબહ આવવા ચાહતા હતા. **ویحك** આ શબ્દ અસલમાં ધમકાવવાના માટે છે. એનો તર્જુમો ''ખરાબી થાય તારા માટે !'' પણ કદી કદી પ્રેમભાવ માટે પણ બોલવામાં આવે છે. જેમ કે હદીષમાં **ویح لعمار تقتلك الفئة الباغية**માં છે. અહીં પણ પ્રેમભાવના માટે જ છે.

**ان شانها شدید** : જાહેર છે આ કિસ્સો ફતહે મક્કાથી પહેલાંનો છે, નહીં તો ફર્માવી આપત કે હવે હિજરત નથી. તેમજ ફતહે મક્કા પહેલાં પણ હિજરત કેવળ મક્કા મોઅઝ્ઝમાથી કરવી ફર્ઝ હતી, અન્ય શહેરથી ફર્ઝ ન હતી. તેમને હિજરતથી એટલા માટે મના ફર્માવ્યું કે તેમના બારામાં નૂરે નબુવ્વતથી માલૂમ કરી લીધું હતું કે તે એને સહન કરી શકશે નહીં. જેમ કે એક અઅ્રાબીનો કિસ્સો મશ્હૂર છે કે હિજરત પર બયઅત કરીને મદીના આવ્યા અને જ્યારે એમને તાવ આવી ગયો તો બયઅત તોડી નાખી.

**من وراء البحار** : એ અરબના જ રહેવાસી હતા, એટલા માટે કે અઅ્રાબી અરબસ્તાનના ગામડિયાને કહે

حدیث ۸۵۵ حَدَّثَنِیْ ثُمَامَةُ اَنَّ اَنَسًا رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ حَدَّثَهٗ اَنَّ اَبَا بَكْرٍ

"હઝરત અનસ رضی اللہ عنہ એ હદીષ બયાન કરી કે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ તેમના માટે **[હદીષ : ૮૫૫]**

رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ كَتَبَ لَهٗ فَرِیْضَةَ الصَّدَقَةِ الَّتِیْ اَمَرَ اللّٰهُ رَسُوْلَهٗ

ઝકાતની તે માત્રા લખી જેનો અલ્લાહે પોતાના રસૂલ ﷺ ને હુકમ આપ્યો હતો. જેની ઝકાત જઝઆ સુધી

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ مَنْ بَلَغَتْ عِنْدَهٗ مِنَ الْاِبِلِ صَدَقَةُ

પહોંચે અને તેની પાસે જઝઆ ન હોય હિક્કા હોય તો તેનાથી હિક્કા સ્વીકારી લેવામાં આવશે અને તેની

الْجَذَعَةِ وَلَیْسَتْ عِنْدَهٗ جَذَعَةٌ وَعِنْدَهٗ حِقَّةٌ فَاِنَّهَا تُقْبَلُ مِنْهُ

સાથે મયસ્સર થાય તો બે બકરીઓ, નહીં તો વીસ દિરહમ પણ લેવામાં આવે. અને જેની

الْحِقَّةُ وَیَجْعَلُ مَعَهَا شَاتَیْنِ اِنِ اسْتَیْسَرَتَا لَهٗ اَوْ عِشْرِیْنَ دِرْهَمًا وَمَنْ

ઝકાત હિક્કા સુધી પહોંચે અને તેની પાસે હિક્કા ન હોય અને તેની પાસે જઝઆ હોય

بَلَغَتْ عِنْدَهٗ صَدَقَةُ الْحِقَّةِ وَلَیْسَتْ عِنْدَهُ الْحِقَّةُ وَعِنْدَهُ الْجَذَعَةُ

તો તેની પાસેથી જઝઆ લઈ લેવામાં આવે. અને ઉઘરાવનારો માલિકને વીસ દિરહમ અથવા

فَاِنَّهَا تُقْبَلُ مِنْهُ الْجَذَعَةُ وَیُعْطِیْهِ الْمُصَدِّقُ عِشْرِیْنَ دِرْهَمًا اَوْ

બે બકરીઓ આપે અને જેની ઝકાત હિક્કા સુધી પહોંચે અને તેની પાસે કેવળ બિન્તે લબૂન

છે, સમુદ્ર પારના વતની હતા પછી આ ઈર્શાદ કેવી રીતે દુરુસ્ત થયો ? અમુક શારેહીને એ ખુલાસો આપ્યો છે કે "બિહાર" અને "બહર" કદી કદી શહેરના અર્થમાં પણ આવે છે. જેમ કે આયતે કરીમા (سورہ روم ۴۱) ظَهَرَ الْفَسَادُ فِی الْبَرِّ وَ الْبَحْرِ (સૂ. રૂમ, આયત : ૪૧)માં એક કૌલ એ છે કે "બર"થી ગામડુ અને "બહર"થી શહેર મુરાદ છે, ખૂદ હદીષમાં મદીના પર "બહીરા"નો ઈત્લાક આવે છે. હઝરત સઅદ બિન ઓબાદા رضی اللہ عنہ એ અર્ઝ કરી : لقد اصلح اهل هذا البحيرة ان يتوجوه "આ શહેરવાળાઓએ નક્કી કર્યુ હતું કે તેના માથા પર તાજ બાંધશે." પણ જાહેરી રીતે એ છે કે ઈર્શાદ અતિશયોક્તિ રૂપે અનુમાન તરીકે છે એટલે મદીનાથી કેટલે પણ દૂર રહીને અમલ કરશો ભલે સમંદર પારથી છતાં સવાબ પૂરેપૂરો મળશે.

કિતાબુલ હિબામાં અને બાબે હિજરતુન્નબી ﷺ માં આટલુ વધારે છે : "એમાંથી કાંઈક અન્ય લોકોને પણ આપે છે ? તો તેમણે કહ્યું, હા ! ફર્માવ્યું, ઘાટ પર જવાના દિવસે તેને દોહે છે ? તેણે અર્ઝ કરી, હા !

**સમજૂતી : ૮૫૫** સ્થિતિ પરથી જાહેર છે કે એના બાદ હદીષ ૮૫૧ એટલે ومن بلغت صدقة بنت مخاض છે. એનો મઅતૂફ અલૈહ من بلغت عنده صدقة الجزعة الخ છે. આ હદીષનો સાર એ જ છે જે હદીષ ૮૫૧માં અમે લખી ચૂક્યા છીએ કે જે જાનવર વાજિબ છે તે ન હોય તો તેનાથી નાનુ કે મોટુ લઈ લે, બંનેની કિંમતમાં જે તફાવત હોય તે ઉઘરાવનાર આપી દે અથવા માલિકથી લઈ લે.

شَاتَيْنِ وَمَنْ بَلَغَتْ عِنْدَهُ صَدَقَةُ الْحِقَّةِ وَلَيْسَتْ عِنْدَهُ إِلَّا

*હોય તો તેને કૂબૂલ કરી લે, એટલે માલિક બે બકરીઓ અથવા વીસ*

بِنْتُ لَبُوْنٍ فَإِنَّهَا تُقْبَلُ مِنْهُ بِنْتُ لَبُوْنٍ وَيُعْطِي شَاتَيْنِ أَوْ عِشْرِيْنَ

*દિરહમ આપે. અને જેની ઝકાત બિન્તે લબૂન સુધી પહોંચે અને તેની પાસે હિક્કા હોય*

دِرْهَمًا وَمَنْ بَلَغَتْ صَدَقَتُهُ بِنْتَ لَبُوْنٍ وَعِنْدَهُ حِقَّةٌ فَإِنَّهَا تُقْبَلُ

*તો એ જ કૂબૂલ કરવામાં આવે. અને ઉઘરાવનારો માલિકને વીસ દિરહમ અથવા બે બકરીઓ આપે.*

مِنْهُ الْحِقَّةُ وَيُعْطِيْهِ الْمُصَدِّقُ عِشْرِيْنَ دِرْهَمًا أَوْ شَاتَيْنِ - وَمَنْ

*અને જેની ઝકાત બિન્તે લબૂન સુધી પહોંચે અને એની પાસે ન હોય અને તેની*

بَلَغَتْ صَدَقَتُهُ بِنْتَ لَبُوْنٍ وَلَيْسَتْ عِنْدَهُ وَعِنْدَهُ بِنْتُ مَخَاضٍ

*પાસે બિન્તે મખાઝ હોય તો એ જ લઈ લેવામાં આવે અને માલિક*

فَإِنَّهَا تُقْبَلُ مِنْهُ بِنْتُ مَخَاضٍ وَيُعْطِي مَعَهَا عِشْرِيْنَ دِرْهَمًا أَوْ شَاتَيْنِ ع

*વીસ દિરહમ અથવા બે બકરીઓ આપે." (બુખારી ૧/૧૯૫ અઝ્ ઝકાત)*

**પ્રકરણથી સામ્યતા** : આ હદીષ પર પ્રકરણનું હેડિંગ એ છે કે, "જેનો સદકો બિન્તે મખાઝ સુધી પહોંચે અને તે એની પાસે ન હોય (તો તે શું કરે)." પણ આ પ્રકરણમાં જેટલી હદીષો વર્ણન થઈ છે તેમાં આ જુઝઈય્યહ (દલીલ) વર્ણન થયેલી નથી. એના લીધે ઈબ્ને બત્તાલે ઈમામ બુખારી પર ગફલતનો આક્ષેપ લગાડયો, પણ એ અસ્થાને છે. ઈમામ બુખારીની આ આદત સામાન્ય આદત છે કે પ્રકરણના હેઠળ કોઈ લાંબી હદીષનો એક ભાગ વર્ણવી આપે છે જે પ્રકરણથી કાંઈપણ સંબંધ નથી ધરાવતો, પણ આ હદીષના બીજા ભાગો પ્રકરણના પ્રમાણે હોય છે. અહીં પણ એ જ કિસ્સો છે. આ જ હદીષનો ભાગ હદીષ–૮૫૧ છે જેમાં આ જુઝઈય્યો સ્પષ્ટપણે વર્ણન થયેલ છે. આમ તો અલ્લામા ઈબ્ને હજર વગેરેએ આટલા હિસ્સાથી પણ સામ્યતા સાબિત કરી આપી છે જે દુરુસ્ત પણ છે કે આ હદીષની વર્ણન કરેલ તફસીલથી એ જાણવા મળ્યું કે જે જાનવર વાજિબ હોય તે માલિકની પાસે ન હોય તો એનાથી એક વર્ષ મોટુ લઈ લે અને બે બકરીઓ અથવા વીસ દિરહમ પરત કરી આપે. અથવા એક વરસ નાનુ લઈ લે અને માલિકથી બે બકરીઓ અથવા વીસ દિરહમ લઈ લે. એનાથી એ કાયદો (કુલ્લિયા) માલૂમ થયો કે જે વાજિબ છે તે ન હોય તો તેનાથી એક વરસ મોટુ લઈને બે બકરીઓ અથવા વીસ દિરહમ પરત કરી આપે અથવા તેનાથી એક વર્ષ નાનુ લઈ લે અને સાથોસાથ બે બકરીઓ અથવા વીસ દિરહમ પણ લઈ લે. એના પ્રમાણે પ્રકરણનો હુકમ માલૂમ થઈ ગયો કે જ્યારે બિન્તે મખાઝ વાજિબ છે અને એ નથી તો બિન્તે લબૂન લઈ લે અને બે બકરીઓ અથવા વીસ દિરહમ પરત કરી આપે. આ કુલ્લિયા (કાયદા)થી એ સ્થિતિઓનો હુકમ પણ માલૂમ થઈ ગયો જે આ હદીષમાં વર્ણન નથી થઈ પરંતું વાકેઅ થઈ શકે છે દા.ત. આજ સ્થિતિમાં જ્યારે કે બિન્તે મખાઝ વાજિબ છે અને તે મૌજૂદ નથી અને બિન્તે લબૂન પણ નથી બલ્કે હિક્કા

حدیث ۸۵۶ حَدَّثَنِیْ ثُمَامَةُ بْنُ عَبْدِ اللّٰهِ بْنِ اَنَسٍ اَنَّ اَنَسًا رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ

"હઝરત અનસ رضی اللہ عنہ એ હદીષ વર્ણવી કે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ [હદીષ : ૮૫૬]

حَدَّثَهُ اَنَّ اَبَا بَكْرٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ كَتَبَ لَهُ هٰذَا الْكِتَابَ

તેમને જ્યારે બહરૈન મોકલ્યા હતા તો આ પ્રમાણે લખીને આપ્યું હતું. આ ઝકાતની તે માત્રા છે

لَمَّا وَجَّهَهُ اِلَی الْبَحْرَیْنِ

જે રસૂલુલ્લાહ ﷺ એ મુસલમાનો પર નિશ્ચિત કરી અને જેનો અલ્લાહે પોતાના રસૂલને હુકમ આપ્યો છે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ هٰذِهٖ فَرِیْضَةُ الصَّدَقَةِ الَّتِیْ فَرَضَ

જે મુસલમાનથી એના પ્રમાણે માંગવામાં આવે તે આપે અને જેનાથી એનાથી વધારે માંગવામાં આવે તે ન

رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ عَلَی الْمُسْلِمِیْنَ وَالَّتِیْ اَمَرَ اللّٰهُ

આપે. ચોવીસ અને એનાથી ઓછા ઊંટમાં દરેક પાંચ ઊંટ પર એક બકરી છે. પછી જ્યારે પચીસથી લઈને

છે તો શું કરે ? આ કાયદાથી માલૂમ થઈ ગયું કે એક સાલના સનના તફાવત પર વીસ દિરહમ અથવા બે બકરીઓ પરત કરવાની છે, તો જ્યારે બે વરસનો તફાવત છે તો ચાલીસ દિરહમ અથવા ચાર બકરીઓ પરત કરે. એ જ પ્રમાણે એનાથી વિપરીત સ્થિતિમાં એટલુ વધારે લે. અને ફાયદો એ કારણે હાંસલ થયો કે તે હદીષ ન વર્ણવી જેમાં આ હુકમ સ્પષ્ટપણે વર્ણન થયેલ છે. એ હદીષ વર્ણવી આપતા તો ન કોઈને અધિક ચિંતનની હાજત હતી ન કોઈ વિચારણા કરતો અને ન આ કાઈદાએ કુલ્લિયા માલૂમ પડતો.

**હું કહું છું અલ્લાહની તૌફીક઼થી** : આ હદીષ વર્ણન કરી આપત તો પણ જેને નુસૂસ (દલીલો)માં વિચારણા કરવાની આદત છે તેઓ વિચારણા કરીને આ કાયદો ઈસ્તિખરાજ કરી લેત (કાઢી લેત). પણ હદીષ વર્ણન ન કરવાથી એ શંકા પેદા થઈ શકે છે કે કદાચ એના સિવાય અન્ય કોઈ સ્થિતિ નથી. પરંતુ હદીષ વર્ણવી દેવાથી એ ફાયદો થાત કે બીજો હલ પણ માલૂમ થઈ જાત કે તે વાજિબ ચીજની કિંમત લઈ લે. એટલા માટે કે હદીષમાં એ પણ છે કે જો આ સ્થિતિમાં ઈબ્ને લબૂન હોય અને લઈ લે તો ન કાંઈ આપવાનુ છે ન કાંઈ લેવાનું છે. એનાથી જાણવા મળ્યું કે આ પણ હલની સ્થિતિ છે કે કિંમત લઈ લે, ચાહે એ જ કિંમતનું જાનવર અથવા રોકડામાં. એટલા માટે પ્રકરણથી સામ્યતાની એ જ સ્થિતિ બેહતર છે જે અલ્લામા અયનીએ વર્ણન કરી જે અમો પ્રથમ લખી ચૂક્યા.

## સમજૂતી : ૮૫૬

આ હદીષ ઝકાતના પ્રકરણમાં અસ્લે અઝીમ (મહાન દલીલ) છે. એના પર એની સર્વ વિગતો આધારિત છે. આ હદીષથી અમુક પાયાની વાતો જાણવા મળી. પ્રથમ દરેક પ્રકારના ઝકાતના માલોનો એક નિસાબ છે કે એનાથી ઓછા પર ઝકાત વાજિબ નથી. જ્યારે નિસાબ જેટલો માલ હોય તો ઝકાત વાજિબ છે. ઊંટની નિસાબ પાંચ અને બકરીની ચાલીસ અને ચાંદીનો નિસાબ બસો દિરહમ છે. એનાથી વધુ હોવાના સંજોગોમાં બે નિસાબો વચ્ચે હોય તો માફ છે. ઊંટની ઝકાતમાં જ્યાં ઊંટનું બચ્ચુ વાજિબ છે એનાથી મુરાદ માદા છે, જો નર આપશે તો

بِهٖ رَسُوْلَهٗ فَمَنْ سُئِلَهَا مِنَ الْمُسْلِمِيْنَ عَلٰى وَجْهِهَا فَلْيُعْطِهَا وَمَنْ

*પાંત્રીસ સુધી થઈ જાય તો એમાં એક બિન્તે મખાઝ માદા છે.*

سُئِلَ فَوْقَهَا فَلَا يُعْطِ - فِىْ أَرْبَعٍ وَّعِشْرِيْنَ مِنَ الْإِبِلِ فَمَا دُوْنَهَا

*પછી જ્યારે છત્રીસથી લઈને પીસ્તાળીસ સુધી પહોંચી જાય*

مِنَ الْغَنَمِ مِنْ كُلِّ خَمْسٍ شَاةٌ فَإِذَا بَلَغَتْ خَمْسًا وَّعِشْرِيْنَ إِلٰى خَمْسٍ

*તો એમાં એક બિન્તે લબૂન માદા છે. પછી જ્યારે છેંતાલીસથી લઈને સાઈઠ સુધી પહોંચી જાય*

وَّثَلَاثِيْنَ فَفِيْهَا بِنْتُ مَخَاضٍ أُنْثٰى فَإِذَا بَلَغَتْ سِتَّةً وَّثَلٰثِيْنَ إِلٰى

*તો એમાં એક હિક્કા છે જે નર સંભોગના લાયક હોય. પછી જ્યારે એકસઠથી લઈને*

خَمْسٍ وَّأَرْبَعِيْنَ فَفِيْهَا بِنْتُ لَبُوْنٍ أُنْثٰى - فَإِذَا بَلَغَتْ سِتًّا وَّأَرْبَعِيْنَ

*પંચોતેર સુધી પહોંચી જાય તો એમાં એક જઝઆ છે. પછી જ્યારે છોત્તેરથી લઈને નેવુ સુધી પહોંચી જાય તો*

કિંમતમાં જે તફાવત હશે તે પણ આપે, અને જ્યાં બકરી વાજિબ છે ત્યાં ઈખ્તિયાર છે ચાહે નર આપે ચાહે માદા, અને આ જ હુકમ ઘેટાંઓનો છે. બકરીમાં ઘેટાં દુમ્બા પણ સામેલ છે.

**لما وجهه الى البحرين** : હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ ખિલાફતના સ્થાને બિરાજ્યા બાદ હઝરત અનસને ઝકાત વસૂલ કરવાના માટે બહરૈન મોકલ્યા હતા. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہને આના બારામાં મશ્વરો કર્યો તો તેમણે સમર્થન કર્યું અને કહ્યું, તે હોશિયાર છે અને લખવાનુ જાણે છે.

બહરૈન બસરાની નજીક એક નાનો દેશ છે જેનુ કેપિટલ હજર હતું. આ હિંદી મહાસાગર અને ફારસના અખાટ વચ્ચે છે એટલા માટે એને બહરૈન કહે છે.

**بسم الله** : માવરદીએ કહ્યું કે જાહેર એ છે કે આ પણ પત્રનો હિસ્સો છે. આ હદીષના પાલનમાં કે ફર્માવ્યું, જે મહત્વનું કામ બિસ્મિલ્લાહથી ન શરૂ કરવામાં આવે તે અપૂર્ણ છે. આ પત્રના પ્રારંભમાં હમ્દ ન હોવી એની દલીલ છે કે શરૂઆત હમ્દથી કરવી વાજિબ નથી અને હદીષ મુસ્તહબ હોવા પર મહમૂલ છે.

**فريضة الصدقة** : સદકો, ઝકાતના અર્થમાં છે. અહનાફ (હનફીઓ) પર અલ્લામા ઈબ્ને હજરે એ નિરર્થક ઈલ્ઝામ લગાડયો છે કે તેઓ સદકાનો ઈત્લાક ઝકાત પર દુરુસ્ત નથી માનતા. હનફીઓ એનાથી મુત્લકન ઈન્કાર નથી કરતા કે સદકો, ઝકાતના અર્થમાં પણ આવે છે, અહનાફ એવું કહે છે કે દરેક જગાએ સદકો ઝકાતના અર્થમાં નથી બલ્કે સદકો આમ છે ફર્ઝ, વાજિબ, નફલને માટે, જ્યાં નિશાની જેને ચાહે તે મુરાદ થશે.

**فرض** : **فرض**નો અર્થ કોઈ સખત ચીજને કાપી કાપીને ટુકડા કરવા. પછી તેનો ઉપયોગ તક્દીર એટલે માત્રા નિશ્ચિત કરવાના અર્થમાં થવા લાગ્યો છે. પછી ઈલ્ઝામમાં વપરાવા લાગ્યો, એટલે કે કોઈ ચીજનું કોઈના પર લાઝિમ કરવું.

મુફર્રદાતે ઈમામ રાગિબમાં છે : કુર્આન મજીદમાં જ્યાં **فرض على فلان** આવ્યું છે તેનો અર્થ વાજિબ તથા લાઝિમ કરવું છે. અને જ્યાં **فرض له** આવ્યું છે તો એ અર્થમાં છે કે એના પર હરામ નથી મુબાહ છે.

إِلَى سِتِّينَ فَفِيهَا حِقَّةٌ طَرُوقَةُ الْجَمَلِ ۔ فَإِذَا بَلَغَتْ وَاحِدَةً وَّ

એમાં બે બિન્તે લબૂન છે. પછી જ્યારે એકાણુથી લઈને એકસો વીસ સુધી પહોંચી જાય

سِتِّينَ إِلَى خَمْسٍ وَّسَبْعِينَ فَفِيهَا جَذَعَةٌ فَإِذَا بَلَغَتْ يَعْنِي سِتًّا وَّ

તો એમાં સંભોગના લાયક બે માદા હિક્કા છે. અને જ્યારે એકસો વીસથી વધુ થઈ જાય

سَبْعِينَ إِلَى تِسْعِينَ فَفِيهَا بِنْتَا لَبُونٍ ۔ فَإِذَا بَلَغَتْ إِحْدَى وَتِسْعِينَ

તો દરેક ચાલીસમાં એક બિન્તે લબૂન તથા દરેક પચાસમાં એક હિક્કા.

إِلَى عِشْرِينَ وَمِائَةٍ فَفِيهَا حِقَّتَانِ طَرُوقَتَا الْجَمَلِ ۔ فَإِذَا زَادَتْ عَلَى

અને જેની પાસે કેવળ ચાર ઊંટ હોય તો એમાં ઝકાત વાજિબ નથી,

عِشْرِينَ وَمِائَةٍ فَفِي كُلِّ أَرْبَعِينَ بِنْتُ لَبُونٍ وَّفِي كُلِّ خَمْسِينَ حِقَّةٌ وَّمَنْ

પણ એ કે માલિક ચાહે તો આપી દે. જ્યારે પાંચ ઊંટ થઈ જાય તો એક બકરી છે.

**فرض عليك القراٰن**નો અર્થ છે કે કુર્આન પર અમલ કરવો વાજિબ છે.

અહીં **فرض اوجب** એટલે "વાજિબ ફર્માવ્યું"ના પણ અર્થમાં હોઈ શકે છે એટલા માટે કે હુઝૂરે અક્દસ ﷺ શારેઅ છે અને **قدر**ના અર્થમાં પણ, એટલે માત્રા નિશ્ચિત કરી. અને **بين و فصل**નો પણ અર્થ છે, એટલે "વર્ણન કર્યુ, તફસીલ વર્ણવી."

**فى اربع وعشرين فمادونها من الغنم** : આ મુબ્તદાએ મહઝૂ ફુલ વાજિબની ખબર છે. અલ્વા જિબમાં જે અલિફ લામ અલ્લઝીના અર્થમાં છે, મિનગ્નમ એનું બયાન છે, એટલે ચોવીસ અને એનાથી કમ ઊંટમાં બકરી વાજિબ છે. મોટાભાગાના નુસ્ખાઓમાં મિન આવ્યું છે પણ ઈબ્નસ્સકનના નુસ્ખામાં મિન નથી. અને આ અધિક સ્પષ્ટ છે. **من كل خمس شاة** આ એ સંક્ષિપ્તની તફસીલ છે. ઈમામ ઈબ્ને હુમામે ફર્માવ્યું કે ઊંટની ઝકાત સૌ પ્રથમ વર્ણન કરી એટલા માટે કે એ અરબસ્તાનનો સૌથી મહત્વનો તથા કિંમતી માલ હતો.

**فى سائمتها** : એ દલીલ છે કે ઝકાત કેવળ ચરાઈના જાનવરો પર છે એટલે કે તે જેઓ વરસનો મોટા ભાગનો હિસ્સો ચરાઈ પર પસાર કરતાં હોય. જે જાનવરોને છ મહિના ચારો આપતા હોય અને છ મહિના ચરાઈ પર રાખતા હોય તે સાઈમા નથી. એ પણ કૈદ (શર્ત) જરૂરી છે કે તે જાનવરોથી વંશ કે દૂધ હાંસલ કરવાનો હેતુ હોય અથવા તાજુ કરવાનો. એ જાનવરોથી અન્ય કોઈ હેતુ ન હોય. દા.ત. સવારી કરવું, બોજ લાદવું, હળ વગેરેમાં જોતરવું. અને જો જાનવરોથી કામ લેવાનો હેતુ હોય તો એના પર ઝકાત નથી ભલે વરસભર ચરાઈ પર રહેતાં હોય. અબૂ દાઊદ (૧/૨૨૧ ઝકાત)માં હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની હદીષમાં છે : **وليس على العوامل شئى** "કામ કરવાવાળી ગાયો પર કાંઈ નથી." એ જ પ્રમાણે જો હેતુ વેપારનો હોય તો એમના પર સાઈમાની ઝકાત નથી, અલ્બત્ત વેપારના માલની ઝકાત છે. એટલે કે બજાર ભાવથી એમની જે કિંમત થાય તેનો ચાલીસમો હિસ્સો. અહીં હદીષમાં આ કૈદ (શર્ત) કેવળ બકરી સાથે વર્ણન થયેલી છે પણ હકીકતમાં ઊંટ ગાયમાં પણ આ શર્ત બાકી છે. અબૂ દાઊદ (ઉપર મુજબ)માં બહઝ બિન હકીમ અન અબિહિ અન જદ્દિહિની હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **فى كل سائمة ابل من الاربعين بنت لبون** "દરેક ચરવાવાળા ચાલીસ ઊંટો પર એક બિન્તે લબૂન છે."

لَمْ يَكُنْ مَعَهُ اِلَّا اَرْبَعٌ مِّنَ الْاِبِلِ فَلَيْسَ فِيْهَا صَدَقَةٌ اِلَّا اَنْ يَّشَاءَ

*અને ચરનારી બકરી જો ચાલીસ હોય તો એમાં એકસો વીસ સુધી*

رَبُّهَا فَاِذَا بَلَغَتْ خَمْسًا مِّنَ الْاِبِلِ فَفِيْهَا شَاةٌ - وَفِىْ صَدَقَةِ الْغَنَمِ

*એક બકરી છે. અને જ્યારે એકસો વીસથી વધુ હોય તો બસો સુધી*

فِىْ سَائِمَتِهَا اِذَا كَانَتْ اَرْبَعِيْنَ اِلٰى عِشْرِيْنَ وَمِائَةٍ شَاةٌ - فَاِذَا زَادَتْ

*બે બકરીઓ પછી જ્યારે બસોથી વધીને ત્રણસો થઈ જાય તો*

عَلٰى عِشْرِيْنَ وَمِائَةٍ اِلٰى مِائَتَيْنِ شَاتَانِ - فَاِذَا زَادَتْ عَلٰى مِائَتَيْنِ

*ત્રણ બકરીઓ પછી જ્યારે ત્રણસોથી વધી જાય તો દરેક સોમાં એક બકરી.*

اِلٰى ثَلٰثِ مِائَةٍ فَفِيْهَا ثَلٰثُ شِيَاهٍ - فَاِذَا زَادَتْ عَلٰى ثَلٰثِمِائَةٍ فَفِىْ كُلِّ

*અને જ્યારે ચરવાવાળી બકરી ચાલીસથી એક પણ ઓછી હોય તો એમનામાં કાંઈ નથી, પણ એ કે માલિક*

**يعنى ستا و سبعين** : અલ્લામા કિર્માનીએ ફર્માવ્યું, કદાચ **ستا و سبعين** લખાણ (પત્ર) ન હતું અથવા કોઈ રાવીએ છોડી આપ્યું હતું એના આધારે કે એ જાહેર હતું પછી કોઈ રાવીએ ખુલાસા માટે એનું વર્ણન કરી આપ્યું.

**فاذا زادت على مائة و عشرين۔** : ઊંટની ઝકાત પર એકસો વીસ સુધી પર એકમતિ છે. રસૂલુલ્લાહ ﷺથી ઝકાતના જેટલા મક્તૂબ (લખાણો) મરવી છે સૌ આટલે સુધી એકમત છે, ત્યારબાદ ઈખ્તિલાફ છે. ઈમામ શાફઈ رضی اللہ عنہએ ફર્માવ્યું, ત્યાર બાદ દરેક ચાલીસ પર એક બિન્તે લબૂન અને દરેક પચાસ પર એક હિક્કા છે. ત્યારબાદ દરેક ચાલીસ અને દરેક પચાસ પર હિસાબ લાગુ થશે. એટલે કે જો ચાલીસ ઊંટ અધિક થશે તો અધિક એક બિન્તે લબૂન, અને જો પચાસ અધિક થશે તો અધિક એક વધુ હિક્કા થશે. ઈમામ શાફઈની દલીલ આ જ હદીષ છે કે ફર્માવ્યું, **فاذا ازادت على عشرين و مائة ففى كل اربعين بنت لبون و فى خمسين حقة۔** જ્યારે એકસો વીસથી અધિક હોય તો દરેક ચાલીસમાં એક બિન્તે લબૂન અને દરેક પચાસ પર એક હિક્કા છે. પણ આપણો મઝહબ એ છે કે એકસો વીસ પછી દરેક પાંચ ઊંટ પર અધિક એક બકરી, એવું એકસો પીસ્તાળીસ સુધી, એટલે કે બે હિક્કાની સાથે. દા.ત. એકસો પચીસ હોય તો બે હિક્કા અને એક બકરી. એકસો ત્રીસ હોય તો બે હિક્કા અને બે બકરી, એ જ ક્રમમાં આગળ જશે. પછી એકસો પચાસમાં ત્રણ હિક્કા. હવે જો એનાથી વધુ હોય તો જેવો હિસાબ ચાલ્યો હતો તેવું કરે. એટલે કે હવે દરેક પાંચ પર એક બકરી ચોવીસ સુધી. પછી પચીસમાં બિન્તે મખાઝ. છત્રીસમાં બિન્તે લબૂન પીસ્તાળીસ સુધીમાં. અને છેંતાલીસથી સાઈઠ સુધીમાં એક હિક્કા છેવટે સુધી ત્યાં સુધી કે એકસો પચાસમાં ત્રણ હિક્કા અને એક બિન્તે લબૂન. પછી એકસો છન્નુથી બસો સુધીમાં ચાર હિક્કા અથવા પાંચ બિન્તે લબૂન. બસો પછી એ જ તરીકાથી હિસાબ થશે જે એકસો પચાસ પછી ચાલુ થયો છે.

આપણી દલીલ તે હદીષ (ઉમ્દતુલ કારી, ૯/૨૦) છે જેને ઈમામ અબૂ દાઊદે મરાસીલમાં અને ઈમામ ઈસ્હાક બિન રાહવિયહએ પોતાની મુસ્નદમાં અને ઈમામ તહાવીએ મુશ્કિલુલ આષારમાં હમ્માદ બિન સલ્માથી રિવાયત કરી. તેમણે કહ્યું, મૈં કૈસ બિન સઅદને કહ્યું, તે મુહમ્મદ બિન હિઝમનો સહીફો (પત્ર) લાવે. મને એક સહીફો આપ્યો અને બતાવ્યું કે આ અબૂબક્ર બિન મુહમ્મદ બિન અમ્ર બિન હિઝમથી નકલ થયેલ છે. આ તે

مِائَةِ شَاةٌ - فَإِذَا كَانَتْ سَائِمَةُ الرَّجُلِ نَاقِصَةً مِنْ أَرْبَعِينَ

*ખુશીપૂર્વક કાંઈ આપી દે. અને ચાંદીમાં રૂબએ ઉશ્ર*

شَاةً وَاحِدَةً فَلَيْسَ فِيهَا صَدَقَةٌ إِلَّا أَنْ يَشَاءَ رَبُّهَا - وَفِي الرِّقَةِ رُبُعُ

*એટલે ચાલીસમો હિસ્સો છે. અને જો ચાંદી એકસો નેવુ દિરહમ હોય*

الْعُشْرِ فَإِنْ لَمْ تَكُنْ إِلَّا تِسْعِينَ وَمِائَةً فَلَيْسَ فِيهَا شَيْءٌ إِلَّا أَنْ يَشَاءَ رَبُّهَا

*તો એમાં કાંઈ નથી, પણ એ કે માલિક ખુશીથી કાંઈ આપી દે." (બુખારી ૧/૧૯૫, અઝ્ ઝકાત)*

સહીફો છે જે રસૂલુલ્લાહ ﷺએ તેમના દાદાના માટે લખ્યો હતો. તેને વાંચ્યો તો તેમાં ઊંટોની ઝકાતની માત્રા લખી હતી. તેમણે શરૂથી પઢયો ત્યાં સુધી કે ઊંટ એકસો વીસ સુધી પહોંચી જાય, અને જયારે એનાથી વધુ થાય તો પ્રારંભિક માત્રાની તરફ પલટે, એટલે એકસો પચીસથી કમમાં દરેક પાંચ ઊંટમાં એક બકરી.

આપણો મઝહબ આ હદીષથી વિરુદ્ધ નથી. આ હદીષમાં એકસો વીસ અને એકસો સાઈઠના વચ્ચેની માત્રાનો હુકમ વર્ણન થયેલો નથી. અને ઈબ્ને હિઝ્મવાળી હદીષમાં વર્ણન થયેલ છે, તો આ એક ઝિયાદતી (વધારો) છે જે ષિક્હનો છે એટલા માટે સ્વીકારપાત્ર છે. આપણો અમલ બંનેવ હદીષ પર છે. અને હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہએ અમ્ર બિન હિઝ્મવાળી હદીષ પર અમલ તર્ક કર્યો. રહી ગઈ તે પકડો જે અમ્ર બિન હિઝમની આ હદીષ પર કરવામાં આવી છે એ સૌના જવાબો અલ્લામા અયનીએ આપ્યા છે, જેને શોખ હોય અભ્યાસ કરે.

**લતીફો** : ઈમામ બયહકી અને અલ્લામા ઈબ્ને જવઝીએ અમ્ર બિન હઝ્મની હદીષ પર એ જરહ કરી કે એ મુન્કતઅ છે અને ચર્ચા હેઠળની હદીષની સનદ આ પ્રમાણે છે :–

**حدثنی محمد بن عبد الله بن المثنى الانصاری قال حدثنی ابی قال حدثنی ثمامة بن عبد الله بن انس رضی الله تعالیٰ عنه**

"એના પર ઈમામ દારકુત્નીએ તતબ્બુઅ અલસ્સહીહૈનમાં લખ્યું છે : ષમામા બિન અબ્દુલ્લાહે હઝરત અનસથી આ હદીષ નથી સાંભળી, અને ન અબ્દુલ્લાહ બિન મુષન્નાએ ષમામાથી સાંભળી છે. મુક્દસીની એતરાફમાં છે કે ઈમામ ઈબ્ને મુઈનને પૂછવામાં આવ્યું, સદકાઓના બારામાં ષમામા બિન અબ્દુલ્લાહ બિન અનસની હદીષ કેવી છે ? તો ફર્માવ્યું, સહીહ નથી અન્ય કાંઈ નહીં. અને બયહકીની એક રિવાયત અબ્દુલ્લાહ બિન મુષન્ના છે સાહીએ કહ્યું કે આ ઝઈફ અને મુન્કિરુલ હદીષ છે. ઈમામ અબૂ દાઊદે ફર્માવ્યું, હું એની હદીષની રિવાયત નથી કરતો. ઈબ્ને જવઝીએ એની ઝોઅફામાં ગણના કરી. *(ઉમ્દતુલ કારી, ૯/૨૧)*

**فيه ما فيه ـ فاعتبروا يا اولى الابصار**

**وفی ارقة** અસલમાં **ورق** હતું, وَعَدَ ـ عِدَةٌના કાયદાથી "વાવ" હઝફ કરીને છેવટમાં **ھ** વધારી દીધો. એનો અર્થ **الفضة المضروبة** છે, એટલે ચાંદીનો સિક્કો.

**الاتسعين و مائة** : વર્ણન થઈ ચૂક્યું કે ચાંદીનો નિસાબ પાંચ ઔકિયા એટલે બસો દિરહમ છે. જો એનાથી કમ હોય તો ઝકાત વાજિબ નથી. આ એનું જ વર્ણન છે અને એકસો નેવું એ દષ્ટાંતરૂપે છે કેમ કે સોનું (૧૦૦નું) વર્ગીકરણ ૧૦–૧૦માં કરવામાં આવે છે. સોની નીચે નેવુ જ છે એટલે એનું વર્ણન કર્યુ.

حدیث حَدَّثَنِیْ ثُمَامَةُ اَنَّ اَنَسًا حَدَّثَهٗ اَنَّ اَبَا بَکْرٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی

"હઝરત અનસ رضی اللہ عنہ એ હદીષ બયાન કરી કે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ **[હદીષ : ૮૫૭]**

عَنْهُ کَتَبَ لَهٗ الَّتِیْ اَمَرَ اللّٰهُ رَسُوْلَهٗ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ وَ لَا

આ ફર્માનમાં લખ્યું, જેનો અલ્લાહે પોતાના રસૂલ ﷺ ને હુકમ આપ્યો હતો કે ઝકાતમાં વૃદ્ધ અને અયબી

یُخْرَجُ فِی الصَّدَقَةِ هَرِمَةٌ وَّلَا ذَاتُ عَوَارٍ وَّلَا تَیْسٌ اِلَّا مَا شَاءَ الْمُصَدِّقُ

અને બોક (ગામાત બકરો) ન કાઢવામાં આવે પણ એ કે ઉઘરાવનાર ચાહે." (બુખારી, ૧/૧૯૬)

**સમજૂતી : ૮૫૭**

ક્રમ મિશ્કાતમાં આ પ્રમાણે છે : હદીષ–૮૫૫ **هذه فريضة الصدقة** થી લઈને **او شاتين** સુધી શરૂનો ભાગ છે. ત્યારબાદ હદીષ–૮૫૧ **و من بلغت صدقته بنت لبون و ليست عنده** થી **و ليس معه شئی** સુધી છે. પછી તેના બાદ હદીષ–૮૫૫નો **و من بلغت صدقة بنت مخاض و ليست عنده** થી બાકીનો હિસ્સો **و فی صدقة الغنم سائمتها** થી **الا ان يشاء ربها** સુધી છે. પછી આ હદીષ–૮૫૭ **و لا يخرج۔ ما شاء المصدق** સુધી છે. પછી હદીષ–૮૫૨ **و لا يجمع بين متفرق** છે, પછી હદીષ–૮૫૩ **و ما كان من خليطين** છે. ત્યારબાદ હદીષ–૮૫૫નો બાકીનો હિસ્સો **و فی ارقة** છેવટ સુધી છે.

આ હદીષનો સાર એ છે કે ઝકાતમાં અયબી તથા બેકાર વૃદ્ધ અને તે નર જેનાથી સંભોગ કરાવવામાં આવતો હોય, નહીં લેવામાં આવે. **هرمة** એ વૃદ્ધ જાનવર જેનાં દાંત પડી ગયા હોય, જે ઉમરની આખરી મંઝિલમાં હોય. **ذات عوار عيبی** અયબ એટલે કે એમાં એવી અયબ જેના કારણે સોદામાં પરત કરવાનો અધિકાર હોય. અથવા એવો કે જેના કારણે કુર્બાની સહીહ ન થાય. **عوار** અયનના કસરા (ઝેર)ની સાથે, કાણાપણુ. **ذات عوار** કાણુ **تيس** બકરો. જેનાથી સંભોગનું કામ લેવામાં આવતું હોય. **مصدق** દાલના ફતહા (ઝબર)ની સાથે ઈસ્મે મફઉલ–જેનાથી સદકો લેવામાં આવે. દાલના કસરા (ઝેર)ની સાથે ઈસ્મે ફાઈલ, એટલે ઝકાત વસૂલ કરનાર.

જે રીતે ઝકાતમાં ઉમદા જાનવર લેવું મના છે એ જ પ્રમાણે અયબદાર લેવું પણ મના છે, બલ્કે અયબ વિનાનું મધ્યમ કક્ષાનું લેવામાં આવશે.

અલ્લામા તયબીએ ફર્માવ્યું કે **الا ما شاء المصدق** માં અપવાદ મુન્કતઅ છે. હવે મતલબ એ થયો કે ઘણુ વૃદ્ધ, અયબદાર અને બોક (સંભોગ કરાવવા રાખેલ) ન આપે, તે જ આપે જે ઝકાત વસૂલ કરનાર ચાહે. અને જાહેર છે કે હદીષના હુકમાનુસાર તે મધ્યમ કક્ષાનુ અયબ વિનાનુ જાનવર માગશે. એક ખુલાસો એ પણ છે કે દા.ત. કુલ જાનવરો અયબદાર છે તો અયબદાર લેશે. હવે મતલબ એ થયો કે અયબદાર ન આપે પણ જ્યારે સદકો વસૂલ કરનાર ચાહે. અને તે ક્યારે ચાહશે ? જ્યારે સર્વ જાનવરો અયબદાર હશે. એની પણ સંભાવના છે કે આ અપવાદ કેવળ ત્રીસથી હોય. મતલબ એ થયો કે બોક (સંભોગ માટેનો બકરો) ફકીરો તથા મિસ્કીનોના કામનો નથી, એ બદબૂદાર હોય છે, ખાઈ નથી શકાતુ. ફકીરો એને લઈને શું કરશે ! પણ ક્યારેક એની જરૂરત હોય છે, દા.ત. સદકાના પ્રાણીઓને સંભોગ કરાવવાનો છે તો જો સદકો આપનાર કોઈ મસ્લેહત તથા ફાયદો એને લેવામાં જાણે તો લઈ શકે છે.

حدیث ۸۵۸ عَنْ اَبِیْ ذَرٍّ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ اِنْتَھَیْتُ اِلَیْہِ یَعْنِی النَّبِیَّ

"હઝરત અબૂઝર رضی اللہ عنہએ ફર્માવ્યું, હું નબી ﷺની ખિદમતમાં હાજર થયો **[હદીષ : ૮૫૮]**

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ وَالَّذِیْ نَفْسِیْ بِیَدِہٖ اَوْوَالَّذِیْ لَا اِلٰہَ

તો ફર્માવ્યું, ક઼સમ છે તે જાતની જેના ક઼બજામાં મારી જાન છે, અથવા ક઼સમ છે તે જાતની જેના સિવાય અન્ય

غَیْرُہٗ اَوْکَمَا حَلَفَ مَا مِنْ رَجُلٍ تَکُوْنُ لَہٗ اِبِلٌ اَوْ بَقَرٌ اَوْ غَنَمٌ لَا یُؤَدِّیْ حَقَّھَا اِلَّا

કોઈ મઅબૂદ નથી, અથવા જે રીતે પણ ક઼સમ ખાધી હોય, જે કોઈની પાસે ઊંટ અથવા ગાય અથવા બકરી

اُتِیَ بِھَا یَوْمَ الْقِیٰمَۃِ اَعْظَمَ مَا تَکُوْنُ وَاَسْمَنَہٗ تَطَؤُہٗ بِاَخْفَافِھَا وَتَنْطَحُہٗ

હોય અને તેનો હક઼્ક઼ ન અદા કરતો હોય તો ક઼યામતના દિવસે તે જાનવર અધિક વધુ તગડુ લાવવામાં આવશે

بِقُرُوْنِھَا کُلَّمَا جَازَتْ عَلَیْہِ اُخْرٰھَا رُدَّتْ عَلَیْہِ اُوْلَاھَا حَتّٰی یُقْضٰی بَیْنَ النَّاسِ

અને તે પોતાના માલિકને પોતાની ખરીઓ વડે કચડશે અને પોતાની શીંગો વડે મારશે, જ્યારે પાછલી ટોળી

આગળ વધી જશે તો પહેલીવાળી આવશે (સતત એવું થતુ રહેશે) ત્યાં સુધી કે બંદાઓ વચ્ચે ફેંસલો થઈ

જાય." (બુખારી, ૧/૧૯૮, અઝ્ ઝકાત, મુસ્લિમ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ–ઝકાત સૌમાં)

**સમજૂતી : ૮૫૮**

**انتھیت** એના કહેનારા અબૂઝર છે. મતલબ એ છે કે હઝરત અબૂઝર કહી રહ્યા છે કે હું નબી ﷺની ખિદમતમાં હાજર થયો.

**او کما حلف** એટલે એ તો નક્કી છે કે હુઝૂરે અક઼દસ ﷺએ ક઼સમ ખાધી પણ શબ્દો કયા હતા એ રાવી યાદ ન રાખી શક્યા.

**لا یؤدی حقھا** હક઼્ક઼થી મુરાદ ઝકાત છે જેવું કે મુસ્લિમ તથા તિર્મિઝીની રિવાયતમાં **حقھا**ની જગાએ **زکوتھا**ની સ્પષ્ટતા છે.

આ હદીષ એની દલીલ છે કે ગાયમાં પણ ઝકાત છે, અલ્બત્ત એની વિગત બુખારીમાં વર્ણન કરેલ નથી. ક્યાં તો એ કારણે કે ઈમામ બુખારીને એવી કોઈ હદીષ ન મળી, અથવા એ કારણે કે એ એમના નજીક સહીહ ન હતી. ઝકાત કેવળ ત્રણ પ્રકારનાં જાનવરો પર વાજિબ છે : ઊંટ, ગાય તથા બકરી. ગાયમાં ભેંસ પણ સામેલ છે. બંનેની જાતિ છે, જેવું કે અલ્લામા દમીરીએ હયાતુલ હયવાનાતમાં સ્પષ્ટતા કરી છે. બકરી, ઘેટુ, દુંબો, ઝકાતમાં એક જ હુકમમાં છે.

حدیث ۸۵۹ عَنْ اِسْحٰقَ بْنِ عَبْدِ اللّٰهِ بْنِ اَبِیْ طَلْحَةَ اَنَّهٗ سَمِعَ اَنَسَ بْنَ

[હદીષ : ૮૫૯] "હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે હઝરત અબૂ તલ્હા મદીનામાં તમામ

مَالِكٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ یَقُوْلُ كَانَ اَبُوْ طَلْحَةَ اَكْثَرَ الْاَنْصَارِ

અન્સારથી વધુ માલદર હતા. તેમની પાસે સૌથી વધુ ખજૂરોના બાગો હતા અને તમામ માલોમાં તેમને સૌથી

بِالْمَدِیْنَةِ مَالًا مِّنْ نَّخْلٍ وَّكَانَ اَحَبُّ اَمْوَالِهٖ اِلَیْهِ بِیْرَحَاءَ وَكَانَتْ

વધુ મહબૂબ "બિરહાઅ્" હતો અને એ મસ્જિદની સામે હતો અને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એમાં જતા હતા અને

مُسْتَقْبِلَةَ الْمَسْجِدِ وَكَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ

એમાં ઘણુ જ ઉમદા પાણી હતું એને પીતા હતા. હઝરત અનસે ફર્માવ્યું, જ્યારે આ આયત નાઝિલ થઈ,

یَدْخُلُهَا وَیَشْرَبُ مِنْ مَّاءٍ فِیْهَا طَیِّبٍ ۔ قَالَ اَنَسٌ فَلَمَّا اُنْزِلَتْ

"તમે લોકો કદી પણ નેકી નહીં હાંસલ કરી શકો જ્યાં સુધી પોતાની પસંદીદા ચીજોમાંથી ખર્ચ ન કરો."

هٰذِهِ الْاٰیَةُ لَنْ تَنَالُوا الْبِرَّ حَتّٰی تُنْفِقُوْا مِمَّا تُحِبُّوْنَ ۔ قَامَ اَبُوْ طَلْحَةَ

તો અબૂ તલ્હા ઉઠયા અને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ !

اِلٰی رَسُوْلِ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ فَقَالَ یَا رَسُوْلَ اللّٰهِ اِنَّ

صلی اللہ علیہ وسلم બેશક ! અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે, તમે લોકો કદી પણ નેકી નહીં હાંસલ કરી શકો જ્યાં

## સમજૂતી : ૮૫૯

بیرحاء માં વિવિધ લુગતો (શાબ્દિક અર્થો) રિવાયત થયેલા છે. બાજીએ કહ્યું સૌથી ફસીહ બાઅ્ને (با) ઝબર, યા (یا)ને જઝમ, રા (راء)ને ઝબર મદ વિના છે. એના સનઆનીએ પણ યકીન કર્યું અને કહ્યું કે فیعل ના વજન પર براحથી બનેલ છે. એ ખજૂરોનો એક અઝીમુશ્શાન બાગ હતો જેમાં એક કૂવો પણ હતો. બાગ તો જમાનાની તકલીફોથી ખતમ થઈ ગયો, અલ્બત્ત એ મુબારક કૂવો અત્યારે પણ બાકી છે. બાબે મજીદીની સામે ઉત્તર બાજુ થોડા અંતરે છે. હઝરત અનસના આ ઈર્શાદ مستقبلة المسجد થી મુરાદ એ જ છે કે મસ્જિદની સામે થોડા અંતરે છે. કેટલાક લોકોનો ખયાલ એ છે કે આ શબ્દ بیرحاء છે ઈઝાફી તરકીબની સાથે. એટલે કે એ એક કૂવો છે જેનું નામ હાઅ (حاء) હતું. અહીં બુખારીના એક નુસ્ખામાં પણ એ જ છે. શક્ય છે કે એ બાગમાં જે કૂવો હતો તેનું નામ "હાઅ" રહ્યું હોય, અને એના નામ પર પૂરા બાગનું નામ રાખી દેવામાં આવ્યું હોય. નહીં તો એ હકીકતમાં એક બાગ હતો. જેવું કે ખૂદ બુખારીમાં જ કિતાબુલ અશ્રબાની એક રિવાયતમાં ખૂદ હઝરત અનસનો કૌલ વર્ણન થયેલ છે : وکانت حدیقة તે એક બાગ હતો. ખૂદ આ રિવાયતનો આ શબ્દ من ماء فیها طیب "હુઝૂર તેના ઉમદા પાણીને પીતા હતા જે એમાં હતું" એના પ્રતિ નિર્દેશ કરે છે. હઝરત અબૂ તલ્હાએ એ બાગ પોતાના બની અમ્મ (કાકાના પુત્ર) હઝરત હસ્સાન બિન ષાબિત અને હઝરત ઉબય બિન કઅબ رضی اللہ عنہما ને

اللّٰہ تبارک وتعالیٰ یقول لن تنالوا البر حتی تنفقوا مما تحبون

*સુધી પોતાની પસંદીદા ચીજોમાંથી કાંઈ ખર્ચ ન કરો. અને મારા માલોમાં મને સૌથી પસંદીદા "બિરહાઅ્"*

وان احب اموالی الی بیرحی وانھا صدقۃ للّٰہ ارجو برھا وذخرھا

*છે અને તે અલ્લાહના માટે સદક઼ો છે. હું ઉમ્મીદ કરું છું કે મને એનો સવાબ મળશે અને અલ્લાહની હુઝૂરમાં*

عند اللّٰہ فضعھا یا رسول اللّٰہ حیث اراک اللّٰہ قال فقال رسول

*ઝખીરો થશે. યા રસૂલલ્લાહ ! ﷺ જ્યાં અલ્લાહ આપના જીવમાં નાખે ત્યાં એને ખર્ચ કરો. તો રસૂલુલ્લાહ*

اللّٰہ صلی اللّٰہ تعالیٰ علیہ وسلم بخ ذلک مال رابح ذلک مال رابح وقد سمعت ما

*ﷺએ ફર્માવ્યું, શાબાશ ! આ ફાયદો આપનારો માલ છે ! આ ફાયદો આપનારો માલ છે ! અને તમે જે*

قلت وانی اری ان تجعلھا فی الاقربین فقال ابو طلحۃ افعل

*કાંઈ કહ્યું તે મેં સાંભળી લીધું અને હું એ યોગ્ય જાણુ છું કે તેને પોતાના નિકટના સંબંધીઓને આપી દો. અબૂ*

یا رسول اللّٰہ فقسمھا ابو طلحۃ فی اقاربہ وبنی عمہ وقال یحیی

*તલ્હાએ અર્ઝ કરી, એવું જ કરું છું. હવે અબૂ તલ્હાએ તેને સૌથી નિકટના સગાઓ તથા પિત્રાઈ ભાઈઓમાં*

بن یحیی واسمعیل عن مالک رایح بالیاء ؁

*વહેંચી કાઢયો. યહ્યા બિન યહ્યા અને ઈસ્માઈલે ઈમામ માલિકથી જ "રાબિહ"ને બદલે "રાયિહ" રિવાયત કર્યું છે.*

આપ્યો હતો. (બુખારી ૧/૩૮૫ વસાયા) હઝરત હસ્સાન તથા હઝરત અબૂ તલહાનો વંશવેલો ત્રીજી પેઢી હરામ બિન અમ્ર પર મળી જાય છે. અને હઝરત ઉબય બિન કઅબનો છટ્ટી પેઢી અમ્ર બિન માલિક બિન નજાર પર મળતો હતો. હઝરત અબૂ તલ્હાનુ નસબનામુ (વંશવેલો) આ પ્રમાણે છે : તેમનું નામ ઝયદ હતું. ઝયદ બિન સહલ બિન અલ અસ્વદ બિન હરામ બિન અમ્ર બિન ઝયદ બિન મનાત બિન અદી બિન અમ્ર બિન માલિક બિન નજાર. અને હઝરત હસ્સાનનો આ પ્રમાણે છે : હસ્સાન બિન ષાબિત અલ્મુન્ઝર બિન હરામ બિન અમ્ર. અને હઝરત ઉબયનો આ પ્રમાણે છે : ઉબય બિન કઅબ બિન કૈસ બિન ઓબૈદ બિન ઝયદ બિન મુઆવિયા બિન અમ્ર બિન માલિક બિન નજાર.

**મસાઈલ** : આ આયતે કરીમા નફલ સદક઼ાઓના બારામાં છે એ જ તેહકીક઼ છે. આમ તો એક ક઼ૌલ એ છે કે પ્રારંભમાં આ જ હુકમ હતો તે ઝકાતથી મન્સૂખ થઈ ગયો. પણ એ ત્યારે સહીહ થશે કે એ સ્વીકારી લેવામાં આવે કે ઝકાત મદીનામાં ફર્ઝ થઈ, એટલા માટે કે સૂરએ આલે ઈમરાન મદની છે.

**પ્રકરણથી સામ્યતા** : અહીં પ્રકરણ આ પ્રમાણે છે : સગાઓ પર ઝકાત એટલે કે સગાંઓને ઝકાત આપવી જાઈઝ છે કે નથી ? જાહેરી રીતે હઝરત ઈમામ બુખારીનો હેતુ એ જણાય છે કે જાઈઝ છે. અને એજ સહીહ છે. અમુક થોડાક સગાંઓને છોડીને સામ્યતાની તક઼રીર (ચર્ચા) જે ઝયન બિન મુનીરે કરી છે તે આ

حدیث ۸۶۰ عَنْ اَبِیْ ھُرَیْرَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰہُ

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે મુસલમાન પર તેના ઘોડા તથા ગુલામમાં* **[હદીષ : ૮૬૦]**

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ لَیْسَ عَلَی الْمُسْلِمِ فِیْ فَرَسِہٖ وَغُلَامِہٖ صَدَقَۃٌ عمہ

*ઝકાત નથી." (બુખારી ૧/૧૯૭ ઝકાત, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજહ, સૌમાં ઝકાત)*

પ્રમાણે છે કે, આ હદીષથી માલૂમ પડયું, નફલ સદકો સગાંને આપવાથી ડબલ સવાબ છે, તો વાજિબ સદકામાં પણ એ જ હશે. અને હદીષમાં વાજિબ સદકાનું વર્ણન ન હોવું નુકસાનકર્તા નથી, એટલા માટે કે હેતુ બંનેમાં સવાબ છે. જ્યારે નફલ સદકો સગાંને આપવાથી સવાબમાં કમી નથી આવતી તો વાજિબ સદકામાં કમી આવવાનુ કોઈ કારણ નથી. જ્યારે કે તેઓ (સગાં) વાજિબ સદકાનાં (ઝકાતનાં) હક્કદારો હોય. આ હદીષથી સાબિત થયું કે મુત્લક વકફ સહીહ છે ભલે તેની સબીલ બયાન ન કરે, બાદમાં નિશ્ચિત કરે. આ પરથી એ પણ જાણવા મળ્યું કે સદકો ચાહે નફલ હોય ચાહે વાજિબ, જો પોતાના સગાં જરૂરતમંદ હોય તો તેમને આપવું અફઝલ છે.

**وقال یحی بن یحی** : યહ્યા બિન યહ્યા નિશાપૂરી અને ઈસ્માઈલ બિન ઉવૈસે હઝરત માલિકથી જ **مال رابح**ના બદલે **مال رایح** યા (یاء)ની સાથે રિવાયત કરેલ છે. યહ્યા બિન યહ્યા નિશાપૂરીની રિવાયત કિતાબુલ વકાલતમાં અને ઈસ્માઈલ બિન અબી ઉવૈસની રિવાયત તફસીરમાં છે. અબ્દુલ્લાહ બિન મુસ્લિમા કજનીની રિવાયત કિતાબુલ અશરબામાં શકની સાથે છે : **رابح** અને **رایح** રાબિહની રિવાયત સ્પષ્ટ છે ત્યાં સુધી કે ઈસ્માઈલીએ એ દાવો કર્યો કે રાયિહ યાએ તહતાનિયહની સાથે ગલત છે, તેમ છતાં શારેહીને એની સ્પષ્ટતા કરી છે.

ઈબ્ને બત્તાલે કહ્યું, એ અર્થ છે કે એનું અંતર નજીક છે અને બેહતરીન માલોમાંથી છે. અને એક કથન એ છે કે એનો સવાબ સવાર સાંજ મળશે.

## સમજૂતી : ૮૬૦

ઘોડાઓ જો સવારી અથવા બોજ લાદવા માટે છે તો એમાં ઈજમાઅ સાથે ઝકાત નથી અને જો વેપારના માટે હોય તો એમાં ઝકાત છે. એ જ પ્રમાણે ગુલામ પણ જો વેપારના માટે હોય તો એમાં ઝકાત છે. ઘોડાઓ જો ચરાઈ પર હોય પેદાઈશ વગેરેના માટે, તો જમહૂર ઈમામોની નજીક ઝકાત નથી, ત્યાં સુધી કે ઈમામ અબૂ યૂસુફ અને ઈમામ મુહમ્મદ પણ એવું જ ફર્માવે છે. અને એના પર જ આપણે ત્યાં ફત્વો અપાય છે. એ હઝરાતની દલીલ ચર્ચા હેઠળની હદીષ છે. જેવું કે કાઝીખાન (૧/૧૭૪ ઝકાત)માં છે : સૈયદોના ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે કે એમાં ઝકાત છે. એમની દલીલ તે હદીષ છે જેને ઈમામ બુખારી (૨/૭૪૧ તફસીરે સૂરએ ઝિલઝાલ), ઈમામ મુસ્લિમ (૧/૩૧૯ ઝકાત), તહાવી (શરહે મઆનિયુલ આષાર–ઝકાત, ૨૬૦) અને બઝ્ઝારે એ જ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી :–

**الخیل لرجلٍ اجرولرجل ستر وعلی رجل وزر یتس حق اللہ فی رقا بھا وظھورھا فھی لذ لك ستر**

"ઘોડો કોઈના માટે અજર (બદલો) છે કોઈના માટે પડદો છે અને કોઈના પર વબાલ છે. અને જેણે ઘોડાને માલદારી અને પાકદામનીના માટે બાંધ્યો પછી તેની જાત અને પીઠમાં અલ્લાહનો જે હક્ક છે તે ન ભૂલ્યો તેના માટે પર્દો છે."

આ હદીષથી જાણવા મળ્યું કે ઘોડામાં પણ અલ્લાહનો હક્ક છે અને તે કેવળ ઝકાત જ છે. એટલા માટે જ એ હક્કના અદા કરવા પર "સતર" (પર્દા)નો ઉલ્લેખ કર્યો, એટલે તે જહન્નમથી આડ થશે. એટલા માટે કે

حدیث ۸۶۱ حَدَّثَنَا عَطَاءُ بْنُ يَسَارٍ أَنَّهُ سَمِعَ أَبَا سَعِيدٍ الْخُدْرِيَّ رَضِيَ اللهُ

''હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ આ હદીષ વર્ણન કરે છે કે નબી صلی اللہ علیہ وسلم **[હદીષ : ૮૬૧]**

تَعَالَى عَنْهُ يُحَدِّثُ أَنَّ النَّبِيَّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ جَلَسَ ذَاتَ

*એક દિવસ મિમ્બર પર રોનક અફરોઝ થયા અને અમે હુઝૂરની આસપાસ બેઠા તો ફર્માવ્યું, મારા બાદ*

يَوْمٍ عَلَى الْمِنْبَرِ وَجَلَسْنَا حَوْلَهُ فَقَالَ إِنَّا مِمَّا أَخَافُ عَلَيْكُمْ مِنْ

*તમારા લોકો પર એનો અંદેશો છે કે તમારા પર દુનિયાની તરો તાઝગી અને ઝીનત ખોલી દેવામાં આવશે.*

بَعْدِي مَا يُفْتَحُ عَلَيْكُمْ مِنْ زَهْرَةِ الدُّنْيَا وَزِيْنَتِهَا فَقَالَ رَجُلٌ يَا

*એના પર એક શખ્સે કહ્યું, યા રસૂલલ્લાહ ! શું ભલાઈ, બુરાઈ લાવશે ! આ સાંભળીને હુઝૂર ખામોશ રહ્યા.*

શારેઅની વાતથી એ જ પ્રદર્શિત થાય છે. તેમજ ''સતર''નો એ અર્થ કે એનાથી પછી નેઅમત પ્રદર્શિત થાય તે જો હક્ક઼ અદા ન કરે તો પણ હાંસલ છે. તદ્ઉપરાંત ઈમામ તહાવી (શરહે મઆનિયુલ આષાર, ૧/૨૬૦ ઝકાત), ઈમામ દારકુત્ની (ઉમ્દતુલ ક઼ારી,૯/૩૭) ઈસ્માઈલ બિન ઈસ્હાક઼ ક઼ાઝી અને અબૂ અમ્રએ તમ્હીદમાં હઝરત સાઈબ બિન યઝીદ رضی اللہ عنہથી રિવાયત કરી. તે કહે છે કે મેં મારા પિતાને જોયા કે તે ઘોડાઓની કિંમત લગાડતા અને તેની ઝકાત હઝરત ઉમર બિન ખત્તાબને આપતા. તેમજ અબૂબક્ર બિન શયબા (ઉમ્દતુલ ક઼ારી, ૯/૩૭)એ સાઈબ બિન અખત નમરાથી રિવાયત કરી કે તે ઘોડાના સદક઼ાઓ હઝરત ઉમર બિન ખત્તાબની પાસે લાવતા હતા. એને લહી બિન મુખલ્લદે પોતાની મુસ્નદમાં પણ વર્ણવ્યું. અલ્લામા અબૂ અમ્રએ ફર્માવ્યું, એ હદીષ કે હઝરત ઉમર ઘોડાઓની ઝકાત લેતા હતા એ સહીહ છે. તેમજ તેમણે જ રિવાયત કર્યું કે હઝરત ઉમરે મઅલા બિન મુર્રાથી ફર્માવ્યું, દરેક ચાલીસમાં એક એક બકરી લે અને ઘોડામાં કાંઈ લે, દરેક ઘોડામાં એક દીનાર લે.

ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ે (ફત્હુલ ક઼દીર, ૨/૧૩૮) ઈબ્ને જરીહના તરીક઼ાથી ઈબ્ને શહાબ ઝુહરીથી રિવાયત કરી કે હઝરત ઉષ્માન ઘોડાની ઝકાત લેતા હતા.

ચર્ચા હેઠળની હદીષમાં મુરાદ તે ઘોડો છે જે જેહાદ, સવારી અથવા બોજ ઉઠાવવા માટે હોય, એમાં એકમતિએ ઝકાત નથી કારણ કે તે હાજતની ચીજોમાંથી છે.

અને તિર્મિઝીમાં જે આવ્યું છે કે ફર્માવ્યું, ''મેં ઘોડાઓ તથા ગુલામની ઝકાત માફ કરી આપી, ચાંદીની ઝકાત લાવો.'' એનાથી પણ જેહાદ તથા સવારીનો ઘોડો મુરાદ છે.

## સમજૂતી : ૮૬૧

કિતાબુર્રિક઼ાક઼માં પ્રારંભિક હિસ્સો આ છે : સૌથી વધુ તમારા ઉપર જે ચીજનો મને અંદેશો છે તે એ છે કે અલ્લાહ તમારા માટે જમીનની બરકતો કાઢશે. અર્ઝ કરવામાં આવી, જમીનની બરકતો શું છે ? ફર્માવ્યું, દુનિયાની તરોતાઝગી. કિતાબુલ જેહાદમાં આટલુ વધુ છે : જ્યારે એ સાહબે સવાલ કર્યો, શું ભલાઈ બુરાઈ લાવશે ? તો અમે કહ્યું કે હુઝૂરની તરફ વહી કરવામાં આવી રહી છે, અને લોકો ચુપ થઈ ગયા જાણે કે એમનાં

رَسُوْلَ اللّٰہِ اَوَیَاْتِی الْخَیْرُ بِالشَّرِّ فَسَکَتَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی

એને કહેવામાં આવ્યું, તારો શો હાલ છે ?! તું નબી ﷺ સાથે વાત કરે છે ! અને તે તારાથી વાત નથી કરતા.

عَلَیْہِ وَسَلَّمَ فَقِیْلَ لَہٗ مَا شَاْنُکَ تُکَلِّمُ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ

હવે અમને દેખાડવામાં આવ્યું કે હુઝૂર પર વહી ઉતરી રહી છે. હુઝૂરે પરસેવો લૂછયો

وَسَلَّمَ وَلَا یُکَلِّمُکَ فَرُئِیْنَا اَنَّہٗ یُنْزَلُ عَلَیْہِ قَالَ فَمَسَحَ عَنْہُ الرُّ

અને ફર્માવ્યું, પ્રશ્ન કરનાર ક્યાં છે ? અને જાણે હુઝૂરે તેની પ્રશંસા કરી, હવે ફર્માવ્યું,

حَضَاءَ وَقَالَ اَیْنَ السَّائِلُ وَکَاَنَّہٗ حَمِدَہٗ فَقَالَ اِنَّہٗ لَا یَاْتِی الْخَیْرُ

ભલાઈ બુરાઈ નથી લાવતી. જુઓ વસંત જે ઘાસ ઉગાડે છે તે મારી નાખે છે અથવા બીમાર

اَکَلَتْ حَتّٰی اِذَا امْتَدَّتْ خَاصِرَتَاھَا اِسْتَقْبَلَتْ عَیْنَ الشَّمْسِ

પાડી દે છે તે જાનવર સિવાય જે લીલોતરી ખાય, અને જ્યારે તેની કૂખો ભરાઈ જાય તો સૂરજની તરફ મોં

فَثَلَطَتْ وَبَالَتْ وَرَتَعَتْ وَاِنَّ ھٰذَا الْمَالَ خَضِرَۃٌ حُلْوَۃٌ فَنِعْمَ

કરી લે, લીડ કરે અને પેશાબ કરે અને ચરે. બેશક ! આ માલ હરીયાળો તથા મીઠો છે. સારો

صَاحِبُ الْمُسْلِمِ مَا اَعْطٰی مِنْہُ الْمِسْکِیْنَ وَالْیَتِیْمَ وَابْنَ السَّبِیْلِ

મુસલમાન તે છે જે એમાંથી મિસ્કીન તથા યતીમ અને મુસાફિરને આપે. અથવા જેવું

اَوْ کَمَا قَالَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ وَاِنَّہٗ مَنْ یَّاْخُذُہٗ

નબી ﷺએ ફર્માવ્યું, અને જે માલ નાહક્ક લે છે તે એવો છે કે ખાય છે પણ તેનું

માથાંઓ પર ચકલીઓ બેઠી છે. ફરાઝે કહ્યું કે ઈમામ બુખારીએ આ હદીષમાં આદત પ્રમાણે ટૂંકાણ તથા હઝફથી કામ લીધુ છે. انه ينزل عليه પછી الوحی મહઝૂફ છે. એ જ પ્રમાણે ان مما ينبت الربيع يقتل او يلم માં يقتلથી પહેલાં ما અને يقتل પછી حبطا મહઝૂફ છે. એટલા માટે કે يقتل મફઉલ બિહિ છે અને ફેઅલે મઝારેઅ મફઉલ બિહિ નથી હોઈ શકતો. અનાયાસે ما મેહઝૂફ માનવુ પડશે એ જ પ્રમાણે ઘાસ ખૂદ કાતિલ નથી, પણ વધુ માત્રામાં ચરી લેવું કે અપચો થઈ જાય એ કાતિલ છે. حبطاનો અર્થ પેટ ફૂલવું છે. આ એક પ્રકારની બીમારી છે જે પાલતુ પશુઓને થઈ જાય છે.

આ હદીષમાં હુઝૂરે અક્દસ ﷺએ દર્સ આપ્યો છે કે માલ જાતે પોતે ભલી તથા સારી ચીજ છે એ શરતે કે હલાલ ઝરીયાથી હાંસલ કરવામાં આવે, અને એમાં જે અલ્લાહના હક્કો તથા બંદાના હક્કો છે તેને અદા કરવામાં આવે. અને જો માલ એવા ઝરીયાથી હાંસલ કરવામાં આવે જે હરામ હોય અથવા એના સંબંધે વાજિબ હક્કો ન અદા કરવામાં આવે, તો બાહ્ય ખરાબીના કારણે બુરાઈ છે.

بِغَيْرِ حَقِّهٖ كَالَّذِيْ يَاْكُلُ وَلَا يَشْبَعُ وَيَكُوْنُ شَهِيْدًا عَلَيْهِ يَوْمَ

*પેટ નથી ભરાતુ અને માલ તેની વિરુદ્ધ*

الْقِيٰمَةِ ؏ـه

*કયામતના દિવસે ગવાહી આપશે."*

*(બુખારી ૧/૧૯૭, અઝ્ ઝકાત, ૧/૧૨૫ કિતાબુલ જુમ્આ, ૧/૩૯૮ જેહાદ, ૨/૯૫૧ અર્રિકાક, મુસ્લિમ–ઝુહદ, નિસાઈ–ઝકાત, ઈબ્ને માજહ–ફિતન, મુસ્નદે ઈમામ અહમદ, ૩/૭)*

જેમ કે ઘાસ દરેક પ્રકારની ઊગે છે કેટલીક ચારાના માટે કેટલીક અન્ય કામોના માટે અને કેટલીક ઘાસ જાનવરો માટે નુકસાનકર્તા છે. અલ્લાહ ﷻએ ચોપગાંઓને એ તમીઝ અતા ફર્માવી છે કે તેઓ સૂંઘીને માલૂમ કરી લે છે કે કઈ ચારાના કામની છે અને કઈ નહીં. અને કેટલી હજમ થશે. જે જાનવર આ ખુદાદાદ ફરકની શક્તિથી કામ લઈને ચરે છે તે તંદુરુસ્ત તાજા રહે છે અને જે અંધાધુંધ દરેક લીલોતરી પર મોંઢુ મારે છે તો ક્યાં તો તે હજમની માત્રાથી વધુ ચરી લે છે, ક્યાં તો તે મરી જાય છે કે બીમાર પડી જાય છે.

એ જ પ્રમાણે **અલ્લાહ ﷻએ માલ પેદા કર્યો અને માનવ જીવનનો પાયો એના પર રાખ્યો. પોતાના ફઝ્લો કરમથી માનવીને બુદ્ધિ આપી, તમીઝ આપી, પછી રસૂલ મોકલીને હરામ તથા હલાલ બતાવી આપ્યું અને માલના વિશે સર્વ હક્કો વર્ણન કરી આપ્યા. જે શખ્સ ખુદાદાદ કમાવાની શક્તિથી કામ લઈને હલાલ તરીકાથી માલ હાંસલ કરે છે પછી તેના હક્કો અદા કરે છે તે દારૈન (બંને હાજનમાં) કામયાબ છે. અને જે ન હલાલની પરવા કરે ન હરામની, અને એના સંબંધોના હક્કો પણ અદા ન કરે તે બંને જગાએ નુકસાનમાં છે.**

**و یکون علیھم شھیدا** : જે નાહક્ક માલ હાંસલ કરે છે એ માલ કયામતના દિવસે એના વિરુદ્ધ ગવાહી આપશે અથવા તો એને બોલવાની શક્તિ મળશે અને તે વાત કરશે, નહીં તો એટલુ તો જાહેર જ છે કે કિરામન કાતિબીને જે લખ્યું છે તે રજૂ થશે, એમાં સર્વ કાંઈ લખેલું છે.

**ફાયદો** : અલ્લામા કિર્માનીએ ફર્માવ્યું કે આ હદીષથી જાહેર થાય છે કે માલદારી ફકીરીથી અફઝલ છે. લગભગ એમની દલીલ હદીષના આ ભાગથી છે : **ان هذا المال خضرة حلوة فنعم صاحب المسلم** બેશક ! એ માલ હરીયાળો અને મીઠો છે. માલદાર મુસલમાન સારો છે. પણ અલ્લામા મુહલબ ફર્માવે છે કે આ હદીષથી એ જાહેર થાય છે કે ફકીરી માલદારીથી અફઝલ છે. એમની દલીલ લગભગ હદીષના પ્રારંભિક ઈર્શાદથી છે કે ફર્માવ્યું : **مما اخاف علیکم من بعدی ما یفتح الله علیکم من زهرة الدنیا و زینتها۔** મારા પછી હું તમારા લોકો માટે જે ચીજથી અંદેશો મેહસૂસ કરું છું તે દુનિયાની તરોતાઝગી અને ઝીનત છે જે તમારા માટે વિસ્તારી દેવામાં આવશે. હુઝૂરે અક્દસ ﷺનો અંદેશો કોઈ અફઝલ ચીજથી નથી હોઈ શકતો. અલ્લાહ બેહતર જાણનાર છે.

حدیث ۸۶۲ عَنْ زَيْنَبَ امْرَأَةِ عَبْدِ اللّٰهِ قَالَتْ كُنْتُ فِى الْمَسْجِدِ فَرَأَيْتُ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદનાં પત્ની હઝરત ઝયનબ رضی اللہ عنہا એ કહ્યું, **[હદીષ : ૮૬૨]**

النَّبِىَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ تَصَدَّقْنَ وَلَوْ مِنْ حُلِيِّكُنَّ

હું મસ્જિદમાં હતી એવામાં નબી صلی اللہ علیہ وسلم ને મેં જોયા અને હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો, હે ઔરતો ! સદક઼ો કરો ! ભલે

وَكَانَتْ زَيْنَبُ تُنْفِقُ عَلٰى عَبْدِ اللّٰهِ وَاَيْتَامٍ فِى حَجْرِهَا فَقَالَتْ

તમારાં ઘરેણાઓ વડે. અને ઝયનબ પોતાના (પતિ) અબ્દુલ્લાહ અને અમુક યતીમો પર ખર્ચ કરતાં હતાં જે

لِعَبْدِ اللّٰهِ سَلْ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَيَجْزِىْ عَنِّىْ

એમની પરવરિશમાં હતા. હવે ઝયનબે અબ્દુલ્લાહને કહ્યું, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી પૂછો, શું સદક઼ા કરતાં એ

اَنْ اُنْفِقَ عَلَيْكَ وَعَلٰى اَيْتَامٍ فِىْ حَجْرِىْ مِنَ الصَّدَقَةِ فَقَالَ سَلِىْ

પૂરતુ છે કે તમારા પર અને તે યતીમો પર જે મારી પરવરિશમાં છે ખર્ચ કરું છું ? તો તેમણે કહ્યું, તમે જ

اَنْتِ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَانْطَلَقْتُ اِلٰى رَسُوْلِ

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને પૂછો ! હવે હું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની તરફ ચાલી તો દરવાજા પર એક અન્સારી બીવીને

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَوَجَدْتُ امْرَأَةً مِّنَ الْاَنْصَارِ

જોઈ તે પણ આવુ જ પૂછવા ચાહતી હતી. એટલામાં બિલાલ અમારી નજીકથી પસાર થયા તો અમે તેમને

**સમજૂતી : ૮૬૨**

અહીં આ હદીષ અમ્ર બિન હારિષ ઉમ્મુલ મો'મિનીન હઝરત જુવૈરિહ رضی اللہ عنہا ના ભાઈ ખૂદ હઝરત ઝયનબ رضی اللہ عنہا થી રિવાયત કરી રહ્યા છે, અને લગભગ આ જ લખાણ એક પેજ પહેલાં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી બાબુઝ્ઝકાત અલલ અક઼ારિબમાં એક હદીષમાં વર્ણન થયેલ છે. ત્યાં આ પ્રમાણે છે કે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ઈદુલ ફિત્ર કે ઈદુદુહાની નમાઝથી ફારિગ થયા તો લોકોને વઅઝ કરી, ઔરતો પાસેથી પસાર થયા તો ફર્માવ્યું, **હે ઔરતો ! સદક઼ો કરો ! મેં જહન્નમમાં તમને સૌથી વધુ જોઈ છે.** હદીષ નં. ૨૧૬ની જેમ **احدی کن** સુધી. (આ હદીષ નુઝહતુલ ક઼ારી, ભાગ–૨, પેજ–૨૨૨ (ગુજરાતી પેજ નં. ૨૦૩) પર વર્ણન થયેલી છે.) તેના પછી છે :–

પછી હુઝૂર પરત થયા. જ્યારે પોતાના દૌલતખાના પર તશરીફ લાવ્યા તો ઈબ્ને મસ્ઊદનાં પત્ની ઝયનબ હાજર થયાં અને ઈજાઝત માગવા લાગ્યાં. અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આ ઝયનબ છે. તો ફર્માવ્યું, ઝયનબોમાંથી કઈ (ઝયનબ ?) અર્ઝ કરવામાં આવી, ઈબ્ને મસ્ઊદનાં પત્ની. ફર્માવ્યું, હા ! તેને ઈજાઝત છે. તો તેને ઈજાઝત આપવામાં આવી તો તેણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હુઝૂરે સદક઼ાનો હુકમ આપ્યો છે અને મારી પાસે ઘરેણાં છે, મેં સદક઼ો કરવાનો ઈરાદો કર્યો તો ઈબ્ને મસ્ઊદે ગુમાન કર્યું કે તે તથા

عَلَى الْبَابِ حَاجَتُهَا مِثْلَ حَاجَتِيْ فَمَرَّ عَلَيْنَا بِلَالٌ فَقُلْنَا سَلِ النَّبِيَّ

કહ્યું કે નબી ﷺથી પૂછો, શું એટલુ પૂરતુ છે કે પતિ તથા પોતાની પરવરિશમાં રહેનારા યતીમો પર સદક઼ો

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَيُجْزِئُ عَنِّيْ اَنْ اَتَصَدَّقَ عَلٰى زَوْجِيْ وَ

કરું છું ? અને અમે એ પણ કહ્યું કે અમારા વિશે બતાવશો નહીં. તે અંદર ગયા અને હુઝૂરથી પૂછયું.

اَيْتَامٍ لِّيْ فِيْ حَجْرِيْ وَقُلْنَا لَا تُخْبِرْ بِنَا فَدَخَلَ فَسَأَلَهُ فَقَالَ مَنْ هُمَا

હુઝૂરે પૂછયું, તે બંનેવ કોણ છે ? તેમણે બતાવ્યું, ઝયનબ ! ફર્માવ્યું, કોણ ઝયનબ ?! બિલાલે બતાવ્યું કે

قَالَ زَيْنَبُ فَقَالَ اَيُّ الزَّيَانِبِ قَالَ امْرَاَةُ عَبْدِ اللّٰهِ قَالَ نَعَمْ لَهَا

અબ્દુલ્લાહનાં પત્ની. તો ફર્માવ્યું, તેના માટે બમણો સવાબ છે,

اَجْرَانِ اَجْرُ الْقَرَابَةِ وَاَجْرُ الصَّدَقَةِ ؏

સિલએ રહમી (સગા સાથે સદ્‌વર્તાવ) અને સદક઼ાનો.''

(બુખારી ૧/૧૯૮ અઝ઼ ઝકાત, મુસ્લિમ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ સૌમાં ઝકાત)

તેનો બાળક સૌથી વધુ હક્ક઼દાર છે. એના પર રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ઈબ્ને મસઊદે સાચુ કહ્યું ! તારો પતિ તથા તારા પુત્ર એના સૌથી વિશેષ હક્ક઼દાર (મુસ્તહિક઼) છે. જાહેરી રીતે એવું લાગે છે કે આ બંનેવ બે બનાવો છે અને એ જ સનદુલ હુફ્ફાઝ અલ્લામા ઈબ્ને હજરનું મંતવ્ય છે પણ એના પર એ શંકા છે કે જ્યારે એકવાર પૂછી લીધું હતું તો બીજીવાર પૂછવાની જરૂરત શું હતી ? અસલમાં રિવાયત બિલ્‌માઅના અને રિવાયતોમાં ટૂંકાણ કરવાના કારણે બંને બે બનાવો જણાઈ રહ્યા છે. પરંતુ એની પણ શક્યતા છે કે બંનેવ બે બનાવો હોય પહેલાં કેવળ પતિ તથા પોતાનાં બાળકો પર ખર્ચ કરતાં હતાં તો તેના વિશે પૂછયું, પછી જ્યારે અમુક યતીમોનો ઉછેર કરવા લાગ્યાં તો શંકા થઈ કે કદાચ એ પૂરતુ ન હોય જેથી પૂછયું.

زینب امراۃ عبد اللہ : તેમનું નામ રાઈતા હતું. જેમ કે ઈમામ તહાવી, કલાબાઝી અને ઈબ્ને તાહિર વગેરેએ વર્ણન કર્યું છે. તલ્વીહમાં છે કે એનાથી એને અગ્રતા હાંસલ છે કે ઈમામ કાઝી યૂસુફથી કિતાબુઝ઼ઝકાતમાં ખૂદ એમના ભાઈ અબ્દુલ્લાહ બિન અબ્દુલ્લાહ ષક઼ફીથી અને મુસ્નદે ઈમામ અહમદમાં ઉબૈદુલ્લાહ બિન ઉબૈદુલ્લાહની ઉયયના રિવાયતમાં એની સ્પષ્ટતા છે. એ કારીગર હતાં ચીજો બનાવીને વેચતાં અને ઘરખર્ચ ચલાવતાં હતાં.

બીજાં પત્ની હઝરત અબૂ મસઊદ ઉક઼બા બિન અમ્ર અન્સારીનાં પત્ની હતાં. તેમનું નામ પણ ઝયનબ જ હતું. જેવું કે નિસાઈ (૧/૨૬૧ ઝકાત) તથા મુસ્નદે અબૂ દાઊદ તયાલ્સીમાં છે. ઉમ્દતુલ ક઼ારીમાં મુસ્નદે તયાલ્સીના હવાલાથી છે કે એ યતીમ તેમના ભત્રીજા તથા ભાણ્યા હતા. નિસાઈમાં અલ્ક઼માની રિવાયતમાં છે કે એ બંનેવ સ્ત્રીઓમાંથી બંનેવની પાસે ફાઝિલ માલ હતો અને તેની પરવરિશમાં તેના યતીમ ભત્રીજા હતા. અને બીજાની પાસે પણ ફાઝિલ માલ હતો અને પતિ ખફીફુલયદ એટલે તંગદસ્ત હતા. પણ નિસાઈનો નુસ્ખો મુજતબાઈ દિલ્હીનો છપાયેલો મારી પાસે મૌજૂદ છે તેમાં કેવળ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદનાં પત્નીના બારામાં આ પ્રમાણે છે : અને અબ્દુલ્લાહ ખફીફ ઝાતુલ યદ હતા. તો તેણીએ તેમને કહ્યું કે એની ગુંજાઈશ છે કે

હું મારો સદકો તારા પર અને આપણા યતીમ ભત્રીજાઓ પર ખર્ચ કરું. શક્ય છે અલ્લામા અયનીની પાસે જે નુસ્ખો હોય એમાં એ જ લખાણ હોય.

**تصدقن ولو من حليكن** : સહીહ તથા રાજેહ એ જ છે કે એ નફલી સદકો હતો. એના પર નિશાની હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہની હદીષના આ શબ્દો છે કે ફર્માવ્યું, **زوجك و ولدك احق من تصدقت به عليهم** "તારો પતિ અને તારો બાળક સૌથી વધુ પાત્રતાવાળા (મુસ્તહિક) છે." એટલા માટે કે એના પર ઈજમાઅ છે કે બાળકને ઝકાત આપવી દુરુસ્ત નથી. જો કે આ દલીલ કરવામાં કાંઈક કલામ (વાંધો) છે, એટલા માટે કે પુત્રનું ભરણપોષણ મા પર વાજિબ નથી પણ જયારે કે બાપ કમાવા શક્તિમાન ન હોય. અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ કમાવા માટે શક્તિમાન હતા. આ નફલી સદકો હતો. એના પર મજબૂત દલીલ શરહે મઆનિયુલ આષાર (૧/૨૫૯ ઝકાત)ની રિવાયત છે. તે કહે છે : **والله لقد شغلتنى انت و ولدك عن الصدقة فما استطيع ان اتصدق معكم بشىء** "ખુદાની કસમ ! તમે તથા તમારા બાળકે મને સદકાથી રોકી રાખેલ છે. તમારા લોકોની મૌજૂદગીમાં હું સદકાની શક્તિ નથી ધરાવતી." છેવટમાં છે કે ખિદમતે અકદસમાં અર્ઝ કરી :–

**انى امراة ذات صنع ابيع منها و ليس لولدى ولا لزوجى شىء فشغلونى فلا التصدق** "હું હુનરમંદ સ્ત્રી છું, કાંઈક બનાવીને વેચુ છું. અને મારા બાળક અને મારા પતિ પાસે કાંઈ નથી. એ લોકોએ સદકાથી મને રોકી રાખેલ છે. જયારે એમની પાસે કાંઈ બચતુ જ ન હતું તો એના પર વરસ ક્યાંથી પસાર થતું અને ઝકાત કેવી રીતે વાજિબ થતી. રહી ગઈ તે હદીષ જેમાં ઝેવરનું વર્ણન છે : પ્રથમ એ મુત્તફિકઅલૈહ નથી કે ઘરેણામાં ઝકાત છે. અમુક ઉલમા ફર્માવે છે કે ઘરેણામાં ઝકાત નથી. અને જેઓ વાજિબ માને છે તેઓ પણ કેવળ ચાલીસમો હિસ્સો માને છે, કુલ ઘરેણાં ઝકાતમાં નથી આપવામાં આવતાં, અને આ તો કુલ સદકો કરવા ગયાં હતાં. જેમ કે શરહે મઆનિયુલ આષાર (૧/૨૫૯ ઝકાત)માં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદનાં પત્ની ઘરે આવ્યાં અને પોતાનાં ઘરેણાં લીધાં. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદે પૂછયું, ક્યાં લઈ જઈ રહી છો ? તો તેમણે બતાવ્યું કે એના થકી અલ્લાહ અને તેના રસૂલની નઝદીકી હાંસલ કરીશ એ ઉમ્મીદ પર કે મને અલ્લાહ જહન્નમીઓમાંથી ન કરે. તો હઝરત ઈબ્ને મસ્ઊદે કહ્યું, તારા માટે ખરાબી થાય ! એને લાવ અને મારા પર અને મારાં બાળકો પર સદકો કરી આપ ! બાકીનું લખાણ એ જ છે જે આ હદીષમાં છે.

અને જયારે એ સદકો નફલી હતો તો એનાથી એ દલીલ કરવું ઉઠી ગયું કે પત્ની પોતાના પતિને ઝકાત આપી શકે છે અથવા કમસે કમ એની સંભાવના જરૂર છે કે એ સદકો નફલી હોય. અને જયારે સંભાવના નીકળી આવે તો દલીલ કરવું સંપૂર્ણ ન થયું.

**لا تخبر بنا** : સવાલ એ છે કે જયારે એ પત્નીઓએ મના કરી આપ્યું હતું કે અમારું નામ ન બતાવશો, તો હઝરત બિલાલે શા માટે બતાવી દીધું ? કારણ એ છે કે હુઝૂરે અકદસ ﷺએ પૂછયું તો હઝરત બિલાલ પર વાજિબ ગઈ ગયું કે બતાવી આપે. આ એનુ વાજિબપણુ એમના મના કરવા કરતાં અધિક મોઅક્કદ તાકીદવાળુ(મજબૂત) છે. અને જયારે એક સમયે બે ફર્ઝ લાગુ થાય તો જે મહત્વનો હોય તેને અદા કરવું અગ્રસ્થાને છે.

**امراة عبد الله** : સવાલ કરનારી બે જણીઓ હતી, કેવળ એકનું હઝરત બિલાલે નિશ્ચિત કર્યું. એનો સબબ એ છે કે શક્ય છે કે એ એમનાથી ઉમરમાં ફઝલમાં વધારે હોય, અથવા એ કે હઝરત બિલાલને એમણે જ કહ્યું હોય. આ હદીષ પરથી સાબિત થઈ ગયું કે સગાઓ પર નિકટતાના ક્રમમાં અધિક નિકટતાવાળાં પર સદકો કરવો બમણા સવાબનો સબબ છે સદકાનો પણ અને સિલએ રહમી (સગાથી સદ્વર્તાવ)નો પણ.

حدیث ۸۶۳ عَنۡ زَیۡنَبَ بِنۡتِ اُمِّ سَلَمَةَ عَنۡ اُمِّ سَلَمَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی

''ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا એ ફર્માવ્યું, મેં અર્ઝ કરી, [હદીષ : ૮૬૩]

عَنۡهَا قَالَتۡ قُلۡتُ یَارَسُوۡلَ اللّٰهِ اِلِیۡ اَجۡرٌ اَنۡ اُنۡفِقَ عَلٰی بَنِیۡ اَبِیۡ سَلَمَةَ

યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم શું મારા માટે કાંઈ સવાબ છે કે હું અબૂ સલ્માનાં બાળકો પર ખર્ચ કરું છું તે મારાં

اِنَّمَا هُمۡ بَنِیَّ فَقَالَ اَنۡفِقِیۡ عَلَیۡهِمۡ فَلَكِ اَجۡرُ مَا اَنۡفَقۡتِ عَلَیۡهِمۡ

જ બાળકો છે. ફર્માવ્યું, એના પર ખર્ચ કર, એના પર જે પણ ખર્ચ કરશો તેનો સવાબ તમને મળશે.''

(બુખારી ૧/૧૯૮ ઝકાત, ૨/૧૦૯ અન્નફકાત)

ت ۲۶۷ وَیُذۡکَرُ عَنِ ابۡنِ عَبَّاسٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنۡهُمَا یُعۡتِقُ مِنۡ زَکٰوةِ

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો આ કૌલ વર્ણન કરવામાં આવે છે કે પોતાના [તઅલીક઼ : ૨૬૭]

مَالِهٖ وَیُعۡطِیۡ فِی الۡحَجِّ

માલની ઝકાત વડે ગુલામ આઝાદ કરે અને હજ્જમાં આપે.'' (બુખારી ૧/૧૯૮)

## સમજૂતી : ૮૬૩

-**انما هم بنی** : ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا ની પાસે આગલા પતિ હઝરત અબૂ સલ્મા رضی اللہ عنہ થી ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલ્માના પેટથી બે સાહબઝાદાઓ અને બે સાહબઝાદીઓ હતી. ઉમર, મુહમ્મદ, ઝયનબ, દુર્રા. એમના જ બારામાં ઉમ્મે સલ્મા رضی اللہ عنہا એ સવાલ કર્યો હતો.

## તઅલીક઼ : ૨૬૭ની સમજૂતી

આ અષરને ઈમામ અબૂબક્ર બિન શયબાએ ઈમામ મુજાહિદથી રિવાયત કરી છે. ઝકાતના હક્કદારો વિશેની આયતે કરીમામાં આ પણ છે : -**وَفِی الرِّقَابِ وَالۡغَارِمِیۡنَ وَفِیۡ سَبِیۡلِ اللّٰهِ وَابۡنِ السَّبِیۡلِ** ''અને ગરદન છોડાવવા અને જેના પર તાવાન હોય અને અલ્લાહના રસ્તામાં અને મુસાફિરના માટે છે.''

-**وفی الرقاب** : રિક઼ાબ રક઼બતુનનુ બહુવચન છે જેનો શાબ્દિક અર્થ ગરદન થાય છે. અને અરબસ્તાનમાં એનો અર્થ ગુલામ છે એનાથી મુરાદ મકાતિબ છે એટલે તે ગુલામ જેના માલિકે માલની એક માત્રા નિશ્ચિત કરીને કહી આપ્યુ હોય કે આટલો માલ અદા કરી આપ તો તું આઝાદ છે અને ગુલામે એને ક઼બૂલ પણ કરી લીધેલ હોય. ઈમામ ઈબ્ને જરીર તબરી (ફત્હુલ ક઼દીર, ૨/૨૦૪)એ પોતાની તફસીરમાં હઝરત ઈમામ હસન બસરી અને ઈમામ ઈબ્ને શહાબ ઝુહરી અને અબ્દુર્રહમાન બિન ઝયદ બિન અસ્લમથી રિવાયત કરી કે આ આયતમાં રિક઼ાબથી મુરાદ મકાતિબ છે, રહી ગયાં તે લોંડી અને ગુલામ જેઓ મકાતિબ નથી તેમને ઝકાતના પૈસા વડે ખરીદીને આઝાદ કરવાં અથવા ગુલામને આપવી કે માલિકને આ રૂપિયા આપીને આઝાદી હાંસલ કરી લે, જાઈઝ નથી. આ રીતે ઝકાત અદા થશે નહીં. પ્રથમ સ્થિતિમાં જ્યારે તેણે ખરીદયો છે તો ખરીદારી બાદ તેનો માલિક થશે અને તેની કિંમત ઝકાતથી અદા કરી હોય, તો એવું થઈ ગયું કે ઝકાતના પૈસાથી પોતાના માટે કોઈ સામાન ખરીદયો, અને જાહેર છે કે એ ઝકાત ઝકાતના મુસ્તહિક઼ને આપવું ન થયું બલ્કે પોતાની જાતના માટે

ت ۲٦۸ وَقَالَ الْحَسَنُ اِنِ اشْتَرٰى اَبَاهُ مِنَ الزَّكٰوةِ جَازَ وَيُعْطِي فِي الْمُجَا

"અને ઈમામ હસન બસરીએ ફર્માવ્યું, જો પોતાના બાપને ઝકાતના માલથી ખરીદે તો [તઅલીક઼ : ૨૬૮]

هِدِيْنَ وَالَّذِيْ لَمْ يَحُجَّ ثُمَّ تَلَا اِنَّمَا الصَّدَقَاتُ لِلْفُقَرَاءِ وَالْمَسَاكِيْنِ

જાઈઝ છે, અને મુજાહિદોને આપે અને તેને જેણે હજ્જ નથી કરી. પછી તેમણે આ આયત તિલાવત કરી,

وَالْعَامِلِيْنَ عَلَيْهَا وَالْمُؤَلَّفَةِ قُلُوْبُهُمْ وَفِي الرِّقَابِ وَالْغَارِمِيْنَ وَفِيْ سَبِيْلِ

"સદક઼ાઓ કેવળ ફક઼ીરો તથા મિસ્કીનો માટે છે અને તેમના માટે જેઓ ઝકાત વસૂલ કરવાના માટે નિયુક્ત છે

اللّٰهِ وَابْنِ السَّبِيْلِ فَرِيْضَةً مِّنَ اللّٰهِ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ فِيْ اَيِّهَا اَعْطَيْتَ

અને જેને ખુશ કરવાનો હેતુ હોય અને ગરદન છોડવવા (ગુલામ આઝાદ કરાવવા)માં અને તાવાનવાળાના માટે

اَجْزَتْ ع ه

છે. અને અલ્લાહની રાહમાં અને મુસાફિરના માટે છે. એ અલ્લાહ તરફથી નિશ્ચિત કરેલ છે અને અલ્લાહ ઈલ્મ તથા હિકમતવાળો છે એમાંથી કોઈ એકને આપી દેવામાં આવે તે પૂરતુ છે."

ખર્ચ કરવું થયું. બીજી સ્થિતિમાં તેણે ઝકાત ગુલામને આપી તો ગુલામના કબજો કરતાં જ તેના માલિકની મિલ્કત થઈ ગઈ, એટલા માટે કે ગુલામ કોઈ ચીજનો માલિક થવાની ક્ષમતા જ નથી ધરાવતો. તેની સર્વ આવક તેના માલિકની મિલ્કત છે. જેથી લાઝિમ થયું કે ઝકાત ગની (માલદાર)ને આપી અને એ જાઈઝ નથી. અને હઝરત ઈબ્ને અબ્બાસનો જે ફત્વો ઈમામ બુખારીએ નક઼લ કર્યો તે ઝઈફ છે. *(ઉમ્દતુલ ક઼ારી, ૯/૪૫)*

**فى الحج** : એનાથી મુરાદ એ છે કોઈ હજ્જના માટે જવા ચાહે છે પણ તેની પાસે રાહ ખર્ચ નથી અથવા કાંઈક કમી છે તો એને પણ ઝકાત આપી શકે છે. એ પણ ફીસબીલિલ્લાહમાં સામેલ છે.

## તઅલીક઼ : ૨૬૮ની સમજૂતી

આ તઅલીક઼ના કેવળ પ્રથમ ભાગને ઈમામ અબૂબક્ર બિન શયબાએ પોતાના મુસન્નફમાં વર્ણન કરેલ છે, તેમના શબ્દો આ છે. હસન બસરીથી સવાલ થયો કે કોઈએ પોતાના બાપને ઝકાતના માલથી ખરીદયો અને તેને આઝાદ કરી આપ્યો તો ફર્માવ્યું કે તેણે બેહતરીન રિક઼ાબ ખરીદયો. પણ હનફીઓનો મઝહબ છે કે ઝકાત અદા ન થશે. દલીલ વર્ણન થઈ ચૂકી. આપણા ઉપર તાબઈનો ક઼ૌલ હુજ્જત નથી. ઈમામે આ'ઝમે ફર્માવ્યું, ينزعوننا و ننازعهم- "તે અમારાથી મતભેદ કરે છે અને અમે તેમનાથી. કારણ એ છે કે હઝરત ઈમામ પણ તાબઈ છે. ત્યાં સુધી કે બાપ જો મકાતિબ હોય તો પણ ઝકાત આપવી દુરુસ્ત નથી. બાપ ગુલામ છે અને પુત્ર શક્તિવાળો છે તો તેણે પોતે જ બાપને આઝાદ કરાવવા જોઈએ.

આ આઠ ઝકાતના હક્કદારોમાંથી મોઅલ્લફતુલ કુલૂબ (દિલ ખુશ કરવા આપવામાં આવનાર) ઈજમાઅ સાથે સાક઼િત છે કે હવે એમને આપવાની હાજત ન રહી. અલ્લાહ ﷻ એ ઈસ્લામને શૌકત તથા કુવ્વત અતા કરી આપી.

ت ٢٦٩ وَيُذْكَرُ عَنْ أَبِي لَاسٍ حَمَلَنَا النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ عَلَىٰ

"અને હઝરત અબૂ લાસ રઝિ.થી રિવાયત કરતાં વર્ણન કરવામાં આવે છે કે [તઅલીક઼ : ૨૬૯]

إِبِلِ الصَّدَقَةِ - ع

તેમણે કહ્યું, નબી ﷺએ અમને સવારીના માટે ઝકાતનાં ઊંટ આપ્યાં." (બુખારી ૧/૧૯૮)

حديث ٨٦٤ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ عَنْهُ قَالَ أَمَرَ رَسُولُ اللّٰهِ

"હઝરત અબૂ હુરૈરહ્ રઝિ.એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ સદક઼ાનો હુકમ આપ્યો તો [હદીષ : ૮૬૪]

صَلَّى اللّٰهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ بِصَدَقَةٍ فَقِيلَ مَنَعَ ابْنُ جَمِيلٍ وَّخَالِدُ

અર્ઝ કરવામાં આવી કે ઈબ્ને જમીલ અને ખાલિદ બિન વલીદ અને અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબે

بْنُ وَلِيدٍ وَّعَبَّاسُ بْنُ عَبْدِ الْمُطَّلِبِ فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالَىٰ عَلَيْهِ

આપવાથી ઈન્કાર કરી આપ્યો છે. એના પર નબી ﷺએ ફર્માવ્યું કે ઈબ્ને જમીલને એ જ બુરું લાગ્યું ને કે તે

## તઅલીક઼ : ૨૬૯ની સમજૂતી

આ તઅલીક઼ને તિબ્રાની, ઈમામ અહમદ અને ખુઝૈમા અને હાકિમ વગેરેએ રિવાયત કરી છે. અબૂ લાસ રઝિ. ખુઝાઈ અથવા હારિષી સહાબી છે. તેમનાથી કેવળ બે હદીષો મરવી છે. તેમના નામમાં મતભેદ છે. કોઈએ ઝિયાદ બતાવ્યું કોઈએ અબ્દુલ્લાહ બિન ઉત્મા, કોઈએ મુહમ્મદ બિન અસ્વદ. હુઝૂરે અક઼દસ ﷺએ એ ઊંટ એમને હજ્જ કરવાના માટે અતા કર્યાં હતાં. *(ઉમ્દતુલ ક઼ારી, ૯/૪૬)*

## સમજૂતી : ૮૬૪

**امر رسول الله** : મુસ્નદે ઈમામ અહમદ, મુસ્લિમ અને અબૂ દાઊદમાં છે : રસૂલુલ્લાહ ﷺએ હઝરત ઉમર રઝિ.ને સદક઼ો વસૂલ કરવાના માટે મોકલ્યા. નિસાઈમાં છે કે હઝરત ઉમર રઝિ.એ કહ્યું, પણ મેહફૂઝ એ છે કે આ મુસ્નદે અબૂ હુરૈરહ્ છે, રિવાયતોમાં હઝરત ઉમર નથી.

**بصدقة** : જમહૂર મુહદ્દિષોએ ફર્માવ્યું કે એ વાજિબ સદક઼ો હતો. મતલબ એ થયો કે હુઝૂરે અક઼દસ ﷺએ ઝકાત વસૂલ કરવાના માટે હઝરત ઉમર રઝિ.ને મોકલ્યા હતા એટલા માટે એ ત્રણેવના ન આપવાની શિકાયત અર્ઝ કરી. ઈબ્ને જમીલ પર ગઝબ ફર્માવ્યો. (ગુસ્સો દર્શાવ્યો.) અને હઝરત ખાલિદ અને હઝરત અબ્બાસ રઝિ.ની તરફથી માફી વર્ણવી. પણ અમુક ઉલમાએ કહ્યું, આ નફલ સદક઼ો હતો, જેમ કે ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ની રિવાયતમાં છે : **ان النبی صلی الله علیه وسلم ندب الناس الی الصدقة** નબી ﷺએ લોકોને સદક઼ો કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. ઈબ્ને ક઼સારે કહ્યું, આ જ અધિક મુનાસિબ છે એટલા માટે કે સહાબાએ કિરામથી અસંભવ છે કે ઝકાત આપવાથી ઈન્કાર કરે.

**હું કહું છું અલ્લાહની તૌફીક઼થી** : ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ની રિવાયત પણ નફલ સદક઼ા પર નસ (દલીલ) નથી. એમાં પણ એ સંભાવના છે કે ઝકાત આપવા પ્રોત્સાહિત કર્યા હોય. આ સિવાય બુખારી શરીફની આ રિવાયતના પ્રમાણે આ પ્રમાણે સ્પષ્ટતા છે : **امر رسول الله** રસૂલુલ્લાહ ﷺએ સદક઼ાનો હુકમ આપ્યો.

وَسَلَّمَ مَا يَنْقِمُ ابْنُ جَمِيلٍ إِلَّا أَنَّهُ كَانَ فَقِيرًا فَأَغْنَاهُ اللّٰهُ وَرَسُولُهُ

મોહતાજ હતો તો અલ્લાહ તથા તેના રસૂલે તેને માલદાર કરી આપ્યો. અને ખાલિદ પર તમે લોકો

وَأَمَّا خَالِدٌ فَإِنَّكُمْ تَظْلِمُونَ خَالِدًا قَدِ احْتَبَسَ أَدْرَاعَهُ وَأَعْتُدَهُ

જુલ્મ કરો છો. તેણે પોતાનાં બખ્તરો અને હથિયાર વગેરે અલ્લાહના માર્ગમાં રોકી રાખેલ છે

فِي سَبِيلِ اللّٰهِ وَأَمَّا الْعَبَّاسُ بْنُ عَبْدِ الْمُطَّلِبِ فَعَمُّ رَسُولِ اللّٰهِ صَلَّى

અને અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ, તો એ રસૂલુલ્લાહ ﷺના કાકા છે એ

اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ فَهِيَ عَلَيْهِ صَدَقَةٌ وَّمِثْلُهَا مَعَهَا ع

એમના પર સદકો છે અને એની સાથે એના જેટલું અધિક પણ."

(બુખારી ૧/૧૯૮ અઝ્ ઝકાત, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ : ઝકાત, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૩૨૨)

હુઝૂરે અક્દસ ﷺનો હુકમ આપ્યા બાદ એ સદકો પણ વાજિબ થઈ ગયો. તેમજ મુસ્નદે ઈમામ અહમદ તથા મુસ્લિમની રિવાયતથી કે એમાં આ પ્રમાણે છે : بعث عمر رضى الله عنه على الصدقة "સદકો વસૂલ કરવા માટે હઝરત ઉમરને મોકલ્યા." વાજિબ સદકો જ સમજાય છે.

**فقيل منع ابن جميل** : આ અર્ઝ કરનારા હઝરત ઉમર ફારૂક જ હતા. ઈબ્ને જમીલ ઘણો જ મુફલિસ હતો. હુઝૂરે અક્દસ ﷺએ તેના માટે રોજીમાં વધારાની દુઆ કરી અને બરકતથી તેના માલોમાં દિન પ્રતિ દિન બરકત થતી ગઈ. જ્યાં સુધી તેના મદીના તય્યબહવાળા ઘરના વરંડામાં જાનવરો આવી જતાં ત્યાં સુધી મદીના તય્યબહ રહ્યો અને જમાઅત તથા જુમ્આમાં હાજર થતો રહ્યો. જ્યારે તેના વરંડામાં ગુંજાઈશ ન રહી તો ગામડે રહેવા લાગ્યો. જમાઅતમાં હાજરી છોડી આપી. પ્રારંભમાં જુમ્આમાં હાજર થતો રહ્યો, પછી જુમ્આની પણ હાજરી છોડી આપી અને ઝકાત ઉઘરાવનારને જવાબ આપ્યો કે આ જિઝિયો છે, હું આપીશ નહીં ! પણ હુઝૂરે અક્દસ ﷺએ કોઈ રોકટોક ન કરી અને એ જ ખુલફાએ રાશિદીનનો પણ અમલ રહ્યો.

**اما خالد** : اعتده એ عتد નું બહુવચન છે. પોતાની જરૂરિયાતને માટે માણસ જે સામાન જમા રાખે જેમ કે જાનવર, હથિયાર વગેરે. અને એક કૌલ એ છે કે એનો અર્થ ઘોડો થાય છે. આ ઈર્શાદનો મતલબ એ થયો કે ખાલિદના બખ્તરો, ઘોડો, ઊંટ, હથિયાર જેહાદના માટે છે. જે હવાઈજે અસલિયા (જરૂરતના સામાન)માંથી છે એટલા માટે એમના પર ઝકાત ફર્ઝ નથી જે એ માલ પર ફર્ઝ છે જે મૂળ જરૂરતોથી ફાજલ હોય.

**اما عباس** : અહીં બે શંકાઓ છે : બની હાશિમે ઝકાત લેવી જાઈઝ નથી. તેમજ પોતાની ઝકાત ખૂદ પોતે લેવાથી અદા ન થશે. મુહદ્દિષોએ فهى عليه صدقة و مثلها معها ની વિવિધ તાવીલો કરી છે. આ ખાદિમની નજીક સહીહ તાવીલ આ પ્રમાણે છે કે હુઝૂરે અક્દસ ﷺને એ ઈખ્તિયાર છે કે જેને ચાહે જે હુકમથી અલગ કરી આપે અને જે ચાહે ફેરફાર કરી આપે. હુઝૂરે અક્દસ ﷺએ એ જ અધિકારના હેઠળ હઝરત અબ્બાસ رضی اللہ عنہને સદકાથી અલગ કરી આપ્યા, એટલુ જ નહીં, બલ્કે તેમને અતા કરી આપ્યું બલ્કે એના બરાબર અધિક પણ.

એનું દષ્ટાંત તે બનાવ છે કે એક સાહબ પર રોઝાનો કફ્ફારો વાજિબ થઈ ગયો. ખિદમતે અક્દસમાં હાજર થયા અને મજબૂરી દર્શાવી કે હું ન ગુલામ આઝાદ કરી શકું છું, સતત સાઈઠ રોઝા પણ નથી રાખી શકતો અને ન સાઈઠ ફકીરોને ખાવા ખવડાવી શકુ છું. એ દરમ્યાન એક ઝંબીલ આવી તે એમને અર્પણ કરી દીધી અને હુકમ

*''અને ઈમામે મગાઝી મુહમ્મદ બિન ઈસ્હાકે અબુઝ ઝનાદથી રિવાયત કરતાં કહ્યું,* **[તઅલીક : ૨૭૦]**

*આ તેમના પર છે અને એની સાથે એના બરાબર પણ.'' (બુખારી ૧/૧૯૮ અઝ ઝકાત)*

આપ્યો, એને સદકો કરી આપો. તો તેમણે અર્ઝ કરી, શું મારાથી અધિક મોહતાજ પર ?! ફર્માવ્યું, હા ! અર્ઝ કરી, મદીનામાં બંનેવ રણોની વચ્ચે કોઈ ઘર મારા ઘરવાળાઓથી અધિક મોહતાજ નથી ! આ સાંભળીને રસૂલુલ્લાહ ﷺ ખૂબ હસ્યા અને ફર્માવ્યું, તારા બીવી બચ્ચાંને ખવડાવી દે. *(બુખારી ૧/૨૯૫ અસ્સોમ)*

**મસાઈલ** : આ હદીષથી સાબિત થયું કે જીવન જરૂરી ચીજો પર ઝકાત નથી. એ પણ સાબિત થયું કે મુજાહિદના માટે જેહાદના શસ્ત્રો, સવારી વગેરે હાજતની ચીજોમાંથી છે. હદીષના આ હિસ્સાથી કે ફર્માવ્યું : **فاغناه الله و رسوله** ''ઈબ્ને જમીલને અલ્લાહ વ રસૂલે ગની કરી આપ્યો.'' સાબિત થયું કે **અલ્લાહ** ﷻ **ની અતા તથા દૈનથી હુઝૂરે અકદસ ﷺ પણ જેને ચાહે ગની (માલદાર) કરી આપે. فصدقته عليه**થી સાબિત થયું કે **હુઝૂરે અકદસ ﷺ જેને ચાહે જે ફર્ઝથી ચાહે મુક્ત કરી આપે.**

## સમજૂતી : ૨૭૦

અહીં રિવાયતો વિવિધ છે એક શોએબ તથા અબ્દુર્રહમાન બિન અબૂ ઝનાદના તરીકાથી. એના શબ્દો તે જ છે જે વર્ણન થયા. એટલે **فهى عليه صدقة ومثلها معها** બીજી ઈમામુલ મગાઝી મુહમ્મદ બિન ઈસ્હાકની, તે આ પ્રમાણે છે : **فهى عليه ومثلها معها** ''એ તો એમના પર વાજિબ છે અને એની સાથે એના જેટલુ.'' એના અર્થમાં ઈબ્ને જુરૈજના તરીકાથી પણ મરવી છે. અને એક રિવાયતમાં આ પ્રમાણે છે : **فهى على ومثلها معها** '' અબ્બાસ પર જે સદકો વાજિબ છે તે મારા માથે છે અને એની સાથે એના જેટલો પણ.''

પ્રથમ રિવાયત એટલે **فهى عليه صدقة**નો જાહેર મતલબ એ જ છે જે અમે બયાન કર્યો. શારેહીન (શરહ કર્તાઓ)એ બીજી તાવીલ એ કરી છે કે જે સદકો એમના પર વાજિબ છે તે તો એમના માથે છે જ એની સાથે એના જેટલો અધિક પણ છે. એટલે કે તે આ સદકો તો આપશે જ પણ એના બરાબર અધિક પણ આપશે, એટલા માટે કે તે બખીલ, કંજૂસ નથી.

બીજી રિવાયત એટલે **فهى عليه**માં પણ બંને સંભાવનાઓ લાગુ થઈ શકે છે. ત્રીજી રિવાયત એટલે **فهى على** એનો મતલબ એ છે કે હુઝૂરે અકદસ ﷺએ પ્રેમભાવથી પોતાના કાકાના માથે જે ઝકાત વાજિબ હતી તેને પોતાના જિમ્મે લઈ લીધી, તે પણ તેમની સુસ્તીના બદલામાં બમણી.

**ઈમામ મુહમ્મદ બિન ઈસ્હાક** : ઈમામ બુખારીએ ઈમામે મગાઝી મુહમ્મદ બિન ઈસ્હાકનો કૌલ તહકીકના સેગા (સૂચક) ''કાલ''ની સાથે વર્ણવીને તેને પોતાની આ સહીહમાં લીધો. એ એની દલીલ છે કે તે ષિકહ છે એનાથી દેવબંદીઓ અને તે લોકોએ પોતાની સુધારણા કરી લેવી જોઈએ જેઓ મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની અદાવતમાં તેમને ઝઈફ કહે છે. ભાગ–૩ બાબુલ અઝાનમાં આ ચર્ચા વિસ્તારપૂર્વક વર્ણન થઈ ચૂકી છે.

حدیث ۸۶۵ عَنْ اَبِیْ سَعِیْدِنِ الْخُدْرِیِّ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اَنَّ اُنَاسًا

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે અન્સારના અમુક લોકોએ **[હદીષ : ૮૬૫]**

مِّنَ الْاَنْصَارِ سَاَلُوْا رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فَاَ

રસૂલુલ્લાહ ﷺથી સવાલ કર્યો તો તેમને અર્પણ કર્યું. ફરી સવાલ કર્યો તો ફરી આપ્યું, ત્યાં સુધી કે હુઝૂર

عْطَاھُمْ ثُمَّ سَاَلُوْہُ فَاَعْطَاھُمْ حَتّٰی نَفِدَ مَا عِنْدَہٗ فَقَالَ مَا یَکُوْنُ

પાસે જે કાંઈ હતું સૌ ખત્મ થઈ ગયું. તો ફર્માવ્યું, મારી પાસે કાંઈ પણ માલ હશે તો તમારાથી બચાવીને

عِنْدِیْ مِنْ خَیْرٍ فَلَنْ اَدَّخِرَہٗ عَنْکُمْ وَمَنْ یَّسْتَعْفِفْ یُعِفَّہُ اللّٰہُ وَمَنْ

રાખીશ નહીં. અને જે માગવાથી બચશે તેને અલ્લાહ બચાવશે. અને જે બેપરવા રહેશે તેને અલ્લાહ ગની

یَّسْتَغْنِ یُغْنِہِ اللّٰہُ وَمَنْ یَّتَصَبَّرْ یُصَبِّرْہُ اللّٰہُ وَمَا اُعْطِیَ اَحَدٌ

કરી આપશે, અને જે સબ્ર અપનાવશે અલ્લાહ તેને સબ્ર આપશે અને કોઈને કોઈ બખ્શિશ સબ્રથી બેહતર

عَطَاءً خَیْرًا وَّاَوْسَعَ مِنَ الصَّبْرِ - عہ

અને અધિક વિશાળ નથી મળી."

*(બુખારી ૧/૧૯૮ અઝ્ ઝકાત, ૨/૯૫૮ અર્રિકાક્, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ–ઝકાત અર્રિકાક્)*

حدیث ۸۶۶ عَنْ اَبِیْ ھُرَیْرَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **[હદીષ : ૮૬૬]**

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ وَالَّذِیْ نَفْسِیْ بِیَدِہٖ لَاَنْ یَّاْخُذَ اَحَدُکُمْ

ક્સમ છે તે જાતની જેના ક્બજામાં મારી જાન છે કે તમારું તમારી રસ્સી લઈને તમારી પીઠ પર લાકડીઓ

حَبْلَہٗ فَیَحْتَطِبَ عَلٰی ظَھْرِہٖ خَیْرٌ لَّہٗ مِنْ اَنْ یَّاْتِیَ رَجُلًا فَیَسْاَلَہٗ

લાદીને લાવવું એનાથી બેહતર છે કે કોઈની પાસે જાય અને તેનાથી સવાલ કરે,

## સમજૂતી : ૮૬૫

કિતાબુર્રિકાક્માં થોડાક સરખા ફેરફાર સાથે આ પ્રમાણે છે : એમાંથી જે કોઈએ હુઝૂરે અક્દસ ﷺથી કાંઈ માગ્યું તો તેને અતા ફર્માવ્યું. અહીંની રિવાયતનો પણ એ જ અર્થ છે, અલ્બત્ત એટલુ અધિક છે કે એ અન્સારે કિરામે એકવાર સવાલ કર્યો અને તેમને આપ્યું પછી બીજીવાર સવાલ કર્યો તો પણ અતા ફર્માવ્યું. છેવટના શબ્દો આ પ્રમાણે છે : સબ્રથી બેહતર અને અધિક વિશાળ બેહતરી કદી કોઈને નથી આપવામાં આવી.

أَعْطَاهُ أَوْ مَنَعَهُ ع

*તે આપે અથવા ના પાડે." (બુખારી ૧/૧૯૯ અઝ્ ઝકાત, ૧/૨૭૮ અલ્બુયૂઅ, ૧/૩૧૯ અલ્ મસાક઼ાત, નિસાઈ–ઝકાત)*

**حديث ٨٦٧** عَنِ الزُّبَيْرِ بْنِ الْعَوَّامِ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ عَنِ النَّبِيِّ

*હઝરત ઝુબૈર બિન અવામ رضی اللہ عنہ એ નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત કરી કે ફર્માવ્યું કે તમે* **[હદીષ : ૮૬૭]**

صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَأَنْ يَأْخُذَ أَحَدُكُمْ حَبْلَهُ فَيَأْتِيَ

*તમારી રસ્સી લો અને પોતાની પીઠ પર લાકડીનો ભારો લાદીને લાવો અને*

بِحُزْمَةِ حَطَبٍ عَلَى ظَهْرِهِ فَيَبِيعَهَا فَيَكُفَّ اللهُ بِهَا وَجْهَهُ خَيْرٌ لَهُ

*એને વેચો જેના લીધે અલ્લાહ એની આબરૂ બચાવી લે બેહતર છે એનાથી કે લોકોથી માગે,*

مِنْ أَنْ يَسْأَلَ النَّاسَ أَعْطَوْهُ أَوْ مَنَعُوْهُ ع

*તેને આપે કે ન આપે." (બુખારી ૧/૧૯૯ અઝ્ ઝકાત, ૧/૨૭૮ અલ બુયૂઅ, ૧/૩૧૯ અલ્મસાક઼ાત)*

**حديث ٨٦٨** عَنْ عُرْوَةَ بْنِ الزُّبَيْرِ وَسَعِيْدِ بْنِ الْمُسَيِّبِ أَنَّ حَكِيْمَ بْنَ

*"હઝરત ઉરવા અને હઝરત સઈદ બિન મુસય્યબથી રિવાયત છે કે હઝરત* **[હદીષ : ૮૬૮]**

حِزَامٍ قَالَ سَأَلْتُ رَسُوْلَ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ فَأَعْطَانِيْ

*હકીમ બિન હિઝામ رضی اللہ عنہ એ બતાવ્યું કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી માગ્યું તો મને અતા કર્યું, ફરી માગ્યું તો*

ثُمَّ سَأَلْتُهُ فَأَعْطَانِيْ ثُمَّ سَأَلْتُهُ فَأَعْطَانِيْ ثُمَّ قَالَ يَا حَكِيْمُ إِنَّ هٰذَا

*ફરી આપ્યું. ત્યારબાદ ફરી માગ્યુ તો આપ્યુ, એના પછી ફર્માવ્યું, હે હકીમ ! બેશક ! આ માલ હર્યોભર્યો*

**સમજૂતી : ૮૬૭**

ખુદ્દારી, સ્વમાન એ ઈન્સાનનો ઘણો જ મહાન કમાલ છે. આ બંનેવ હદીષોમાં તેની ઉચ્ચ કક્ષાએ તા'લીમ આપવામાં આવી છે. જંગલથી લાકડીઓ કાપીને વીણી લાવવી, પીઠ અથવા માથા પર લાદીને વેચવી જાહેરી રીતે ઝિલ્લતનું કામ છે પણ સવાલ કરવો એ એનાથી વધુ બેઈજ્જતીનું કામ છે. પ્રથમ સ્થિતિમાં કોઈ એ ટીકા નથી કરી શકતુ કે તમે ભીખ માંગનાર હતા કે મેં અથવા મારા બાપે તમને આ આપ્યું આ આપ્યું.

**સમજૂતી : ૮૬૮** أرزإનો અર્થ હાંસલ કરવું. કેમ કરવું છે لا ارزاء નો અર્થ છે : હું કોઈનો માલ લઈને તેના માલને ઓછો કરીશ નહીં, એટલે સ્વીકારીશ નહીં.

આ હદીષથી જાણવા મળ્યું કે સુલ્તાનને સવાલ કરવો શરમની વાત નથી, સાઈલ જ્યારે માંગવામાં અતિશયોક્તિ કરે તો તેને મના કરી દેવું જોઈએ. કોઈએ જરૂરતના સમયે સવાલ કર્યો તો તેની જરૂરત પૂરી કર્યા

اَلْمَالَ خَضِرَةٌ حُلْوَةٌ فَمَنْ اَخَذَهٗ بِسَخَاوَةِ نَفْسٍ بُوْرِكَ لَهٗ فِيْهِ وَمَنْ

અને મીઠો છે જે એને સબ્ર સાથે લે તો મુબારક છે અને જે લાલચની સાથે લે તેને મુબારક નથી, આ તે

اَخَذَهٗ بِاِشْرَافِ نَفْسٍ لَمْ يُبَارَكْ لَهٗ فِيْهِ وَكَانَ كَالَّذِيْ يَاكُلُ وَلَا

શખ્સની જેમ છે જે ખાય છે અને ધરાતો નથી. ઉપરનો હાથ નીચેવાળા કરતાં બેહતર છે. હકીમે કહ્યું, મેં અર્ઝ

يَشْبَعُ اَلْيَدُ الْعُلْيَا خَيْرٌ مِّنَ الْيَدِ السُّفْلٰى قَالَ حَكِيْمٌ فَقُلْتُ يَا رَسُوْلَ

કરી, યા રસૂલલ્લાહ ! ક઼સમ છે એ જાતની જેણે હુઝૂરને હક્કની સાથે મોકલ્યા છે, જ્યાં સુધી જીવતો રહીશ

اللّٰهِ وَالَّذِيْ بَعَثَكَ بِالْحَقِّ لَا اَرْزَاُ اَحَدًا بَعْدَكَ شَيْئًا حَتّٰى اُفَارِقَ

કોઈનું આપેલુ સ્વીકારીશ નહીં. અબૂબક્ર, હકીમને આપવા માટે બોલાવતા તે

الدُّنْيَا فَكَانَ اَبُوْبَكْرٍ يَدْعُوْ حَكِيْمًا اِلَى الْعَطَاءِ فَيَاْبٰى اَنْ يَّقْبَلَهٗ مِنْهُ

એને સ્વીકારવાથી ઈન્કાર કરી આપતા. પછી ઉમરે બોલાવ્યા કે એમને કાંઈ આપીએ તો

ثُمَّ اِنَّ عُمَرَ دَعَاهُ لِيُعْطِيَهٗ فَاَبٰى اَنْ يَّقْبَلَ مِنْهُ شَيْئًا فَقَالَ عُمَرُ

ઈન્કાર કરી આપ્યો. એના પર ઉમરે કહ્યું, હે મુસલમાનોની જમાઅત ! હું હકીમ પર

اِنِّيْ اُشْهِدُكُمْ يَا مَعْشَرَ الْمُسْلِمِيْنَ عَلٰى حَكِيْمٍ اَنِّيْ اَعْرِضُ عَلَيْهِ

તમને લોકોને ગવાહ બનાવું છું કે માલે ગનીમતમાંથી તેમનો જે હક્ક઼ છે હું તેમના સમક્ષ

حَقَّهٗ مِنْ هٰذَا الْفَيْءِ فَيَاْبٰى اَنْ يَّاْخُذَهٗ فَلَمْ يَرْزَاْ حَكِيْمٌ اَحَدًا

રજૂ કરું છું તે લેવાથી ઈન્કાર કરે છે. રસૂલુલ્લાહ ﷺ પછી

مِّنَ النَّاسِ بَعْدَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ حَتّٰى تُوُفِّيَ

હકીમે કોઈનું આપેલુ ન લીધું ત્યાં સુધી કે તે વફાત પામ્યા."

(બુખારી ૧/૧૯૯ ઝકાત, ૧/૩૮૪ વસાયા, ૧/૪૪૪ જેહાદ, ૨/૯૫૩ અર્રિક઼ાક઼,

મુસ્લિમ–ઝકાત, તિર્મિઝી–ઝુહ્દ, નિસાઈ–ઝકાત–રિક઼ાક઼)

બાદ તેને નસીહત ન કરે, નહીં તો એ નસીહતને એવી ધારશે કે આ આપવા નથી માંગતો. હુઝૂરે અક઼દસ ﷺએ એની ઈજાઝત આપી હતી કે **લાલચ વિના જે માલ મળે તેને લઈ લેવામાં આવે.** પણ હઝરત હકીમ બિન હિઝામ رضی اللہ عنہએ હઝરત સિદ્દીકે઼ અકબર તથા ફ઼ારૂકે઼ આ'ઝમ رضی اللہ عنہماનું આપવુ ન સ્વીકાર્યુ. એ એમની ઉચ્ચ કક્ષાની કમાલના દરજાની બેનિયાઝી હતી. એની બરકત એ થઈ કે એમનો જ્યારે વિસાલ થયો તો સૌથી વિશેષ માલદાર હતા.

**حدیث ٨٦٩** اَنَّ عَبْدَ اللّٰهِ بْنَ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا قَالَ سَمِعْتُ

**[હદીષ : ૮૬૯]** "હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ એ કહ્યું, મેં હઝરત ઉમર رضی اللہ عنہ થી સાંભળ્યું તે

عُمَرَ یَقُوْلُ کَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ یُعْطِیْنِی الْعَطَاءَ

ફર્માવતા હતા કે રસૂલુલ્લાહ ﷺ મને કાંઈ આપતા તો હું અર્ઝ કરતો, એને અતા કરો જે મારાથી પણ વધુ

فَاَقُوْلُ اَعْطِهٖ مَنْ هُوَ اَفْقَرُ اِلَیْهِ مِنِّیْ فَقَالَ خُذْهُ اِذَا جَاءَكَ مِنْ هٰذَا

જરૂરતમંદ છે. તો ફર્માવ્યું, લઈ લો ! આ માલમાંથી કાંઈક તમારી પાસે એ રીતે આવે કે તમે કાંઈ લાલચ ન

الْمَالِ شَیْءٌ وَاَنْتَ غَیْرُ مُشْرِفٍ وَّلَا سَائِلٍ فَخُذْهُ وَمَا لَا فَلَا تُتْبِعْهُ نَفْسَكَ

રાખો અને ન માંગો તો લઈ લો. અને જે આ રીતે ન આવે તો તેની પાછળ ન પડો."

(બુખારી ૧/૧૯૯ ઝકાત, ૨/૧૦૬૧ અલ્અહકામ, મુસ્લિમ–નિસાઈ–ઝકાત)

**حدیث ٨٧٠** سَمِعْتُ حَمْزَةَ بْنَ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ قَالَ سَمِعْتُ عَبْدَ

**[હદીષ : ૮૭૦]** "હમ્ઝા બિન અબ્દુલ્લાહ બિન ઉમરે કહ્યું, મેં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી

اللّٰهِ بْنَ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا قَالَ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی

સાંભળ્યું કે નબી ﷺ એ ફર્માવ્યું, માણસ લોકોથી ભીખ માગતો રહેશે ત્યાં સુધી કે કયામતના દિવસે આવશે

**સમજૂતી : ૮૬૯**

કિતાબુલ અહકામમાં એક લાંબી હદીષના હેઠળ આ પ્રમાણે છે : રસૂલુલ્લાહ ﷺ મને કાંઈક આપ્યા કરતા હતા તો હું અર્ઝ કરતો હતો કે જે એનો મારાથી વધુ હાજતમંદ હોય તેને અર્પણ કરો. ત્યાં સુધી કે એકવાર મને થોડોક માલ અતા કર્યો. બાદમાં મેં તે જ અર્ઝ કર્યું તો ફર્માવ્યું, લઈ લો ! તમારી પાસે રાખો અને સદકો કરો. જ્યારે આ માલ તારી પાસે આવે.........છેવટ સુધી.

મશાઈખે એ'ઝામનો ઈર્શાદ છે : **તમઅ (લાલચ) ન કર, મના ન કર, જમા ન કર.** આ હદીષથી માલૂમ થયું કે વિના લાલચ તથા વિના સવાલે કોઈ કાંઈ આપે તો એ ઝુહદની વિરુદ્ધ નથી. મશાઈખે એ'ઝામનો બંનેવ તરીકાઓ પર અમલ રહ્યો. અમુકે હઝરત હકીમ બિન હિઝામ رضی اللہ عنہ ના તરીકાને અપનાવ્યો અને અમુકે આ હદીષ પર અમલ કર્યો. અમુકે બંનેવ તરીકાઓ પર. એ રીતે કે સુલ્તાનો, હાકિમોની ભેટ રદ કરી આપી અને મુખ્લિસો ફકીરોની કબૂલ કરી. મેં સૈયદી સનદી હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુસ્તફારઝાખાં رحمۃ اللہ علیہ ને જોયા કે કદી કદી રઈસોની નઝરો (નઝરાણાં) આગ્રહ છતાં રદ કરી દેતા અને ફકીરોની થોડીક નઝર, ત્યાં સુધી કે ચાર આના સુદ્ધાં કબૂલ કરી લેતા. *(બુખારી, ૧/૧૯૯–ઝકાત, મુસ્લિમ, નિસાઈ–ઝકાત)*

**સમજૂતી : ૮૭૦** **مزعة لحم** : એનો અર્થ ટુકડો છે. કહેવામાં આવે છે કે **مزعت اللحم قطعته قطعه قطعة** મેં ગોશ્તને બોટી બોટી કરી આપ્યો. મતલબ એ છે કે **કયામતના દિવસે તેના ચહેરા પર તદન ગોશ્ત હશે નહીં, કેવળ હાડકુ હશે. સૂરજની નજીક હોવાના કારણે તેને સખત**

عَلَیْهِ وَسَلَّمَ مَا یَزَالُ الرَّجُلُ یَسْأَلُ النَّاسَ حَتّٰی یَاْتِیَ یَوْمَ الْقِیٰمَةِ

અને તેના ચહેરા પર ગોશ્તનો કોઈ ટુકડો ન રહેશે. અને કહ્યું,

وَلَیْسَ فِیْ وَجْهِهٖ مُزْعَةُ لَحْمٍ وَقَالَ اِنَّ الشَّمْسَ تَدْنُوْ یَوْمَ الْقِیٰمَةِ

કયામતના દિવસે સૂરજ નજીક હશે ત્યાં સુધી કે પરસેવો અડધા કાન સુધી પહોંચી જશે.

حَتّٰی یَبْلُغَ الْعَرَقُ نِصْفَ الْاُذُنِ فَبَیْنَمَا هُمْ كَذٰلِكَ اسْتَغَاثُوْا

લોકો એ જ હાલતમાં હશે અને હઝરત આદમ પછી હઝરત મૂસા પછી

بِاٰدَمَ ثُمَّ بِمُوْسٰی ثُمَّ بِمُحَمَّدٍ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ

હઝરત મુહમ્મદ ﷺથી મદદ ચાહશે. તો હુઝૂર શફાઅત ફર્માવશે કે

وَزَادَ عَبْدُ اللّٰهِ قَالَ حَدَّثَنِی اللَّیْثُ قَالَ حَدَّثَنِی ابْنُ اَبِیْ جَعْفَرٍ

મખ્લૂકનો ફેંસલો કરવામાં આવે. ત્યાં સુધી કે જન્નતના દરવાજાની ઝંજીર પકડી લેશે.

فَیَشْفَعُ لِیُقْضٰی بَیْنَ الْخَلْقِ فَیَمْشِیْ حَتّٰی یَاْخُذَ بِحَلْقَةِ الْبَابِ فَیَوْمَئِذٍ

તે દિવસે અલ્લાહ તેમને મકામે મહમૂદ પર બિરાજમાન કરશે કે

یَّبْعَثُهُ اللّٰهُ تَعَالٰی مَقَامًا مَّحْمُوْدًا یَّحْمَدُهٗ اَهْلُ الْجَمْعِ كُلُّهُمْ ع ۵

એ મજમાના સર્વ લોકો તેમની પ્રશંસા કરશે."

**તકલીફ થશે.** અને **આ વિના જરૂરતે સવાલ કરવાની સજા છે.**

**حتی یبلغ العرق الخ** : મુસ્લિમ (૨/૩૮૪)માં એની વિગત આ પ્રમાણે છે : સૂરજ નજીક કરવામાં આવશે ત્યાં સુધી કે એક મીલના અંતરે હશે. આ હદીષના રાવી સુલૈમ બિન આમિર તાબઈ કહે છે કે હું નથી જાણતો કે આ મીલથી માઈલનું અંતર મુરાદ છે કે સુરમાની સળી. પોતાના અમલોના પ્રમાણે લોકો પરસેવામાં હશે. પરસેવો કોઈની ઘૂંટીઓ સુધી હશે, કોઈના ઘૂંટણો સુધી, કોઈની કમર સુધી, કોઈની છાતી સુધી, કોઈના ગળા સુધી, અને કાફિરના તો મોઢા સુધી ચઢીને લગામની જેમ થઈ જશે જેમાં તે ડબૂકિયાં ખાતો રહેશે.

**استغاثوا بآدم** : અહીં ટૂંકાણમાં છે. કિતાબુર્રિકાક (૨/૯૭૧)માં એ તફસીલ છે કે હઝરત આદમ પછી હઝરત નૂહ પછી હઝરત ઈબ્રાહીમ પછી હઝરત મૂસા પછી હઝરત ઈસા علیہم السلامની પાસે આવશે પછી તેમના માર્ગદર્શન પર શફીએ આ'ઝમ ﷺની ખિદમતમાં હાજર થશે, વગેરે વગેરે.

**وزاد عبدالله** એની પણ સંભાવના છે કે આ હિસ્સો તઅલીક હોય કેમ કે ઈમામ બુખારીએ કેવળ *"ઝાદ અબ્દુલ્લાહ"* કહ્યું છે, *"ઝાદની"* નથી કહ્યું. આ અબ્દુલ્લાહ બિન સાલેહ ઈમામ લૈષ બિન સઅદના કાતિબ છે. ઈમામ અબ્દુલ્લાહ હાકિમે કહ્યું કે ઈમામ બુખારીએ અબ્દુલ્લાહ બિન સાલેહ કાતિબ લૈષની કોઈ હદીષે સહીહ તામ મુસ્તકિલ પોતાની સહીહમાં નથી લખી. અલ્લામા અયનીએ ફર્માવ્યું એવું નથી તેમની તામ મુસ્તકિલ

حدیث ۸۷۱ اَخۡبَرَنِیۡ مُحَمَّدُ بۡنُ زِیَادٍ قَالَ سَمِعۡتُ اَبَاهُرَیۡرَةَ رَضِیَ اللّٰهُ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નબી ﷺથી રિવાયત કરે છે કે ફર્માવ્યું, **[હદીષ : ૮૭૧]**

تَعَالٰی عَنۡهُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیۡهِ وَسَلَّمَ قَالَ لَیۡسَ الۡمِسۡکِیۡنُ

*મિસ્કીન તે નથી જેને લુકમા બે લુકમા દર બદર ફેરવે. હા !*

الَّذِیۡ تَرُدُّهُ الۡاُکۡلَةُ وَالۡاُکۡلَتَانِ وَلٰکِنَّ الۡمِسۡکِیۡنُ الَّذِیۡ لَیۡسَ لَهٗ غِنًی وَّ

*મિસ્કીન તે છે જેને હાજત હોય અને શરમ કરે અને લોકોને વળગીને માગે નહીં."*

یَسۡتَحۡیِیۡ اَوۡلَا یَسۡاَلُ النَّاسَ اِلۡحَافًا ع

*(બુખારી ૧/૧૯૯ ઝકાત, અબૂ દાઊદ, નિસાઈ, ઝકાત, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૪૫૭)*

حدیث ۸۷۲ حَدَّثَنِیۡ کَاتِبُ الۡمُغِیۡرَةِ بۡنِ شُعۡبَةَ قَالَ کَتَبَ مُعَاوِیَةُ اِلَی الۡمُغِیۡرَةِ بۡنِ

*'હઝરત મુગીરા બિન શઅબા رضی اللہ عنہના કાતિબે કહ્યું કે મુઆવિયાએ મુગીરા બિન* **[હદીષ : ૮૭૨]**

હદીષ લીધી છે પણ તદલીસના કારણે નિસ્બત છોડીને કેવળ અબ્દુલ્લાહ કહીને લીધી છે. એમના બારામાં કલામ છે. ઈબ્ને અદીએ કહ્યું કે એ સકીમુલ હદીષ છે.

**فیشفع لیقضی** : ક઼યામતનો દિવસ પચાસ હજાર વરસનો હશે. ક઼યામતનો એક દિવસ દુનિયાના પચાસ હજાર વરસોના બરાબર હશે. અડધા દિવસ સુધી લોકો હેરાન પરેશાન રહેશે. પછી આપસમાં મશ્વરાથી લોકો હઝરત આદમ علیہ السلامની પાસે જશે. અને છેવટે હુઝૂરે અક઼દસ ﷺની ખિદમતે અક઼દસમાં હાજર થશે અને હુઝૂર બારગાહે અક઼દસ (ખુદાની બારગાહ)માં અર્ઝ વિનવણી કરીને હિસાબ શરૂ કરાવશે. આ *શફાઅતે ઉઝમા* છે જે સર્વ મેહશરવાળાઓ માટે હશે ત્યાં સુધી કે કાફિર માટે પણ, જેનાથી પ્રભાવિત થઈ સર્વ મહેશરવાળાઓ આપની પ્રશંસા તથા વખાણ કરશે. આ જ મક઼ામે મહમૂદ છે.

**પ્રકરણથી સામ્યતા** : અહીં પ્રકરણનો વિષય છે. જે લોકોથી માલ અધિક હાંસલ કરવા સવાલ કરે. જાહેર છે કે જરૂરતના સમયે સવાલ કરવો જાઈઝ અને મુબાહ છે, એના પર સજાનો કોઈ સવાલ જ નથી. જેથી માનવુ પડશે કે ચેતવણી તે લોકો માટે છે જેઓ વિના જરૂરતે સવાલ કરે છે. એટલે કે તેમની પાસે જરૂરત પૂરતો માલ છે છતાં પણ માગે છે. તો આ માગવુ માલને વધારવા માટે છે.

**સમજૂતી : ૮૭૧** **لیس المسکین** : એનાથી મુરાદ ધંધાદારી ભીખારીઓ છે. મતલબ એ છે કે હક઼ીક઼ી મિસ્કીન ભીખ માંગનારો ભીખારી નથી, એટલા માટે કે તે માગી માગીને માલ ભેગો કરે છે. હક઼ીક઼ી મિસ્કીન તે છે જેની પાસે કાંઈ પણ નથી છતાં પણ કોઈની પાસે સવાલ નથી કરતો અથવા જરૂરત પૂરતો સવાલ કરે પણ છે તો એ ભીખારીઓ જેમ જીદ તથા આગ્રહની સાથે નહીં કે જ્યાં સુધી કાંઈ ન મળે પીછો ન છોડે.

**સમજૂતી : ૮૭૨** **قیل وقال** : જાહેરી રીતે આ બંનેવ કર્મ ભૂતકાળ (માઝી) છે. પ્રથમ : મજહૂલ, બીજુ : મઅરૂફ. મસ્દર પણ હોઈ શકે છે. કહેવામાં આવે છે : **قال قولا و قیلا و قالا** અને ઈસ્મ પણ હોઈ શકે છે. ઈબ્નુસ્સકીતે એને અગ્રતા આપી. એનાથી મુરાદ "લા યઅની" એટલે ફાયદા વિનાની વાતો કરવી અથવા જે

شُعْبَةَ اَنِ اكْتُبْ اِلَيَّ بِشَيْءٍ سَمِعْتَهُ مِنَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

શઅબાને લખ્યું કે નબી ﷺથી જે સાંભળ્યું છે કાંઈક મારી પાસેથી લખો તો તેમણે લખ્યું, મેં નબી ﷺને

فَكَتَبَ اِلَيْهِ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ

સાંભળ્યા કે ફર્માવતા હતા, અલ્લાહ ﷻને ત્રણ વાતો નાપસંદ છે. ક઼ીલો ક઼ાલ (નિરર્થક વાતો)

اِنَّ اللّٰهَ كَرِهَ لَكُمْ ثَلَاثًا قِيْلَ وَقَالَ وَاِضَاعَةَ الْمَالِ وَكَثْرَةَ السُّوَالِ

તથા માલને વેડફવું અને પુષ્કળ પ્રમાણમાં સવાલ કરવા." (બુખારી ૧/ ૧૯૯ ઝકાત)

حدیث ۸۷۳ عَنْ اَبِيْهِ عَنْ صَالِحٍ عَنْ اِسْمَاعِيْلَ بْنِ مُحَمَّدٍ اَنَّهُ قَالَ سَمِعْتُ

"યાકૂબ બિન ઈબ્રાહીમ પોતાના પિતા ઈબ્રાહીમથી તે સાલેહથી તે ઈસ્માઈલ **[હદીષ : ૮૭૩]**

اَبِيْ يُحَدِّثُ هٰذَا فَقَالَ فِيْ حَدِيْثِهٖ فَضَرَبَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

બિન મુહમ્મદ બિન સઅદથી રિવાયત કરે છે કે તેમણે (ઈસ્માઈલ બિન મુહમ્મદે) કહ્યું, મેં મારા બાપ

عَلَيْهِ وَسَلَّمَ بِيَدِهٖ فَجَمَعَ بَيْنَ عُنُقِيْ وَكَتِفِيْ ثُمَّ قَالَ اَقْبِلْ

(મુહમ્મદ)થી સાંભળ્યું, તે હદીષ બયાન કરતા હતા. પોતાની એ હદીષમાં આ પ્રમાણે કહ્યું કે રસૂલુલ્લાહ

વાતોનું સહીહ હોવું યક઼ીની ન હોય એને ફેલાવવી, મુરાદ છે.

**واضاعة المال** : માલને વેડફવાની અગણિત સ્થિતિઓ છે. તેની રક્ષા ન કરવી, માલ વધારવાની કોશિશ ન કરવી, જે હાજર છે તેને બેઠા બેઠા ખાવુ, ફુઝૂલખર્ચી કરવી, ગુનાહોમાં ખર્ચ કરવો, હૈસિયતથી વધુ બખ્શિશો રજૂ કરવી, ફાયદાકારક ચીજોને ફેંકી દેવી, વગેરે વગેરે.

**وكثرة السوال**- : આ આમ છે દરેક પ્રકારના સવાલને માટે. માલનો સવાલ કરવો હોય કે ઈલ્મી. ઈલ્મી સવાલની બે સ્થિતિઓ છે. પ્રથમ તે વાતો જેના પર એતેક઼ાદ રાખવો (માનવી) અથવા અમલ કરવો ફર્ઝ કે વાજિબ કે સુન્નત કે મુસ્તહબ છે અથવા મના છે. તેના બારામાં સવાલ પણ ફર્ઝ કે વાજિબ કે સુન્નત અથવા મુસ્તહબ થશે. બીજી તે વાતો જેને જાણવાના માટે આપણે બંધાયેલ નથી, જેમ કે હઝરત આદમે જન્નતમાં સૌ પ્રથમ શું ખાધુ હતુ, દુનિયામાં આવીને સૌ પ્રથમ શું ખાધુ, હઝરત હવ્વાથી મુલાકાત થઈ તો સૌ પ્રથમ શું વાત થઈ, હઝરત ઈસ્માઈલના ફિદિયાના ગોશતનુ શું થયું, ઝુલ્કરનૈન નબી હતા કે નહીં........વગેરે વગેરે, એ મના છે અને એ જ પુષ્કળ સવાલોમાં સામેલ છે.

એ જ પ્રમાણે માણસની અંગત અને કારોબારની વિગતના ગૈરજરૂરી સવાલો પણ એ જ પ્રકારમાંથી છે. યાદ રાખશો કે કદી કદી સવાલ વાજિબ હોય છે. દા.ત. ખાવા માટે કાંઈ નથી અને જાન જવાનો અંદેશો છે તો જાન બચાવવાના માટે સવાલ વાજિબ છે, કેમ કે જાન બચાવવી ફર્ઝ છે.

**સમજૂતી : ૮૭૩** આ ભાગ : ૧, પેજ : ૨૮૨ પર વર્ણન થયેલી હદીષ : ૨૬નો મધ્યમ ભાગ છે, જેનો વિષય એ છે કે હઝરત સઅદ બિન વક્કાસ رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ એક ગિરોહને આપ્યું અને એક

એવા શખ્સને કાંઈ ન આપ્યું જે મારી દૃષ્ટિએ સૌથી સારો હતો. મેં ત્રણવાર ખિદમતમાં અર્ઝ કરી તો ફર્માવ્યું, એકને આપુ છું જ્યારે બીજો મને અધિક પ્યારો હોય છે, એ અંદેશાના કારણે કે ક્યાંક અલ્લાહ તેને મોઢાભેર જહન્નમમાં ન નાખી દે. એટલે કે કેટલાક લોકો એવા હોય છે કે હજી ઈમાન એમના દિલોમાં જામતુ નથી તો તેમના દિલને ખુશ કરવા માટે આપુ છું જેથી તેઓ સાચા મો'મિન થઈ જાય. અને જેમને નથી આપતો તે ઈમાનમાં મજબૂત હોય છે. તેને કાંઈ આપવામાં આવે કે ન આપવામાં આવે તો પણ તે અડગ રહેશે.

**શંકા તથા જવાબ :** મુહમ્મદ બિન સઅદ رضی اللہ عنہ રસૂલુલ્લાહ ﷺથી રિવાયત કરી રહ્યા છે. જ્યારે કે મુહમ્મદ બિન સઅદે રસૂલુલ્લાહ ﷺને જોયા નથી. એના લીધે આ રિવાયત મુરસલ થઈ. અલ્લામા અયનીએ એ જવાબ આપ્યો કે આ રિવાયતમાં "હાઝા"નો ઈશારો એના પહેલાં વર્ણન થયેલ હદીષે સઅદની તરફ છે જેમાં સ્પષ્ટતા છે કે હઝરત સઅદ رضی اللہ عنہએ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ એક ગિરોહને આપ્યું. હવે એ મુરસલ ન રહી મુત્તસિલ થઈ ગઈ.

**قال ابو عبدالله فكبكبوا قلبوا۔ مكبا اكب الرجل اذا كان فعله غير واقع على احدٍ فاذا رقع الفعل قلت كبه الله لوجهه وكببتهٗ انا**

અબૂ અબ્દુલ્લાહે કહ્યું, **فكبكبوا**નો અર્થ **قلبوا** થાય છે. (**اكب**) **مكبا**થી છે. **اكب الرجل** એ વખતે કહેવામાં આવે છે જ્યારે એનો ફેઅલ કોઈના પર વાકેઅ ન થાય, જ્યારે વાકેઅ થાય તો તમે આવુ કહેશો. *(બુખારી ૧/૨૦૦ ઝકાત)*

**સમજૂતી :** હદીષમાં આવ્યું હતું : **ان يكبه الله فى النار على وجهه** "કે ક્યાંક અલ્લાહ તેને મોઢાંભેર જહન્નમમાં ન નાખી દે." આદત પ્રમાણે ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ એના મુનાસિબ કુર્આનમાં આવેલ બે શબ્દોની તફસીર કરી છે, એક **كبكبوا** છે. સૂરએ શુઅરા, આયત–૯૪માં ફર્માવ્યું, **فَكُبْكِبُوْا فِيهَا هُمْ وَالْغَاوٗنَ** "તો જહન્નમમાં તે તથા તમામ ગુમરાહ ઊંધા મોઢે નાખી દેવામાં આવશે." બીજો **مكبا** છે. સૂરએ મુલ્ક આયત ૨૦માં ફર્માવ્યું, **افمن يمشى مكبا على وجهه اهدىٰ امن يمشى سويا على صراط مستقيم** "શું જે ઊંધો મોઢ ાભેર ચાલે અધિક રાહ પર છે કે જે સીધો સીધા માર્ગે ચાલે." **كَبَّ** તે અમુક કામોમાં (અફઆલ)થી છે જે મુજર્રદમાં મુતઅદ્દી છે અને બાબે ઈફઆલમાં લાઝિમ. **كبكبوا** મુજર્રદ છે. એનો અર્થ છે, મોઢાભેર જહન્નમમાં નાખવામાં આવ્યા. **مكبا** બાબે ઈફઆલનુ ઈસ્મે ફાઈલ છે. એનો અર્થ છે : ઊંધા થઈને.

ઈમામ બુખારીએ જ્યારે "એનો ફેઅલ કોઈના ઉપર વાકેઅ ન થાય"થી લાઝિમની તાબીર કરી છે અને "જ્યારે કોઈના પર વાકેઅ થાય"થી મુતઅદ્દીની.

**كَبَّ اَكَبَّ**ના જેવા અમુક આ અફઆલ પણ છે :–

**حَجَمَ ۔ اَحْجَمَ ۔ نَسَلَ ۔ اَنْسَلَّ ۔ مَرَیٰ ۔ اَمْرٰی ۔ نَزَفَ ۔ اَنْزَفَ ۔ نَشَقَ ۔ اَنْشَقَ ۔ قَشَعَ ۔ اَقْشَعَ ۔۔۔** "અબૂ અબ્દુલ્લાહ ઈમામ **قَالَ اَبُوْ عَبْدِاللهِ صَالِحُ بْنُ كَيْسَانَ هُوَ اَكْبَرُ مِنَ الزُّهْرِى وَهُوَ قَدْ اَدْرَكَ اِبْنَ عُمَرَ** બુખારીએ કહ્યું, સાલેહ બિન કેસાન, ઝુહરી કરતાં ઉમરમાં મોટા છે તેમણે ઈબ્ને ઉમરને પામ્યા એટલે હદીષ સાંભળી."

**સમજૂતી :** ઈમામ બુખારી એવું બતાવવા ચાહે છે કે સાલેહ બિન કૈસાન ઈમામ ઝુહરીથી ઉમરમાં મોટા છે. સાલેહ બિન કૈસાને હઝરત ઈબ્ને ઉમરથી હદીષ સાંભળી છે. ઈમામ ઝુહરીથી ઉલ્ટુ કે એમના બારામાં

حديث ٨٧٤ عَنْ اَبِىْ هُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૮૭૪]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَيْسَ الْمِسْكِيْنُ الَّذِىْ يَطُوْفُ عَلَى النَّاسِ

*તે મિસ્કીન નથી જે લોકો પર ઘુમતો રહે છે. લુકમા બે લુકમા, એક બે ખજૂરો તેને દરવાજે દરવાજે ફેરવે છે.*

تَرُدُّهُ اللُّقْمَةُ وَاللُّقْمَتَانِ وَالتَّمْرَةُ وَالتَّمْرَتَانِ وَلٰكِنَّ الْمِسْكِيْنَ

*હા ! મિસ્કીન તે છે જે પોતાની જરૂરત પૂરી નથી કરી શકતો અને તેને જાણવામાં પણ નથી આવતુ કે તેને*

الَّذِىْ لَا يَجِدُ غِنًى يُّغْنِيْهِ وَلَا يُفْطَنُ بِهٖ فَيُتَصَدَّقُ عَلَيْهِ وَلَا

*કાંઈ આપવામાં આવે અને લોકોથી માગતો પણ નથી."*

يَقُوْمُ فَيَسْئَالُ النَّاسَ عـه

*(બુખારી, ૧/૨૦૦, ૨/૬૫૧ તફસીરે સૂરએ બક્રહ, અબૂ દાઊદ, નિસાઈ, દારમી–સૌમાં ઝકાત, મોઅત્તા ઈમામ માલિક–સિફતુન્નબી ﷺ, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૨૬૧)*

حديث ٨٧٥ عَنْ اَبِىْ هُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ નબી ﷺ થી* **[હદીષ : ૮૭૫]**

عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَاَنْ يَّأْخُذَ اَحَدُكُمْ حَبْلَهٗ ثُمَّ يَغْدُوَ وَاَحْسِبُهٗ قَالَ

*રિવાયત કરે છે કે ફર્માવ્યું, કોઈ સવારે રસ્સી લઈને પહાડ પર જાય*

اِلَى الْجَبَلِ فَيَحْتَطِبَ فَيَبِيْعَ فَيَاْكُلَ وَيَتَصَدَّقَ خَيْرٌ لَّهٗ مِنْ اَنْ

*અને લાકડાં જમા કરે પછી તેને વેચે અને ખાય. સદકો કરે, એ*

يَّسْئَالَ النَّاسَ عـه

*એના માટે બેહતર છે કે લોકોથી માગે." (બુખારી ૧/૨૦૦ ઝકાત, ૧/૨૭૮, ૧/૩૧૯, નિસાઈ–ઝકાત)*

જમહૂરનું કથન એ છે કે તેમણે હઝરત ઈબ્ને ઉમરથી હદીષ નથી સાંભળી. ઈમામ અહમદ, ઈમામ ઈબ્ને મદયની, ઈમામ ઈબ્ને મુઈનનો પણ આ જ કૌલ છે. ઈમામ ઝુહરીથી બે હદીષો ડાયરેક્ટ હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત થયેલી છે, પણ અન્યોની રિવાયતમાં દરમ્યાનમાં સાલિમ છે. ઈમામ ઝુહરીની પેદાઈશ હિ.સ. ૫૦ અથવા એના પછીની છે. અને સન એકસો ત્રીસ અથવા ચોવીસમાં તેમનો વિસાલ થયો છે. અને સાલેહ બિન કૈસાનનો વિસાલ સન એકસો ચાલીસ અથવા એથી કાંઈક પહેલાં થયો છે. અને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما નો વિસાલ હિ.સ. ૭૩માં થયો છે.

حدیث ۸۷۶ عَنْ اَبِیْ حُمَیْدِنِ السَّاعِدِیِّ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ غَزَوْنَا

"હઝરત અબૂ હુમૈદ સાઅદી رضی اللہ عنہ એ ફર્માવ્યું, અમે નબી ﷺ સાથે ગઝવએ તબૂક઼ના **[હદીષ : ૮૭૬]**

مَعَ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ غَزْوَۃَ تَبُوْکَ فَلَمَّا جَاءَ

માટે નીકળ્યા જ્યારે હુઝૂર વાદીયુલ કુ઼રા પહોંચ્યા તો એક સ્ત્રી મળી જે પોતાના બાગમાં હતી.

وَادِیَ الْقُرٰی اِذَا امْرَاَۃٌ فِیْ حَدِیْقَۃٍ لَّھَا فَقَالَ النَّبِیُّ صَلَّی اللّٰہُ

નબી ﷺ એ પોતાના સહાબીઓને ફર્માવ્યું, એની ખજૂરોનો અંદાઝો લગાડો.

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ لِاَصْحَابِہٖ اُخْرُصُوْا وَخَرَصَ رَسُوْلُ اللّٰہِ صَلَّی

અને રસૂલુલ્લાહ ﷺ એ દસ વસક઼નો અંદાઝો લગાડયો અને તે સ્ત્રીને કહ્યું,

اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ عَشَرَۃَ اَوْسُقٍ فَقَالَ لَھَا اَحْصِیْ مَا یَخْرُجُ

એનાથી જે નીકળે એનો હિસાબ રાખજે. અમે જ્યારે તબૂક઼ પહોંચ્યા તો ફર્માવ્યું, સાંભળો !

مِنْھَا فَلَمَّا اَتَیْنَا تَبُوْکَ قَالَ اَمَا اِنَّھَا سَتَھُبُّ اللَّیْلَۃَ رِیْحٌ شَدِیْدَۃٌ

આજે રાતમાં સખત આંધી આવશે, કોઈ ઉભો ન થાય અને જેની પાસે ઊંટ હોય

**સમજૂતી : ૮૭૬**

આ હદીષનો આ ભાગ طابة فلما اشرف على المدينة فقال هذه طابةથી લઈને છેવટ સુધીને મગ઼ાઝીમાં અને طابة સુધી ફઝાઈલે મદીનામાં અને خير دور الانصار في كل دور الانصار خيرથી સુધી મુનાક઼િબમાં વર્ણન કર્યુ છે.

**તબૂક** : મદીના તયબહથી ઉત્તર બાજુએ ચૌદ મંઝિલ પર એક જગાનું નામ છે. ત્યાંથી દમિશ્ક અગ્યાર મંઝિલના અંતરે છે. એ ગૈર મુન્સરિફ છે. ઈબ્ને ક઼ુતીબાનું ગુમાન છે કે એ તફઅ્‌ઉલના વજન પર બૂકથી ફેઅલે મુઝારેઅ છે. એનો અર્થ છે જમીનની તીરાડમાં તીર વગેરે નાખીને પાણી કાઢવું છે. અહીં જ્યારે હુઝૂરે અક઼દસ ﷺ પહોંચ્યા તો જોયું કે લોકો એક તીરાડમાંથી પ્યાલા વડે પાણી કાઢી રહ્યા છે. તો ફર્માવ્યું, આવું જ કરતા રહેશો ! એ કારણે એનું નામ ગઝવએ તબૂક઼ પડયું. એ રજબ હિ.સ. ૯માં થયો હતો. વીસ દિવસ ત્યાં રોકાણ રહ્યું. રમઝાન અથવા શવ્વાલના અંતમાં ત્યાંથી પરત થયા. વાદીયુલ કુ઼રા, હિજાઝના પૂરાણા શહેરોમાંથી છે.

**اخرصوا : خرص** અંદાઝાથી કોઈ ચીજની માત્રા બતાવવી. સુલ્તાનો તથા બાદશાહોની આદત હતી કે જ્યારે ખજૂર, દ્રાક્ષ વગેરેનાં ફળો જાહેર થઈ જતાં તો કોઈ નિષ્ણાતને મોકલતા જે એવો અંદાઝો લગાડતા કે તૈયાર થતાં આ ફળો કેટલાં થશે. પછી ફળો ઉતર્યા પછી એના જ પ્રમાણે એનાથી ઉશ્ર વસૂલ કરતા. એમાં એ ફાયદો હતો કે "ખર્‌સ" પછી માલિકે એમાં ફળ ખાવુ વેચવુ જાઈઝ થઈ જતુ અને બયતુલ માલનું નુકસાન પણ ન થતુ. "ખર્‌સ"ના પ્રમાણે અમલ લાઝિમ છે કે નહીં અને "ખર્‌સ" જાઈઝ છે કે નહીં, એના બારામાં ઈમામોમાં કેટલાયે મતભેદો છે. આપણે ત્યાં એ મન્સૂખ છે. જેવું કે ઈમામ તહ઼ાવીએ ફર્માવ્યું, આપણી દલીલ હઝરત જાબિર رضی اللہ عنہ ની આ હદીષ છે કે ફર્માવ્યું :–

وَلَا يَقُوْمَنَّ اَحَدٌ وَّمَنْ كَانَ مَعَهٗ بَعِيْرٌ فَلْيَعْقِلْهُ فَعَقَلْنَاهَا وَهَبَّتْ

*તેની એક઼ાલ (ઊંટના પગમાં બાધવાની રસ્સી) બાંધી દે. અમે બાંધી દીધી*

رِيْحٌ شَدِيْدَةٌ فَقَامَ رَجُلٌ فَاَلْقَتْهُ بِجَبَلَيْ طَيِّئٍ - وَاَهْدٰى مَلِكُ

*અને સખત આંધી આવી અને એક શખ્સ ઉભો થઈ ગયો તો તેને તયટના પહાડોમાં ફેંકી દીધો.*

اَيْلَةَ لِلنَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بَغْلَةً بَيْضَاءَ وَكَسَاهُ بُرْدًا

*અને અયલાના બાદશાહે નબી ﷺની ખિદમતમાં સફેદ ખચ્ચર નઝર કર્યું અને હુઝૂરે તેને ચાદર*

وَكَتَبَ لَهٗ بِبَحْرِهِمْ - فَلَمَّا اَتٰى وَادِىَ الْقُرٰى قَالَ لِلْمَرْاَةِ كَمْ جَاءَتْ

*અતા ફર્માવી અને તેમના માટે તેમનો સમંદર લખી આપ્યો. પછી જ્યારે વાદીયુલ કુરા પાછા*

حَدِيْقَتُكِ قَالَتْ عَشَرَةَ اَوْسُقٍ خَرْصَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

*તશરીફ લાવ્યા તો તે સ્ત્રીને પૂછયું, તારા બાગમાં કેટલી ખજૂરો આવી ? તો તેણીએ બતાવ્યું કે દસ વસક઼,*

**نهى النبى صلى الله عليه وسلم عن الخرص وقال اراٴتم ان هلك الثم۔ ايحب ان ياكل مال اخيه بالباطل۔**

"નબી ﷺએ ખર્‌સથી મના કર્યું અને ફર્માવ્યું, બતાવો ! જો ફળો બર્બાદ થઈ જાય, શું તમે પસંદ કરો છો કે પોતાના ભાઈનો માલ બાતિલ તરીક઼ાથી ખાવ ?! *(શરહે મઆનિયલ આષાર, ૧/૨૬૭, ઝકાત)* મનાઈનો ઉઘાડો ફાયદો એ છે કે પહેલાં ઈજાઝત હતી પછી મનાઈ થઈ ગઈ. આ નસ્ખની (હુકમના ઉઠી જવાની) દલીલ છે, અને નસ્ખ પર અમલ નાજાઈઝ છે. એટલા માટે અલ્લામા અયનીએ એને મકરૂહ બતાવ્યું. અને એ જ ઈમામ તહાવીએ પણ ફર્માવ્યું. *(શરહે મઆનિયુલ આષાર, ૧/૨૬૬, ઝકાત)*

**મસ્અલાનું વિવેચન :** એ છ કે જે લોકો ખર્‌સના માનવાવાળા છે તેઓ એવું કહે છે કે હુકૂમતે નિશ્ચિત કરેલ ખારિસે જે માત્રા બતાવી આપી એના પ્રમાણે ઉશ્ર વસૂલ કરવું લાઝિમ છે, અને આપણે ત્યાં આવું કરવું મના છે. એની સમર્થક અન્ય પણ હદીષો છે. સહલ બિન અબી હષમા رضی اللہ عنہએ ફર્માવ્યું કે નબી ﷺએ ફર્માવ્યું, જ્યારે તમે અનુમાન લગાડી લો એના પ્રમાણે લો અને ૧/૩ છોડી આપો. અને જો ૧/૩ ન છોડી શકો તો ૧/૪ છોડી આપો. (ઉપર મુજબ, પેજ : ૨૬૭) જો અનુમાન મુજબ લેવું વાજિબ હોત તો ત્રીજો, ચોથો ભાગ છોડવાનો શો મતલબ ? અને હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા رضی اللہ عنہને ખયબર અનુમાન લગાડવા માટે એટલા માટે મોકલતા હતા કે યહૂદી અપ્રમાણિક ક઼ૌમ છે એટલા માટે ખાસ તેઓના માટે સાવધાનીના રૂપે મોકલતા હતા. અને બુખારીની ચર્ચા હેઠળની હદીષથી એ સાબિત નથી થતુ કે આ અમલ કાયમી તથા વાજિબરૂપે હતો. એની સંભાવના છે કે એ ટેમ્પરરી રહ્યો હોય વળી અહીંયા ખૂદ હુઝૂર ﷺએ અનુમાન કર્યુ હતું જેમાં ભૂલ થવાની શક્યતા જ નથી જેવું કે બન્યું, અન્યોના અનુમાનોમાં એ વાત ક્યાંથી ?! આ હુકમ ઈજમાઈ સ્વીકૃત વાતોથી વિરુદ્ધ છે. ઉશ્ર એમાં વાજિબ છે જે પેદાવર (ઉપજ) થાય. ઉપજથી મુરાદ એવી ઉપજ જે ફાયદો ઉઠાવવા પાત્ર હોય. ફળોના જાહેર થયા બાદ અનુભવ સાક્ષી છે કે કેટલાંય ફળો નાશ પામે છે (વેડફાય જાય છે), વળી ઋતુના

عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ إِنِّي مُتَعَجِّلٌ

રસૂલુલ્લાહ ﷺના અંદાઝા પ્રમાણે. હવે નબી ﷺએ ફર્માવ્યું, હું મદીના જલ્દી પહોંચવા માગુ છું,

إِلَى الْمَدِيْنَةِ فَمَنْ أَرَادَ مِنْكُمْ أَنْ يَتَعَجَّلَ مَعِيَ فَلْيَتَعَجَّلْ فَلَمَّا

તમારામાંથી જે મારી સાથે જલ્દી મદીના પહોંચવા ચાહે તો ઝડપી ચાલે.

(قَالَ ابْنُ بَكَّارٍ كَلِمَةً مَّعْنَاهُ) أَشْرَفَ عَلَى الْمَدِيْنَةِ قَالَ هٰذِهِ طَابَةُ

જ્યારે મદીના દેખાવા માંડયું તો ફર્માવ્યું, આ તાબા છે. અને જ્યારે ઓહદને જોયો તો ફર્માવ્યું,

فَلَمَّا رَأَى أُحُدًا قَالَ هٰذَا جَبَلٌ يُّحِبُّنَا وَنُحِبُّهُ أَلَا أُخْبِرُكُمْ بِخَيْرِ

આ પહાડ મારાથી મહોબ્બત કરે છે અને હું એનાથી મહોબ્બત કરું છું. શું હું તમને

دُوْرِ الْأَنْصَارِ قَالُوْا بَلٰى قَالَ دُوْرُ بَنِي النَّجَّارِ ثُمَّ دُوْرُ بَنِيْ عَبْدِ

અન્સારના સૌથી શ્રેષ્ઠ ઘરને ન બતાવી દઉં? લોકોએ અર્ઝ કરી, જરૂર બતાવો. તો ફર્માવ્યું,

الْأَشْهَلِ ثُمَّ دُوْرُ بَنِيْ سَاعِدَةَ أَوْ دُوْرُ بَنِي الْحَارِثِ بْنِ الْخَزْرَجِ

બની નજ્જારનાં ઘર છે, પછી બની અબ્દુલ અશ્હલનાં, પછી બની સાએદાનાં અથવા બની હારિષ બિન

બદલવાથી એની માત્રામાં ઘણો ફરક આવી જાય છે. અનુમાન કર્યું કે દસ મણ ખજૂરો ઉતરશે પરંતુ ઋતુ નાસાજગાર (ખરાબ) થઈ ગઈ તો ઓછી આવી શકે છે અને સાજગાર થઈ ગઈ તો વધુ પણ પ્રથમ સ્થિતિમાં અનુમાન પ્રમાણે લેવામાં હક્કથી વધુ લેવાનું થયું જે નાજાઈઝ છે. અને બીજી સ્થિતિમાં હક્કથી ઓછુ લેવાનુ થયું તો એ પણ હુકુકુલ્લાહમાં ખયાનત છે.

એમાં કોઈ વાંધો નથી કે આ અનુમાનના લીધે કે ખેડૂત ચોરી ન કરી લે, તેના પર ધાક રાખવા માટે અનુમાન લગાડી લેવામાં આવે તો કોઈ વાંધો પણ નથી. અહનાફ (હનફીઓ) મકરૂહ તેને કહે છે કે અનુમાનના પ્રમાણે જ વસૂલ કરવામાં આવે.

سَتَهُبُّ : આ હુઝૂરે અક્દસ ﷺની ગયબદાનીની દલીલ છે. આ તથા એના જેવી વિવિધ હદીષો દલીલ છે. કેમ કે સૂરએ લુક્માનની આખરી આયતે કરીમા وعنده علم الساعة માં ઈલ્મથી ઈલ્મે ઝાતી, કદીમ, વાજિબ તથા ગૈર મુત્નાહી બિલ્ફેઅલ મુરાદ છે.

فليعقله : મગાઝીએ ઈમામ ઈબ્ને ઈસ્હાક્માં છે કે એ પણ ફર્માવ્યું, કોઈ બહાર નીકળે તો કોઈને સાથે જરૂર લઈ લે. બની સાએદાના બે જણા બહાર નીકળ્યા. એક જણ જાજરૂ કરવા નીકળ્યા તો ત્યાં ગળુ રૂંધાય ગયું. બીજા સાથીનું ઊંટ ભડકી ગયું. એની પાછળ નીકળ્યા તો આંધીએ ઉડાડીને "અજા" અને "સલ્મા બની તય"ની બંને પહાડીઓની વચ્ચે નાખી દીધા. જેમનુ ગળુ ઘોંટાઈ ગયું હતું એમને હુઝૂરની ખિદમતમાં લોકો લાવ્યા તેમને શિફા હાંસલ થઈ ગઈ, અને બીજા સાહબ જ્યારે હુઝૂર તબૂકથી મદીના પરત થયા તો મદીના તય્યબહ પાછા આવ્યા.

وَفِیْ کُلِّ دُوْرِ الْاَنْصَارِ یَعْنِیْ خَیْرًا - قَالَ اَبُوْعَبْدِ اللّٰہِ کُلُّ بُسْتَانٍ

ખઝરજનાં ઘર. અને અન્સારના દરેક ઘરમાં ખૈર છે. અબૂ અબ્દુલ્લાહ ઈમામ બુખારીએ કહ્યું,

عَلَیْہِ حَائِطٌ فَھُوَ حَدِیْقَۃٌ وَمَا لَمْ یَکُنْ عَلَیْہِ حَائِطٌ لَا یُقَالُ حَدِیْقَۃٌ -

જે બાગની આસપાસ દીવાલ હોય તો હદીક઼ા છે, અને દીવાલ ન હોય તો તેને હદીક઼ા કહેવાશે નહીં.

وَقَالَ سُلَیْمَانُ بْنُ بِلَالٍ حَدَّثَنِیْ عَمْرٌو ثُمَّ دَارُ بَنِی الْحَارِثِ بْنِ

અને સુલૈમાન બિન બિલાલે કહ્યું, મને અમ્ર એ હદીષ બયાન કરી કે ફર્માવ્યું, પછી બની હારિષ બિન

اَلْخَزْرَجِ ثُمَّ بَنِیْ سَاعِدَۃَ - وَقَالَ سُلَیْمَانُ عَنْ سَعْدِ بْنِ سَعِیْدٍ

ખઝરજનાં ઘર, પછી બની સાએદાના. અને સુલૈમાન બિન બિલાલે કહ્યું, સઅદ બિન સઈદ, ઉમ્મારા બિન

عَنْ عُمَارَۃَ بْنِ غَزِیَّۃَ عَنْ عَبَّاسٍ عَنْ اَبِیْہِ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ

ગઝિય્યાથી તે અબ્બાસ બિન અબૂ હુમૈદ સાઅદીથી તે પોતાના બાપથી તે નબી ﷺથી રિવાયત કરે છે કે

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ اُحُدٌ جَبَلٌ یُّحِبُّنَا وَ نُحِبُّہٗ ع ہ

ફર્માવ્યું, ઓહદ એવો પહાડ છે જે મારાથી મહોબ્બત કરે છે અને હું તેનાથી મહોબ્બત કરું છું."

*(બુખારી ૧/૨૦૦ ઝકાત, ૧/૨૫૨ ફઝાઈલે મદીના, ૧/૫૩૫ અલ મનાકિ઼બ, ૨/૬૩૫ મગ઼ાઝી, મુસ્લિમ ફઝાઈલ, અબૂ દાઊદ–અમારત, મુસ્નદે ઈમામ અહમદ, ૫/૪૨૪)*

**ملك ايله** : અયલા મક્કા મોઅઝ્ઝમા અને મિસ્રની વચ્ચે અડધા અંતરે આવેલુ એક શહેર છે જે સમુદ્રના કિનારે છે. કુર્આને કરીમમાં જે વર્ણન થયેલ છે : **وَاسْئَلْھُمْ عَنِ الْقَرْیَۃِ الَّتِیْ کَانَتْ حَاضِرَۃَ الْبَحْرِ** એનાથી આ જ અયલા મુરાદ છે. એ વખતે એનો બાદશાહ યુહન્ના હતો તેણે ખિદમતે અક઼દસ ﷺમાં સફેદ ખચ્ચર પેશ કર્યું જેનુ નામ દુલદુલ હતું. અને હુઝૂરે અક઼દસ ﷺએ એને ચાદર અતા કરી અને તેનો દેશ તેના માટે યથાવત રાખ્યો. કેમ કે એનો દેશ સમુદ્રના કિનારે હતો એટલા માટે **ببحرهم**થી તાબીર કરી.

**هذاجبل يحبنا** : એ પોતાના મૂળ અર્થમાં છે. દરેક મખ્લૂક઼માં એક ગણી હયાત છે અને સમજ પણ છે અને એના થકી તે હુઝૂરે અક઼દસ ﷺ તથા અલ્લાહ ﷻને જાણે તથા માને છે. અને કુર્આન મજીદની નસ (આયત)થી સાબિત છે. ઈર્શાદ છે : **اِنَّا عَرَضْنَا الْاَمَانَۃَ عَلَی السَّمٰوٰتِ وَالْاَرْضِ وَ الْجِبَالِ فَاَبَیْنَ اَنْ یَّحْمِلْنَھَا وَ اَشْفَقْنَ مِنْھَا** - : "અમે આસ્માનો અને જમીન અને પહાડો પર અમાનત પેશ કરી તો તે સૌએ તેને ઉઠાવવાથી ઈન્કાર કરી આપ્યો અને ડરી ગયા." *(અહઝાબ, આયત : ૭૨)*

જો પહાડોમાં હયાત તથા સમજ તથા જ્ઞાન ન હોત તો પછી અમાનતને ઉઠાવવાથી ઈન્કાર કરવાનો તથા ડરવાનો શો સબબ હતો ? તેમને શું ખબર પડતી કે આ અમાનત શું ચીજ છે ?

મશ્હૂર હદીષ છે કે **હુઝૂરે અક઼દસ ﷺ અને હઝરત સિદ્દીક઼ે અકબર, ફારૂક઼ે આ'ઝમ, ઉષ્માને ગની ઓહદ પર ચઢયા. તે હલવા લાગ્યો. ફર્માવ્યું, સ્થિર થઈ જા ! તારા પર એક નબી, એક**

**સિદ્દીક઼ અને બે શહીદો છે.** આ પણ એની દલીલ છે કે ઓહદમાં હયાત છે, સમજ તથા જ્ઞાન છે અને મહોબ્બતનો જઝબો પણ છે. (તેમજ હુઝૂર ﷺના ઈલ્મે ગયબની પણ સાબિતી છે.)

એટલા માટે એમાં કોઈ ખરાબી નથી કે અહીં હકીકી અર્થ મુરાદ હોય, એટલે કે ઓહદ પહાડ ખરેખર અમારાથી મહોબ્બત કરે છે અને અમે તેનાથી મહોબ્બત કરીએ છીએ. હુઝૂરે અક઼દસ ﷺ અને સહાબાથી ઓહદે મહોબ્બત કરવાનુ કારણ જાહેર છે પણ હુઝૂરે અક઼દસ ﷺ ઓહદથી શા માટે મહોબ્બત કરતા હતા એ ગુપ્ત રહસ્ય છે. જાહેરી રીતે જોતાં એટલા માટે પણ હોય શકે છે કે યવમે ઓહદે એના પર ચઢીને દુશ્મનને બેક઼ાબૂ કર્યો હતો અને એના દામનમાં તે વફાદારોનાં મઝારો છે જેમણે પોતે પોતાને ઈસ્લામ પર કુર્બાન કરી આપ્યા પણ મહબૂબે ખુદા પર આંચ ન આવવા દીધી.

આ હદીષ જે વહીબના તરીક઼ાથી રિવાયત થયેલી છે એમાં એ શંકા છે કે "અબ્દુલ અશહલ" પછી "દૂરુ બની સાએદા" કહ્યું હતું કે બની હારિષ બિન અલ્ખઝરજ. પણ જે સુલૈમાન ઈબ્ને બિલાલના તરીક઼ાથી છે એમાં વિના શંકાએ પ્રથમ "દૂરુ બની હારિષ બિન ખઝરજ" છે. અને છેવટમાં "દૂરુ બની સાએદા" છે અને એ જ કિતાબુલ મનાક઼િબની રિવાયતમાં પણ છે. ત્યાં આટલુ વધારે છે : અબૂ હુમૈદ સાઅદી رضی اللہ عنہએ કહ્યું, ત્યારબાદ અમે હઝરત સઅદ બિન ઓબાદાથી મળ્યા તો તેમને અબૂ ઉસૈદે કહ્યું કે અલ્લાહના નબીએ અન્સારનાં ઘરોને એકને બીજા કરતાં બેહતર બતાવ્યું અને આપણને છેલ્લે કરી આપ્યા. એ સાંભળીને સઅદે રસૂલુલ્લાહ ﷺથી મુલાક઼ાત કરી અને અર્ઝ કરી, અન્સારના ઘરોને એકબીજાથી બેહતર બતાવવામાં આવ્યાં અને અમને છેલ્લે કરી દેવામાં આવ્યા ? તો ઈર્શાદ ફર્માવ્યો, શું તમારા માટે એ પૂરતુ નથી કે તમે બેહતરીન ઘરોમાંથી હોઉ ?!

## તઅલીક઼ : ૨૭૧ની સમજૂતી

અહીં પ્રકરણ એ છે કે ઉશ્ર એ ચીજોમાં છે જે વરસાદ તથા ઝરણા (વહેતા પાણી)થી સીંચવામાં આવે અને મધ કોઈ પણ પાણી વડે સીંચવામાં નથી આવતુ. પ્રકરણથી સામ્યતા એ છે કે પ્રકરણથી સમજમાં આવ્યું કે જે ચીજો આ બે પાણીઓ વડે સીંચવામાં ન આવે તેના પર ઉશ્ર નથી, મધ પણ એમાં સામેલ છે. કેમ કે મધમાં ઉશ્ર વાજિબ હોવુ ન હોવુ એમાં વિવિધ કથનો છે. અને લગભગ ઈમામ બુખારીનો મસ્લક છે કે એમાં ઉશ્ર નથી એટલા માટે એને વર્ણવ્યું. બાકી ચીજોમાં ઉશ્ર ન હોવુ મુત્તફક અલૈહ છે. એટલા માટે એનામાં વાંધો ન કર્યો. સૈયદોના ઈમામે આ'ઝમ رضی اللہ عنہની નજીક મધમાં ઉશ્ર છે ચાહે થોડુ હોય ચાહે વધારે. ઉશ્રી જમીનમાં પેદા થયું અથવા ખિરાજી અથવા એવી જમીનમાં જે ન ઉશ્રી હોય ન ખિરાજી. આપણા સમર્થનમાં પુષ્કળ હદીષો છે જે ઉમ્દતુલ ક઼ારી તથા ફત્હુલ ક઼દીર વગેરેમાં વર્ણન થયેલ છે.

**સબક** : ખૂદ ઈમામ બુખારી અને તેમના મુક઼લ્લિદો, વર્તમાનકાળના ગૈર મુક઼લ્લિદો, હનફીઓને ટોણો મારે છે કે એ લોકોએ હદીષ છોડીને અક઼વાલે રિજાલને મઝહબ બનાવેલ છે, તો ન્યાયપ્રિય લોકો ધ્યાન આપે કે ઘણા બધા મસાઈલની જેમ અહીં પણ સહીહ હદીષની વિરુદ્ધ એક તાબઈના ક઼ૌલને ઈમામ બુખારીએ મઝહબ બનાવેલ છે.

حدیث ۸۷۷ عَنْ سَالِمِ بْنِ عَبْدِ اللّٰهِ عَنْ اَبِيْهِ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما નબી ﷺથી રિવાયત કરે છે કે ફર્માવ્યું, જેને **[હદીષ : ૮૭૭]**

عَلَيْهِ وَسَلَّمَ قَالَ فِيْمَا سَقَتِ السَّمَاءُ وَالْعُيُوْنُ اَوْ كَانَ عَثَرِيًّا الْعُشْرُ

વરસાદ તથા ઝરણા સીંચે અથવા તે પાણીવાળી હોય તો તેમાં ઉશ્ર છે અને જે પાણી છાંટીને સીંચવામાં આવે

وَمَا سُقِيَ بِالنَّضْحِ نِصْفُ الْعُشْرِ عه

તેમાં અડધુ ઉશ્ર છે. વીસમો ભાગ." *(બુખારી ૧/૨૦૧, ઝકાત બાબુલ ઉશ્ર, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ–ઝકાત)*

حدیث ۸۷۸ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું, ખજૂર ઉતરવાના સમયે રસૂલુલ્લાહ ﷺની **[હદીષ : ૮૭૮]**

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يُؤْتٰى بِالتَّمْرِ عِنْدَ صِرَامِ النَّخْلِ فَيَجِيْئُ هٰذَا

ખિદમતમાં ખજૂરો લાવવામાં આવતી. આ પોતાની ખજૂરો લાવતુ, આ પોતાની, ત્યાં સુધી કે બારગાહે અક્દસમાં

**સમજૂતી : ૮૭૭** આ હદીષ એની દલીલ છે કે જમીનની પેદાશ થોડી હોય કે વધુ તેમાં ઉશ્ર છે. ઉશ્ર વાજિબ થવા માટે નિસાબ શર્ત નથી એટલા માટે કે એમાં શબ્દ ما આમ છે કે જે થોડા તથા ઘણા સૌમાં સામેલ છે.

**ઈમામ બુખારીની આલોચના :** આપણી આ દલીલ પર ઈમામ બુખારીએ એ ટીકા કરી છે કે જો કે આ હદીષ આમ છે પણ હઝરત અબૂ સઈદ رضی اللہ عنہની તે હદીષ કે નબી ﷺએ ફર્માવ્યું કે પાંચ વસક્થી ઓછામાં સદકો નથી, એને ખાસ કરનાર છે. એટલા માટે કે આ ષિક્હનો ઉમેરો છે અને ષિક્હનો વધારો સ્વીકાર્ય છે.

**જવાબ :** અલ્લામા બદરુદ્દીન મહમૂદ અયનીએ આ જવાબ આપ્યો કે આમથી કોઈ ખાસને ખાસ કરવું ત્યારે થાય છે જ્યારે કે એ માલૂમ હોય કે ખાસ બાદમાં ઈર્શાદ ફર્માવવામાં આવ્યું છે, નહીં તો નહીં. દા.ત. ઝયદે પોતાના ગુલામને કહ્યું, ફલાણાને જેટલુ ઈચ્છો આપી દો. પછી હુકમ આપ્યો કે દસ રૂપિયા આપજો. તો હવે ગુલામે દસથી વધુ આપવું જાઈઝ નથી. અને જો પહેલાં કહ્યું હતું કે દસ આપી દો. પછી કહ્યું કે જે જીવમાં આવે આપી દો. તો હવે એનાથી વધુ આપવુ જાઈઝ છે. અને જો એ ખબર ન હોય કે પ્રથમ કયુ વાક્ય કહ્યું હતું અને બાદમાં કયુ, તો અટકવુ (તવક્કુફ) લાઝિમ છે અને ઝયદથી ફરીવાર પૂછવુ લાઝિમ છે. શરીઅતની બાબતો (શરાએઅ)માં શારેઅ (હુઝૂર)થી પૂછવું હવે શક્ય નથી, એટલા માટે બીજી દલીલની તરફ વળવુ (રુજૂઅ) લાઝિમ છે અને બીજી દલીલ પ્રથમની સમર્થક છે, એટલા માટે અમે પ્રથમને અપનાવી, ઈબાદતના પ્રકરણમાં આ જ મુનાસિબ છે કે એમાં સાવધાની છે. એના પર વિસ્તારપૂર્વકની ચર્ચા વર્ણન થઈ ચૂકી છે.

**સમજૂતી : ૮૭૮** આ હદીષનો અંતિમ ભાગ આ જ કિતાબુઝ્ ઝકાત પ્રકરણ **باب ما يذكر في الصدقة للنبي** ﷺ અને કિતાબુલ જિહાદમાં પણ છે. અહીં સ્પષ્ટ નથી, એ વર્ણન નથી કે એ બંનેવ સાહબોમાંથી કોણે ખજૂર મોંમાં નાખી હતી પણ એ બંને જગાઓએ સ્પષ્ટતા છે કે એ સિબ્તુલ અકબર સૈયદોના ઈમામ હસન મુજતબા رضی اللہ عنہ હતા. એ બંને જગાઓમાં આટલુ અધિક છે : كَخٍ كَخٍ એમાં છ શાબ્દિક સ્થિતિઓ (લુગાત) છે. કાફને ઝબર તથા ઝેર ખાઅ સાકિન અને મકસૂર વિના તન્વીન અને તન્વીન

بِتَمْرِہٖ وَھٰذَا مِنْ تَمْرِہٖ حَتّٰی یَصِیْرَ عِنْدَہٗ کَوْمًا مِّنْ تَمْرٍ فَجَعَلَ الْحَسَنُ

ખજૂરોનો ઢગલો થઈ જતો. (એકવાર) હસન તથા હુસૈન એ ખજૂરોથી રમવા

وَالْحُسَیْنُ یَلْعَبَانِ بِذٰلِکَ التَّمْرِ فَاَخَذَ اَحَدُھُمَا تَمْرَۃً فَجَعَلَہٗ فِیْ فِیْہِ

લાગ્યા. તેમનામાંથી એક સાહબે એક ખજૂર લીધી અને પોતાના મોંમાં રાખી લીધી. એને

فَنَظَرَ اِلَیْہِ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فَاَخْرَجَھَا مِنْ

રસૂલુલ્લાહ ﷺ એ જોઈ લીધું તો એ ખજૂરને તેમના મોઢેથી કાઢી,

فِیْہِ فَقَالَ اَمَا عَلِمْتَ اَنَّ اٰلَ مُحَمَّدٍ لَا یَاکُلُوْنَ الصَّدَقَۃَ ؏

અને ફર્માવ્યું, શું તમે નથી જાણતા કે આલે મુહમ્મદ સદકો નથી ખાતા."

(બુખારી ૧/૨૦૧, ઝકાત, ૧/૨૦૨, ૧/૪૩૨, જેહાદ, મુસ્લિમ–જેહાદ, નિસાઈ–સિયર)

حدیث ۸۷۹ سَمِعْتُ ابْنَ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا یَقُوْلُ نَھَی النَّبِیُّ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે નબી ﷺ એ ત્યાં સુધી ખજૂરને વેચવાથી મના **[હદીષ : ૮૭૯]**

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ عَنْ بَیْعِ التَّمْرِ حَتّٰی یَبْدُوَ صَلَاحُھَا

ફર્માવ્યું, જ્યાં સુધી તેનું ફળ લાયક હોવું ન જાહેર થઈ જાય. અને જ્યારે ફળ લાયક હોવાના બારામાં

وَکَانَ اِذَا سُئِلَ عَنْ صَلَاحِھَا قَالَ حَتّٰی تَذْھَبَ عَاھَتُہٗ ؏

પૂછવામાં આવતુ તો ફર્માવતા કે તેના તબાહ થવાનો અંદેશો ન રહે." (બુખારી ૧/૧૯૭, ઝકાત)

સાથે. આ તે શબ્દ છે જે બાળકને અયોગ્ય વાતથી રોકવા માટે બોલવામાં આવે છે. જેમ કે ઉર્દૂમાં કોઈ ગંદી ચીજ ખાવા પર "થૂ થૂ" કહે છે. અથવા આમ ગલત હરકતો પર "હાં ! હાં !" કહે છે. અમુક રિવાયતો (શરહે મઆનિયુલ આષર, ૧/૧૨૧ ઝકાત, ૧/૨૫૨ બાબુસ્સદકા)માં છે, "એમના મોઢામાં આંગળી નાખીને એ ખજૂર કાઢીને ફેંકી દીધી." આ હદીષ એની દલીલ છે કે ઝકાત તથા એના જેવા સર્વ વાજિબ સદકાઓ, જેમ કે સદકાએ ફિત્ર, કફ્ફારાઓ, મન્નતો, આલે રસૂલે લેવી જાઈઝ નથી. તેમજ એ પણ જાણવા મળ્યું કે, બેહતર એ જ છે કે ઝકાત સુલ્તાન અથવા એના નાયબને ત્યાં લાવીને જમા કરી દેવામાં આવે અને તે મુસ્તહિકો પર વહેંચે. તેમજ એ પણ જાણવા મળ્યું કે ફળોની ઝકાત એ વખતે લેવામાં આવે જ્યારે ફળો ઝાડેથી ઉતરી જાય. એ પણ સાબિત થયું કે બાળકો જો કે પાબંદ નથી પણ તેમને પણ મના ચીજોમાં પડવાથી રોકવામાં આવે અને એ પણ જણાવી દેવામાં આવે કે આ ચીજ શા માટે મના છે.

**સમજૂતી : ૮૭૯** صلاحها : صلاحનો અર્થ લાયક થવું, દુરુસ્ત થવું, ખરાબીનું અદશ્ય થવું. અહીં અંતિમ અર્થ મુરાદ છે. જેમ કે ખૂદ હઝરત ઈબ્ને ઉમરની હદીષના અંતમાં એની તફસીર છે કે એના તબાહ તથા બર્બાદ થવાનો અંદેશો ન રહે. અરબમાં સામાન્યતઃ બે જ ફળો જોવા મળતાં હતાં, ખજૂર તથા દ્રાક્ષ. એ બંનેમાં

حدیث ۸۸۰ عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰہِ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْهُمَا قَالَ نَهَی النَّبِیُّ

"હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે નબી ﷺ એ એ સમય સુધી **[હદીષ : ૮૮૦]**

صَلَّى اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ عَنْ بَیْعِ الثِّمَارِ حَتّٰی یَبْدُوَ صَلَاحُهَا

ફળોને વેચવાની મનાઈ કરી જ્યાં સુધી તેની ફળ આપવાની પાત્રતા જાહેર ન થઈ જાય."

حدیث ۸۸۱ عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اَنَّ رَسُوْلَ اللّٰہِ

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ જ્યાં સુધી રંગીન **[હદીષ : ૮૮૧]**

صَلَّى اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ نَهٰی عَنْ بَیْعِ الثِّمَارِ حَتّٰی تُزْهِیَ قَالَ حَتّٰی تَحْمَارَّ

ન થઈ જાય ફળોને વેચવાથી મના ફર્માવ્યું એટલે કે જ્યાં સુધી લાલ ન થઈ જાય."

એ વાત ત્યારે પેદા થાય છે જયારે કે તેઓ લાલ થઈ જાય. એટલા માટે હઝરત અનસની હદીષમાં **حتی یبدو صلاحها** ના બદલે **حتی تزهی تحمارّ** છે. અન્ય ફળોમાં લાલ કે રંગીન થવું તેની હદ નથી. અમુક ફળો પાક્યા પછી પણ લીલાં જ રહે છે. **یبدو صلاحها** થી મુરાદ એ છે કે ખાવા પાત્ર થઈ જાય.

**પ્રકરણની સ્પષ્ટતા :** અહીં પ્રકરણનું હેડીંગ છે : જેણે પોતાનાં ફળો અથવા ખજૂરોનાં ઝાડ અથવા ખેતીને એ વખતે વેચી જયારે કે એમાં ઉશ્ર કે સદકો વાજિબ થઈ ચૂક્યો હતો. અને ઝકાત કોઈ અન્ય ચીજ વડે અદા કરી. અથવા પોતાનાં ફળોને એવા સમયે વેચ્યાં કે હજી એમાં સદકો વાજિબ થયો ન હતો. આ કૌલમાં નખ્લથી મુરાદ ખજૂરનાં તે ઝાડો છે જેના પર ખજૂરો હોય. એ જ પ્રમાણે જમીનથી મુરાદ તે જમીન છે જેમાં ખેતી હોય. એટલા માટે કે કેવળ જમીન પર તથા ઝાડ પર ઈજમાઅ સાથે ઝકાત વાજિબ નથી.

આ પ્રકરણમાં કેવળ સવાલ છે અને જવાબ મહઝૂફ છે જે **جاز** છે એટલે આ જાઈઝ છે. એના પર નિશાની ઈમામ બુખારીની દલીલ છે. આ ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ પર વાંધો છે. એમનો મઝહબ એ છે કે ફળોના ફાયદા પાત્ર થયા બાદ ઝકાત અદા કર્યા વિના ફળોનું વેચાણ જાઈઝ નથી.

**ઈમામ બુખારીની દલીલ :** ઈમામ બુખારીની દલીલ એ છે કે હુઝૂરે અક્દસ ﷺ એ ફળોને વેચવાની મનાઈની હદ ફાયદાપાત્ર (ખાવા લાયક) થવા સુધીની ઠરાવી છે, તો એનાથી જાહેર છે કે ફાયદાપાત્ર થયા બાદ વેચવું મુત્લકન જાઈઝ છે, ચાહે તેની ઝકાત આપવામાં આવી હોય કે ન આપવામાં આવી હોય, એમાં ઝકાત વાજિબ હોય ચાહે ન વાજિબ હોય. ઈમામ બુખારીનો હેતુ એ છે કે ઈમામ શાફઈ رضی اللہ عنہ એ હુઝૂરે અક્દસ ﷺ ની એબાહત (મુબાહ કરવા)ની વિરુદ્ધ હુકમ આપ્યો.

હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہ એવું ફર્માવે છે કે જ્યારે ફળમાં ઝકાત વાજિબ થઈ ગઈ તો સઘળી પેદાશ વેચનારની માલિકીમાં ન રહી, એમાં મિસ્કીનોનો હક્ક સાબિત થઈ ગયો. તો વેચવાનો મતલબ એ થયો કે વેચનારે એ ચીજને પણ વેચી જે એની માલિકીની નથી.

**આપણો મઝહબ :** હનફીઓનો મઝહબ એ છે કે વેચાણ સહીહ છે અને વેચનારને અધિકાર છે કે ચાહે વેચાણ લાગુ કરે ચાહે રદ કરે. ઉશ્ર કુલ ઉપજમાંથી લેવામાં આવશે એ અલગ વાત છે કે ઝકાત વસૂલ કરનાર એના બદલામાં એની કિંમતમાં બીજી ચીજ લઈ લે. આ રીતે ઈમામ બુખારીનો મઝહબ આપણા મઝહબ સમાન છે.

حدیث ۸۸۲ اَنَّ عَبْدَ اللّٰهِ بْنَ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا كَانَ يُحَدِّثُ

**[હદીષ : ૮૮૨]** "હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما બયાન કરતા હતા કે ઉમર બિન ખત્તાબે

اَنَّ عُمَرَ بْنَ الْخَطَّابِ تَصَدَّقَ بِفَرَسٍ فِیْ سَبِیْلِ اللّٰهِ فَوَجَدَهٗ يُبَاعُ

એક ઘોડાને અલ્લાહના માર્ગમાં સદક઼ો કરી આપ્યો પછી તેને તે હાલમાં પામ્યો કે વેચવામાં આવે તો તેમણે

فَاَرَادَ اَنْ يَّشْتَرِيَهٗ ثُمَّ اَتَى النَّبِیَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَاسْتَأْمَرَهٗ

ખરીદવાનો ઈરાદો કરી લીધો, પછી નબી ﷺની ખિદમતમાં હાજર થયા અને પૂછયું તો ફર્માવ્યું, તારા

فَقَالَ لَا تَعُدْ فِیْ صَدَقَتِكَ فَبِذٰلِكَ كَانَ ابْنُ عُمَرَ لَا يَتْرُكُ اَنْ

સદક઼ાને પાછો ન વાળ. એના કારણે હઝરત ઈબ્ને ઉમર સદક઼ો કરેલી ચીજ ખરીદતા તો તેને ફરી બીજીવાર

يَّبْتَاعَ شَيْئًا تَصَدَّقَ بِهٖ اِلَّا جَعَلَهٗ صَدَقَةً ؎

સદક઼ો કરી આપતા." (બુખારી ૧/૨૦૧, ઝકાત, ૧/૪૧૭-૪૨૧, અલ્ જિહાદ, નિસાઈ-ઝકાત)

حدیث ۸۸۳ عَنْ زَيْدِ بْنِ اَسْلَمَ عَنْ اَبِيْهِ قَالَ سَمِعْتُ عُمَرَ يَقُوْلُ حَمَلْتُ

**[હદીષ : ૮૮૩]** "અસ્લમે કહ્યું, હઝરત ઉમર رضی اللہ عنہથી સાંભળ્યું કે ફર્માવતા હતા, મેં ફીસબી લિલ્લાહ

عَلٰى فَرَسٍ فِیْ سَبِيْلِ اللّٰهِ فَاَضَاعَهُ الَّذِیْ كَانَ عِنْدَهٗ فَاَرَدْتُّ اَنْ

એક શખ્સને સવારીના માટે ઘોડો આપ્યો. તેણે તેને બર્બાદ કરી નાખ્યો. તો મેં ચાહ્યું કે

اَشْتَرِيَهٗ وَظَنَنْتُ اَنَّهٗ يَبِيْعُهٗ بِرُخْصٍ فَسَاَلْتُ النَّبِیَّ صَلَّى اللّٰهُ تَعَالٰى

તેને ખરીદી લઉં. અને મારુ ગુમાન હતું કે તે સસ્તામાં વેચી દેશે. મેં રસૂલુલ્લાહ ﷺને સવાલ કર્યો તો

**સમજૂતી : ૮૮૩**

કિતાબુલ હિબામાં આ પ્રમાણે છે : **فان العائد فی صدقته كالكلب يعود فی قيئه** "સદક઼ો પાછો લેનારાં કૂતરાના જેવો છે જે ઉલ્ટી કરીને પછી ખાય છે." અને કિતાબુલ જેહાદમાં સદક઼ાના બદલ હિબા (ભેટ) છે.

**ફીસબીલિલ્લાહ فی سبیل اللہ** : મુરાદ એ છે કે કોઈને આપ્યુ કે તે એના પર કોઈ નેક કામ માટે સફર કરે. દા.ત. હજ્જ કરે અથવા જેહાદ કરે.

**فاضاعه** : એનાથી મુરાદ એ છે કે એને પેટ ભરીને ચારો નથી આપ્યો અને તેની ખિદમત ન કરી. જેના કારણે તે કમજોર થઈ ગયો. સવારીના લાયક ન રહ્યો.

**فوجده يباع** : એનો તર્જુમો આમ અનુવાદકોએ આ પ્રમાણે કર્યો છે : "તો જોયો કે તેને વેચવામાં આવી રહ્યો છે." પણ આ તર્જુમો હઝરત અસ્લમવાળી હદીષથી વિરુદ્ધ છે એટલા માટે મેં આવો તર્જુમો કર્યો, "એને એ

عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ لَا تَشْتَرِهِ وَلَا تَعُدْ فِي صَدَقَتِكَ وَإِنْ أَعْطَاكَهُ

ફર્માવ્યું, એને ન ખરીદ અને તારો સદક઼ો પાછો ન વાળ, ભલે તે તને એક દિરહમમાં આપે.

بِدِرْهَمٍ فَإِنَّ الْعَائِدَ فِي صَدَقَتِهِ كَالْعَائِدِ فِي قَيْئِهِ ع

કેમ કે સદક઼ો પાછો વાળનારો એવો છે જેવો કે ઉલ્ટી પાછી કરનારો."

(બુખારી ૧/૨૦૧, અઝ્ ઝકાત, ૧/૩૫૭–૩૫૯, અલ્હિબા, ૧/૪૧૭, ૪૨૧ અલ્જિહાદ, મુસ્લિમ–ફરાઈઝ, નિસાઈ, ઝકાત, ઈબ્ને માજહ–અહકામ)

حديث ٨٨٤ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا قَالَ وَجَدَ النَّبِيُّ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, નબી صلی اللہ علیہ وسلم એ **[હદીષ : ૮૮૪]**

صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ شَاةً مَيِّتَةً أُعْطِيَتْهَا مَوْلَاةٌ لِمَيْمُونَةَ

એક મુર્દા બકરી જોયી જે સદક઼ાથી ઉમ્મુલ મો'મિનીન હઝરત મૈમૂનાની બાંદીને આપવામાં

હાલમાં પામ્યો કે વેચવામાં આવે." એટલે જેને આપ્યો હતો પેટ ભરીને ચારો પણ આપી શકતો ન હતો એટલા માટે તે એને વેચવા માગતો હતો.

**لا تعك فى صدقتك** : સદક઼ાને પાછો લેવું તો એ છે કે ઠીક એ જ ચીજ કશાય બદલા વિના પાછી લેવામાં આવે. અને અહીં હઝરત ઉમર رضی اللہ عنہ કિંમત આપીને પાછો લેવા ચાહતા હતા, એ હક઼ીક઼તમાં પાછો લેવું ન થયું. પણ જેવું કે હઝરત અસ્લમવાળી હદીષમાં સ્પષ્ટતા છે કે ખૂદ હઝરત ઉમરનો અંદાઝો હતો કે તે ખૂબ જ ઓછી કિંમતે વેચી નાખશે, તો આ પરત લેવાના હુકમમાં થઈ ગયું, એટલા માટે મના કર્યું. અને આ મનાઈ કરાહતની હદ સુધી છે, કેમ કે એ જાહેર છે કે સદક઼ો કરવાવાળાને ઓછી કિંમત પર આપશે તો હક઼ીક઼તમાં અમુક સદક઼ાનું પાછુ લેવુ (વાળવુ) થયું. સદક઼ા પર જ્યારે ફ઼કીર કબજો કરી લે તો સદક઼ો આપનારને પરત લેવાનો હક્ક઼ નથી રહેતો. પણ હિબા (ભેટ)માં જ્યારે પરત કરવાની રુકાવટો ન જોવા મળે તો પરત લઈ શકે છે, ભલે મકરૂહ છે પરત કરવામાં આવતી રુકાવટો છ ચીજો છે : ઝિયાદતે મુત્તસિલા જેમ કે જમીન હિબા કરી હતી. એમાં મકાન બનાવી લીધું, ઝાડ વાવી નાખ્યુ, બખ્શિશ કરનાર તથા બખ્શિશ લેનાર બંનેનું અથવા કોઈ એકનું મૃત્યુ, હિબાનો બદલો લઈ ચૂક્યો હોય. બખ્શિશ કરેલ ચીજ બખ્શિશ લેનારની માલિકીમાંથી નીકળી ગઈ હોય, હિબા વખત લેણદેણ કરનારાઓમાં પત્ની તરીકેનો રિશ્તો ક઼ાયમ હતો, ભલે બાદમાં ખત્મ થઈ ગયો હોય, લેણદેણ કરનારાઓમાં વંશિક સગાઈ હોય એટલે કે એકબીજાના ઝુરહમ મહરમ (જેમનાથી હમેશાં નિકાહ હરામ હોય તે) હોય.

**સમજૂતી : ૮૮૪** **પ્રકરણની સ્પષ્ટતા** : અહીં પ્રકરણ આ પ્રમાણે છે : નબી صلی اللہ علیہ وسلم નાં પત્નીઓના આઝાદ કરેલા ગુલામને સદક઼ો આપવો. આદત પ્રમાણે ઈમામ બુખારીએ હુકમ નથી વર્ણવ્યો પણ એના હેઠળ જે હદીષો લાવ્યા છે એનાથી એ જ જાહેર થાય છે કે જાઈઝ છે. એટલા માટે કે પ્રથમ હદીષમાં છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત મૈમૂના رضی اللہ عنہا ની આઝાદ કરેલ બાંદીને સદક઼ાની બકરી, અને બીજી હદીષમાં છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ની બાંદી હઝરત બરીરાને સદક઼ાનો ગોશ્ત આપવામાં આવ્યો અને હુઝૂરે અક઼્દસ صلی اللہ علیہ وسلم એ એના પર ઈન્કાર ન કર્યો. આ દલીલ જવાઝ (જાઈઝ હોવાની)ની છે.

مِنَ الصَّدَقَةِ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ هَلَّا انْتَفَعْتُمْ

આવી હતી. તો ફર્માવ્યું, એના ચામડાથી કેમ ફાયદો ન ઉઠાવ્યો ?

بِجِلْدِهَا قَالُوْا اِنَّهَا مَيْتَةٌ قَالَ اِنَّمَا حَرُمَ اَكْلُهَاء

લોકોએ અર્ઝ કરી, એ મુરદાર છે. ફર્માવ્યું, તેને ફક્ત ખાવુ હરામ છે."

*(બુખારી ૧/૨૦૨, અઝ્ ઝકાત, ૧/૨૯૬, અલ્બુયૂઅ, ૨/૮૩૦, અલ્ઝબાએહ, મુસ્લિમ–તહારત, અબૂ દાઊદ–અલ્લિબાસ, નિસાઈ–ઝબાએહ)*

પણ આ બંનેવ હદીષોમાં એની પણ સંભાવના છે કે એ સદકો નફલી સદકો રહ્યો હોય. **بناءً عليه** એના કારણે એના બારામાં ઉલમાનો ઈખ્તેલાફ છે કે અઝવાજે મુતહ્હરાત અને તેમના ગુલામ (મવાલી)ને ઝકાત આપવી જાઈઝ છે કે નહીં ? ઈબ્ને કુદામાએ વર્ણવ્યું છે કે ખિલાલે ઈબ્ને અબી મુલૈકાના તરીકાથી ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું, **انا آل محمد لاتحل لنا الصدقة** "અમે આલે મુહમ્મદ છીએ અમને સદકો હલાલ નથી."

ઈબ્ને અબી શયબાએ તેમના જ તરીકાથી રિવાયત કરી કે ખાલિદ બિન સઈદ બિન આસે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاની ખિદમતમાં સદકામાંથી કાંઈ મોકલ્યું તો ફર્માવ્યું, "અમે આલે મુહમ્મદ છીએ અમારા માટે સદકો હલાલ નથી." (ઉમ્દતુલ કારી, ૧/૮૭) અને એના પર એકમતિ છે કે જેણે સદકો લેવો જાઈઝ નથી તેના મવાલી (ગુલામ)ના માટે પણ જાઈઝ નથી. અહલે સુન્નતના ઉસૂલની મુતાબિક પણ આ જ છે. એટલા માટે કે અઝ્વાજે મુતહ્હરાત (પાક બીવીઓ) અહલે બયત અને આલે નબી વિના શંકાએ છે. અને સ્પષ્ટ નસ (દલીલ) છે કે ઈર્શાદ ફર્માવ્યો : **انا لا تحل لنا الصدقة وان موالی القوم منهم** "અમારા માટે સદકો હલાલ નથી અને દરેક કૌમના મવાલી (ગુલામ) તેમનામાંથી જ છે." હવે જરૂરી બન્યું કે આ બંને હદીષોમાં સદકાને નફલ સદકો સમજવામાં આવે.

**انتفعتم بجلدها** : "એના ચામડાથી લાભ કેમ ન ઉઠાવ્યો." એમાં (ચામડુ) પકવતા પહેલાંની કૈદ નથી એટલા માટે એના સામાન્યપણા (ઉમૂમ)થી અને આ હદીષના અંતિમ વાક્ય **انما حرم اكلها**થી દલીલ લાવતાં કેટલાક લોકોએ ફર્માવ્યું કે મુરદારની ખાલથી તેને પકવ્યા પહેલાં પણ ફાયદો ઉઠાવવો જાઈઝ છે. જેમ કે ઈમામ ઈબ્ને શિહાબ, ઈમામ લયષ બિન સઅદનો મશહૂર કૌલ આ જ છે, પણ આપણો તથા જમહૂરનો મઝહબ એ છે કે પકવ્યા વિના કશાય પ્રકારનો ફાયદો જાઈઝ નથી, ત્યાં સુધી કે વેચવું પણ જાઈઝ નથી. એ જ ઈમામ શાફઈ رضی اللہ عنہનો મઝહબ છે. આપણી દલીલ આ હદીષ (નિસાઈ, ૨/૯૦, અલ્ફરઅ, અબૂ દાઊદ, ૨/૨૧૩ લિબાસ) છે કે નબી ﷺએ કુરૈશના કેટલાક લોકોને જોયા કે એક બકરી ઘસેડીને લઈ જઈ રહ્યા છે. તો ફર્માવ્યું, જો તેનુ ચામડુ લઈ લેત તો સારું થાત. લોકોએ અર્ઝ કરી, આ મુર્દા છે. ફર્માવ્યું, એને પાણી તથા સલમનાં પાંદડાં પાક કરી આપશે. એ જમાનાનો દસ્તૂર હતો કે સલમનાં પાંદડાં પાણીમાં નાખીને કાચુ ચામડુ પકવતા હતા. આ હદીષથી જાણવા મળ્યું કે પકવ્યા પહેલાં નાપાક છે. અને નાપાકથી ફાયદો ઉઠાવવો એકમતિએ હરામ, અને પકવ્યા પછી પાક અને તેનાથી ફાયદો ઉઠાવવો જાઈઝ છે. અને આ જ ખુલાસો એ હદીષોનો પણ છે જેમાં મુરદારનું ચામડુ અથવા બેઠકનું હાડકુ અથવા કોઈ ચીજથી લાભ ઉઠાવવાનુ મના કર્યું છે.

ઈમામ મુસ્લિમે (૧/૧૫૯ હૈઝ, અબૂ દાઊદ, ૨/૨૧૩ લિબાસ) હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કર્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : **اذا دبغ الاهاب فقد طهر** "જ્યારે કાચા ચામડાને પકવી લેવામાં આવે તો તે પાક થઈ ગયું. અને એક મરફૂઅ હદીષ (ઉમ્દતુલ કારી, ૯/૮૮)માં છે :–

حدیث ۸۸۵ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ وَأُتِيَ النَّبِيُّ صَلَّى

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે નબી ﷺની [હદીષ : ૮૮૫]

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِلَحْمٍ فَقُلْتُ هٰذَا مَا تُصُدِّقَ بِهِ عَلٰى

ખિદમતમાં ગોશ્ત પેશ કરવામાં આવ્યો તો મેં અર્ઝ કરી, આ બરીરા પર સદક઼ો કરવામાં આવેલી છે.

بَرِيْرَةَ فَقَالَ هُوَ لَهَا صَدَقَةٌ وَلَنَا هَدِيَّةٌ ع‍ه

તો ફર્માવ્યું, એના માટે સદક઼ો છે અને અમારા માટે હદિયો."

(બુખારી ૧/૨૦૨, ઝકાત, ૧/૪૫૦ હિબા, ૧/૭૯૫-૭૯૬, અત્તલાક઼, ૧/૮૧૬, અત્ઈમ્મહ, નિસાઈ-ઝકાત, ફરાઈઝ)

استمتعوا بجلود الميتة اذا دبغت ترابا كان او رمادا او ملحا او ما كان بعد ان يزيد صلاحه-

"મુરદારના ચામડાથી ફાયદો હાંસલ કરો જ્યારે તેને પકવી લેવામાં આવે, માટીથી હોય કે રાખ વડે અથવા નમકથી કે કોઈપણ ચીજ વડે હોય જે એની અધિક સુધારણા કરે."

આ સર્વ હદીષો એની દલીલ છે કે પકવ્યા પહેલાં મુરદારનુ ચામડુ નાપાક છે, એનાથી લાભ લેવો જાઈઝ નથી. અને પકવ્યા પછી તે જાઈઝ છે એનાથી લાભ લેવો જાઈઝ છે. આખરની હદીષથી માલૂમ થયું કે દબાગતને માટે પકવવુ લાઝિમ નથી, કોઈ રીતે તેની અંદરનો ચીકાશ દૂર કરી દેવામાં આવે તો દબાગત થઈ ગઈ. દા.ત. તડકામાં સૂકવી નાખ્યું.

આ હદીષોથી તે હઝરાતનો ક઼ૌલ પણ બાતિલ થઈ ગયો જેઓ દબાગત પછી પણ મુરદારના ચામડાથી લાભ ઉઠાવવાને નાજાઈઝ કહે છે.

આપણે માણસ તથા સાપ તથા સુવ્વરના સિવાય દરેક જાનવરનુ ચામડુ દબાગતથી પાક થઈ જાય છે. માણસનુ ચામડુ એ કારણે કે માણસ મુકર્રમ તથા મોહતરમ (માનપાત્ર) છે જો દબાગતથી તેના ચામડાને લાભ ઉઠાવવા પાત્રનો ફત્વો આપી દેવામાં આવે તો માણસની ઈજ્જત ખતરામાં પડી જશે. સાપનુ ચામડુ એટલે સખત હોય છે કે તે દબાગત સ્વીકારતુ જ નથી અને સુવ્વર નજિસુલ અયન (મુદ્દલે નાપાક) છે જેથી એનુ ચામડુ પાક થવાનો પ્રશ્ન જ નથી.

## સમજૂતી : ૮૮૫

આ એક હદીષનો ટુકડો છે તેનો પ્રારંભિક હિસ્સો ભાગ-૨, પેજ-૪૪૪ પર વર્ણન થઈ ચૂક્યો છે. કિતાબુત્તલાકમાં સંક્ષિપ્તમાં આ હદીષ આ પ્રમાણે છે : ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા ફર્માવે છે કે બરીરાની જાતથી ત્રણ સુન્નતો જાણવા મળી. પ્રથમ એ કે તેણીને આઝાદ કરવામાં આવ્યાં તો તેમને તેમના પતિના બારામાં અધિકાર આપવામાં આવ્યો, અને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "વિલા" એના માટે છે જેણે આઝાદ કરી. અને રસૂલુલ્લાહ ﷺ અંદર તશરીફ લાવ્યા. અને હાંડલી ગોશ્તથી ઉકળી રહી હતી. તો હુઝૂર ﷺની ખિદમતમાં રોટી તથા ઘરના શાકોમાંથી કોઈ શાક પેશ કરવામાં આવ્યું તો ફર્માવ્યું, શું મેં હાંડલી નથી જોઈ જેમાં ગોશ્ત છે ? લોકોએ અર્ઝ કરી, જરૂર ! પરંતુ આ ગોશ્ત સદક઼ાનો છે જે બરીરાને આપવામાં આવ્યો છે, અને હુઝૂર સદક઼ો નથી ખાતા. તો ફર્માવ્યું, એના માટે સદક઼ો છે અને અમારા માટે હદિયો છે.

عَنْ اَنَسٍ رَّضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی حدیث ۸۸۶

"હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે નબી صلی اللہ علیہ وسلمની ખિદમતમાં સદક઼ાનો ગોશ્ત પેશ **[હદીષ : ૮૮૬]**

عَلَیْہِ وَسَلَّمَ اُوْتِیَ بِلَحْمٍ تُصُدِّقَ بِہٖ عَلٰی بَرِیْرَۃَ فَقَالَ ھُوَ عَلَیْھَا

*કરવામાં આવ્યો જે બરીરા પર સદક઼ો કરવામાં આવ્યો હતો તો ફ઼ર્માવ્યું, તે બરીરા પર સદક઼ો છે. અને*

صَدَقَۃٌ وَّھُوَلَنَا ھَدِیَّۃٌ ع

*અમારા માટે હદિયો છે." (બુખારી ૧/૨૦૨, ઝકાત, ૧/૩૫૦ હિબા, મુસ્લિમ, અબૂ દાઊદ, ઝકાત–નિસાઈ–અલ્ ઉમરહ)*

## સમજૂતી : ૮૮૬

**શરઈ હીલા વિશે :** હીલાએ શરઈની આ જ અસ્લ (દલીલ) છે. જરૂરતના પ્રસંગે ઝકાત, ફ઼િત્રા તથા અન્ય વાજિબ સદક઼ાઓ કોઈ મુસ્તહિક઼ને આપીને માલિક બનાવી દેવામાં આવે અને તે એના પર ક઼બ્જો પણ કરી લે. પછી તે કોઈ દીની કામના માટે અથવા કોઈ પણ નેક કાર્ય માટે આપી દે. આજે દીનની સલામતી દીની મદ્રસાઓના કારણે છે અને દીની મદ્રસાઓની સલામતી ઝકાત તથા ફ઼િત્રાની રકમોથી છે. મુસલમાન એવો સુસ્ત થઈ ગયો છે કે દીની મદ્રસાઓ માટે ભાગ્યે જ તોહફ઼ો આપે છે. એટલા માટે ઉલમાએ હીલા પછી ઝકાત તથા ફ઼િત્રાની રકમો મદ્રસાઓમાં ખર્ચ કરવાની ઈજાઝત આપી દીધી. જો આ ન થાય તો દીની મદ્રસા બંધ થઈ જાય. હવે કેટલાક ઉલમાના દુશ્મન, દીનથી આઝાદ દિમાગવાળા લોકોએ ઝકાત તથા ફ઼િત્રાની રકમોને હિંદી, અંગ્રેજી, ગણિત, ભૂગોળ, ગણિત્ર શાસ્ત્ર, દુનિયવી શિક્ષણ આપનારી સ્કૂલોમાં બલ્કે હોસ્પિટલોમાં ખર્ચ કરવાનુ શરૂ કરી આપ્યું છે, એની કોઈ રીતે ઈજાઝત નથી હોઈ શકતી. પ્રથમ તો એ કે હીલાએ શરઈની ઈજાઝત હાજતના સમયે છે અને સ્કૂલો, હોસ્પિટલોમાં ખર્ચ કરવામાં કોઈ (શરઈ) હાજત નથી. ગવર્નમેન્ટની સ્કૂલો પુષ્કળ પ્રમાણમાં સ્થપાયેલી છે અને જરૂરતના સમયે સ્થાપી શકાય છે. હોસ્પિટલો પણ ઘણી છે, ડોકટરોની કમી નથી. જો ખરેખર કોઈ બીમાર ઝકાતનો હક્ક઼દાર છે તો તેને કેશ આપી શકાય છે. બીજુ કે ઝકાત તથા ફ઼િત્રા હક઼દારોને આપવું નેક કાર્યો છે અને દીની મદ્રસા પણ નેક કામો છે, દુનિયાવી મદ્રસાઓથી ઉલ્ટુ કે તે તદ્દન દુનિયવી છે. દીની મદ્રસાઓમાં વાપરવું એ ઝકાત તથા ફ઼િત્રાના હક઼દારથી અધિક નિકટ છે, દુનિયવી સ્કૂલોથી ઉલ્ટુ કે એમાં અને ઝકાતના હક઼દારોમાં કોઈ સંબંધ નથી.

જાહેર એ જ છે કે હઝરત બરીરા رضی اللہ عنہاને જે સદક઼ાનો ગોશ્ત આપવામાં આવ્યો હતો તે નફ઼્લ સદક઼ો હતો. હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم નફ઼લ સદક઼ો પણ ખાતા ન હતા. હઝરત સલ્માન ફ઼ારસી رضی اللہ عنہ ઈસ્લામ પહેલાં સદક઼ો લઈને આવ્યા તો પરત કરી આપ્યો. જાહેર છે કે એમના પર ઝકાત ફ઼ર્ઝ ન હતી તો એ સદક઼ો નફ઼લી જ હતો.

**સદક઼ો તથા હદિયો :** જે ચીજ કોઈ મોહતાજને કેવળ સવાબની નિય્યતથી આપવામાં આવે તો સદક઼ો છે અને જે ચીજ કોઈને સંબંધ તથા દોસ્તીના કારણે આપવામાં આવે તે હદિયો છે. અલ્લામા અયનીએ ફ઼ર્માવ્યું, ફ઼ક઼ીર (ગરીબ મિસ્કીન)ને જે કાંઈ આપવામાં આવે તે સદક઼ો છે, ભલે હદિયો કહીને આપવામાં આવે. અને માલદારને જે કાંઈ આપવામાં આવે હદિયો છે ભલે સદક઼ો કહીને આપવામાં આવે.

حدیث ۸۸۷ عَنْ عَبْدِ اللّٰہِ بْنِ اَبِیْ اَوْفٰی رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا قَالَ کَانَ

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી ઔફા رضی اللہ عنہما એ ફર્માવ્યું, નબી صلی اللہ علیہ وسلم ની **[હદીષ : ૮૮૭]**

النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اِذَا اَتَاہُ قَوْمٌ بِصَدَقَتِہِمْ قَالَ

ખિદમતમાં જ્યારે કોઈ કૌમ પોતાનો સદકો લઈને આવતી તો ફર્માવતા, હે અલ્લાહ ! આલે ફલાં પર રહમત

اَللّٰہُمَّ صَلِّ عَلٰی اٰلِ فُلَانٍ فَاَتَاہُ اَبِیْ بِصَدَقَتِہٖ فَقَالَ اَللّٰہُمَّ صَلِّ عَلٰی اٰلِ اَبِیْ اَوْفٰی

નાઝિલ ફર્માવ ! મારા વાલિદ પોતાનો સદકો લઈને આવ્યા તો ફર્માવ્યું, હે અલ્લાહ ! આલે અબી ઔફા પર

રહમત નાઝિલ ફર્માવ.'' (બુખારી ૧/૨૦૩ ઝકાત, ૨/૫૯૯, મગાઝી, ૨/૯૩૭ અદઅવાત, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ–ઝકાત)

ت ۲۷۲ قَالَ ابْنُ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا لَیْسَ الْعَنْبَرُ بِرِکَازٍ ھُوَ شَیْئٌ

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, અંબર છુપો ખજાનો નથી, **[તઅલીક઼ : ૨૭૨]**

دَسَرَہُ الْبَحْرُ عه

એ એક ચીજ છે જેને સમુદ્રએ ફેંકી.'' (બુખારી ૧/૨૦૩ અઝ્ ઝકાત)

**સમજૂતી : ૮૮૭** الصلوۃ ـ صل નો અમ્ર છે. ખિતાબીએ કહ્યું કે સલાતનો શાબ્દિક અર્થ દુઆ છે અને એ જ અહીં નિશ્ચિત છે સલાત શબ્દ જ ખાસ નથી કોઈપણ દુઆ કરી શકાય છે. દા.ત. જઝાકલ્લાહ, આજરકલ્લાહ, અલ્લાહુમ્મગફિરલહૂ, વગેરે વગેરે. જેમ કે હદીષમાં છે કે એક સાહબે ઘણી જ ઉમદા ઊંટડી ઝકાતમાં આપી તો આ દુઆ આપી : હે અલ્લાહ ! આમાં બરકત આપ, અને એનાં ઊંટોમાં પણ. અને આ દુઆ મુસ્તહબ છે વાજિબ નથી એટલા માટે ખુલફાએ રાશિદીને ઝકાત ઉઘરાવનારાઓને દુઆ કરવાનો હુકમ નથી આપ્યો. જો વાજિબ હોત તો જરૂર હિદાયત ફર્માવતા, બલ્કે ખૂદ હુઝૂરે પણ તલ્કીન નથી કરી. એના કારણે આયતે કરીમા وَصَلِّ عَلَیْہِمْ اِنَّ صَلٰوتَکَ سَکَنٌ لَّہُمْ ''અને તેમના માટે દુઆ કરો, બેશક ! તમારી દુઆ એમના માટે ઈત્મિનાન બખ્શ છે '' માં صَلِّ અમ્રે વજૂબ (વાજિબ થવા) માટે નથી, મુસ્તહબ થવા માટે છે.

**હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી ઔફા** رضی اللہ عنہ : મદની સલ્લમી સહાબી છે. બયઅતે રિદ્વાનમાં શરીક રહ્યા. કૂફાના રહેવાસી સહાબીઓમાં સૌથી છેલ્લે વફાત પામ્યા હિ.સ. ૮૭માં અલ્લાહની રહમતમાં પહોંચ્યા. વિસાલના સમયે ૭૦ વરસની ઉમર મુબારક હતી. આપ તે સહાબાએ કિરામમાંથી છે જેમની ઝિયારત (મુલાકાત)થી સૈયદોના ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ મુશર્રફ થયા. પિતા પુત્ર બંને સહાબી છે.

**સમજૂતી : તઅલીક઼ ૨૭૨–૨૭૩**

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના અષરને બયહક઼ીએ અને ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ે મુસન્નફમાં મૌસૂલન વર્ણન કરેલ છે. અને ઈમામ હસન બસરી رضی اللہ عنہ ના અષરને ઈમામ અબૂ બક્ર બિન અબી શયબાએ પોતાની મુસન્નફમાં વર્ણન કરેછ છે. સમુદ્રથી જે કાંઈ નીકળે છે, જેમ કે મોતી, મોંગા અંબર એમાં ઝકાત નથી. એ જ હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત ઉમર બિન અબ્દુલઅઝીઝ, ઈમામ અતા, ઈમામે આ'ઝમ, ઈમામ માલિક, ઈમામ શાફઈ

| وَقَالَ الْحَسَنُ فِي الْعَنْبَرِ وَاللُّؤْلُؤِ الْخُمُسُ عه | ت ٢٧٣ |
|---|---|

"અને ઈમામ હસન બસરીએ ફર્માવ્યું, અંબર તથા મોતીમાં ખુમ્સ (પાંચ) છે." **[તઅલીક઼ : ૨૭૩]**

(બુખારી ૧/૨૦૩ અઝ્ ઝકાત)

**حدیث ٨٨٨** عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત કરે છે કે ફર્માવ્યું કે **[હદીષ : ૮૮૮]**

عَلَيْهِ وَسَلَّمَ أَنَّ رَجُلًا مِّنْ بَنِي إِسْرَائِيلَ سَأَلَ بَعْضَ بَنِي إِسْرَائِيلَ

બની ઈસ્રાઈલના એક શખ્સે બીજાથી હજાર દીનાર કરજ માંગ્યું તો તેને આપી દીધું. તે સમુદ્રમાં સફરના

أَنْ يُّسْلِفَهُ أَلْفَ دِيْنَارٍ فَدَفَعَهَا إِلَيْهِ فَخَرَجَ فِي الْبَحْرِ فَلَمْ يَجِدْ مَرْكَبًا

ઈરાદાથી નીકળ્યો પણ તેણે કોઈ સવારી ન પામી તો એક લાકડી લીધી અને એમાં કાણુ પાડયું. તેમાં હજાર

فَأَخَذَ خَشَبَةً فَنَقَرَهَا فَأَدْخَلَ فِيْهَا أَلْفَ دِيْنَارٍ فَرَمٰى بِهَا فِي الْبَحْرِ

દીનાર રાખી દીધા અને એ લાકડીને સમુદ્રમાં ફેંકી દીધી. સંજોગોવસાત

فَخَرَجَ الرَّجُلُ الَّذِيْ كَانَ أَسْلَفَهُ فَإِذَا بِالْخَشَبَةِ فَأَخَذَهَا لِأَهْلِهِ

જે શખ્સે કરજ આપ્યું હતું તે નીકળ્યો અને લાકડી જોઈ તો પોતાના ઘરવાળાનાં

حَطَبًا فَذَكَرَ الْحَدِيْثَ فَلَمَّا نَشَرَهَا وَجَدَ الْمَالَ عه

બળતણ માટે લઈ લીધી. જ્યારે એને ચીરી તો માલ મળ્યો."

(બુખારી ૧/૨૦૩, અઝ્ ઝકાત, ૧/૨૭૭, અલ બુયૂઅ, ૧/૩૦૬ અલ કિફાલત, ૧/૩૨૪ અલ્ ઈસ્તિક્રાઝ, ૧/૩૨૮ અલ્લક઼્તહ, ૧/૩૮૧ અશ્શુરૂત, ૨/૯૨૬ અલ ઈસ્તીઝાન, નિસાઈ–અલ્લ્ ક઼ત્તહ)

વગેરેનો મઝહબ છે. અને હઝરત ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ થી એક રિવાયત આ જ છે. ઈમામ બુખારીનો પણ આ જ મઝહબ છે જેમ કે એના બાદવાળા ઈર્શાદથી જાહેર છે અને એ જ ઈમામ અબૂ યૂસુફનો પણ મઝહબ છે.

**સમજૂતી : ૮૮૮**

**પરિપૂર્ણતા** : કિતાબુલ કિફાલહમાં આ હદીષ વિગતવાર આ પ્રમાણે છે : રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ બની ઈસ્રાઈલના એક શખ્સનો ઉલ્લેખ કર્યો. તેણે બની ઈસ્રાઈલના કોઈ શખ્સ પાસેથી હજાર દીનાર કરજ માગ્યું. તેણે કહ્યું, ગવાહોને લાવ જેમને ગવાહ બનાવી આપુ. તેણે કહ્યું, અલ્લાહ ગવાહ પૂરતો છે. પછી તેણે કહ્યું, કોઈ કફીલ (જામિન) લાવ. તો તેણે કહ્યું, અલ્લાહ પૂરતો કફીલ છે. તો તેણે કહ્યું, તેં સાચુ કહ્યું, અને તેને નિશ્ચિત સમય મર્યાદા માટે આપી દીધા. તે કરજ લઈને સમંદરમાં ચાલ્યો ગયો અને પોતાની જરૂરત પૂરી કરી. ત્યારબાદ સવારી (નાવડી) તલાશ કરી જેના પર સવાર થઈને જાય અને નિશ્ચિત સમય પર અદા કરે તો તેને કોઈ સવારી

ન મળી. તો એક લાકડી લીધી તેમાં કાણુ પાડયું અને એ કાણામાં હજાર દીનાર અને એક પત્ર કરજ આપનારાના નામે રાખી દીધો. અને કાણાનું દ્વાર સારી રીતે બંધ કરીને તે લાકડી સમુદ્રની પાસે લાવ્યો અને કહ્યું, હે અલ્લાહ ! તું જાણે છે મેં ફલાણા પાસેથી હજાર દીનાર કરજ માગ્યું તો તેણે મારાથી જામિન માગ્યા તો મેં કહ્યું, અલ્લાહ પૂરતો જામિન છે. તે એના પર રાજી થઈ ગયો. પછી તેણે મારાથી ગવાહ માગ્યા તો મેં કહ્યું, અલ્લાહ પૂરતો ગવાહ છે. તે એના પર રાજી થઈ ગયો. (અને મને કરજ આપી દીધું) મેં કોશિશ કરી કે સવારી મળી જાય જેના દ્વારા હું એનો હક્ક઼ એને પહોંચાડી આપુ, પણ ન મળી, અને હું એને તને સુપ્રત કરું છું. ત્યારબાદ તેને સમુદ્રમાં ફેંકી દીધી. તે સમુદ્રમાં ચાલી ગઈ ત્યાર બાદ એ શખ્સ પાછો વળી ગયો. અને એ જ કોશિશમાં રહ્યો. સવારી તલાશ કરતો રહ્યો કે પોતાના વતન પરત થાય. હવે કરજ આપનાર નીકળ્યો એ જોવા માટે કે કદાચ કોઈ સવારી એનો માલ લઈને આવી હોય. સંજોગોવસાત તેણે એ લાકડી જોઈ જેમાં તે માલ હતો. તેણે તેને લઈ લીધી કે તેના ઘરવાળાં માટે બળતણ થઈ જાય. તેને ચીરી તો તેમાં તે માલ અને પત્ર મળ્યો. ફરી કરજદાર આવ્યો અને હજાર દીનાર લાવ્યો અને કહ્યું, હું સતત કોશિશ કરતો રહ્યો કે સવારી મળી જાય તો તારો માલ તારા સુધી પહોંચાડી આપુ, પણ કોઈ સવારી ન મળી, જે લાવ્યો છું એને સ્વીકારી લે. કરજ આપનારે કહ્યું, શું તેં મારી પાસે કાંઈ મોકલ્યું હતું ? કરજદારે કહ્યું, શું મેં તને નથી જણાવ્યું કે તારી પાસે આવતા પહેલાં મને કોઈ સવારી ન મળી ! કરજ આપનારે કહ્યું, બેશક ! અલ્લાહે મારા સુધી પહોંચાડી આપ્યું જે તે લાકડીમાં મોકલ્યું હતું. તો એ શખ્સ હજાર દીનાર સાથે ખુશી ખુશી પરત થયો.

**પ્રકરણથી સામ્યતા** : અહીં પ્રકરણ એ છે કે સમુદ્રથી જે ચીજ કાઢવામાં આવે એટલે એમાં ખુમ્સ (પાંચમો ભાગ) છે કે નહીં ? ઈમામ બુખારી رضی اللہ عنہનો મઝહબ એ છે કે એમાં ખુમ્સ નથી. અને એ આ હદીષથી સાબિત થાય છે કે સમુદ્રથી કાઢેલી ચીજોમાં ખુમ્સ નથી. લાકડી જો કે સમુદ્રમાં પેદા નથી થઈ પણ કિનારાનાં આપોઆપ ઉગતાં ઝાડ ક્યારેક પડીને સમુદ્રમાં આવી જાય છે જે કોઈની માલિકીમાં નથી હોતાં. તે સમુદ્ર વચ્ચે પેદા થનારી ચીજોના હુકમમાં સામેલ છે. જે હુકમ એ ચીજોનો છે તે જ એ ઝાડોનો પણ છે.

હુસ્ને નિયત (સારી નિય્યત), વાયદાની વફાદારી, અલ્લાહ પર તવક્કુલના સારાં ફળો દુનિયામાં પણ મળ છે એનું આ હદીષ ઉત્તમ દૃષ્ટાંત છે. **અલ્લાહ ﷻ તેના પર ભરોસો કરનારાઓના જાન માલને બર્બાદ નથી કરતો.**

**بالف دينار** : કિતાબુલ કિફાલહની હદીષના છેવટમાં **انصرف بالف دينار راشدا** "હજાર દીનાર સાથે ખુશી ખુશી પરત થયો." **الالف دينار**ની તરફ મુઝાફ છે અને મુઝાફ પર અલિફ લામને લાવવું દુરુસ્ત નથી, પણ કૂફીઓની નજીક.

**મસાઈલ** : આ હદીષ એની દલીલ છે કે સમુદ્રમાં પેદા થનારી ચીજો જેને મળે તે તેની છે અને એમાં ખુમ્સ નથી. કેમ કે એ સાહબ લાકડી બળતણ બનાવવા માટે લાવ્યા હતા અને એનો ખુમ્સ અદા નથી કર્યો. અને હુઝૂરે અક઼દસ ﷺએ એના પર કોઈ ચેતવણી વર્ણવી નથી. રહી ગઈ એ શંકા કે આ લાકડી કરજદારે બહારથી લઈને સમુદ્રમાં ફેંકી હતી, તો એ તો ચીર્યા પછી પત્ર જોયા પછી જાણમાં આવ્યું. જે વખતે લાવ્યા હતા એ વખતે તો એવું જ સમજીને લાવ્યા હતા કે આ લાકડી સમુદ્રની આસપાસ અથવા સમુદ્ર વચ્ચેના કોઈ ટાપુથી સમુદ્રમાં આવી ગઈ છે. એટલા માટે અમારી દલીલ સંપૂર્ણ છે. રહી ગઈ તે ચીજો જે સમુદ્રની ઉપજ નથી પણ સમુદ્રમાંથી મળે, જેમ કે સોના ચાંદીના સિક્કા કપડાં વગેરે તેમાં પણ ખુમ્સ નથી. અને જ્યારે માલિક માલૂમ ન હોય તો મેળવનારાની માલિકી છે.

ت ۲۷۴ وَقَالَ مَالِكٌ وَابْنُ إِدْرِيسَ الرِّكَازُ دَفْنُ الْجَاهِلِيَّةِ فِي قَلِيلِهِ

"અને માલિક અને ઈબ્ને ઈદરીસે કહ્યું, રિકાઝ જાહિલિયતનો ખજાનો છે **[તઅલીક઼ : ૨૭૪]**

وَكَثِيرِهِ الْخُمُسُ وَلَيْسَ الْمَعْدِنُ بِرِكَازٍ ع٥

તેના થોડા અને વધારેમાં ખુમ્સ (પાંચમો ભાગ) છે (મઅદન) ખાણ નથી." (બુખારી ૧/૨૦૩ અર્રિકાઝ)

ت ۲۷۵ وَأَخَذَ عُمَرُ بْنُ عَبْدِ الْعَزِيزِ مِنَ الْمَعَادِنِ مِنْ كُلِّ مِائَتَيْنِ خَمْسَةً عـ

"અને હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે મઅદન (ખાણમાંથી નીકળતી ચીજ)માં **[તઅલીક઼ : ૨૭૫]**

દરેક બસોથી પાંચ લીધા." (ઉપર મુજબ)

## તઅલીક઼ : ૨૭૪ની સમજૂતી

આ તઅલીક઼ને મૌસૂલન ઈમામ અબૂ ઉબૈદે કિતાબુલ અમ્વાલમાં વર્ણવી છે. ઈબ્ને ઈદરીસથી કોણ સાહબ મુરાદ છે, એમાં બે કથનો છે : એક એ કે હઝરત ઈમામ શાફઈ رضي الله عنه મુરાદ છે અને એક ક઼ૌલ એ છે કે આ અબ્દુલ્લાહ ઈબ્ને ઈદરીસ ઔદી છે. ઈમામ ફરબરીના રાવીઓમાં એક બુઝુર્ગ અબૂ ઝયદ મરૂઝી છે. તેમણે એના પર યક઼ીન કર્યું કે આ હઝરત ઈમામ શાફઈ છે. ઈમામ બયહક઼ી અને જમહૂર ઈમામોએ એમને સમર્થન કર્યું. એનું સમર્થન એનાથી પણ થાય છે કે ઈમામ શાફઈનો ઉપર વર્ણવેલ ઈર્શાદ મળે છે. જેમ કે ઈમામ બયહક઼ીએ કિતાબુલ મઅરિફહમાં નક઼લ કર્યું છે, ઔદીનો નથી મળતો. હઝરત ઈમામ શાફઈનો પૂરાણો ક઼ૌલ એ જ છે જેને ઈબ્ને મુન્ઝરે નક઼લ કર્યો અને અપનાવ્યો પણ છે. પણ ક઼ૌલે જદીદ (નવો) એ છે કે જ્યાં સુધી નિસાબની માત્રા સુધી ન હોય એમાં કાંઈ વાજિબ નથી. આ તઅલીક઼માં ક઼લીલ (થોડા)થી મુરાદ એ છે કે નિસાબની માત્રાથી ઓછુ હોય અને કષીર (વધારે)થી મુરાદ એ છે કે નિસાબની માત્રા પ્રમાણે હોય અથવા વધુ. મઅદન, રિકાઝ નથી નો મતલબ કેવળ એ છે કે ખાણમાં ખુમ્સ (પાંચમો ભાગ) વાજિબ નથી, બલ્કે ચાલીસમો હિસ્સો વાજિબ છે. શરીઅતના ઉસૂલમાંથી છે કે જેમાં મહેનત ઓછી છે તેમાં વાજિબની માત્રા વધુ છે અને મહેનત જો વધુ છે તો વાજિબ ઓછુ છે. મઅદન અને રિકાઝ બે અલગ અલગ ચીજો છે એના પર આ હઝરાત આ પ્રકરણમાં વર્ણવેલ હદીષથી દલીલ લાવ્યા છે કે ઈર્શાદ થયો, મઅદનમાં હલાક થઈ જવાનો તાવાન નથી અને રિકાઝમાં ખુમ્સ છે. આ દલીલ પર વિસ્તારપૂર્વક ચર્ચા આગળ આવી રહી છે.

## તઅલીક઼ : ૨૭૫ની સમજૂતી

આ અષરને ઈમામ અબૂ ઉબૈદે કિતાબુલ અમ્વાલમાં મુત્તસિલ સનદ સાથે વર્ણન કરી છે. ઈમામ બયહક઼ીએ બતરીક઼ે સઈદ બિન અબી અરૂબહ ક઼તાદાથી રિવાયત કરી કે ઉમર બિન અબ્દુલ અઝીઝે મઅદન (ખાણ)ને રિક઼ાઝના સ્થાને ઠરાવ્યું કે એમાંથી પણ ખુમ્સ લેવામાં આવે. પછી બાદમાં બીજુ લખાણ મોકલ્યું કે એમાં ઝકાત છે. તેમજ કહ્યું કે અબ્દુલ્લાહ બિન અબૂબક્રથી રિવાયત છે કે ઉમર બિન અબ્દુલ અઝીઝે ખાણમાં દરેક બસો દિરહમમાંથી પાંચ દિરહમ લીધા. અબૂ ઝિનાદથી પણ મરવી છે કે ઉમર બિન અબ્દુલ અઝીઝ ખાણોમાં ચાલીસમો ભાગ લેતા હતા.

ت ۲۷۶ وَقَالَ الْحَسَنُ مَا كَانَ مِنْ رِكَازٍ فِي أَرْضِ الْحَرْبِ فَفِيهِ

"અને ઈમામ હસન બસરીએ ફર્માવ્યું, દારુલ હર્બમાં જે ખજાનો મળે એમાં પાંચમો [તઅલીક઼ : ૨૭૬]

الْخُمُسُ وَمَا كَانَ مِنْ أَرْضِ السِّلْمِ فَفِيهِ الزَّكٰوةُ وَإِنْ وَّجَدْتَّ

ભાગ (ખુમ્સ) છે અને જો દારુલ સુલહમાં મળે તો એમાં ઝકાત છે. અને દુશ્મનની ભૂમીમાં લુક઼તા

لُقَطَةً فِي أَرْضِ الْعَدُوِّ فَعَرِّفْهَا فَإِنْ كَانَتْ مِنَ الْعَدُوِّ فَفِيهَا الْخُمُسُ عه

પામે તો એનું એલાન કરે, પછી જો દુશ્મનનું હોય તો એમાં પાંચમો ભાગ છે." (ઉપર મુજબ)

بعض الناس | وَقَالَ بَعْضُ النَّاسِ الْمَعْدِنُ رِكَازٌ مِثْلُ دِفْنِ الْجَاهِلِيَّةِ لِأَنَّهُ

"અને કેટલાક લોકોએ કહ્યું, મઅદન (ખાણ) રિકાઝ છે જાહિલિયતના ખજાનાની જેમ, કેમ કે જ્યારે

يُقَالُ أَرْكَزَ الْمَعْدِنُ إِذَا أُخْرِجَ مِنْهُ شَيْءٌ . قِيلَ لَهُ فَقَدْ يُقَالُ لِمَنْ

મઅદનમાંથી (ખાણમાંથી) કાંઈક કાઢવામાં આવે છે તો કહેવામાં આવે છે, "અર્ક઼ઝુલ મઅદન".

وُّهِبَ لَهُ الشَّيْءُ وَرَبِحَ رِبْحًا كَثِيرًا اَوْ كَثُرَ ثَمَرُهُ أَرْكَزْتَ . ثُمَّ

એને કહેવામાં આવ્યું, જ્યારે કોઈને કાંઈ હિબા (ભેટ) કરવામાં આવે અને તેને ખૂબ ફાયદો થાય

نَاقَضَهُ قَالَ لَا بَأْسَ أَنْ يَّكْتُمَهُ وَلَا يُؤَدِّيَ الْخُمُسَ عه

અને એનુ ફળ ઘણુ જ હોય. તો એને પણ કહેવામાં આવે છે, અર્કઝત. પછી એના વિરુદ્ધ કહ્યું કે એમાં કાંઈ

વાંધો નથી કે એને છુપાવે અને પાંચમો ભાગ (ખુમ્સ) અદા ન કરે." (ઉપર મુજબ)

## તઅલીક઼ : ૨૭૬ની સમજૂતી

આ તઅલીક઼ને ઈમામ અબૂબક્ર બિન અબી શયબાએ મુત્તસિલ સનદ સાથે બયાન કરી. તેમના શબ્દો આ પ્રમાણે છે : જ્યારે દુશ્મનની જમીનમાં ખજાનો મળે તો એમાં ખુમ્સ (પાંચમો ભાગ) છે અને જો અરબમાં મળ તો એમાં ઝકાત છે. ખ જાનાના બારામાં આ ફરક હસન બસરી સિવાય અન્ય કોઈથી નક઼લ થયેલ નથી અને લુક઼તાના બારામાં જે કાંઈ ફર્માવ્યું તે એ સ્થિતિમાં છે જ્યારે કે એની સંભાવના હોય કે એ મુસલમાનની પણ ચીજ હોય શકે છે. દા.ત. લશ્કર દારુલ હર્બમાં છે, અથવા કોઈ કાફલો અમાન લઈને દારુલ હર્બમાં ગયો છે. અને જો એની સંભાવના ન હોય તો જાહેરાતની જરૂરત નથી.

## સમજૂતી

ઈમામ બુખારીની "બઅ્દુન્નાસ"થી શું મુરાદ હતી તેને એઓ જ જાણે. અલ્લામા ઈબ્ને તયન વગેરેનું ગુમાન એ છે કે એનાથી ઈમામુલ અઈમ્મા, સિરાજુલ ઉમ્મહ, સૈયદોના ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ અથવા અમુક હનફી ઉલમા મુરાદ છે. અહીં જે મસ્અલા પર વાંધો દર્શાવ્યો છે તે કેવળ ઈમામે આ'ઝમનો જ

મઝહબ નથી, ઈમામ સુફયાન ષૌરી તથા ઈમામ અવઝાઈનો પણ એ જ મઝહબ છે. પણ ઈમામ બુખારીએ પોતાની તારીખમાં જે કઢંગા અંદાઝમાં હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہનો ઉલ્લેખ કર્યો છે તેનાથી અલ્લામા મૌસૂફના કયાસનું સમર્થન થાય છે પણ "તતબ્બુઅ" (તેહકીક)થી જાણવા મળ્યું કે દરેક જગાએ એવું નથી, ક્યાંક એનાથી ઈસા બિન અબાન મુરાદ છે, ક્યાંક ઈમામ શાફઈ છે. અને ન દરેકમાં એમનો હેતુ વાંધાનો જ છે, ક્યાંક ક્યાંક એ ખૂદ ઉલઝન અનુભવે છે ! અને ક્યાંક એ જ એમનો પણ મુખ્તાર (પસંદીદા) છે.

**સ્પષ્ટતા** : ઈમામ બુખારીનો મઝહબ એ છે કે "મઅદન" સોના ચાંદી વગેરેની ખાણને કહે છે અને "રિકાઝ" કાફિરોના ખજાનાને. તેમની દલીલ તે હદીષ છે જે હમણા વર્ણન થશે કે ફર્માવ્યું, **المعدن جبار وفی الرکاز الخمس کان** ખાણમાં હલાક (મૃત્યુ) થવાનો તાવાન (બદલો) નથી અને રિકાઝમાં પાંચમો ભાગ (ખુમ્સ) છે. આ હદીષમાં રિકાઝ મઅદન પર મઅતૂફ છે અને અતફ તગાયુર ચાહે છે. જેથી જાણવા મળ્યું કે "મઅદન" ઓર છે અને "રિકાઝ" અલગ ચીજ છે. અલ્લામા મહમૂદ બદરુદ્દીન અયની رضی اللہ عنہએ આ દલીલનો એ જવાબ આપ્યો કે પૂરી હદીષ આ પ્રમાણે છે : **العجماء جبار و البیر جبار و المعدن جبار فی الرکاز الخمس** "ચોપગુ કોઈને મારી નાખે તો તાવાન નથી, કૂવામાં પડીને કોઈ મૃત્યુ પામે તો તાવાન નથી, ખાણમાં કોઈ મરી જાય તો તાવાન નથી. અને રિકાઝમાં પાંચમો ભાગ છે. હુઝૂરે અકદસ ﷺએ **و المعدن جبار** સુધી એક અલગ હુકમ ફર્માવ્યો અને **و فی الرکاز الخمس**માં બીજો હુકમ ફર્માવ્યો. અહકામનો ફેરફાર અતફની સેહત માટે પૂરતો છે. હવે જો એવું ફર્માવતા, **فیه الخمس** તો ઈલ્તિબાસ (શંકા)ની સંભાવના હતી કે કદાચ ઝમીર બીરની તરફ પલ્ટી રહી છે. આ શંકા (વહેમ)ને દૂર કરવા માટે **وفی الرکاز الخمس** ફર્માવ્યું. **હું કહું છું** : જો અલ્લામા અયનીની આ સ્પષ્ટતા ન માનવામાં આવે તો હદીષોમાં ટકરાવ ઉભો થશે, જેવું કે હમણા આવી રહ્યું છે.

અને આપણા ત્યાં "રિકાઝ" તથા "મઅદન" ખાણ તથા ખજાના બંને માટે આમ છે. મઅદન કેવળ ખાણને કહે છે અને કન્ઝ (ખજાનો) કેવળ દફીના (દાટેલા)ને, રિકાઝ બંનેને. આપણી દલીલ તે હદીષ છે જેને ઈમામ મુહમ્મદ મુહર્રિરે મઝહબે હનફિયાએ પોતાની મોઅત્તા (ઝકાત બાબુર્રિકાઝ–૧૭૮)માં વર્ણન કરી છે કે નબી ﷺએ ફર્માવ્યું, રિકાઝમાં ખુમ્સ છે. અર્ઝ કરવામાં આવી, રિકાઝ શું છે ? તો ફર્માવ્યું, "તે માલ જેને જમીનમાં અલ્લાહ તઆલાએ એ દિવસે પેદા કર્યો જે દિવસે જમીન તથા આસ્માનને પેદા કર્યા. એ ખાણોમાં ખમ્સ છે." આ હદીષને ઈમામ બયહકીએ કિતાબુલ મઅરિફતમાં ઈમામ અબૂ યૂસુફના તરીકાથી થોડા ટૂંકાણમાં સૈયદોના અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી છે. તેમજ ઈમામ બયહકીએ એમાં હબ્બાન ઈબ્ને અલીના તરીકાથી સૈયદોના અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી ﷺએ ફર્માવ્યું, રિકાઝમાં ખુમ્સ છે. અર્ઝ કરવામાં આવી, "રિકાઝ" શું ચીજ છે ? તો ફર્માવ્યું, "તે સોનુ જેને અલ્લાહે જમીનમાં પેદા કર્યું." એનાથી પણ સ્પષ્ટ તે હદીષ છે જેને ઈમામ બયહકીએ કિતાબુલ ઈલલમાં અબૂ સાલેહના તરીકાથી એ જ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે નબી ﷺએ ફર્માવ્યું, "રિકાઝ તે છે જે જમીનમાં પેદા થયું." ઈમામ હુમૈદ બિન ઝંજવિયહ નિસાઈએ કિતાબુલ અમ્વાલમાં સૈયદોના અલીએ મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત કરી કે તેમણે મઅદનને (ખાણને) રિકાઝ ઠરાવ્યું અને એમાં ખુમ્સ વાજિબ કર્યું. ઈમામ બયહકીએ જ મકહૂલથી રિવાયત કરી કે સૈયદના ફારૂકે આ'ઝમ کرم اللہ تعالیٰ وجہہ الکریم એ મઅદનને રિકાઝના સ્થાને ઠરાવ્યું કે એમાં ખુમ્સ (પાંચમો ભાગ) છે.

**પ્રથમ વાંધો** : અહનાફ (હનફીઓ)ની આ દલીલોથી નજર ફેરવીને હઝરત ઈમામ બુખારીએ આ

મસ્અલા પર વાંધો કરવાના માટે પોતાના જીવથી હનફીઓ તરફ એક દલીલ સંબંધિત કરી અને તેની આલોચના કરી નાખી. તે ફર્માવે છે કે બઅ્દુન્નાસે કહ્યું, મઅદન, રિકાઝ છે જાહિલિયતના દફીના (ખજાના)ની જેમ. એટલા માટે કે કહેવામાં આવે છે : اركز المعدن "જ્યારે એનાથી કાંઈ નીકળે." આ સ્વરચિત દલીલની ઈમામ બુખારી આ પ્રમાણે રદ કરે છે કે જ્યારે કોઈને કાંઈ ભેટ આપવામાં (હિબા કરવામાં) આવે અથવા કોઈને ખૂબ લાભ થાય અથવા કોઈના બાગમાં ફળો ખૂબ આવે, તો તેને કહેવામાં આવે છે : اركزت જેથી લાઝિમ થયું કે એ ચીજોને પણ રિકાઝ કહેવામાં આવે. અને હિબામાં તથા લાભમાં તથા ફળમાં પણ ખુમ્સ હોય. જ્યારે કે હિબા અને નફામાં ન ખુમ્સ છે ન ઝકાત જ્યારે કે તે નિસાબથી કમ હોય, અથવા ત્યાં સુધી કે એના પર વરસ પૂરું ન થાય અને ફળમાં ઉશ્ર છે.

અલ્લામા બદરુદ્દીન મહમૂદ અયની رضی اللہ عنہએ એના પર ભરપૂર પકડ કરી છે અને કાંઈક જલાલ પણ આવી ગયો છે જેના માટે એ મઅઝૂર પણ છે. ફર્માવે છે : મઅદનને રિકાઝ કહેનારાઓમાંથી કોઈએ પણ આ (ઉપરોક્ત) દલીલ નથી આપી. અને અરબવાસીઓમાંથી કોઈનું એ કહેણ નથી, અલ્બત્ત જ્યારે કોઈ ખાણમાં સોનુ મળે તો જરૂર અરબવાસીઓ બોલે છે, اركز الرجل "એ શખ્સે સોનુ મેળવ્યું." اركزت المعدن નથી બોલતા. કે લાઝિમ આવે કે હિબા તથા નફો (લાભ) પામનારા અને જેના બાગમાં ફળો વધુ આવે તેને પણ اركزت કહેવામાં આવે. એટલા માટે કે રિકાઝનો અર્થ સોનાના ટુકડા છે. બાબે ઈફઆલમાં જઈને સયરુરતનો ફાયદો થયો. એટલે કે સાહિબે માખઝ હોવું. જેમ કે કહે છે اغدّالبعير એટલે કે ઊંટને ગ઼દ્દાની બીમારી થઈ, ઊંટ ગદ્દાવાળુ થયું. જ્યારે રિકાઝનો અર્થ સોનાના ટુકડા છે. તો જેને સોનુ મળે તેને اركز الرجل કહેવું દુરુસ્ત છે, પણ હિબા પામનારને, વધુ નફો પામનારને, જેના બાગમાં ફળો ખૂબ વધારે થયાં હોય તેને اركز الرجل નથી કહી શકતા. કેમ કે રિકાઝનો અર્થ હિબા, નફો–લાભ કે ફળ નથી ! ઈમામ બુખારીથી અહીં લગઝિશ એટલા માટે થઈ કે તેમણે "અર્કઝ"ના અર્થ પર વિચારણા ન કરી.

**બીજો વાંધો** : બીજો વાંધો એ ઉઠાવ્યો કે, ત્યારબાદ તે બઅદુન્નાસે (અમુક લોકોએ) એના વિરુદ્ધ ક઼ૌલ કર્યો અને કહ્યું, એમાં કોઈ વાંધો નથી કે એને એટલે દફીના (ખજાના)ને છુપાવી લે અને ખમ્સ ન આપે. એટલે આ બઅ્દુન્નાસે (અમુક લોકોએ) પહેલાં એવું કહ્યું કે મઅદનમાં ખુમ્સ છે અને મઅદન રિકાઝ છે. પછી કહ્યું કે એને એ જાઈઝ છે કે રિકાઝને ચાહે મઅદન હોય કે દફીના (ખજાનો) ઝકાતના ઉઘરાવનારથી છુપાવી લે અને સૌ પોતાની પાસે રાખી લે.

અલ્લામા અયની ફર્માવે કે આ પણ હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہના ક઼ૌલને સંપૂર્ણપણે ન સમજવાના કારણે ઈમામ બુખારીએ ફર્માવ્યું. ઈમામ તહાવીએ હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہનો આ ક઼ૌલ નક઼લ ફર્માવ્યો છે કે આ જાઈઝ છે કે ખાણ અને ખજાનાનો ખુમ્સ જાતે તેના મુસ્તહિક઼ોને અદા કરી આપે. અથવા જો તે ખૂદ મોહતાજ હોય તો પોતાના ખર્ચમાં લાવે એના બદલામાં જે બયતુલ માલમાં એનો હક્ક઼ છે. એની વિગત એ છે કે ઉઘરાવનાર ખુમ્સ લઈ જઈને બયતુલ માલમાં જમા કરશે અને બયતુલ માલ પર કબજો હાકિમોનો છે. હઝરત ઈમામે આ'ઝમના યુગમાં ઉમવી તથા અબ્બાસી હાકિમો બયતુલ માલને પોતાની અંગત મિલ્કત સમજતા હતા. મુસ્તહિક઼ોને બદલે પોતાના ખુશામદી શાયરો, દરબારીઓને આપતા હતા. એવા સંજોગોમાં જેણે ખજાનો પામ્યો તે જાતે પોતે મુસ્તહિક઼ોમાં વહેંચી નાખે અથવા ખૂદ જરૂરતમંદ છે તો રાખી લે, કોઈ વાંધો નથી. બલ્કે આવું કરવું અધિક યોગ્ય ગણાશે. ખુમ્સ હાકિમોની અંગત મિલ્કત નથી બલ્કે તેમની પાસે અમાનત છે, તેના હક્ક઼દાર ફક઼ીરો તથા મિસ્કીનો છે. જ્યારે એ ખબર છે કે હક્ક઼ હક્ક઼દારોને નહીં મળે તો હક્ક઼દાર સુધી પહોંચાડવું યોગ્ય પગલુ છે.

حديث ٨٨٩ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰه

[હદીષ : ૮૮૯] "હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જાનવરથી

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ الْعَجْمَاءُ جُبَارٌ وَالْبِئْرُ جُبَارٌ وَالْمَعْدِنُ جُبَارٌ

ઘાયલનો તાવાન નથી, કૂવામાં પડી જનારનો તાવાન નથી, ખાણમાં ઘાયલ તથા મૃત્યુ

وَفِی الرِّکَازِ الْخُمُسُ ع٥

પામનારાનો તાવાન નથી. અને રિકાઝમાં ખુમ્સ છે."

(બુખારી ૧/૨૦૩, ૧/૩૧૭, અલ્મસાકાત, ૧/૧૦૨૧ અદિયાત, મુસ્લિમ—હુદૂદ, અબૂ દાઊદ—દિયાત, તિર્મિઝી—ઝકાત, અહકામ, ઈબ્ને માજહ—દિયાત, દારમી, ઝકાત, મોઅત્તા, ઈમામ માલિક, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૨૨૮)

حديث ٨٩٠ عَنْ اَبِیْ حُمَیْدِنِ السَّاعِدِیِّ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ اسْتَعْمَلَ

[હદીષ : ૮૯૦] "હઝરત અબૂ હુમૈદ સાઅદી رضی اللہ عنہ એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ બની અસદના

رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ رَجُلًا مِّنَ الْاَسْدِ عَلٰی صَدَقَاتِ

એક શખ્સને સુલૈમના સદકાઓ વસૂલ કરવાના માટે આમિલ બનાવ્યો જેને ઈબ્ને લત્બૈયા કહેવામાં આવતો

بَنِیْ سُلَیْمٍ یُّدْعٰی ابْنَ اللُّتْبِیَّةِ فَلَمَّا جَاءَ حَاسَبَهٗ ع٥

હતો જ્યારે તે પાછો આવ્યો તો તેની પાસેથી હિસાબ લીધો." (બુખારી ૧/૨૦૩, ઝકાત, ૨/૧૦૩૩, અલ્ હિયલ)

**સમજૂતી : ૮૮૯** عجماء નો અર્થ ચોપગાં છે. મતલબ એ છે ચોપગુ કોઈને ઘાયલ કરી દે અથવા મારી નાખે તો એ ચોપગાના માલિકથી ન કિસાસ લેવામાં આવશે ન દિયત. એમાં તફસીલ છે જે ફિક્હની કિતાબોમાં વિગતવાર વર્ણન થયેલી છે. એ જ પ્રમાણે કૂવામાં અથવા ખાણમાં કોઈ ગબડી પડીને મરી જાય અથવા કૂવો કે ખાણના ખોદકામમાં કોઈ દબાઈને મરી જાય તો પણ કૂવા તથા ખાણના માલિક પર કિસાસ કે દિયત વગેરે કાંઈ નથી.

**وفی رکاز الخمس** : મુસલમાન તથા ઝિમ્મીને પોતાના મકાન અથવા દુકાનમાં ખાણ મળી તો એ તેની મિલ્કત છે અને એમાં ન ખુમ્સ (પાંચમો ભાગ) છે ન ઝકાત. અને જો પડતર જમીન ગૈર માલિકીની જમીન અથવા જંગલ કે પહાડમાં મળી તો તેમાં ખુમ્સ છે. એના માટે કોઈ નિસાબ નથી, થોડુ હોય કે વધારે, ગમે તે સંજોગોમાં ખમ્સ વાજિબ છે. ખુમ્સ કેવળ સોના, ચાંદી, તાંબા, પિત્તળ, સીસા વગેરે ધાતુઓમાં છે. જવેરાત દા.ત. લઅલ અથવા યાકૂત, ફીરોઝા, અકીક તથા મોતી, ચૂનો, સુરમો, ફટકડી વહેનારી ચીજોમાં નથી.

જે ખજાનામાં ઈસ્લામી નિશાનીઓ જોવા મળે તે લુકતાના હુકમમાં છે અને જેમાં કાફિરોની નિશાનીઓ હોય, દા.ત. એમાં મૂર્તિ વગેરેના ફોટા હોય તો એમાંથી ખુમ્સ લેવામાં આવશે, ચાહે પોતાની જમીનમાં મળે કે બીજાની અથવા માલિકી વિનાની જમીનમાં મળે.

**સમજૂતી : ૮૯૦** આ એક લાંબી હદીષનો પ્રારંભિક હિસ્સો છે જેનો કેટલોક ભાગ કિતાબુલ જુમ્આમાં વર્ણન થઈ ચૂક્યો અને પૂરી હદીષ કિતાબુલ હિબામાં આવશે.

| حديث ٨٩١ | حَدَّثَنِیْ اَنَسُ بْنُ مَالِكٍ رَّضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ غَدَوْتُ اِلٰی |
|---|---|

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ આ હદીષ બયાન કરી. હું સવારના સમયે **[હદીષ : ૮૯૧]**

رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِعَبْدِ اللّٰهِ بْنِ اَبِیْ طَلْحَةَ لِيُحَنِّكَهٗ

અબ્દુલ્લાહ ઈબ્ને અબૂ તલ્હાને લઈને રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થયો તો મેં હુઝૂર ﷺ ને એ

فَوَافَيْتُهٗ فِیْ يَدِهِ الْمِيْسَمُ يَسِمُ اِبِلَ الصَّدَقَةِ ع٥

હાલમાં જોયા કે હાથ મુબારકમાં મિસમ (ડામ આપવાની ચીજ) હતું જેના વડે સદકાના ઊંટોને ડામ આપી રહ્યા હતા." (બુખારી ૧/૨૦૪, ઝકાત, મુસ્લિમ–લિબાસ)

**સમજૂતી : ૮૯૧**

નિશાનીના માટે અરબવાસીઓ ઊંટો પર ડામ આપતા હતા અથવા કાનનો થોડોક ભાગ કાપી નાખતા હતા અથવા ફાડી દેતા હતા. કેમ કે કાનને કાપવો તથા ફાડવો મુષ્લહ કરવું છે એટલા માટે ઈસ્લામે એનાથી રોકી દીધા. જરૂરતના માટે ડામ આપવાની ઈજાઝત આપી જેમ કે આ હદીષ વર્ણન થયેલી છે.

بسم الله الرحمن الرحيم

**બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ**

# باب فرض صدقة الفطر

## સદકાએ ફિત્ર વિશે પ્રકરણ

સદકએ ફિત્ર વાજિબ છે. હદીષમાં એના માટે **فرض**નો શબ્દ આવ્યો છે, પણ ખબરે વાહિદથી ફર્ઝિયત સાબિત નથી થતી. તેમજ ફર્ઝનો ફિક્હી અર્થ એ બાદની ઈસ્તેલાહ છે તેનો લુગવી (શાબ્દિક) અર્થ નિશ્ચિત કરવું છે. હદીષમાં એ જ મુરાદ છે.

સદકએ ફિત્ર રોઝાના સંપૂર્ણ થવાના શુક્રાનાના રૂપે છે અને રોઝાઓમાં બશરિયતના તકાઝા હેઠળ જે ઉણપ રહી ગઈ હોય તેનો કફ્ફારો છે. સદકએ ફિત્ર દરેક એવા આઝાદ મુસલમાન પર વાજિબ છે જે માલિકે નિસાબ હોય અને એ નિસાબ કરજ તથા હવાઈજે અસલિયા (જીવન જરૂરી ચીજો)થી ફારિગ હોય એના માટે માલે નામી તથા નિસાબ પર વરસ પૂર્ણ થવું (હૌલાને હૌલ) શર્ત નથી. એના વાજિબ થવાનો સબબ યૌમે ફિત્રની સુબ્હ સાદિક છે, એટલા માટે જે શખ્સ સુબ્હ સાદિક થતા પહેલાં મરી ગયો અથવા ગની હતો અને ફકીર થઈ ગયો તો એના પર વાજિબ નથી. અથવા સુબ્હ સાદિક તુલૂઅ થયા બાદ કાફિર મુસલમાન થઈ ગયો અથવા બાળક પેદા થયું અથવા ફકીર ગની થઈ ગયો તો એના પર વાજિબ નથી. અને જો કોઈ સુબ્હ સાદિક થયા બાદ મૃત્યુ પામ્યો અથવા સુબ્હ સાદિક પહેલાં બાળ જન્મ થયો અથવા કાફિર મુસલમાન થયો અથવા ફકીર ગની થઈ ગયો તો વાજિબ છે.

જેના પર સદકએ ફિત્ર વાજિબ છે તેના પર પોતાના તરફથી આપવુ વાજિબ છે અને પોતાની તે નાબાલિગ તથા મજનૂન ઔલાદના તરફથી પણ જે ખૂદ માલિકે નિસાબ ન હોય. અને જો નાબાલિગ તથા મજનૂન (પાગલ) માલિકે નિસાબ છે તો તેમનો વાલી તેમના માલમાંથી અદા કરશે. બેહતર એ છે કે ઈદના દિવસે સુબ્હ સાદિક તુલૂઅ થયા પછી અને ઈદગાહ જવાથી પહેલાં સદકએ ફિત્ર અદા કરી આપે, અને એના પહેલાં તથા બાદમાં પણ અદા કરી શકે છે. તેના હક્કદારો પણ તે જ છે જે ઝકાતના છે, તેની અદાયગીના માટે પણ તમ્લીકે ફકીર (ફકીરને માલિક બનાવવો) શર્ત છે. જે માલિકે નિસાબ ન હોય તેના પર સદકએ ફિત્ર વાજિબ નથી, પણ જો અદા કરી આપે તો સવાબનો મુસ્તહિક છે. ઈમામ અહમદે પોતાની મુસ્નદ (૨/૨૩૦)માં અને ઈમામ બુખારીએ પોતાની સહીહ (૧/૩૮૪ વસાયા) માં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી. હુઝૂર ﷺએ ફર્માવ્યું, **لا صدقة الاعن ظهر غنىً واليد العليا خير من يد السفلىٰ وابدا بمن تعولُ** "માલદારીના વિના સદકો નથી પ્રથમ એના પર ખર્ચ કર જે તારી પરવરિશમાં છે."

ગિના (ગની હોવાનુ) તથા માલદારીનું માપદંડ શરીઅતે નિસાબને રાખ્યું છે. તદ્ઉપરાંત જે માલિકે નિસાબ ન હોય તેના પર સદકએ ફિત્ર વાજિબ કરવામાં મુશ્કેલી પણ છે.

ت ۲۷۷ [તઅલીક઼ : ૨૭૭] وَرَاٰیَ ابو العَالِیَةِ وَعَطَاءٌ وَّابْنُ سِیْرِیْنَ صَدَقَةَ الفِطْرِ فَرِیْضَةً

"અબુલ આલિયા, અતાઅ્ તથા ઈબ્ને સીરીનની રાય એ છે કે સદક઼એ ફિત્ર ફર્ઝ છે." (બુખારી ૧/૨૦૪)

حدیث ۸۹۲ [હદીષ : ૮૯૨] عَنِ ابْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا قَالَ فَرَضَ رَسُوْلُ اللّٰہِ

'હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ

صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ زَکٰوۃَ الفِطْرِ صَاعًا مِّنْ تَمْرٍ اَوْ صَاعًا مِّنْ شَعِیْرٍ عَلَی الْعَبْدِ

સદક઼એ ફિત્ર એક સાઅ ખજૂર અથવા એક સાઅ જવ નિશ્ચિત કર્યો. ગુલામ તથા આઝાદ

وَالْحُرِّ وَالذَّکَرِ وَالْاُنْثٰی وَالصَّغِیْرِ وَالْکَبِیْرِ مِنَ الْمُسْلِمِیْنَ وَاَمَرَ بِہَا

અને પુરૂષ તથા સ્ત્રી અને નાના તથા મોટા મુસલમાન પર. અને એ હુકમ આપ્યો કે

اَنْ تُؤَدّٰی قَبْلَ خُرُوْجِ النَّاسِ اِلَی الصَّلٰوۃِ ۔

લોકોના નમાઝના માટે જવાથી પહેલાં અદા કરી દેવામાં આવે."

## તઅલીક઼ : ૨૭૭ની સમજૂતી

અબુલ આલિયા અને ઈબ્ને સીરીનના અષરને ઈમામ અબૂબક્ર બિન શયબાએ મૌસૂલન વર્ણન કર્યું છે અને ઈમામ અતાના અષરને ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ે. એ હઝરાતની જો ફર્ઝથી મુરાદ ફિક઼્હી ફર્ઝ છે તો એ સહીહ નથી. ફર્ઝિયતની સાબિતીના માટે ક઼તઈ દલીલ જરૂરી છે અને સદક઼એ ફિત્રની સાબિતી ખબરે આહાદથી છે. એની સાબિતીના માટે કોઈ ક઼તઈ દલીલ સાબિતી નથી. તેમજ એ ત્રણેવ હઝરાત તાબઈનમાંથી છે, તેમના યુગમાં હુકમોની ફર્ઝ, વાજિબ વગેરેની તરફ ન વહેંચણી થઈ હતી અને ન તેમના ઈસ્તેલાહી અર્થો મુક઼ર્રર થયા હતા એટલા માટે એ નિશ્ચિત છે કે એમની મુરાદ **فریضة**થી લુગવી (શાબ્દિક) અર્થ છે, એટલે કે શરીઅત તરફથી નિશ્ચિત કરેલ વઝીફો.

## સમજૂતી : ૮૯૨

**باب صدقة الفطر من التمر** : ના હેઠળ જે રિવાયત છે એના છેવટમાં છે : અબ્દુલ્લાહે (ઈબ્ને ઉમરે) ફર્માવ્યું, ત્યાર બાદ લોકોએ તેના બરાબર બે મુદ ઘઉં કરી આપ્યા.

**علی العبد** : એનાથી મુરાદ એ છે કે ગુલામ અને બાંદીના તરફથી તેમનો માલિક અદા કરે, કેમ કે ગુલામ તથા બાંદી જો કાંઈ કમાય તો પણ તે આક઼ાની મિલ્કત થઈ જાય છે, તેમની મિલ્કત નથી રહેતી, પછી તે ક્યાંથી અદા કરશે. **મુદબ્બર** તથા **ઉમ્મેવલદ**નો સદક઼એ ફિત્ર પણ તેમના માલિક પર વાજિબ છે. અલ્બત્ત આપણા ત્યાં **મુકાતબ**ની તરફથી વાજિબ નથી. એ જ પ્રમાણે વેપાર માટેના ગુલામ અને બાંદીની તરફથી પણ નથી.

**علی الصغیر** : જો નાબાલિગ ખૂદ માલિકે નિસાબ છે તો એનો વલી (વાલી) એના માલ વડે અદા કરે. એ જ પ્રમાણે પાગલની તરફથી પણ. અને જો માલિકે નિસાબ નથી તો એમનો સદક઼એ ફિત્ર તેમના પિતાના માથે છે.

**ان تردّی** : આ અફઝલિયતનું બયાન છે, નહીં તો જલ્દી કરવું કે મોડું કરવું જાઈઝ છે. જેવું કે હમણા આવી રહ્યું છે. એમાં ફાયદો એ છે કે તે ફક઼ીરો જેમની પાસે કાંઈ નથી તેઓ આજે ભૂખ્યાં ન રહે.

حدیث ۸۹۳ عَنْ اَبِیْ سَعِیْدِ الْخُدْرِیِّ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ کُنَّا نُعْطِیْھَا فِیْ

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہએ ફર્માવ્યું, નબી ﷺના જમાનામાં અમે એક **[હદીષ : ૮૯૩]**

زَمَانِ النَّبِیِّ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ صَاعًا مِّنْ طَعَامٍ اَوْ صَاعًا مِّنْ تَمْرٍ اَوْ

સાઅ તઆમ અથવા એક સાઅ ખજૂર અથવા એક સાઅ જવ અથવા એક સાઅ મુનક્કા સદકએ ફિત્ર આપતા

صَاعًا مِّنْ شَعِیْرٍ اَوْ صَاعًا مِّنْ زَبِیْبٍ فَلَمَّا جَاءَ مُعَاوِیَۃُ وَجَاءَتْ

હતા. જ્યારે મુઆવિયાનો જમાનો આવ્યો અને ઘઉં આવ્યા તો તેમણે કહ્યું મારો ખયાલ છે કે આ (ઘઉં) એક મુદ

السَّمْرَاءُ قَالَ اَرٰی مُدًّا مِّنْ ھٰذَا یَعْدِلُ مُدَّیْنِ۔

બે મુદના બરાબર છે." (બુખારી ૧/૨૦૪, ઝકાત, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ–ઝકાત)

**સમજૂતી : ૮૯૩**

હઝરત ઈમામ શાફઈ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે આ હદીષમાં તઆમથી મુરાદ ઘઉં છે. એટલા માટે કે ઉર્ફમાં તઆમ ઘઉંને જ કહે છે. હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہના યુગમાં એ જ ઉર્ફ હતો. પણ હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ રિસાલતના યુગની વાત કરે છે, એ જમાનાનો ઉર્ફ એ હતો કે તઆમ જવ તથા ખજૂરને કહેતા હતા. મુસ્નદે ઈમામ અહમદ (૬/૪૦૦) અને મુસ્લિમ (૨/૨૬ બાબુર્રિબા)માં હઝરત મઅમર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہનો ઈર્શાદ મૌજૂદ છે. ફર્માવે છે : **طعامنا یومئذ الشعیر** "રિસાલતકાળમાં અમારો તઆમ જવ હતો."

તિર્મિઝી (૨/૧૨૮ તફસીર સૂરએ નિસાઅ)માં હઝરત કતાદા બિન નોઅમાન رضی اللہ عنہથી મરવી છે કે તેમણે ફર્માવ્યું, **طعامهم بالمدينة التمر والشعير** "નબવી યુગમાં મદીનાવાસીઓનો તઆમ (ખોરાક) ખજૂર તથા જવ હતો."

તદ્ઉપરાંત ખૂદ એ જ બુખારીમાં એ જ પ્રકરણમાં છે કે ખૂદ હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہએ ફર્માવ્યું, **وكان طعامنا الشعير و الزبيب والاقط والتمر** "અને અમારા તઆમ (ખોરાક) જવ, મુનક્કા, પનીર અને ખજૂર હતાં."

આ રિવાયતે સ્પષ્ટ કરી આપ્યું કે હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہની મુરાદ તઆમથી ઘઉં નથી બલ્કે તઆમ તે ખોરાક છે જે મદીના પાકમાં તે વખતે રિવાજ પામેલ હતો, ઘઉં તે યુગમાં આ મુબારક શહેરમાં ખૂબ જ દુર્લભ હતા.

તેમજ સહીહ ઈબ્ને ખુઝૈમા (ફતાવા રઝવિય્યહ્, ૧/૧૪૪, ૧૪૫)માં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી મરવી છે :–

**لم يكن الصدقة على عهد رسول الله تعالىٰ عليه وسلم الا التمر والزبيب والشعير ولم يكن الحنطه**

"રસૂલુલ્લાહ ﷺના યુગમાં સદકએ ફિત્ર કેવળ ખજૂર, મુનક્કા તથા જવ હતા, ઘઉં ન હતા."

પછી જો આ હદીષમાં ઘઉં મુરાદ લઈશું તો બે સખત વાંધા જેનો જવાબ ન બને તે ખડા થશે. એક એ કે આ હદીષના અંતિમ હિસ્સાથી ટકરાવ લાઝિમ આવશે કે તેમણે ફર્માવ્યું, જ્યારે મુઆવિયહ્નો દૌર આવ્યો અને ઘઉં આવ્યા તો તેમણે એવું કહ્યું કે મારો ખયાલ છે કે આ એક મુદ તેમના બે મુદના બરાબર છે. બીજુ એ કે લાઝિમ થશે કે ઘઉંથી સદકએ ફિત્રની જે માત્રા નબવી યુગમાં રિવાજ પામેલ હતી હઝરત અમીર મઆવિયહ્એ તેને

حدیث ۸۹۴ فَکَانَ ابْنُ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا یُعْطِی التَّمْرَ فَاَعْوَزَ اَھْلُ الْمَدِیْنَةِ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ખજૂર આપતા હતા. એક વરસ મદીનાવાસીઓ ખજૂરથી **[હદીષ : ૮૯૪]**

مِنَ التَّمْرِ فَاَعْطٰی شَعِیْرًا وَکَانَ ابْنُ عُمَرَ یُعْطِیْ عَنِ الصَّغِیْرِ وَالْکَبِیْرِ حَتّٰی اِنْ کَانَ لَیُعْطِیْ

વંચિત થઈ ગયા તો તેમણે જવ આપ્યા, અને હઝરત ઈબ્ને ઉમર દરેક નાના તથા મોટાની તરફથી આપતા

عَنْ بَنِیَّ وَکَانَ ابْنُ عُمَرَ یُعْطِیْھَا الَّذِیْنَ یَقْبَلُوْنَھَا وَکَانُوْا یُعْطُوْنَ قَبْلَ الْفِطْرِ بِیَوْمٍ اَوْ

હતા ત્યાં સુધી કે મારાં બાળકો તરફથી પણ આપતા હતા. અને તેમને જ આપતા હતા જેઓ એને સ્વીકારતા.

یَوْمَیْنِ قَالَ اَبُوْعَبْدِ اللّٰہِ بَنِیَّ یَعْنِیْ بَنِیْ نَافِعٍ قَالَ کَانُوْا یُعْطُوْنَ لِیُجْمَعَ لَا لِلْفُقَرَاءِ

અને ઈદના એક બે દિવસ અગાઉ આપી દેતા હતા. (૯/૧૧૩) અને અબૂ અબ્દુલ્લાહ ઈમામ બુખારીએ

ફર્માવ્યું છે "બનિય્ય"થી મુરાદ નાફેઅનાં બાળકો છે. ઈદથી એક બે દિવસ પહેલાં આપવાનો

મતલબ એ છે કે એકઠા કરી લેતા, એ નહીં કે ફકીરોને આપતા." (બુખારી ૧/૨૦૫)

ઘટાડીને અડધી કરી આપી. અને સિતમ એ કે તમામ સહાબાએ કિરામ એના પર ખામોશ રહ્યા બલ્કે એને અપનાવ્યું. એટલા માટે માનવું પડશે કે હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہની મુરાદ આ હદીષમાં તઆમથી ઘઉં નથી બલ્કે અન્ય કોઈ ચીજ છે જે તે સમયે મદીનાવાસીઓની ખોરાક હતી.

આપણે ત્યાં ઘઉંથી સદકએ ફિત્રની માત્રા અડધો સાઅ છે એટલા માટે કે એના પર સહાબાએ કિરામનો ઈજમાઅ છે જેમ કે મુસ્લિમ(૧/૩૧૮)માં ખૂદ હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہનો ઈર્શાદ એ જ હદીષમાં આ છે : **فاخذ الناس بذالك** "સર્વ લોકોએ એને અપનાવ્યું."

રહી ગયો સઈદ ખુદરી તથા હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماનો એનાથી મતભેદ, તો એક બે સાહબનો મતભેદ ઈજમાઅમાં આડરૂપ નથી. ઉમ્દતુલ કારી (૯/૧૧૩)માં છે કે ચારેવ ખલીફા હઝરાતનો પણ આ જ મઝહબ છે કે ઘઉં અડધો સાઅ છે. તેમના ઉપરાંત મહાન સહાબીઓ દા.ત. હઝરત ઈબ્ને મસ્ઊદ, હઝરત જાબિર, હઝરત અબૂ હુરૈરહ, હઝરત ઈબ્ને ઝુબૈર, હઝરત ઈબ્ને અબ્બાસ رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી પણ એ જ સાબિત છે.

## સમજૂતી : ૮૯૪

બાપ પર પોતાની બાલિગ ઔલાદની તરફથી સદકો આપવો વાજિબ નથી અને ન પૌત્રા તથા પૌત્રીઓની તરફથી વાજિબ છે પરંતુ જો કોઈ આપી દે તો અદા થઈ થશે. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماના આ અમલથી સાબિત થઈ ગયું કે સદકએ ફિત્ર ઈદ પહેલાં અદા કરવો દુરુસ્ત છે. અને એના પર કયાસ કરીને એ પણ દુરુસ્ત છે કે બાદમાં અદા કરવામાં આવે. અને ઈમામ બુખારીની તાવીલ આ પ્રમાણે સહીહ નથી કે સ્પષ્ટ શબ્દ **یعطون** છે. **اعطاء**નો અર્થ છે, કોઈ અન્યને આપવા જમા કરવું, આપવું નહીં.

## وَقَال الزهری فی المملوکین للتجارة یزکی — ت ۲۷۸

"અને ઈમામ ઝુહરીએ વેપારના ગુલામોના બારામાં ફર્માવ્યું, વેપારની પણ **[તઅલીક઼ : ૨૭૮]**

## فی التجارة وَیزکی فی الفطر

ઝકાત આપે અને સદક઼એ ફિત્ર પણ." (બુખારી ૧/૨૦૫, ઝકાત)

## قَالَ اَبُو عَمْرٍو وَّ رَأی عُمَرُ وَعَلیٌّ وَّابْنُ عُمَرَ وَجَابِرٌ وَّعَایشَةُ وَّطَاؤُسٌ — حدیث ۸۹۵

"અબૂ અમ્રએ કહ્યું કે હઝરત ઉમર, હઝરત અલી, હઝરત ઈબ્ને ઉમર, હઝરત જાબિર, હઝરત **[હદીષ : ૮૯૫]**

## وَّابْنُ سِیرِینَ اَنْ یُّزَکّٰی مَالُ الْیَتِیمِ

આઈશા તથા તાઊસ તથા અતા અને ઈબ્ને સીરીન યતીમના માલમાં ઝકાત વાજિબ જાણતા હતા." (ઉપર મુજબ)

## وَقَالَ الزُّهْرِیُّ یُزَکّٰی مَالُ الْمَجْنُوْنِ — **[તઅલીક઼ : ૨૭૯]** ت ۲۷۹

"અને ઈમામ ઝુહરીએ ફર્માવ્યું, પાગલના માલની ઝકાત આપી દેવામાં આવે." (ઉપર મુજબ)

### તઅલીક઼ : ૨૭૮ની સમજૂતી

આ અષરનો મતલબ એ છે કે વેપારના ગુલામ તથા લોંડી પર બે સદક઼ા છે, એક ઝકાત બીજો સદક઼એ ફિત્ર. હનફીઓને ત્યાં કેવળ ઝકાત છે સદક઼એ ફિત્ર વાજિબ નથી. એટલા માટે કે સદક઼એ ફિત્ર માલિકે નિસાબ પર એ લોકોના તરફથી વાજિબ થાય છે જે એના અયાલમાં હોય, અને જાહેર છે કે વેપારના ગુલામ અને કનીઝ એના અયાલ નથી.

### સમજૂતી : તઅલીક઼-૨૭૮, હદીષ-૮૯૫

યતીમ તથા પાગલ જો માલિકે નિસાબ હોય તો એમના વલી પર વાજિબ છે કે તેમના માલ વડે તેમના તરફથી સદક઼એ ફિત્ર અદા કરે. યતીમ જો માલિકે નિસાબ નથી તો તેના વલી પર તેના તરફથી સદક઼એ ફિત્ર આપવો વાજિબ નથી. પાગલ જો માલિકે નિસાબ નથી તો તેના બાપ પર તેના તરફથી પણ સદક઼એ ફિત્ર આપવો વાજિબ છે. یزکیથી મુરાદ અહીં સદક઼એ ફિત્ર છે : ઝકાત મુરાદ નથી. કેમ કે ઝકાત ફર્ઝ થવા માટે બાલિગ, આક઼િલ હોવું શર્ત છે જેમ કે તમામ ફર્ઝો તથા વાજિબોના માટે છે. સદક઼એ ફિત્રના માટે કેમ કે હદીષોમાં સ્પષ્ટતા છે કે આ નાના તથા મોટા સૌના પર છે એટલા માટે એના માટે આક઼િલ, બાલિગ હોવાની શર્ત નથી.

بسم اللہ الرحمٰن الرحیم

**બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ**

# كتابُ المناسك

## કિતાબુલ મનાસિક (હજ્જ વિશે પ્રકરણ)

حدیث [હદીષ : ૮૯૬]

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ كَانَ الْفَضْلُ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે ફઝ્લ રસૂલુલ્લાહ ﷺ ની સાથે સવાર હતા,

رَدِيفَ رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَجَاءَتِ امْرَأَةٌ مِنْ خَثْعَمَ فَجَعَلَ

એવામાં કબીલા ખષઅમની એક સ્ત્રી આવી. ફઝ્લ તેને જોવા લાગ્યા, અને તે ફઝ્લને જોવા લાગી. અને

الْفَضْلُ يَنْظُرُ إِلَيْهَا وَتَنْظُرُ إِلَيْهِ وَجَعَلَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَصْرِفُ وَجْهَ

નબી ﷺ ફઝલના ચહેરાને બીજી બાજુ ફેરવી દેતા હતા. તેણીએ અર્ઝ કરી, અલ્લાહનો તેના બંદાઓ પર

الْفَضْلِ إِلَى الشِّقِّ الْآخَرِ فَقَالَتْ يَا رَسُولَ اللّٰهِ إِنَّ فَرِيضَةَ اللّٰهِ عَلٰى عِبَادِهِ فِي الْحَجِّ أَدْرَكَتْ

હજ્જનો ફરીઝો એવા સમયમાં આવ્યો કે મારા પિતા ઘણા વૃદ્ધ છે, સવારી પર બેસી નથી શક્તા, શું હું

أَبِي شَيْخًا كَبِيرًا لَا يَثْبُتُ عَلَى الرَّاحِلَةِ أَفَأَحُجُّ عَنْهُ قَالَ نَعَمْ وَذٰلِكَ فِي حَجَّةِ الْوَدَاعِ

તેમના તરફથી હજ્જ કરી લઉં ? ફર્માવ્યું, કરી શકો છો, અને આ હજ્જતુલ વિદાઅમાં થયું હતું."

(બુખારી ૧/૨૦૫ મનાસિક, ૨/૬૩૧, મગ઼ાઝી, ૨/૯૨૦, અલ ઈસ્તીઝાન,
મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ફિલ હજ્જ, ઈબ્ને માજહ–મનાસિક)

**સમજૂતી : ૮૯૬**

કિતાબુલ મનાસિક ઉસૈલીની રિવાયત છે. બીજી રિવાયતોમાં કિતાબુલ હજ્જ છે. એને જ અલ્લામા અયનીએ લીધુ છે. મનાસિક એ મન્સિકનું બહુવચન છે. એ મસ્દરે મીમી પણ છે અને ઝરફે મકાનો ઝમાન પણ મુતઅબ્બદના અર્થમાં. એનાથી મુરાદ હજ્જમાં અદા કરવામાં આવતાં સર્વ કામો છે મન્સિક મઝબહ્‌ના અર્થમાં પણ આવે છે એનાથી નસીકહ ઝબીહાના અર્થમાં છે. તેમજ નુસુકનો વાસ્તવિક અર્થ તાઅત તથા ઈબાદત અને એ કામનો છે

જે અલ્લાહ ﷻની નિકટતા માટે કરવામાં આવે. તેમજ દરેક તે કામ જેને કરવાનો શરીઅતે હુકમ આપ્યો હોય. તેની સરખામણીમાં વરઅ છે. જેનો અર્થ છે દરેક તે ચીજથી બચવું જેને શરીઅતે મના કરી હોય. નાસિક આબિદના અર્થમાં પણ આવે છે તેમજ નસીકહનો અર્થ પીગળાવીને (ઓગાળીને) સાફ કરેલી ચાંદી છે. હજજનો શાબ્દિક અર્થ નિશ્ચય, ઈરાદો કરવો છે, અને શરઈ અર્થ એ છે કે બયતુલ્લાહ શરીફની તા'ઝીમના માટે ખાસ કાર્યો સાથે તેની તા'ઝીમનો ઈરાદો કરવો. તેનો સબબ કા'બા શરીફ છે અને સમય નવ ઝીલ હજ્જથી લઈને બાર ઝીલ હજ્જ શરીફ સુધી છે. તેનો ઉચ્ચાર હજ્જ "હા"ના ઝબર અને હિજ્જ "હા"ના ઝેર સાથે બંને રીતે છે. ઉર્ફે આમ ઝબરની સાથે છે. સહીહ કૌલના આધારે હજ્જ નવ હિજરીમાં ફર્ઝ થઈ. આમ તો કૌલ એ છે કે હિજરત પહેલાં જ ફર્ઝ થઈ ચૂકી હતી, હિ.સ. ૫, ૬, ૭, ૮, ૧૦. ઈમામ કુર્તબીએ પ્રથમ કૌલને સહીહ કહ્યો છે.

યોગ્ય તો એ હતું કે હજ્જથી પહેલાં રોઝાનું વર્ણન કરી આપતા, જેમ કે હદીષ **بنی الاسلام خمس**માં છે પણ લગભગ ઈમામ બુખારીએ એ લહાઝ કરીને કે હજ્જ જો શારીરિક ઈબાદત પણ છે પણ ઝકાતની સાથે માલી ઈબાદત હોવા તથા નફસ પર ભારે હોવામાં શરીક છે એટલા માટે હજ્જને રોઝાથી અલગ કરી. રોઝા નફસ પર ભારે છે પણ એટલા નહીં જેટલી ઝકાત તથા હજ્જ છે.

**પરિપૂર્ણતા** : "યવમે નહર" એટલે દસમી ઝીલ હજ્જે હજ્જતુલ વિદાઅના પ્રસંગે મુઝદલ્ફાથી પરત થવામાં હુઝૂરે અક્દસ ﷺએ ફઝ્લ બિન અબ્બાસને પોતાની પાછળ સવારી પર બેસાડી લીધા. રસ્તામાં એક જગાએ રોકાઈ ગયા જેથી કોઈને કાંઈ પૂછવુ હોય તો પૂછી લે. ફઝ્લ ખૂબ સૂરત હતા. એટલામાં કબીલા ખષ્અમની એક સ્ત્રી પૂછવા માટે હાજર થયાં તે પણ ખૂબસૂરત હતાં. ફઝ્લ તેમને જોવા લાગ્યા. અને તે ફઝ્લને જોવા લાગ્યાં. તેમનો હુસ્ન તેમને ગમી ગયો. હુઝૂરે અક્દસ ﷺએ ચહેરો મુબારક ફેરવીને જોયું, કે ફઝ્લ એ ખાતૂનને જોઈ રહ્યા છે  તો હુઝૂરે પોતાનો હાથ મુબારક પાછળ વધારીને ફઝ્લને હડપચી પકડીને તેમનો ચહેરો મુબારક ફેરવી દીધો કે એને જુએ નહીં. હઝરત ઈબ્ને અબ્બાસ તે વખતે મૌજૂદ ન હતા. તેમને તો રાતમાં જ હુઝૂરે મિના મોકલી આપ્યા હતા. હઝરત ફઝ્લ બિન અબ્બાસથી સાંભળીને તે આ હદીષ વર્ણન કરી રહ્યા છે એટલા માટે આ હદીષ હઝરત ફઝ્લની થઈ.

**પ્રકરણથી સામ્યતા** : આ હદીષ પર પ્રકરણનું હેડિંગ છે : "હજ્જનું વાજિબ હોવું અને તેની ફઝીલત" આ હદીષમાં હજ્જની કોઈ ફઝીલત વર્ણન થઈ નથી અલ્બત્ત હજ્જનું વાજિબ હોવું સાબિત છે. અને દરેક વાજિબ પર સવાબનો વાયદો છે. જેથી હેઠળમાં ફઝીલત પણ સાબિત થઈ ગઈ. પ્રથમ ભાગથી સ્પષ્ટપણે બીજા ભાગથી હેઠળમાં રહી સામ્યતા થઈ.

**મસાઈલ** : આ હદીષથી નીચે મુજબના મસાઈલ સાબિત થયા : હજ્જમાં સ્ત્રી પોતાનું મોં ખોલેલું રાખશે. સ્ત્રીના ચહેરાને ઈરાદાપૂર્વક જોવો મના છે. જે આઝાદ મુસલમાન સફર ખર્ચ પર શક્તિમાન છે પણ બીમારીના કારણે અથવા કમજોરીના લીધે સફર કરવા સમર્થ નથી, દા.ત. લકવાવાળો, અપંગ, નાબીના, એટલો વૃદ્ધ કે સવારી પર બેસી નથી શકતો એના પર હજ્જ ફર્ઝ છે, જાતે નથી જઈ શકતો તો તેને માટે ફર્ઝ છે કે પોતાના તરફથી હજ્જ કરવા માટે કોઈને મોકલે અને મરતી વખતે એની વસિયત કરી જાય. આ સાહિબૈનનો મઝહબ છે એને પણ ઘણા ઈમામોએ અપનાવ્યો. દા.ત. ઈમામ ઈસ્બી જાબી, ઈમામ ઈબ્ને હુમામ વગેરે. ઈમામ કાઝીખાને એને સહીહ કહ્યું. *(રદ્દુલ મુહ્તાર, ૨/૧૪૩)*

જો કે મુફતાબિહ ઈમામનો કૌલ છે કે એટલી તંદુરસ્તી તથા શક્તિ કે સફર કરી શકે એ વાજિબ હોવાની

(વુજૂબની) શર્તોમાંથી છે. અને એવા બીમાર તથા કમજોર પર હજ્જ ફર્ઝ નથી જે સફર ન કરી શકે. અને આયતે કરીમા مَنِ اسۡتَطَاعَ اِلَيۡهِ سَبِيۡلًا થી એ જ જાહેર છે. અને આ હદીષમાં તે સ્ત્રીને તેના વૃદ્ધ પિતા તરફથી હજ્જની ઈજાઝત વાજિબના રૂપે નથી પણ તતવ્વુઅ (નફલ)ના રૂપે છે.

આ હદીષથી સાબિત થયું કે જો કોઈ મઅઝૂર (લાચાર) હોય તો બીજો તેના તરફથી હજ્જ કરી શકે છે, એ જ આપણો તથા ઈમામ શાફઈનો મઝહબ છે. હઝરત ઈમામ માલિક તથા ઈમામ લયષ વગેરેએ ફર્માવ્યું કે, સહીહ નથી. ઈમામ માલિકનો મશહૂર મઝહબ આ જ છે. બીજો કૌલ એમનો એ છે કે પુત્ર પિતા તરફથી કરી શકે છે, બીજાને જાઈઝ નથી. ત્રીજો એ કે જો મૃત્યુ પામ્યો અને વસિયત કરીને ગયો તો સહીહ છે. આપણે ત્યાં મુત્લક઼ન (બેકૈદ) જાઈઝ છે, જીવતો હોય કે મરી ગયો હોય, વસિયત કરી ગયો હોય કે ન કરી ગયો હોય, ત્યાં સુધી કે તંદુરસ્ત હતો અને હજ્જ નથી કરી શક્યો અને વસિયત વિના મરી ગયો તો પણ દુરુસ્ત છે. આ હદીષથી સાબિત થયું કે **"હજ્જે બદલ"માં એ જરૂરી નથી કે જે હજ્જે બદલ કરી રહ્યો હોય તે પહેલાં હજ્જ કરી ચૂક્યો હોય,** કેમ કે હુઝૂર ﷺએ એ ખષ્અમિય્યહ ખાતૂનને એવું નથી પૂછયું કે તારો હજ્જ કરી ચૂકી છે કે નહીં. જો હજ્જે બદલ કરનારા માટે એ જરૂરી હોત કે તે હજ્જ કરી ચૂક્યો હોય તો હુઝૂરે અક઼દસ ﷺ પ્રથમ તેમને પૂછતા પછી ઈજાઝત આપતા કે ન આપતા.

**હું કહું છું :** એમાં કલામ (ચર્ચા બાકી) છે, કેમ કે આ બનાવ મુઝદલ્ફાથી મિના આવતા દરમ્યાન રસ્તામાં ઉપસ્થિતિ થયો હતો. એ દલીલ છે કે એ ખાતૂન તે વખતે હજ્જ કરવા હાજર થયાં હતાં. શક્ય છે કે હુઝૂરે અક઼દસ ﷺએ એના કારણે પૂછયુ ન હોય. આ તો આ હદીષથી દલીલ કરવા પર ચર્ચા હતી, **હુક્મ એ જ છે કે હજ્જે બદલ કરવાવાળા માટે એ જરૂરી નથી કે પોતે હજ્જ કરી ચૂક્યો હોય.** એની દલીલ તે હદીષ છે જે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે નબી ﷺને પૂછવામાં આવ્યું કે જેણે ખૂદ પોતાનો હજ્જ ન કર્યો હોય શું તે બીજાની તરફથી હજ્જ કરી શકે છે ? તો ફર્માવ્યું, અલ્લાહનું ક઼ર્ઝ અધિક લાયક છે કે તેને અદા કરવામાં આવે. *(ઉમ્દતુલ ક઼ારી, ૯/૧૨૭)*

અલ્બત્ત **જેના પર હજ્જ ફર્ઝ થઈ ચૂકી હોય અને હજી સુધી ન કરી હોય તેને હજ્જે બદલ માટે મોકલવો મકરૂહ છે.** આમિરના માટે મકરૂહે તન્ઝીહી અને મામૂરના માટે મકરૂહે તહરીમી. (રદ્દુલ મુહતાર–૨૪૧) અને હદીષ لا ضرورة فی الاسلام નો એક મતલબ આ પણ છે. ઈમામ શાફઈ رضی اللہ عنہ ફર્માવે છે કે જેણે ખૂદ પોતાનો હજ્જ ન કર્યો હોય તેણે હજ્જે બદલ કરવો દુરસ્ત નથી, ચાહે તેના પર હજ્જ ફર્ઝ હોય કે ન હોય કેમ કે જ્યારે એ હરમની હદોમાં દાખલ થશે તો મક્કીના હુકમમાં થઈ જશે, જો તેનામાં એટલી શક્તિ છે કે અરફાત જઈ શકે છે તો એના પર ખૂદ પોતાના તરફથી હજ્જ ફર્ઝ થશે. એનો જવાબ એ છે કે એને જે શક્તિ હાંસલ થઈ એ બીજાના માલના કારણે મળી એટલા માટે એના પર લાઝિમ છે કે એના તરફથી જ હજ્જ કરે. હજ્જ તાત્કાલિક વાજિબ છે અને મોડુ કરવું ગુનોહ છે. એ જ સહીહ છે. ત્યાં સુધી કે શક્તિ છતાં કેટલાયે વર્ષો મોડુ કરશે તે ફાસિક઼ મરદૂદુશ્શહાદત થઈ જશે. *(દુર્રે મુખ્તાર–૧૪૦)*

**ફઝ્લ બિન અબ્બાસ** رضی اللہ عنہما **:** આપ હુઝૂરના કાકા હઝરત અબ્બાસ رضی اللہ عنہ ના સૌથી મોટા સાહબઝાદા હતા. એ હઝરત અબ્દુલ્લાહના સગા ભાઈ હતા. તેમનાં વાલિદા ઉમ્મે ફઝ્લ લુબાલતુલ કુબ્રા رضی اللہ عنہا છે. આપ જંગે યરમૂકમાં શહીદ થયા અથવા અમવાસના પ્લેગમાં હિ.સ. ૮માં વિસાલ પામ્યા.

حدیث ۸۹۷ اَنَّ ابْنَ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا قَالَ رَاَیْتُ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺ ને ઝુલ હલીફામાં પોતાની **[હદીષ : ૮૯૭]**

عَلَیْہِ وَسَلَّمَ یَرْکَبُ رَاحِلَتَہٗ بِذِی الْحُلَیْفَۃِ ثُمَّ یُہِلُّ حِیْنَ تَسْتَوِیْ بِہٖ قَائِمَۃً

સવારી પર સવાર થતાં જોયા. જ્યારે ઊંટણી હુઝૂરને લઈને સીધી ઊભી થઈ ગઈ તો તલબિયા પઢી."

(બુખારી ૧/૨૦૫, મનાસિક)

حدیث ۸۹۸ عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰہِ الْاَنْصَارِیِّ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اَنَّ اِہْلَالَ رَسُوْلِ

"હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ **[હદીષ : ૮૯૮]**

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ مِنْ ذِی الْحُلَیْفَۃِ حِیْنَ اسْتَوَتْ بِہٖ رَاحِلَتُہٗ

ઝુલ હલીફાથી તલબિયા કહેતા, જ્યારે સવારી હુઝૂરને લઈને સીધી ઊભી થઈ જતી." (બુખારી ૧/૨૦૫, મનાસિક)

حدیث ۸۹۹ عَنْ عَائِشَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہَا اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ بَعَثَ

"હઝરત આઈશા رضی اللہ عنہا થી મરવી છે કે નબી ﷺ એ તેમની સાથે તેમના ભાઈ **[હદીષ : ૮૯૯]**

مَعَہَا اَخَاہَا عَبْدَ الرَّحْمٰنِ فَاَعْمَرَہَا مِنَ التَّنْعِیْمِ وَحَمَلَہَا عَلٰی قَتَبٍ

અબ્દુર્રહમાનને મોકલ્યા તો તેમણે ઉમ્મુલ મો'મિનીનને તન્ઈમથી ઉમરો કરાવ્યો અને તેમને એક

નાના કાઠલા પર સવાર કરાવ્યાં." (બુખારી ૧/૨૦૫, હજ્જ)

**સમજૂતી : ૮૯૭ અને ૮૯૮** આ બંનેવ હદીષોથી એ સાબિત થાય છે કે "મુહરિમ" (એહરામધારી) જો સવારીથી સફર કરી રહ્યો છે તો જ્યારે સવારી સીધી ઊભી થઈ જાય તો તલબિયા શરૂ કરે. એ જ ઈમામ માલિક તથા મોટા ભાગના ફક઼ીહોનો મઝહબ છે. અને જો પગપાળા છે તો જ્યારે ચાલવાનુ શરૂ કરે તો તલબિયા કહે. ઈમામ શાફઈ ફર્માવે છે કે જ્યારે સવારી ચાલવાનુ શરૂ કરે ત્યારે તલબિયા કહે. એ જ પ્રમાણે પગપાળા ચાલનાર પણ જ્યારે ચાલવાનુ શરૂ કરે. પણ આપણે ત્યાં એ છે કે એહરામની નમાઝથી ફારિગ થતાં જ તલબિયા કહે. સંપૂર્ણ ચર્ચા આગળ આવી રહી છે.

**સમજૂતી : ૮૯૯**

ઈમામ અમ્ર બિન દીનાર અને અમુક અન્ય હઝરાતે ફર્માવ્યું કે મક્કાવાસીઓ અને જે લોકો મક્કામાં હોય ભલે ટેમ્પરરી રૂપે તેમના ઉમરાની મીક઼ાત તન્ઈમ જ છે, ક્યાંક બીજેથી એહરામ બાંધશે તો ઉમરો સહીહ નહીં થાય. પણ જમહૂર ફક઼ીહો ત્યાં સુધી કે ચારેવ મુજતહિદ ઈમામોનો મઝહબ એ છે કે જે લોકો મક્કામાં હોય તેમની મીક઼ાત "હિ઼લ" છે તેઓ હરમથી બહાર ક્યાંયથી પણ એહરામ બાંધી શકે છે ચાહે તન્ઈમ હોય ચાહે (જીઈર્રાના) "જઅરાના" અથવા અન્ય કોઈ જગા, ખાસ તન્ઈમ જ નિશ્ચિત નથી. હઝરત ઉમ્મુલ મો'મિનીનને હુઝૂરે અક઼દસ ﷺ એ ખાસ તન્ઈમથી જ ઉમરા કરવાનો હુકમ આપ્યો ન હતો. કેમ કે આ જ સૌથી નિકટની જગા હતી એટલા માટે આસાની ખાતર ત્યાંથી ઉમરો કરી લીધો. આ હદીષથી સાબિત થયું કે સવારી પર હજ્જ કરવી જાઈઝ છે બલ્કે ઘણા ઉલમાએ ફર્માવ્યું કે એ જ અફઝલ છે.

ت ٢٨٠ وَقَالَ عُمَرُ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ شُدُّوا الرِّحَالَ فِی الْحَجِّ فَاِنَّہٗ اَحَدُ الْجِہَادَیْنِ

"અને હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું, હજ્જમાં કાઠલો કસો એટલા માટે કે [તઅલીક઼ : ૨૮૦]

તે બે જેહાદોમાંથી એક છે." (ઉપર મુજબ)

حدیث ٩٠٠ عَنْ ثُمَامَۃَ بْنِ عَبْدِ اللّٰہِ بْنِ اَنَسٍ قَالَ حَجَّ اَنَسٌ عَلٰی رَحْلٍ وَّلَمْ یَکُنْ شَحِیْحًا

"ષુમામા બિન અબ્દુલ્લાહ બિન અનસે કહ્યું કે હઝરત અનસ رضی اللہ عنہ એ કાઠલા પર [હદીષ : ૯૦૦]

وَحَدَّثَ اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ حَجَّ عَلٰی رَحْلٍ وَّ کَانَتْ زَامِلَتَہٗ

હજ્જ કરી અને એ કંજૂસ ન હતા, અને હદીષ વર્ણન કરી કે નબી صلی اللہ علیہ وسلم એ કાઠલા પર હજ્જ

કર્યો અને એમાં જ સામાન તથા સફરની સામગ્રી (ઝાદેરાહ) પણ હતી." (બુખારી ૧/૨૦૫, મનાસિક)

حدیث ٩٠١ عَنْ عَائِشَۃَ اُمِّ الْمُؤْمِنِیْنَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہَا اَنَّہَا قَالَتْ یَا رَسُوْلَ اللّٰہِ نَرَی

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم અમે [હદીષ : ૯૦૧]

الْجِہَادَ اَفْضَلَ الْعَمَلِ اَفَلَا نُجَاہِدُ قَالَ لَا لٰکِنَّ اَفْضَلَ الْجِہَادِ حَجٌّ مَّبْرُوْرٌ

જેહાદને શ્રેષ્ઠ અમલ જાણીએ છીએ, શું અમે જેહાદ ન કરીએ ? ફર્માવ્યું, તમારા માટે શ્રેષ્ઠ જેહાદ મબરૂર હજ્જ છે."

(બુખારી ૧/૨૦૬, બાબો ફઝલિલ્ હજ્જિલ્ મબરૂર, ૧/૩૯૦, જેહાદ, મુસ્લિમ–અમારત, નિસાઈ–હજ્જ, જેહાદ)

**તઅલીક઼ : ૨૮૦ની સમજૂતી** "આ તઅલીક઼ને ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ તથા ઈમામ સઈદ બિન મન્સૂરે મુત્તસિલ સનદ સાથે રિવાયત કરે છે."

**સમજૂતી : ૯૦૦** رحل (કાઠલો) એ ઊંટના માટે એ જ પ્રમાણે છે જેમ ઘોડા માટે ઝીન. زاملہ તે ઊંટ જેના પર સામાન લાદવામાં આવે. દર્શાવવા એ માગે છે કે હજ્જ વાજિબ થવા માટે આલીશાન આરામદાયક સવારી શર્ત નથી, બલ્કે મામૂલી સવારી પૂરતી છે. તેમજ હજ્જ ઈબાદત છે તેની અદાયગીમાં શાનો શૌકતનું તથા પ્રતિષ્ઠા તથા શોભાનું પ્રદર્શન ન હોવું જોઈએ. ઊંટની સવારીમાં આરામદાયક શાનદાર બેઠક હોય છે જેને ન તો હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم એ ઉપયોગમાં લીધું ન આમ સહાબાએ, હદીષના વર્ણનથી એ દર્શાવવા ચાહે છે કે હઝરત અનસ رضی اللہ عنہ બેઠક પર સફર કરી શકતા હતા પણ તેમણે મામૂલી કાઠલા પર સફર કરી. આ હુઝૂર صلی اللہ علیہ وسلم ની જેમ કરવા માટે કર્યું, કંજૂસાઈને કારણે નહીં.

**સમજૂતી : ૯૦૧** સંબોધન હઝરત ઉમ્મુલ મો'મિનીનથી છે. એનાથી શંકા થાય છે કે અજવાઝે મુતહ્હરાત સાથે ખાસ છે, પણ એવું નથી. એ સર્વ સ્ત્રીઓ માટે છે. અફ઼ઝલુલ જેહાદથી જાહેર છે કે ઔરતોને પણ જેહાદની ઈજાઝત છે. એનું સમર્થન એના વડે થાય છે કે ખૂદ આ જ ઉમ્મુલ મો'મિનીન ગઝવએ ઓહદમાં શરીક થયાં હતાં. હઝરત ઉમ્મે અતિય્યહ્ સતત શરીક થતાં હતાં. મતલબ એ જ છે કે તમારા માટે જેહાદથી બેહતર એ જ છે કે હજ્જ કરો. એ મતલબ નથી કે સ્ત્રીઓએ જેહાદ કરવો જાઈઝ નથી. એવું કઈ રીતે કહી શકાય છે જ્યારે કે આમ ભીડભાડના (ઘમસાણની લડાઈના) વખતે સ્ત્રીઓ પર પણ ફર્ઝ છે કે તેણીઓ ઘોડાઓથી નીકળીને દુશ્મનનો સામનો કરે.

حدیث ۹۰۲ سَمِعْتُ اَبَا حَازِم قَالَ سَمِعْتُ اَبَا هُرَيْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું, મેં નબી صلی اللہ علیہ وسلم થી સાંભળ્યું કે ફર્માવ્યું, **[હદીષ : ૯૦૨]**

سَمِعْتُ النَّبِیَّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ مَنْ حَجَّ لِلّٰهِ فَلَمْ يَرْفُثْ وَلَمْ يَفْسُقْ رَجَعَ

જેણે અલ્લાહના માટે હજ્જ કરી અને ફહશ (બિભત્સતા) તથા ગુનાહ ન કર્યા, તે એવી રીતે પરત થશે જાણે

كَيَوْمٍ وَّلَدَتْهُ اُمُّهٗ

આજે જ તેની માએ તેને જન્મ આપ્યો છે."

(બુખારી ૧/૨૦૬ મનાસિક, ૧/૨૪૫, અબવાબુલ ઉમરા, મુસ્લિમ, તિર્મિઝી, નિસાઈ–હજ્જ, ઈબ્ને માજહ–મનાસિક, દારમી–મનાસિક, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૨૪૫)

حدیث ۹۰۳ حَدَّثَنِیْ زَيْدُ بْنُ جُبَيْرٍ اَنَّهٗ اَتٰی عَبْدَ اللّٰهِ بْنَ عُمَرَ فِیْ مَنْزِلِهٖ وَلَهٗ

"ઝયદ બિન જુબેર, હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما ની ખિદમતમાં તેમની **[હદીષ : ૯૦૩]**

فُسْطَاطٌ وَّسُرَادِقٌ فَسَاَلْتُهٗ مِنْ اَيْنَ يَجُوْزُ اَنْ اَعْتَمِرَ قَالَ فَرَضَهَا رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ

ક઼યામગાહ પર હાજર થયા. તેમના માટે તંબૂ લગાડાયો હતો અને કપડાના પર્દા તાણ્યા હતા. તે કહે છે કે મેં

تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ لِاَهْلِ نَجْدٍ قَرْنًا وَلِاَهْلِ الْمَدِيْنَةِ ذَا الْحُلَيْفَةِ وَلِاَهْلِ الشَّامِ الْجُحْفَةَ

તેમને પૂછ્યું, હું ક્યાંથી ઉમરાનો એહરામ બાંધું ? તો તેમણે ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ એહરામના માટે

નજ્દવાળાઓના માટે ક઼ર્ન અને મદીનાવાળાઓ માટે ઝુલહલયફા અને શામવાળાઓ માટે જુહફા નિશ્ચિત

કરેલ છે." (બુખારી, ૧/૨૦૬ મનાસિક)

## સમજૂતી : ૯૦૨

رَفَثَ - نَصَرَ يَنْصُرُ અને ضَرَبَ يَضْرِبُ બંનેવથી આવે છે પહેલો અફસહ છે જિમાઅ (સંભોગ) તથા છેડછાડમાં સપડાવું. فِسق و فُسُوق અલ્લાહ عزوجل તથા રસૂલ صلی اللہ علیہ وسلم ની નાફર્માની કરવી, દરેક ગુનાહ. હજ્જે મબરૂરની નિશાની એ છે કે હજ્જ દરમ્યાન હાજી કોઈની સાથે લડાઈ ઝઘડો ન કરે અને ન કોઈને ગાળ આપે અને ન કોઈ ગુનાહમાં પડે અને ન પોતાની પત્નીથી સેક્સની વાત કરે.

## સમજૂતી : ૯૦૩

આ હદીષથી સાબિત થયું કે આફાક઼ી (બહાર દેશથી આવનારા) માટે એ જાઈઝ નથી કે મીક઼ાતથી એહરામ બાંધ્યા વિના આગળ વધે. જો મીક઼ાતથી એહરામ ન બાંધ્યો અને આગળ વધી ગયો તો તેના પર વાજિબ છે કે ફરી મીક઼ાત પર પાછો આવે અને ત્યાંથી એહરામ બાંધે અને તલબિયા કરે, નહીં તો તેના પર દમ વાજિબ થશે.

حديث ۹۰۴ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ كَانَ اَهْلُ الْيَمَنِ يَحُجُّوْنَ وَلَا

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે યમનવાળાઓ હજ્જ કરતા અને **[હદીષ : ૯૦૪]**

يَتَزَوَّدُوْنَ وَيَقُوْلُوْنَ نَحْنُ الْمُتَوَكِّلُوْنَ فَاِذَا قَدِمُوْا مَكَّةَ سَاَلُوا النَّاسَ فَاَنْزَلَ اللّٰهُ عَزَّ

સફરની સામગ્રી સાથે ન રાખતા અને કહેતા કે અમે મુતવક્કિલ લોકો છીએ. અને જ્યારે મક્કા આવતા તો

وَجَلَّ وَتَزَوَّدُوْا فَاِنَّ خَيْرَ الزَّادِ التَّقْوٰى

લોકોથી માગતા ફરતા. એના પર અલ્લાહ ﷻ એ આયત નાઝિલ ફર્માવી, "અને તોશો (ભાથુ) સાથે રાખો

અને સારો તોશો પરહેઝગારી છે." (ઉપર મુજબ, અબૂ દાઊદ–હજ્જ, નિસાઈ–સિયર)

حديث ۹۰۵ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ اِنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે નબી ﷺ એ મદીનાવાળાઓના **[હદીષ : ૯૦૫]**

وَسَلَّمَ وَقَّتَ لِاَهْلِ الْمَدِيْنَةِ ذَا الْحُلَيْفَةِ وَلِاَهْلِ الشَّامِ الْجُحْفَةَ وَلِاَهْلِ نَجْدٍ قَرْنَ الْمَنَازِلِ

માટે ઝુલહુલયફા તથા શામવાળાઓ માટે જુહફા તથા નજદવાળાઓ માટે કર્નલ મનાઝિલ તથા યમનવાળાઓ

وَلِاَهْلِ الْيَمَنِ يَلَمْلَمَ هُنَّ لَهُنَّ وَلِمَنْ اَتٰى عَلَيْهِنَّ مِنْ غَيْرِهِنَّ مِمَّنْ اَرَادَ الْحَجَّ

માટે યલમલમ મીક઼ાત નિશ્ચિત કરી છે. આ મીક઼ાત એ લોકો માટે પણ છે અને અન્ય લોકો જેઓ ત્યાંથી

**સમજૂતી : ૯૦૪** આ હદીષથી માલૂમ થયું કે તવક્કુલ એ નથી કે માણસ હાથ પગ તોડીને બેસી રહે અને શક્તિ તથા સબબો ઉપલબ્ધ હોવા છતાં કાંઈ ન કરે અને જરૂરત પડતાં લોકોથી સવાલ કરે. બલ્કે એ તક઼વાથી પણ વિમુખ છે. તવક્કુલ એ છે કે પોતાની શક્તિ અનુસાર સબબો વડે કામ લે પણ પોતાની કોશિશ અને સબબો પર ભરોસો ન કરે, ભરોસો કેવળ અલ્લાહ ﷻ પર કરે.

એટલે કે પ્રથમવાળી રિવાયત **ورقاء عن عمرو بن دينار عن عكرمه** છે, તેમણે તેને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો ક઼ૌલ બતાવ્યો છે. પણ આ જ હદીષને સુફયાન બિન ઉયયનાએ તે જ અમ્ર બિન દીનારથી રિવાયત કરી છે અને તેને ઈક઼રમાનો ક઼ૌલ કહ્યો છે. ઈમામ સઈદ બિન મન્સૂર અને તબરી અને ઈબ્ને અબી હાતિમે પણ ઈબ્ને ઉયયનાથી એ જ પ્રમાણે રિવાયત કરી છે. પણ નિસાઈમાં એ જ ઈબ્ને ઉયયનાથી ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો ક઼ૌલ મરવી છે. ઈબ્ને અબી હાતિમે કહ્યું કે સહીહ એ છે કે એ ઈક઼રમાનો જ ક઼ૌલ છે.

**સમજૂતી : ૯૦૫–૯૦૬–૯૦૭**

આ ત્રણેવ હદીષોથી નીચે પ્રમાણે ફાયદા હાંસલ થયા. મક્કા મોઅઝ્ઝમા હાજરીના માટે આવનારાઓ માટે દરેક બાજુ ચોતરફથી મીક઼ાત છે. મદીનાવાળાઓ માટે ઝુલ હુલયફા છે. એ મદીના તય્યબહથી છ માઈલના અંતરે મક્કા મોઅઝ્ઝમાના રસ્તા પર દક્ષિણ બાજુ છે એને અબ્યારે અલી પણ કહે છે. અહીં બે મસ્જિદો છે જ્યાં હુઝૂરે અક઼દસ ﷺ એ નમાઝ પઢી છે. એક મોટી જ્યાં હજ્જતુલ વિદાઅના વખતે પઢી હતી જ્યાંથી આજે પણ હાજીઓ હજ્જ તથા ઉમરાનો એહરામ બાંધે છે. બીજી નાની મુઅર્રસમાં જ્યાં પરત થતી વેળા હુઝૂરે

وَالْعُمْرَةَ وَمَنْ كَانَ دُوْنَ ذَالِكَ فَمِنْ حَيْثُ اَنْشَاَ حَتّٰى اَهْلُ مَكَّةَ مِنْ مَّكَّةَ ، ع

પસાર થાય તેમના માટે પણ, જે પણ હજ્જ તથા ઉમરાનો ઈરાદો કરે. અને જે એમનાથી મક્કાની તરફ નજીક હોય તો જ્યાંથી ચાલે ત્યાંથી એહરામ બાંધે, ત્યાં સુધી કે મક્કાવાળા મક્કાથી. આ હદીષને સુફયાન ઈબ્ને ઉયયનાએ અમ્ર બિન દીનાર અન અકરમા મુરસલન્ રિવાયત કરી.''

(બુખારી ૧/૨૦૬, ૨૦૭, મનાસિક, મુસ્લિમ, નિસાઈ, હજ્જ)

حديث ٩٠٦ عَنْ سَالِمِ بْنِ عَبْدِ اللّٰهِ عَنْ اَبِيْهِ قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ

''સાલિમે પોતાના પિતા હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરી. [હદીષ : ૯૦૬]

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ مُهَلُّ اَهْلِ الْمَدِيْنَةِ ذُوالْحُلَيْفَةِ وَمُهَلُّ اَهْلِ الشَّامِ مَهْيَعَةُ

તેમણે ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી સાંભળ્યું, ફર્માવતા હતા, મદીનાવાળાઓની એહરામ બાંધવાની જગા

وَهِيَ الْجُحْفَةُ وَاَهْلِ نَجْدٍ قَرْنٌ قَالَ ابْنُ عُمَرَ زَعَمُوْا اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

ઝુલ હુલયફા છે, અને શામવાળાઓની મહ્યઅહ એટલે જુહફા અને નજદવાળાઓની ક઼રન. ઈબ્ને ઉમરે કહ્યું,

وَسَلَّمَ قَالَ وَلَمْ اَسْمَعْهُ وَمُهَلُّ اَهْلِ الْيَمَنِ يَلَمْلَمُ ، ع

લોકોએ ગુમાન કર્યું કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, અને મેં નથી સાંભળ્યું કે યમનવાળાઓની યલમલમ છે.''

(બુખારી ૧/૨૦૭ મનાસિક, ૧/૨૫ અલ્ઈલ્મુ બાબુઝ્ ઝિક્રિલ્ ઈલ્મ, ૨/૧૦૯૧ અલ્એઅ્તિસામ)

અક઼દસ صلی اللہ علیہ وسلم એ નમાઝ પઢી હતી. અને રોકાણ કર્યું હતું.

શામવાળાઓની મીક઼ાત જુહફા છે જેનું નામ મહયઅહ પણ છે અને એ જ મિસ્રીઓ તથા પશ્ચિમના દેશોમાંથી આવનારાઓની મીક઼ાત છે. યમનવાળાઓની મીક઼ાત યલમલમ છે એ એક પહાડ છે જે મક્કા મોઅઝ્ઝમાથી ત્રણ માઈલ દક્ષિણ દિશામાં છે. નજદવાળાઓ માટે ક઼ર્નુલ મનાઝિલ છે. એ તાઈફ તથા અરફાતની વચ્ચે છે. અને ઈરાક઼વાસીઓ માટે ઝાતુલઈર્ક઼ છે, એ એક નાનો પહાડ છે જે મક્કાથી બે દિવસ અને કાંઈક અંતર પર છે.

બીજા શહેરવાળા જે મીક઼ાત પાસેથી પસાર થાય એ જ એમની મીક઼ાત છે. અને જો કોઈનો રસ્તો બે મીક઼ાતોની વચ્ચે હોય તો નજીકવાળા મીક઼ાતની સમાંતરે (મુહાઝાત) એની મીક઼ાત છે. જેમ કે હિંદુસ્તાની હાજી જિદ્દા થઈને મક્કા મુઅઝ્ઝમા જાય છે જે જુહફા તથા યલમલમની વચ્ચે છે. યલમલમ જિદ્દાથી નજીક છે અને જુહફા દૂર છે જેથી હિંદુસ્તાનીઓના માટે મીક઼ાત યલમલમની સમાંતરે છે. મુહાજાતનો મતલબ એ નથી કે જ્યારે વહાણ સમુદ્રમાં યલમલમની સીધમાં પહોંચી જાય તો મીક઼ાત આવી ગઈ, કેમ કે મક્કા મોઅઝ્ઝમા યલમલમથી ઉત્તર બાજુ છે અને સમુદ્ર દક્ષિણ બાજુ છે. બલ્કે મુરાદ એ છે કે જ્યારે વહાણ જિદ્દા જતાં મક્કા મુઅઝ્ઝમાની દિશામાં યલમલમની સમાંતરે પહોંચી જાય તો એ મીક઼ાત છે. દા.ત. અલ્લામા બદરુદ્દીન મહમૂદ અયનીએ લખ્યું છે કે યલમલમ મક્કાથી ત્રીસ માઈલના અંતરે છે જે લગભગ ૫૦ કિ.મિ. છે તો જ્યારે વહાણ એ જગાએ પહોંચી જાય જ્યાંથી મક્કા મુઅઝ્ઝમાનું અંતર ૫૦ કિ.મિ. રહી જાય તો એ હિંદવાળાઓની મીક઼ાત છે. અને જે લોકો મીક઼ાત અને હરમની વચ્ચે રહે છે તેમની મીક઼ાત હિલની કોઈપણ જગા છે, તેમના પર વાજિબ છે કે હરમમાં

حدیث ۹۰۷ عَنْ عَبْدِ اللهِ بْنِ عُمَرَ رَضِیَ اللهُ تَعَالٰی عَنْهُمَا قَالَ لَمَّا فُتِحَ هٰذَانِ الْمِصْرَانِ

''હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું, જ્યારે એ બંનેવ શહેર [હદીષ : ૯૦૭]

اَتَوْا عُمَرَ فَقَالُوْا یَا اَمِیْرَ الْمُؤْمِنِیْنَ اِنَّ رَسُوْلَ اللهِ صَلَّی اللهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ حَدَّ لِاَهْلِ

ફતહ થઈ ગયાં તો ત્યાંના રહેવાસીઓ ઉમરની પાસે આવ્યા, અને અર્ઝ કરી, હે અમીરુલ મો'મિનીન !

نَجْدٍ قَرْنًا وَّهُوَ جَوْرٌ عَنْ طَرِیْقِنَا وَاِنَّا اِنْ اَرَدْنَا قَرْنًا شَقَّ عَلَیْنَا قَالَ فَانْظُرُوْا

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ નજ્દવાળાઓ માટે ક઼રન મીક઼ાત નિશ્ચિત કરી અને તે અમારા રસ્તેથી હટેલુ છે. જો અમે

حَذْوَهَا مِنْ طَرِیْقِکُمْ فَحَدَّ لَهُمْ ذَاتَ عِرْقٍ

ક઼રન જઈએ તો અમારા માટે અઘરુ છે. ઈર્શાદ ફર્માવ્યો, તમારા રસ્તામાં જે જગા એના બરાબર હોય

બતાવો. જેથી હઝરત ઉમરે તેમના માટે ઝાતે ઈર્ક઼ને નિશ્ચિત કર્યું.'' (બુખારી ૧/૨૦૭ મનાસિક)

પ્રવેશતાં પહેલાં એહરામ બાંધી લે. અને **જે લોકો હરમની હદમાં છે તેમની મીક઼ાત હજ્જના માટે હરમ છે,** અને **ઉમરાના માટે હિલની કોઈપણ જગા છે** અને **અફઝલ જગા તન્ઈમ** છે. હદીષમાં તો એવું છે કે **حتی اهل مکة من مکة** ''ત્યાં સુધી કે મક્કાવાળા મક્કાથી એહરામ બાંધે.'' એનાથી જાહેરી રીતે એવું જણાય છે કે ઉમ્રાના માટે પણ એહરામ મક્કાવાળા મક્કાથી જ બાંધે, પણ એ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદીક઼ાવાળી رضی اللہ عنہا હદીષથી સાબિત છે કે મક્કાવાળા મક્કાને બદલે તન્ઈમથી ઉમરાનો એહરામ બાંધે અથવા કોઈ અન્ય જગાએથી જે હરમની હદોથી બહાર હોય. એના પર એકમતિ છે કે મીક઼ાતથી પહેલાં એહરામ બાંધી લેવો સહીહ છે અને આપણે ત્યાં એ જ અફઝલ પણ છે. અને એ જ ઈમામ શાફઈ رضی اللہ عنہ નો મઝહબ છે. કેમ કે હઝરત ઈબ્ને અબ્બાસ, ઈબ્ને મસ્ઊદ, ઈબ્ને ઉમર رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَ થી એ મરવી છે. ઈમામ માલિક, ઈમામ અહમદ વગેરે મીક઼ાતથી એહરામ અફઝલ કહે છે કેમ કે હઝરત ઉમર તથા હઝરત ઉષ્માન رضی اللہ عنہما એ લોકોને એનાથી મના કર્યું કે ઘરેથી એહરામ બાંધીને આવે. આપણે ત્યાં આ મનાઈ એના પર આધારિત છે કે એહરામની શરતોની પાબંદી થોડી મુશ્કેલ છે. સફરમાં તે પણ આ જમાનામાં નિભાવવી ઘણી મુશ્કેલ છે.

ઈરાકવાળાઓના માટે ઝાતેઈર્ક઼ ખૂદ હુઝૂર صلی اللہ علیہ وسلم એ મીક઼ાત નિશ્ચિત કરી છે. અલ્લામા અયની (ઉમ્દતુલક઼ારી ૯/૧૪૨)એ વિવિધ હદીષોથી એને સાબિત કર્યું છે અને અહીં જે વર્ણન થઈ છે એનો મહમલ એ છે કે હઝરત ઉમર رضی اللہ عنہ ને એ હદીષ પહોંચી ન હતી એટલા માટે ઈજતેહાદ કર્યો અને તેમનો એ ઈજતેહાદ હુઝૂર صلی اللہ علیہ وسلم ના ઈર્શાદ પ્રમાણે થયો. હઝરત ઉમર رضی اللہ عنہ નો આ પ્રથમ કમાલ નથી બીજા ભાગમાં કુર્આન મજીદની સાથે ૨૦ તેમનાં મળતાપણાને વર્ણન કરવામાં આવેલાં છે.

**શંકા તથા જવાબ** : અહીં **مصران**થી મુરાદ કૂફા તથા બસરા છે. કૂફા તથા બસરા હુઝૂર صلی اللہ علیہ وسلم ના મુબારક યુગમાં મૌજૂદ ન હતાં. કૂફા હિ.સ. ૧૭માં હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہ ના હુકમથી ફાતેહે ઈરાન હઝરત સઅદ બિન વક્ક઼ાસ رضی اللہ عنہ એ વસાવ્યું હતું. અને બસરા હિ.સ. ૧૪માં હઝરત ઉત્બા બિન ગઝવાન رضی اللہ عنہ એ વસાવ્યું. પછી એવું કહેવું કઈ રીતે દુરુસ્ત છે કે જ્યારે એ બંનેવ શહેર ફતહ થયાં !

એનો જવાબ અલ્લામા અયનીએ એ આપ્યો કે એ શહેરોના ફતહ થવાથી મુરાદ એ જમીનોનું ફતહ થવું છે

حدیث ۹۰۸ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ

"હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ **[હદીષ : ૯૦૮]**

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ اَنَاخَ بِالْبَطْحَاءِ بِذِی الْحُلَیْفَةِ فَصَلّٰی بِهَا وَکَانَ عَبْدُ اللّٰهِ بْنُ عُمَرَ

ઝુલ હુલયફાના રણોમાં ઊંટણી બેસાડી અને ત્યાં નમાઝ પઢી અને હઝરત અબ્દુલ્લાહ

یَفْعَلُ ذٰلِكَ. عـه

ઈબ્ને ઉમર પણ એવું જ કરે છે." (બુખારી ૧/૨૦૭ મનાસિક, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ–હજ્જ)

حدیث ۹۰۹ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ (મદીનાથી) **[હદીષ : ૯૦૯]**

જેના પર એ આબાદ છે. અને હુઝૂર ﷺ ને ખબર હતી કે આ સૌ ઈલાકા મારી ઉમ્મત ફતહ કરશે. જેમ કે ઈર્શાદ છે : **زويت لی الارض فرأيت مشارقها و مغاربها سيبلغ ملك امتی ما زويت لی** "જમીન મારા માટે સમેટી દેવામાં આવી તો મેં એના સર્વ પૂર્વ તથા સર્વ પશ્ચિમને જોયાં અને ઘણા જ જલ્દીમાં મારી ઉમ્મતની માલિકી ત્યાં સુધી પહોંચશે જેટલી મારા માટે સમેટવામાં આવી છે. *(મુસ્લિમ શરીફ, ૨/૩૯૦, ફિતન, અબૂ દાઊદ–૨૨૮, તિર્મિઝી ૨/૪૦, ઈબ્ને માજહ–૨૯૨, સૌમાં ફિતન, મુસ્નદે ઈમામ અહમદ, ૪/૧૨૩, ૫/૨૭૮, ૨૮૪)*

જેમ કે એ સમય સુધી શામ પણ ફતહ થયું ન હતું, પણ તેની પણ મીક઼ાત નિશ્ચિત કરી આપી.

**هنّ لهن** : અલ્લામા કુર્તબીએ ફર્માવ્યું, **هنّ** "જમા મુઅન્નષ ગાઈબની ઝમીર છે જે ઝવિલ ઉકૂલના માટે આવે છે. પણ ક્યારેક ગૈર ઝવિલ ઉકૂલમાં પણ વપરાય છે. અને એ દસ અને એનાથી ઓછાના માટે વપરાય છે. દસથી વધારેના માટે "હા" (**ها**) આવે છે જેમ કે ઈર્શાદ છે :

**اِنَّ عِدَّةَ الشُّهُوْرِ عند الله اثْنَا عشَرَ شَهراً منها اَرْبَعَةٌ حُرُم، فَلَا تَظْلِمُوْا فِیْهِنَّ اَنْفُسَكُمْ** "બેશક ! મહિનાઓની ગણત્રી અલ્લાહની નજીક બાર છે, એમાંથી ચાર હરામ છે, એમાં (લડીને) પોતાની જાનો પર જુલ્મ ન કરો."

**منها** ની **ها**નો મરજઅ અશ્શુહૂર છે જે બાર છે અને **فيهن**નો મરજઅ **اربعة** છે જે દસથી કમ છે. એ પણ ગૈર ઝવિલ ઉકૂલ છે. એના પ્રમાણે **هن** તથા **لهن**નો મરજઅ પ્રથમ વર્ણન થયેલ શહેરો ઝુલ હુલયફા, જુહફા વગેરે છે. જો કે ગૈર ઝવિલ ઉકૂલ છે. **لهن**થી મુરાદ એ વસ્તીઓના રહેવાસીઓ છે. એના પ્રમાણેની એક રિવાયત **لهم** પણ છે.

**સમજૂતી : ૯૦૮** મદીના તય્યબહથી પરત થતાં અહીં રાત્રે ક઼યામ ફર્માવ્યો એને મુઅર્રસ કહે છે. અહીં પણ મસ્જિદ બનેલી છે. અને આ નફલ નમાઝ હતી.

**સમજૂતી : ૯૦૯** આ હદીષનો મતલબ એ છે કે હુઝૂરે અક઼દસ ﷺ જ્યારે મદીના તયબહથી મક્કા મોઅઝ્ઝમા જતા તો ઝુલ હુલયફામાં જ્યાં ઝાડ છે ત્યાં ક઼યામ (રોકાણ) કરતા અને નમાઝ પઢતા પછી આગળ વધતા અને પરત થતા તો એનાથી નીચે નાળાના પેટમાં ઉતરતા અને ત્યાં રાત ગુજારતા અને સવારે મદીના તયબહ પરત થતા. બંને જગાએ મસ્જિદો બનેલી છે. પહેલી જગાએથી આજે પણ સામાન્યતઃ હાજીઓ એહરામ બાંધે છે. બીજી જગાને મુઅર્રસ કહે છે એ તઅરીસનું ઈસ્મે ઝરફ છે. તઅરીસનો અર્થ રાતના પાછલા હિસ્સામાં ઉતરવું પડાવ કરવો. અને આ એ જગાનું નામ છે.

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ کَانَ یَخْرُجُ مِنْ طَرِیْقِ الشَّجَرَۃِ وَیَدْخُلُ مِنْ طَرِیْقِ الْمُعَرَّسِ وَ

શજરાના રસ્તેથી બહાર તશરીફ લઈ જતા અને મુઅર્રસના રસ્તેથી મદીના આવતા. અને રસૂલુલ્લાહ ﷺ

اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ کَانَ اِذَا خَرَجَ اِلٰی مَکَّۃَ یُصَلِّیْ فِیْ مَسْجِدِ

જ્યારે મક્કા જતા તો મસ્જિદે શજરામાં નમાઝ પઢતા હતા અને જ્યારે પાછા ફરતા તો ઝુલ હુલયફામાં

الشَّجَرَۃِ وَاِذَا رَجَعَ صَلّٰی بِذِی الْحُلَیْفَۃِ بِبَطْنِ الْوَادِیْ وَبَاتَ حَتّٰی یُصْبِحَ ؏

નાળાની વચ્ચે નમાઝ પઢતા હતા, ત્યાં રાતભર રહેતા ત્યાં સુધી કે સવાર કરતા."

حدیث ۹۱۰ حَدَّثَنِیْ عِکْرَمَۃُ اَنَّہٗ سَمِعَ ابْنَ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا اَنَّہٗ

**[હદીષ : ૯૧૦]** "ઈકરમાએ આ હદીષ બયાન કરી કે તેમણે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી સાંભળ્યું

سَمِعَ عُمَرَ یَقُوْلُ سَمِعْتُ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ بِوَادِی الْعَقِیْقِ یَقُوْلُ اَتَانِیْ

તેમણે કહ્યું કે હઝરત ઉમર رضی اللہ عنہ થી સાંભળ્યું તે ફર્માવતા હતા કે મેં નબી ﷺને વાદીયે અકીકમાં એવું

اللَّیْلَۃَ اٰتٍ مِّنْ رَّبِّیْ فَقَالَ صَلِّ فِیْ ہٰذَا الْوَادِی الْمُبَارَکِ وَقُلْ عُمْرَۃٌ فِیْ حَجَّۃٍ ؏

ફર્માવતાં સાંભળ્યા, આજે રાત્રે મારા પરવરદિગારના તરફથી એક આવનાર મારી પાસે આવ્યો અને કહ્યું,

આ વાદીમાં નમાઝ પઢો અને કહો ઉમરો હજ્જમાં છે."

(બુખારી ૧/૨૦૭, મનાસિક, ૧/૩૧૪ અલ્ મુઝારઅહ્, ૨/૧૦૯૧ અલ્ એઅ્તિસામ, અબૂ દાઊદ–હજ્જ, ઈબ્ને માજહ–મનાસિક)

حدیث ۹۱۱ حَدَّثَنَا سَالِمُ بْنُ عَبْدِ اللّٰہِ عَنْ اَبِیْہِ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ

**[હદીષ : ૯૧૧]** "હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ નબી ﷺથી રિવાયત કરી કે હુઝૂર જ્યારે

**સમજૂતી : ૯૧૦** આ આવનારા જિબ્રઈલે અમીન હતા, જેમ કે બયહકીની રિવાયતમાં છે. નમાઝથી મુરાદ એહરામની નમાઝ છે. عمرۃ فی حجۃٍનો મતલબ એ છે કે ઉમરો હજ્જની સાથે છે **فی** મઅના અર્થમાં છે. એ દલીલ છે કે હુઝૂરે અકદસ ﷺએ "કિરાન" કર્યો હતો. વાદીએ અકીક એ મેદાનનું નામ છે જેમાં ઝુલ હુલયફા પણ છે. એટલા માટે કે એના પર એકમતિ છે કે હજ્જતુલ વિદાઅના મોકા પર હુઝૂરે અકદસ ﷺએ ઝુલ હલયફામાં રાત પસાર કરી હતી. અને અહીંથી એહરામ બાંધ્યો હતો. તો જો વાદીયે અકીક ઝુલ હુલયફાના સિવાય અન્ય કોઈ મેદાન હોય તો ટકરાવ ઉભો થાય છે. વાત એ છે કે "અકીક"એ મોટા મેદાનને કહે છે જે પૂરના પાણીથી આપોઆપ બની જાય. ઝુલ હુલય જ્યાં છે તે એ યુગમાં એ પ્રકારનું મેદાન હતું જેને મદીનાવાળાઓ વાદીયે અકીક કહેતા હતા.

**સમજૂતી : ૯૧૧** اُرِیَ એટલે ખ્વાબમાં દેખાડવામાં આવ્યું. **بینهم و بین الطریق** અલ્લામા અયનીએ ફર્માવ્યું કે **بینهم**ની ઝમીરનો મરજઅ **معرسین** છે. એટલે કયામ (રોકાણ)ના માટે ઉતરનાર. મતલબ એ છે કે

وَسَلَّمَ أَنَّهُ أُرِيَ وَهُوَ فِي مُعَرَّسٍ بِذِي الْحُلَيْفَةِ بِبَطْنِ الْوَادِي قِيلَ لَهُ إِنَّكَ بِبَطْحَاءَ

ઝુલ હુલયફાની નજીક બતનેવાદીમાં મુઅર્રસમાં હતા તો દેખાડવામાં આવ્યું, કહેવામાં આવ્યું કે આપ

مُبَارَكَةٍ وَقَدْ أَنَاخَ بِنَا سَالِمٌ يَتَوَخَّى الْمُنَاخَ الَّذِي كَانَ عَبْدُ اللَّهِ يُنِيخُ يَتَحَرَّى مُعَرَّسَ

બરકતવાળા રણમાં છો. અમારી સાથે સાલિમે તલાશ કરીને તે જગાએ ઊંટ બેસાડયું જ્યાં એમના વાલિદ

رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ أَسْفَلُ مِنَ الْمَسْجِدِ الَّذِي بِبَطْنِ

અબ્દુલ્લાહ રસૂલુલ્લાહ ﷺના પડાવને શોધીને ઊંટ બેસાડતા હતા. અને એ જગા વાદીમાં જે મસ્જિદ છે

الْوَادِي بَيْنَهُمْ وَبَيْنَ الطَّرِيقِ وَسَطٌ مِنْ ذَلِكَ ـ ع ـه

એનાથી નીચે છે, ઉતરનારાઓ અને રસ્તાના દરમ્યાન વચ્ચો વચ્ચ."

(બુખારી ૧/૨૦૮, મનાસિક, ૧/૩૧૪ મુઝારઅહ્, ૨/૧૦૯૧, અલ્ એઅ્તિસામ, મુસ્લિમ, નિસાઈ–હજ્જ)

حديث ٩١٢ أَنَّ صَفْوَانَ بْنَ يَعْلَى أَخْبَرَهُ أَنَّ يَعْلَى قَالَ لِعُمَرَ أَرِنِي النَّبِيَّ صَلَّى اللَّهُ

"સફવાન બિન યઅલાએ ખબર આપી કે યઅલાએ હઝરત ઉમરને કહ્યું, જ્યારે નબી ﷺ **[હદીષ : ૯૧૨]**

تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ حِينَ يُوحَى إِلَيْهِ قَالَ فَبَيْنَمَا النَّبِيُّ صَلَّى اللَّهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ بِالْجِعْرَانَةِ

પર વહી આવે તો મને દેખાડશો. તેમણે કહ્યું કે નબી ﷺ જિઅરાનામાં હાજર હતા અને હુઝૂરની સાથે

وَمَعَهُ نَفَرٌ مِنْ أَصْحَابِهِ جَاءَهُ رَجُلٌ فَقَالَ يَا رَسُولَ اللَّهِ كَيْفَ تَرَى فِي رَجُلٍ أَحْرَمَ

સહાબા હતા. એવામાં એક શખ્સ આવ્યો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ એના બારામાં શું મંતવ્ય છે

જ્યાં સામાન્યતઃ લોકો હવે રોકાણ કરે છે તે જગા અને રસ્તાની વચમાં તે જગા છે જ્યાં સાલિમ અને તેમના પિતા કયામ (રોકાણ) કરતા હતા. એમના બયાનના પ્રમાણે આ તે જ જગા છે જ્યાં હુઝૂરે અક્દસ ﷺએ મદીના પરત થતાં રાત પસાર કરી હતી. કેમ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماને એનો શોખ હતો કે ખાસ તે જ જગાએ જ્યાં હુઝૂરે અક્દસ ﷺએ કયામ કર્યો છે તેને મેહફૂઝ રાખે એટલા માટે તેમણે એના પર ખાસ ધ્યાન આપ્યું અને યાદ રાખ્યું. કેવળ એ જ જગાએ નહીં પૂરા સફરમાં એવી સર્વ ખાસ જગાઓને તેમણે ખાસ ધ્યાન આપીને યાદ રાખી અને જીવનભર તે જગાઓને તલાશ કરીને ત્યાં રોકણ કરતા રહ્યા. જેમ ભાગ–૨માં પેજ ૪૫૯થી ૪૬૦ પર વિગતવાર વર્ણન થઈ ચૂક્યું છે.

## સમજૂતી : ૯૧૨

**جعرانہ (જિઈર્રાના)** : એ તાઈફ અને મક્કા મોઅઝ્ઝમાની વચ્ચે મક્કાની નજીક એક સ્થળ છે જ્યાં હિ.સ. ૮માં ગઝવએ હુનૈનના ગનીમતના માલોની વહેંચણી થઈ હતી. અને અહીંથી ઉમરાનો એહરામ બાંધ્યો હતો. આ "હિલ"માં છે. અહીંથી ૩૦૦ અંબિયાએ કિરામે ઉમરો કર્યો છે. બિહમ્દિહી તબારક વ તઆલા મુસલમાનોમાં એ રિવાજ છે કે આ મુતબર્રક સ્થળેથી પણ ઉમરા કરે છે અને એને **મોટો ઉમરો** કહે છે.

وَمَعَهُ نَفَرٌ مِّنْ اَصْحَابِهٖ جَاءَهُ رَجُلٌ فَقَالَ يَارَسُوْلَ اللّٰهِ كَيْفَ تَرٰى فِىْ رَجُلٍ اَحْرَمَ

જેણે ઉમરાનો એહરામ બાંધ્યો હોય અને તે ખૂશ્બુમાં લથપથ હોય. એ સવાલ પર નબી ﷺ થોડીવાર

بِعُمْرَةٍ وَّهُوَ مُتَضَمِّخٌ بِطِيْبٍ فَسَكَتَ النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ سَاعَةً فَجَاءَهُ الْوَحْىُ

ખામોશ રહ્યા, એટલામાં હુઝૂર પર વહી આવવા લાગી. હઝરત ઉમરે યઅલાને ઈશારો કર્યો તો યઅલા આવ્યા

فَاَشَارَ عُمَرُ اِلٰى يَعْلٰى فَجَاءَ يَعْلٰى وَعَلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ثَوْبٌ قَدْ اُظِلَّ

અને રસૂલુલ્લાહ ﷺ પર કપડુ તાણેલુ હતું જેનાથી સાયો કરવામાં આવ્યો હતો. યઅલાએ પોતાનુ માથુ

بِهٖ فَاَدْخَلَ رَاْسَهُ فَاِذَا رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مُحْمَرُّ الْوَجْهِ وَهُوَ يَغِطُّ

કપડાની અંદર કર્યું તો જોયું કે રસૂલુલ્લાહ ﷺનો ચહેરો મુબારક લાલ થઈ ગયો છે અને ખર્રાટા જેવો અવાજ

ثُمَّ سُرِّىَ عَنْهُ فَقَالَ اَيْنَ الَّذِىْ سَاَلَ عَنِ الْعُمْرَةِ فَاُتِىَ بِرَجُلٍ فَقَالَ اغْسِلِ

નીકળી રહ્યો છે. થોડીવાર પછી એ કૈફિયત દૂર થઈ તો ફર્માવ્યું, જેણે ઉમરાના બારામાં સવાલ કર્યો હતો, ક્યાં

الطِّيْبَ الَّذِىْ بِكَ ثَلٰثَ مَرَّاتٍ وَّانْزِعْ عَنْكَ الْجُبَّةَ وَاصْنَعْ فِىْ عُمْرَتِكَ كَمَا تَصْنَعُ

છે ? હવે તે શખ્સને લાવવામાં આવ્યો, તો ફર્માવ્યું, તારા શરીર અથવા કપડાં પર ખૂશ્બુ છે તેને ત્રણવાર ધોઈ

فِىْ حَجَّتِكَ فَقُلْتُ لِعَطَاءٍ اَرَادَ الْاِنْقَاءَ حِيْنَ اَمَرَهُ اَنْ يَّغْسِلَ ثَلٰثَ مَرَّاتٍ فَقَالَ نَعَمْ

નાખ અને જબ્બો ઉતારી નાખ, અને ઉમરામાં તે કર જે હજ્જમાં કરે છે. (ઈબ્ને જરીહે) અતાથી પૂછ્યું કે

ત્રણવાર ધોવાથી ખૂબ સારી રીતે સાફ કરવું જ મુરાદ છે ને ? ફર્માવ્યું, હા !"

(બુખારી ૧/૨૦૮, ૧/૨૪૧ અબ્વાબુલ ઉમરા, ૨/૭૪૫ ફઝાઈલુલ્ કુર્આન, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ–હજ્જ)

**واصنع فى عمرتك** : એનો જાહેરી મતલબ એ છે કે હજ્જમાં જે રીતે તવાફ અને તવાફ બાદ નમાઝ અને સઈ છે, અને જે દુઆઓ એ મોકા પર પઢવામાં આવે છે એ જ પ્રમાણે ઉમરામાં પણ છે. પણ આમાં કોઈ નવો વધારો નથી એ તો આખુ અરબ જાણતુ હતું. આ પ્રસંગને અનુરૂપ મતલબ એ છે કે જેવી રીતે હજ્જના એહરામમાં ખૂશ્બુ લગાડવી અને સીવડાવેલું કપડુ પહેરવું મના છે, જેવું કે ઈસ્લામ પહેલાં આખુ અરબ કરતુ હતું, એ જ પ્રમાણે ઉમરાના એહરામમાં પણ આ ચીજો મના છે. કેમ કે અરબવાસીઓ જાહિલિયતના જમાનામાં ઉમરામાં ખૂશ્બુ લગાડવા અને સીવડાવેલાં કપડાં પહેરવાને મના જાણતા ન હતા. એના પર દલીલ મુસ્લિમ (૧/૩૭૩ હજ્જ)ની તે રિવાયત છે જે સૂફયાન અન અમ્ર બિન દીનારના તરીક઼ાથી મરવી છે. જેમાં એ છે કે હુઝૂરે અક઼દસ ﷺએ તે શખ્સને પૂછ્યું, હજ્જમાં શું કરતા હતા ? તો તેણે અર્ઝ કરી, તે કપડાંઓને ઉતારી નાખતો હતો અને ખૂશ્બુ ધોઈ નાખતો હતો. તો નબી ﷺએ ફર્માવ્યું, જે હજ્જમાં કરતા હતા ઉમરામાં પણ કરો.

| ت ۲۸۱ | وَقَالَ ابْنُ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يَشُمُّ الْمُحْرِمُ الرَّيْحَانَ وَ |
|---|---|

"અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, મુહરિમ ખૂશ્બુદાર ફૂલ સૂંઘી શકે છે **[તઅલીક઼ : ૨૮૧]**

يَنْظُرُ فِي الْمِرْآةِ وَيَتَدَاوٰى بِمَا يَاكُلُ الزَّيْتَ وَالسَّمْنَ ۔

*અને આઈનો જોઈ શકે છે અને જે તેલ દા.ત. ઝયતૂનનું તેલ અને ઘી ખાય છે તેનાથી ઈલાજ કરી શકે છે."*

*(બુખારી ૧/૨૦૮ મનાસિક)*

| ت ۲۸۲ | وَقَالَ عَطَاءٌ يَتَخَتَّمُ وَيَلْبَسُ الْهِمْيَانَ ۔ |
|---|---|

*"અને ઈમામ અતાએ ફર્માવ્યું, મુહરિમ અંગૂઠી પહેરે અને હમીયાન* **[તઅલીક઼ : ૨૮૨]**

*(રૂપિયા રાખવાની થેલી) બાંધે." (બુખારી ૧/૨૦૮ મનાસિક)*

| ت ۲۸۳ | وَطَافَ ابْنُ عُمَرَ وَهُوَ مُحْرِمٌ وَقَدْ حَزَمَ عَلٰى بَطْنِهٖ بِثَوْبٍ ۔ |
|---|---|

*"અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ એહરામની હાલતમાં પોતાના પેટ પર કપડુ* **[તઅલીક઼ : ૨૮૩]**

*બાંધીને તવાફ કર્યો." (બુખારી ૧/૨૦૮ મનાસિક)*

**તઅલીક઼ : ૨૮૧ની સમજૂતી** મુહરિમ ખૂશ્બુદાર ફૂલ સૂંઘી શકે છે. એટલા હિસ્સાને ઈમામ બયહક઼ી તથા ઈમામ દારકુત્નીએ મૌસૂલન્ રિવાયત કરી છે. આ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો પોતાનો ફત્વો છે એનાથી ઉલ્ટુ હઝરત ઈબ્ને ઉમર, હઝરત જાબિર رضوان اللہ تعالیٰ علیہم اجمعین નો ફત્વો એ છે કે મના છે. એ જ હનફીઓનો મઝહબ છે કે મકરૂહ છે. મુહરિમ આઈનો જોઈ શકે છે એને ઈમામ નવવી رضی اللہ عنہ એ પોતાની જામેઅમાં મુત્તસિલ સનદ સાથે રિવાયત કર્યુ. અને ઈલાજવાળા હિસ્સાને ઈમામ ઈબ્ને અબી શયબાએ રિવાયત કર્યો.

જે રોગન કે તેલમાં ખૂશ્બુ ન હોય તેને એહરામની હાલતમાં દવા રૂપે વાપરી શકાય છે, આંત્રિક રૂપે પણ અને બાહ્ય રૂપે પણ.

**તઅલીક઼ : ૨૮૨ની સમજૂતી** આ તઅલીક઼ના પ્રથમ ભાગને ઈમામ અબૂબક્ર ઈબ્ને અબી શયબાએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કર્યો છે અને બીજા ભાગને ઈમામ દારકુત્નીએ. એના પર એકમતિ છે કે એહરામની હાલતમાં વિંટી (અંગૂઠી) પહેરવી અને પૈસાની થેલી કમર પર બાંધવી જાઈઝ છે.

**તઅલીક઼ : ૨૮૩ની સમજૂતી** આ તઅલીક઼ને હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہ એ મૌસૂલન રિવાયત કરી. નાફેઅથી એક રિવાયત આ પ્રમાણે છે કે હઝરત ઈબ્ને ઉમરે કપડુ બાંધ્યુ ન હતું બલ્કે તેને તેહબંદની નીચે ખોસી આપ્યું હતું. ઈમામ અબૂબક્ર ઈબ્ને અબી શયબાએ અતા અને તાઉસથી રિવાયત કરી છે કે તેમણે હઝરત ઈબ્ને ઉમરને જોયા કે પોતાની કમર અમામાથી બાંધેલ છે. એમાં જ છે કે ઈબ્ને ઉલૈયાએ મુસ્લિમ બિન જુન્દુબથી રિવાયત કરી છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું કે એહરામની હાલતમાં પોતાના ઉપર કપડુ ન બાંધ. અને હાકિમે હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત કરી, હુઝૂરે અક઼દસ ﷺ તથા સહાબાએ પગપાળા હજ્જ કરી અને હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો કે પોતાની કમરો પર તેહબંદ બાંધી લો અને એ રીતે ચાલો કે દોડવાથી ઓછુ હોય. આ સૌ રિવાયતોની રોશનીમાં અહકામ (હુકમો)એ સ્પષ્ટ થયા. એમાં કાંઈ વાંધો નથી કે ચાદરના કિનારા

ت ٢٨٤ وَلَمْ تَرَ عَائِشَةُ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا بِالتَّبَّانِ بَأْسًا قَالَ اَبُوْ عَبْدِ اللّٰهِ تَعْنِيْ

''અને ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا જાંગીયુ પહેરવામાં કાંઈ વાંધો [તઅલીક઼ : ૨૮૪]

لِلَّذِيْنَ يَرْحَلُوْنَ هَوْدَجَهَا، عـــه

જાણતા ન હતાં. અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ કહ્યું, એટલે તે લોકો માટે જેઓ તેમની

બેઠકને કસતા હતા.'' (બુખારી ૧/૨૦૮ મનાસિક)

حدیث ٩١٣ عَنْ سَعِيْدِ بْنِ جُبَيْرٍ قَالَ كَانَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا

''સઈદ બિન જુબૈર (શહીદ)એ ફર્માવ્યું, હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ઝયતૂનનું તેલ [હદીષ : ૯૧૩]

يَدَّهِنُ بِالزَّيْتِ فَذَكَرْتُهُ لِاِبْرَاهِيْمَ فَقَالَ مَا تَصْنَعُ بِقَوْلِهٖ حَدَّثَنِيْ الْاَسْوَدُ

લગાડતા હતા. મેં ઈબ્રાહીમ નઈખથી એનો ઉલ્લેખ કર્યો તો ફર્માવ્યું, એમની વાતને શું કરીશ ! મને અસ્વદે

عَنْ عَائِشَةَ قَالَتْ كَاَنِّيْ اَنْظُرُ اِلٰى وَبِيْصِ الطِّيْبِ فِيْ مَفَارِقِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ

ઉમ્મુલ મો'મિનન હઝરત આઈશાથી આ હદીષ બયાન કરી છે, તે ફર્માવે છે, હું મુશ્ક઼ની ચમક ર

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ مُحْرِمٌ عـــه

સૂલુલ્લાહ ﷺની માંગમાં જોઈ રહી છું જ્યારે કે હુઝૂર એહરામની હાલતમાં હતા.''

(બુખારી, ૧/૨૦૮, મનાસિક, ૧/૪૧ અલ્ગુસ્લ, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ–હજ્જ)

તેહબંદમાં ખોસી લેવામાં આવે, પણ ચાદરના છેડાઓને ગાંઠ મારવી અથવા તેહબંદમાં જ ગાંઠ આપવી મના છે. એમાં જાહેરી રીતે વાંધો નથી કે કમર પર કોઈ કપડુ બાંધી લેવામાં આવે, અલ્બત્ત તેહબંદને કમરબંદ કે રસ્સી વડે કસવું મકરૂહ છે.

**તઅલીક઼ : ૨૮૪ની સમજૂતી**

આ અષરને ઈમામ સઈદ બિન મન્સૂરે ક઼ાસિમ બિન મુહમ્મદથી મૌસૂલન રિવાયત કરી છે કે ઉમ્મુલ મો'મિનીને હજ્જ કરી અને એમની સાથે અમુક ખાદિમ હતા જે એમની બેઠકને ઊંટની પર બાંધતા, ખોલતાં અને ઉતારતાં, એમાં કદી કદી તેમના શરીરનો તે હિસ્સો ખુલી જતો જેને જોવું નાપસંદીદા છે, તો તેમને હુકમ આપ્યો કે જાંગીયુ પહેર્યા કરો. આ ઉમ્મુલ મો'મિનીનનો ઈજતેહાદ હતો, નહીં તો એહરામની હાલતમાં સીવેલાં કપડાં પહેરવાં મુત્લક઼ન મના છે એમાં જાંગીયું પણ દાખલ છે, આ જ મોટાભાગનાનો મઝહબ છે.

**સમજૂતી : ૯૧૩** આ હદીષ ભાગ–૨ ગુસ્લના પ્રકરણમાં વર્ણન થઈ ચૂકી છે. આ હદીષ ઉમ્મુલ મો'મિનીનથી વિવિધ તરીક઼ાઓથી રિવાયત પામેલી છે. ઈમામ અબૂ જઅફર તહાવીએ આઠ તરીક઼ાઓથી તેની તખરીજ કરી છે. હઝરત ઈબ્ને ઉમરે એવું ફર્માવ્યું હતું કે મને પસંદ નથી કે એહરામની હાલતમાં મારા શરીર તથા કપડાથી ખૂશ્બુ ઉઠી રહી હોય. એના પર હઝરત ઈબ્રાહીમ નખઈએ તે ફર્માવ્યું.

ما تصنع : એમાં બે સંભાવનાઓ છે : એક એ કે ઝમીરે મજરૂર મુત્તસિલનો મરજઅ હઝરત ઈબ્ને ઉમર હોય. હવે મતલબ એ થયો કે ઈબ્ને ઉમરની વાતને લઈને શું કરશો જ્યારે કે હુઝૂરે અક઼દસ ﷺનું કાર્ય આ છે !

| حدیث ۹۱۴ | عَنْ عَائِشَةَ زَوْجِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَتْ كُنْتُ أُطَيِّبُ |
|---|---|

**[હદીષ : ૯૧૪]** "નબી ﷺના રફીકૃએ હયાત ઉમ્મુલ મો'મિનન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું,

رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لِإِحْرَامِهِ حِيْنَ يُحْرِمُ وَلِحِلِّهِ قَبْلَ أَنْ يَّطُوْفَ

રસૂલુલ્લાહ ﷺ જ્યારે એહરામ બાંધતા તો હુઝૂરને ખૂશ્બુ લગાડતી અને તવાફથી પહેલાં

بِالْبَيْتِ، ع‍

એહરામ ખોલતી વખતે ખૂશ્બુ લગાડતી." *(બુખારી ૧/૨૦૮ મનાસિક)*

| حدیث ۹۱۵ | عَنْ سَالِمٍ عَنْ أَبِيْهِ قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ |
|---|---|

**[હદીષ : ૯૧૫]** "સાલિમ પોતાના વાલિદ અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરે છે કે મેં

وَسَلَّمَ يُهِلُّ مُلَبِّدًا ع‍

રસૂલુલ્લાહ ﷺને લબ્બૈક કહેતાં એ હાલતમાં સાંભળ્યા કે હુઝૂરના વાળ કોઈ ચીજના મિશ્રણથી જમાવેલા હતા."

*(બુખારી ૧/૨૦૮ મનાસિક, ૨/૮૭૯ લિબાસ, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ–મનાસિક, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૧૨૧)*

બીજી સંભાવના એ છે કે **بقوله**ની ઝમીરે મજરૂરનો મરજઅ હુઝૂરે અક્દસ ﷺ હોય જે મઅહૂદ ફિઝ્ઝહન છે. હવે મતલબ એ થયો કે ઈબ્ને ઉમરની વાત તમે બતાવી પણ હુઝૂરે અક્દસ ﷺના અમલને શું કરશો કે એહરામની હાલતમાં મુશ્ક ચમકી રહ્યું હતું. હુઝૂર ﷺનો અમલ અનુસરણને પાત્ર છે, ન કે એના વિરુદ્ધ ઈબ્ને ઉમરનો ક઼ૌલ. રહી ગઈ એ શંકા કે હદીષમાં હુઝૂરે અક્દસ ﷺનો કોઈ ઈર્શાદ વર્ણન થયેલ નથી, કેવળ અમલ વર્ણન થયેલ છે. એનો જવાબ એ છે કે તક્રીર ક઼ૌલના (આપનુ મૌન રહેવું કહેવાના) સ્થાને જ છે. બીજો જવાબ એ છે કે અહીં ક઼ૌલ એ જ પ્રમાણે છે જેમ ઉર્દૂમાં વાત છે. એનો ઈત્લાક઼ પુષ્કળ અમલ પર પણ થાય છે કે જેમ કે કોઈના રહેવા, સહેવા, ખાવા પીવાના તથા ઠાઠ માઠનો ઉલ્લેખ થયો તો કહેવામાં આવે છે, એની શું વાત છે !

**મસાઈલ** : આ હદીષથી ઈમામે આ'ઝમ તથા ઈમામ શાફઈ વગેરેએ દલીલ કરી કે એહરામના સમયે ખૂશ્બુ શરીર તથા કપડામાં લગાડવી મસ્નૂન છે. એહરામના અગાઉવાળી ખૂશ્બુ જો બાકી રહે અને તેની લહેરો ઉઠી રહી હોય તો કોઈ વાંધો નથી, અલ્બત્ત એવી ખૂશ્બુ ન હોય કે તેનો રંગ કપડા પર જાહેર થાય.

**સમજૂતી : ૯૧૪** આપણો મઝહબ એ છે કે દસમી ઝીલ હજ્જે જમરાઓની રમી અને કુર્બાની કરીને વાળ ઉતરાવ્યા પછી સંભોગ સિવાય એહરામની સર્વ મના બાબતો જાઈઝ થઈ જાય છે. એની દલીલ આ હદીષ છે કે હુઝૂરે અક્દસ ﷺએ તવાફે ઝિયારતથી પહેલાં એહરામ ખોલી નાખ્યો.

**كنت اطيّب** : અલ્લામા ઈબ્ને હાજિબે ફર્માવ્યું, **كان** "તકરાર (સતત થવું) ચાહે છે અને અહીંયા હઝરત ઉમ્મુલ મો'મિનીને કેવળ એકવાર હજ્જતુલ વિદાઅમાં હુઝૂરે અક્દસ ﷺને ખૂશ્બુ લગાડી હતી. એનો જવાબ એ છે કે **كان** જો કે અસલ સ્વરૂપના લેહાઝથી તકરાર ચાહે છે પણ જ્યારે કે કોઈ કરીનો અદમે તકરાર પર થઈ જાય જેમ કે અમુક મુહક્કિ઼કોએ સ્પષ્ટતા કરી છે. *(ઉમ્દતુલક઼ારી, ૯/૧૫૭)*

**સમજૂતી : ૯૧૫** اهلالનો માદ્દો هللછે ચિલ્લાવાના અર્થમાં છે. اهلالનો શાબ્દિક અર્થ અવાજ મોટો

| حدیث ۹۱۶ | سَمِعۡتُ سَالِمَ بۡنَ عَبۡدِ اللّٰهِ قَالَ سَمِعۡتُ ابۡنَ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی |
|---|---|
| **[હદીષ : ૯૧૬]** | "સાલિમ ઈબ્ને અબ્દુલ્લાહ કહે છે કે મેં ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી સાંભળ્યું, તે ફર્માવતા |

عَنۡهُمَا یَقُوۡلُ مَا اَهَلَّ رَسُوۡلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیۡهِ وَسَلَّمَ اِلَّا مِنۡ عِنۡدِ الۡمَسۡجِدِ

હતા કે રસૂલુલ્લાહ ﷺએ મસ્જિદ એટલે ઝુલ હુલયફાની

یَعۡنِیۡ مَسۡجِدَ ذِی الۡحُلَیۡفَةِ ؕ

જ મસ્જિદથી એહરામ બાંધ્યા હતા."

(બુખારી /૨૦૮ મનાસિક, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ–મનાસિક, તિર્મિઝી–હજ્જ, નિસાઈ)

કરવો છે. અહીં એનો અર્થ બુલંદ અવાજથી તલબિયા કહેવાનો છે. તલબિદના મસ્દરે મુજર્રદથી لَبُوۡدٌ આવે છે. ચીપકવાના અર્થમાં છે. તલબીદનો અર્થ કોઈ ચિપકી જનાર ચીજ વડે ચિપકાવવું. અહીં મુરાદ એ છે કે વાળોમાં કોઈ ચિપકદાર ચીજ નાખીને જમાવી દેવી જેથી વેરવિખેર ન થાય. ઈમામ શાફઈ તથા તેમના અસ્હાબે ફર્માવ્યું કે એહરામના વખતે તલબીદ મુસ્તહબ છે. ઈબ્ને બત્તાલે કહ્યું કે જમહૂર ઉલમાએ ફર્માવ્યું કે જો કોઈ તલબીદ કરે તો એના પર વાજિબ છે કે એહરામ ખોલતી વખતે માથાને મૂંડે. હુઝૂરે અક્દસ ﷺએ એ જ કર્યું હતું. અને હઝરત ઉમર તથા ઈબ્ને ઉમર رضی اللہ عنہمએ જ હુકમ આપતા હતા. આપણે ત્યાં તલબીદ મના છે. એટલા માટે કે ઈમામ તિર્મિઝી (૨/૧૨૪, તફસીરે સૂરએ આલિ ઈમરાન) અને ઈમામ ઈબ્ને માજહએ (મનાસિક–૨૧૪) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી કે એક સાહબે પૂછયું, યા રસૂલલ્લાહ ! ﷺ હાજી કોણ છે ? તો ફર્માવ્યું, الشَّعِثُ التَّفِلُ જેના વાળ વેરવિખેર હોય અને શરીર ખૂશ્બુ વિનાનું. તલબીદ પછી વાળ જામેલા રહેવાના કારણે વેરવિખેર થશે નહીં ! અલ્બત્ત સ્ત્રીઓને તલબીદની ઈજાઝત છે જેવી રીતે કે માથુ ઢાંકવાની ઈજાઝત છે.

## સમજૂતી : ૯૧૬

ઈમામ મુસ્લિમ (૧/૩૯૪ હજ્જ), ઈમામ અબૂ દાઊદ (મનાસિક–૨૬૨) ઈમામ ઈબ્ને માજહ (હજ્જતુન્નબી ﷺ, ૨૨૭) એ જાબિર رضی اللہ عنہથી એક લાંબી હદીષમાં એ બયાન કર્યું છે કે જ્યારે નબી ﷺએ હજ્જનો ઈરાદો ફર્માવ્યો તો આમ એલાન ફર્માવ્યું જેના પર લોકો ભેગા થઈ ગયા. જ્યારે બયદાઅ્ પર આવ્યા તો એહરામ બાંધ્યો. તેમજ અબૂ દાઊદ (૧/૨૪૭ મનાસિક) તથા નિસાઈ (૨/૧૭ મનાસિક)માં હઝરત અનસની જે હદીષ હઝરત હસન બસરીના તરીક઼ાથી છે એમાં પણ એ છે કે જ્યારે બયદાઅ્ પહાડ પર આવ્યા તો લબ્બૈક પોકાર્યું. તદ્ ઉપરાંત અન્ય હદીષોમાં પણ છે. એના નિવારણના માટે હઝરત ઈબ્ને ઉમરે ફર્માવ્યું કે બયદાઅ્ પર એહરામ બાંધવાનો જે લોકો દાવો કરે છે તેઓ રસૂલુલ્લાહ ﷺ પર જૂઠ બાંધે છે, હુઝૂરે ઝુલ હુલયફામાં જ એહરામ બાંધ્યો હતો જ્યારે સવારી સીધી ઉભી થઈ ગઈ તે વખતે.

**એહરામનો સમય** : હુઝૂરે અક્દસ ﷺએ ક્યાંથી એહરામ બાંધ્યો હતો, એના બારામાં ત્રણ કથનો છે : પ્રથમ એહરામની નમાઝથી ફારિગ થતાં જ તરત જ વિના વિલંબે તે જ જગાએ જ્યાં નમાઝ પઢી હતી. બીજું : ત્યાંથી ઉઠીને જ્યારે સવાર થયા અને જ્યારે સવારી હુઝૂરને લઈને સીધી ઉભી થઈ ગઈ તે વખતે. ત્રીજુ : આગળ વધીને જ્યારે બયદાઅ્ પર પહોંચ્યા એ વખતે. આ ત્રણેવ કથનોમાં ખૂદ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ વર્ગીકરણ કર્યું છે. અબૂ દાઊદ (૧/૨૪૬ મનાસિક) અને શરહે મઆનિયુલ આષાર (મનાસિક–૩૦૬)માં છે

حدیث ۹۱۷ عَنْ عَبْدِ اللّٰہِ بْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا اَنَّ رَجُلًا قَالَ یَا رَسُوْلَ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે એક સાહબે અર્ઝ કરી, **[હદીષ : ૯૧૭]**

اللّٰہِ مَا یَلْبَسُ الْمُحْرِمُ مِنَ الثِّیَابِ قَالَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ لَا یَلْبَسُ الْقُمُصَ

યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મુહરિમ કયુ કયુ કપડુ પહેરે ? રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, કુર્તો, પાયજામો, અમામો,

وَلَا الْعَمَائِمَ وَلَا السَّرَاوِیْلَاتِ وَلَا الْبَرَانِسَ وَلَا الْخِفَافَ اِلَّا اَحَدٌ لَّا یَجِدُ نَعْلَیْنِ

ટોપીઓ, મોજાં ન પહેરે. હા ! જો કોઈની પાસે ચપ્પલ નથી તો મોજા પહેરી લે અને તેની ઘૂંટીની નીચેથી કાપી

: હઝરત સઈદ બિન જુબૈર શહીદે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને પૂછયું કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم ના એહરામના બારામાં સહાબીઓની વચ્ચે જે મતભેદ છે એના પર મને આશ્ચર્ય થાય છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ એ ફર્માવ્યું, હું સૌથી વિશેષ એને જાણું છું. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ કેવળ એક હજ્જ કર્યો છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم હજ્જના ઈરાદાથી નીકળ્યા, જ્યારે મસ્જિદે ઝુલ હુલયમાં એહરામની બે રકાતો પઢી ચૂક્યા તો એ જ મલિસમાં હજ્જ પોતાના ઉપર વાજિબ કરી લીધી એટલે કે હજ્જની નિય્યત કરી લીધી અને એ બે રકાતોથી ફારિગ થતાં જ બુલંદ અવાજે તલબિયા કહી. એને ઘણા લોકોએ સાંભળી અને યાદ રાખી. ત્યારબાદ સવાર થયા જ્યારે મુબારક ઊંટણી હુઝૂરને લઈને ઉભી થઈ ગઈ તો તલબિયા કહી એને અમુક લોકોએ જાણી. કારણ એ છે કે લોકો ખિદમતે અક્દસમાં વારા ફરતી હાજર થતા હતા. અમુક લોકોએ તલબિયા તે વખતે સાંભળી જ્યારે સવારી ઉભી થઈ ચૂકી હતી. તો એ લોકોએ કહ્યું કે જ્યારે સવારી સીધી ઉભી થઈ ગઈ તે વખતે હુઝૂરે એહરામ બાંધ્યો. પછી રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم આગળ વધ્યા જ્યારે બયદાઅ્ની ઊંચાઈ પર ચઢયા તો ફરી તલબિયા કહી, એ વખતે કેટલાક લોકો આવીને મળ્યા તો તેમણે કહ્યું કે બયદાઅ્ પર એહરામ બાંધ્યો. અને ખુદાની ક઼સમ ! હુઝૂરે પોતાની નમાઝની જગાએ જ એહરામ બાંધી લીધો હતો. પછી જ્યારે સવારી ઉભી થઈ ગઈ તો તલબિયા પઢી અને જ્યારે બયદાઅ્ પર ચઢયા ત્યારે પણ તલબિયા કહી.

એનો સાર એ નીકળ્યો કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم એ ઝુલ હુલયફામાં જ જ્યાં એહરામની બે રકાતો પઢી હતી ત્યાં એહરામ બાંધીને તલબિયા પઢી હતી પણ ત્યાં પૂરો મજમો મૌજૂદ ન હતો અમુક વ્યક્તિઓ હતી જેમણે સાંભળ્યું. પછી સવારીના ઉભા થયા પછી પણ તલબિયા કહી એને એ લોકોએ સાંભળી જેઓ બાદમાં હાજર થયા અને એવુ સમજ્યા કે હવે એહરામ બાંધ્યો હતો, પણ ત્યારે પણ સર્વ લોકો હાજર ન હતા. મજમો એટલો વધારે હતો કે હઝરત જાબિર કહે છે કે મેં બયદાઅ્ પર ચઢયા બાદ જોયું તો હુઝૂરના આગળ પાછળ જમણે ડાબે નજર પહોંચે ત્યાં સુધી માણસો જ માણસો હતા. જ્યારે હુઝૂરે બયદાઅ્ પર ચઢયા બાદ તલબિયા કહી તો હવે તે લોકોએ સાંભળી જેઓ પહેલાં મૌજૂદ ન હતા, એ વખતે નજીક હતા તો તેમણે એ બયાન કર્યુ કે બયદાઅ્ પર એહરામ બાંધ્યો. એના જ પ્રમાણે ચારેવ ઈમામોની એના પર અકમતિ છે કે એહરામ બે રકાત પઢયા પછી તરત જ બાંધવામાં આવે. અલ્બત્ત ઈમામ અવઝાઈ, અતાઅ્, ક઼તાદાનો ક઼ૌલ એ છે કે બયદાઅ્ પર ચઢયા બાદ મુસ્તહબ છે. બયદાઅ ઝુલ હુલયફાની નજીક એક પહાડ છે એ પણ ઝુલ હુલયફાનો એક ભાગ છે.

**સમજૂતી : ૯૧૭** لا یلبس : સવાલ એ હતો કે મુહરિમ શું પહેરે ? અને હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم એ એ ઈર્શાદ ફર્માવ્યો કે એ ચીજો ન પહેરે. આ જવાબમાં ટૂંકાણ પણ છે અને સાંભળનારને સમજવા માટે આસાન પણ, એટલા માટે એને ઈર્શાદ ફર્માવ્યું.

فَلْيَلْبَسِ الْخُفَّيْنِ وَلْيَقْطَعْهُمَا اَسْفَلَ مِنَ الْكَعْبَيْنِ وَ لَا تَلْبَسُوْا مِنَ الثِّيَابِ شَيْئًا مَسَّهُ

નાખે. અને એવાં કપડાં પણ ન પહેરો જેને જઅફરાન અથવા વર્સ સ્પર્શ્યાં હોય. અબૂ અબ્દુલ્લાહ (ઈમામ

زَعْفَرَانٌ اَوْ وَرْسٌ قَالَ اَبُوْ عَبْدِ اللّٰهِ يَغْسِلُ الْمُحْرِمُ رَأْسَهُ وَلَا يَتَرَجَّلُ وَلَا يَحُكُّ جَسَدَهُ

બુખારી)એ ફર્માવ્યું, મુહરિમ પોતાનુ માથુ ધોઈ શકે છે અને કાંસકી નથી કરી શકતો અને ન પોતાનુ

وَيُلْقِي الْقَمْلَ مِنْ رَأْسِهِ وَجَسَدِهِ فِي الْاَرْضِ۔

શરીર ખંજવાળી શકે છે. અને જૂવો પોતાના માથા તથા શરીરથી જમીન પર ફેંકી શકે છે.''

(બુખારી ૧/૨૦૯, મનાસિક, ૧/૨૫ અલ્ઈલ્મ, ૧/૫૩ અસ્સલાત, ૧/૨૪૮, અલ્ઉમરહ્, ૨/૮૬૨, ૬૮૩, ૮૬૩, ૮૬૪, ૮૬૯, ૮૭૦, લિબાસ, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ–મનાસિક, તિર્મિઝી–હજ્જ, નિસાઈ–મનાસિક, ઈબ્ને માજહ–મનાસિક, દારમી–મનાસિક, મોઅત્તા–હજ્જ, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૩)

-**القميص** : એનાથી મુરાદ દરેક સીવેલુ કપડુ છે, ચાહે કુર્તો હોય ચાહે જબ્બો હોય કે અન્ય કાંઈ. આ અર્થના લેહાઝથી પાયજામો એમાં સામેલ છે. પણ કુર્તાથી હેતુ શરીરના ઉપરના હિસ્સાને છુપાવવાનો હોય છે. એટલા માટે એનો વહેમ થઈ શકતો હતો કે પાયજામો એનાથી અપવાદ હોય, એટલા માટે તેને અલગ બયાન કર્યો. અમામો તથા ટોપીઓની મનાઈનો હેતુ એ છે કે માથુ ખુલ્લુ રહે, એટલા માટે માથા પર રૂમાલ કે ચાદર નાખવી પણ મના છે. નઅલ (પગરખાં) ચપ્પલની જેમ હોતું જેમાં નીચે તળીયુ હોતુ અને ઉપર ફક્ત દોરી હોતી જેના લીધે પગનો ઉપરવાળો ભાગ ખુલ્લો રહેતો. મોજાઓની મનાઈથી હેતુ એ જ છે કે પગોનો ઉપરનો ભાગ ખુલ્લો રહે, એટલા માટે મજબૂરીના કારણે મોજાઓની રજા આપી તો એવી શર્ત કરી આપી કે ''કઅબ''ની નીચે કાપી નાખે. કઅબ પગોની ઘૂંટીને પણ કહે છે, અને પગની મધ્યના તે જોડને પણ કહે છે જ્યાં ચપ્પલની પટ્ટી (દોરી) હોય છે, અહીં એ જ બીજો અર્થ મુરાદ છે કેમ કે અહીં સાવધાની એમાં જ છે. અને વુઝૂમાં ઘૂંટીઓ મુરાદ છે કેમ કે ત્યાં સાવધાનીનો તક઼ાઝો એ જ છે. મુરાદ એ છે કે મોજાઓને ક઼દમના વચ્ચેથી લઈને એડીઓની દીવાલો સહિત કાપીને પહેરે. એને અસ્ફલ એ એ'તબારથી ફર્માવ્યું કે મોજાઓનો આગલો હિસ્સો તે છે જે આંગળીઓ પર રહે છે તો તે જ આ'લા થયો અને તેના સામેનો અસ્ફલ થયો.

-**ورس** : તલની જેવી એક ઘાસ છે જેનાથી કપડાં રંગતા હતા. એ યમનથી આવતી હતી. જાફરાનની જેમ વર્સમાં પણ ખૂશ્બુ હોય છે એટલા માટે વર્સ કે ઝાફરાનથી રંગેલુ કપડુ પહેરવું એહરામની હાલતમાં મના છે. હા ! જો ધોઈ નાખવામાં આવ્યું કે ખૂશ્બુ અદશ્ય થઈ ગઈ હોય તો સ્ત્રીઓ એહરામની હાલતમાં પણ પહેરી શકે છે. જેમ કે શરહે મઆનિયુલ આષારમાં (૧/૩૧૩ અલ્હજ્જ) અમુક તરીક઼ાથી ખૂદ ઈબ્ને ઉમરની જ હદીષમાં આવ્યું છે, **اِلَّا ان يكون غسيلًا** ''પણ એ કે ધોયેલુ હોય.''

રહી ગયા મર્દ તો તેમણે ઝાફરાની રંગનું કાપડ પહેરવું મુત્લક઼ન મના છે, ભલે એહરામની હાલતમાં ન હોય, એટલા માટે એહરામની હાલતમાં પણ મના થશે. ઝાફરાન તથા વર્સની જેમ કોઈ ખૂશ્બુદાર રંગ વડે રંગેલું કપડુ પહેરવું એહરામમાં મના છે જેમ કે માલાગિરી રંગ.

**પરિપૂર્ણતા** : અબ્વાબુલ ઉમરામાં આટલુ અધિક છે : -**ولا تنقب المراۃ المُحرِمةُ وَ لا تلبس القفازين** ''અને એહરામવાળી સ્ત્રી ન મોઢાં પર નક઼ાબ નાખે અને ન હાથમોજા પહેરે.''

સ્ત્રીને ખાસ એટલા માટે ફર્માવ્યું કે ચહેરા પર નકાબ (પર્દો) સ્ત્રીઓ નાખતી હતી અને હાથ મોજા પહેરતી

حدیث ۹۱۸ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا اَنَّ اُسَامَۃَ کَانَ رِدْفَ النَّبِیِّ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે ઓસામા નબી ﷺ ની [હદીષ : ૯૧૮]

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ مِنْ عَرَفَۃَ اِلَی الْمُزْدَلِفَۃِ ثُمَّ اَرْدَفَ الْفَضْلَ مِنَ الْمُزْدَلِفَۃِ

સાથે અરફાથી મુઝદલ્ફા સુધી સવાર રહ્યા. ત્યારબાદ મુઝદલ્ફાથી મિના સ

اِلٰی مِنًی قَالَ فَکِلَاھُمَا قَالَ لَمْ یَزَلِ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یُلَبِّیْ حَتّٰی رَمٰی جَمْرَۃَ

ુધી ફઝ્લ રહ્યા. એ બંનેવે બતાવ્યું, નબી ﷺ સતત તલબિયા પઢતા રહ્યા ત્યાં સુધી કે

الْعَقَبَۃِ ؏

જમરાએ અક્બા પર કાંકરી મારી." (બુખારી ૧/૨૦૯ મનાસિક)

ت ۲۸۵ وَلَبِسَتْ عَائِشَۃُ الثِّیَابَ الْمُعَصْفَرَۃَ وَھِیَ مُحْرِمَۃٌ وَقَالَتْ وَلَاتَلَثَّمْ وَ

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ એહરામની હાલતમાં કુસુમથી [તઅલીક઼ : ૨૮૫]

وَلَاتَبَرْقَعْ وَلَاتَلْبَسْ ثَوْبًا بِوَرْسٍ وَلَازَعْفَرَانٍ ؏

રંગેલુ કપડુ પહેર્યું અને ફર્માવ્યું, સ્ત્રી એહરામની હાલતમાં મોં કપડા વડે ન છુપાવે અને

ન બુરખો ઓઢે, ન વર્સ તથા ઝાફરાનથી રંગેલુ કપડુ પહેરે." (બુખારી ૧/૨૦૯ મનાસિક)

હતી, નહીં તો પુરૂષોને પણ આ બંનેવ ચીજો મના છે.

હઝરત ઈમામ બુખારીએ જે ફર્માવ્યું કે મુહરિમ માથુ ધોઈ શકે છે, અલ્બત્ત કાંસકી નથી કરી શકતો, એ બરાબર છે. પણ શરીર ખંજવાળી શકે છે, પણ એ રીતે કે વાળ તૂટવાનો અંદેશો ન રહે. જાહેર છે કે શરીરના મોટા ભાગના હિસ્સા પર વાળ નથી ત્યાં ખંજવાળવામાં કાંઈ ખતરો નથી અને જ્યાં જ્યાં વાળ છે ત્યાં સાવધાનીપૂર્વક ખંજવાળે. એ જ પ્રમાણે જૂવોને શરીરથી અલગ કરીને જમીન પર ફેંકવું મના છે, એના પર સદક઼ો વાજિબ છે અલ્બત્ત ફેંકવામાં ગુનો નથી.

**સમજૂતી : ૯૧૮** એના પર આપણી અને ઈમામ શાફઈ رضی اللہ عنہ ની એકમતિ છે, હાજી એહરામ બાંધ્યા પછી તલ્બિયા કહેતો રહે, જમરાએ અક઼બા પર પ્રથમ કાંકરી મારતાની સાથે જ બંધ કરી દે. પણ ઈમામ અહમદ ફર્માવે છે કે જ્યાં સુધી સર્વ કાંકરીઓ ન મારી લે ન બંધ કરે. આ હદીષના શબ્દ બંનેની સંભાવના ધરાવે છે. આપણી દલીલ તે હદીષ છે જેને ઈમામ બયહકીએ (ઉમ્દતુલ કારી, ૯/૨૬૫) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہما થી રિવાયત કરી. તે કહે છે, "હું નબી ﷺ ને ધ્યાનપૂર્વક જોતો રહ્યો, હુઝૂર સતત તલબિયા કહેતા રહ્યા ત્યાં સુધી કે જમરતુલ અક઼બા પર પ્રથમ કાંકરી મારી.

**સમજૂતી :તઅલીક઼ : ૨૮૫-૨૮૬-૨૮૭** પ્રથમ તઅલીક઼ને ઈમામ સઈદ બિન મન્સૂરે મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. બયહક઼ીમાં એ છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا કુસુમ વડે હલકુ ગુલાબી રંગેલુ કપડુ પહેરતાં હતાં. બીજી તઅલીક઼ને ઈમામ શાફઈ અને ઈમામ મુસદદે મૌસૂલન વર્ણવી છે.

ت ۲۸۶ وَقَالَ جَابِرٌ فَلَا أَرَى الْمُعَصْفَرَ طِيبًا ۔

"અને હઝરત જાબિર رضی اللہ عنہ એ ફર્માવ્યું, હું કુસુમથી રંગેલા કપડાને ખૂશ્બુદાર નથી જાણતો." (બુખારી ૧/૨૦૯ મનાસિક) **[તઅલીક઼ : ૨૮૬]**

ت ۲۸۷ وَلَمْ تَرَ عَائِشَةُ بَأْسًا بِالْحُلِيِّ وَالثَّوْبِ الْاَسْوَدِ وَالْمُوَرَّدِ وَالْخُفِّ لِلْمَرْأَةِ ۔

"અને ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એહરામની હાલતમાં સ્ત્રી માટે ઘરેણા તથા કાળુ અને ગુલાબી કપડુ તથા મોજા પહેરવામાં વાંધો જાણતાં ન હતાં." (બુખારી ૧/૨૦૯ મનાસિક) **[તઅલીક઼ : ૨૮૭]**

ت ۲۸۸ وَقَالَ إِبْرَاهِيمُ لَا بَأْسَ أَنْ يُبَدِّلَ ثِيَابَهُ ۔

"અને ઈમામ ઈબ્રાહીમ નખઈએ ફર્માવ્યું, એમાં કોઈ વાંધો નથી કે મુહરિમ પોતાનાં કપડાં બદલે." (બુખારી ૧/૨૦૯ મનાસિક) **[તઅલીક઼ : ૨૮૮]**

حدیث ۹۱۹ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهُمَا قَالَ انْطَلَقَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالَى

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું, નબી ﷺ વાળોમાં કાંસકી કરવા અને તેલ **[હદીષ : ૯૧૯]**

عَلَيْهِ وَسَلَّمَ مِنَ الْمَدِينَةِ بَعْدَ مَا تَرَجَّلَ وَادَّهَنَ وَلَبِسَ إِزَارَهُ وَرِدَاءَهُ هُوَ وَ

લગાડયા બાદ મદીનાથી ચાલ્યા, અને પોતાનું તેહબંદ પહેર્યું અને ચાદર ઓઢી. હુઝૂરે પણ અને હુઝૂરના

أَصْحَابُهُ فَلَمْ يَنْهَ عَنْ شَيْءٍ مِنَ الْأَرْدِيَةِ وَالْأُزُرِ أَنْ تُلْبَسَ إِلَّا الْمُزَعْفَرَةَ الَّتِي

સહાબાએ પણ, સિવાય એ ઝાફરાની રંગની ચાદરના જેનાથી શરીર રંગીન થાય, કોઈ ચાદર તથા તેહબંદથી

تَتَلَثَّمُ : બાબે તફઅ્અુલથી છે. તેનો માદો لِثَام છે, કેવળ મોઢાને કપડા વડે છુપાવવાને કહે છે એ રીત કે આંખો અને પેશાની ખુલ્લી રહે. અસલમાં تَتَلَثَّمُ હતું, એક "તાઅ્" (تاء)ને ઘટાડા માટે ઉડાડી (હઝફ કરી) દીધો. એહરામની હાલતમાં સ્ત્રીઓએ મોં છુપાવવું હરામ છે, જેમ કે હદીષ વર્ણન થઈ ચૂકી છે. હઝરત ઉમ્મુલ મો'મિનીનનું કુસુમ વડે રંગેલુ કપડુ પહેરવું એ આધારે હતું કે તે કુસુમને ખૂશ્બુમાં ગણતાં ન હતાં જેવો હઝરત જાબિર رضی اللہ عنہનો ખયાલ હતો. અથવા એ સબબે હતું કે હલકો રંગ હોવાને કારણે કપડામાં ખૂશ્બુ રહેતી ન હતી. કુસુમમાં ખૂશ્બુ છે એટલા માટે કુસુમ વડે રંગેલુ કપડુ એહરામાં પહેરવું મના છે.

**તઅલીક઼ : ૨૮૮ની સમજૂતી** એને ઈમામ અબૂબક્રએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી. તેમજ એ પણ કે ઈકરમાએ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ તન્ઈમમાં પોતાનો લિબાસ બદલ્યો.

**સમજૂતી : ૯૧૯** تَرْدَعُ : એનો અર્થ છે રંગ શરીરને લાગે. કોઈ ખૂશ્બુદાર ચીજ વડે રંગેલુ કપડુ એ હાલતમાં કે તેનાથી ખૂશ્બુની લહેર ઉઠી રહી હોય અથવા તે રંગ જે શરીરને રંગીન કરી આપે તે પહેરવું મના છે.

تُرُدْعُ عَلَى الْجِلَالِ فَأَصْبَحَ بِذِي الْحُلَيْفَةِ رَكِبَ رَاحِلَتَهُ حَتَّى اسْتَوَى عَلَى الْبَيْدَاءِ

મના ન કર્યું. સવાર સુધી ઝુલ હુલયફામાં રહ્યા. પોતાની સવારી પર સવાર થયા જ્યારે બયદાઅ્ પર ચઢયા તો

أَهَلَّ هُوَ وَأَصْحَابُهُ وَقَلَّدَ بُدْنَهُ وَذَالِكَ لِخَمْسٍ بَقِيْنَ مِنْ ذِي الْقَعْدَةِ فَقَدِمَ

તલબિયા પુકારી, હુઝૂરે પણ અને સહાબાએ પણ. અને હુઝૂરે પોતાના ઊંટને ગળાનો પટ્ટો પહેરાવ્યો અને આ

مَكَّةَ لِأَرْبَعِ لَيَالٍ خَلَوْنَ مِنْ ذِي الْحِجَّةِ فَطَافَ بِالْبَيْتِ وَسَعَى بَيْنَ الصَّفَا وَالْمَرْوَةِ

છવ્વીસ ઝીલ કૃઅદાના બન્યું. અને ચાર ઝીલ હજ્જના મક્કા આવ્યા. બયતુલ્લાહનો તવાફ કર્યો અને સફા

وَلَمْ يَحِلَّ مِنْ أَجْلِ بُدْنِهِ لِأَنَّهُ قَلَّدَهَا ثُمَّ نَزَلَ بِأَعْلَى مَكَّةَ عِنْدَ الْحَجُوْنِ وَهُوَ مُهِلٌّ

તથા મરવા વચ્ચે સઈ કરી પોતાના ઊંટને કેમ કે ગળાનો પટ્ટો પહેરાવ્યો હતો એટલે એહરામ ન ખોલ્યો.

بِالْحَجِّ وَلَمْ يَقْرُبِ الْكَعْبَةَ بَعْدَ طَوَافِهِ بِهَا حَتَّى رَجَعَ مِنْ عَرَفَةَ وَأَمَرَ أَصْحَابَهُ أَنْ

ત્યારબાદ મક્કાના ઊંચાઈવાળા હિસ્સામાં હજુનની નજીક રોકાણ કર્યું. અને હુઝૂરે હજ્જનો એહરામ બાંધેલો

يَّطَّوَّفُوْا بِالْبَيْتِ وَبَيْنَ الصَّفَا وَالْمَرْوَةِ ثُمَّ يُقَصِّرُوْا مِنْ رُءُوْسِهِمْ ثُمَّ يَحِلُّوْا وَذَالِكَ لِمَنْ

હતો અને તવાફ પછી કા'બાની નજીક નથી ગયા. જ્યારે અરફાથી પરત થયા તો ગયા અને પોતાના

لَمْ يَكُنْ مَعَهُ بَدَنَةٌ قَلَّدَهَا وَمَنْ كَانَتْ مَعَهُ امْرَأَتُهُ فَهِيَ لَهُ حَلَالٌ وَالطِّيْبُ وَالثِّيَابُ ،

સહાબાને હુકમ આપ્યો કે બયતુલ્લાહ અને સફા તથા મરવાની દરમ્યાન તવાફ કરે ત્યારબાદ પોતાના

માથાના વાળ કપાવી લે પછી એહરામ ખોલી નાખે, પણ તે જ લોકો જેમની સાથે કુર્બાનીનાં ઊંટ ન હોય.

અને જેની સાથે તેની પત્ની હોય તે એના માટે હલાલ છે અને ખૂશ્બુ અને કપડાં પણ.

'' (બુખારી ૧/૨૦૯ મનાસિક)

જો તેને ધોઈ નાખે કે ન ખૂશ્બુ બાકી રહે ન રંગ શરીરને રંગીન કરે તો જાઈઝ છે. પણ ઝાફરાન તથા કુસુમનો રંગ પુરૂષો માટે મના છે. એટલા માટે પુરૂષો એહરામમાં પણ ન પહેરે. સ્ત્રીઓ પહેરી શકે છે.

**بذی الحلیفہ** : વર્ણન થઈ ચૂક્યું કે હુઝૂર અક્દસ ﷺ શનિવારે (શંબહ) ઝોહરની નમાઝ બાદ મદીના તય્યબહથી નીકળ્યા હતા. રાત ઝુલ હુલયફામાં પસાર કરી અને ત્યાં બીજા દિવસે એહરામ બાંધ્યો અને ત્યાંથી ચાલ્યા. આ રિવાયતમાં વિગતવાર તથા સંક્ષિપ્તપણુ છે.

**علی البیداء** : હમણા અબૂ દાઊદ અને શરહે મઆનિયુલ આષારના હવાલાથી ખૂદ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો ઈર્શાદ વર્ણન થયો કે હુઝૂરે અક્દસ ﷺએ ઝુલ હુલયફામાં જ એહરામની બે રકાત નમાઝ બાદ એહરામ બાંધી લીધો હતો.

**وھو مھل بالحج** : તેહકીક એ જ છે કે હુઝૂરે અક્દસ ﷺએ (હજ્જે) કિરાન કર્યો હતો. જેમ કે અલ્લામા

حدیث ۹۲۰ عَنْ اَنَسِ ابْنِ مَالِكٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ صَلَّی النَّبِیُّ صَلَّی اللّٰهُ

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ ફર્માવ્યું, નબી صلی اللہ علیہ وسلم એ મદીનામાં ચાર રકાત **[હદીષ : ૯૨૦]**

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ بِالْمَدِیْنَةِ الظُّهْرَ اَرْبَعًا وَّالْعَصْرَ بِذِی الْحُلَیْفَةِ رَکْعَتَیْنِ وَسَمِعْتُهُمْ

ઝોહર પઢી અને ઝુલ હુલયફામાં અસ્ર બે રકાત, અને મેં તેમને સાંભળ્યા કે હજ્જ અને ઉમરા બંનેના સાથે

یَصْرُخُوْنَ بِهِمَا جَمِیْعًا ؏

તલબિયા બુલંદ અવાજ કહેતા હતા." (બુખારી ૧/૨૧૦ મનાસિક, ૧/૪૧૯, ૪૧૪, અલ્જિહાદ)

حدیث ۹۲۱ عَنْ عَبْدِ اللّٰهِ ابْنِ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا اَنَّ تَلْبِیَةَ رَسُوْلِ اللّٰهِ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની તલબિયા **[હદીષ : ૯૨૧]**

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ. لَبَّیْكَ اللّٰهُمَّ لَبَّیْكَ لَبَّیْكَ لَاشَرِیْكَ لَكَ لَبَّیْكَ اِنَّ الْحَمْدَ وَ

આ હતી : હાજર છું ! હે અલ્લાહ ! હાજર છું ! હાજર છું ! તારો કોઈ શરીક નથી, હાજર છું ! બેશક ! સર્વ

اَلنِّعْمَةَ لَكَ وَالْمُلْكَ لَكَ لَاشَرِیْكَ لَكَ ؏

તારીફો (હમ્દ) અને કુલ નેઅમત તારા જ માટે છે, અને મુલ્ક તારા જ માટે છે, તારો કોઈ શરીક નથી."

(બુખારી ૧/૨૧૦ મનાસિક, અબૂ દાઊદ, મુસ્લિમ, નિસાઈ–હજ્જ)

અયની અને ઈમામ ઈબ્ને હુમામે ભારે દલીલોથી સાબિત કર્યું છે. એટલા માટે હઝરત ઈબ્ને અબ્બાસના આ ઈર્શાદનો મતલબ એ થયો કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم ઉમરાથી ફારિગ થઈ ચૂક્યા હતા. અને હવે હજ્જનો એહરામ બાંધેલી સ્થિતિમાં ત્યાં મુકીમ હતા.

**સમજૂતી : ૯૨૦** એટલે કે આ પ્રમાણે તલબિયા કહેતા હતા : اللهم لبيك بحجة وعمرة એ દલીલ છે કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم તથા આમ સહાબાએ કિરામે (હજ્જ) કર્યો હતો. એનાથી જાણવા મળ્યું કે તલબિયા બુલંદ અવાજથી કહેવી સુન્નત છે, તેમજ એ પણ સાબિત થયું કે કિ઼રાન અફઝલ છે.

**સમજૂતી : ૯૨૧** તલબિયહ્ બાબે તફઈલનો મસ્દર છે. લબ્બૈક પઢવાના અર્થમાં. જેમ કે هَلَّلَ નો અર્થ لا اله الا الله પઢયું. سَبَّحَ નો અર્થ سبحان الله પઢયું. لَبَّیْكَ : સૈબ્વિયહએ કહ્યું, આ તષ્નિયા છે નૂન ઈઝાફતના કારણે પડી ગયો. અને ફર્રાઅ્એ કહ્યું, આ મફઊલ મુત્લક છે જેના ફેઅલને હઝફ કરવું તખફીફના કારણે વાજિબ છે. એની અસ્લ હતી اُلِبُّ لَبَّیْنِ لَكَ اَیْ اِلْبَابًا بَعْدَ اِلْبَابٍ અને આ તષ્નિયા તેના હકીકી અર્થોમાં નથી, તકષીર તથા મુબાલગા માટે દલીલ કરવા માટે છે. મતલબ એ થયો કે, વારંવાર હાજર છું, હવે ઉર્ફમાં કોઈ બોલાવનારના જવાબમાં બોલવામાં આવે છે, એટલે હાજર છું ! હાજર છું !

અલ્લામા અબ્દુલ બર્રે ફર્માવ્યું કે હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلام જયારે બયતુલ્લાહના બાંધકામથી પરવાર્યા તો તેમને હુકમ થયો કે લોકોને હજ્જના માટે પુકારો. અર્ઝ કરી, હે રબ ! મારો અવાજ આખી દુનિયામાં નહીં પહોંચે ! ફર્માવ્યું, તમે પોકારો અને સર્વ સુધી પહોંચાડવાનું મારા જિમ્મે છે. તો હઝરત ઈબ્રાહીમે પોકાર્યું,

حدیث ۹۲۲ عَنْ اَبِی عَطِیَّۃَ عَنْ عَائِشَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھَا قَالَتْ اِنِّی لَاَعْلَمُ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, હું જાણું છું કે* **[હદીષ : ૯૨૨]**

كَيْفَ كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يُلَبِّي لَبَّيْكَ اللّٰهُمَّ لَبَّيْكَ لَبَّيْكَ لَا شَرِيْكَ

*નબી ﷺ કેવી રીતે તલબિયા પઢતા હતા :*

لَكَ لَبَّيْكَ اِنَّ الْحَمْدَ وَالنِّعْمَةَ لَكَ ع

*લબ્બૈક અલ્લાહુમ્મ લબ્બૈક.....છેવટ સુધી." (બુખારી ૧/૨૧૦ મનાસિક)*

"હે લોકો ! તમારા પર બયતે અતીક઼નો હજ્જ ફર્ઝ કરવામાં આવ્યો છે." એને આસ્માન તથા જમીન દરમ્યાન જેઓ પણ હતા તેમણે સાંભળ્યું. શું નથી જોતા કે અતિશય દૂરના લોકો પણ લબ્બૈક કહે છે. એને અબ્દ બિન હુમૈદ, ઈબ્ને જરીર, ઈબ્ને અબી હાતિમે પોતપોતાની તફસીરોમાં પોતપોતાની સનદોની સાથે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما અને મુજાહિદ અને અતા, અકરમા તથા ક઼તાદાથી અને અહમદ બિન મુનીએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી છે. ઈબ્ને જરીહના તરીક઼ાથી હઝરત ઈબ્ને અબ્બાસથી એ પણ છે કે લોકોએ પોતાના બાપ દાદાઓની પીઠ અને માઓના પેટમાં લબ્બૈક કહ્યું. સૌ પ્રથમ યમનવાળાઓએ લબ્બૈક કહ્યું. એ દિવસથી ક઼યામત સુધી જે પણ હજ્જની ખુશનસીબી પામશે તેણે એ દિવસે હઝરત ઈબ્રાહીમની પુકારને ક઼બૂલ કરી હતી. *(ફત્હુલ બારી, ૩/૩૨૫)*

હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહે અલ્લાહ عزوجلના હુકમથી પોકાર્યું, તો એમનો પોકાર હક઼ીક઼તમાં અલ્લાહ جل جلالہની જ મુનાદી હતી એટલા માટે હાજી **لبيك اللهم** કહે છે. અલ્લામા ઈબ્ને મુનીરે લખ્યું કે તલબિયાથી એ પ્રદર્શિત કરવાનો હેતુ છે કે અલ્લાહ عزوجلએ બંદાઓને પોતાના ખાસ કરમથી નવાઝયા છે કે તેમને પોતાની બારગાહમાં બોલાવ્યા છે, હાજીઓ પ્રતિનિધિમંડળના રૂપમાં તેની બારગાહમાં હાજર છે. એહરામના માટે હજ્જ અથવા ઉમરા અથવા બંનેની નિયત સાથે ઝિક્રે ઈલાહી રુકન છે, લબ્બૈક કહે ચાહે અલ્હમ્દુલિલ્લાહ. સુબ્હાનલ્લાહ, અલ્હમ્દુલિલ્લાહ ખાસ લબ્બૈકના મસ્નૂન કલમાઓ છે, એમાં કમી ન કરે, વધારે પસંદીદા (મુસ્તહસન) છે, પણ જે વધારો થાય તે આ શબ્દો પછી થાય.

હઝરત ઉમર અને તેમના સાહબઝાદા હઝરત અબ્દુલ્લાહથી (મુસ્લિમ, ૧/૩૭૬, હજ્જ) વધારાના આ શબ્દો નકલ થયેલા છે : **لبيك اللهم لبيك وسعديك والخير فى يدك و الرَّغباء اليك والعمل** ઈમામ ઈબ્ને અબી શયબા (ફત્હુલબારી, ૩/૩૨૫)ની રિવાયતમાં આ વધારો નક઼લ થયેલો છે : **لَبَّيْكَ مَرْغُوبًا وَمَرْهُوْبًا اِلَيْكَ وَالنُّعْمَاءُ وَالْفَضْلُ الْحَسَنُ**

**સમજૂતી : ૯૨૨**

આ હદીષના અમુક ભાગો અગાઉ વર્ણન થઈ ચૂક્યા છે. આ હદીષ આપણી દલીલ છે કે હુઝૂરે અક઼દસ ﷺએ ક઼િરાન (હજ્જ) કર્યો હતો. તેમજ આ હદીષ એની દલીલ છે કે એહરામના માટે ખાસ તલબિયાના શબ્દો જરૂરી નથી, તહ્મીદ, તસ્બીહ, તકબીર પણ પૂરતી છે. બીજા ભાગમાં સ્પષ્ટતા છે કે હુઝૂરે અક઼દસ ﷺએ સાત ઊંટોને પોતાના હજ્જ મુબારક વડે નહર ફર્માવ્યા હતા.

અબૂ દાઊદ (મનાસિક ૨૪૫)માં છે કે એ ઊંટો એકબીજાથી આગળ વધવાની કોશિશ કરવા લાગ્યાં કે પ્રથમ મને ક઼ુર્બાન કરો ! એમાં જ (મનાસિક–૨૪૫) હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمથી મરવી છે કે હુઝૂરે અક઼દસ ﷺએ

حدیث ۹۲۳ عَنْ اَنَسٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ صَلّٰی رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی

"હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ મદીનામાં ઝોહર ચાર રકાત પઢી **[હદીષ : ૯૨૩]**

عَلَیْهِ وَسَلَّمَ وَنَحْنُ مَعَهٗ بِالْمَدِیْنَةِ الظُّهْرَ اَرْبَعًا وَّالْعَصْرَ بِذِی الْحُلَیْفَةِ رَکْعَتَیْنِ ثُمَّ

અને અમે હુઝૂર صلی اللہ علیہ وسلم ની સાથે હતા. અને અસ્ર બે રકાત ઝુલ હુલયફામાં પઢી, ત્યાં જ રાતભર રહ્યા જ્યારે

بَاتَ بِهَا حَتّٰی اَصْبَحَ ثُمَّ رَکِبَ حَتّٰی اسْتَوَتْ بِهٖ عَلَی الْبَیْدَاءِ حَمِدَ اللّٰهَ وَسَبَّحَ وَکَبَّرَ ثُمَّ

સવાર પડી તો સવાર થયા. જ્યારે બયદાઅ્ પર ચઢયા તો અલ્લાહની હમ્દની તસ્બીહ કરી અને તકબીર પઢી

اَهَلَّ بِحَجٍّ وَّعُمْرَةٍ وَّاَهَلَّ النَّاسُ بِهِمَا فَلَمَّا قَدِمْنَا اَمَرَ النَّاسَ فَحَلُّوْا حَتّٰی کَانَ

ત્યારબાદ હજ્જ તથા ઉમરા સાથે લબ્બૈક પઢયું અને સર્વ લોકોએ બંનેવના માટે લબ્બૈક કહ્યું. જ્યારે અમે

یَوْمُ التَّرْوِیَةِ اَهَلُّوْا بِالْحَجِّ قَالَ وَنَحَرَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ بَدَنَاتٍ بِیَدِهٖ

(મક્કા) આવ્યા તો લોકોને હુકમ આપ્યો કે એહરામ ખોલી નાખો. જ્યારે યવમે તરવીહા આવ્યો તો લોકોએ

قِیَامًا وَّذَبَحَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ بِالْمَدِیْنَةِ کَبْشَیْنِ اَمْلَحَیْنِ، قَالَ

હજ્જનો એહરામ બાંધ્યો અને નબી صلی اللہ علیہ وسلم એ પોતાના હાથ વડે ઊંટોની નહર કરી એ હાલતમાં કે ઊંટ ઉભા

اَبُوْعَبْدِ اللّٰهِ قَالَ بَعْضُهُمْ هٰذَا عَنْ اَیُّوْبَ عَنْ رَجُلٍ عَنْ اَنَسٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ

હતાં. અને મદીનામાં બે સાંવલાં (કાળશ પડતાં) ઘેટાં ઝબહ કર્યા. અબૂ અબ્દુલ્લાહ ઈમામ બુખારીએ કહ્યું,

અમુકે કહ્યું આ ઐયૂબે એક શખ્સને અને તેણે હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી."

(બુખારી, ૨૧૦/૨૩૧ મનાસિક, મુસ્લિમ–સલાત, અબૂ દાઊદ–હજ્જ, નિસાઈ–સલાત)

૩૦ ઊંટો પોતાના દસ્તે મુબારક વડે કુર્બાન કર્યા, પછી મને હુકમ આપ્યો અને મેં કુર્બાન કર્યા. મુહદ્દિષ ઈબ્ને બત્તાલે કહ્યું, કુલ ૭૦ ઊંટો હતાં. એક કૌલ એ છે કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم સો કુર્બાનીનાં ઊંટો લઈ ગયા હતા અને ત્રેસઠ પોતાના હાથો વડે કુર્બાન કર્યા, પોતાની ઉમ્ર મુબારકની માત્રા બરાબર, આ હદીષથી ઊંટમાં અફઝલ બલ્કે સુન્નત નહર છે અને તેને ઝબહ કરવું મકરૂહ છે, અને તેને ઝબહ કરવું મકરૂહ છે. તેમજ એ પણ સુન્નત છે કે ડાબો પગ બાંધીને ઉભુ રાખીને નહર કરે, એમાં જ આસાની છે. **قال بعضهم** અલ્લામા અયનીએ ફર્માવ્યું, એક કૌલ એ છે કે અમુકથી ઈસ્માઈલ ઈબ્ને ઉલય્યા મુરાદ છે અને એની પણ સંભાવના છે કે હમ્માદ બિન સલમા હોય.

**તઅલીક઼ : ૨૮૯ની સમજૂતી** આ તઅલીક઼ને ઈમામ મુસ્લિમે પોતાની સહીહમાં અબૂર્રબીઅ અન હમ્માદ અન ઐયૂબના તરીક઼ાથી વર્ણન કરી છે. અને અબૂ નુઐમે મુસ્તખરજમાં અબ્બાસ અદૌરી અન મુઅમ્મરના તરીક઼ાથી મૌસૂલન્ રિવાયત કરી છે.

**قائمًا** : થી મુરાદ એ છે કે સવારી પર સીધા બેસીને તલબિયા કહેતા. એ મુરાદ નથી કે સવારી પર ઉભા

ت ۲۸۹ عن نافع قال كان ابن عمر رضي الله تعالى عنهما إذا صلى الغداة بذي

''નાફેએ કહ્યું, હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ જ્યારે ઝુલ હુલયમાં સવારની નમાઝ પઢી **[તઅલીક઼ : ૨૮૯]**

الحليفة أمر براحلته فرحلت ثم ركب فإذا استوت به استقبل القبلة قائما

લેતા તો પોતાની સવારીને તૈયાર કરવાનો હુકમ આપતા અને જ્યારે તે તૈયાર થતી તો એના પર સવાર થતા.

ثم يلبي حتى يبلغ الحرم ثم يمسك حتى إذا جاء ذا طوى بات به حتى يصبح فإذا صلى

જ્યારે તે સીધી ઉભી થઈ જતી તો સીધા થઈને ક઼િબ્લાની તરફ મોં કરતા પછી લબ્બૈક પઢતા રહેતા ત્યાં સુધી

الغداة اغتسل وزعم أن رسول الله صلى الله تعالى عليه وسلم فعل ذلك

કે હરમ પહોંચી જતા. જ્યારે ઝૂતુવામાં પહોંચતા તો બંધ કરી આપતા. ત્યાં જ રાત પસાર કરતા. સવાર

ફજરની નમાઝ બાદ ગુસ્લ કરતા. અને ઈબ્ને ઉમરનું ગુમાન એ હતું કે રસૂલુલ્લાહ ﷺએ એવું જ કર્યું છે.''

(બુખારી ૧/૨૧૦ મનાસિક)

حديث ۹۲۴ عن نافع قال كان ابن عمر رضي الله تعالى عنهما إذا أراد الخروج إلى

''નાફેઅએ કહ્યું ઈબ્ને ઉમર رضی اللہ عنہ જ્યારે મક્કા જવાનો ઈરાદો કરતા તો ખૂશ્બુ વિનાનુ **[હદીષ : ૯૨૪]**

مكة ادهن بدهن ليس له رائحة طيبة ثم يأتي مسجد ذي الحليفة فيصلي

તેલ લગાડતા હતા પછી મસ્જિદે ઝુલ હલીફામાં આવીને નમાઝ પઢતા ત્યારબાદ

ثم يركب فإذا استوت به راحلته قائمة أحرم ثم قال هكذا رأيت النبي صلى

સવાર થતા. જ્યારે તેમની સવારી ઉભી થઈ જતી તો એહરામ બાંધતા પછી ફર્માવતા,

રહીને તલબિયા પઢતા. કેમ કે ઊંટની પીઠ પર ચઢયા પછી ઉભા રહેવું મુશ્કેલ છે. અને ન એવું ક્યાંય રિવાયત થયું કે એહરામ માટે લબ્બૈક ઉભા રહીને કરે.

**ثم يمسك** : લબ્બૈક બંધ કરવાથી મુરાદ એ નથી કે તે હવે તલબિયા કહેવાને નાજાઈઝ જાણતા હતા, બલ્કે મુરાદ એ છે કે પડાવ કર્યા બાદ અન્ય કામોમાં વ્યસ્ત થઈ જવાથી તલબિયા રોકી દેતા હતા. એટલા માટે કે ઉમરામાં તલબિયા તવાફ શરૂ કરવાના પહેલાં સુધી કહેવામાં આવશે, અને હજ્જમાં જમરતુલ અક઼બા (મોટા શૈતાન)ને કાંકરી મારવા પહેલાં સુધી કહેવામાં આવશે. ઝૂતુવા બાબે મક્કા પાસે તેની નીચે તન્ઈમના રસ્તામાં એક જગા છે. અહીં અમુક કૂવાઓ છે એનાથી ગુસ્લ કરવું મુસ્તહબ છે.

**સમજૂતી : ૯૨૪** એહરામથી પહેલાં શરીર કે વાળોમાં તેલ લગાડવું સુન્નત છે, ભલે તેલ ખૂશ્બુદાર હોય. કપડામાં પણ ખૂશ્બુ ઘસી લે, પણ એવી ખૂશ્બુ ન હોય જેનાં રજકણો બાકી રહે. ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا (મુસ્નદે ઈમામ અહમદ, ૬/૨૩૬) ફર્માવે છે કે જ્યારે હુઝૂરે અક઼દસ ﷺ એહરામનો ઈરાદો કરતા તો બેહતરીન ખૂશ્બુદાર તેલ લગાડતા.

اللّٰہ تعالیٰ علیہ وسلّم یفعل ع

મેં રસૂલુલ્લાહ ﷺને આવું જ કરતાં જોયા છે." (બુખારી ૧/૨૧૦ મનાસિક)

حدیث ۹۲۵ عن مجاهد قال كنا عند ابن عباس رضي الله تعالى عنهما

"ઈમામ મુજાહિદે કહ્યું, અમે લોકો હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની ખિદમતમાં હાજર **[હદીષ : ૯૨૫]**

فذكروا الدجال انه قال مكتوب بين عينيه كافر قال فقال ابن عباس

હતા લોકોએ દજ્જાલની ચર્ચા છેડી દીધી કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું કે એની આંખોની વચ્ચે કાફિર

لم اسمعه ولكنه قال اما موسى عليه السلام كاني انظر اليه اذا انحدر في الوادي يلبي

લખેલુ હશે. એના પર ઈબ્ને અબ્બાસે કહ્યું, મેં એને નથી સાંભળ્યું પણ હુઝૂરે એવું ફર્માવ્યું છે, જાણે હું

મૂસા علیہ السلامને જોઈ રહ્યો છું જ્યારે તે નાળામાં ઉતરતાં લબ્બૈક કહી રહ્યા છે."

(બુખારી ૧/૨૧૦ મનાસિક, ૧/૨૭૩ ઝિક્રુલ અંબિયા, ૨/૮૭૬, લિબાસ, મુસ્લિમ–ઈમાન, મુસ્નદે ઈમામ અહમદ, ૧/૨૭૭)

**સમજૂતી : ૯૨૫**

**પરિપૂર્ણતા :** કિતાબુલ અંબિયામાં છે, તેની આંખોની દરમ્યાન કાફિર, કાફ–ફે–રે લખેલુ હશે. એમાં અને કિતાબુલ્લિબાસમાં આ પ્રમાણે છે, હા ! મેં સાંભળ્યું છે. પરંતુ ઈબ્રાહીમ તો પોતાના સાહબ (એટલે ખૂદ હુઝૂર)ને જુઓ, પરંતુ મૂસા علیہ السلام તો ઘઉંવર્ણા ગુંગરીયાળા વાળવાળા ઈન્સાન છે જે લાલ ઊંટ પર સવાર છે જેની નકેલ (લગામ) ઝાડની છાલની છે, જાણે હું તેમને જોઈ રહ્યો છું જ્યારે તે નાળામાં લબ્બૈક કહેતા ઉતરી રહ્યા છે. અલ્લામા મુહલ્લબ મુહદ્દિષે કહ્યું, આ હદીષમાં મૂસા علیہ السلامનો ઝિક્ર અમુક રાવીઓનો વહેમ છે. હઝરત મૂસા علیہ السلام વફાત પામી ચૂક્યા, હવે એમના હજ્જ કરવાનો પ્રશ્ન જ ક્યાં છે ! એ અસલમાં ઈસા હતું જેને કોઈ રાવીએ મૂસાથી બદલી નાખ્યું. અલ્લામા અયનીએ એના રદમાં ફર્માવ્યું, કિતાબુલ અંબિયા અને કિતાબુલ લિબાસમાં હઝરત ઈબ્રાહીમ علیہ السلامનું વર્ણન છે તો શું એ પણ વહેમ છે ?! સર્વ અંબિયાએ કિરામ જીવંત છે. હદીષે મેઅરાજમાં છે, મેં જોયું કે મૂસા علیہ السلام પોતાની કબ્રમાં નમાઝ પઢી રહ્યા છે, તો પછી હજ્જ કરવામાં શું શંકા ?! આ આલમમાં કોઈ મુકલ્લફ (અમલ કરવા બંધાયેલ) નથી પરંતુ છતાં પણ અંબિયાએ કિરામ અને તેમના જેમ અવલિયાએ એઝામ નમાઝ, હજ્જ, ઝિક્ર કરે છે એ તશક્કુર તથા ઈત્મિનાન એટલે શુક્ર અદા કરવા તથા એહસાન માનવા માટે છે.

اَهَلَّ تَكَلَّمَ بِهٖ واسْتَهْلَلْنَا و اَهْلَلْنَا الْهِلَالَ كله مِنَ الظهور واسْتَهَلَّ المطر خرج من السحاب وَمَا اُهِلَّ بِهٖ لِغَيْرِ اللّٰهِ وهُوَ مِنْ اِسْتِهْلَالِ الصَّبِيِّ

اَهَلَّનો અર્થ છે વાત કરી અને اِسْتَهْلَلْنَا તથા اَهْلَلْنَا الْهِلَال એ સૌ ઝૂહૂરથી (જાહેર થવાના અર્થમાં) છે. અને اِسْتَهَلَّ المطرનો અર્થ છે : વાદળથી વર્ષા નીકળી અને આયતે કરીમા ما اُهِلَّ به لغيرِ الله માખૂઝ છે. પેદાઈશના વખતે બાળકના રડવાથી.

**સમજૂતી :** اهلالનો શબ્દ હદીષોમાં વારંવાર આવે છે. આદત પ્રમાણે ઈમામ બુખારી رضی اللہ عنہ એના

શાબ્દિક અર્થ વર્ણવી રહ્યા છે કે استهلال،اهلનો માદ્દો هلال છે. એનાથી જેટલા શબ્દો બને છે સૌના અર્થમાં "ઝૂહૂર" જરૂર હોય છે. تكلم જે اهلના અર્થમાં છે તેમાં દિલની વાત જાહેર થાય છે. જ્યારે એનો અર્થ તલબિયા કહેવું થાય છે તો એહરામ જાહેર થાય છે. استهلال المطرમાં વાદળથી પાણી જાહેર થાય છે. ما اُهِلَّ به لغيرِ اللهમાં એ જાહેર થાય છે કે ઝબહ કરનારા મુશ્રિક છે. استهلال الصبی નવુ જન્મેલ બાળક રડયું. એનાથી એનું જીવતા પેદા થવું જાહેર થાય છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું كله من الظهور ને બાદમાં વર્ણવવું મુનાસિબ હતું.

**પ્રકરણની સ્પષ્ટતા** : અહીં પ્રકરણનું હેડિંગ છે : "હૈઝવાળી તથા નિફાસવાળી સ્ત્રી કેવી રીતે એહરામ બાંધે ?" બરાબર આ જ પ્રકરણ પેજ નં. ૪૬ પર ઈમામ બુખારી રચી ચૂક્યા છે : પણ ત્યાં નફસાઅ્ નથી અને બિલ્હજ્જે વલ ઉમરહ અધિક છે. સાર બંને પ્રકરણોનો એક જ છે. દર્શાવવા એવું ચાહે છે કે એહરામના વખતે ગુસ્લ મસ્નૂન છે, ગુસ્લથી હૈઝ તથા નિફાસવાળી પાક થશે નહીં તો સવાલ એ પેદા થાય છે કે ગુસ્લ કરશે કે નહીં ? હદીષથી સાબિત થયું કે ગુસ્લ કરશે, એ ગુસ્લથી પાક તો ન થશે પણ સુન્નત અદા થઈ જશે.

આ પ્રકરણના હેઠળ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاની તે હદીષ–૬૨૪ લાવ્યા છે જે કિતાબુલ હૈઝ ભાગ–૨ પણ વર્ણન થઈ ચૂકી છે. આ હદીષને ઈમામ બુખારી વિવિધ શબ્દો સાથે બાર ઠેકાણે લાવ્યા છે જેની તફસીલ ભાગ–૨, પેજ ૨૩૯ પર વર્ણન કરવામાં આવી ચૂકી છે. કિતાબુલ હૈઝ અને અહીંના મતન (મૂળ લખાણ)માં થોડો સરખો ફરક છે. ત્યાં છે : فمنا من اهل بعمرة ومنا من اهل بحج "અમારામાંથી અમુકે ઉમરાનો એહરામ બાંધ્યો અને અમુકે હજ્જનો." અહીં છે : فاهلنا بعمرة "અમે ઉમરાનો એહરામ બાંધ્યો." ત્યાં શરીક થનારાઓના બારામાં તફસીલ હતી પણ પોતાના બારામાં કાંઈ ઉલ્લેખ ન કર્યો હતો. પણ દરમ્યાનમાં છે : لم اُهِلِّ الابعمرة મેં કેવળ ઉમરાનો એહરામ બાંધ્યો હતો. ત્યાંના વર્ણનની સ્થિતિ પરથી એ જાહેર થઈ રહ્યું છે કે મક્કા મુઅઝ્ઝમામાં હાજરી પછી હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, જેણે કેવળ ઉમરાનો એહરામ બાંધ્યો છે અને કુર્બાનીના જાનવર નથી લાવ્યા તેઓ એહરામ ખોલી નાખે. અને જેઓ કુર્બાનીનાં જાનવર લાવ્યા છે તેઓ કુર્બાની કરતા પહેલાં અહરામ ન ખોલે. અને જેણે કેવળ હજ્જનો એહરામ બાંધ્યો છે તે પોતાનો હજ્જ અદા કરે. અને અહીંની વર્ણનની સ્થિતિ પરથી જાહેર થઈ રહ્યું છે કે મક્કા મોઅઝ્ઝમા પહોંચ્યા પહેલાં જ લગભગ એહરામ બાંધવાના પછી તરત જ ફર્માવ્યું હતું. ત્યાં ઈર્શાદના ત્રણ પ્રકારો છે અને અહીં કેવળ એક છે કે જેની સાથે "હદી" હોય તે હજ્જ તથા ઉમરા બંનેનો એહરામ બાંધે. અહીં આટલુ વધારે છે :–

قَالَتْ فَطَافَ الَّذِيْنَ كانوا اَهَلُّوا بالعُمْرةِ بالبَيْتِ و بَيْنَ الصَّفا و الْمَرْوَةِ ثُمَّ حلُّوا ثُم طافُوا طَوافاً آخر بعد انْ رَجَعوا منْ منىً و امَّا الَّذينَ جَمَعوا الحجَ و العمرةَ فإنَّها طافوا طَوَافاً واحداً۔

"ઉમ્મુલ મો'નિનીને ફર્માવ્યું, જે લોકોએ કેવળ ઉમરાનો એહરામ બાંધ્યો હતો તેમણે બયતુલ્લાહ અને સફા તથા મરવા દરમ્યાન તવાફ કર્યો, ત્યારબાદ એહરામ ખોલી આપ્યો. પછી મિનાથી પરત થયા બાદ એક અધિક તવાફ કર્યો. અને જે લોકોએ હજ્જ તથા ઉમરાને ભેગા કર્યા હતા તેમણે કેવળ એક તવાફ કર્યો."

**સમજૂતી** : وانا حائض એનાથી એ લોકોએ દલીલ કરી છે જે લોકો કહે છે કે તવાફ સહીહ થવા માટે તહારત (પાકી) શર્ત છે, કેમ કે ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું, وانا حائضએ નથી ફર્માવ્યું કે, હું મસ્જિદ ન જઈ શકતી હતી. અહનાફ (હનફીઓ)નો મઝહબ એ છે કે તવાફ સહીહ થવા માટે એટલે ફર્ઝ તથા વાજિબ અદા થવા માટે તહારત (પાકી) શર્ત નથી. કેમ કે કુર્આને કરીમમાં મુત્લક્ (બેકૈદ) ફર્માવવામાં આવ્યું છે : وَلْيَطَّوَّفوْا بالبيْتِ الْعَتِيْق "અને બયતે અક઼ીક઼નો તવાફ કરો." આ હુકમ મુત્લક છે. અને મુત્લક઼ને કૈદ કરવું (સીમિત કરવું) ખબરે વાહિદથી જાઈઝ નથી. અલ્બત્ત હદીષના કારણે હુકમ એ છે કે જો વિના તહારતે તવાફ કરશે તો દમ વાજિબ થશે. જો વુઝૂ વિના તવાફ કરશે તો બકરી વગેરે, અને જો હૈઝ તથા નિફાસ (માસિક કે

ت ٢٩٠ قَالَهُ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ،

"નબી ﷺથી રિવાયત કરતાં આ ઈબ્ને ઉમરે કહ્યું." *(બુખારી ૧/૨૧૧, મનાસિક)* **[તઅલીક઼ : ૨૯૦]**

حدیث ٩٢٦ قَالَ جَابِرٌ رَضِيَ اللّٰهُ تَعَالٰی عَنْهُ أَمَرَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ

*"હઝરત જાબિર રضی اللہ عنہએ ફર્માવ્યું, નબી ﷺએ અલીને હુકમ આપ્યો કે પોતાના* **[હદીષ : ૯૨૬]**

عَلِيًّا أَنْ يُّقِيْمَ عَلٰی إِحْرَامِهٖ وَذَكَرَ قَوْلَ سُرَاقَةَ، ء

*એહરામ પર રહે. અને સુરાક઼ાનો ક઼ૌલ વર્ણવ્યો." (બુખારી ૧/૨૧૧, મનાસિક)*

સુવાવડવાળી) તથા જનાબતની હાલતમાં તવાફ કર્યો તો ઊંટ, અને જો પાક થતા સુધી મક્કા મોઅઝ્ઝમા રહે તો ફરીથી તવાફ કરવો વાજિબ છે.

**الا طوافا واحداً** : જે લોકો કહે છે કે ક઼ારિન પર કેવળ એક તવાફ અને સઈ છે તેમની દલીલ આ જ છે. પણ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمથી મરવી છે કે તેમણે હજ્જ તથા ઉમરા સાથે સાથે કર્યા અને બંનેના માટે બે તવાફ અને બે સઈ કરી. અને હઝરત ઈબ્ને ઉમરથી એવું જ મરવી છે. અને એ બંનેવે ફર્માવ્યું, અમે રસૂલુલ્લાહ ﷺને એવું જ કરતાં જોયા છે, તેમજ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہએ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ પોતાના ઉમરા તથા હજ્જના માટે બે તવાફ કર્યા. તેમજ હઝરત અબૂબક્ર, હઝરત ઉમર, હઝરત અલીના બારામાં એ જ રિવાયત થયેલ છે. એ જ હનફીઓનો મઝહબ છે.

**સમજૂતી : હદીષ-૨૯૦, તઅલીક઼-૯૨૬**

પ્રકરણનો ખુલાસો : અહીં પ્રકરણ એ છે કે, "જેને નબી ﷺના જમાનામાં નબી ﷺના એહરામના જેમ એહરામ બાંધ્યો." તઅલીક઼માં એના તરફ જ નિર્દેશ છે કે એ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماએ ફર્માવ્યું. ઈમામ બુખારી એવું દર્શાવવા ચાહે છે કે હુઝૂરે અક઼દસ ﷺના જમાનામાં એવું થયું છે કે કેટલાક લોકોએ એવી રીતે એહરામ બાંધ્યો છે અને હવે એવી રીતે એહરામ બાંધવો સહીહ છે કે નહીં ? એના વિશે ઈમામ બુખારી તદ્દન ખામોશ છે. હદીષો જે વર્ણવી છે એનાથી એવું જાહેર થઈ રહ્યું છે કે એમના નજીક સહીહ છે. પણ જમહૂર ઉલમા અને અહનાફ (હનફીઓ)ને ત્યાં સહીહ નથી. અને એ તે વરસ સાથે ખાસ હતું.

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماની આ તઅલીક઼ને ખૂદ ઈમામ બુખારીએ (મગ઼ાઝી ૬૨૪)માં વર્ણન કરેલ છે કે હઝરત અલી યમનથી હજ્જ કરવા માટે આવ્યા તો રસૂલુલ્લાહ ﷺએ તેમને પૂછ્યું, શાનો એહરામ બાંધ્યો છે ? મારી સાથે તમારી અહલિયા પણ છે. તો અર્ઝ કરી, જેનો નબી ﷺએ બાંધ્યો છે. તો ફર્માવ્યું, એહરામ બાક઼ી રાખો, એટલા માટે કે અમારી સાથે "હદી" છે.

**સમજૂતી : ૯૨૬** આ હદીષ બાબે ઉમરતુત્તન્ઈમમાં વિસ્તારપૂર્વક આ પ્રમાણે છે : હઝરત જાબિર رضی اللہ عنہ કહે છે, નબી ﷺ અને સહાબાએ હજ્જનો એહરામ બાંધ્યો. નબી ﷺ અને તલ્હાના સિવાય કોઈની સાથે હદી ન હતી, અને અલી યમનથી આવ્યા તેમની સાથે હદી હતી. અલીએ કહ્યું, મેં એનો એહરામ બાંધ્યો છે જેનો રસૂલુલ્લાહ ﷺએ એહરામ બાંધ્યો છે. અને નબી ﷺએ પોતાના અસ્હાબને ઈજાઝત આપી દીધી કે એને ઉમરો કરી આપે, તવાફ કરી લે પછી વાળ કતરાવી લે અને એહરામ ખોલી નાખે, પણ જેની સાથે હદી હોય તે એહરામ ન ખોલે. એના પર લોકોએ કહ્યું, અમે એ હાલતમાં મિના જઈશું કે અમારા ઝિક્ર મિનાથી ટપકી રહ્યાં હોય. જ્યારે નબી ﷺને જાણ થઈ તો ફર્માવ્યું, હવે જે વાત થઈ છે તે જો પહેલાં સામે આવત તો હું કુર્બાનીનાં

ت
۲۹۱

وَزَادَ مُحَمَّدُ بْنُ بَكْرٍ عَنِ ابْنِ جُرَيْجٍ قَالَ لَهُ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

''અને મુહમ્મદ બિન બક્રએ ઈબ્ને જુરૈજથી રિવાયત કરતાં આટલુ વધારે કર્યું, એમના **[તઅલીક઼ : ૨૯૧]**

وَسَلَّمَ بِمَا اَهْلَلْتَ يَا عَلِيُّ قَالَ بِمَا اَهَلَّ بِهِ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ فَاهْدِ

(અલી)થી નબી ﷺએ પૂછયું, શાનો એહરામ બાંધ્યો છે ? તો તેમણે અર્ઝ કરી, જેનો નબી ﷺએ

وَامْكُثْ حَرَامًا كَمَا اَنْتَ ؏

ફર્માવ્યું, કુર્બાનીનાં જાનવર સાથે રાખો અને જેવા છો એવા જ એહરામમાં રહો.'' (બુખારી ૧/૨૧૧ મનાસિક)

حدیث
۹۲۷

عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَدِمَ عَلِيٌّ عَلَى النَّبِيِّ

''હઝરત અનસ رضی اللہ عنہએ ફર્માવ્યું કે અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم યમનથી નબી ﷺની **[હદીષ : ૯૨૭]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مِنَ الْيَمَنِ فَقَالَ بِمَا اَهْلَلْتَ قَالَ بِمَا اَهَلَّ بِهِ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى

ખિદમતમાં હાજર થયા તો હુઝૂરે પૂછયું, કોનો એહરામ બાંધ્યો છે ? અર્ઝ કરી, નબી ﷺએ જેનો બાંધ્યો

عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ لَوْلَا اَنَّ مَعِيَ الْهَدْيَ لَاَحْلَلْتُ ؏

છે. તો ઈર્શાદ ફર્માવ્યો, જો મારી સાથે હદી ન હોત તો એહરામ ખોલી આપત.''

(બુખારી ૧/૨૧૧ મનાસિક, મુસ્લિમ, તિર્મિઝી–હજ્જ)

જાનવર ન લાવત, જો મારી સાથે હદી ન હોત તો એહરામ ખોલી નાખત. અને આઈશાને હૈઝ આવી ગયું, તેમણે હજ્જના સર્વ અરકાન અદા કર્યા, અલ્બત્ત તવાફ ન કર્યો. જ્યારે તે પાક થઈ ગયાં અને તવાફે ઝિયારત પણ કરી લીધો તો અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! સર્વ લોકો હજ્જ તથા ઉમરા બંનેવ કરીને જઈ રહ્યા છે અને હું કેવળ હજ્જ કરીને ? તો અબ્દુર્રહમાન બિન અબૂબક્રને હુકમ આપ્યો કે તેમની સાથે તન્ઈમ જાય. હવે ઉમ્મુલ મો'મિનીને હજ્જ પછી ઝુલ હજ્જમાં ઉમરો કર્યો અને સુરાકા બિન માલિક બિન જઅષમે અક઼બામાં નબી ﷺ સાથે એ વખતે મુલાકાત કરી જ્યારે હુઝૂર રમી કરી રહ્યા હતા. અને અર્ઝ કરી, શું આ આપ હઝરાત માટે ખાસ છે યા રસૂલલ્લાહ ?! ફર્માવ્યું, નહીં ! બલ્કે હમેશાં માટે છે.

## તઅલીક઼ : ૨૯૧ની સમજૂતી

પ્રથમ રિવાયત મક્કી ઈબ્ને ઈબ્રાહીમ, ઈમામે આ'ઝમ رضی اللہ عنہના શાગિર્દે અબ્દુલ મલિક બિન અબ્દુલ અઝીઝ બિન જુરૈજ અન અતાઅ્ અન જાબિરની છે. તે જ ઈબ્ને જુરૈજથી અન અતાઅ્ અન જાબિર જે રિવાયત આ હદીષની મુહમ્મદ બિન બક્રએ કરી છે એમાં આ સવાલ તથા જવાબ અધિક છે. એટલે કે મક્કી બિન ઈબ્રાહીમની રિવાયતમાં ટૂંકાણ છે મુહમ્મદ બિન બક્રની રિવાયતમાં તફસીલ છે. એ તફસીલના પ્રમાણે એ હદીષ મુસ્નદ છે. પણ ઈમામ બુખારીએ જે રીતે વર્ણન કર્યું છે તે જો કે તઅલીક઼ છે તેને ઈસ્માઈલી અને અબૂ અવાનાએ પોતાની સહીહમાં મુત્તસિલ સનદ સાથે વર્ણન કરેલ છે.

حديث ٩٢٨ عَنْ اَبِیْ مُوْسٰی رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ بَعَثَنِیَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ

હઝરત અબૂ મૂસા رضی اللہ عنہએ ફર્માવ્યું, નબી ﷺએ મને યમન મારી કૌમમાં મોકલ્યો, **[હદીષ : ૯૨૮]**

وَسَلَّمَ اِلٰی قَوْمِیْ بِالْیَمَنِ فَجِئْتُ وَھُوَ بِالْبَطْحَاءِ فَقَالَ بِمَا اَھْلَلْتَ فَقُلْتُ اَھْلَلْتُ کَاِھْلَالِ

ત્યાર પછી ખિદમતે અકદસમાં હાજર થયો અને હુઝૂર ﷺ બત્હામાં મુકીમ હતા, મારાથી ફર્માવ્યું, શાનો

النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ ھَلْ مَعَکَ مِنْ ھَدْیٍ قُلْتُ لَا فَاَمَرَنِیْ اَنْ اَطُوْفَ

એહરામ બાંધ્યો છે ? મેં અર્ઝ કરી, જેનો નબી ﷺએ બાંધ્યો છે. પૂછયું, શું તમારી સાથે હદી છે ? મેં અર્ઝ

بِالْبَیْتِ فَطُفْتُ بِالْبَیْتِ وَبِالصَّفَا وَالْمَرْوَۃِ ثُمَّ اَمَرَنِیْ فَاَحْلَلْتُ فَاَتَیْتُ اِمْرَاَۃً مِّنْ قَوْمِیْ فَمَشَطَتْنِیْ

કરી, નહીં ! તો મને હુકમ આપ્યો કે હું બૈતુલ્લાહનો તવાફ કરૂં. મેં બયતુલ્લાહ અને સફા તથા મરવાનો તવાફ

**સમજૂતી : ૯૨૮**

**وھو بالبطحاء** : વરસાદના પાણીનો વહેવાનો માર્ગ. **بطحاء الوادی** નાળામાં જે કાંકરા રહી જાય છે. અહીં મુરાદ વાદીએ મુહસ્સબ છે જેને "હસ્બહ" પણ કહે છે. ખૈફ બની કનાનાનો હિસ્સો છે. એ હરમ શરીફથી પૂર્વમાં મિનાના માર્ગમાં હજૂન જન્નતુલ મા'લાથી પહેલાં તેનાથી જોડાયેલા બંને પહાડોની વચ્ચેની જગા છે. મસ્જિદે હરામથી દોઢ માઈલના અંતરે છે.

**الی امرأۃ من قومی** : અલ્લામા કિર્માનીએ ફર્માવ્યું કે આ ખાતૂન એમનાં ભત્રીજી હતાં. ઐયૂબ ઈબ્ને આઈઝની રિવાયતમાં **امرأۃ من قیس**છે અને કૈસ એમના વાલિદનું નામ છે. મુરાદ એ છે કે કૈસ એટલે તેમના વાલિદની નસલથી કોઈ સ્ત્રીએ એમના વાળોમાં કાંસકી કરી હતી અથવા ધોયુ હતું.

**فقدم عمر** : જાહેરી રીતે એવું જણાય છે કે આ એ જ વરસનો બનાવ છે, જ્યારે કે એવું નથી. મુસ્લિમ (૧/૪૦૧ હજ્જ) અને નિસાઈ (૨/૧૫ હજ્જ)માં તફસીલ છે, હું એના પ્રમાણે ફત્વો આપતો હતો. જ્યારે ઉમરની ખિલાફતનો દૌર આવ્યો તો એક સાહબે અબૂ મૂસા رضی اللہ عنہને કહ્યું, તમારો અમુક ફત્વો રહેવા દો, તમને ખબર નથી કે તમારા પછી અમીરુલ મો'મિનીને હજ્જમાં શું નવી વાત પેદા કરી છે. એ સાંભળીને હઝરત અબૂ મૂસાએ કહ્યું, હે લોકો ! મેં એક મસ્અલો બતાવ્યો હતો હવે રોકાઈ જાવ. અમીરુલ મો'મિનીન તશરીફ લાવનાર છે, તેઓ જેવું ફર્માવે તેવુ માનજો. જ્યારે હઝરત ઉમર આવ્યા તો મેં તેમને વાત કરી તો ફર્માવ્યું, અમે અલ્લાહની કિતાબ પર અમલ કરીએ છીએ. અલ્લાહ ﷻએ અમને પૂર્ણ કરવાનો હુકમ આપ્યો છે અને અમે રસૂલુલ્લાહ ﷺની સુન્નત અપનાવીએ છીએ, હુઝૂરે જ્યાં સુધી હજ્જ ન કરી લીધી ત્યાં સુધી એહરામ નથી ખોલ્યો.

નિસાઈમાં એટલુ વધારે છે કે હું હઝરત અબૂબકની ખિલાફતમાં એ ફત્વો આપતો હતો એવામાં (એક સાલ) હું હજ્જના દિવસોમાં ઉભો હતો કે એક સાહબ આવ્યા અને બતાવ્યું કે તમને ખબર નથી કે અમીરુલ મો'મિનીને હજ્જમાં શું નવી શોધ કરી છે ? ખૂદ બુખારીમાં જ **باب الذبح قبل الحلق**માં સંક્ષિપ્તપણે વર્ણન છે.

**એની સ્પષ્ટતા** : હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہના ઈર્શાદની શરહ કરનારાઓએ પોત પોતાના શોખ પ્રમાણે સ્પષ્ટતાઓ કરી છે. આ ખાદિમની નજીક જે સ્પષ્ટતા સૌથી મજબૂત તથા ઉમદા છે તે આ છે કે હઝરત ફારૂકે આ'ઝમ હજ્જને ફસ્ખ (રદ) કરીને ઉમરા કરવાથી મના કરતા હતા. કેમ કે હજ્જ ફસ્ખ કરીને ઉમરાની ઈજાઝત કેવળ હજ્જતુલ વિદાઅ સાથે ખાસ હતી. આ ખાસપણાનો ઈલ્મ આમ લોકોને ન હતો એટલા માટે લોકો એમના

اَوْ غَسَلَتْ رَاسِیْ. فَقَدِمَ عُمَرُ فَقَالَ اِنْ نَّاخُذْ بِکِتَابِ اللّٰہِ فَاِنَّہٗ یَاْمُرُنَا بِالتَّمَامِ

કરી લીધો પછી મને હુકમ આપ્યો તો મેં એહરામ ખોલી નાખ્યો અને પોતાની કૌમની એક સ્ત્રી પાસે આવ્યો

قَالَ اللّٰہُ تَعَالٰی وَاَتِمُّوا الْحَجَّ وَالْعُمْرَۃَ لِلّٰہِ وَاِنْ نَّاخُذْ بِسُنَّۃِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ

તેણે મને કાંસકી કરી અથવા મારા માથાને ધોયું જ્યારે ઉમરનો જમાનો આવ્યો અને તેઓ હજ્જ માટે

وَسَلَّمَ فَاِنَّہٗ لَمْ یَحِلَّ حَتّٰی نَحَرَ الْھَدْیَ، ع ـــہ

આવ્યા તો ફર્માવ્યું કે જો આપણે કિતાબુલ્લાહને લઈએ તો અલ્લાહે આપણને હુકમ આપ્યો છે પૂર્ણ કરવાનો.

ઈર્શાદ છે : "હજ્જ અને ઉમરાને પૂરો કરો." અને જો આપણે નબી ﷺની સુન્નતને લઈએ તો

હુઝૂરે જ્યાં સુધી કુર્બાની ન કરી હતી એહરામ ન ખોલ્યો હતો.

સમયમાં પણ કર્યા કરતા હતા. મુસ્લિમ તથા નિસાઈની રિવાયતના જાહેરી શબ્દો એને જ દર્શાવે છે. હઝરત અબૂ મસા અશ્અરી رضی اللہ عنہએ ફર્માવ્યું, **فکنت افتی الناس بذالك** "હું લોકોને એ જ બતાવતો હતો."

**ذالك**નો નિર્દેશ મઝકૂર (વર્ણન કરેલ)ની પ્રતિ છે અને મઝકૂર એ જ છે કે તેમણે હજ્જ ફસ્ખ કરીને ઉમરો કર્યો અને એહરામ ખોલી નાખ્યો. એને જ ફારૂકે આ'ઝમે ફર્માવ્યું કે, એ કિતાબુલ્લાહની વિરુદ્ધ છે. કેમ કે ઈર્શાદ આ પ્રમાણે છે : **وَاَتِمُّوا الْحَجَّ وَ الْعُمْرَۃَ لِلّٰہِ** "અલ્લાહના માટે હજ્જ અને ઉમરાને પૂરા કરો." એટલે કે જ્યારે હજ્જનો એહરામ બાંધી લીધો છે તો તેને ફસ્ખ ન કરો પૂરો કરો."

બીજી સ્પષ્ટતા એ પણ થઈ શકે છે કે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ કેટલીક અતિશયોક્તિ બાબતો જોઈ જેના કારણે તેને સખ્તીથી રોકી. જેમ કે શઅબા (૧/૪૦૧ હજ્જ)ની જ રિવાયત બીજા તરીક઼ાથી આ પ્રમાણે છે કે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ ફર્માવ્યું :–

**کرهت ان يظلوا معرسين بهن فى الاراك ثم يرحون فى الحج يقطر رؤسهم** "મને એ વાત નાપસંદ પડી કે લોકો સ્ત્રીઓ સાથે ઝાડીમાં હમબિસ્તરી કરે અને પછી હજ્જના માટે એ હાલમાં ચાલે કે માથા ટપકી રહ્યાં હોય."

લગભગ આ જ કારણોને લઈને હઝરત ઉષ્માન ઝુન્નૂરૈન رضی اللہ عنہ પણ તમત્તુઅથી મના કરતા હતા. અલ્લામા નવવીએ ફર્માવ્યું કે બંનેવ હઝરાત તમત્તુઅને મકરૂહ જાણે છે, પણ છતાં મકરૂહે તન્ઝીહીમાં પડવા પર એટલી સખ્તી કે માર્યા કરતા હતા કે એ સમજમાં નથી આવતું.

**એહરામે મોઅલ્લક** : આ હદીષોથી સાબિત થઈ ગયું કે એહરામે મોઅલ્લક અને પછી એના જેમ અહરામે મુત્લક઼ દુરુસ્ત છે. એટલે એ પ્રમાણે એહરામ બાંધવો કે દા.ત. ઝયદે જેનો એહરામ બાંધ્યો છે તેનો હું પણ બાંધું છું. હવે ઝયદે જેનો એહરામ બાંધ્યો હોય તેનો આ પણ પાબંદ થઈ ગયો. અને જો ઝયદે મુત્લક઼ એહરામ બાંધ્યો હતો, ન ઉમરાનું નક્કી હતું ન હજ્જનું, તો તેને અધિકાર છે કે આ એહરામને જેનો ચાહે કરી આપે. ઝયદની પાબંદી લાઝિમ નથી. આ હઝરત ઈમામ શાફઈ અને એમના સમર્થકોનો મઝહબ છે. જેમ કે અલ્લામા નવવીએ ફર્માવ્યું. અલ્લામા રાફઈએ એ નક઼લ કર્યું કે એના પર એહરામે મુત્લક઼ની સ્થિતિમાં પણ ઝયદની પાબંદી લાઝિમ છે, એના વિરુદ્ધ જવું જાઈઝ નથી. આ જ અહનાફ (હનફીઓ)નો પણ મઝહબ છે. અને હદીષોમાં જે આવેલુ છે તે એ વરસના માટે ખાસ હતું. આપણી તથા જમહૂરની દલીલ એ છે કે કુર્આન મજીદમાં ઈર્શાદ છે : **وَاَتِمُّوا الحجّ وَ الْعُمْرَۃَ لِلّٰہِ** "અલ્લાહના માટે હજ્જ તથા ઉમરાને પૂરો કરો."

وَقَالَ ابْنُ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا اَشْهُرُ الْحَجِّ شَوَّالٌ وَذُوْ ت ۲۹۲

"અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું, હજજના મહિના શવ્વાલ **[તઅલીક઼ : ૨૯૨]**

الْقَعْدَةِ وَعَشْرٌ مِّنْ ذِی الْحِجَّةِ ؏

તથા ઝીલ ક઼અદા તથા ઝીલ હજ્જ છે." (બુખારી ૧/૨૧૧ મનાસિક)

وَقَالَ ابْنُ عَبَّاسٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا مِنَ السُّنَّةِ اَنْ لَّا یُحْرِمَ ت ۲۹۳

"અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, સુન્નત એ છે કે હજજના **[તઅલીક઼ : ૨૯૩]**

بِالْحَجِّ اِلَّا فِیْ اَشْهُرِ الْحَجِّ ؏

મહિનાઓમાં જ એહરામ બાંધવામાં આવે." (બુખારી ૧/૨૧૧ મનાસિક)

**તઅલીક઼ : ૨૯૨ની સમજૂતી** આ અષરને ઈબ્ને જરીર તથા બયહકીએ મુત્તસિલ સનદ સાથે વર્ણવી છે તેમજ ઈમામ હાકિમે પણ વર્ણવી છે. તેમજ એ પણ ફર્માવ્યું કે એ શયખૈનની શર્ત પર સહીહ છે. કુર્આન મજીદમાં ફર્માવવામાં આવ્યું, **اَلْحَجُّ اَشْهُرٌ مَّعْلُوْمَاتٌ** "હજજના અમુક જાણીતા મહિના છે."

આ અષર એની તફસીર છે કે આ થોડાક મહિના શું છે ? ઝીલ હજ્જ પૂરો છે અથવા કેવળ તેના દસ દિવસ ? ઈમામે આ'ઝમ, ઈમામ શાફઈ, ઈમામ અહમદ વગેરે મોટા ભાગના ઉલમાનો મઝહબ એ છે કે કેવળ દસ ઝીલ હજ્જ સુધીના દિવસો હજ્જ છે. જેમ કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ના આ અષરથી સાબિત છે. ઈમામ માલિક વગેરેનો મઝહબ એ છે કે પૂરો ઝીલ હજ્જ છે ભલે હજ્જ પૂરા મહિનામાં નથી થતો. મતભેદનો સાર એ છે કે જે લોકો હજજના દિવસોમાં હજ્જમાં ઉમરો જાઈઝ નથી જાણતા તેઓ પૂરા ઝીલ હજ્જને હજજના દિવસોમાં દાખલ માને છે. તેઓ પૂરા ઝીલ હજ્જમાં ઉમરાને મના કહે છે. એમાંથી જે લોકો દસ ઝીલ હજ્જ સુધી માને છે તેઓ દસ ઝીલ હજ્જ પછી ઉમરો જાઈઝ માને છે.

ઈમામ શાફઈ હજજના દિવસોનો મતલબ એ બતાવે છે કે એ મહિનાઓથી પહેલાં જો કોઈ હજજનો એહરામ બાંધે તો હજ્જ સહીહ થશે નહીં, ત્યારે સહીહ થશે જ્યારે એ જ મહિનાઓમાં એહરામ બાંધે. અહનાફ (હનફીઓ) તથા ઈમામ માલિક, ઈમામ અહમદ ફર્માવે છે કે શવ્વાલથી પહેલાં પણ હજજનો એહરામ દુરસ્ત છે અને આ એહરામથી હજ્જ સહીહ છે. આ મહિનાઓના હજજના માટે હોવાનો ફાયદો એ છે કે હજ્જે કિ઼રાન અને તમત્તુઅ સહીહ થવા માટે જરૂરી છે કે ઉમરો પણ હજજના દિવસોમાં હોય એટલે કે શવ્વાલથી પહેલાં ન અદા કર્યો હોય. અને જો ઉમરા પહેલાં અદા કરી લીધો તો ન કિ઼રાન થઈ ન તમત્તુઅ.

**તઅલીક઼ : ૨૯૩ની સમજૂતી** આ અષરને ઈમામુલ અઈમ્મા ઈબ્ને ખુઝૈમા હાકિમ તથા દારકુત્નીએ મુત્તસિલ સનદની સાથે રિવાયત કરી છે. ઈમામ હાકિમે ફર્માવ્યું કે શયખૈનની શર્ત પર સહીહ છે. ઈમામ શાફઈ رضی اللہ عنہ ની નજીક હજજના દિવસોથી પહેલાં એહરામ સહીહ નથી. એમની નજીક સુન્નતથી મુરાદ મશરૂઈયત છે. જમહૂર તથા અહનાફની નજીક હજજનો એહરામ એ મહિનાઓ પહેલાં પણ દુરુસ્ત છે, અને સુન્નતથી મુરાદ એનો જાણીતો અર્થ જ છે કે એમાં અજર છે એટલે કે હજજનો જે સવાબ છે તે તો જો કે હાંસલ થશે ચાહે તે મહિનાઓથી પહેલાં એહરામ બાંધે, પણ એ મહિનાઓમાં બાંધવામાં અધિક સવાબ છે કે એ મહિનાઓમાં એહરામ બાંધવાની સુન્નત અદા કરી.

ت ۲۹۴ وَكَرِهَ عُثْمَانُ اَنْ يُّحْرِمَ مِنْ خُرَاسَانَ اَوْ كِرْمَانَ عـه

''અને હઝરત ઉષ્માન رضی اللہ عنہ એ ખુરાસાન અથવા કિરમાનથી એહરામ બાંધવાને **[તઅલીક઼ : ૨૯૪]**

મકરૂહ જાણ્યું.'' (બુખારી ૧/૨૧૧ મનાસિક)

حدیث ۹۲۹ سَمِعْتُ الْقَاسِمَ بْنَ مُحَمَّدٍ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ خَرَجْنَا

''ક઼ાસિમ બિન મુહમ્મદે કહ્યું, મેં હઝરત આઈશા رضی اللہ عنہا થી સાંભળ્યું, તેમણે ફર્માવ્યું, **[હદીષ : ૯૨૯]**

مَعَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِيْ اَشْهُرِ الْحَجِّ وَلَيَالِي الْحَجِّ وَحُرُمِ الْحَجِّ فَنَزَلْنَا

અમે રસૂલુલ્લાહ ﷺ ની સાથે હજ્જના મહિનાઓ, હજ્જના દિવસો, હજ્જની પાબંદીઓની સાથે

بِسَرِفَ قَالَتْ فَخَرَجَ اِلٰى اَصْحَابِهٖ فَقَالَ مَنْ لَّمْ يَكُنْ مِّنْكُمْ مَّعَهٗ هَدْيٌ فَاَحَبَّ

(મદીનાથી) નીકળ્યાં અને સરીફમાં રોકાયાં. અહીં પહોંચીને હુઝૂર પોતાના સહાબીઓની પાસે તશરીફ લઈ

اَنْ يَّجْعَلَهَا عُمْرَةً فَلْيَفْعَلْ وَمَنْ كَانَ مَعَهُ الْهَدْيُ فَلَا. قَالَتْ فَالْاٰخِذُ بِهَا وَالتَّارِكُ

ગયા અને ફર્માવ્યું, જેની સાથે કુર્બાનીનાં જાનવર ન હોય અને તે પસંદ કરે છે કે તેને ઉમરા કરી આપે તો તે

لَهَا مِنْ اَصْحَابِهٖ قَالَتْ فَاَمَّا رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَرِجَالٌ مِّنْ اَصْحَابِهٖ

એવું કરી લે, અને ફર્માવ્યું, જેની સાથે હદી હોય તો એવું ન કરે. ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું, સહાબીઓમાંથી

## તઅલીક઼ : ૨૯૪ની સમજૂતી

આ અષરને ઈબ્ને અબી શયબાએ પોતાના મુસ્તફમાં મૌસૂલન રિવાયત કરી છે. અહમદ ઈબ્ને યસ્સારે તારીખે મરૂમાં રિવાયત કરી કે જ્યારે અબ્દુલ્લાહ ઈબ્ને આમિર رضی اللہ عنہ એ ખુરાસાન ફતહ કરી લીધુ તો તેના શુક્રિયામાં નીશાપુરથી એહરામ બાંધીને હજ્જના માટે ગયા. જ્યારે હઝરત ઉષ્માન رضی اللہ عنہ ની સમક્ષ થયા તો તેમણે મલામત કરી (ભલુબુરુ કહ્યું). એ મલામત એ કારણે હતી કે આટલા દૂર દરાઝથી એહરામ બાંધીને સફર કરવામાં ખૂબ જ મુશ્કેલીઓ છે અને એહરામની પાબંદીઓ નિભાવવી મુશ્કેલ હોય છે.

## સમજૂતી : ૯૨૯

આ હદીષ ભાગ–૨, પેજ–૩૦૯થી ૩૧૨ પર વર્ણન થઈ ચૂકેલી છે અહીં અમુક અધિક ચર્ચાઓના માટે અમે વર્ણવી છે. ભાગ–૨માં વિગતવાર વર્ણન થઈ ચૂક્યું કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ તમત્તુઅ કર્યો હતો. આ હદીષમાં અહીં એ છે કે ઉમ્મુલ મો'મિનીને અર્ઝ કરી, فمنعت العمرة ''હું ઉમરાથી મઅઝૂર થઈ ગઈ છું.'' જો ઉમ્મુલ મો'મિનીને ક઼િરાન કર્યો હોત તો આ પ્રસંગે ઉમરાની સાથે હજ્જનો પણ જરૂર ઉલ્લેખ કરતી. આ એ વાતની દલીલ છે કે હજી હજ્જનો એહરામ બાંધ્યો ન હતો. ઉમ્મુલ મો'મિનીનનો એ ઈર્શાદ فافضت بالبيت ''હું મિના પરત થઈને પાક થઈ.'' અને મિનાથી ચાલીને બયતુલ્લાહ આવી. એની દલીલ એ છે કે હઝરત ઉમ્મુલ મો'મિનીને તવાફે ઝિયારત પોતાના સમય પર કરી લીધો હતો. જેમ કે મુસ્લિમ (૧/૩૮૭ હજ્જ)માં પણ છે.

فَكَانُوا اَهْلَ قُوَّةٍ وَّ كَانَ مَعَهُمُ الْهَدْيُ فَلَمْ يَقْدِرُوْا عَلَى الْعُمْرَةِ قَالَتْ فَدَخَلَ

અમુક લોકોએ એવું કર્યું અને અમુક લોકોએ ન કર્યું. અલ્બત્ત રસૂલુલ્લાહ ﷺ અને ઘણા બધા સહાબીઓ

عَلَيَّ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَاَنَا اَبْكِيْ فَقَالَ مَا يُبْكِيْكِ يَا هَنْتَاهُ قُلْتُ

ક઼વી હતા અને તેમની સાથે ક઼ુર્બાનીનાં જાનવર હતાં. એ લોકો કેવળ ઉમરા કરી શકતા ન હતા. ઉમ્મુલ

سَمِعْتُ قَوْلَكَ لِاَصْحَابِكَ فَمُنِعْتُ الْعُمْرَةَ قَالَ وَمَا شَاْنُكِ قُلْتُ لَا اُصَلِّيْ قَالَ فَلَا

મો'મિનીને ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ ત્યારબાદ મારી પાસે તશરીફ લાવ્યા અને હું રડી રહી હતી તો પૂછયું,

يَضُرُّكِ اِنَّمَا اَنْتِ امْرَاَةٌ مِّنْ بَنَاتِ اٰدَمَ كَتَبَ اللّٰهُ عَلَيْكِ مَا كَتَبَ عَلَيْهِنَّ فَكُوْنِيْ فِيْ

હે પગલી ! શા માટે રડી રહી છે ? મેં અર્ઝ કરી, સહાબાથી હુઝૂરે જે કાંઈ ઈર્શાદ ફર્માવ્યો છે તે મેં સાંભળ્યું

حَجَّتِكِ فَعَسَى اللّٰهُ اَنْ يَّرْزُقَكِيْهَا قَالَتْ فَخَرَجْنَا فِيْ حَجَّتِهٖ حَتّٰى قَدِمْنَا مِنًى فَطَهُرْتُ ثُمَّ

પણ મને ઉમરાથી રોકી દેવામાં આવી છે. પૂછયું કે શું વાત છે ? મેં અર્ઝ કરી હું આ હાલતમાં છું કે નમાઝ

خَرَجْتُ مِنْ مِّنًى فَاَفَضْتُ بِالْبَيْتِ قَالَتْ ثُمَّ خَرَجْتُ مَعَهٗ فِي النَّفْرِ الْاٰخِرِ حَتّٰى نَزَلَ

નથી પઢતી. ફર્માવ્યું, કાંઈ વાંધો નહીં, તું પણ આદમની બેટીઓમાંથી એક છે, જે સૌના માટે મુક઼દ્દર છે તે

الْمُحَصَّبَ وَنَزَلْنَا مَعَهٗ فَدَعَا عَبْدَ الرَّحْمٰنِ بْنَ اَبِيْ بَكْرٍ فَقَالَ اخْرُجْ بِاُخْتِكَ مِنَ

તારા માટે પણ છે, તમે હજ્જ કરો અલ્લાહ ﷻ જલ્દીથી તમને ઉમરા પણ અતા ફર્માવશે. ઉમ્મુલ

**حتیٰ اذا فرغت وفرغ** : ત્યાં સુધી કે જ્યારે હું તથા અબ્દુર્રહમાન તવાફથી ફારિગ થઈ ગયાં. પછી છે કે, હુઝૂરે અક઼દસ ﷺએ પૂછયું, "તમે બંનેવ ફારિગ થઈ ગયાં ?" એનાથી જાહેર છે કે હઝરત અબ્દુર્રહમાન બિન અબૂબક્ર رضی اللہ عنہماએ પણ એ વખતે ઉમરો કર્યો હતો. એનાથી જાહેર થઈ ગયું કે હજ્જથી ફરાગત પછી ઝીલ હજ્જમાં ઉમરો કરવો સહીહ છે.

**હજ્જ પહેલાં ઉમરો** : એક સવાલ એ પેદા થાય છે કે તમત્તુઅવાળો (મુતમત્તેઅ) પોતાના ઉમરાથી ફારિગ થઈને હજ્જથી પહેલાં અધિક ઉમરા કરી શકે છે કે નહીં ? મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ અન્વારુલ બશારત (ફતવા રઝવિય્યહ્, ૪/૪૬૯)માં ફર્માવ્યું, હવે આ સૌ હાજીઓ (ક઼ારિન, મુતમત્તિઅ, મુફરિદ) કોઈપણ હોય કે મિના જવા માટે મક્કા મોઅઝ્ઝમામાં આઠમી તારીખની રાહ જોઈ રહ્યા છે. રોકાણના દિવસોમાં જેટલા પ્રમાણમાં થઈ શકે નર્યો તવાફ ઈસ્તિયાબ તથા રમલ તથા સઈ વિનાનો કરતા રહે. બહારવાળાઓ માટે આ સૌથી બેહતર ઈબાદત છે, અને દરેક સાત ફેરા પર મક઼ામે ઈબ્રાહીમમાં બે રકાત નમાઝ પઢે.

મક઼ામ, એનો તક઼ાઝો હતો કે જો એ વખતે ઉમરાની ઈજાઝત હોત તો તેનો પણ ચોક્કસ ઉલ્લેખ કરત જેમ કે હજ્જથી ફરાગત પછી ખાસ હિદાયત ફર્માવી. (ઉપર મુજબ, પેજ : ૭૦૪) લબાબમાં એ જ છે કે મુતમત્તિઅને

الحرام فلتهل بعمرة ثم افرغا ثم ائتیاھا ھنا فانی انظر کما حتی تاتیانی قالت

મો'મિનીને ફર્માવ્યું, અમે હુઝૂરની સાથે હજ્જમાં નીકળ્યાં. જ્યારે હું મિના પહોંચી તો પાક થઈ ગઈ અને

فخرجنا حتی اذا فرغت وفرغ من الطواف ثم جئته بسحر فقال ھل فرغتم قلت

મિનાથી આવીને બયતુલ્લાહનો તવાફ કર્યો ત્યારબાદ છેલ્લા ગિરોહમાં મિનાથી અમે ચાલ્યાં. હુઝૂર

نعم فاذن بالرحیل فی اصحابہ فارتحل الناس فمر متوجھا الی المدینۃ. قال ابو

મુહસ્સબમાં આવીને ઉતર્યા. અમે પણ હુઝૂરની સાથે ત્યાં ઉતર્યા. હવે અબ્દુર્રહમાન બિન અબૂબક્રને

عبداللہ یفر من ضار یضیر ضیرا ویقال ضار یضور ضورا و ضر یضر ضرا ۔

બોલાવ્યા અને ફર્માવ્યું, તમારી બહેનને હરમથી બહાર લઈ જાવ જેથી ઉમરાનો એહરામ બાંધે. બંનેવ

ઉમરાથી ફારિગ થઈને અહીં આવો, હું તમારી રાહ જોઈશ. ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું, અમે ગયાં. જ્યારે હું

અને તે (અબ્દુર્રહમાન) ઉમરાથી ફારિગ થઈ ગયાં તો સવારના સમયે ખિદમતે અક્દસ ﷺમાં પહોંચ્યા,

તો પૂછ્યું, તમે લોકો ફારિગ થઈ ગયાં ? મેં અર્ઝ કરી, જી હા, તો પોતાના સહાબીઓમાં કૂચનું એલાન

ફર્માવ્યું, લોકોએ કૂચ કરી અને મદીનાની તરફ ચાલ્યા."

*(બુખારી ૧/૨૧૧, ૨૧૨, મનાસિક, ૨/૮૩૨ અઝાહી, મુસ્લિમ–હજ્જ, નિસાઈ–તહારત, ઈબ્ને માજહ–મનાસિક)*

આ દિવસોમાં ઉમરા મના છે, જો કરશે તો દમ વાજિબ થશે, પણ તેને નક્લ કરીને અલ્લામા શામી "મુન્તહતુલ ખાલિક્"માં લખે છે :–

**قال شارحه والظاهرانه يجوز له الاتيان بالعمرة حينئذ لانه غير ممنوع منها لكرهتها فى الازمنت المخصوصة وانما كرهت العمرة للمكى فى اشهر الحج لان الغالب انه يحج فيبقى متمتعا مسيئاً۔**

"લબાબના શારેહે કહ્યું, જાહેર એ છે કે એ દિવસોમાં એણે ઉમરા કરવા જાઈઝ છે કારણ કે ઉમરા (અમુક) ખાસ દિવસોમાં મના છે અને આ દિવસો એમાં નથી. મક્કીને હજ્જના દિવસોમાં ઉમરો એટલા માટે મના છે કે ગાલિબ એ છે કે તે હજ્જ કરશે. જો હજ્જના દિવસોમાં ઉમરો કરશે તો ઘરે જવાને કારણે ઈસાઅતમાં સપડાઈ જશે." *(અલા હામિશ અલ્બહ્ર, ૨/૩૫૯–૬૦)*

અને આ ખાદિમની નજીક પણ એ જ જાહેર છે પણ ઉલમાના ઈખ્તેલાફથી બચવું અવલા બેહતર છે. લગભગ એ જ કારણે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ સુકૂત (મૌન) અપનાવ્યો. સરિફ પહોંચીને જ્યારે હુઝૂરે અક્દસ ﷺએ મઝકૂર એલાન કર્યું તો ઘણાયે સહાબાએ કિરામે આ હજ્જના એહરામને ઉમરાથી બદલી નાખ્યો. એનાથી એક નવી ચર્ચા ખડી થઈ ગઈ કે ઉમરાનો એહરામ બાંધીને તેને હજ્જથી અથવા હજ્જનો બાંધીને તેને ઉમરાથી બદલવો દુરુસ્ત છે. હુઝૂરે અક્દસ ﷺના હુકમથી હુઝૂરની સામે સહાબાએ એવું કર્યું.

જવાબ એ છે કે આ કેવળ તે મુબારક યુગમાં કેવળ હજ્જતુલ વિદાઅના શરીકોના માટે ખાસ હતુ. અબૂ દાઊદ (૧/૨૫૨ મનાસિક), નિસાઈ (૨/૨૨ હજ્જ), (ઈબ્ને માજહ મનાસિક–૨૨૦) છે. બિલાલ બિન હારિષ رضی اللہ عنہ કહે છે કે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હજ્જનું રદ કરવું અમારી સાથે ખાસ છે અથવા હમેશાંના

માટે છે ? ફર્માવ્યું, કેવળ તમારા લોકો માટે ખાસ છે. તેમજ એમાંથી સૈયદોના અબૂઝર رضی اللہ عنہથી રિવાયત છે કે તેમણે ફર્માવ્યું, હજ્જ રદ કરીને ઉમરો કરવો તે જ લોકો માટે ખાસ છે, જેઓ રસૂલુલ્લાહ ﷺની સાથે હતા.

**પ્રકરણની સ્પષ્ટતા** : અહીં પ્રકરણનું હેડિંગ આ છે, "તમત્તુઅ, કિ઼રાન અને એકલી (મુન્ફરિદ) હજ્જ કરનાર તથા જેની પાસે કુર્બાનીનાં જાનવર ન હોય તેમને હજ્જ ફસ્ખ (રદ) કરવાનો હુકમ." હજ્જ કરવાની ચાર સ્થિતિઓ છે : **ઈફરાદ** : એટલે મીકા઼તથી ફક્ત હજ્જનો એહરામ બાંધવામાં આવે. આ હજ્જ કરનારને "મુફરિદ" કહે છે. મુફરિદ મક્કા મુઅઝ્ઝમા પહોંચીને હજ્જના માટે તવાફે કુદૂમ તથા સઈ કરશે અને એહરામની સાથે રહેશે, ત્યાં સુધી કે દસમીના રમી કરી લે. તેની સાથે કુર્બાનીનાં જાનવર હોય કે ન હોય, બંને સ્થિતિમાં હુકમ એક જ છે. બીજી, **"કિ઼રાન"** એટલે મીકા઼તથી હજ્જની સાથે ઉમરાનો પણ એહરામ બાંધે. આ રીતે હજ્જ કરનારાને "કા઼રિન" કહે છે. કા઼રિન મક્કા મોઅઝ્ઝમા હાજર થઈને પ્રથમ ઉમરા કરશે પછી હજ્જના માટે તવાફે કુદૂમ અને સઈ કરશે, એનો ઉમરો અદા થઈ ગયો. પણ કેમ કે હજ્જ બાકી છે એટલે એ પણ એહરામની સાથે રહેશે. અને ઐયામે નહ્રમાં કુર્બાની વાજિબ નથી પણ કા઼રિન પર વાજિબ છે. ત્રીજી **"તમત્તુઅ"** : એટલે હજ્જના મહિનાઓમાં મીકા઼તથી કેવળ ઉમરાનો એહરામ બાંધવો અને એ જ વરસે હજ્જ કરવો. હજ્જના માટે આઠમી ઝિલ હજ્જે હરમથી એહરામ બાંધવો. આવા હાજીને "મુતમત્તિઅ" કહે છે. અને જો તેની સાથે કુર્બાનીનાં જાનવર નથી તો ઉમરાથી ફારિગ થતાં જ એહરામ ખોલી નાખે અને આઠ સુધી એહરામ વિના રહે, આઠે હજ્જનો એહરામ બાંધે. એના પર પણ કુર્બાની વાજિબ છે. ચોથી, તે **મુતમત્તેઅ** જેની સાથે કુર્બાનીનું જાનવર હોય, તે ઉમરાથી ફારિગ થયા બાદ પણ એહરામ સાથે રહેશે અને કુર્બાની કર્યા બાદ એહરામથી ફારિગ થશે.

આ પ્રકરણથી ઈમામ બુખારી એ ફાયદો કરવા ચાહે છે કે હજ્જની ચારેવ સ્થિતિઓ જાઈઝ છે કે નહીં ? અથવા અમુક જાઈઝ છે અમુક મના ? આદત મુજબ ઈમામ બુખારીએ પોતાની કોઈ રાય પ્રદર્શિત ન કરી. એના હેઠળ જે હદીષો લાવ્યા છે એનાથી એ પ્રતિત થાય છે કે તે આ ચારેવ સ્થિતિઓને જાઈઝ માને છે. આ ચારેવ તરીકા઼ના જવાઝ (જાઈઝ હોવા) પર ચારેવ ઈમામોનો ઈત્તેફાક઼ (સહમતિ) છે, અલ્બત્ત અફઝલિયતમાં મતભેદ છે. આપણી નજીક કિ઼રાન, તમત્તુઅ તથા ઈફરાદ અફઝલ છે. એટલા માટે કે હુઝૂર ﷺએ કિ઼રાન કર્યો હતો જેવું કે ઈમામ ઈબ્ને હુમામે ફત્હુલ કદીરમાં સાબિત કર્યું છે, તેમજ એમાં બે ઈબાદતોને ભેગું કરવું છે. ઈમામ શાફઈ رضی اللہ عنہ ઈફરાદને બંને કરતાં અફઝલ માને છે. અમુક હદીષોથી એ જ જાહેર થાય છે કે હુઝૂરે અક઼દસ ﷺએ ઈફરાદ જ કર્યો હતો. ઈમામ માલિક رضی اللہ عنہની નજીક તમત્તુઅ અફઝલ છે. એટલા માટે કે તમત્તુઅનું વર્ણન કુર્આન મજીદમાં છે. ઈર્શાદ છે : **فَمَنْ تَمَتَّعَ بِالْعُمْرَةِ اِلَى الْحَجِّ** "જે શખ્સ હજ્જ કરવા સુધી ઉમરાથી ફાયદો હાંસલ કરે."

પ્રકરણનો બીજો ભાગ આ છે : જેની સાથે કુર્બાનીનાં જાનવર હોય એનું હજ્જને ફસ્ખ (રદ) કરવું એટલે હજ્જને ઉમરામાં બદલવું. આ કેવળ હજ્જતુલ વિદાઅમાં શરીક થયેલાઓના માટે હતું જેવું કે વર્ણન થઈ ચૂક્યું, હવે જાઈઝ નથી. પણ કેમ કે હદીષોમાં એનું વર્ણન છે જેથી ઈમામ બુખારીએ એની નિસ્બતથી પ્રકરણ રચ્યું.

حدیث ۹۳۰ عن الأسود عن عائشة رضي الله تعالى عنها قالت خرجنا مع

''અસ્વદે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત કરી. તેમણે ફર્માવ્યું, **[હદીષ : ૯૩૦]**

النبي صلى الله تعالى عليه وسلم ولا نرى الا انه الحج فلما قدمنا تطوفنا بالبيت فأمر

અમે નબી ﷺની સાથે નીકળ્યાં. અમે એવું જ જાણતાં હતાં કે આ હજ્જ છે. જ્યારે મક્કા આવ્યાં તો અમે

النبي صلى الله تعالى عليه وسلم من لم يكن ساق الهدي ان يحل فحل من لم يكن

લોકોએ તવાફ કર્યો. નબી ﷺએ હુકમ આપ્યો, જે કુર્બાનીનાં જાનવર સાથે ન લાવ્યો હોય તે એહરામ ખોલી

ساق الهدي ونساءه لم يسقن فأحللن قالت عائشة فحضت فلم اطف بالبيت

નાખે. એવા લોકોએ એહરામ ખોલી નાખ્યો. અઝવાજે મુતહ્હરાત કુર્બાનીનાં જાનવર ન લાવ્યાં હતાં એટલા

فلما كانت ليلة الحصبة قلت يا رسول الله يرجع الناس بعمرة وحجة وارجع انا

માટે એમણે પણ એહરામ ખોલી નાખ્યો. હઝરત આઈશા رضی اللہ عنہا એ કહ્યું, મને હૈઝ આવી ગયું હતું એટલા માટે

بحجة قال وما طفت ليالي قدمنا مكة قلت لا قال فاذهبي مع اخيك الى التنعيم

મેં બયતુલ્લાહનો તવાફ ન કર્યો. જ્યારે લૈલતુલ હસ્બા આવી તો મેં અર્ઝ કરી, સર્વ લોકો હજ્જ તથા ઉમરાની

## સમજૂતી : ૯૩૦

**لا نرىٰ الا انه الحج** : એનાથી જાહેર થાય છે કે ઝુલ હુલયફામાં કેવળ હજ્જનો એહરામ બાંધ્યો હતો, સરિફ પહોંચીને જ્યારે હુઝૂર ﷺએ આ હુકમ આપ્યો કે જેની સાથે હદી (કુર્બાનીનું જાનવર) ન હોય તે એને ઉમરો કરી આપે અને તવાફ તથા સઈ બાદ એહરામ ખોલી નાખે. અને જેની સાથે કુર્બાનીનાં જાનવર હોય તે એહરામ ન ખોલે. ઉમ્મહાતુલ મો'મિનીનની સાથે કુર્બાનીનાં જાનવર ન હતાં એટલા માટે તેમણે પણ ઉમરા કરી લીધા. એનાથી જાહેર છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاએ પણ ઉમરાની નિય્યત કરી લીધી પણ હૈઝ આવી જવાથી તેને રદ કરવો પડયો.

ભાગ–૨, પેજ–૨૩૮ (ગુજરાતી પેજ–૨૧૬) પર અમે જે લખ્યું છે એનો ફાયદો એ છે કે ઉમ્મુલ મો'મિનીને ઝુલ હુલયફાથી જ ઉમરાનો એહરામ બાંધ્યો હતો પણ જેવું કે અમે હમણા કાસિમ ઈબ્ને મુહમ્મદની રિવાયત હેઠળ દર્શાવી ચૂક્યા કે હુઝૂરે અકદસ ﷺએ સરિફ પહોંચીને તે એલાન કર્યુ.

આ એલાનથી પહેલાં સૌનો એહરામ હજ્જનો હતો, આ એલાનની સાથે જેમની પાસે હદી ન હતી તેમણે ઉમરાની નિય્યત કરી લીધી અને ઉમ્મુલ મો'મિનીને પણ એ જ કર્યું કે કેવળ ઉમરાનો એહરામ બાંધ્યો જેને ઉઝ્રના કારણે અદા ન કરી શક્યાં. અને એને ખોલીને ફરી હજ્જનો એહરામ બાંધ્યો. હજી પણ હઝરત ઉમ્મુલ મો'મિનીન મુતમત્તેઅ જ રહ્યાં.

**વર્ગીકરણ** : હઝરત ઉરવાથી હઝરત ઉમ્મુલ મો'મિનીનની જે હદીષ રિવાયત થઈ છે તેમાં આ શબ્દો છે : **فمنا من اهل بعمرة و من من اهل بحج وعمرة ومنا من اهل الحج** ''અમારામાંથી કેટલાક લોકોએ કેવળ

فَاَهِلِّی بِعُمْرَۃٍ ثُمَّ مَوْعِدُکِ کَذَا وَکَذَا وَقَالَتْ صَفِیَّۃُ مَا اُرَانِی اِلَّا حَابِسَتَکُمْ فَقَالَ عَقْرٰی

સાથે પરત થઈ રહ્યા છે અને હું કેવળ હજ્જની સાથે ! તો ફર્માવ્યું, જ્યારે આપણે મક્કા આવ્યાં હતાં ત્યારે તમે

حَلْقٰی اَوَمَا طُفْتِ یَوْمَ النَّحْرِ قَالَتْ قُلْتُ بَلٰی قَالَ لَا بَاْسَ اِنْفِرِیْ قَالَتْ عَائِشَۃُ فَلَقِیَنِی

તવાફ ન કર્યો હતો ? મેં અર્ઝ કરી, ના ! ફર્માવ્યું, તમારા ભાઈની સાથે જઈને ઉમરાનો એહરામ બાંધો પછી

النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ وَھُوَ مُصْعِدٌ مِّنْ مَّکَّۃَ وَاَنَا مُنْھَبِطَۃٌ عَلَیْھَا اَوْ اَنَا

ફલાણી ફલાણી જગાએ મળજો. અને સફિય્યાએ કહ્યું, હું એ હાલમાં છું કે આપ લોકોને રોકનારી છું. ફર્માવ્યું,

مُصْعِدَۃٌ وَھُوَ مُنْھَبِطٌ مِّنْھَا۔ ؎

عقری حلقی શું યૌમે નહરે તવાફ ન કર્યો હતો ? તેમણે કહ્યું, કરી લીધો હતો. કાંઈ વાંધો નથી, કૂચ કરો. જ્યારે

હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, મારાથી નબી ﷺની મુલાકાત એ હાલતમાં થઈ કે હુઝૂર મક્કાથી ઉપર

ચઢી રહ્યા હતા અને હું ઉતરી રહી હતી. અથવા હું ચઢી રહી હતી અને હુઝૂર ઉતરી રહ્યા હતા."

(બુખારી ૧/૨૧૨, ૨૩૭, મનાસિક, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ : હજ્જ, મુસ્નદે ઈમામ અહમદ, ૬/૧૨૨)

ઉમરાનો એહરામ બાંધ્યો અને કેટલાક લોકોએ હજ્જ તથા ઉમરા બંનેનો અને કેટલાક લોકોએ કેવળ હજ્જનો." અમુકમાં છે : فاهللنا بعمرة "અમે ઉમરાનો એહરામ બાંધ્યો." અમુકમાં છે : اهللت مع رسول الله ﷺ في حجة الوداع فكنت ممن تمتع "હજ્જતુલ વિદાઅમાં અમે રસૂલુલ્લાહ ﷺની સાથે એહરામ બાંધ્યો. મેં તમત્તોઅ કર્યો હતો." અને હઝરત ક઼ાસિમની રિવાયતમાં છે : لا نرىٰ الا انه الحج۔ "અમે એ જ જાણતા હતા કે આ હજ્જ છે." અને એવું જ અસ્વદની પણ રિવાયતમાં છે. હઝરત ક઼ાસિમની રિવાયતમાં બાદમાં છે કે, "સરિફ પહોંચીને હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું, જેની સાથે હદી ન હોય અને તે પસંદ કરે તો તેને ઉમરો કરી આપે અને જેની સાથે હદી હોય તે ન કરે." હઝરત ઉરવાની હદીષથી જણાય છે કે ઝુલ હુલયફાથી જ અમુક લોકોએ ઉમરાનો પણ એહરામ બાંધી લીધો હતો. અને હઝરત ક઼ાસિમ અને હઝરત અસ્વદની હદીષોથી માલૂમ પડે છે કે ઝુલ હુલયફામાં સૌએ કેવળ હજ્જનો એહરામ બાંધ્યો હતો સરફ પહોંચીને હુઝૂરે તેને ઉમરાથી બદલવાનો હુકમ આપ્યો.

આ ટકરાવના બે ખુલાસા છે : એક એ કે થયું એવું જ કે ઝુલ હુલયફામાં સૌએ કેવળ હજ્જનો એહરામ બાંધ્યો અને સરિફ પહોંચ્યા બાદ હુઝૂરના હુકમથી તેને અમુક લોકોએ ઉમરામાં ફેરવી કાઢયો એમાં ઉમ્મુલ મો'મિનીન પણ હતાં. આખરમાં કેમ કે કેટલાક લોકોએ હજ્જને ઉમરામાં બદલી કાઢયો, કેટલાક લોકોએ હજ્જની સાથે ઉમરાને સામેલ કરી લીધો, કેટલાક લોકોએ હજ્જ જ બાકી રહેવા દીધો, અને ઉમ્મુલ મો'મિનીને પણ ઉમરાથી બદલી નાખ્યો હતો. પ્રસંગના પરિણામની પરિસ્થિતિ વર્ણવતાં એ ફર્માવ્યું જે હઝરત ઉરવાની હદીષમાં છે. એ રિવાયતમાં ક્યાંય વર્ણન નથી કે ઝુલ હુલયફાથી જ અમે આવું કર્યું હતું. જેથી હવે એ હઝરત ક઼ાસિમની રિવાયતથી ટકરાવવાળી ન રહી કે અમે જ્યારે મદીનાથી નીકળ્યા હતા તો કેવળ હજ્જ જાણતા હતા. બીજુ એ કે જ્યારે મદીનાથી નીકળ્યા હતા તો કેવળ હજ્જ જાણતા હતા અને કેવળ હજ્જનો જ ઈરાદો હતો કેમ કે જાહિલિયતના સમયમાં હજ્જના દિવસોમાં ઉમરાને સખત બુરો જાણતા હતા. પણ જ્યારે ઝુલ હુલયમાં પહોંચ્યા અને હુઝૂરે એ એલાન કર્યું તો ઝુલ હુલયફાથી જ એ હાલ હતો કે કેટલાક લોકોએ હજ્જ તથા ઉમરા બંનેનો અને કેટલાક

حدیث ۹۳۱ عَنْ عَلِيِّ بْنِ حُسَيْنٍ عَنْ مَرْوَانَ بْنِ الْحَكَمِ قَالَ شَهِدْتُ عُثْمَانَ وَ

''અલી ઈબ્ને હુસૈન મરવાન ઈબ્ને હકમથી રિવાયત કરે છે કે તેણે કહ્યું, હું ઉષ્માન અને [હદીષ : ૯૩૧]

عَلِيًّا وَّ عُثْمَانُ يَنْهٰى عَنِ الْمُتْعَةِ وَ اَنْ يُّجْمَعَ بَيْنَهُمَا فَلَمَّا رَاٰى عَلِيٌّ اَهَلَّ بِهِمَا لَبَّيْكَ

અલીની પાસે હાજર થયો અને ઉષ્માને મોતઆથી અને બ્હજ્જ તથા ઉમરાને એક સાથે ભેગા કરવાથી મના

લોકોએ કેવળ હજ્જનો અને કેટલાક લોકોએ કેવળ ઉમરાનો એહરામ બાંધ્યો હતો. એનું સમર્થન હઝરત ઉમર رضی اللہ عنہની આ હદીષથી થાય છે જેમાં એવું વર્ણન થયેલ છે કે વાદીયે અક઼ીક઼માં હુઝૂર ﷺને હુકમ થયો કે ફર્માવો : **حجة فی عمرة** હવે સરિફ પહોંચીને ફર્માવ્યું કે જેણે કેવળ હજ્જનો એહરામ બાંધ્યો અને તેની સાથે કુર્બાનીનાં જાનવર નથી તે એને ઉમરાથી બદલી નાખે. એનો સાર એ નીકળ્યો કે આ હુકમ કેવળ તે લોકો માટે હતો જેમણે મીક઼ાતથી ફક્ત હજ્જનો એહરામ બાંધ્યો હતો.

**وقد بقی الخبایا فی زوایا الکلام وانی لست بصدد طول الکلام والعلم بالحق عند الملك المنعام العلام جل مجده**

**تطوفنا** : એનાથી મુરાદ હુઝૂરે અક઼દસ ﷺ અને સહાબાએ કિરામ છે, ખૂદ ઉમ્મુલ મો'મિનીન મુરાદ નથી. કેમ કે તે હૈઝના કારણે તવાફ કરી શકતાં ન હતાં. જેવું કે આગળ ખૂદ જ ફર્માવ્યું, **فحضت ولم اطف بالبیت** ''મને હૈઝ આવી ગયું હતું અને મેં બયતુલ્લાહનો તવાફ ન કર્યો.''

**الی التنعیم** જે લોકો મક્કા મોઅઝ્ઝમાના રહેવાસી હોય અથવા મક્કા મોઅઝ્ઝમામાં મુક઼ીમ હોય તેમના માટે અફઝલ એ છે કે તન્ઈમથી ઉમરાનો એહરામ બાંધે, એટલા માટે કે હુઝૂરે અક઼દસ ﷺએ હઝરત ઉમ્મુલ મો'મિનીનને એનો હુકમ આપ્યો, અને એમાં આસાની પણ છે કેમ કે આ હરમની સૌથી નજીકની હદ છે. હુઝૂરે અક઼દસ ﷺએ જિઈર્રાનાથી ઉમરો કર્યો છે, ત્યાંથી કરે તો પણ બેહતર છે. **ما ارانی الا حابستکم**

**ما ارانی الا حابستکم** : હજ્જથી ફારિગ થયા પછી તવાફે વિદાઅ કરતાં પહેલાં હઝરત સફિય્યાને હૈઝ આવી ગયું. એના પર એમણે આ પ્રમાણે કહ્યું, હું એ હાલમાં છું જેનાથી મારું ગુમાન છે કે તમને હઝરાતને કેટલાક દિવસો માટી રોકી દઉં, મેં તવાફે વિદાઅ નથી કર્યો, તો જ્યાં સુધી પાક થઈને તવાફે વિદાઅ ન કરી લઈશ ત્યાં સુધી તમારે લોકોએ મારા કારણે રોકાવું પડશે ! બીજી રિવાયતમાં એ છે કે હુઝૂરે અક઼દસ ﷺએ એવું ફર્માવ્યું, **انك حابستنا** તું અમને રોકવા ચાહે છે !

એનાથી સાબિત થયું કે તવાફે વિદાઅ વાજિબ છે. જો વાજિબ ન હોત તો એ ગુમાન સહીહ ન થાત કે એ તવાફના માટે રોકાવું પડશે. એનાથી જાણવા મળ્યું કે વાજિબ તથા ક઼તઈ હરામમાં ટકરાવ થાય તો ક઼તઈ હરામને અગ્રતા અપાશે, કેમ કે જલબે મનાફેઅ પર દફએ ઝરર અગ્રતા ધરાવે છે. એનાથી એ પણ માલૂમ પડ્યું કે મામૂર તથા મમનૂઅમાં (જે ચીજનો હુકમ થયો તથા જેનાથી રોકવામાં આવ્યા) જો ટકરાવ થાય તો એમનામાં જે અધિક મજબૂત હશે તેને અગ્રતા આપવામાં આવશે, અને સમાન હોય તો મમ્નૂઅને અગ્રતા આપવામાં આવશે.

**સમજૂતી : ૯૩૧** હઝરત ઉષ્માન رضی اللہ عنہ તમત્તુઅથી મના કરતા હતા. તેમની રાય એ હતી કે હુઝૂરે અક઼દસ ﷺના મુબારક સમયમાં તમત્તુઅની ઈજાઝત એટલા માટે હતી કે હજી અરબો તરફથી સંપૂર્ણ સંતોષ ન હતો. અને અંદેશો હતો તેઓ એકલ દોકલ અથવા નાના કાફલા પર હુમ્લો ન કરી આપે. આ અંદેશાનું સમર્થન એનાથી પણ થાય છે કે હુઝૂરે અક઼દસ ﷺના વિસાલ બાદ જ કેટલાય અઅરાબીઓ મુર્તદ થઈ ગયા.

بِعُمْرَةٍ وَّ حَجَّةٍ قَالَ مَا كُنْتُ لِاَدَعَ سُنَّةَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لِقَوْلِ اَحَدٍ

ફર્માવતા હતા. જ્યારે અલીએ એ જોયું તો બંનેનો (સાથે સાથે) એહરામ બાંધ્યો અને

لا نری الا انه الحج કહ્યું. અને કહ્યું, હું નબી ﷺની સુન્નત કોઈના કહેવાથી છોડીશ નહીં."

(બુખારી ૧/૨૧૨ મનાસિક, મુસ્લિમ શરીફ, નિસાઈ–હજ્જ, દારમી–મનાસિક, મુસ્નદે ઈમામ અહમદ ૧/૧૨૬)

حدیث ۹۳۲ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ كَانُوْا يَرَوْنَ

[હદીષ : ૯૩૨] "હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, જાહિલિયતના (ઈસ્લામ પહેલાંના) લોકો

اَنَّ الْعُمْرَةَ فِيْ اَشْهُرِ الْحَجِّ اَفْجَرُ الْفُجُوْرِ فِي الْاَرْضِ وَيَجْعَلُوْنَ الْمُحَرَّمَ صَفَرًا وَيَقُوْلُوْنَ

એવો અકીદો રાખતા હતા, હજ્જના મહિનાઓમાં ઉમરા જમીનની બુરાઈઓમાંથી સૌથી મોટી બુરાઈ છે,

اِذَا بَرَءَ الدَّبَرْ وَعَفَا الْاَثَرْ وَانْسَلَخَ صَفَرْ حَلَّتِ الْعُمْرَةُ لِمَنِ اعْتَمَرْ قَدِمَ النَّبِيُّ صَلَّى

અને મુહર્રમને પણ સફર બનાવી લેતા હતા, અને કહેતા હતા, જ્યારે ઊંટની પીઠનો ઝખમ સારો થઈ જાય

હજ્જના માટે મોટા મોટા કાફલા ચાલે છે તે પણ હજ્જના દિવસોમાં જે જે હજ્જના દિવસો છે એટલા માટે હજ્જના સફરમાં ખતરાઓ નથી. ઉમરા જો હજ્જની સાથે ન કરત તો તેના માટે બીજા દિવસોમાં સફર કરવી પડત જે ખતરાથી ખાલી ન હતું. આ હઝરત ઉષ્માનનો ઈજતેહાદ હતો, નહીં તો હકીકતમાં એ વાત ન હતી. ઈબ્ને માજહ (મનાસિક–૨૨૦)માં છે કે હઝરત સુરાકાએ જ્યારે પૂછયું કે અમારો મોતઆ એટલે તમત્તુઅ આ જ વરસ માટે છે કે હમેશાં માટે છે ? તો ફર્માવ્યું, નહીં ! હમેશાંના માટે છે. તેમજ મુસ્લિમ (હજ્જ–૩૯૬)માં હઝરત જાબિર رضی اللہ عنہની હદીષમાં છે : **دخلت العمرة فی الحج مرتین لابل لا بد الا ید** "હુઝૂરે અકદસ ﷺએ બે વાર ફર્માવ્યું, "ઉમરો હજ્જમાં હમેશાં હમેશાં માટે દાખલ થઈ ગયો."

## સમજૂતી : ૯૩૨

**المحرم صفر** : જાહિલિયતના લોકોની આદત હતી કે કદી કદી મુહર્રમને બદલે સફરને શહરે હરામ (જે મહિનામાં લડાઈ કરવી હરામ તે) કહી આપતા. કેમ કે તેમનો સામાન્ય ધંધો લૂટમારનો હતો એના પર એમનો ગુજારો થતો, એટલા માટે તેમને એ ભારે પડતુ કે સતત ત્રણ મહિના બેસી રહે. એને કુર્આને મજીદે نَسِیٌّ કહ્યું છે. ઈર્શાદ છે : **انما النسیٌّ زیادة فی الکفر** "નસીઅ" કુફ્રમાં વધારો છે. એક કૌલ એ પણ છે કે જેમ કે હિંદુસ્તાનમાં જ્યોતિષો દરેક ત્રણ વરસ બાદ લુંદ લગાડે (અધિક માસ કરે) છે, એ જ પ્રમાણે જાહિલિયતના જમાનામાં પણ દરેક ચોથા વરસને તેર મહિનાનું કરી આપતા હતા અને એ વધારાના મહિનાનું નામ બીજો સફર રાખતા હતા, એ જ "નસીઅ" હતી. એના કારણે કમરી (ચાંદ પર ગણત્રીવાળાં) તથા શમ્સી (સૂર્ય પર ગણત્રીવાળાં) વરસોમાં મેળાપ થઈ જતો હતો.

એનો સબબ એ છે કે ચાંદ પ્રમાણે (કમરી) વરસ ૩૫૫ દિવસનું હોય છે. અને સૂર્ય પ્રમાણે (શમ્સી) વરસ ૩૬૫ દિવસનું હોય છે. દર વર્ષે કમરી સાલમાં લગભગ દસ દિવસ ઘટે છે. ત્રણ વરસમાં એક મહિનો ઓછો થઈ જાય છે. ચોથુ વરસ જ્યારે તેર મહિનાનું કરી દેવામાં આવે તો બંને વરસો સરખાં થઈ જાય છે. દા.ત. કમરી હિ.સ. ૧૪૦૭ના શાબાન અને ઈ.સ. ૧૯૮૭ના એપ્રિલની પ્રથમ તારીખ એક જ દિવસ બુધવારે હતી અને

اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ وَاَصْحَابُہٗ صَبِیْحَۃَ رَابِعَۃٍ مُّھِلِّیْنَ بِالْحَجِّ فَاَمَرَھُمْ اَنْ یَّجْعَلُوْھَا

*અને નિશાન નષ્ટ થઈ જાય અને સફર ખત્મ થઈ જાય તો ઉમરો કરવાવાળાના માટે ઉમરો જાઈઝ થશે.*

عُمْرَۃً فَتَعَاظَمَ ذَالِکَ عِنْدَھُمْ فَقَالُوْا یَارَسُوْلَ اللّٰہِ اَیُّ الْحِلِّ قَالَ حِلٌّ کُلُّہٗ، ع

*નબી ﷺ તથા સહાબા ચાર ઝીલ હજ્જની સવારે મક્કા મોઅઝ્ઝમા હજ્જનો અહેરામ બાંધેલા આવ્યા,*

*તો હુઝૂરે સહાબાને હુકમ આપ્યો કે તેને ઉમરા કરી આપો. તે એ લોકોને અઘરુ લાગ્યું અને કહ્યું, યા*

*રસૂલલ્લાહ ! ﷺ કેટલી ચીજો હલાલ છે ? ફર્માવ્યું, સર્વ ચીજો હલાલ છે."*

*(બુખારી ૧/૨૧૨ મનાસિક, ૧/૫૪૦ ઐયામુલ જાહિલિય્યહ, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ–મનાસિક, મુસ્નદે ઈમામ અહમદ, ૧/૨૫૨)*

હિ.સ. ૧૪૦૮ના શાબાનની પહેલી તારીખ દસ દિવસ પહેલાં એટલે ૨૧ માર્ચ ઈ.સ. ૧૯૮૮ના રોજ થઈ અને આ વર્ષે (૧૯૮૯માં) પ્રથમ શાબાન દસ માર્ચે છે અને આવતા વર્ષે હિ.સ. ૧૪૧૦ની પ્રથમ શાબાન ૨૮ કે ૨૭ ફેબ્રુઆરીએ થશે. આ ત્રણ વરસો થયાં. આ ત્રણેવ વરસોમાં ક઼મરી વરસ શમ્સી વરસથી એક મહિનો ઘટી જશે. હવે જો કોઈ ક઼મરી મહિનાને દા.ત. શાબાનને બે કરી દેવામાં આવે તો ફરી પ્રથમ શાબાન પ્રથમ એપ્રિલે થઈ જશે. અને બંનેમાં સરખાપણુ થઈ જશે. અમુક ઉલમાએ કહ્યું કે જાહિલિયતના જમાનામાં જે "નસીઅ"નો રિવાજ હતો તે આ જ હતો. જેમ કે હિંદુસ્તાનમાં "અધિક માસ" છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**"નસીઅ" (અધિક માસ)નું નુકસાન** : પૂરા અરબ દેશનો દસ્તૂર હતો કે શહરે હરામમાં લડાઈ અને લૂંટમાર બંધ રાખતા. શહરે હરામ (એહતેરામવાળા મહિના)માં લડાઈ, મારપીટ સખ્ત અયબદાર હતી, ત્યાં સુધી કે જ્યારે હઝરત અબ્દુલ્લાહ બિન જહશ رضی اللہ عنہએ નખલાના બનાવમાં કુરૈશના કાફલા પર હુમ્લો કરીને તેમના માલોને ગનીમત બનાવ્યો અને અમ્ર બિન હઝરમીને ક઼ત્લ કર્યો અને મુગીરાના પૌત્રા ઉષ્માન તથા નૌફલને પકડી લીધા. કેમ કે આ બનાવ ૩ રજબ હિ.સ. ૨ના રોજ થયો હતો. એ વરસે ૨૯મીએ રૂયત (ચંદ્ર દર્શન) થઈ ગઈ હતી જેનો ઈલ્મ હઝરત અબ્દુલ્લાહ બિન જહશને ન હતો. રજબ શહરે હરામ (એહતેરામવાળા મહિનાઓ)માંથી છે. તો કુરૈશે આસ્માન માથે ઉઠાવી લીધું કે શહરે હરામની બેઅદબી કરી. કુરૈશ તો કુરૈશ મદીના તય્યબાહમાં મુસલમાનોએ હઝરત અબ્દુલ્લાહ બિન જહશને કહ્યું, તમે શહરે હરામમાં લડાઈ કરી. (તબરી–૧૨૭૫) જેના જવાબમાં કુર્આન મજીદની આ આયતે કરીમા નાઝિલ થઈ :–

**يسئلونك عن الشهر الحرام قتال فيه قل قتال فيه كبير و صد عن سبيل الله و كفر به و المسجد الحرام و اخراج اهله منه اكبر عند الله و الفتنة اكبر من القتل۔** (سورہ بقرہ ۲۱۷)

"તમને શહરે હરામમાં લડાઈના બારામાં લોકો પૂછે છે, ફર્માવી આપો, એમાં લડાઈ મોટો (ગુનોહ) છે અને અલ્લાહની રાહ તથા મસ્જિદે હરામથી રોકવું છે અને અલ્લાહની સાથે કુફ્ર છે. (પણ) મસ્જિદે હરામના રહેવાસીઓને મસ્જિદે હરામથી કાઢવું અલ્લાહની નજીક એનાથી પણ મોટો (ગુનોહ) છે અને ફિત્નો ક઼ત્લથી મોટો છે." *(બક઼રહ, આયત : ૩૧૭)*

હજ્જના દિવસોમાં ઝી ક઼અદા, ઝીલ હજ્જ, મુહર્રમ ત્રણ મહિના શહરે હરામ પડતા હતા. આખુ અરબ આ ત્રણ મહિનાઓમાં બેખૌફ થઈને ઈત્મિનાનથી ઘરોમાં રહેતુ હતું અથવા ક્યાંક જવાનુ થતુ તો આવજા કરતા. પરંતુ એ લૂટમારના આદીઓને ત્રણ મહિના નચિંત બેઠા રહેવું અઘરુ પડતુ તો જ્યારે જીવમાં આવતુ મુહર્રમને બદલે સફરને શહરે હરામ કરી આપતા, અને મુહર્રમમાં લૂટફાટ કરવા માંડતા. એવું પણ બનતુ કે ઘણા લોકોને

حديث [હદીષ : ૯૩૩] عَنْ حَفْصَةَ زَوْجِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنَّهَا قَالَتْ يَا رَسُوْلَ اللّٰهِ مَا شَانُ

ઉમ્મુલ મો'મિનીન હઝરત હફ્સા رضی اللہ عنہا નબી કરીમ صلی اللہ علیہ وسلم નાં બીવીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું વાત

النَّاسِ حَلُّوْا بِالْعُمْرَةِ وَلَمْ تَحْلِلْ اَنْتَ مِنْ عُمْرَتِكَ قَالَ اِنِّيْ لَبَّدْتُ رَاسِيْ وَقَلَّدْتُ

છે કે લોકોએ ઉમરા કરી એહરામ ખોલી નાખ્યો અને હુઝૂરે પોતાના ઉમરાનો ન ખોલ્યો ? ફર્માવ્યું, મેં મારા

هَدْيِيْ فَلَا اَحِلُّ حَتّٰى اَنْحَرَ ، ع

વાળ જમાવી લીધા છે અને કુર્બાનીનાં જાનવરોના ગળામાં પટ્ટા નાખી દીધા છે, એટલા માટે હું જ્યાં સુધી કુર્બાની ન કરી લઉં ત્યાં સુધી એહરામ નહીં ખોલું. (બુખારી–૨૧૩, ૨૩૦, ૨૩૩ : મનાસિક, ૨/૬૩૧ મગાઝી, ૮૭૭–લિબાસ, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ–મનાસિક, મુસ્નદે ઈમામ અહમદ, ૬/૨૮૩)

''નસીઅ''ની ખબર ન પડતી અને તેઓ સુરક્ષાના ડગલાં ભરવાની જરૂરત ન હોવાનું સમજીને ગાફેલ રહેતા અને લૂટમારનું નિશાન બનતા. ઘણા લોકો પહેલેથી પ્રોગ્રામ બનાવીને રાખતા કે મુહર્રમમાં ફલાણી જગાએ જઈશું અને ક્યાંક જતા તો મુહર્રમમાં પરત થવાનો ઈરાદો રાખતા, એવા લોકો આ લૂટારાઓના દાવમાં આવી જતા. એટલા માટે કુર્આન મજીદે ખૂબ જ સખ્તીની સાથે ''નસીઅ''નો રદિયો આપ્યો અને તેને કુફ્રમાં વધારો અને તેને ગુમરાહીપણુ ઠરાવ્યું.

**હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم એ કિ઼રાન કર્યો હતો** : હઝરત જાબિર رضی اللہ عنہ ની તે હદીષ જે બાબે ઉમરતુત્તન્ઈમમાં વિગતે વર્ણન પામેલ છે એની દલીલ એ છે કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم એ કિ઼રાન કર્યો હતો કેમ કે એમાં આ ઈર્શાદ વર્ણન થયેલ છે : **لو استقبلت من امری ما استدبرت ما اهديت و لو لا معی الهدی لاحللت** ''જે વાત બાદમાં મારી સામે આવી તો જો પહેલાં આવી હોત તો હું કુર્બાનીનાં જાનવર સાથે ન લાવતો અને એહરામ ખોલી નાખતો.'' આ ઈર્શાદથી એ જાહેર છે કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم એ મક્કા મોઅઝ્ઝમા પહોંચીને જે તવાફ તથા સઈ કરી હતી તે ઉમરાની કરી હતી, હજ્જની ન હતી, નહીં તો એહરામ ખોલવો કેવી રીતે દુરુસ્ત થાત. એનાથી લાઝિમ થયું કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم એ એનાથી પહેલાં ઉમરાની નિય્યત કરી લીધી હતી. અને સર્વ રિવાયતો એના પર સહમત છે કે ઝુલ હુલયફામાં હજ્જનો એહરામ જરૂર બાંધ્યો હતો. તેમજ એનાથી પણ જાહેર છે કે કોઈ રિવાયતમાં એ વર્ણન નથી કે મિના જતા પહેલાં એહરામ બાંધ્યો હોય. હઝરત સૈયદોના ઉમર ફારૂક઼ رضی اللہ عنہ ની હદીષ જેમાં વર્ણન છે કે ફરિશ્તાએ વાદીએ અકી઼ક઼માં આવીને આ અર્ઝ કરી : **قل عمرة فی حجة** થી ક઼તઈ તૌર પર સાબિત કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم એ ઝુલ હુલયફામાં જ ઉમરા તથા હજ્જ બંનેનો એહરામ બાંધ્યો હતો., એ જ કિ઼રાન છે. અને સહાબાએ કિરામને ઉમરા કરીને ફરાગતનો જે હુકમ આપ્યો હતો એનાથી જાહેર છે કે આમ સહાબાએ કિરામે તમત્તુઅ કર્યો હતો, અને ફરાગતનો જે હુકમ સુધારણાના ઈરાદાથી હતો કે જાહિલિયતના જમાનાની જે માન્યતા હતી કે હજ્જના મહિનાઓમાં ઉમરા કરવા બદ્તરીન બુરાઈ છે, તેનું ખૂબ જ ઉઘાડી રીતે નિવારણ થઈ જાય.

**صبيحة رابعة** : આ મક્કા મોઅઝ્ઝમામાં પહોંચવાની તારીખ છે. ઈબ્ને સઅદે પોતાની તબક઼ાતમાં અને ઈમામ હાકિમે અકલીલમાં વર્ણન કર્યું છે કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم શનિવારના દિવસે જ્યારે ઝીલ હજ્જમાં પાંચ દિવસ રહી ગયા હતા ત્યારે મદીનાથી હજ્જના માટે નીકળ્યા. ઈમામ વાકે઼દીએ ફર્માવ્યું કે રવિવારની સવારે મક્કા પહોંચ્યા. એટલી વાત નિશ્ચિત છે કે એ વરસે પ્રથમ ઝીલ હજ્જ જુમેરાતે થઈ જેથી આપોઆપ રૂયત

حدیث ۹۳۴ حَدَّثَنَا اَبُوْ جَمْرَةَ نَصْرُ بْنُ عِمْرَانَ الضُّبَعِيُّ قَالَ تَمَتَّعْتُ فَنَهَانِیْ

''અબૂ જમ્રા નસ્ર બિન ઈમરાન ઝુબઈએ કહ્યું, મેં તમત્તુઅ કરી તો અમુક લોકોએ મના કર્યું. **[હદીષ : ૯૩૪]**

نَاسٌ فَسَأَلْتُ ابْنَ عَبَّاسٍ فَأَمَرَنِیْ فَرَأَيْتُ فِی الْمَنَامِ كَأَنَّ رَجُلًا يَقُوْلُ لِیْ حَجٌّ مَبْرُوْرٌ

હવે મેં ઈબ્ને અબ્બાસથી પૂછયું તો મને હુકમ આપ્યો. મેં ખ્વાબમાં જોયું કે જાણે એક શખ્સ કહી રહ્યો છે, હજ્જે

وَعُمْرَةٌ مُتَقَبَّلَةٌ فَاَخْبَرْتُ ابْنَ عَبَّاسٍ فَقَالَ سُنَّةُ النَّبِیِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

મબરૂર અને ઉમરા મક઼્બૂલ ! મેં ઈબ્ને અબ્બાસને એ બતાવ્યું તો ફર્માવ્યું, નબી ﷺની સુન્નત. પછી કહ્યું,

ثُمَّ قَالَ لِیْ اَقِمْ عِنْدِیْ وَاَجْعَلُ لَكَ سَهْمًا مِنْ مَالِیْ قَالَ شُعْبَةُ فَقُلْتُ لِمَ قَالَ

મારે ત્યાં રોકાઈ જા હું મારા માલમાંથી એક હિસ્સો આપીશ. શુઅબાએ પૂછયું, આ નવાઝિશ કયા કારણે

لِلرُّؤْيَا الَّتِیْ رَأَيْتُ، ع

હતી? તો બતાવ્યું, તે ખ્વાબના કારણે.''

*(બુખારી ૧/૨૧૩, ૨૨૮, મનાસિક, મુસ્લિમ–હજ્જ, મુસ્નદે ઈમામ અહમદ, ૧/૨૪૧)*

બુધવારે થઈ. હવે જો એ રૂયત (ચંદ્ર દર્શન) ત્રીસનું હતું તો શનિવારે ૨૬ ઝી કઅદા હતી અને જો રૂયત ૨૯ની હતી તો ૨૫ ઝી ક઼અદા હતી. **જરૂરી સુધારો** : નુઝહતુલ ક઼ારી, ભાગ : ૩, પેજ : ૪૬૫ (ગુજરાતી પેજ નં. ૪૪૮) પર આ સાલની ઝીલ હજ્જના રૂયતનો દિવસ દો શમ્બા (સોમવાર) છપાઈ ગયું છે, સહીહ ચાર શમ્બા (બુધવાર) છે.

**સમજૂતી : ૯૩૪**

બાબોમન તમત્તઅ બિલ્ઉમરતે ઈલલ્ હજ્જેમાં આ હદીષ આ પ્રમાણે છે : અબૂ હજમ્રાએ કહ્યું, મેં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી તમત્તુઅના બારામાં પૂછયું તો તેમણે મને એનો હુકમ આપ્યો અને હદીના બારામાં પૂછયું તો ફર્માવ્યું, એમાં ઊંટ છે અથવા ગાય છે અથવા બકરી છે અથવા ભાગીદારી છે (એટલે ઊંટ અને ગાયમાં સાત માણસો કુર્બાની કરી શકે છે) અબૂ જમ્રાએ કહ્યું, જાણે કેટલાક લોકોએ એને નાપસંદ કર્યું તો હું સૂઈ ગયો. અલ્ હદીષ

મુસ્નદે ઈમામ અહમદમાં છે કે હું બયતુલ્લાહની પાસે ગયો તો સૂઈ ગયો અને એક આવનારાએ કહ્યું, ઉમરા મક઼બૂલ અને હજ્જ મબરૂર છે. ત્યારબાદ હઝરત ઈબ્ને અબ્બાસની પાસે હાજર થયો તો જે કાંઈ જોયું હતું તે બતાવ્યું, તો હઝરત ઈબ્ને અબ્બાસે અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર ! અબુલ ક઼ાસિમ ﷺની સુન્નત.

આ બનાવ હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہના દૌરનો છે, જેમ કે ઈમામ મુસ્લિમે તેમનાથી અને હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત કરી છે. ઈબ્ને અબી હાતિમે વર્ણન કર્યું છે કે હઝરત ઝુબૈર رضی اللہ عنہ તમત્તુઅ જાઈઝ જાણતા ન હતા, કેવળ મુહસરના માટે જાઈઝ જાણતા હતા. અને તાબઈનમાં અલ્ક઼મા તથા ઈબ્રાહીમ નખઈનો પણ એ જ મઝહબ છે. જમહૂર ઉમ્મતનો મઝહબ એ છે કે મુહસર તથા ગૈર મુહસર સૌના માટે જાઈઝ છે, અને આપણો મઝહબ એ છે કે ઈફરાદ કરતાં તમત્તુઅ અફઝલ છે.

حديث ٦٣٥

حَدَّثَنَا أَبُو شِهَابٍ قَالَ قَدِمْتُ مُتَمَتِّعًا مَكَّةَ بِعُمْرَةٍ

''અબૂ શિહાબે કહ્યું, હું તમત્તુઅનો એહરામ બાંધીને મક્કા આવ્યો અને અમે તરવિયહ્ **[હદીષ : ૯૩૫]**

فَدَخَلْنَا قَبْلَ التَّرْوِيَةِ بِثَلَاثَةِ أَيَّامٍ فَقَالَ لِي أُنَاسٌ مِنْ أَهْلِ مَكَّةَ تَصِيرُ الْآنَ

(આઠમી ઝીલ હજ્જ)થી ત્રણ દિવસ પહેલાં મક્કા પહોંચી ગયા તો મક્કાના કેટલાક લોકોએ કહ્યું, હવે તમારો

حَجَّتُكَ مَكِّيَّةً فَدَخَلْتُ عَلَى عَطَاءٍ أَسْتَفْتِيهِ فَقَالَ حَدَّثَنِي جَابِرُ بْنُ عَبْدِ اللهِ رَضِيَ

હજ્જ મક્કી થશે. હવે હું ઈમામ અતાની ખિદમતમાં હાજર થયો જેથી એમને ફત્વો પૂછું. તો તેમણે કહ્યું, મને

اللهُ تَعَالَى عَنْهُمَا أَنَّهُ حَجَّ مَعَ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ يَوْمَ سَاقَ الْبُدْنَ مَعَهُ

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما એ હદીષ બયાન કરી કે તેમણે નબી صلی اللہ علیہ وسلم ની સાથે એ દિવસે હજ્જ

وَقَدْ أَهَلُّوا بِالْحَجِّ مُفْرَدًا فَقَالَ لَهُمْ أَحِلُّوا مِنْ إِحْرَامِكُمْ بِطَوَافِ الْبَيْتِ وَبَيْنَ الصَّفَا

કરી જ્યારે કુર્બાનીનાં જાનવર હાંકીને લાવ્યા હતા અને લોકોએ એકલા (મુફરિદ) હજ્જનો એહરામ બાંધ્યો

وَالْمَرْوَةِ وَقَصِّرُوا ثُمَّ أَقِيمُوا حَلَالًا حَتَّى إِذَا كَانَ يَوْمُ التَّرْوِيَةِ فَأَهِلُّوا بِالْحَجِّ وَاجْعَلُوا

હતો. તેમને નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, બયતુલ્લાહ અને સફા તથા મરવાનો તવાફ કરીને એહરામથી બહાર

الَّتِي قَدِمْتُمْ بِهَا مُتْعَةً فَقَالُوا كَيْفَ نَجْعَلُهَا مُتْعَةً وَقَدْ سَمَّيْنَا الْحَجَّ فَقَالَ افْعَلُوا مَا

આવી જાવ અને વાળ કતરાવી લો. ત્યાર બાદ એહરામ વિના રોકાયેલા રહો. જ્યારે યૌમે તરવીહા આવી

أَمَرْتُكُمْ فَلَوْلَا أَنِّي سُقْتُ الْهَدْيَ لَفَعَلْتُ مِثْلَ الَّذِي أَمَرْتُكُمْ وَلَكِنْ لَا يَحِلُّ مِنِّي حَرَامٌ

જાય તો તમે લોકો હજ્જનો એહરામ બાંધો અને જે પહેલાં કરી ચૂક્યા છો એને તમત્તુઅ બનાવી લો. એના

**સમજૂતી : ૯૩૫**

''આ હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ ની એ લાંબી હદીષના અમુક અંશો છે. જેમને ઈમામ મુસ્લિમે પોતાની સહીહમાં ખૂબ જ વિસ્તારપૂર્વક વર્ણન કરી છે. જે પેજ નં. ૩૯૪ થી પેજ : ૪૦૦ પર ફેલાયેલી છે. આ હદીષ પૂરી તફસીલની સાથે ઈમામ મુસ્લિમના ઈફરાદમાંથી છે, એટલે કે એને કેવળ ઈમામ મુસ્લિમે રિવાયત કરી છે. ઈમામ બુખારીએ આ હદીષના મહત્વના વિષયોને ટુકડા ટુકડા કરીને વર્ણન કરેલ છે. આ હદીષમાં ખાસ વાત એ છે કે મુતમત્તિઅને ઉમરાથી ફારિગ થયા બાદ વાળ કતરાવવાનો હુકમ આપ્યો. એમાં બે ફાયદા છે, એક તો એ કે તે વાળ જેણે માણસના માથાની રક્ષા કરી, તેને આરામ પહોંચાડયો, હજ્જથી મેહરૂમ ન રહે. બીજુ એ કે એહરામમાં એ વાળોને કારણે તાપની તીવ્રતાથી કાંઈક બચાવ રહેશે.

حَتّٰی یَبْلُغَ الْھَدْیُ مَحِلَّہٗ فَفَعَلُوْا۔ قَالَ اَبُوْعَبْدِاللّٰہِ اَبُوْشِہَابٍ لَّیْسَ

પર લોકોએ અર્ઝ કરી તેને કઈ રીતે તમત્તુઅ બનાવી લઈએ અને અમે હજ્જનું નામ લીધું છે, તો ઈર્શાદ

لَہٗ مُسْنَدٌ اِلَّا ھٰذَا۔ عہ

ફર્માવ્યો, જે હું હુકમ આપુ છું કરો. જો મેં કુર્બાનીનું જાનવર ન હાંક્યું હોત તો એ જ કરત જેનો તમને હુકમ આપુ છું. પરંતુ એહરામની મના બાબતો મારા માટે હલાલ નથી જ્યાં સુધી કુર્બાનીનાં જાનવર એના ઠેકાણે ન પહોંચી જાય. હવે લોકોએ એવું જ કર્યું. અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ ફર્માવ્યું, આ હદીષના ઉપરાંત અબૂ શિહાબની અન્ય કોઈ મુસ્નદ નથી.''

حدیث ۹۳۶

عَنْ سَعِیْدِ بْنِ الْمُسَیَّبِ قَالَ اخْتَلَفَ عَلِیٌّ وَّعُثْمَانُ وَھُمَا بِعُسْفَانَ

''સઈદ બિન મુસય્યબે કહ્યું, હઝરત અલી તથા હઝરત ઉષ્માન رضی اللہ عنہما **[હદીષ : ૯૩૬]**

فِی الْمُتْعَۃِ فَقَالَ عَلِیٌّ مَا تُرِیْدُ اِلٰی اَنْ تَنْھٰی عَنْ اَمْرٍ فَعَلَہٗ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ

ઉસ્ફાનમાં હતા. એ બંનેવે તમત્તુઅના બારામાં ઈખ્તેલાફ કર્યો. હઝરત અલીએ તેમને કહ્યું, શું ઈરાદો છે ?

وَسَلَّمَ فَقَالَ عُثْمَانُ دَعْنِیْ عَنْکَ قَالَ فَلَمَّا رَاٰی ذٰلِکَ عَلِیٌّ اَھَلَّ بِھِمَا جَمِیْعًا۔ عہ

ક્યાં સુધી આ કામથી મના કરશો જેને રસૂલુલ્લાહ ﷺએ કર્યું છે ? તો હઝરત ઉષ્માને કહ્યું, મને છોડી આપો ! જ્યારે હઝરત અલીએ આ જોયું તો હજ્જ તથા ઉમરા બંનેવની તલબિયા કહી.''

(બુખારી ૧/૨૧૩ મનાસિક)

**સમજૂતી : ૯૩૬**

ઉસ્ફાન એ મક્કા મોઅઝ્ઝમાની પાસે છત્રીસ માઈલના અંતરે એક જગાનું નામ છે. આ હદીષમાં મુતઅહથી મુરાદ ક઼િરાન છે જેના પર હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم નો અમલ દલીલ છે કે તેમણે હજ્જ તથા ઉમરા બંનેની સાથે તલબિયા કહી. ફિક઼્હી તમત્તુઅમાં પ્રથમ કેવળ ઉમરાનો એહરામ બાંધવામાં આવે છે અને કેવળ એના માટે લબ્બૈક કહેવામાં આવે છે, હજ્જ તથા ઉમરા બંનેવનો નહીં. એ યુગમાં શાબ્દિક અર્થનો લેહાઝ કરતાં ક઼િરાન પર તમત્તુઅનો ઈત્લાક કરી દેતા હતા. તમત્તુઅનો અર્થ ફાયદો હાંસલ કરવું છે કેમ કે એક જ સફરમાં સાથે સાથે બંનેવ અદા કરીને બે સફરની તકલીફો ઉઠાવવાથી બચી જતા એટલા માટે ક઼િરાનને પણ તમત્તુઅ કહી દેતા હતા. આ હદીષ પણ આપણી દલીલ છે કે હુઝૂરે અક઼દસ ﷺએ ક઼િરાન કર્યો હતો.

**હજ્જની હદીષોમાં વર્ગીકરણ :** હજ્જતુલ વિદાઅની હદીષો આ સહાબાએ કિરામથી રિવાયત પામી છે. હઝરત અબૂબક્ર, હઝરત ઉમર, હઝરત અલી, હઝરત સઈદ બિન વક઼્ક઼ાસ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ, ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા, ઉમ્મુલ મો'મિનીન હઝરત હફસા, હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત ઈમરાન ઈબ્ને હુસૈન, હઝરત અબૂ મૂસા અશઅરી, હઝરત અસ્મા બિન્તે સિદ્દીક઼, હઝરત અબૂ તલ્હા. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) હઝરત બરાઅ બિન આઝિબ, હઝરત બિલાલ બિન હારિષ, હઝરત

અબૂઝર, હઝરત મુત્તલિબ બિન અબી વદાઆ, ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલમા, હઝરત ઝિયાઅ બિન્તે અબ્દુલ મુત્તલિબ, હઝરત અબૂ હુરૈરહ્, હઝરત ઓસામા, હઝરત અબૂ ઐયૂબ અન્સારી, હઝરત સહલ બિન સઅદ સાઅદી, હઝરત અબુલ ફઝ્લ, આમિર બિન વાષિલા, હઝરત ઝયદ બિન ખાલિદ ઝહબી, હઝરત સાઈબ બિન ખલ્લાદ, હઝરત યઅલા બિન ઉમૈયા, હઝરત સુરાકા બિન જઅષમ, હઝરત ઉમ્મે વલદ, શયબા એક સહાબિયા. (رِضْوَانُ اللهِ تَعَالىٰ عَلَيْهِمْ اَجْمَعِيْنَ)

પણ એમનામાં દસ સહાબાએ કિરામે આ વિગત કે આ ઈફરાદ હતો અથવા તમત્તુઅ અથવા કિરાન વર્ણન કર્યું. અને આ રિવાયતો જાહેરી રીતે જોતાં વિરોધાભાસી છે. કોઈમાં ઈફરાદ છે, કોઈમાં તમત્તુઅ, કોઈમાં કિરાન. આ સર્વ પર સંતોષકારક ચર્ચા ઈમામ ઈબ્ને હુમામે ફત્હુલ કદીરમાં કરી છે. અને ઈન્કાર ન કરી શકાય એવી દલીલ વડે સાબિત કર્યું છે કે હુઝૂર ﷺએ કિરાન કર્યો હતો.

હુઝૂરે અક્દસ ﷺએ કેમ કે હજ્જ તથા ઉમરા બંનેનો એહરામ બાંધ્યો હતો એટલા માટે શરૂમાં લબ્બૈક બિલ હજ્જ વલ ઉમરા ફર્માવ્યું. ઈબ્ને માજહ (મનાસિક–૨૧૫)માં છે કે હઝરત અનસ رضی اللہ عنہએ ફર્માવ્યું, ઝુલ હલયફાના ઝાડ પાસે હુઝૂરે અક્દસ ﷺની ઊંટણીના બેસવાના નિશાનની નજીક હતો જયારે તે હુઝૂરને લઈને ઉભી થઈ ગઈ તો હુઝૂરે લબ્બૈક બિ હજ્જતિન વ ઉમ્રતિન કહ્યું, પણ ક્યારેક કેવળ લબ્બૈક બિ ઉમરતિન કહ્યું તો ક્યારેક કેવળ લબ્બૈક બિ હજ્જતિન કહ્યું, જેમ કે કારિનને ઈજાઝત છે. હજારો હજારનો મજમો હતો.

મુસ્લિમ (૧/૩૯૫ હજ્જ)માં છે કે હઝરત જાબિર رضی اللہ عنہ કહે છે કે આગળ પાછળ, જમણે ડાબે, જ્યાં પણ નજર કરતો હતો, નજરના છેડા સુધી સવાર તથા પગપાળા લોકો જ જોવા મળતા હતા. માણસોના આ મોજા મારતા સમુદ્રમાં જેણે જે સાંભળ્યું રિવાયત કરી આપ્યું. તેમ છતાં જેણે ઈફરાદ અથવા તમત્તુઅની રિવાયત કરી છે તે પણ છેવટે વળીને કિરાન તરફ જ પલ્ટી આવે છે. એટલા માટે કે એ કતઈ છે એનાથી કોઈને ઈન્કારની ગુંજાઈશ નથી કે હુઝૂરે અક્દસ ﷺએ હજ્જતુલ વિદાઅમાં ઉમરો પણ કર્યો અને હજ્જ પણ કરી. અને સર્વ રિવાયતો એના પર એકમત છે કે એહરામ કેવળ એકવાર ઝુલ હુલયફામાં બાંધ્યો હતો અને હજ્જથી ફારિગ થતા પહેલાં એહરામ નથી ખોલ્યો. હઝરત અનસ અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہمએ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺએ ચાર ઉમરા કર્યા. એક હુદૈબિયાના વરસે, બીજો ઉમરતુલ કઝા, ત્રીજો જિઅરાનાથી, ચોથો હજ્જની સાથે. (બુખારી ૧/૨૩૯, મુસ્લિમ ૧/૪૦૯) તેમજ હઝરત સુરાકા رضی اللہ عنہએ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, બેશક ! ઉમરો હજ્જમાં કયામત સુધીના માટે દાખલ થઈ ગયો. (બુખારી ૧/૨૨૦ મનાસિક) આ ઈર્શાદ પછી કોની સમજમાં વાત આવી શકે છે કે પછી હુઝૂરે ખૂદ ઉમરો નહીં કર્યો હોય ખાસ એ સ્થિતિમાં કે જમાનાએ જાહિલિયતની એ માન્યતાને ખત્મ કરવાની હતી કે શહરે હજ્જમાં ઉમરો બદ્તરીન બુરાઈ છે. મુસ્લિમમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂરે અક્દસ ﷺએ ઉમરાનો એહરામ બાંધ્યો. જયારે બયદાઅ્ પર ચઢયા તો ફર્માવ્યું, મેં હજ્જને ઉમરાની સાથે વાજિબ કરી આપી. *(મુસ્લિમ, ૧/૪૦૪ મનાસિક)*

આ પરથી તે રિવાયતોની સ્પષ્ટતા થઈ જાય છે જેમાં એવું છે કે કેવળ હજ્જનો એહરામ બાંધ્યો હતો. હઝરત અનસનો હાલ એ હતો કે એકવાર તેમને બુકૈરે કહ્યું, ઈબ્ને ઉમર કહે છે કે હુઝૂરે અક્દસ ﷺએ કેવળ હજ્જનો એહરામ બાંધ્યો હતો. તો હઝરત અનસે ફર્માવ્યું, મને તમે લોકો બાળક જાણો છો ! મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું, لبيك بعمرة و حجة લબ્બૈક બિ ઉમરતિન વલ હજ્જતિન. *(ઉપર મુજબ, પેજ : ૪૦૫)*

**કારિન પર બે તવાફ છે :** અહનાફને ત્યાં કારિન પર બે તવાફ છે અને બે સઈ, એક ઉમરાની અને એક હજ્જની. આમ હદીષોમાં એની તફસીલ નથી, સહાબાએ કિરામે ક્રમે ક્રમે બનાવોને પોતાની રિવાયતોમાં વર્ણવ્યા છે. એના અનુસંધાનમાં સૌથી વિગતવાર અને લાંબી હઝરત જાબિર رضی اللہ عنہની તે હદીષ છે જેને ઈમામ

મુસ્લિમે (૧/૩૯૫ હજ્જ) પોતાની સહીહમાં બાબે હજ્જતુન્નબી ﷺમાં વર્ણન કરી છે, પણ એમાં પણ ઘણી બધી વિગત રહી ગઈ છે એના કારણે આ મતભેદ પેદા થઈ ગયો કે કારિન પર બે તવાફ અને સઈ છે અથવા એક જ પૂરતો છે. ઈસ્લામનો પ્રથમ હજ્જ એક લાખ ચોવીસ હજાર પરવાનાઓની આમ ભીડ, નવો વલવલો, નવો જોશ, જઝબાતનુ તોફાન અને સૌની અકીદતનું કેન્દ્ર એક ઝાતે કુદસી સિફાત, કોને એમના આમ દરબારમાં ફયઝયાબ થવાની આરઝૂ નહીં હોય ?! કોણ એવો હશે જે એના માટે કોશિશમાં નહીં હોય ! આલમે તસવ્વુરમાં જુઓ તો માલૂમ પડે છે કે એકબીજા પર પડી ગબડી રહ્યા છે. આવા સંજોગોમાં એની ક્યાં ગુંજાઈશ કે હુઝૂરે અકદસ ﷺના સર્વ કથનો તથા કામો પર કોઈ સાહબ નજર રાખે અને મેહફૂઝ કરી લે, જેથી જેણે જે જોયું તે વર્ણવ્યું. એટલા માટે આ સંબંધે જે સહાબીએ જે વધારે વાત કહી તે સ્વીકાર્ય છે. નિસાઈ (૨/૪૧ હજ્જ)માં છે કે હઝરત જાબિર رضی اللہ عنہએ ફર્માવ્યું, **ان الناس غشوه** "લોકોએ હુઝૂરને ઘેરી લીધા હતા."

જેવી રીતે આમ રિવાયતોમાં એ છે કે કેવળ એક તવાફ કર્યો, તેવી જ રીતે બીજી હદીષોમાં ઉમરા અને હજ્જ બંનેના માટે બે તવાફ અને સઈ વર્ણન થયેલ છે.

ઈમામ નિસાઈ (આ સર્વ હદીષો ફત્હુલ કદીર બાબુલ કુર્આનથી લીધી છે) એ પોતાની સુનને કુબ્રામાં ઈબ્રાહીમ બિન મુહમ્મદ બિન હફિયાથી રિવાયત કરી કે મેં મારા બાપ મુહમ્મદ બિન હફિયાની સાથે હજ્જ કર્યો તો તેમણે હજ્જ તથા ઉમરા ભેગા કર્યા, અને બંનેના માટે બે તવાફ અને બે સઈ કરી અને મને હદીષ બયાન કરી. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمએ એવું જ કર્યું અને હદીષ વર્ણવી કે રસૂલુલ્લાહ ﷺએ આવુ જ કર્યું હતું. આ હદીષના એક રાવી હમ્માદ બિન અબ્દુર્રહમાન અન્સારીને અઝદીએ જો કે ઝઈફ કહ્યા છે પણ ઈબ્ને હબ્બાને તેને ષિકાતમાં વર્ણન કરેલ છે. એટલા માટે આ હદીષ હસન જરૂર થઈ.

ઈમામ મુહમ્મદે કિતાબુલ આષારમાં સૈયદોના ઈમામે આ'ઝમના તરીકાથી સૈયદોના અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریمથી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું, જ્યારે હજ્જ તથા ઉમરાના સાથે સાથે અહરામ બાંધો તો એ બંનેવના માટે બે તવાફ અને સફા તથા મરવા દરમ્યાન બે સઈ કરો.

હદીષના રાવી મન્સૂરે કહ્યું, મેં મુજાહિદથી મુલાકાત કરી, તે કારિનના માટે એક જ તવાફનો ફત્વો આપતા હતા. મેં તેમને આ હદીષ વર્ણવી તો ફર્માવ્યું, જો મેં આ સાંભળ્યું હોત તો બે જ તવાફનો ફત્વો આપત. હવે પછી બે જ તવાફનો ફત્વો આપીશ.

તેમજ હઝરત ઈમરાન બિન હુસૈન رضی اللہ عنہથી દારકુત્નીએ રિવાયત કરી કે નબી ﷺએ બે તવાફ કર્યા અને બે સઈ કરી. તેમજ ઈમામે મઝહબ ઈમામે આ'ઝમ رضی اللہ عنہએ હમ્માદ બિન અબૂ સુલૈમાન અન ઈબ્રાહીમ અન સબી બિન મઅબદથી રિવાયત ફર્માવી, સબી બિન મઅબદે કહ્યું, હું ટાપુએથી કિરાન કરીને ચાલ્યો. સલમાન બિન રબીઆ અને ઝયદ બિન સૌહાનની નજીકથી પસાર થયો. તેઓ અઝીબમાં પડાવ નાખેલ હતા. તેમણે સાંભળ્યું કે હું "લબ્બૈક બિહજ્જતિન વલ ઉમ્રતિન" કહું છું. તો એકે કહ્યું, આ પોતાના ઊંટ કરતાં પણ વધુ બેરાહરવ (ખોટા માર્ગે ચાલનાર) છે ! બીજાએ કહ્યું, ફલાણા ફલાણાથી પણ વધુ ! હું પસાર થઈ ગયો અને જ્યારે હજ્જ અદા કરી ચૂક્યો તો અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہથી મુલાકાત થઈ તો મેં આખો કિસ્સો સંભળાવ્યો. તેમણે પૂછયું, પછી તેં શું કર્યું ? મેં અર્ઝ કરી, મેં મારા ઉમરાના માટે એક તવાફ અને એક સઈ કરી. પછી પાછા વળીને મેં મારા હજ્જના માટે એવું જ કર્યું, અને એહરામની હાલતમાં રહ્યો., અને હાજીઓ જે કાંઈ કરે છે મેં પણ કર્યું, ત્યાં સુધી કે હજ્જનો આખરી રુકન પણ અદા કર્યો. આ સાંભળીને હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, તેં પોતાના નબી ﷺની સુન્નતની હિદાયત પામી.

તદ્ઉપરાંત ઈમામ અબૂબક્ર ઈબ્ને અબી શયબાએ પોતાની મુસન્નફમાં ઝિયાદ બિન માલિકથી રિવાયત કરી કે હઝરત અલી અને ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہماએ કારિનના બારામાં ફર્માવ્યું, બે તવાફ અને બે સઈ કરશે. આ જો કે

**حدیث ۹۳۷** عَنْ عِمْرَانَ بْنِ حُصَيْنٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ تَمَتَّعْنَا عَلٰى عَهْدِ رَسُوْلِ

**[હદીષ : ૯૩૭]** ''હઝરત ઈમરાન બિન હુસૈન رضی اللہ عنہએ ફર્માવ્યું, અમે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَنَزَلَ الْقُرْاٰنُ قَالَ رَجُلٌ بِرَاْيِهٖ مَاشَاءَ، عـه

જમાનામાં તમત્તુઅ કરી અને કુર્આન નાઝિલ થયું (પરંતુ હવે) એક શખ્સે

પોતાની રાયથી જે ચાહ્યું કહી આપ્યું.'' *(બુખારી ૧/૨૧૩ મનાસિક, મુસ્લિમ–હજ્જ)*

**حدیث ۹۳۸** عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّهُ سُئِلَ عَنْ مُتْعَةِ الْحَجِّ

**[હદીષ : ૯૩૮]** *''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી હજ્જના તમત્તુઅના બારામાં પૂછવામાં આવ્યું*

فَقَالَ اَهَلَّ الْمُهَاجِرُوْنَ وَالْاَنْصَارُ وَاَزْوَاجُ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِيْ حَجَّةِ

*તો ફર્માવ્યું, મુહાજિરો તથા અન્સાર અને અઝવાજુન્નબી صلی اللہ علیہ وسلمએ હજ્જતુલ વિદાઅમાં એહરામ બાંધ્યો અને*

આ હઝરાતનો ઈર્શાદ છે પણ એનો સંબંધ ઈબાદતથી છે જે શારેઅ صلی اللہ علیہ وسلمથી સાંભળ્યા વિના અક્કલથી નથી માનવામાં નથી આવી શક્તો. એટલા માટે કે એ મરફૂઅના હુકમમાં છે. હવે જ્યારે એક નહીં ત્રણ ત્રણ સહાબાએ કિરામથી મરવી છે કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمએ બે તવાફ અને બે સઈ કરી, તે પણ હઝરત ફારૂકે આ'ઝમ અને હઝરત અલી મુર્તઝા અસદુલ્લાહ رضی اللہ عنہما જેમાં ખાસુલ ખાસથી, જેથી એને એ હદીષો પર અગ્રતા આપવામાં આવશે જેમાં એવું વર્ણન થયેલ છે કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمએ કેવળ એક તવાફ કર્યો હતો. કેમ કે એની શક્યતા છે કે આ અતિ ભીડભાડમાં તેમને માલૂમ ન થઈ શક્યું હોય. અને આ હઝરાતના ઈલ્મમાં આ વાત આવી એટલા માટે રિવાયત કરી.

**સમજૂતી : ૯૩૭**

**تمتعنا** : એમાં બંનેવ સંભાવનાઓ છે કે તમત્તુઅથી મુરાદ ફિક્હનો મુસ્તલહ (ફિક્હમાં જેને કહેવામાં આવે છે તે) હોય. અને એ પણ સંભાવના છે કે એનાથી મુરાદ કિરાન હોય. બીજા પર કરીનો એ રીતે છે કે મુસ્લિમમાં એમનાથી જ આ જ હદીષની રિવાયતો અબ્દુલ્લાહ બિન મઆઝ તથા મુહમ્મદ બિન મુષન્ના અને ઈસ્હાક બિન ઈબ્રાહીમ આવી છે. એમાંથી આ છે : **ان رسول الله صلی اللہ علیہ وسلم جمع بين حج و عمرة** ''રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ હજ્જ તથા ઉમરાને ભેગો કર્યો.''

આ પોતાના જાહેર ભાવાર્થના એતબારથી કિરાન પર દલીલ કરે છે. એના આધારે આ રજુલથી મુરાદ હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ હશે. અને પ્રથમ તક્દીર પર રજુલથી મુરાદ હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ હશે. તે પણ એ તક્દીર પર કે તેમની મનાઈની સ્પષ્ટતા તે હોય જે અમે હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہની હદીષના હેઠળ વર્ણવી છે.

**સમજૂતી : ૯૩૮**

**من قلد الهدى -- هدى** એ જાનવરને કહે છે જે હરમમાં કુર્બાની કરવાના માટે જાય. આ નીચે દર્શાવેલ ખાસ જાનવરો છે, ઊંટ જે પાંચ વરસથી ઓછાનું ન હોય. ગાય, ભેંસ જે વરસથી કમ ન હોય. ઘેટુ, બકરુ, દુંબો જે વરસભરથી કમ ન હોય. અલ્બત્ત ઘેટા તથા તે બચ્ચુ જે છ મહિનાનું હોય પણ સાલભરવાળાંઓમાં ભળી જાય તો હદી થઈ શકે છે. મસ્નૂન એ છે કે હદીના ગળામાં પરોવીને હાર નાખી દેવામાં આવે જેથી એ ઓળખ રહે કે

الوداع واهللنا فلما قدمنا مكة قال رسول الله صلى الله تعالى عليه وسلم اجعلوا

અમે પણ બાંધ્યો. જ્યારે મક્કા આવ્યા તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમારા હજ્જના આ એહરામને

اهلالكم بالحج عمرة الا من قلد الهدي طفنا بالبيت وبين الصفا والمروة واتينا

ઉમરો કરી આપો, પણ તે જેણે કુર્બાનીના જાનવરના ગળામાં પટ્ટો નાખ્યો હોય. અમે બયતુલ્લાહ અને સફા

النساء ولبسنا الثياب وقال من قلد الهدي فانه لا يحل له حتى يبلغ الهدي محله

તથા મરવાનો તવાફ કર્યો. અને સ્ત્રીઓની પાસે આવ્યા અને કપડાં પહેર્યા. જેમણે હદીના (કુર્બાનીના

ثم امرنا عشية التروية ان نهل بالحج فاذا فرغنا من المناسك جئنا فطفنا بالبيت

જાનવરના) ગળામાં પટ્ટો નાખ્યો હોય તે એહરામથી બહાર ન થાય, ત્યાં સુધી કે હદી તેના સ્થાને ન પહોંચી

وبالصفا والمروة فقد تم حجنا وعلينا الهدي كما قال الله عز وجل فما استيسر من

જાય. ત્યાર બાદ તરવિયહ્ (૮ ઝીલ હજ્જ)ના રોજ બપોર બાદ અમને હુકમ આપ્યો કે હજ્જનો એહરામ

الهدي فمن لم يجد فصيام ثلثة ايام في الحج وسبعة اذا رجعتم الى امصاركم

બાંધીએ. જ્યારે અમે મનાસિકથી ફારિગ થયા તો મક્કા આવ્યા અને બયતુલ્લાહનો અને સફા તથા મરવાનો

الشاة تجزي فجمعوا نسكين في عام بين الحج والعمرة فان الله انزله في كتابه وسنة

તવાફ કર્યો. હવે અમારો હજ્જ પૂરો થઈ ગયો અને અમારા પર કુર્બાની કરવાની છે. જેવું કે અલ્લાહ ﷻએ

આ જાનવર હદી છે, એ પણ સુન્નત છે કે એ જાનવરના ખાંધમાં જમણે કે ડાબે એટલુ હલકુ કાણુ કરી આપે જે ગોશ્ત સુધી ન પહોંચે.

જો એહરામની નિય્યતની સાથે જાનવર સાથે લીધુ તો હદી થઈ ગયું અને જો તેના ગળામાં હાર નાખી દીધો તો ભલે એહરામની નિય્યત ન હોય હદી થઈ ગયું. ان نهل بالحج તમત્તુઅ કરનાર નવમી ઝીલ હજ્જ સુધી હજ્જનો એહરામ બાંધી શકે છે. અફઝલ એ છે કે જેટલા પહેલાં થઈ શકે બાંધે, ભલે આઠમી ઝીલ હજ્જથી પહેલાં હોય, જો મક્કા મોઅઝ્ઝમામાં છે તો હરમમાં એહરામ બાંધે, બેહતર એ છે કે મસ્જિદે હરામમાં એનાથી પણ અફઝલ એ છે કે હતીમમાં, અલ્બત્ત સુન્નત છે કે આઠમીએ સૂર્ય નીકળ્યા બાદ મિનાના માટે ચાલે જેથી અરફાતની હાજરીથી પહેલાં મિનામાં પાચ સમયની નમાઝો મયસ્સર આવી જાય. જો સૂર્ય નીકળવાથી પહેલાં જ બલ્કે રાત્રે જ ચાલ્યો ગયો તો પણ જાઈઝ છે. અને હવે મોટરોની સફરના કારણે મોટા ભાગે રાતમાં જવાનું થાય છે.

عليه الهدى : તમત્તુઅ અને કિ઼રાન કરવાવાળા પર શુક્રાનામાં કુર્બાની વાજિબ છે ભલે એક બકરી કે ગાય, ઊંટનો સાતમો હિસ્સો. અને જો કુર્બાનીની શક્તિ ન હોય તો દસ રોઝા વાજિબ છે, ત્રણ ઐયામે હજ્જ (હજ્જના દિવસો)માં એટલે કે એહરામ બાંધ્યા બાદ પ્રથમ શવ્વાલથી નવમી સુધી, અને સાત બાદમાં. અહનાફને ત્યાં અફઝલ એ છે કે નવમીથી પહેલાં પૂરા કરી લે, સતત રાખવા જરૂરી નથી, ગાળો પાડીને પણ રાખી શકે છે. સાત

نَبِیِّہٖ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ وَاَبَاحَہٗ لِلنَّاسِ غَیْرَ اَھْلِ مَکَّۃَ قَالَ تَعَالٰی وَذَالِکَ لِ

ફર્માવ્યું છે. (જે હજ્જને ઉમરાથી મિલાવવાનો ફાયદો હાંસલ કરે) તો એના પર કુર્બાનીનું જાનવર છે, જે

لَمْ یَکُنْ اَھْلُہٗ حَاضِرِی الْمَسْجِدِ الْحَرَامِ وَاَشْھُرُ الْحَجِّ الَّذِیْ ذَکَرَ اللّٰہُ تَعَالٰی فِیْ کِتَابِہٖ

મયસ્સર થાય. અને જે ન પામે તે હજ્જના દિવસોમાં ત્રણ રોઝા રાખે, અને સાત જ્યારે પોતાના શહેર

شَوَّالٌ وَذُو الْقَعْدَۃِ وَذُو الْحِجَّۃِ فَمَنْ تَمَتَّعَ فِیْ ھٰذِہِ الْاَشْھُرِ فَعَلَیْہِ دَمٌ اَوْصَوْمٌ وَ

પહોંચે. બકરી પણ પૂરતી છે. સહાબાએ બે કુર્બાની હજ્જ તથા ઉમરાને એક સાલમાં ભેગા કર્યા. અલ્લાહ

الرَّفَثُ الْجِمَاعُ وَالْفُسُوْقُ الْمَعَاصِیْ وَالْجِدَالُ الْمِرَاءُ ۔

તઆલાએ પોતાની કિતાબમાં એને ઉતાર્યું અને તેના નબી ﷺએ એને મસ્નૂન કર્યું. અને મક્કાવાસીઓ

સિવાય અન્ય લોકોના માટે જાઈઝ ઠરાવ્યું, જેવું કે અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું, આ તેના માટે છે જે મસ્જિદે હરામ એટલે મક્કાનો રહેનારો ન હોય, અને હજ્જના મહિના જેમ કે અલ્લાહ عزوجل એ વર્ણન કર્યું, શવ્વાલ તથા ઝી કઅદા તથા ઝીલ હજ્જ છે. તે મહિનાઓમાં જે તમત્તુઅ કરે તેના પર દમ કે રોઝા છે. રફષનો અર્થ સંભોગ અને ફુસૂકનો અર્થ ગુનાહ અને જેદાલનો અર્થ ઝઘડો કરવું છે." (બુખારી ૧/૨૧૩, ૨૧૪ મનાસિક)

حدیث ۹۳۹ عَنْ اِبْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ મક્કામાં કદાઅ્ **[હદીષ : ૯૩૯]**

وَسَلَّمَ دَخَلَ مَکَّۃَ مِنْ کَدَاءٍ مِنَ الثَّنِیَّۃِ الْعُلْیَا الَّتِیْ بِالْبَطْحَاءِ وَخَرَجَ مِنَ الثَّنِیَّۃِ السُّفْلٰی ۔

ઉપલી ઘાટીથી પ્રવેશ્યા જે બત્હામાં છે અને નીચલી ઘાટીથી પરત થયા."

(બુખારી ૧/૨૧૪ મનાસિક, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ, નિસાઈ–મનાસિક)

ઐયામે તશરીક પછી હજ્જથી ફારિગ થઈને ચાહે મક્કા મોઅઝ્ઝમામાં જ રાખે, ચાહે રસ્તામાં, ચાહે ઘરે આવીને. અને બેહતર એ છે કે ઘરે આવીને રાખે. અને જો નવમી સુધી ત્રણ રોઝા પૂરા નથી કર્યા તો હવે કુર્બાની જ વાજિબ છે. અને જો નાદારી અથવા જાનવર ન મળવાના કારણે કુર્બાની ન કરી તો હવે બે દમ વાજિબ થઈ ગયા, એક તમત્તુઅનો બીજો સમય પર કુર્બાની ન કરવાના જુર્માનાનો.

**سنہ نبیہ** : એનાથી સાબિત થયું કે સહાબાએ કિરામનો એતેકાદ એ હતો કે હુઝૂરે અકદસ ﷺ શારેઅ છે તે જે ચીજ ચાહે મશરૂઅ (જાઈઝ) ફર્માવી આપે. જે ચીજ ચાહે જેના માટે ચાહે જાઈઝ ફર્માવી દે અથવા હરામ ફર્માવી આપે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما **سن** તથા **اباح** અસ્નાદ હુઝૂર ﷺની તરફ કરી રહ્યા છે.

**غیر اھل مکۃ** : અહીં અહલે મક્કાથી મુરાદ મીકાતમાં રહેનારાઓ છે. તેમના માટે કેવળ ઈફરાદ છે, કિરાન તથા તમત્તુઅ નથી, એ કેવળ મીકાતથી બહારવાળાઓ માટે છે.

**સમજૂતી : ૯૩૯–૯૪૦–૯૪૧–૯૪૨** કદાઅ્ મક્કા મોઅઝ્ઝમાના પૂર્વમાં એક ઘાટી છે જેને ઉતર્યા બાદ જન્નતુલ મઅલા કબ્રસ્તાન પડે છે અને કુદા મક્કા મોઅઝ્ઝમાના નીચલા હિસ્સામાં બાબે શબકિય્યહ્ની પાસે

حديث ٩٤٠ — عَنْ عَائِشَةَ اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمْ لَمَّا جَاءَ اِلٰى مَكَّةَ دَخَلَهَا

**[હદીષ : ૯૪૦]** ''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم જયારે

مِنْ اَعْلَاهَا وَخَرَجَ مِنْ اَسْفَلِهَا ۔

મક્કા આવ્યા તો તેના ઉપલા હિસ્સાથી દાખલ થયા અને નીચલા હિસ્સાથી બહાર થયા.''

(બુખારી ૧/૨૧૪ મનાસિક, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ, નિસાઈ–મનાસિક)

حديث ٩٤١ — عَنْ عَائِشَةَ اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمْ دَخَلَ عَامَ الْفَتْحِ مِنْ كَدَاءٍ

**[હદીષ : ૯૪૧]** ''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી મરવી છે કે નબી صلی اللہ علیہ وسلم ફતહે

وَخَرَجَ مِنْ كُدًى مِنْ اَعْلٰى مَكَّةَ، قَالَ هِشَامٌ وَكَانَ عُرْوَةُ يَدْخُلُ عَلٰى كِلَيْهِمَا مِنْ كَدَاءٍ

મક્કાના વર્ષે કદાઅ્થી દાખલ થયા અને કુદા મક્કાના ઉપરવાળા હિસ્સાથી પરત થયા. હેશામે કહ્યું અને

وَكُدًى وَاَكْثَرُ مَا يَدْخُلُ مِنْ كُدًى وَكَانَ اَقْرَبَهُمَا اِلٰى مَنْزِلِهِ ۔

ઉરવા કદાઅ્ તથા કુદા બંનેવથી દાખલ થતા હતા અને વધારે પડતા કુદાથી દાખલ થતા અને એ એમના

ઘરથી નજીક હતું.'' (ઉપર મુજબ, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ–મનાસિક)

حديث ٩٤٢ — حَدَّثَنَا هِشَامٌ عَنْ اَبِيْهِ قَالَ دَخَلَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمْ عَامَ

**[હદીષ : ૯૪૨]** ''ઉરવાએ કહ્યું કે નબી صلی اللہ علیہ وسلم ફતહે મક્કાના વરસે કદાથી દાખલ થયા અને ઉરવા, કદા

الْفَتْحِ مِنْ كَدَاءٍ وَكَانَ عُرْوَةُ يَدْخُلُ مِنْهُمَا كِلَيْهِمَا وَكَانَ اَكْثَرُ مَا يَدْخُلُ مِنْ كُدًى اَقْرَبُهُمَا

તથા કુદા બંનેવથી દાખલ થતા અને અધિક્તર કુદાથી થતા જે એમના ઘરેથી અધિક નજીક હતું. અને અબૂ

اِلٰى مَنْزِلِهِ، قَالَ اَبُوْ عَبْدِ اللّٰهِ كَدَاءٌ وَكُدًى مَوْضِعَانِ ۔

અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ ફર્માવ્યું, કદા તથા કુદા બે જગાઓ છે.''

(બુખારી ૧/૨૧૪ મનાસિક, ૨/૬૧૪ મગ઼ાઝી, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ, નિસાઈ–મનાસિક)

એક ઘાટી છે. અલ્લામા કુર્તબીએ કહ્યું, આ બંનેવના ઉચ્ચારમાં મતભેદ છે. મોટાભાગે એવું કહે છે કે عليا كداء ઝબર તથા મદની સાથે છે અને سفلیٰ كدی પેશ અને ઝબરની સાથે.

**كان عروة** : હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمની તમામ હાલતોમાં પયરવી મુસ્તહસન છે બલ્કે અજરો સવાબનો સબબ છે પણ ઉરવા પોતાની આસાનીના માટે તેની વિરુદ્ધ કરતા હતા. એમાં કોઈ વાંધો નથી. આમ આ સુનને ઝવાઈદમાંથી છે, તેને છોડવું ગુનોહ નથી અને એના પર અમલ સવાબનો સબબ છે.

**હિકમત** : મક્કા મોઅઝ્ઝમાના ઊંચાણવાળા હિસ્સા કદાઅ્થી દાખલ થવામાં હિકમત એ હતી કે એની સાથે જ બૈતુલ્લાહ છે એના પર નજર પડતાં જ નીચે ઉતરવામાં એકગણો એની તા'ઝીમનો ઈઝહાર છે. રસ્તો બદલવામાં અ ફાયદો છે કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمથી એ બંનેવ માંર્ગો બરકત હાંસલ કરે અને સાક્ષી બની જાય.

حدیث ۹۴۳ عَنْ أُسَامَةَ بْنِ زَيْدٍ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا أَنَّهُ قَالَ يَا رَسُولَ اللهِ

''હઝરત ઓસામા બિન ઝયદ رضی اللہ عنہما એ પૂછયું, યા રસૂલલ્લાહ ! હુઝૂર મક્કામાં પોતાના **[હદીષ : ૯૪૩]**

أَيْنَ تَنْزِلُ فِي دَارِكَ بِمَكَّةَ فَقَالَ هَلْ تَرَكَ عَقِيلٌ مِنْ رِبَاعٍ أَوْ دُورٍ وَكَانَ عَقِيلٌ

ઘર પર ક્યાં ક઼યામ ફર્માવશે ? ફર્માવ્યું, શું અક઼ીલે કાંઈ જાયદાદ (મિલ્કત) તથા ઘર છોડયું ? અબૂ તાલિબનો

وَرِثَ أَبَا طَالِبٍ هُوَ وَطَالِبٌ وَلَمْ يَرِثْهُ جَعْفَرٌ وَلَا عَلِيٌّ شَيْئًا لِأَنَّهُمَا كَانَا مُسْلِمَيْنِ

વારસો અક઼ીલ અને તાલિબને મળ્યો. જઅફર અને અલીને તેમનો વારસો ન મળ્યો, કેમ કે એ બંનેવ

وَكَانَ عَقِيلٌ وَطَالِبٌ كَافِرَيْنِ فَكَانَ عُمَرُ بْنُ الْخَطَّابِ يَقُولُ لَا يَرِثُ الْمُؤْمِنُ الْكَافِرَ

મુસલમાન હતા અને અક઼ીલ તથા તાલિબ કાફિર હતા. હઝરત ઉમર બિન ખત્તાબ ફર્માવતા હતા કે મો'મિન

**સમજૂતી : ૯૪૩**

અબૂ તાલિબના ચાર પુત્રો હતા. સૌથી મોટા તાલિબ પછી અક઼ીલ પછી જઅફર પછી અલી. એ અજબની વાત છે કે એ સૌ એકબીજાથી દસ વરસ મોટા હતા. જ્યારે અબૂ તાલિબ મૃત્યુ પામ્યા તો હઝરત અલી તથા હઝરત જઅફર رضی اللہ عنہما મુસલમાન હતા, પણ તાલિબ તથા હઝરત અક઼ીલ હજી કાફિર હતા. જ્યારે હુઝૂરે અક઼દસ ﷺએ હિજરત કરી તો હુઝૂરના ઘરબાર પર હઝરત અક઼ીલે કબજો કરી લીધો. એ જ પ્રમાણે બની અબ્દુલ મુત્તલિબમાં જે લોકોએ હિજરત કરી તો સૌની મિલ્કતો તથા ઘરો વગેરે પર એમનો જ કબજો થયો. જેમ કે અન્ય હિજરત કરનારાઓની મિલ્કતોનો હાલ થયો. હઝરત અક઼ીલ હુદૈબિયાના થોડાક અગાઉ અથવા બાદમાં મુસલમાન થયા. હિ.સ. ૮માં હિજરત કરી અને લગભગ જ્યારે હઝરત અક઼ીલ હિજરત કરીને મદીના આવવા લાગ્યા તો સર્વ કાંઈ વેચી નાખ્યું. પણ અલ્લામા અયનીએ એક ક઼ૌલ એ વર્ણવ્યો છે કે આ ઘર હઝરત અક઼ીલની ઔલાદની પાસે રહ્યું. તેમણે હજ્જાજ બિન યૂસુફના ભાઈ મુહમ્મદ બિન યૂસુફના હાથે એક લાખ દીનારમાં વેચ્યું. એના પર હઝરત ઈમામ ઝયનુલ આબિદીન એવું ફર્માવતા હતા કે એના લીધે શોઅબે અબી તાલિબમાંથી અમારો હિસ્સો અમે છોડી આપ્યો. આ તક઼દીર પર **هل ترك عقيل من رباع او دور**નો મતલબ એ થશે કે અમારી હિજરત પછી સૌના પર કબજો કરીને પોતાની મિલ્કત કરી લીધી છે, હવે અમારું કાંઈ ન રહ્યું.

ફાકહીએ કહ્યું કે આ ઘર હાશિમનું હતું. તેમના પછી અબ્દુલ મુત્તલિબને વારસામાં મળ્યું. પછી અબ્દુલ મુત્તલિબે તેને પોતાના પુત્રોમાં વહેંચી નાખ્યું. હઝરત અબ્દુલ્લાહના હિસ્સામાં જે ઘર આવ્યું તેમાં હુઝૂરે અક઼દસ ﷺ રહેતા હતા, એમાં જન્મ મુબારક થયો એના પર અક઼ીલે કબ્જો કરી લીધો.

**પ્રકરણની સાબિતી :** અહીં પ્રકરણ એ છે કે, ''મક્કાના ઘરોમાં વારસો લાગુ થવો અને તેનું ખરીદ વેચાણ થવું અને ખાસ મસ્જિદે હરામમાં સર્વ લોકોનો હક઼્ક઼ સમાન છે.'' આદત પ્રમાણે અહીં પણ ઈમામ બુખારીએ પોતાનો કોઈ ફેંસલો જાહેર નથી કર્યો. પણ એના પછીના પ્રકરણમાં તેમણે ફર્માવ્યું, ઘરોને અક઼ીલની તરફ સંબંધિત કરવામાં આવ્યાં, એટલે એનાથી જાણવા મળ્યું કે આ ઘરો હવે અક઼ીલની મિલ્કત હતી. અને ફર્માવ્યું, મક્કાનાં ઘરોમાં વારસો લાગુ થશે, તેનું ખરીદ વેચાણ થશે. આ એના પર નસ (દલીલ) છે કે ઈમામ બુખારી મક્કા મોઅઝ્ઝમાનાં ઘરોમાં માલિક તરીકેની પહોંચને (ઈખ્તિયાર) જાઈઝ જાણતા હતા.

ઉલમાનો એમાં મતભેદ છે કે મક્કા મોઅઝ્ઝમાનાં ઘરોમાં માલિક તરીકેની પહોંચ (પકડ) દુરુસ્ત છે કે

قَالَ ابْنُ شِهَابٍ وَكَانُوْا يَتَأَوَّلُوْنَ قَوْلَ اللّٰهِ عَزَّ وَجَلَّ إِنَّ الَّذِيْنَ آمَنُوْا وَهَاجَرُوْا

*કાફિરનો વારસ થશે નહીં. ઈબ્ને શિહાબ ઝુહરીએ કહ્યું, અલ્લાહ ﷻ ના આ ઈર્શાદનો અર્થ લોકો આ જ બતાવતા*

وَجَاهَدُوْا بِأَمْوَالِهِمْ وَأَنْفُسِهِمْ فِيْ سَبِيْلِ اللّٰهِ وَالَّذِيْنَ آوَوْا وَنَصَرُوْا أُولٰئِكَ

*હતા કે ફર્માવ્યું, "બેશક ! જે લોકો ઈમાન લાવ્યા અને હિજરત કરી અને પોતાના માલ તથા જાન વડે અલ્લાહના*

بَعْضُهُمْ أَوْلِيَاءُ بَعْضٍ الآية

*માર્ગમાં જેહાદ કર્યો, અને જે લોકોએ પનાહ આપી અને મદદ કરી એઓ જ એકબીજાના અવલિયા છે."*

*(બુખારી ૧/૨૧૬ મનાસિક, ૧/૪૩૦, જેહાદ, ૨/૬૧૪ મગાઝી, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ–મનાસિક, મુસ્નદે ઈમામ અહમદ, ૫/૨૦૧, ૨૦૨)*

નથી. ઈમામ અતાઅ, ઈમામ મુજાહિદ, ઈમામ માલિક, ઈસ્હાક અબૂ ઓબૈદ તથા ઈમામે આ'ઝમ અને ઈમામ મુહમ્મદનો આ જ ક઼ૌલ છે કે મક્કા મોઅઝ્ઝમાની જમીન તથા મકાનો ન વેચવાં જાઈઝ છે ન ભાડે આપવાં જાઈઝ છે. તેમની દલીલ આ હદીષ છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, મક્કાનાં ઘરોને વેચવું તથા ભાડા પર આપવું જાઈઝ નથી. *(શરહે મઆનિયુલ આષાર, ૨૨૩)*

બયહક઼ી (ઉમ્દતુલ ક઼ારી, ૯/૨૨૯)ની રિવાયત આ છે : **مكة مناخ لا تباع رباعها و لا تواجر بيوتها** "મક્કા મોઅઝ્ઝમા હાજીઓના પડાવના માટે છે, તેની જમીન તથા ઘરો વેચવામાં ન આવે ન ભાડે આપવામાં આવે. શરહે મઆનિયુલ આષાર (૨૨૩)માં જ છે કે અલક઼મા બિન નઝલા કહે છે કે રસૂલુલ્લાહ ﷺ તથા અબૂબક્ર તથા ઉમર તથા ઉષ્માનના જમાનામાં મક્કાનાં ઘરો ન વેચવામાં આવતાં હતાં ન ભાડે આપવામાં આવતાં. અને ખુલ્લા છોડી આપવામાં આવતાં જેથી જે જરૂરતમંદ હોતો તે રોકાતો અને જેને જરૂરત ન હોતી તે બીજાને રોકાવતો. પરંતુ હનફી ઈમામોમાંથી ઈમામ અબૂ યૂસુફ તથા ઈમામ શાફઈ તથા અન્ય ઘણા બીજા ઉલમાનો મઝહબ એ છે કે મક્કાનાં ઘરોને વેચવા અને ભાડે આપવા જાઈઝ છે, એમની દલીલ ચર્ચા હેઠળની હદીષ છે કે અક઼ીલે જ્યારે એ ઘરો પર કબજો કરી લીધો તો એ એમની મિલ્કત થઈ. ત્યાં સુધી કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું, **هل ترك لنا عقيل من رباع او دور** "શું અક઼ીલે અમારા માટે કાંઈ જાયદાદ કે ઘર છોડયું ?" એ દલીલ છે કે એ મકાનો પર હઝરત અક઼ીલનું માલિકીપણુ સહીહ છે. ઈમામ તહાવીએ એને જ અગ્રતા આપી છે.

**وكان عمر بن الخطاب رضى الله عنه** : અહીં આ છે અને મગાઝી તથા મુસ્નદે ઈમામ અહમદમાં છે : **ثم قال لا يرث المؤمن الكافر و لا يرث الكافر المؤمن** "ત્યારબાદ નબી ﷺ એ ફર્માવ્યું, મો'મિન કાફિરનો અને કાફિર મો'મિનનો વારસ થશે નહીં."

હઝરત ઓસામાએ એ હુઝૂર ﷺ થી પણ સાંભળ્યું છે, અને હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہ થી પણ, ક્યાંક આ રિવાયત કરી કે ક્યાંક તે, ખૂદ કિતાબુલ ફરાઈઝ (૨/૧૦૦૧)માં એમનાથી આટલો હિસ્સો રિવાયત થયો છે : **ان النبى ﷺ الحديث** **مومن**ને બદલે બંને જગાએ **مسلم** છે.

**قال ابن شهاب** : એટલે સૂરએ અન્ફાલની બોત્તેરમી આયત જે મતનની સાથે વર્ણન થયેલી છે. ઈમામ ઝુહરીએ ફર્માવ્યું કે એ હઝરાત એનો અર્થ એ જ બતાવતા હતા કે મુહાજિર અન્સારના વારસદાર છે અને એ સંબીધીઓ જે ઈમાન ન લાવ્યા અથવા હિજરત ન કરી તે મુહાજિરીનના વારસ નથી. આગળ ફર્માવ્યું, અને જે

حدیث ۹۴۴

عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું કે નબી صلی اللہ علیہ وسلم એ મિનામાં યૌમે નહરની સવારે **[હદીષ : ૯૪૪]**

عَلَیْهِ وَسَلَّمَ مِنَ الْغَدِ یَوْمَ النَّحْرِ وَهُوَ بِمِنًی نَحْنُ نَازِلُوْنَ غَدًا بِخَیْفِ بَنِیْ کِنَانَةَ حَیْثُ

ફર્માવ્યું, આપણે કાલે ખૈફ બની કનાનામાં ઉતરીશું જ્યાં લોકોએ કુફ્ર પર જામી રહેવાની ક઼સમ ખાધી હતી,

تَقَاسَمُوْا عَلَی الْکُفْرِ یَعْنِیْ بِذٰلِكَ الْمُحَصَّبَ وَذٰلِكَ اَنَّ قُرَیْشًا وَکِنَانَةَ تَحَالَفَتْ عَلٰی بَنِیْ هَاشِمٍ

એટલે કે મુહસ્સબમાં. એનો બનાવ એવો છે કે કુરૈશ તથા કનાનાએ આપસમાં બની હાશિમ અને બની

وَبَنِیْ عَبْدِ الْمُطَّلِبِ اَوْ بَنِی الْمُطَّلِبِ اَنْ لَّا یُنَاکِحُوْهُمْ وَلَا یُبَایِعُوْهُمْ حَتّٰی یُسْلِمُوْا اِلَیْهِمُ النَّبِیَّ

અબ્દુલમુત્તલિબ અથવા બની મુત્તલિબની વિરુદ્ધ ક઼સમ ખાધી હતી કે તેમની સાથે શાદી વિવાહ નહીં કરીશું

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ. ع

અને ખરીદ વેચાણ નહીં કરીશું જ્યાં સુધી એ લોકો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને તેમના હવાલે ન કરી આપે."

(બુખારી ૧/૨૧૬ મનાસિક, ૧/૫૪૮ બે તરીક઼ાથી, ૧/૬૧૪ મગ઼ાઝી, ૧/૧૧૧૪ તૌહીદ, મુસ્લિમ-હજ્જ, મુસ્નદે ઈમામ અહમદ ૨/૨૩૭)

લોકો ઈમાન લાવ્યા પણ હિજરત ન કરી એમનું વાલીપણુ તેમને હાંસલ નથી. મદીના તય્યબહ તશરીફ લાવ્યા બાદ હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم એ મુહાજિર તથા અન્સારમાં ભાઈ હોવાનો સંબંધ સ્થાપિત કર્યો હતો એના આધારે એક મુહાજિર અન્સારનો અને એક અન્સાર મુહાજિરનો વારસો પામતો હતો. જયારે આયતે કરીમા **و اولوا الارحام بعضهم اولیٰ ببعض فی کتاب الله۔** નાઝિલ થઈ તો એ હુકમ મન્સૂખ થઈ ગયો અને હવે વારસો સગાઈ સંબંધ પર **الا قرب فالاقرب** (નિકટતમ)ના ક્રમ પ્રમાણે આધારિત છે. પણ તે હુકમ બાકી રહ્યો કે મો'મિન કાફિરનો અને કાફિર મો'મિનનો વારસ નથી થઈ શકતો.

## સમજૂતી : ૯૪૪

બુખારીની અહીંની રિવાયતમાં તેમજ મુસ્નદે ઈમામ અહમદમાં **من الغد یوم النحر** છે. એટલે યૌમુન્નહરની સવારે ફર્માવ્યું. અને મગ઼ાઝીમાં બતરીકે મઅમર હઝરત ઓસામાવાળી રિવાયતોમાં **فی حجته** છે. પણ જેહાદ તથા મગ઼ાઝીમાં હઝરત અબૂ હુરૈરહ્ની હદીષમાં **حین اراد حنینا** છે કે જયારે હુનૈનનો ઈરાદો કર્યો. પણ હુનૈન જતાં આ સવાલને કોઈ સ્થાન નથી. હા, હઝરત ઓસામાની હદીષ મગ઼ાઝીમાં જે મુહમ્મદ બિન અબૂ હફ્સાના તરીક઼ાથી છે એમાં **زمن الفتح** છે. ફતહે મક્કાના સમયે આ સવાલનો મોક઼ો હતો, શક્ય છે બંનેવ મોક઼ાઓ પર આ સવાલ થયો હોય અને તે જવાબ ઈર્શાદ ફર્માવ્યો હોય.

**خیف بنی کنانه** : ખૈફ નશેબી (નીચાણવાળા) નાના મેદાનને કહે છે જેમાંથી વરસાદનું પાણી વહે. એનું બીજુ નામ મુહસ્સબ તથા અબ્તહ, બત્હા પણ છે. કનાના હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم ના બાપદાદાઓમાં પંદરમી પેઢીમાં છે. તેમના સાહબઝાદા નઝર છે. અને એમના માલિક અને એમના ફહર છે. વર્ણન થઈ ચૂક્યું કે સહીહ એ છે કે કુરૈશ ફહરનો જ લક઼બ છે. અને એક ક઼ૌલ એ છે કે નઝરનો, પરંતુ નઝરની નસલ (પેઢી) કેવળ માલિકથી

અને માલિકની કેવળ ફહરથી ચાલી. એટલા માટે બંનેનો સાર એક જ નીકળ્યો (ઝુર્કાની અલલ મવાહિબ, ૧/૭૬), કે જે ફહરની નસલથી (વંશથી) છે તે જ કુરૈશી છે, અને જે એમની નસલથી નથી તે કનાની છે. એટલે કે નઝરના ભાઈઓની ઔલાદ બની કનાના છે.

**تقاسموا** : મક્કાવાસીઓએ જ્યારે એ જોયું કે અમારા સંપૂર્ણ વિરોધ છતાં દિન પ્રતિ દિન લોકો ઈસ્લામમાં પ્રવેશતા જઈ રહ્યા છે. ઉમર તથા હમ્ઝા જેવા લોકો પણ મુસલમાન થઈ ગયા. હબ્શામાં શરણ મળી ગયું અને અમારા પ્રતિનિધિઓ ત્યાંથી નિષ્ફળ થઈને પરત થયા તો નબવી સન ૭માં કુરૈશ તથા કનાનાએ ખૈફ બની કનાનામાં ભેગા થઈને એવો કરાર કર્યો કે બની હાશિમ તથા બની મુત્તલિબથી શાદી વિવાહ, ખરીદ વેચાણ, મેલજોલ બંધ કરી દેવામાં આવે, કોઈ પ્રકારનો સંબંધ ન રાખવામાં આવે જ્યાં સુધી એ લોકો મુહમ્મદ (ﷺ) ને આપણા હવાલે ન કરી આપે. મન્સૂર બિન ઈકરમાએ આ કરાર લખ્યો જેને કા'બા પર લગાડી દેવામાં આવ્યો. મન્સૂરનો હાથ સુન મારી ગયો. ત્યારબાદ મજબૂર થઈને અબૂ તાલિબ બની હાશિમ તથા બની મુત્તલિબને લઈને શોઅબે અબી તાલિબમાં ચાલ્યા આવ્યા. ત્રણ વરસો સુધી આ જુલ્મભર્યો બોયકોટ ચાલુ રહ્યો. આ લોકો કેવળ હજજના દિવસોમાં બહાર નીકળતા. આ ત્રણ વરસો હુઝૂર ﷺ તથા પાબંદીમાં સપડાયેલાઓએ ખૂબ જ તકલીફોમાં પસાર કર્યા. ખુદા તઆલાના હુકમથી ઉધઈએ પૂરા કરારને કોતરી ખાધો કેવળ અલ્લાહનું નામ બાકી રહી ગયું. તો હુઝૂર ﷺએ અબૂ તાલિબને બતાવ્યું. એ મક્કાના રઈસોને મળ્યા અને કહ્યું, જો એ ગલત હશે તો અમે મુહમ્મદ ﷺને તમને આપી દઈશું, તમને અધિકાર રહેશે, ચાહશો તો કત્લ કરી આપશો. જ્યારે જોવામાં આવ્યું તો જે કાંઈ અબૂ તાલિબે કહ્યું હતું તે સાચુ નીકળ્યું. એ જાલિમોમાં અમુક એવા પણ માણસાઈને ચાહવાવાળા હતા જેઓ શરૂથી જ એને નાપસંદ કરતા હતા. જેમ કે મુત્ઈમ બિન અદી, અદી બિન કૈસ, ઝમ્આ બિન અસ્વદ, અબુલ બખ્તરી બિન હાશિમ અને ઝુબૈર બિન અબૂ ઉમૈયા, તેમણે અબૂ તાલિબનો સાથ આપ્યો અને જાલિમોને ભલુબુરુ બોલ્યા પછી હથિયાર લગાડીને શોઅબે અબી તાલિબમાં ગયા અને મઝલૂમોને કાઢી લાવ્યા.

પ્રથમ મુહર્રમ નબવી સન ૭થી આ બહિષ્કાર નબવી સન ૧૦ સુધી રહ્યો. (ઉમ્દતુલ કારી, ૯/૨૨૦) આજે જ્યારે કે આખુ અરબ ઈસ્લામના વર્તુળમાં આવી ચૂક્યું છે અને એક લાખ ચોવીસ હજાર દીવાનાઓ સાથે છે, ખૈફ બની કનાનાના એ મેદાનમાં હુઝૂરે અકદસ ﷺનું આગમન થવું એ એનું એલાન હતું કે **બાતિલ નષ્ટ થઈને રહે છે અને હક્ક ગાલિબ થઈને રહે છે.**

**બની અબ્દુલ મુત્તલિબ** : ઈમામ બુખારીએ અબૂલ યમાન શોએબના તરીકાથી શોએબથી જે રિવાયત કરી છે એમાં રાવીને શક છે કે હઝરત અબૂ હુરૈરહએ બની અબ્દુલ મુત્તલિબ કહ્યું હતું કે બની મુત્તલિબ કહ્યું હતું. બાદમાં સમજ પામવા માટે સલામાની રિવાયત વર્ણન કરી જે અકીલ તથા યહયા બિન ઝહહાક અન અવઝાઈ છે એમાં બંનેવે વિના શંકાએ બની મુત્તલિબ કહ્યું છે. ઈમામ બુખારીએ ફર્માવ્યું, આ જ અશ્બહ છે એટલે બિસ્સવાબ. કેમ કે હઝરત અબ્દુલ મુત્તલિબ હઝરત હાશિમના સાહબઝાદા છે, તો જેઓ બની અબ્દુલ મુત્તલિબ હશે તેઓ બની હાશિમ જરૂર હશે. હવે બની હાશિમ પછી બની અબ્દુલ મુત્તલિબ કહેવું ખુલાસા સિવાય અન્ય કાંઈ નથી. મુત્તલિબ એ હાશિમના ભાઈ હતા તેમનાથી પણ વંશવેલો હતો. એ લોકો હુઝૂર અકદસ ﷺના સમર્થક હતા. તેમનો પણ બહિષ્કાર હતો. એટલા માટે બની મુત્તલિબ જ અધિક યોગ્ય છે.

| حدیث ۹۴۵ | عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی |
|---|---|

''હઝરત અબૂ હુરૈરહ્ નબી ﷺથી રિવાયત કરે છે કે ફર્માવ્યું કે કા'બાને બે નાની નાની **[હદીષ : ૯૪૫]**

عَلَیْهِ وَسَلَّمَ قَالَ یُخَرِّبُ الْكَعْبَةَ ذُو السُّوَیْقَتَیْنِ مِنَ الْحَبَشَةِ، ع

પાતળી પાતળી પિંડલીઓવાળો હબ્શી બર્બાદ કરશે.''

*(બુખારી ૧/૨૧૬, ૨૧૭, મનાસિક, મુસ્લિમ–ફિતન, નિસાઈ–હજ્જ, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૪૧૭)*

## સમજૂતી : ૯૪૫

**سويقة، سوقتين**નો તષ્નિયા છે. એ **ساق** સાક઼ની તસ્ગ઼ીર છે, એમાં **ة** તેહકીર (તુચ્છતા) માટે છે, તાનીષ નથી. એટલા માટે કે સાક઼ ખૂદ મુઅન્નષ છે. માનવ અંગોમાં જે બે બે છે, સૌ મુઅન્નષ છે સિવાય **صدغ**ના. એના કારણે મેં એનો તર્જુમો નાની નાની પાતળી પાતળી પિંડલીઓવાળો કર્યો છે, જેથી સેગાની તસ્ગીર અને **ة**ની તેહકીર જાહેર થઈ જાય. હબ્શીઓની પિંડલીઓ નાની તથા પાતળી હોય છે. અહીં એ દર્શાવવું છે કે તે શખ્સ કમજોર તથા હકીર હશે. કા'બાની વિરાની તથા બર્બાદીની હદીષો પુષ્કળ પ્રમાણમાં છે જે વિવિધ સહાબાએ કિરામથી મરવી છે. અમુક રિવાયતોમાંથી જાહેર થાય છે કે એ હઝરત ઈસા علیہ السلامના નુઝૂલના વખતે થશે. હઝરત ઈસા علیہ السلام એના મુક઼ાબલા માટે ફોજ મોકલશે જે એને ખતમ કરશે. જેવું કે હઝરત અબ્દુલ્લાહ ઈબને અમ્ર رضی اللہ عنہماથી મરવી છે. અલ્લામા કુર્તબીએ ફર્માવ્યું, હઝરત ઈસા علیہ السلامના વિસાલ પછી જ્યારે કુર્આન સીનાઓ તથા મુસ્હફોથી ઉઠાવી લેવામાં આવશે ત્યારે આવું થશે.

**من الحبشة** : આ હબ્શનું બહુવચન છે. લુગ઼તવાળાઓએ કહ્યું કે, ''હબ્શતુન્'' સહીહ નથી, અહબશ, હબ્શાન સહીહ છે કેમ કે ''હબ્શતુન'' ફેઅલતુનના વજન પર છે, અને આ વજન પર ફાઈલનું બહુવચન થાય છે. હાબિશ કોઈ શબ્દ નથી. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે આ એ લોકોની ગલતી છે કેમ કે જ્યારે અફસહુલ અરબના કલામમાં આવેલુ છે તો તેના સહીહ હોવા બલ્કે ફસીહ હોવામાં શું બાકી રહ્યું ! હબ્શી એ કૂશ બિન હામ બિન નૂહની ઔલાદ છે. હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું, હબ્શીઓમાં ખૈર નથી, ભૂખ્યા હોય તો ચોરી કરશે અને ધરાયેલા હશે તો બદ્કારી કરશે. એમનામાં બે ખૂબીઓ છે, ખાવા ખવડાવવું અને લડાઈમાં જીવ જાનથી લડવું. *(ઉમ્દતુલ ક઼ારી, ૯/૨૩૨)*

**સામ્યતા** : અહીં પ્રકરણનું ટાઈટલ આ છે : ''અલ્લાહ તઆલાના એ ઈર્શાદનું બયાન, અલ્લાહે ઈજ્જતવાળા ઘર કા'બાને લોકોના માટે સલામતીનો સબબ બનાવ્યો. અને ઈજ્જતવાળા મહિનાઓ તથા હદીને તથા એમના ગળાના હારને. અને આ એટલા માટે કે તમે જાણી લો કે આસ્માનો તથા જમીનોમાં જે કાંઈ છે સૌને અલ્લાહ જાણે છે, અને બેશક ! અલ્લાહને દરેક ચીજનો ઈલ્મ છે.'' *(સૂરએ માઈદા, આયત : ૯૭)*

આ હદીષથી માલૂમ થયું કે એક સમય આવશે કે કા'બા જે બકા–સલામતીનો સબબ છે તે બર્બાદ થશે અને ઝવાલે સબબ મુસ્તલ્ઝિમ છે ઝવાલે મુસબ્બબને. તો જ્યારે કા'બા ન રહેશે તો પછી દુનિયા પણ બાકી ન રહેશે. ત્યારબાદ ખૂબ જ જલ્દી ક઼યામત આવી જશે.

| حديث ٩٤٦ | عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ كَانُوْا يَصُوْمُوْنَ عَاشُوْرَاءَ |
|---|---|

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, રમઝાનના રોઝાના ફર્ઝ **[હદીષ : ૯૪૬]**

قَبْلَ اَنْ يُّفْرَضَ رَمَضَانُ وَكَانَ يَوْمًا تُسْتَرُ فِيْهِ الْكَعْبَةُ فَلَمَّا فَرَضَ اللّٰهُ رَمَضَانَ قَالَ

થવાથી પહેલાં લોકો આશૂરાનો રોઝો રાખતા હતા અને આ તે દિવસ હતો કે કા'બાનો પદડો બદલવામાં

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَنْ شَاءَ اَنْ يَّصُوْمَهُ فَلْيَصُمْهُ وَمَنْ شَاءَ اَنْ

આવતો હતો. જ્યારે અલ્લાહે રમઝાનને ફર્ઝ કરી તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે એ દિવસે રોઝો રાખવા

يَّتْرُكَهُ فَلْيَتْرُكْهُ، ع ـه

ચાહે રાખે અને જે તેને છોડવા ચાહે છોડી આપે."

(બુખારી ૧/૨૧૭ મનાસિક, ૧/૩૬૮, અસ્સૌમ, મુસ્લિમ–સૌમ, મુસ્નદે ઈમામ અહમદ, ૬/૨૪૪)

**સમજૂતી : ૯૪૬**

**સામ્યતા :** પ્રકરણમાં જે આયતે કરીમા વર્ણન થઈ છે એમાં કા'બાને **البيت الحرام** (અલ્બયતુલ્ હરામ) ઈજ્જતવાળુ ઘર ફર્માવ્યું છે. આ હદીષમાં વર્ણન થયું કે કા'બા પર ગિલાફ ચઢાવવામાં આવતો હતો જે એની અઝમત જાહેર કરવાના માટે છે.

**يوم عاشورا :** એટલે કે મુહર્રમની દસમી તારીખ ઈસ્લામ પહેલાંથી જ બરકતવંત દિવસ હતો. કેમ કે જાહિલિયતના દિવસોમાં પણ લોકો એ દિવસે રોઝા રાખતા હતા. (બુખારી ૧/૨૫૪ સૌમ) જ્યારે ઈસ્લામ આવ્યો તો હુઝૂર ﷺ એ એ દિવસે રોઝો રાખવાનો હુકમ આપ્યો, આ રોઝો ફર્ઝ હતો, આ જ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો ક઼ૌલ છે, હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે સુન્નત હતો. રમઝાનના રોઝા ફર્ઝ થયા બાદ હવે એના પર ઈજમાઅ છે કે એ મુસ્તહબ છે.

**تستر فيه الكعبة :** કા'બા મુક઼દસાની મહાનતા તથા જલાલતને પ્રદર્શિત કરવા માટે પૂરાણો દસ્તૂર છે કે કા'બા પર ગિલાફ ચઢાવવામાં આવતો. સૌ પ્રથમ કોણે ચઢાવ્યો, એના બારામાં એટલા અક઼વાલ (કથનો) છે કે કોઈ એકને અગ્રતા આપવી સૌમાં વર્ગીકરણ કરવું એક લાંબી કાર્યવાહી છે.

**૧.** ઈમામ મુહમ્મદ બિન ઈસ્હાક઼ે પોતાની સીરતમાં વર્ણન કર્યું છે : તુબ્બઅ આખિર તુબ્બાન અસ્અદ અબૂ કરબ યમનના બાદશાહે સૌ પ્રથમ ચઢાવ્યો જે મૂર્તિપૂજક હતો. તે મક્કાની તરફ ચાલ્યો અસ્ફાન અને અબહની વચ્ચે હઝીલ બિન મુદરકહના કેટલાક માણસો મળ્યા અને તેમણે કહ્યું, મક્કા દૌલતની ખાણ છે તેની સાથે બે હિબ્ર હતા. તેમણે તુબ્બઅને બતાવ્યું કે આ લોકો તમને તબાહ કરવા ચાહે છે કેમ કે મક્કા પર જેણે પણ ચઢાઈ કરી તે હલાક થઈ ગયો છે. તેણે પૂછ્યું, તો પછી હું શું કરું ? એ બંનેવે કહ્યું, ત્યાંના લોકો જે કરે છે તે તમે પણ કરો. તુબ્બઅ મક્કા મોઅઝ્ઝમા હાજર થયો અને તવાફ કર્યો, માથુ મૂંડાવ્યું અને ખૂબ કુર્બાની કરી, લોકોને ખવડાવ્યું. છ દિવસ ત્યાં રહ્યો. તેને ખ્વાબમાં બતાવવામાં આવ્યું કે કા'બા પર ગિલાફ ચઢાવે, તેણે ચામડાનો ગિલાફ નાખ્યો. પછી બતાવવામાં આવ્યું કે એનાથી પણ સારો ! તો એણે મુઆફિરનો ગિલાફ નાખ્યો. પછી દેખાડવામાં આવ્યું કે એનાથી પણ સારો ! તો તેણે મલા અને વસાઈલનો ગિલાફ નાખ્યો. (આ સૌ એ જમાનાનાં

حدیث ۹۴۷ عَنْ اَبِیْ سَعِیْدِنِ الْخُدْرِیِّ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ

*"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું, યાજૂજ* **[હદીષ : ૯૪૭]**

قَالَ لَيُحَجَّنَّ الْبَيْتُ وَلَيُعْتَمَرَنَّ بَعْدَ خُرُوْجِ يَاجُوْجَ وَمَاجُوْجَ وَقَالَ عَبْدُ الرَّحْمٰنِ

*તથા માજૂજના નીકળ્યા બાદ પણ બયતુલ્લાહનો હજ્જ તથા ઉમરા કરવામાં આવશે. અને અબ્દુર્રહમાને*

કપડાંની જાતો હતી) આમ તો મલા ડબલ ચાદરને અને વસીલા યમનની એક પ્રકારની ધારીદાર ચાદરને કહે છે. ઈબ્ને કુતૈબાએ કહ્યું કે આ કિસ્સો ઈસ્લામથી નવસો વર્ષ પહેલાંનો છે. એક હદીષ (મુસ્નદે ઈમામ અહમદ ૫/૩૪૦)માં છે જે ભલે ઝઈફ છે કે હુઝૂર અક્દસ ﷺ એ ફર્માવ્યું, તુબ્બઅને બુરો ન કહો, એ મુસલમાન થઈ ગયો હતો મગાઈસુલ જવહરેફી અન્સાલે હુમૈરમાં છે કે તુબ્બઅ ઝબૂરના મઝહબનો હતો.

**૨.** ઈમામ અબૂબક્ર બિન અબૂ શયબાએ પોતાની તારીખમાં વર્ણન કર્યું છે કે સૌ પ્રથમ કા'બા શરીફ પર ગિલાફ અદનાન બિન આદૂએ ચઢાવ્યો. બિલાઝરીએ કહ્યું કે તેમણે ચામડાનો ગિલાફ ચઢાવ્યો હતો.

**૩.** મુહદ્દિષ ઈબ્ને બત્તાલે ઈમામ ઈબ્ને જરીજથી નક્લ કર્યું. અમુક ઉલમાનું ગુમાન છે કે સૌ પ્રથમ સૈયદના ઈસ્માઈલ علیہ السلام એ ચઢાવ્યો.

ઈમામ વાક્દીએ ફર્માવ્યું કે જાહિલિયતના જમાનામાં કા'બા પર ચામડાના ગિલાફ ચઢાવવામાં આવતા હતા. રસૂલુલ્લાહ ﷺ એ યમની કાપડનો ગિલાફ ચઢાવ્યો પછી હઝરત ઉમર તથા ઉષ્માન رضی اللہ عنہما એ યમની પ્રકારના રેશમી કપડાનો ચઢાવ્યો જેને ક્બ્તિયા કહેવામાં આવે છે. પછી હજ્જાજે દીબાનો ચઢાવ્યો. ઈમામ અબ્દુર્રઝ્ઝાકે કહ્યું કે ઈબ્ને જરીજથી મરવી છે કે તેમણે કહ્યું કે મને ખબર આપવામાં આવી છે, હઝરત ઉમર رضی اللہ عنہ કિબાતીનો ગિલાફ ચઢાવ્યા કરતા હતા. અને ઘણા લોકોએ ખબર આપી છે કે રસૂલુલ્લાહ ﷺ અને ત્રણેવ ખલીફા ક્બાતી તથા યમની સફેદ ચાદરોનો ગિલાફ ચઢાવ્યા કરતા હતા. અને સૌ પ્રથમ દીબાનો ગિલાફ અબ્દુલમલિક બિન મરવાને ચઢાવ્યો. તે વખતના ફકીહોએ તેને પસંદ ફર્માવ્યો અને ફર્માવ્યું, આનાથી વધુ યોગ્ય અન્ય કોઈ ગિલાફ નથી. ઝુબૈર બિન બકારે કહ્યું, સૌ પ્રથમ હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈરે દીબાનો ગિલાફ ચઢાવ્યો. ઈમામ દારકુત્નીએ મુઅ્તલફમાં લખ્યું છે કે હઝરત અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ બચપણમાં ગુમ થઈ ગયા હતા તો તેમના વાલિદા નતીલા બિન્તે હબ્બાને મન્નત માની કે મારો બાળક મળી જશે તો કા'બા પર દીબાનો ગિલાફ ચઢાવીશ. તેમના મળી જતાં સૌ પ્રથમ તેમણે દીબાનો ગિલાફ ચઢાવ્યો. પણ આ ટેમ્પરરી તથા વ્યક્તિગત વાત હતી. દીબાનો ગિલાફ ચઢાવવાનો ક્રમ હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہما એ શરૂ કર્યો. પછી અબ્દુલ મલિક બિન મરવાને તેને બાકી રાખ્યો અને એ જ ક્રમ આજ સુધી ચાલ્યો આવે છે. મિસ્રના ઉબેદિય્યીન રુફ્ફાઝ સફેદ દીબાનો ચઢાવતા હતા. પછી સુલ્તાન મહમૂદ બિન સબ્કતગીને પીળા દીબાનો ચઢાવ્યો. પછી નાસિર અબ્બાસીએ લીલા દીબાનો, પછી કાળા દીબાનો ચઢાવ્યો. અને હવે એ જ રંગ બાકી છે. સુલ્તાન સાલેહ ઈસ્માઈલ બિન નાસિરે હિ.સ. ૭૫૦માં કાહિરાની નજીક એક ગામ કા'બાના ગિલાફ માટે વક્ફ કર્યું છે જેની આવકથી ગિલાફ તૈયાર થતો રહ્યો અને હવે નજદી પોતાની હુકૂમતના ખર્ચે તૈયાર કરે છે.

## સમજૂતી : ૯૪૭

**સામ્યતા** : વર્ણન થઈ ચૂક્યું કે અહીં પ્રકરણનું ટાઈટલ આયતે કરીમા **جعل الله الكعبة البيت الحرام قياما للناس** છે. "અલ્લાહે ઈજ્જતવાળા ઘર કા'બાને લોકોના રોકાણનો સબબ બનાવ્યો." એનાથી લાઝિમ થયું કે જ્યાં સુધી કા'બા તથા માણસો રહેશે, હજ્જ થતો રહેશે. અને એ જ આ

عَنْ شُعْبَةَ لَاتَقُوْمُ السَّاعَةُ حَتّٰى لَا يُحَجَّ الْبَيْتُ وَالْاَوَّلُ الْاَكْثَرُ وَقَالَ اَبُوْعَبْدُاللهِ سَمِعَ

શઅબાથી જે રિવાયત કરી છે એમાં આ છે, જ્યાં સુધી બયતુલ્લાહનો હજ્જ નહીં છોડવામાં આવે ક઼યામત

قَتَادَةُ عَبْدَاللهِ وَسَمِعَ عَبْدُاللهِ اَبَاسَعِيْدِنِ الْخُدْرِيِّ رَضِيَ اللهُ تَعَالٰى عَنْهُ ـ

આવશે નહીં." (ઈમમ બુખારીએ કહ્યું) પ્રથમ રિવાયત અકષર છે અને હઝરત ઈમામ બુખારીએ કહ્યું,

ક઼તાદાએ અબ્દુલ્લાહથી અબ્દુલ્લાહે અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી હદીષ સાંભળી." (બુખારી ૧/૨૧૭ મનાસિક)

حدیث ٩٤٨

عَنْ اَبِيْ وَائِلٍ قَالَ جَلَسْتُ مَعَ شَيْبَةَ عَلَى الْكُرْسِيِّ فِي الْكَعْبَةِ فَقَالَ لَقَدْ

"હઝરત અબૂ વાઈલ رضی اللہ عنہ એ કહ્યું, હું શયબાની સાથે ખુરશી પર કા'બામાં બેઠો તો **[હદીષ : ૯૪૮]**

جَلَسَ هٰذَا الْمَجْلِسَ عُمَرُ فَقَالَ لَقَدْ هَمَمْتُ اَنْ لَّا اَدَعَ فِيْهَا صَفْرَاءَ وَلَا بَيْضَاءَ اِلَّا

શયબાએ કહ્યું, અહીં ઉમર બેસતા અને ફર્માવતા, મેં ઈરાદો કરી લીધો છે કે આમાં જેટલુ પીળુ તથા સફેદ છે

قَسَمْتُهُ قُلْتُ اِنَّ صَاحِبَيْكَ لَمْ يَفْعَلَا قَالَ هُمَا الْمَرْءَانِ اَقْتَدِيْ بِهِمَا ـ

સૌને વહેંચી દઉં. મેં કહ્યું, આપના બે સાથીઓએ એવું નથી કર્યું ! તો ફર્માવ્યું, એ બંનેનું હું પણ અનુસરણ

કરીશ." (બુખારી ૧/૨૧૭ મનાસિક, ૨/૧૦૮૦ અલ્એઅ્તિસામ, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ, ઈબ્ને માજહ–મનાસિક,

મુસ્નદે ઈમામ અહમદ, ૩/૪૧૦)

હદીષનો મતલબ છે કે ક઼યામત સુધી હજ્જ થતો રહેશે. ક઼યામત એ વખતે આવશે જ્યારે હજ્જ બંધ થઈ જશે.

**والاول الاكثر** : ઈમામ બુખારીના આ ઈર્શાદનો મતલબ એ છે કે ભલે બંને રિવાયતોનો ભાવાર્થ એક જ છે, આ જે ફર્માવવામાં આવ્યું કે યાજૂજ માજૂજના નીકળ્યા પછી પણ હજ્જ તથા ઉમરા થતા રહેશે. એનો ભાવાર્થ પણ એ જ છે કે ક઼યામત સુધી હજ્જ તથા ઉમરા બંધ નહીં થાય. પણ પહેલી રિવાયત મોટાભાગના રાવીઓથી રિવાયત થયેલી છે. બંને રિવાયતો ક઼તાદાથી મરવી છે પણ બીજી કેવળ શોઅબાએ રિવાયત કરી છે. ક઼તાદાના બીજા શાગિર્દોએ આ શબ્દો નથી રિવાયત કર્યા અને પહેલી ક઼તાદાના વિવિધ શાગિર્દોથી મરવી છે.

**સમજૂતી** : ક઼તાદા મુદલ્લિસ છે અને મદુલ્લિસનો અન્અનહ ઈમામ બુખારીને ત્યાં સ્વીકાર્ય નથી જ્યાં સુધી કે સમાઅ (સાંભળવું) સાબિત ન થાય. અને આ હદીષની સનદમાં અન્અનહ છે. એના લીધે ઈમામ બુખારીએ ફર્માવ્યું કે ક઼તાદાએ આ હદીષના રાવી અબ્દુલ્લાહ બિન ઉત્બાથી હદીષ સાંભળી છે, અને તેમણે હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી.

**સમજૂતી : ૯૪૮**

જાહિલિયતના (ઈસ્લામ પહેલાંના) જમાનામાં રોકડ, સોનુ, ચાંદી કા'બા પર નઝર કરતા હતા. જે કા'બામાં જમા રહેતુ હતું. એના વિશે હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું હતું કે આ જે કાંઈ ભેગું થયેલુ છે એને વહેંચી દઉં, તો હઝરત શયબાએ આ પ્રમાણે કહ્યું.

**સામ્યતા** : આ હદીષ પર એ પ્રકરણ છે કે, "કા'બાના લિબાસનું બયાન" એના કેટલાક અર્થો થઈ શકે છે. એક એ કે કા'બા પર ગિલાફ ચઢાવવાનો હુકમ શું છે ? બીજુ એ કે આ ગિલાફનો શું હુકમ છે ? શું એને કા'બા

حدیث ۹۴۹ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمْ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ રિવાયત કરી કે નબી ﷺ એ ફર્માવ્યું, ટાંગો ફેલાવીને **[હદીષ : ૯૪૯]**

قَالَ كَاَنِّیْ بِهٖ اَسْوَدُ اَفْحَجُ یَقْلَعُهَا حَجَرًا حَجَرًا ع

ચાલનારા હબ્શીને જોઈ રહ્યો છું જે કા'બાના એક એક પથ્થરને ઉખેડશે." (બુખારી ૧/૨૧૭ મનાસિક)

حدیث ۹۵۰ عَنْ عَابِسِ بْنِ رَبِیْعَةَ عَنْ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ

"હઝરત આબિસ બિન રબીઆથી રિવાયત છે કે હઝરત ઉમર رضی اللہ عنہ હજરે અસ્વદની **[હદીષ : ૯૫૦]**

પર રહેવા દેવામાં આવે અથવા તેને ઉતારીને ફકીરો તથા મિસ્કીનો પર વહેંચી દેવામાં આવે. આ બંનેવ અર્થોમાંથી કોઈની સાથે હદીષને મળતાપણુ નથી. અલ્લામા અસ્કલાનીએ ફત્હુલબારીમાં ફર્માવ્યું, આ હદીષના અમુક તરીક઼ાઓમાં એ છે કે હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, **لا اخرج حتیٰ اقسم مال الكعبة** "હું ત્યાં સુધી બહાર જઈશ નહીં. જ્યાં સુધી કા'બાનો માલ વહેંચી લઈશ નહીં." અને માલનો ઈત્લાક઼ (માલ બોલાવું) લિબાસ પર ખૂદ હદીષમાં આવ્યું છે. ઈર્શાદ છે : **هل لك من مالك الا ما لبست فابليت او تصدقت فامضيت** "તારા માટે કેવળ તે છે જે તેં પહેર્યુ અને જૂનુ કરી નાખ્યું......" છેવટ સુધી. (મુસ્લિમ ૨/૪૦૭, કિતાબુઝ્ઝોહદ) હવે હઝરત ઉમર رضی اللہ عنہના આ ઈર્શાદનો મતલબ એ થયો કે જ્યાં સુધી અંદર જે જમા છે તે અને બહાર જે ગિલાફ છે તે સૌને વહેંચી કાઢીશ નહીં ત્યાં સુધી અહીં જઈશ નહીં. હવે પ્રકરણના બંનેવ ભાગો સાથે સામ્યતા થઈ ગઈ. એ પણ સાબિત થઈ ગયું કે કા'બા પર ગિલાફ નાખવો જાઈઝ છે, કેમ કે જો જાઈઝ ન હોત તો તે કા'બાનો માલ ન હોત પણ નાખનારની માલિકીપણામાં રહેતો. અને એ પણ કે ખલીફતુલ મુસ્લિમીન સુલ્તાને ઈસ્લામને એ હક઼ હાંસલ છે કે કા'બાનો જૂનો ગિલાફ ફક઼ીરો તથા મિસ્કીનોને આપી દે. અને એ ઈમામ બુખારીની આદત માલૂમ છે કે એ ખૂબ એવું કરે છે કે પ્રકરણના હેઠળ જે શબ્દોથી હદીષ વર્ણવે છે તે પ્રકરણના મુજબની નથી હોતી પણ બીજા તરીક઼ાઓથી જે શબ્દો રિવાયત થયેલા હોય છે તેમનાથી સામ્યતા થઈ જાય છે.

## સમજૂતી : ૯૪૯

**بِهٖ** આ ઝમીરનો મરજઅ ક્યાં તો બયતુલ્લાહ છે અને ક઼રીનાએ હાલિયહ્ છે અને મુતઅલ્લિક છે મુલ્તબિસ મહઝૂફના. અથવા એનો મરજઅ ક઼લઅ છે એના પર પણ ક઼રીનાએ હાલિયહ છે. અલ્લામા કુર્તબીએ કહ્યું કે આ ઝમીર મુબહમ છે. બાદનું વાક્ય તેની તફસીર તથા તમીઝ છે. જેમ કે આયતે કરીમા **فَقَضٰهُنَّ سَبْعَ سَمٰوٰتٍ**માં **هُنَّ** છે. આ હદીષનો આગલો હિસ્સો મહઝૂફ છે. હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم ની હદીષમાં છે જેને અબૂ ઉબૈદાએ ગરીબુલ હદીષમાં વર્ણન કરેલ છે કે ફર્માવ્યું, કા'બાનો વધુથી વધુ તવાફ કરો એ પહેલાં કે તમારા અને કા'બાની વચ્ચે કાંઈક આડ થઈ જાય. જાણે હું તે હબ્શી બોડા કે ચપટા માથા, પાતળી પિંડલીઓવાળાને જોઈ રહ્યો છું જે એના પર બેઠો છે અને તેને પાડી રહ્યો છે. *(ઉમ્દતુલ ક઼ારી–૨૩૮)*

## સમજૂતી : ૯૫૦

આ હદીષ વિવિધ શબ્દો તથા કાંઈક વધારા તથા ઘટાડા સાથે હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત ઈબ્ને ઉમર, હઝરત ઉરવા, હઝરત અસ્લમ, હઝરત અબ્દુલ્લાહ બિન સરજિસ, સુવૈદ બિન ગુફલા, આબિસ બિન રબીઆથી મરવી છે. ઈમામ હાકિમ (ઉમ્દતુલ ક઼ારી, ૯/૨૪૦) એ પોતાની મુસ્તદરકમાં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત કરી કે અમે હઝરત ઉમર رضی اللہ عنہની સાથે હજ્જ કર્યો. તેમણે જ્યારે તવાફ કરવા ચાહ્યો તો હજરે

અસ્વદની તરફ મોં કર્યું અને ફર્માવ્યું, હું નિશ્ચિતપણે જાણું છું કે તું એક પથ્થર છે, ન કોઈને નુકસાન પહોંચાડે છે ન ફાયદો. જો મેં રસૂલુલ્લાહ ﷺને તારો બોસો લેતાં ન જોયા હોત તો તારો બોસો ન લેત. આમ કહીને તેનો બોસો લીધો. એના પર હઝરત અલી كرم الله تعالى وجهه الكريم એ ફર્માવ્યું, હે અમીરુલ મો'મિનીન ! આ નુકસાન પણ આપે છે અને લાભ પણ પહોંચાડે છે. હઝરત ઉમરે પૂછયું, કેવી રીતે ? તો ફર્માવ્યું, હું ગવાહી આપુ છું કે રસૂલુલ્લાહ ﷺને એવું ફર્માવતાં મેં સાંભળ્યા કે કયામતના દિવસે હજરે અસ્વદને લાવવામાં આવશે અને તેને નરમીવાળી ઝબાન હશે. જેણે એનો તૌહીદની સાથે બોસો આપ્યો છે તેના બારામાં ગવાહી આપશે. એટલા માટે અમીરુલ મો'મિનીન એ નુકસાન પણ આપે છે અને લાભ પણ. હવે હઝરત ઉમરે ફર્માવ્યું, અલ્લાહની પનાહ ચાહું છું એવી કૌમથી જેમાં અબુલ હસન તમે ન હોઉ !

એને ઝુર્કાનીએ તારીખે મક્કામાં પણ વર્ણન કર્યો છે. તેમના છેવટના શબ્દો આ પ્રમાણે છે : **اعوذ بالله ان اعيش فی قوم لست فيهم**۔ "હું એનાથી અલ્લાહની પનાહ માગુ છું કે એવી કૌમમાં જિંદગી ગુજારું જેમાં તમે ન હોવ."

આ હદીષના એક રાવી અબૂ હારૂન અમ્મારા બિન જૂયન ઝઈફ છે, પણ હઝરત અલી મુર્તઝા كرم الله تعالى وجهه الكريم એ હજરે અસ્વદને નફાકારક તથા નુકસાનકારકની દલીલમાં જે હદીષ વર્ણન કરી એનું સમર્થન બીજી હદીષોથી પણ થાય છે. ઈમામ અહમદ (મુસ્નદે ઈમામ અહમદ, ૧/૩૦૭), ઈમામ ઈબ્ને માજહ (મનાસિક–૨૧૭), ઈમામ દારમી, હઝરત ઈબ્ને અબ્બાસ رضی الله عنهماથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "વલ્લાહ ! કયામતના દિવસે અલ્લાહ ﷻ હજરે અસ્વદને એ રીતે ઉઠાવશે કે તેને આંખો હશે જેના વડે તે જોશે અને જીભ હશે જેના વડે વાત કરશે, જેણે હક્કની સાથે એને બોસો આપ્યો છે એના માટે ગવાહી આપશે."

ઈમામ અહમદ (મુસ્નદે ઈમામ અહમદ, ૧/૩૦૭, ૩૨૯), ઈમામ તિર્મિઝી (હજ્જ–૧૦૭)એ તેમનાથી જ રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે : હજરે અસ્વદ જયારે જન્નતથી આવ્યો હતો તો દૂધથી વધુ સફેદ હતો. આદમની ઔલાદના ગુનાહોએ એને કાળો કરી આપ્યો. મુસ્નદે ઈમામ અહમદમાં છે કે શિર્ક કરનારાઓના ગુનાહોએ. મુસ્નદે ઈમામ અહમદ (૨/૩, ૧૧)માં હઝરત ઈબ્ને ઉમર رضی الله عنهماથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે આ બંનેવ રુકન (રુકને યમાની તથા રુકને હજરે અસ્વદ)ને ચૂમવું ગુનાહોને મિટાવી દે છે.

આ હદીષોથી એ સાબિત થયું કે હજરે અસ્વદ ફાયદો આપે છે, જેણે ઈમાનની સાથે એનો બોસો લીધો છે તેના હક્કમાં કયામતના દિવસે ગવાહી આપશે. શું આ મામૂલી ફાયદો છે ? બોસો આપનારાઓના ગુનાહોને મિટાવે છે. શું આ ફાયદો પહોંચાડવું નથી ?

ઈબ્ને માજહ (મનાસિક–૨૧૮)માં છે : હઝરત અબૂ હુરૈરહ رضی الله عنهથી રિવાયત છે કે તેમણે નબી ﷺથી સાંભળ્યું કે ફર્માવ્યું, : مَنْ فَاوَضَهٗ فَاِنَّمَا يُفَاوِضُ يَدَ الرَّحْمٰنِ۔ **"જેણે એનો બોસો લીધો તે રહમાનના દસ્તે કુદરતનો બોસો લે છે."**

ઈમામ અબૂ ઉબૈદ (ઉમ્દતુલ કારી, ૯/૨૪૦) ગરીબુલ હદીષમાં અને જુન્દી ફઝાઈલે મક્કામાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی الله عنهماથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે આ રુકને અસ્વદ યકીનન જમીનમાં અલ્લાહ ﷻનો યદે રહમત (દસ્તે રહમત) છે (તેના થકી) અલ્લાહ પોતાના બંદાઓ સાથે મુસાફો કરે છે જેવી રીતે એક શખ્સ પોતાના ભાઈ સાથે મુસાફો કરે છે.

وَلَا تَنْفَعُ وَلَوْلَا اَنِّیْ رَاَیْتُ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یُقَبِّلُكَ

*પહોંચાડી શકે છે ન લાભ. અને જો મેં રસૂલુલ્લાહ ﷺને ન જોયા હોત કે તે તારો બોસો લેતા હતા તો હું*

مَا قَبَّلْتُكَ

*પણ તારો બોસો ન લેત."*

*(બુખારી ૧/૨૧૭, ૨૧૮ મનાસિક, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ–મનાસિક, તિર્મિઝી–હજ્જ, નિસાઈ, ઈબ્ને માજહ, દારમી–મનાસિક, મોઅત્તા ઈમામ માલિક–હજ્જ, મુસ્નદે ઈમામ અહમદ, ૧/૨૬)*

તેમજ હકમ બિન અબાન (ઉપર મુજબ) અન ઈકરમા અન ઈબ્ને અબ્બાસની હદીષમાં છે : જેણે રસૂલુલ્લાહ ﷺની બયઅત નથી પામી અને હજરે અસ્વદનો બોસો લઈ લીધો તો તેણે અલ્લાહ અને તેના રસૂલથી બયઅત કરી.

શું એક બંદાના માટે એનાથી વિશેષ નેકનસીબી અન્ય કાંઈ થઈ શકે છે ? અને શું આ નફો (લાભ) પહોંચાડવાનું નથી ? રહી ગયો હઝરત ઉમર رضی اللہ عنہનો એ ઈર્શાદ, તો એનો ખુલાસો એ છે કે તેમને આ હદીષો પહોંચી ન હતી અને હજી લોકો નવા નવા મુસલમાન થયા હતા, મૂર્તિપૂજાની નિકટનો યુગ હતો. જાહિલિયતના યુગમાં મૂર્તિઓના બારામાં એ અક઼ીદો હતો એ મુસ્તક઼િલ બિઝ્ઝાત (કોઈની અતા વિના પોતે) નફા–નુકસાનકારક છે. એનો અંદેશો હતો કે ક્યાંક એ જ બુરો અક઼ીદો હજરે અસ્વદના બારામાં મુસલમાનોમાં ન પેદા થઈ જાય તેના નિવારણના માટે એવું ફર્માવ્યું. પણ જ્યારે હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریمએ ખૂદ હુઝૂર ﷺનો ઈર્શાદ બતાવ્યો તો સ્વીકારી લીધો જેથી હવે તેમના આ ઈર્શાદને દલીલ બનાવીને એવું કહેવું કે હજરે અસ્વદ નફો નુકસાન નથી પહોંચાડતો, એ દુરુસ્ત નથી.

**ફાયદો** : હઝરત ઉમર رضی اللہ عنہના આ ઈર્શાદથી એ માલૂમ થયું કે ઉમ્મતી પર હુઝૂર ﷺના કથનો તથા કાર્યોને અનુસરવું લાઝિમ છે, ભલે તેની ઈલ્લત (સબબ) અને સબબ માલૂમ ન હોય. એમાં જ સલામતી છે બલ્કે દરેક શરઈ હુકમનો સબબ માલૂમ કરવાની કોશિશ માણસને ગુમરાહ પણ કરી શકે છે. જ્યારે માણસ અલ્લાહ جل جلالہ અને રસૂલ ﷺના દરેક ઈર્શાદ તથા અમલની હક઼ીક઼ત જાણવાની આદત નાખશે તો જો અમુક ઈર્શાદો તથા અમલોની હક઼ીક઼ત નહીં જાણી શક્શે તો એમાં એને શક તથા વસવસો થઈ શકે છે. અને આ જ ગુમરાહીનો પાયો છે. એક માણસ બીજા માણસની વાતોની હક઼ીક઼ત જાણવાથી આજિઝ છે, પછી તે અલ્લાહ عزوجل અને રસૂલુલ્લાહ ﷺના ઈર્શાદો તથા અમલોની હક઼ીક઼ત પણ જરૂર જાણી લે એ શક્ય નથી. અમારું કામ કેવળ ઈતાઅત તથા ઈત્તેબાઅ (અનુસરણ તથા આજ્ઞાપાલન) છે, સબબો તથા હક઼ીક઼ત જાણવાના માટે ન આપણે બંધાયેલા છીએ ન એ આપણા વશમાં છે.

**અહકામ (હુકમો)** : આ હદીષથી સાબિત થયું કે હજરે અસ્વદને બોસો આપવો સુન્નત છે, જો ભીડના કારણે બોસો ન આપી શકે તો એના પર હાથ રાખીને હાથને બોસો આપે અને જો એ પણ શક્ય ન હોય તો એના તરફ ઈશારો કરીને હાથને ચૂમી લે.

હઝરત ઈમામ શાફઈએ ફર્માવ્યું, હજરે અસ્વદ અને રુકને યમાનીના સિવાય કા'બા મુક઼દ્દસાના અન્ય હિસ્સાઓનો પણ બોસો આપવો હસન (સારો) છે. અલ્લામા ઝયનુદ્દીન ઉસ્તાઝે અલ્લામા અયનીએ ફર્માવ્યું, સારી જગાઓ તથા સાલેહ મશાઈખના હાથ તથા પગો તબર્રુકની નિય્યતે ચૂમવા પણ હસન છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ સૈયદના ઈમામે હસન મુજતબા رضی اللہ عنہથી અર્ઝ કરી કે, "રસૂલુલ્લાહ ﷺએ આપની

મુબારક નાફ (ડૂંટી) પર બોસો આપ્યો હતો, લાવો હું એને બોસો આપું.'' રસૂલુલ્લાહ ﷺના આષાર અને તેમની આલથી બરકત હાંસલ કરવાના માટે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ તેમની મુબારક નાફનો બોસો લીધો.

હઝરત ષાબિત બુનાની હઝરત અનસ رضی اللہ عنہનો દસ્તે મુબારક (હાથ) પકડીને છોડતા ન હતા જ્યાં સુધી તેને બોસો ન લેતા. કહેતા, ''આ તે હાથ છે જેણે રસૂલુલ્લાહ ﷺનો દસ્તે મુબારક સ્પર્શ્યો છે.''

હઝરત ઈમામ અહમદ رضی اللہ عنہથી સવાલ થયો કે નબી ﷺના મઝારે પુરઅન્વાર અને મિમ્બરે અક્દસને બોસો આપવો કેવું છે ? ફર્માવ્યું, કોઈ વાંધો નથી. હઝરત ઈમામ અહમદે હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہનો કુર્તો ધોઈને એનું પાણી પીધું. જ્યારે ઈલ્મવાળાઓની તા'ઝીમનો આ હાલ છે, તો પછી સહાબાએ કિરામના મઝારો તથા અંબિયાએ કિરામના આષાર (તબર્રુકો)ની તા'ઝીમ તથા ઈજ્જત શાથી મના થશે ? મજનૂએ લયલાના બારામાં શું સરસ કહ્યું :–

امر علیٰ الدیار دیار لیلےٰ-اقبل ذا الجدار و ذاالجدار-وما حب الدیار شغفن قلبی-ولکن حب من سکن الدیار-

''હું લયલાના દરબાર(શહેર)માં ગુજરુ છું, તો આ દીવારને તથા તે દીવારને બોસો આપુ છું, એ શહેરની ઈમારતોએ મારું દિલ નથી લોભાવ્યું, મારા દિલને એણે લોભાવ્યું છે જે એ શહેરમાં રહે છે.''

ઈમામ મુહિબ્બ તબરીએ ફર્માવ્યું, હજરે અસ્વદ અને રુકને યમાનીના બોસાથી મુસ્તંબત (તારણ) કરવામાં આવે છે કે જેને બોસો આપવામાં અલ્લાહની તા'ઝીમ છે, એનો બોસો આપવો જાઈઝ છે, કેમ કે જો એના મંદૂબ હોવા પર કોઈ હદીષ નથી આવી તો કરાહતની પણ કોઈ હદીષ નથી. મેં મારા દાદા મુહમ્મદ બિન અબૂબક્રની અમુક તઅલીક઼ાતમાં જોયું છે કે તેમણે ઈમામ અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન અબૂસ્સૈફથી નક઼લ કર્યું કે, તેમણે અમુક બુઝુર્ગોને જોયા છે કે તેઓ જ્યારે કુર્આન મજીદ જોતા તો તેને બોસો આપતા. જ્યારે હદીષના ભાગો જોતા તો બોસો આપતા, અને જ્યારે સાલેહીનની ક઼બ્રો જોતા તો બોસો આપતા. જેમાં અલ્લાહની તા'ઝીમ હોય તેને બોસો આપવામાં કાંઈ વાંધો નથી. (ઉમ્દતુલ ક઼ારી, ૯/૨૪૧) વલ્લાહુ તઆલા અઅ્લમ.

**હું કહું છું અલ્લાહની તૌફીક઼થી** : એવી વ્યક્તિઓ, એવાં સ્થળો, એવી ચીજોની તા'ઝીમ તથા અદબ જે અલ્લાહ ﷻના મહબૂબ તથા તેની પસંદીદા છે, એ હક઼ીક઼તમાં અલ્લાહ ﷻની જ તા'ઝીમ છે, કેમ કે તેમની તા'ઝીમ તથા અદબ કેવળ એ કારણે છે કે તે અલ્લાહ ﷻના મહબૂબ અને તેના પસંદીદા છે, તો એ તા'ઝીમ અલ્લાહની સારી પસંદગીની થઈ અને વિના શંકાએ અલ્લાહ ﷻની તા'ઝીમ છે. એને જ કુર્આન મજીદમાં ફર્માવવામાં આવ્યું :–

(૧) (سورہ حج ۳۱) وَمَنۡ يُّعَظِّمۡ حُرُمٰتِ اللّٰهِ فَهُوَ خَيۡرٌ لَّهٗ عِنۡدَ رَبِّهٖ- ''અલ્લાહે જે ચીજોને ઈજ્જતવાન કરી છે જે તેમની તા'ઝીમ કરે તો એ તેના રબની હુઝૂર બેહતર છે.'' *(સૂરએ હજ્જ–૩૧)*

(૨) (سورہ حج ۳۲) وَمَنۡ يُّعَظِّمۡ شَعَآئِرَ اللّٰهِ فَاِنَّهَا مِنۡ تَقۡوَى الۡقُلُوۡبِ- ''અને જે અલ્લાહની નિશાનીઓની તા'ઝીમ કરે તો એ એના દિલની પરહેઝગારી છે.'' *(સૂરએ હજ્જ–૩૨)*

બુઝુર્ગાને દીનના પાક મઝારોથી જે રૂહાની તથા જિસ્માની ફયઝો લોકોને પહોંચે છે, તે એની દલીલ છે કે એ કોઈ અલ્લાહ ﷻના મહબૂબ બંદાનું મઝાર છે. અને એની દલીલ એ છે કે જ્યારે બંદામાં બુદ્ધિને હેરતમાં નાખી દે એવી શક્તિ (તસર્રુફ) છે તો જે મઅબૂદે બરહક્ક઼ના એ મહબૂબ છે કે જેની અતા તથા દૈનથી તેમને આ શક્તિ મળી છે તે કેટલી મહાન કુદરતવાળો હશે. એના આધારે બુઝુર્ગાને દીન અને તેમનાં પવિત્ર મઝારો વિના શંકાએ અલ્લાહ ﷻની નિશાનીઓમાંથી છે.

## وَكَانَ ابْنُ عُمَرَ يَحُجُّ كَثِيْرًا وَّلَا يَدْخُلُ عے — ت ٢٩٥

*"અને હઝરત ઈબ્ને ઉમર હજજ ખૂબ કરતા હતા અને કા'બાની અંદર જતા ન હતા."* **[તઅલીક઼ : ૨૯૫]**

*(બુખારી ૧/૨૧૭ મનાસિક)*

## حدیث ٩٥١ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ اَبِیْ اَوْفٰی رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ اعْتَمَرَ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી અવફા رضی اللہ عنہ એ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ એ* **[હદીષ : ૯૫૧]**

**ક઼બ્રને બોસો** : મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ એ ફર્માવ્યું, ક઼બ્રોને બોસો ન લેવો જોઈએ. (ફતાવા રઝવિય્યહ્, ૪/૧૬૩) અમુક ઉલમા ઈજાઝત આપે છે, અને અમુક રિવાયતો પણ નક઼લ કરે છે. (કશ્ફુલ ગિ઼ત્તામાં છે : કિફાયતુશશઅબીમાં એક અષર મા બાપની ક઼બ્રને બોસો આપવો જાઈઝ હોવાના બારામાં નક઼લ થઈ છે અને કહ્યું છે કે આ સ્થિતિમાં કાંઈ વાંધો નથી. અને શયખે અજલે શરહે મિશકાતમાં આ અમુકના આવવા પ્રતિ નિર્દેશ કર્યો છે, એના પર જરહ કે તઅર્રુઝ કર્યા વિના, પણ જમહૂર ઉલમા મકરૂહ જાણે છે જેથી એનાથી બચવું જોઈએ. અશિઅતુલ્લમ્આતમાં છે : (અર્થ) : "ક઼બ્ર પર હાથ ન ફેરવે ન બોસો આપે." કશ્ફુલ ગિ઼ત્તામાં છે : كذلك فى عامة الكتب મદારિજુન્નબુવ્વતમાં છે : (અર્થ) : "મા બાપની ક઼બ્રને બોસો દેવાના બારામાં ફિક઼્હી રિવાયત નક઼લ કરવામાં આવે છે, અને સહીહ એ છે કે જાઈઝ નથી."

અને અવામ (પબ્લિક) સમક્ષ તો હરગિઝ હરગિઝ બોસો ન આપવો જોઈએ, કેમ કે તેઓ પોતાની કમઅક઼લીથી ક્યાંક સિજદો ન સમજવા લાગે અથવા સિજદો કરવા લાગે, અથવા દુષ્પ્રચાર કે ફલાણો ક઼બ્રને સિજદો કરતો હતો.

### તઅલીક઼ : ૨૯૫ની સમજૂતી

આ અષરને હઝરત સુફયાન ષૌરીએ પોતાની જામેઅમાં મુત્તસિલ સનદ સાથે વર્ણન કરી છે. આ તેનાથી વિરુદ્ધ નથી જે કિતાબુસ્સલાતમાં ગુજર્યું કે હઝરત ઈબ્ને ઉમર જ્યારે કા'બામાં પ્રવેશતા.........(અલ્હદીષ) મોટાભાગે એવું જ થતું કે અંદર ન જતા, કદી કદી જતા પણ ખરા. હુઝૂરે અક઼દસ ﷺથી બંનેવ સાબિત છે. ફતહે મક્કાના મોક઼ા પર અંદર તશરીફ લઈ ગયા પણ હજ્જતુલ વિદાઅમાં જવાની કોઈ રિવાયત નથી. ઉલમાએ એ જ લખ્યું છે. પણ અબૂ દાઊદ (મનાસિક–૨૭૭) તથા તિર્મિઝી (બાબુન ફી દુખુલુલ કા'બા–૧૦૬) અને ઈબ્ને ખુઝૈમા અને હાકિમે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا થી રિવાયત કરી કે હુઝૂરે અક઼દસ ﷺ તેમની પાસેથી ખુશો ખુર્રમ બહાર તશરીફ લઈ ગયા અને જ્યારે પરત થયા તો ગમગીન હતા. અને ફર્માવ્યું, હું કા'બાની અંદર ગયો. મને અંદેશો છે કે મેં મારી ઉમ્મતને મુશ્કેલીમાં નાખી દીધી. અને ઉમ્મુલ મો'મિનીન કેવળ હજ્જતુલ વિદાઅમાં સાથે હતાં, ફતહે મક્કામાં સાથે ન હતાં. ઈમામ બયહક઼ી એ એના પર જઝ્મ ફર્માવ્યું. અને એવું કહેવું કે શક્ય છે કે કિસ્સો એ જ ફતહે મક્કાનો હોય અને હુઝૂરે અક઼દસ ﷺએ તેમને મદીના તય્યબહ આવીને વર્ણવ્યો હોય, એ વાત જાહેરની વિરુદ્ધ છે. અને હવે તો નજદી હુકૂમતે પબ્લિક માટે કા'બાને બંધ જ કરી આપ્યો છે.

### સમજૂતી : ૯૫૧

આ બનાવ ઉમરતુલ ક઼ઝ઼ાનો છે જે હિ.સ. ૭માં હુઝૂરે અક઼દસ ﷺએ અદા કર્યો હતો. અને આ સાહબ ખૂદ હઝરત અબ્દુલ્લાહ બિન અબૂ ઔફા હતા. હુઝૂરે અક઼દસ ﷺની હિફાઝતના માટે સાથે સાથે રહેવાવાળાઓમાં ખૂદ હઝરત અબ્દુલ્લાહ બિન અબૂ ઔફા رضی اللہ عنہ પણ હતા. આ રિવાયતમાં સઈનું વર્ણન નથી પણ

رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فَطَافَ بِالْبَیْتِ وَصَلّٰی

ઉમરો કર્યો તો બયતુલ્લાહનો તવાફ કર્યો અને મકામે ઈબ્રાહીમ પાછળ બે રકાત નમાઝ પઢી. અને હુઝૂરની

اَدَخَلَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ الْکَعْبَۃَ قَالَ لَا ۔

સાથે અમુક લોકો હતા જેમણે હુઝૂરને લોકોથી છુપાવેલા હતા. એક શખ્સે પૂછયું કે રસૂલુલ્લાહ ﷺ

કાબામાં દાખલ થયા હતા ? તો બતાવ્યું કે નહીં." (૧/૬૧૦ અબવાબુલ ઉમરા, અબૂ દાઊદ–મનાસિક,

નિસાઈ, ઈબ્ને માજહ–મનાસિક, મુસ્નદે ઈમામ અહમદ, ૪/૩૫૩)

حدیث ۹۵۲ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا قَالَ اِنَّ رَسُوْلَ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે મક્કા **[હદીષ : ૯૫૨]**

اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ لَمَّا قَدِمَ اَبٰی اَنْ یَّدْخُلَ الْبَیْتَ وَ

તશરીફ લાવ્યા તો બયતુલ્લાહની અંદર એ હાલતમાં જવાથી ઈન્કાર કરી આપ્યો કે એમાં બાતિલ મઅબૂદો

فِیْہِ الْاٰلِھَۃُ فَاَمَرَ بِھَا فَاُخْرِجَتْ فَاَخْرَجُوْا صُوْرَۃَ اِبْرَاھِیْمَ وَ

મૌજૂદ છે, તેમને કાઢી નાખવાનો હુકમ આપ્યો. લોકોએ હઝરત ઈબ્રાહીમ તથા હઝરત ઈસ્માઈલ علیہما السلام ની

اِسْمٰعِیْلَ عَلَیْھِمَا السَّلَامُ فِیْ اَیْدِیْھِمَا الْاَزْلَامُ فَقَالَ رَسُوْلُ

તસ્વીરો કાઢી, એમના હાથોમાં પાસાનાં તીરો હતાં. એના પર રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અલ્લાહ

મુશ્રિકોને મારી નાખે ! સાંભળો ! બખુદા ! એઓ જાણે છે કે આ બંનેવ હઝરાતે આ તીરો વડે કદી ફાલ નથી

કાઢયો. તે પછી બયતુલ્લાહમાં દાખલ થયા અને તેના તમામ ખૂણાઓમાં તકબીર પઢી અને એમાં નમાઝ ન પઢી."

અબ્વાબે ઉમરાની રિવાયતમાં છે. આ પ્રસંગે હુઝૂરે અકદસ ﷺ કા'બામાં નથી ગયા, કેમ કે એમાં તસ્વીરો હતી. ફતહે મક્કાના મોકા પર હઝરત ઉમર رضی اللہ عنہ ને હુકમ આપ્યો કે સર્વ તસ્વીરોને મિટાવી દો ! તેમણે કપડુ ભીંનું કરીને સૌને મિટાવી દીધી ત્યારબાદ અંદર તશરીફ લઈ ગયા." (મુસ્નદે ઈમામ અહમદ, ૩/૩૯૬)

**સમજૂતી : ૯૫૨**

કિતાબુલ અંબિયાની એક રિવાયતમાં આ પ્રમાણે છે : એ તસ્વીરોને મિટાવી દેવાનો હુકમ આપ્યો. બીજી રિવાયતમાં આ પ્રમાણે છે કે નબી ﷺ બયતુલ્લાહની અંદર તશરીફ લઈ ગયા તો એમાં હઝરત ઈબ્રાહીમ અને હઝરત મરયમની તસ્વીરો જોયી તો ફર્માવ્યું, સાંભળો ! આ મુશ્રિકો સાંભળી ચૂકયા છે કે ફરિશ્તા એ ઘરમાં નથી જતા જેમાં તસ્વીર હોય. આ ઈબ્રાહીમની તસ્વીર બનેલી છે અને એમને પાસાથી શું મતલબ !

ازلام : زلمનું બહુવચન છે. તીર : મુશ્રિકોએ ફાલનાં સાત તીર બનાવ્યાં હતાં. એક પર લખ્યું હતું نعم, બીજા પર لا ત્રીજા પર منھم ચોથા પર من غیرھم પાંચમા પર ملصق છઠ્ઠા પર العقل સાતમા પર فضل العقل આ તીરો કા'બાના ખાદિમની પાસે રહેતાં હતાં. મુશ્રિકો જ્યારે ક્યાંક જવાનો અથવા વિવાહ

| حدیث ۹۵۳ | عَنْ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ |
|---|---|

[હદીષ : ૯૫૩] "હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ અને સહાબા (મક્કા)

قَدِمَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَاَصْحَابُهُ فَقَالَ

આવ્યા તો મુશ્રિકોએ કહ્યું, તમારા ત્યાં એક પ્રતિનિધિમંડળ (વફદ) આવી રહ્યું છે

الْمُشْرِكُوْنَ اِنَّهُ يَقْدَمُ عَلَيْكُمْ وَفْدٌ وَّهَنَتْهُمْ حُمّٰى يَثْرِبَ

જેમને યષરબના તાવે કમજોર કરી નાખ્યું છે. એના પર નબી ﷺ એ સહાબાને હુકમ

فَاَمَرَهُمُ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنْ يَّرْمُلُوا الْاَشْوَاطَ

આપ્યો કે ત્રણ ફેરાઓમાં રમલ કરો અને બંને રુકનોની વચ્ચે નિયમ

કરવાનો ઈરાદો કરતા અથવા એમને અન્ય પણ કાંઈ જરૂરત હોતી તો એ ખાદિમ પાસા ફેંકતો, જો نعم (નઅમ) નીકળતુ તો તે કામ કરતા અને જો لا (લા) નીકળતુ તો ન કરતા. અને કોઈકના નસબમાં શક હોતો તો તે ત્રણેવ તીરોનો પાસો ફેંકતો જેના પર منهم-من غيرهم-ملصق હોતુ, منهم જો નીકળતુ તો કહેતા, એનો નસબ દુરુસ્ત છે અને જો من غيرهم નીકળતુ તો કહેતા, એ આ કૌમનો નથી, એનો હલીફ (હિમાયતી) છે. અને ملصق નીકળતુ તો કહેતા કે એનો આ કૌમથી ન નસબ છે ન એનો હલીફ છે. અને જો કોઈ જુર્મ કરતો અને એમાં મતભેદ પડતો કે એની દિયત (માલી તાવાન) કોના પર છે તો બાકીનાં બંનેવ તીરોથી કામ લેતા. એક પક્ષને નિશ્ચિત કરીને પાસો નાખતા જો એના નામ પર અક્લવાળુ તીર આવી જતુ તો તેના પર દિયત લાઝિમ કરી આપતા અને બીજા પક્ષને મુક્ત કરી દેતા. અને જો એમનાથી દિયતની પૂરી રકમ અદા ન થતી તો ફઝલુલ અક્લવાળુ તીર ફેંકતા જેના નામ પર પડતુ તે અદા કરતો. (ઉમ્દતુલ કારી, ૯/૨૪૭) આ તફસીલમાં અન્ય પણ કથનો છે, મેં ઓળખ માટે આ એક વર્ણન કરી આપ્યું છે. આ વહેમ પરસ્તી હતી, જેહાલત હતી, બલ્કે નસબ તથા દિયતના મામલામાં જુલ્મ હતો, એટલા માટે ઈસ્લામે એને સખ્તીથી મના કર્યો છે. ઈર્શાદ છે : وان تستقسموا بالازلام-(سورہ مائدہ ۳) "તમારા પર હરામ કરવામાં આવ્યું છે પાસાંઓ વડે નસીબનો હાલ જાણવાનું." *(સૂરએ માઈદા, આયત : ૩)*

قَدْ عَلِمُوْا- : એટલે કે મુશ્રિકોને માલૂમ છે કે હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ علیہما السلام પાસાનાં તીરો વડે કિસ્મતનો હાલ માલૂમ કરતા ન હતા. એ એમને વારસાગત રિવાયતથી માલૂમ હતું જે એમના બાપદાદાઓથી ચાલી આવી હતી અથવા જે લોકો દીને ઈબ્રાહીમ પર હતા એમના થકી. આ ચર્ચા અગાઉ વર્ણન થઈ ચૂકી છે કે સહીહ એ છે કે હુઝૂરે અકદસ ﷺ એ કા'બામાં નમાઝ પઢી છે અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના ઈલ્મમાં આ વાત નથી આવી એટલા માટે તે કહી રહ્યા છે કે નમાઝ નથી પઢી

## સમજૂતી : ૯૫૩

**યષરબ** : જાહિલિયતના જમાનમાં મદીના તય્યબહનું નામ યષરબ હતું. હુઝૂરે અકદસ ﷺ એ એને બદલીને તયબહ રાખ્યું. હવે મદીનાને યષરબ કહેવું મના છે. અમુક શાયરો હજી પણ યષરબ કહી દે છે. જો કોઈ શેઅરમાં હોય તો તેને "તયબહ" પઢવું. હુઝૂરે અકદસ ﷺ ના મદીના તય્યબહ આગમન પહેલાં આ

الثلثة وان يمشوا ما بين الركنين ولم يمنعه ان يأمرهم

મુજબ ચાલો. લોકોની આસાનીના ખયાલથી સર્વ

ان يرملوا الاشواط كلها الا الابقاء عليهم

ફેરાઓમાં રમલનો હુકમ ન આપ્યો."

(બુખારી, ૧/૨૧૮ મનાસિક, ૨/૬૧૦ મગ઼ાઝી, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ–મનાસિક)

حديث ٩٥٤ عن سالم عن ابيه قال رأيت رسول الله صلى

**[હદીષ : ૯૫૪]** "હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضي الله عنهما એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે મક્કા

الله تعالى عليه وسلم حين يقدم مكة اذا استلم الركن الاسود

આવ્યા અને રુકને અસ્વદનો બોસો લીધો, તો મેં હુઝૂરને જોયા શરૂ તવાફના સાત ફેરાઓમાંથી ત્રણ

શહેર વબાઈ (બીમારીઓવાળુ) હતું. જ્યારે મુહાજિરીન બીમાર પડી ગયા તો હુઝૂરે અક્દસ ﷺએ આ દુઆ કરી, "હે અલ્લાહ ! એનો તાવ જુહફા તબદીલ કરી આપ !" તો એ "દારુશ્શિફા" બની ગયું.

**ان يرملوا** : રમલનો અર્થ અકડાઈને છાતી કાઢીને મધ્યમ ચાલ તથા દોડવાની વચ્ચેની ચાલે ખભાઓ હલાવતા હલાવતા ચાલવું. અને એ દરેક તે તવાફમાં સુન્નત છે જેના પછી સઈ હોય, ચાહે ઉમરાનો તવાફ હોય કે હજ્જનો. અને એ કેવળ ત્રણ શરૂના ફેરાઓમાં છે, તવાફના બાકીના ચાર ફેરાઓમાં નથી.

અબૂ દાઊદ (મનાસિક–૨૫૯)માં છે કે નબી ﷺએ ઉમરતુલ ક઼ઝામાં જિઈર્રાનાથી ઉમરો કર્યો તો બયતુલ્લાહના તવાફમાં લોકોએ "રમલ" કર્યો, અને ચાદરોને પોતાની બગલોની નીચે કરીને ડાબા ખભાઓ પર નાખી લીધી આને "ઈઝતેબાઅ" કહે છે. એનો માદ્દો "ઝબઉન" છે બાબે ઈફતેઆલમાં જઈને ઈઝતેબાઅ થઈ ગયું. ઈફતેઆલના તા (ت)ને (ض) કલ્માના ઝાદ હોવાના કારણે طથી બદલી નાખ્યો. ચાદર જમણી બગલ નીચેથી કાઢીને ડાબા ખભા પર નાખવામાં આવશે. જે તવાફમાં રમલ છે એમાં ઈઝતેબાઅ પણ મસ્નૂન છે. કુરૈશ હતીમમાં કા'બાની દક્ષિણે હતા. જ્યારે હુઝૂરે અક્દસ ﷺ અને સહાબા રુકને યમાનીથી આગળ વધ્યા અને એમની નજરોથી ઓજલ થયા તો તેમણે આ ઠટ્ઠો કર્યો, એવું લાગે છે કે હરણ છે. રુકનૈનથી મુરાદ કા'બાના બંને દક્ષિણી ખૂણાઓ છે, પશ્ચિમી તથા પૂર્વી, પ્રથમ રુકને યમાની છે અને બીજો રુકને અસ્વદ છે. ક્યારેક એકને બીજાથી અગ્રતા આપવામાં બંનેને યમાનિય્યિન પણ કહેવામાં આવે છે.

**સમજૂતી : ૯૫૪**

**یخب**નુ મસ્દર - **خب** છે. દોડતી વખતે ઘોડાનું ક્યારેક આગલા પગો પર ઉભા થઈ જવું ક્યારેક પાછલા પગો પર, જેને દૂલ્કી ચાલ કહે છે. સુન્નત એ જ છે કે મસ્જિદે હરામમાં જતાં જ સૌ પ્રથમ હજરે અસ્વદનો બોસો લે અને તવાફ કરે અને જો એ તવાફના પછી સઈ કરવાની છે તો ઈઝતેબાઅની સાથે તવાફ કરે અને ત્રણ પહેલા ફેરાઓમાં રમલ પણ કરે, બાદના ચાર ફેરાઓમાં રમલ ન કરે. એનાથી આગલીવાળી હદીષમાં જ છે કે જ્યારે રુકને યમાની તથા રુકને અસ્વદની વચ્ચે હોતા તો નિયમ પ્રમાણે (સામાન્ય ચાલે) ચાલતા, આ ઉમરતુલ ક઼ઝાનો કિસ્સો છે અને મન્સૂખ છે. હજ્જતુલ વિદાઅમાં હુઝૂરે અક્દસ ﷺએ પૂરા ફેરામાં રમલ કર્યો. ઈઝતેબાઅ

اَوَّلَ مَا یَطُوْفُ یَخُبُّ ثَلٰثَةَ اَشْوَاطٍ مِّنَ السَّبْعِ

ફેરાઓમાં દુલ્કી ચાલે દોડયા.'' (ઉપર મુજબ, મુસ્લિમ–હજ્જ, નિસાઈ–મનાસિક)

حدیث ۹۵۵

عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ

**[હદીષ : ૯૫૫]** ''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું, નબી صلی اللہ علیہ وسلم એ (તવાફના) ત્રણ ફેરાઓમાં સઈ

سَعَی النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ ثَلٰثَةَ اَشْوَاطٍ وَّمَشٰی اَرْبَعَةً

અને રમલ કર્યો અને ચારમાં નિયમ મુજબ (સામાન્ય ચાલે) ચાલ્યા,

فِی الْحَجِّ وَالْعُمْرَةِ

હજ્જમાં પણ અને ઉમરામાં પણ.'' (બુખારી ૧/૨૧૮ મનાસિક)

حدیث ۹۵۶

اَخْبَرَنِیْ زَیْدُ بْنُ اَسْلَمَ عَنْ اَبِیْہِ اَنَّ عُمَرَ بْنَ الْخَطَّابِ

**[હદીષ : ૯૫૬]** ''અસ્લમે કહ્યું કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ એ રુકનને સંબોધન કરીને ફર્માવ્યું,

رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ لِلرُّکْنِ اَمَا وَاللّٰہِ اِنِّیْ لَاَعْلَمُ اَنَّکَ حَجَرٌ

સાંભળ ! વલ્લાહ ! હું યકીનની સાથે જાણું છું કે તું એક પથ્થર છે, ન નફો આપે છે

અને રમલ ફક્ત ત્રણ તવાફમાં છે : ઉમરાના તવાફમાં અને તવાફે કુદૂમમાં જ્યારે કે એના પછી સઈની નિય્યત હોય. જો એ તવાફ બાદ સઈ કરશે તો તવાફે ઈફાઝામાં સઈ સાકિત થઈ (ઉઠી) જશે. અને જો તે વખતે સઈ ન કરી તો તવાફે ઈફાઝાના પછી સઈ કરે. હવે આ તવાફમાં પણ ઈઝતેબાઅ અને રમલ છે.

**સમજૂતી : ૯૫૫**

આ હદીષની સનદમાં પ્રારંભમાં મુહમ્મદ વિના નિસ્બતે છે. ઈમામ બુખારીના શયખોમાં મુહમ્મદ નામની ચાર ચાર વ્યક્તિઓ છે : એક મુહમ્મદ બિન યહયા ઝુહલી. ઈમામ હાકિમે ફર્માવ્યું, એ જ મુરાદ છે. બીજા મુહમ્મદ બિન રાફેઅ. જિબાઈએ કહ્યું કે આ મુરાદ છે. ત્રીજા મુહમ્મદ બિન સલામ–અબૂ અલી. ઈબ્ને સકને કહ્યું કે આ મુરાદ છે. ચોથા મુહમ્મદ બિન અબ્દુલ્લાહ બિન નુમૈર. અબૂ નુઐમે મુસ્તખરજમાં નકલ કર્યું કે એ મુરાદ છે. એક કૌલ એ છે કે સહીહ એ છે કે એ મુહમ્મદ બિન સલામ છે. અબૂ ઝરના નુસખામાં નિસ્બતની સાથે છે, અને ઈબ્ને સકને એને નકલ કર્યું છે. સનદમાં આ પ્રકારનો ઈબહામ (અસ્પષ્ટ વાત) પણ અયબ છે જેને તદલીસ કહે છે પણ અહીં એની શક્યતા છે કે આ હદીષ એ ચારેવથી સાંભળી હોય એટલા માટે કાંઈ વાંધો નથી.

**સમજૂતી : ૯૫૬**

رأینا બાબે મુફાઅલતથી માઝી મુત્લકનો સેગો જમા મુતકલ્લિમ છે. એનો મસ્દર مراٰۃ છે જેનો માદ્દો ''રૂયત'' છે. એનો તર્જુમો છે : આપણે દેખાડયો, એટલે આપણે મુશ્રિકોને દેખાડી રહ્યા હતા કે અમે મજબૂત તથા શક્તિશાળી છીએ, કમજોર નથી. આ ઈમામ કાઝી અયાઝની રાય છે. ઈબ્ને માલિકે કહ્યું કે એ ریاء થી છે, એટલે અમે કમજોર હતા પણ મુશ્રિકોને રમલ કરીને એ દેખાડી રહ્યા હતા કે શક્તિવાન છીએ. અલ્લામા

لَا تَضُرُّ وَلَا تَنْفَعُ وَلَوْلَا اَنِّيْ رَاَيْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

ન નુકસાન. અને જો મેં રસૂલુલ્લાહ ﷺને ન જોયા હોત કે તે તને બોસો

وَسَلَّمَ اِسْتَلَمَكَ مَا اسْتَلَمْتُكَ فَاسْتَلَمَهٗ ثُمَّ قَالَ وَمَا لَنَا وَلِلرَّمَلِ

આપે છે તો હું તને બોસો ન આપતો. આવું કહીને તેને બોસો આપ્યો.

اِنَّمَا كُنَّا رَاءَيْنَا بِهِ الْمُشْرِكِيْنَ وَقَدْ اَهْلَكَهُمُ اللّٰهُ ثُمَّ قَالَ شَيْءٌ

પછી ફર્માવ્યું, આપણે રમલની શું જરૂરત ! આપણે મુશ્રિકોને દેખાડયો

صَنَعَهٗ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَلَا نُحِبُّ

હતો અને અલ્લાહે એમને હલાક કરી નાખ્યા. ત્યારબાદ જે કામ રસૂલુલ્લાહ ﷺએ કર્યું છે

اَنْ نَتْرُكَهٗ

તેને છોડવાને અમે પસંદ નથી કરતા." (બુખારી ૧/૨૧૮ મનાસિક)

حدیث ٩٥٧ عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું, મેં સખ્તી તથા આસાનીની **[હદીષ : ૯૫૭]**

قَالَ مَا تَرَكْتُ اسْتِلَامَ هٰذَيْنِ الرُّكْنَيْنِ فِيْ شِدَّةٍ وَّلَا رَخَاءٍ مُنْذُ

હાલતમાં એ બંનેવ રુકનોનો બોસો લેવાનુ નથી છોડયું જ્યારથી રસૂલુલ્લાહ ﷺને એનો

رَاَيْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَسْتَلِمُهُمَا قُلْتُ

બોસો લેતા જોયા છે (ઉબૈદુલ્લાહ કહે છે) કે મેં નાફેઅને પૂછયું, શું ઈબ્ને ઉમર બંને રુકનો વચ્ચે

અયનીએ ફર્માવ્યું, એ જ દુરુસ્ત વાત છે. આ ખાદિમની રાય એ છે કે ઈમામ કાઝી અયાઝની રાય દુરુસ્તગીની અધિક નજીક છે. કેમ કે બનાવ એ છે કે સહાબાએ કિરામ હકીકતમાં કમજોર ન હતા, જો ખરેખર કમજોર હોત તો કુરૈશ તેમને મક્કામાં આવવા દેતા ? અને એ હકીકતમાં રિયા નથી જે મના છે, કેમ કે રિયાનો અર્થ એ છે કે અલ્લાહને રાજી કરવાને બદલે લોકોને દેખાડવા માટે પુષ્કળ ઈબાદત કરવામાં આવે અને એકાંતમાં ઓછી, અથવા ઠાઠમાઠ સાથે કરવામાં આવે અને એકાંતમાં બેપરવાહીથી, જેથી જોનાર એવું સમજે કે આ મોટો ઈબાદતગુજાર છે. અને અહીં એ વાત નથી, એ લોકો હુઝૂર ﷺના હુકમથી અલ્લાહની રઝાના માટે પોતાની શક્તિ દર્શાવી રહ્યા હતા.

**સમજૂતી : ૯૫૭** **સામ્યતા** : અહીં પ્રકરણ આ છે : "હજ્જ અને ઉમરા બંનેમાં રમલ." અને હદીષમાં રમલનો કોઈ ઉલ્લેખ જ નથી.

**હું કહું છું** : આ હદીષના આ શબ્દોથી કે એ બંનેવ રુકનોની વચ્ચે સામાન્ય ચાલે ચાલતા હતા, માલૂમ

لِنَافِعٍ أَكَانَ ابْنُ عُمَرَ يَمْشِي بَيْنَ الرُّكْنَيْنِ قَالَ إِنَّمَا كَانَ يَمْشِي

*નિયમાનુસાર (સામાન્ય ચાલે) ચાલતા હતા તો તેમણે બતાવ્યું, હા ! બંને રુકનોની વચ્ચે નિયમાનુસાર*

لِيَكُونَ أَيْسَرَ لِاسْتِلَامِهِ

*ચાલતા હતા જેથી બોસો લેવામાં આસાની થાય." (મુસ્લિમ, નિસાઈ–હજ્જ)*

حديث ٩٥٨ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا قَالَ طَافَ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, નબી صلی اللہ علیہ وسلم એ હજ્જતુલ વિદાઅમાં પોતાના* **[હદીષ : ૯૫૮]**

النَّبِيُّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ فِي حَجَّةِ الْوَدَاعِ عَلَى بَعِيرِهِ

*ઊંટ પર સવાર રહીને તવાફ કર્યો અને રુકનનો પોતાના*

يَسْتَلِمُ الرُّكْنَ بِمِحْجَنٍ

*અસા વડે બોસો લેતા હતા." (બુખારી ૧/૨૧૮, મનાસિક, ૨૧૯, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ, ઈબ્ને માજહ–મનાસિક)*

ت ٢٩٦ عَنْ أَبِي الشَّعْثَاءِ أَنَّهُ قَالَ وَمَنْ يَتَّقِي شَيْئًا مِنَ الْبَيْتِ

*"અબૂશ્શઅષાએ કહ્યું, કોણ છે જે બયતુલ્લાહના કોઈ હિસ્સાથી પરહેઝ કરે ? અને* **[તઅલીક઼ : ૨૯૬]**

وَكَانَ مُعَاوِيَةُ يَسْتَلِمُ الْأَرْكَانَ فَقَالَ لَهُ ابْنُ عَبَّاسٍ إِنَّهُ

*મુઆવિયહ્ આ સર્વ અરકાનને બોસો આપતા હતા. એના પર તેમને ઈબ્ને અબ્બાસે કહ્યું કે અમે આ બંને*

પડયું કે બાકીના હિસ્સાઓમાં સામાન્ય ચાલે ચાલતા ન હતા, એ જ રમલ છે. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما નો મસ્લક આ જ હતો કે રુકને યમાની અને રુકને અસ્વદના દરમ્યાન રમલ નથી.

**સમજૂતી : ૯૫૮**

**محجن**એ લાઠીને કહે છે જેનો છેડો વાંકો હોય અથવા તે ખૂદ વાંકી હોય. હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم એ સવારી પર તવાફ કર્યો એનાં વિવિધ સબબો હોય શકે છે. શક્ય છે બીમાર રહ્યા હોય, જેમ કે અબૂ દાઊદ (મનાસિક–૨૫૯)માં છે : અને આ જ બેહતરીન સબબ છે. અને એ પણ સબબ હોય શકે છે કે સર્વ લોકો જુએ અને જે પૂછવા ચાહે પૂછે. જેવું કે એમાં જ હઝરત જાબિર رضی اللہ عنہ ની હદીષમાં છે. એની પણ શક્યતા છે કે લોકો હુઝૂર પર તૂટીને પડી રહ્યા હતા, જો સવારી પર ન હોત તો તવાફ મુશ્કેલ હતો. એનાથી જાણવા મળ્યું કે જો કોઈ ઉઝર હોય તો સવારી પર તવાફ દુરુસ્ત છે. એ જ પ્રમાણે ભીડના કારણે જો હાથ પણ હજરે અસ્વદ સુધી ન પહોંચતો હોય તો લાકડી વગેરે વડે તેને સ્પર્શીને લાકડીને બોસો આપે. એમાં જ હઝરત ઈબ્ને અબ્બાસથી જ બીજી રિવાયતમાં છે કે પછી અસાને બોસો આપતા. વિના મજબૂરીએ સવારી પર તવાફ મકરૂહ છે.

**તઅલીક઼ : ૨૯૬ની સમજૂતી** استلام ઈસ્તેલામનો અર્થ પથ્થર સ્પર્શવો અને તેને ચૂમવો છે. એનો માદો سَلَمَةٌ છે જેનો અર્થ પથ્થર છે. ઈસ્તેલામ આમ છે અને તક઼બીલ ખાસ છે. ઈસ્તેલામ લાકડી કે હાથ વડે

لَا نَسْتَلِمُ هٰذَيْنِ الرُّكْنَيْنِ فَقَالَ لَهُ لَيْسَ شَيْءٌ مِّنَ الْبَيْتِ مَهْجُوْرًا

રુકનો (ઈરાકી શામી)ને બોસો નથી આપતા. તો મુઆવિયહએ તેમને કહ્યું, બયતુલ્લાહનો કોઈ હિસ્સો

وَكَانَ ابْنُ الزُّبَيْرِ يَسْتَلِمُهُنَّ كُلَّهُنَّ ع

છોડવા લાયક નથી. અને ઈબ્ને ઝુબેર સર્વ અરકાનને બોસો આપતા હતા." (બુખારી ૧/૨૧૮ મનાસિક)

حدیث ۹۵۹ عَنِ الزُّبَيْرِ بْنِ عَرَبِيٍّ قَالَ سَأَلَ رَجُلٌ ابْنَ عُمَرَ رَضِيَ

"ઝુબૈર બિન અરબીએ કહ્યું, એક શખ્સે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ને હજરે અસ્વદને **[હદીષ : ૯૫૯]**

اللّٰهُ تَعَالٰى عَنْهُمَا عَنِ اسْتِلَامِ الْحَجَرِ فَقَالَ رَأَيْتُ رَسُوْلَ اللّٰهِ

બોસો આપવાના બારામાં પૂછયું તો ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺ ને એનો ઈસ્તેલામ કરતા અને બોસો

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَسْتَلِمُهُ وَيُقَبِّلُهُ وَقَالَ أَرَأَيْتَ

આપતા જોયા છે. અને એ શખ્સે કહ્યું, ફર્માવો જો હું ભીડમાં પડી જાઉં, ફર્માવો ,જો હું દબાય જાઉં ! તો

સ્પર્શવાને પણ કહે છે. કા'બાના ચાર રુકન એટલે ખૂણા છે પૂર્વી–દક્ષિણીને રુકને અસ્વદ કહે છે એમાં જ હજરે અસ્વદ છે. પશ્ચિમ–દક્ષિણવાળા ખૂણાને રુકને યમાની કહે છે. ક્યારેક એકથી બીજાને અગ્રતા આપવામાં બંનેને યમાનિય્યિન કહેવામાં આવે છે. પશ્ચિમ–ઉત્તરવાળા ખૂણાને રુકને શામી, પૂર્વ–ઉત્તરવાળા ખૂણાને રુકને ઈરાક઼ી. ક્યારેક એકથી બીજાને અગ્રતા આપવામાં એ બંનેને શામિયૈન પણ કહી દેવામાં આવે છે. રુકને અસ્વદમાં બે ફઝીલતો છે એ ઈબ્રાહીમ ની બુનિયાદ પર પણ છે અને એમાં હજરે અસ્વદ પણ છે. એટલા માટે એનો બોસો લેવામાં આવે છે, અને શક્ય ન હોય તો ઈસ્તેલામ છે. રુકને યમાની ઈબ્રાહીમના પાયા પર છે, એમાં કેવળ એક ફઝીલત છે. એટલા માટે એનો કેવળ ઈસ્તેલામ છે. હાથ વડે સ્પર્શીને હાથને બોસો આપી દે, બોસો આપવું અથવા લાકડી વડે સ્પર્શવાનું નથી. રુકને ઈરાક઼ી અને શામી કેમ કે હક઼ીક઼તમાં રુકન નથી બલ્કે બયતુલ્લાહના દરમ્યાનમાં છે, એટલા માટે ન એમનો બોસો લેવાનો છે ન સ્પર્શવાનું છે, બલ્કે મકરૂહ છે.

હઝરત મુઆવિયહનો મઝહબ એ જ હતો કે સૌને બોસો આપવો જોઈએ. રહી ગયા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہ તો, કેમ કે તેમણે કા'બાનો તે હિસ્સો જે કુરૈશે હતીમમાં સાત હાથ છોડી આપ્યો હતો તેને કા'બાના નવેસરના બાંધકામમાં સામેલ કરીને રુકને ઈરાકી અને રુકને શામીને પણ ઈબ્રાહીમી પાયા પર બનાવી લીધા હતા, એટલા માટે એને પણ તે ફઝીલત મળી ગઈ જે રૂકને યમાનીને હાંસલ હતી એટલા માટે તે એ બંને અરકાનનો પણ ઈસ્તેલામ કર્યા કરતા હતા.

આ બે તઅલીક઼ો છે પહેલી "બિમહજૂરિન" સુધી. એને ઈમામ અહમદ અને ઈમામ તિર્મિઝી તથા ઈમામ હાકિમે હઝરત અબૂ તુફૈલ رضی اللہ عنہ થી મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. અને બાદવાળી તઅલીક઼ને ઈમામ અબૂબકર બિન અબી શયબાએ પોતાના મુસન્નફમાં વર્ણન કરી છે.

**સમજૂતી : ૯૫૯**

આ પ્રશ્નકર્તા હદીષના રાવી ઝુબૈર બિન અરબી જ હતા જેવું કે મુસ્નદે અબૂ દાઊદ તથા તયાલ્સીમાં છે : سألت ابن عمر. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما નો મઝહબ એ જ હતો કે કોઈપણ સ્થિતિમાં હજરે અસ્વદને

إِنْ زُوحِمْتَ أَرَأَيْتَ إِنْ غُلِبْتُ قَالَ اجْعَلْ أَرَأَيْتَ بِالْيَمَنِ رَأَيْتُ

ફર્માવ્યું, દબાઈ જવા વાળી વાતને યમનમાં રાખ ! મેં રસૂલુલ્લાહ ﷺને એનો ઈસ્તેલામ

رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَسْتَلِمُهُ وَيُقَبِّلُهُ

કરતાં અને બોસો આપતાં જોયા છે." *(બુખારી ૧/૨૧૮, ૨૧૯, મનાસિક, તિર્મિઝી–હજ્જ, નિસાઈ–મનાસિક)*

حديث ٩٦٠ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ طَافَ

**[હદીષ : ૯૬૦]** "હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, નબી ﷺએ ઊંટ પર સવાર થઈને

النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِالْبَيْتِ عَلٰى بَعِيرٍ كُلَّمَا أَتَى

બયતુલ્લાહનો તવાફ કર્યો. જ્યારે કદી રુકન (અસ્વદ) પાસે આવતા તો હુઝૂરના હાથમાં કાંઈ હોતું

الرُّكْنَ أَشَارَ إِلَيْهِ بِشَيْءٍ عِنْدَهُ وَكَبَّرَ

એના વડે એના તરફ ઈશારો કરતા અને તકબીર કહેતા." *(બુખારી ૧/૨૧૯ મનાસિક)*

حديث ٩٦١ عَنْ مُحَمَّدِ بْنِ عَبْدِ الرَّحْمٰنِ قَالَ ذَكَرْتُ لِعُرْوَةَ

**[હદીષ : ૯૬૧]** "મુહમ્મદ બિન અબ્દુર્રહમાને કહ્યું, મેં ઉરવાથી એનો ઉલ્લેખ કર્યો તો તેમણે બતાવ્યું કે

قَالَ فَأَخْبَرَتْنِي عَائِشَةُ أَنَّ أَوَّلَ شَيْءٍ بَدَءَ بِهِ حِينَ قَدِمَ النَّبِيُّ

હઝરત આઈશાએ મને ખબર આપી કે નબી ﷺ જ્યારે મક્કા આવ્યા તો સૌ પ્રથમ વુઝૂ કર્યું પછી તવાફ

બોસો લેવામાં આવે, એ બોસો લેવામાં કદી કદી ઝખ્મી થઈ જતા પણ છોડતા ન હતા. હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું, ભીડ હોય તો બોસો ન લે, એના માટે ન કોઈ બીજાને ઈજા આપે અને ન ખૂદ ઈજા ઉઠાવે.

**સમજૂતી : ૯૬૦**

આ હદીષ હમણા વર્ણન થઈ છે. ત્યાં ઉબૈદુલ્લાહ બિન અબ્દુલ્લાહથી મરવી છે, અહીં ઈકરમાથી છે. ત્યાં **بمحجن** (બિમિહજન)ની સ્પષ્ટતા છે, અહીં بشی ઈબ્હામ છે. અહીં كَبَّرَ વધારે છે. આ હદીષથી જાણવા મળ્યું કે દરેક તવાફના ફેરા પર તકબીર મુસ્તહબ છે.

**સમજૂતી : ૯૬૧**

**ذكرت لعروة** : ઉરવાથી શું વર્ણન કર્યું તે બુખારીમાં નથી, પણ મુસ્લિમમાં વિગતવાર વર્ણન થયેલ છે. મુહમ્મદ બિન અબ્દુર્રહમાન કહે છે કે મને એક ઈરાકીએ એવું કહ્યું કે ઉરવાને એ પૂછો કે એક શખ્સે હજ્જનો એહરામ બાંધ્યો અને તે તવાફ કરી ચૂક્યો તો એહરામથી બહાર થયા કે નહીં ? જો તે એવું કહે કે બહાર ન થયો, તો એમને કહો, એક શખ્સ એવું કહે છે કે મેં ઉરવાથી પૂછયું તો તેમણે ફર્માવ્યું કે જે શખ્સ હજ્જનો એહરામ

صلى الله تعالى عليه وسلم انه توضأ ثم طاف ثم لم تكن عمرة

*કર્યો પછી તે ઉમરો ન થયો. ત્યારબાદ અબૂબક્ર તથા ઉમરે હજ્જ કરી આ જ પ્રમાણે. પછી મેં*

ثم حج ابو بكر و عمر مثله ثم حججت مع ابي الزبير فاول

*મારા પિતા ઝુબૈર સાથે હજ્જ કરી તો તેમણે પણ સૌ પ્રથમ તવાફ કર્યો. પછી મુહાજિરો તથા*

شيء بدء به الطواف ثم رأيت المهاجرين و الانصار

*અન્સાર પણ આ જ પ્રમાણે કરતા હતા. મારાં મા (હઝરત અસ્મા)એ મને ખબર આપી કે તેમણે તથા*

يفعلونه وقد اخبرتني امي انها اهلت هي و اختها و الزبير

*તેમનાં બહેન (આઈશા) અને ઝુબેર અને ફલાણા તથા ફલાણાએ ઉમરાનો એહરામ બાંધ્યો તો*

و فلان و فلان بعمرة و كلما مسحوا الركن حلوا

*જ્યારે રુકન સ્પર્શી લીધો તો એહરામ બહાર થઈ ગયા." (ઉપર મુજબ)*

બાંધે તે પૂરો હજ્જ અદા કર્યા વિના એહરામથી બહાર થશે નહીં. મેં કહ્યું એક શખ્સ આવું કહે છે, તો તેમણે કહ્યું, તેણે ગલત કહ્યું ! તે ઈરાક઼ી મારી સામે આવ્યો અને પૂછયું કે તેમણે શું ફર્માવ્યું ? મેં તેને કહ્યું કે તે ફર્માવે છે, કે એહરામથી બહાર ન થયો. તો એણે કહ્યું, તેમને કહો કે એક શખ્સ રસૂલુલ્લાહ ﷺના બારામાં ખબર આપે છે કે હુઝૂરે આવું કહ્યું અને અસ્મા તથા આઈશાનો શો હાલ છે કે તેમણે આવુ કર્યુ. હવે હું ઉરવાની ખિદમતમાં હાજર થયો અને તેમને જણાવ્યું. તેમણે પૂછયું, કોણ છે ? મેં અર્ઝ કરી, હું નથી જાણતો ! ફર્માવ્યું, તે મારી પાસે આવીને કેમ નથી પૂછતો ?! મારું ગુમાન એ છે કે તે ઈરાક઼ી છે. મેં અર્ઝ કરી, હું નથી જાણતો. ફર્માવ્યું, તેણે જૂઠુ કહ્યું. રસૂલુલ્લાહ ﷺએ હજ્જ કરી. હઝરત આઈશાએ ખબર આપી. (પૂરી હદીષ) મુસ્લિમમાં હઝરત ઉષ્માન અને હઝરત મુઆવિયહ અને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہمાનો વધારો છે કે તે લોકોએ પણ સૌથી પ્રથમ તવાફ કર્યો અને જ્યાં સુધી પૂરો હજ્જ ન કરી લીધો એહરામ નથી ખોલ્યો. છેવટમાં આ છે : પછી મેં છેલ્લે જેમને આવું કરતાં જોયા છે તે ઈબ્ને ઉમર છે. ઈબ્ને ઉમર નજીક તેમનાથી અથવા તે લોકોથી જેઓ પહેલાના છે એવું કેમ ન પૂછયું ? એ સર્વ લોકો જ્યારે મક્કામાં ક઼દમ રાખતા તો સૌ પ્રથમ તવાફ કરતા અને એહરામ ન ખોલતા.

**وقد اخبرتنی امی** : આ હિસ્સાનો મતલબ એ છે કે હા ! જ્યારે કેવળ ઉમરાનો એહરામ બાંધતા તો રુકનના સ્પર્શ બાદ એહરામથી બહાર થઈ જતા. અહીં રુકનના સ્પર્શથી મુરાદ તવાફ, સઈ તથા હલક઼ સૌ છે. કેમ કે એ હમેશાંની આદત હતી કે સૌ સતત કરતા, ગાળો ન હોતો. એટલા માટે એ ઉમરાથી ફારિગ થવા પ્રતિ નિર્દેશ છે.

حدیث ۹۶۲ عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا أَنَّ رَسُولَ

[હદીષ : ૯૬૨] "હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ મક્કા

اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا طَافَ فِي الْحَجِّ أَوِ الْعُمْرَةِ

આવીને હજ્જ અથવા ઉમરામાં જે પ્રથમ તવાફ કરતા

أَوَّلَ مَا يَقْدَمُ سَعَى ثَلَاثَةَ أَطْوَافٍ وَمَشَى أَرْبَعَةً ثُمَّ سَجَدَ سَجْدَتَيْنِ

એમાં ત્રણ તવાફ સઈ કરતા અને ચારમાં નિયમ પ્રમાણે ચાલતા. ત્યારબાદ

ثُمَّ يَطُوفُ بَيْنَ الصَّفَا وَالْمَرْوَةِ

બે રકાત નમાઝ પઢતા, પછી સફા તથા મરવા દરમ્યાન તવાફ કરતા." (ઉપર મુજબ)

حدیث ۹۶۳ أَخْبَرَنِي عَطَاءٌ إِذْ مَنَعَ ابْنُ هِشَامٍ النِّسَاءَ الطَّوَافَ

[હદીષ : ૯૬૩] "ઈબ્ને જરીજે કહ્યું, મને અતાએ ખબર આપી કે જ્યારે ઈબ્ને હિશામે સ્ત્રીઓને

**સમજૂતી : ૯૬૨**

આ હદીષથી સાબિત થયું કે તવાફ પછી બે રકાત નમાઝ વાજિબ છે. આ નમાઝ મક઼ામે ઈબ્રાહીમની પાસે પૂર્વ બાજુ પઢે. નમાઝથી પહેલાં આયતે કરીમા **واتخذوا من مقام ابراهيم مصلى** "અને મક઼ામે ઈબ્રાહીમને નમાઝની જગા બનાવો" પઢે. બેહતર એ છે કે પહેલીમાં સૂરએ કાફિરૂન અને બીજીમાં સૂરએ ઈખ્લાસ પઢે. જો તવાફ પછી સઈ છે તો "મુલ્તઝિમ"થી લપેટાયા પહેલા પઢે, નહીં તો મુલ્તઝિમથી લપેટાયા પછી પઢે. જો મક઼ામે ઈબ્રાહીમની પાસે જગા ન મળે તો મસ્જિદે હરામમાં ગમે ત્યાં પઢી શકે છે. મક઼ામે ઈબ્રાહીમ પછી એ નમાઝના માટે સૌથી અફઝલ જગા કા'બાની અંદર છે, પછી હતીમમાં, મીઝાબે રહમતની નીચે, પછી હતીમમાં કોઈ પણ જગા પછી કા'બાની અધિક નિકટ, પછી મસ્જિદે હરામ, પછી હરમની હદોમાં. સુન્નત એ છે કે જો કરાહતનો સમય ન હોય તો તવાફ પછી મોડુ કર્યા વિના ગાળો પાડયા વિના પઢે. એના પછી આ જ હદીષ છે, જેમાં સઈને બદલે **يخب** છે. સઈનો અર્થ દોડવું છે અને **خبب**નો અર્થ ઝડપી ચાલવું છે. બંનેનો સાર એક જ છે, એટલે કે રમલ કરતા હતા. છેવટમાં આટલુ વધારે છે :–

**انه كان يسعىٰ بطن المسيل اذا طاف بين الصفا و المروة** "હુઝૂરે અક઼દસ ﷺ જ્યારે સફા તથા મરવાનો તવાફ કરતા તો નાળાના પેટમાં દોડતા."

સફા સફેદ રંગની એક નાની પહાડી હતી અને મરવા કાળા રંગની હતી. એ બંનેના વચ્ચે મેદાન હતું એ મેદાનમાં વરસાદનું પાણી વહેતુ હતું. એના બંનેવ છેડાઓ પર લીલા નિશાન લગાડેલાં છે જેને મીલૈન અખ્દરૈન કહે છે. એમાં મરવા તરફ જે બજારની બાજુ છે અહીં પહેલાં હઝરત અબ્બાસ رضی اللہ عنہ નું ઘર હતું.

**સમજૂતી : ૯૬૩** આ ઈબ્ને હિશામથી મુરાદ ઈબ્રાહીમ ઈબ્ને હિશામ ઈબ્ને ઈસ્માઈલ ઈબ્ને હિશામ ઈબ્ને મુગીરા ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર ઈબ્ને મખઝૂમ છે, જે હિશામ બિન અબ્દુલ મલિક સમયના બાદશાહનો મામો હતો જેમ કે કલ્બીએ કહ્યું છે. એને હિશામ બાદશાહે મદીના તયબહનો ગવર્નર

مَعَ الرِّجَالِ قَالَ كَيْفَ تَمْنَعُهُنَّ وَقَدْ طَافَ نِسَاءُ النَّبِيِّ صَلَّى اللّٰهُ

પુરૂષોની સાથે તવાફ કરવાથી રોકી દીધી તો તેમણે (અતાએ) કહ્યું, તું કેવી રીતે સ્ત્રીઓને રોકે છે જ્યારે કે

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَعَ الرِّجَالِ قُلْتُ بَعْدَ الْحِجَابِ أَوْ قَبْلُ قَالَ

અઝવાજે નબી (નબી ﷺની પાક બીવીઓ)એ પુરૂષોની સાથે તવાફ કર્યો છે ! મેં પૂછયું, હિજાબ (પર્દા)

إِي لَعَمْرِي لَقَدْ أَدْرَكْتُهُ بَعْدَ الْحِجَابِ قُلْتُ كَيْفَ يُخَالِطُهُنَّ الرِّجَالُ

પહેલાં કે પછી ? ફર્માવ્યું, મને મારી જાતની કસમ ! મેં હિજાબ પછીનો જ જમાનો પામ્યો છે. મેં કહ્યું, પુરૂષો

قَالَ لَمْ يَكُنْ يُخَالِطْهُنَّ كَانَتْ عَائِشَةُ تَطُوفُ حَجْرَةً مِّنَ الرِّجَالِ

એમની સાથે કેવી રીતે ભેગા રહેતા ? ફર્માવ્યું, પુરૂષો એમની સાથે ભેગા ન રહેતા, હઝરત આઈશા

لَا تُخَالِطُهُمْ فَقَالَتْ امْرَأَةٌ انْطَلِقِي نَسْتَلِمْ يَا أُمَّ الْمُؤْمِنِينَ

પુરૂષોથી અલગ રહીને તવાફ કરતાં હતાં. એકવાર એક સ્ત્રીએ અર્ઝ કરી, હે ઉમ્મુલ મો'મિનીન ! ચાલો હજરે

قَالَتْ انْطَلِقِي عَنْكِ وَأَبَتْ يَخْرُجْنَ مُتَنَكِّرَاتٍ بِاللَّيْلِ فَيَطُفْنَ مَعَ

અસ્વદનો બોસો લઈએ. તો ફર્માવ્યું, તમે જાવ ! ઉમ્મુલ મો'મિનીને ઈન્કાર કરી આપ્યો. અઝવાજે

الرِّجَالِ وَلٰكِنَّهُنَّ كُنَّ إِذَا دَخَلْنَ الْبَيْتَ قُمْنَ حِينَ يَدْخُلْنَ وَأُخْرِجَ

મુતહ્હરાત રાતમાં તવાફ માટે એ રીતે જતાં કે ઓળખાય ન શકે અને પુરૂષો સાથે તવાફ કરતાં. હા, જ્યારે

બનાવ્યો હતો. એક કથન એ છે કે અહીં ઈબ્ને હિશામથી એનો ભાઈ મુહમ્મદ ઈબ્ને હિશામ મુરાદ છે કે જે મક્કા મોઅઝ્ઝમાનો ગવર્નર હતો. ફાકહીએ હઝરત ઈબ્રાહીમ નખઈથી રિવાયત કરી કે સ્ત્રીઓને પુરૂષો સાથે તવાફ કરવાથી હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ સૌ પ્રથમ રોકી હતી. એક શખ્સને જોયો કે સ્ત્રીઓ સાથે તવાફ કરી રહ્યો છે તો એને કોરડો માર્યો. ઈબ્ને અયનિયાથી મરવી છે કે સૌ પ્રથમ જેણે સ્ત્રીઓ તથા પુરૂષોને અલગ અલગ તવાફનો હુકમ આપ્યો તે ખાલિદ બિન અબ્દુલ્લાહ કુસરી હતો. જે અબ્દુલ મલિક બિન મરવાન સફફાકના સમયમાં મક્કાનો હાકિમ હતો. કાશ ! કે એના પર અમલ ચાલુ રહ્યો હોત તો સારું થાત. તવાફમાં ખાસ કરીને તવાફે ઝિયારતમાં પુરૂષો તથા સ્ત્રીઓની ભેળસેળ ન જાણે કેટલીય હજોના મરદૂદ થવાનો સબબ બની જાય છે. ઈસ્લામના પ્રારંભમાં આટલી ભીડ ન હતી તો એ સરળ હતું કે સ્ત્રીઓ પુરૂષોના ઘેરાવથી બહાર રહીને તવાફ કરી શકી, પણ હવે તવાફે ઝિયારતમાં તો એ હાલ થાય છે કે મસ્જિદે હરામની નીચે ઉપરના બંને માળો પર લોકો તવાફ કરે છે.

હઝરત મુફતીએ આ'ઝમે હિંદ સૈયદી વ સનદી મૌલાના શાહ મુસ્તફા રઝાખાં સાહબ قدس سرہ જ્યારે પ્રથમવાર હિ.સ. ૧૩૬૬ ઈ.સ. ૧૯૪૬માં હજના માટે હાજર થયા હતા, તો મક્કાના ઉલમાથી મશ્વરા બાદ નજદી હુકૂમત સામે આ તજવીઝ રાખી પણ મંઝૂર ન થઈ.

فِيْ جَوْفِ ثَبِيْرٍ قُلْتُ وَمَا حِجَابُهَا قَالَ هِيَ فِيْ قُبَّةٍ تُرْكِيَّةٍ لَهَا غِشَاءٌ

કા'બાની અંદર જવા ચાહતાં તો બહાર ઉભાં રહેતાં અને પુરૂષોને કાઢી નાખવામાં આવતા. અને હું હઝરત

وَمَا بَيْنَنَا وَبَيْنَهَا غَيْرُ ذٰلِكَ وَرَأَيْتُ عَلَيْهَا دِرْعًا مُوَرَّدًا ـ عـه

આઈશાની ખિદમતમાં હાજર રહેતો હતો. સાથમાં ઉબૈદ બિન ઉમેર પણ રહેતા હતા. અને તે ષબીર પહાડની અંદર રોકાયાં હતાં. મેં પૂછયું, એમનો પર્દો શું હતો ? ફર્માવ્યું, તે તુર્કી ગોળ તંબુમાં હતાં જેના પર પર્દો ટીંગાયેલો હતો એ સિવાય અમારા તથા એમના વચ્ચે કાંઈ ન હતું. મેં જોયું કે તેમણે ગુલાબી રંગનું પહેરણ પહેર્યું હતું.'' (બુખારી ૧/૨૧૯ મનાસિક)

حدیث ۹۶۴

عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا أَنَّ النَّبِيَّ صَلَّى

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે નબી صلی اللہ علیہ وسلم તવાફ કરતાં કરતાં **[હદીષ : ૯૬૪]**

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَرَّ وَهُوَ يَطُوْفُ بِالْكَعْبَةِ بِإِنْسَانٍ رَبَطَ يَدَهُ

એક એવી વ્યક્તિ પાસેથી પસાર થયા જેણે ચામડાની બૂટની દોરી કે દોરાઓ અથવા અન્ય કોઈ ચીજ

إِلٰى إِنْسَانٍ بِسَيْرٍ أَوْ بِخَيْطٍ أَوْ بِشَيْءٍ غَيْرِ ذٰلِكَ فَقَطَعَهُ النَّبِيُّ صَلَّى

વડે પોતાનો હાથ બીજી કોઈ વ્યક્તિના હાથ સાથે બંધાએલી હાલતમાં રાખેલ (તવાફ કરી રહ્યો) હતો.

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِيَدِهٖ ثُمَّ قَالَ قُدْهُ بِيَدِهٖ ـ عـه

તો હુઝૂરે તેને કાપી નાખ્યું પછી ફર્માવ્યું, એને પોતાના હાથ વડે પકડી લઈને ચાલ.''

(બુખારી ૧/૨૧૯, ૨૨૦ મનાસિક બાબુ તવાફુન્નિસા, ૨/૯૯૧, બે તરીકાથી અબૂ દાઊદ–અલ્ઈમાનુ વન્નુઝૂર, નિસાઈ–અલ ઈમાન વન્નુઝૂર વલ્હજ્જ)

એ વખતે દસ્તૂર એ જ હતો કે જ્યારે સ્ત્રીઓ કા'બા મુક઼દસાની અંદર જવા ચાહતી તો પુરૂષોને બહાર કરી દેવામાં આવતા. પણ બાદમાં એ પાબંદી ઉઠી ગઈ, અને હવે તો હજના દિવસોમાં નજદી હુકૂમતના માણસો અને તેમના ખાસ મહેમાનો સિવાય કોઈને પ્રવેશ નસીબ જ થતો નથી. انما اشکوبثی وحزنی الی اللہ

**સમજૂતી : ૯૬૪**

એના બાદવાળા પ્રકરણમાં અને કિતાબુલ ઈમાન વન્નુઝૂરની પ્રથમ રિવાયતમાં بزمام اوغیرہ છે. અને બીજી રિવાયતમાં بخزامة فی انفه (ખઝામા) ઊંટની નકેલ (લગામ)ને કહે છે. સર્વ રિવાયતોનો સાર એ નીકળ્યો કે એક પોતાની નાકમાં ઊંટની નકેલની જેમ રસ્સી વગેરે લગાડેલ હતો અને બીજો એને હાથમાં લીધેલ આગળ આગળ ચાલી રહ્યો હતો. જાહિલિયતના જમાનામાં એ રિવાજ હતો કે તેઓ એવી મન્નત માન્યા કરતા કે જો આ કામ થશે તો આ રીતે હજ્જ કરીશું. મુસ્નદે અહમદ (૨/૧૮૩)માં છે કે નબી صلی اللہ علیہ وسلم એ બે શખ્સોને જોયા કે એકબીજાથી જોડાયેલા છે. પૂછયું, આ શું છે ? એ લોકોએ બતાવ્યું કે અમે એવી મન્નત માની હતી કે આ રીતે

ت ۲۹۷ وَقَالَ عَطَاءٌ فِي مَنْ يَطُوفُ فَتُقَامُ الصَّلٰوةُ أَوْ يُدْفَعُ عَنْ

''અને ઈમામ અતાએ કહ્યું, કોઈ તવાફ કરી રહ્યો છે અને નમાઝ થવા લાગી અથવા **[તઅલીક઼ : ૨૯૭]**

مَكَانِهِ إِذَا سَلَّمَ يَرْجِعُ حَيْثُ قُطِعَ عَلَيْهِ فَيَبْنِي وَيُذْكَرُ نَحْوُهُ

પોતાની જગાએથી ધકેલી દેવામાં આવ્યો તો સલામ ફેરવ્યા બાદ પરત થાય તો જ્યાંથી છોડયો હતો

عَنِ ابْنِ عُمَرَ وَعَبْدِ الرَّحْمٰنِ بْنِ أَبِي بَكْرٍ رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهُمْ

ત્યાંથી કરે. અને એના જેમ ઈબ્ને ઉમર તથા અબ્દુર્રહમાન બિન અબૂબક્ર رِضْوَانُ اللّٰهِ تَعَالَى عَلَيْهِمْ أَجْمَعِيْن થી પણ

રિવાયત પામેલ છે.'' (બુખારી ૧/૨૨૦ મનાસિક)

ت ۲۹۸ وَقَالَ نَافِعٌ كَانَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهُمَا يُصَلِّي

''અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما દરેક સાત ફેરા પર **[તઅલીક઼ : ૨૯૮]**

જોડાયેલા કા'બા જઈશું. ફર્માવ્યું, અલગ થઈ જાવ ! એ મન્નત નથી. **નઝર (મન્નત) તે કામ છે જેના વડે અલ્લાહની રઝા તલબ કરવામાં આવે.** તબ્રાની (ઉમ્દતુલ ક઼ારી, ૯/૩૯૪)માં છે કે બિશર કહે છે કે તેમણે ઈસ્લામ ક઼બૂલ કરી લીધો તો હુઝૂરે અક઼દસ ﷺએ તેમનો માલ તથા ઔલાદ પાછાં આપી દીધાં. પછી જોયું કે એ તથા એમના પુત્ર તલફ એક રસ્સીમાં બંધાયેલા છે. પૂછયું, આ શું છે ? તો બતાવ્યું કે મેં ક઼સમ ખાધી હતી કે અલ્લાહ મારા માલ તથા ઔલાદને પરત કરી આપે તો આ રીતે હજ્જ કરીશ. નબી ﷺએ રસ્સી કાપી નાખી અને ફર્માવ્યું, તમે બંનેવ હજ્જ કરો, એ શૈતાનનું કામ છે. (એ રીતે મન્નત કરવી એ કામ)

**અહકામ** : આ હદીષથી જાણવા મળ્યું કે તવાફ કરવાની હાલતમાં અમ્ર બિલ મઅરૂફ તથા નેહી અનિલ મુન્કર સુન્નત છે, મના નથી. દુનિયવી વાત તવાફમાં મના છે. હા ! જરૂરત પૂરતી જરૂરત ખાતર ઈજાઝત છે. **મન્નત ફક્ત ફર્માબરદારીની હોય છે. જે ચીજ શરીઅતની રૂએ મના હોય અથવા મુબાહ હોય એની મન્નત સહીહ નથી.**

**તઅલીક઼ : ૨૯૭ની સમજૂતી** અહીં પ્રકરણ એ છે કે, ''જ્યારે તવાફમાં રોકાઈ જાય.'' એટલે કે સતત ન કરી શકે અને અમુક સમય રોકાવુ પડે, ચાહે શરઈ જરૂરતથી હોય કે દુનિયવી જરૂરતથી, તો શું કરે ? આ પ્રકરણને યોગ્ય કોઈ હદીષ ઈમામ બુખારીને ન મળી એટલા માટે અક઼વાલે રિજાલથી કામ ચલાવ્યું. ઈમામ અતાનો ક઼ૌલ વર્ણવ્યો. જેનાથી માલૂમ થયું કે તવાફ દરમ્યાન જો કોઈ દીની કે દુનિયવી જરૂરત ઉભી થાય જે ન ટાળી શકાય એવી હોય તો તવાફ છોડીને તેને પૂરી કરે પછી જ્યાંથી તવાફ છોડયો હોય ત્યાંથી કરે, પહેલેથી ન કરે. એનાથી જાણવા મળ્યું કે તવાફ ફાસિદ ન થયો. દા.ત. નમાઝ બાજમાઅત શરૂ થઈ અથવા કોઈએ એને હટાવી દીધો, એના જેમ જ નમાઝે જનાઝા છે તથા પ્રાકૃતિક જરૂરતો દા.ત. પેશાબ, પાખાનુ અથવા વુઝૂ તૂટી ગયું. ઈમામ અતાના ઈર્શાદને ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ે પોતાના મુસન્નફમાં અને ઈમામ સઈદ બિન મન્સૂરે મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماના ઈર્શાદને ઈમામ સઈદ બિન મન્સૂરે અને હઝરત અબ્દુર્રહમાન બિન અબૂબક્રના આ ઈર્શાદને ઈમામ બુખારીના ઉસ્તાઝુલ ઉસ્તાઝ ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ે વર્ણવેલ છે.

**તઅલીક઼ : ૨૯૮ની સમજૂતી**

આ અષરને ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ે વર્ણન કરી છે. એમાં છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એક તવાફને

لِكُلِّ أُسْبُوْعٍ رَكْعَتَيْنِ ع

બે રકાત પઢતા હતા." (ઉપર મુજબ)

٢٩٩ وَقَالَ إِسْمٰعِيْلُ بْنُ أُمَيَّةَ قُلْتُ لِلزُّهْرِيِّ إِنَّ عَطَاءً يَقُوْلُ تُجْزِئُهُ

"અને ઈસ્માઈલ બિન ઉમય્યાએ કહ્યું, મેં ઈમામ ઝુહરીને કહ્યું કે અતા કહે છે કે **[તઅલીક઼ : ૨૯૯]**

الْمَكْتُوْبَةُ مِنْ رَكْعَتَيِ الطَّوَافِ فَقَالَ السُّنَّةُ أَفْضَلُ لَمْ يَطُفِ النَّبِيُّ

તવાફની બે રકાતની કાઈમ મુક઼ામ (તેના સ્થાને) ફર્ઝ નમાઝ થઈ જશે. તો ઈમામ ઝુહરીએ ફર્માવ્યું, સુન્નત

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ سُبُوْعًا قَطُّ إِلَّا صَلّٰى رَكْعَتَيْنِ ع

પર અમલ કરવો અફઝલ છે. નબી ﷺએ જ્યારે પણ તવાફના સાત ફેરા પૂરા કર્યા તો બે રકાત પઢી."

(બુખારી ૧/૨૨૦ મનાસિક)

બીજાની સાથે મિલાવવાને મકરૂહ જાણતા હતા અને દરેક સાત ફેરા પર બે રકાત પઢતા હતા, બે તવાફને ભેગા કરતા ન હતા.

## તઅલીક઼ : ૨૯૯ની સમજૂતી

આ તઅલીક઼ને ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ તથા ઈમામ અબૂબક્ર ઈબ્ને અબી શયબાએ વર્ણન કરેલ છે. સહીહ એ છે કે તવાફની બે રકાતના બદલામાં ફર્ઝો પૂરતા નથી. ઈમામ ઝુહરીના ઈર્શાદથી સાબિત છે કે હુઝૂરે અક઼દસ ﷺએ એના પર હમેશગી ફર્માવી છે, કદી છોડી નથી. અને છોડયા વિના હમેશગી અપનાવવી એ વાજિબ હોવાની દલીલ છે. ઈમામ અબુલ ક઼ાસિમ તમામ બિન મુહમ્મદ રાઝીએ પોતાની ફવાઈદમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ દરેક તવાફના સાત ફેરાઓ પર બે રકાત મસ્નૂન ફર્માવી છે. ઈમામ અબૂબક્ર ઈબ્ને અબી શયબાએ રિવાયત કરી કે સુન્નત એ જ ચાલુ રહી કે તવાફના દરેક સાત ફેરા પર બે રકાત છે એના બદલામાં બીજી નફલ નમાઝ તથા ફર્ઝ પૂરતી નથી. તેમજ એના વાજિબ હોવાની દલીલ એ છે કે ઈમામ અહમદ (મુસ્નદ ૩/૩૨૦), ઈમામ મુસ્લિમ (૧/૩૫૯–હજ્જ)એ રિવાયત કરી કે હુઝૂરે અક઼દસ ﷺ જ્યારે મક઼ામે ઈબ્રાહીમ પર પહોંચ્યા તો આયતે કરીમા **واتخذوا من مقام ابراهيم مصلى** તિલાવત ફર્માવી એટલે "મક઼ામે ઈબ્રાહીમને નમાઝની જગા બનાવો." અને બે રકાત પઢી. પ્રથમ રકાતમાં સૂરએ કાફિરૂન અને બીજીમાં સૂરએ ઈખ્લાસ પઢી. ત્યારબાદ રુકને અસ્વદની પાસે આવ્યા તેનો ઈસ્તેલામ કર્યો અને સફાની તરફ ગયા. એનાથી જાહેર છે કે આ નમાઝ અલ્લાહના હુકમની તામીલમાં હતી. આ આયતમાં અમ્ર છે જે વુજૂબ (વાજિબ હોવા) માટે હોય છે. હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہનો પણ ક઼ૌલ એક આ જ છે કે વાજિબ છે. પણ તેમનો અસહ્હ (સહીહ) ક઼ૌલ એ છે કે સુન્નત છે. અલ્લામા ઝયનુદ્દીને ફર્માવ્યું કે એક ક઼ૌલ એ પણ છે કે તવાફે ફર્ઝમાં વાજિબ અને નફલમાં સુન્નત છે.

باب ٣٠٠ وَكَانَ ابْنُ عُمَرَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يُصَلِّىْ رَكْعَتَىِ الطَّوَافِ

''અને ઈબ્ને ઉમર رضی اللہ عنہما તવાફની બે રકાત સૂર્ય નીકળવાથી પહેલાં પઢતા હતા [તઅલીક઼ : ૩૦૦]

مَالَمْ تَطْلُعِ الشَّمْسُ وَطَافَ عُمَرُ بَعْدَ صَلٰوةِ الصُّبْحِ فَرَكِبَ حَتّٰى

અને હઝરત ઉમર رضی اللہ عنہ એ સવારની નમાઝ પછી તવાફ કર્યો અને સવાર થઈ ગયા.

صَلَّى الرَّكْعَتَيْنِ بِذِىْ طُوًى ؏ـه

ઝૂ તૂવામાં જઈને બે રકાતો પઢી.'' (ઉપર મુજબ)

حدیث ٩٦٥ عَنْ عُرْوَةَ عَنْ عَائِشَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهَا أَنَّ نَاسًا

''ઉરવા ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا થી રિવાયત કરે છે કે [હદીષ : ૯૬૫]

طَافُوْا بِالْبَيْتِ بَعْدَ صَلٰوةِ الصُّبْحِ ثُمَّ قَعَدُوْا إِلَى الْمُذَكِّرِ حَتّٰى

કેટલાક લોકોએ સવારની નમાઝ પછી બયતુલ્લાહનો તવાફ કર્યો પછી વાઈઝની પાસે બેસી ગયા. જ્યારે સૂર્ય

**તઅલીક઼ : ૩૦૦ની સમજૂતી** આ તઅલીક઼ને ઈમામ સઈદ બિન મન્સૂરે મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. જે સમયોમાં નફલ નમાઝો મકરૂહ છે એમાં તવાફની બે રકાતો પણ મકરૂહ છે, દા.ત. સુબ્હ સાદિક઼થી સૂર્ય નીકળ્યા પછી ૨૦ મિનિટ સુધી, બપોરના સૂરજ ઢળવાથી ઝવાલ સુધી, અસરની નમાઝ પછીથી ગુરૂબ આફતાબ સુધી. અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી અહીં જે નક઼લ થયેલ છે એનાથી ઉલ્ટી એમનાથી જ બીજી રિવાયત પણ છે. ઈબ્નુલ મુન્ઝર (ઉમ્દતુલ ક઼ારી, ૯/૨૭૯)એ નાફેઅથી તખરીજ કરી છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما સુબ્હ સાદિક઼ બાદ તવાફ કરતા તો જ્યાં સુધી સૂર્ય ન ઉગી જતો ત્યાં સુધી તવાફની બે રકાતો ન પઢતા. અને જ્યારે અસ્ર બાદ પણ તવાફ કરતા તો જ્યાં સુધી સૂર્ય ડૂબી ન જતો તવાફની બે રકાતો ન પઢતા. શરહે મઆનિયુલ આષાર (૧/૨૩૬ મનાસિક)માં છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما સવારની નમાઝના સમયે આવ્યા તો તવાફ કર્યો અને નમાઝ ન પઢી પણ સૂર્ય નીકળ્યા બાદ. વળી એમનાથી પણ અનંતગણા ફિક઼હના જાણકાર તેમના પિતા હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ છે. તેમણે સૂરજ નીકળ્યા પછી ઝૂ તૂવામાં જઈને પઢી. અને પુષ્કળ સહાબાએ કિરામની સંગાથમાં આ કામ થયું છતાં કોઈએ એમને ટોક્યા નથી. આ તઅલીક઼ને ઈમામ માલિકે મોઅત્તામાં અને ઈમામ અબૂ જઅફર તહાવીએ શરહે મઆનિયુલ આષારમાં તખરીજ કરી છે.

મુસ્નદે ઈમામ અહમદ (૩/૩૯૩)માં હઝરત જાબિર رضی اللہ عنہ થી મરવી છે. કહે છે કે અમે સવારની નમાઝ પછી તવાફ નથી કરતા જ્યાં સુધી સૂર્ય ઉગી નથી જતો. અને અસ્ર બાદ નથી કરતા જ્યાં સુધી સૂર્ય ડૂબી નથી જતો. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ થી સાંભળ્યું છે કે સૂરજ શયતાનની શીંગોના દરમ્યાન તુલૂઅ કરે (નીકળે) છે. સુનને સઈદ બિન મન્સૂરમાં અને મુસન્નફે ઈબ્ને અબી શયબામાં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ના બારામાં છે કે તેમણે સવારના પછી તવાફ કર્યો અને ફારિગ થઈને બેસી રહ્યા ત્યાં સુધી કે સૂર્ય નીકળી આવ્યો.

**સમજૂતી : ૯૬૫** અહીં પ્રકરણમાં આ છે : ''સવારની નમાઝ તથા અસરની નમાઝ બાદ તવાફ.'' અને આ પ્રકરણમાં જેટલા આષાર તથા હદીષો લાવ્યા છે એનામાં કોઈમાં તવાફના બારામાં હુકમ નથી. સૌમાં

إِذَا طَلَعَتِ الشَّمْسُ قَامُوْا يُصَلُّوْنَ فَقَالَتْ عَائِشَةُ قَعَدُوْا حَتّٰى

નીકળી આવ્યો તો ઉભા થયા અને નમાઝ પઢવા લાગ્યા. એના પર હઝરત આઈશાએ ફર્માવ્યું, બેઠેલા રહ્યા,

إِذَا كَانَتِ السَّاعَةُ الَّتِيْ يُكْرَهُ فِيْهَا الصَّلٰوةُ قَامُوْا يُصَلُّوْنَ ـه

જ્યારે તે સમય આવ્યો જેમાં નમાઝ મકરૂહ છે તો નમાઝ પઢવા ઉભા થયા." (ઉપર મુજબ)

حديث ٩٦٦

عَنْ نَّافِعٍ اَنَّ عَبْدَ اللّٰهِ قَالَ سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ

"નાફેઅએ રિવાયત કરી છે કે અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما એ કહ્યું, મેં નબી ﷺ થી **[હદીષ : ૯૬૬]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَنْهٰى عَنِ الصَّلٰوةِ عِنْدَ طُلُوْعِ الشَّمْسِ وَعِنْدَ

સાંભળ્યું કે હુઝૂર સૂર્ય નીકળતી વખતે અને ડૂબતી વખતે નમાઝથી

غُرُوْبِهَا ـه

મના કરતા હતા." (બુખારી ૧/૨૨૧, મનાસિક)

حديث ٩٦٧

حَدَّثَنِيْ عَبْدُ الْعَزِيْزِ بْنُ رُفَيْعٍ قَالَ رَاَيْتُ عَبْدَ اللّٰهِ بْنَ

"હઝરત અબ્દુલ અઝીઝ બિન રફીએ કહ્યું, મેં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہما ને **[હદીષ : ૯૬૭]**

તવાફની નમાઝ અથવા મુત્લક઼ નમાઝના બારામાં હુકમો છે. અને કેમ કે નમાઝનું તવાફ પછી તરત જ વિના વિલંબે પઢવું લાઝિમ પણ નથી એટલા માટે એવું પણ નથી કહી શકતા કે જ્યારે નમાઝનો હુકમ માલૂમ થઈ ગયો તો તવાફનો પણ માલૂમ થઈ ગયો. એટલા માટે અલ્લામા અયનીએ પ્રકરણમાં આ ઈબારત બનાવવી પડી **الصلوٰة عقيب الطواف بعد صلوٰة الصبح و العصر** "સવારની નમાઝ અને અસર બાદ તવાફના બાદવાળી નમાઝનો હુકમ."

હઝરત ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا નો પણ મુખ્તાર (પસંદીદા) મઝહબ એ જ હતો કે મકરૂહ સમયોમાં તવાફની નમાઝ મના છે. જેમ કે ઈમામ અબૂબકર ઈબ્ને અબી શયબાએ રિવાયત કરી છે કે તેમણે ફર્માવ્યું, ફજરની તથા અસરની નમાઝ પછી જો તવાફ કરવા ચાહે તો કરે. અલ્બત્ત નમાઝને લેટ કરે ત્યાં સુધી કે સૂર્ય ડૂબી જાય અથવા ઉગી જાય. તો દરેક સાત ફેરા પર બે રકાત પઢે. એ લોકો પર ઈન્કાર એ કારણે ફર્માવ્યો કે તેમણે સૂરજ તુલૂઅ થતાં જ પઢવાનું શરૂ કરી આપ્યું, એટલો ઊંચે થવાની રાહ ન જોઈ કે કરાહતનો સમય જતો રહે. હઝરત ઉમ્મુલ મો'મિનીનનો મક઼સદ એ હતો કે એ લોકોએ થોડીવાર થોભવું જોઈતું હતું ત્યાં સુધી કે સૂર્ય ઊંચે ચઢી જતો.

**સમજૂતી : ૯૬૬** આ ઈર્શાદ એના ઈત્લાક઼થી (લાગુ થવાની રૂએ) તવાફની નમાઝને પણ લાગુ પડે છે. એટલા માટે આ હદીષથી સાબિત કે તવાફની નમાઝ પણ એ સમયોમાં મના છે.

**સમજૂતી : ૯૬૭** એની સંપૂર્ણ ચર્ચા ભાગ–૩ "મવાક઼ીતે સલાત"માં વર્ણન થઈ ચૂકી છે. અહીં ઈમામ બુખારીનો હેતુ એ છે કે કેમ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہما અસ્ર બાદ નફલ પઢયા કરતા હતા, તેને

الزُّبَيْرِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يَطُوْفُ بَعْدَ الْفَجْرِ وَيُصَلِّىْ رَكْعَتَيْنِ

જોયા કે તે ફજર પછી તવાફ કરતા અને બે રકાતો પઢતા.

قَالَ عَبْدُ الْعَزِيْزِ رَأَيْتُ عَبْدَ اللّٰهِ بْنَ الزُّبَيْرِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا

અને અબ્દુલ અઝીઝે કહ્યું, મેં અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہ ને જોયા કે અસર બાદ

يُصَلِّىْ رَكْعَتَيْنِ بَعْدَ الْعَصْرِ وَيُخْبِرُ اَنَّ عَائِشَةَ حَدَّثَتْهُ اَنَّ النَّبِىَّ

બે રકાતો પઢતા અને એ ખબર આપતા કે હઝરત આઈશા رضی اللہ عنہا એ તેમનાથી

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَمْ يَدْخُلْ بَيْتَهَا اِلَّا صَلَّاهُمَا ؏

હદીષ વર્ણવી છે કે નબી صلی اللہ علیہ وسلم જ્યારે કદી તેમના ઘરમાં આવ્યા તો તેને પઢયા."

حدیث ۹۶۸ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ اسْتَاذَنَ

**[હદીષ : ૯૬૮]** "હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ કહ્યું, હઝરત અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબે

الْعَبَّاسُ بْنُ عَبْدِ الْمُطَّلِبِ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી મિનાની રાતોમાં હાજીઓને પાણી પીવડાવવાના માટે મક્કામાં રાત ગુજારવાની

اَنْ يَبِيْتَ بِمَكَّةَ لَيَالِىَ مِنًى مِنْ اَجْلِ سِقَايَتِهٖ فَاَذِنَ لَهٗ ؏

ઈજાઝત માગી તો હુઝૂરે ઈજાઝત આપી દીધી." (બુખારી ૧/૨૨૧, ૨૩૫ મનાસિક)

મના જાણતા ન હતા જેથી તવાફની નમાઝ પણ એવી વિશેષ કક્ષાએ જાઈઝ જાણતા હતા. અને ફજર બાદ તવાફનું જાઈઝ હોવું તો એમના અમલથી સ્પષ્ટપણે જાહેર છે. લગભગ ઈમામ બુખારીનો હેતુ એ છે કે મકરૂહ સમયોમાં તવાફની નમાઝ જાઈઝ હોવા કે ન હોવાના બારામાં રિવાયતો વિવિધ છે અને એ જ કારણે એ કોઈ રાય પ્રદર્શિત ન કરી શક્યા પણ જેઓ શરીઅતના ઉસૂલથી વાકેફ છે તેમના પર જાહેર છે કે હજી પણ અગ્રતા મનાઈને જ થશે. કેમ કે મુબીહ તથા મુહર્રિમ બંને ભેગા હોય તો અગ્રતા મુહર્રિમને જ હોય છે.

**સમજૂતી : ૯૬૮**

આ હદીષ પર પ્રકરણ છે : سقاية الحاج "હાજીઓને પાણી પીવડાવવાનું બયાન." سقىٰ يسقى નો મસ્દર પણ છે અને એ વાસણને પણ કહે છે જેમાં પાણી ભેગુ કરવામાં આવે. આયતે કરીમા جعلتم سقاية الحاج માં મસ્દર છે અને جَعَلَ السِّقَايَةَ فِى رَحْلِ اَخِيْهِ માં પાણી પીવાનુ અથવા અનાજ માપવાનુ વાસણ મુરાદ છે.

હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلم ના જદ્દે કરીમ (દાદા) કુશય્ય બિન કિલાબને જ્યારે તેમના સસરા હુલૈલથી હરમનુ મુતવલ્લીપણુ મળ્યું તો તેમણે દારુન્નદવા સ્થાપ્યું જ્યાં આપસમાં મશ્વરો થતો હતો. શાદી વિવાહના પ્રોગ્રામો એમાં જ થતા હતા. અહીં જમા થઈને કાફલા બહાર જતા હતા. એમણે રિફાદાનો પ્રારંભ કર્યો એટલે હાજીઓની મેજબાની, મિના તથા અરફાતમાં હાજીઓને મફત ખાણુ વહેંચવું, સિકાયહ એટલે એમના માટે પાણી પૂરું

حدیث ۹۶۹ عَنْ عِكْرِمَةَ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا

[હદીષ : ૯૬૯] "હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે

أَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ جَاءَ إِلَى السِّقَايَةِ

રસૂલુલ્લાહ ﷺ સિક઼ાયહની પાસે આવ્યા અને પીવા માટે માગ્યું તો અબ્બાસે કહ્યું, હે ફઝલ !

فَاسْتَسْقٰى فَقَالَ الْعَبَّاسُ يَا فَضْلُ اذْهَبْ إِلٰى أُمِّكَ فَأْتِ رَسُوْلَ

તમારાં માની પાસે જાવ ! અને રસૂલુલ્લાહ ﷺના માટે તેમની પાસેથી શરબત લાવો. તો ફર્માવ્યું,

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ بِشَرَابٍ مِّنْ عِنْدِهَا فَقَالَ اسْقِنِيْ

મને (આ જ) પીવડાવો. તેમણે અર્ઝ કરી, એમાં લોકો પોતાનો હાથ નાખી દે છે. ફર્માવ્યું, (એ જ) પીવડાવો,

પાડવું તદ્ઉપરાંત હિજાબત (કાબાને ગિલાફ પહેરાવવાની જિમ્મેદારી), કા'બાની કલીદ બરદારી (ખાનાએ કાબાની ચાવી રાખવાની જિમ્મેદારી).

لواء એટલે લડાઈઓમાં અલમબરદારી (ઝંડો ઉઠાવવું) પહલેથી જ હતી. જયારે તેમના વિસાલનો સમય નજીક આવ્યો તો તેમણે એ જમાનાના દસ્તૂર મુજબ એ સર્વ હોદ્દા પોતાના મોટા પુત્ર અબ્દુદ્દારને આપી દીધા અને પોતાની બાક઼ીની પાંચ ઔલાદ અબ્દે મુનાફ, અબ્દુલ ઉઝ્ઝા, અબ્દર્રા બિન કુસઈ, તખ્મર તથા બરાને કાંઈ ન આપ્યું. અબ્દુદ્દાર લાયક ન હતો. જયારે અબ્દે મુનાફના સાહબઝાદા હાશિમ યુવાન થયા તો તેમણે પોતાના ભાઈઓને એના માટે તૈયાર કર્યા કે અબ્દુદ્દારની ઔલાદથી હરમના આ સર્વ હોદ્દાઓ લઈ લેવામાં આવે. બની અબ્દુદ્દારે ઈન્કાર કર્યો જેના પરિણામે બંને બાજુ જંગની તૈયારીઓ શરૂ થઈ ગઈ. છેવટે એના પર સુલહ થઈ કે અબ્દુદ્દારથી સિક઼ાયહ તથા રિફ઼ાદહ લઈને બની અબ્દે મુનાફને આપી દેવામાં આવે, ત્યાં સુધી ઝમઝમનો કૂવો હઝરત અબ્દુલ મુત્તલિબે ખોદયો ન હતો. સિક઼ાયહની એ વ્યવસ્થા હતી કે ચામડાની હોજોમાં પાણી ભરીને કા'બાની સહનમાં રાખી દેવામાં આવતુ જેને હાજીઓ વાપરતા. અને જયારે અબ્દુલ મુત્તલિબે ચાહે ઝમઝમ ખોદી લીધો તો મુનક્ક઼ા (કિસમિસ) ખરીદીને આબે ઝમઝમમાં ભીગોવીને હાજીઓને પીવડાવતા હતા. હઝરત અબ્દુલ મુત્તલિબના પછી સિક઼ાયહનો હોદ્દો હઝરત અબ્બાસ رضی اللہ عنہને મળ્યો અને હુઝૂરે અક઼દસ ﷺએ પણ એમની પાસે જ બાક઼ી રાખ્યો.

નવમી, અગ્યારમી, બારમીની રાતો મિનામાં ગુજારવી સુન્નત છે. એ રાતો મિના સિવાય ક્યાંય અન્ય ઠેકાણે ગુજારવી મના છે ત્યાં સુધી કે મક્કામાં પણ નહીં. પણ હઝરત અબ્બાસ رضی اللہ عنہને હાજીઓને પાણી પીવડાવવાના માટે એ દિવસોમાં મક્કા મોઅઝ્ઝમામાં રહેવાની ઈજાઝત આપી દીધી. આજે પણ જેના હસ્તક આ કામ હોય તે જઈ શકે છે, એ લોકો આનાથી અપવાદ છે.

## સમજૂતી : ૯૬૯

વર્ણન થઈ ચૂક્યું કે, "કુસૈય બિન કિલાબ"ના સમયથી એ દસ્તૂર હતો કે ચામડાની હોજોમાં પાણી ભરીને મુનક્ક઼ા (કિસમિસ) નાખી દેવામાં આવતો. અને એ હોઝ કા'બાના સહેનમાં રાખેલાં રહેતાં. હાજીઓ એને પીતા. સિક઼ાયહથી એ જ ચામડાના હોઝો મુરાદ છે. હાજીઓ એ હોજમાં હાથ નાખી નાખીને પીતા હતા એટલા માટે જયારે હુઝૂર ﷺ ત્યાં પહોંચ્યા અને પીવા માટે માગણી કરી તો હઝરત અબ્બાસ رضی اللہ عنہએ એ પસંદ ન

قال يا رسول الله انهم يجعلون ايديهم فيه قال اسقني فشرب

તો હુઝૂરે એને જ પીધુ. પછી ઝમઝમની પાસે આવ્યા અને આલે મુત્તલિબ પાણી ખેંચી

منه ثم اتى زمزم وهم يسقون ويعملون فيها فقال اعملوا فانكم

ખેંચીને લોકોને પીવડાવી રહ્યા હતા તો ફર્માવ્યું, એને ચાલુ રાખો, તમારા લોકોનું આ કામ સારું છે.

على عمل صالح ثم قال لولا ان تغلبوا لنزلت حتى اضع الحبل

પછી ફર્માવ્યું, જો એનો અંદેશો ન હોત કે તમે મગ્લૂબ થઈ જશો તો હું ઉતરતો અને રસ્સી

على هذه يعني عاتقه واشار الى عاتقه

આના પર રાખતો. ખભા તરફ ઈશારો કર્યો." (બુખારી ૧/૨૨૧ મનાસિક, ૨/૧૭૩ અલ્અશ્રબા)

حديث ٩٧٠ عن الشعبي ان ابن عباس رضي الله تعالى عنهما

"ઈમામ અબૂ આમિર શઅબીથી રિવાયત છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما એ **[હદીષ : ૯૭૦]**

قال سقيت رسول الله صلى الله تعالى عليه وسلم من زمزم

ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺના પીવાના માટે ઝમઝમ આપ્યુ. તો હુઝૂરે ઉભા ઉભા પીધુ.

કર્યું કે હુઝૂર એને પીએ. પોતાના મોટા સાહબઝાદા હઝરત ફઝલને હુકમ આપ્યો કે ઘરે જઈને સાફ સુથરુ શરબત તારી વાલિદાથી માગીને લાવ. પણ રહમતે આલમે પોતાના માટે અલગ વ્યવસ્થા પસંદ ન કરી અને જે સર્વ હાજીઓ પીતા હતા એ જ પીધુ.

**لولا ان تغلبوا** : એટલે કે જો એ અંદેશો ન હોત કે જો હું નીચે ઉતરીને ખૂદ મારા હાથે પાણી ખેંચીને પીઉં તો મારા અનુસરણમાં સર્વ હાજીઓ એવું જ કરવા લાગશે જેના લીધે તમારે મગ્લૂબ થઈને હટવું પડશે, તો હું ખૂદ પાણી ખેંચીને પીતો. એ પણ મતલબ થઈ શકે છે મારા આ અમલને બહાનુ બનાવીને જાલિમ હાકિમો તમારાથી આ મહાન સ્થાન છીનવી ન લે. આ મશ્હૂર સિક઼ાયહ, સિક઼ાયાએ અબ્બાસના નામથી મશ્હૂર હતો અને અરસા સુધી બાકી રહ્યો. ઈમામ તાઉસે કહ્યું, સિક઼ાયતુલ અબ્બાસથી પીવું હજ્જ પૂર્ણ થવાના એક હિસ્સાથી છે. ઈમામ અતાએ કહ્યું, એ એટલુ મીઠુ રહેતુ કે હોઠ ચોંટી જતા. સાઈબ બિન અબ્દુલ્લાહે ઈમામ મુજાહિદથી કહ્યું કે સિક઼ાયતુલ અબ્બાસથી પીઓ, એ સુન્નત છે. જો સિક઼ાયહ આજે પણ હોત તો એનાથી પીવું જરૂરત સુન્નત હોત.

હુઝૂરે અક઼દસ ﷺને હઝરત અબ્બાસે ખૂદ એક ડોલ ખેંચીને આપી જેને હુઝૂરે પીધુ અને જે બચ્યું એને પોતાના ઉપર નાખી દીધું. **હદીષમાં છે કે ચાહે ઝમઝમમાં ઝાંકો ! એમાં ઝાંકવું નિફાક઼ને દૂર કરે છે.** પણ હવે ચાહે ઝમઝમ નીચે કરી દેવામાં આવ્યો છે. મશીનો વડે ઝમઝમ કાઢીને ટેંકોમાં ઠંડુ કરીને નળો સુધી પહોંચે છે અને હવે એ નળોએથી મળે છે. હાજીઓની જે ભીડ હવે થવા લાગી છે એને જોતાં એ જરૂરી પણ હતું.

**સમજૂતી : ૯૭૦** ઉભા રહીને પાણી વગેરે પીવાથી હદીષોમાં મનાઈ આવેલી છે. મુસ્લિમ (૨/૧૭૩ અલ્અશ્રબા) તથા તિર્મિઝી (૨/૧૦ અલ્અશ્રબા)માં સૈયદોના અનસ બિન માલિક رضي الله عنهથી મરવી છે કે નબી ﷺએ ઉભા રહીને પાણી પીવાથી મના ફર્માવ્યું. કતાદાએ કહ્યું, અને ખાવુ ? તો ફર્માવ્યું, એ અધિક બુરુ છે.

فَشَرِبَ وَهُوَ قَائِمٌ قَالَ عَاصِمٌ فَحَلَفَ عِكْرِمَةُ مَا كَانَ يَوْمَئِذٍ

આસિમે કહ્યું, ઈકરમાએ ક઼સમ ખાધી છે કે હુઝૂર

إِلَّا عَلَى بَعِيرٍ

તે દિવસે ઊંટ પર હતા.''

(બુખારી ૧/૨૨૧ મનાસિક, ૨/૮૪૦ અલ્અશ્રબા, મુસ્લિમ, તિર્મિઝી–અલ્અશ્રબા, નિસાઈ, ઈબ્ને માજહ–અલ્અશ્રબા)

حديث ٩٧١ عَنْ نَافِعٍ أَنَّ ابْنَ عُمَرَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا أَرَادَ

''નાફ઼ેઅથી રિવાયત છે કે જે વરસે હજ્જાજે હઝરત ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہما નો **[હદીષ : ૯૭૧]**

الْحَجَّ عَامَ نَزَلَ الْحَجَّاجُ بِابْنِ الزُّبَيْرِ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا فَقِيلَ

ઘેરાવ કર્યો હતો, હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ હજ્જનો ઈરાદો કર્યો તો એમને

તેમજ મુસ્લિમમાં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ઉભા રહીને પીવાથી ધમકાવ્યા. તેમજ એમાં જ સૈયદોના અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફ઼ર્માવ્યું, ''કોઈ ઉભો રહીને હરગિઝ ન પીએ અને જો ભૂલી જાય તો જે પીધુ છે તેને ઉલ્ટી કરી નાખે.'' તિર્મિઝીમાં સૈયદોના જારૂદ બિન અબુલ મઅલા رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ઉભા રહીને પીવાથી મના કર્યું.

એનાથી ઉલ્ટુ અમુક હદીષોથી ઈજાઝત સાબિત થાય છે, પણ તે ક્યાં મજબૂરી પર આધારિત છે ક્યાં તો ખાસ પાણીના બારામાં આવેલી છે, જેમ કે ઝમઝમ શરીફ઼ અથવા વુઝૂનું બચેલુ પાણી.

આ હદીષથી સાબિત થાય છે કે ઝમઝમ શરીફ઼ ઉભા રહીને પીવું જોઈએ, પણ જો ઈકરમાની રિવાયત સહીહ છે તો સાબિતી મુશ્કેલ છે કેમ કે એમનું બયાન છે કે હુઝૂર ﷺ એ વખતે ઊંટ પર હતા, તો હવે ઉભા રહીને પીવાનો સવાલ જ નથી. એ જ પ્રમાણે અમુક હઝરાતે ઉભા રહીને ઝમઝમ શરીફ઼ પીવાની એ સ્પષ્ટતા કરી છે કે કેમ કે ઝમઝમના કૂવાની આસપાસ પાળી બનાવી દેવામાં આવી હતી અને પાણી પીવડાવનારા અંદરથી પીવડાવતા હતા જેથી બેસીને પીવાનુ શક્ય ન હતું. પણ આ તઅલીક઼ાતને છોડતાં મુત્લક઼ન ઝમઝમ શરીફ઼ ઉભા રહીને પીવાની રિવાયતો પુષ્કળ પ્રમાણમાં છે એટલા માટે એ અપવાદ છે, એ જ પ્રમાણે વુઝૂનુ બચેલુ પાણી પણ.

અલ્લામા નવવીએ એવું ફ઼ર્માવ્યું કે મનાઈની હદીષો કરાહતે તન્ઝીહી પર આધારિત છે. એનાથી ઉલ્ટુ જે હદીષોથી જાઈઝ હોવાનું સાબિત થાય છે તે જાઈઝ હોવાના વર્ણન પર સહાબાએ કિરામમાં હઝરત ફ઼ારૂક઼ે આ'ઝમ અને તેમના સાહબઝાદાઓ તથા હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત અબૂ હુરૈરહ્, હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબેર તથા ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદીક઼ા رِضْوَانُ اللهِ تَعَالَى عَلَيْهِمْ أَجْمَعِيْنَ નો મઝહબ એ હતો કે ઉભા રહીને પીવામાં કોઈ વાંધો નથી.

**સમજૂતી : ૯૭૧**

**عام نزل الحجاج** : મશ્હૂર મરવાની સફ઼્ફ઼ાક (જાલિમ) અબ્દુલમલિક બિન મરવાનના હુકમથી સમયના મશ્હૂર ખૂંખાર હજ્જાજ બિન યૂસુફ ષક઼ફ઼ીએ ઝીલ હજ્જ હિ.સ. ૭૨ની ચાંદ રાતે રસૂલુલ્લાહ ﷺ ના નૂર દીદા હવારી (સાથી) હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہما નો મક્કા મોઅઝ્ઝમામાં ઘેરાવ કર્યો. અને આ ઘેરાવ

لَهُ إِنَّ النَّاسَ كَائِنٌ بَيْنَهُمْ قِتَالٌ وَّإِنَّا نَخَافُ أَنْ يَّصُدُّوْكَ فَقَالَ۔

અર્ઝ કરવામાં આવી કે એ લોકોમાં લડાઈ થવાની છે અને અમને ડર છે કે તમોને રોકી આપે.

لَقَدْ كَانَ لَكُمْ فِيْ رَسُوْلِ اللّٰهِ أُسْوَةٌ حَسَنَةٌ۔ إِذَنْ أَصْنَعُ كَمَا صَنَعَ

તો ફર્માવ્યું, તમારા માટે રસૂલુલ્લાહ ﷺની ઝાત અમલનો શ્રેષ્ઠ નમૂનો છે. જો એવું થયું તો

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ إِنِّيْ أُشْهِدُكُمْ أَنِّيْ قَدْ

હું એવું જ કરીશ જેમ કે રસૂલુલ્લાહ ﷺએ (હુદૈબિયાના વરસે) કર્યું હતું. હું તમને

أَوْجَبْتُ عُمْرَةً ثُمَّ خَرَجَ حَتّٰى إِذَا كَانَ بِظَاهِرِ الْبَيْدَاءِ قَالَ مَا

લોકોને ગવાહ બનાવુ છું કે મેં મારા ઉપર ઉમરો વાજિબ કરી લીધો. ત્યારબાદ નીકળ્યા, જ્યારે બયદાએ

شَأْنُ الْحَجِّ وَالْعُمْرَةِ إِلَّا وَاحِدٌ أُشْهِدُكُمْ إِنِّيْ قَدْ أَوْجَبْتُ حَجَّةً مَّعَ

પહોંચ્યા તો કહ્યું, હજ્જ તથા ઉમરા બંનેનો હાલ સરખો છે, હું તમને લોકોને

عُمْرَتِيْ وَأَهْدٰى هَدْيًا اِشْتَرَاهُ بِقُدَيْدٍ وَلَمْ يَزِدْ عَلٰى ذٰلِكَ فَلَمْ

ગવાહ બનાવુ છું કે મેં મારા ઉમરાની સાથે હજ્જ વાજિબ કરી લીધો અને કુર્બાનીનાં જાનવર

يَنْحَرْ وَلَمْ يَحِلَّ مِنْ شَيْءٍ حَرُمَ مِنْهُ وَلَمْ يَحْلِقْ وَلَمْ يُقَصِّرْ حَتّٰى

સાથે લીધાં જેને કુદૈદથી ખરીદયાં હતાં. અને એથી વધુ કાંઈ ન કર્યું, ન કુર્બાની કરી ન વાળ મૂંડયા ન

સતત પાંચ મહિના ૧૭ દિવસ રહ્યો, છેવટે ૧૭ જમાદીઉલ અવ્વલ હિ.સ. ૭૩એ એમને શહીદ કરી નાખ્યા. માથુ કાપીને અબ્દુલ મલિકની પાસે મોકલ્યું અને લાશ મુબારક ઉલ્ટી સૂડી પર ચઢાવી આપી. *(બિદાયા નિહાયા, ૮/૩૨૯ તથા ૩૩૨)*

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماનો બનાવ એ જ વરસનો છે. હજ્જાજે પોતાની ફોજની સાથે હરમની બહાર હજ્જના અરકાન અદા કર્યા. અલ્બત્ત તે તથા તેના ફોજી તવાફે ઝિયારત ન કરી શકયા. અબ્દુલમલિકે હજ્જાજને લખ્યું કે હજ્જની અદાયગીમાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરની ઈક્તેદા (અનુસરણ) કરજો. *(ઉપર મુજબ)*

બાબો મન ઈશ્તરા હદયહુ મિનત્તરીકે વ કુલ્લદહામાં **عام نزل الحجاج**ને બદલે **عام حج الحرورية** છે.

વર્ણન થઈ ચૂક્યું કે "હરૂરિયહ" એ ખારજીઓને કહે છે. એ કૂફાની નજીક એક ગામ હરૂરાની તરફ સંબંધિત છે. કેમ કે હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم ની વિરુદ્ધ ખારજીઓનો ઈજતેમાઅ એ જ ગામમાં થયો હતો એટલા માટે ખારજીઓને "હરૂરિયહ" કહે છે. હજ્જે હરૂરિયહ હિ.સ. ૬૪ના હજ્જને કહે છે જે વરસે યઝીદ મર્યો છે. તે સમય સુધી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہماની ખિલાફત કાયમ પણ ન થઈ, એટલા માટે **عام حج الحرورية**ની સાથે **فی عهد ابن الزبير** કહેવું દુરુસ્ત નથી. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે શક્ય છે કે **حرورية**થી રાવીની મુરાદ હજ્જાજ હોય, કેમ કે ખલીફએ બરહક્ક વિરૂદ્ધ ખુરૂજ કરેલ હતો. હોય શકે છે કે એ

كَانَ يَوْمُ النَّحْرِ فَنَحَرَ وَحَلَقَ وَرَأَى اَنْ قَدْ قَضَى طَوَافَ الْحَجِّ وَالْعُمْرَةِ

કતરાવ્યા અને ન એહરામથી બહાર થયા. જ્યારે યૌમે નહર થયો તો કુર્બાની કરી અને માથુ મૂંડયું.

بِطَوَافِهِ الْاَوَّلِ وَقَالَ ابْنُ عُمَرَ كَذٰلِكَ فَعَلَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ

તેમની રાય એ હતી કે હજ્જ તથા ઉમરા બંનેના તવાફ પ્રથમ તવાફથી અદા થઈ ગયા. અને ઈબ્ને ઉમરે

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

ફર્માવ્યું, એવું જ રસૂલુલ્લાહ ﷺએ કર્યું.'' (બુખારી ૧/૨૨૨, ૨૨૯, ૨૩૧, ૨૪૩, ૨૪૪ મનાસિક)

حدیث ۹۷۲

قَالَ عُرْوَةُ سَأَلْتُ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا فَقُلْتُ لَهَا

''ઉરવાએ કહ્યું, મેં ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ને પૂછયું, મેં અર્ઝ કરી, **[હદીષ : ૯૭૨]**

બનાવ બે વાર બન્યો હોય, એના પર હિંદુસ્તાની પ્રકાશન બુખારીના હાશિયા પર એ વાંધો આપ્યો કે તો પછી **فی عهد ابن الزبير** કહેવું દુરુસ્ત નથી.

**હું કહું છું :** અહીં સર્વ શરહકર્તાઓથી ચૂક થઈ છે. હિ.સ. ૬૪ના હજ્જના દિવસોથી ઘણા પહેલાં હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہما ની ખિલાફત કાયમ થઈ ચૂકી હતી. યઝીદ રબીઉલ અવ્વલ હિ.સ. ૬૪માં મર્યો છે. ત્યારબાદ શામને છોડીને સર્વ ઈસ્લામી શહેરોએ હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈરની ખિલાફત કબૂલ કરી લીધી અને હિ.સ. ૬૪ના હજ્જના પ્રસંગે કોઈ ખતરો ન હતો. એ વરસે હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈરની અમારતમાં અમ્નો અમાન સાથે હજ્જ થયો. એ જ પ્રમાણે હિ.સ. ૬૩ની હજ્જમાં પણ અંદેશો ન હતો, કેમ કે મુસ્લિમ બિન ઉકબાએ હિ.સ. ૬૪ ઝીલ હજ્જના અંતમાં મદીના તય્યબહનો ઘેરાવ કર્યો અને ૨૭ ઝીલ હજ્જના જંગ થઈ. પછી એ લશ્કર મુહર્રમના પ્રારંભમાં મક્કા મોઅઝ્ઝમા ગયું. કહેવાનું એ છે કે હિ.સ. ૬૩ તથા ૬૪ના હજ્જના દિવસોમાં મક્કા મોઅઝ્ઝમા પર કોઈ લશ્કરે હુમ્લો કર્યો ન હતો. જે હંગામો હતો તે અન્ય શહેરો માટે હતો. લગભગ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما થી જે અર્ઝ કરવામાં આવી તે અન્ય શહેરોના હંગામાઓ તથા લશ્કરના કૂચ કરવાની ખબરોના આધાર પર કરવામાં આવી. ખુલાસો એ થયો કે જો આમ્મે હજ્જે હરૂરિયહથી મુરાદ હિ.સ. ૬૪ છે તો એ વરસે હજ્જના દિવસો સુધી હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈરની હુકૂમત સ્થાપિત થઈ ચૂકી હતી. એટલા માટે આમ્મે હજ્જે હરૂરિયહ તથા **فی زمن ابن الزبير**માં કોઈ વિરોધાભાસ નથી. અને જો એનાથી હિ.સ. ૬૩ મુરાદ હોય તો પણ મક્કા મોઅઝ્ઝમા પર હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہما ની સત્તા હતી તો એને ઝમનુઝ્ઝુબૈર કહેવામાં કોઈ વાંધો નથી. પણ **باب اذا احصر المعتمر**ની રિવાયતની સ્પષ્ટતા **ليالى نزل الجيشبابن الزبير** નિશ્ચિત કરી રહેલ છે કે આ બનાવ હિ.સ. ૭૩નો જ છે.

**فقيل له** : આ અર્ઝ કરનારા તેમના બંનેવ સાહબઝાદાઓ સાલિમ તથા અબ્દુલ્લાહ હતા. જેમ કે **باب اذا احصر المعتمر** (બાબુન્ ઈઝા ઉહસેરલ્ મુઅતમિરૂ)માં સ્પષ્ટતા છે.

**كما صنع رسول الله ﷺ** : આ સુલહે હુદૈબિયાની પ્રતિ નિર્દેશ છે કે સુલહ પછી હુઝૂરે અકદસ ﷺએ ત્યાં જ હુદૈબિયામાં કુર્બાનીઓ કરી અને એહરામ ખોલી નાખ્યો અને એ ઉમરાની કઝામાં આવતા વરસે ઉમરો અદા કર્યો.

**સમજૂતી : ૯૭૨** સૂરએ બકરહ આયત (૧૫૮)માં ઈર્શાદ છે :–

**ان الصفا و المروة من شعائر الله فمن حج البيت اواعتمر فلاجناح عليه ان يطوف بهما۔** (سورۂ بقرۃ، آیت ۱۵۸)

أَرَأَيْتِ قَوْلَ اللّٰهِ تَعَالٰى ـ إِنَّ الصَّفَا وَالْمَرْوَةَ مِنْ شَعَائِرِ اللّٰهِ فَمَنْ

અલ્લાહના આ ઈર્શાદના બારામાં શું ફર્માવો છો કે, "સફા તથા મરવા વિના શંકાએ અલ્લાહની નિશાનીઓમાંથી

حَجَّ الْبَيْتَ أَوِ اعْتَمَرَ فَلَا جُنَاحَ عَلَيْهِ أَنْ يَطَّوَّفَ بِهِمَا ـ فَوَاللّٰهِ مَا عَلٰى

છે." તો જે પણ બયતુલ્લાહનો હજ્જ અથવા ઉમરો કરે તો એના પર એ બંનેનો તવાફ કરવા પર

أَحَدٍ جُنَاحٌ أَنْ لَا يَطَّوَّفَ بِالصَّفَا وَالْمَرْوَةِ قَالَتْ بِئْسَمَا قُلْتَ يَا ابْنَ

કોઈ ગુનોહ નથી. શું બખુદા એવું જ છે કે સફા તથા મરવાનો તવાફ ન કરવા પર કોઈ ગુનોહ નથી ?

أُخْتِي إِنَّ هٰذِهٖ لَوْ كَانَتْ كَمَا أَوَّلْتَهَا عَلَيْهِ كَانَتْ لَا جُنَاحَ عَلَيْهِ أَنْ

ફર્માવ્યું, હે ભત્રીજા ! તેં ગલત વાત કહી. જો આ આયતનો એ જ અર્થ હોત જે તેં બયાન કર્યો છે તો ઈર્શાદે

لَا يَطَّوَّفَ بِهِمَا وَلٰكِنَّهَا أُنْزِلَتْ فِي الْأَنْصَارِ كَانُوْا قَبْلَ أَنْ يُسْلِمُوْا يُهِلُّوْنَ

ખુદાવંદી આ હોત કે તે બંનેનો તવાફ ન કરવા પર કોઈ ગુનોહ નથી. આ આયત અન્સારના બારામાં નાઝિલ

لِمَنَاةَ الطَّاغِيَةِ الَّتِي كَانُوْا يَعْبُدُوْنَهَا عِنْدَ الْمُشَلَّلِ فَكَانَ مَنْ أَهَلَّ

થઈ છે. મુસલમાન થતા પહેલાં એ લોકો મનાતે તાગિયાની પાસે એહરામ બાંધતા જેની તેઓ પૂજા કરતા

"સફા તથા મરવા અલ્લાહની નિશાનીઓમાંથી છે. બયતુલ્લાહનો હજ્જ તથા ઉમરો કરવાવાળા પર એ બંનેનો તવાફ કરવા પર કોઈ ગુનોહ નથી."

આ આયતથી જાહેરી રીતે એ પ્રદર્શિત થાય છે કે સફા તથા મરવાની સઈ કરવી મુબાહ છે, ફર્ઝ તથા ગુનોહ નથી. આમ ચલણમાં એ જ સમજમાં આવે છે. હઝરત ઉરવાએ એના મુતાબિક એ જ સમજ્યુ હતું. જ્યારે કે હદીષમાં છે કે ફર્માવ્યું, اسعوا فان الله كتب عليكم السعى۔ "સઈ કરો એટલા માટે કે અલ્લાહ તઆલાએ તમારા પર સઈ ફર્ઝ કરી છે." એનાથી સઈની ફર્ઝિયત અથવા કમસે કમ વાજિબ હોવું જરૂર સાબિત થાય છે.

હઝરત ઉરવાએ પોતાની આ શંકા ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاની સમક્ષ રજૂ કરી તો તેમણે એ જવાબ આપ્યો કે અન્સાર જાહિલિયતના જમાનામાં મનાત મશ્હૂર મૂર્તિની પાસે જે કુદૈદની પાસે મુશલ્લલમાં છે ત્યાં હજ્જનો એહરામ બાંધતા હતા અને સફા મરવાની સઈને ગુનોહ જાણતા હતા. અન્સારે કિરામ જ્યારે ઈસ્લામથી પાવન થઈ ગયા તો તેમણે હુઝૂર ﷺને પૂછયું કે અમારો આ તરીકો હતો, તો હવે શો ઈર્શાદ છે ? તો આ આયતે કરીમા નાઝિલ થઈ. કેમ કે એમનો અકીદો એ હતો કે સફા તથા મરવાની સઈ અમારા માટે ગુનોહ છે. એમના આ અકીદાના નિવારણ માટે ફર્માવવામાં આવ્યું કે સફા તથા મરવાની સઈમાં કોઈ ગુનોહ નથી, જેમ કે તમે અકીદો રાખતા હતા. ઉમ્મુલ મો'મિનીન એ ફાયદો કરવા ચાહે છે કે આ તઅરીઝ (વાંધો) છે અને તઅરીઝમાં વિરોધી ભાવાર્થ વિશ્વસનીય નથી હોતો. એટલા માટે એનાથી ઈબાહત (મુસ્તહબ હોવા)ની દલીલ દુરુસ્ત નથી. વધુ સ્પષ્ટતા માટે ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું કે જો મુસ્તહબ હોવાનો હેતુ હોત તો આવો ઈર્શાદ થાત કે, "તવાફ ન કરવામાં કોઈ ગુનોહ નથી" એવો ન ઈર્શાદ થાત કે "તવાફ કરવામાં ગુનોહ નથી." ઉર્ફનો મુહાવરો એ જ છે કે જો કોઈ ફર્ઝ કે વાજિબને કરવાને કોઈ ગુનોહ સમજે તો એ જ કહેવામાં આવશે કે

يَتَحَرَّجُ اَنْ يَّطُوْفَ بِالصَّفَا وَ الْمَرْوَةِ فَلَمَّا اَسْلَمُوْا سَاَلُوْا رَسُوْلَ اللّٰهِ

*હતા જે મુશલ્લલની પાસે હતો. જે અહીંથી એહરામ બાંધી લે તો તે સફા તથા મરવાનો તવાફ કરવામાં વાંધો*

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَنْ ذٰلِكَ قَالُوْا يَا رَسُوْلَ اللّٰهِ اِنَّا كُنَّا

*જાણતા. જ્યારે એ લોકો મુસલમાન થઈ ગયા તો રસૂલુલ્લાહ ﷺથી એના બારામાં પૂછયું અને અર્ઝ કરી,*

نَتَحَرَّجُ اَنْ نَّطُوْفَ بِالصَّفَا وَ الْمَرْوَةِ فَاَنْزَلَ اللّٰهُ. اِنَّ الصَّفَا وَ الْمَرْوَةَ

*યા રસૂલલ્લાહ ! અમે સફા તથા મરવાનો તવાફ કરવામાં વાંધો જાણીએ છીએ. તો અલ્લાહે આ આયત નાઝિલ*

نَتَحَرَّجُ اَنْ نَّطُوْفَ بِالصَّفَا وَ الْمَرْوَةِ فَاَنْزَلَ اللّٰهُ. اِنَّ الصَّفَا وَ الْمَرْوَةَ

*ફર્માવી : બેશક ! સફા તથા મરવા અલ્લાહની નિશાનીઓમાંથી છે. પૂરી આયત. હઝરત આઈશા رضی اللہ عنہا એ*

مِنْ شَعَائِرِ اللّٰهِ. اَلْاٰيَة. قَالَتْ عَائِشَةُ وَقَدْ سَنَّ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ

*ફર્માવ્યું, અને બેશક ! રસૂલુલ્લાહ ﷺએ તે બંને વચ્ચે તવાફને મસ્નૂન ફર્માવ્યો છે તો હવે કોઈને જાઈઝ નથી*

એમાં કાંઈ ગુનોહ નથી. જેમ કે કોઈની ઝોહરની નમાઝ કઝા થઈ ગઈ અને તે સાહિબે તરતીબ છે, તેના પર ફર્ઝ છે કે અસ્રથી અગાઉ ઝોહરની કઝા પઢી લે, પણ તે પોતાની અજ્ઞાનતાથી એવો ખયાલ કરે છે. એ જાઈઝ નથી. તેણે કોઈ આલિમને પૂછયું તો આલિમે જવાબ આપ્યો, એમાં કોઈ વાંધો નથી. એનો આ સંજોગોમાં એ મતલબ નથી કે એ શખ્સ પર અસર પહેલાં ઝોહર પઢવી ફર્ઝ નથી. બલ્કે "વાંધો નથી" એ એના ખયાલને દૂર કરવા માટે છે, અને જો કોઈ એવો શખ્સ સાહિબે તરતીબ ન હોય અને તેની ઝોહરની નમાઝ કઝા થઈ જાય અને એવો ખયાલ કરીને કે અસરથી પહેલાં પહેલાં ઝોહર પઢી લેવી મારા પર ફર્ઝ છે, જો નહીં પઢું તો ગુનેગાર થઈશ. તેણે કોઈ આલિમને પૂછયું, તો આલિમે ફર્માવ્યું, જો ન પઢો તો કોઈ ગુનોહ નથી. એનો મતલબ જરૂર એ થયો કે એના માટે અસરથી પહેલાં પહેલાં ઝોહર પઢવી ફર્ઝ કે વાજિબ નથી. અને હઝરત ઉમ્મુલ મો'મિનીન એવું ફર્માવે છે કે જો સફા તથા મરવા દરમ્યાન સઈ ફર્ઝ કે વાજિબ ન હોત તો આવું ફર્માવવામાં આવત કે તે બંનેવની સઈ ન કરનારા પર કોઈ ગુનોહ નથી. પણ કેમ કે અન્સારે કિરામના જાહિલિયતના જમાનાના એ ગલત અકીદાને દૂર કરવાનો હેતુ છે એટલા માટે આ પ્રમાણે ફર્માવ્યું કે જે એની સઈ કરે એના પર કોઈ ગુનોહ નથી, જેવું કે તમારું જાહિલિયતના જમાનામાં ગુમાન હતું.

**لمناة الطاغية** : મનાત એ મશ્હૂર બુત (મૂર્તિ)નું નામ છે. એ એક ચટ્ટાન હતી જેને મૂર્તિપૂજાના બાની અમ્ર બિન લહી ખઝાઈએ મુશલ્લલમાં સમુદ્રની તરફ ફીટ કરી હતી. એ અન્સાર, બની ગિત્ફાન તથા હુઝૈલનું ખાસ બુત હતું જે મદીના તય્યબહથી સાત માઈલના અંતરે કુદૈદના નજીક હતું. તાગિયહ તુગ્યાનથી છે તેનો અર્થ સરકશી (નાફર્માની) કરનાર છે, અને ઉર્ફમાં બુતને પણ કહે છે. કુદૈદ મદીના તય્યબહ તથા મક્કા મોઅઝ્ઝમા વચ્ચે એક શહેર હતું. મુશલ્લલ–કુદૈદની નજીક સમુદ્રની તરફ એક ગામનુ નામ છે. એક કૌલ એ છે કે આ એ પહાડનું નામ છે જેને ઉતરીને કુદૈદ જવાય છે. અલ્લામા કિર્માનીએ ફર્માવ્યું, આ તે ઘાટી છે જે કુદૈદની ઉપર છે. આ સર્વ કથનોમાં ટકરાવ નથી, શક્ય છે કે મુશલ્લલની આબાદી એ જ ઘાટીમાં રહી હોય જે આ પહાડમાં છે જેનાથી ઉતરીને કુદૈદ જતા હતા.

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ الطَّوَافَ بَیْنَھُمَا فَلَیْسَ لِاَحَدٍ اَنْ یَّتْرُکَ الطَّوَافَ

*કે બંનેવનો તવાફ છોડે. ઈમામ ઝુહરીએ કહ્યું, ત્યારબાદ મેં અબૂબક્ર બિન અબ્દુર્રહમાન બિન હારિષ*

بَیْنَھُمَا ثُمَّ اَخْبَرْتُ اَبَابَکْرِ بْنَ عَبْدِالرَّحْمٰنِ فَقَالَ اِنَّ ھٰذَا الْعِلْمَ

*બિન હિશામને એની ખબર આપી તો તેમણે કહ્યું, આ વાત મેં નથી સાંભળી. મેં ઘણા બધા ઈલ્મવાળાઓથી*

مَا کُنْتُ سَمِعْتُہٗ لَقَدْ سَمِعْتُ رِجَالًا مِّنْ اَھْلِ الْعِلْمِ یَذْکُرُوْنَ

*સાંભળ્યું છે કે જે લોકો મનાતની પાસે એહરામ બાંધતા હતા જેનો ઉલ્લેખ હઝરત આઈશાએ કર્યો છે એમના*

اَنَّ النَّاسَ اِلَّا مَنْ ذَکَرَتْ عَائِشَۃُ مِمَّنْ کَانَ یُھِلُّ لِمَنَاۃَ کَانُوْا

*સિવાય સૌ સફા તથા મરવાનો તવાફ કરતા હતા. જ્યારે અલ્લાહ ﷻ એ બયતુલ્લાહના તવાફનું વર્ણન કર્યું*

یَطُوْفُوْنَ کُلُّھُمْ بِالصَّفَا وَالْمَرْوَۃِ فَلَمَّا ذَکَرَ اللّٰہُ الطَّوَافَ بِالْبَیْتِ وَ

*અને સફા તથા મરવાના તવાફનું વર્ણન ન કર્યું. તો લોકોએ અર્ઝ કરી, અમે સફા તથા મરવાનો તવાફ કરતા*

لَمْ یَذْکُرِ الصَّفَا وَالْمَرْوَۃَ فِی الْقُرْاٰنِ قَالُوْا یَا رَسُوْلَ اللّٰہِ کُنَّا نَطُوْفُ

*હતા અને અલ્લાહ તઆલાએ બયતુલ્લાહના તવાફને નાઝિલ ફર્માવ્યો અને સફા તથા મરવાનો ઝિક્ર ન કર્યો,*

**ثم اخبرت** : એના કહેનારા ઈમામ ઝુહરી છે. અબૂબક્ર ઈબ્ને અબ્દુર્રહમાન બિન હારિષ બિન હિશામ એ ઘણા આબિદો ઝાહિદ તાબઈ બુઝુર્ગ હતા. તેમનો રાહિબે કુરૈશ ખિતાબ હતો. એ ફારૂકી યુગમાં પેદા થયા અને હિ.સ. ૯૪માં વિસાલ પામ્યા.

એમના ઈર્શાદનો મતલબ એ છે કે તમે જે કાંઈ હઝરત ઉમ્મુલ મો'મિનીનથી સાંભળ્યું તે સહીહ છે પણ મેં નથી સાંભળ્યું. મેં આ આયતે કરીમાના શાને નુઝૂલના બારામાં ઉમ્મુલ મો'મિનીન સિવાય બીજા અહલે ઈલ્મવાળાથી જે સાંભળ્યું છે તે આ છે : જે લોકો મનાતની પાસે એહરામ બાંધતા હતા તે લોકો પણ જાહિલિયતના જમાનામાં સફા તથા મરવાની સઈ કરતા હતા. પણ જ્યારે આ આયતે કરીમા નાઝિલ થઈ : **وَلْيَطَّوَّفُوْا بِالْبَيْتِ الْعَتِيْقِ** ''અને બયતે અતીક્નો તવાફ કરો.'' *(હજ્જ–૨૯)*

જેનાથી માલૂમ થયું કે હજ્જમાં બયતુલ્લાહનો તવાફ ફર્ઝ છે. અને સફા તથા મરવાની સઈનો હુકમ નથી આપ્યો તો એ લોકોએ પૂછ્યું કે શું વાત છે કે સફા તથા મરવાની સઈનો ઉલ્લેખ નથી કર્યો ? શું એ ગુનોહ છે ? ત્યારે આ આયત નાઝિલ થઈ અને તેમની એ શંકાના નિવારણ માટે ફર્માવવામાં આવ્યું, ''એ ગુનોહ નથી.'' આ શબ્દો શંકાના નિવારણ માટે હોવાથી એનો એ મતલબ નથી કે સઈ ફર્ઝ કે વાજિબ નથી જેનો કરવાવાળો ગુનેહગાર ન થાય. છેવટમાં અબૂબક્ર બિન અબ્દુર્રહમાને ફર્માવ્યું કે, શક્ય છે કે બંને પક્ષોના બારામાં આ આયત નાઝિલ થઈ હોય.

**ان هذا العلم** : અહીં અલ્ઈલ્મ મુઅર્રફ બિલ્લામ મોટાભાગનાની રિવાયત છે. કશ્મહીની રિવાયત **انّ هذا لعلم** છે. ઈલ્મ પર લામે તાકીદ અને ઈલ્મ નકેરા. હવે તર્જુમો આ પ્રમાણે થશે : ''બેશક ! આ ઈલ્મ

بِالصَّفَا وَالْمَرْوَةِ وَاِنَّ اللّٰهَ اَنْزَلَ الطَّوَافَ بِالْبَيْتِ فَلَمْ يَذْكُرِ الصَّفَا فَهَلْ

*જેથી શું અમે સફા તથા મરવાનો તવાફ કરીએ તો કોઈ વાંધો છે ? હવે અલ્લાહ તઆલાએ આ આયત*

عَلَيْنَا مِنْ حَرَجٍ اَنْ نَطُوْفَ بِالصَّفَا وَالْمَرْوَةِ فَاَنْزَلَ اللّٰهُ تَعَالٰى - اِنَّ

*નાઝિલ ફર્માવી, સફા તથા મરવા વિના શંકાએ અલ્લાહની નિશાનીઓમાંથી છે. (પૂરી આયત) અબૂબક્રએ*

الصَّفَا وَالْمَرْوَةَ مِنْ شَعَائِرِ اللّٰهِ - الْاٰيَةَ - قَالَ اَبُوْبَكْرٍ فَاسْمَعْ هٰذِهٖ

*કહ્યું, સાંભળ ! આ આયત બંને પક્ષો માટે નાઝિલ થઈ છે. એ લોકોના બારામાં પણ જેઓ જાહિલિયતના*

الْاٰيَةَ نَزَلَتْ فِى الْفَرِيْقَيْنِ كِلَيْهِمَا فِى الَّذِيْنَ كَانُوْا يَتَحَرَّجُوْنَ اَنْ يَطَّوَّفُوْا

*જમાનામાં સફા તથા મરવાના તવાફને ગુનોહ જાણતા હતા, ત થા એ લોકોના બારામાં પણ જેઓ*

છે જેને મેં નથી સાંભળ્યો. એટલે કે એ પોત પોતાના ઈલ્મ (જાણકારી)ની વાત છે. હઝરત ઉમ્મુલ મો'મિનીનને એનો ઈલ્મ હતો તે એમણે બયાન કર્યું, પણ મેં હજી સુધી કોઈનાથી નથી સાંભળ્યું. સાર બંને રિવાયતોનો એક જ છે.

**શંકા તથા તેનું નિવારણ** : પણ અહીં એ શંકા ઉઠે છે કે હઝરત અબૂ બિન અબ્દુર્રહમાનની તક્રીર (બયાન)ના પ્રમાણે બે પક્ષ કયાં થયા ? એક જ પક્ષ છે.

**હું કહું છું અલ્લાહની તૌફીક્થી** : અહીં બુખારીમાં ટૂંકાણ (ઈજમાલ) છે અને તે પણ ઈલ્હામના દરજા સુધીનું છે. મુસ્લિમમાં છે કે અબૂબક્ર બિન અબ્દુર્રહમાને કહ્યું, મેં ઘણા ઈલ્મવાળાઓથી સાંભળ્યું છે કે અરબવાસીઓમાંથી જે લોકો સફા તથા મરવાના વચ્ચે તવાફ ન કરતા હતા તેઓ કહેતા હતા કે આ બંને પથ્થરો વચ્ચે તવાફ જાહિલિયતના કામોમાંથી છે. અને બીજા લોકો જે અન્સારમાંથી હતા તેમણે કહ્યું કે અમને કેવળ બયતુલ્લાહના તવાફનો હુકમ થયો છે અને સફા તથા મરવાની સઈનો હુકમ નથી થયો. તો આ આયત નાઝિલ થઈ. આ બંને પક્ષોના બારામાં આયત નાઝિલ થઈ છે. એ ઉપરાંત ખૂદ બુખારીની રિવાયતમાં બારીક દષ્ટિએ જોતાં બે પક્ષો સાફ સાફ જણાય છે. અલ્બત્ત **ان الناس الاما ذکرت عائشة**ની તક્રીર આમ શરહકર્તાઓની રવિશથી હટીને થશે, તે આ પ્રમાણે કે, **ان الناس الاما ذکرت عائشة ممن کان یهلل لمناة** માં **ما ذکرت ممن کان یهل لمناة**માં વર્ણન થયેલ **ما**નું બયાન છે. હવે તર્જુમો આ પ્રમાણે થશે : ઉમ્મુલ મો'મિનીને જે લોકોનો ઉલ્લેખ કર્યો છે એટલે તે લોકો જેઓ મનાતની પાસેથી એહરામ બાંધતા હતા, તેઓના સિવાયના સર્વ લોકો સફા તથા મરવાની સઈ કરતા હતા. પણ જ્યારે બયતુલ્લાહના તવાફનો હુકમ નાઝિલ થયો તો લોકોએ રસૂલુલ્લાહ ﷺને પૂછયું, શું સફા તથા મરવાની સઈમાં કોઈ ગુનોહ છે ? તો આ આયત નાઝિલ થઈ. હવે અબૂબક્ર બિન અબ્દુર્રહમાનનું એ ફર્માવવું કે બંને પક્ષોના બારામાં નાઝિલ થઈ સહીહ છે જેમ કે બાદમાં ખૂદ તેમણે તફસીલ ફર્માવી છે.

**શંકા તથા જવાબ** : આ ખુલાસા પર એ શંકા છે કે **ما** જેમનામાં બુદ્ધિ નથી હોતી એમના માટે છે એટલા માટે એનું બયાન **ممن** નથી થઈ શકતું.

**જવાબ** : **ما** ક્યારેક જેમનામાં બુદ્ધિ છે તેઓના માટે પણ આવે છે ભલે મજાઝન હોય. કુર્આન મજીદમાં પણ અને હદીષોમાં પણ આ આવ્યું છે. ઈર્શાદ છે : **وَالسَّمَاءِ وَمَا بَنٰهَا** " ક્સમ છે આસ્માનની અને જેણે એને

فِي الْجَاهِلِيَّةِ بِالصَّفَا وَالْمَرْوَةِ وَالَّذِيْنَ يَطُوفُوْنَ ثُمَّ تَحَرَّجُوْا أَنْ

*જાહિલિયતના જમાનામાં તવાફ કરતા હતા. પણ તેમના તવાફને અહદે (ઈસ્લામ આવ્યાં પછી)*

يَّطَّوَّفُوْا بِهِمَا فِي الْإِسْلَامِ مِنْ أَجْلِ أَنَّ اللّٰهَ أَمَرَ بِالطَّوَافِ بِالْبَيْتِ

*ઈસ્લામમાં વાંધાજનક જાણવા લાગ્યા હતા, એ કારણ કે અલ્લાહ તઆલાએ બયતુલ્લાહના તવાફનો*

وَلَمْ يَذْكُرِ الصَّفَا حَتّٰى ذَكَرَ ذٰلِكَ بَعْدَ مَا ذَكَرَ الطَّوَافَ بِالْبَيْتِ ع

*ઉલ્લેખ કર્યો અને સફાનો નહીં, ત્યાં સુધી કે બાદમાં બંનેના તવાફનું વર્ણન પણ ફર્માવ્યું."*

*(બુખારી ૧/૨૨૨ મનાસિક, નિસાઈ-હજ્જ)*

બનાવ્યું." અને ઈર્શાદ છે : **وَ نَفْسٍ وَّمَا سَوّٰهَا** "અને જાનની કસમ અને જેણે એને ઠીક બનાવી." આના પછી હદીષ આવી રહી છે એમાં છે : **الحمس قريش وما ولدت** હમ્સ કુરૈશ અને તેમની ઔલાદ છે.

**અહકામ (હુકમો)** : અહનાફ (હનફીઓ)ને ત્યાં સફા મરવાની સઈ વાજિબ છે, ફર્ઝ નથી. તેને ત્યજવાથી દમ વાજિબ થાય છે અને દમથી ભરપાઈ થઈ જાય છે. હઝરત ઈમામ માલિક, ઈમામ શાફઈ, ઈમામ અહમદ વગેરેને ત્યાં ફર્ઝ છે, તેને જો કોઈએ છોડી તો જ્યાં સુધી અદા નહીં કરે જિમ્મેદારીથી મુક્ત થશે નહીં. ત્યાં સુધી કે જો સઈ ન કરી અને ઘરે પરત થઈ ગયો તો પણ ફર્ઝ છે કે મક્કા મોઅઝ્ઝમા જઈને તેને અદા કરે અને મોડુ થવાના કારણે દમ આપે. અને જો સઈના વગર સંભોગ કરી લીધો તો હજ ફાસિદ થઈ ગયો, તેના પર હજ્જની કઝા વાજિબ છે. એમની દલીલ તે હદીષ છે જેને ઈમામ અહમદ (૬/૪૨૨), દારકુત્ની (ઉમ્દતુલ કારી, ૯/૨૮૮) તથા બયહકી (અગાઉ જેમ) એ સફિય્યહ બિન્તે શયબાથી અને હબીબા બિન્તે તજઝિઅહથી રિવાયત કરી કે હુઝૂરે અક્દસ ﷺને મેં જોયા કે સફા તથા મરવાની વચ્ચે સઈ કરી રહ્યા છે, કેટલાક લોકો હુઝૂરની આગળ છે અને હુઝૂર એમની પાછળ એ રીતે સઈ કરી રહ્યા છે કે ઝડપથી દોડવાના કારણે તેહબંદ ગુઠણો વચ્ચે ચક્કર ખાઈ રહ્યું છે અને ફર્માવી રહ્યા છે : **اسعوا فان الله كتب عليكم السعى** "સઈ કરો ! એટલા માટે કે અલ્લાહે તમારા પર સઈ ફર્ઝ કરી." આ હદીષ ફર્ઝિયત પર દલીલ (નસ) છે. અહનાફ એવું કહે છે : આ ખબરે વાહિદ છે અને ખબરે વાહિદથી ફર્ઝિયત સાબિત નથી થતી, કેવળ વાજિબ હોવું સાબિત થાય છે. એક કૌલ એ છે કે, સઈ ન ફર્ઝ છે ન વાજિબ, બલ્કે સુન્નત કે મુસ્તહબ છે. આ હઝરત ઈબ્ને અબ્બાસ તથા ઈબ્ને સીરીન અને અતાનો કૌલ છે. ઈમામ અહમદથી પણ એક રિવાયત છે. તેમની દલીલ આયતે કરીમાનો આગલો હિસ્સો છે કે ફર્માવ્યું : **فَمَنْ تَطَوَّعَ خيراً فَاِنَّ اللهَ شَاكِرٌ عَلِيْمٌ** "અને જો કોઈ શખ્સ કોઈ નેકી પોતાના તરફથી કરે તો અલ્લાહ બેહતરીન બદલો આપનારો અને સર્વ કાંઈ જાણનાર છે." એ હઝરાતનું કહેવું એ છે કે એનો સંબંધ સફા તથા મરવાની સઈથી છે એટલા માટે એ એના નફલ હોવા પર દલીલ છે. જમ્હૂર કહે છે કે એનો સંબંધ હજ્જ તથા ઉમરાથી છે, સઈથી નથી. કેમ કે જો એનો સંબંધ સઈથી માનીશું તો લાઝિમ આવશે કે હજ્જ તથા ઉમરાના વિના કેવળ સફા તથા મરવાની સઈ નફલ રૂપે જાઈઝ હોય. જ્યારે કે એના પર ઈજમાઅ છે કે હજ્જ તથા ઉમરા વિના એકલી સઈ જાઈઝ નથી.

٣٠١ ت وَقَالَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا السَّعْيُ مِنْ دَارِ بَنِيْ

"અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું, સઈ બની અબ્બાદના ઘરથી બની [તઅલીક઼ : ૩૦૧]

عَبَّادٍ إِلٰى زُقَاقِ بَنِيْ أَبِيْ حُسَيْنٍ ـ ع

અબૂ હુસૈનની ગલી સુધી છે." (બુખારી ૧/૨૨૩ મનાસિક)

حدیث ٩٧٣ عَنْ عُبَيْدِ اللّٰهِ بْنِ عُمَرَ عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ فَقُلْتُ

અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી મરવી છે કે તેમણે કહ્યું, મેં નાફેઅને પૂછયું, શું અબ્દુલ્લાહ [હદીષ : ૯૭૩]

لِنَافِعٍ أَكَانَ عَبْدُ اللّٰهِ يَمْشِيْ إِذَا بَلَغَ الرُّكْنَ الْيَمَانِيَّ قَالَ لَا إِلَّا أَنْ

ઈબ્ને ઉમર رضی اللہ عنہما જ્યારે રુકને યમાની સુધી પહોંચતા તો સામાન્ય ચાલે ચાલતા ? નાફેઅ કહ્યું, નહીં !

يُزَاحَمَ عَلَى الرُّكْنِ فَإِنَّهُ كَانَ لَا يَدَعُهُ حَتّٰى يَسْتَلِمَهُ ـ ع

(રમલ કરતા હતા) પણ એ કે રુકન પર ભીડ હોય તો સામાન્ય ચાલે ચાલતા. તે

કોઈ હાલમાં રુકને યમાનીનો ઈસ્તેલામ ન છોડતા હતા." (બુખારી, ૧/૨૨૩)

## તઅલીક઼ : ૩૦૧ની સમજૂતી

આ તઅલીક઼ના સમાનાર્થી ઈમામ અબૂબકર ઈબ્ને અબી શયબાએ વર્ણન કરેલ છે : "બની અબ્બાદનો દરવાજો સફા તરફ પ્રથમ મીલની પાસે હતો અને બની અબૂ હુસૈનની ગલી બીજા મીલની પાસે." એટલા માટે એનો સાર એ જ થયો કે સફા મરવાના દરમ્યાન નીચાણવાળા ભાગના બંને છેડાઓ પર જે લીલા મીલ સ્થાપેલાં છે ત્યાં સઈ કરે એટલે જરા ફાસ્ટ ચાલે. આખી સઈમાં દોડવું મના છે.

## સમજૂતી : ૯૭૩

**باب من طاف بالبیت اذا قدم مکۃ**માં આ હદીષનો પ્રારંભિક હિસ્સો વર્ણન થઈ ચૂક્યો. આ હિસ્સો ત્યાં વર્ણન પામ્યો ન થયો હતો. આ હિસ્સાથી જાહેર થઈ ગયું કે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما નો પણ મઝહબ એ જ છે કે રમલ તવાફના પૂરા ફેરામાં છે. રુકને યમાની તથા રુકને અસ્વદની વચ્ચે અલગ નથી. પણ એઓ રુકને યમાનીના ઈસ્તેલામને જરૂરી જાણતા હતા એટલા માટે ભીડ હોતી તો ઈસ્તેલામને માટે થોડીવાર રમલને છોડી દેતા. અને આ જ આધાર છે એ રિવાયતનો જે બાબુર્રમલ ફિલ્હજજવલ્ ઉમરામાં વર્ણન થઈ ચૂકી કે નાફેએ બતાવ્યું કે તે રુકને યમાની અને રુકને અસ્વદના વચ્ચે સામાન્ય ચાલે એટલા માટે ચાલતા હતા કે ઈસ્તેલામના માટે એમાં આસાની થાય.

| حدیث ۹۷۴ | اَخْبَرَنَا عَاصِمٌ قَالَ قُلْتُ لِاَنَسِ بْنِ مَالِكٍ رَضِیَ |
|---|---|

[હદીષ : ૯૭૪] "આસિમે કહ્યું કે મેં હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી પૂછયું, શું તમે લોકો

اللّٰهُ تَعَالٰی عَنْهُ اَكُنْتُمْ تَكْرَهُوْنَ السَّعْیَ بَیْنَ الصَّفَا وَالْمَرْوَةِ فَقَالَ

સફા મરવાની સઈને બુરી જાણતા હતા ? તો ફર્માવ્યું, હા ! એટલા માટે કે તે જાહિલિયતની નિશાનીઓમાંથી

نَعَمْ لِاَنَّهَا كَانَتْ مِنْ شَعَائِرِ الْجَاهِلِیَّةِ حَتّٰی اَنْزَلَ اللّٰهُ تَعَالٰی اِنَّ الصَّفَا

હતી, ત્યાં સુધી કે અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ ફર્માવી : "સફા તથા મરવા વિના શંકાએ

وَالْمَرْوَةَ مِنْ شَعَائِرِ اللّٰهِ فَمَنْ حَجَّ الْبَیْتَ اَوِ اعْتَمَرَ فَلَا جُنَاحَ عَلَیْهِ

અલ્લાહની નિશાનીઓમાંથી છે. એટલા માટે જે હજ્જ તથા ઉમરા કરે

اَنْ یَّطَّوَّفَ بِهِمَا

તેના પર કોઈ ગુનોહ નથી કે એ બંનેનો તવાફ કરે."

(બુખારી ૧/૨૨૩ મનાસિક, ૨/૬૪૬ તફસીર સૂરએ બક્રહ, મુસ્લિમ–હજ્જ, તિર્મિઝી–તફસીર, નિસાઈ–મનાસિક)

| حدیث ۹۷۵ | عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا قَالَ اِنَّمَا سَعٰی |
|---|---|

[હદીષ : ૯૭૫] "હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ

رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ بِالْبَیْتِ وَبَیْنَ الصَّفَا وَالْمَرْوَةِ

બયતુલ્લાહ અને સફા તથા મરવાની વચ્ચે સઈ એટલા માટે કરી કે

**સમજૂતી : ૯૭૪**

**باب بدء الرمل** (બાબે બદઉર્રમલ)માં એની વિગત વર્ણન થઈ ચૂકી. સઈ હઝરત ઈબ્રાહીમ علیہ السلامના યુગથી જ શરીઅતમાં દાખલ છે. મુસ્નદે ઈમામ અહમદ (૧/૨૯૭)માં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી જ મરવી છે કે જયારે હઝરત ઈબ્રાહીમ علیہ السلامને મનાસિક અદા કરવાનો હુકમ થયો તો શૈતાન સઈના સમયે આવ્યો અને હઝરત ઈબ્રાહીમથી આગળ વધવા ચાહ્યું, તો હઝરત ઈબ્રાહીમે (દોડ લગાડી) અને તેનાથી આગળ થઈ ગયા. તેમજ આ અસ્લમાં હઝરત હાજરા رضی اللہ عنہاની સુન્નત છે. ખૂદ બુખારી (૧/૪૭૫ અલ્અંબિયા)માં જ છે કે જયારે મશકનું પાણી ખત્મ થઈ ગયું તો હઝરત હાજરા સૌથી નજીકના પહાડ સફા પર ચઢયાં અને મેદાનમાં નજર ફેંકી કે કોઈ છે ? પણ કોઈ ન દેખાયું. અને ઉતર્યાં અને જયારે નાળાના પેટમાં (વચ્ચે) પહોંચ્યાં તો કુર્તાનો દામન ઉઠાવી લીધો અને પૂરી શક્તિ સાથે દોડવા લાગ્યાં એ રીતે નાળુ પાર કર્યું અને મરવા પર આવ્યાં. સાતવાર એવું જ કર્યું. નબી صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, એના કારણે લોકો સફા તથા મરવા વચ્ચે સઈ કરે છે.

**અલ્લાહની તૌફીક્થી હું કહું છું** : અહીં બે વાતો છે : એક તવાફમાં રમલ, એ તો મુશ્રિકોને પોતાની શક્તિ બતાવવા માટે હતો, બીજુ સફા તથા મરવાના વચ્ચે સઈ, એ હઝરત હાજરા رضی اللہ عنہاની સુન્નત છે.

لِيُرِيَ الْمُشْرِكِيْنَ قُوَّتَهُ ؏

મુશ્રિકોને પોતાની શક્તિ બતાવી આપે." (ઉપર મુજબ)

حدیث ۹۷۶ عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ

[હદીષ : ૯૭૬] "હઝરત જાબિર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી ﷺ એ તથા સહાબાએ હજ્જ

أَهَلَّ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ هُوَ وَأَصْحَابُهُ بِالْحَجِّ وَ

એહરામ બાંધ્યો. નબી ﷺ અને તલ્હાના સિવાય કોઈના પાસે કુર્બાનીનું જાનવર ન હતું. અને અલી

لَيْسَ مَعَ أَحَدٍ مِّنْهُمْ هَدْيٌ غَيْرَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

યમનથી આવ્યા અને એમની સાથે કુર્બાનીનાં જાનવર હતાં. અને એમણે કહ્યું હતું, મેં એનો એહરામ બાંધ્યો

وَطَلْحَةَ وَقَدِمَ عَلِيٌّ مِّنَ الْيَمَنِ وَمَعَهُ هَدْيٌ فَقَالَ أَهْلَلْتُ بِمَا

છે જેનો નબી ﷺ એ એહરામ બાંધ્યો છે. અને નબી ﷺ એ પોતાના સહાબીઓને હુકમ આપ્યો કે એને

أَهَلَّ بِهِ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَأَمَرَ النَّبِيُّ صَلَّى اللّٰهُ

ઉમરો કરી લે ત્યારબાદ વાળ કતરાવી લે અને એહરામ ખોલી નાખે, પણ તે લોકો જેમની પાસે કુર્બાનીનાં

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ أَصْحَابَهُ أَنْ يَّجْعَلُوْهَا عُمْرَةً وَّيَطُوْفُوْا ثُمَّ يُقَصِّرُوْا

જાનવર હોય. એના પર લોકોએ કહ્યું, અમે એ હાલતમાં મિના જઈશું કે અમે પત્નીઓ સાથે સંભોગ કરેલો

وَيَحِلُّوْا إِلَّا مَنْ كَانَ مَعَهُ الْهَدْيُ فَقَالُوْا نَنْطَلِقُ إِلٰى مِنًى وَذَكَرُ أَحَدِنَا

હોય ? એની ખબર નબી ﷺ ને પહોંચી તો ફર્માવ્યું, જે મેં બાદમાં જાણ્યું જો પહેલાં જાણતો તો કુર્બાનીનાં

يَقْطُرُ مَنِيًّا فَبَلَغَ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ لَوِ اسْتَقْبَلْتُ

જાનવર સાથે ન લાવતો અને જો મારી સાથે હદી ન હોત તો એહરામ ખોલી આપત. અને આઈશાને હૈઝ

مِنْ أَمْرِيْ مَا اسْتَدْبَرْتُ مَا أَهْدَيْتُ وَلَوْلَا أَنَّ مَعِيَ الْهَدْيَ لَأَحْلَلْتُ وَ

આવી ગયું. તેમણે હજ્જના સર્વ અરકાન અદા કર્યા. બયતુલ્લાહના તવાફ સિવાય. જ્યારે પાક થઈ ગયાં તો

حَاضَتْ عَائِشَةُ فَنَسَكَتِ الْمَنَاسِكَ كُلَّهَا غَيْرَ أَنَّهَا لَمْ تَطُفْ بِالْبَيْتِ

તવાફ કર્યો. આઈશાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ લોકો હજ્જ તથા ઉમરા બંનેની સાથે જઈ

فلما طهرت طافت بالبيت قالت يا رسول الله تنطلقون بحجة و

રહ્યા છો અને હું કેવળ હજજની સાથે જાઉં ?! તો અબ્દુર્રહમાન બિન અબૂબક્ર رضی اللہ عنہما ને

عمرة و انطلق بحج فامر عبد الرحمن بن ابي بكر ان يخرج معها

હુકમ આપ્યો કે એમને તન્ઈમ સુધી લઈ જાવ.

الى التنعيم فاعتمرت بعد الحج ـه

તેમણે હજ્જ પછી ઉમરા કર્યા." (બુખારી ૧/૨૨૨, ૨૨૩ મનાસિક)

ت ۳۰۲ سئل عطاء عن المجاور يلبي بالحج فقال كان ابن عمر

"ઈમામ અતાને પૂછવામાં આવ્યું જે મક્કામાં મુકીમ હોય તે હજજનો એહરામ **[તઅલીક઼ : ૩૦૨]**

رضی الله تعالی عنهما يلبي يوم التروية اذا صلى الظهر واستوى

ક્યારે બાંધે ? તો ફર્માવ્યું, ઈબ્ને ઉમર رضی اللہ عنہما યૌમે તરવિયહ (૮ ઝીલ હજ્જના) જ્યારે ઝોહર પઢી

على راحلته ـه

લેતા અને સવારી પર બેસી જતા તો લબ્બૈક પઢતા." (બુખારી ૧/૨૨૨, ૨૨૩ મનાસિક)

ت ۳۰۳ وقال عبد الملك عن عطاء عن جابر قال قدمنا مع النبي

"અને અબ્દુલ મલિકે અતાથી અને તેમણે હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત કરી કે **[તઅલીક઼ : 303]**

صلى الله تعالى عليه وسلم فاحللنا حتى يوم التروية وجعلنا مكة

અમે નબી صلی اللہ علیہ وسلم ની સાથે આવ્યા અને અમે એહરામ ખોલી નાખ્યો ત્યાં સુધી કે યૌમે તરવિયહ્ આવ્યો

بظهر لبينا بالحج ـه

અને મક્કાને પીઠ પાછળ કરી આપ્યુ તો હજજના માટે લબ્બૈક કહ્યું." (બુખારી ૧/૨૨૪ મનાસિક)

**તઅલીક઼ : ૩૦૨–303–૩૦૪–૩૦૫ની સમજૂતી**

પ્રથમ તઅલીક઼ને ઈમામ સઈદ બિન મન્સૂરે મૌસૂલન વર્ણન કરી છે, બીજીને ઈમામ મુસ્લિમે. આ તઅલીક઼ના રાવી અબ્દુલમલિક કોણ છે ? અલ્લામા કિર્માની કહે છે કે અબ્દુલ મલિક ઈબ્ને અબ્દુલ અઝીઝ બિન જરીહ છે. અલ્લામા અસક઼લાનીએ ફર્માવ્યું, આ અબ્દુલ મલિક બિન અબૂ સુલૈમાન છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું, બંને સંભાવનાઓ સમાન છે. પણ મુસ્લિમમાં આ હદીષ અબ્દુલમલિક બિન અબૂ સુલૈમાન અલહુઝરમીથી મરવી છે. ત્રીજી તઅલીક઼ને ઈમામ અહમદે પોતાની મુસ્નદમાં અને ઈમામ મુસ્લિમે પોતાની સહીહીમાં મુત્તસિલ સનદ સાથે રિવાયત કરેલ છે. ચોથી તઅલીક઼ને ખૂદ ઈમામ બુખારીએ કિતાબુલ વુઝૂ, બાબો ગુસ્લિર્રિજલૈન ફીન્નઅલૈન, પેજ–૨૮માં વર્ણન કરેલ છે. અને

**ت ٣٠٤** وَقَالَ اَبُو الزُّبَيْرِ عَنْ جَابِرٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَهْلَلْنَا مِنَ الْبَطْحَاءِ

"હઝરત જાબિર رضی اللہ عنہ થી મરવી છે અમે બતહાથી (હજ્જ)ના માટે તલબિયા કહી." (બુખારી ૧/૨૨૪ મનાસિક) **[તઅલીક઼ : ૩૦૪]**

**ت ٣٠٥** وَقَالَ عُبَيْدُ بْنُ جُرَيْجٍ لِابْنِ عُمَرَ رَاَيْتُكَ اِذَا كُنْتَ بِمَكَّةَ اَهَلَّ النَّاسُ اِذَا رَاَوُا الْهِلَالَ وَلَمْ تُهِلَّ اَنْتَ حَتّٰى يَوْمَ التَّرْوِيَةِ فَقَالَ لَمْ اَرَ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يُهِلُّ حَتّٰى تَنْبَعِثَ بِهٖ رَاحِلَتُهٗ

"અને ઉબૈદ બિન જરીહે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી કહ્યું, અન્ય લોકો તો ચાંદ જોતાં જ લબ્બૈક કહેવા લાગે છે અને તમો જ્યારે મક્કામાં રહો છો તો લબ્બૈક નથી કહેતા જ્યાં સુધી યૌમે તરવિયહ્ ન આવી જાય ? તો ફર્માવ્યું, મેં નબી صلی اللہ علیہ وسلم ને તલબિયા કહેતાં નથી જોયા જ્યાં સુધી સવારી હુઝૂરને લઈને ઉભી ન થઈ જાય." (બુખારી ૧/૨૨૪ મનાસિક) **[તઅલીક઼ : ૩૦૫]**

નુઝહતુલ ક઼ારી, ભાગ–૧, પેજ : ૫૦૮ પર વર્ણન થયેલ છે.

**પ્રકરણની સાબિતી :** ઈમામ બુખારીએ આ તઅલીક઼ો પર આ પ્રકરણ રચ્યું છે : મક્કી હાજી જ્યારે મિના જવા લાગે તો બતહા અથવા ક્યાંક અન્ય ઠેકાણેથી એહરામ બાંધે. એનો ફાયદો એ છે કે મક્કીના માટે એ જરૂરી નથી કે ખાસ મસ્જિદે હરામથી એહરામ બાંધે. પ્રથમ તઅલીક઼માં છે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما જ્યારે સવારી પર સીધા બેસી જતા તો તલબિયા પઢતા હતા. અને જાહેર છે કે સવારી પર મસ્જિદે હરામમાં નહીં બેસતા હોય, ક્યાંક બહાર સવાર થતા હશે. એટલા માટે સાબિત કે મસ્જિદે હરામના બહારથી તલબિયા પઢવાનુ શરૂ કરતા. બીજી તઅલીક઼માં છે કે હઝરત જાબિર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે અમે જ્યારે મક્કાને પીઠ પાછળ કરી લેતા તો તલબિયા પઢતા આ એના પર નસ (દલીલ) છે કે મસ્જિદે હરામ બલ્કે મક્કા મોઅઝ્ઝમાની પણ બહાર જઈને એહરામ બાંધતા. ત્રીજી તઅલીક઼માં સ્પષ્ટતા છે કે હઝરત જાબિર رضی اللہ عنہ એ ફર્માવ્યું, અમે બતહાથી તલબિયા કહ્યું અને ચોથી તઅલીક઼ને પણ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ના અમલથી મળતાપણુ છે જેમ કે વર્ણન થઈ ચૂક્યું. અલ્બત્ત એમની દલીલમાં ખિફ઼ા છે. (સ્પષ્ટતા નથી) એમણે હુઝૂર صلی اللہ علیہ وسلم ના યૌમે તરવિયહ (૮ ઝીલ હજ્જે) લબ્બૈક પઢવાથી આના પર દલીલ કરી કે યૌમે તરવિયહે હજ્જનો એહરામ બાંધવો મસ્નૂન (સુન્નત મુજબ) છે.

જ્યારે કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم એ ૨૭ ઝીલ ક઼અદાએ ઝુલ હુલયફામાં એહરામ બાંધ્યો હતો. અલ્લામા ઈબ્ને બત્તાલ મુહદ્દિષે એની સ્પષ્ટતા એ કરી કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ મીક઼ાત પર એહરામ બાંધીને હજ્જના કાર્યો શરૂ કરી આપ્યા. હજ્જના કાર્યોની શરૂઆત અને તલબિયામાં કોઈ ગાળો નથી રાખ્યો ન મોડુ કર્યુ. આ પરથી માલૂમ થયું કે હજ્જના કાર્યોની શરૂઆત અને તલબિયામાં ગાળો ન થવો જોઈએ. મક્કી જો મિના જતાં પહેલાં હજ્જનો એહરામ બાંધશે તો ગાળો પડી જશે એટલા માટે તેણે જોઈએ કે યૌમે તરવિયહ જ્યારે હજ્જના માટે સફર શરૂ કરે તો એહરામ બાંધે.

વર્ણન થઈ ચૂક્યું કે આપણે ત્યાં યૌમે તરવિય્યહ (૮ ઝીલ હજ્જ)થી પહેલાં પણ હજ્જનો એહરામ બાંધી શકાય છે. અને મુહદ્દિષ ઈબ્ને બત્તાલે જે કાંઈ ફર્માવ્યું એમાં ચર્ચાની ઘણી ગુંજાઈશ છે.

حدیث ۹۷۷

عَنْ عَبْدِ الْعَزِیْزِ بْنِ رُفَیْعٍ قَالَ سَأَلْتُ أَنَسَ بْنَ مَالِكٍ رَضِیَ

"અબ્દુલ અઝીઝ બિન રુફૈઅએ કહ્યું, મેં હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہથી અર્ઝ કરી, [હદીષ : ૯૭૭]

اللّٰهُ تَعَالٰی عَنْهُ قُلْتُ أَخْبِرْنِیْ بِشَیْءٍ عَقَلْتَهٗ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ

આપને હુઝૂર નબી ﷺના બારામાં કાંઈ યાદ હોય તો મને બતાવો કે હુઝૂરે તરવિય્યહના દિવસે ઝોહર

وَسَلَّمَ أَیْنَ صَلَّی الظُّهْرَ وَالْعَصْرَ یَوْمَ التَّرْوِیَةِ قَالَ بِمِنًی قُلْتُ وَأَیْنَ صَلَّی

તથા અસ્ર ક્યાં પઢી હતી ? ફર્માવ્યું, મિનામાં. મેં પૂછ્યું, યૌમે નફર અસ્ર ક્યાં પઢી હતી ? ફર્માવ્યું,

الْعَصْرَ یَوْمَ النَّفْرِ قَالَ بِالْأَبْطَحِ ثُمَّ قَالَ افْعَلْ كَمَا یَفْعَلُ أُمَرَاءُكَ ع

અબ્તહ્માં. ત્યારબાદ હઝરત અનસે ફર્માવ્યું, તારા હાકિમો જેવું કરે છે તેવું કર !"

(બુખારી ૧/૨૨૪, ૨૩૭ મનાસિક, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ–મનાસિક, તિર્મિઝી, નિસાઈ–હજ્જ)

حدیث ۹۷۸

عَنْ عَبْدِ الْعَزِیْزِ قَالَ خَرَجْتُ إِلٰی مِنًی یَوْمَ التَّرْوِیَةِ فَلَقِیْتُ

"અબ્દુલ અઝીઝે કહ્યું, તરવિયહના દિવસે હું મિના નીકળ્યો, તો હઝરત અનસથી [હદીષ : ૯૭૮]

أَنَسًا ذَاهِبًا عَلٰی حِمَارٍ فَقُلْتُ أَیْنَ صَلَّی النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ

મુલાકાત થઈ. તે ગધેડા પર જઈ રહ્યા હતા. મેં પૂછ્યું કે નબી ﷺએ આજે ઝોહર ક્યાં પઢી હતી ?

هٰذَا الْیَوْمَ الظُّهْرَ قَالَ انْظُرْ حَیْثُ یُصَلِّیْ أُمَرَاءُكَ فَصَلِّ ع

ફર્માવ્યું, જો તારા હાકિમો જ્યાં પઢે ત્યાં તું પણ પઢ." (બુખારી ૧/૨૨૪ મનાસિક)

## સમજૂતી : ૯૭૭ અને ૯૭૮

આ હદીષો હેઠળ અહનાફનો મઝહબ એ છે કે ૮મી તારીખે સૂર્ય નીકળ્યા પછી મિના જવા નીકળે. ઝોહર, અસ્ર, મગરિબ, ઈશા, ફજર મિનામાં પઢે અને અફઝલ એ છે કે મસ્જિદે ખૈફમાં અદા કરે. **જો ઈમામ સહીહુલ અક઼ીદા સુન્ની હોય તો** એની ઈક્તેદામાં જમાઅત સાથે પઢે, નહીં તો એકલા અથવા પોતાના સાથીઓ સાથે પોતાની જમાઅત કરે. **હાલમાં બંને હરમની મસ્જિદો, તથા મસ્જિદે ખૈફ તથા મસ્જિદે નમરહ અને મશ્અરે હરામના ઈમામ નજદી બદ્મઝહબ છે. ન એમની નમાઝ નમાઝ છે, ન એમની પાછળ કોઈની નમાઝ સહીહ થશે. તેમની પાછળ નમાઝ પઢવી ન પઢવા સમાન છે. જો નજદી ઈમામોની પાછળ નમાઝો પઢશો તો જમાઅતનો સવાબ તો શું મળે ! નમાઝ ક઼ઝા કરવાનો વબાલ થશે. તમે ગયા હતા જમાઅતનો સવાબ હાંસલ કરવા અને થયું એવું કે નમાઝ પણ ગઈ !**

**كما يفعل امرائك** : એ સમયના હાકિમો પણ એવું જ કરતા હતા કે યૌમે તરવિયહની ઝોહર મિનામાં પઢતા હતા. એટલા માટે હઝરત અનસ رضی اللہ عنہએ એમને હિદાયત ફર્માવી. એમાં પણ કોઈ વાંધો નથી કે મિના

حدیث ۹۷۹ حَدَّثَنَا سَالِمٌ قَالَ سَمِعْتُ عُمَيْرًا مَوْلَىٰ أُمِّ الْفَضْلِ عَنْ

"સાલિમે કહ્યું, મેં ઉમૈર ઉમ્મુલ ફઝ્લના ગુલામથી સાંભળ્યું કે ઉમ્મુલ ફઝલએ કહ્યું કે [હદીષ : ૯૭૯]

أُمِّ الْفَضْلِ قَالَتْ شَكَّ النَّاسُ يَوْمَ عَرَفَةَ فِي صَوْمِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالَىٰ

અરફાના દિવસે લોકોને શંકા થઈ ગઈ કે નબી ﷺ રોઝાથી છે કે નહીં. તો મેં નબી ﷺની ખિદમતમાં

عَلَيْهِ وَسَلَّمَ فَبَعَثْتُ إِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ بِشَرَابٍ فَشَرِبَهُ.

શરબત મોકલ્યું તો હુઝૂરે એને પી લીધું."

(બુખારી ૧/૨૨૫, ૨૪૫, મનાસિક, ૧/૨૬૭, અસ્સૌમ, ૨/૮૪૦ અલ્અશ્રબહ, મુસ્લિમ, અબૂ દાઊદ–અસ્સૌમ)

ઝવાલ પછી જાય અથવા રાતમાં જાય. ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ૧/૩ રાતમાં જતા હતા. અલ્લામા અયનીએ લખ્યું છે કે મક્કાવાસીઓની આદત એ છે કે ઈશા પઢીને જાય છે. આજકાલ ઘણા બધા હાજીઓ સાતમીએ જ મિના પહોંચી જાય છે અને આઠમીની રાતમાં જવાનો રિવાજ આમ થઈ ગયો છે. એમાં પણ કોઈ વાંધો નથી.

**સમજૂતી : ૯૭૯**

બીજા પ્રકરણોમાં આ હદીષ વિસ્તારપૂર્વક આ પ્રમાણે છે : ઉમ્મુલ ફઝ્લ رضی اللہ عنہاએ ફર્માવ્યું કે કેટલાક લોકોએ મારી પાસે એમાં મતભેદ કર્યો કે નબી ﷺ આજે યવમે અરફાના રોઝાથી છે કે નહીં. અમુક લોકોએ કહ્યું કે રોઝાથી છે અમુક લોકોએ કહ્યું રોઝાથી નથી. તો મેં એક પ્યાલો દૂધ મોકલ્યું અને હુઝૂર પોતાના ઊંટ પર સવાર હતા, તો હુઝૂરે પી લીધું.

અહીં ઉમૈરને હઝરત ઉમ્મુલ ફઝ્લના ગુલામ બતાવ્યા છે. પણ બીજી રિવાયતમાં અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસના ગુલામ બતાવવામાં આવ્યા. એની શક્યતા છે કે એ બંનેના ગુલામ રહ્યા હોય. અથવા શક્ય છે કે એમનામાંથી કોઈ એકના હતા. પણ કેમ કે માતા તથા પુત્રનો મામલો એક જ છે એટલા માટે બીજાની પ્રતિ સંબંધિત કરી દેવામાં આવ્યા.

**યૌમે અરફાનો રોઝો** : મુસ્લિમ (૧/૨૩૬), અબૂ દાઊદ (૧/૩૨૯ અસ્સિયામ), તિર્મિઝી (અસ્સૌમ–૯૩) તથા ઈબ્ને માજહ (અસ્સિયામ–૧૨૫)માં હઝરત અબૂ કતાદા رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મને ગુમાન છે કે અરફાનો રોઝો એક વરસ અગાઉ અને એક વરસ પાછળના ગુનાહો મિટાવી આપે છે. બયહકીમાં ઉમ્મુલ મો'મિનીન હઝરત સિદ્દીકાથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ અરફાના રોઝાઓને હજારોની બરાબર બતાવતાં. એનાથી કેટલાક લોકોને ખયાલ થયો કે આજે હજ્જના મોકા પર અરફાતમાં પણ હુઝૂરે અકદસ ﷺએ રોઝો રાખ્યો હશે. પણ સફરમાં કેમ કે રોઝો રાખવો મુશ્કેલ છે અને ખૂદ હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો (બુખારી ૧/૨૬૧ અસ્સૌમ, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ, મોઅત્તા ઈમામ માલિક, દારમી–અસ્સૌમ, મુસ્નદે ઈમામ અહમદ, ૪/૩૫૨) **ليس من البر الصيام فى السفر۔** "સફરમાં રોઝો રાખવો નેકી નથી." તો અન્ય હઝરાતને ખયાલ આવ્યો કે રોઝાથી નથી. આપણા ત્યાં મુસ્તહબ એ છે કે હાજી અરફાતમાં યૌમે અરફા રોઝો ન રાખે, એમાં હુઝૂરે અકદસ ﷺની ઈકતેદા (અનુસરણ) છે, તેમજ વકૂફ તથા દુઆ વગેરેમાં આસાની છે.

ઈમામ અતાએ ફર્માવ્યું, જે એ દિવસે રોઝો ન રાખે જેથી સંપૂર્ણપણે હજ્જના અમલો અદા કરી શકે તો તેને

| حدیث ۹۸۰ | عَنْ سَالِمٍ قَالَ کَتَبَ عَبْدُ الْمَلِكِ اِلَی الْحَجَّاجِ اَنْ لَّا یُخَالِفَ |
|---|---|

"સાલિમે કહ્યું, અબ્દુલ મલિકે હજ્જાજને લખ્યું કે હજ્જના મામલામાં ઈબ્ને ઉમરની [હદીષ : ૯૮૦]

ابْنَ عُمَرَ فِی الْحَجِّ فَجَاءَ ابْنُ عُمَرَ وَ اَنَا مَعَهٗ یَوْمَ عَرَفَةَ حِیْنَ

વિરુદ્ધતા ન કરતો. અરફાના દિવસે સૂર્ય ઢળતાં જ ઈબ્ને ઉમર આવ્યા અને હજ્જાજના તંબૂના પર્દાઓની

زَالَتِ الشَّمْسُ فَصَاحَ عِنْدَ سُرَادِقِ الْحَجَّاجِ فَخَرَجَ وَ عَلَیْهِ مِلْحَفَةٌ

પાસે બુલંદ અવાજે પોકાર્યું. એના પર હજ્જાજ નીકળ્યો અને તે કુસુમ વડે રંગેલી ચાદર ઓઢેલ હતો, અને

مُعَصْفَرَةٌ فَقَالَ مَالَكَ یَا اَبَا عَبْدِ الرَّحْمٰنِ فَقَالَ الرَّوَاحَ اِنْ کُنْتَ

કહ્યું, શું વાત છે હે અબૂ અબ્દુર્રહમાન ! તો ઈબ્ને ઉમરે ફર્માવ્યું, ચાલવું છે ! જો તું સુન્નત પર અમલનો

تُرِیْدُ السُّنَّةَ قَالَ هٰذِهِ السَّاعَةَ قَالَ نَعَمْ قَالَ فَانْظُرْنِیْ حَتّٰی

ઈરાદો ધરાવે છે. તેણે કહ્યું, હમણા ?! ફર્માવ્યું, હા ! તેણે કહ્યું કે થોડીવાર રાહ જુઓ કે હું મારા શરીર પર

اُفِیْضَ عَلٰی رَاْسِیْ ثُمَّ اَخْرُجَ فَنَزَلَ حَتّٰی خَرَجَ الْحَجَّاجُ فَسَارَ

પાણી વહાવી લઉં, પછી આવું છું. ઈબ્ને ઉમર ઉતરી ગયા ત્યાં સુધી કે હજ્જાજ નીકળ્યો અને મારા અને

بَیْنِیْ وَ بَیْنَ اَبِیْ فَقُلْتُ اِنْ کُنْتَ تُرِیْدُ السُّنَّةَ فَاقْصُرِ الْخُطْبَةَ وَ

મારા પિતાની વચ્ચે ચાલ્યો. મેં તેને કહ્યું, જો તું સુન્નત પર અમલ કરવા ચાહે છે તો ખુત્બો ટૂંકો કર અને

રોઝાનો સવાબ મળશે. ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ એને મકરૂહ કહેતા હતા, એટલા માટે કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ એને મના ફર્માવ્યું છે. *(અબૂ દાઊદ–૩૨૦ સૌમ)* તેમ છતાં ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا તથા અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہના બારામાં મરવી છે કે તેઓ અરફાતમાં રોઝો રાખતા હતા. બલ્કે હઝરત ઉમર رضی اللہ عنہના વિશે પણ એક રિવાયત છે. *(ઉમ્દતુલ કારી, ૯/૩૦૦)*

**સમજૂતી : ૯૮૦**

એનાથી જાણવા મળ્યું કે અરફાના દિવસે ઝોહરની નમાઝમાં જલ્દી કરવું સુન્નત છે. સૂરજ ઢળતાં જ તરત જ વિના વિલંબે ઈમામ પ્રથમ જુમ્આ જેમ બે ખુત્બા પઢે પછી ઝોહરની નમાઝ અને સુન્નતો પઢયા વિના તુરત અસરની નમાઝ પઢી ત્યારબાદ વુકૂફ કરે. આપણે ત્યાં હજ્જમાં ત્રણ ખુત્બા છે. એક સાતમી ઝીલ હજ્જના રોજ મસ્જિદે હરામમાં, જેમાં મિના જવા અને મિનાથી અરફાત જવાની તા'લીમ હોય. બીજો અરફાના દિવસે ઝોહરની નમાઝ પહેલાં, એમાં વુકૂફે અરફા તથા મુઝદલ્ફા જવા, ત્યાં વુકૂફ કરવા, જમરાઓની રમી, કુર્બાની, હલક કે કસ્ર અને તવાફે ઝિયારતના અહકામ બયાન થવા જોઈએ. ત્રીજો ૧૧ ઝીલ હજ્જના રોજ મિનામાં જેમાં અલ્લાહ ﷻની હમ્દ તથા શુક્ર હોય કે તેણે હજ્જ અદા કરવાની તૌફીક અતા ફર્માવી, અને શરીઅતનું અનુસરણ તથા "અમ્ર"ની પાબંદી તથા "નવાહી"થી (મના કરેલ બાબતોથી) બચવાનુ બયાન હોવું જોઈએ. ઈમામ

عَجِّلِ الْوُقُوْفَ فَجَعَلَ يَنْظُرُ إِلَى عَبْدِ اللّٰهِ فَلَمَّا رَأَى ذٰلِكَ عَبْدُ اللّٰهِ

વુકૂફમાં જલ્દી કર. આ સાંભળીને તે અબ્દુલ્લાહની તરફ જોવા લાગ્યો.

قَالَ صَدَقَ

જ્યારે અબ્દુલ્લાહે એ જોયું તો ફર્માવ્યું, એણે સાચુ કહ્યું."

ت ٣٠٦ وَكَانَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهُمَا إِذَا فَاتَتْهُ الصَّلٰوةُ مَعَ

"અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما જો ઈમામની સાથે નમાઝ ન પામતા તો **[તઅલીક઼ : ૩૦૬]**

الْإِمَامِ جَمَعَ بَيْنَهُمَا

પણ ભેગી કરતા." (બુખારી ૧/૨૨૫ મનાસિક)

શાફઈ رحمۃ اللہ علیہને ત્યાં ચાર ખુત્બા મસ્નૂન છે. સાતમીએ હરમમાં, નવમીએ અરફામાં, દસમીએ મિનામાં, બારમીએ મિનામાં. ઈમામ માલિકને ત્યાં પણ ત્રણ ખુત્બા છે, આ પ્રમાણે કે સાતમીએ હરમમાં કેવળ એક ખુત્બો ઝોહરની નમાઝ બાદ, બીજો અરફાતમાં ઝવાલ બાદ એના દરમ્યાન ખતીબ બેસશે, ત્રીજો ૧૧ મીએ. ઈમામ અહમદથી પણ સહીહ રિવાયત આ જ છે કે ત્રણ ખુત્બા છે પણ આ પ્રમાણે છે. સાતમી ઝીલ હજ્જે એમને ત્યાં ખુત્બો નથી, બલ્કે પ્રથમ અરફાતમાં ઝવાલ બાદ, પછી ૧૦ અને ૧૧મીએ મિનામાં.

ઈબ્ને હઝમે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ યૌમે નહરના બીજા દિવસે યક શમ્બા (રવિવાર)એ ખુત્બો આપ્યો. અબૂ દાઊદ (૧/૩૬૯ મનાસિક)માં છે કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمએ ઐયામે તશરીકના મધ્યમાં ખુત્બો આપ્યો. ઈબ્ને હઝમે એ પણ કહ્યું કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمએ દો શમ્બા (સોમવારે) ઈકારઅના રોજ પણ ખુત્બો આપ્યો જેમાં સગાં સંબંધીઓ સાથે ભલાઈની વસિયત કરી. ઈબ્ને ક઼દામાએ કહ્યું કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી એ મરવી છે કે પૂરા અશરા (દસ દિવસો)માં ખુત્બો આપતા હતા. મુસન્નફે ઈબ્ને અબી શયબામાં પણ ઈબ્ને અબ્દુલ અઝીઝથી આવુ મરવી છે.

**عليه ملحفة معصفرة : ملحفة** મોટી ચાદરને કહે છે. **معصفرة** કુસુમથી રંગેલી. કેમ કે સહાબા કુસુમને ખૂશ્બુ માનતા ન હતા એના લીધે એહરામની હાલતમાં કુસુમથી રંગેલું કપડુ પહેરવામાં કોઈ વાંધો નથી, એ જ પ્રમાણે કેટલાક લોકો કુસુમથી રંગેલુ કપડુ પુરૂષો માટે જાઈઝ માને છે, આ એમના સમર્થનમાં છે કેમ કે હઝરત ઈબ્ને ઉમરે એના પર હજ્જાજને ટોક્યો નથી.

## તઅલીક઼ : ૩૦૬ની સમજૂતી

આ તઅલીક઼ને ઈમામ ઈબ્રાહીમ હરબીએ મનાસિકમાં અને ઈબ્ને મુન્ઝરે મૌસૂલન વર્ણન કરેલ છે. **હનફીઓનો મઝહબ એ છે કે અરફાતમાં જો હાજી ઈમામની સાથે નમાઝ પઢે તો ઝોહર અને અસ્રને એક સાથે ઝોહરના સમયમાં પઢે અને જો ઈમામની સાથે નમાઝ ન પામે તો ઝોહર તેના સમયમાં અને અસર તેના સમયમાં પઢે. અને મુઝદલ્ફામાં કોઈપણ સ્થિતિમાં મગરિબ તથા ઈશા એક સાથે ઈશાના સમયમાં પઢે, ચાહે ઈમામ સાથે પઢે ચાહે અલગ.**

حديث ٩٨١ اَخْبَرَنِیْ سَالِمٌ اَنَّ الْحَجَّاجَ بْنَ یُوْسُفَ عَامَ نَزَلَ بِابْنِ

"મને સાલિમે ખબર આપી જે વર્ષે હજ્જાજે હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہما નો **[હદીષ : ૯૮૧]**

الزُّبَیْرِ سَاَلَ عَبْدَ اللّٰہِ کَیْفَ نَصْنَعُ فِی الْمَوْقِفِ یَوْمَ عَرَفَةَ فَقَالَ سَالِمٌ

ઘેરો ઘાલ્યો હતો. હજ્જાજે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ને પૂછયું અરફાના દિવસે મૌકિફમાં

اِنْ کُنْتَ تُرِیْدُ السُّنَّةَ فَھَجِّرْ بِالصَّلٰوةِ یَوْمَ عَرَفَةَ فَقَالَ عَبْدُ اللّٰہِ بْنُ

હું શું કરું ? તો સાલિમે કહ્યું, જો તું સુન્નત પર અમલ કરવા ચાહે છે તો સૂરજ ઢળતાં જ નમાઝ પઢી લે. તો

عُمَرَ صَدَقَ اِنَّھُمْ کَانُوْا یَجْمَعُوْنَ بَیْنَ الظُّھْرِ وَالْعَصْرِ فِی السُّنَّةِ

અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરે ફર્માવ્યું, એણે સાચુ કહ્યું. સહાબા મસ્નૂન તરીકા પ્રમાણે ઝોહર તથા અસ્ર એક સાથે

فَقُلْتُ لِسَالِمٍ اَفَعَلَ ذٰلِكَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فَقَالَ سَالِمٌ

પઢતા હતા. (ઝુહરી)એ સાલિમને પૂછયું, શું રસૂલુલ્લાહ ﷺ એ એવું કર્યુ છે ? તો સાલિમે કહ્યું કે તમે લોકો

فَھَلْ تَتَّبِعُوْنَ فِیْ ذٰلِكَ اِلَّا سُنَّتَہٗ ع

આ મામલામાં હુઝૂરની સુન્નતની જ પયરવી કરો છો." (બુખારી ૧/૨૨૫ મનાસિક)

بَابُ التَّعْجِیْلِ اِلَی الْمَوْقِفِ قَالَ اَبُوْ عَبْدِ اللّٰہِ یُزَادُ فِیْ ھٰذَا الْبَابِ ھَمْ

અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ કહ્યું, અને આ પ્રકરણમાં એ જ માલિક અને

ھٰذَا الْحَدِیْثُ حَدِیْثُ مَالِكٍ عَنِ ابْنِ شِھَابٍ وَّلٰکِنِّیْ اُرِیْدُ اَنْ

ઈબ્ને શહાબવાળી હદીષ અધિક કરી શકાય છે. પરંતુ હું ચાહું છું કે

اُدْخِلَ فِیْہِ غَیْرَ مُعَادٍ ۔

એમાં ગૈર મુકર્રર હદીષ વર્ણવું.

**સમજૂતી : ૯૮૧**

અલ્લામા અયનીએ ફર્માવ્યું આ કિસ્સો હિ.સ. ૭૩નો છે, પણ એ સહીહ નથી. આ બનાવ હિ.સ. ૭૨નો છે જ્યારે હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર મક્કા મોઅઝ્ઝમામાં ઘેરાવ હેઠળ હતા. જમાદીઉલ આખર હિ.સ. ૭૩માં તે શહીદ થઈ ચૂક્યા હતા. (બિદાયા નિહાયા, ૭/૩૨૯) હજ્જાજે તવાફે ઝિયારત સિવાય એ તમામ અરકાન અદા કર્યા જે હરમ બહાર અદા કરવામાં આવે છે. તવાફે ઝિયારતથી મેહરૂમ રહ્યો. એ પ્રથમ મનહૂસ વરસ હતું જે સામૂહિક રીતે હજ્જ કરવામાં ન આવી શકી. કેવળ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ પોતાના જાતિ પ્રભાવના આધારે પોતાના સાથીઓની સાથે પૂરો હજ્જ કર્યો. મુશ્રિકો સુદ્ધાં હજ્જના દિવસોમાં લડાઈ બંધ કરી

حدیث ٩٨٢

حَدَّثَنَا مُحَمَّدُ بْنُ جُبَيْرِ بْنِ مُطْعِمٍ عَنْ أَبِيهِ قَالَ

[હદીષ : ૯૮૨] "હઝરત જુબૈર બિન મુત્ઈમ رضی اللہ عنہ એ કહ્યું, અરફાના દિવસે મારું એક ઊંટ ગાયબ

أَضْلَلْتُ بَعِيرًا لِّي فَذَهَبْتُ أَطْلُبُهُ يَوْمَ عَرَفَةَ فَرَأَيْتُ النَّبِيَّ صَلَّى

થઈ ગયું. હું તેને તલાશ કરવાના માટે ગયો તો મેં નબી ﷺ ને જોયા કે અરફામાં

اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ وَاقِفًا بِعَرَفَةَ فَقُلْتُ هٰذَا وَاللّٰهِ مِنَ

વકૂફ કરેલો છે. તો મેં કહ્યું, આ તો વલ્લાહ !

الْحُمْسِ فَمَا شَأْنُهُ هَاهُنَا

હુમ્સમાંથી છે, અહીં કેમ છે ?" (બુખારી ૧/૨૨૬ મનાસિક, મુસ્લિમ, નિસાઈ–હજ્જ)

આપતા અને પોતાના જાની દુશ્મનોની સાથે ખભે ખભા મિલાવી હજ્જના મનાસિક અદા કરતા. પણ જાલિમ અબ્દુલ મલિક અને તેના જંગલી સિફત સાલારે હજ્જાજે મુસલમાન હોવા છતાં ન હરમની હુર્મત (ઈજ્જત)નો લેહાઝ કર્યો ન શહરે હરામ (ઈજ્જતવાળા શહેર)નો ન હજ્જ નો.

**ચેતવણી** : અબૂ ઝર સિવાય મોટાભાગના નુસ્ખાઓમાં આ વધારે છે. બાબુત્તઅજીલે ઈલલ્ મવક઼િફ : અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ કહ્યું, આ પ્રકરણમાં એ જ માલિક અન ઈબ્ને શહાબવાળી હદીષનો વધારો કરી શકાય છે પરંતુ હું ચાહું છું કે એમાં ક્યાંય વર્ણન થઈ હોય એવી હદીષ વર્ણવું.

**સમજૂતી** : આ લખાણમાં هَمْ ફારસી શબ્દ છે અથવા અરબી જ છે. એનો અર્થ અયઝન, નીઝ (સમઅર્થી)ની નજીક નજીક છે. ઈમામ બુખારી એવું બતાવવા ચાહે છે કે હમણા હઝરત ઈબ્ને ઉમર તથા હજ્જાજવાળી મઝકૂર હદીષથી સાબિત છે કે વુકૂફમાં જલ્દી થવી જોઈએ, એને આ પ્રકરણમાં વર્ણવી શકાય છે. પણ હું ચાહું છું કે કોઈ એવી હદીષ વર્ણવું જે પહેલાં ક્યાંય વર્ણન થઈ ન હોય. પણ તેમને એવી કોઈ હદીષ નથી મળી જે એમની શર્ત પર આ મુદ્દાની સાબિતી બને. એટલા માટે આ પ્રકરણ હદીષથી ખાલી રહી ગયું. એ દલીલ છે કે હઝરત ઈમામ બુખારી હદીષોને ફરી ફરી લાવે છે તો એમાં કોઈ ન કોઈ ફાયદો થાય છે. દા.ત. ઈસનાદની તબદીલી, અર્થોમાં વધારો વગેરે અને જે તકરાર (વારંવાર લાવવું) આ ફાયદાઓથી પણ ખાલી હોય તે ખૂબ ઓછી અને વિના ઈરાદે છે.

## સમજૂતી : ૯૮૨ અને ૯૮૩

الْحُمْسُ، احمس "નું બહુવચન છે તેનો માદ્દો "હ્મ્સ" છે અને "હમાસહ" છે. કોઈ મામલામાં સખ્ત હોવું. "અહમસ"નો અર્થ થયો, દીનમાં સખ્ત. હમ્સ એ ખાસ કબીલાઓનાં નામ છે જે પોતે પોતાને મનાસિકે હજ્જમાં અન્ય લોકોથી વિશેષ તથા અપવાદ સમજતા હતા. એઓ અરફાત ન જતા, મુઝદલ્ફામાં જ રહી જતા. એ લોકો પોતાનાં કપડામાં જ તવાફ કરતા. બીજા લોકો પોતાનાં કપડામાં તવાફ પ્રથમ તવાફ ન કરી શકતા હતા, ક્યાં તો હમ્સ તેમને કપડાં આપે અથવા નગ્ન કરે. અને હરમના બહારવાળા હરમમાં ન તે ખાવા ખાઈ શકતા હતા જે હરમની બહારથી લાવ્યા છે. એહરામની હાલતમાં ગોશ્ત ન ખાતા અને ન કમ્બલના તંબૂમાં રહેતા. જ્યારે મક્કા પાછા આવતા તો પોતાનાં કપડાં ઉતારી નાખતા. હમ્સમાં કયા કયા કબીલાઓ સામેલ હતા એ તલાશ પછી એવું માલૂમ પડયું કે કુરૈશ અને કુરૈશના સાથીઓ તથા બનૂ ખઝાઆ, બનૂ કનાના, બનૂ આમિર

| حديث ٩٨٣ | قَالَ عُرْوَةُ كَانَ النَّاسُ يَطُوفُونَ فِي الْجَاهِلِيَّةِ عُرَاةً إِلَّا |
|---|---|

''હઝરત ઉરવહએ કહ્યું, જાહિલિયત (ઈસ્લામ અગાઉ)ના જમાનામાં હુમ્સ સિવાયના **[હદીષ : ૯૮૩]**

الْحُمْسَ وَالْحُمْسُ قُرَيْشٌ وَمَا وَلَدَتْ وَكَانَ الْحُمْسُ يَحْتَسِبُونَ

બાકીના લોકો નગ્ન તવાફ કરતા હતા અને હુમ્સ કુરૈશ અને તેમની ઔલાદ છે. અને હુમ્સના પુરૂષો અન્ય

عَلَى النَّاسِ يُعْطِي الرَّجُلُ الرَّجُلَ الثِّيَابَ يَطُوفُ فِيهَا وَتُعْطِي

પુરૂષોને, હુમ્સની સ્ત્રીઓ અન્ય સ્ત્રીઓને સવાબનું કામ સમજીને કપડાં આપતી તો અન્ય પુરૂષો તથા સ્ત્રીઓ

الْمَرْأَةُ الْمَرْأَةَ الثِّيَابَ تَطُوفُ فِيهَا فَمَنْ لَمْ تُعْطِهِ الْحُمْسُ طَافَ

એ કપડામાં તવાફ કરતાં. અને જેમને હુમ્સ કપડાં ન આપતાં તે નગ્ન તવાફ કરતો. અન્ય લોકો અરફાત જઈને

બિન સઅસઆ ષકીફ, લૈષ બિન બિક્ર, અને જદીલા કુરૈશ.

**મૌક઼િફ઼ :** સૈયદોના ઈબ્રાહીમ عليه السلام નવમીએ અરફાતમાં વુકૂફ ફર્માવ્યા કરતા હતા અને એ જ તરીકો ચાલુ રહ્યો. પણ બાદમાં એ લોકોએ પોતાની અનોખી શાન બાકી રાખવાના માટે અરફાત જવાનું છોડી આપ્યું હતું અને એવું કહ્યું, અમે હરમવાસી છીએ અને હરમથી બહાર નહીં જઈએ. મુઝદલ્ફા હરમની હદોમાં છે અને અરફાત હરમની હદોની બહાર છે. હુઝૂરે અક્દસ ﷺ મક્કા મોઅઝ્ઝમામાં રોકાણના દિવસોમાં હજ્જ કર્યા કરતા હતા અને ખુદા તઆલાની ઈલ્હામથી હુમ્સની આદતની વિરુદ્ધ અરફા થઈને મૌક઼િફે ઈબ્રાહીમમાં વકૂફ કરતા. એને જ જુબૈર બિન મુત્ઈમ رضي الله عنه એ જોયું. આ બનાવ હિજરત પહેલાંનો છે.

ઈમામે મગ઼ાઝી ઈબ્ને ઈસ્હાક઼, ઈમામુલ અઈમ્મા ઈબ્ને ખુઝૈમા, ઈસ્હાક઼ ઈબ્ને રાહુવિયા ઉસ્તાઝે બુખારીએ થોડાક મતભેદ તથા વધારા ઘટાડા સાથે રિવાયત કર્યું છે કે કુરૈશે વુકૂફે અરફાત છોડી આપ્યો હતો અને મુઝદલ્ફાથી જ પરત થઈ જતા અને કહેતા અમે હુમ્સ છીએ, હરમથી બહાર જઈશું નહીં. હઝરત ઝુબૈર બિન મુત્ઈમ رضي الله عنه એ કહ્યું, જાહિલિયતના જમાનામાં મારું એક જાનવર ગુમ થઈ ગયું. શોધ્યું તો અરફાતમાં મળ્યું. જોયું કે રસૂલુલ્લાહ ﷺ અન્ય લોકો સાથે ઊંટ પર અરફાતમાં વુકૂફ કરી રહેલા છે. જ્યારે હું ઈસ્લામથી પાવન થયો તો મેં જાણ્યું કે હુઝૂર ﷺનો આ વુકૂફ અલ્લાહની તૌફીક઼થી હતો.

**وما ولدت :** કુરૈશની કોઈ સ્ત્રીને જો અન્ય કબીલાવાળો પયગામ આપે તો કુરૈશ એ શર્ત નક્કી કરતા કે એ સ્ત્રીથી જે ઔલાદ થશે તે અમારા દીન પર રહેશે. એ રીતે કુરૈશી સ્ત્રીઓથી જે બાળકો પેદા થતાં તે પણ હુમ્સમાં દાખલ થઈ જતાં, ભલે તેમના બાપ ગૈર કુરૈશી હોય. આ દસ્તૂર મુજબ બનૂ કનાના ષકીફ, બનૂ ખઝાઅહ, લૈષ બિન અબૂ બકર, બનૂ આમિર બિન સઅસઅહ, ગઝવાન વગેરેની જે વ્યક્તિઓ કુરૈશી માઓના પેટથી હતા તેઓ હુમ્સમાં દાખલ થઈ ગયા.

આ પરથી જાહેર થઈ ગયું કે પાયાની રીતે હુમ્સ કુરૈશી જ હતા, બાકીના વર્ણવેલ કબીલા કાનૂનના લીધે સામેલ થઈ ગયા.

**અરફાત :** આ જમા મુઅન્નષ સાલિમના વજન પર જરૂર છે પણ જમા (બહુવચન) નથી, કારણ કે એના માટે કોઈ એકવચન નથી. અને એ એનું સિદ્દ્ક મુતઅદિદ પર છે. જેમ કે અઝરઆત છે. આ શામમાં એક જગાનું નામ છે જ્યાંની શરાબ પ્રખ્યાત હતી. અરફા એનું એક વચન નથી કેમ કે એ તથા અરફાત બંનેવ સમાનાર્થી છે.

بِالْبَيْتِ عُرْيَانًا وَكَانَ يُفِيضُ جَمَاعَةُ النَّاسِ مِنْ عَرَفَاتٍ وَتُفِيضُ

પરત આવતા પણ હુમ્સ (અરફાત ન જતા). મુઝદલ્ફા જતા અને ત્યાંથી પરત થતા. ઉમ્મુલ મો'મિનીન

الْحُمْسُ مِنْ جَمْعٍ ـ قَالَ وَأَخْبَرَنِي أَبِي عَنْ عَائِشَةَ أَنَّ هٰذِهِ

હઝરત આઈશાથી રિવાયત છે કે આ આયત હુમ્સના બારામાં જ નાઝિલ થઈ છે. અને પછી તમે લોકો પણ

الْآيَةَ نَزَلَتْ فِي الْحُمْسِ ـ ثُمَّ أَفِيضُوا مِنْ حَيْثُ أَفَاضَ النَّاسُ

ત્યાંથી પરત થાવ જ્યાંથી અન્ય લોકો પરત થાય છે. ઉરવાહે કહ્યું, એઓ જમ્અથી જ પરત થતા હતા

قَالَ كَانُوا يُفِيضُونَ مِنْ جَمْعٍ فَدُفِعُوا إِلَى عَرَفَاتٍ ع ـه

તો એમને અરફાત મોકલવામાં આવ્યા."

એવું નથી કે ત્યાંના અમુક ભાગોનું નામ અલગ અલગ અરફા હોય, અને એ સૌના સમૂહનું નામ અરફાત હોય. કુર્આન મજીદમાં એને કસરા (ઝેર) અને તન્વીન (ડબલ ઝેર, ઝબર, પેશ) સાથે ઈસ્તેમાલ કરેલ છે. તેમ છતાં તેના મુન્સરિફ તથા ગૈર મુન્સરિફ હોવામાં મતભેદ છે. કાઝી બયઝાવી વગેરેની રાય છે કે એ ગૈર મુન્સરિફ છે અલ્મિયત તથા તાનીષના કારણે. અને એના પર જે તન્વીન છે તે તમક્કુનના માટે નથી, જમા મુઝક્કર સાલિમના નૂનના મુકાબલાના માટે છે અને ગૈર મુન્સરિફ પર કસરહ એ વખતે નથી આવતો જ્યારે કે તન્વીને તમક્કુનનું આવવું ગૈર મુન્સરિફ હોવાના કારણે મના હોય અને એના બદલામાં કાંઈ ન હોય, જેમ કે ઈઝાફત તથા અલિફ લામ. એ જ કારણે અલિફ લામ અને ઈઝાફતની સાથે કસરહ આવે છે, જેમ કે **مررت باحمد وباحمدكم** અરફાતની તન્વીને તમક્કુન જો કે વિના બદલ છે પણ ગૈર મુન્સરિફ હોવાના કારણે ગઈ નથી બલ્કે તન્વીને મુકાબલાની મૌજૂદગીના કારણે ગઈ છે જેથી બે તન્વીનોનું સંગમ લાઝિમ ન થાય.

ઝમુખ્શરી વગેરેની રાય છે કે એ મુન્સરિફ છે કેમ કે એમાં અસ્બાબે મએ સરફમાંથી બે સબબ નથી. અલ્મિયત તો છે પણ અન્ય કોઈ બીજો સબબ નથી. જો હોત તો તાનીષ હોત તે પણ નથી. કેમ કે તેની તાએ મુતવ્વલા જમા મુઅન્નષ સાલિમની નિશાની છે તાએ (ة) તાનીષ નથી. અને તાઅ્ને મુકદ્દર એ રીતે નથી માની શકાતો કે જમા મુઅન્નષ સાલિમનો સેગો મુઅન્નષની સાથે ખાસ છે. જો એમાં તાએ તાનીષ મુકદ્દર માનીશું તો બે તાનીષની નિશાનીઓનું સંગમ લાઝિમ આવશે. એ જ કારણે જો મુઅમિનાત, સાલિહાત કોઈ સ્ત્રીનું નામ રાખી દેવામાં આવે તો પણ તે મુન્સરિફ જ રહેશે. પરંતુ હવે સવાલ એ પેદા થાય છે કે જ્યારે એ કોઈનું નામ રાખી દેવામાં આવ્યું તો હવે જમા (બહુવચન) ક્યાં રહ્યાં કે એની તાઅ્ જમા મુઅન્નષ તાનીષની હોય ?! અને તાઅ્ની તકદીર પર બે તાનીષની નિશાનીઓનું સંગમ લાઝિમ થશે. આ સર્વ ચર્ચા એ સંજોગોમાં છે કે અરફાતને જમા (બહુવચન) માનવામાં આવે, પણ હકીકતમાં એ બહુવચન નથી એક વચન છે. અને જ્યારે એ એકવચન છે તો ન એની તાઅ્ જમા મુઅન્નષ સાલિમની તાઅ્ થઈ અને ન તેની તન્વીન તન્વીને મુકાબલા થઈ. એટલા માટે બંને પક્ષની પોતપોતાની પોઈંટની વાત ખતમ થઈ ગઈ. હવે જો તેને જગાનું નામ માનો તો મુન્સરિફ અને બુકઆનું નામ માનો તો ગૈર મુન્સરિફ. અલ્મિયત અને તાનીષે મઅનવીના કારણે કુર્આન મજીદમાં બતાવીલે ઈસ્મે મકાન મુન્સરિફ છે. **هذا ما ظهر لى والعلم بالحق عند ربى و علمه جل مجده اتم واحكم** આ ઈસ્મે મુર્તજલ છે મન્કૂલ નથી. એટલા માટે કે મન્કૂલના માટે મન્કૂલ અન્હૂ લાઝિમ છે. અને એનો આ મુબારક ખિત્તાના નામ

حدیث ۹۸۴ عَنْ هِشَامِ بْنِ عُرْوَةَ عَنْ اَبِیْهِ اَنَّهٗ قَالَ سُئِلَ اُسَامَةُ

"ઉરવા બિન ઝુબૈરે કહ્યું કે હઝરત ઓસામા رضی اللہ عنہما ને પૂછવામાં આવ્યું અને હું ત્યાં **[હદીષ : ૯૮૪]**

وَاَنَا جَالِسٌ كَيْفَ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَسِيْرُ

બેઠો હતો કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે અરફાતથી ચાલ્યા તો કઈ ગતિથી ચાલ્યા ? ફર્માવ્યું, નિયમ પ્રમાણે

فِيْ حَجَّةِ الْوَدَاعِ حِيْنَ دَفَعَ قَالَ كَانَ يَسِيْرُ الْعَنَقَ فَاِذَا وَجَدَ

(મધ્યમ ચાલે) ચાલ્યા અને જો માર્ગ ખુલ્લો મળતો તો ઊંટણી થોડીક દોડાવતા. હિશામે કહ્યું, નસ અનક઼થી

સિવાય અન્ય કોઈ ઉપયોગ નથી. એનું મુર્તજલ હોવું એનું જ સમર્થક છે જે અમે લખ્યું. કેમ કે હવે આ શબ્દની રીતે પણ એકવચન થયું અને અર્થમાં પણ, વધુમાં વધુ જમાના વજન પણ થયું. પણ જમા હોવા માટે કેવળ વજન પૂરતુ નથી, એના માટે એકવચન (વાહિદ) હોવું પણ લાઝિમ અને કષીર પર સિદ્ક઼ પણ, અહીં બંનેવ નહિંવત છે.

અરફાત નામ રાખવાના કારણ વિશે વિવિધ કથનો નક઼લ થયાં છે. હઝરત આદમ તથા હવ્વા علیہما السلام ના દુનિયામાં ઉતરાણ બાદ અહીંયાં મુલાકાત થઈ અને એ કે બીજાને ઓળખ્યાં. હઝરત ઈબ્રાહીમ علیہ السلام ને વહી દ્વારા એની ઓળખ કરાવવામાં આવી. જ્યારે અરફાત પહોંચ્યા તો વહીના પ્રમાણે જોઈને તેને ઓળખી લીધું. હઝરત જિબ્રઈલ علیہ السلام એ તેમને સાથે લઈને હજ્જના સ્થળો બતાવતાં બતાવતાં જ્યારે અહીં પહોંચ્યા અને એને દેખાડયું તો હઝરત ઈબ્રાહીમ علیہ السلام એ ફર્માવ્યું મેં ઓળખી લીધું અ્રફ બુલંદીને કહે છે અહીં વિવિધ પહાડો છે એટલા માટે તેને અરફાત કહે છે.

**વુક઼ૂફે અરફા :** વુક઼ૂફે અરફા જ હજ્જનો સૌથી મહત્વનો રુકન તથા ફર્ઝ છે. **વુક઼ૂફનો સમય નવમી ઝીલ હજ્જના ઝવાલથી દસમીની ફજરના તુલૂઅ થતાં સુધી છે. આ સમયોમાં કોઈ વખતે પણ અરફાત પહોંચી ગયો ભલે થોડીવાર માટે તો ફર્ઝ અદા થઈ ગયો.**

**ગુરૂબે આફતાબ સુધી વુક઼ૂફ વાજિબ છે. જો સૂર્ય ડૂબતાં પહેલાં અરફાતની હદોથી નીકળી ગયો તો દમ વાજિબ છે.** ઉર્નૂહનો નીચાણવાળો ભાગ છોડીને પૂરો અરફાત મૌક઼ફ છે. જ્યાં સુધી શક્ય હોય જબલે રહમતની નજીક જ્યાં કાળા પથ્થરનો ફર્શ લાગેલો છે ત્યાં વુક઼ૂફ કરે. ઈમામના જમણે ડાબે હોવુ સામેથી હોવાથી અફઝલ છે. બેહતર એ છે કે મૌક઼િફે આ'ઝમમાં જઈને શરીક થાય. મસ્જિદે નમરા શરીફમાં ઈમામની પાછળ નમાઝો પઢે ભલે ફાસિક઼ જાલિમ હોય. એ શર્તે કે એવો બદ્‌મઝહબ ન હોય જેની બદ્‌મઝહબી કુફ્રની હદે પહોંચી ચૂકી હોય. અલ્લામા અયનીએ લખ્યું **فيه الصلوة خلف الفاجر من الولاة مالم تخرجه بدعته عن الاسلام** "આ હદીષથી સાબિત થયું કે ફાસિક઼ ફાજિર વાલીના પાછળ નમાઝ પઢવામાં આવે જ્યાં સુધી એની બદ્‌મઝહબી એને ઈસ્લામથી બહાર ન કરી આપે."

**સમજૂતી : ૯૮૪** હજ્જતુલ વિદાઅ એ ઈસ્લામનો બીજો હજ્જ છે. **હિ.સ. ૯માં પ્રથમ હજ્જ** હઝરત અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہ ની સરદારી હેઠળ થયો હતો. **બીજો હજ્જ હિ.સ. ૧૦માં ખૂદ હુઝૂર ﷺ એ કર્યો. وداع** નો અર્થ વિદાય કરવું છે. આ હજ્જમાં હુઝૂર ﷺ એ ઉમ્મતને વિદાય કરી હતી. એટલા માટે એનું નામ હજ્જતુલ વિદાઅ પડયું. સાફ સાફ ફર્માવી આપ્યું હતું : **لعلى لاالقاكم بعد عامى هذا** "આ વરસ પછી તમારાથી મારી મુલાકાત નહીં થાય." એનું બીજુ નામ હજ્જતુલ બલાગ છે. આ હજ્જના ખુત્બાઓમાં ઉમ્મતને

فَجْوَةً نَصَّ قَالَ هِشَامٌ وَالنَّصُّ فَوْقَ الْعَنَقِ ۔

ઉપર છે અબૂ અબ્દુલ્લા (ઈમામ બુખારી)એ કહ્યું "ફજ્વહ"નો અર્થ વિશાળ જગા છે. એનું બહુવચન

قَالَ اَبُوعَبْدِ اللهِ فَجْوَةٌ مُتَّسِعٌ وَّالْجَمْعُ فَجَوَاتٌ وَفِجَاءٌ وَكَذٰلِكَ

"ફજવાત" અને "ફિજાઅ્" આવે છે. એ જ પ્રમાણે "રક્વહ"ની "રિકાઅ્" અને કુર્આન મજીદમાં જે

رَكْوَةٌ وَّرِكَاءٌ وَمَنَاصٍ لَيْسَ حِيْنَ فِرَارٍ ۔

ફર્માવ્યું : وَلَاتَ حِيۡنَ مَنَاص "એનો અર્થ છે કે ફરાર (ભાગવા)નો સમય નથી.

(બુખારી ૧/૨૨૬ મનાસિક, ૧/૪૨૧ જેહાદ, ૨/૬૩૩ મગાઝી, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ–નિસાઈ, ઈબ્ને માજહ–મનાસિક, મોઅત્તા ઈમામ માલિક)

ઘણા જ મહત્વના અને પાયાના પયગામો પહોંચાડયા હતા. ઈર્શાદ ફર્માવ્યો હતો : هل بلغت એનું ત્રીજુ નામ હજ્જતુલ ઈસ્લામ પણ છે. **ઈસ્લામ પછી એ પ્રથમ હજ્જ હતો જેમાં કોઈ મુશ્રિક શરીક ન થયો હતો.** عنق સામાન્ય નિયમ પ્રમાણે ચાલવાને કહે છે. نص પૂરી શક્તિભેર દોડવું. કેમ કે સૂર્ય ડૂબ્યા બાદ અરફાતથી ચાલવામાં આવે છે અને મુઝદલ્ફા ત્યાંથી ત્રણ માઈલ છે. અરફાતનો સઘળો મજમો સાથે હતો, ત્યાં જલ્દી પહોંચીને મગરિબ તથા ઈશા સાથે પઢવાની છે. એટલા માટે જયારે મોકો મળતો તો ઊંટણીને દોડાવી દેતા. નહીં તો જે રીતે શક્ય હોતુ ચાલતા. મુઝદલ્ફાથી મિનાની વાપસીમાં સુકૂન તથા વકારની સાથે માર્ગ કાપ્યો, અલ્બત્ત વાદીએ મુહસ્સરમાં પૂરી શક્તિભેર જાનવરને દોડાવતા. જેમ કે તિર્મિઝીમાં છે (૧૦–હજ્જ) : **વાદીએ મુહસ્સર** જ તે જગા છે **જ્યાં અબરહાની ફોજના હાથી રોકાઈ ગયા હતા.** મહાવતો એ ખૂબ જ કોશિશ કરી પણ આગળ ન વધ્યા. અહીં કાંકરીઓ વડે અબરહાનું પૂરુ લશ્કર તબાહ તથા બર્બાદ થયું હતું. કેમ કે **આ જગા અઝાબના ઉતરાણની હતી** એટલા માટે ત્યાંથી ઝડપભેર પસાર થઈ ગયા.

**હિદાયત** : સામાન્ય હાજીઓ ન આ મનોહર વાતોથી વાકેફ હોય છે ન તેમને એની સાથે દિલચસ્પી હોય છે. અને જેમને ખબર પણ હોય છે તેઓ શરીરના આરામ ખાતર મોટરોથી સફર કરે છે. જયારે કે મોટર કરતાં પગપાળાં મિના આવવામાં આસાની પણ છે અને સમયની બચત પણ. સવારનો સુહાનો ઠંડો સમય હોય છે, ખૂબ જ આરામ સાથે માર્ગ કપાઈ જાય છે. એમાં બે મહત્વના ફાયદા છે : એક એ કે વાદીએ મુહસ્સરમાં દોડવાની સુન્નત નસીબ થઈ જાય છે, બીજુ કે મસ્નૂન સમયમાં રમી થઈ જાય છે. એ વખતે ભીડ પણ ઓછી હોય છે. વળી માણસ હિંમત કરે તો એ જ દિવસે કુર્બાની કરીને એહરામ ખોલીને તવાફે ઝિયારત પણ કરી શકે છે. આ ખાદિમને એના રબ ﷻએ એ તૌફીક આપી કે મુઝદલ્ફા મિના પગપાળા આવ્યો. **فالحمد على ذلك**

**مناص** : આ હદીષમાં نَصَّ ـ આવ્યું છે. એના મુનાસિબ કુર્આન મજીદમાં وَلَاتَ حِيۡنَ مَنَاص છે, એટલા માટે આદત મુજબ ઈમામ બુખારીએ શબ્દ "મનાસ"ની તફસીર કરી કે "મનાસ"નો અર્થ ફરાર (ભાગવું) છે. જો કે نَصَّ તથા مَنَاصَના માદ્દા અલગ અલગ છે. نَصَّ મુઝાઅફ છે અને "મનાસ" અજવફે વાવી, એનો મસ્દર نوصٌ છે. મનાસ મસ્દરે મીમી પણ છે અને ઈસ્મે ઝરફ પણ. મસ્દરનો અર્થ ફરાર થાય છે અને ઈસ્મે ઝરફનો અર્થ ફરારની જગા છે.

અમુક લોકોએ હઝરત ઈમામ બુખારી પર એ બદ્ગુમાની કરી છે કે એમને વહેમ થઈ ગયો હતો કે મનાસ તથા નસનો માદ્દો એક જ છે એટલા માટે એને વર્ણન કરેલ છે. આ اِنَّ بَعۡضَ الظَّنِّ اِثۡمٌ ـની કબીલથી છે, હઝરત ઈમામ બુખારીની જલાલતે શાન એનાથી પાક છે કે તે આવો હલકો વહેમ કરે.

حدیث ۹۸۵ عَنْ نَافِعٍ قَالَ كَانَ عَبْدُ اللّٰهِ بْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى

[હદીષ : ૯૮૫] "નાફેએ કહ્યું, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما જમઅ (મુઝદલ્ફા)માં

عَنْهُمَا يَجْمَعُ بَيْنَ الْمَغْرِبِ وَالْعِشَاءِ بِجَمْعٍ غَيْرَ أَنَّهُ يَمُرُّ بِالشِّعْبِ

મગરિબ તથા ઈશા સાથે સાથે પઢતા હતા અને તે એ ઘાટીમાં પણ જતા હતા જ્યાંથી રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم

الَّذِي أَخَذَهُ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَيَدْخُلُ فِيهِ

તશરીફ લઈ ગયા હતા. અને ત્યાં કઝાએ હાજત કરતા અને વુઝૂ કરતા અને નમાઝ ન પઢતા,

فَيَنْتَفِضُ وَيَتَوَضَّأُ وَلَا يُصَلِّي حَتّٰى يُصَلِّيَ بِجَمْعٍ

જમઅમાં આવીને પઢતા." (બુખારી ૧/૨૨૬ મનાકિબ, મુસ્લિમ–હજ્જ)

حدیث ۹۸۶ عَنْ أُسَامَةَ بْنِ زَيْدٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا ثُمَّ رَدِفَ

[હદીષ : ૯૮૬] "હઝરત ઓસામા બિન ઝયદ رضی اللہ عنہما થી રિવાયત છે.

الْفَضْلُ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ غَدَاةَ جَمْعٍ قَالَ

ત્યારબાદ જમઅની સવારે ફઝ્લ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની

كُرَيْبٌ فَأَخْبَرَنِي عَبْدُ اللّٰهِ بْنُ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا عَنْ

પાછળ સવાર થયાં. ફઝલથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم

## સમજૂતી : ૯૮૫

આ હદીષથી સાબિત થયું કે અફઝલ એ છે કે મુઝદલ્ફા પહોંચતા પહેલાં માર્ગમાં ક્યાંક રોકાઈને જરૂરિયાતથી ફારિગ થઈ જાય, પણ માર્ગમાં ક્યાંય મગરિબની નમાઝ ન પઢે. અફઝલ એ છે કે અરફાત અને મુઝદલ્ફા વચ્ચે માર્ગમાં બાવુઝૂ રહે, ત્યાં સુધી કે જો વુઝૂ તૂટી જાય તો ફરી વુઝૂ કરી લે. એનાથી જાણવા મળ્યું કે હુઝૂર અક્દસ صلی اللہ علیہ وسلم ની પયરવી (ઈત્તેબાઅ) દરેક બાબતોમાં ભલાઈનો સબબ છે, ત્યાં સુધી કે પ્રાકૃતિક આદતો તથા જરૂરતોમાં પણ.

## સમજૂતી : ૯૮૬

ભાગ–૧, કિતાબુલ વુઝૂ પેજ–૪૫૨ પર આ હદીષનો પ્રારંભિક હિસ્સો વર્ણન થઈ ચૂક્યો છે કે અરફાતથી પરત થતાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની પાછળ હઝરત ઓસામા સવાર હતા. જ્યારે એ ડાબી ઘાટી પર પહોંચ્યા જે મુઝદલ્ફાની નજીક છે તો ઊંટ બેસાડયું અને પેશાબ કર્યો પછી તશરીફ લાવ્યા તો મેં વુઝૂનું પાણી રેડયું. હલ્કુ વુઝૂ કર્યું. મેં અર્ઝ કરી, નમાઝ ?! તો ફર્માવ્યું, નમાઝ તારી આગળ છે. ત્યાર બાદ સવાર થયા ત્યાં સુધી કે મુઝદલ્ફા આવ્યા, અને સંપૂર્ણ વુઝૂ કર્યું. ત્યારબાદ ઈક઼ામત થઈ તો મગરિબ પઢી પછી દરેકે પોત પોતાની

الْفَضْلَ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَمْ يَزَلْ يُلَبِّيْ

જ્યાં સુધી જમરા ન પહોંચ્યા સતત

حَتّٰى بَلَغَ الْجَمْرَةَ

લબ્બૈક પોકારતા રહ્યા." (બુખારી ૧/૨૨૬ મનાસિક)

حدیث ۹۸۷

اَخْبَرَنِىْ سَعِيْدُ بْنُ جُبَيْرٍ مَوْلٰى وَالِبَةَ الْكُوْفِيُّ قَالَ

"વાલિબહ કૂફીના મૌલા હઝરત સઈદ બિન જુબૈર (શહીદ)એ ખબર આપી કે [હદીષ : ૯૮૭]

حَدَّثَنِىْ ابْنُ عَبَّاسٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّهُ دَفَعَ مَعَ النَّبِيِّ

મને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ હદીષ વર્ણવી કે તે રસૂલુલ્લાહ ﷺની સાથે (અરફાતથી) યૌમે

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَوْمَ عَرَفَةَ فَسَمِعَ النَّبِيُّ صَلَّى اللّٰهُ

અરફા ચાલ્યા તો નબી ﷺએ પોતાની પાછળ સખત ધમકાવવાનું તથા ફટકારવાનું

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَرَاءَهُ زَجْرًا شَدِيْدًا وَضَرْبًا بِالْاِبِلِ فَاَشَارَ

તથા ઊંટો પર માર પડવાનું સાંભળ્યું તો પોતાના કોરડા વડે ઈશારો કર્યો, હે લોકો !

بِسَوْطِهٖ اِلَيْهِمْ وَقَالَ اَيُّهَا النَّاسُ عَلَيْكُمْ بِالسَّكِيْنَةِ فَاِنَّ الْبِرَّ

સુકૂનની સાથે ચાલો ! દોડવું નેકી નથી. اَوْضَعُوْا નો અર્થ اَسْرَعُوْا છે خِلَالَكُمْ مِنَ التَّخَلُّلِ بَيْنَكُمْ થી છે

જગાએ ઊંટ બેસાડયાં ત્યારબાદ ઈશાની નમાઝ થઈ. આ બંનેવ નમાઝોના વચ્ચે કોઈ નમાઝ ન પઢી. ત્યારબાદ આ હિસ્સો છે જે અમે અહીં વર્ણવ્યો છે.

## સમજૂતી : ૯૮૭

والبہ (વાલિબહ) બની અસદની એક શાખ છે. હઝરત સઈદ બિન જુબૈર એ કબીલાના ગુલામ હતા. તેમને હજ્જાજ જાલિમે હિ.સ. ૯૫માં શહીદ કરી નાખ્યા. લોકોને મુઝદલ્ફા પહોંચવાની ઉતાવળ હતી જેથી ઊંટોને ધમકાવી રહ્યા હતા, તેમના પર કોરડા વરસાવી રહ્યા હતા. રહમતે આલમને પસંદ ન પડયું તો લોકોને ચેતવણી આપી કે ઉતાવળ ન કરો અને ઊંટોને ન સતાવો. જાનવરને દોડાવવું નેકી નથી. ભીડમાં જાનવરોને દોડાવવું ખતરનાક પણ છે.

આ હદીષમાં بالایضاع આવ્યું છે, એનો અર્થ દોડાવવું છે. અને કુર્આને કરીમમાં એનો જ સેગો જમા મુઝક્કર لا وضعوا આવ્યો છે. ઈર્શાદ છે : لَوْ خَرَجُوْا فِيْكُمْ مَا زَادُوْكُمْ اِلَّا خَبَالًا وَلَاَوْضَعُوْا خِلَالَكُمْ يَبْغُوْنَكُمُ الْفِتْنَةَ "જો તેઓ તમારામાં નીકળતા તો એના સિવાય અન્ય કાંઈ ન થતું કે તમને નુકસાન વધુ થાત અને તમારા વચ્ચે ફસાદ ફેલાવવા માટે દોડતા." (તૌબા-૪૭)

એટલા માટે ઈમામ બુખારીએ આદત મુજબ اوضعوا તથા خلالکمની તફસીર ફર્માવી કે اوضعواનો અર્થ

لَيْسَ بِالْإِيضَاعِ﴾ أَوْضَعُوا أَسْرَعُوا. خِلَالَكُمْ مِنَ التَّخَلُّلِ

અને بَيْنَهُمَا માં خَلَا لَهُمَا નો અર્થ فَجَّرْنَا خَلَا لَهُمَا નો છે,

بَيْنَكُمْ وَفَجَّرْنَا خِلَالَهُمَا بَيْنَهُمَا.

એટલે એ બંનેવ વચ્ચે.'' (બુખારી ૧/૨૨૭ મનાસિક)

حديث ٩٨٨ عَنْ سَالِمِ بْنِ عَبْدِ اللّٰهِ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى

[હદીષ : ૯૮૮] ''હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું કે

عَنْهُمَا قَالَ جَمَعَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بَيْنَ الْمَغْرِبِ

નબી ﷺ એ જમઅમાં મગરિબ તથા

وَالْعِشَاءِ بِجَمْعٍ كُلَّ وَاحِدٍ مِنْهُمَا بِإِقَامَةٍ وَلَمْ يُسَبِّحْ بَيْنَهُمَا وَلَا

ઈશા મિલાવીને પઢી, દરેક એક ઈક઼ામત સાથે

عَلٰى إِثْرِ كُلِّ وَاحِدَةٍ مِنْهُمَا﴾

અને એ બંનેવ વચ્ચે નફલ ન પઢી, અને ન એ બંનેવમાં કોઈના પછી.''

(બુખારી ૧/૨૨૭ મનાસિક, અબૂ દાઊદ–હજ્જ, નિસાઈ–હજ્જ, સલાત)

اسرعوا છે, એટલે દોડતા અને ખિલાલનો અર્થ દરમ્યાન છે, જેમ કે نخللનો દરમ્યાનની ખાલી જગા છે. એક અન્ય આયતમાં છે : وَفَجَّرْنَا خِلَٰلَهُمَا نَهَراً ''અને અમે એ બંને બાગો વચ્ચે નહેર વહાવી.'' (કહફ–૩૨)

આ આયતમાં પણ ખિલાલનો અર્થ દરમ્યાન છે એને પણ ઈમામ બુખારીએ સ્પષ્ટ કરી આપ્યું.

**સમજૂતી : ૯૮૮**

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની હદીષથી સાબિત થયું કે મુઝદલ્ફામાં એક અઝાન એક ઈક઼ામતથી મગરિબ અને ઈશા એ રીતે મિલાવીને પઢવામાં આવે કે બંનેવની વચ્ચે મગરિબની સુન્નતે મોઅક્કદા પણ ન પઢવામાં આવે. એ જ આપણો મઝહબ છે. સુન્નતોના બારામાં અલ્બત્ત આપણો મઝહબ એ છે કે ઈશાના ફર્ઝો બાદ પઢે. અને આ હદીષમાં એ છે કે ન એ બંને વચ્ચે નફલ પઢે અને ન એના પછી. બંનેવ વચ્ચે ન પઢવાની વાત તો ક઼તઈ (નિશ્ચિત) છે કેમ કે રાવી મૌજૂદ હતા તેમણે ખૂદ જોયું. એ પ્રમાણે એ પણ યક઼ીની છે કે ઈશા પછી પણ ત્યાં તુરંત નથી પઢી. પરંતુ એવું થઈ શકે છે કે રાતમાં કોઈ સમયે પઢી હોય, એટલા માટે એ આપણા મઝહબથી વિરુદ્ધ નથી. અને હઝરત અબૂ ઐયૂબ رضی اللہ عنہ ની હદીષમાં ન અઝાનનો ઉલ્લેખ છે ન ઈક઼ામતનો, અને નફલ પઢવાનો અને ન પઢવાનો. અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ની હદીષમાં છે કે મગરિબના માટે પણ અઝાન તથા ઈક઼ામત કહેવડાવી અને ઈશા માટે પણ. તેમજ એ કે મગરિબ પછી બે રકાતો પઢી, તેમજ એ કે બંને નમાઝોને મિલાવીને નથી પઢી, બલ્કે એના વચ્ચે ખાણુ ખાધુ. એનાથી ઉલ્ટુ હઝરત જાબિરની લાંબી હદીષ જે મુસ્લિમ (૧/૩૯૮ હજ્જ) તથા ઈબ્ને માજહ (મનાસિક ૨૨૮)માં છે. એમાં આ પ્રમાણે છે : ولم يسبح بينهما મગરિબ તથા ઈશા વચ્ચે નફલ ન પઢી. એ જ પ્રમાણે ખૂદ હઝરત જાબિરથી મુસન્નફે ઈબ્ને અબી શયબા

(ફત્હુલ કદીર ૨/૩૭૭)માં જે રિવાયત છે એમાં એ ખુલાસો છે કે રસૂલુલ્લાહ ﷺએ જમામાં મગરિબ તથા ઈશા એક અઝાન તથા એક ઈકામતથી પઢી. એ જ પ્રમાણે મુસ્લિમ (૧/૪૧૭ હજ્જ)માં છે કે હઝરત સઈદ બિન જુબૈર શહીદ ફર્માવે છે કે અમે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماની સાથે જમઅ પહોંચ્યા તો તેમણે અમને મગરિબ તથા ઈશા એક અઝાન તથા એક ઈકામતથી પઢાવી અને ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺએ આ જગાએ અમને આ રીતે જ નમાઝ પઢાવી હતી. અને ઈમામ અબૂશયખ (ફત્હુલ કદીર–૩૭૭)એ એ જ હઝરત સઈદ બિન જુબેર શહીદથી જ રિવાયત કરી છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નબી ﷺના બારામાં ફર્માવે છે કે મુઝદલ્ફામાં મગરિબ તથા ઈશા એક ઈકામતથી પઢી. અબૂ દાઊદ (૧/૨૬૭ મનાસિક)માં અશઅષ ઈબ્ને સુલૈમ અન અબીહી રિવાયત કરે છે કે હઝરત ઈબ્ને ઉમરે મુઝદલ્ફા પહોંચ્યા પછી કોઈને અઝાન તથા ઈકામતનો હુકમ આપ્યો અને ત્રણ રકાત મગરિબ પઢી પછી અમારા પ્રતિ ધ્યાનિત થઈને ફર્માવ્યું, નમાઝ ! પછી ઈશા પઢી. એનાથી ફારિગ થઈને ખાણુ માગ્યું અને ખાધુ. અશઅષ ઈબ્ને સુલૈમે એ પણ કહ્યું કે મારા બાપની જેમ ઈલાજ ઈબ્ને અમ્રએ પણ ખબર આપી છે અને એ કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺની સાથે આ રીતે જ પઢયું છે. એ સૌથી ઉલ્ટુ મુસ્લિમ વગેરેમાં હઝરત જાબિરની લાંબી હદીષમાં છે. મગરિબ તથા ઈશા બે અઝાન અને બે ઈકામતથી પઢી. હવે જ્યારે કે હદીષોમાં ટકરાવ છે તો અહનાફ (હનફીઓ)એ ફર્માવ્યું કે અરફાતમાં મસ્લેહતનો તકાઝો એ છે કે ઝોહર તથા અસ્ર એક ઈકામતથી પઢ વામાં આવે એટલા માટે કે ત્યાં અસર સમયથી પહેલાં પઢવામાં આવે છે. એનો ખતરો છે કે અવામ ઝોહર પઢ તાં જ વેર વિખેર થઈ જાય એટલા માટે અસરના માટે ઈકામત કહેવડાવવામાં આવે. જ્યારે અહીં મુઝદલ્ફામાં જમામાં મોડુ છે એટલે કે મગરિબ ઈશાના સમયમાં પઢવામાં આવી રહી છે એટલા માટ એનો રજ માત્ર વહેમ પણ નથી રહેતો કે લોકો એવો ખયાલ કરે કે હમણા ઈશા નહીં પઢવામાં આવે. એટલા માટે અમે હઝરત ઈબ્ને ઉમર તથા હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની એ રિવાયતોને અગ્રતા આપી અને હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી જે મરવી છે એના પર પણ આપણો અમલ છે કે જો કોઈ મગરિબ તથા ઈશા મિલાવીને ન પઢે અને દરમ્યાનમાં ખાય પીએ તો તે બંનેવને બે અઝાન તથા બે ઈકામતથી પઢે, અને મગરિબની સુન્નતો મગરિબ બાદ અને ઈશાની સુન્નતો ઈશા બાદ પઢે.

**تحولان عن وقتها** : આજે મગરિબનો સમય બદલી નાખવામાં આવ્યો છે, ગુરૂબે શફકથી પહેલાંના બદલે ગુરૂબે શફકથી બાદ કરી દેવામાં આવ્યો છે અને ફજર જે સમયમાં હમેશાં પઢવામાં આવતી હતી તેના બદલે શરૂ સમયમાં પઢવામાં આવશે. એટલા માટે હમેશાં અજવાળુ કરીને પઢવામાં આવતી હતી હવે શરૂ સમયે અંધારામાં પઢવામાં આવશે. જેથી વુકૂફના માટે વધુમાં વધુ સમય મળી શકે. ત્યાર બાદ **باب متى يصلى الفجر بجمع**માં છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદે એટલી જલ્દી નમાઝ પઢી કે કોઈ કહેતું ફજર તુલૂઅ થઈ, કોઈ કહેતુ નહીં.

**وقوف مزدلفه** : (વુકૂફે મુઝદલ્ફા) એનો સમય તુલૂએ ફજર અને તુલૂએ આફતાબ (સૂર્યોદય)ની વચ્ચેનો છે અને આપણે ત્યાં વાજિબ છે ફર્ઝ નથી. એટલા માટે કે એની સાબિતી ખબરે વાહિદથી છે, કોઈ કતઈ ષબૂત કતઈ દલીલ રૂપ નસથી નથી. તેમજ હમણા હદીષ આવી રહી છે કે હુઝૂરે અકદસ ﷺએ પોતાનાં કમજોર અહલ (ઘરવાળાં)ને રાતમાં જ મિના મોકલી આપ્યાં હતાં, જો ફર્ઝ હોત તો આવું કદી ન કરતા. વાજિબ હોવાની દલીલ આ હદીષ છે : ઉરવા બિન મુઝર્રસ કહે છે, હું રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં (મુઝદલ્ફા)ના મૌકિફમાં હાજર થયો અને અર્ઝ કરી, હું જબલે તયથી હાજર થયો છું, મેં મારી સવારીને બેદમ કરી નાખી, પોતાની જાતને થકવી દીધી. આ પહાડોમાંથી કોઈ પહાડ એવો નથી જ્યાં મેં વુકૂફ ન કર્યો હોય. તો ફર્માવ્યું, જે અમારી સાથે આ નમાઝ મેળવી લે એટલે કે ફજરની નમાઝ મુઝદલ્ફામાં અને એના પહેલાં અરફા હોય, આવ્યો હોય ચાહે રાતમાં ચાહે દિવસમાં, તો એનો હજ્જ પૂરો થઈ ગયો. (અલ્અરબઆ, ફિલ્હજ્જ) હજ્જની પરિપૂર્ણતાને મુઝદલ્ફાના વુકૂફ પર પણ મૌકૂફ ફર્માવ્યું આ દલીલ વાજિબ હોવાની છે. પણ કેમ કે ખબરે વાહિદ છે એટલા માટે ફર્ઝિયત માટે લાભદાયી નથી.

حدیث ۹۸۹ حَدَّثَنِیْ اَبُوْ اَیُّوْبَ الْاَنْصَارِیُّ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ

"હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ એ હદીષ વર્ણન કરી [હદીષ : ૯૮૯]

اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ جَمَعَ فِیْ حَجَّۃِ الْوَدَاعِ

કે રસૂલુલ્લાહ ﷺ એ હજ્જતુલ વિદાઅના મોકા પર મુઝદલ્ફામાં

الْمَغْرِبَ وَالْعِشَاءَ بِالْمُزْدَلِفَۃِ عــہ

મગરિબ તથા ઈશા મિલાવીને પઢી." (બુખારી ૧/૨૨૭ મનાસિક)

حدیث ۹۹۰ سَمِعْتُ عَبْدَ الرَّحْمٰنِ بْنَ یَزِیْدَ یَقُوْلُ حَجَّ عَبْدُ اللّٰہِ فَاَتَیْنَا

"અબ્દુર્રહમાન બિન યઝીદ કહે છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ એ [હદીષ : ૯૯૦]

الْمُزْدَلِفَۃَ حِیْنَ الْاَذَانِ بِالْعَتَمَۃِ اَوْ قَرِیْبًا مِّنْ ذٰلِکَ فَاَمَرَ رَجُلًا فَاَذَّنَ

હજ્જ કર્યો અને મુઝદલ્ફા ઈશાની અઝાનના સમયે પહોંચ્યા અથવા એની નજીક, તો એક શખ્સને

وَاَقَامَ ثُمَّ صَلَّی الْمَغْرِبَ وَصَلّٰی بَعْدَھَا رَکْعَتَیْنِ ثُمَّ دَعَا بِعَشَائِہٖ

હુકમ આપ્યો તો તેણે અઝાન તથા ઈક઼ામત કહી પછી મગરિબ પઢી, અને તેના પછી બે રકાત નમાઝ પઢી

فَتَعَشّٰی ثُمَّ اَمَرَ اُرٰی فَاَذَّنَ وَاَقَامَ قَالَ عَمْرٌو وَّلَا اَعْلَمُ الشَّکَّ

પછી ખાવા મંગાવ્યું અને ખાધુ. પછી હુકમ આપ્યો, હું ગુમાન કરું છું તો તેણે અઝાન તથા ઈક઼ામત કહી.

اِلَّا مِنْ زُھَیْرٍ ثُمَّ صَلَّی الْعِشَاءَ رَکْعَتَیْنِ فَلَمَّا طَلَعَ الْفَجْرُ قَالَ اِنَّ

અમ્ર બિન ખાલિદે કહ્યું, આ શક ઝુહૈરને થયો. ત્યારબાદ ઈશાની બે રકાત પઢી અને જ્યારે ફજર ચમકી તો

النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ کَانَ لَا یُصَلِّیْ ھٰذِہِ السَّاعَۃَ اِلَّا

ફર્માવ્યું કે નબી ﷺ સિવાય આ નમાઝના અને તે પણ આ જગ્યાના અને આ દિવસના અન્ય કોઈ નમાઝ

ھٰذِہِ الصَّلٰوۃَ فِیْ ھٰذَا الْمَکَانِ مِنْ ھٰذَا الْیَوْمِ قَالَ عَبْدُ اللّٰہِ ھُمَا

આ સમયે પઢતા ન હતા. અબ્દુલ્લાહે ફર્માવ્યું, આ બંનેવ નમાઝો પોતાના સમયોથી

صَلٰوتَانِ تُحَوَّلَانِ عَنْ وَّقْتِھِمَا صَلٰوۃُ الْمَغْرِبِ بَعْدَ مَا یَاْتِی النَّاسُ

હટાવી દેવામાં આવી છે. મગરિબની નમાઝ લોકોના મુઝદલ્ફા પહોંચ્યા

الْمُزْدَلِفَةِ وَالْفَجْرُ مِنْ حِيْنِ يَنْزِعُ الْفَجْرُ قَالَ رَأَيْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ

બાદ અને ફજર જ્યારે સુબ્હ સાદિક ચમકે. ફર્માવ્યું,

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَفْعَلُهُ ؎

મેં નબી ﷺને આવુ કરતા જોયા છે." (બુખારી ૧/૨૨૭, ૨૨૮, મનાસિક, નિસાઈ)

حدیث ۹۹۱ قَالَ سَالِمٌ وَكَانَ عَبْدُ اللّٰهِ بْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا

[હદીષ : ૯૯૧] "સાલિમે કહ્યું, અને ઈબ્ને ઉમર رضی اللہ عنہما પોતાનાં કમજોર

يُقَدِّمُ ضَعَفَةَ أَهْلِهِ فَيَقِفُوْنَ عِنْدَ الْمَشْعَرِ الْحَرَامِ بِالْمُزْدَلِفَةِ بِلَيْلٍ

અહલો અયાલ (ઘરવાળાંઓ)ને પ્રથમ મોકલી આપતા જેઓ મશ્અરે હરામની પાસે મુઝદલ્ફામાં

فَيَذْكُرُوْنَ اللّٰهَ مَا بَدَا لَهُمْ ثُمَّ يَرْجِعُوْنَ قَبْلَ أَنْ يَقِفَ الْإِمَامُ وَ

રાતમાં વુકૂફ કરતા અને જેટલો એમનો જીવ ચાહતો અલ્લાહનો ઝિક્ર કરતા. પછી ઈમામના વુકૂફ અને

قَبْلَ أَنْ يَدْفَعَ فَمِنْهُمْ مَنْ يَقْدَمُ مِنًى لِصَلٰوةِ الْفَجْرِ وَمِنْهُمْ

ઈમામના પરત થવાથી પહેલાં પરત થતા. અમુક તો મિના આવી જતા, ફજરની નમાઝના માટે, અને અમુક

مَنْ يَقْدَمُ بَعْدَ ذٰلِكَ فَإِذَا قَدِمُوْا رَمَوُا الْجَمْرَةَ وَكَانَ ابْنُ عُمَرَ

એના બાદ, અને જે વખતા મિના આવત તો જમરા પર કાંકરી મારતા અને

يَقُوْلُ أَرْخَصَ فِيْ أُولٰئِكَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

ઈબ્ને ઉમર ફર્માવાતા હતા કે રસૂલુલ્લાહ ﷺએ એ લોકોને એના બારામાં

وَسَلَّمَ ؎

ઈજાઝત આપી છે." (બુખારી ૧/૨૨૮ મનાસિક, મુસ્લિમ-હજ્જ)

حدیث ۹۹۲ عَنْ عِكْرِمَةَ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا

[હદીષ : ૯૯૨] "હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું કે મને

قَالَ بَعَثَنِي النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مِنْ جَمْعٍ بِلَيْلٍ ؎

નબી ﷺએ જમઅથી રાતે જ મોકલી આપ્યો હતો." (બુખારી ૧/૨૨૮ મનાસિક)

حدیث ۹۹۳ اَخْبَرَنِیْ عُبَیْدُ اللّٰہِ بْنُ اَبِیْ یَزِیْدَ سَمِعَ ابْنَ عَبَّاسٍ

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما કહે છે કે હું એ લોકોમાં હતો જેમને નબી ﷺ એ **[હદીષ : ૯૯૩]**

رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا یَقُوْلُ اَنَا مِمَّنْ قَدَّمَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی

મુઝદલ્ફાની રાતમાં પોતાના ઘરવાળાંઓનાં કમજોર લોકોમાં (મિના)

عَلَیْہِ وَسَلَّمَ لَیْلَۃَ الْمُزْدَلِفَۃِ فِیْ ضَعَفَۃِ اَھْلِہٖ

પહેલા મોકલી આપ્યા હતા.''

(બુખારી ૧/૨૨૮ મનાસિક, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ : હજ્જ)

حدیث ۹۹۴ حَدَّثَنَا عَبْدُ اللّٰہِ مَوْلٰی اَسْمَاءَ عَنْ اَسْمَاءَ اَنَّھَا نَزَلَتْ

''હઝરત અસ્માના ગુલામ અબ્દુલ્લાહે હદીષ બયાન કરી કે તે જમઅની રાત્રે **[હદીષ : ૯૯૪]**

لَیْلَۃَ جَمْعٍ عِنْدَ الْمُزْدَلِفَۃِ فَقَامَتْ تُصَلِّیْ فَصَلَّتْ سَاعَۃً ثُمَّ

મુઝદલ્ફાની નજીક ઉતર્યાં અને ઉભા થઈ ગયાં અને મોડે સુધી નમાઝ પઢતાં રહ્યાં. પછી ફર્માવ્યું,

قَالَتْ یَا بُنَیَّ ھَلْ غَابَ الْقَمَرُ قُلْتُ لَا فَصَلَّتْ سَاعَۃً ثُمَّ قَالَتْ

હે બેટા ! શું ચાદ ડૂબી ગયો ? મેં અર્ઝ કરી, નહીં ! પછી મોડે સુધી નમાઝ પઢી અને ફર્માવ્યું, હે બેટા !

یَا بُنَیَّ ھَلْ غَابَ الْقَمَرُ قُلْتُ نَعَمْ قَالَتْ فَارْتَحِلُوْا فَارْتَحَلْنَا فَمَضَیْنَا

શું ચાંદ ડૂબી ગયો ? મેં અર્ઝ કરી, હા ! તો ફર્માવ્યું, કૂચ કરો ! તો અમે કૂચ કરી અને ચાલ્યા ત્યાં સુધી કે

حَتّٰی رَمَتِ الْجَمْرَۃَ ثُمَّ رَجَعَتْ فَصَلَّتِ الصُّبْحَ فِیْ مَنْزِلِھَا

જમરા પર કાંકરી મારી. એના પછી પરત થયાં અને સવારની નમાઝ પોતાના રોકાણના સ્થાન પર પઢી. મેં

**સમજૂતી : ૯૯૩** આ હદીષ સિહાહ સિત્તહમાં પાંચ તરીક઼ાઓથી રિવાયત પામી છે, એ સૌનો સાર એ છે કે ભીડથી બચાવવા માટે હુઝૂરે અક઼દસ ﷺ એ બની હાશિમના અમુક નાના બાળકો તથા પોતાની અમુક અઝવાજે મુતહ્હરાત (પુનિત પત્નીઓ) અને સામાનની સાથે હઝરત ઈબ્ને અબ્બાસને પણ સવારના સમયે મુઝદલ્ફાથી મિના મોકલી આપ્યા હતા અને એ હિદાયત ફર્માવી આપી હતી કે જ્યાં સુધી સૂર્ય ન નીકળી આવે કાંકરી ન મારે.

**સમજૂતી : ૯૯૪** ظعنیہ، ظُعُن નું બહુવચન છે, એનો અર્થ સ્ત્રી છે. એ હવદજ (ઊંટ પર છતવાળી બેઠક)ને પણ કહે છે જેમાં સ્ત્રી હોય. એ જ પ્રમાણે તે ઊંટને પણ જેના પર સ્ત્રી સવાર હોય. ظعن ઊંટના અર્થમાં છે. بَطِیَّۃ શરીર ભારે થઈ જવાના કારણે ચાલવા ફરવામાં સુસ્ત થઈ જનારી સ્ત્રીનાં અર્થમાં છે. એના પહેલાં જે રિવાયત છે એમાં છે ثَبِجَۃً ـ ثقیلۃ ભારે શરીરવાળાં સુસ્ત હતાં.

فَقُلْتُ لَهَا يَا هَنْتَاهُ مَا أُرَانَا إِلَّا قَدْ غَلَّسْنَا قَالَتْ يَا بُنَيَّ إِنَّ رَسُوْلَ

તેમને અર્ઝ કર્યું, હે હુઝૂર ! મારું એવું ગુમાન છે કે આપણે ખૂબ જ શરૂ શરૂ સવારમાં ચાલ્યા આવ્યાં. તો

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ أَذِنَ لِلظُّعُنِ

ફર્માવ્યું, હે બેટા ! રસૂલુલ્લાહ ﷺએ સ્ત્રીઓને એની ઈજાઝત આપી છે."

(બુખારી ૧/૨૨૮ મનાસિક, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ–મનાસિક, મોઅત્તા ઈમામ માલિક–હજ્જ, મુસ્નદે ઈમામ અહમદ)

حدیث ۹۹۵ — عَنِ الْقَاسِمِ بْنِ مُحَمَّدٍ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ

**[હદીષ : ૯૯૫]** "કાસિમ બિન મુહમ્મદ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી

تَعَالٰى عَنْهَا قَالَتْ نَزَلْنَا الْمُزْدَلِفَةَ فَاسْتَأْذَنَتِ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى

રિવાયત કરે છે કે તેમણે ફર્માવ્યું, અમે મુઝદલ્ફામાં ઉતર્યા તો સૌદાએ નબી ﷺથી ઈજાઝત

عَلَيْهِ وَسَلَّمَ سَوْدَةُ أَنْ تَدْفَعَ قَبْلَ حَطْمَةِ النَّاسِ وَكَانَتْ

ચાહી કે લોકોની ભીડથી પહેલાં ચાલી નીકળે અને સુસ્ત સ્ત્રી હતાં. હુઝૂરે તેમને ઈજાઝત આપી દીધી

اِمْرَأَةً بَطِيئَةً فَأَذِنَ لَهَا فَدَفَعَتْ قَبْلَ حَطْمَةِ النَّاسِ وَأَقَمْنَا حَتّٰى

અને તે લોકોની ભીડથી પહેલાં જ ચાલી નીકળ્યાં અને અમે સવાર સુધી રોકાઈ રહ્યા પછી હુઝૂરની

أَصْبَحْنَا نَحْنُ ثُمَّ دَفَعْنَا بِدَفْعِهِ فَلَأَنْ أَكُوْنَ اسْتَأْذَنْتُ رَسُوْلَ اللّٰهِ

સાથે ચાલ્યા. કાશ ! કે મેં પણ રસૂલુલ્લાહ ﷺથી સૌદાની જેમ ઈજાઝત લઈ લીધી હોત તો મને દરેક

كَمَا اسْتَأْذَنَتْ سَوْدَةُ أَحَبُّ إِلَيَّ مِنْ مَفْرُوْحٍ بِهِ

ખુશીથી વધુ ખુશી થાત." (બુખારી ૧/૨૨૮ મનાસિક, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ–મનાસિક, નિસાઈ–સલાત–હજ્જ)

આ હદીષ આપણી દલીલ છે કે વુકૂફે મુઝદલ્ફા ફર્ઝ નથી, વાજિબ છે. નહીં તો સ્ત્રીઓ તથા કમજોરોને વુકૂફથી પહેલાં મિના કદાપિ ન મોકલતા. ફર્ઝ અદા કર્યા વિના સાકિત થતો નથી. દા.ત. વુકૂફે અરફા, તવાફે ઝિયારત ફર્ઝ છે, ભીડ હોય, બીમાર હોય કાંઈ પણ હોય અદા કર્યા વિના અદા થશે નહીં. અને કોઈ કેટલો પણ કમજોર હોય એના પર એ બંનેને અદા કરવું લાઝિમ (અનિવાર્ય) છે.

حديث
٩٩٦

عَنْ عَبْدِ الرَّحْمٰنِ عَنْ عَبْدِ اللّٰهِ قَالَ مَا رَأَيْتُ النَّبِيَّ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ એ ફર્માવ્યું, મેં નબી ﷺ ને નથી **[હદીષ : ૯૯૬]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ صَلّٰى صَلٰوةً بِغَيْرِ مِيْقَاتِهَا اِلَّا صَلٰوتَيْنِ

જોયા કે કોઈ પણ નમાઝ તેના સમયથી પહેલાં પઢતા હોય સિવાય બે નમાઝોના, મગરિબ

جَمَعَ بَيْنَ الْمَغْرِبِ وَالْعِشَاءِ وَصَلَّى الْفَجْرَ قَبْلَ مِيْقَاتِهَا ـ

તથા ઈશાને ભેગી કરી અને ફજર નિશ્ચિત સમયથી પહેલાં પઢી." *(બુખારી ૧/૨૨૮ મનાસિક)*

حديث
٩٩٧

عَنْ عَبْدِ الرَّحْمٰنِ بْنِ يَزِيْدَ قَالَ خَرَجْتُ مَعَ عَبْدِ اللّٰهِ

અબ્દુર્રહમાન બિન યઝીદે કહ્યું, હું હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہ ની સાથે મક્કા **[હદીષ : ૯૯૭]**

اِلٰى مَكَّةَ (اِلٰى اَنْ قَالَ) ثُمَّ وَقَفَ حَتّٰى اَسْفَرَ ثُمَّ قَالَ لَوْ اَنَّ اَمِيْرَ

ગયો. હઝરત ઈબ્ને મસ્ઊદે મુઝદલ્ફામાં ફજર પઢીને વુકૂફ કર્યો. જ્યારે ખૂબ અજવાળુ થઈ ગયું તો ફર્માવ્યું,

الْمُؤْمِنِيْنَ اَفَاضَ الْاٰنَ اَصَابَ السُّنَّةَ فَمَا اَدْرِيْ اَقَوْلُهٗ كَانَ

કાશ ! અમીરુલ મો'મિનીન અત્યારે ચાલી નીકળતા તો સુન્નતના પ્રમાણે કરતા. અબ્દુર્રહમાને કહ્યું, હું નથી

اَسْرَعَ اَمْ دَفْعُ عُثْمَانَ فَلَمْ يَزَلْ يُلَبِّيْ حَتّٰى رَمٰى جَمْرَةَ الْعَقَبَةِ

જાણતો કે તેમનો આ ઈર્શાદ પહેલાં થયો અથવા હઝરત ઉષ્માનનું કૂચ કરવું. હઝરત ઈબ્ને મસ્ઊદ સતત લબ્બૈક

يَوْمَ النَّحْرِ ـ

પઢતા રહ્યા ત્યાં સુધી કે યૌમુન્નહર મોટા શયતાન (જમરાએ ઉક્બા) પર કાંકરી મારી." *(બુખારી ૧/૨૨૮ મનાસિક)*

**સમજૂતી : ૯૯૬** **قبل ميقاتها** થી મુરાદ એ નથી કે ફજરને સુબ્હ સાદિક્ થતાં પહેલાં પઢી, બલ્કે મુરાદ એ છે કે આદતે કરીમા હતી કે અઝાન બાદ સુન્નતો પઢીને થોડીકવાર આડા પડતા અથવા હઝરત આઈશા رضی اللہ عنہا થી વાતચીત કરતા રહેતા, જ્યારે બિલાલ હાજર થઈને અર્ઝ કરતા તો મસ્જિદમાં તશરીફ લઈ જતા. અને આજે મુઝદલ્ફામાં સુબ્હ સાદિક્ થતાં જ તરત જ વિના વિલંબે પઢી. કેમ કે એના પર ઈજમાઅ છે કે મુઝદલ્ફામાં પણ ફજરની નમાઝ સમયથી પહેલાં સહીહ નથી. ખૂદ હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ની જ આ જ હદીષ એ જ અબ્દુર્રહમાન બિન યઝીદથી બીજા તરીક્ાથી ખૂદ બુખારીમાં જ છે કે ફર્માવ્યું, **ثم صلى الفجر حين طلع الفجر قائل يقول طلع الفجر وقائل يقول لم يطلع ـ** "પછી હઝરત અબ્દુલ્લાહે ફજર પઢી જ્યારે ફજર તુલૂઅ થઈ ગઈ. કોઈ કહેતું ફજર તુલૂઅ થઈ ગઈ છે કોઈ કહેતું નથી થઈ.

**સમજૂતી : ૯૯૭** આ હમણા વર્ણન થયેલ હદીષ–૯૯૬ની આ પૂર્તિ છે. આ હદીષથી સાબિત થયું કે વુકૂફે મુઝદલ્ફાનો સમય સુબ્હ સાદિક્ના તુલૂઅથી લઈને તુલૂએ આફતાબ સુધી છે. સુન્નત એ છે કે જ્યારે સૂર્ય

| حدیث ۹۹۸ | سَمِعْتُ عَمرو بن میمون یَقُولُ شَهِدْتُ عُمَرَ صَلّٰی |
|---|---|

"અમ્ર બિન મયમૂન કહે છે કે હું હઝરત ઉમર رضی اللہ عنہની ખિદમતમાં હાજર થયો. **[હદીષ : ૯૯૮]**

بِجَمْعٍ الصُّبْحَ ثُمَّ وَقَفَ فَقَالَ اِنَّ الْمُشْرِکِیْنَ کَانُوْا لَا یُفِیْضُوْنَ حَتّٰی

તેમણે જમઅમાં સવારની નમાઝ પઢી ત્યારબાદ વુકૂફ કર્યો પછી ફર્માવ્યું, મુશ્રિકો સૂર્ય નીકળવાથી પહેલાં

تَطْلُعَ الشَّمْسُ وَیَقُوْلُوْنَ اَشْرِقْ ثَبِیْرُ وَاَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی

મુઝદલ્ફાથી ચાલતા ન હતા અને કહેતા હતા, ષબીર ચમકી ઉઠ ! અને નબી ﷺએ તેમની વિરુદ્ધ કર્યું. પછી

عَلَیْہِ وَسَلَّمَ خَالَفَھُمْ ثُمَّ اَفَاضَ قَبْلَ اَنْ تَطْلُعَ الشَّمْسُ ع

હઝરત ઉમર સૂર્ય નીકળવાથી પહેલાં મુઝદલ્ફાથી ચાલ્યા."

(બુખારી ૧/૨૨૮ મનાસિક, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ–મનાસિક)

નીકળવામાં બે રકાત પઢવા જેટલો સમય રહી જાય તો મુઝદલ્ફાથી રવાના થઈ જાય. તેમજ એ પણ સાબિત થયું કે દસ ઝીલ હજ્જના કેવળ જમરતુલ ઉક્બા (મોટા શયતાન) પર કાંકરી મારવાની છે. અને એ પણ કે જ્યાં સુધી કાંકરી મારવામાં આવે ત્યાં સુધી તલબિયા પઢતા રહે, પ્રથમ કાંકરી પર બંધ કરે.

**સમજૂતી : ૯૯૮**

**ثبیر** આ મુઝદલ્ફાનો તે પહાડ છે જે મિના જતાં ડાબે હાથે પડે છે. એ મક્કા મોઅઝ્ઝમાના સર્વ પહાડોથી મોટો છે. મહમૂદ બિન હસને કહ્યું, અરબમાં, ખાસ હિજાઝમાં ચાર પહાડોનું નામ ષબીર છે. એ મુન્સરિફ છે પણ અહીં કેમ કે મુનાદા મઅરફા મુફરદ છે એટલા માટે પેશ પર આધારિત છે. ઈબ્ને માજહમાં આ પ્રમાણે છે : **اَشْرِقْ ثَبِیْرُ کَیْ مَا نُغِیْرُ** "હે ષબીર ! ચમકી ઉઠ ! જેથી અમે ચાલીએ." આ **اَغَارَ الْفَرَسُ اِغَارَۃَ الثَّعْلَب**થી છે. ઘોડો શિયાળની જેમ નાઠો ! મુહદ્દિષ ઈબ્ને તયને કહ્યું, કે અમુક લોકોએ બંનેવ રાઅના સુકૂનની સાથે યાદ રાખેલ છે સજઅના માટે.

**ثم افاض** : એની પણ સંભાવના છે કે એની ઝમીરે મુસ્તતર ફાઈલનો મરજઅ હઝરત ઉમર હોય. હવે એ અતફ થશે **ان المشرکین لا یفیضون حتیٰ تطلع الشمس** પર. પણ આમાં બુઅદ છે. તરકીબ મુક્તઝા એ છે કે આ ઝમીરનો મરજઅ હુઝૂરે અક્દસ ﷺ હોય. એ **و خالفھم** પર મઅતૂફ થશે. બીજી રિવાયતોથી એનું જ સમર્થન થાય છે. તિર્મિઝીમાં **فافاض** છે. ઈમામ ષૌરીની રિવાયતમાં **فخالفھم النبی ﷺ وافاض** છે. તિબ્રાનીની રિવાયતમાં છે : **وان رسول اللہ ﷺ کرہ ذالك فنفر قبل طلوع الشمس** "હુઝૂરે અક્દસ ﷺ સૂર્ય નીકળતા પહેલાં જ મુઝદલ્ફાથી ચાલ્યા હતા." એના માટે સૌથી ઉઘાડી દલીલ હઝરત જાબિર رضی اللہ عنہની હદીષે તવીલ છે જે મુસ્લિમ વગેરેમાં વર્ણન થઈ છે. એમાં ગૈર મુબ્હમ તૌર પર છે : **فدفع رسول اللہ ﷺ حین اسفر کل شیء قبل طلوع الشمس** "રસૂલુલ્લાહ ﷺ જયારે દરેક ચીજ રોશન થઈ ગઈ તો તુલૂઅ આફતાબ પહેલાં મુઝદલ્ફાથી ચાલ્યા."

حدیث ۹۹۹ اَخْبَرَنَا اَبُوْ جَمْرَةَ قَالَ سَأَلْتُ ابْنَ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی

[હદીષ : ૯૯૯] "અબૂ હમ્ઝાએ કહ્યું, મૈં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી તમત્તુઅના

عَنْهُمَا عَنِ الْمُتْعَةِ فَاَمَرَنِیْ بِهَا وَ سَأَلْتُهٗ عَنِ الْهَدْیِ فَقَالَ فِيْهَا جَزُوْرٌ

બારામાં પૂછયું તો તેમણે મને એનો હુકમ આપ્યો અને એમનાથી હદીના બારામાં પૂછયું તો ફર્માવ્યું,

اَوْ بَقَرَةٌ اَوْ شَاةٌ اَوْ شِرْكٌ فِیْ دَمٍ ؏

ઊંટ કે ગાય કે બકરી કે જાનવરમાં ભાગીદારી." (બુખારી ૧/૨૨૮ મનાસિક)

حدیث ۱۰۰۰ عَنْ اَبِیْ هُرَيْرَةَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی

[હદીષ : ૧૦૦૦] "હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ એક શખ્સને

اللّٰہُ تَعَالٰی عَلَیْهِ وَ سَلَّمَ رَاٰی رَجُلًا يَّسُوْقُ بَدَنَةً فَقَالَ ارْكَبْهَا فَقَالَ اِنَّهَا

જોયો કે તે કુર્બાનીનાં ઊંટ હાંકી રહ્યો છે. તો ફર્માવ્યું, એના પર સવાર થઈ જા ! તો તેણે કહ્યું, આ કુર્બાનીનું

بَدَنَةٌ فَقَالَ ارْكَبْهَا فَقَالَ اِنَّهَا بَدَنَةٌ فَقَالَ ارْكَبْهَا وَيْلَكَ فِی الثَّانِيَةِ اَوْ فِی الثَّالِثَةِ ؏

ઊંટ છે. ફરી ફર્માવ્યું, સવાર થઈ જા ! તો તેણે અર્ઝ કરી, આ કુર્બાનીનું ઊંટ છે. ફરી ફર્માવ્યું, એના પર

સવાર થઈ જા ! તારા માટે ખરાબી થાય ! બીજીવારમાં કે ત્રીજી વારમાં."

(બુખારી ૧/૨૨૯ મનાસિક, ૧/૩૮૫ અલ્વસાયા, ૨/૯૧૦ અલ્અદબ, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ, નિસાઈ–મનાસિક, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૪૮૮)

**સમજૂતી : ૯૯૯**

આ હદીષ ૯૩૪નો એક ભાગ છે. એના પછી એ છે કે કેટલાક લોકોએ એને (તમત્તુઅને) નાપસંદ જાણી. ત્યારબાદ હું સૂતો તો જોયું કે એક શખ્સ પોકારી રહ્યો છે, એ હજ્જે મબરૂર છે અને ઉમરા મક઼બૂલ છે. મૈં હાજર થઈને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને સંભળાવ્યું તો ફર્માવ્યું, અલ્લાહુ અકબર ! હઝરત અબુલ ક઼ાસિમ رضی اللہ عنہ ની સુન્નત છે.

**સમજૂતી : ૧૦૦૦**

મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની હદીષમાં હમ્મામ બિન મુનબ્બહના તરીક઼ાથી છે : بدنة مقلدة એટલે કે એના ગળામાં હાર પડેલો હતો. પછી તે શખ્સ સવાર થઈ ગયો. મુસ્નદે ઈમામ અહમદ (૨/૨૭૮)માં અને બુખારીમાં છે કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ ફર્માવ્યું, મૈં જોયું કે એ એના પર સવાર થઈને નબી صلی اللہ علیہ وسلم ની સાથે ચાલી રહ્યો છે અને એની ગરદનમાં ચપ્પલ છે.

حدیث ۱۰۰۱ عَنْ اَنَسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی

"હઝરત અનસ رضی اللہ عنہ થી મરવી છે કે નબી ﷺ એ એક શખ્સને જોયો કે **[હદીષ : ૧૦૦૧]**

عَلَیْہِ وَسَلَّمَ رَاٰی رَجُلًا یَّسُوْقُ بَدَنَۃً فَقَالَ اِرْکَبْھَا قَالَ اِنَّھَا بَدَنَۃٌ

કુર્બાનીનાં ઊંટ હાંકી રહ્યો છે. તો ફર્માવ્યું, એના પર બેસી જા ! તેણે કહ્યું કે કુર્બાનીનું ઊંટ છે. ફર્માવ્યું,

فَقَالَ اِرْکَبْھَا قَالَ اِنَّھَا بَدَنَۃٌ قَالَ اِرْکَبْھَا ثَلٰثًا ع

એના પર બેસી જા ! તેણે કહ્યું, આ કુર્બાનીનું ઊંટ છે. તો ફર્માવ્યું, એના પર બેસી જા ! ત્રણવાર."

(બુખારી ૧/૨૨૯ મનાસિક, ૧/૩૮૩ અલ્વસાયા, ૨/૯૧૦ અલ્અદબ, મુસ્લિમ, તિર્મિઝી–હજ્જ, અબૂ દાઊદ, નિસાઈ–મનાસિક, મુસ્નદે ઈમામ અહમદ, ૩/૨૮૬)

**સમજૂતી : ૧૦૦૧** بدنۃ : નો માદ્દો بدن છે. જાડા શરીરવાળા હોવું, ડીલવાળા હોવું. بدنۃ જાડા શરીરવાળુ પ્રાણી. અને ઉર્ફમાં તે ઊંટ તથા ગાય જે મક્કા મોઅઝ્ઝમામાં કુર્બાનીના માટે લઈ જાય. તેનું બહુવચન بُدنٌ છે. કુર્આને કરીમમાં છે : وَالْبُدْنَ جَعَلْنٰھَا لَکُمْ مِنْ شَعَائِرِ اللّٰہِ "અને જાડા શરીરોવાળાં જાનવરોને અમે તમારા માટે અલ્લાહની નિશાનીઓમાંથી કરી આપ્યાં." (સૂ. હજ્જ) ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે કેવળ ઊંટ જ બદના છે અને આપણે ત્યાં ઊંટ અને ગાય બંનેવ છે.

ویلك : અને બીજી રિવાયતોમાં لا ام لك لا اب لك قاتلك الله છે. એ બંનેવ કલ્મા ધમકીના માટે છે પણ કદી કદી પ્રેમ તથા હેતના માટે બોલે છે. જેમ કે بحيره વગેરે. જાહિલિયતના જમાનામાં હરમમાં કુર્બાનીના માટે જે ઊંટ લઈ જતા એના પર સવાર થવાને તા'ઝીમની રૂએ હરામ જાણતા હતા. જેમ કે બુહૈરા અને સાઈબાથી કોઈ પ્રકારનો ફાયદો ઉઠાવવાને હરામ જાણતા હતા. અને એ શખ્સ થાકી ગયા હતા. હુઝૂરે અક્દસ ﷺ એ તેમના પ્રેમભાવ અને જાહિલિયતના જમાનાના તે અક઼ીદા તથા રસમને ખત્મ કરવા માટે તેમને હુકમ આપ્યો કે સવાર થઈ જાવ. પણ પેઢી દર પેઢીથી રિવાજ પામેલ તથા બચપનથી દિલમાં જામેલી વાત આસાનીથી નથી નીકળતી. એટલા માટે તેમણે જવાબમાં તે અર્ઝ કર્યું. પણ જ્યારે હુઝૂરે ધમકાવ્યા તો સવાર થઈ ગયા.

હુઝૂરે અક્દસ ﷺ ની દુઆ તીરે બેખતાની અસર ધરાવે છે. એમણે તો બર્બાદ થઈ જવુ જોઈતુ હતું, પણ ખૂદ **હુઝૂરે અક્દસ ﷺ એ અલ્લાહ عزوجل થી અહદ કરી લીધો કે હું ગઝબ તથા જલાલમાં જો કોઈ મુસલમાનને કોઈ સખ્ત વાત કરી દઉં તો તેને તેના માટે રહમત બનાવી આપજે.** એટલે માટે આવા શબ્દો સૌ રહમત હોય છે. મુસ્નદે ઈમામ અહમદ (૨/૩૧૬)માં સૈયદના અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે ફર્માવ્યું :–

**اللهم انی اتخذ عندك عهدا لن تخلفينه اغا انا بشر فای المومنين اٰذيته او شتمته او جلدته او لعنته فاجعلها له صلٰوة و زكٰوة و قربة تقرب يوم القيامة**

"હે અલ્લાહ ! હું તારાથી વાયદો લઉં છું એના વિરુદ્ધ ન કરતો. હું ઈન્સાન છું જે મુસલમાનને ઈજા આપુ અથવા બુરો કહું અથવા કોરડો મારું અથવા એના પર લઅનત કરું તેને તેના રહમત, તઝકિયા (સફાઈ) અને કુર્બતનો ઝરીયો કરી આપ ક઼યામતના દિવસે."

| حدیث ١٠٠٢ | عَنْ سَالِمِ بْنِ عَبْدِ اللّٰہِ اَنَّ ابْنَ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی |
|---|---|

"સાલિમ ઈબ્ને અબ્દુલ્લાહથી રિવાયત છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું **[હદીષ : ૧૦૦૨]**

عَنْھُمَا قَالَ تَمَتَّعَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فِیْ حَجَّۃِ

કે હજ્જતુલ વિદાઅમાં રસૂલુલ્લાહ ﷺએ હજ્જની સાથે ઉમરાનો તમત્તુઅ કર્યો અને કુર્બાનીનું જાનવર

الْوَدَاعِ بِالْعُمْرَۃِ اِلَی الْحَجِّ وَاَھْدٰی فَسَاقَ مَعَہُ الْھَدْیَ مِنْ ذِیْ

સાથે લીધું અને પોતાની સાથે કુર્બાનીનું જાનવર ઝુલ હુલયફાથી લીધું. શરૂમાં રસૂલુલ્લાહ ﷺએ ઉમરાનો

الْحُلَیْفَۃِ وَبَدَأَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فَاَھَلَّ بِالْعُمْرَۃِ

એહરામ બાંધ્યો પછી હજ્જનો. લોકોએ નબી ﷺની સાથે હજ્જની સાથે ઉમરાનો તમત્તુઅ કર્યો. લોકોમાં

ثُمَّ اَھَلَّ بِالْحَجِّ فَتَمَتَّعَ النَّاسُ مَعَ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ

અમુક તે હતા જેમણે કુર્બાનીનું જાનવર સાથે લીધુ હતું. અને અમુક તે હતા જેમણે લીધું ન હતું. જ્યારે

આ આમ શરહકર્તાઓનો જવાબ છે અને પોતાના સ્થાને દુરુસ્ત પણ છે. મારો પોતાનો ખયાલ એ છે કે જ્યારે તેમણે હુકમનું પાલન કરી લીધું તો ગઝબના પાત્ર જ ન રહ્યા. એનાથી પણ સ્પષ્ટ એ છે કે હુઝૂરે અક્દસ ﷺએ તેમને **ویلك یا ویحك** તબાહીની દુઆના રૂપે નથી ફર્માવ્યું બલ્કે મહોબ્બતભર્યી ધમકીના રૂપે પ્રેમભાવની રીતે કહ્યું હતું.

આ હદીષથી જાણવા મળ્યું કે હજ્જના પ્રસંગે કુર્બાનીના માટે જે જાનવર લઈ જાય છે એનાથી જરૂરત પૂરતો ફાયદો ઉઠાવવો જાઈઝ છે. એ જ ઈમામ શાફઈનો મઝહબ છે. આપણે ત્યાં જો હાલત ઈઝતેરાર (મજબૂરી)ની હદ સુધી પહોંચી જાય તો સવાર થવાની ઈજાઝત છે. મુસ્લિમ (૧/૪૨૧ હજ્જ)માં છે કે નબી ﷺએ ફર્માવ્યું, બતરીકે મઅરૂફ એના પર સવાર થઈ જા જો તું મજબૂર છે, તો તે પણ એ સમય સુધી કે બીજી સવારી ન મળે.

## સમજૂતી : ૧૦૦૨

**تمتع رسول الله ﷺ** : તમત્તુઅનો મતલબ એ થાય છે કે મીકાત પર કેવળ ઉમરાનો એહરામ બાંધવામાં આવે અને મક્કા મોઅઝ્ઝમા પહોંચીને ઉમરો કરીને એહરામ ખોલી નાખવામાં આવે પછી હજ્જનો એહરામ બાંધવામાં આવે.

જો કે હુઝૂર ﷺએ મીકાતથી જ હજ્જનો એહરામ બાંધ્યો હતો બાદમાં ઉમરાનો ઈરાદો કર્યો. તેમજ આ હદીષથી જાહેર થાય છે કે પ્રથમ ઉમરાનો એહરામ બાંધ્યો પછી હજ્જનો, એ પણ હકીકતની વિરુદ્ધ છે એની શરહકર્તાઓએ કેટલીયે સ્પષ્ટતાઓ કરી છે, સૌથી ઉમદા ખુલાસો તે છે જે અલ્લામા નવવીએ કરેલ છે. તેમણે લખ્યું કે આ હદીષમાં તમત્તુઅનો શાબ્દિક અર્થ લેવામાં આવ્યો છે એટલે કે ફાયદો હાંસલ કર્યો. મુરાદ એ છે કે પ્રથમ કેવળ હજ્જનો એહરામ બાંધ્યો પછી ઉમરાનો એટલે કે બાદમાં કિરાન કરી લીધો. આ રીતે હજ્જ તથા ઉમરાને એક સાથે એક સફરમાં કરીને આ ફાયદો હાંસલ કર્યો કે બે સફર અને બંનેના માટે અલગ અલગ મનાસિક અદા કરવાની તકલીફથી બચી ગયા. એક જ સફરમાં હજ્જ તથા ઉમરા બંનેવ અદા થઈ ગયા અને

بِالْعُمْرَةِ إِلَى الْحَجِّ فَكَانَ مِنَ النَّاسِ مَنْ أَهْدٰى فَسَاقَ الْهَدْىَ وَمِنْهُمْ

નબી ﷺ મક્કા આવી ગયા તો લોકોને ફર્માવ્યું, જે કુર્બાનીનું જાનવર સાથે લાવ્યો છે તે એહરામથી બહાર

مَّنْ لَّمْ يُهْدِ فَلَمَّا قَدِمَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَكَّةَ قَالَ

નહીં થાય જ્યાં સુધી હજ્જ અદા ન કરી લે અને જેણે કુર્બાનીનું જાનવર સાથે નથી લીધુ તે બયતુલ્લાહનો

لِلنَّاسِ مَنْ كَانَ مِنْكُمْ أَهْدٰى فَإِنَّهُ لَا يَحِلُّ مِنْ شَيْءٍ حَرُمَ مِنْهُ حَتّٰى

તવાફ કરી લે અને સફા તથા મરવાનો પણ અને વાળ કતરાવે અને એહરામ ખોલી નાખે. ત્યાર બાદ હજ્જનો

يَقْضِيَ حَجَّهُ وَمَنْ لَّمْ يَكُنْ مِّنْكُمْ أَهْدٰى فَلْيَطُفْ بِالْبَيْتِ وَبِالصَّفَا

એહરામ બાંધશે અને જે કુર્બાનીનું જાનવર ન પામે તે હજ્જના દિવસોમાં ત્રણ રોઝા રાખે અને સાત જ્યારે

وَالْمَرْوَةِ وَلْيُقَصِّرْ وَلْيَحْلِلْ ثُمَّ لِيُهِلَّ بِالْحَجِّ فَمَنْ لَّمْ يَجِدْ هَدْيًا فَلْيَصُمْ

પોતાનાં ઘરવાળામાં પાછો. ઈબ્ને ઉમર જ્યારે મક્કા આવ્યા તો તવાફ કર્યો. સૌ પ્રથમ રુકનનો બોસો લીધો

ثَلٰثَةَ أَيَّامٍ فِي الْحَجِّ وَسَبْعَةٍ إِذَا رَجَعَ إِلٰى أَهْلِهِ فَطَافَ حِيْنَ قَدِمَ

પછી ત્રણ ફેરાઓમાં દોડયા અને ચારમાં સામાન્ય નિયમ પ્રમાણે ચાલ્યા અને જ્યારે બયતુલ્લાહનો તવાફ

مَكَّةَ وَاسْتَلَمَ الرُّكْنَ أَوَّلَ شَيْءٍ ثُمَّ خَبَّ ثَلٰثَةَ أَطْوَافٍ

કરી ચૂક્યા તો મકામની પાસે બે રકાત નમાઝ પઢી અને સલામ ફેરવી. પછી ત્યાંથી ચાલ્યા અને સફા

وَمَشٰى أَرْبَعًا فَرَكَعَ حِيْنَ قَضٰى طَوَافَهُ بِالْبَيْتِ عِنْدَ الْمَقَامِ

મરવાનો તવાફ કર્યો. અને પછી પણ એહરામ ન ખોલ્યો જ્યાં સુધી હજ્જ પૂરો અદા ન કરી લીધો અને યૌમે

رَكْعَتَيْنِ ثُمَّ سَلَّمَ فَانْصَرَفَ فَأَتَى الصَّفَا فَطَافَ بِالصَّفَا وَالْمَرْوَةِ سَبْعَةَ أَطْوَافٍ ثُمَّ

નહરમાં કુર્બાની ન કરી લીધી, અને મિનાથી ચાલીને મક્કા આવ્યા અને બયતુલ્લાહનો તવાફ કર્યો. હવે

ઘણા અમલો ભેગા અદા થઈ ગયા. અને બાદમાં જે છે : فاهل بالعمرة لا ثم اهل ابالحج અહીં أَهَلَّ નો અર્થ એહરામ બાંધવાનો નથી બલ્કે મોટા અવાજે તલબિયા કહેવાનો છે. સૌને ખબર હતી કે કેવળ હજ્જનો એહરામ બાંધ્યો છે તો મોટા અવાજે ઉમરાની સાથે લબ્બૈક કહ્યું જેથી સૌને માલૂમ થઈ જાય કે ઉમરાનો પણ ઈરાદો કરી લીધો છે. એ વહેમની શક્યતા હતી કે લોકો એવું સમજી બેસે કે હવે કેવળ ઉમરાનો જ ઈરાદો છે હજ્જનો એહરામ રદ કરી આપ્યો, જેથી હજ્જની સાથે લબ્બૈક કહીને તેને દૂર કરી આપ્યો.

**બીજી શંકા તથા નિવારણ** : હવે એ શંકા છે કે હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે હુઝૂરે અક્દસ ﷺ એ કિરાન કર્યો હતો તો હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ઈન્કાર કર્યો અને કહ્યું કે નહીં ! હુઝૂર મુફરિદ હતા.

لَمْ يَحِلَّ مِنْ شَيْءٍ حَرُمَ مِنْهُ حَتّٰى قَضٰى حَجَّهُ وَنَحَرَ هَدْيَهُ يَوْمَ

એહરામમાં જેટલી ચીજો હરામ હતી સૌ હલાલ થઈ ગઈ. અને જેવું રસૂલુલ્લાહ ﷺએ

النَّحْرِ وَأَفَاضَ فَطَافَ بِالْبَيْتِ ثُمَّ حَلَّ مِنْ كُلِّ شَيْءٍ حَرُمَ مِنْهُ وَفَعَلَ

કર્યું હતું અને એ લોકોએ જેમણે હદી સાથે રાખી હતી તેમણે પણ કર્યું. ઉરવા ઉમ્મુલ મો'મિનીન

مِثْلَ مَا فَعَلَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَنْ أَهْدٰى

હઝરત આઈશા رضی اللہ عنہاથી, તે નબી ﷺથી તમત્તુઅના બારામાં એના

عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِيْ تَمَتُّعِهِ بِالْعُمْرَةِ إِلَى الْحَجِّ

જેમ રિવાયત કરે છે જેવી મને સાલિમ અન ઈબ્ને ઉમર અન રસૂલિલ્લાહ ﷺએ

فَتَمَتَّعَ النَّاسُ مَعَهُ بِمِثْلِ الَّذِيْ أَخْبَرَنِيْ سَالِمٌ عَنِ ابْنِ عُمَرَ عَنْ رَسُوْلِ

ખબર આપી છે કે લોકોએ

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عه

હુઝૂર ﷺની સાથે તમત્તુઅ કરી." (બુખારી ૧/૨૨૯ મનાસિક, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ, નિસાઈ–મનાસિક)

એનો ખુલાસો એ છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماએ એનાથી ઈન્કાર કર્યો કે પ્રારંભમાં ઝુલ હુલયફામાં કિ઼રાન ન કર્યો હતો કેવળ હજ્જનો એહરામ બાંધ્યો હતો.

**હું કહું છું અલ્લાહની તૌફીક઼થી :** આ ખુલાસાઓથી આ હદીષમાં ખૂદ જે કમી છે અને બીજી હદીષોથી જે ટકરાવ છે તે દૂર થઈ ગયો. પણ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી અન્ય જે હદીષો રિવાયત થઈ છે કે હુઝૂરે તમત્તુઅ કર્યો હતો એનાથી તો હજી પણ ટકરાવ રહ્યો. આખરે કહેવું પડશે કે હઝરત ઈબ્ને ઉમરથી આ પ્રકારની તમામ રિવાયતોમાં તમત્તુઅ એ લુગ્વી (શાબ્દિક) અર્થમાં છે જેમ કે ઈમામ ઈબ્ને હુમામે ફત્હુલ ક઼દીરમાં અને અલ્લામા અયનીએ ઉમ્દતુલ ક઼ારીમાં તેહક઼ીક઼ કરી છે.

**فتمتع الناس :** અન્ય હદીષોમાં જે વિગતો વર્ણન થઈ ચૂકી તેને સામે રાખીને, એનો મતલબ એ થયો કે હુઝૂરે અક઼દસ ﷺએ તો કિ઼રાન કર્યો પણ સહાબાએ તમત્તુઅ કર્યો. તે એ વિગતની સાથે કે પ્રથમ મીક઼ાતથી કેવળ હજ્જનો એહરામ બાંધ્યો પછી સરીફ સ્થળે પહોંચ્યા બાદ હુઝૂરે અક઼દસ ﷺના હુકમથી જેમની સાથે કુર્બાનીનાં જાનવર ન હતાં તેમણે હજ્જને રદ કરીને ઉમરામાં બદલી નાખ્યો હતો. આ રીતે સહાબાએ કિરામ મુતમત્તેઅ થઈ ગયા.

**وعن عروة :** અન ઉરવતુન્ મઅતુફ છે અન સાલિમ બિન અબ્દુલ્લાહ પર. અને આ ઈમામ ઝુહરીનો મક઼ૂલો (કથન) છે. મતલબ એ છે કે જેવી રીતે હઝરત સાલિમે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી આ રિવાયત કરી છે કે સહાબાએ કિરામમાંથી જે હઝરાત કુર્બાનીના જાનવરને સાથે લાવ્યા હતા તેમણે પણ એવું જ કર્યું જેવું રસૂલુલ્લાહ ﷺએ કર્યું. એટલે ઉમરો કર્યા બાદ પણ એહરામ ન ખોલ્યો. અને તવાફે ઝિયારત કર્યા બાદ જ સંપૂર્ણપણે એહરામથી બહાર થયા. એના જેમ ઉરવાએ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاથી પણ રિવાયત છે કે

وَقَالَ نَافِعٌ كَانَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا إِذَا أَهْدَىٰ ت ٣٠٧

"અને નાફેએ કહ્યું કે ઈબ્ને ઉમર رضی اللہ عنہما જ્યારે મદીનાથી કુર્બાનીનું જાનવર સાથે **[તઅલીક઼ : ૩૦૭]**

مِنَ الْمَدِيْنَةِ قَلَّدَهُ وَأَشْعَرَهُ بِذِي الْحُلَيْفَةِ يَطْعَنُ فِي شِقِّ سَنَامِهِ

લેતા તો ઝુલ હુલયફામાં તેના ગળામાં હાર નાખતા અને નિશાન લગાડતા, તેની ડાબી ખાંધમાં

الْأَيْسَرِ بِالشَّفْرَةِ وَوَجْهُهَا قِبَلَ الْقِبْلَةِ بَارِكَةً

છરી વડે ઝખ્મ લગાડતા અને તેને બેસાડીને કિબ્લા રૂ કરતા." (બુખારી ૧/૨૨૯ મનાસિક)

લોકોએ એવું જ કર્યું.

અહીં અમુક નુસ્ખાઓમાં **فعل مثل ما فعل رسول الله** ﷺ પછી આ પ્રમાણે છે : **باب ما اهدى و ساق الهدى من الناس وعن عروة ان عائشة اخرته** આ નુસ્ખો ઈબ્નુલ વક્તની તરફ સંબંધિત છે. પણ આ નુસ્ખો તદ્દન ગલત છે. કેમ કે **من اهدى- فعل مثل مافعل**માં પ્રથમ **فعل**નો ફાઈલ (કર્તા) છે. ફેઅલ અને ફાઈલના વચ્ચે બાબ શબ્દના અંતરનો શો અર્થ ? આ સ્થિતિમાં લાઝિમ આવશે કે આ ફેઅલ (**فَعَلَ**)નો ફાઈલ મહઝૂફ હોય. એનું સમર્થન આનાથી થાય છે કે ઈમામ મુસ્લિમે પણ આ રીતે એને તખરીજ કરી છે જેમ કે અમે અહીંયાં નક્લ કર્યું છે કે દરમ્યાનમાં "બાબ" નથી.

## તઅલીક઼ : ૩૦૭ની સમજૂતી

આ તઅલીક઼ને ઈમામ માલિકે મોઅત્તામાં મુસ્નદ વર્ણન કરેલ છે. અલ્બત્ત એમાં એ છે કે બે ચપ્પલોનો હાર પહેરાવતા પછી ડાબી ખાંધમાં નિશાની કરતા. ડાબી જમણી ખાંધનો તફાવત એ કારણે છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما કોઈ તરફની ખાંધને નિશાની કરવા માટે ખાસ જાણતા ન હતા, ક્યારે જમણામાં નિશાની કરતા કદીક ડાબામાં આ કારણે રિવાયતોમાં મતભેદ છે. ઈશ્અારનો મતલબ નિશાની બનાવવું છે. એ શઉરથી બન્યું છે, **شعر يشعر**થી. જેનો અર્થ જાણવું છે. શરીઅતની રૂએ ઈશ્અારનો અર્થ છે. કુર્બાનીના માટે હરમમાં જે જાનવર લઈ જવામાં આવે તેની ખાંધ પર હલકો ઝખ્મ લગાડી દેવો કે લોહી નીકળી આવે. એમાં જાનવરને ઈજા પહોંચાડવું જરૂર છે પણ જ્યારે શરીઅતે એનો હુકમ આપ્યો છે તો કાંઈ વાંધો નથી. ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે અફઝલ એ છે કે ડાબી ખાંધમાં ઝખ્મ લગાડે, જમણામાં પણ જાઈઝ છે. અને બંનેવ રિવાયત પામેલ છે. ઝખ્મ ખૂબ જ હલ્કો લગાડે, એટલો કે ચામડાથી પાર થઈને ગોશ્ત સુધી ન પહોંચે. ખાંધની લંબાઈમાં ઝખ્મ લગાડે અને લોહીને ખાંધ પર ઘસી આપે. હઝરત ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہએ ઈશ્અારને મકરૂહ ફર્માવ્યું, તે એ કારણે કે પબ્લિક જ્યારે મઝહબી કાર્યોને અંજામ આપવા બેસે છે તો જોશમાં મધ્યમ માર્ગથી હટી જાય છે. જમરાઓ પર કેવળ કાંકરી મારવાનો હુકમ છે, પણ મેં ખૂદ જોયું છે કે જોશમાં આવીને લોકો છત્રી સુદ્ધાં ફેંકી દે છે, કાંઈ નથી મળતુ તો ચપ્પલો મારે છે. એ જ પ્રમાણે હઝરત ઈમામે આ'ઝમના સમયમાં લોકો નિશાન કરવાથી હદથી આગળ વધી ગયા હતા. ઈજાઝત કેવળ એટલી જ હતી કે ચામડામાં મામૂલી સરખો ઘા કરે, એટલો ઊંડો હરગિઝ ન લગાડે કે ગોશ્ત સુધી પહોંચી જાય. પણ લોકો ઊંડો ઊંડો ઘા કરવા લાગ્યા જે જાનવરને વિના કારણે ઈજા પહોંચાડવું હતું. એને હઝરત ઈમામે મકરૂહ ફર્માવ્યું. જેમ કે પ્રસ્તાવનામાં અમે વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે. આ જાનવરોના ગળામાં પટ્ટી નાખવા અને ઘાની નિશાની કરવાનો ફાયદો એ છે કે એના થકી ઓળખાય જાય કે આ જાનવર હરમની કુર્બાનીના માટે છે. જો ભીડમાં ભેગાં થઈ જાય તો સરળતાપૂર્વક ઓળખ થઈ શકે, કોઈ ચોરી

حدیث ۱۰۰۳ عَنِ الْمِسْوَرِ بْنِ مَخْرَمَةَ وَمَرْوَانَ قَالَا خَرَجَ النَّبِيُّ صَلَّى

"હઝરત મિસ્વર બિન મખ્રમા رضی اللہ عنہ તથા મરવાને કહ્યું કે નબી صلی اللہ علیہ وسلم એક હજારથી **[હદીષ : ૧૦૦૩]**

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ زَمَنَ الْحُدَيْبِيَةِ فِي بِضْعَ عَشَرَةَ مِائَةٍ مِنْ

અધિક સહાબાએ કિરામની સાથે હુદૈબિયાના જમાનામાં મદીનાથી નીકળ્યા. જ્યારે

أَصْحَابِهِ حَتّٰى إِذَا كَانُوا بِذِي الْحُلَيْفَةِ قَلَّدَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

ઝુલ હુલયફા પહોંચ્યા તો નબી صلی اللہ علیہ وسلم એ કુર્બાનીનાં ઊંટોને પટ્ટો પહેરાવ્યો અને ઈશ્આર

وَسَلَّمَ الْهَدْيَ وَأَشْعَرَهُ وَأَحْرَمَ بِالْعُمْرَةِ ـ

કર્યાં અને ઉમરાનો એહરામ બાંધ્યો."

(બુખારી ૧/૨૨૯, ૨૩૦ મનાસિક, ૨/૫૯૮ મગાઝી, અબૂ દાઊદ–જેહાદ, નિસાઈ–હજ્જ, મોઅત્તા ઈમામ માલિક–હજ્જ, મુસ્નદે ઈમામ અહમદ, ,૪/૩૨૩)

ન શકે, પાણી તથા ચરવાના સ્થળેથી ન હાંકે, ગુમ થઈ જાય તો કોઈ તેને પોતાની માલિકીમાં ન લઈ લે. હાર તથા પટ્ટો તૂટીને પડી શકે છે પણ ઘાની નિશાની બાકી રહેશે.

ઊંટમાં એકમતિએ ઈશ્આર સુન્નત તથા મુસ્તહબ છે. એ રીતે તે ગાયમાં પણ જેની ખાંધ હોય. તે ગાયો જેઓને ખાંધ ન હોય ઈમામ માલિક رضی اللہ عنہ ની નજીક એમાં ઈશ્આર નથી. હઝરત ઈબ્ને ઉમર તથા હઝરત ઉબય બિન કઅબ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ગાયમાં ઈશ્આર (ઘાની નિશાની) કરતા હતા. બકરીમાં એકમતિએ ઈશ્આર નથી. બકરી કમજોર પણ હોય છે, બીજુ કે તેના વાળ ઈશ્આરને છુપાવી લેશે.

**પ્રકરણની સ્પષ્ટતા** : અહીં પ્રકરણ છે કે, "જે હદીને ઝુલ હુલયફામાં ઈશ્આર કરે અને પટ્ટો નાખે પછી એહરામ બાંધે." આનાથી ઈમામ બુખારી બે ફાયદા કરવા ચાહે છે. એક એ કે પ્રથમ હદીને ઈશ્આર તથા પટ્ટો નાખી લે પછી એહરામ બાંધે. બીજુ એ કે જો હદી સાથે છે તો મીકાતથી જ ઈશ્આર પણ કરે અને પટ્ટો પણ નાખી આપે. ઈમામ મુજાહિદનો કૌલ આ છે કે પ્રથમ એહરામ બાંધે પછી ઈશ્આર કરે.

## સમજૂતી : ૧૦૦૩

**હઝરત મિસ્વર બિન મખ્રમા** رضی اللہ عنہ : ઈબ્ને નૌફલ બિન વહીબ બિન અબ્દેમુનાફ બિન ઝહરા બિન કિલાબ, તેમની પેઢી કિલાબ પર જઈને નબવી વંશ સાથે મળી જાય છે. આ હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ ના ભાણયા હતા. હુઝૂરે અકદસ અને હઝરત ફારૂકે આ'ઝમ તથા અમ્ર બિન ઔફ, મુગીરા બિન શઅબા અને મુહમ્મદ બિન મસ્લમહથી હદીષો સાંભળી છે. હિજરતના બે વરસ પછી પેદા થયા. નબી صلی اللہ علیہ وسلم ના વિસાલના સમયે તેમની મુબારક વય આઠ વર્ષ હતી. હિ.સ. ૬૪માં જ્યારે યઝીદ પલીદના હુકમથી હુસયન બિન નુમેરે મક્કા મોઅઝ્ઝમાને ઘેરાવ ઘાલી રાખ્યો હતો, બરાબર એ જ દિવસે જે દિવસે યઝીદ પલીદના મરવાની ખબર મક્કા મોઅઝ્ઝમા પહોંચી. આપ હતીમમાં નમાઝ પઢી રહ્યા હતા એવામાં મિન્ઝિનીક (ગોફણ)નો પથ્થર આવીને વાગ્યો અને શહીદ થઈ ગયા. તેમની નમાઝે જનાઝા હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہما એ પઢાવી.

**મરવાન બિન હકમ** : એનો બાપ હકમ બિન અબિલ ખાસ બિન ઉમૈયા, હઝરત ઉષ્માન ઝુન્નુરૈનનો કાકો હતો. હકમ હુઝૂર ﷺના બદ્તરીન દુશ્મનોમાંથી છે. ફતહે મક્કાના પ્રસંગે તેણે કલ્મો જરૂર પઢયો અને પછી મદીના આવ્યો પણ તેના દિલથી હુઝૂરે અક્દસ ﷺની અદાવત ન નીકળી શકી. એ કદીક હુજરાએ મુબારકમાં ઝાંકતો. (બુખારી, ૨/૮૭૮ લિબાસ) ક્યારેક હુઝૂરની ચાલની નક્લ કરતો. એકવાર હુઝૂરે અક્દસ ﷺની સાથે બેઠો હતો. હુઝૂરની વાતચીત દરમ્યાન તોતડા જેમ કરવા લાગ્યો તો હુઝૂરને જલાલ આવ્યો અને ફર્માવ્યું, એવો જ થઈ જા ! જેના પરિણામે તે જીવનભર તોતડાતો (બોબડો) રહ્યો. (ઈસાબા, ૧/૩૪૩) આ શરારતોના કારણે હુઝૂરે અક્દસ ﷺએ એને તાઈફ તડીપાર કરી આપ્યો હતો.

એક રિવાયતના મુજબ મરવાનની પેદાઈશ હિ.સ. ૨માં થઈ છે. ક્યાસ મુજબ એ પણ તેના પિતા સાથે મદીના તયબહ આવ્યો હશે. આ રિવાયતના પ્રમાણે એ ખયાલ થાય છે કે તેને સોહબત નસીબ થઈ પણ સિયર તથા મગાઝીના મુસલ્લમુષ્ષબૂત ષિક્હ મુસ્તનદ ઈમામ ઈબ્ને સઅદે તેને તાબઈનના પ્રથમ તબકામાં રાખ્યો છે. *(અલબિદાયા વન્નિહાયા, ૮/૨૫૭)*

સાહિબે મિશ્કાતે અલ ઈકમાલમાં સ્પષ્ટ ફર્માવ્યું, **فلم یر النبی** ﷺ "તેણે નબી ﷺને જોયા ન હતા." જો આ સહીહ છે કે મરવાન હિ.સ. ૨માં પેદા થયો હતો તો ઈબ્ને સઅદ અને સાહિબે મિશ્કાતની તેહકીક પ્રમાણે હકમ જ્યારે મદીના આવ્યો હતો તો મરવાનને મક્કા મોઅઝ્ઝમામાં છોડી આપ્યો હતો, મદીના લાવ્યો ન હતો. એનું સમર્થન એનાથી પણ થાય છે કે મરવાનની માએ હિજરત કરી ન હતી. *(ઈસાબા, ૩/૪૭૭)* બલ્કે એક કૌલ એ છે કે જ્યારે મરવાન પેદા થયો તો તેની માએ તેને હુઝૂરે અક્દસ ﷺની ખિદમતમાં મોકલ્યો કે તહનીક ફર્માવી (બાળકના મોઢામાં મીઠી ચીજ ચાવીને ખવડાવી) આપે. (ઉપર મુજબ) આ કૌલની બિના પર તેનો જન્મ વધુમાં વધુ ફતહે મક્કાના મોકા પર થયો. એટલે રમઝાન હિ.સ. ૮માં. એટલા માટે અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું, કોઈએ પણ એના સહાબી હોવા પર યકીન નથી કર્યું. *(ઉપર મુજબ)* જો એનો જન્મ ૨ હિ.સ. કે ૬ હિ.સ.માં થયો હોત અને ફતહે મક્કા પછી પોતાના બાપ સાથે મદીના તયબહ આવ્યો હોત તો તેના સહાબી હોવામાં કોઈ શંકા નથી રહેતી. ઈસ્તીઆબમાં એક કૌલ એ પણ વર્ણન થયેલ છે કે એ તાઈફમાં પેદા થયો. (ઈસાબા, ૩/૪૨૫) એનો મતલબ એ થયો કે જ્યારે એના બાપને તડીપાર કરીને તાઈફ મોકલવામાં આવ્યો હતો તે વખતે પેદા થયો. એટલા માટે હવે રૂયત (દીદાર)નો સવાલ જ નથી. એનું સમર્થન એનાથી પણ થાય છે કે આ પુષ્કળ લાનત કરનાર દર જુમ્આના મિમ્બર પર હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالٰی وجہہ الکریم ને બુરા કહેતો હતો. એના પર ઈમામ હસન મુજતબાએ ફર્માવ્યું, અલ્લાહે પોતાના નબીની ઝબાનથી તારા બાપ હકમ પર એ વખતે લઅનત કરી જ્યારે તું એની પીઠમાં હતો. *(બિદાયા નિહાયા, ૧/૨૫૮)* એના પર તમામ સિયરવાળાઓની એકમતિ છે કે મરવાને સમજવાળી ઉમરમાં હુઝૂરે અક્દસ ﷺને નથી જોયા. *(અલ્ઈસ્તિઆબ, ૩/૪૨૫)*

મરવાન અતિશય તેજ દિમાગવાળો, ફિત્તીન, ચાલાક, ધોકાબાઝ, રાજનીતિ તથા પોલિટિક્સનો નિષ્ણાત, જંગ તથા લડાઈમાં અજોડ હતો. હિરાના બનાવમાં મુસ્લિમ બિન ઉક્બા તેની જ યુક્તિ (તદબીર)ના લીધે મદીનાવાસીઓ પર સવાર થઈ ગયો. તેણે ગુપ્ત રીતે કહેવડાવી આપ્યું કે તમે મદીના તય્યબહના પૂર્વ બાજુ ઉતરો અને સવારમાં જ પૂરી શક્તિભેર હુમ્લો કરી આપો. સૂર્ય તમારી પીઠ પર હશે અને મદીનાવાસીઓની નજરો સમક્ષ આ જ તે બદ્ જાત છે જે હઝરત ઉષ્માન ગની ઝુન્નૂરૈન رضی اللہ عنہની મઝલૂમાના શહાદતનો નિમિત્ત છે જે ઈસ્લામમાં સેંકડો કયામતોનો પાયો છે. આ બુરા દિલવાળાએ હઝરત તલ્હાને તીર વડે શહીદ કર્યા જ્યારે કે એ એમના સાથીઓમાં સામેલ હતા. આ જ તે બિદઅતી છે જેણે ઈદની નમાઝથી પહેલાં ખુત્બાની બિદઅત શરૂ કરી. *(બુખારી, ૧/૧૩૧)*

વર્ણન થઈ ચૂક્યું કે મક્કા મોઅઝ્ઝમાનો ઘેરાવ ઉઠાવી લીધા બાદ હુસયન બિન નુમેરે હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہ ને કહ્યું હતું કે અહીં શું કરી રહ્યા છો ? મારી સાથે શામ ચાલો તમારી બયઅત કરાવી દઈશ. હઝરત અબ્દુલ્લાહે સ્વીકાર્યું નહીં અને તેને ધમકીજનક ખૂબ જ સખત જવાબ આપ્યો. *(બિદાયા નિહાયા, ૮/૨૨૬)* બીજી બાજુ હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈરે મરવાન તથા તમામ બની ઉમૈયાને મદીનાથી કાઢી મૂક્યા. મરવાન સૌને લઈને દમિશ્ક ગયો અને યઝીદના પુત્રએ પોતે પોતાને સલ્તનતથી અલગ કરી લીધો તો શામવાસીઓએ મરવાનને તખ્ત પર બેસાડયો એ શર્તે કે તારા પછી બાદશાહ યઝીદનો બીજો પુત્ર અબૂ ખાલિદ થશે. મરવાને પોતાના પ્રપંચ અને લડાઈના જોરે મિસ્ર પર પણ કબજો કરી લીધો અને જ્યારે જોઈ લીધું કે હવે શામ તથા મિસ્ર મારા તાબા હેઠળ થઈ ગયું છે તો તેણે અબૂ ખાલિદને બદલે પોતાના પુત્ર અબ્દુલમલિકને અનુગામી બનાવી દીધો. મરવાને અબૂ ખાલિદની મા સાથે નિકાહ કરી લીધા હતા અને વિવિધ રીતે અબૂ ખાલિદની બેઈજ્જતી કર્યા કરતો હતો. એક દિવસે તેણે અબૂ ખાલિદને ઈબ્નુલ અસ્તર્રત્બા કહી દીધો. હે ભીના પાખાનાના મક઼ામવાળી સ્ત્રીના પુત્ર ! અબૂ ખાલિદે પોતાની માને શિકાયત કરી. તેની માએ તેને કહ્યું જો કોઈને ન કહેતો. મરવાન જ્યારે અંદર આવ્યો તો અબૂ ખાલિદની માને પૂછયું કે અબૂ ખાલિદે કાંઈ કહ્યું છે ? તો તેણે ઈન્કાર કર્યો. રાત્રે જ્યારે મરવાન સૂઈ ગયો તો અબૂ ખાલિદની માએ તેની ગરદન પર તકીયો રાખીને પોતાની લોંડીઓની મદદથી તેને ગળુ ઘોંટીને મારી નાખ્યો. જ્યારે એ મરી ગયો તો સૌ ચીસો પાડવા લાગી કે અમીરુલ મો'મિનીન અચાનક મરી ગયા ! ૩ રમઝાન હિ.સ. ૬૫માં આ બનાવ બન્યો. મરવાનની બયઅત સોમવારે (દોશમ્બા) અડધા ઝી કઅદા, હિ.સ. ૬૪માં થઈ હતી. કુલ નવ મહિના અઢાર દિવસ તેની બાદશાહત રહી. *(બિદાયા નિહાયા)*

આ સૌના છતાં મુહદ્દિષો એને મુત્તહમ (તોહમત લાગેલ) નથી જાણતા એટલા માટે ઈમામ બુખારીએ પણ તેની રિવાયત લીધી છે. તેણે ઘણા બધા સહાબાથી રિવાયત કરી છે. દા.ત. હઝરત ઉમર, હઝરત ઉષ્માન ગની, હઝરત અલી, ઝયદ બિન ષાબિત, હઝરત અબ્દુર્રહમાન બિન અસ્વદ અને બુસ્રા બિન સફવાન رضوان اللہ تعالیٰ علیہم اجمعین અને એનાથી ઈમામ ઝયનુલ આબિદીન, અબ્દુલ મલિક, ઉરવા બિન ઝુબૈર, સઈદ બિન મુસૈયબ, અબૂબક્ર બિન અબ્દુર્રહમાન બિન હારિષ અને અબ્દુલ્લાહ બિન ઉત્બા વગેરેએ રિવાયત કરી છે. તેને હઝરત મુઆવિયહ્એ બબ્બે વાર મદીનાનો વાલી (ગવર્નર) બનાવ્યો અને બરતરફ કર્યો. *(ઈસાબા, ૩/૪૭૭)*

આ બનાવ સુલહે હુદૈબિયાનો છે. અમુક રિવાયતોમાં એની સ્પષ્ટતા પણ છે. અહીં **بضع عشر مائۃ** છે એટલે એકસો દસથી કાંઈક ઉપર. **بضع** ત્રણથી લઈને નવ સુધી બોલવામાં આવે છે. એક રિવાયતમાં ૭૦ ઊંટો ૭૦ માણસો તરફથી કુર્બાનીના માટે સાથે લીધાં હતા. એક રિવાયતના આધારે મરવાન સુલહે હુદૈબિયાના સમય સુધી પેદા જ થયો ન હતો, અને જો ધારો કે પેદા પણ થયો હતો તો એના પર એકમતિ છે કે સુલહે હુદૈબિયાના લશ્કરમાં સામેલ ન હતો. એટલા માટે માનવું પડશે કે એણે કાંઈક બીજાથી સાંભળીને બયાન કર્યું છે. એટલા માટે આ હદીષ મરવાનની રિવાયતથી મુરસલ થઈ, તે પણ તાબઈની. એમાં એ પણ સંભાવના છે કે મરવાને કોઈ તાબઈથી સાંભળી છે એના લીધે તાબઈની મુરસલ હદીષ ઘણા મુહદ્દિષો નજીક મજરૂહ છે, પણ કેમ કે આ હદીષ હઝરત મિસ્વર બિન મખ્રમા رضی اللہ عنہ થી પણ રિવાયત પામી છે જે સહાબી છે એટલા માટે આ હદીષ સહીહ મુત્તસિલ થઈ.

**મસાઈલ** : આ હદીષથી સાબિત થયું કે જે શખ્સ હજ્જ અથવા ઉમરાનો ઈરાદો કરે અને પોતાની સાથે કુર્બાનીનાં જાનવર પણ રાખે તે પોતાના મીક઼ાત પર જાનવરને ગળાનો પટ્ટો વગેરે પહેરાવી દે, પણ તેના પર એ વાજિબ નથી કે જ્યાં સુધી જાનવર ઝબહ ન થઈ જાય ઘર પર એહરામ બાંધેલ રહે. જેમ કે હિ.સ. ૯માં જ્યારે હઝરત સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہ ને અમીરુલ હજ્જ બનાવીને હુઝૂરે અક઼દસ ﷺ એ મોકલ્યા તો તેમની સાથે પોતાની કુર્બાનીનાં જાનવર મોકલ્યાં પણ એહરામ બાંધ્યો ન હતો.

حدیث ۱۰۰۴ عَنِ الْقَاسِمِ عَنْ عَائِشَةَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہَا قَالَتْ فَتَلْتُ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, નબી ﷺ નાં ઊંટોના પટ્ટા* **[હદીષ : ૧૦૦૪]**

قَلَائِدَ بُدْنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ بِیَدَیَّ ثُمَّ قَلَّدَہَا وَاَشْعَرَہَا

*મેં પોતાના હાથ વડે વણ્યા હતા પછી હુઝૂરે તેને ગરદનોમાં નાખ્યા અને તેમને ઈશ્આર કર્યા અને હરમની*

وَاَھْدَاھَا فَمَا حَرُمَ عَلَیْہِ شَیْءٌ کَانَ اُحِلَّ لَہٗ

*તરફ મોકલ્યાં. અને જે ચીજો હલાલ હતી કોઈ પણ હુઝૂર પર હરામ ન થઈ."*

*(બુખારી ૧/૨૩૦, મનાસિક, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ : હજ્જ)*

**સમજૂતી : ૧૦૦૪**

ઉમરહ બિન્તે અબ્દુર્રહ્માન બિન સઅદ બિન ઝરારા તાબઈય્યહ ખાતૂન છે. ઘણા જ મહાન આલિમા ફાઝિલા હતાં. ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ની પુષ્કળ હદીષોના રાવિયહ્ છે તેમના સિવાય અન્ય પણ ઘણા લોકોથી હદીષો રિવાયત કરી છે. હઝરત ઉમ્મુલ મો'મિનીનની ખાસ પરવરિશ પામેલ તથા તેમની સોતેલી પુત્રી (રબીબહ) છે. હિ.સ. ૧૦૩માં વિસાલ ફર્માવ્યો. *(ઈક્માલ)*

**ઝિયાદ બિન અબૂ સુફયાન** : હારિષ બિન કલદા ષકફીની બાંદી સુમૈયાના પેટથી પેદા થયા હતા. સુમૈયા ઉબૈદની પત્ની હતાં એના પત્નીપણા હેઠળમાં ઝિયાદ પેદા થયો, એટલા માટે એને પહેલાં ઝિયાદ બિન ઉબૈદ કહેતા હતા. એ અરબના મશ્હૂર દાનિશ્વરો (શાણાપુરૂષો)માંથી એક છે. મશ્હૂર છે કે અરબના શાણા પુરૂષો ચાર છે : મુઆવિયહ, અમ્ર બિન આસ, મુગીરા બિન શઅબા, ઝિયાદ બિન અબિહ. આ હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم ના તરફથી ફારસનો ગવર્નર હતો અને હઝરત ઈમામ હસન મુજતબા رضی اللہ عنہ ની સુલહ પછી તેણે હઝરત મુઆવિયહની હુકૂમત સ્વીકારી નહીં પણ હઝરત મુઆવિયહએ એને છેવટે રાજી કરી લીધો. અને તેને પોતાનો ભાઈ બનાવી લીધો. ઘણા લોકોએ એવી ગવાહી આપી કે હઝરત અબૂ સુફયાને એવો ઈક્રાર કર્યો છે કે ઝિયાદ મારો પુત્ર છે. ત્યાર બાદ જ્યાં સુધી બની ઉમૈયાની હુકૂમત હતી તેને ઝિયાદ બિન સુફયાન કહેવાતો હતો. જ્યારે બની ઉમૈયાની પડતી થઈ ગઈ ઝિયાદ બિન અબિહ, ઝિયાદ બિન સુમૈયા કહેવાવા લાગ્યો. તેના પર કટાક્ષ કરતાં યઝીદ બિન રબીઅહ બિન મફરગ હુમૈરીએ કહ્યું છે :–

**الابلغ معاویۃ بن صخر اتغغضبن یقال ابوك عف فاشهد ان رحمك منزیاد مغلغة من ارجل الیمانی وترضیٰ**

**ان یقال ابوك زان کرحم الفیل من ولدالا تان**

"મુઆવિયહ બિન સખરને એક યમની શખ્સના તરફથી સાચી વાત પહોંચાડી આપો. જો એવું કહેવામાં આવે કે તારો બાપ પાકદામન છે તો તું નારાજ થાય છે અને જો કહેવામાં આવે કે બદ્કાર છે તો તું ખુશ થાય છે ! હું ગવાહી આપુ છું કે તારો સંબંધ ઝિયાદથી એવો જ છે જેવો કે હાથીનો સંબંધ ગધેડાના બાળક સાથે." *(બિદાયા નિહાયા, ૮/૯૫)*

આ જ તે સિતમગર (જાલિમ) છે જેણે હઝરત હજર બિન અદી કંદી رضی اللہ عنہ અને તેમના સાથીઓના કત્લ પર હઝરત મુઆવિયહને ઉશ્કેર્યા. એનો જ પુત્ર ઉબૈદુલ્લાહ તે જમાનાનો બદનામ જાલિમ છે જેણે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ને શહીદ કરાવ્યા.

حدیث ۱۰۰۵ عَنْ عُرْوَةَ وَعَنْ عَمْرَةَ بِنْتِ عَبْدِ الرَّحْمٰنِ اَنَّ عَائِشَةَ قَالَتْ

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ [હદીષ : ૧૦૦૫]

كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يُهْدِىْ مِنَ الْمَدِيْنَةِ فَاَفْتِلُ

મદીનાથી કુર્બાનીનાં જાનવર (હરમ)માં મોકલતાં તો હું તેની હદીનાં પટ્ટા વણતી, ત્યારબાદ હુઝૂર ﷺ એ

قَلَائِدَ هَدْيِهٖ ثُمَّ لَا يَجْتَنِبُ شَيْئًا مِمَّا يَجْتَنِبُ الْمُحْرِمُ عـه

ચીજોથી ન બચતા હતા જેનાથી મુહરિમ બચે છે."

(બુખારી ૧/૨૩૦ મનાસિક, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ : મનાસિક)

حدیث ۱۰۰۶ عَنْ عَمْرَةَ بِنْتِ عَبْدِ الرَّحْمٰنِ اَنَّهَا اَخْبَرَتْهُ اَنَّ زِيَادَ بْنَ اَبِىْ

"અમરહ બિન્તે અબ્દુર્રહમાને ખબર આપી કે ઝિયાદ બિન અબૂ સુફયાને હઝરત [હદીષ : ૧૦૦૬]

سُفْيَانَ كَتَبَ اِلٰى عَائِشَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّ عَبْدَ اللّٰهِ بْنَ عَبَّاسٍ

આઈશા رضی اللہ عنہا ને લખ્યું કે અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, જે હરમમાં કુર્બાનીનું જાનવર

رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ مَنْ اَهْدٰى هَدْيًا حَرُمَ عَلَيْهِ مَا يَحْرُمُ عَلَى الْحَاجِّ

મોકલે તેના પર તે સર્વ ચીજો હરામ થઈ જાય છે જે હાજી પર હરામ છે જ્યાં સુધી કે હદીને નહર ન કરી

حَتّٰى يُنْحَرَ هَدْيُهٗ قَالَتْ عَمْرَةُ فَقَالَتْ عَائِشَةُ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهَا

દેવામાં આવે. તો હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે ઈબ્ને અબ્બાસે જે કહ્યું છે તેવું નથી. મેં મારા હાથો

એની સાથોસાથ એ પણ છે કે જ્યારે હઝરત મુઆવિયહએ ઝિયાદ સાથે યઝીદને અનુગામી બનાવવાના બારામાં મશ્વરો કર્યો તો તેણે તેને કબૂલ ન કર્યો અને ઉબૈદ બિન કઅબ નુમેરીને મોકલ્યો કે તે હઝરત મુઆવિયહને સમજાવી દે કે એ વાતથી દૂર રહે, જેના કારણે અમીર મુઆવિયહએ એ ચળવળને તે વખતે પડતી મૂકી. જ્યારે હિ.સ. ૫૬માં ઝિયાદ મૃત્યુ પામ્યો તો આ ચળવળ શરૂ કરી. *(ઉપર મુજબ)*

મશ્હૂર સહાબી હઝરત અબૂબકરહ رضی اللہ عنہ પણ એ જ સુમૈયાના પેટથી હતા, આ રીતે એ ઝિયાદના એક માથી થનારા ભાઈ થયા. સુમૈયાના બારામાં એવી કોઈ રિવાયત નથી કે એણે હુઝૂર ﷺની ઝિયારત કરી હોય. પણ અલ્લામા અબ્દુલબર્રે (અલ ઈસ્તીઆબ, ૪/૩૪૦) ફર્માવ્યું કે સિયરવાળાઓએ લખ્યું છે કે કુરૈશ તથા ષકીફની દરેકે દરેક વ્યક્તિ હજ્જતુલ વિદાઅના સમય સુધી મુસલમાન થઈ ચૂકી હતી અને સૌ હજ્જતુલ વિદાઅમાં શરીક હતા એના ઉમૂમ (સામાન્યપણા)માં એને પણ દાખલ કરી શકાય છે.

ليس كما قال ابن عباس انا فتلت قلائد هدي رسول الله صلى الله

વડે રસૂલુલ્લાહ ﷺની હદીના પટ્ટા વણ્યા અને રસૂલુલ્લાહ ﷺએ પોતાના હાથો

تعالى عليه وسلم بيدي ثم قلدها رسول الله صلى الله تعالى

વડે તેમને તેમની ગરદનોમાં નાખ્યા પછી તેને મારા પિતા સાથે મોકલ્યાં અને રસૂલુલ્લાહ ﷺ

عليه وسلم بيديه ثم بعث بها مع ابي فلم يحرم على رسول الله

પર કોઈ એવી ચીજ હરામ ન થઈ જે અલ્લાહે એમના માટે હલાલ કરી હોય, ત્યાં સુધી કે હદીને નહર કરવામાં

صلى الله تعالى عليه وسلم شيء احله الله له حتى نحر الهدي

આવ્યાં." (બુખારી ૧/૨૩૦ મનાસિક, ૧/૩૧૧ અલ્વકાલહ, મુસ્લિમ, નિસાઈ–હજ્જ)

حديث ١٠٠٧ عن الاسود عن عائشة رضي الله تعالى عنها قالت كنت

**[હદીષ : ૧૦૦૭]** "ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, હું નબી ﷺના

افتل قلائد الغنم للنبي صلى الله تعالى عليه وسلم فيبعث بها ثم

માટે બકરીના હાર વણતી હતી. હુઝૂર એને મોકલતા

يمكث حلالا

અને પછી વિના એહરામે રહેતા." (બુખારી ૧/૨૩૦ મનાસિક)

حديث ١٠٠٨ عن مسروق عن عائشة رضي الله تعالى عنها قالت

**[હદીષ : ૧૦૦૮]** "હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું,

فتلت لهدي النبي صلى الله تعالى عليه وسلم تعني القلائد قبل

હું નબી ﷺની હદીના માટે હાર વણતી હતી

ان يحرم

એ પહેલાં કે હુઝૂર મુહરિમ બને." (ઉપર મુજબ, મુસ્લિમ, અબૂ દાઊદ–મનાસિક)

**સમજૂતી : ૧૦૦૭–૧૦૦૮–૧૦૦૯** આ સર્વ હદીષોનો સાર એ નીકળ્યો કે હુઝૂરે અક્દસ ﷺ કદી કદી મદીના તય્યબહથી હરમમાં કુર્બાની માટે જાનવર મોકલતા હતા. હઝરત ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہا તેમના ગળામાં હાર નાખવા માટે ખૂદ હાર વણતાં હતાં. એ હારોને હુઝૂરે અક્દસ ﷺ તે જાનવરોના ગળામાં

| حدیث ۱۰۰۹ | عَنِ الْقَاسِمِ عَنْ اُمِّ الْمُؤْمِنِيْنَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا |
|---|---|

''હઝરત ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہا એ ફર્માવ્યું મારા ઉન વડે હદીના હાર **[હદીષ : ૧૦૦૯]**

قَالَتْ فَتَلْتُ قَلَائِدَهَا مِنْ عِهْنٍ كَانَ عِنْدِيْ

હું વણતી હતી.'' (બુખારી ૧/૨૩૦ મનાસિક, મુસ્લિમ, નિસાઈ)

| ت ۳۰۸ | وَكَانَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا لَا يَشُقُّ مِنَ الْجِلَالِ اِلَّا |
|---|---|

''અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ખાંધની જગા સિવાય અન્ય **[તઅલીક઼ : ૩૦૮]**

مَوْضِعَ السَّنَامِ وَاِذَا نَحَرَهَا نَزَعَ جِلَالَهَا مَخَافَةَ اَنْ يُّفْسِدَهَا الدَّمُ

ક્યાંથી કમ્બલ ફાડતા ન હતા અને જ્યારે તેને નહર (કુર્બાની) કરતા તો કમ્બલ ઉતારી લેતા

ثُمَّ يَتَصَدَّقُ بِهَا

જેથી લોહીથી ખરાબ ન થઈ જાય, પછી સદક઼ો કરી આપતા.'' (બુખારી ૧/૨૩૦ મનાસિક)

| حدیث ۱۰۱۰ | عَنْ عَمْرَةَ بِنْتِ عَبْدِ الرَّحْمٰنِ قَالَتْ سَمِعْتُ عَائِشَةَ |
|---|---|

''અમરહ બિન્તે અબ્દુર્રહમાને કહ્યું, મેં ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી **[હદીષ : ૧૦૧૦]**

رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا تَقُوْلُ خَرَجْنَا مَعَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

સાંભળ્યું. ફર્માવતાં હતાં કે અમે રસૂલુલ્લાહ ﷺની સાથે જ્યારે ઝીક઼અદામાં પાંચ દિવસ રહી ગયા હતા

નાખતા હતા અને તેમને મક્કા મોકલતા. પણ હદી મોકલ્યા બાદ એહરામની હાલતમાં ન રહેતા. એ હદી બકરી પણ હતી અને હાર ઉન વડે વણ્યા હતા. મતલબ એ થયો કે હદીના માટે ઊંટ જ જરૂરી નથી. ઊંટ, ગાય, બકરી કોઈપણ કુર્બાનીનું જાનવર હોઈ શકે છે અને હારના માટે ખાસ નથી કે ફલાણી ચીજ જ હોય, કોઈપણ ચીજ હોઈ શકે છે અમુક હઝરાતે ફર્માવ્યું હતું કે હદીનો હાર કેવળ વનસ્પતિનો હોવો જરૂરી છે, ઉનનો નથી હોઈ શકતો. આ હદીષથી એમનું કથન રદ થઈ ગયું.

**તઅલીક઼ : ૩૦૮ની સમજૂતી** આ અષરને ઈમામ માલિકે બે હિસ્સાઓમાં કરીને પોતાની મોઅત્તામાં મુત્તસિલ સનદ સાથે વર્ણન કરેલ છે, તેમજ ઈમામ બયહક઼ીએ પણ. جلال جل નું બહુવચન છે. તે કપડુ જે જાનવરની પીઠ પર નાખવામાં આવે છે જેથી તે ઠંડી તથા ગરમીથી મેહફૂઝ રહે ખાંધવાળી જગા પર કમ્બલ ફાડવાનો ફાયદો એ હતો કે ઈશ્આર (ઘાની નિશાની) દેખાઈ આવે. આ પરથી સાબિત થયું કે કમ્બલની જેમ રસ્સી વગેરે સદક઼ો કરી દેવું વાજિબ છે.

**સમજૂતી : ૧૦૧૦** الخمس بقين من ذى القعده : વર્ણન થઈ ચૂક્યું કે હુઝૂરે અક઼દસ ﷺએ હફ્તા (શનિવાર)ના દિવસે ઝોહરની નમાઝ પઢીને મદીના તય્યબહથી કૂચ ફર્માવી હતી. આ રિવાયતની બિના પર

عَلَيْهِ وَسَلَّمَ لِخَمْسٍ بَقِيْنَ مِنْ ذِي الْقَعْدَةِ لَا نُرَى إِلَّا الْحَجَّ

*(ત્યારે) નીકળ્યાં. અમે કેવળ હજ્જ જાણતાં હતાં. જ્યારે મક્કાની નજીક પહોંચ્યા તો રસૂલુલ્લાહ ﷺ એ*

فَلَمَّا دَنَوْنَا مِنْ مَكَّةَ أَمَرَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَنْ لَّمْ يَكُنْ

*ફર્માવ્યું, જેની સાથે કુર્બાનીનાં જાનવર ન હોય તે જ્યારે તવાફ અને સફા તથા મરવાના*

مَّعَهُ هَدْيٌ إِذَا طَافَ وَسَعٰى بَيْنَ الصَّفَا وَالْمَرْوَةِ أَنْ يَّحِلَّ قَالَتْ فَدُخِلَ

*દરમ્યાન સઈ કરી લે તો એહરામ ખોલી નાખે. ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું, યૌમે નહર*

عَلَيْنَا يَوْمَ النَّحْرِ بِلَحْمِ بَقَرٍ فَقُلْتُ مَا هٰذَا قَالَ نَحَرَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ

*અમારી પાસે ગાયનો ગોશ્ત લાવવામાં આવ્યો તો મેં પૂછ્યું, શું છે આ ? કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ*

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَنْ أَزْوَاجِهٖ

*પોતાનાં અઝવાજની તરફથી કુર્બાની કરી છે." (બુખારી ૧/૨૩૧ મનાસિક, ૧/૪૧૪ જેહાદ, મુસ્લિમ, નિસાઈ–હજ્જ)*

૨૯ ઝીકઅદા હતી. એનાથી લાઝિમ થાય છે રૂયત (ચાંદ) ત્રીસની થઈ. એટલા માટે કે એ નિશ્ચિત છે કે આ વરસે જુમેરાતે પહેલી તારીખ હતી. હઝરત ઉમ્મુલ મો'મિનીને આ હદીષ મહિનો પસાર થયા બાદ બયાન કરી. એટલા માટે યકીનની સાથે એવું ફર્માવી રહ્યાં છે કે ઝી કઅદામાં પાંચ દિવસ રહી ગયા હતા.

**لا نُرىٰ ال الحجّ** : એનાથી મુરાદ એ છે કે જ્યારે મદીનાથી નીકળ્યાં હતાં અને જ્યાં સુધી હુઝૂર ﷺ એ ઉમરાનો એહરામ બાંધવાનો હુકમ ન આપ્યો હતો એ સમય સુધી અમારું એ જ ગુમાન હતું કે કેવળ હજ્જ કરવી છે. નહીં તો અન્ય રિવાયતો ખૂદ અમરહથી જ છે કે ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું, **فمنا من اهل بالحج ومنا من اهل بالعمرة ومن من اهل بهما** "અમારાથી અમુક લોકોએ કેવળ હજ્જનો એહરામ બાંધ્યો હતો અમુકે કેવળ ઉમરાનો, અમુકે બંનેનો. ભાગ–૨માં વિગતવાર ચર્ચા વર્ણન થઈ ચૂકી છે કે ઉમ્મુલ મો'મિનીને તમત્તુઅ કર્યો હતો, જેનાથી લાઝિમ થયું કે ઉમરાનો એહરામ બાંધ્યો હતો.

**મસાઈલ** : આ હદીષથી સાબિત થયું કે કિરાન અને તમત્તુઅના દમમાં પણ ગાયની અંદર સાતની ભાગીદારી જાઈઝ છે. આ રિવાયતમાં નહર આવેલ છે, એના પરથી એ દલીલ કરવામાં આવી કે ગાયને પણ નહર (ઉભા રાખીને ઊંટ જેમ કુર્બાની) કરવું દુરુસ્ત છે. એટલું તો દુરુસ્ત છે કે જો ગાયને નહર કરી તો તે હલાલ થઈ જશે. પણ સહીહ એ છે કે ઊંટમાં નહર મુસ્તહબ છે અને ઝબહ કરવું મકરૂહ છે. ગાય વગેરે અન્ય જાનવરોમાં ઝબહ મુસ્તહબ છે અને નહર મકરૂહ છે. આ હદીષના બીજા તરીકાઓમાં ઝબહ આવેલ છે. (બુખારી ૧/૨૩૨) અમુકમાં ضحی (કુર્બાની) પણ છે. (બુખારી ૧/૪૩) એટલા માટે સર્વ તરીકાઓમાં વર્ગીકરણ માટે એ જરૂરી છે કે આ રિવાયતમાં નહરનો અર્થ ઝબહ કરવું છે અથવા કુર્બાની કરવી. નહર કુર્બાનીના અર્થમાં કુર્આન મજીદમાં આવેલ છે : فَصَلِّ لِرَبِّكَ وَانْحَرْ "તમારા રબના માટે નમાઝ પઢો અને કુર્બાની કરો."

حدیث ۱۰۱۱ عَنْ نَافِعٍ أَنَّ عَبْدَ اللّٰهِ بْنَ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا كَانَ

"નાફેઅથી રિવાયત છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما **[હદીષ : ૧૦૧૧]**

يَنْحَرُ فِي الْمَنْحَرِ قَالَ عُبَيْدُ اللّٰهِ مَنْحَرَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

મન્હર(કુર્બાનગાહ)માં નહર કરતા હતા. અબ્દુલ્લાહે કહ્યું કે

وَسَلَّمَ ؏

રસૂલુલ્લાહ ﷺના મન્હરમાં." (બુખારી ૧/૨૩૧ મનાસિક, ૨/૮૩૩ અલ અઝાહી)

حدیث ۱۰۱۲ عَنْ نَافِعٍ أَنَّ ابْنَ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا كَانَ يَبْعَثُ

"નાફેઅથી મરવી છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما કુર્બાનીનાં જાનવર રાતના **[હદીષ : ૧૦૧૨]**

بِهَدْيِهِ مِنْ جَمْعٍ مِنْ اٰخِرِ اللَّيْلِ حَتّٰى يُدْخَلَ بِهِ مَنْحَرَ رَسُوْلِ اللّٰهِ صَلَّى

આખરમાં જ હાજીઓની સાથે જેમનામાં આઝાદ તથા ગુલામ સૌ હોતા, મુઝદલ્ફાથી મોકલી આપતા

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَعَ حُجَّاجٍ فِيْهِمُ الْحُرُّ وَالْمَمْلُوْكُ ؏

જેથી રસૂલુલ્લાહ ﷺની કુર્બાનગાહમાં દાખલ કરી દેવામાં આવે." (બુખારી ૧/૨૩૧ મનાસિક)

حدیث ۱۰۱۳ عَنْ أَبِي قِلَابَةَ عَنْ أَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ وَذَكَرَ

"હઝરત અનસ رضی اللہ عنہએ ફર્માવ્યું, અને નબી ﷺએ પોતાના હાથ મુબારક **[હદીષ : ૧૦૧૩]**

الْحَدِيْثَ قَالَ وَنَحَرَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِيَدِهٖ سَبْعَةَ

વડે સાત ઊંટોને નહર કર્યા, એ હાલતમાં કે તે ઉભાં હતાં અને મદીનામાં કાબરચિતરાં

بُدْنٍ قِيَامًا وَضَحّٰى بِالْمَدِيْنَةِ كَبْشَيْنِ أَمْلَحَيْنِ أَقْرَنَيْنِ مُخْتَصَرًا ؏

શીંગવાળાં બે ઘેટાં (મેઢા)ઓની કુર્બાની કરી." (બુખારી, ૧/૨૩૧, ૨૧૦ મનાસિક, અબૂ દાઊદ–મનાસિક)

**સમજૂતી : હદીષ : ૧૦૧૧–૧૦૧૨** આ હદીષમાં મન્હરે રસૂલુલ્લાહ ﷺએ ઓબૈદુલ્લાહ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર ફારૂકનો કૌલ છે અને નાફેઅએ જે કહ્યું હતું તે فی المنحر છે. એની તફસીર છે, નાફેઅનો કૌલ નથી. એની દલીલ કિતાબુલ ઈઝાહીની રિવાયત છે. એમાં છે, એટલે મન્હરે રસૂલુલ્લાહ ﷺ. (રસૂલુલ્લાહ ﷺની કુર્બાનીની જગા)

**સમજૂતી : ૧૦૧૩** આ હદીષ વર્ણન થઈ ચૂકી છે, ત્યાં અધ્યાહન (છુપુ) હતું કે નબી ﷺએ અમુક ઊંટ પોતાના દસ્તે મુબારક વડે નહર કર્યા અને અહીં સાતનો આંકડો નિશ્ચિત છે. એની પૂરી ચર્ચા ત્યાં વર્ણન થઈ છે.

حديث ١٠١٤ أَنَّ عَبْدَ الرَّحْمٰنِ بْنَ أَبِي لَيْلٰى أَخْبَرَهُ أَنَّ عَلِيًّا أَخْبَرَهُ أَنَّ

"અબ્દુર્રહમાન ઈબ્ને અબી લયલાએ ખબર આપી કે હઝરત અલી મુર્તઝા كرم الله تعالى وجهه الكريم એ **[હદીષ : ૧૦૧૪]**

النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ أَمَرَهُ أَنْ يَقُوْمَ عَلٰى بُدْنِهِ وَأَنْ

તેમને ખબર આપી કે નબી ﷺ એ તેમને હુકમ આપ્યો કે તે હુઝૂરના ઊંટોની પાસે રહે અને તે સૌના ગોશ્ત

يَقْسِمَ بُدْنَهُ كُلَّهَا لُحُوْمَهَا وَجُلُوْدَهَا وَجِلَالَهَا وَلَا يُعْطِيَ فِي جِزَارَتِهَا شَيْئًا

તથા ચામડાં તથા જુલ (કમ્બલ–ચાદરો) વહેંચી આપે. અને એના ટુકડા તથા બોટી કરવાની મજૂરી પેટે

એમાંથી કાંઈ ન આપે." (બુખારી ૧/૨૩૨, મનાસિક, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ–મનાસિક, ઈબ્ને માજહ–અઝાહી)

ت ٣٠٩ وَقَالَ عُبَيْدُ اللّٰهِ أَخْبَرَنِيْ نَافِعٌ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું, શિકારના બદલા અને મન્નતની કુર્બાનીથી **[તઅલીક઼ : ૩૦૯]**

لَا يُؤْكَلُ مِنْ جَزَاءِ الصَّيْدِ وَالنَّذْرِ وَيُؤْكَلُ مِمَّا سِوٰى ذٰلِكَ سے

ન ખાવામાં આવે, એના સિવાયની બાકીની કુર્બાનીઓથી ખાવામાં આવે." (બુખારી ૧/૨૩૨ મનાસિક)

ت ٣١٠ وَقَالَ عَطَاءٌ يَأْكُلُ وَيُطْعِمُ مِنَ الْمُتْعَةِ سے

"અને અતાએ કહ્યું, તમત્તુઅની કુર્બાની ખાય પણ અને ખવડાવે પણ." **[તઅલીક઼ : ૩૧૦]**

(બુખારી ૧/૨૩૨ મનાસિક)

حديث ١٠١٥ حَدَّثَنَا عَطَاءٌ سَمِعَ جَابِرَ بْنَ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

"હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ ફર્માવે છે, અમે કુર્બાનીનો ગોશ્ત મિનાના **[હદીષ : ૧૦૧૫]**

**સમજૂતી : ૧૦૧૪** એના પછીવાળી રિવાયત છે કે નબી ﷺ એ સો ઊંટ હરમમાં કુર્બાની માટે પેશ કર્યાં હતાં.

**સમજૂતી : તઅલીક઼ ૩૦૯–૩૧૦** પ્રથમ તઅલીક઼ને ઈમામ તબ્રાનીએ રિવાયત કરી છે અને બીજી તઅલીક઼ને ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ે અને ઈમામ સઈદ બિન મન્સૂરે રિવાયત કરી છે. એનો સાર એ છે કે જુર્માના તથા ફિદિયા અને કફ્ફારામાં જે જાનવર ઝબહ કરવામાં આવે તેનો ગોશ્ત માલિકે ખાવો જાઈઝ નથી, એ જ પ્રમાણે મન્નતનો પણ. બાકીનાનું ખાવુ જાઈઝ છે.

**સમજૂતી : ૧૦૧૫** પ્રારંભમાં કુર્બાનીનો ગોશ્ત ત્રણ દિવસથી વધુ જમા રાખવો મના હતો, બાદમાં એની ઈજાઝત થઈ ગઈ કે જેટલા દિવસો ચાહે કુર્બાનીનો ગોશ્ત રાખે, એ કુર્બાનીઓ ઘર પર થાય કે હજ્જના દિવસોમાં મિનામાં થાય સૌના માટે ઈજાઝત છે. હજ્જના દિવસોની કુર્બાનીના માટે આ હદીષ નસ (દલીલ) છે. અને ઘરો પર કરવામાં આવતી કુર્બાનીના બારામાં પણ સ્પષ્ટ નસ આ છે : ઈમામ મુસ્લિમ, ઈમામ તિર્મિઝી, ઈમામ

يَقُوْلُ كُنَّا لَا نَأْكُلُ مِنْ لُحُوْمِ بُدْنِنَا فَوْقَ ثَلٰثِ مِنًى فَرَخَّصَ لَنَا النَّبِيُّ صَلَّى

ત્રણ દિવસથી વધુ ખાતા ન હતા. પછી નબી ﷺએ અમને ઈજાઝત આપી અને ઈર્શાદ ફર્માવ્યો, ખાવ અને

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ كُلُوْا وَتَزَوَّدُوْا فَأَكَلْنَا وَتَزَوَّدْنَا قَالَ قُلْتُ

સફરનું ભાથુ બનાવો. તો અમે ખાધો અને સફરનુ ભાથુ બનાવ્યો. ઈબ્ને જરીહે ઈમામ અતાથી પૂછયું, શું

لِعَطَاءٍ أَقَالَ حَتّٰى جِئْنَا الْمَدِيْنَةَ قَالَ لَا ؏

હઝરત જાબિરે એ પણ કહ્યું, ત્યાં સુધી કે મદીનામાં આવ્યા ? કહ્યું, નહીં !"

*(બુખારી ૧/૨૩૨ મનાસિક, મુસ્લિમ–અઝાહી, નિસાઈ–હજ્જ)*

حديث ١٠١٦ عَنْ عَطَاءٍ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ قَالَ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે એક સાહબે નબી ﷺથી અર્ઝ કરી, **[હદીષ : ૧૦૧૬]**

رَجُلٌ لِلنَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ زُرْتُ قَبْلَ أَنْ أَرْمِيَ قَالَ

મેં રમીથી પહેલાં તવાફે ઝિયારત કરી લીધી છે. ફર્માવ્યું, કાંઈ વાંધો નહીં. તેમણે અર્ઝ કરી, મેં ઝબહથી

لَا حَرَجَ قَالَ حَلَقْتُ قَبْلَ أَنْ أَذْبَحَ قَالَ لَا حَرَجَ قَالَ ذَبَحْتُ قَبْلَ أَنْ

પહેલાં માથુ મૂંડાવી કાઢયું છે. ફર્માવ્યું, કાંઈ વાંધો નથી. તેણે અર્ઝ કરી, મેં રમીથી પહેલાં

أَرْمِيَ قَالَ لَا حَرَجَ ؏

ઝબહ કરી લીધુ છે. ફર્માવ્યું, કાંઈ વાંધો નથી." *(બુખારી ૧/૨૩૨ મનાસિક)*

નિસાઈ, ઈમામ ઈબ્ને માજહ હઝરત અબ્દુલ્લાહ બિન બુરીદા અન અબિહિથી રિવાયત કરે છે કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, મેં તમને કબ્રોની ઝિયારતથી મના કર્યું હતું, હવે ઝિયારત કર્યા કરો. મેં ત્રણ દિવસથી વધુ કુર્બાનીનો ગોશ્ત રાખવાથી મના કર્યું હતું, હવે જયાં સુધી ચાહો રાખો. મુસ્તહબ એ છે કે કુર્બાનીના ગોશ્તના ત્રણ હિસ્સા કરવામાં આવે, એક હિસ્સો પોતાનાં બીવી બચ્ચાં, ઘરવાળાં માટે, એક હિસ્સો પોતાનાં સગા સંબંધી માટે, એક હિસ્સો ગરીબો–ફકીરો માટે. જેવું કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત થયેલ છે.

**સમજૂતી : ૧૦૧૬**

આ હદીષ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી તેમના ચાર શાગિર્દો હઝરત અતા, હઝરત ઈકરમા, હઝરત સઈદ બિન જુબૈર, હઝરત તાઊસ અને હઝરત જાબિર رضی اللہ عنہથી અતાના તરીકાથી મરવી છે. થોડાક પ્રકરણો બાદ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہماની હદીષ આવી રહી છે, એમાં આટલુ વધારે છે કે પ્રશ્નકર્તાએ એ અર્ઝ કરી, لم اشعر "મને માલૂમ ન હતું." તહાવીમાં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂરે અક્દસ ﷺએ બાદમાં ઈર્શાદ ફર્માવ્યો : تعلموا مناسككم فانه من دينكم "હજ્જના અરકાન શીખો એટલા માટે કે એ તમારા દીનથી છે." આ હદીષથી જાહેરી રીતે એવું જણાય છે કે રમી, કુર્બાની,

| حدیث ۱۰۱۷ | عَنْ عِكْرِمَةَ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ |
|---|---|

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, નબી صلی اللہ علیہ وسلم ને સવાલ કરવામાં આવ્યો **[હદીષ : ૧૦૧૭]**

سُئِلَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ رَمَيْتُ بَعْدَ مَا أَمْسَيْتُ

પ્રશ્નકર્તાએ અર્ઝ કરી કે મેં રાત થયા બાદ રમી કરી, ફર્માવ્યું, કાંઈ વાંધો નહીં. હવે તેણે અર્ઝ કરી, મેં

فَقَالَ لَا حَرَجَ فَقَالَ حَلَقْتُ قَبْلَ أَنْ أَنْحَرَ قَالَ لَا حَرَجَ ـــه

કુર્બાની પહેલાં માથુ મૂંડાવી લીધું, ફર્માવ્યું, કાંઈ વાંધો નહીં."

(બુખારી ૧/૨૩૩ ૨૩૪ મનાસિક, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ–મનાસિક)

હલક઼, તવાફે ઝિયારતમાં ક્રમ જરૂરી નથી. આગળ પાછળ થઈ જાય તો કાંઈ વાંધો નથી. જેથી લાઝિમ થયું કે એના પર દમ પણ વાજિબ નથી. એનાથી ઉલ્ટુ ખૂદ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી જ એવું મરવી છે (ઉમ્દતુલ ક઼ારી ૧૦/૫૯, શર્હે મઆનિયુલ આષાર ૧/૩૬૦ મનાસિક) કે તેમણે ફર્માવ્યું, જેણે પોતાના હજ્જના અરકાનમાં કાંઈ આગળ અથવા પાછળ કર્યું તે એના માટે ખૂન વહાવે (દમ આપે). અને જાહેર છે કે હઝરત ઈબ્ને અબ્બાસ કરતાં અન્ય કોઈ આ હદીષના સહીહ અર્થને નથી જાણી શકતો, એટલા માટે ઉલમાએ "લા હરજ"ને "રફએ ઈષમ" ધાર્યું છે. કેમ કે ઈસ્લામનો પ્રથમ હજ્જ હતો, લોકો મનાસિક તથા તેના ક્રમને સંપૂર્ણપણે જાણતા ન હતા એટલા માટે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم એ એના પર તંગી ન કરી અને ઈર્શાદ ફર્માવી આપ્યો કે કેમ કે તમે જે કાંઈ કર્યું અજ્ઞાનતામાં કર્યું એટલા માટે તમારા પર કોઈ ગુનોહ નથી. અથવા "લા હરજ"થી મુરાદ એ છે કે તમારો હજ્જ રદ (ફાસિદ) નથી થયો, ફર્ઝ અદા થઈ ગયો. અને ક્રમ બદલવાથી જે નુકસાન પેદા થયું તે અજ્ઞાનતાની મજબૂરીના કારણે સાક઼િત થઈ ગયું. એટલા માટે આખરમાં ફર્માવ્યું કે મનાસિક શીખો.

તેમજ પ્રશ્નકર્તાના સવાલથી જાહેર છે કે એને એનો એહસાસ થયો કે મેં ગલતી કરી છે એટલા માટે એણે સવાલ કર્યો, જો ગલતીનો એહસાસ ન હોત સવાલ શાથી કરત ? અને એ એહસાસ એ કારણે હશે કે એના ઈલ્મમાં એ વાત આવી હશે કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم એ જે ક્રમસર આ કામો અદા કર્યા છે મેં એનાથી વિરુદ્ધ કર્યું. પણ કેમ કે પ્રથમ પ્રસંગ હતો એટલા માટે દરગુઝર ફર્માવી આપ્યું.

ઈમામ ઈબ્ને હુમામે અહીં એ પણ ફાયદો કર્યો છે કે મુહસરના માટે ઈર્શાદ છે : وَلَا تَحْلِقُوا رُؤُسَكُمْ حَتّٰى يَبْلُغَ الْهَدْىُ مَحِلَّه "અને પોતાનાં માથાંને ન મૂંડાવો જ્યાં સુધી હદી એના સ્થાને ન પહોંચી જાય." તો જ્યારે મુહસરને કે જે હજ્જ કે ઉમરાનો ઈરાદો તોડી ચૂક્યો તેને કુર્બાની પહેલાં માથુ મૂંડાવવું જાઈઝ નથી તો જે હજ્જ તથા તથા ઉમરા કરી રહ્યો છે તેને કુર્બાનીથી પહેલાં એથી અધિક કક્ષાએ કસ્ર કે હલક઼ જાઈઝ થશે નહીં.

**સમજૂતી : ૧૦૧૭**

આ યૌમે નહરની રમીના બારામાં સવાલ હતો. યૌમે નહર કેવળ જમરાએ ઉક઼બા (મોટા શૈતાન)ની રમી છે તેનો સમય ૧૦ની સુબ્હ સાદિક઼થી લઈને ૧૧મીની સુબ્હ સાદિક઼ તુલૂઅ થતા સુધી છે. પણ સૂર્ય નીકળ્યા બાદથી ઝવાલ સુધી મસ્નૂન (સુન્નત) છે અને ઝવાલથી ગુરૂબ આફતાબ સુધી મુબાહ છે. ૧૧મીની રાત ગુરૂબ આફતાબથી લઈને તુલૂએ ફજર સુધી અને ૧૦મીએ તુલૂએ ફજરથી લઈને તુલૂઅ આફતાબ સુધી મકરૂહ છે.

حدیث ۱۰۱۸ قَالَ نَافِعٌ كَانَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهُمَا يَقُولُ حَلَقَ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ **[હદીષ : ૧૦૧૮]**

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ فِيْ حَجَّتِهٖ ع س

પોતાના હજ્જમાં માથુ મુબારક મૂંડાવ્યું." *(બુખારી ૧/૨૩૩ મનાસિક, ૨/૬૩૩ મગ઼ાઝી)*

**સમજૂતી : ૧૦૧૮**

**فی حجته**થી હજ્જતુલ વિદાઅ મુરાદ છે. એના પર એકમતિ છે કે હુઝૂરે અક઼દસ ﷺએ હજ્જતુલ વિદાઅમાં માથુ મુબારક મૂંડાવ્યું હતું. આ શરફ હઝરત મુઅમર બિન અબ્દુલ્લાહ અદવી رضی اللہ عنہને મળ્યો હતો. અલ્લામા નવવીએ ફર્માવ્યું, એ જ સહીહ તથા મશહૂર છે. ઈમામ બુખારીએ તારીખે કબીર (ઉમ્દતુલ ક઼ારી, ૧૦/૬૩)માં રિવાયત કર્યું. હઝરત મુઅમર કહે છે કે યૌમે નહર તે બેસીને માથા મુબારકના વાળ સાફ કરી રહ્યા હતા એવામાં હુઝૂરે અક઼દસ ﷺએ એમના ચહેરામાં નજર ફેંકી અને ફર્માવ્યું, હે મુઅમર ! નબી ﷺએ પોતાના કાનની પટ્ટી પર તને ક઼ાબૂ આપી દીધો છે અને તારા હાથમાં અસ્તરો છે. તેમણે અર્ઝ કરી, આ મારા પર અલ્લાહનો ફઝલ તથા એહસાન છે. અમુક લોકોએ કહ્યું કે આ મોક઼ા પર હઝરત ખરાશ બિન ઉમૈયા બિન રબીઆએ એ ખિદમત અંજામ આપી હતી. પણ એ સહીહ નથી. સહીહ એ છે કે તેમણે હુદૈબિયહના મોક઼ા પર આ ખિદમત અંજામ આપી હતી, જેમ કે અલ્લામા ઈબ્ને અબ્દુલબર્રે ઈસ્તીઆબ (૧/૪૨૮)માં લખ્યું છે.

તિર્મિઝી (૧/૧૧૧ હજ્જ)માં હઝરત અનસ رضی اللہ عنہની હદીષમાં છે કે કુર્બાની કર્યા બાદ હુઝૂર ﷺએ હલ્લાક઼ (હલક઼ કરનાર)ને પોતાના માથા મુબારકનો જમણો હિસ્સો આપ્યો, તેમણે તેને સાફ કર્યો તો એને અબૂ તલ્હાને આપ્યો. પછી ડાબો હિસ્સો આપ્યો, તેમણે તેને સાફ કર્યો તો હુકમ આપ્યો કે એને વહેંચી દો. અને એ જ મુસ્લિમ (૧/૪૨૧ હજ્જ)માં પણ સુફયાન બિન ઉયયના તરીક઼ાથી છે. પણ મુસ્લિમ (ઉપર મુજબ)માં જ હફસ બિન ગયાસના અને અબ્દુલ આ'લાના તરીક઼ાથી જે રિવાયત છે એમાં એ છે કે વહેંચવા માટે જમણી બાજુના મૂએ મુબારક અતા ફર્માવ્યા હતા. સાહિબે મુન્ઈમ અને મુહિબ્બ તબરીએ એને અગ્રતા આપી કે જમણી બાજુના મૂએ મુબારક વહેંચ્યા અને ડાબી બાજુના હઝરત અબૂ તલ્હાને અતા કર્યા. (અલ્લાહ બેહતર જાણનાર છે.)

**તબર્રુક બનાવવું** : હજ્જતુલ વિદાઅના પ્રસંગે મૂએ મુબારકની વહેંચણી કરવી અને હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہને આપવું જે ઈશારાની રીતે હુકમ આપવું હતું કે એને રાખો અને એનાથી બરકત હાંસલ કરો. અલ્લાહ ﷻનો ફઝ્લો કરમ કે ૧૪૦૦ વરસ વહી જવા છતાં મૂએ મુબારક હજી સુધી હજારો મેહફૂઝ છે જેની ઝિયારતથી મુસલમાન શરફ તથા બરકત હાંસલ કરે છે. ખાનક઼ાહે બરકાતિયહ મારહરા મુતહ્હરામાં એક બાલ મુબારક એવો પણ છે જેના લેવાની ક્રમસરની સતત સનદ હઝરત અબૂ તલ્હા સુધી મૌજૂદ છે.

حدیث ۱۰۱۹ عَنْ نَافِعٍ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا اَنَّ رَسُوْلَ اللّٰهِ

''હઝરત ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ કહ્યું, **[હદીષ : ૧૦૧૯]**

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ اَللّٰهُمَّ ارْحَمِ الْمُحَلِّقِیْنَ قَالُوْا وَ

હે અલ્લાહ ! માથુ મૂંડાવનારાઓ પર રહમ ફર્માવ ! તો લોકોએ અર્ઝ કરી, અને કતરાવનારાઓ પર યા

الْمُقَصِّرِیْنَ یَا رَسُوْلَ اللّٰهِ قَالَ اَللّٰهُمَّ ارْحَمِ الْمُحَلِّقِیْنَ قَالُوْا وَالْمُقَصِّرِیْنَ

રસૂલલ્લાહ ! ફર્માવ્યું, હે અલ્લાહ ! માથુ મૂંડાવનારાઓ પર રહમ ફર્માવ ! લોકોએ અર્ઝ કરી, અને

یَا رَسُوْلَ اللّٰهِ قَالَ وَلِلْمُقَصِّرِیْنَ وَقَالَ اللَّیْثُ حَدَّثَنِیْ نَافِعٌ رَحِمَ اللّٰهُ

કતરાવનારાઓ પર પણ યા રસૂલલ્લાહ ! તો ફર્માવ્યું, અને કતરાવનારાઓ પર પણ. અને લયષે કહ્યું,

الْمُحَلِّقِیْنَ مَرَّةً اَوْ مَرَّتَیْنِ قَالَ وَقَالَ عُبَیْدُ اللّٰهِ حَدَّثَنِیْ نَافِعٌ قَالَ فِی الرَّابِعَةِ

મારાથી નાફેએ બયાન કર્યું ''રહિમલ્લાહુલ્ મુહલ્લકીન'' એકવાર અથવા બે વાર. લયષે કહ્યું કે નાફેએ બયાન

وَالْمُقَصِّرِیْنَ

કર્યું કે ચોથીવાર ''વલ્મુકસ્સિરીન'' ફર્માવ્યું.'' (બુખારી ૧/૨૩૨ મનાસિક, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ–મનાસિક)

حدیث ۱۰۲۰ عَنْ اَبِیْ زُرْعَةَ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ قَالَ

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ કહ્યું, હે અલ્લાહ ! માથુ **[હદીષ : ૧૦૨૦]**

**સમજૂતી : ૧૦૧૯**

સહીહ એ જ છે કે આ ઈર્શાદ સુલહે હુદૈબિયાના મોકા પર પણ ફર્માવ્યો હતો. અને હજ્જતુલ વિદાઅના મોકા પર પણ. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે સુલહે હુદૈબિયહના મોકા પર કેટલાક સહાબીઓએ માથુ મૂંડાવ્યું અને અમુકે કતરાવ્યું. તો આ ફર્માવ્યું. (ઉમ્દતુલ કારી, ૧૦/૬૪) મુસ્લિમમાં હઝરત ઉમ્મુલ હુસયનની હદીષમાં છે કે હજ્જતુલ વિદાઅમાં ફર્માવ્યું. આ હદીષથી જાહેર થયું કે અહરામ ખોલતી વખતે માથુ મૂંડાવવું અફઝલ છે અને કતરાવવું પણ જાઈઝ છે. અરબવાસીઓની આદત હતી કે તેઓ વાળ રાખવાને પસંદ કરતા હતા અને માથુ મૂંડાવવાને નાપસંદ કરતા, કેમ કે મૂંડાવવામાં ઝલીલ થવું અધિક છે જેથી એ અફઝલ થયું. આ હુકમ કેવળ પુરૂષો માટે છે, રહી ગઈ સ્ત્રીઓ તો એમણે માથુ મૂંડાવવું જાઈઝ નથી કેમ કે એ એમના માટે મુષ્લહના સ્થાને છે. હદીષોમાં મનાઈ પણ આવેલી છે. તેણીઓ કેવળ વાળ કતરાવશે આખા માથાના વાળોમાંથી એક બેડકુ એટલે આંગળીની વળ જેટલુ કતરાવશે. પુરૂષો પણ જો વાળ કતરાવે તો તેઓ પણ એટલા જ કતરાવશે.

رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اَللّٰھُمَّ اغْفِرْ لِلْمُحَلِّقِیْنَ قَالُوْا

મૂડાવનારાઓને બખ્શી આપ ! તો લોકોએ અર્ઝ કરી, અને કતરાવનારાઓને પણ. ફર્માવ્યું, હે અલ્લાહ !

وَالْمُقَصِّرِیْنَ قَالَ اَللّٰھُمَّ اغْفِرْ لِلْمُحَلِّقِیْنَ قَالُوْا وَالْمُقَصِّرِیْنَ قَالَھَا

માથુ મૂંડાવનારાઓને બખ્શી આપ ! લોકોએ અર્ઝ કરી, અને કતરાવનારાઓને પણ. એને ત્રણવાર કહ્યું, અને

ثَلَاثًا قَالَ وَلِلْمُقَصِّرِیْنَ ؏

કતરાવનારાઓને પણ." (બુખારી ૧/૨૩૩ મનાસિક, મુસ્લિમ, ઈબ્ને માજહ–મનાસિક)

حدیث ۱۰۲۱ عَنْ نَافِعٍ عَنْ عَبْدِ اللّٰہِ بْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا

**[હદીષ : ૧૦૨૧]** "હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું,

قَالَ حَلَقَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ وَطَائِفَةٌ مِّنْ اَصْحَابِہٖ وَقَصَّرَ

નબી ﷺ અને સહાબાએ કિરામમાંથી અમુક વ્યક્તિઓએ માથુ મૂંડાવ્યું

بَعْضُھُمْ ؏

અને અમુકે કતરાવ્યું." (બુખારી ૧/૨૩૩ મનાસિક, તિર્મિઝી–હજ્જ, મુસ્લિમ–હજ્જ)

حدیث ۱۰۲۲ عَنْ طَاؤُسٍ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا عَنْ

**[હદીષ : ૧૦૨૨]** "હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ હઝરત મુઆવિયહથી રિવાયત કરી. તેમણે કહ્યું,

مُعَاوِیَةَ قَالَ قَصَّرْتُ عَنْ رَّسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ

મેં રસૂલુલ્લાહ ﷺના મૂએ મુબારક પહોળા તીરના

بِمِشْقَصٍ ؏

ધાર વડે કાતર્યા." (બુખારી ૧/૨૩૩ મનાસિક, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ–મનાસિક, મુસ્નદે ઈમામ અહમદ, ૪/૨૩૩)

**સમજૂતી : ૧૦૨૨**

મુસ્લિમમાં એટલુ વધારે છે કે "અને હુઝૂર ﷺ મરવા (સ્થળ) પર હતા." ઈમામ નવવીએ ફર્માવ્યું, આ તે ઉમરામાં થયું હતું જે હુઝૂરે જિઈર્રાનાથી કર્યો હતો. એટલા માટે કે ઉમરતુલ કઝામાં હમણા હઝરત મુઆવિયહ ઈમાનથી મુશર્રફ થયા ન હતા અને હજ્જતુલ વિદાઅમાં હુઝૂરે અકદસ ﷺએ મિનામાં વાળ સાફ કરાવ્યા હતા.

حدیث ۱۰۲۳ أَخْبَرَنِي كُرَيْبٌ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ عَنْهُمَا

[હદીષ : ૧૦૨૩] "હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, નબી ﷺ મક્કા આવ્યા અને પોતાના

قَالَ قَدِمَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ مَكَّةَ أَمَرَ أَصْحَابَهُ

સહાબાને હુકમ આપ્યો કે બયતુલ્લાહ અને સફા મરવાનો તવાફ કરી લે પછી એહરામ ખોલી આપે,

أَنْ يَطُوفُوا بِالْبَيْتِ وَبِالصَّفَا وَالْمَرْوَةِ ثُمَّ يَحِلُّوا وَيَحْلِقُوا أَوْ يُقَصِّرُوا

માથુ મૂંડાવી લે કે કતરાવી લે." (બુખારી ૧/૨૩૩ મનાસિક)

ت ۳۱۱ قَالَ أَبُو الزُّبَيْرِ عَنْ عَائِشَةَ وَابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ

[તઅલીક઼ : ૩૧૧] "ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા તથા હઝરત ઈબ્ને અબ્બાસ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી

عَنْهُمْ أَخَّرَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ الزِّيَارَةَ إِلَى اللَّيْلِ

મરવી છે કે નબી ﷺ એ તવાફે ઝિયારતને રાત સુધી મોડો કર્યો." (બુખારી ૧/૨૩૩ મનાસિક)

ت ۳۱۲ وَيُذْكَرُ عَنْ أَبِي حَسَّانَ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ

[તઅલીક઼ : ૩૧૨] "હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરવામાં આવે છે કે

**તઅલીક઼ : ૩૧૧ની સમજૂતી** આ તઅલીક઼ને ઈમામ અબૂ દાઊદ, ઈમામ તિર્મિઝી, નિસાઈ તથા ઈબ્ને માજહએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. આ હદીષ પર ખાસ શંકા એ છે કે ખૂદ ઉમ્મુલ મો'મિનીનથી અબૂ દાઊદમાં આ હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺ દિવસના અંતિમ હિસ્સામાં (તવાફે ઝિયારતના માટે) યૌમે નહર ઝોહર પઢીને ગયા પછી મિના પરત આવી ગયા. (ઉમ્દતુલ કારી, ૧૦/૬૮) તદ્‌ઉપરાંત મુસ્લિમ વગેરેમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે યૌમે નહર હુઝૂર ﷺ તવાફે ઝિયારતના માટે ગયા અને મિના આવીને ઝોહર પઢી. (૧/૪૨૨–હજ્જ) મુસ્લિમ વગેરેમાં હઝરત જાબિરની હદીષે તવીલમાં છે કે પછી સવાર થયા અને બયતુલ્લાહની તરફ ગયા અને ઝોહર મક્કામાં પઢી. જો કે આ ત્રણેવ હદીષોમાં આંશિક વિરુદ્ધતા છે પણ એ સૌમાં સમાન ચીજ એ છે કે સૂર્ય ડૂબવાના પહેલાં પહેલાં તવાફથી ફારિગ થઈને મિના પાછા આવી ગયા હતા. એનો એક જવાબ એ છે કે બયહક઼ીએ રિવાયત કરી છે કે હુઝૂર ﷺ યૌમે નહર કુર્બાની પછી તવાફે ઝિયારતના માટે ગયા અને પાછા આવીને ઝોહર, અસર, મગરિબ, ઈશા મિનામાં પઢી. પછી થોડીવાર સૂતા અને ફરીવાર તવાફના માટે ગયા. તેમજ એમાં જ છે કે ઐયામે મિનામાં દરરોજ રાતમાં તવાફ કરતા હતા. એનો સાર એ નીકળ્યો કે હુઝૂરે અક઼દસ ﷺ એ એ દિવસોમાં વિવિધ તવાફો કર્યા પણ أَخَّرَ الزِّيَارَةَ નો જાહેરી અર્થ એનાથી ઉકલતો નથી, એટલા માટે બીજો જવાબ એ આપવામાં આવ્યો છે કે મુરાદ એ છે કે દિવસના અંતિમ હિસ્સામાં તવાફ કર્યો. અલ્લાહ બેહતર જાણનાર છે.

**તઅલીક઼ : ૩૧૨ની સમજૂતી** આ તઅલીક઼ને ઈમામ બયહક઼ીએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. આ હદીષ પર મુહદ્દિષોએ કાંઈક કલામ (ચર્ચા) કર્યો પણ તેની શાહિદ (સાક્ષી) મુસન્નફે ઈબ્ને અબી

عَنْهُمَا اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ کَانَ یَزُوْرُ الْبَیْتَ اَیَّامَ

નબી ﷺ મિનાના દિવસોમાં બયતુલ્લાહની ઝિયારત કર્યા

مِنٰی ع

કરતા હતા." (બુખારી ૧/૨૩૩ મનાસિક)

ت ۳۱۳ عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا اَنَّهٗ طَافَ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ એક તવાફ કર્યો પછી કૈલૂલા કરતા પછી **[તઅલીક઼ : ૩૧૩]**

طَوَافًا وَّاحِدًا ثُمَّ یَقِیْلُ ثُمَّ یَأْتِیْ مِنٰی یَعْنِیْ یَوْمَ النَّحْرِ وَرَفَعَهٗ

મિના આવતા. એટલે કે યૌમે નહર. અને અબ્દુર્રઝ્ઝાકે એને મરફૂઅ કરી, તેમણે કહ્યું,

عَبْدُ الرَّزَّاقِ قَالَ حَدَّثَنَا عُبَیْدُ اللّٰهِ ع

અમારાથી ઉબૈદુલ્લાહે આ પ્રમાણે હદીષ વર્ણવી." (બુખારી ૧/૨૩૩ મનાસિક)

શયબામાં પણ એક હદીષે મુરસલ છે કે ઈમામ તાઊસના સાહબઝાદા પોતાના પિતાથી રિવાયત કરે છે કે નબી ﷺ મિનાના દિવસોમાં દર રાત્રે તવાફ માટે જતા હતા.

## તઅલીક઼ : ૩૧૩ની સમજૂતી

મઝકૂર તઅલીક઼ના રાવી અબૂ નુઐમ ફઝ્લ બિન દુકૈને એવું કહ્યું છે કે ઈમામ અબ્દુર્રઝ્ઝાકે એને મરફૂઅન રિવાયત કરી છે જેમ કે મુસ્લિમમાં છે કે હઝરત ઈબ્ને ઉમરથી મરવી છે કે નબી ﷺ યૌમે નહરથી મક્કા મોઅઝ્ઝમા ગયા, ફરી પરત થયા અને ઝોહર મિનામાં પઢી. વર્ણન કરવામાં આવે છે કે નબી ﷺએ એવું કર્યું.

**વર્ગીકરણ** : હમણા વર્ણન આવી ગયું કે મુસ્લિમમાં હઝરત જાબિર رضی اللہ عنہની હદીષે તવીલમાં છે કે હુઝૂરે અક઼દસ ﷺએ યૌમે નહર ઝોહર મક્કામાં પઢી. અલ્લામા નવવીએ આ બંનેમાં એ વર્ગીકરણ કર્યું છે કે મક્કા મોઅઝ્ઝમામાં ઝોહર પઢીને મિના પરત થયા તો ફરીવાર સહાબાએ કિરામની દરખાસ્ત પર ઝોહર પઢાવી. આ બીજી ઝોહર નફલ થઈ. **આ હુઝૂરે અક઼દસ ﷺની વિશિષ્ટતાઓમાંથી છે કે હુઝૂર જો નફલ પટતા હોય તો પણ ફર્ઝવાળાએ ઈક઼તેદા કરવી સહીહ છે,** જેમ કે બતને નખ્લામાં સલાતે ખૌફમાં એક રિવાયત છે કે બંને ગિરોહને પૂરી પૂરી નમાઝ પઢાવી.

અલ્બત્ત હઝરત ઉમ્મુલ મો'મિનીનની આ હદીષથી જે અબૂ દાઊદમાં છે, હજી પણ ટકરાવ છે અને વિવિધ રિવાયતોથી દૂર પણ નથી થઈ શક્તો. એમાં એ સ્પષ્ટતા છે કે મિનામાં ઝોહર પઢયા બાદ દિવસના છેવટમાં (તવાફ માટે) ગયા. એનો ખુલાસો એ છે કે હુઝૂરે અક઼દસ ﷺએ તવાફે ઝિયારત ખૂદ પ્રથમ કર્યો કે પછી ઝોહર બાદ દિવસના છેવટમાં અઝવાજે મુતહ્હરાતને સાથે લઈને મક્કા મોઅઝ્ઝમા ગયા કે એ પણ તવાફે ઝિયારત કરી લે, મક્કા પહોંચતાં પહોંચતાં રાત થઈ ગઈ, રાતમાં જ અઝવાજે મુતહ્હરાતે તવાફ કર્યો. એને જ તઅલીક઼ ૩૧૧માં ફર્માવ્યું કે તવાફે ઝિયારતને રાત સુધી લેટ કર્યો. એટલે અઝવાજે મુતહ્હરાતના તવાફને.

**તવાફે ઝિયારત** : એને તવાફે ઈફાઝા પણ કહે છે. હજ્જનો બીજો રુકન છે, **એને કર્યા વિના હજ્જ**

حدیث ۱۰۲۴ عَنْ عِيسَى بْنِ طَلْحَةَ أَنَّ عَبْدَ اللهِ بْنِ عَمْرِو بْنِ الْعَاصِ

''ઈસા ઈબ્ને તલ્હાથી રિવાયત છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને [હદીષ : ૧૦૨૪]

رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا حَدَّثَهُ أَنَّهُ شَهِدَ النَّبِيَّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ

આસ رضی اللہ عنہما એ તેમને આ હદીષ વર્ણવી કે તે એ વખતે નબી ﷺ ની ખિદમતમાં હાજર હતા. જ્યારે હુઝૂર

وَسَلَّمَ يَخْطُبُ يَوْمَ النَّحْرِ فَقَامَ إِلَيْهِ رَجُلٌ فَقَالَ كُنْتُ أَحْسِبُ

યૌમે નહર ખુત્બો આપી રહ્યા હતા. એક શખ્સ ઉભા થયા અને અર્ઝ કરી, હું ગુમાન કરતો હતો કે આવું

أَنَّ كَذَا قَبْلَ كَذَا ثُمَّ قَامَ آخَرُ فَقَالَ كُنْتُ أَحْسِبُ أَنَّ كَذَا قَبْلَ كَذَا

આવાના પહેલાં છે. પછી બીજા સાહબ ઉભા થયા અને અર્ઝ કરી હું ગુમાન કરતો હતો કે આ કામ આ

حَلَقْتُ قَبْلَ أَنْ أَنْحَرَ نَحَرْتُ قَبْلَ أَنْ أَرْمِيَ وَأَشْبَاهُ ذٰلِكَ فَقَالَ

કામથી પહેલાં છે. મેં કુર્બાની પહેલાં માથુ મૂંડાવી લીધું અને રમીથી પહેલાં કુર્બાની કરી લીધી છે, અને એના

النَّبِيُّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ اِفْعَلْ وَلَا حَرَجَ قَالَ لَهُنَّ

જેમ. એના પર નબી ﷺ એ ફર્માવ્યું, કરો અને કાંઈ વાંધો નથી. સૌના માટે એ જ ફર્માવ્યું. તે દિવસે જે

كُلِّهِنَّ فَمَا سُئِلَ يَوْمَئِذٍ عَنْ شَيْءٍ إِلَّا قَالَ اِفْعَلْ وَلَا حَرَجَ ع

પણ સવાલ થયો સૌના જવાબમાં એ જ ફર્માવ્યું, કરી લો કાંઈ વાંધો નથી.'' (બુખારી ૧/૨૩૪ મનાસિક, ૧/૨૩ અલ ઈલ્મ)

**અદા થશે નહીં, અને સ્ત્રી સાથે નઝદીકી હલાલ થશે.** એનો સમય વુકૂફે અરફા પછી દસમી ઝીલ હજ્જે તુલૂએ ફજરથી લઈને જીવનભર છે. વાજિબ એ છે કે જમરતુલ અકબાને કાંકરી માર્યા પછી જેમના પર કુર્બાની વાજિબ છે તેઓ કુર્બાની કરીને વાળ ઉતરાવીને તવાફ કરે અને એ તવાફ ઐયામે તશરીકમાં કરે એટલે કે કમસે કમ ચાર ફેરા અને મસ્જિદે હરામમાં હતીમની બહારથી કરે, એ રીતે કે કા'બા ડાબી તરફ હોય. આ વાજિબોમાંથી કોઈને ત્યજવાથી દમ લાગુ થશે, ચાહે ભૂલથી છોડયો હોય ચાહે અજ્ઞાનતામાં છોડયો હોય. અલ્બત્ત વિના ઈરાદે છોડવા પર ગુનોહ નથી, અને ઈરાદાપૂર્વક છોડવા પર ગુનોહ પણ છે. સુન્નત એ છે કે દસમી ઝીલ હજ્જે કરે, બારમી સુધી લેટ કરવામા વાંધો નથી.

## સમજૂતી : ૧૦૨૪

એની પાછળવાળી રિવાયતમાં આ અધિક છે : وقف في حجة الوداع અને બાદવાળી રિવાયતમાં على ناقته અને કિતાબુલ ઈલ્મમાં عند الجمرة અધિક છે. એટલે નબી ﷺ હજ્જતુલ વિદાઅમાં જમરા (અકબા)ની પાસે પોતાની ઊંટણી પર સવાર હાજર હતા.

يَخْطُبُ يَوْمَ النَّحْرِ : યૌમુન્નહર કોઈ ખુત્બો હજ્જના અમલોમાં આપણે ત્યાં શરીઅતમાં દાખલ નથી. યૌમુન્નહરના બારામાં જે હદીષોમાં ખતબ કે યખ્તુબુ આવેલ છે એનાથી મુરાદ એ છે કે લોકોએ વિવિધ સવાલો

حدیث ۱۰۲۵ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ યૌમે **[હદીષ : ૧૦૨૫]**

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ خَطَبَ النَّاسَ یَوْمَ النَّحْرِ فَقَالَ یَا اَیُّہَا النَّاسُ اَیُّ

નહરના રોજ ખુત્બો આપ્યો. ફર્માવ્યું, હે લોકો, આ કયો દિવસ છે ? લોકોએ અર્ઝ કર્યું, યૌમે હરામ છે. પછી

یَوْمٍ ہٰذَا قَالُوْا یَوْمٌ حَرَامٌ فَقَالَ فَاَیُّ بَلَدٍ ہٰذَا قَالُوْا بَلَدٌ حَرَامٌ قَالَ

પૂછ્યું, આ કયુ શહેર છે ? લોકોએ અર્ઝ કરી, શહરે હરામ છે. પૂછ્યું આ કયો મહિનો છે ? લોકોએ અર્ઝ

فَاَیُّ شَہْرٍ ہٰذَا قَالُوْا شَہْرٌ حَرَامٌ قَالَ فَاِنَّ دِمَاءَکُمْ وَاَمْوَالَکُمْ وَ

કરી, માહે હરામ છે. ત્યારબાદ ફર્માવ્યું, યક઼ીન જાણો ! તમારાં લોહી, તમારા માલ, તમારી આબરૂ તમારાંથી

اَعْرَاضَکُمْ عَلَیْکُمْ حَرَامٌ کَحُرْمَۃِ یَوْمِکُمْ ہٰذَا فِیْ بَلَدِکُمْ ہٰذَا

દરેક પર એવી રીતે હરામ છે જેવી રીતે તમારો આ દિવસ તમારા આ શહેર તમારા આ મહિનામાં હરામ છે,

કર્યા જેના જવાબો આપ્યા અથવા કોઈ મહત્વની વાત વર્ણવી આપી. આગળ આવી રહ્યું છે કે જમરાઓની વચ્ચે ચાશતના સમયે ખુત્બો આપ્યો. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની હદીષ વર્ણન થઈ ચૂકી કે એક જણે એવું પૂછ્યું કે મેં સાંજ પછી રમી કરી. અને જે લોકો યૌમુન્નહર ખુત્બાના જાઈઝ હોવાને માનનારા છે તેઓ ઝોહર બાદ ખુત્બાને મસ્નૂન જણાવે છે. પછી આ પ્રશ્નને ક્યાં સ્થાન રહ્યું. જો કે અલ્લામા અયનીએ ધ્યાન કર્યું છે કે "મસા" ઝવાલ બાદ પર પણ બોલાય છે પણ જાહેર કે ખિતાબ જરૂરી છે એટલા માટે સાવચેતીપૂર્વક એ જ છે કે કહેવામાં આવે, યૌમે નહર કોઈ ખાસ ખુત્બો હજ્જના અમલોમાંથી નથી. જરૂરત મુજબ સુલ્તાન અમીરુલ્હાજ કોઈ દિવસે પણ કોઈ સમયે પણ પબ્લિકને આદેશ તથા સૂચનો કરી શકે છે.

**اِشْبَاہِ ذٰلِکَ** : દા.ત. રમીથી પહેલાં તવાફે ઝિયારત કરી લીધો અથવા સઈ તવાફથી પહેલાં કરી લીધી વગેરે વગેરે. ક્રમ એ છે કે પરત થયા બાદ સૌ પ્રથમ જમરતુલ અક઼બાની રમી કરે, પછી કુર્બાની, પછી હલક઼, પછી તવાફે ઝિયારત પછી સઈ. હવે ક્રમ બદલાઈ જવાની બૌદ્ધિક દૃષ્ટિએ વિવિધ સ્થિતિઓ છે પણ હદીષોમાં જે સ્થિતિઓ આવેલી છે તે આ પ્રમાણે છે : પહેલુ ઝબહ પહેલાં હલક઼, બીજુ રમી પહેલાં હલક઼, ત્રીજુ રમી પહેલાં કુર્બાની, ચોથુ રમી પહેલાં તવાફે ઝિયારત, પાંચમું તવાફ પહેલાં સઈ. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની હદીષમાં એક પ્રશ્ન આ પણ છે કે સાંજ પછી રમી કરી. એમાં બની શકે છે કે આ રમીથી પહેલાં કુર્બાની, હલક઼, તવાફે ઝિયારત કરી ચૂક્યા હોય. અને એ પણ શક્ય છે કે કાંઈ પણ ન કર્યું હોય અથવા અમુક કર્યું હોય અમુક ન કર્યું હોય. **આપણે ત્યાં ક્રમ બદલવા પર દમ છે.** એના સંબંધે વિસ્તારપૂર્વક ચર્ચા વર્ણન થઈ ચૂકી છે.

## સમજૂતી : ૧૦૨૫

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની આ હદીષમાં આ પ્રમાણે છે : જ્યારે હુઝૂરે અક઼દસ ﷺ એ પૂછ્યું કે આ કયો દિવસ છે ? કયુ શહેર છે ? કયો મહિનો છે ? તો સહાબાએ કિરામે જવાબમાં અર્ઝ કર્યું, યૌમે હરામ, શહરે હરામ, માહે હરામ પણ કિતાબુલ ઈલ્મમાં હઝરત અબૂબક઼રહની જે હદીષ વર્ણન થઈ છે અને અહીં પણ આના

فِی شَهْرِکُمْ هٰذَا فَاَعَادَهَا مِرَارًا ثُمَّ رَفَعَ رَاْسَهٗ فَقَالَ اَللّٰهُمَّ هَلْ بَلَّغْتُ

એને કેટલીયેવાર દોહરાવ્યું પછી માથુ મુબારક ઉઠાવ્યું અને કહ્યું, હે અલ્લાહ ! શું મેં પહોંચાડી આપ્યું !

اَللّٰهُمَّ هَلْ بَلَّغْتُ قَالَ ابْنُ عَبَّاسٍ فَوَالَّذِیْ نَفْسِیْ بِیَدِهٖ اِنَّهَا لَوَصِیَّتُهٗ

હે અલ્લાહ ! શું મેં પહોંચાડી આપ્યું ! ઈબ્ને અબ્બાસે કહ્યું, એ જાતની કસમ જેના કબજામાં મારી જાન છે કે

اِلٰی اُمَّتِهٖ فَلْیُبَلِّغِ الشَّاهِدُ الْغَائِبَ لَا تَرْجِعُوْا بَعْدِیْ کُفَّارًا یَضْرِبُ

આ ઉમ્મતના માટે વસિયત છે." (આ ખુત્બામાં એ પણ ફર્માવ્યું) હાજર ગાયબને પહોંચાડી આપે. મારા

بَعْضُکُمْ رِقَابَ بَعْضٍ ع ہ

બાદ કાફિર ન થઈ જશો કે તમારામાંથી અમુક અમુકની ગરદન મારે."

(બુખારી ૧/૨૩૪ મનાસિક, ૨/૧૦૪૮ ફિતન)

حدیث ۱۰۲۶ سَمِعْتُ جَابِرَ بْنَ زَیْدٍ سَمِعْتُ ابْنَ عَبَّاسٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا

"જાબિર બિન ઝયદ કહે છે કે મેં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી સાંભળ્યું, **[હદીષ : ૧૦૨૬]**

سَمِعْتُ النَّبِیَّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ یَخْطُبُ بِعَرَفَاتٍ ع ہ

તેમણે કહ્યું કે મેં નબી ﷺ ને અરફાતમાં ખુત્બો આપતાં સાંભળ્યાં."

(બુખારી ૧/૨૩૪, ૨૪૮, ૨૪૯ મનાસિક, ૨/૮૬૩ લિબાસ, મુસ્લિમ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ–હજ્જ)

પછી વર્ણન થઈ છે એમાં એવું છે કે આ ત્રણેવ સવાલોના જવાબમાં હાજરજનોએ અર્ઝ કરી, અલ્લાહુ વ રસૂલુહૂ અઅ્લમ. ત્યારબાદ હુઝૂર મૌન રહ્યા ત્યાં સુધી કે હાજરજનોને ગુમાન થયું કે એનું કાંઈક અન્ય નામ રાખશે. ત્યારબાદ ફર્માવ્યું, શું આ યૌમુન્નહર નથી ? શું આ શહરે હરામ નથી ? શું આ બલદે હરામ નથી ? તો હાજરજનોએ અર્ઝ કરી, (બલા) ! જી હુઝૂર છે !

એની સ્પષ્ટતા એ છે કે હઝરત ઈબ્ને અબ્બાસની હદીષમાં ટૂંકાણ છે અથવા એ કે આખર જે "બલા" (જી હુઝૂર !) છે તેની તફસીર ફર્માવી.

**یوم حرام** : આ ઈર્શાદ મજાઝે મુરસલના રૂપમાં છે. મુરાદ એ છે કે આ તે દિવસ છે જેમાં લડાઈ, લૂટમાર હરામ છે અથવા અતિશયોક્તિ છે, હરામ એ સન્માનપાત્રના અર્થમાં છે એટલે કે આ દિવસ એવો ઈજ્જતવાળો છે કે એમાં લડાઈ વગેરે એની બેઅદબી થવાના કારણે હરામ છે. હદીષના બાકી હિસ્સાઓની તફસીર, ભાગ–૧, હદીષ–૫૭ અને હદીષ–૭૯ના હેઠળ થઈ ચૂકી છે.

**સમજૂતી : ૧૦૨૬**

અબ્વાબુલ ઉમરામાં આ ખુત્બાના અમુક શબ્દો વર્ણન થયેલા છે. મુહરિમના માટે ફર્માવ્યું, જે શખ્સ ચપ્પલ ન પામે તે મોજો પહેરી લે, જે તેહબંદ ન પામે તે પાયજામો પહેરી લે. હનફીઓને ત્યાં હજ્જના પ્રસંગે ત્રણ ખુત્બાઓ છે : પ્રથમ ઝીલ હજ્જની સાતમી તારીખે ઝોહરની નમાઝ બાદ મસ્જિદે હરામમાં, બીજો અરફાતમાં

حدیث ۱۰۲۷ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ قَالَ النَّبِيُّ صَلَّى

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ કહ્યું કે નબી ﷺએ મિનામાં ફર્માવ્યું કે, **[હદીષ : ૧૦૨૭]**

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِمِنًى أَتَدْرُوْنَ أَيُّ يَوْمٍ هٰذَا قَالُوْا اللّٰهُ وَ

શું તમે લોકો જાણો છો, આ કયો દિવસ છે ? લોકોએ અર્ઝ કરી, અલ્લાહ તથા તેના રસૂલ સારી રીતે જાણે છે.

رَسُوْلُهٗ أَعْلَمُ قَالَ فَإِنَّ هٰذَا يَوْمٌ حَرَامٌ أَفَتَدْرُوْنَ أَيُّ بَلَدٍ هٰذَا

ફર્માવ્યું, આ યૌમે હરામ છે. શું તમે લોકો જાણો છો, આ કયુ શહેર છે ? લોકોએ અર્ઝ કરી, અલ્લાહ તથા

قَالُوْا اللّٰهُ وَرَسُوْلُهٗ أَعْلَمُ قَالَ بَلَدٌ حَرَامٌ قَالَ أَتَدْرُوْنَ أَيُّ شَهْرٍ

તેના રસૂલ સારી રીતે જાણે છે. ફર્માવ્યું, શહરે હરામ છે. ફર્માવ્યું, શું જાણો છો આ કયો મહિનો છે ? લોકોએ

هٰذَا قَالُوْا اللّٰهُ وَرَسُوْلُهٗ أَعْلَمُ قَالَ بَلَدٌ حَرَامٌ قَالَ فَإِنَّ اللّٰهَ حَرَّمَ

અર્ઝ કરી, અલ્લાહ તથા તેના રસૂલ સારી રીતે જાણે છે. ફર્માવ્યું, માહે હરામ છે. બેશક !

عَلَيْكُمْ دِمَاءَكُمْ وَأَمْوَالَكُمْ وَأَعْرَاضَكُمْ كَحُرْمَةِ يَوْمِكُمْ هٰذَا فِيْ

અલ્લાહે તમારાં લોહી, તમારાં માલ, તમારી આબરૂ તમારા પર એ જ પ્રમાણે હરામ કરી છે જેવી રીતે આ

ઝવાલ બાદ ઝોહરની નમાઝ પહેલાં, ત્રીજો અગ્યાર ઝીલ હજ્જના ઝોહરની નમાઝ બાદ.

હદીષોમાં આ તારીખો સિવાય અન્ય દિવસોમાં પણ ખુત્બા વર્ણન થયેલ છે એ ખુત્બા હજ્જના આમાલ (કાર્યો)માંથી નથી બલ્કે સમયે સમયે જે પયગામોને જરૂરી જાણ્યા તે ઉમ્મતને પહોંચાડી આપ્યા. ૨૩ (તેવીસ) વરસોની મહેનતનું ફળ નજરો સમક્ષ હતું. નજરના છેડા સુધી ફેલાયેલા માણસોની ભીડ મોજા મારતા સમુદ્રની જેમ મૌજૂદ હતી જે સરાપા આજ્ઞાંકિત હતો. અને માલૂમ થઈ ચૂક્યુ હતું કે હવે ફરી તેમની સાથે મુલાકાત નહીં થાય એટલા માટે ક્રમે ક્રમે સમયાંતરે હિદાયત તથા આદેશ થકી તબ્લીગ તથા તહઝીબનું કામ જારી હતું. હદીષોમાં આ ખુત્બાઓના જે શબ્દો નકલ થયેલા છે એને જોઈ લો, એમાં આમાલે હજ્જનો કોઈ ઉલ્લેખ નથી. દા.ત. યૌમુન્નહરનો આ જ ખુત્બો જોઈ લો એમાં હજ્જના કોઈ અમલનો ઉલ્લેખ નથી, એથી ઉલ્ટુ આ ત્રણેવ ખુત્બાઓમાં આમાલે હજ્જની તા'લીમ તથા સૂચનાઓ છે.

**સમજૂતી : ૧૦૨૭**

આ સર્વ હદીષોથી એ ખુત્બાના દિવસ તથા જગાનું નિશ્ચિત થઈ ગયું કે હુઝૂરે અક્દસ ﷺએ યૌમે નહર જમરાઓની વચ્ચે જમરાએ અક્બાની પાસે એ ફર્માવ્યું હતું. રાફેઅ બિન અમ્ર મુઝનીથી મરવી છે કે તેમણે ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺને જોયા કે મિનામાં જ્યારે ચાશતનો સમય બરાબર થઈ ગયો હતો તો ખુત્બો આપી રહ્યા હતા.

**يوم الحج الاكبر** : હજ્જે અકબરથી શું મુરાદ છે એમાં ઉલમાના કેટલાક અક્વાલ (કથનો) છે. ૧. હજ્જે અકબરથી મુરાદ હજ્જ છે જેની સરખામણીમાં ઉમરા હજ્જે અસ્ગર છે. અને યૌમે નહરથી મુરાદ ૧૦મી ઝીલ હજ્જ છે. ૨. રસૂલુલ્લાહ ﷺએ જે વરસે હજ્જ કર્યો કેવળ એ જ હજ્જનું નામ હજ્જે અકબર છે. ૩. યૌમે અરફા છે. ૪.

شَهۡرِكُمۡ هٰذَا فِیۡ بَلَدِكُمۡ هٰذَا وَقَالَ هِشَامُ بۡنُ الۡغَازِ اَنَا نَافِعٌ عَنِ

દિવસની હુર્મત, આ મહિનાની અને આ શહેરમાં છે. હિશામ બિન ગાઝે કહ્યું,

ابۡنِ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنۡهُمَا قَالَ وَقَفَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی

અમને નાફેએ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરતાં ખબર આપી કે નબી صلی اللہ علیہ وسلم એ

عَلَیۡهِ وَسَلَّمَ یَوۡمَ النَّحۡرِ بَیۡنَ الۡجَمَرَاتِ فِی الۡحَجَّةِ الَّتِیۡ حَجَّ بِهٰذَا

જે હજ્જ કર્યો એમાં યૌમે નહર જમરાઓ વચ્ચે ઉભા થયા અને ફર્માવ્યું, આ હજ્જે અકબરનો દિવસ છે.

وَقَالَ هٰذَا یَوۡمُ الۡحَجِّ الۡاَكۡبَرِ فَطَفِقَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیۡهِ وَ

ત્યાર બાદ નબી صلی اللہ علیہ وسلم ફર્માવવા લાગ્યા, હે અલ્લાહ ! ગવાહ રહે.

سَلَّمَ یَقُوۡلُ اللّٰهُمَّ اشۡهَدۡ وَوَدَّعَ النَّاسَ فَقَالُوۡا هٰذِهٖ حَجَّةُ الۡوَدَاعِ ؏

અને લોકોને વિદાય કર્યા. એના પર લોકોએ કહ્યું, આ હજ્જતુલ વિદાઅ છે."

ت ۳۱۴ وَقَالَ جَابِرٌ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنۡهُ رَمٰی النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی

"અને હઝરત જાબિર رضی اللہ عنہ એ ફર્માવ્યું, નબી صلی اللہ علیہ وسلم એ યૌમે નહર ચાશતના **[તઅલીક઼ : ૩૧૪]**

عَلَیۡهِ وَسَلَّمَ یَوۡمَ النَّحۡرِ ضُحًی وَّرَمٰی بَعۡدَ ذٰلِكَ بَعۡدَ الزَّوَالِ ؏

સમયે રમી કરી અને ત્યારબાદ ઝવાલ પછી." *(બુખારી ૧/૨૩૫ મનાસિક)*

હજ્જના સર્વ દિવસો મુરાદ છે. ક્યારેક એવું થાય છે કે કોઈ મહત્વની વાત વિવિધ દિવસો સુધી થાય છે પરંતું તેને ફલાણા દિવસથી યાદ કરવામાં આવે છે, જેમ કે યૌમે યમામા, યૌમે ક઼ાદસિયહ, યૌમે યરમૂક. ૫. ક઼િરાન હજ્જે અકબર છે અને ઈફરાદ હજ્જે અસ્ગર. એ સૌમાં રાજેહ (પસંદીદા) તથા સહીહ પ્રથમ ક઼ૌલ છે. એનું સમર્થન કુર્આન મજીદ તથા સહીહ મજબૂત (ક઼વી) હદીષોથી થાય છે. કુર્આને કરીમમાં ફર્માવ્યું, **وَاَذَانٌ مِّنَ اللّٰهِ وَرَسُوۡلِهٖۤ اِلَی النَّاسِ یَوۡمَ الۡحَجِّ الۡاَكۡبَرِ اَنَّ اللّٰهَ بَرِیۡٓءٌ مِّنَ الۡمُشۡرِكِیۡنَ وَرَسُوۡلُهٗ** "અલ્લાહ અને તેના રસૂલના તરફથી હજ્જે અકબરના દિવસે લોકોને માહિતગાર કરવામાં આવે છે કે અલ્લાહ તથા તેના રસૂલ મુશ્રિકોથી બેઝાર (નારાજ) છે." *(તૌબા–૩)*

બુખારી વગેરેમાં છે કે આ મુનાદી (એલાન) ઈસ્લામના પ્રથમ હજ્જના મોક઼ા પર યૌમે નહર (૧૦ ઝીલ હજ્જ)ના રોજ થઈ હતી જે હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ ની સરદારીમાં હિ.સ. ૯માં થયો હતો. તેમજ આ હદીષનો જાહેરી ભાવાર્થ પણ એનું સમર્થન કરે છે.

**وقال هشام بن الغاز** : આ તઅલીક઼ છે કે જેને અબૂ દાઊદ (૧/૨૬૮ મનાસિક)એ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે.

**તઅલીક઼ : ૩૧૪ની સમજૂતી**

આ તઅલીક઼ને ઈમામ મુસ્લિમ (૧/૪૨૦ હજ્જ) એ મુત્તસિલ સનદ સાથે વર્ણવી છે.

حدیث ۱۰۲۸ عَنْ وَبَرَةَ قَالَ سَأَلْتُ ابْنَ عُمَرَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا مَتَى

"વબરહએ કહ્યું, મેં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ને પૂછયું, હું ક્યારે જમરાઓની **[હદીષ : ૧૦૨૮]**

أَرْمِي الْجِمَارَ قَالَ إِذَا رَمَى إِمَامُكَ فَارْمِهِ فَأَعَدْتُ عَلَيْهِ الْمَسْأَلَةَ قَالَ

રમી કરું ? તો તેમણે ફર્માવ્યું, જ્યારે તારો ઈમામ રમી કરે તે વખતે તું પણ કર. મેં ફરીવાર સવાલ કર્યો તો

كُنَّا نَتَحَيَّنُ فَإِذَا زَالَتِ الشَّمْسُ رَمَيْنَا عه

ફર્માવ્યું, અમે ઈન્તેઝાર કરતા રહેતા, જ્યારે સૂરજ ઢળી જતો તો રમી કરતા." (બુખારી ૧/૨૩૫ મનાસિક)

حدیث ۱۰۲۹ عَنْ عَبْدِ الرَّحْمٰنِ بْنِ يَزِيْدَ أَنَّهُ حَجَّ مَعَ ابْنِ مَسْعُوْدٍ

"અબ્દુર્રહમાન ઈબ્ને યઝીદથી મરવી છે કે તેમણે હઝરત (અબ્દુલ્લાહ) **[હદીષ : ૧૦૨૯]**

فَرَآهُ يَرْمِي الْجَمْرَةَ الْكُبْرٰى بِسَبْعِ حَصَيَاتٍ وَّجَعَلَ الْبَيْتَ عَنْ

ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ની સાથે હજ્જ કર્યો તો તેમને જોયા કે મોટા જમરા પર સાત કાંકરી વડે રમી કરી રહ્યા

يَسَارِهِ وَمِنًى عَنْ يَمِيْنِهِ ثُمَّ قَالَ هٰذَا مَقَامُ الَّذِيْ أُنْزِلَتْ عَلَيْهِ سُوْرَةُ الْبَقَرَةِ

છે અને તેમણે બયતુલ્લાહને ડાબી બાજુ અને મિનાને જમણી તરફ કર્યું. પછી ફર્માવ્યું, આ તેમની રમી કરવાની જગા છે જેમના પર સૂરએ બક઼રહ નાઝિલ થઈ છે."

(બુખારી ૧/૨૩૫ મનાસિક, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ–મનાસિક, તિર્મિઝી, હજ્જ, નિસાઈ–મનાસિક, ઈબ્ને માજહ–મનાસિક)

**સમજૂતી : હદીષ : ૧૦૨૮–૧૦૨૯**

એ જ જમહૂરનો મઝહબ છે કે યૌમે નહર રમીનો મસ્નૂન સમય ચાશ્ત છે. અને ઐયામે તશ્રીકમાં રમીનો સમય ઝવાલ બાદ છે. આજકાલ અમુક ખુદાથી ન ડરનારા જાહિલોના ફત્વા આપવાથી કેટલાક હાજીઓ બારમીએ પણ ઝવાલ પહેલાં રમી કરીને મક્કા મોઅઝ્ઝમા ચાલી નીકળે છે, એ સુન્નતની વિરુદ્ધ છે, અને આપણા અસલ મઝહબ જેના પર ફત્વો આપવામાં આવે તથા રાજેહની વિરુદ્ધ છે. તે દિવસે ઝવાલ પહેલાં રમીની રિવાયત ઝઈફ છે. અને ઝઈફ રિવાયત પર ફત્વો આપવો, અમલ કરવો જેહાલત તથા ઈજમાઅ વિરુદ્ધ છે. જો તેરમીએ પણ મિનામાં રહ્યો અને એ જ અફઝલ છે તો તેરમીની રમી પણ વાજિબ છે. આજની રમીનો સમય સવારથી લઈને સૂર્ય ડૂબતા સુધી છે, પણ ઝવાલ પહેલાં મકરૂહ છે.

حدیث ۱۰۳۰ حَدَّثَنَا الْاَعْمَشُ قَالَ سَمِعْتُ الْحَجَّاجَ يَقُوْلُ عَلَى الْمِنْبَرِ

"સુલૈમાન અઅમશે કહ્યું, મેં હજ્જાજને સાંભળ્યો. [હદીષ : ૧૦૨]

السُّوْرَةُ الَّتِيْ تُذْكَرُ فِيْهَا الْبَقَرَةُ وَالسُّوْرَةُ الَّتِيْ يُذْكَرُ فِيْهَا آلُ

તે મિમ્બર પર કહી રહ્યો હતો, તે સૂરત જેમાં બકરહનું વર્ણન છે અને તે સૂરત

عِمْرَانَ وَالسُّوْرَةُ الَّتِيْ تُذْكَرُ فِيْهَا النِّسَاءُ قَالَ فَذَكَرْتُ ذٰلِكَ

જેમાં આલે ઈમરાનનું વર્ણન છે, અને તે સૂરત જેમાં નિસાઅનું વર્ણન છે. તો મેં ઈબ્રાહીમ (નખઈ)થી એનો

لِاِبْرَاهِيْمَ فَقَالَ حَدَّثَنِيْ عَبْدُ الرَّحْمٰنِ بْنُ يَزِيْدَ اَنَّهٗ كَانَ مَعَ ابْنِ

ઉલ્લેખ કર્યો. તો તેમણે કહ્યું, મારાથી અબ્દુર્રહમાન બિન યઝીદે હદીષ વર્ણવી કે જ્યારે હઝરત અબ્દુલ્લાહ

مَسْعُوْدٍ حِيْنَ رَمٰى جَمْرَةَ الْعَقَبَةِ فَاسْتَبْطَنَ الْوَادِيْ حَتّٰى اِذَا

ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ એ જમરતુલ અકબાની રમી કરી તો એ તેમની સાથે હતા. તે વાદીના પેટ (મેદાનના

حَاذٰى بِالشَّجَرَةِ اِعْتَرَضَهَا فَرَمٰى بِسَبْعِ حَصَيَاتٍ يُكَبِّرُ مَعَ كُلِّ

મધ્યે) આવ્યા, જ્યારે ઝાડના સમાંતરે થઈ ગયા તો તેની સામે થયા અને સાંત કાંકરીઓ મારી. દરેક કાંકરી

حَصَاةٍ ثُمَّ قَالَ مِنْ هٰهُنَا وَالَّذِيْ لَا اِلٰهَ غَيْرُهٗ قَامَ الَّذِيْ اُنْزِلَتْ

પર તકબીર કહેતા પછી ફર્માવ્યું, એ જાતની કસમ ! જેના સિવાય કોઈ મઅબૂદ નથી, અહીં જ તે ઉભા થયા

عَلَيْهِ سُوْرَةُ الْبَقَرَةِ عہ

હતા જેમના પર સૂરએ બકરહ નાઝિલ થઈ." (બુખારી ૧/૨૩૫ મનાસિક)

## સમજૂતી : ૧૦૩૦

આ હદીષની ઈમામ બુખારીએ એકઠી ચાર તરીકાઓ વડે તખરીજ કરી છે. પ્રથમ મુહમ્મદ બિન કષીરના તરીકાથી કે લોકો વાદી (મેદાન)ના ઉપરથી રમી કરે છે. અન્ય તરીકાઓના લખાણો આ બંને તરીકાઓમાં આવી ગયા છે. જમરો તે થાંભલાને કહે છે જેને કાંકરી મારવામાં આવે છે, એ ત્રણ છે : મક્કા મોઅઝ્ઝમાથી મિના જતાં સૌ પ્રથમ જમરતુલ અકબા છે. એ સૌથી મોટો બનેલો છે એટલા માટે એને જમરતુલ કુબરા પણ કહે છે. પછી વચ્ચેનો છે, એની લંબાઈ પણ મધ્યમ છે, અને બંનેની વચ્ચે આવેલો પણ છે એટલા માટે એને જમરતુલ વુસ્તા પણ કહે છે. ત્રીજો છેવટનો મસ્જિદે ખૈફની નજીક છે. આ બંનેવથી નાનો છે એને જમરતુલ સુગરા પણ કહે છે.

**فاستبطن الوادی** : એટલે એ આ જમરાની નજીક એક નાળુ છે તેના નીચાણમાં ઉતર્યા. તે જમાનામાં ત્યાં એક ઝાડ હતું તેના સામે આવીને રમી કરી. આ રમીમાં એ જ સુન્નત છે કે જમરાથી પાંચ હાથના અંતરે વાદીમાં

| حديث ١٠٣١ | عَنْ سَالِمٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا أَنَّهُ كَانَ |
|---|---|

"સાલિમથી રિવાયત છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما (મસ્જિદે ખૈફ)થી નજીકવાળા **[હદીષ : ૧૦૩૧]**

يَرْمِي الْجَمْرَةَ الدُّنْيَا بِسَبْعِ حَصَيَاتٍ يُكَبِّرُ عَلَى إِثْرِ كُلِّ حَصَاةٍ ثُمَّ

જમરા પર સાત કાંકરી મારતા અને દરેક કાંકરીની પાછળ તકબીર પઢતા પછી આગળ વધી જતા

يَتَقَدَّمُ حَتَّى يُسْهِلَ فَيَقُومُ مُسْتَقْبِلَ الْقِبْلَةِ فَيَقُومُ طَوِيلًا وَيَدْعُو

ત્યાં સુધી કે સપાટ જમીન પર પહોંચી જતા તો ક઼િબ્લા રૂ મોડે સુધી ઉભા રહીને દુઆ કરતા અને હાથોને

وَيَرْفَعُ يَدَيْهِ ثُمَّ يَرْمِي الْوُسْطَى ثُمَّ يَأْخُذُ ذَاتَ الشِّمَالِ فَيُسْهِلُ وَ

ઉઠાવતા ત્યારબાદ વચેટ (વુસ્તા) પર રમી કરતા, પછી ડાબે હાથે ચાલતા અને સપાટ જમીન પર પહોંચતા

يَقُومُ مُسْتَقْبِلَ الْقِبْلَةِ ثُمَّ يَدْعُو وَيَرْفَعُ يَدَيْهِ وَيَقُومُ طَوِيلًا ثُمَّ

તો ક઼િબ્લા રૂ થઈને દુઆ કરતા અને હાથોને ઉઠાવતા અને મોડે સુધી ઉભા રહેતા. ત્યારબાદ જમરતુલ ઉક઼બા ઉભા રહીને રમી કરે. અલ્બત્ત જમરતુલ સુગરા (નાનો શયતાન)માં એ છે કે ઉપર ચઢીને રમી કરે. એ જમરતુલ અક઼બા કરતાં ઊંચી જગા પર છે. હવે ન તે નાળુ છે ન ઝાડ. હવે સપાટ રસ્તો તથા સડક બની ગઈ છે. હવે એવું કરે કે પાંચ હાથના અંતરે ઉભા રહીને રમી કરે અને જો ભીડના કારણે એવું ન થઈ શકે જેટલા દૂરથી થઈ મારે પણ એ ખયાલ રાખે કોઈ કાંકરી ત્રણ હાથથી વધારે દૂરી પર ન પડે.

**فذكرت ذلك** : અમુક તાબઈનનો ક઼ૌલ છે કે સૂરએ બક઼રહ, સૂરએ આલિ ઈમરાન, સૂરએ નિસાઅ ન કહેવું જોઈએ બલ્કે એવું કહેવું જોઈએ **سورة اللتى تزفيها البقره** દા.ત. હજ્જાજે એને બયાન કર્યું તો સુલૈમાન અઅમશે હઝરત ઈબ્રાહીમ નખઈ ઉસ્તાદે સૈયદોના ઈમામે આ'ઝમને એનો ઉલ્લેખ કર્યો. તેમણે ફર્માવ્યું કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہએ સૂરતુલ બક઼રહ ફર્માવ્યું છે, એટલા માટે એમાં કોઈ વાંધો નથી. હજ્જના મહત્વના મનાસિક સૂરએ બક઼રહમાં વર્ણન થયેલા છે એટલા માટે આ પ્રસંગે સૂરએ બક઼રહ ફર્માવ્યું.

**સમજૂતી : ૧૦૩૧**

આ હદીષ ઈફરાદે બુખારીથી છે. એને ઈમામ બુખારીએ એકઠા જ ત્રણ તરીક઼ાઓથી રિવાયત કરી છે. આ જ હદીષ પ્રમાણે અમલ છે કે અગ્યાર બારે રમી કરી. પ્રારંભ એ જમરાથી કરે જે મસ્જિદે ખૈફની નજીક છે. રમી કર્યા બાદ જમરાથી થોડાક આગળ નીકળી જાય અને દુઆમાં હાથ એ પ્રમાણે ઉઠાવે કે હથેળીઓ ક઼િબ્લા તરફ રહે. હુઝૂરે ક઼લ્બથી (દિલ લગાડીને) હમ્દ, દુરૂદ તથા ઈસ્તિગફ઼ારમાં કમસે કમ વીસ આયતો પઢવા જેટલો સમય વ્યસ્ત રહે. શક્ય હોય તો પોણો સીપારો અથવા સૂરએ બક઼રહ પઢવાના જેટલો સમય રહે. ત્યારબાદ એવું જ જમરાએ વુસ્તા (વચેટ) પર કરે, પછી જમરાએ અક઼બા પર કરે. પણ જમરાએ અક઼બા પર રમી બાદ તરત જ પરત થઈ જાય, રોકાઈ નહીં. બારમીએ જેને યૌમુન્નફરુલ અવ્વલ તથા યૌમુર્રઉસ પણ કહે છે, રમી પછી ગુરૂબ આફતાબથી પહેલાં પહેલાં મક્કા મોઅઝ્ઝમા પરત થઈ શકે છે. અને અફઝલ એ છે કે તેરમીએ પણ ઝવાલ બાદ રમી કરીને પરત થાય. પણ સામાન્યતઃ લોકો બારમીએ જ પરત થઈ જાય છે. થોડીક જમાઅતનું મિનામાં રહેવું મુશ્કેલ છે.

يَرْمِي جَمْرَةَ ذَاتِ الْعَقَبَةِ مِنْ بَطْنِ الْوَادِي وَلَا يَقِفُ عِنْدَهَا ثُمَّ

(મોટો શયતાન) મેદાનના નીચાણથી રમી કરતા અને ત્યાં રોકાતા નહીં. રમી કરતાં જ પલ્ટી જતા.

يَنْصَرِفُ وَيَقُوْلُ هٰكَذَا رَأَيْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَفْعَلُهُ

અને કહેતા મેં નબી ﷺને જોયા કે આ જ પ્રમાણે કરતા હતા." (બુખારી ૧/૨૩૬ મનાસિક)

حدیث ١٠٣٢ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ أُمِرَ النَّاسُ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે લોકોને હુકમ આપવામાં આવ્યો કે **[હદીષ : ૧૦૩૨]**

أَنْ يَكُوْنَ آخِرُ عَهْدِهِمْ بِالْبَيْتِ إِلَّا أَنَّهُ خُفِّفَ عَنِ الْحَائِضِ

મક્કા મોઅઝ્ઝમાથી પરત થતી વખતે અંતિમ કામ બયતુલ્લાહનો તવાફ હોય.

અલ્બત્ત હયઝવાળી પર કમી કરવામાં આવી છે. (બુખારી ૧/૨૩૬ મનાસિક)

**جمرة الدنيا : دُنُوّ** **دنيا**થી ઈસ્મે તફઝીલ મુઅન્નષ **فُعْلٰى**ના વજન પર છે. એટલે જે મસ્જિદે ખૈફથી અન્ય જમરાઓ કરતાં અધિક નજીક છે, તેને જમરતુલ ઉલા પણ કહે છે. આ પ્રથમ જમરો છે. એ મસ્જિદે ખૈફથી ૧૨૫૪ અઝરાઅ છે એનાથી બીજો ૮૭૫ અને એનાથી જમરાએ અક઼બા ૨૦૮ ઝરાઅ છે. (રદુલ મુહ્તાર ૨/૧૮૫) **جمرة**નો અર્થ તે જગા જ્યાં કાંકરીઓ ભેગી થાય.

**فيسهل** : તેનો માદ્દો **سهل** છે જેનો અર્થ નરમ સપાટ જમીન છે. **فيسهل**નો અર્થ એ થયો કે નરમ સરખી જમીન પર આવ્યા.

**جمرةالعقبة** : અક઼બાનો અર્થ પહાડની ઘાટી છે. અહીં એક પહાડની ઘાટી છે જ્યાં અન્સારે કિરામે હુઝૂરે અક઼દસ ﷺ સાથે બયઅત કરી હતી એટલા માટે એને જમરતુલ અક઼બા કહે છે. જે જગાએ અન્સારે બયઅત કરી હતી ત્યાં મસ્જિદ બનેલી છે. આ જમરો મિનાની હદોથી બહાર મક્કા મોઅઝ્ઝમાની અંતિમ સરહદ પર છે. (રદુલ મુહતાર–૧૮૫) એનું નામ જમરએ કુબ્રા, જમરએ ક઼સવા, જમરએ અખીરા પણ છે.

## સમજૂતી : ૧૦૩૨

આ હદીષ શબ્દોના કાંઈક ફેરફારની સાથે કિતાબુલ હૈઝમાં વર્ણન થઈ ચૂકી છે. અને આગળ થોડીક હદીષો બાદ આવી રહી છે. એના પર સંપૂર્ણ વિસ્તારપૂર્વક ચર્ચા ભાગ–૨, પેજ ૨૫૯, ૨૬૦ (ગુજરાતીમાં પેજ–૨૩૯) પર થઈ ચૂકી છે. આપણા ત્યાં મીક઼ાતથી બહારવાળા પર તવાફે વિદાઅ વાજિબ છે. જેના પર તવાફે વિદાઅ વાજિબ છે, જો છોડી આપશે તો તેના પર દમ વાજિબ છે. હૈઝવાળી તથા નિફાસવાળીને તવાફે વિદાઅ માફ છે. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما પહેલાં એવો ફત્વો આપતા હતા કે આ તવાફ હૈઝવાળી તથા નિફાસવાળી પર પણ વાજિબ છે, તેણી રોકાઈ રહે અને જયારે પાક થઈ જાય તો તવાફ કરીને પરત થાય, પણ જયારે તેમને આ હદીષ મળી તો રુજૂઅ કરી લીધું. (એ ફત્વો પરત લીધો)

حدیث ١٠٣٣ عَنْ قَتَادَةَ اَنَّ اَنَسَ بْنَ مَالِكٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ حَدَّثَهُ

"ક઼તાદાથી રિવાયત છે કે હઝરત માલિક બિન અનસ رضی اللہ عنہ એ **[હદીષ : ૧033]**

اَنَّ النَّبِىَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ صَلَّى الظُّهْرَ وَالْعَصْرَ وَ

તેમને હદીષ બયાન કરી કે નબી صلی اللہ علیہ وسلم એ ઝોહર તથા અસ્ર

الْمَغْرِبَ وَالْعِشَاءَ ثُمَّ رَقَدَ رَقْدَةً بِالْمُحَصَّبِ ثُمَّ رَكِبَ اِلَى الْبَيْتِ

તથા મગરિબ તથા ઈશા મુહસ્સબમાં પઢી. પછી થોડીવાર સૂતા

فَطَافَ بِهٖ ع ه

ત્યાર બાદ સવાર થઈને બયતુલ્લાહ ગયા અને તેનો તવાફ કર્યો."

حدیث ١٠٣٤ عَنْ عِكْرِمَةَ اَنَّ اَهْلَ الْمَدِيْنَةِ سَأَلُوْا ابْنَ عَبَّاسٍ رَضِىَ

"ઈકરમાથી રિવાયત છે કે મદીનાવાસીઓએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી **[હદીષ : ૧034]**

اللّٰهُ تَعَالٰى عَنْهُمَا عَنِ امْرَأَةٍ طَافَتْ ثُمَّ حَاضَتْ قَالَ لَهُمْ تَنْفِرُ

તે સ્ત્રીના બારામાં સવાલ કર્યો જેણે તવાફે ઝિયારત કરી લીધો પછી તેને હૈઝ આવી ગયું. ફર્માવ્યું, તેણી ઘરે

**સમજૂતી : ૧033** **محصب** મિના અને મક્કા મોઅઝ્ઝમા વચ્ચે જન્નતુલ મઅલા ક઼બ્રસ્તાનની નજીક મક્કા મોઅઝ્ઝમા તરફ એક મેદાન છે જેને અબ્તહ઼, બત્હા તથા ખૈફ પણ કહે છે. એ બે પહાડીઓની વચ્ચે છે. હસ્બાઅ્ કાંકરીને કહે છે. પુરમાં કાંકરીઓ વહીને અહીં જમા થાય છે એટલા માટે એને મુહસ્સબ કહે છે. ઝવાલ પછી રમી કરીને હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم એ મિનાથી કૂચ ફર્માવી અને ઝોહરથી લઈને ઈશા સુધીની નમાઝો મુહસ્સબમાં આવીને પઢી થોડીવાર સૂતા અને તવાફે વિદાઅ કર્યો અને એ જ સુન્નત છે. પણ હવે મુહસ્સબમાં સડકો બની ગઈ છે, થોડુ સરખુ મેદાન બાકી છે. મોટરોના કારણે લોકો સીધા મક્કા મોઅઝ્ઝમા ચાલ્યા આવે છે પણ એ કોઈ મુશ્કેલ વાત નથી, મુહસ્સબમાં મોટર રોકાવીને ઉતરી પડે અને પછી ઈશા બાદ એક હલ્કી નીંદ લઈને પગપાળા મક્કા મુઅઝ્ઝમા આવે. તો બેશુમાર બરકતો હાંસલ થશે.

આમ હાજીઓના દિમાગમાં એ વાત હોય છે કે મસ્જિદે હરામમાં એક નમાઝનો સવાબ લાખના બરાબર છે એને શા માટે છોડી દઈએ ! **એ ગરીબોને એ નથી ખબર કે સુન્નતે નબવીના પાલનમાં જે અજરો બરકત છે તે છોડવામાં નથી. છેવટે ખૂદ હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم એ આ નમાઝો મસ્જિદે હરામમાં કેમ ન પઢી ?!**

**સમજૂતી : ૧034** હઝરત ઝયદ બિન ષાબિત હઝરત ઈબ્ને ઉમર رضوان اللہ تعالیٰ علیہم اجمعین પહેલાં એવો ફત્વો આપતા હતા કે હૈઝવાળી તથા નિફ઼ાસવાળી પર પણ તવાફે વિદાઅ વાજિબ છે એને છોડવો જાઈઝ નથી. તેણીએ મક્કામાં રોકાવું વાજિબ છે, તે પાકી પછી તવાફે વિદાઅ કરીને પરત જશે. પરંતુ તે લોકોને જ્યારે હઝરત સફિય્યાવાળી હદીષ પહોંચી તો રજૂઅ કરી લીધુ. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ નો અંતિમ સમય સુધી એ જ

قَالُوا لَا نَاخُذُ بِقَوْلِكَ وَنَدَعُ قَوْلَ زَيْدٍ قَالَ إِذَا قَدِمْتُمُ الْمَدِيْنَةَ

પરત જઈ શકે છે. મદીનાવાસીઓએ કહ્યું કે અમે તમારી વાત નહીં માનીએ અને ઝયદની વાત નહીં છોડીએ.

فَلَمَّا قَدِمُوا الْمَدِيْنَةَ فَسَئَلُوا فَكَانَ فِي مَنْ سَأَلُوا أُمُّ سُلَيْمٍ رَضِيَ

હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું, જ્યારે મદીના જાવ તો પૂછજો. એ લોકો મદીના આવ્યા તો જે લોકોને પૂછયું

اللّٰهُ تَعَالٰى عَنْهَا فَذَكَرَتْ حَدِيْثَ صَفِيَّةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا

હતું તેમાં હઝરત ઉમ્મે સુલૈમ પણ હતાં, તેમણે ઉમ્મુલ મો'મિનીન હઝરત સફિય્યાની હદીષ વર્ણવી.''

(બુખારી ૧/૨૩૭ મનાસિક)

حدیث ١٠٣٥ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ إِنَّمَا كَانَ مَنْزِلًا

''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, **[હદીષ : ૧૦૩૫]**

يَنْزِلُهُ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لِيَكُوْنَ أَسْمَحَ لِخُرُوْجِهٖ

અબ્તહને નબી صلی اللہ علیہ وسلم એ એટલા માટે મંઝિલ બનાવ્યું હતું કે

تَعْنِي الْاَبْطَحَ عہ

પરત થવામાં આસાની થાય.''

(૧/૨૩૭ બાબુલ મુહસ્સબ, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ–મનાસિક, તિર્મિઝી–હજ્જ,
ઈબ્ને માજહ–મનાસિક, મુસ્નદે ઈમામ અહમદ, ૬/૪૧)

حدیث ١٠٣٦ عَنِ ابْنِ عَبَّاسٍ قَالَ لَيْسَ التَّحْصِيْبُ بِشَيْءٍ إِنَّمَا

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, મુહસ્સબમાં ઉતરવું કાંઈ નથી, **[હદીષ : ૧૦૩૬]**

મઝહબ રહ્યો કે હૈઝવાળી તવાફે વિદાઅ કર્યા વિના પરત થશે નહીં. તેમની દલીલ પણ તે જ હદીષ છે કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, **امر الناس ان يكون آخر عهدهم بالبيت** લગભગ હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ને હઝરત સફિય્યહવાળી હદીષ નથી પહોંચી.

**હદીષે સફિય્યહ્** : એનાથી મુરાદ તે હદીષ છે જેમાં વર્ણન થયેલ છે કે યૌમુન્નફરા ઉમ્મુલ મો'મિનીન હઝરત સફિય્યહ્ رضی اللہ عنہا ને હૈઝ આવી ગયું પણ કેમ કે તે તવાફે ઈફાઝા કરી ચૂક્યાં હતાં એટલા માટે તેમને તવાફે વિદાઅ કર્યા વિના પરત થવાની ઈજાઝત મળી ગઈ.

**સમજૂતી : હદીષ : ૧૦૩૫–૧૦૩૬**

એના પર તો એકમતિ છે કે મુહસ્સબમાં ઉતરવું હજજના મનાસિકમાંથી નથી, એમાં મતભેદ છે કે એ મુસ્તહબ છે પણ કે નહીં ? સહીહ એ જ છે કે મુસ્તહબ છે અને આ હદીષોનો મતલબ એ છે કે એ મનાસિકમાં સામેલ નથી.

هُوَ مَنْزِلٌ نَزَلَهُ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

એ એક મંઝિલ છે જ્યાં રસૂલુલ્લાહ ﷺ ઉતરતા હતા."

(બુખારી ૧/૨૩૬ મનાસિક, મુસ્લિમ, તિર્મિઝી, નિસાઈ–હજ્જ)

حدیث ۱۰۳۷ عَنْ نَافِعٍ اَنَّ ابْنَ عُمَرَ رَضِيَ اللهُ تَعَالٰى عَنْهُمَا كَانَ يَبِيْتُ

"નાફેઅથી રિવાયત છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ ઝૂતુવામાં બંને ઘાટીઓની **[હદીષ : ૧૦૩૭]**

بِذِيْ طُوًى بَيْنَ الثَّنِيَّتَيْنِ ثُمَّ يَدْخُلُ مِنَ الثَّنِيَّةِ الَّتِيْ بِاَعْلٰى

વચ્ચે રાત પસાર કરતા, પછી મક્કામાં એ ઘાટીથી પ્રવેશ કરતા જે મક્કાના ઉપરના હિસ્સામાં છે.

مَكَّةَ وَكَانَ اِذَا قَدِمَ مَكَّةَ حَاجًّا اَوْ مُعْتَمِرًا لَمْ يُنِخْ نَاقَتَهُ اِلَّا عِنْدَ

અને જ્યારે મક્કા હજ્જ તથા ઉમરા માટે આવતા તો પોતાની ઊંટણી મસ્જિદના દરવાજા પર જ બેસાડતા

بَابِ الْمَسْجِدِ ثُمَّ يَدْخُلُ فَيَاْتِي الرُّكْنَ الْاَسْوَدَ فَيَبْدَاُ بِهِ ثُمَّ يَطُوْفُ

ત્યારબાદ મસ્જિદની અંદર આવતા અને રુકને અસ્વદની પાસે આવતા. પછી સાત તવાફ કરતા,

سَبْعًا ثَلٰثًا سَعْيًا وَاَرْبَعًا مَشْيًا ثُمَّ يَنْصَرِفُ فَيُصَلِّيْ سَجْدَتَيْنِ

ત્રણ સઈની સાથે અને ચાર સામાન્ય ચાલથી, પછી પાછા ફરતા, અને બે રકાત નમાઝ પઢતા પછી પડાવ

ثُمَّ يَنْطَلِقُ قَبْلَ اَنْ يَّرْجِعَ اِلٰى مَنْزِلِهِ فَيَطُوْفُ بَيْنَ الصَّفَا وَالْمَرْوَةِ

પર પરત થતાં પહેલાં સફા તથા મરવા વચ્ચે તવાફ કરતા. અને જ્યારે હજ્જ

وَكَانَ اِذَا صَدَرَ عَنِ الْحَجِّ اَوِ الْعُمْرَةِ اَنَاخَ بِالْبَطْحَاءِ الَّتِيْ بِذِي

તથા ઉમરાથી પરત થતા તો ઝુલહુલયફાના તે મેદાનમાં ઊંટણી બેસાડતા

الْحُلَيْفَةِ الَّتِيْ كَانَ النَّبِيُّ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يُنِيْخُ بِهَا

જ્યાં નબી ﷺ બેસાડયા કરતા હતા." (બુખારી ૧/૨૩૭ મનાસિક)

**સમજૂતી : ૧૦૩૭**

આ હદીષના ટુકડાઓ વિવિધ રીતે વર્ણન થઈ ચૂક્યા છે અને સૌની સ્પષ્ટતા થઈ ચૂકી છે.

حدیث ١٠٣٨ سُئِلَ عُبَيْدُ اللّٰهِ عَنِ الْمُحَصَّبِ فَحَدَّثَنَا عُبَيْدُ اللّٰهِ عَنْ

"ઉબૈદુલ્લાહને મુહસ્સબના બારામાં પૂછવામાં આવ્યું તો ઉબૈદુલ્લાહે **[હદીષ : ૧૦૩૮]**

نَافِعٍ قَالَ نَزَلَ بِهَا رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَعُمَرُ

અમને હદીષ વર્ણવી કે નબી ﷺ અને હઝરત ઉમર અને ઈબ્ને ઉમર અહીં મંઝિલ (રોકાણ) કરતા હતા

ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا۔ وَعَنْ نَافِعٍ أَنَّ ابْنَ عُمَرَ

અને નાફેઅથી રિવાયત છે કે હઝરત ઈબ્ને ઉમર મુહસ્સબમાં ઝોહર તથા અસ્ર પઢતા હતા,

كَانَ يُصَلِّيْ بِهَا يَعْنِي الْمُحَصَّبَ الظُّهْرَ وَالْعَصْرَ أَحْسِبُهُ قَالَ

અને હું ગુમાન કરું છું કે મગરિબ પણ. ખાલિદે કહ્યું, ઈશામાં મને કાંઈ શક નથી,

وَالْمَغْرِبَ قَالَ خَالِدٌ لَا أَشُكُّ فِي الْعِشَاءِ وَيَهْجَعُ هَجْعَةً وَيَذْكُرُ

અને એક ઊંઘ કાઢતા અને બયાન કરતા કે

ذٰلِكَ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ع

નબી ﷺ એવું જ કરતા હતા." (બુખારી ૧/૨૩૭ મનાસિક)

حدیث ١٠٣٩ عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا أَنَّهُ كَانَ

"નાફેઅ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ના બારામાં રિવાયત કરે છે કે જ્યારે **[હદીષ : ૧૦૩૯]**

إِذَا أَقْبَلَ بَاتَ بِذِيْ طُوًى حَتّٰى إِذَا أَصْبَحَ دَخَلَ وَإِذَا نَفَرَ مَرَّ

તે મક્કા મોઅઝ્ઝમા આવતા તો ઝૂતુવામાં રાત પસાર કરતા, જ્યારે સવાર થતી તો દાખલ થતા.

بِذِيْ طُوًى وَبَاتَ بِهَا حَتّٰى يُصْبِحَ وَكَانَ يَذْكُرُ أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ

અને જ્યારે પરત થતા તો ઝૂતુવામાં થઈને પસાર થતા અને ત્યાં રાતભર રહેતા અને ઝિક્ર કરતા હતા કે

**સમજૂતી : ૧૦૩૮** ઈમામ તિર્મિઝી (૧/૧૧૨ હજ્જ)એ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી આ પ્રમાણે રિવાયત કરી, નબી ﷺ, અબૂબક્ર, ઉમર તથા ઉષ્માન અબ્તહમાં મંઝિલ કરતા હતા. હઝરત અબૂ રાફેઅ, રસૂલુલ્લાહ ﷺના આઝાદ કરેલ ગુલામથી મરવી છે કે મને રસૂલુલ્લાહ ﷺએ મિનાથી ચાલતી વખતે એ હુકમ ન આપ્યો હતો કે અબ્તહમાં મંઝિલ કરીશ. હું આવ્યો અને મેં ત્યાં તંબૂ તાણી કાઢયો. હુઝૂર તશરીફ લાવ્યા અને એમાં જલ્વાફર્મા થયા. *(ઉમ્દતુલ કારી, ૧૦/૧૦૧)*

**સમજૂતી : ૧૦૩૯** ઝૂ તુવામાં મક્કા મોઅઝ્ઝમાના નીચાણવાળા હિસ્સામાં મક્કા મોઅઝ્ઝમા તથા

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ کَانَ یَفْعَلُ ذٰلِکَ عہ

નબી ﷺ એવું જ કરતા હતા." (બુખારી ૧/૨૩૮ મનાસિક)

حدیث ۱۰۴۰ قَالَ عُمَرُو بْنُ دِیْنَارٍ قَالَ ابْنُ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, ઝૂલ મજાઝ અને ઉકાઝ **[હદીષ : ૧૦૪૦]**

عَنْھُمَا کَانَ ذُوالْمَجَازِ وَعُکَاظُ مَتْجَرُ النَّاسِ فِی الْجَاھِلِیَّۃِ فَلَمَّا جَاءَ الْاِ

લોકોની વ્યાપારની જગાઓ હતી. જ્યારે ઈસ્લામ આવ્યો તો લોકોએ તેને બુરુ જાણ્યું,

سْلَامُ کَاَنَّھُمْ کَرِھُوْا ذٰلِکَ حَتّٰی نَزَلَتْ لَیْسَ عَلَیْکُمْ جُنَاحٌ اَنْ تَبْتَغُوْا

ત્યાં સુધી કે આ આયતે કરીમા નાઝિલ થઈ, "તમારા પર કોઈ ગુનોહ નથી કે (હજ્જના દિવસોમાં)

فَضْلًا مِّنْ رَّبِّکُمْ فِیْ مَوَاسِمِ الْحَجِّ عہ

અલ્લાહનો ફઝ્લ તલાશ કરો." (બુખારી ૧/૨૩૮ મનાસિક, ૧/૪૮૨ અલ્બુયૂઅ, ૨/૬૪૮, તફસીરે સૂરએ બક઼રહ)

તન્ઈમના વચ્ચે એક જગાનું નામ છે. આ હદીષનો ભાગ પહેલાં વર્ણન થઈ ચૂક્યો.

**સમજૂતી : ૧૦૪૦**

કિતાબુલ બુયૂઅ અને તફસીરમાં **مجنہ**નો વધારો છે અને **کرھوا** ની જગાએ **تَاَثَّمُوا** છે. અલ્બુયૂઅમાં **ذٰلک**ની જગાએ **من التجارۃ فیھا** છે, એટલે એ બજારોમાં વેપાર કરવાને ગુનોહ જાણ્યો. અને અત્તફસીરમાં **فی المواسم** છે. એટલે હજ્જના દિવસોમાં વેપાર કરવાને બુરુ જાણ્યું. બુયૂઅમાં આખરનો હિસ્સો આ પ્રમાણે છે : **قرأ ابن عباس کذا** "એટલે ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની ક઼િરાઅત **فی مواسم الحج**ના વધારાની સાથે. ઈબ્ને ઉયયનાની રિવાયતમાં **اسواقا فی الجاھلیہ** છે. જાહિલિયત (ઈસ્લામ પહેલાં)ના દિવસોમાં અરબવાસીઓ શહરે હરામમાં ચાર મહિના બજાર લગાડતા હતા : ઉકાઝ, ઝુલ મજાઝ, મુજન્ના, હુબાશહ.

**ઉકાઝ** : એક સપાટ મેદાન હતું જેમાં ન કોઈ પહાડ હતો અને ન કોઈ ટેકરીનું નિશાન વગેરે હતું. એમાં મોટી મોટી ચક્કીઓના પાટની જેમ સપાટી હતી જે ઊંટના લોહીથી લથપથ રહેતા હતા. એના સ્થળ બાબતે ત્રણ કથનો છે : મુહમ્મદ બિન હબીબે કહ્યું નજદના ઉપરના હિસ્સામાં અરફ઼ાતની નજીક હતું. બીજાઓએ કહ્યું કે એ સનઆના માર્ગમાં કરનુલ્ મુનાઝિલથી એક મંઝિલ અને તાઈફથી એક બરીદના અંતર પર તાઈફના નજીકમાં હતી. અબૂ ઉબૈદે કહ્યું કે એ નખ્લા તથા તાઈફની વચ્ચે હતી. એની નજીક એક મુતક઼ નામનું ગામ હતું. આ બજાર આમે ફીલ (હાથીવાળા વર્ષ)ના પંદર વર્ષ પછી લાગવાનુ શરૂ થયું. અને હિ.સ. ૧૪૦માં જ્યારે મુખ્તાર ઈબ્ને ઔફની સરદારીમાં ખારજીઓનો હંગામો શરૂ થયો તો બંધ થઈ ગયું. આ બજાર ઝીલ ક઼અદાની પહેલી તારીખથી વીસ સુધી રહેતું. ઉકાઝમાં અરબવાસીઓ ભેગા થઈને શયખી (બડાઈ) કરતા. હુઝૂરે અક઼દસ ﷺ પણ આ બજારમાં શરીક થયા છે. અહીં જ કૈસ બિન સાએદાનુ કલામ સાંભળ્યું.

**ذوالمجاز** : અરફ઼ાતથી એક ફરસંગના અંતરે મૌક઼ફની જમણી બાજુ લાગે છે. ઉકાઝ પછી ૨૧ ઝીક઼અદાથી મહિનાના અંત સુધી લાગતુ હતું.

**مجنّہ** : મક્કા મોઅઝ્ઝમાથી એક બરીદના અંતરે મર્રુઝઝહરાનની આસપાસ લાગતુ હતું. એ શામા તથા તુફૈલ બે પહાડીઓના વચ્ચે છે. ખૂબ જ ખુશ્નુમા વાતાવરણવાળી બાગોથી ભરેલી જગા છે. આ પ્રથમ ઝીલ હજ્જથી ૮ ઝીલ હજ્જ સુધી લાગતુ અને ત્યારબાદ લોકો હજ્જના માટે ચાલ્યા જતા.

**حُباشه** : મક્કા મોઅઝ્ઝમાથી છ મંઝિલના અંતરે યમનની તરફ રજબના મહિનામાં આઠ દિવસ લાગતુ હતું. હકીમ ઈબ્ને હિઝામ رضی اللہ عنہએ કહ્યું, મેં નબી ﷺને જોયા કે એ બજારમાં તશરીફ લઈ ગયા અને કપડુ ખરીદયું. એ તિહામાના બજારોમાં સૌથી મોટુ બજાર હતું.

**کرهوا ذٰلك** : વર્ણન થઈ ચૂક્યું કે બીજી રિવાયતોમાં **تاثموا** છે જેનો મતલબ એ થયો કે કરાહત એટલી હદ સુધી હતી કે એને લોકોએ ગુનોહ ગુમાન કર્યો. એનો સબબ એ હતો કે લોકો એવું સમજ્યા કે હજ્જનો મહિનો કેવળ ઈબાદત માટે છે એ દિવસોમાં અરફાત તથા મક્કા મોઅઝ્ઝમાની નજીક સિવાય ઈબાદતના વેપાર વગેરે ન કરવો જોઈએ. આ રહબાનિયત (પાદરીપણુ) હતું જેથી ઈર્શાદ ફર્માવવામાં આવ્યો કે માલ તથા જરૂરિયાતે જિંદગી અલ્લાહનો ફઝ્લ છે. આ દિવસોમાં અને આ સ્થળોમાં પણ અલ્લાહનો ફઝ્લ હાંસલ કરવાની કોઈ મનાઈ નથી.

بسم الله الرحمن الرحيم

**બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ**

# بَابُ وُجُوبِ الْعُمْرَةِ وَفَضْلِهَا

## ઉમરાનુ વાજિબ હોવું અને તેની ફઝીલત

ت ۳۱۵ وَقَالَ ابْنُ عُمَرَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا لَيْسَ اَحَدٌ اِلَّا وَعَلَيْهِ حَجَّةٌ وَّعُمْرَةٌ

*"અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું, દરેક શખ્સ પર એક હજ્જ તથા એક ઉમરો છે."* **[તઅલીક઼ : ૩૧૫]**

ت ۳۱۶ وَقَالَ ابْنُ عَبَّاسٍ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا اِنَّهَا لَقَرِيْنَتُهَا فِيْ كِتَابِ اللهِ وَاَتِمُّوا الْحَجَّ وَالْعُمْرَةَ لِلّٰهِ۔

*"અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે ઉમરો કિતાબુલ્લાહમાં હજ્જની સાથે વર્ણન થયેલ છે. હજ્જ તથા ઉમરા અલ્લાહના માટે પૂરા કરો."* **[તઅલીક઼ : ૩૧૬]**

**ઉમરા** : વાજિબ છે કે સુન્નતે મોઅક્કદહ, બંને કૌલ છે. સહીહ એ છે કે સુન્નતે મોઅક્કદહ છે. ઉમરાની નિય્યતથી એહરામ એના માટે શર્ત છે. બયતુલ્લાહનો તવાફ અને સફા મરવાની સઈ એના માટે રુકન છે. અને એહરામ ખોલવા માટે હલક઼ અથવા તક઼સીર (માથુ મૂંડાવવું કે વાળ કતરાવવા) ફર્ઝ છે. ઉમરો કરનાર સાથે જો કુર્બાનીનાં જાનવર નથી તો સઈ પછી માથુ મૂંડાવીને કે વાળ કતરાવીને એહરામ ખોલી આપે. અને જો તેની સાથે કુર્બાનીનાં જાનવર પણ છે તો એહરામ ન ખોલે. દસમી ઝીલ હજ્જે કુર્બાની કરીને એહરામ ખોલે. યૌમે અરફા, યૌમે નહર, ઐયામે તશરીક઼ના સિવાય પૂરા વરસમાં ઉમરો થઈ શકે છે. રમઝાનમાં અફઝલ છે. હદીષમાં છે : **عمرة فی رمضان تعدل حجة** "રમઝાનમાં ઉમરો હજ્જના બરાબર છે." અને એક રિવાયતમાં છે : **حجة معی** એટલે "મારી સાથે હજ્જ કર્યા સમાન છે." મુલ્લા અલી ક઼ારી પોતાની કિતાબ "અલ્અદબ ફી રજબ"માં લખે છે કે રજબમાં ઉમરો સુન્નત છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہ તજદીદે કા'બા (કાબાના નવા બાંધકામ)થી ૨૬ રજબે ફારિગ થયા તો શુક્રાનામાં ઊંટ ઝબહ કર્યા અને મક્કાવાસીઓને હુકમ આપ્યો કે ઉમરો કરે. એ વખતથી રજબમાં ઉમરા કરવાની રસ્મ ચાલી આવી છે. રદ્દુલ મુહતાર (૨/૧૫૧)માં ફત્હુલ કદીરથી છે કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم એ હિજરત પછી ચાર ઉમરા કર્યા.

**તઅલીક઼ : ૩૧૫-૩૧૬ની સમજૂતી** હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ ની તઅલીક઼ને ઈબ્ને અબી શયબાએ મુત્તસિલ સનદ સાથે ઝિક્ર કરી છે અને ઈબ્ને ખુઝૈમા, દારકુત્ની તથા હાકિમે પણ છેવટમાં આ વધારા

حدیث ۱۰۴۱ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એક ઉમરાથી **[હદીષ : ૧૦૪૧]**

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ اَلْعُمْرَةُ اِلَی الْعُمْرَةِ کَفَّارَةٌ لِّمَا بَیْنَهُمَا وَالْحَجُّ

બીજા ઉમરા સુધી દરમિયાની મુદ્દતના ગુનાહોનો કફ્ફારો તથા

اَلْمَبْرُوْرُ لَیْسَ لَهٗ جَزَاءٌ اِلَّا الْجَنَّةَ عه

હજ્જે મબરૂરની જઝા (બદલો) જન્નત જ છે." (મુસ્લિમ, તિર્મિઝી, નિસાઈ : હજ્જ, મુસ્નદે ઈમામ અહમદ,

સાથે من استطاع الیٰ ذٰلك سبیلا فمن زاد علی ذٰلك فهو تطوع و خیر "જે એમના (હજ્જ–ઉમરાના) માર્ગની શક્તિ ધરાવતો હોય, અને જે એકથી વધુ કરી લે તે એના માટે નફલ તથા બેહતર છે." ઈમામ બુખારીએ જ્યારે ઉમરાની ફર્ઝિયત તથા વાજિબ હોવા માટે કોઈ રિવાયત ન પામી અથવા પોતાની શર્ત મુજબ ન પામી તો વાજિબ હોવાની દલીલમાં આ બે તઅલીકોને રજૂ કરી. જાહેર છે કે આ એ હઝરાતનો ઈજતેહાદ તથા પોત પોતાનો ફત્વો છે.

આપણા ત્યાં સુન્નત છે આપણી દલીલ તિર્મિઝી (૧/૧૧૨ હજ્જ)ની તે હદીષ છે જે હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે કે નબી ﷺથી ઉમરાના બારામાં સવાલ કરવામાં આવ્યો, શું એ વાજિબ છે ? ફર્માવ્યું, નહીં ! તમે લોકો ઉમરા કરો, અફઝલ છે. ઈમામ તિર્મિઝીએ આ હદીષને હસન સહીહ કહી. મુન્ઝિરીએ એના પર એ જરહ (પકડ) કરી કે એમાં હજ્જાજ બિન ઈર્તાત છે જે કાબિલે એહતેજાજ (વિરોધ દર્શાવવાપાત્ર) નથી. અલ્લામા અયનીએ એનો જે જવાબ આપ્યો એનો સાર એ છે કે એ વિવિધ તરીકાથી મરવી છે જેનાથી એનો ઝોઅફ (ઝઈફપણુ) ખતમ થઈ ગયું. અને આ હદીષ એહતેજાજના (દલીલને) પાત્ર થઈ ગઈ.

તેમજ હઝરત તલ્હા બિન અબ્દુલ્લાહ (ઈબ્ને માજહ–૨૨૧, મનાસિક) તથા હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ઉમ્દતુલ કારી, ૧૦/૧૦૮) તથા હઝરત ઈબ્ને અબ્બાસ رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી વિવિધ શબ્દોથી રિવાયત પામી છે કે નબી ﷺએ ફર્માવ્યું, હજ્જ જેહાદ છે અને ઉમરા નફલ.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની દલીલનો આપણા ઉલમાએ એ જવાબ આપ્યો કે ઈર્શાદ છે : و اَتِمُّ الحجةَ وَ العُمْرةَ لِله "અલ્લાહના માટે હજ્જ તથા ઉમરા કરો."ઈત્મામ" પૂરા કરવું એ બતાવી રહ્યું છે કે શરૂ કરી ચૂકેલ છે. એટલા માટે આ આયતનો તકાઝો એ થયો કે શરૂ કર્યા બાદ હજ્જ તથા ઉમરાને જરૂર પૂરા કરો. એ આપણા મઝહબથી ક્યારે ના છે ? જે રીતે નફલ હજ્જનો એહરામ બાંધી લીધા પછી તેને પૂરો કરવો વાજિબ છે. એ જ પ્રમાણે ઉમરો જો કે સુન્નત છે પણ જ્યારે કોઈ એનો એહરામ બાંધી લે તો તેને પૂરો કરવો વાજિબ છે. એનાથી એ ક્યાં લાઝિમ થયું કે શરૂથી (મુદ્દલે) જ વાજિબ છે ?

**સમજૂતી : ૧૦૪૧** کفارة لما بینهما વારંવાર વર્ણન થઈ ચૂક્યું કે આ પ્રકારના ઈર્શાદોથી મુરાદ સગીરા ગુનાહો છે.

**હજ્જે મબરૂર** : હજ્જે મબરૂરની વિવિધ તફસીરો નકલ થયેલ છે : ૧. તે હજ્જ જેમાં એહરામ બાંધ્યા બાદ પૂર્ણ થતા સુધી કોઈ ગુનોહ ન થયો હોય. ૨. તે હજ્જ છે જેમાં ન રિયા હોય ન સુમ્અહ (દેખાડો) ન રફષ (પત્નીથી સંભોગ) હોય ન ફિસ્ક ન લડાઈ. ૩. તે હજ્જ છે જેના બાદ હાજી ગુનાહોથી ન ખરડાય. ૪. મુસ્નદે ઈમામ અહમદમાં હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺને પૂછવામાં આવ્યું, હજ્જે મબરૂર શું છે ? તો ફર્માવ્યું, વધુમાં વધુ સલામ કરવી, ખાવા ખવડાવવું, સારી વાત કરવી, નરમ લહેજામાં વાત કરવી. ૫.

## بَابُ مَنِ اعْتَمَرَ قَبْلَ الْحَجِّ

## હજ્જ પહેલાં ઉમરો કરવા વિશે

حديث ١٠٤٢ اَنَّ عِكْرَمَةَ بْنَ خَالِدٍ سَأَلَ ابْنَ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا عَنِ

"ઈકરમા બિન ખાલિદે ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી હજ્જ કરવાથી **[હદીષ : ૧૦૪૨]**

الْعُمْرَةِ قَبْلَ الْحَجِّ فَقَالَ لَا بَأْسَ قَالَ عِكْرَمَةُ قَالَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ

પહેલાં ઉમરા વિશે સવાલ કર્યો. ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું,

تَعَالٰى عَنْهُمَا اعْتَمَرَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَبْلَ اَنْ يَّحُجَّ عنه

નબી ﷺ એ હજ્જ કરવાથી પહેલાં ઉમરો કર્યો." (અબૂ દાઊદ–મનાસિક)

## بَابُ كَمِ اعْتَمَرَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ـ نبی صلی اللہ تعالیٰ علیہ وسلم نے کتنے عمرے کئے ۔

## નબી ﷺ એ કેટલા ઉમરા કર્યા

حديث ١٠٤٣ عَنْ مُجَاهِدٍ قَالَ دَخَلْتُ اَنَا وَعُرْوَةُ بْنُ الزُّبَيْرِ الْمَسْجِدَ فَاِذَا

"ઈમામ મુજાહિદે કહ્યું, હું તથા ઉરવહ ઈબ્ને ઝુબૈર મસ્જિદે (નબવી)માં **[હદીષ : ૧૦૪૩]**

عَبْدُ اللّٰهِ بْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا جَالِسٌ اِلٰى حُجْرَةِ عَائِشَةَ

દાખલ થયા તો જોયું કે અબ્દુલ્લાહ رضی اللہ عنہ ઈબ્ને ઉમર હુજરએ આઈશા رضی اللہ عنہا ની નજીક બેઠેલા હતા અને

તે હજ્જ જે કૃબૂલ થાય. આ ખાદિમની નજીક પાંચમો કૃૌલ રાજેહ (પસંદીદા) છે, એટલા માટે કે મબરૂર એ બર્રનો ઈસ્મે મફઊલ છે. કહેવામાં આવે છે કે بَرّه જ્યારે કોઈની સાથે ભલાઈ કરવામાં આવે. એનાથી برا بوالدیه છે. અને જ્યારે એવું કહેવામાં આવે છે કે بَرَّالله عمله તો મુરાદ એ હોય છે કે, અલ્લાહે તેના અમલને કૃબૂલ કરી લીધો. હજ્જનું કૃબૂલ ફર્માવી લેવું બંદાની સાથે અલ્લાહ ﷻ નું એહસાન છે. બાકી કથનોનો સાર એ છે કે એમાં કેટલાક હજ્જને મકૃબૂલ થવાના સબબો છે અને અમુક નિશાનીઓ છે.

**સમજૂતી : ૧૦૪૨** ઉમરા સુન્નત છે અને હજ્જ ફર્ઝ છે. અને બંનેને અદા કરવાનું સ્થળ મક્કા મોઅઝ્ઝમા છે. ફર્ઝની અદાયગી મહત્વની છે. તો હવે જાહેરી રીતે એવું જણાય છે કે જેને મક્કા મોઅઝ્ઝમા જવાની શક્તિ છે તે પ્રથમ હજ્જ અદા કરે. હજ્જ અદા કર્યા વિના ઉમરા ન કરે. આ મુદ્દાને સામે રાખીને હઝરત ઈકરમાએ સવાલ કર્યો હતો. અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ જવાબ આપ્યો કે કોઈ વાંધો નથી. ખૂદ હુઝૂરે અકૃદસ ﷺ એ હજ્જ અદા કરતા પહેલાં ઉમરો કર્યો. કારણ એ છે કે ક્યારેક અમુક અવરોધોના કારણે હજ્જના દિવસોમાં સફર નથી થઈ શકતી અને બીજા દિવસોમાં થઈ જાય છે એટલા માટે એમાં કોઈ વાંધો નથી કે જેને તૌફીકૃ થાય તે હજ્જ પહેલાં ઉમરો કરી લે.

**સમજૂતી : ૧૦૪૩** આ હદીષોથી તથા હદીષ તેમજ સિયરની અન્ય કિતાબો પર નજર કરતાં એ જ

رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہَا وَاِذَا اُنَاسٌ یُّصَلُّوْنَ فِی الْمَسْجِدِ صَلٰوۃَ الضُّحٰی

કેટલાક લોકો મસ્જિદમાં ચાશતની નમાઝ પઢી રહ્યા હતા. ઈમામ મુજાહિદે કહ્યું,

قَالَ فَسَأَلْنَاہُ عَنْ صَلَاتِہِمْ فَقَالَ بِدْعَۃٌ ثُمَّ قَالَ لَہٗ کَمِ اعْتَمَرَ

અમે અબદુલ્લાહ ઈબ્ને ઉમરથી એ લોકોની નમાઝના વિશે પૂછયું તો ફર્માવ્યું, બિદઅત છે.

النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ اَرْبَعٌ اِحْدٰہُنَّ فِیْ رَجَبٍ

પછી તેમને પૂછયું, નબી ﷺએ કેટલા ઉમરા કર્યા છે ? તો ફર્માવ્યું, ચાર. એમાંથી એક રજબમાં.

فَکَرِہْنَا اَنْ نَّرُدَّ عَلَیْہِ قَالَ وَسَمِعْنَا اسْتِنَانَ عَائِشَۃَ اُمِّ الْمُؤْمِنِیْنَ

અમે એ પસંદ ન કર્યું કે તેમની વાત રદ કરીએ. અને અમે હુજરામાં હઝરત આઈશાના મિસ્વાક કરવાને

فِی الْحُجْرَۃِ فَقَالَ عُرْوَۃُ یَا اُمَّاہُ یَا اُمَّ الْمُؤْمِنِیْنَ اَلَا تَسْمَعِیْنَ مَا یَقُوْلُ

સાંભળ્યું તો ઉરવાએ અર્ઝ કરી, હે માં ! હે ઉમ્મુલ મો'મિનન ! આપ સાંભળતાં નથી

اَبُوْ عَبْدِ الرَّحْمٰنِ قَالَتْ مَا یَقُوْلُ قَالَ یَقُوْلُ اِنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ

અબૂ અબ્દુર્રહમાન શું કહે છે ? પૂછયું, શું કહે છે ? અર્ઝ કરી, કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اعْتَمَرَ اَرْبَعَ عُمُرَاتٍ اِحْدٰہُنَّ فِیْ رَجَبٍ قَالَتْ

ચાર ઉમરા કર્યા છે, એમાંથી એક રજબમાં કર્યો છે. ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું,

یَرْحَمُ اللّٰہُ اَبَا عَبْدِ الرَّحْمٰنِ مَا اعْتَمَرَ عُمْرَۃً اِلَّا وَہُوَ شَاہِدُہٗ

અબૂ અબ્દુર્રહમાન પર અલ્લાહ રહમ કરે ! હુઝૂરે જે પણ ઉમરા કર્યા એમાં તે હાજર હતા

وَمَا اعْتَمَرَ فِیْ رَجَبٍ قَطُّ ع ہ

અને હુઝૂરે રજબમાં કોઈ ઉમરો નથી કર્યો."

(અગાઉ જેમ, ૨/૬૧૦ મગાઝી, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ, મોઅત્તા ઈમામ માલિક–હજ્જ, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૧૧૫)

સાબિત છે કે હુઝૂરે અક઼દસ ﷺએ ચાર ઉમરા કર્યા. એક હુદૈબિયાના વર્ષે, બીજા વર્ષે ઉમરતુલ ક઼ઝા, ત્રીજો હુનૈનનો માલે ગનીમત વહેંચતી વખતે જિઈર્રાનાથી, ચોથો હજ્જની સાથે, અને એક હજ્જ કર્યો. સહીહ એ છે કે હજ્જના પહેલાંવાળા ત્રણેવ ઉમરા ઝી ક઼અદામાં કર્યા છે. રજબ તથા શવ્વાલમાં કોઈ ઉમરો નથી કર્યો. રજબમાં ઉમરા કરવાનું કથન હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી મરવી છે પણ એ તેમની યાદદાશતની ભૂલ છે. મુસ્લિમ (૧/૪૦૯ અલ્હજ્જ)માં છે કે જ્યારે હઝરત ઉમ્મુલ મો'મિનીને ઈબ્ને ઉમરની રદ કરી આપી તો તે ચૂપ રહી ગયા અને ન હા કહ્યું, ન ના. એ જ રીતે જેણે શવ્વાલનો ક઼ૌલ કર્યો છે તેને પણ શંકા થઈ ગઈ.

حديث ١٠٤٤ عَنْ عُرْوَةَ بْنِ الزُّبَيْرِ قَالَ سَأَلْتُ عَائِشَةَ قَالَتْ مَا اعْتَمَرَ

**[હદીષ : ૧૦૪૪]** "ઉરવા બિન ઝુબૈરે કહ્યું, મેં ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ને

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِيْ رَجَبٍ

પૂછયું તો ફર્માવ્યું, નબી ﷺએ રજબમાં ઉમરો નથી કર્યો."

حديث ١٠٤٥ عَنْ قَتَادَةَ سَأَلْتُ أَنَسًا كَمِ اعْتَمَرَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى

**[હદીષ : ૧૦૪૫]** "ક઼તાદાથી મરવી છે કે મેં હઝરત અનસ رضی اللہ عنہ ને પૂછયું કે નબી ﷺએ

عَلَيْهِ وَسَلَّمَ قَالَ أَرْبَعًا عُمْرَةُ الْحُدَيْبِيَّةِ فِيْ ذِي الْقَعْدَةِ حَيْثُ

કેટલા ઉમરા કર્યા ? તો ફર્માવ્યું, ચાર. એક ઉમરતુલ હુદૈબિયા, જે ઝી ક઼અદામાં જ્યારે મુશ્રિકોએ રોક્યા

صَدَّهُ الْمُشْرِكُوْنَ وَعُمْرَةٌ فِي الْعَامِ الْمُقْبِلِ فِيْ ذِي الْقَعْدَةِ حَيْثُ

હતા. અને એક ઉમરા આવતા સાલે ઝી ક઼અદામાં જ્યારે મુશ્રિકોથી સુલહ થઈ હતી

જિઈર્રાનાનો ઉમરો ઝી ક઼અદામાં કર્યો હતો એને જ અમુક હઝરાતે શવ્વાલમાં કર્યો કહી દીધું. હુદૈબિયાના મોક઼ા પર જો કે ઉમરો ન કરી શક્યા હતા, હુદૈબિયાથી જ પરત આવી ગયા હતા પણ ઉમરાની નિય્યતથી નીકળ્યા હતા એટલા માટે એને પણ એક ગણી લીધો.

**બિદઅત** : લોકો મસ્જિદમાં સામૂહિક રીતે ચાશત પઢી રહ્યા હતા. આ રીતે ચાશતની નમાઝ પઢવાને તેમણે બિદઅત કહ્યું, નહીં તો વર્ણન થઈ ચૂક્યું કે નમાઝે ચાશત ફતહે મક્કાના પ્રસંગે ખૂદ હુઝૂરે અક઼દસ ﷺએ પઢી તથા સહાબાને પઢવાનો હુકમ પણ આપ્યો.

**وهو شاهده** : એટલે હુઝૂરે અક઼દસ ﷺએ જ્યારે પણ ઉમરો કર્યો ઈબ્ને ઉમર તે વખતે હુઝૂરે અક઼દસ ﷺની સાથે હતા. પછી તે કઈ રીતે કહી રહ્યા છે કે રજબમાં ઉમરો કર્યો.

**حيث صالحهم** : એટલે કે સુલહે હુદૈબિયાના આવતા વર્ષે ઉમરો કર્યો. એ મતલબ નથી કે એ વખતે સુલહ કરી હતી.

**اربعا** : મગ઼ાઝીમાં આ અધિક છે : સિવાય તે ઉમરાના જે હજજની સાથે સાથે કર્યો હતો. તમામે તમામ ઝીક઼અદામાં કર્યા. આખરમાં આ પ્રમાણે છે : અને એક પોતાના હજજની સાથે.

**مرتين** : હઝરત બરાએ જે કહ્યું કે "બે ઉમરા કર્યા" એનાથી ક્યાં તો હુદૈબિયાવાળો ઉમરતુલ ક઼ઝા મુરાદ છે, એટલા માટે કે જિઈર્રાનાવાળો રાતમાં ચૂપકીદીથી કર્યો હતો જેનો ઈલ્મ સૌને ન હતો. અથવા એ કે તેમની મુરાદ ઉમરતુલ ક઼ઝા અને જિઈર્રાનાવાળો છે. એટલા માટે કે હુદૈબિયાવાળા વર્ષે ઉમરો કરવા નથી પામ્યા. હુદૈબિયાથી જ કુર્બાની કરીને એહરામ ખોલીને ચાલ્યા આવ્યા હતા અને ઝીલ હજજવાળો ઉમરો હજજની સાથે હતો એટલા માટે એને અલગ ન ગણ્યો. હઝરત બરાઅ્ની મુરાદ એ છે કે કેવળ બે જ ઉમરા કર્યા.

## હદીષ : ૧૦૪૪-૧૦૪૫-૧૦૪૬-૧૦૪૭ની સમજૂતી

બાબે હજ્જુન્નિસાઅ્માં છે કે એ ખાતૂન ઉમ્મે સનાન હતાં. અને છેવટમાં થોડાક વધારા સાથે આ પ્રમાણે છે :

صَالَحَهُمْ وَعُمْرَةَ الْجِعِرَّانَةِ إِذْ قَسَمَ غَنِيمَةَ أُرَاهُ حُنَيْنٍ قُلْتُ كَمْ

અને જિઈર્રાનાનો ઉમરો જ્યારે હુનૈનનો માલે ગનીમત વહેંચ્યો. મેં કહ્યું,

حَجَّ قَالَ وَاحِدَةً ع٥

અને હજ્જ કેટલા કર્યા ? ફર્માવ્યું, એક.''

(બુખારી ૧/૨૩૯ મનાસિક, ૧/૫૯૭ મગાઝી, મુસ્લિમ, તિર્મિઝી–હજ્જ, અબૂ દાઊદ–મનાસિક)

حدیث ۱۰۴۶ عَنْ أَبِي إِسْحٰقَ قَالَ سَأَلْتُ مَسْرُوقًا وَعَطَاءً وَمُجَاهِدًا فَقَالُوا

[હદીષ : ૧૦૪૬] ''અબૂ ઈસ્હાક઼ે કહ્યું મેં મસરૂક઼ તથા અતા તથા મુજાહિદને પૂછયું તો

اِعْتَمَرَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَبْلَ أَنْ يَحُجَّ

એ ત્રણેવે બતાવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ હજ્જ કરતા પહેલાં ઉમરો કર્યો છે તેણે કહ્યું,

قَالَ وَسَمِعْتُ الْبَرَاءَ بْنَ عَازِبٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ يَقُولُ اعْتَمَرَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِي

અને મેં બરાઅ બિન આઝિબ رضی اللہ عنہથી સાંભળ્યું, તે કહેતા હતા કે રસૂલુલ્લાહ ﷺએ

ذِي الْقَعْدَةِ قَبْلَ أَنْ يَحُجَّ مَرَّتَيْنِ

હજ્જથી પહેલાં બે વાર ઝી ક઼અદામાં ઉમરો કર્યો.''

## بَابُ عُمْرَةٍ فِي رَمَضَانَ

## રમઝાનમાં ઉમરા

حدیث ۱۰۴۷ عَنْ عَطَاءٍ سَمِعْتُ ابْنَ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يُخْبِرُنَا

[હદીષ : ૧૦૪૭] ''અતાઅથી મરવી છે કે મેં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہمથી સાંભળ્યું, તે અમને

يَقُولُ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لِامْرَأَةٍ مِّنَ الْأَنْصَارِ

ખબર આપતાં કહી રહ્યા હતા કે નબી ﷺએ અન્સારની એક ખાતૂનને ફર્માવ્યું, ઈબ્ને અબ્બાસે તેમનું નામ

રમઝાનમાં ઉમરા મારી સાથે હજ્જના સમાન છે. સહીહ ઈબ્ને હબ્બાનમાં છે કે હઝરત ઉમ્મે સુલૈમ رضی اللہ عنہاએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અબૂ તલ્હા તથા તેમના પુત્રએ હજ્જ કરી લીધો અને મને છોડી આપી. તો રસૂલલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે ઉમ્મે સુલૈમ ! રમઝાનમાં ઉમરો હજ્જના સમાન છે.

**تعدل حجه** : આ ઈર્શાદ રમઝાનમાં ઉમરા કરવાના આકર્ષણ (પ્રોત્સાહન) માટે છે. જેમ કે સૂરએ ઈખ્લાસના બારામાં ફર્માવ્યું કે તે ત્રીજા ભાગના (૧/૩) કુર્આનના બરાબર છે. અને એ જ જાહેર છે.

سَمَّاهَا ابْنُ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا فَنَسِيْتُ اِسْمَهَا مَا مَنَعَكِ

લીધુ હતું હું ભૂલી ગયો. શું કારણ છે કે તેં અમારી સાથે હજ્જ ન કર્યો. તેમણે અર્ઝ કરી,

اَنْ تَحُجِّيْ مَعَنَا قَالَتْ كَانَ لَنَا نَاضِحٌ فَرَكِبَهُ اَبُوْ فُلَانٍ وَّ ابْنُهُ لِزَوْجِهَا

અમારી પાસે એક પાણી ભરવાવાળુ ઊંટ હતું એના પર અબૂ ફલાં તથા તેનો પુત્ર સવાર થઈને હજ્જના માટે

وَ ابْنِهَا وَتَرَكَ نَاضِحًا نَنْضِحُ عَلَيْهِ قَالَ فَاِذَا كَانَ رَمَضَانُ اِعْتَمِرِيْ فِيْهِ

લઈ ગયા (પોતાના પતિ તથા પોતાના પુત્રના માટે કહ્યું) અને એક પાણી ખેંચતુ ઊંટ છોડી દીધું જેના પર

فَاِنَّ عُمْرَةً فِيْ رَمَضَانَ حَجَّةٌ اَوْ نَحْوًا مِمَّا قَالَ عه

અમે પાણી લાવતાં. આ સાંભળીને ઈર્શાદ ફર્માવ્યો, જ્યારે રમઝાન આવે તો ઉમરો કરી લેજો કે રમઝાનમાં

ઉમરો હજ્જ છે અથવા તેના સમઅર્થી અન્ય કાંઈ શબ્દ કહ્યો." (૧/૨૩૯, ૨૫૦ મનાસિક, મુસ્લિમ, નિસાઈ–હજ્જ, અસ્સૌમ)

حدیث ۱۰۴۸ اَنَّ عَبْدَ الرَّحْمٰنِ بْنَ اَبِيْ بَكْرٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَخْبَرَهُ

"હઝરત અબ્દુર્રહમાન બિન અબૂબક્ર رضی اللہ عنہ એ ખબર આપી **[હદીષ : ૧૦૪૮]**

اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَمَرَهُ اَنْ يُّرْدِفَ عَائِشَةَ وَيُعْمِرَهَا

કે નબી ﷺએ તેમને હુકમ આપ્યો કે પોતાની સાથે સવાર કરે અને

مِنَ التَّنْعِيْمِ عه

તન્ઈમથી ઉમરો કરે." (ઉપર મુજબ, ૧/૪૧૯ જેહાદ, મુસ્લિમ, તિર્મિઝી, નિસાઈ : હજ્જ, ઈબ્ને માજહ–મનાસિક)

**સમજૂતી : ૧૦૪૮**

આ હદીષથી બે વાતો જાણવા મળી, એક એ કે જે મક્કાનો રહેવાસી હોય અથવા મક્કામાં મુકીમ હોય અને ઉમરો કરવા ચાહે તો તેના માટે વાજિબ છે કે હરમની બહાર જઈને એહરામ બાંધે જેથી એક ગણી સફર જોવા મળે. બીજી એ છે કે એના માટે સૌથી યોગ્ય જગા તન્ઈમ છે બલ્કે ઘણા બધા હઝરાતે ફર્માવ્યું કે આ સંજોગોમાં તન્ઈમ સૌથી અફઝલ છે. પરંતું અલ્લામા અયનીએ ફર્માવ્યું કે સૌ હિલ (હરમની હદ બહારની જગા) એક સમાન છે. પ્રથમ તો એ કે કતઈ નથી કે હુઝૂરે અક્દસ ﷺએ તન્ઈમથી ઉમરો કરવાનો હુકમ આપ્યો હતો. કેમ કે હઝરત ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہا થી જ એક રિવાયત એ છે કે રસૂલુલ્લાહ ﷺએ હઝરત અબ્દુર્રહમાનથી એવું ફર્માવ્યું હતું કે પોતાની બહેનને સવાર કરો અને હરમની બહાર લઈ જાવ. ફર્માવે છે કે હુઝૂર ﷺએ ન જિઈર્રાનાનું નામ લીધુ હતું ન તન્ઈમનું, પણ કેમ કે હિલની સૌથી નજીકની જગા તન્ઈમ હતી એટલા માટે મેં તન્ઈમથી એહરામ બાંધ્યો. આ જ અમારી દલીલ છે કે મક્કીના ઉમરાના માટે એહરામની જગા પૂરો હિલ છે. તન્ઈમ અથવા જિઈર્રાનાનું ખાસપણુ નથી, પણ તન્ઈમથી ઉમરો કરવો અફઝલ છે કેમ કે હઝરત ઉમ્મુલ મો'મિનીને અહીંથી ઉમરો કર્યો.

## بَابُ اَجْرِ الْعُمْرَةِ عَلٰی قَدْرِ النَّصَبِ

**તકલીફની માત્રા ઉમરાનો અજર છે**

حدیث ۱۰۴۹ عَنِ الْقَاسِمِ بْنِ مُحَمَّدٍ عَنِ ابْنِ عَوْنٍ عَنْ اِبْرَاهِيْمَ عَنِ

**[હદીષ : ૧૦૪૯]** "ક઼ાસિમ બિન મુહમ્મદ તથા અસ્વદે કહ્યું કે ઉમ્મુલ મો'મિનીન

الْاَسْوَدِ قَالَا قَالَتْ عَائِشَةُ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهَا يَا رَسُوْلَ اللّٰهِ يَصْدُرُ

હઝરત આઈશા رضی اللہ عنہا એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! સર્વ લોકો બે ઈબાદત કરીને જઈ રહ્યા છે અને હું

النَّاسُ بِنُسُكَيْنِ وَ اَصْدُرُ بِنُسُكٍ فَقِيْلَ لَهَا اِنْتَظِرِیْ فَاِذَا طَهُرْتِ

કેવળ એક જ ઈબાદત કરીને પરત થઈશ ! તો તેમને ફર્માવવામાં આવ્યું, ઈંતેઝાર કરો. જ્યારે પાક થઈ જાવ

فَاخْرُجِیْ اِلَی التَّنْعِيْمِ فَاَهِلِّیْ ثُمَّ ائْتِيْنَا بِمَكَانِ كَذَا وَلٰكِنَّهَا عَلٰی قَدْرِ

તો તન્ઈમ જાવ અને ત્યાંથી ઉમરાનો એહરામ બાંધો પછી ફલાણી જગાએ આવજો પરંતુ એના ખર્ચના અને

نَفَقَتِكِ اَوْ نَصَبِكِ ۵ع

તકલીફના બરાબર સવાબની માત્રા છે." (મુસ્લિમ, નિસાઈ–હજ્જ)

**સમજૂતી : ૧૦૪૯**

**فقیل لها** : બીજી રિવાયતોમાં છે : **فقال لها النبی ﷺ انتظری** આ વાક્ય દર્શાવી રહ્યું છે કે હઝરત ઉમ્મુલ મો'મિનીને આ અર્ઝ તહારત (પાકી) પહેલાં કરી હતી. વર્ણન થઈ ચૂક્યું કે તે યૌમે નહરના પાક થઈ ચૂક્યાં હતાં, તો લાઝિમ કે યૌમે નહરથી પહેલાં અથવા યૌમે નહરે જ પાક થતાં પહેલાં અર્ઝ કરી હતી.

**علی قدر** : આ રાવીનો શક નથી બલ્કે ખૂદ હુઝૂર ﷺનો ઈર્શાદ છે અને **نفقتك**ના **تنویع**ના માટે **بسبیل مانعة الخلو** છે. એટલે **ઈબાદતમાં જાઈઝ તરીક઼ાથી જેટલો વધારે ખર્ચ થશે અને જેટલી વધુ તકલીફ પડશે એટલો જ અધિક સવાબ મળશે.** એની દલીલ દારકુત્ની તથા હાકિમની રિવાયત છે કે ફર્માવ્યું, **ان لك من الاجر علی قدر نصبك ونفقتك** "પણ આ ક઼ાયદાએ કુલ્લિયહ નથી, કદી કદી સમય તથા જગાના ખાસપણા હેઠળ કમ ખર્ચ અને કમ મહેનતમાં વધુ સવાબ મળે છે. જેમ કે શબે ક઼દ્રમાં ઈબાદત અને મસ્જિદે હરામ તથા મસ્જિદે નબવીમાં નમાઝ, ક્યારેક ઈબાદતના પ્રકાર પર સવાબ વધુ મળે છે, જેમ કે ફર્ઝ તથા વાજિબની અદાયગીમાં કે તેમાં નફલના કરતાં વધુ સવાબ મળે છે. દા.ત. એક રૂપિયા ઝકાત આપવામાં જે સવાબ મળે છે તે નફલ સદક઼ા કરતાં વધારે છે. હવે ઈર્શાદનો સાર એ નીકળ્યો કે જો કોઈ ઈબાદતમાં સમય, જગા તથા સ્થિતિ (પ્રકાર)નું ખાસપણુ ન હોય તો ખર્ચ તથા મહેનતની અધિક્તા મુજબ સવાબની અધિક્તા થશે.

## بَابُ مَتىٰ يَحِلُّ الْمُعْتَمِرُ

### ઉમરો કરનાર ક્યારે એહરામથી બહાર થશે

**પ્રકરણનો ખુલાસો** : પૂર્વજ બુઝુર્ગોમાં મતભેદ હતો કે મોઅ્તમિર (ઉમરો કરનાર) ક્યારે એહરામથી ફારિગ થશે ? હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો મઝહબ એ હતો કે તવાફ પછી એહરામથી બહાર થઈ જાય છે. અમુક લોકોનો મઝહબ એ હતો કે હરમમાં દાખલ થતાં જ એહરામથી બહાર થઈ જાય છે અને હવે એના પર ઈજમાઅ છે કે જ્યાં સુધી સઈ ન કરી લે એહરામથી બહાર થશે નહીં. એટલા માટે ઈમામ બુખારીએ જરૂરત મેહસૂસ કરી કે પ્રકરણનું હેડિંગ રચે. આદત પ્રમાણે કોઈ ફેંસલો ન લખ્યો બલ્કે જે હદીષો લાવ્યા છે એમાંથી અમુકથી એવું જાહેર થાય છે કે તવાફ તથા સઈના વિના એહરામથી બહાર ન થશે અને કેટલીકથી એ કે કેવળ તવાફ કરવાથી એહરામથી બહાર થઈ જાય છે. આ પ્રકરણ હેઠળ ચાર હદીષો લાવ્યા છે અને એક તઅલીક઼ જે હઝરત જાબિર رضی اللہ عنہ ની હદીષે તવીલનો ટુકડો છે. તે ફર્માવે છે કે હુઝૂરે અક઼દસ ﷺ એ પોતાના સહાબાને હુકમ આપ્યો કે એને (હજ્જને) ઉમરો કરી આપે અને તવાફ કરે પછી માથુ કતરાવી લે અને એહરામ ખોલી નાખે. આ તઅલીક઼ જાહેરી રીતે એના પર દલીલ કરે છે કે કેવળ તવાફ કરી લીધા પછી એહરામ ખોલી આપે, પણ હદીષોમાં બકષરત (પુષ્કળ) તવાફથી મુરાદ બયતુલ્લાહના તવાફની સાથે સફા તથા મરવાની સઈ પણ છે, અને એ જ અર્થ નહીં નિશ્ચિત છે જેથી હદીષોમાં વર્ગીકરણ થઈ જાય. બલ્કે ખૂદ હઝરત જાબિરનો ફત્વો છે કે તે સ્ત્રીની નજીક ન જાય જ્યાં સુધી સફા તથા મરવાની સઈ ન કરી લે, જે આ પ્રકરણમાં પણ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની હદીષ પછી વર્ણન થયેલ છે. પછી હઝરત અબ્દુલ્લાહ બિન અબૂ ઔફા رضی اللہ عنہ ની તે હદીષ લાવ્યા છે જેમાં ઉમરતુલ ક઼ઝાનું વર્ણન છે. જે પહેલાં વર્ણન થઈ ચૂકી છે, એમાં એ છે કે અમે તથા હુઝૂરે બયતુલ્લાહનો તવાફ અને સફા તથા મરવા દરમ્યાન સઈ કરી.

પછી હઝરત ઈબ્ને ઉમરની તે હદીષ લાવ્યા છે જે કિતાબુસ્સલાત (નુઝહતુલ ક઼ારી, ૨/૩૮૫)માં વર્ણન થઈ ચૂકી છે. અમે ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી પૂછયું કે જેણે બયતુલ્લાહનો તવાફ કરી લીધો છે પરંતુ સફા મરવાની સઈ નથી કરી, શું એ પોતાની સ્ત્રીથી કુર્બત (મેળાપ) કરી શકે છે કે પોતાની સ્ત્રીથી નજીક થઈ શકે છે. તો તેમણે ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ મક્કા આવ્યા તો બયતુલ્લાહનો તવાફ કર્યો અને મક઼ામે ઈબ્રાહીમની પાછળ બે રકાત નમાઝ પઢી પછી સફા મરવાની સઈ કરી. અને તમારા માટે રસૂલુલ્લાહ ﷺ ની જાત અમલનો નમૂનો છે.

પછી હઝરત અબૂ મુસા رضی اللہ عنہ ની તે હદીષ લાવ્યા જેમાં એ છે કે હુઝૂરે અક઼દસ ﷺ એ તેમને ફર્માવ્યું કે બયતુલ્લાહ અને સફા મરવાનો તવાફ કર પછી એહરામ ખોલ. પછી અસ્મા બિન્તે સિદીક઼ رضی اللہ عنہا ની હદીષ લાવ્યા. હઝરત અબ્દુલ્લાહ બિન ઔફા رضی اللہ عنہ ની હદીષના આખરમાં છે.

حدیث ١٠٥٠ قَالَ فَحَدِّثْنَا مَا قَالَ لِخَدِيجَةَ قَالَ بَشِّرُوا خَدِيجَةَ بِبَيْتٍ فِي الْجَنَّةِ

*"ઈસ્માઈલે હઝરત અબ્દુલ્લાહ બિન ઔફાથી અર્ઝ કરી, હઝરત ખદીજાના બારામાં* **[હદીષ : ૧૦૫૦]**

### સમજૂતી : ૧૦૫૦

**قال** આ કહેનાર આ હદીષના રાવી ઈસ્માઈલ છે. જેવું કે મનાકિ઼બની રિવાયતમાં છે કે ઈસ્માઈલે કહ્યું. **قلت لعبدالله بن ابی اوفی**. **قصب** જોફદાર (જેના પર મોઢા જેવો આકાર હોય તે) મોતીને કહે છે.

مِنْ قَصَبٍ لَّا صَخَبَ فِيْهِ وَلَا نَصَبَ ع ه

શું ફર્માવ્યું છે વર્ણ કરો. તો કહ્યું, હુઝૂરે હઝરત ખદીજાના બારામાં ફર્માવ્યું, ખદીજાને જન્નતમાં મોતીના

એવા મહેલની બશારત આપો જેમાં ન શોરોગુલ હશે ન કોઈ તકલીફ."

(બુખારી ૧/૫૩૯ મનાક઼િબ, મુસ્લિમ–ફઝાઈલે સહાબા, મુસ્નદે ઈમામ અહમદ, ૪/૩૫૫)

حديث ١٠٥١ أَنَّ عَبْدَ اللهِ مَوْلَى أَسْمَاءَ بِنْتِ أَبِي بَكْرٍ حَدَّثَهُ أَنَّهُ كَانَ يَسْمَعُ

"હઝરત અસ્મા બિન્તે અબૂબક્ર رضی اللہ عنہا ના ગુલામ અબ્દુલ્લાહે આ હદીષ વર્ણવી છે **[હદીષ : ૧૦૫૧]**

أَسْمَاءَ تَقُوْلُ كُلَّمَا مَرَرْتُ بِالْحَجُوْنِ صَلَّى اللهُ عَلَى رَسُوْلِهٖ

કે તેમણે હઝરત અસ્માને એવું ફર્માવતાં સાંભળ્યા કે જ્યારે હું કદી હજૂનથી પસાર થતી તો અલ્લાહના રસૂલ

لَقَدْ نَزَلْنَا مَعَهُ هٰهُنَا وَنَحْنُ يَوْمَئِذٍ خِفَافٌ قَلِيْلٌ ظَهْرُنَا

પર દુરૂદ મોકલતી. અમે અહીં હુઝૂરની સાથે ઉતર્યા હતાં અને અમે તે દિવસે હલકાં ફુલકાં હતાં. અમારી

قَلِيْلَةٌ أَزْوَادُنَا فَاعْتَمَرْتُ أَنَا وَأُخْتِيْ عَائِشَةُ وَالزُّبَيْرُ

સવારી ઓછી હતી, અમારી સફરનો સામાન (ભાથુ) થોડુ હતું. મેં તથા મારી બહેન આઈશા તથા ઝુબૈર

وَفُلَانٌ وَّفُلَانٌ فَلَمَّا مَسَحْنَا الْبَيْتَ أَحْلَلْنَا ثُمَّ أَهْلَلْنَا

અને ફલાણા ફલાણાએ ઉમરો કર્યો. જ્યારે અમે બયતુલ્લાહને સ્પર્શી લીધું તો એહરામથી બહાર થઈ

مِنَ الْعَشِيِّ بِالْحَجِّ ع ه

ગયા. ત્યારબાદ સાંજે હજજનો એહરામ બાંધ્યો." (મુસ્લિમ–હજ્જ)

**સમજૂતી : ૧૦૫૧**

**حجون** : પ્રથમ **حاء خطی** હાએ હત્તી પછી જીમ, આ મક્કા મોઅઝ્ઝમાથી પૂર્વમાં દોઢ માઈલના અંતરે છે. એ મક્કા મોઅઝ્ઝમાનું ક઼બ્રસ્તાન છે. ઈમામ વાક઼ેદીએ રિવાયત કરી છે કે કુસૈય બિન કિલાબ જ્યારે મૃત્યુ પામ્યા તો તેમને અહીં દફન કરવામાં આવ્યા. ત્યારબાદથી મક્કાવાસીઓ પોતાનાં મુડદાં અહીં દફન કરતા. હજૂન અસલમાં એ હિસ્સાનું નામ છે જેમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہ નું મઝારે પાક છે. (ઉમ્દતુલ ક઼ારી, ૧૦/૧૩૧) એ મક્કા મોઅઝ્ઝમા જતાં જન્નતુલ મોઅલ્લાની સાથે આવેલ છે. એ મુહસ્સબની સાથે પૂર્વ બાજુ છે. બંનેવ કેમ કે નજીક નજીક છે એટલા માટે અસ્માએ ફર્માવ્યું, અમે રસૂલુલ્લાહ ﷺ ની સાથે અહીં ઉતર્યા હતાં.

**فاعتمرت انا** : એના પર બે શંકાઓ છે : એક એ કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ હજજથી

## بَابُ مَا يَقُولُ إِذَا رَجَعَ مِنَ الْحَجِّ أَوِ الْعُمْرَةِ أَوِ الْغَزْوِ

**જ્યારે હજ્જ કે ઉમરા કે ગઝવાથી પરત થાય તો શું પઢે ? *(પેજ : ૨૪૨)***

حدیث ۱۰۵۲ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا اَنَّ رَسُوْلَ اللّٰهِ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ* **[હદીષ : ૧૦૫૨]**

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ کَانَ اِذَا قَفَلَ مِنْ غَزْوٍ اَوْ حَجٍّ اَوْ عُمْرَةٍ

*જ્યારે કોઈ ગઝવાથી કે હજ્જથી કે ઉમરાથી પરત થતા તો દરેક ટેકરી પર ત્રણ તકબીરો પઢતા, પછી કહેતા*

یُکَبِّرُ عَلٰی کُلِّ شَرَفٍ مِّنَ الْاَرْضِ ثَلٰثَ تَکْبِیْرَاتٍ ثُمَّ یَقُوْلُ لَا اِلٰهَ

*એક અલ્લાહના સિવાય મઅબૂદ (ઈબાદતને પાત્ર, પૂજ્ય, પૂજનીય) નથી, એનો કોઈ શરીક નથી, તેનો જ*

اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِیْكَ لَهٗ لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ وَهُوَ عَلٰی کُلِّ

*મુલ્ક છે અને તેના માટે જ હમ્દ છે. અને તે દરેક ચીજ પર કાદિર છે, અમે પલ્ટી રહ્યા છીએ, તૌબ કરી રહ્યા*

પરવાર્યા પછી ઉમરો કર્યો હતો. બીજુ એ કે હઝરત ઝુબૈર પોતાની સાથે કુર્બાનીનું જાનવર લાવ્યા. ઉમરો કરીને તેમણે એહરામ ખોલ્યો ન હતો.

એનો હલ એ છે કે હઝરત ઉમ્મુલ મો'મિનીન મુહસ્સબથી જ ઉમરો કરવા ગયાં હતાં, ભલે બાદમાં. હઝરત અસ્મા એવું ક્યાં ફર્માવી રહ્યાં છે કે અમે સાથે સાથે ઉમરો કર્યો હતો ?! બીજી શંકાનો જવાબ એ છે કે ક્યારેક અકષરના કિરદારને જમાના (બહુવચન)ના સેગા (સૂચક) સાથે તાબીર કરી દેવામાં આવે છે, ભલે અમુક એમાં સંપૂર્ણપણે શરીક ન હોય. એના પ્રમાણે હઝરત અસ્માએ ફર્માવ્યું કે તવાફ પછી અમે એહરામ ખોલી નાખ્યો.

**مسحنا البيت** : એનાથી મુરાદ બયતુલ્લાહનો તવાફ છે. તવાફનો આરંભ હજરે અસ્વદના ઈસ્તેલામથી થાય છે એટલા માટે તવાફને "મસહ"થી તાબીર કર્યો. આ તાબીર અલ કુલ્લિ બિઈસ્મિલજુઝના કબીલથી છે. [કુલ આખાને એક ભાગ (જુઝ)નું નામ આપવું. જેમ કે તવાફને "મસહ કહેવું] જે લોકો કહે છે કે મોઅ્તમર (ઉમરો કરનાર) બયતુલ્લાહનો તવાફ કરતાં જ એહરામ ખોલી દે તેમની દલીલ આ હદીષ છે કે હઝરત અસ્માએ ફર્માવ્યું, અમે બયતુલ્લાહનો તવાફ કર્યો અને એહરામ ખોલી આપ્યો. પણ હુઝૂરે અક્દસ ﷺનો સ્પષ્ટ ઈર્શાદ તથા અમલ મૌજૂદ છે કે ઉમરામાં સફા મરવાની સઈ પછી એહરામ ખોલવો જોઈએ, તો એના મુકાબલામાં હઝરત અસ્માનો અમલ કદી પણ અગ્રતા પામી શકે નહીં.

તદ્ ઉપરાંત જ્યારે એક વાત સૌને માલૂમ હોય છે તો વર્ણન કરનાર એમાં ટૂંકાણ કરી દે છે. દા.ત. કોઈ એવું કહે કે ઝયદે ઝિના કર્યો અને સંગસાર કરવામાં આવ્યો. જ્યારે કે સંગસાર કરવા માટે ઝાનીનુ પરણિત હોવું શર્ત છે. અને આ સર્વ ઈલ્મવાળાને ખબર છે. એટલા માટે એને છોડી દેવામાં આવ્યું. એ જ પ્રમાણે કેમ કે સૌને ખબર હતી કે ઉમરામાં સફા મરવાની સઈથી પહેલાં એહરામ ખોલવો જાઈઝ નથી, એટલા માટે તેને ટૂંકાણમાં રજૂ કરતાં છોડી આપ્યું. હવે **مسحنا البيت فرغنا عن العمرة**થી કિનાયા થયું.

**સમજૂતી : ૧૦૫૨** આ હદીષ એની અસ્લ (દલીલ) છે કે મુસલમાન આલિમો તથા હાજીઓના સ્વાગત કે વિદાયગીરી વખતે જે નારએ તકબીર પઢે છે તે મુસ્તહન (સારુ કામ) છે અને નારએ રિસાલતની અસ્લ

شَيْءٍ قَدِيْرٌ آئِبُوْنَ تَائِبُوْنَ عَابِدُوْنَ سَاجِدُوْنَ لِرَبِّنَا

છીએ, સજદા કરી રહ્યા છીએ અને અમારા પરવરદિગારની હમ્દ કરી રહ્યા છીએ.

حَامِدُوْنَ صَدَقَ اللّٰهُ وَعْدَهٗ وَنَصَرَ عَبْدَهٗ وَهَزَمَ الْاَحْزَابَ

અલ્લાહે પોતાનો વાયદો સાચો કરી બતાવ્યો અને પોતાના બંદાની મદદ કરી અને એકલા એણે સર્વ

وَحْدَهٗ ع‍ه

ટોળીઓને હાર આપી.'' *(ઉપર મુજબ, ૨/૯૪૪ અદઅવાત, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ–જેહાદ, નિસાઈ–સિયર)*

મુસ્લિમની હદીષે હિજરત છે. એમાં છે :–

**فصعد الرجال والنساء فوق البيوت وتفرق الغلمان والخدم فى الطرق ينادون يا محمد يا رسول الله يا محمد يا رسول الله (ﷺ)**

''પુરૂષો તથા સ્ત્રીઓ મકાનોની છત પર ચઢી ગયાં, બાળકો તથા ખાદિમો રસ્તામાં ફેલાઈ ગયા, એવુ પુકારતા હતા : યા મુહમ્મદ યા રસૂલલ્લાહ ! યા મુહમ્મદ યા રસૂલલ્લાહ !'' (પેજ : ૪૧૯)

## ★ આપ ﷺને યા મુહમ્મદ કહીને પોકારવું ★

**નામે નામીની (યા મુહમ્મદ !) સાથે પોકારવું :** જે રીતે માબાપ, ઉસ્તાદને નામ લઈને પોકારવું બેઅદબી છે એ જ પ્રમાણે હુઝૂરે અક્દસ ﷺને પણ નામ લઈને પોકારવું બેઅદબી હોવાના કારણે મના છે. પોકારવું છે તો ખિતાબો તથા અલ્કાબોની સાથે પુકારે. દા.ત. યા રસૂલલ્લાહ ! યા નબીયલ્લાહ ! વગેરે. એ રીતે ન પુકારે કે યા (હે) મુહમ્મદ ! યા અહમદ ! ઈર્શાદ છે : **يٰاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَجْعَلُوْا دُعَاءَ الرَّسُوْلِ بَيْنَكُمْ كَدُعَاءِ بَعْضِكُمْ بَعْضًا** ''હે ઈમાનવાળાઓ ! રસૂલને એવી રીતે ન પુકારો જેમ કે તમારામાંથી અમુક અમુકને પોકારે છે.'' *(સૂરએ નૂર, આયત : ૨૩)*

જલાલૈનમાં એની તફસીર આ પ્રમાણે છે : **بان تقولوا يا محمد قولوا يا نبى الله يا رسول الله** ''યા મુહમ્મદ ન કહો, બલ્કે યા નબીયલ્લાહ, યા રસૂલલ્લાહ કહો.''

એટલે કે નામ લઈને ન પુકારો, એવા શબ્દો વડે પુકારો જે શાનની મહાનતા પર દલીલ હોય. એના હેઠળ સાવીમાં છે :–

**واستفيد من الاية انه لا يجوز نداء النبى بغير ما يفيد التعظيم لا فى حياته ولا بعد وفاته فبهذا يعلم ان من استخف بجنابه ﷺ فهو كافر ملعون فى الدنيا والاخرة**

''આ આયતથી એ ફાયદો થયો કે નબી ﷺને હમેશાં એવા શબ્દોની સાથે પોકારવામાં આવે જે તા'ઝીમ માટે દલીલ પૂરી પાડતા હોય. એવા શબ્દોથી પણ પોકારવું જાઈઝ નથી જેમાં તા'ઝીમ ન હોય. જાહેરી હયાતમાં પણ અને વિસાલ બાદ પણ. આ પરથી જાણવા મળ્યું કે જે હુઝૂરે અક્દસ ﷺની શાનને હલકી જાહેર કરે તે કાફિર છે. દુનિયા તથા આખેરતમાં મલઊન (લા'નત પામેલા) છે.''

પણ હિજરત આ આયતના નુઝૂલથી ઘણા પહેલાં થઈ છે, તે વખતે મનાઈ ન હતી અને ન થોડા દિવસો પહેલાં ઈમાન લાવનારા સહાબાએ કિરામ આ આ આદતથી વાકેફ હતા.

## بَابُ اِسْتِقْبَالِ الْحَاجِّ الْقَادِمِيْنَ وَالثَّلٰثَةِ عَلَى الدَّابَّةِ

**આવનારા હાજીઓનું સ્વાગત કરવું અને ત્રણને જાનવર પર સવાર કરવું** –(પેજ : ૨૪૨)

حدیث ۱۰۵۳ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ لَمَّا قَدِمَ النَّبِيُّ صَلَّى اللّٰهُ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, નબી ﷺ જ્યારે મક્કા તશરીફ **[હદીષ : ૧૦૫૩]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَكَّةَ اِسْتَقْبَلَهُ اُغَيْلِمَةُ بَنِيْ عَبْدِ

લાવ્યા તો બની અબ્દુલ મુત્તલિબનાં બાળકોએ હુઝૂરનું સ્વાગત કર્યું. હુઝૂરે એકને પોતાની આગળ અને

الْمُطَّلِبِ فَحَمَلَ وَاحِدًا بَيْنَ يَدَيْهِ وَآخَرَ خَلْفَهُ عه

બીજાને પોતાની પાછળ બેસાડી લીધો." (ઉપર મુજબ, ૨/૮૯૨, લિબાસ, નિસાઈ–હજ્જ)

**સમજૂતી : ૧૦૫૩**

**حاجّ** : જો કે એક વચન છે પણ અર્થના હિસાબે બહુવચનના અર્થમાં છે. એટલા માટે એની શિફત અલ્કાદિમીન લાવવું દુરુસ્ત છે. જેમ કે કુર્આન મજીદમાં છે : **سٰمِرًا تهجرون** (સૂરએ મુઅ્મિનૂન, આયત : ૬૭) આ આયતમાં **سٰمِرًا** શબ્દ એક વચન છે પણ અર્થના રીતે બહુવચન છે એટલા માટે જમાની ઝમીર લાવ્યા છે. "હાજ"નું બહુવચન "હુજ્જાજ" તથા "હવાજ" આવે છે કહે છે, રિજાલુન હજ્જાજ, નિસાઉન હવાજ.

**اغيلمه** જોહરીએ કહ્યું, **غلام**،**غلمة**ના બહુવચનની તસ્ગીર છે. દાઊદીએ કહ્યું, આ અલિફ ફતહ (ઝબર)ની સાથે ગુલામનું બહુવચન છે. એ બાળકોમાં ફઝ્લ બિન અબ્બાસ અને કુષમ બિન અબ્બાસ પણ હતા, એમાંથી એકને હુઝૂરે અકદસ ﷺએ આગળ અને એકને પાછળ બેસાડી લીધા. (૮૮૨)

**પ્રકરણની સ્પષ્ટતા** : ઈમામ બુખારીએ **القادمين** કહીને એ ફાયદો કરવા ચાહ્યું છે કે હાજી હજ્જના માટે મક્કા મોઅઝ્ઝમા જાય તો મક્કાવાસીઓ પણ સ્વાગત કરી શકે છે. અને ઘરે પરત આવે તો વતનવાસીઓ પણ સ્વાગત કરી શકે છે. જો કે હદીષ કેવળ પ્રથમ હિસ્સા માટે સ્પષ્ટ દલીલ કરે છે પણ એનાથી બીજા ભાગનો પણ ફાયદો (સાબિત) થાય છે. જાનવરને તેની શક્તિથી વધુ બોજ નાખવો મના છે. ઊંટ પર બે માણસો તો નિયમાનુસાર બેસે જ છે, ત્રણનું બેસવું જાહેરી રીતે જાનવરની શક્તિથી વિશેષ છે. ઈમામ બુખારીએ ફાયદો આપ્યો કે જાનવર તેની શક્તિ ધરાવતું હોય કે ત્રણ માણસોનો બોજ સહન કરી શકે તો કાંઈ વાંધો નથી, અને જો કમજોર હોય તો મના છે.

## بَابُ الدُّخُولِ بِالْعَشِيِّ

**બપોર પછી ઘરે આવવું** –*(પેજ : ૨૪૨)*

**حدیث ۱۰۵۴** عَنْ اَنَسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ کَانَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی

*''હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી ﷺ સફરથી પરત થવામાં રાત્રે પોતાના* **[હદીષ : ૧૦૫૪]**

عَلَیْہِ وَسَلَّمَ لَا یَطْرُقُ اَھْلَہٗ لَیْلًا کَانَ لَا یَدْخُلُ اِلَّا غُدْوَۃً اَوْعَشِیَّۃً

ઘરવાળાંઓ પાસે ન આવતા, જ્યારે પણ આવતા તો સવારે કે સાંજે આવતા.'' *(મુસ્લિમ–જેહાદ, નિસાઈ–ઈશ્રતુન્નિસાઅ)*

## بَابُ لَا یَطْرُقُ اَھْلَہٗ اِذَا بَلَغَ الْمَدِیْنَۃَ

**જ્યારે મદીના પહોંચો રાતે તમારા ઘરવાળામાં ન જાવ** –*(પેજ : ૨૪૨)*

**حدیث ۱۰۵۵** عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰہِ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا قَالَ نَھَی النَّبِیُّ

*''હઝરત જાબિર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી ﷺ એ પોતાના ઘરવાળાં પાસે રાતમાં* **[હદીષ : ૧૦૫૫]**

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اَنْ یَّطْرُقَ اَھْلَہٗ لَیْلًا عہ

*આવવાથી મના ફર્માવ્યું.'' (ઉપર મુજબ, ૨/૭૮૮ અન્નિકાહ, મુસ્લિમ–જેહાદ, નિસાઈ–ઈશરતુન્નિસાઅ)*

**સમજૂતી : હદીષ : ૧૦૫૪–૧૦૫૫**

કિતાબુન્નિકાહમાં આ હદીષ આ પ્રમાણે છે કે ફર્માવ્યું, જ્યારે તમે લાંબી મુદ્દત સુધી ગાયબ રહો તો તમારાં ઘરવાળામાં રાત્રે ન આવો. મુસ્લિમ (૨/૧૪૪, અમારત)માં આ હદીષના અમુક તરીક઼ામાં આ પણ છે : لِئَلَّا یُخَوِّنھم او یطلب عشراتھم ''એ નિય્યતથી રાતમાં ન આવો કે તેમની ખયાનત પકડો અને તેમની ભૂલો પર માહિતગાર થાવ.'' પણ મુસ્લિમમાં છે કે હઝરત સુફયાને ફર્માવ્યું, હું નથી જાણતો કે یتخونھم તથા یلتمس عشراتھم હદીષ છે. અથવા કોઈ રાવીનો વધારો છે. એ કારણે ઈમામ બુખારીએ હદીષોમાં એનો ઉલ્લેખ ન કર્યો. અલ્બત્ત પ્રકરણના ટાઈટલમાં વધારો કરી આપ્યો.

કિતાબુન્નિકાહમાં જ બીજી હદીષમાં જે હઝરત જાબિરથી જ મરવી છે તે આ પ્રમાણે છે : لکی غتشط الشعثة و تستحد المغیبه ''જેથી વિખેરાયેલા વાળવાળી કાંસકી કરી લે અને અસ્તરાનો ઉપયોગ કરી લે.'' પ્રથમ હદીષમાં સવારે કે સાંજે આવવાનો હુકમ છે અને બીજીમાં રાતમાં આવવાથી મનાઈ છે. એ સૌનો સાર એ છે કે ખબર કર્યા વિના અચાનક ઘરે ન આવી જાય, એટલીવાર પહેલાં ખબર કરે કે સ્ત્રી નહાય ધોઈને સાફ સુથરી થઈ જાય.

## بَابُ مَنْ اَسْرَعَ نَاقَتَهٗ اِذَا بَلَغَ الْمَدِيْنَةَ

**જે પોતાની સવારી તેજ કરી આપે જ્યારે મદીના પહોંચે** –(પેજ : ૨૪૨)

حدیث ١٠٥٦ اَخْبَرَنِیْ حُمَیْدٌ اَنَّهٗ سَمِعَ اَنَسًا یَقُوْلُ کَانَ النَّبِیُّ صَلَّی اللّٰهُ

"હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવતા હતા કે નબી صلی اللہ علیہ وسلم ની આદતે કરીમા હતી કે **[હદીષ : ૧૦૫૬]**

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ اِذَا قَدِمَ مِنْ سَفَرٍ فَاَبْصَرَ دَرَجَاتِ الْمَدِیْنَةِ اَوْ

જ્યારે મદીનાનાં ઘરોને જોઈ લેતા તો પોતાની ઊંટણીને તેજ કરી અને જો અન્ય

ضَعَ نَاقَتَهٗ وَاِنْ کَانَتْ دَابَّةً حَرَّکَهَا عه

કોઈ જાનવર હોતુ તો એડી લગાડતા." (૧/૨૫૩ બાબે ફઝાઈલુલ મદીના)

## بَابُ قَوْلِ اللّٰهِ وَاْتُوا الْبُیُوْتَ مِنْ اَبْوَابِهَا

**અલ્લાહ عزوجل ના એ ઈર્શાદનું બયાન કે તમારાં ઘરોમાં એના દરવાજાઓથી પ્રવેશો** –(પેજ : ૨૪૨)

حدیث ١٠٥٧ عَنْ اَبِیْ اِسْحٰقَ قَالَ سَمِعْتُ الْبَرَاءَ یَقُوْلُ نَزَلَتْ هٰذِهِ الْاٰیَةُ

"હઝરત બરાઅ رضی اللہ عنہ ફર્માવતા હતા, આ આયત અમારા બારામાં નાઝિલ થઈ છે. **[હદીષ : ૧૦૫૭]**

فِیْنَا کَانَتِ الْاَنْصَارُ اِذَا حَجُّوْا فَجَاؤُوْا لَمْ یَدْخُلُوْا مِنْ قِبَلِ اَبْوَابِ

અન્સાર હજ્જ કરીને જ્યારે પરત થતા તો પોતાનાં ઘરોના દરવાજાઓથી દાખલ ન થતા, પછવાડેથી દાખલ

بُیُوْتِهِمْ وَلٰکِنْ مِنْ ظُهُوْرِهَا فَجَاءَ رَجُلٌ مِّنَ الْاَنْصَارِ فَدَخَلَ

થતા. અન્સારના એક સાહબ પરત થયા તો દરવાજેથી ઘરમાં ચાલ્યા ગયા એના કારણે એમના પર ટીકા

**સમજૂતી : ૧૦૫૬** હારિષ બિન ઉમૈરના તરીક઼ાથી જે રિવાયત છે એમાં من حبها વધારે છે. એટલે મદીના તયબહની મહોબ્બતના કારણે સવારીને તેજ કરી આપતા. આ રિવાયતમાં درجات المدینة છે, دَرَجَاتٌ دَوحَةٌ નું બહુવચન છે. એનો અર્થ ઊંચો રસ્તો પણ છે, અને ઘરો પણ છે. મુસ્તલમીની રિવાયતમાં دَرَجَاتٌ છે એ رَوحَةٌ નું બહુવચન છે એનો અર્થ ગાઢ છાયડાવળુ મોટુ ઝાડ છે. અને ક઼તીબાના તરીક઼ાથી જે રિવાયત છે એમાં એ છે કે હઝરત અનસ કહે છે : حتی اتینا جدر المدینة فمشیناالیها.

**સમજૂતી : ૧૦૫૭** અન્સાર જ ખાસ નહીં, હુમ્સ એટલે કુરૈશ બની આમિર બિન સઅસઆ, ષક઼ીફ અને ખઝાઆના ઉપરાંત તમામ અરબ એહરામ બાંધ્યા બાદ અને હજ્જથી પરત થતાં ઘરના દરવાજાઓથી આવજા ન કરતા બલ્કે જો તંબૂ હોતો તો પછવાડેનો નીચેલો હિસ્સો ઉઠાવીને અંદર જતા અને બહાર નીકળતા, અને જો માટીનું ઘર હોતુ તો પછવાડે કાણુ પાડી દેતા અથવા સીડી વડે અંદર જતા અને એને નેકી ખયાલ કરતા. હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم જ્યારે હજ્જતુલ વિદાઅથી પરત થયા તો દરવાજેથી કાશાનએ અક઼દસમાં તશરીફ લઈ ગયા.

بُيُوْتِهِمْ وَلٰكِنْ مِنْ ظُهُوْرِهَا فَجَاءَ رَجُلٌ مِّنَ الْاَنْصَارِ فَدَخَلَ

કરવામાં આવી તો આ આયત નાઝિલ થઈ. નેકી એ નથી કે

مِنْ قِبَلِ بَابِهٖ فَكَأَنَّهٗ عُيِّرَ بِذٰلِكَ فَنَزَلَتْ لَيْسَ الْبِرُّ بِاَنْ تَاْتُوا

તમારાં ઘરોમાં પછવાડેથી આવે પરંતુ નેક તે છે જે અલ્લાહથી ડરે.

الْبُيُوْتَ مِنْ ظُهُوْرِهَا وَلٰكِنَّ الْبِرَّ مَنِ اتَّقٰى وَاْتُوا الْبُيُوْتَ مِنْ اَبْوَابِهَا

ઘરોમાં દરવાજાઓથી આવો." *(ઉપર મુજબ, ૨/૬૪૮ અત્તફસીર)*

## بَابُ السَّفَرِ قِطْعَةٌ مِّنَ الْعَذَابِ ٢٤٢

## સફર અઝાબનો ટુકડો છે

حديث ١٠٥٨ عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નબી ﷺથી રિવાયત કરે છે કે ફર્માવ્યું, **[હદીષ : ૧૦૫૮]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ السَّفَرُ قِطْعَةٌ مِّنَ الْعَذَابِ يَمْنَعُ اَحَدَكُمْ

સફર અઝાબનો ટુકડો છે. તમને ખાવા, પીવા, સૂવાથી રોકી દે છે. જ્યારે પોતાની હાજત પૂરી કરી લો તો

طَعَامَهٗ وَشَرَابَهٗ وَنَوْمَهٗ فَاِذَا قَضٰى نَهْمَتَهٗ فَلْيُعَجِّلْ اِلٰى اَهْلِهٖ

જલ્દીથી તમારાં ઘરવાળાંમાં પરત આવી જાવ."

*(ઉપર મુજબ, જેહાદ–૪૨૧, ૨/૮૧૬, અલ્અત્ઈમહ, મુસ્લિમ, અમારત, દારમી–અલ્ઈસ્તીઝાન, મોઅત્તા ઈમામ માલિક–અલ ઈસ્તીઝાન, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૨૨૬)*

હુઝૂરને જોઈને ક઼ુત્બા બિન આમિર અન્સારી رضی اللہ عنہ પણ દરવાજેથી અંદર ગયા. લોકોએ દરબારે રિસાલતમાં એની શિકાયત કરી તો હુઝૂરે તેમને પૂછતાછ કરી. તેમણે અર્ઝ કરી, હુઝૂરને એવું કરતાં જોયા તો મેં પણ કર્યું. ફર્માવ્યું, હું હમ્સ છું ! તેમણે કહ્યું, હું પણ હમ્સ છું. મારો દીન તે જ છે જે હુઝૂરનો છે. એના પર આયતે કરીમા નાઝિલ થઈ. *(ઉમ્દતુલ ક઼ારી, ૧૦/૧૩૬, ૧૩૭, બહવાલા સહીહ ઈબ્ને ખુઝૈમાં તથા હાકિમ તથા ઈબ્ને જરીર)* એનાથી ઉલ્ટુ એ પણ મરવી છે કે ખૂદ હમ્સની આદત હતી. *(ઉપર મુજબ)*

## સમજૂતી : ૧૦૫૮

એનાથી ઉલ્ટુ હઝરત ઈબ્ને ઉમર તથા હઝરત ઈબ્ને અબ્બાસ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَથી આ મરવી છે કે ફર્માવ્યું, "સફર કરો તંદુરસ્ત થઈ જશો, રોજી પામશો." મુહદ્દિષ ઈબ્ને બતાલે ફર્માવ્યું, બંનેમાં કાંઈ ટકરાવ નથી. સફરમાં મહેનત તથા તકલીફ અનિવાર્ય છે અને તંદુરસ્તી તથા રોજી પ્રાપ્તિનો ઝરીયો છે.

بسم الله الرحمن الرحيم

**બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ**

# بَابُ الْمُحْصَرِ وَجَزَاءُ الصَّيْدِ ٢٤٣

## મુહસર તથા શિકારના બદલાનું બયાન

٣١٧ ت قَالَ عَطَاءٌ اَلْاِحْصَارُ مِنْ كُلِّ شَيْءٍ يَحْبِسُهُ قَالَ اَبُوْعَبْدِ اللهِ

*'ઈમામ અતાએ ફર્માવ્યું, દરેક ચીજનો ઈહસાર એનાથી રોકવું છે.* **[તઅલીક઼ : ૩૧૭]**

حَصُوْرًا لَّا يَأْتِي النِّسَاءَ

*અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ કહ્યું, હસૂર તે છે જે સ્ત્રીઓની નજીક ન જાય."*

**તઅલીક઼ : ૩૧૭ની સમજૂતી** ક્યારેક એવું પણ બને છે કે ઈન્સાન હજ્જ કે ઉમરાનો એહરામ બાંધીને મક્કા મોઅઝ્ઝમાના ઈરાદાથી ચાલે છે પણ કોઈ શરઈ એવી રુકાવટ પેદા થઈ જાય છે કે તે હજ્જ તથા ઉમરા કરવા નથી પામતો. જેમ કે દુશ્મને રોકી દીધો, કેદ કરી આપ્યો, બીમાર થઈ ગયો. અને એ અંદેશો હોય કે હજ્જ કે ઉમરો કરશે તો બીમારી વધી જશે અથવા મોડેથી સારો થશે કે મરી જશે અથવા ખર્ચ માટે જે રકમ હતી તે ચોરીમાં જતી રહી અથવા સ્ત્રી પતિ કે મેહરમ સાથે હતી અને પતિ કે મેહરમનો ઈન્તેકાલ થઈ ગયો, એમને મુહસર કહે છે આ ઈહસાર બાબે ઈફઆલનો ઈસ્મે મફઉલ છે.

**મુહસરનો હુકમ** : મુહસરને જ્યાંથી રોકવામાં આવે ત્યાંથી કુર્બાનીનું જાનવર હરમમાં મોકલી આપે અને જેની સાથે મોકલે તેની સાથે દિવસ, તારીખ, સમય નક્કી કરી લે કે ફલાણા દિવસે ફલાણા સમયે કુર્બાની કરવી. તે સમય પછી તે એહરામથી બહાર થઈ ગયો, ભલે હલક કે કસ્ર ન કરે, પણ બેહતર એ છે કે કરી લે. હવે જો કેવળ હજ્જનો એહરામ હતો અથવા કેવળ ઉમરાનો તો એક જાનવર મોકલવું પૂરતુ છે. અને જો ક઼ારિન છે તો બે મોકલે. એ કુર્બાનીઓનું હરમમાં થવું જરૂરી છે. હરમની બહાર નથી થઈ શકતી, અને એની ક઼ઝા એના પર વાજિબ છે. જો એહરામ કેવળ ઉમરાનો હતો તો કેવળ એક ઉમરો પૂરતો છે અને જો હજ્જનો હતો એક હજ્જ તથા એક ઉમરો જરૂરી છે અને જો ક઼ારિન હતો તો એક હજ્જ અને એક ઉમરો કરે. **والتفصيل فی مطولات الفقه** ઈર્શાદ છે : **فَاِنْ اُحْصِرْتُمْ فَمَا اسْتَيْسَرَ مِنَ الْهَدْيِ وَلَا تَحْلِقُوْا رُؤُسَكُمْ حَتّٰى يَبْلُغَ الْهَدْيُ مَحِلَّه** "અને જો રસ્તામાં રોકી લેવામાં આવે તો જે કુર્બાનીનું જાનવર મયસ્સર હોય તેની કુર્બાની કરો અને કુર્બાનીનું જાનવર જ્યાં સુધી પોતાની જગાએ ન પહોંચી જાય માથુ ન મૂંડાવો." *(બક઼રહ–૧૯૬)*

ઈમામ અહમદ *(મુસ્નદ, ૩/૪૫૦)* તથા અસ્હાબે સુનને અરબા *(અબૂ દાઊદ–મનાસિક, ૨૫૭, તિર્મિઝી–હજ્જ,*

## بَابُ إِذَا أُحْصِرَ الْمُعْتَمِرُ ص۲۴۳

**જ્યારે ઉમરો કરનારને રોકી દેવામાં આવે** –(પેજ : ૨૪૩)

حدیث ۱۰۵۹ عَنْ عِكْرِمَةَ قَالَ فَقَالَ ابْنُ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهُمَا

**[હદીષ : ૧૦૫૯]** *"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે નબી صلی اللہ علیہ وسلم ને (ઉમરો)*

قَدْ أُحْصِرَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ فَحَلَقَ رَأْسَهُ

*કરવાથી રોકી દેવામાં આવ્યા તો હુઝૂરે માથુ મૂંડાવ્યું અને સ્ત્રીઓ સાથે હમબિસ્તરી કરી*

وَجَامَعَ نِسَاءَهُ وَنَحَرَ هَدْيَهُ حَتّٰى اعْتَمَرَ عَامًا قَابِلًا

*અને પોતાની કુર્બાની ઝબહ કરી અને આવતા વરસે ઉમરો કર્યો."*

*નિસાઈ–મનાસિક, ૨૮, ઈબ્ને માજહ–મનાસિક, ૨૨૯)*એ હઝરત હજ્જાજ બિન અમ્ર અન્સારી رضی اللہ عنہ થી રિવાયત કરી કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી સાંભળ્યું, ફર્માવતા હતા : **من كسر اوعرج حل وعليه حجة اخرى** "જેનું હાડકુ તૂટી ગયું અથવા લંગડો થઈ ગયો તે એહરામથી બહાર થઈ ગયો અને એના પર બીજો હજ્જ છે." ઈકરમાએ કહ્યું કે મેં ઈબ્ને ઉમર તથા અબૂ હુરૈરહ્થી વર્ણન કર્યું તો તે બંનેવે કહ્યું કે એણે સાચુ કહ્યું.

અબૂ દાઊદ, ઈબ્ને માજહમાં **اومرض** અધિક છે. ઈમામ અબ્દ બિન હુમૈદ પોતાની તફસીરમાં એને રિવાયત કરીને ફર્માવ્યું, હઝરત ઈબ્ને મસ્ઊદ તથા ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہم તથા અલ્કમા, સઈદ બિન મુસૈયિબ, ઉરવા બિન ઝુબૈર, મુજાહિદ, નખઈ, અતા તથા મકાતિલ બિન હનાનથી મરવી છે કે તે લોકોએ ફર્માવ્યું કે દુશ્મન, બીમારી તથા હાડકુ તૂટવાથી ઈહસાર (રોકવું) છે. અલ્લામા નવવીએ ફર્માવ્યું, જે ચીજથી ઈજા પહોંચે ઈહસાર છે.

**لا ياتى النساء** : હઝરત યહયા علیہ السلام ના બારામાં કુર્આન મજીદમાં ફર્માવ્યું, **وَ سَيِّداً وَحَصُوْراً وَنَبِياً مِنَ الصَّالِحِيْن** "અને સરદાર અને હમેશાંના માટે સ્ત્રીઓથી બચનાર અને અમારા ખાસ લોકોમાંથી નબી હશે."

**حصور** : ના અર્થમાં અમુક નિરર્થક રિવાયતો પણ આવી છે. દ.ા.ત. એ કે તેમનું ગૃપ્તાંગ તણખલા બરાબર હતું, પેશાબનું અંગ મામૂલી હતું, વગેરે વગેરે. અને એ અયબ છે. **દરેક નબી દરેક અયબથી પાક હોય છે.** શક્તિ ન હોવાને કારણે સ્ત્રીઓ પ્રતિ આકર્ષણ ન થવું એ કોઈ કમાલ કે પ્રશંસાની વાત નથી. અને અલ્લાહ عزوجل એ પ્રશંસામાં આ વર્ણન કર્યું છે. એના નિવારણ માટે ઈમામ બુખારીએ "હસૂર"નો અર્થ વર્ણવ્યો કે તે સ્ત્રીઓથી નજીક નથી જતા. તેનો સાર એ છે કે તેમને સંભોગ માટે શક્તિ હતી પણ તે પાકદામન, ઈજ્જતદાર, માસૂમ હતા. ગુનાહની નજીક ન જતા ન હતા. જેમ કે ઈમામ કાઝી અયાઝે ફર્માવ્યું, એ જુદી વાત છે કે શહાદતના કારણે શાદી ન થઈ શકી. હવે "હુસૂર"નો અર્થ એ થયો કે જીવનભર સ્ત્રીથી અલગ રહ્યા, કદી નજીક ન ગયા.

આ પ્રકરણમાં ઈમામ બુખારીએ કોઈ હદીષ ન વર્ણવી, એમની શર્ત પર કોઈ હદીષ એમને મળી નહીં હોય.

**સમજૂતી : ૧૦૫૯** આ હદીષમાં ઈમામ બુખારીએ પોતાના શયખનું નામ નિસ્બત વિના કેવળ મુહમ્મદ લીધું. ઈમામ બુખારીના મશાઈખમાં મુહમ્મદ નામના ઘણા હઝરાત છે. ઈમામ હાકિમે એના પર યકીન ફર્માવ્યું કે એ ઝુહલી છે કેમ કે અમુક નુસ્ખાઓમાં **وهو الذهلى** છે. અબૂ મુસ્લિમે કહ્યું કે આ મુહમ્મદ બિન મુસ્લિમ વર્રાદ છે. કલાબાઝીએ અબૂ સઈદથી નકલ કર્યું કે અબૂ હાતિમ મુહમ્મદ બિન ઈદરીસ રાઝી છે.

## بَابُ الْإِحْصَارِ فِي الْحَجِّ

**હજ્જમાં ઈહસારનું બયાન** –(પેજ : ૨૪૩)

حديث ١٠٦٠ اَخْبَرَنِيْ سَالِمٌ قَالَ كَانَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا

**[હદીષ : ૧૦૬૦]** *"સાલિમે કહ્યું, ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવતા હતા, તમને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની*

يَقُوْلُ اَلَيْسَ حَسْبُكُمْ سُنَّةَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*સુન્નત પૂરતી છે. જો કોઈને હજ્જથી રોકી દેવામાં આવે તો બયતુલ્લાહ અને સફા તથા મરવાનો તવાફ કરી*

اِنْ حُبِسَ اَحَدُكُمْ عَنِ الْحَجِّ فَطَافَ بِالْبَيْتِ وَبِالصَّفَا وَالْمَرْوَةِ ثُمَّ

*લે અને દરેક ચીજથી હલાલ થઈ જાય, પછી આવતા વરસે હજ્જ કરે અને જાનવર કુર્બાન કરે*

حَلَّ مِنْ كُلِّ شَيْءٍ حَتّٰى يَحُجَّ عَامًا قَابِلًا فَيُهْدِيْ اَوْ يَصُوْمُ اِنْ لَّمْ يَجِدْ هَدْيًا

*અથવા રોઝા રાખે જો કુર્બાનીનું જાનવર ન પામે."*

અલ્લામા અયનીએ એક કૌલ એ પણ નકલ કર્યો કે શક્ય છે કે એ મુહમ્મદ બિન ઈસ્હાક સનઆની હોય.

**فقال** : ઈકરામાએ કહ્યું, પછી ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું. આ અસલમાં એક લાંબી હદીષનો ટુકડો છે જે મુફસલ ઈબ્ને સકને કિતાબુસ્સહાબામાં રિવાયત કરી છે. યહયા બિન કષીરે કહ્યું કે મેં ઈકરમાને પૂછયું તો તેમણે કહ્યું કે અબ્દુલ્લાહ બિન રાફેઅ મૌલા ઉમ્મે સલ્માએ કહ્યું કે મેં હજ્જાજ બિન અમ્ર અન્સારી رضی اللہ عنہ ને એના બારામાં પૂછયું, જે એહરામની હાલતમાં રોકી દેવામાં આવે. તો તેમણે બતાવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જે લંગડો થઈ જાય કે જેનું હાડકુ તૂટી જાય કે જેને રોકી દેવામાં આવે તે હિલ રહીને એનો બદલો આપે. ઈકરમાએ કહ્યું, મેં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ને બયાન કર્યું તો ફર્માવ્યું, તેમણે સાચુ કહ્યું. અને ઈબ્ને અબ્બાસને વર્ણવ્યું તો તેમણે એ ફર્માવ્યું જે અહીં વર્ણન થયું છે. કેમ કે એનો પ્રારંભિક હિસ્સો ઈમામ બુખારીની શર્ત પર ન હતો એટલે એને વર્ણવ્યો નહીં. હવે એ **فقال فحدثه ابن عباس** પર મઅતૂફ થશે. મેં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને વર્ણવી તો ફર્માવ્યું, એટલા માટે એની સનદમાં યહયા બિન અબી કષીર અને ઈકરમા છે. એના બારામાં મતભેદ છે. તેમજ અબ્દુલ્લાહ બિન રાફેઅ મૌલા ઉમ્મે સલ્મા બુખારીની શર્ત પર નથી, જો કે ફીનફસેહી (મૂળભૂત રીતે) આ હદીષ સહીહ છે. અબ્દુલ્લાહ બિન રાફેઅ ષિકહ છે. તેમજ હમણા વર્ણન થયું કે હઝરત હજ્જાજ બિન અમ્ર અન્સારી رضی اللہ عنہ ની આ હદીષ ઈમામ અહમદે પોતાની મુસ્નદમાં અને અસ્હાબે સુનને અરબાએ રિવાયત કરી છે.

### સમજૂતી : ૧૦૬૦

આ હદીષ પૂરી વર્ણન થઈ ચૂકી છે. અહીં કેવળ એક મસ્અલો સ્પષ્ટ કરવા માટે અમે વર્ણન કર્યું છે કે હજ્જ તથા ઉમરાના એહરામમાં આ શર્ત સહીહ છે કે નહીં ? કે મારો એહરામ ત્યાં જ સુધી છે જ્યાં તું મને રોકી આપે. ઝાહિરી એવું કહે છે કે આ શર્ત વાજિબ છે. ઈમામ અહમદ કહે છે કે મુસ્તહબ છે અને ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ નો એક કૌલ એ છે કે જાઈઝ છે. ઈમામ માલિક તથા ઈમામે આ'ઝમે ફર્માવ્યું કે આ શર્ત સહીહ નથી નિરર્થક છે. આ શર્તને જાઈઝ ઠરાવનારા દલીલ પેશ કરે છે કે હઝરત દબાઅહ બિન્તે ઝુબૈર બિન અબ્દુલ મુત્તલિબને હુઝૂરે

## بَابُ النَّحْرِ قَبْلَ الْحَلْقِ فِى الْحَصَرِ

**ઈહસારમાં માથુ મૂંડાવતા પહેલાં કુર્બાની કરવી** –(પેજ : ૨૪૩)

حدیث ١٠٦١ عَنِ الْمِسْوَرِ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ نَحَرَ

"હઝરત મિસ્વર رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ માથુ મૂંડાવતા **[હદીષ : ૧૦૬૧]**

قَبْلَ اَنْ يَّحْلِقَ وَ اَمَرَ اَصْحَابَهٗ بِذٰلِكَ

પહેલાં કુર્બાની કરી, અને પોતાના સહાબીઓને પણ એનો હુકમ આપ્યો."

## بَابُ لَيْسَ عَلَى الْمُحْصَرِ بَدَلٌ

**મુહસર પર બદલ નથી**

ت ٣١٨ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اِنَّمَا الْبَدَلُ عَلٰى

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે ફર્માવ્યું, બદલ એના **[તઅલીક઼ : ૩૧૮]**

અક઼દસ صلی اللہ علیہ وسلمએ આ શર્તની ઈજાઝત આપી હતી. હનફીઓ એવું કહે છે કે એ એમને માટે ખાસ હતું.

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماનો મઝહબ એ જ હતો કે આ શર્ત દુરુસ્ત નથી, જેમ કે નિસાઈ (૨/૨૦ મનાસિક) તથા દારકુત્ની (ઉમ્દતુલ કારી, ૧૦/૧૪૬)માં છે કે સાલિમે કહ્યું કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما શર્તોનો ઈન્કાર કરે છે. અને ફર્માવ્યું, તમને તમારા નબીની સુન્નત પૂરતી છે. તેમણે શર્ત નથી કરી.

ઈમામે આ'ઝમે ફર્માવ્યું, જે મક્કા મોઅઝ્ઝમા પહોંચી જાય તે મુહસર નથી. જો કે હજજનો એહરામ બાંધીને ગયો હોય તે ઉમરા કરીને એહરામ ખોલી નાખે. એ એના જેમ છે જેનો હજજ ફૌત (રદ) થઈ ગયો હોય. તે બાદમાં જ્યારે મોક઼ો હોય હજજ કરે. મુહસર તે છે જે મક્કા મોઅઝ્ઝમા ન પહોંચી શકે. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماની હદીષનો પણ એ જ સાર છે કે ફર્માવ્યું કે બયતુલ્લાહ અને સફા તથા મરવાનો તવાફ કરીને એહરામ ખોલી આપે અને આવતા વરસે હજજ કરે.

**સમજૂતી : ૧૦૬૧** આ હદીષ એક લાંબી હદીષનો હિસ્સો છે જે કિતાબુલ ઈશ્તિરાતમાં વિગતે આવશે. અહીં કેવળ એ બતાવવા માટે અમે વર્ણવી છે કે મુહસર બિલ્ હજજ કેવળ એનાથી એહરામથી બહાર થઈ જાય છે કે કુર્બાનીનું જાનવર હરમમાં પહોંચીને ઝબહ થઈ જાય. એના માટે એ શર્ત નથી કે ઐયામે નહરમાં ઝબહ થાય, કેમ કે કુર્આન મજીદમાં છે : وَلَا تَحْلِقُوْا رُؤُسَكُمْ حَتّٰى يَبْلُغَ الْهَدْىُ مَحِلَّه "જ્યાં સુધી હદી પોતાના ઠેકાણે ન પહોંચી જાય પોતાનાં માથાં ન મૂંડાવો." *(બક઼રહ–૧૯૬)* એમાં ઐયામે નહરની કૈદ નથી કે હદી ઐયામે નહરમાં પોતાને ઠેકાણે પહોંચી જાય. એટલા માટે યૌમે નહરથી પહેલાં જ જો હદી પોતાના ઠેકાણે પહોંચી જાય તો એહરામ ખોલવો જાઈઝ થશે. પણ ઈમામ અબૂ યૂસુફ તથા ઈમામ મુહમ્મદ ફર્માવે છે કે એ જરૂરી છે કે યૌમે નહરમાં હદી પોતાના ઠેકાણે પહોંચે. અલ્બત્ત મુહસર બિલ્ઉમરાના માટે એકમતિએ એ શર્ત નથી કે યૌમે નહરમાં હદી તેના ઠેકાણે પહોંચે.

**તઅલીક઼ : ૩૧૮ની સમજૂતી** આ તઅલીક઼ને ઈમામ મુહમ્મદ બિન ઈસ્હાક઼ રાહવૈહએ પોતાની

مَنْ نَقَصَ حَجَّهُ بِالتَّلَذُّذِ فَاَمَّا مَنْ حَبَسَهُ عُذْرٌ اَوْغَيْرُ ذٰلِكَ

પર છે જેણે પોતાના હજ્જને તલઝ્ઝુઝના માટે નુકસાન પહોંચાડયું હોય. પણ જેને ઉઝર વગેરેએ

فَاِنَّهُ يَحِلُّ وَلَا يَرْجِعُ وَاِنْ كَانَ مَعَهُ هَدْىٌ وَّهُوَ مُحْصَرٌ نَحَرَهُ اِنْ

રોકેલ હોય તે એહરામ ખોલી આપે અને એના પર બદલ નથી, અને જો તેની સાથે હદી છે અને તેને રોકી

كَانَ لَا يَسْتَطِيْعُ اَنْ يَّبْعَثَ بِهٖ وَاِنِ اسْتَطَاعَ اَنْ يَّبْعَثَ بِهٖ

દેવામાં આવ્યો તો તેની કુર્બાની કરી આપે જો હદી હરમમાં મોકલવાની શક્તિ ન હોય તો. અને જો તેની

لَمْ يَحِلَّ حَتّٰى يَبْلُغَ الْهَدْىُ مَحِلَّهُ ۔

શક્તિ હોય તો એહરામ ન ખોલે ત્યાં સુધી કે હદી તેના ઠેકાણે પહોંચી જાય."

ت ۳۱۹ قَالَ مَالِكٌ وَّغَيْرُهُ يَنْحَرُ هَدْيَهُ وَيَحْلِقُ فِىْ اَىِّ مَوْضِعٍ

"ઈમામ માલિક વગેરેએ ફર્માવ્યું, જે જગાએ પણ હોય કુર્બાની કરી આપે **[તઅલીક઼ : ૩૧૯]**

كَانَ وَلَا قَضَاءَ عَلَيْهِ لِاَنَّ النَّبِىَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَ

અને માથુ મૂંડાવી નાખે, અને એના પર ક઼ઝા નથી. કેમ કે નબી ﷺ અને સહાબાએ હુદૈબિયામાં કુર્બાની

તફસીરમાં મૌસૂલ કરી છે. એ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો પોતાનો ફત્વો છે.

**من نقص** : બીજા નુસ્ખામાં **نقض** છે એટલે તોડયું. **تلذذ**થી અહીં મુરાદ સંભોગ છે. **عذر**થી મુરાદ દરેક તે સબબ છે જેના કારણે તે હજ્જ ન કરી શકે ચાહે દુશ્મન હોય કે બીમારી હોય કે સફર ખર્ચનું ચોરી થઈ જવું હોય. અને અહીં હજ્જથી મુરાદ નફલ હજ્જ છે. જેવું કે ખૂદ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે તેમણે ફર્માવ્યું, જો હજ્જે ઈસ્લામ હોય તો તેના પર ક઼ઝા જરૂરી છે. અને જો ફર્ઝ ન હોય તો તેના પર ક઼ઝા જરૂરી નથી. ઈમામે આ'ઝમે ફર્માવ્યું, હજ્જ નફલ હોય કે ફર્ઝ ઈહસારના કારણે ન કરી શક્યો તો તેના પર તેની ક઼ઝા છે, એટલા માટે કે એહરામ પહેર્યા પછી નફલ હજ્જ પણ વાજિબ થઈ જાય છે.

**મુહસર કુર્બાનીનું જાનવર ક્યાં ઝબહ કરે ?** : આ મસ્અલો સહાબા તથા તેમના પછી પણ વિવાદાસ્પદ છે કે હદી ક્યાં ઝબહ કરે, હિલમાં પૂરતુ છે કે હરમમાં મોકલવું જરૂરી છે ? આપણે ત્યાં એ જરૂરી છે કે હરમમાં ઝબહ થાય. મતભેદનો પાયો એના પર ક઼ાયમ છે કે હુઝૂરે અક઼દસ ﷺએ હુદૈબિયહના વરસે પોતાનાં કુર્બાનીનાં જાનવર હિલમાં ઝબહ કર્યા હતાં કે હરમમાં ? ઈમામ અતા (ઉમ્દતુલ ક઼ારી, ૧૦/૪૪૭) ઈમામ ઈસ્હાક઼ે ફર્માવ્યું કે હરમમાં ઝબહ કર્યા હતાં. અને બીજા હઝરાતે ફર્માવ્યું કે હિલમાં.

**તઅલીક઼ : ૩૧૯ની સમજૂતી** ઈમામ માલિકનો આ ઈર્શાદ એમના મોઅત્તા (કિતાબુલ હજ્જ–૧૪૮)માં મઝકૂર છે : **البته والحد يبية ليس من الحرم** માલિકનો કૌલ નથી.

**وغيره** : અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે "વગૈરહ્"થી ઈમામ શાફઈ رضی اللہ عنہ મુરાદ છે. કેમ કે તેમણે

اَصْحَابَهُ بِالْحُدَيْبِيَّةِ نَحَرُوْا وَحَلَقُوْا وَحَلُّوْا مِنْ كُلِّ شَيْءٍ قَبْلَ

*કરી અને માથુ મૂંડાવ્યું અને સંપૂર્ણપણે એહરામ ખોલી નાખ્યો એ પહેલાં કે તવાફ કરે*

الطَّوَافِ وَقَبْلَ اَنْ يَّصِلَ الْهَدْيُ اِلَى الْبَيْتِ ثُمَّ لَمْ يُذْكَرْ اَنَّ النَّبِيَّ

*અને હદી બયતુલ્લાહ પહોંચે. પછી એ વર્ણન નથી કે નબી ﷺ એ*

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَمَرَ اَحَدًا اَنْ يَّقْضِيَ شَيْئًا وَّلَا يَعُوْدُوْا

*કોઈને કાંઈ કઝા કરવાનો અથવા દોહરાવવાનો હુકમ આપ્યો હોય.*

لَهُ ۔ وَالْحُدَيْبِيَّةُ خَارِجٌ مِّنَ الْحَرَمِ ۔

*અને હુદૈબિયહ્ હરમથી બહાર છે.*

કિતાબુલ અમમાં ફર્માવ્યું છે કે હુદૈબિયહ હરમથી નથી. એના પર અલ્લામા અયનીએ પકડ કરી કે ખૂદ ઈમામ શાફઈ رضی اللہ عنہએ ફર્માવ્યું કે હુદૈબિયહનો અમુક હિસ્સો હરમમાં છે. જ્યારે આવું છે તો કોની બુદ્ધિમાં એ વાત સમાશે કે હુઝૂરે અક્દસ ﷺ હિલમાં કુર્બાની કરે, જ્યારે કે હદીના બારામાં સાફ સાફ ઈર્શાદ છે : هَدْيًا بَالِغَ الْكَعْبَةِ "એના બદલે કુર્બાનીનું જાનવર છે જે કા'બા સુધી પહોંચે." *(માઈદહ-૯૫)*

**والحدیبة** : એ ચાહે ઈમામ માલિકનો ઈર્શાદ હોય કે ઈમામ શાફઈનો કે ઈમામ બુખારીનો, એ કોઈનો હોય મુત્તફક અલૈહ (સર્વ સંમત) નથી. વર્ણન થઈ ચૂક્યું કે ઈમામ અતા તથા ઈમામ ઈબ્ને ઈસ્હાક્નો કૌલ છે કે હુદૈબિયહનો અમુક હિસ્સો હરમમાં છે.

તેમજ ઈમામ અબૂ જઅફર તહાવી (શરહે મઆનિયુલ આષાર, ૧/૩૬૨ મનાસિક)એ હઝરત મિસ્વર બિન મખ્રમા رضی اللہ عنہماથી રિવાયત કરી. તેમણે ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺનો તંબૂ હિલમાં હતો અને નમાઝ પઢવાની જગા હરમમાં હતી. તેમજ ઈમામ બયહકી (ઉમ્દતુલ કારી, ૧૦/૧૪૯)એ મરવાન તથા હઝરત મિસ્વર બિન મખ્રમા رضی اللہ عنہથી એના જેમ રિવાયત કર્યુ.

આ સંજોગોમાં જ્યારે કે મુહસર હદી હરમમાં મોકલી શકે છે, એના પર ઈજમાઅ છે કે હરમમાં જ ઝબહ કરવામાં આવશે. પછી કેવી રીતે વિચારી શકાય છે કે હરમમાં ઝબહની શક્તિ હોવા છતાં હિલમાં હદી ઝબહ કરે.

**મુહસર પર કઝા છે** : આપણે ત્યાં ઈહસાર ઉમરાથી હોય કે હજ્જથી, ઈહસાર ખત્મ થઈ જતાં તેની કઝા વાજિબ છે. હજ્જના બારામાં હઝરત હજ્જાજ બિન અમ્ર અન્સારી رضی اللہ عنہની હદીષ વર્ણન થઈ ચૂકી કે ફર્માવ્યું, **وعليه حجة اخرى** વળી ખૂદ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماની હદીષ વર્ણન થઈ ગઈ કે તેમણે ફર્માવ્યું : **حتى يحج عاماً قابلا** રહી ગયો ઉમરો તો આપણે ત્યાં તેની પણ કઝા છે કેમ કે એહરામ પછી તેની અદાયગી તેના માથે વાજિબ થશે અને તેણે ઉમરો ન કર્યો તો જિમ્મેદારીથી મુક્ત કઈ રીતે થશે ? તેમજ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماએ મુહસર અનિલ્હજ્જ (હજ્જથી રોકી રાખવામાં આવેલ વ્યક્તિ)ના બારામાં ફર્માવ્યું કે તે આવતા વરસે હજ્જ કરે અને તેના પહેલાં ફર્માવ્યું, **سنة رسول الله** ﷺ અને હુઝૂરે અક્દસ ﷺને ઉમરાથી રોકવામાં આવ્યા, એના પર કયાસ કરીને હજ્જની કઝાનો હુકમ આપ્યો. તો જો હુઝૂરે અક્દસ ﷺએ આ ઉમરાની કઝા ન કરી હોત તો આ કયાસ કેવી રીતે દુરુસ્ત થાત. તદ્ ઉપરાંત આવતા વરસે હિ.સ.માં હુઝૂરે અક્દસ ﷺએ જે

# بَابُ الْإِطْعَامِ فِي الْفِدْيَةِ نِصْفُ صَاعٍ

**ફિદિયામાં અડધો સાઅ ખાવા ખવડાવવું છે** –(પેજ : ૨૪૪)

حدیث ۱۰۶۲ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ مَعْقِلٍ قَالَ جَلَسْتُ إِلَى كَعْبِ بْنِ عُجْرَةَ

''અબ્દુલ્લાહ બિન મઅકિલે કહ્યું, હું કઅબ બિન ઉજરહ رضی اللہ عنہ ની ખિદમતમાં **[હદીષ : ૧૦૬૨]**

اللّٰهُ تَعَالَى عَنْهُ فَسَأَلْتُهُ عَنِ الْفِدْيَةِ فَقَالَ نَزَلَتْ فِيَّ خَاصَّةً

બેઠો હતો તો મેં ફિદિયાના બારામાં પૂછયું, ફર્માવ્યું, ખાસ મારા બારામાં નાઝિલ થયો છે, અને તમારા સૌને

وَهِيَ لَكُمْ عَامَّةً حُمِلْتُ إِلَى رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ

માટે આમ છે. મને આ હાલતમાં લાદીને રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં લાવવામાં આવ્યો કે જૂવો મારા

وَالْقَمْلُ يَتَنَاثَرُ عَلَى وَجْهِي فَقَالَ مَا كُنْتُ أُرَى الْوَجَعَ بَلَغَ بِكَ

ચહેરા પર પડી રહી હતી. હુઝૂરે ફર્માવ્યું, હું ન જાણતો હતો કે તારી તકલીફ આટલી હદે પહોંચેલી છે જે હું

ઉમરો કર્યો એનું નામ જ ઉમ્રતુલ કઝા છે. આમ એલાન ફર્માવી આપ્યું હતું કે જે લોકો હુદૈબિયહમાં શરીક હતા તેમાંથી જેટલા જીવંત છે તે સૌ ચાલે, કોઈ રહી ન જાય, જેવું કે ઈમામ હાકિમે અકલીલમાં રિવાયત કર્યું છે. (ઝુર્કાની અલલ મવાહિબ ૨/૨૫૪) યાકૂબ ઈબ્ને સુફયાને પોતાની તારીખમાં (ઉપર મુજબ) હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કર્યું કે ઉમરતુલ કઝિય્યહ હિ.સ. ૭ના ઝીકઅદામાં થયો હતો. હુઝૂરે પોતાના સહાબાને હુકમ આપ્યો હતો કે આ ઉમરાની કઝામાં જેનાથી મુશ્રિકોએ હુદૈબિયામાં રોકી દીધા હતા સૌ ઉમરો કરે. અલ્લામા મુહમ્મદ ઈબ્ને અબ્દુલબાકીએ ફર્માવ્યું કે એની અસ્નાદ હસન છે. શબ્દો આ પ્રમાણે છે : **قضاء لعمرتهم اللتى صدهم المشركين عنها بالحديبة** ''પોતાના તે ઉમરાની કઝા જેનાથી હુદૈબિયામાં મુશ્રિકોએ રોકી દીધા હતા.''

હુદૈબિયામાં શરીક થનાર સર્વેને ઉમરતુલ કઝામાં શરીક થવાનો હુકમ આપવું અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ એને **لعمرتهم** ફર્માવવું એની દલીલ છે કે હુઝૂરે અકદસ ﷺ અને સહાબાએ હુદૈબિયામાં છૂટેલા ઉમરાની કઝામાં ઉમરતુલ કઝા કર્યો જાહેરમાં એ જ છે. તાવીલનું પ્રકરણ વિશાળ છે પણ જ્યારે બુદ્ધિનો તકાઝો પણ એ જ છે કે કઝા વાજિબ થાય. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની આ હદીષમાં કઝાનો અર્થ જે છૂટી ગયેલ તેની અદાયગીના અર્થને અગ્રતા થશે.

**સમજૂતી : ૧૦૬૨**

આ હદીષ શબ્દોના ફેરફાર સાથે અહીં જ પાંચ તરીકાઓથી મરવી છે. ચાર તરીકાઓથી અબ્દુર્રહમાન બિન અબી લયલાથી અને એક તરીકામાં અબ્દુલ્લાહ બિન મઅકિલથી. આ કિસ્સો સુલહે હુદૈબિયાનો છે જેવું કે અહીં **بابا النسك شاة** માં સ્પષ્ટતા છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મઅકિલે કૂફાની મસ્જિદમાં હઝરત કઅબ બિન ઉજરહ رضی اللہ عنہ ને પૂછયું. જેવું કે મગાઝીમાં છે. કિસ્સો બન્યો કે હઝરત કઅબ બિન ઉજરા رضی اللہ عنہ ના માથા પર વાળ હતા અને એમાં જૂવો પડી ગઈ તે પણ એટલા અધિક પ્રમાણમાં કે જૂવો તેમના ચહેરા, ભવાં, દાઢી પર પડતી રહેતી હતી. તેના કરડવાથી એટલી તકલીફ પડતી હતી કે તે ફર્માવે છે કે લાગતુ હતું કે હું આંધળો થઈ જઈશ. એ

مَا اَرٰی اَوْ مَا کُنْتُ اُرٰی الْجُھْدَ بَلَغَ بِکَ مَا اَرٰی تَجِدُ شَاۃً فَقُلْتُ لَا

જોઈ રહ્યો છું. અથવા હુઝૂરે વજઅને બદલે જેહદ ફર્માવ્યું. (ફર્માવ્યું) શું બકરીની શક્તિ છે ?

قَالَ فَصُمْ ثَلٰثَۃَ اَیَّامٍ اَوْ اَطْعِمْ سِتَّۃَ مَسَاکِیْنَ لِکُلِّ مِسْکِیْنٍ نِصْفَ

મેં અર્ઝ કરી, નહીં ! તો કહ્યું, ત્રણ દિવસ રોઝા રાખ અથવા છ મિસ્કીનોને અનાજ આપ.

صَاعٍ ع٥

દરેક મિસ્કીનને અડધો સાઅ."

بَابُ وَاِذَا صَادَ الْحَلَالُ فَاَھْدٰی لِلْمُحْرِمِ الصَّیْدَ اَکَلَہٗ

**જ્યારે ગૈર મુહરિમ શિકાર કરીને મુહરિમને આપે તો ખાઈ લે** –(પેજ : ૨૪૫)

ت ٣٢٠ وَلَمْ یَرَ ابْنُ عَبَّاسٍ وَّاَنَسٌ بِالذَّبْحِ بَاْسًا وَّھُوَ غَیْرُ الصَّیْدِ

"હઝરત ઈબ્ને અબ્બાસ તથા હઝરત અનસ رضی اللہ عنہم એહરામની હાલતમાં **[તઅલીક઼ : ૩૨૦]**

કારણે હુઝૂરે અક઼દસ ﷺએ માથુ મૂંડાવી નાખ્યું અને તેમને ફિદિયાનો હુકમ આપ્યો. આમ રિવાયતોમાં ઈખ્તિયાર આપવામાં આવ્યો છે કે ચાહે તો રોઝા રાખે ચાહે તો છ મિસ્કીનોને ખાવા ખવડાવે, ચાહે કુર્બાની કરે. પણ અમે હઝરત અબ્દુલ્લાહ બિન મઅકિ઼લની જે રિવાયત લીધી છે એમાં ક્રમ છે. ઈમામ વાહિદીની અસ્બાબે નુઝૂલમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી પણ એક રિવાયત એવી છે જેમાં પણ ક્રમ છે. પણ રાજેહ અબ્દુર્રહમાન બિન અબી લયલાની રિવાયત છે જેમાં ક્રમ નથી, આઝાદી છે. કેમ કે એ જ નસ્સે કુર્આની (કુર્આની દલીલ)ના મુજબ છે. ઈર્શાદ છે : **ففدية من صيام او صدقة او نسك** "તો એના પર ફિદિયો છે રોઝા કે સદક઼ા કે કુર્બાની." (બક઼રહ–૧૯૬)

અને આ જ આપણો તથા ઈમામ શાફઈનો મઝહબ છે કે જો જરૂરતના લીધે માથુ મૂંડાવ્યું છે તો તેને અધિકાર છે કે આ ત્રણેવમાંથી જે ચાહે તે ફિદિયો આપે. હા ! જો વિના જરૂરતે મૂંડાવ્યું તો ફિદિયામાં કુર્બાની વાજિબ છે. જ્યારે કે ચોથાઈ અથવા એથી અધિક મૂંડાવ્યું હોય, જો ચોથાઈથી ઓછુ મૂંડાવ્યું તો સદક઼ો છે.

**નિસ્ફ સાઅ** : હઝરત અબ્દુલ્લાહ બિન મઅકિ઼લની રિવાયતમાં **لكل مسكين نصف صاع** અને હઝરત અબ્દુર્રહમાન બિન અબી લયલાની એક રિવાયતમાં **فرقيين ستة مساكين** છે. એટલે છ મિસ્કીનોને એક ફર્ક઼ આપે. ભાગ : ૨, પેજ : ૭૯ પર વર્ણન થઈ ચૂક્યું કે ફર્ક઼ ત્રણ સાઅ હોય છે એટલા માટે બંને રિવાયતોમાં કોઈ ટકરાવ ન રહ્યો.

**તઅલીક઼ : ૩૨૦ની સમજૂતી**

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماના આ અષરને ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ે મૌસૂલન આ શબ્દોમાં વર્ણન કર્યો છે. ઈકરમાએ કહ્યું કે હઝરત ઈબ્ને અબ્બાસે મને ઊંટ ઝબહ કરવાનો હુકમ આપ્યો. અને હઝરત અનસ رضی اللہ عنہના આ અષરને ઈમામ અબૂબકર બિન અબૂ શયબાએ મુત્તસિલ સનદ સાથે રિવાયત કર્યો છે. સૈયાહ બજલી કહે છે, મેં હઝરત અનસ رضی اللہ عنہને પૂછયું કે મુહરિમ ઝબહ કરી શકે છે કે નહીં ? આ બંને તઅલીક઼ોથી પ્રકરણને કોઈ સંબંધ નથી.

نَحْوُ الإِبِلِ وَالغَنَمِ وَالبَقَرِ وَالدَّجَاجِ وَالخَيْلِ۔

ઝબહ કરવામાં કોઈ વાંધો જાણતા ન હતા, એટલે શિકાર સિવાય અન્ય જાનવર જેમ કે ઊંટ, બકરી, ગાય, મરઘી ઘોડો."

حدیث ۱۰۶۳ عَنْ عَبْدِاللّٰهِ بْنِ اَبِیْ قَتَادَةَ قَالَ اِنْطَلَقَ اَبِیْ عَامَ الْحُدَیْبِیَّةِ فَاَحْرَمَ

"અબ્દુલ્લાહ ઈબ્ને અબૂ કતાદા رضی اللہ عنہ એ ફર્માવ્યું, મારા પિતા હુદૈબિયાના **[હદીષ : ૧૦૬૩]**

**وھو غیر الصید** : આ હઝરત ઈમામ બુખારીની સ્પષ્ટતા છે, કેમ કે એના પર એકમતિ છે કે મુહરિમ જો શિકાર ઝબહ કરશે તો એના પર બદલો વાજિબ છે.

– : **یقال عدل مثل فاذاکسرت قلت عِدلٌ فھوزنة۔ ذلك قیامًا قِوَامًا یعدلون یجعلون له عدلا۔عدل** અયનના ફતહા (ઝબર)ની સાથે મિષ્લ (સમાન)ના અર્થમાં છે. **عِدل** અને ઝેરની સાથે સમાન વજનના અર્થમાં છે. **قیاماً**નો અર્થ **قواماً** છે. **یعدلون**નો અર્થ છે કે એના સમાન ઠરાવે છે.

એનાથી આગલા પ્રકરણના હેઠળ સૂરએ માઈદાની આયતે કરીમા **لَا تَقْتُلُوا الصَّیْدَ وَاَنْتُمْ حُرُم** નકલ કરી હતી એમાં આ પણ છે : **جزأ مثل ما قتل من ال‌عم یحکم به ذوا عدل** "જે શખ્સ ઈરાદાપૂર્વક કોઈ શિકારને મારી નાખે તો તેનો બદલો છે કે કત્લ થનાર જાનવરના બરાબર આપે જેનો ફૈસલો બે ષિકહ માણસો કરે." *(માઈદા–૯૫)*

આ આયતે કરીમા પછી છે : **اَوْعَدْلُ ذٰلِكَ صِیَامًا** અથવા એના બરાબર રોઝા. ઈમામ બુખારી એ આદત પ્રમાણે એની તફસીર કરી કે **عِدل** અયનના ઝબર તથા ઝેર બંનેની સાથે છે. પ્રથમનો અર્થ "બરાબર" છે અને બીજાનો "સમવજન", "સમ માત્રા" છે. આગળ કુર્આન મજીદમાં છે :–

**جَعَلَ اللّٰهُ الْکَعْبَةَ الْبَیْتَ الْحَرَامَ قِیاماً لِلنَّاس** "અલ્લાહે કા'બાને ઈજ્જતવાળુ ઘર લોકોના રોકાણનો સબબ બનાવ્યું." *(માઈદા–૯૭)*

તો **قیماً**ની તફસીર ફર્માવી કે આ **قواماً**ના અર્થમાં છે. એટલે જેના પર લોકોની સલામતી તથા વ્યવસ્થા હોય. આ રીતે કુર્આન મજીદમાં વિવિધ જગાએ **یَعْدِلُوْنَ۔** આવેલ છે. તેની પણ તફસીર ફર્માવી આપી કે એનો અર્થ આ છે : કાફિર પોતાના રબના બરાબર ઠરાવે છે.

**લતીફો** : હઝરત સઈદ બિન જુબૈર رضی اللہ عنہ જયારે ગિરફતાર થઈને હજ્જાજ બિન યૂસુફની પાસે લાવવામાં આવ્યા તો તેણે પૂછયું, મને શું સમજો છો ? ફર્માવ્યું, **انت القاسط العادل** તું કાસિત તથા આદિલ છે. કિસ્તનો અર્થ પણ અદ્લો ઈન્સાફ છે. એના પર આખો દરબાર આશ્ચર્ય ચક્તિ થઈ ગયો કે આ દરબાર બહાર હજ્જાજને શું શું કહેતા હતા ! અને હવે જાનના ભયથી આદિલ, ન્યાયી કહી રહ્યા છે ! લોકો આશ્ચર્યથી એકબીજાને જોવા લાગ્યા. હજ્જાજે પોતાની ફિતરી ચાલાકીથી ભાંખી લીધું, તેણે દરબારીઓને કહ્યું, તમે લોકો સમજ્યા પણ કે એણે મને શું કહ્યું છે ?! તેણે મને જહન્નમી તથા કાફિર કહ્યો છે. કુર્આન મજીદમાં છે : **وَاَمَّا الْقَاسِطُوْنَ فَکَانُوْا لِجَهَنَّمَ حَطَبًا۔** "અને જાલિમ જહન્નમનું બળતણ થશે." *(જિન : ૧૫)*

અને ફર્માવ્યું : **ثُمَّ الَّذِیْنَ کَفَرُوْا بِرَبِّهِمْ یَعْدِلُوْنَ۔** "વળી કાફિર પોતાના રબના બરાબર ઠરાવે છે." *(સૂરએ અન્આમ, આયત : ૧)*

હવે લોકોની આંખો ખુલી અને માનવું પડયું કે અલ્લાહના શેર ગરદન પર તલ્વાર હોવા છતાં હક્ક જ કહે છે.

**સમજૂતી : ૧૦૬૩** આ હદીષ બુખારી શરીફમાં આઠ તરીકાઓથી રિવાયત પામેલી છે, અને દરેક

اَصْحَابُهٗ وَلَمْ يُحْرِمْ وَحُدِّثَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنَّ

વરસે ચાલ્યા. એમના સાથીઓએ એહરામ બાંધ્યો અને તેમણે ન બાંધ્યો અને નબી صلی اللہ علیہ وسلم ને

عَدُوًّا يَّغْزُوْهُ فَانْطَلَقَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَبَيْنَمَا

બયાન કરવામાં આવ્યું કે કોઈ દુશ્મન હુમ્લો કરવા ચાહે છે અને નબી صلی اللہ علیہ وسلم ચાલ્યા.

اَنَا مَعَ اَصْحَابِهٖ يَضْحَكُ بَعْضُهُمْ اِلٰى بَعْضٍ فَنَظَرْتُ فَاِذَا اَنَا بِحِمَارِ

હઝરત અબૂ કતાદાએ કહ્યું, હું સહાબાની સાથે હતો એકાએક સહાબા એકબીજાને જોઈને હસવા લાગ્યા.

وَحْشٍ فَحَمَلْتُ عَلَيْهِ فَطَعَنْتُهٗ فَاَثْبَتُّهٗ وَاسْتَعَنْتُ بِهِمْ فَاَبَوْا

હવે મેં જોયું એક ગોરખર (જંગલી ગધેડો) સામે છે. મેં તેના પર હુમ્લો કરી આપ્યો અને

اَنْ يُّعِيْنُوْنِيْ فَاَكَلْنَا مِنْ لَّحْمِهٖ وَخَشِيْنَا اَنْ نُّقْتَطَعَ فَطَلَبْتُ النَّبِيَّ

તેને ભાલો ખોસીને પાડી નાખ્યું. તે લોકોથી મેં મદદ ચાહી તો લોકોએ મના કરી આપ્યું. હવે અમે તેનો

રિવાયતમાં કાંઈક ઘટાડો વધારો છે. એ સર્વનો સાર એ છે કે ગઝવએ હુદૈબિયાના પ્રસંગે કેમ કે હેતુ ઉમરા કરવાનો હતો એટલા માટે સહાબાએ કિરામે એહરામ બાંધી લીધો હતો. પણ હઝરત અબૂ કતાદા رضی اللہ عنہ ને હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلم એ સદકા વસૂલ કરવા મોકલ્યા હતા અને રસ્તામાં અસ્ફાનમાં આવીને મળ્યા હતા એટલા માટે એમણે એહરામ બાંધ્યો ન હતો. (શર્હે મઆનિયુલ આસાર, ૧/૩૦૦, હજ્જ) હઝરત અબૂ કતાદા માથુ ઝુકાવીને બેસીને ચપ્પલ ઠીક કરી રહ્યા હતા એવામાં ગોરખર દેખાયું. સહાબાએ કિરામ એકબીજાને જોઈને હસવા લાગ્યા. હઝરત અબૂ કતાદાએ માથુ ઉઠાવ્યું અને ગોરખરને જોયુ. તેમણે પોતાના ઘોડા જેનુ નામ જરાદ હતું તેની ઝીન કસી અને સવાર થઈ ગયા પણ કોરડો તથા ભાલો લેવાનુ ભૂલી ગયા. લોકોથી માંગ્યો પણ કોઈએ ન આપ્યો. એના પર એમને ગુસ્સો આવ્યો અને ઘોડેથી ઉતરીને કોરડો તથા ભાલો લીધો અને ગોરખરનો શિકાર કરી લીધો. હવે લોકોને કહ્યું કે આવો ! એને ઉઠાવીને લઈ ચાલો ! પણ કોઈ તૈયાર ન થયું, સૌએ ના પાડી દીધી. એ જાતે જ ઉઠાવી લાવ્યા. અમુક લોકોએ એને ખાધો અને બીજાએ એને ન ખાધો, પણ વસવસો સૌને રહ્યો. તેમણે એક આગલી રાન છુપાવી લીધી અને જ્યારે હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلم સાથે મુલાકાત થઈ તો પૂરો બનાવ કહી સંભળાવ્યો. પૂછયું, તમે લોકોએ બતાવ્યું તો ન હતું ? એના તરફ ઈશારો તો કર્યો ન હતો ? લોકોએ અર્ઝ કરી, નહીં ! ફર્માવ્યું, ખાવ ! (અને પૂછયું) અને એનો કાંઈક હિસ્સો તમારી પાસે છે ? અર્ઝ કરી, આગલી રાન છે. હુઝૂરે તેને લીધું અને ખાધુ અને અન્ય લોકોએ પણ ખાધુ.

**عام الحديبة** : પણ વાકેદીએ રિવાયત કરી કે બનાવ ઉમરતુલ કઝામાં બન્યો હતો.

**ان عدوا يغزوه** : એનાથી મુરાદ એ છે કે ખબર મળી કે અરબના કેટલાક લોકો મદીના તયબહ પર હુમ્લો કરવા ચાહે છે. મુન્ઝરીએ કહ્યું કે હઝરત અબૂ કતાદાને મદીનાવાસીઓએ આ ખબર મળ્યા બાદ હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં જાણ કરવા માટે મોકલ્યા હતા એટલા માટે એમણે એહરામ બાંધ્યો ન હતો.

**ان تقتطع** : કેમ કે શિકારનો ગોશ્ત અલગ કરવા અને તેને શેકવા, પકાવવા, ખાવામાં ખાસ્સો સમય વપરાય ગયો અને હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلم સતત ચાલતા રહ્યા અને ઘણા દૂર નીકળી ગયા હતા. પણ ત્યાર પછીની રિવાયતમાં

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَرْفَعُ فَرَسِىْ شَاْوًا وَّاَسِيْرُ

ગોશ્ત ખાધો અને અમને અંદેશો થયો કે ક્યાંક અમે છૂટા ન પડી જઈએ. હવે મેં નબી ﷺની તલાશ શરૂ

شَاْوًا فَلَقِيْتُ رَجُلًا مِّنْ بَنِىْ غِفَارٍ فِىْ جَوْفِ اللَّيْلِ قُلْتُ اَيْنَ

કરી. ક્યારેક ઘોડાને તેજ દોડાવતો ક્યારેક સામાન્ય ગતિએ ચલાવતો. રાતમાં મારી મુલાકાત બની ગફ્ફારના

تَرَكْتَ النَّبِىَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ تَرَكْتُهٗ بِتَعْهِنَ وَهُوَ

એક શખ્સથી થઈ. મેં પૂછયું, તેં નબી ﷺને ક્યાં છોડયા ? તેણે જણાવ્યું, હું હુઝૂરથી તઅહિનમાં જુદો થયો

قَائِلٌ السُّقْيَا فَقُلْتُ يَارَسُوْلَ اللّٰهِ اِنَّ اَهْلَكَ يَقْرَءُوْنَ عَلَيْكَ

હતો અને હુઝૂર ﷺનો ઈરાદો સુક્યામાં ક્યલૂલા કરવાનો હતો. (મેં રસૂલુલ્લાહ ﷺ સાથે મુલાકાત કરી)

છે કે અબૂ કતાદાએ ખિદમતે અક્દસમાં હાજર થઈને અર્ઝ કરી : **قد خشوا ان يقتطعهم العدو دونك** "આપના સહાબાને અંદેશો છે કે દુશ્મન તેમને હુઝૂરથી અલગ ન કરી આપે." જાહેર છે કે બંનેમાં વિરોધાભાસ નથી.

**بتعهم** : તઅહિન એક જગાનું નામ છે એમાં નીચે પ્રમાણે લુગાત (શબ્દકોશ) છે : (૧) "તા"ને ઝબર, અયન જઝમ, "હા" મકસૂર (ઝેર). (૨) એ જ વિગત મુજબ "તા"ને ઝેર (૩) "તા" તથા "હા"ને ઝબર (૪) "તા" તથા અયનને ઝમ્મા (પેશ) અને "હા"ને તશ્દીદ (૫) એ જ વિગત સાથે "તા"ને ઝેર પણ અસ્હાબે હદીષ અયનને જઝમ પઢે છે. **تعهن** સુક્યાથી ત્રણ માઈલના અંતરે એક ઝરણાનું નામ છે. સુક્યા મક્કા મોઅઝ્ઝમા તથા મદીના મુનવ્વરાના દરમિયાન ફુરઅના આસપાસમાં એક વસ્તીનું નામ છે. ફુરઅ એક શહેર છે. મતલબ એ થયો કે તે ગિફારી એવું બતાવવા ચાહે છે કે મેં હુઝૂરને તઅહિનમાં છોડયા છે. અને હુઝૂર સુક્યા પહોંચીને ક્યલૂલાનો ઈરાદો ધરાવતા હતા.

**ان اهلك** : "અહલ"થી અઝવાજે મુતહ્હરાત (પુનિત પત્નીઓ) પણ મુરાદ હોય શકે છે, કેમ કે ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا હુદૈબિયામાં સાથે હતાં. અને અસ્હાબ પણ મુરાદ થઈ શકે. જેમ કે બીજી રિવાયતમાં આવેલ છે.

અહીં "**وكنا مع النبى ﷺ بالقاحة**" "અમે નબી ﷺની સાથે કાહામાં હતા. કાહા મદીના તયબહથી ત્રણ મંઝિલના અંતર પર સુક્યાથી એક માઈલ પહેલાં છે. (૧/૨૪૬) છે **باب لايعين المحرم الحلال يقتل الصيد** માં છે એટલે કે ગોરખરના શિકારનો કિસ્સો કાહામાં ઉપસ્થિત થયો હતો. એમાં એ પણ છે કે હું એક ટેકરીની આડથી ગયો અને ગોરખરને ઘાયલ કરી નાખ્યો.

એના પછી (૨/૨૪૬) **باب لا يشير المحرم الى الصيد لكى يصطاده الحلال** માં છે : **حرج حاجاً** એટલે કે રસૂલુલ્લાહ ﷺ હજ્જના ઈરાદાથી નીકળ્યા. હમણા રિવાયત વર્ણન થઈ કે આ બનાવ હુદૈબિયા કે ઉમરતુલ કઝાના પ્રસંગે પેશ આવ્યો હતો. અને બુધ્ધિનો પણ એ જ તકાઝો છે. એટલા માટે કે હજ્જના પ્રસંગે પુષ્કળ મજમો હતો, કોઈ દુશ્મનનો કોઈ ખતરો ન હતો અને ન કોઈની હિંમત હતી કે મદીના તયબહ તરફ આંખ ઉઠાવીને જોતો.

અલ્લામા ઈબ્ને હજરે એ જવાબ આપ્યો કે **حاجا** મજાઝ છે **معتمرا**થી, અને કોઈ અજુગતુ નથી. બંનેમાં સરવાળે હાજરી બયતુલ્લાહની છે. આગળ છે :–

السَّلَامُ وَرَحْمَةُ اللّٰهِ اِنَّهُمْ قَدْ خَشُوْا اَنْ يُّقْتَطَعُوْا دُوْنَكَ فَانْتَظِرْ

*અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હુઝૂર તઅલ્લુકવાળા સલામ અર્ઝ કરે છે અને તેમને અંદેશો છે કે ક્યાંક તેઓ*

هُمْ - قُلْتُ يَارَسُوْلَ اللّٰهِ اَصَبْتُ حِمَارَ وَحْشٍ وَّعِنْدِىْ مِنْهُ

*વિખૂટા ન પડી જાય, એમની રાહ જોઈ લો. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મેં એક ગોરખર (જંગલી ગધેડા)ને*

**فصرف طائفة منهم ابو قتاده فقال خذوا ساحل البحر حتى نلتقى**

**فاخذوا ساحل البحر فلما انصرفوا احرموا كلهم الا ابو قتاده**

"હુઝૂરે એક ગિરોહને જેમાં અબૂ કતાદા પણ હતા સમુદ્ર કિનારા તરફ મોકલ્યું અને ફર્માવ્યું, અમને આવીને મળી લેજો. એ લોકો કિનારા તરફથી ચાલ્યા અને જ્યારે પરત થયા તો સૌએ એહરામ બાંધી લીધો, સિવાય અબૂ કતાદા.

આ ગિરોહને સમુદ્ર કિનારાના રસ્તેથી મોકલવામાં બે હિકમતો હોય શકે છે. એક એ કે વર્ણન થઈ ચૂક્યું કે હુઝૂરે અક્દસ ﷺને માહિતગાર કરવામાં આવ્યા હતા કે કોઈ દુશ્મન મદીના તયબહ પર હુમ્લો કરવા ચાહે છે. શક્ય છે કે એ દુશ્મન દરિયા કિનારાના માર્ગ તરફનો રહ્યો હોય. પરિસ્થિતિની તેહકીક માટે તથા પ્રભાવિત કરવા માટે એ તરફ મોકલ્યા હોય. બીજુ વર્ણન થઈ ચૂક્યું કે તેમને ઝકાત વસૂલ કરવા માટે મોકલવામાં આવ્યા હતા. શક્ય છે કે વસૂલાત એ બાજુ કરવાની હતી અથવા બંનેવ હેતુ રહ્યા હોય.

**الا ابو قتاده** : એના પર બે શંકાઓ છે : પ્રથમ એ કે રાવી ખૂદ અબૂ કતાદા છે તો તેમણે ફર્માવવું જોઈતુ હતું કે **الا انا** "પણ મેં" અને આ જ શક આના પહેલાં પણ એક જગા ખડો થયેલો છે કે ફર્માવ્યું, **فيهم ابو قتاده** અલ્લામા અયનીએ જવાબ આપ્યો કે એમાં તજરીદ છે. બીજી શંકા એ છે કે અહીં **احرموا كلهم الا ابو قتادة لم يحرم**માં **مستثنىٰ بِالَّا** કલામે મુજબમાં આવેલા છે એટલા માટે **مستثنىٰ**ને નસબ હોવું જોઈએ અને અબૂ કતાદાને બદલે અબા કતાદા હોવું જોઈતુ હતું. અને એ જ કશહમીનીની રિવાયત છે અને મુસ્લિમની પણ. પણ મોટાભાગની રિવાયત **الا ابو قتادة** રફઅની સાથે છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું, આ મઝહબ મોટા ભાગના મુતાખ્ખેરીન બસરીય્યીનનો છે. પણ કુર્આને કરીમમાં **مستثنىٰ بِالَّا** મરફૂઅ કલામે મુજબમાં હોવા છતાં આવેલ છે. ઈર્શાદ છે : **فشربوا منه الا قليل منهم** અને હદીષમાં **و كل امتى معافا الا المهاجرون** અહીં બંને જગાએ **مستثنىٰ بِالَّا** કલામે મુજિબમાં છે અને મરફૂઅ છે. એનો ખુલાસો આ છે : **الا** અર્થમાં **لكن**ના ઈસ્તેદરાકના માટે છે. એટલે સૌએ પીધું અલ્બત્ત થોડાક લોકોએ ન પીધું.

દરેક ઉમ્મતીની બખ્શિશ થશે પણ એલાનિયા (ખુલ્લમ ખુલ્લા) ગુનાહ કરવાવાળાઓની નહીં થાય. એ જ પ્રમાણે આ પણ છે કે સૌએ એહરામ બાંધી લીધો હતો પરંતુ અબૂ કતાદાએ ન બાંધ્યો હતો.

કૂફીઓએ કહ્યું કે આ પ્રકારના પ્રસંગો પર **الا** (ઈલ્લા) હરફે અતફ છે, એનો માબઅદ માકબ્લ પર મઅતૂફ. એટલા માટે એનો એ જ એઅરાબ છે જે માકબ્લનો છે. અલ્લામા કિર્માનીએ ફર્માવ્યું, એ એના મઝહબના એતબારથી છે જેણે ઈબ્ને અબી તાલિબને દુરુસ્ત કહ્યા છે.

એ રિવાયતમાં આ પણ છે : **رواحمر وحش** બહુવચન સાથે એટલે ગોરખોરોને લોકોએ જોયાં. મતલબ એ છે કે એનું ટોળુ હતુ. આગળ છે : **فعقروا منها اتانا** એટલે કે એક માદાનો શિકાર કર્યો. અંતમાં છે કે હુઝૂરે અક્દસ ﷺએ સહાબાએ કિરામથી પૂછયું, શું તમે એમને હુકમ આપ્યો હતો અથવા ઈશારો કર્યો હતો ? સહાબાએ કહ્યું કે નહીં ! તો ફર્માવ્યું, ખાવ.

فَاضِلَةٌ فَقَالَ لِلْقَوْمِ كُلُوْا وَهُمْ مُحْرِمُوْنَ ع ه

*હાંસલ કર્યુ છે અને મારી પાસે એનું કાંઈક બચેલુ છે. હુઝૂરે લોકોને ફર્માવ્યું, ખાવ ! જો કે લોકો એહરામ બાંધેલ હતા." (બુખારી ૧/૨૪૫, ૨૪૬, ૩૪૯, ૧/૪૦૦, જેહાદ, ૨/૫૯૭, મગાઝી, ૨/૮૧૪, અલ્અત્ઈમ્મહ, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ–મનાસિક, તિર્મિઝી, નિસાઈ–હજ્જ, ઈબ્ને માજહ–મનાસિક)*

## بَابُ اِذَا اَهْدٰى لِلْمُحْرِمِ حِمَارًا وَّحْشِيًّا حَيًّا لَّمْ يَقْبَلْ

**મુહરિમને જો કોઈ જીવંત ગોરખર હદિયો કરે તો ન સ્વીકારે** –*(પેજ : ૨૪૬)*

حديث ١٠٦٤ عَنِ الصَّعْبِ بْنِ جَثَّامَةَ اللَّيْثِيِّ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّهُ

*"હઝરત સઅબ બિન જષ્ષામા લયષી رحمۃ اللہ علیہ થી રિવાયત છે કે હુઝૂર તથા સહાબા* **[હદીષ : ૧૦૬૪]**

اَهْدٰى لِرَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ حِمَارًا وَّحْشِيًّا وَّ

*અબ્વા અથવા વદ્દાનમાં હતા એવામાં રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં એમણે ગોરખરનો હદિયો પેશ કર્યો.*

**مابقى من لحمها** : કિતાબુલ હિબામાં છે : **فرحنا وخبأت العضد معى** "અને ખુશ થયા અને મેં બાઝુ (આગલી રાંગ) પોતાની સાથે છુપાવી લીધો." આગળ છે, હુઝૂરે તેને ખાધુ ત્યાં સુધી કે હાડકુ રહી ગયું. કિતાબુલ જેહાદમાં છે કે **ومعنا رجله** અને એક રિવાયતમાં છે : બંને હુઝૂરના માટે દસ્ત ઉઠાવી રાખેલ છે. આ સૌમાં કોઈ ટકરાવ નથી. થયું એ હશે કે આગળ કોઈ ટાંગની રાન બચાવી હશે એન પર રિજલ પણ સાદિક્ આવે છે અને અઝુદ (બાવડુ) પણ અને ઝિરાઅ (ખભો) પણ.

**મસાઈલ** : આ હદીષથી નીચે મુજબના ફાયદાઓ હાંસલ થયા : (૧) એહરામની હાલતમાં શિકાર જાઈઝ નથી. (૨) મુહરિમે એ જાઈઝ નથી કે શિકારનો પતો કોઈ ગૈર મુહરિમને બતાવે અથવા શિકાર તરફ ઈશારો કરે. (૩) ગૈર મુહરિમનો કરેલો શિકાર મુહરિમ ખાય શકે છે. (૪) મુહરિમનો કરેલો શિકાર મુરદારના હુકમમાં છે. (૫) ગોરખર જંગલી ગધેડુ જેને આપણા વિસ્તારમાં ઘન્ટર, રોજ અને અમુક ઈલાકાઓમાં સાંભર કહે છે એ હલાલ છે. એના જાઈઝ હોવા પર સર્વ ઈમામોની એકમતિ છે પણ દેવબંદી એને હરામ કહે છે. કટકના મુનાઝરામાં તેમણે બે કલાક એના પર બહષ કરી અને છેવટ સુધી ન માન્યા. (૭) શિકારને ધારદાર હથિયાર વડે ઝખ્મી કર્યુ અને મરી ગયું, ઝબહ ન કરી શકાયું તો એ હલાલ છે, ઝખ્મ ગમે ત્યાં લાગ્યો હોય. (૮) હુઝૂરે અક્દસ ﷺના મુબારક યુગમાં પણ ઈજતેહાદ દુરુસ્ત હતો અને એના પર અમલ પણ જાઈઝ હતો કેમ કે એના બારામાં કોઈ હુકમ ન હતો કે જો હિલમાં ગૈર મુહરિમ શિકાર કરે તો મુહરિમે એને ખાવું જાઈઝ છે કે નહીં. સહાબાએ કિરામે પોતાના ઈજતેહાદથી અમલ કર્યો.

**સમજૂતી : ૧૦૬૪**

હઝરત સઅબ બિન જષ્ષામા رضی اللہ عنہ હઝરત અબૂ સુફયાનના ભાણ્યા, તેમની બહેન ફાખ્તા કે ઝયનબના સાહબઝાદા છે. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની ખિલાફતના અંતિમ દૌરમાં વફાત પામ્યા. વદ્દાનમાં રહેતા હતા. ફારસના પાટનગર ઈસ્તખરની ફતહમાં શરીક હતા. આ ફતહના મોક્ા પર કોઈકે ઉડાવી આપ્યું કે દજ્જાલ નીકળી આવ્યો, એના પર હઝરત સઅબે આ હદીષ વર્ણવી કે મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું છે કે દજ્જાલ તે

هُمْ بِالْاَبْوَاءِ اَوْ بِوَدَّانَ فَرَدَّ عَلَيْهِ فَلَمَّا رَاٰی مَا فِیْ وَجْهِهٖ قَالَ

*હુઝૂરે તેને પરત કરી આપ્યો. જ્યારે એમના ચેહરા પર નિરાશાની અસર જોઈ તો ફર્માવ્યું,*

اِنَّا لَمْ نَرُدَّهٗ عَلَيْكَ اِلَّا اَنَّا حُرُمٌ عه

*અમે કેવળ એ કારણે પરત કર્યું છે કે અમે એહરામની હાલતમાં છીએ.''*

સમય સુધી નહીં નીકળે જ્યાં સુધી લોકો એને ભૂલી નહીં જાય. એ કુરૈશના હલીફ હતા અને મુહલમ બિન જષામાના ભાઈ હતા. (અસાબા, ૨/૧૮૪) અબ્વા, ફુરઅના વિસ્તારમાં એક પહાડનું નામ છે. મદીનાની તરફથી જોહફાથી એનું અંતર ૩૩ માઈલ છે. તેને અબ્વા એટલા માટે કહે છે કે અહીં પુરનું પાણી જમા થાય છે જેના કારણે અહીં મોટાભાગે વબા રહે છે. હુઝૂરે અક્દસ ﷺનાં વાલિદા સૈયદા આમિના رضی اللہ عنہا વફાત પામ્યાં હતાં અને અહીં મઝારે પાક છે. (ઈ.સ. ૧૯૯૬ ના વરસે નજદી વહાબી જાલિમોએ એ મઝાર મુબારકને તોડી પાડયું છે. –અનુવાદક)

**وَدَّان (વદ્દાન)** : અબ્વાથી છ માઈલના અંતરે એક ઘણી જ મોટી વસ્તીનું નામ છે. હઝરત સઅદ બિન જષામા અહીં રહેતા હતા. એ રાવીનો શક છે અને અધિક્તર ગુમાન એ છે કે શક હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી થયો છે.

**انه اهدی** : બુખારીની રિવાયતમાં ન જીવતાનો શબ્દ છે ન ઝબહ પામેલનો પણ ઈમામ બુખારી પોતાની રીતે એ સમજ્યા કે ઝિંદા જ પેશ કર્યું હશે એટલા માટે હુઝૂરે અક્દસ ﷺએ પરત કર્યું. નહીં તો હઝરત અબૂ ક્તાદાવાળી રિવાયતથી ટકરાવ ઉભો થશે. પણ ઘણી રિવાયતમાં એ સ્પષ્ટતા છે કે ઝબહ થયેલ હતું અને તેનો એક ટુકડો પેશ કર્યો હતો. અમુક રિવાયતોમાં થાપુ (સુરીન) છે અમુકમાં પગ. એનાથી એ લોકો દલીલ કરે છે કે જેઓ કહે છે કે મુહરિમે શિકાર ખાવો મુત્લક્ન મના છે ભલે ગૈર મુહરિમે શિકાર કર્યો હોય અને ઝબહ કર્યું હોય. પણ જ્યારે આ હદીષ ખૂદ મુઝતરિબ (શબ્દોમાં હેરફેર) છે તો હઝરત અબૂ ક્તાદાની હદીષથી વિરુદ્ધ નથી.

**لم نرده** : કશ્હમીનીની રિવાયત لَمْ نَرُدُّهٗ ફક્કે ઈદ્ગામ (ઈદ્ગામ વિના) છે. મુઝાઅફ મઝમૂમુલ અયન જ્યારે જઝ્મની હાલતમાં હોય તો એમાં ચાર લુગાત છે. ફતહ, કેમ કે એ અખફુલ હરકાત છે. અયનની મુતાબેઅતમાં ઝમ્મા (પેશ). કસ્રા એટલા માટે કે સાકિનને જ્યારે હરકત આપવામાં આવે છે તો કસ્રાની જ આપવામાં આવે છે. અન ફક્કે ઈદગામ, એટલા માટે કે એ જ અસ્લ છે. આ ત્યારે છે જ્યારે છેવટ ''હા'' ન લાહિક્ હોય. અને જો ''હા'' લાહિક્ હોય તો કસ્રાને છોડીને ત્રણેવ સ્થિતિઓ જાઈઝ છે.

## بَابُ مَا يَقْتُلُ الْمُحْرِمُ مِنَ الدَّوَابِّ ص۲۴۶

**મુહરિમ ક્યાં જાનવરોને મારી શકે છે ?** –(પેજ : ૨૪૬)

حدیث ۱۰۶۵ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا اَنَّ رَسُوْلَ اللّٰهِ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ **[હદીષ : ૧૦૬૫]**

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ خَمْسٌ مِنَ الدَّوَابِّ لَیْسَ عَلَی

ફર્માવ્યું, પાંચ જાનવરોને મારી નાખવામાં મુહરિમ પર કોઈ ગુનોહ નથી.

الْمُحْرِمِ فِیْ قَتْلِهِنَّ جُنَاحٌ - ح - حَدَّثَتْنِیْ اِحْدٰی نِسْوَةِ النَّبِیِّ

બીજી સનદ સાથે નબી ﷺ નાં એક પાકબીવીથી રિવાયત છે કે

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ

મુહરિમ એને મારી નાખે. બીજી સનદ સાથે છે કે ઉમ્મુલ મો'મિનીન

یَقْتُلُ الْمُحْرِمُ - ح - قَالَتْ حَفْصَةُ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی

હઝરત હફ્સા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ

عَلَیْهِ وَسَلَّمَ خَمْسٌ مِنَ الدَّوَابِّ لَا حَرَجَ عَلٰی مَنْ قَتَلَهُنَّ الْغُرَابُ

ઈર્શાદ ફર્માવ્યો, પાંચ જાનવરોને કોઈ કૃત્લ કરી આપે તો કોઈ વાંધો નથી.

وَالْحِدَاَءُ وَالْفَارَةُ وَالْعَقْرَبُ وَالْكَلْبُ الْعَقُوْرُ عه

કાગડો, ચીલ, વિંછી, કરડતો કૂતરો." (મુસ્લિમ, નિસાઈ–હજ્જ)

حدیث ۱۰۶۶ عَنْ عُرْوَةَ عَنْ عَائِشَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهَا اَنَّ رَسُوْلَ اللّٰهِ

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે **[હદીષ : ૧૦૬૬]**

**સમજૂતી : હદીષ : ૧૦૬૫–૧૦૬૬** دابۃ-دواب નું બહુવચન છે અને મુન્તહલ જુમૂઅના વજન પર હોવાના કારણે ગૈર મુન્સરિફ છે. دَابَّۃٌ મુન્તકિલ કરવાના માટે છે. જમીન પર ચાલનારું દરેક જાનવર دابّ છે, ત્યાં સુધી કે સરકનાર કીડા મકોડા પણ, પરંતુ આમ બોલીમાં ચોપગાંને કહે છે, જેમ કે : ઘોડો, ખચ્ચર વગેરે. અને ક્યારેક તે ચો પગાને કહે છે કે જે સવારીના કામ આવે. એ પાંચ ચીજોમાં ઉર્ફી અર્થના લેહાઝથી કેવળ કૂતરો, દાબ્બહ્ છે. અને શબ્દકોશના એતબારથી ઉંદર, વિંછી પણ. પણ કાગડો તથા ચીલ કોઈ અર્થના એતબારે દાબ્બહ નથી. તેમને બહુમતિનો એતબાર કરતાં દવાબમાં ગણ્યાં. એટલા માટે અમે એનો તર્જુમો જાનવર કર્યો કે

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ خَمْسٌ مِّنَ الدَّوَابِّ كُلُّهُنَّ

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, પાંચ જાનવર ફાસિક઼ છે, તેમને હરમમાં પણ મારવામાં આવે.

فَاسِقٌ يُقْتَلْنَ فِى الْحَرَمِ الْغُرَابُ وَالْحِدَاءَةُ وَالْعَقْرَبُ وَالْفَارَةُ وَالْكَلْبُ الْعَقُوْرُ

કાગડો, ચીલ, વિંછી તથા કરડી ખાતો કૂતરો." (મુસ્લિમ–હજ્જ)

حديث ١٠٦٧ عَنْ عَبْدِ اللّٰهِ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ بَيْنَمَا نَحْنُ مَعَ رَسُوْلِ

"હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہએ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺની સાથે **[હદીષ : ૧૦૬૭]**

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِى غَارٍ بِمِنًى نَزَلَتْ عَلَيْهِ وَالْمُرْسَلٰتُ

અમે લોકો મિનાની એક ગુફામાં હતા એવામાં સૂરએ વલ્મુર્સલાત નાઝિલ થઈ. હુઝૂર તેની તિલાવત કરી રહ્યા

وَاِنَّهٗ لَيَتْلُوْهَا وَاِنِّىْ لَاَتَلَقَّاهَا مِنْ فِيْهِ وَاِنَّ فَاهُ لَرَطْبٌ بِهَا اِذْ وَثَبَتْ

હતા અને હું તેને હુઝૂરના મુખ મુબારકથી સાંભળીને પઢી રહ્યો હતો. હુઝૂરનું મુખ મુબારક એનાથી તર હતું

عَلَيْنَا حَيَّةٌ فَقَالَ النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اقْتُلُوْهَا فَابْتَدَرْ

એવામાં અચાનક એક સાપ કુદયો તો નબી ﷺએ ફર્માવ્યું, એને મારી નાખો. અમે એની તરફ વધ્યા

نَاهَا فَذَهَبَتْ فَقَالَ النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وُقِيَتْ شَرَّكُمْ

એટલામાં તે ભાગી ગયો તો નબી ﷺએ ફર્માવ્યું, તે તમારા શર (બુરાઈ)થી બચી ગયો, જેવી રીતે કે તમે

સર્વ એમાં સામેલ થઈ જાય.

**ફાસિક઼** : ફિસ્ક઼નો અર્થ ખુરૂજ એટલે નીકળવું. ફાસિક઼ને ફાસિક઼ એટલા માટે કહેવામાં આવે છે કે તે શરીઅતની પાબંદીથી બહાર નીકળી જાય છે, પણ એના માટે નાફર્માન હોવું લાઝિમ છે. અને હદીષમાં એ જ અર્થ મુરાદ છે. મુરાદ એ છે કે એ કોઈ છેડે નહીં છતાં કેવળ ઈજા પહોંચાડવા માટે હુમ્લો કરે છે. જેવો કે અનુભવ છે. આ પાંચ જ સીમિત નથી અન્ય પણ જાનવરો એમાં સામેલ છે. સાપ તો હદીષના હુકમથી દાખલ છે, બાકી નીચે પ્રમાણેનાં ક઼યાસથી છે એ પાંચ જાનવરોના ક઼ત્લની ઈલ્લત (સબબ) તેમનું ફાસિક઼ હોવું છે અને નીચેના જાનવરો પણ ફાસિક઼ છે જેથી એહરામની હાલતમાં અને હરમમાં એને પણ ક઼ત્લ કરવું મુબાહ છે. દા.ત. છીપકલી, કાંચડો માંકડ, મચ્છર, માખી વગેરે ખબીષ મુઝી જાનવર.

**સમજૂતી : ૧૦૬૭** તફસીરમાં છે કે તે સાપ પોતાના દરમાં ઘૂસી ગયો. અહીં પ્રકરણ એ છે કે મુહરિમ કયા જાનવરોને મારે અને હદીષમાં કોઈ વર્ણન નથી કે આ હઝરાત મુહરિમ હતા. મિનામાં હોવાથી એ નથી લાગુ થતું કે મુહરિમ રહ્યા હોય. સામાન્યતઃ હાજીઓ દસ ઝીલ હજજના રમી તથા કુર્બાની કરીને એહરામ ખોલી નાખે છે અને હુઝૂરે અકદ઼સ ﷺના બારામાં તો સ્પષ્તતા છે કે દસ ઝીલ હજ્જે એહરામ ખોલી નાખ્યો અને અધિક્તર ગુમાન એ જ છે કે સહાબાએ કિરામે પણ. તો કમસે કમ અબ્દુલ્લાહ બિન મસઊદ હદીષના રાવીએ

كَمَا وُقِيتُمْ شَرَّهَا ۔ قَالَ اَبُوْ عَبْدِ اللّٰهِ اِنَّمَا اَرَدْنَا بِهٰذَا اَنَّ مِنًى

લોકો તેની બુરાઈથી બચી ગયા. અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ ફર્માવ્યું, આ હદીષના વર્ણનથી

مِنَ الْحَرَمِ وَاَنَّهُمْ لَمْ يَرَوْا بِقَتْلِ الْحَيَّةِ بَأْسًا

અમારી મુરાદ એ છે કે મિના હરમથી છે અને એ લોકોએ ત્યાં સાપને મારી નાખવામાં કોઈ વાંધો ન જાણ્યો."

حدیث ١٠٦٨ عَنْ عَائِشَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهَا زَوْجِ النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

"રસૂલુલ્લાહ ﷺના રફીક઼એ હયાત ઉમ્મુલ મો'મિનીન **[હદીષ : ૧૦૬૮]**

وَسَلَّمَ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لِلْوَزَغِ فُوَيْسِقٌ

હઝરત આઈશા رضی اللہ عنہا થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે છીપકલી ફાસિક઼ છે

وَلَمْ اَسْمَعْهُ اَمَرَ بِقَتْلِهٖ ۔ ع ہ

અને મેં નથી સાંભળ્યું કે એને મારી નાખવાનો હુકમ આપ્યો હોય."

(હયાતુલ હયવાન, ૨/૩૮૦, બહવાલા તારીખે ઈબ્ને નજાર)

પણ જરૂર એહરામ ખોલી આપ્યો હતો.

**જવાબ** : આ હદીષની આ રિવાયતમાં એના પર કોઈ દલીલ નથી કે આ બનાવ એહરામની હાલતમાં થયો હતો, પણ ઈસ્માઈલીએ નુમેર અન હફ્સ બિન ગયાસના તરીક઼ામાં સ્પષ્ટતા કરી છે કે આ બનાવ અરફાની રાતમાં બન્યો હતો એ વખતે આ સર્વ હઝરાત એહરામમાં હતા. એ ગુફા હજી પણ સલામત છે અને તેની ઝિયારત કરવામાં આવે છે.

**મસાઈલ** : આ હદીષથી સાબિત થયું કે સાપનું એહરામની હાલતમાં ખાસ હરમમાં ક઼ત્લ કરવું જાઈઝ છે, એના પર ક઼યાસ કરીને સર્વ મુઝી જાનવરોનો ક઼ત્લ પણ જાઈઝ છે. જેમ કે છીપકલી, કાંચડો, મચ્છર, માંકડ, પિસ્સુ, માખી વગેરે. એનાથી સાબિત થયું કે સાપને જોતાં જ ક઼ત્લ કરી દેવો જોઈએ. અમુક હદીષોથી ઘરોના સાપનું અપવાદ હોવું જાહેર થઈ રહ્યું તે પણ એ શર્ત પર કે પ્રથમ તેમને ચેતવવામાં આવે છતાં ઘર ન છોડે તો તેને પણ મારી નાખવામાં આવે.

અમુકે ફર્માવ્યું કે આ કેવળ મદીના તય્યબહ સાથે ખાસ છે, કેમ કે હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું, મદીનામાં અમુક જિન છે જેઓ મુસલમાન થઈ ગયા છે. (મુસ્લિમ ૨/૨૩૫) ઈમામ માલિકે ફર્માવ્યું, મદીના જ ખાસ નથી દરેક આબાદીઓનો એ જ હુકમ છે. અમુક ઉલમાએ ફર્માવ્યું, **સાપને જ્યાં જુઓ મારી નાખો, ચાહે આબાદીમાં હોય ઘરમાં હોય, જંગલમાં હોય, કેમ કે હદીષમાં મુત્લક઼ન (વિના શર્તે) તેના ક઼ત્લનો હુકમ છે.**

**સમજૂતી : ૧૦૬૮** وزغ : કાંચંડાને પણ કહે છે અને છીપકલીને પણ કહે છે. ઈમામ નવવીએ ફર્માવ્યું, قال اهل اللغة الوزغ وسام ابرص جنس فسام ابرص كباره وزغ તથા سام ابرص એક જિન્સ (જાતિ) છે. અને سام ابرص તેમના મોટાને કહે છે. અલ્લામા દમીરી (હયાતુલ હયવાન, ૨/૩૭૯)એ લખ્યું :

دویبة معروفةوھی وسام ابرصجنس ''મશહૂર નાનુ સરખુ જાનવર છે, આ અને છીપકલી એક જાતિ છે. અલ્લામા કિર્માની (ઉમ્દતુલ કારી, ૧૦/૧૮૫)એ ફર્માવ્યું, وزغ એક જાનવર છે જેના પગો હોય છે અને તે ઘાસનાં મૂળ ોમાં દોડે છે. ઈબ્ને અષીરે (અગાઉ જેમ) કહ્યું કે એ છીપકલી છે.

لم اسمعه امربقتله : وزغને મારવાનો હુકમ બીજી હદીષોમાં આવેલો છે. ખૂદ બુખારી (૧/૪૭૩ અલ્અંબિયા)માં જ હઝરત ઉમ્મે શરીક رضی اللہ عنہاથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ وزغને મારી નાખવાનો હુકમ આપ્યો અને ફર્માવ્યું કે એ હઝરત ઈબ્રાહીમ علیہ السلام પર ફૂંકતો હતો. મુસ્નદે અહમદ (૬/૮૨) તથા ઈબ્ને માજહ માજહ (અસ્સૈદ–૨૪૦)માં ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاના બારામાં છે કે તેમના ઘરમાં બરછી રાખેલી હતી. પૂછવામાં આવ્યું આનાથી શું કરો છો ? આનાથી وزغ મારું છું એટલા માટે કે નબી ﷺએ અમને ખબર આપી છે કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام આગમાં ફેંકવામાં આવ્યા તો રૂએ જમીન પર કોઈ એવું જાનવર ન હતું જેણે એને હોલાવવાની કોશિશ ન કરી હોય સિવાય وزغના, કે એ આગને ફૂંકતુ હતું. એ કારણે રસૂલુલ્લાહ ﷺએ એના કત્લનો હુકમ આપ્યો.

બલ્કે એક હદીષમાં છે કે નબી ﷺએ ફર્માવ્યું કે જે وزغને પ્રથમ હુમ્લામાં મારી નાખે એના માટે સો નેકી, અને જે બીજામાં મારે તેને એનાથી કમ અને જે ત્રીજામાં મારે એને એનાથી કમ. (મુસ્લિમ, ૨/૨૩૬) આ સવાબની વધઘટ મારનારના ધ્યાનની વધઘટના કારણે છે કે જેને એને મારવાની તરફ સંપૂર્ણ આકર્ષણ હશે પૂરા ધ્યાનપૂર્વક મારશે એટલા માટે તેને સૌથી વધુ સવાબ છે. અને જે ઓછુ આકર્ષણ રાખશે તે ઓછા ધ્યાનપૂર્વક મારશે એટલા માટે એના સવાબમાં કમી થશે.

હઝરત ઈબ્રાહીમ علیہ السلامની આગ પર ફૂંકવાથી એ જાણવા મળ્યું કે એ ખૂબ જ બદ્મિજાઝ જાનવર છે અને બીજાને તકલીફ પહોંચાડવામાં લાલચી, અને જાનવરોની પ્રકૃતિ બદલાતી નથી એટલા માટે આજે જે એની નસલથી જોવા મળે છે તે પણ એના જેમ બદ્મિજાઝ ખબીષુન્નફ્સ છે એટલા માટે એમને મારવાનો હુકમ આપ્યો છે. તે એટલુ બદમિજાઝ છે કે જે વાસણમાં પાણી પીએ છે તેમાં પોતાનું ઝહેર મિલાવી આપે છે જેને પીવાથી શરીર પર ડાઘા પડી જાય છે.

હઝરત ઉમ્મુલ મોમિનીને જે ફર્માવ્યું કે મેં હુઝૂરથી એવું નથી સાંભળ્યું કે એના કત્લનો હુકમ આપ્યો છે. એનાથી મુરાદ એ છે કે એહરામની હાલતમાં અને હરમમાં કત્લનો હુકમ આપ્યો હોય. નહીં તો મુત્લક (વિના પાબંદી) કત્લ કરવાનો હુકમ વિવિધ હદીષોમાં આવેલો છે જેમાંથી બે હદીષો ખૂદ ઉમ્મુલ મોમિનીનથી જ મરવી છે. એક હમણા વર્ણન થઈ ચૂકી. બીજી આ છે, ફર્માવે છે કે મેં નબી ﷺથી સાંભળ્યું, ફર્માવતા હતા, જે એક કાંચડા કે છીપકલીને કત્લ કરે અલ્લાહ તેના સાત ગુનાહ મિટાવી દેશે. (હયાતુલ હયવાન ૨/૩૦૦) એના ઉપરાંત ઉમ્મે શરીકની પણ હદીષ વર્ણન થઈ ચૂકી. તેમજ હઝરત સઅદ બિન વક્કાસ, હઝરત ઈબ્ને અબ્બાસ رضوان اللہ تعالٰی علیہم اجمعینથી પણ મરવી છે. હઝરત ઉમ્મુલ મોમિનીનની આ હદીષનો સાર એ છે કે મેં નબી ﷺથી એ નથી સાંભળ્યું કે હુઝૂરે એહરામની હાલતમાં અને હરમમાં કાંચડા–છીપકલીને કત્લનો હુકમ આપ્યો હોય. પણ તેને ફુવૈસિક કહ્યાં છે એટલે મોટો ફાસિક અથવા નાનો ફાસિક. એનાથી જાહેર કે એને એહરામમાં તથા હરમમાં કત્લ કરવામાં કોઈ વાંધો નથી. فویسق (ફુવૈસિક) એ ફાસિકની તસ્ગીર (તુંકારાત્મક રૂપ) છે. એ તુચ્છતા દર્શાવવા પણ આવે છે અને તાઝીમ માટે પણ. પ્રથમ સ્થિતિમાં એનો અર્થ થયો નાનો ફાસિક અને બીજી સ્થિતિમાં મોટો ફાસિક.

## بَابُ لَا يُعْضَدُ شَجَرُ الْحَرَمِ ص ۲۴۷

**હરમનું ઝાડ ન કાપવામાં આવે** -(પેજ-૨૪૭)

حدیث ۱۰۶۹ عَنْ اَبِیْ شُرَیْحٍ الْعَدَوِیْ اَنَّهٗ قَالَ لِعَمْرِو بْنِ سَعِیْدٍ

''અબૂ શુરૈહ અદવીથી મરવી છે કે તેમણે અમ્ર બિન સઈદને કહ્યું જ્યારે કે **[હદીષ : ૧૦૬૯]**

وَهُوَ یَبْعَثُ الْبُعُوْثَ اِلٰی مَکَّةَ اِیْذَنْ لِیْ اَیُّهَا الْاَمِیْرُ اُحَدِّثْكَ

તે મક્કાની તરફ ફોજીઓને મોકલી રહ્યા હતા. હે અમીર ! મને ઈજાઝત આપો કે હું તમારાથી

قَوْلًا قَامَ بِهٖ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ الْغَدَ مِنْ یَّوْمِ الْفَتْحِ

રસૂલુલ્લાહ ﷺનો તે ઈર્શાદ વર્ણવું જે હુઝૂરે ફતહે મક્કાના બીજા દિવસે ફર્માવ્યો, જેને મારા બંને કાનોએ

فَسَمِعَتْهُ اُذُنَایَ وَوَعَاهُ قَلْبِیْ وَاَبْصَرَتْهُ عَیْنَایَ حِیْنَ تَکَلَّمَ بِهٖ

સાભળ્યો અને મારા દિલે એને મેહફૂઝ રાખ્યો છે અને જ્યારે હુઝૂર ઈર્શાદ ફર્માવી રહ્યા હતા તો હુઝૂરને

اَنَّهٗ حَمِدَ اللّٰهَ وَاَثْنٰی عَلَیْهِ ثُمَّ قَالَ اِنَّ مَکَّةَ حَرَّمَهَا اللّٰهُ وَلَمْ

મારી બંને આંખો જોઈ રહી હતી. હુઝૂરે અલ્લાહની હમ્દોષના કરી પછી ફર્માવ્યું કે બેશક !

یُحَرِّمْهَا النَّاسُ فَلَا یَحِلُّ لِامْرِءٍ یُّؤْمِنُ بِاللّٰهِ وَالْیَوْمِ الْاٰخِرِ اَنْ

મક્કાને અલ્લાહે હરમ બનાવ્યું, લોકોએ નથી બનાવ્યું. જે શખ્સ અલ્લાહ પર અને આખેરતના દિવસ પર

**સમજૂતી : ૧૦૬૯**

અબૂ શુરૈહ અદવી رضی اللہ عنہ એમના નામમાં મતભેદ છે. મુહદ્દિષો નજીક સહીહ એ છે કે એમનું નામ ખુવૈલદ છે. અને બાપનું નામ અમ્ર છે. એ બની ખઝાઆના વ્યક્તિ હતા બની અદીથી તેમનો કોઈ વંશિક સંબંધ નથી. ન અદી કુરૈશથી છે ન અદી મુઝરથી છે. પણ ઈમામ બુખારીએ અહીં તેમને 'અલ્અદવી' લખ્યા છે શક્ય છે એ બની અદીના હલીફ (સમર્થક) રહ્યા હોય. એટલા માટે એમને અદવી કહેવામાં આવતા હોય. ફતહે મક્કાથી પહેલાં ઈસ્લામથી પાવન થયા અને ફતહે મક્કાના દિવસે બની ખઝાઆના ઝંડાધારી હતા. આપની મદીના તય્યબહના ઉકલા (ડાહ્યા પુરૂષો)માં ગણના થાય છે. હિ.સ. ૬૮ માં વિસાલ પામ્યા.

**عمرو بن سعید بن العاص بن امیه** : (અમ્ર બિન અશ્દક બિન આસ બિન ઉમૈયા) : **اشدق** એ યઝીદ તરફથી મદીના પાકનો વાલી (ગવર્નર) હતો. અશ્દક્નો અર્થ ખૂબ જ ગાળો આપનાર છે. એ જાહેરમાં મિમ્બર હઝરત અલી کرم اللہ تعالٰی وجہہ الکریم પર તબર્રા બકતો હતો, તેની સજામાં તેને લક્વો થઈ ગયો. હિ.સ. ૭ માં અબ્દુલમલિક બિન મરવાને એને કત્લ કરાવી નાખ્યો. એને મદીનાવાસીઓ 'યતમુશ્શયતાન' શૈતાનની થપ્પડ ખાધેલો પણ કહે છે.

**وهو یبعث البعوث** : **عوث** એ **بعث** નું બહુવચન છે **مبعوث** ના અર્થમાં છે. મુરાદ ફોજ છે. અમીર મુઆવિયહ رضی اللہ عنہના વિસાલ બાદ યઝીદ ગાદી પર બેઠો. હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબેર رضی اللہ عنہમાએ તેની

يَّسْفِكَ بِهَا دَمًا وَّلَا يَعْضُدُ بِهَا شَجَرَةً فَإِنْ أَحَدٌ تَرَخَّصَ لِقِتَالِ

*યક઼ીન રાખે છે તેને એ હલાલ નથી કે અહીં ખૂનરેજી કરે, તેનાં ઝાડો ન કાપવામાં આવે. પછી જો કોઈ*

رَسُوْلِ اللّٰهِ فَقُوْلُوْا لَهٗ إِنَّ اللّٰهَ أَذِنَ لِرَسُوْلِهٖ وَلَمْ يَأْذَنْ لَّكُمْ وَإِنَّمَا

*રસૂલુલ્લાહ ﷺના જંગને દલીલ બનાવીને અહીં લડાઈને જાઈઝ ઠરાવે તો તેને કહી આપ કે અલ્લાહે તેના*

أَذِنَ لِيْ سَاعَةً مِّنْ نَّهَارٍ وَّقَدْ عَادَتْ حُرْمَتُهَا الْيَوْمَ كَحُرْمَتِهَا

*રસૂલને તેની ઈજાઝત આપી હતી અને તમને ઈજાઝત નથી આપી. અને મને પણ દિવસમાં થોડીવારના માટે*

بِالْأَمْسِ وَلْيُبَلِّغِ الشَّاهِدُ الْغَائِبَ فَقِيْلَ لِأَبِيْ شُرَيْحٍ مَا قَالَ لَكَ عَمْرٌو

*ઈજાઝત આપી હતી. અને આજે તેની હુર્મત કાલની જેમ પલ્ટી આવી. અને હાજર ગાયબને પહોંચાડી આપે.*

قَالَ أَنَا أَعْلَمُ بِذٰلِكَ مِنْكَ يَا أَبَا شُرَيْحٍ إِنَّ الْحَرَمَ لَا يُعِيْذُ عَاصِيًا وَّلَا

*અબૂ શુરૈહને પૂછવામાં આવ્યું એના પર અમ્રએ શું કહ્યું, તેમણે બતાવ્યું કે અમ્રે કહ્યું, હું એને તમારા કરતાં*

فَارًّا بِدَمٍ وَّلَا فَارًّا بِخُرْبَةٍ ع‍ـه قَالَ عَبْدُ اللّٰهِ خَرْبَةٌ بَلِيَّةٌ ۔

*અધિક જાણુ છું. હે અબૂ શુરૈહ ! બેશક ! હરમ બાગી, ભાગી છૂટેલો, ક઼ાતિલ તથા ફસાદીને અમન (પનાહ)*

*નથી આપતો. અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ ફર્માવ્યું, ખરબહ્નો અર્થ બલિય્યહ એટલે ફિત્ના ફસાદ છે."*

બયઅત ન કરી અને મક્કા મોઅઝ્ઝમા ચાલ્યા ગયા. ત્યાં પોતાની ખિલાફતનું એલાન કરી આપ્યું. એના પર યઝીદ પલીદે અમ્ર બિન સઈદ મદીનાના ગવર્નરને લખ્યું કે અબ્દુલ્લાહ બિન ઝુબેર સાથે જંગ કરવા લશ્કર મોકલે. એના પર અમ્ર બિન સઈદે હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબેરના ભાઈ અમ્ર બિન ઝુબેરની સરદારીમાં મક્કા મોઅઝ્ઝમા લશ્કર રવાના કર્યું. એ હઝરત અબ્દુલ્લાહના વિરોધી અને બની ઉમૈયાના તરફદાર હતા. અમ્ર બિન ઝુબૈર લશ્કર લઈને ઝૂતુવા સુધી પહોંચ્યો. આ બાજુ મક્કાવાસીઓ નીકળ્યા અને અમ્ર બિન ઝુબૈરને હરાવી દીધો અને ગિરફતાર કરીને લઈ ગયા. હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈરે અમ્રને આરિમના જેલખાનામાં ક઼ેદ કરી દીધો. મદીના તય્યબહમાં કેટલાક લોકોને અમ્રએ એ કારણે માર્યા હતા કે તે હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબેરના સમર્થક હતા એ જુર્મમાં અમ્રથી ક઼ેસાસ લેવામાં આવ્યો અને એમાં તે મરી ગયો. **لا يعيذ** : અહીં આસ઼ીથી મુરાદ બાગી છે. **ولا فأرا بخربة** આ 'ખા' ના પેશ સાથે પણ છે અને ઝબર સાથે પણ. એનો અર્થ ચોરી તથા ફસાદ (ઝઘડો) છે. મતલબ એ થયો કે ચોરી કરીને, ફસાદ મચાવીને જે હરમમાં શરણ (પનાહ) લે તેને ત્યાં પનાહ નથી. મુહદ્દિષ ઈબ્ને બત્તાલે કહ્યું કે **خربة** નો અર્થ ફસાદ (ઝઘડો, દંગલ) છે અને **خِربة** નો અર્થ ચોરી છે. અસ્મઈ વગેરે લુગતવાળાઓ (શબ્દકોશ શાસ્ત્રીઓ)એ કહ્યું કે એ ખાસ ઊંટની ચોરીના માટે બોલવામાં આવે છે.

મુસ્નદે ઈમામ અહમદ (૪/૩૨)માં છે કે અશ્દક઼ યત્મુશ્શયતાનની એ વાત સાંભળીને અબૂ શુરૈહે ફર્માવ્યું, હું ત્યાં મૌજૂદ હતો તું ગાયબ (ગેર હાજર) હતો. રસૂલુલ્લાહ ﷺએ હુકમ આપ્યો હતો કે હાજર ગાયબને પહોંચાડી આપે, મેં પહોંચાડી આપ્યું. **فانت وشانك** તમે જાણો તમારું કામ જાણે. મુસ્નદે ઈમામ અહમદનો આ વધારો એ વાતની દલીલ છે કે અમ્ર બિન સઈદની વાત પર હઝરત અબૂ શુરૈહ સંતુષ્ટ ન થયા પણ એ અશ્દક઼

# بَابُ لَا يَحِلُّ الْقِتَالُ بِمَكَّةَ ص٢٤٧

**મક્કામાં લડાઈ જાઈઝ નથી** *(પેજીસ–૨૪૭)*

حدیث ١٠٧٠ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا قَالَ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰهُ

*હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું કે નબી صلی اللہ علیہ وسلم એ જે દિવસે મક્કા ફતહ કર્યું,* **[હદીષ : ૧૦૭૦]**

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ یَوْمَ افْتَتَحَ مَکَّةَ لَاهِجْرَةَ وَلٰکِنْ جِهَادٌ وَّنِیَّةٌ فَاِذَا

*ઈર્શાદ ફર્માવ્યો, (હવે) હિજરત નથી, હા ! જેહાદ અને નિયત છે. જ્યારે તમને જેહાદના માટે*

યતીમુશશયતાનની બુરાઈથી બચવા માટે ખામોશ રહ્યા, નહીં તો જાહેર છે કે એ પલીદે સરાસર ધોકો આપવા ચાહ્યું હતું. હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબેર رضی اللہ عنہما, ન તો બાગી હતા ન તેમણે કોઈને કત્લ કર્યા હતા અને ન કોઈ ફસાદ મચાવ્યો હતો, પછી એમના મુકાબલામાં લશ્કર મોકલવાનું જાઈઝ હોવાનું ઠરાવવા ઉપરોક્ત શબ્દો કહેવાથી શો ફાયદો છે ?

મુહદિષ ઈબ્ને બત્તાલે ફર્માવ્યું કે ઉલમાએ અહલે સુન્નતની નજીક હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہما યઝીદ તથા અબ્દુલ મલિકના કરતાં ખિલાફતના અધિક હકદાર હતા. ઈમામ માલિકે ફર્માવ્યું કે ઈબ્ને ઝુબૈર અબ્દુલ મલિકથી અધિક ખિલાફતના વધુ હકદાર છે. અને એ બિલકુલ જાહેર છે, એટલા માટે કે હઝરત ઈબ્ને ઝુબૈરની ખિલાફત અબ્દુલ મલિકના બાપથી પણ પહેલાં કાયમ થઈ હતી. યઝીદના મૃત્યુ બાદ લાંબા સમય સુધી સિવાય અબ્દુલ્લાહ બિન ઝુબૈર કોઈ ખલીફા કે સુલ્તાન થવાનું તો દૂર રહ્યું પણ કોઈ દાવેદાર પણ ન હતો. પછી મશહૂર ફસાદી ગિરગીટ ઈબ્ને ગિરગીટ (કાંચડાનો પુત્ર કાંચડો) મરવાને બગાવત કરીને પોતાની કહેવાતી ખિલાફતનું એલાન કર્યું.

રહી ગયો યઝીદ તો અમે મકાલાતે અમજદીમાં ઉઘાડી દલીલોથી સાબિત કર્યું છે કે તે ખલીફા ન હતો. જેથી હવે નિશ્ચિત કે એ યુગમાં ખલીફાએ બરહક્ક હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہما હતા. એટલા માટે એ કોઈ રીતે બાગી ન થયા. તેમને બાગી અથવા **فار ابخربة** કહેવું આ યતીમુશશયતાનની ઈબ્લીસિયત છે.

**ખુલાસો** : મુસ્નદે ઈમામ અહમદ, સહીહૈન શરહે મઆનિયુલ આષાર વગેરેમાં વિવિધ હદીષો આવેલી છે કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, **ان ابراهیم حرم مکة** બેશક ! ઈબ્રાહીમ علیہ السلام એ મક્કાને હરમ બનાવ્યું. અને આ હદીષમાં તાકીદની સાથે છે કે એને અલ્લાહે હરમ બનાવ્યું, લોકોએ નથી બનાવ્યું. જવાબ જાહેર છે કે હઝરત ઈબ્રાહીમને એ અધિકાર કે મક્કાને હરમ બનાવે, એ અલ્લાહ جل جلالہ ની અતાથી હતો. તે અલ્લાહ عزوجل ના નાયબ હતા. અને નાયબ જે કામ કરે છે તે હકીકતમાં મુનાબ (જેનો નાયબ છે તે)નું હોય છે. એનું દૃષ્ટાંત ફતહલ અમીરુલ બુલ્દાન છે. જંગ કરનારા ફતહ કરનારા હકીકતમાં લશ્કરી હોય છે પણ એને સુલ્તાનની તરફ સંબંધિત કરે છે તે એ કારણે છે કે લશ્કરે સુલ્તાનના હુકમથી હુમ્લો કર્યો, જંગ કરી અને જીત પામ્યા.

હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે જેના પર હદ કે કેસાસ વાજિબ હોય તે જો હરમમાં પનાહમાં લઈ લે તો હરમમાં તેના પર ન હદ જારી (લાગુ) કરવામાં આવશે, ન તેનાથી કેસાસ લેવામાં આવશે. અલ્બત્ત તેને મજબૂર કરવામાં આવશે કે હરમથી બહાર નીકળે. જ્યારે બહાર નીકળી આવશે તો સજા દેવામાં આવશે.

**સમજૂતી : ૧૦૭૦** **لا حجرة** : બીજી રિવાયતોમાં **بعد الفتح** છે એટલે કે ફતહે મક્કા પછી હિજરતની ઈજાઝત નથી, અથવા હિજરતનો તે સવાબ નથી જે ફતહે મક્કાથી પહેલાં હતો. અને એનાથી મક્કા મોઅઝ્ઝમાથી

اسْتُنْفِرْتُمْ فَانْفِرُوا عه فَاِنَّ هٰذَا الْبَلَدُ الْحَدِيْث

*બોલાવવામાં આવે તો નીકળી પડો. ત્યાર બાદ હદીષ ૧૦૭૦ છે.*

## بَابُ الْحِجَامَةِ لِلْمُحْرِمِ ٢٤٧

**મુહરિમે પછના લગાડવું** *(પેજ-૨૪૭)*

ت ٣٢١ وَكَوَىٰ ابْنُ عُمَرَ ابْنَهٗ وَهُوَ مُحْرِمٌ

*"અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہએ પોતાના પુત્રને એહરામની હાલતમાં ડામ દીધો."* **[તઅલીક઼ : ૩૨૧]**

મદીના તય્યબહની હિજરત મુરાદ છે. નહીં તો હદીષે સહીહમાં આવેલ છે કે ફર્માવ્યું : **لا ينقطع الهجرة حتى تنقطع التوبة** "જ્યાં સુધી કાફિરો સાથે લડાઈ થતી રહેશે હિજરત અટકશે નહીં. તૌબા અટકતા સુધી હિજરત અટકશે નહીં." *(નિસાઈ ૨/૧૮૨ અલ્બયઅહ, મુસ્નદે ઈમામ અહમદ-૫/૨૭૦)*

દા.ત. દારુલ હર્બથી દારુલ ઈસ્લામની તરફ અથવા દારુલ ઈસ્લામમાં જ કાફિરોનું વર્ચસ્વ થઈ જાય અને પોતાના વતનમાં શઆઈરે ઈસ્લામ (નમાઝ, રોઝા વગેરે) ક઼ાયમ કરવું મૌકૂફ થઈ જાય તો બીજા શહેર તરફ ક઼યામત સુધી બાકી રહેશે. એની પણ સંભાવના છે કે આ ખબર પોતાના હક઼ીક઼ી અર્થમાં હોય એટલે હુઝૂરે અક઼દસ ﷺએ એ ખબર આપી છે કે ફતહે મક્કા પછી હિજરત થશે નહીં કેમ કે મક્કા મોઅઝ઼ઝમા હવે ક઼યામત સુધી દારુલ ઈસ્લામ રહેશે. આ ગૈબની ખબર છે.

**ولكن جهاد ونية** : એટલે કે હવે હિજરત નથી, અલ્બત્ત જેહાદ છે. અને સારી નિય્યત સાથે નેક અમલો બાકી છે જેના પર મહાનથી મહાન સવાબ મળે છે.

**પ્રકરણથી સામ્યતા :** અહીં પ્રકરણ છે : "મક્કામાં લડાઈ (જંગ) જાઈઝ નથી." આ હદીષમાં આગળ છે : **لم يحل القتال فيه لاحد قبلى ولم تحل لى الاساعة من نهار فهو حرام بحرمة الله الى يوم القيٰمة** "મારા પહેલાં કોઈના માટે એમાં જંગ જાઈઝ ન થયો અને મારા માટે પણ દિવસની થોડી મુદત માટે જાઈઝ થયો, હવે એ અલ્લાહના હરમ બનાવવાથી ક઼યામત સુધી હરમ છે." જ્યારે એ ક઼યામત સુધી હરમ છે તો એમાં લડાઈ ક઼યામત સુધી હરામ છે.

### તઅલીક઼ : ૩૨૧ની સમજૂતી

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہના આ "અષર"ને ઈમામ સઈદ બિન મન્સૂરે મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. પૂરો "અષર" આ પ્રમાણે છે : વાક઼િદ બિન અબ્દુલ્લાહને રસ્તામાં બરસામ (છાતીમાં સોજો) થઈ ગયો. તે મક્કા જઈ રહ્યા હતા તો ઈબ્ને ઉમરે તેમને ડામ આપ્યો.

**પ્રકરણથી એકરૂપતા :** પ્રકરણથી એકરૂપતા એ રીતે છે કે પછના લગાડવું (ખરાબ લોહી ચૂંસાડવું) પણ ડાઘવા જેમ ઈલાજ છે, જેવી રીતે આ જાઈઝ તેવી રીતે તે પણ જાઈઝ.

**قال النجارى : وَيَتَدَاوىٰ مَا لَمْ يَكُنْ فِيهِ طِيْبٌ** "દરેક તે દવા વાપરે જેમાં ખુશ્બુ ન હોય." આ હઝરત ઈમામ બુખારીનો ક઼ૌલ છે એના પર વિગતે ચર્ચા અગાઉ થઈ ચૂકી છે.

حديث ١٠٧١ حَدَّثَنَا سُفْيَانُ قَالَ قَالَ لَنَا عَمْرٌو أَوَّلُ شَيْءٍ سَمِعْتُ عَطَاءً

"સુફયાને કહ્યું, મને અમ્ર બિન દીનારે કહ્યું, પ્રથમ હદીષ જે મેં અતાથી સાંભળી **[હદીષ : ૧૦૭૧]**

قَالَ سَمِعْتُ ابْنَ عَبَّاسٍ يَقُولُ احْتَجَمَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

તે આ છે. તેમણે કહ્યું, મેં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ ને એવું ફર્માવતાં સાંભળ્યા કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ

عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ مُحْرِمٌ - ثُمَّ سَمِعْتُهُ يَقُولُ ثَنِي طَاؤُسٌ عَنِ ابْنِ

એહરામની હાલતમાં સીંગી લગાવડાવી. ત્યાર બાદ મેં સાંભળ્યું કે અમ્ર બિન દીનાર કહેતા હતા કે મારાથી

عَبَّاسٍ فَقُلْتُ لَعَلَّهُ سَمِعَهُ مِنْهُمَا ع

તાઉસે હદીષ બયાન કરી. મેં અર્ઝ કરી, શક્ય છે તેમણે બંનેથી સાંભળ્યું હોય."

(૨/૮૪૯–અત્તિબ્બ, મુસ્લિમ–હજ, અબૂ દાઊદ–મનાસિક, તિર્મિઝી–હજ, નિસાઈ–હજ, અસ્સૌમ)

حديث ١٠٧٢ عَنِ ابْنِ بُحَيْنَةَ قَالَ احْتَجَمَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

"હઝરત ઈબ્ને બુહૈના رضی اللہ عنہ એ ફર્માવ્યું, નબી صلی اللہ علیہ وسلم એ મુહરિમ હોવા છતાં **[હદીષ : ૧૦૭૨]**

وَهُوَ مُحْرِمٌ بِلَحْيِ جَمَلٍ فِي وَسَطِ رَأْسِهِ ع

લહા જમલમાં સીંગી લગાવડાવી." (લોહી ચૂંસાવ્યું) (૨/૮૪૯ અત્તિબ્બ)

**સમજૂતી : ૧૦૭૧**

**ઈસ્નાદનો ખુલાસો** : હઝરત અમ્ર બિન દીનારે આ હદીષ બે શયખથી સાંભળી છે. એક હઝરત અતાથી બીજા તાઉસથી. જેમ કે ખૂદ બુખારીમાં જ કિતાબુત્તિબ્બ અને મુસ્લિમમાં સ્પષ્ટતા છે : **عن عمرو عن عطاء وطاؤس عن بن عباس** અલ્બત્ત આ પ્રથમ હદીષ છે કે જે અમ્ર બિન દીનારે હઝરત અતાથી સાંભળી છે.

**સમજૂતી : ૧૦૭૨**

કિતાબુત્તિબ્બની રિવાયતમાં એટલુ વધારે છે કે આ સીંગી મક્કાના રસ્તામાં લગાવડાવી હતી. માથામાં કાંઈક તકલીફ થઈ ગઈ હતી, જેવું કે ઈબ્ને અબ્બાસથી જ કિતાબુત્તિબ્બમાં મરવી છે. જાઝમી વગેરેએ કહ્યું કે આ હજ્જતુલ વિદાઅમાં થયુ હતું. જો સીંગી લગાડવામાં વાળોને મૂંડવા પડે તો ગમે તેમ પણ ફિદિયો વાજિબ છે, ચાહે જરૂરત લીધે લગાવડાવે ચાહે જરૂરત પર. લહા જમલ, મક્કા મોઅઝ્ઝમા તથા મદીના તય્યબહ વચ્ચે એક જગાનું નામ છે જે મદીનાથી અધિક નિકટ છે. જેણે એવું કહ્યું કે એનાથી ઊંટનાં જડબાં મુરાદ છે અને એ સીંગી લગાડવાનાં ઓજાર છે, એણે ગલત કહ્યું,

## بَابُ تَزْوِيجِ الْمُحْرِمِ

**મુહરિમનું શાદી કરવું** –(પેજ–૨૪૮)

حدیث ۱۰۷۳ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે નબી ﷺ એ* **[હદીષ : ૧૦૭૩]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ تَزَوَّجَ مَيْمُوْنَةَ وَهُوَ مُحْرِمٌ ع‍ه

*"મૈમૂના"થી એહરામની હાલતમાં શાદી કરી."*

*(૨/૬૧૧ મગ઼ાઝી, ૨/૬૬ અન્નિકાહ, મુસ્લિમ–નિકાહ, અબૂ દાઊદ–મનાસિક, મુસ્નદે ઈમામ અહમદ ૧/૨૪૫)*

**સમજૂતી : ૧૦૭૩**

મગ઼ાઝીમાં આ પ્રમાણે છે કે નબી ﷺ એ એહરામની હાલતમાં મૈમૂનાથી શાદી કરી. અને હલાલ હોવાની હાલતમાં ઝુફાફ (પ્રથમ રાત) ફર્માવ્યો. અને એમનો વિસાલ સરફમાં થયો અને એ જ છાપરામાં દફન થયાં જ્યાં ઝુફાફ ફર્માવ્યો હતો. કેવળ વિસાલ જ નહીં નિકાહ, ઝુફાફ પણ ત્યાં જ થયો હતો.

**એહરામની હાલતમાં નિકાહ** : આ હદીષ આપણી દલીલ છે કે એહરામની હાલતમાં નિકાહ સહીહ છે, અલ્બત્ત ઝુફાફ (સુહાગરાત) મના છે. પણ હઝરત ઈમામ શાફઈ, ઈમામ માલિક તથા ઈમામ અહમદ رضوان اللہ تعالی علیہم اجمعین એ ફર્માવ્યું કે એહરામની હાલતમાં નિકાહ બાતિલ છે. એ હઝરાતની દલીલ આ હદીષ છે કે હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہ એ તલ્હા બિન્તે ઉમર ઈબ્ને શયબા બિન જુબેરથી નિકાહનો ઈરાદો કર્યો તો અમીરે હજ અબાન બિન ઉષ્માન رضی اللہ عنہ ની પાસે ખબર મોકલી કે તે નિકાહની મજલિસમાં હાજરી આપે. તો અબાને એવું કહ્યું કે હઝરત ઉષ્માન رضی اللہ عنہ થી મેં સાંભળ્યું છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે મુહરિમ કોઈ અન્યના નિકાહ ન કરે ન ખૂદ કરે, ન નિકાહનો પયગામ મોકલવામાં આવે. *(મુસ્લિમ ૧/૪૫૩ નિકાહ, અબૂ દાઊદ, ૧/૨૫૫ મનાસિક)*

મુસ્લિમની એક રિવાયતમાં છે કે હજમાં એ ઈરાદો કર્યો. અબૂ દાઊદની રિવાયતમાં છે કે બંનેવ એહરામમાં હતાં. ઈમામ તહાવી, અલ્લામા અયની વગેરે હનફી ઈમામોએ ઉઘાડી દલીલો વડે હઝરત ઈબ્ને અબ્બાસની આ હદીષની એના વિરોધાભાસી હદીષ પર અગ્રતા સાબિત કરી છે. આ આજિઝની નજીક આ હદીષની અગ્રતાનું મોટુ કારણ એ છે કે હઝરત ઈબ્ને અબ્બાસની આ હદીષને તેમના મહાન શાગિર્દો હઝરત અતા, હઝરત ઈકરમા, હઝરત અબૂ શઅશાઅ, હઝરત તાઊસ, હઝરત મુજાહિદ, હઝરત સઈદ બિન જુબેરે રિવાયત કરી છે તેમજ એની સમર્થક ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا, હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની હદીષો છે જે એ હઝરાતથી પણ આ જ શબ્દોમાં રિવાયત પામેલ છે. ઉમ્મુલ મોમિનીનની હદીષ (ઉમ્દતુલ ક઼ારી, ૧૦/૧૯૫)ને ઈબ્ને હબ્બાને પોતાની સહીહમાં, બયહક઼ીએ પોતાની સુનનમાં રિવાયત કરી. અને ઈમામ તહાવીએ શરહે મઆનિયુલ આષાર (૧/૩૧૫ હજ)માં આ શબ્દો સાથે રિવાયત કરી : **تزوج بعض نسائه وهو محرم** અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની હદીષ (ઉપર મુજબ હવાલો)ને ઈમામ તહાવીએ શરહે મઆનિયુલ આષારમાં રિવાયત કરી.

# بَابُ مَا يُنْهَى مِنَ الطِّيبِ لِلْمُحْرِمِ وَالْمُحْرِمَةِ

**મુહરિમ પુરૂષ તથા સ્ત્રીએ ખુશ્બુ લગાડવી મના છે** –(પેજ–૨૪૮)

ت ۳۲۲ قَالَتْ عَائِشَةُ لَا تَلْبَسُ الْمُحْرِمُ ثَوْبًا بِوَرْسٍ اَوْ زَعْفَرَانٍ -

**[તઅલીક઼ : ૩૨૨]** "હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે, મુહરિમ વર્સ તથા ઝઅફરાનથી રંગેલુ કપડુ ન પહેરે."

# بَابُ الْاِغْتِسَالِ لِلْمُحْرِمِ

**મુહરિમનું ગુસ્લ કરવું** –(પેજ : ૨૪૮)

ت ۳۲۳ وَقَالَ ابْنُ عَبَّاسٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا يَدْخُلُ الْمُحْرِمُ الْحَمَّامَ -

**[તઅલીક઼ : ૩૨૩]** "અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, મુહરિમ હમ્મામમાં પ્રવેશે"

ت ۳۲۴ وَلَمْ يَرَ ابْنُ عُمَرَ وَعَائِشَةُ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا بِالْحَكِّ بَأْسًا -

**[તઅલીક઼ : ૩૨૪]** 'હઝરત ઈબ્ને ઉમર તથા હઝરત ઉમ્મુલ મોમિનીન આઈશા رضی اللہ عنہا એ ખંજવાળવામાં કોઈ વાંધો ન જાણ્યો."

## તઅલીક઼ : ૩૨૨ની સમજૂતી

આ તઅલીક઼ને ઈમામ બયહક઼ીએ મુત્તસિલ સનદ સાથે વર્ણવી છે. આ મસ્અલા પર અગાઉ વિગતે ચર્ચા થઈ ચૂકી છે.

## તઅલીક઼ : ૩૨૩–૩૨૪ની સમજૂતી

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ તથા હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہના અષરને ઈમામ બયહક઼ીએ અને ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہાના અષરને ઈમામ માલિક (મોઅત્તા–હજ, ૧૪૭)એ મૌસૂલન વર્ણવી છે. એહરામની હાલતમાં વાળ તોડવા, ઉખેડવા અથવા વાળોને એ પ્રમાણે ખેંચવા કે ઉખડી જાય, અને જૂવો મારવી મના છે. નહાવા તથા ખંજવાળવામાં વાળોને તૂટવાનો તથા ઉખડવાનો ખતરો છે, જૂવોને મરવાનો પણ ખતરો છે જેથી એ પ્રશ્ન ખડો થાય છે કે મુહરિમ નહાય શકે છે કે નહીં ? ખંજવાળ લાગે તો શરીર, માથુ ખંજવાળી શકે છે કે નહીં ?

સાવધાનીપૂર્વક એવી રીતે નહાવું કે વાળ ન તૂટે અને શરીર મસળવું કે ખંજવાળવું જાઈઝ છે, અલ્બત્ત બોરડી કે ખુત્મીના પાણી વડે ન નહાય કે જૂવો મરી જાય એ મના છે.

حدیث ۱۰۷۴ عَنْ إِبْرَاهِيمَ بْنِ عَبْدِ اللهِ بْنِ حُنَيْنٍ عَنْ أَبِيهِ أَنَّ عَبْدَ اللهِ

**[હદીષ : ૧૦૭૪]** "અબ્દુલ્લાહ ઈબ્ને હુનૈનથી મરવી છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ

بْنَ عَبَّاسٍ وَالْمِسْوَرَ بْنَ مَخْرَمَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا اخْتَلَفَا بِالْأَبْوَاءِ

તથા હઝરત મિસ્વર ઈબ્ને મખ્રમા رضی اللہ عنہم એ "અબ્વા"માં મતભેદ કર્યો. અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસે કહ્યું કે

فَقَالَ عَبْدُ اللهِ بْنُ عَبَّاسٍ يَغْسِلُ الْمُحْرِمُ رَأْسَهُ وَقَالَ الْمِسْوَرُ لَا

મુહરિમ પોતાનુ માથુ ધોશે અને મિસ્વરે કહ્યું કે નહીં ધૂએ. તો અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસે મને હઝરત અબૂ

يَغْسِلُ الْمُحْرِمُ رَأْسَهُ فَأَرْسَلَنِي عَبْدُ اللهِ بْنُ عَبَّاسٍ إِلَى أَبِي أَيُّوبَ

ઐયૂબ અન્સારી رضی اللہ عنہ ની પાસે મોકલ્યો. મેં તેમને કૂવાના બંને થાંભલાઓ વચ્ચે કપડાંથી પડદો કરીને ગુસ્લ

الْأَنْصَارِيِّ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ فَوَجَدْتُهُ يَغْتَسِلُ بَيْنَ الْقَرْنَيْنِ

કરતા જોયા. મેં તેમને સલામ કહી તો પૂછયું, કોણ છે ? મેં અર્ઝ કરી, અબ્દુલ્લાહ ઈબ્ને હુનૈન છું.

وَهُوَ يُسْتَرُ بِثَوْبٍ فَسَلَّمْتُ عَلَيْهِ فَقَالَ مَنْ هٰذَا فَقُلْتُ أَنَا عَبْدُ

મને અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસે આપની પાસે મોકલ્યો છે, તે પૂછી રહ્યા છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم

اللهِ بْنُ حُنَيْنٍ أَرْسَلَنِي إِلَيْكَ عَبْدُ اللهِ بْنُ عَبَّاسٍ يَسْأَلُكَ كَيْفَ

એહરામની હાલતમાં પોતાના સર મુબારકને કેવી રીતે ધોતા હતા ? હઝરત અબૂ ઐયૂબે

كَانَ رَسُولُ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ يَغْسِلُ رَأْسَهُ وَهُوَ مُحْرِمٌ

પોતાનો હાથ કપડા પર રાખીને તેને નીચુ કર્યું એટલું કે તેમનુ માથુ જાહેર થઈ ગયું,

فَوَضَعَ أَبُو أَيُّوبَ يَدَهُ عَلَى الثَّوْبِ فَطَأْطَأَهُ حَتَّى بَدَا لِي رَأْسُهُ ثُمَّ

પછી તે શખ્સને ફર્માવ્યું જે પાણી રેડી રહ્યો હતો કે પાણી રેડ ! તેણે તેમના માથા પર પાણી રેડયું.

قَالَ لِإِنْسَانٍ يَصُبُّ عَلَيْهِ اصْبُبْ فَصَبَّ عَلَى رَأْسِهِ ثُمَّ حَرَّكَ

ત્યારબાદ પોતાના બંને હાથો વડે માથાને હલાવ્યું, બંને હાથ આગળ લાવ્યા

**સમજૂતી : ૧૦૭૪**

આ હદીષથી સાબિત થયું કે મુહરિમ નહાય પણ શકે છે અને પોતાના માથા તથા શરીરને મસડી પણ શકે છે, એ શરત કે વાળ ન તૂટે. તેમજ એ પણ સાબિત થયું કે ગુસ્લની હાલતમાં વાતચીત કરવી જાઈઝ છે. તેમજ એ

رَأسَهُ بِيَدَيْهِ فَأَقْبَلَ بِهِمَا وَأَدْبَرَ فَقَالَ هٰكَذَا رَأَيْتُهُ صَلَّى اللّٰهُ تَعَالٰى

પછી પાછળ લઈ ગયા. હવે ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺને આ

عَلَيْهِ وَسَلَّمَ يَفْعَلُ ع‍ه

જ પ્રમાણે કરતા જોયા."

(મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ–હજ્જ, મોઅત્તા ઈમામ માલિક–હજ્જ)

## بَابُ لُبْسِ السِّلَاحِ لِلْمُحْرِمِ

**મુહરિમનું હથિયાર પહેરવું** –(પેજ : ૨૪૯)

ت ۳۲۵ وَقَالَ عِكْرِمَةُ إِذَا خَشِيَ الْعَدُوَّ لَبِسَ السِّلَاحَ وَافْتَدٰى وَلَمْ

"અને ઈકરમાએ ફર્માવ્યું, જ્યારે દુશ્મનનો ભય હોય તો હથિયાર પહેરી લે **[તઅલીક઼ : ૩૨૫]**

يُتَابَعْ عَلَيْهِ فِي الْفِدْيَةِ۔

અને ફિદિયો આપે. ફિદિયાના બારામાં તેમનુ અનુસરણ નથી કરવામાં આવ્યું."

حدیث ۱۰۷۵ عَنِ الْبَرَاءِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ اعْتَمَرَ النَّبِيُّ صَلَّى اللّٰهُ

"હઝરત બરાઅ رضی اللہ عنہએ કહ્યું, નબી ﷺએ ઝીક઼અદામાં ઉમરાનો ઈરાદો કર્યો **[હદીષ : ૧૦૭૫]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِي ذِي الْقَعْدَةِ فَأَبٰى أَهْلُ مَكَّةَ أَنْ يَدَعُوهُ

તો મક્કાવાસીઓ હુઝૂરના મક્કામાં પ્રવેશ પર ત્યાં સુધી રાજી ન થયા જ્યાં સુધી એ નક્કી ન થઈ ગયું કે

يَدْخُلَ مَكَّةَ حَتّٰى قَاضَاهُمْ لَا يُدْخِلُ مَكَّةَ سِلَاحًا إِلَّا فِي الْقِرَابِ ع‍ه

મક્કામાં એ સ્થિતિમાં દાખલ થશે કે હથિયાર થેલાઓમાં હોય." (૧/૩૭૧ અસ્સુલહ, તિર્મિઝી–અસ્સુલહ)

પણ સાબિત થયું કે સહાબાએ કિરામમાં જો મતભેદ હોય તો તેમનામાંથી તેનો જ ક઼ૌલ હુજ્જત (દલીલ પાત્ર) છે જેનો પાયો શરઈ દલીલ પર હોય, ચાહે કિતાબુલ્લાહ હોય કે સુન્નત એટલે હદીષ હોય.

**તઅલીક઼ : ૩૨૫ની સમજૂતી** **ولم يتابع عليه فى الفديه** ઈમામ બુખારીનો ક઼ૌલ છે એટલે કે મુહરિમને જ્યારે દુશ્મનનો ડર હોય તો હથિયાર લગાડી શકે છે. એના પર એકમતિ છે કે ઈમામ ઈકરમાએ ફર્માવ્યું કે એના પર ફિદિયો વાજિબ છે, પણ એવું અન્યએ નથી કહ્યું.

**સમજૂતી : ૧૦૭૫** આ સુલહે હુદૈબિયાનો બનાવ છે જે વિગતવાર કિતાબુસ્સુલહમાં આવશે. **قواب** ચામડાનો થેલો જે ઊંટ તથા ઘોડા પર બાંધી દેવામાં આવે છે જેમાં સવાર હથિયાર, કોરડો વગેરે સામાન રાખે છે. સુલહે હુદૈબિયાની એક શર્ત એ પણ હતી કે આવતા વરસે જ્યારે આવો તો હથિયારોમાં કેવળ તલ્વાર રહે

## بَابُ دُخُوْلِ الْحَرَمِ وَمَكَّةَ بِغَيْرِ اِحْرَامٍ

**હરમ તથા મક્કામાં વિના એહરામે પ્રવેશ** –(પેજ : ૨૪૯)

ت ٣٢٦ وَدَخَلَ ابْنُ عُمَرَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا حَلَالًا

*"અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما મક્કામાં એહરામ વિના પ્રવેશ્યા."* **[તઅલીક઼ : ૩૨૬]**

حدیث ١٠٧٦ عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم મક્કામાં* **[હદીષ : ૧૦૭૬]**

અને તે પણ મ્યાનમાં અને મ્યાન થેલામાં રહે.

**પ્રકરણથી એકરૂપતા** : અહીં પ્રકરણનું ટાઈટલ છે : મુહરિમનું હથિયાર પહેરવું, અને હદીષમાં છે કે હથિયાર થેલામાં રહે. એનાથી પ્રકરણ એ રીતે સાબિત થાય છે કે એ શરત કે તલ્વાર મ્યાનમાં રહે અને મ્યાન થેલામાં એ મક્કાવાસીઓએ લગાડી હતી. જો એહરામની હાલતમાં હથિયાર પહેરવું મના હોત તો હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم ફર્માવી આપત કે આ શરતની શું જરૂરત ! એહરામમાં હથિયાર પહેરવાં જ મના છે ! અમે પોતે જ મઝહબી પાબંદીના કારણે હથિયાર પહેરીશું નહીં. હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمનું એવું ન ફર્માવવું દલીલ છે કે એહરામની હાલતમાં હથિયાર પહેરી શકે છે.

### તઅલીક઼ : ૩૨૬ની સમજૂતી

આ તઅલીક઼ને ઈમામ માલિકે મોઅત્તા (જામિઉલ ફિદિયા : ૧૭૪)માં અને ઈમામ અબૂબક્ર ઈબ્ને અબી શયબાએ પોતાના મુસન્નફમાં સનદે મુત્તસિલની સાથે વર્ણવી છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما મક્કાથી મદીના તય્યબાહ આવી રહ્યા હતા. કુદૈદ પહોંચ્યા તો એ ખબર મળી કે મદીના પર ફિત્નાખોરોએ હુમ્લો કરી આપ્યો છે તો મક્કા મોઅઝ્ઝમા વિના એહરામે પરત થઈ ગયા. લગભગ હર્રાના બનાવ વખતે આવું થયું.

**જે લોકો મીક઼ાતની અંદર હોય** તેઓ જો મક્કા મોઅઝ્ઝમા હજ્જ કે ઉમરા સિવાય કોઈ કામથી આવે તો **તેમના પર એહરામ વાજિબ નથી.** પરંતુ જે લોકો **મીક઼ાતની બહાર હોય** અને મક્કા મોઅઝ્ઝમા જવા ચાહે તો **એમના પર એહરામ વાજિબ** છે ભલે તેઓ હજ્જ કે ઉમરાના માટે ન જાય, ત્યાં સુધી કે મક્કા મોઅઝ્ઝમાના રહેવાસીઓ પણ કોઈક કામથી મીક઼ાતની બહાર જાય તો પરત થતાં એહરામ બાંધવો જરૂરી છે. અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما કુદૈદથી પરત થયા એ મીક઼ાતની અંદર છે.

**ઈમામ બુખારીનો મઝહબ** : એ છે કે મક્કા મોઅઝ્ઝમામાં પ્રવેશવા માટે એહરામ તેના પર જ વાજિબ છે જે હજ્જ કે ઉમરાના ઈરાદે મક્કા મોઅઝ્ઝમા જાય, પરંતુ જો કોઈ અન્ય કામો માટે જવા ચાહે છે તો એના પર એહરામ વાજિબ નથી. એમની દલીલ એ છે કે મીક઼ાત પર એહરામ બાંધવાનો હુકમ કેવળ એમને જ ફર્માવ્યો જે હજ્જ કે ઉમરાનો ઈરાદો ધરાવે છે. ઈર્શાદ છે : **من اراد الحج والعمرة** "એનો ઉલ્ટો ભાવાર્થ એ છે કે જેનો હજ્જ કે ઉમરાનો ઈરાદો ન હોય એના પર એહરામ નથી. પણ આ ભાવાર્થ આપણે ત્યાં વિશ્વસનીય નથી એટલા માટે એમની દલીલ પરિપૂર્ણ નથી.

**સમજૂતી : ૧૦૭૬** **مغفر،غفر،يغفر** થી ઈસ્મે આ'લા છે એનો અર્થ ઢાંકવું છે. લોંખડની જાળીદાર ટોપી જેને લડાઈના પ્રસંગે માથા પર રાખે છે. એટલે ખૌદ. એક રિવાયતમાં **من حديد** પણ આવ્યું છે, એટલે કે લોખંડની ટોપી.

دَخَلَ عَامَ الْفَتْحِ وَعَلٰى رَأْسِهِ الْمِغْفَرُ فَلَمَّا نَزَعَهُ جَاءَهُ رَجُلٌ فَقَالَ إِنَّ ابْنَ خَطَلٍ

*ફતહના વરસે પ્રવેશ્યા અને હુઝૂરના સરે અક્દસ (માથા મુબારક) પર ખોદ (લોખંડનો હેલ્મેટ) હતો જ્યારે*

مُتَعَلِّقٌ بِأَسْتَارِ الْكَعْبَةِ فَقَالَ اقْتُلُوْهُ ،ع

*એને ઉતાર્યો તો એક સાહબ હાજર થયા અને અર્ઝ કરી, ઈબ્ને ખતલ કા'બાના પડદાઓથી ચીપકેલો છે.*

*ફર્માવ્યું, એને કત્લ કરી દો !''*

*(ઉપર મુજબ, ૧/૪૨૭, જેહાદ, ૨/૬૧૪ મગાઝી, ૨/૮૬૪ લિબાસ, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ, તિર્મિઝી–જેહાદ, નિસાઈ–મનાસિક, ઈબ્ને માજહ–જેહાદ, દારમી–મનાસિક, જેહાદ, મોઅત્તા ઈમામ માલિક–હજ્જ, મુસ્નદે ઈમામ અહમદ, ૩/૧૦૯)*

ખૂદ હઝરત અનસ رضی اللہ عنہથી જ બીજી રિવાયતમાં આવ્યું છે, નબી ﷺ જ્યારે યૌમે ફતહ (વિજયના દિવસે) મક્કામાં પ્રવેશ્યા તો માથા મુબારક પર કાળો અમામો હતો અને હઝરત જાબિર رضی اللہ عنہથી પણ એ જ મરવી છે. (મુસ્લિમ ૧/૪૩૯ હજ્જ) તેમજ તેમનાથી જ એક રિવાયતમાં છે : **من غير احرام**

**વર્ગીકરણ** : એ બંનેમાં વર્ગીકરણ એ છે કે એમાં કોઈ વિરોધાભાસી નથી. શક્ય છે કે અમામાની ઉપર લોખંડની ટોપી રહી હોય, અને એ પણ શક્ય છે કે લોખંડની ટોપી નીચે હોય અને ઉપર અમામો હોય.

**ઈબ્ને ખતલ** : ફતહે મક્કાના પ્રસંગે આમ એલાન હતું કે જે શખ્સ હથિયાર નાખી દે તેને અમાન છે, જે મસ્જિદે હરામમાં આવી જાય, જે ઘરનો દરવાજો બંધ કરી લે તેને અમાન છે. જે અબૂ સુફયાનના ઘરમાં ચાલ્યો જાય તેને અમાન છે. પણ ૧૧ પુરૂષો અને છ સ્ત્રીઓ માટે આમ એલાન હતું કે જ્યાં મળે ત્યાં કત્લ કરી દેવામાં આવે. તે પુરૂષોમાંથી સાતને માફી મળી ગઈ અને સ્ત્રીઓ ચાર કત્લ થઈ અને બેને માફી મળી. અગ્યાર પુરૂષો આ પ્રમાણે છે : અબ્દુલ ઉઝ્ઝા બિન ખતલ, અબ્દુલ્લાહ બિન અબૂસ્સરાહ, ઈકરમા બિન અબૂ જહલ, સફવાન બિન ઉમૈયા, હુવૈરષ બિન નુકૈદ, મુકીસ બિન સબાબા, હબ્બાર બિન અસ્વદ, કઅબ બિન ઝુહૈર, વહશી, અબ્દુલ્લાહ બિન અઝઝબઅરી શાઈર, હારિષ બિન તલાતલા, આમાં લીટી કરેલ સર્વ માર્યા ગયા. અને આવી છ સ્ત્રીઓ આ છે : હિન્દ બિન્ત ઉત્બહ, અબૂ સુફયાનનાં પત્ની જિગર ખ્વાર, કુરૈબા, કરતના. આ બંને ઈબ્ને ખતલની લોંડીઓ હતી. જેઓ હુઝૂરે અક્દસ ﷺની હિજ્જૂ (ચાળા પાડી હસી ઉડાવવી) ગાતી હતી. અર્નબ, આ પણ ઈબ્ને ખતલની લોંડી હતી. સબારહ, બની મુત્તલિબ કે અમ્ર બિન હિશામની બાંદી હતી. આ જ તે સ્ત્રી છે જેના ઝરીયા હઝરત હાતિબ બિન બલ્તઆ رضی اللہ عنہએ કુરૈશની પાસે પત્ર મોકલ્યો હતો, ઉમ્મે સઅદ. એમનામાંથી અર્નબ, ઉમ્મે સઅદ કત્લ કરવામાં આવી અને સારહના બારામાં એક રિવાયત એ છે કે એ પણ કત્લ થઈ. અને એ પણ રિવાયત છે કે એને પણ અમાન મળી, અને પછી ઈસ્લામથી પાવન થઈ. બાકીનીને માફી મળી ગઈ. એ સૌનો જુર્મ અને પછી કત્લ અને અમાન મળવાની તફસીર હદીષ તથા સિયરની કિતાબોમાં વર્ણન થયેલ છે. ઈબ્ને ખતલ પહેલાં મુસલમાન થઈને મદીના તય્યબહ હાજર થયો. એનું નામ અબ્દુલ ઉઝ્ઝા હતું. હુઝૂરે અક્દસ ﷺએ બદલીને અબ્દુલ્લાહ રાખ્યું. એનો જુર્મ એ હતો કે એને એક અન્સારી સહાબીની સાથે ઝકાત વસૂલ કરવાના માટે મોકલ્યો હતો, અને એક ખાદિમ પણ સાથે કરી આપ્યો હતો. મોકો પામીને અન્સારને કત્લ કરી આપ્યા અને એક મંઝિલ પર ખાદિમને કહ્યું કે એક બકરો ઝબહ કરીને ખાણુ તૈયાર કર. ઈબ્ને ખતલ સૂઈ ગયો અને ખાદિમ પણ સૂઈ ગયો. જ્યારે ઈબ્ને ખતલ જાગ્યો અને જોયું કે ખાદિમે ખાવા તૈયાર નથી કર્યું તો એને કતલ કરી નાખ્યો અને એ ડરથી કે મદીના પાછો જઈશ તો કેસાસમાં માર્યો જઈશ જેથી પોતે

## بَابُ إِذَا أَحْرَمَ جَاهِلًا وَعَلَيْهِ قَمِيصٌ ص ۲۴۹،

**"અજ્ઞાનતામાં કુર્તો પહેરેલ હાલતમાં એહરામ બાંધી લે."**

ت ۳۲۷ وَقَالَ عَطَاءٌ إِذَا تَطَيَّبَ أَوْ لَبِسَ جَاهِلًا أَوْ نَاسِيًا فَلَا كَفَّارَةَ عَلَيْهِ

*"અજ્ઞાનતામાં કે ભૂલીને એહરામની હાલતમાં ખૂશ્બૂ ઘસી લે અથવા કપડુ પહેરી લે તો એના પર કફ્ફારો નથી." (પેજ : ૨૪૯)* **[તઅલીક઼ : ૩૨૭]**

મુર્તદ થઈને મક્કા પરત ચાલ્યો ગયો. અને મશ્રિકોને કહ્યું, તમારો દીન એમના કરતાં સારો છે. ત્રીજો જુર્મ એ હતો કે તેની લોંડીઓ હુઝૂર ﷺની હિજ્જો ગાતી હતી. *(ઉમ્દતુલ ક઼ારી, ૧૦/૨૦૭, ૨૦૮)*

એ જાન બચાવવા માટે કા'બાના પર્દાઓમાં છુપાઈ ગયો. હુઝૂરે અક઼દસ તવાફ કરી રહ્યા હતા એવામાં અબૂ બરઝહ અસ્લમી અથવા સઈદ બિન હુવૈરષે કહ્યું, યા રસૂલલ્લાહ ! આ ઈબ્ને ખતલ કા'બાના પર્દાઓમાં ચીપકેલો છે. ઈર્શાદ ફર્માવ્યો, એને ક઼ત્લ કરો ! એ સાંભળતાં જ એને કા'બાના પર્દાએથી ઘસેડીને ઝમઝમ અને મક઼ામે ઈબ્રાહીમની વચ્ચે ક઼ત્લ કરી દેવામાં આવ્યો. એને ક઼ત્લ કરવાની સઆદત કોને હાંસલ થઈ એના બારામાં ચાર હઝરાતનું નામ આવે છે : હઝરત ઝુબેર બિન અવ્વામ, હઝરત અમ્માર બિન યાસિર, હઝરત અબૂ બરઝહ અસ્લમી, હઝરત સઈદ બિન હુવૈરષ. ઉલમાએ વર્ગીકરણ આપવાની પણ કોશિશ કરી છે.

**પ્રકરણથી એકરૂપતા :** પ્રકરણથી મળતાપણુ એ છે કે જો હુઝૂરે અક઼દસ ﷺ એહરામની હાલતમાં હોત તો માથુ ઉઘાડુ રહેત, સર પર લોખંડની ટોપી ન રહેતી. હઝરત ઈમામ શાફઈ વગેરેએ આ હદીષથી પોતાના મઝહબ માટે દલીલ કરી છે કે મક્કા મોઅઝ્ઝમામાં જો કોઈ હજ્જ કે ઉમરા સિવાય કોઈ અન્ય કામ માટે જાય તો એના પર એહરામ વાજિબ નથી.

અમારી ગુઝારિશ છે કે જેવી રીતે હુઝૂરે અક઼દસ ﷺને થોડીવારના માટે લડાઈની ઈજાઝત મળી હતી એવી જ રીતે આ ખાસ પ્રસંગે એહરામ વિના મક્કા મોઅઝ્ઝમામાં દાખલ થવાની પણ ઈજાઝત મળી હતી. એ પણ બની શકે છે કે જો મઆઝલ્લાહ ! મક્કામાં પણ કોઈ જાહેરી કે બાતિની કાફિર અથવા કોઈ બિદઅતીની હુકૂમત સ્થાપિત થઈ જાય અને જંગ વિના મક્કા મોઅઝ્ઝમા પર પાકીની કોઈ સ્થિતિ ન હોય તો એ મોક઼ા પર હજી પણ ઈજાઝત હોવી જોઈએ કે એહરામ વિના મુજાહિદો મક્કામાં દાખલ થાય, પણ આ મજબૂરીની અને દુશ્વારીની હાલત છે. એનાથી મધ્યમ (સામાન્ય) હાલત પર એ હુકમ લગાડવો દુરુસ્ત નથી.

### તઅલીક઼ : ૩૨૭ની સમજૂતી

ઈમામ બુખારીએ અહીં પણ કોઈ હુકમ સ્પષ્ટ નથી કર્યો કે એના પર ફિદિયો છે કે નથી. અને એના હેઠળ હદીષ : ૯૧૨ લાવ્યા છે જેમાં એ છે કે હુઝૂરે અક઼દસ ﷺ જિઈર્રાનામાં મૌજૂદ હતા એવામાં એક ગામડિયા એહરામ બાંધીને આવ્યા, તો હુઝૂરે તેમને હુકમ આપ્યો કે ખૂશ્બૂ ત્રણવાર ધોઈ નાખ અને જબ્બો ઉતારી નાખ, અને ઉમરામાં પણ તે જ કર જે હજ્જમાં કરે છે. આ હદીષમાં એ વર્ણન નથી કે એમને ફિદિયાનો હુકમ આપ્યો અને ન એ વર્ણન છે કે ફિદિયાનો હુકમ ન આપ્યો. એટલા માટે એનાથી પ્રકરણના કોઈ પાસાની સાબિતી નથી. એ જ કારણે હઝરત ઈમામ બુખારીએ હઝરત ઈમામ અતાનો ક઼ૌલ વર્ણવ્યો કે એના પર ફિદિયો નથી.

આપણે ત્યાં એહરામમાં મના થયેલ બાબતોમાં સપડાવાથી દરેક સ્થિતિમાં ફિદિયો છે ચાહે અજ્ઞાનતામાં કરે કે ભૂલથી કરે. અને શરીઅતના ઉસૂલનો એ જ તક઼ાઝો છે.

حدیث ۱۰۷۷ حَدَّثَنَا عَطَاءٌ حَدَّثَنِی صَفْوَانُ بْنُ یَعْلیٰ عَنْ اَبِیْهِ قَالَ وَعَضَّ

"સફવાન બિન યઅલાએ પોતાના પિતાથી રિવાયત કરતાં હદીષ બયાન કરી. **[હદીષ : ૧૦૭૭]**

رَجُلٌ یَدَ رَجُلٍ یَعْنِیْ فَانْتَزَعَ ثَنِیَّتَهٗ فَاَبْطَلَهُ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ ـ

અને એક શખ્સના હાથને દાંત વડે કરડયો તો તેણે તેના આગલા દાંતને ખેંચી લીધા.

بَابُ الْحَجِّ وَالنَّذْرِ عَنِ الْمَیِّتِ وَالرَّجُلُ یَحُجُّ عَنِ الْمَرْاَةِ

નબી ﷺએ એના પર કાંઈ વાજિબ ન કર્યું."

(બુખારી ૧/૪૧૭ જેહાદ, ૧/૩૦૧ અલ્ઈજારાત, ૨/૧૦૧૮ અદિયાત, મુસ્લિમ–કિસામા, તિર્મિઝી–અદિયાત, નિસાઈ–કિસામા)

حدیث ۱۰۷۸ عَنْ سَعِیْدِ بْنِ جُبَیْرٍ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا اَنَّ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે કે કબીલા જુહયનાની એક ખાતૂન **[હદીષ : ૧૦૭૮]**

اِمْرَاَةً مِنْ جُهَیْنَةَ جَاءَتْ اِلَی النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ فَقَالَتْ اِنَّ اُمِّیْ نَذَرَتْ

નબી ﷺની ખિદમતમાં હાજર થઈ અને અર્ઝ કરી, મારી માએ હજ્જ કરવા માટે મન્નત માની હતી, પૂરી

**સમજૂતી : ૧૦૭૭** અમે જે હિસ્સો અહીં વર્ણવ્યો છે તે એક અલગ હદીષ છે, તેને પ્રકરણ સાથે કોઈ સંબંધ નથી અને ન એહરામ સાથે છે. પણ કેમ કે અહીં આ સનદમાં બંને હદીષો સાથે સાથે વર્ણન થયેલી છે જેથી અમે એને લખવી જરૂરી જાણી. એની પૂરી તફસીલ કિતાબુલ જેહાદમાં આ પ્રમાણે છે :

હઝરત યઅલા બિન ઉમૈયા رضی اللہ عنہએ કહ્યું કે ગઝવએ તબૂકમાં હુઝૂરે અક્દસ ﷺની સાથે શરીક થયો. હું એક યુવાન ઊંટ પર સવાર થયો. એ ગઝવામાં શિર્કત મારા ખયાલથી મારા સર્વ અમલો કરતાં અધિક એ'તેમાદવાળી (વિશ્વસનીય) છે. મેં એક શખ્સને મજૂરીએ રાખી લીધો હતો. એણે એક શખ્સ સાથે લડાઈ કરી. તેમાંથી એકે બીજાના હાથને દાંત વડે કરડયો. તેણે તેના મોઢેથી પોતાનો હાથ ખેંચ્યો તો તેનો આગલો દાંત ઉખડી ગયો. એ નબી ﷺની ખિદમતમાં હાજર થયો. હુઝૂરે તેને મુબાહ કરી દીધું અને ફર્માવ્યું, શું તે પોતાનો હાથ તારા મોંમાં મૂકી રાખતો ?! કે તું તેને એવી રીતે ચાવે જે રીતે નર ઊંટ ચાવે છે.

**સમજૂતી : ૧૦૭૮**

કિતાબુલ ઈમાન વન્નુઝૂરમાં امرأةના બદલે رجلًا છે અને امیના બદલે اختی છે. એટલે એક સાહબે પૂછયું કે મારી બહેને હજ્જની મન્નત માની હતી અને મરી ગઈ (છેવટ સુધી).

**પ્રકરણથી એકરૂપતા** : અહીં પ્રકરણના બે ભાગ છે, પ્રથમ : મૈયતના તરફથી હજ કરવી, અને મૈયતની મન્નત પૂરી કરવી. બીજો : પુરૂષ સ્ત્રી તરફથી હજ્જ કરે.

હદીષના પ્રથમ ભાગની સાથે મળતાપણુ તો જાહેર છે. હુઝૂરે અક્દસ ﷺએ તે ખાતૂનોને મૃત્યુ પામેલ માની તરફથી હજ્જ કરવાની પણ ઈજાઝત આપી. અને તેની મન્નત પૂરી કરવાની પણ. અલ્બત્ત બીજા ભાગની સાથે એકરૂપતા જાહેર નથી. મુહદિષ ઈબ્ને બતાલે કહ્યું, જયારે ઔરત, ઔરતની તરફથી હજ્જ કરી શકે છે તો

اَنْ تَحُجَّ فَلَمْ تَحُجَّ حَتّٰى مَاتَتْ اَفَاَحُجُّ عَنْهَا قَالَ حُجِّىْ عَنْهَا اَرَاَيْتِ لَوْ كَانَ عَلٰى اُمِّكِ

*કર્યા વિના મૃત્યુ પામી. શું હું એના તરફથી હજ્જ કરું ? ઈર્શાદ ફર્માવ્યો, તેના તરફથી હજ્જ કર ! બતાવ,*

دَيْنٌ اَكُنْتِ قَاضِيَةً اُقْضُوا اللّٰهَ فَاللّٰهُ اَحَقُّ بِالْوَفَاءِ ع

*તારી મા પર કર્ઝ હોત તો તેને અદા ન કરત ? અલ્લાહનો હક્ક઼ અદા કરો !*

*અલ્લાહ હક્ક઼ અદા પૂરો કરવાનો સૌથી વધુ હક્ક઼દાર છે." (બુખારી ૧/૧૦૮૮, અલએઅ્‌તેસામ, નિસાઈ–હજ્જ)*

પુરૂષ એથી અધિક કક્ષાએ કરી શકે છે.

તેમની મુરાદ લગભગ એ છે કે પુરૂષનો હજ્જ સ્ત્રી કરતાં કામિલ છે, કેમ કે જો હજ્જ દરમ્યાન હૈઝ (માસિક) આવી જાય તો તે કોઈ તવાફ નથી કરી શકતી. તવાફે કુદૂમ તથા તવાફે વિદાઅ સાક઼િત છે. અને જો હૈઝ ઐયામે નહરમાં ચાલુ રહ્યું તો એ દિવસોમાં તવાફે ઝિયારત પણ નથી કરી શકતી. પાકી બાદ, ઐયામે નહર પસાર થયા પછી કરશે. અને જાહેર છે કે સ્ત્રી સમાન દરજામાં હોવા છતાં કરી શકે છે તો પુરૂષ જ્યારે કે એનાથી કામિલ છે જેથી એનાથી વિશેષ રીતે કરી શકે છે.

અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે કિતાબુન્નુઝૂરની રિવાયતમાં છે કે એક પુરૂષને પોતાની બહેનની તરફથી હજ્જની ઈજાઝત મળી. આ રિવાયતથી મળતાપણુ થાય છે. એટલે આ હદીષના એક તરીક઼ાથી પ્રથમ ભાગને અને બીજા તરીક઼ાથી બીજા ભાગને સામ્યતા છે. એના પર અલ્લામા અયનીએ આદત પ્રમાણે પીછો કર્યો છે કે પ્રકરણને એ હદીષ સાથે સામ્યતા હોવી જોઈએ જે એના હેઠળ વર્ણન થઈ છે. બીજા પ્રકરણમાં વર્ણવેલ હદીષથી સામ્યતા હોય તો શું ફાયદો ? પરંતુ આ પીછો ત્યારે સહીહ થાત જ્યારે કે ઈમામ બુખારીએ અહીં એવું કર્યુ હોત. કેટલાક પ્રકરણો એવાં છે કે પ્રકરણ હેઠળ જે હદીષ લાવ્યા છે તેનાથી મેળ નથી ખાતો, પણ એ જ હદીષ બીજા પ્રકરણમાં બીજા તરીક઼ાથી જે શબ્દોની સાથે મરવી છે એની સાથે મળતાપણુ થાય છે. દા.ત. કિતાબુલ ઈલ્મ, પેજ : ૧૮માં પ્રકરણ રચ્યું, "એવી હાલતમાં ફત્વો પૂછવો કે આલિમ કે ઈમામ જાનવર પર સવાર હોય અને એ ઊભો હોય."

એના હેઠળમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہما ની તે હદીષ લાવ્યા જેમાં વર્ણન થયેલ છે કે રસૂલુલ્લાહ ﷺ હજ્જતુલ વિદાઅમાં (એક જગાએ) મિનામાં રોકાયા જેથી લોકો પૂછે. એમાં દાબ્બ નાક઼હનો શબ્દ નથી. આ હદીષ અલ્મનાસિક (બાબુલ ફિત્યા અલાદાબ્બતે ઈન્દલ જમરહ)માં આ શબ્દોની સાથે રિવાયત થયેલ છે કે રસૂલુલ્લાહ ﷺ પોતાના ઊંટ પર સવાર હોવાની હાલતમાં રોકાયા. એ પદ્ધતિ અહીં પણ છે. **અલ્લાહની તૌફીક઼થી હું કહું છું** :– આ ગુંચવણભર્યા રસ્તાઓથી હટીને સામ્યતાનું વર્ણન આ પ્રમાણે છે કે અમે મુક઼દ્દમામાં દર્શાવી ચૂકયા કે હઝરત ઈમામ બુખારી કદી કદી હદીષથી લાઝમી તૌર પર દલાલતુન્નસ અથવા ઈક્તેદાઉન્નસથી જે મસ્અલો સાબિત થાય છે એના મુતાબિક઼ પ્રકરણ રચે છે. અહીં લાઝમી રીતે બતરીક઼ે ઈક્તેદ઼ાઉન્નસ એ સાબિત થયું કે એક શખ્સ બીજાના તરફથી હજ્જ કરી શકે છે જ્યારે કે બીજો એના માટે શક્તિમાન ન હોય. એમાં ઈત્તેહાદે નવઅની કૈ઼દ લગાડવી દલીલ વિનાનું છે. એટલા માટે એ એના ઈત્લાક઼ પર રહેશે અને ઈત્લાક઼નો તક઼ાઝો એ છે કે જેવી રીતે ઔરત, ઔરતની તરફથી હજ્જ કરી શકે છે તો પુરૂષ તરફથી પણ કરી શકે છે, એ જ પ્રમાણે પુરૂષ સ્ત્રી તરફથી હજ્જ કરી શકે છે, અને પુરૂષ તરફથી પણ કરી શકે છે.

**હજ્જે બદલ** : અહલે સુન્નતની એના પર એકમતિ છે કે જો કોઈ શખ્સ મઅઝૂર છે કે પોતે હજ્જ નથી કરી શક્તો તો એના તરફથી બીજો શખ્સ હજ્જે બદલ કરી શકે છે, ચાહે તે બીજા પર હજ્જ ફર્ઝ થયો હોય કે ન થયો

## بَابُ حَجِّ الصِّبْيَانِ ص ۲۵۰

**બાળકોના હજ્જ વિશે**

| | |
|---|---|
| حدیث ۱۰۷۹ | اَخْبَرَنِیْ عُبَیْدُ اللّٰہِ بْنُ عَبْدِ اللّٰہِ بْنِ عُتْبَۃَ بْنِ مَسْعُوْدٍ |

*''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, હું મારી ગધેડી પર* **[હદીષ : ૧૦૭૯]**

اَنَّ عَبْدَ اللّٰہِ بْنَ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا قَالَ اَقْبَلْتُ وَقَدْ نَاھَزْتُ

*સવાર થઈને સામેથી આવ્યો. હું તે વખતે બાલિગ થવાની નજીક હતો અને*

الْحُلُمَ اَسِیْرُ عَلٰی اَتَانٍ لِّیْ وَرَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَائِمٌ یُّصَلِّیْ بِمِنٰی

*રસૂલુલ્લાહ ﷺ મિનામાં ઉભા રહી નમાઝ પઢી રહ્યા હતા. હું પ્રથમ સફના*

حَتّٰی سِرْتُ بَیْنَ یَدَیْ بَعْضِ الصَّفِّ الْاَوَّلِ ثُمَّ نَزَلْتُ عَنْہَا فَرَتَعَتْ فَصَفَفْتُ

*અમુક હિસ્સાઓની આગળથી પસાર થયો. પછી સવારીથી ઉતર્યો. તે ચરવા લાગી. હું લોકોની સાથે*

હોય. એ જ પ્રમાણે મૈયતના તરફથી પણ હજ્જે બદલ કરી શકે છે ચાહે મૈયત પર ફર્ઝ થયો હોય કે ન થયો હોય. ફર્ઝ થવાની બે સ્થિતિઓ છે, એક એ કે એને શક્તિ હતી પણ સુસ્તી અથવા અન્ય કોઈ કારણે ન કરી શક્યો. બીજુ એ કે તેણે હજ્જ કરવાની મન્નત માની હતી પણ પૂરી કરતાં પહેલાં મૃત્યુ પામ્યો, બંને સ્થિતિઓમાં તેના તરફથી હજ્જે બદલ થઈ શકે છે. બેહતર એ છે કે હજ્જે બદલના માટે એવા શખ્સને મોકલવામાં આવે જે ફર્ઝ હજ્જ અદા કરી ચૂક્યો હોય. એવા શખ્સને હજ્જે બદલ કરવા મોકલવો જેના માથે હજ્જ ફર્ઝ હોય મકરૂહ છે. અને આમિરના માટે તન્ઝીહી અને હજ્જ કરનારના માટે મકરૂહે તહરીમી તથા ગુનોહ છે. *(રદ્દુલ મુહ્તાર, ૨/૨૪૧ નોઅમાનિયા)*

પરંતુ બેહતર એ છે કે એનાથી હજ્જે બદલ ન કરાવે જેના માથે હજ્જ ફર્ઝ હોય, ઉલમાએ એને મના લખ્યું છે. જો કે સહીહ તથા મુખ્તાર એ છે કે મના નથી. પણ ઉલમાના મતભેદથી બચવું અફઝલ છે. બંને સ્થિતિઓમાં હજ્જે બદલ થઈ જશે. હજ્જે બદલની શર્તો તથા તફસીલી અહકામ ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૪ તથા બહારે શરીઅત, ભાગ : ૧માં વાંચશો.

### સમજૂતી : ૧૦૭૯

આ હદીષ ભાગ : ૨, કિતાબુસ્સલાતમાં વર્ણન થઈ ચૂકી. અહીં કેવળ એ કારણે લખી કે અંતમાં જે તઅલીક઼ છે એમાં એ સ્પષ્ટતા છે કે આ બનાવ હજ્જતુલ વિદાઅમાં થયો હતો. જો કે અસ્લ હદીષથી એ ખૂદ જાહેર છે. એટલા માટે કે હુઝૂરે અક઼દસ ﷺએ હિજરત બાદ કેવળ એક જ હજ્જ કર્યો અને એમાં હઝરત ઈબ્ને અબ્બાસની શિર્કત શક્ય છે, કેમ કે હિજરત પહેલાં જે હજ્જ ફર્માવ્યો એમાં હઝરત ઈબ્ને અબ્બાસ હજી ગોદમાં હતા, એટલા માટે કે તેમની વિલાદત હિજરતથી ત્રણ વરસ શોઅબે અબી તાલિબમાં થઈ હતી. પણ અહીં તઅલીક઼માં સ્પષ્ટતા છે, એટલા માટે એને વર્ણન કર્યું. આ તઅલીક઼ને ખૂદ ઈમામ બુખારીએ મગ઼ાઝીમાં મુત્તસિલ સનદ સાથે વર્ણવી છે.

مَعَ النَّاسِ وَرَاءَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ يُوْنُسُ عَنِ ابْنِ شِهَابٍ

રસૂલુલ્લાહ ﷺની પાછળ સફમાં સામેલ થઈ ગયો અને

بِمِنًى فِي حَجَّةِ الْوَدَاعِ، ع

આ મિનામાં હજ્જતુલ વિદાઅમાં થયું હતું."

(બુખારી ૧/૧૭, કિતાબુલ ઈલ્મ, ૧/૭૧ અસ્સલાત, ૨/૬૩૩ મગ઼ાઝી–બાબ હજ્જતુલ વિદાઅ, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ–સલાત)

حدیث ١٠٨٠ عَنِ السَّائِبِ بْنِ يَزِيْدَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ حُجَّ بِيْ مَعَ

[હદીષ : ૧૦૮૦] "હઝરત સાઈબ બિન યઝીદ رضی اللہ عنہએ ફર્માવ્યું, નબી ﷺની સાથે

رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَاَنَا ابْنُ سَبْعِ سِنِيْنَ، ع

મને હજ્જ કરાવવામાં આવ્યો અને હું સાત વરસનો હતો." (તિર્મિઝી–હજ્જ)

حدیث ١٠٨١ سَمِعْتُ عُمَرَ بْنَ عَبْدِ الْعَزِيْزِ يَقُوْلُ لِلسَّائِبِ بْنِ يَزِيْدَ وَكَانَ

[હદીષ : ૧૦૮૧] "ખલીફા રાશિદ હઝરત ઉમર ઈબ્ને અબ્દુલઅઝીઝ, હઝરત સાઈબ બિન

السَّائِبُ قَدْ حُجَّ بِهٖ فِيْ ثَقَلِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ،

યઝીદ رضی اللہ عنہથી ફર્માવતા હતા, અને તેમને નબી ﷺના સામાનની સાથે હજ્જ કરાવવામાં આવ્યો હતો."

આ હદીષથી સાબિત થયું કે નાબાલિગ બાળકોનો હજ્જ સહીહ છે. તેમજ એ પણ જાણવા મળ્યું કે ઈમામનો સુતરો મુક઼તદીઓ માટે પૂરતો છે કેમ કે કિતાબુલ ઈલ્મ અને કિતાબુસ્સલાતની રિવાયતમાં એટલુ વધારે છે કે કોઈએ એના પર મને કાંઈ ન કહ્યું.

**સમજૂતી : હદીષ : ૧૦૮૦–૧૦૮૧**

**يقول** હઝરત ઉમર ઈબ્ને અબ્દુલઅઝીઝ رحمۃ اللہ علیہ હઝરત સાઈબ બિન યઝીદ رضی اللہ عنہને શું કહ્યું તે વર્ણન થયેલ નથી, અને ન એ વર્ણન છે કે તેમણે શું જવાબ આપ્યો. **وكان السائب** આ હદીષના રાવી જુનૈદ બિન અબ્દુર્રહમાનનો મક઼ૂલો (કથન) છે.

**حج به** : તિર્મિઝીમાં છે કે મારા પિતાએ મને હજ્જ કરાવ્યો હતો. અને ઈમામ ઈબ્ને સઅદે રિવાયત કરી કે મારાં માએ. વર્ગીકરણ એ છે કે બંનેવ લઈ ગયાં હતાં.

**فی ثقل** : એનાથી મુરાદ એ છે કે હુઝૂરે અક઼દસ ﷺની સાથે જે નાનાં બાળકો હતાં અને તે સામાનની સાથે રહેતા હતાં, એ પણ એમાં હતાં.

**બાળકોનો હજ્જ** : નાબાલિગ બાળકો ગમે તેટેલાં નાનાં હોય તેનો હજ્જ સહીહ છે, જો સમજદાર હોય તો ખૂદ એહરામ બાંધે અને તલબિયા પઢે, અને જો નાસમજ હોય તો તેનો વાલી તેના તરફથી તલબિયા પઢે અને

# باب حج النساء ص ٢٥٠

## સ્ત્રીઓની હજ્જ વિશે (પેજ–૨૫૦)

حدیث ١٠٨٢ حَدَّثَنَا إِبْرَاهِيمُ بْنُ سَعْدٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ قَالَ

"ઈબ્રાહીમ બિન હઝરત અબ્દુર્રહમાન બિન ઔફે કહ્યું, હઝરત ઉમર رضی اللہ عنہ એ **[હદીષ : ૧૦૮૨]**

أَذِنَ عُمَرُ رَضِيَ اللَّهُ تَعَالَى عَنْهُ لِأَزْوَاجِ النَّبِيِّ صَلَّى اللَّهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ فِي آخِرِ

પોતાના અંતિમ હજ્જમાં અજવાઝે મુતહ્હરાત (પુનિત પત્નીઓ)ને હજ્જની ઈજાઝત આપી અને તેમની

حَجَّةٍ حَجَّهَا فَبَعَثَ مَعَهُنَّ عُثْمَانَ بْنَ عَفَّانَ وَعَبْدَ الرَّحْمٰنِ بْنَ عَوْفٍ رَضِيَ اللَّهُ تَعَالَى عَنْهُمَا

સાથે હઝરત ઉષ્માન ઈબ્ને અફ્ફાન અને હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہما ને મોકલ્યા"

તેનાં સીવેલાં કપડાં ઉતારીને એહરામનું કપડુ પહેરાવે. પણ **નાબાલિગનો હજ્જ ફર્જ હજ્જના સ્થાને થશે નહીં.** જો બાલિગ થયા બાદ તેના પર હજ્જ ફર્ઝ થઈ જાય તો ફરી કરવો પડશે.

ઈમામ મુસ્લિમ (૧/૪૩૧ હજ્જ)એ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે રવહામાં નબી કરીમ ﷺ એ કેટલાક સવારોથી મુલાકાત કરી તો પૂછયું, તમે લોકો કોણ છો ? તેમણે અર્ઝ કરી, અમે લોકો મુસલમાન છીએ. પછી તેમણે પૂછયું, આપ કોણ છો ? ફર્માવ્યું, હું રસૂલુલ્લાહ છું. હવે એક સ્ત્રીએ એક બાળકને ઉઠાવીને પૂછયું, શું આના માટે હજ્જ છે ? ફર્માવ્યું, હા છે ! અને તમારા માટે અજર (બદલો) છે. તિર્મિઝી (૧/૧૧૨, હજ્જ)માં હઝરત જાબિર رضی اللہ عنہ થી એના જેમ રિવાયત થયેલ છે. તવઝીહ (ઉમ્દતુલ કારી ૧૦/૨૧૮)માં છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું, આ ઔલાદના તરફથી હજ્જ કરો. હઝરત સિદીકે અકબર رضی اللہ عنہ એ હઝરત ઝુબૈરના એક બાળકને કપડામાં લપેટીને હજ્જ કરાવી. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما બાળકોનાં સીવેલાં કપડાં ઉતારી આપતા અને મવાકિફમાં (વુકૂફની જગાઓએ) વુકૂફ કરાવતા. ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا પણ એવું જ કરતાં હતાં.

**સમજૂતી : ૧૦૮૨** حدثنا ઈબ્રાહીમ બિન સઅદ બિન ઈબ્રાહીમ બિન હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ આ હદીષના રાવી છે. ઈમામ બુખારીએ عن ابيه عن جده ફર્માવ્યું. ابيه ની ઝમીરનો મરજઅ તો નક્કી છે કે ઈબ્રાહીમ બિન સઅદ છે. جده ના મરજઅમાં બે સંભાવનાઓ છે, એક એ કે ابيه ની તરફ વળે. બીજી એ કે ઈબ્રાહીમ બિન સઅદની તરફ પલ્ટે. પ્રથમ તકદીર પર અર્થ આ પ્રમાણે થશે કે ઈબ્રાહીમ બિન સઅદે પોતાના બાપ (સઅદ)થી અને સઅદ પોતાના દાદા હઝરત અબ્દુર્રહમાન બિન ઔફથી રિવાયત કરે છે. એનું સમર્થન ઈમામ વાકેદીની રિવાયતથી થાય છે જેમાં عن جده પછી અબ્દુર્રહમાન બિન ઔફ વર્ણન થયેલ છે. અને પ્રારંભિક શબ્દો આ પ્રમાણે છે : ارسلنی عمر رضی الله عنه બીજી તકદીર પર અર્થ આ પ્રમાણે થશે કે સઅદ બિન ઈબ્રાહીમ, ઈબ્રાહીમ બિન સઅદના દાદા એટલે પોતાના પિતા ઈબ્રાહીમ બિન હઝરત અબ્દુર્રહમાન બિન ઔફથી રિવાયત કરે છે. અલ્લામા ઈબ્ને હજરે એને જાહેર બતાવ્યું.

**હું કહું છું :** પ્રથમ સબબને અગ્રતા બે કારણોએ છે, પ્રથમ કુર્બે મરજઅ, બીજુ રિવાયતથી એનું સમર્થન, અને બીજાને અગ્રતા એ કારણે થશે કે ઈન્તેશારે મરજઅ (મુરાદનું અલગ અલગ હોવું) ન લાઝિમ આવે અને બંને ઝમીરોના મરજઅ મુત્તહિદ થાય.

حدیث ۱۰۸۳ عَنْ عَائِشَةَ بِنْتِ طَلْحَةَ. فَقَالَتْ عَائِشَةُ فَلَا أَدَعُ الْحَجَّ بَعْدَ إِذْ

''આઈશા બિન્તે તલ્હાથી રિવાયત છે. એના પર ઉમ્મુલ મો'મિનીન [હદીષ : ૧૦૮૩]

سَمِعْتُ هٰذَا مِنْ رَّسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ،

*હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ થી આ સાંભળ્યા બાદ હું હજ્જ છોડીશ નહીં.''*

**અજવાઝે મુતહ્હરાત (નબીની પુનિત પત્નીઓ)નો હજ્જ :** હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ એ અઝવાજે મુતહ્હરાતને હજ્જ કરવાથી રોકી દીધાં હતાં. તમામ અઝવાજે મુતહ્હરાતે હજ્જતુલ વિદાઅના મોકા પર હજ્જ કરી લીધો હતો. એહરામની હાલતમાં સ્ત્રીએ ચહેરો ખુલ્લો રાખવો વાજિબ છે, છુપાવવો મના છે, વળી ભીડ પણ હોય છે. તવાફમાં પુરૂષો સાથે ભેળસેળ અને સ્પર્શ થવાનો પણ અંદેશો હોય છે. એટલા માટે અજવાઝે મુતહ્હરાતની પવિત્રતા તથા મહાનતાનો લેહાઝ કરતાં તેમને દરખાસ્ત કરી હતી કે તેઓ હજ્જ માટે ન જાય. પરંતુ બાદમાં એ એહસાસ થયો કે હજ્જ જેવી મહાન ઈબાદતથી તેમને મેહરૂમ રાખવાં મુનાસિબ નથી જેથી ઈજાઝત આપી દીધી, અને તેમની સાથે હઝરત ઉષ્માન તથા હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہما જેવા રિયાઝતવાળા તથા વિશ્વાસુને કરી આપ્યા કે તેઓ તેમને તેમના તક્દુસ (પવિત્રતા)ને સાચવીને હજ્જ કરાવી લાવે.

એ બંનેવ હઝરાતે એનો સંપૂર્ણપણે લેહાઝ કર્યો. પબ્લિકમાં એલાન કરાવી આપ્યું કે કોઈ આ પર્દાનશીન સ્ત્રીઓની નજીક ન જાય અને કોઈ એમના તરફ આંખ ન ઉઠાવે. એમનું રોકાણનું સ્થળ અલગ રાખતા, એ લોકો જુદા રોકાતા. એ હઝરાત પણ એમનામાંથી કોઈની પાસે ન બેસતા. *(ઉમ્દતુલ ક઼ારી, ૧૦/૨૧૯, ૨૨૦ બહવાલા બયહક઼ી)*

**એક શંકાનું નિવારણ :** કોઈ પણ સ્ત્રીએ શરીઅતમાં મુસાફિર ગણાય એટલા અંતરે (૯૨ કિ.મિ. કે વધુ) પતિ અથવા મેહરમ વિના જાઈઝ નથી. એના બારામાં વિવિધ હદીષો છે. અને આ બંનેવ હઝરાતમાંથી કોઈપણ અઝવાજે મુતહ્હરાતનો મેહરમ ન હતો. જવાબ એ છે કે કુર્આની નસ (દલીલ)થી અઝવાજે મુતહ્હરાત તમામ મો'મિનોની માઓ છે. ઈર્શાદ છે : وازواجه امهاتهم ''નબીની પત્નીઓ મો'મિનોની માઓ છે.'' *(અહઝાબ : ૬)*

કોઈની સાથે એમના નિકાહ સહીહ નથી. એટલા માટે આ બંનેવ હઝરાત અઝવાજે મુતહ્હરાતના મેહરમ થયા. કેમ કે મેહરમની વ્યાખ્યા એ જ છે કે જેની સાથે કોઈ હુર્મતના હેઠળ મુબાહ સબબના કારણે હમેશાં હમેશાં નિકાહ હરામ હોય.

**લતીફા :** હુક્કામ રાઝીએ સૈયદોના ઈમામે આ'ઝમ رضی اللہ عنہ થી પૂછયું, શું સ્ત્રી મેહરમ વિના સફર કરી શકે છે ? ફર્માવ્યું, નહીં ! કેમ કે નબી ﷺ એ ફર્માવ્યું કે કોઈ સ્ત્રી પતિ કે મેહરમ વિના ત્રણ દિવસ કે એથી વધુનો સફર ન કરે. હવે હુક્કામ રાઝીએ મુહમ્મદ બિન ઉબૈદુલ્લાહ અઝામીને પૂછયું તો તેમણે કહ્યું, કાંઈ વાંધો નથી ! ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા મેહરમ વિના સફર કરતાં હતાં. હવે હુક્કામ રાઝીએ હઝરત ઈમામે આ'ઝમની ખિદમતમાં એ વાત રજૂ કરી. તો ફર્માવ્યું, અઝામીને એ ખબર નથી કે દરેક મુસલમાન હઝરત ઉમ્મુલ મો'મિનીનનો મેહરમ છે, જેની સાથે ચાહે સફર કરે.

## સમજૂતી : ૧૦૮૩

કિતાબુલ મનાસિકમાં વર્ણન પામેલી હદીષ : ૯૦૧નો આ અંતિમ હિસ્સો છે જેનું લખાણ આ પ્રમાણે છે : ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હુઝૂરની સાથે રહીને અમે પણ ગઝવા તથા જેહાદ ન કરીએ ?! ફર્માવ્યું, તમે સ્ત્રીઓના માટે સૌથી સારો ઉમદા જેહાદ હજ્જ છે, હજ્જે મબરૂર (મક઼બૂલ).

حدیث ۱۰۸۴ عَنْ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا قَالَ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰہُ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે નબી ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, **[હદીષ : ૧૦૮૪]**

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ لَا تُسَافِرُ الْمَرْأَۃُ اِلَّا مَعَ ذِیْ مَحْرَمٍ وَلَا یَدْخُلُ عَلَیْہَا رَجُلٌ اِلَّا وَ

સ્ત્રી મેહરમ વિના સફર ન કરે અને તેણી પાસે કોઈ ન જાય પણ ત્યારે કે જ્યારે એની સામે મેહરમ હોય.

مَعَہَا مَحْرَمٌ فَقَالَ رَجُلٌ یَا رَسُوْلَ اللّٰہِ اِنِّیْ اُرِیْدُ اَنْ اَخْرُجَ فِیْ جَیْشِ کَذَا وَکَذَا

એના પર એક સાહબે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું ફલાણા ફલાણા લશ્કરમાં જવાનો ઈરાદો ધરાવુ છું અને

وَامْرَأَتِیْ تُرِیْدُ الْحَجَّ فَقَالَ اُخْرُجْ مَعَہَا۔ع

મારી પત્ની હજ્જનો. તો ફર્માવ્યું, તેણી સાથે જા."

(બુખારી ૧/૪૨૧ જેહાદ, ૨/૭૮૭ નિકાહ, મુસ્લિમ–હજ્જ, નિસાઈ–ઈમાન વન્નુઝૂર)

## بَابُ مَنْ نَذَرَ الْمَشْیَ اِلَی الْکَعْبَۃِ ص۲۵۱

**જેણે પગપાળા કા'બા જવાની મન્નત માની** –(પેજ : ૨૫૧)

حدیث ۱۰۸۵ عَنْ اَنَسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ عَلَیْہِ

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ એક વૃદ્ધને જોયો કે પોતાના **[હદીષ : ૧૦૮૫]**

وَسَلَّمَ رَاٰی شَیْخًا یُہَادٰی بَیْنَ ابْنَیْہِ قَالَ مَا بَالُ ہٰذَا قَالُوْا نَذَرَ اَنْ یَّمْشِیَ قَالَ

બે પુત્રોના સહારે એમના વચ્ચે ચાલી રહ્યો છે. ફર્માવ્યું, એની શું હાલત છે ? અર્ઝ કરી, એણે મન્નત માની છે

**સમજૂતી : ૧૦૮૪** કિતાબુલ જેહાદ તથા નિકાહમાં આ પ્રમાણે છે કે એ સાહબે અર્ઝ કરી હતી કે ફલાણા ફલાણા ગઝવામાં મારું નામ લખી દેવામાં આવ્યું છે. અને અંતમાં છે કે, જા તારી પત્ની સાથે હજ્જ કર. કિતાબુન્નિકાહમાં સફરની મનાઈવાળો હિસ્સો નથી. આ હદીષમાં મુત્લક઼ન સફરની મનાઈ છે. પણ તક઼સીરુસ્સલાત (બુખારી ૧/૧૪૭)માં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની રિવાયતમાં ત્રણ દિવસના અંતરની શર્ત છે. નુઝહતુલ ક઼ારી, ભાગ : ૩, પેજ ૪૬૦ થી ૪૬૨ પર અમે સાબિત કર્યું છે કે એ અંતર ૯૨ કિ.મિ. છે. આ હદીષ એની દલીલ છે કે હજ્જનો સફર પણ મેહરમ કે પતિ વિના સ્ત્રી માટે જાઈઝ નથી. જો જશે તો પતિ કે મેહરમના વિના સફર કરવાના કારણે ગુનેહગાર થશે, પણ હજ્જ થઈ જશે.

**સમજૂતી : ૧૦૮૫** આ હદીષની સનદ આ છે :–

**حدثنا ابن سلام قال اخبرنا الفزاری عن حمید الطویل قال حدثنی ثابت عن انس رضی اللہ عنہ** આમાં **الفزاری** આવ્યું છે. ફઝારી બે છે : અબૂ ઈસ્હાક઼ ફઝારી અને મરવાન બિન મુઆવિયહ ફઝારી. ઈબ્ને હઝમે કહ્યું કે બંને ઈમામ તથા ષિક઼હ છે. બંનેવ મુરાદ હોઈ શકે છે. પણ સહીહ એ છે કે મરવાન બિન મુઆવિયહ છે. જેવું કે મુસ્લિમની રિવાયતમાં છે. અને અસ્હાબે અતરાફ અને મુસ્તખરજાત દા.ત. ખલફ, અબૂ નુઐમ તથા તર્ફી

إِنَّ اللّٰهَ عَنْ تَعْذِيْبِ هٰذَا نَفْسَهُ لَغَنِيٌّ وَّ اَمَرَهُ اَنْ يَّرْكَبَ ؏

કે પગપાળા ચાલશે. ફર્માવ્યું, અલ્લાહ એનાથી બેનિયાઝ (બેપરવા) છે કે જે પોતે પોતાને અઝાબ આપે ! અને તેને હુકમ આપ્યો કે સવાર થઈ જાવ."

(બુખારી, ૨/૯૯૧ મુસ્લિમ, અન્નુઝૂર, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ—અલઈમાન વન્નુઝૂર)

حدیث ۱۰۸۶

عَنْ عُقْبَةَ بْنِ عَامِرٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ نَذَرَتْ اُخْتِيْ اَنْ

**[હદીષ : ૧૦૮૬]** "હઝરત ઉક્બા બિન આમિર رضی اللہ عنہ એ ફર્માવ્યું, મારી બહેને બયતુલ્લાહ પગપાળા

تَمْشِيَ اِلٰى بَيْتِ اللّٰهِ وَاَمَرَتْنِيْ اَنْ اَسْتَفْتِيَ لَهَا النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

જવાની મન્નત માની અને મને કહ્યું કે નબી ﷺથી પૂછો. મેં નબી ﷺને પૂછયું તો ફર્માવ્યું કે ચાલે પણ

فَاسْتَفْتَيْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ لِتَمْشِ وَلْتَرْكَبْ ؏

અને સવાર પણ થાય."

(મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ—ઈમાન વન્નુઝૂર, ઈબ્ને માજહ—કફ્ફારાત, દારમી, નુઝૂર, મુસ્નદે ઈમામ અહમદ, ૪/૧૫૨)

વગેરેએ વર્ણવ્યું છે. હમીદુત્તવીલ અને હઝરત અનસની વચ્ચે ષાબિત બુનાની છે. પરંતુ ઈમામ તિર્મિઝી અને નિસાઈએ અમુક એવા તરીક઼ાથી રિવાયત કરી છે જેમાં હમીદુત્તવીલે ડાયરેક્ટ હઝરત અનસ رضی اللہ عنہથી પણ હદીષ રિવાયત કરી છે. આ બારામાં નિર્ણાયક વાત એ છે કે હમીદુત્તવીલની હઝરત અનસ رضی اللہ عنہથી મોટા ભાગની રિવાયતો વાસ્તા સાથે છે પણ અમુક રિવાયતો વિના વાસ્તાએ પણ છે. ખૂદ ઈમામ બુખારીએ એવી રિવાયતો વર્ણવી છે. હમીદુત્તવીલનું ડાયરેક્ટ હઝરત અનસથી સાંભળવું સાબિત છે.

**અહકામ :** જેણે મન્નત માની કે પગપાળા હજ્જ કરશે અને પગે ચાલવાથી લાચાર થઈ ગયો તો તે સવારી પર હજ્જ માટે જાય. હવે એના પર કફ્ફારો છે કે નથી ? અસ્હાબે ઝવાહિરે આ હદીષ તથા એના બાદવાળી હદીષના જાહેર વર્ણનને સામે રાખીને કહ્યું કે એના પર કોઈ કફ્ફારો નથી. પણ ઈમામે આ'ઝમ તથા ઈમામ શાફઈએ ફર્માવ્યું કે જો આજિઝ હોવાના કારણે સવાર થયો તો પણ એના પર કફ્ફારો છે. એક બકરીની હરમમાં કુર્બાની કરે. ઈમામે આ'ઝમે ફર્માવ્યું, જો લાચાર નથી તો પણ એના પર દમ છે, અને બંને સ્થિતિઓમાં ક઼સમ તોડવાનો કફ્ફારો પણ છે. આ હઝરાતની દલીલ હઝરત અલી તથા ઈબ્ને ઉમર رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَનો આ ઈર્શાદ છે કે ફર્માવ્યું, જેણે બયતુલ્લાહ પગપાળા જવાની મન્નત માની અને એનાથી લાચાર થઈ ગયો તો જેટલુ પગપાળા ચાલી શકે ચાલે અને જ્યારે મજબૂર થઈ જાય તો સવાર થાય અને બકરીની ક઼ુર્બાની આપે.

તેમજ હઝરત ઉક઼બા બિન આમિર જહની رضی اللہ عنہمાની હદીષમાં છે કે હુઝૂરે અક઼્દસ ﷺએ ફર્માવ્યું, **فلترکب ولیهد بدنة** અને એક રિવાયતમાં છે **ولتهد هديا** (મુસ્નદે ઈમામ અહમદ, ૧/૨૩૯, ૨૫૨) અને એક રિવાયતમાં છે : **ولتصم ثلاثة ایامٍ** અને ત્રણ રોઝા રાખે. (ઉપર મુજબ, ૪/૧૪૫) આ રોઝા ક઼સમ તોડવાનો કફ્ફારો છે.

## સમજૂતી : ૧૦૮૬

હઝરત ઉકબા બિન આમિરની સગી બહેનનું નામ ઉમ્મે હબ્બાન બિન્તે આમિર અન્સારિયા હતું. શક્ય છે એમનાં મા અન્સારિયા રહ્યાં હોય એટલા માટે એમને અન્સારિયા કહેવામાં આવ્યાં. ઈમામ અહમદ તથા

અસ્હાબે સુનનની રિવાયતમાં છે કે એ પણ મન્નત હતી કે ઉઘાડા પગે, ઉઘાડા માથે જશે. હુઝૂરે અક્દસ ﷺએ એમને હુકમ આપ્યો કે ઓઢણી ઓઢે અને સવાર થાય. તિબ્રાનીની રિવાયતમાં છે કે ભારે શરીરવાળાં હતાં, પગપાળા ચાલવું મુશ્કેલ હતું. અબૂ દાઊદમાં એક રિવાયતમાં છે : فلتخم ولتركب ولتصم ثلاثة ايام બીજી રિવાયતમાં છે : فلتحج راكبة ولتكفر يمينها એક અન્ય રિવાયતમાં છે : ان تركب وتهدى بدنة આ સર્વ રિવાયતો પર નજર રાખવાથી સાબિત થઈ ગયું કે હુઝૂર ﷺએ ઉમ્મે હબ્બાનને કસમના કફ્ફારનો પણ હુકમ આપ્યો અને દમનો પણ.

**મૌલાના અન્વર કાશ્મીરીની પકડ** : ફયઝુલબારી, ૩/૧૪૧ પર આ મસ્અલા હેઠળ છે : وذكر الطحاوى ان عليه الهدى لترك الشى و الكفارة للحنث واستدل عليه بالرواية ولم يذكره غيره۔ ''અને તહાવીએ વર્ણવ્યું કે એના પર ન ચાલવાના કારણે હદી છે અને કસમ તોડવાના કારણે કફ્ફારો. અને એના પર રિવાયતથી દલીલ કરી. પણ તેને તેમના સિવાય અન્ય કોઈએ નથી વર્ણવ્યું.''

**અકૂલ (હું કહું છું)** : આટલી ઊંચી દુકાનેથી આવો પકવાન ?! હમણા અમે દર્શાવ્યું કે હદી તથા કફ્ફારા બંનેની હદીષો હઝરત ઈમામ તહાવી સિવાય ઈમામ અહમદે પોતાની મુસ્નદમાં અને ઈમામ અબૂ દાઊદે પોતાની સુનનમાં વર્ણવી છે. સમજમાં નથી આવતું કે શાહ મહાશયનો આ ઈર્શાદ કયા ખાતામાં નોંધવામાં આવે ? ગેરમુકલ્લિદિયતની તરફદારીના કે હકીકતની સાથે નાદાન દોસ્તીના ?!

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**બિસ્મિલ્લાહિર્રહ્‌માનિર્રહીમ**

"ફઝાઈલે મદીના" મદીના શરીફના ફઝાઈલ فضائل المدينة

# باب حرم المدينة

## મદીનાનું હરમ હોવું –*(પેજ : ૨૫૧)*

મદીનાનો શાબ્દિક અર્થ મોટી આબાદી છે જેને ઉર્દૂમાં શહેર કહેવામાં આવે છે. પણ જ્યારે મુત્લક઼ (ફક્ત મદીના) બોલવામાં આવે છે તો એનાથી મદીનતુર્રસૂલ મુરાદ હોય છે. જેમ કે મુત્લક઼ "અલ્બૈત"થી કા'બા અને "અંજુમ"થી સુરૈયા સમજાય છે. મદીના તય્યબહનું નામ પહેલાં યષરબ હતું. કુર્આન મજીદમાં મુનાફિક઼ોનો ક઼ૌલ નક઼લ થયેલ છે : **يَاَهْلَ يَثْرِبَ لَا مَقَامَ لَكُمْ فَارْجِعُوْا** "હે યષરબવાળાઓ ! આ તમારો રોકવાનો મોક઼ો નથી, ચાલો, પરત ચાલો !" *(સૂરએ અહઝાબ–૧૩)*

યષરબ હક઼ીક઼તમાં તે મેદાનનું નામ છે જેના એક હિસ્સામાં મદીના તય્યબહ આબાદ છે. અબૂ ઉબૈદ બક્રીએ કહ્યું કે ઈરમ બિન સામ બિન નૂહ عليه السلامની ઔલાદમાં યષરબ બિન ક઼ાનિયા કોઈ થઈ ગયો છે જે સૌ પ્રથમ અહીં વસ્યો હતો એના નામ પર છે. હિશામ કલ્બીએ કહ્યું, જ્યારે ક઼ૌમે આદને અલ્લાહ عزوجلએ હલાક કરી આપી અને તેઓ વેરવિખેર થઈ ગયા તો અમુક મક્કા મોઅઝ્ઝમામાં આવ્યા, અમુક તાઈફમાં આવ્યા અને યષરબમાં હઝીલ બિન ઈરમ મદીના તય્યબહ આવીને વસ્યો, એના નામ પરથી એને યષરબ કહેવામાં આવ્યું. પછી એ લોકો તબાહ તથા બર્બાદ થઈ ગયા.

તુબ્બએ અકબર જ્યારે એ ભૂમિ પરથી પસાર થયો અને એને એ બશારત આપવામાં આવી કે અહીં નબીએ આખિરુઝ્ઝમાં હિજરત કરીને તશરીફ લાવશે તો ત્યાં ઉતર્યો અને વાદીએ ક઼નાતમાં એક કૂવો ખોદાવ્યો. જે અલ્લામા અયનીના સમય સુધી "બીરે મલિક"ના નામથી મશ્હૂર હતો. તેણે તેને વસાવ્યો અને હઝરત અબૂ ઐયૂબ رضي الله عنهનું તે મકાન જેમાં હુઝૂરે અક઼દસ صلى الله عليه وسلم રહેતા હતા અને હુઝૂરના નામે એક પત્ર પણ લખ્યો. તે સમયથી આ શહેર આબાદ રહ્યું. પછી સદ્દે મઆરિબની બર્બાદી પછી અવસ તથા ખઝરજ અહીં આવીને વસી ગયા જેમની ઔલાદના નસીબમાં અન્સાર હોવાનું લખ્યું હતું.

હુઝૂર رضي الله عنهએ બદલીને એનું નામ તયબહ તાબહ રાખ્યું, એટલા માટે કે યષરબનો અર્થ ફસાદ થાય છે. ઈમામ અહમદ પોતાની મુસ્નદમાં હઝરત બરાઅ બિન આઝિબ رضي الله عنهથી રિવાયત કરે છે કે હુઝૂરે અક઼દસ صلى الله عليه وسلمએ ફર્માવ્યું, "જે મદીનાને યષરબ કહે તે અલ્લાહથી માફી તલબ કરે. આ તાબહ છે આ તાબહ." તેમજ ઈમામ અહમદે પોતાની મુસ્નદમાં અને ઈમામ મુસ્લિમે પોતાની સહીહ (૧/૪૪૫ હજ્જ)માં હઝરત જાબિર બિન સમુરહ رضي الله عنهથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ ફર્માવ્યું કે, "અલ્લાહે મદીનાનું નામ તાબહ રાખ્યું છે." ખતીબે પોતાની તારીખમાં એમનાથી જ રિવાયત કરી કે હુઝૂરે અક઼દસ صلى الله عليه وسلمએ ફર્માવ્યું કે, "અલ્લાહે મને હુકમ આપ્યો કે હું મદીનાનું નામ તયબહ રાખું." અસ્હાબે સુનને અરબઅહ અને શૈખેને (બુખારી ૧/૨૫૨ ફઝાઈલે મદીના, મુસ્લિમ–હજ્જ) હઝરત અબૂ હુરૈરહ رضي الله عنهથી રિવાયત કરી કે હુઝૂરે અક઼દસ صلى الله عليه وسلمએ ફર્માવ્યું, "મને એ વસ્તીમાં હિજરતનો હુકમ થયો છે જે તમામ વસ્તીઓને ખાય જશે. યષરબ, અને તે મદીના છે."

અલ્લામા અબ્દુર્રઊફ મુનાદી (સિરાજે મુનીર શરહે જામે સગીર, ૩/૩૩૮)એ પ્રથમ હદીષની શરહમાં

ફર્માવ્યું :–

لماوقع فيه من الاثم لان اليثرب الفساد ولايليق بها ذالك فتسميتهابذالك حرام لان الا ستغفار انماهوعن خطيئة اه وقال الشيخ تسميتها بذالك مكروه تنزيها۔

"કેમ કે મદીનાને યષરબ કહેવામાં ગુનો છે, એટલા માટે કે યષરબ ફસાદ (ખરાબી)ને કહે છે અને એ મદીનાને લાયક નથી જેથી તેને યષરબ કહેવું હરામ છે. કેમ કે ઈસ્તિગફાર (માફી માગવું) ગુનાહ પર જ છે. અને શયખે ફર્માવ્યું, એને યષરબ કહેવું મકરૂહે તન્ઝીહી છે." લિસાનુલ અરબ (૧/૨૩૫)માં છે :–

وری عن النبی صلی اللّٰہ تعالٰی علیه وسلم انه نهی ان یقال للمدینة یثرب وسماها طیبة کانه کره الشرب لانه فسادفی کلام العرب، قال ابن الاثیر، یثرب اسم مدینة النبی صلی اللّٰہ تعالٰی علیه وسلم قدیمة فغیر هاوسماها طیبة وطابه کراهیة التثریب وهو اللوم والتعییر

"નબી ﷺથી મરવી છે કે હુઝૂરે મદીનાને યષરબ કહેવાથી મના ફર્માવ્યું અને એનું નામ તયબહ રાખ્યું. હુઝૂરે એને નાપસંદ કર્યું કેમ કે અરબી બોલીમાં યષરબનો અર્થ ફસાદ છે. અને ઈબ્ને અષીરે કહ્યું, યષરબ મદીનતુન્નબી ﷺનું જૂનુ નામ છે. હુઝૂરે બદલીને "તયબહ" તથા "તાબહ" રાખ્યું, યષરબને નાપસંદ કર્યું, જેનો અર્થ મલામત (બુરાઈ) કરવું તથા શરમ અપાવવું છે."

હુઝૂર ﷺ બુરાં નામો કે જેના અર્થ બુરા હોય તેને નાપસંદ કરતા અને તેને બદલીને સારાં નામ રાખતા હતા.

**મદીના હરમ છે** : આપણે ત્યાં મદીના તય્યબહ એ અર્થમાં હરમ નથી કે તેનાં જાનવરોનો શિકાર કરવામાં, તેના ઝાડો કાપવામાં, ઘાસ સાફ કરવામાં દમ વાજિબ થાય. જે હદીષોમાં એવો હુકમ આવેલ છે તેમની તાવીલ કરવામાં આવી છે, મુરાદ એ છે કે મદીના તય્યબહની શોભા બાકી રાખવાના માટે ફર્માવ્યું કે તેનાં ઝાડો ન કાપવામાં આવે, મેદાન સાફ ન કરવામાં આવે.

**આપણી દલીલો** : ઈમામ બુખારી (૨/૯૦૫, ૯૧૫ અદબ)એ, ઈમામ મુસ્લિમે (૨/૨૧૦ અદબ) પોતાની સહીહમાં, ઈમામ અબૂ દાઊદ, (૨/૩૨૩ અદબ) અને ઈમામ નિસાઈએ "અમલુલ્યૌમ વલ્લૈલહ"માં ઈમામ ઈબ્ને માજહએ (અદબ–૨૭૩) પોતાની સુનનમાં, ઈમામ બઝ્ઝારે પોતાની મુસ્નદમાં, ઈમામ અબૂ જઅફર તહાવીએ હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરી. તે કહે છે કે ઉમ્મે સુલૈમના એક દૂધ પીતા સાહબઝાદા હતા જેમને અબૂ ઉમૈર કહેતા હતા. રસૂલુલ્લાહ ﷺ તેમની સાથે ખુશમિજાઝ તથા હસાવનારી વાતો કરતા અને તેમની એક નાની ચકલી હતી જેને નુગૈર કહેતા હતા. એકવાર રસૂલુલ્લાહ ﷺ તેમની પાસે ગયા તો જોયું કે અબૂ ઉમૈર ગમગીન છે. પૂછયું, અબૂ ઉમૈર શું હાલત છે ? લોકોએ અર્ઝ કરી, એમની નુગૈર મરી ગઈ છે. હવે હુઝૂરે ફર્માવ્યું, હે અબૂ ઉમૈર ! નુગૈરને શું થયું ?!

જો મદીના તય્યબહના જાનવરોનો શિકાર મના હોત તો હઝરત અબૂ તલ્હાના ઘરે આ ચકલી શી રીતે રહી શકત ?! અને હુઝૂરે અકદસ ﷺ એને પસંદ કરતા.

તેમજ ઈમામ અહમદે (મુસ્નદ, ૬/૧૧૨) પોતાની મુસ્નદમાં અને ઈમામ તહાવીએ હઝરત મુજાહિદથી રિવાયત કરી છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاએ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺની આલનું એક જંગલી જાનવર હતું. જ્યારે હુઝૂર બહાર તશરીફ લઈ જતા તો રમતુ, દોડતુ, આગળ આવતુ, પાછળ જતુ. અને જ્યારે એ જાણી લેતુ કે રસૂલુલ્લાહ ﷺ અંદર આવી ગયા છે તો ચુપચાપ ગુઠણોવાળીને બેસી જતુ કે ક્યાંક હુઝૂર ﷺને તકલીફ ન પહોંચે.

જો મદીનાના હરમ હોવાનો એ મતલબ હોત જે મક્કા મોઅઝ્ઝમાના હરમ હોવાનો છે તો એ કેવી રીતે જાઈઝ થાત કે એક જંગલી જાનવરને આ રીતે રાખવામાં આવતુ કે તેને અંદર કરીને દરવાજો બંધ કરી લેવામાં આવતો.

حدیث ۱۰۸۷ عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ નબી ﷺ થી રિવાયત કરી કે ફર્માવ્યું, **[હદીષ : ૧૦૮૭]**

عَلَیْهِ وَسَلَّمَ قَالَ الْمَدِیْنَةُ حَرَمٌ مِنْ کَذَا اِلٰی کَذَا لَا یُقْطَعُ شَجَرُهَا وَلَا یُحْدَثُ فِیْهَا حَدَثٌ

મદીના અહીંથી ત્યાં સુધી હરમ છે, તેનું ઝાડ ન કાપવામાં આવે અને એમાં કોઈ બિદઅત ન પેદા કરવામાં

مَنْ اَحْدَثَ فِیْهَا حَدَثًا فَعَلَیْهِ لَعْنَةُ اللّٰهِ وَالْمَلٰئِکَةِ وَالنَّاسِ اَجْمَعِیْنَ ؏

આવે. જે એમાં કોઈ બિદઅત પેદા કરશે તો એના પર અલ્લાહ અને ફરિશ્તાઓ અને લોકોની લઅનત છે."

*(બુખારી ૨/૧૦૮૬ અલ્એઅ્તિસામ, મુસ્લિમ)*

## સમજૂતી : ૧૦૮૭

**من احدث** કિતાબુલ એઅ્તિસામની રિવાયતમાં છે : **من آوی محدثا** "હદીષ"નો અર્થ નવી વાત, નવી ચીજ કાઢવી છે અને અહીંયા તે નવી ચીજ કાઢવી મુરાદ છે જે કિતાબ તથા સુન્નતની વિરુદ્ધ હોય. અલ્લામા અયનીએ ફર્માવ્યું : **ای لا عمل فیها عمل مخالف للکتاب والسنة** "એમાં કોઈ એવું કામ ન કરવામાં આવે જે કિતાબ તથા સુન્નતની વિરુદ્ધ હોય."

કિતાબ તથા સુન્નતના વિરુદ્ધ હોવાનો સાફ તથા ઉઘાડો મતલબ એ છે કે એક હુકમ કિતાબ તથા સુન્નતમાં વર્ણન થયેલ છે એને છોડીને એના વિરુદ્ધ ચીજ પર અમલ કરવામાં આવે. જેમ કે ખુત્બાની અઝાન, રિસાલતકાળ માં તથા સહાબાના યુગમાં મસ્જિદની બહાર થતી હતી તેને મસ્જિદની અંદર અપાવવું, અને **જો કોઈ ચીજ કુર્આન તથા હદીષમાં વર્ણવેલ ન હોય તેને કરવી એ કુર્આન તથા હદીષની વિરુદ્ધ પર અમલ કરવો નથી.** વિરોધ બે વિરોધાભાસી ચીજોને માગે છે (કે તેમાંથી એકને કરે તો બીજાની વિરુદ્ધ થાય). જ્યારે કુર્આન તથા હદીષમાં એના બારામાં કાંઈ વર્ણન જ નથી તો તે કુર્આન તથા હદીષના વિરુદ્ધ કદી થશે નહીં. એટલા માટે સહીહ હદીષમાં ફર્માવ્યું :-

**من سَنَّ فی الاسلام سنة حسنة فله اجرها واجرمن عمل بها بعدهٗ من غیر ان ینقص من اجورهم سیٔ "જેણે ઈસ્લામમાં કોઈ સારો તરીક્રો કાઢયો તેને કાઢવાનો સવાબ થશે, અને એના પછી જેટલા લોકો અમલ કરશે સૌના બરાબર સવાબ મળશે એના વિના કે અમલ કરનારાઓના સવાબમાં કોઈ કમી કરવામાં આવે."** *(મુસ્લિમ, ૧/૩૨૭ ઝકાત, ૨/૩૪૧ અલ્ઈલ્મ, નિસાઈ–ઝકાત–૩૬૫, મુસ્નદે ઈમામ અહમદ, ૪/૩૫૭)*

**આ હદીષથી જાણવા મળ્યું કે ઘણા એવા સારા અમલો છે જે કુર્આન તથા હદીષમાં સ્પષ્ટપણે વર્ણન થયેલા નથી અને ન રસૂલ તથા સહાબાના દૌરમાં એના પર અમલ થતો હતો, તદ્દન નવા શોધાયેલ છે પણ તે સારા છે, તેની શોધમાં પણ સવાબ અને અમલ પર પણ સવાબ છે.** એટલા માટે **حدثا** નો એ અર્થ બતાવવો કે કુર્આન હદીષમાં વર્ણવેલ ન હોય એ હદીષમાં અર્થની રૂએ ફેરફાર કરવું છે.

અહીં એ છે કે જેણે મદીનામાં કોઈ બિદઅત કાઢી, અને કિતાબુલ એઅ્તિસામમાં મૂસા ઈબ્ને અનસના તરીક્રાથી **او آوی محدثا** વધારે છે. એનાથી જાણવા મળ્યું કે ગુમરાહ, બદ્દીન, ફાસિક્રોને પનાહ આપવી, તેમની મદદ કરવી, તેમની રસ્સીમાં ગિરફતાર થવું છે. એનું સમર્થન આનાથી પણ થાય છે કે ફર્માવ્યું, **انکم اذاً مثلهم** "હવે તમે એમના જેવા જ છો." *(સૂરએ નિસાઅ્, આયત : ૧૪૦)*

حدیث ۱۰۸۸ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે નબી ﷺએ ફર્માવ્યું, મારી ઝબાન **[હદીષ : ૧૦૮૮]**

وَسَلَّمَ قَالَ حُرِّمَ مَابَیْنَ لَابَتَیِ الْمَدِیْنَةِ عَلٰی لِسَانِیْ قَالَ وَاَتَی النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ

પર મદીનાના બંનેવ પહાડોની વચ્ચેનો હિસ્સો હરમ બનાવી દેવામાં આવ્યો. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہએ

عَلَیْهِ وَسَلَّمَ بَنِیْ حَارِثَةَ فَقَالَ اَرَاكُمْ یَا بَنِیْ حَارِثَةَ قَدْ خَرَجْتُمْ مِنَ الْحَرَمِ ثُمَّ الْتَفَتَ

કહ્યું, નબી ﷺ બની હારિષાની પાસે તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, હું જોઈ રહ્યો છું કે તમે લોકો હરમથી

فَقَالَ بَلْ اَنْتُمْ فِیْهِ، مسـ

બહાર છો. પછી હુઝૂરે તેમના રહેવાના સ્થળને ધ્યાનપૂર્વક જોયું તો ફર્માવ્યું,

નહીં ! તમે લોકો હરમની અંદર છો." (મુસ્નદે ઈમામ અહમદ, ૨/૨૮૬)

حدیث عَنْ اِبْرَاهِیْمَ التَّیْمِیِّ عَنْ اَبِیْهِ عَنْ عَلِیٍّ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ

"ઈબ્રાહીમ તમીમી પોતાના પિતા યઝીદ બિન શરીકથી રિવાયત કરે છે કે **[હદીષ : ૧૦૮૯]**

مَا عِنْدَنَا شَیْءٌ اِلَّا كِتَابُ اللّٰهِ وَهٰذِهِ الصَّحِیْفَةُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ

હઝરત અલી کرم اللہ تعالی وجہہ الکریمએ ફર્માવ્યું કે આપણી પાસે કિતાબુલ્લાહ અને નબી ﷺના અતા કરેલા આ

اَلْمَدِیْنَةُ حَرَمٌ مَابَیْنَ عَائِرٍ اِلٰی كَذَا مَنْ اَحْدَثَ فِیْهَا حَدَثًا اَوْ اٰوٰی مُحْدِثًا فَعَلَیْهِ

સહીફાઓના સિવાય કાંઈ નથી. એમાં આ છે, આઈરથી અહીં સુધી મદીનાને હરમ બનાવવામાં આવ્યું, જે

**સમજૂતી : ૧૦૮૮** لابتان،لابۃનો તષ્નિયા છે لابۃએ જમીનને કહે છે જેના પર કાળા પથ્થર ફેલાયેલા હોય. એને હર્રા પણ કહે છે. મદીના તયબહ બે પહાડોની વચ્ચે છે, પૂર્વી તથા પશ્ચિમી.

**બની હારિષા** : બની હારિષા અવસની એક શાખ છે. એ સૈયુદુશ્શોહદા હઝરત હમ્ઝાના મશહદ (શહીદ થવાના સ્થળ)ના પશ્ચિમમાં હર્રાના કિનારે ઊંચા ટેકરા પર રહેતા હતા. પ્રથમ એ ખયાલ થયો કે હરમથી બહાર છે. પછી હરમની હદો પર વિચારણા કરી અને જોયું કે હરમના અંદરના ભાગે છે તો એ ઈશારો કર્યો કે તમે હરમની અંદર છો.

**સમજૂતી : ૧૦૮૯** **પરિપૂર્ણતા** : આ હદીષ ભાગ : ૧, પેજ : ૪૦૨ (ગુજરાતી પેજ નં. ૨૨૬) પર અબૂ જુહૈફા رضی اللہ عنہની રિવાયતથી વર્ણન થઈ ચૂકી છે. ત્યાં એ છે કે હઝરત અબૂ જુહૈફાએ હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالی وجہہ الکریم ને પૂછયું હતું. અબૂ દાઊદ કિતાબુદિયાતમાં છે કે કૈસ બિન ઉબ્બાદ અને અશ્તુર નખઈએ પૂછયું, તો ઉપર મુજબનો જવાબ ઈર્શાદ ફર્માવ્યો. બુખારી કિતાબુલ એઅ્તિસામમાં છે : હઝરત અલી کرم اللہ تعالی وجہہ الکریم એ પાકી ઈંટના મિમ્બર પર ખુત્બો આપ્યો અને તલ્વાર લટકાવેલા હતા જેમાં એક સહીફો લટકેલો હતો. ફર્માવ્યું, અમારી પાસે કિતાબુલ્લાહ તથા આ સહીફા સિવાય અન્ય કોઈ કિતાબ નથી જેને અમે પઢતા હોય. એમાં વિવિધ

لعنة الله والملائكة والناس اجمعين لا يقبل منه صرف ولا عدل وقال ذمة

*એમાં બિદઅત પેદા કરે અથવા બિદઅતીને પનાહ આપે તેના પર અલ્લાહ અને ફરિશ્તાઓ તથા સર્વ*

المسلمين واحدة فمن اخفر مسلما فعليه لعنة الله والملائكة والناس اجمعين

*લોકોની લઅનત છે. ન તેનો ફર્ઝ કૂબૂલ કરવામાં આવશે ન નફ્લ. અને ફર્માવ્યું, સર્વ મુસલમાનોનો જિમ્મો*

لا يقبل منه صرف ولا عدل ومن تولى قوما بغير اذن مواليه فعليه لعنة الله

*એક છે, જે કોઈ મુસલમાનના જિમ્માને તોડે તેના પર અલ્લાહ અને ફરિશ્તાઓ તથા સર્વ લોકોની લઅનત*

والملائكة والناس اجمعين لا يقبل منه صرف ولا عدل قال ابو عبد الله عدل

*છે, ન તેનો ફર્ઝ કૂબૂલ કરવામાં આવશે ન નફ્લ, જે પોતાના આક઼ા (માલિક)ની ઈજાઝત વિના કોઈની સાથે*

فداء

*લેણદેણ કરે, તેના પર અલ્લાહ તથા ફરિશ્તાઓ તથા સર્વ લોકોની લઅનત છે. ન તેનો ફર્ઝ કૂબૂલ કરવામાં આવશે ન નફ્લ. અબૂ અબ્દુલ્લાહ (ઈમામ બુખારી)એ ફર્માવ્યું, અદલનો અર્થ ફિદિયો છે.''*

*(બુખારી ૧/૪૫૦ જેહાદ, ૨/૧૦૦૦ અલ્ફરાઈઝ, ૨/૧૦૮૪ અલ્એઅ્તિસામ, મુસ્લિમ–હજ્જ, અલ્ઈત્ક઼, અલ્અઝાહ઼ી, અબૂ દાઊદ, મનાસિક–દિયાત, તિર્મિઝી–વિલાઅ, નિસાઈ–ઝહાયા, કિસામા, મુસ્નદે ઈમામ અહમદ, ૧/૮૧)*

ઝખ્મોના હુકમો છે અને દિયતમાં વાજિબ થનારાં ઊંટોની ઉમરો અને એ છે કે મદીના અ્યરથી અહીં સુધી હરમ છે. અલ્હદીષ. હઝરત અબૂ જુહૈફાની હદીષમાં **جراحات**ને બદલે **العقل** છે. સાર બંનેનો એક જ છે. અને **فكاك الاستير ولا يقتل مومن بكافر**નો વધારો છે. એટલે કેદીઓને છોડવાનું વર્ણન છે. અને એ કે કાફિરના બદલે મો'મિન ક઼ત્લ કરવામાં નહીં આવે. મુસ્લિમ (૨/૧૬૦, અલ્અઝાહી) અને મુસ્નદે ઈમામ અહમદ (૧/૧૧૮)માં અબૂ તુફૈલના તરીક઼ાથી આ પ્રમાણે છે કે એમાં એ ચાર વાતો હતી, અલ્લાહ એના પર લઅનત કરે જે અલ્લાહના નામના ગૈર પર જાનવર ઝબહ કરે. અલ્લાહ તેના પર લઅનત ફર્માવે, જે જમીનના મીનારા ચોરી કરે. અલ્લાહ તેના પર લઅનત ફર્માવે, જે પિતા પર લઅનત કરે. અલ્લાહ તેના પર લઅનત કરે જે કોઈ બદ્મઝહબને પનાહ આપે. મુસ્નદે ઈમામ અહમદ (૧/૧૧૯)માં આટલુ વધારે છે : તેના મેદાનની ઘાસ ન કાપવામાં આવે, તેના શિકારને ન ભડકાવવામાં આવે, અને તેનો લુક઼તો (પડેલી ચીજ) ન ઉઠાવવામાં આવે, અને તેનું ઝાડ ન કાપવામાં આવે પણ ઊંટના ચારાના માટે. કૈસ બિન ઉબ્બાદની હદીષમાં છે કે અમે પૂછયું, શું રસૂલુલ્લાહ ﷺએ તમારાથી કોઈ એવો વાયદો લીધો છે જે આમ લોકોથી નથી લીધો ? ફર્માવ્યું, નહીં ! સિવાય એના જે આ પત્રમાં છે. હઝરત અલી كرم الله تعالى وجهه الكريمએ પોતાની તલ્વારના મ્યાનમાંથી તે પત્રને કાઢયો એમાં એવું લખ્યું હતું, સર્વ મુસલમાનોનાં લોહી સમાન છે અને ગૈરોની સરખામણીમાં એક હાથના સ્થાને છે. અને તેમના જિમ્માને પૂરો કરવા માટે સૌથી મામૂલી પણ કોશિશ કરશે. ખબરદાર ! કોઈ મો'મિન કાફિરના બદલામાં ક઼ત્લ ન કરવામાં આવે અને ઝિમ્મી ક઼રાર પામેલ પોતાના ક઼રાર દરમ્યાન, અને જે નવી વાત પેદા કરશે પોતાની જાન પર પેદા કરશે. અને જે નવી વાત કાઢે અથવા બિદઅતીને પનાહ આપે. અલ્હદીષ. આ સર્વ હદીષોનો સાર એ નીકળ્યો કે આ સહીફામાં આ વાતો લખેલી હતી : (૧) કોઈ કોઈકને ઝખ્મી કરે તો એની

દિયત શું ? (૨) દિયતનાં ઊંટોની ઉમરો શું હશે ? (૩) કેદીઓને આઝાદ કરવા. (૪) કાફિર મુસલમાનને કત્લ કરી દે તો કેસાસમાં મુસલમાનને કત્લ નહીં કરવામાં આવે. (૫) ઝિમ્માના અહદ (કરાર)ની પાબંદી લાઝિમ છે. (૬) અલ્લાહના નામ સિવાય અન્ય કોઈના નામ પર જાનવર ઝબહ કરવું હરામ છે. (૭) નિશાનીઓ રૂપે જે મીનારા છે એને ચોરી કરવા હરામ છે. (૮) મા બાપ પર લઅનત કરવી હરામ છે. (૯) અયરથી ષૌર સુધી મદીના તય્યબહ હરમ છે. (૧૦) કિતાબ તથા સુન્નતની વિરુદ્ધ કોઈ નવો તરીકો પેદા કરવો હરામ છે. (૧૧) બદ્મઝહબ તથા ફાસિક જાલિમોને પનાહ આપવી હરામ છે. (૧૨) મુસલમાનોનું ખૂન સરખુ છે. (૧૩) ઝિમ્મીને કત્લ કરવો હરામ છે. (૧૪) મદીનાના હરમમાં ઝાડ કાપવાં, પાંદડાં ઝારવાં, મેદાન સાફ કરવું (૧૫) શિકાર કરવું મના છે. (૧૬) મદીના પર હુમ્લો જાઈઝ નથી. (૧૭) મુસલમાનોએ ગૈરોના મુકાબલામાં એક થઈને એકમતિએ રહેવું જોઈએ. (૧૮) તેનો લુક્તો (પડેલી ચીજ) ન ઉઠાવવામાં આવે. (૧૯) પોતાના બાપ સિવાય અન્ય પ્રતિ સંબંધિત કરવું હરામ છે. (૨૦) જેની સાથે મહોબ્બતનો કરાર વગેરે ન હોય તેની સાથે મહોબ્બતનો કરાર બતાવવું હરામ છે.

**ما بين عائر الى كذا** : હઝરત અનસની હદીષમાં **من كذا الى كذا** એટલે અહીંથી ત્યાં સુધી. હઝરત અબૂ હુરૈરહ્ની હદીષમાં **ما بين لابتى المدينة** છે એટલે હર્રા પૂર્વી તથા પશ્ચિમી બાજુના વચ્ચેનો હિસ્સો. અને આ હદીષમાં છે કે આઈરથી લઈને ત્યાં સુધી. એ સૌમાં સૌથી સ્પષ્ટ **ما بين لابتى المدينة**નો શબ્દ છે.

આ રિવાયતમાં આઈર છે અને કિતાબુલ જેહાદની રિવાયતમાં **عائر** છે. મુસ્લિમ (૧/૪૪૨ હજ્જ)માં **ما بين عير و ثور** છે. અબૂ દાઊદ (૧/૨૭૮ મનાસિક)માં **ما بين عير و ثور** છે. **ما بين عائر الى ثور** મદીના તયબહના બે પહાડોનાં નામ છે. ષૌર, જબલે ઓહદની પાસે એક નાના સરખા પહાડનું નામ છે. અબૂ દાઊદ (ઉપર મુજબ)માં અદી બિન ઝયદથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ મદીનાના દરેક તરફ એક બરીદ રમ્ના બનાવ્યું. મુસ્લિમ (૧/૪૪૨ હજ્જ)માં હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنهથી રિવાયત છે કે મદીનાની આજુબાજુ બાર માઈલ રમ્ના બનાવ્યું. આ બંનેવ રિવાયતોનો સાર એક જ છે. એક કૌલની બિના પર બરીદ બાર માઈલનો હોય છે. *(નુઝહતુલ કારી, ૩/૪૫૯)*

**محدثاً** : આ ઝબરની સાથે પણ મરવી છે તેનો અર્થ છે નવી પેદા કરેલ ચીજ. એટલે બિદઅતને પનાહ આપી એટલે અપનાવી, તેને રિવાજ આપ્યો અથવા એના રિવાજમાં કોઈ મદદ કરી અથવા શક્તિ હોવા છતાં તેના નિવારણની કોશિશ ન કરી.

**مُحدث** દાલના ઝેરની સાથે, એટલે બિદઅત કાઢનારને પનાહ આપી, તેની કોઈ મદદ કરી અથવા શક્તિ હોવા છતાં તેને દૂર ન કર્યો.

મદીના તય્યબહ ઉપરાંત ક્યાંય પણ આ બંનેવ વાતો હરામ છે પણ મદીના તય્યબહમાં અધિક સખત હરામ છે. કેમ કે મદીના તય્યબહ ઈસ્લામની ખાણ છે. ત્યાં થતા અમલને જોઈને અન્ય જગાના મુસલમાન તેને જાઈઝ બલ્કે મુસ્તહસન તથા ઈસ્લામી કામ સમજવા લાગશે. અને આ જ વાત મક્કા મોઅઝ્ઝમામાં પણ છે એટલા માટે આ બંને સ્થળોએ બિદઅતનો રિવાજ અન્ય જગાઓની નિસ્બતે અધિક ખતરનાક છે.

**صرف و عدل** : જમહૂરનો કૌલ એ છે કે "સરફ"થી ફર્ઝ અને "અદલ"થી નફલ મુરાદ છે અને એ જ રાજેહ (પસંદીદા) છે. અસ્મઈએ કહ્યું સરફનો અર્થ તૌબા અને અદલનો અર્થ ફિદિયો છે. અબૂ ઉબૈદે કહ્યું, સરફનો અર્થ ઈક્તિસાબ (કમાવુ) છે અને અદલનો અર્થ હીલો છે. એક કૌલ એ છે કે સરફનો અર્થ દિયત છે અને અદલનો અર્થ એના પર કાંઈક વધારો છે. એક કૌલ એ છે કે સરફનો અર્થ શફાઅત છે અને અદલનો અર્થ ફિદિયો છે. અલ્લામા કાઝી બયઝાવીએ એના પર જઝમ (યકીન) કર્યુ.

**من تولہ قوماً** : મુરાદ એ છે કે પ્રથમ કોઈ કૌમથી મુવાલાત (એકતા) કરી હતી પછી તેમની ઈજાઝત વિના

## بَابُ فَضْلِ الْمَدِيْنَةِ وَاَنَّهَا تَنْفِي النَّاسَ

**મદીનાની ફઝીલત અને એ કે તે લોકોને કાઢી નાખે છે**

حدیث ۱۰۹۰ سَمِعْتُ اَبَا الْحُبَابِ سَعْدَ بْنَ يَسَارٍ يَقُوْلُ سَمِعْتُ اَبَا هُرَيْرَةَ رَضِيَ

*"અબુલ હુબાબ સઅદ બિન યસાર કહે છે કે મેં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી* **[હદીષ : ૧૦૯૦]**

اللّٰهُ تَعَالٰى عَنْهُ يَقُوْلُ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اُمِرْتُ

*સાંભળ્યું. કહેતા હતા કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, મને એવી વસ્તીમાં હિજરત કરવાનો હુકમ થયો છે જે*

بِقَرْيَةٍ تَاْكُلُ الْقُرٰى يَقُوْلُوْنَ يَثْرِبُ وَهِيَ الْمَدِيْنَةُ تَنْفِي النَّاسَ

*તમામ વસ્તીઓને ખાય જશે, જેને લોકો યષરબ કહે છે જો કે એ મદીના છે, લોકોને એવી રીતે દૂર ફેંકે છે*

બીજી કૌમથી કરી લીધો. بغیر اذن موالیھم નો એના પ્રતિ નિર્દેશ કરે છે. અને એ પણ મતલબ થઈ શકે છે કે એકતાના કરાર વિના કોઈ કૌમ સાથે એકતાનો દાવો કર્યો હવે بغیر اذن موالیھم માં موالیھم મજાઝરૂપે છે. મુસ્લિમની રિવાયતમાં એની સાથે આ પણ છે.

**ومن ادعی الی غیر ابیہ، او انتمٰی الی غیر موالیہ** : જે પોતાના બાપ સિવાય કોઈ અન્યની પ્રતિ નિસ્બત કરી લે. આ એ અર્થનો સમર્થક છે.

**મસાઈલ** : આ હદીષમાં રાફઝીઓની રદ છે જેઓ કહે છે કે હુઝૂરે અક્દસ ﷺ એ હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالٰی وجہہ الکریم ને ગુપ્ત કાંઈક વસિયતો કરી હતી અને અમુક રહસ્યો રાઝો તથા દીનના ખાસ કાયદાઓ રાઝાદરી સાથે બતાવ્યા હતા. વાયદાનુ ખંડન હરામ છે, ખાસ કરીને જિમ્માનો વાયદો અને અમાનનો વાયદો. પોતાના નસબને બદલવું હરામ છે, એ જ પ્રમાણે જેણે આઝાદ કર્યો છે તેના સિવાય અન્યને આઝાદ કરનાર બતાવવું હરામ છે.

**મૌલાના અન્વર શાહ કાશ્મીરીની પકડ** : ફયઝુલ બારી, ૩/૧૪૧ પર એની દલીલમાં છે કે મદીના તય્યબહનાં ઝાડો કાપવાં જાઈઝ છે. આ લખેલ છે : કે નબી ﷺ એ મસ્જિદના બાંધકામ વખતે ઝાડોને કાપવાનો હુકમ આપ્યો.

દરેક માણસ જાણે છે કે મસ્જિદે નબવીનુ બાંધકામ એ તદ્દન શરૂઆતની વાત છે તે આ ઈર્શાદની વિરૂધ્ધ કે સમર્થક નથી થઈ શકતું. સૌને ખબર છે કે મદીનાના હરમ હોવાનો ઈર્શાદ પછીથી થયેલો છે.

### સમજૂતી : ૧૦૯૦

**تأکل القری** : એનાથી મુરાદ એ છે કે એ તમામ વસ્તીઓ પર ગાલિબ આવી (છવાઈ) જશે.

**تنفی الناس** : મુરાદ એ છે કાફિરો, મુનાફિકો, ફિત્ના પરવર વ્યક્તિઓને બહાર કરી આપે છે. આ વિશિષ્ટતા હુઝૂરે અક્દસ ﷺ ના મુબારક જમાના સુધી હતી, જેમ કે અકલ તથા ઉરયનાને કાઢયા અને એક અઅરાબીનો કિસ્સો હમણા આવી રહ્યો છે. અને યહૂદીઓને કાઢયા, અથવા પછી દજ્જાલના જમાનામાં જેમ કે દજ્જાલની હદીષમાં વર્ણન છે.

મુહલબ બિન અબૂ સફરા મુહદ્દિષે કહ્યું કે આ હદીષ એની દલીલ છે કે મદીના મક્કાથી અફઝલ છે. એટલા

كَمَا يَنْفِي الْكِيْرُ خَبْثَ الْحَدِيْدِ ء

જેવી રીતે ભટ્ટી લોખંડના કાટને ફેંકે છે."

(મુસ્લિમ–હજ, નિસાઈ–મનાસિક, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૨૩૭)

## بَابُ لَابَتَى الْمَدِيْنَةِ ص٢٥٢

**મદીનાની બે પહાડીઓ** –(પેજ : ૨૫૨)

حديث ١٠٩١ عَنْ اَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّهُ كَانَ يَقُوْلُ لَوْ رَاَيْتُ الظِّبَاءَ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہના બારામાં રિવાયત છે, તે ફર્માવતા હતા, **[હદીષ : ૧૦૯૧]**

بِالْمَدِيْنَةِ تَرْتَعُ مَا ذَعَرْتُهَا قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَا بَيْنَ

જો હું મદીનામાં હરણોને ચરતાં જોઉં તો ભડકાવીશ નહીં. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું,

لَابَتَيْهَا حَرَامٌ ء

તેના બંને પહાડો વચ્ચેનો હિસ્સો હરમ છે." (મુસ્લિમ–હજ, તિર્મિઝી–મનાકિબ, નિસાઈ–મનાસિક)

માટે કે મક્કાની કુફ્રો શિર્કથી પાકી મદીના તય્યબહની બરકતથી છે. આ દલીલ પર ચર્ચાની ગુંજાઈશ છે. જો કે અમે અગાઉ વિવિધ દલીલોથી સાબિત કર્યું છે કે મદીના તય્યબહ, મક્કા મોઅઝ્ઝમાથી અફઝલ છે.

**સમજૂતી : ૧૦૯૧** એટલા સુધી અમારી સહમતિ છે કે મદીના તય્યબહની શોભા ઝીનતને સલામત રાખવાના માટે તેનાં ઝાડો કાપવામાં ન આવે, ઘાસ સાફ કરવામાં ન આવે. અને એ પણ દુરુસ્ત છે કે એનાં જંગલી જાનવરોને ભડકાવવામાં ન આવે, આ અર્થના એતબારથી મદીના પાક પણ હરમ છે. પણ અમારું એ કહેવું છે કે મદીના તય્યબહનાં ઝાડ કાપવા પર, ઘાસ કતરવા પર અને શિકાર કરવા પર દમ વાજિબ નથી જેવું કે મક્કા મોઅઝ્ઝમામાં છે. હમણા હદીષ વર્ણન થઈ કે મદીના તય્યબહનાં ઝાડોથી ઊંટના માટે ચારો કાપવાની ઈજાઝત છે. અજબની વાત છે કે ત્રણેવ ઈમામ હઝરાત મદીના તયબહના હરમ હોવાને સ્વીકારે છે પણ ઝાડ કાપવા તથા શિકાર કરવા પર ફિદિયો અથવા બદલો કોઈ સાહબ વાજિબ નથી કરતા. અલ્બત્ત ઈમામ શાફઈ ફર્માવે છે કે એનો સામાન છીનવી લેવામાં આવે. જેમ કે મુસ્લિમમાં સઅદ બિન વક્કાસ رضی اللہ عنہથી મરવી છે કે તે પોતાના ઘરે વાદીએ અતીક઼માં ગયા તો એક ગુલામને જોયો કે ઝાડ કાપી રહ્યો છે અને પાંદડાં ખેરવી રહ્યો છે. તેમણે તેની પાસે જે કાંઈ હતું છીનવી લીધું. ત્યારબાદ તે ગુલામના ઘરવાળાં આવ્યાં અને તેમણે હઝરત સઅદથી પોતાના ગુલામનો સામાન માગ્યો તો ફર્માવ્યું, મઆઝલ્લાહ ! રસૂલુલ્લાહ ﷺએ જે અતિયો (ભેટ) મને આપી છે તે પરત કરી દઉં. સામાન પાછો આપવાથી ઈન્કાર કરી આપ્યો.

એના પર એ અર્ઝ છે કે હરમનાં ઝાડ કાપવાના બદલામાં તેની કિંમતનો સદક઼ો વાજિબ છે અને સદક઼ો ફક઼ીર પર થાય છે. હઝરત સઅદ બિન વક્કાસ رضی اللہ عنہ ફક઼ીર ન હતા. તેમજ એ જરૂરી નથી કે ગુલામનો સામાન એ ઝાડની કિંમત જેટલો હોય. અનાયાસે માનવું પડશે કે ઈર્શાદ ચેતવણી તથા ધમકાવવા માટે છે કે લોકો ઝાડો કાપી કાપીને મદીના તય્યબહને ઉઘાડુ ન કરી નાખે. આ મસ્અલામાં હનફીઓ પર ઘણા તીરો નશતર વરસાવવામાં આવ્યાં છે પણ બારીક દષ્ટિએ જોતાં ત્રણેવ ઈમામો તથા આપણા મસ્લકમાં પરિણામના હિસાબે કોઈ ફરક઼ નથી અને રિસાલતકાળથી એના પર જ અમલ છે કે જરૂરતના સમયે મદીના તય્યબહનાં ઝાડો કાપી શકાય છે.

## بَابُ مَنْ رَغِبَ عَنِ الْمَدِيْنَةِ ص٢٥٢

**જે શખ્સ મદીનાથી મોઢું ફેરવે** –(પેજ–૨૫૨)

حديث ١٠٩٢ عَنْ اَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને સાંભળ્યા, **[હદીષ : ૧૦૯૨]**

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ تَتْرُكُوْنَ الْمَدِيْنَةَ عَلٰى خَيْرِ مَا كَانَتْ لَا يَغْشَاهَا

ફર્માવતા હતા કે તમે લોકો મદીનાને એવા સમયે છોડી આપશો જ્યારે તે બેહતરીન હાલતમાં હશે. ત્યાં સુધી

اِلَّا الْعَوَافِيْ يُرِيْدُ عَوَافِيَ الطَّيْرِ وَالسِّبَاعِ وَآخِرُ مَنْ يُحْشَرُ رَاعِيَانِ مِنْ

કે તેમાં રોજીની તલાશ કરવાવાળા જંગલી જાનવરો, પક્ષીઓ રહેવા લાગશે અને સૌથી છેલ્લે મુઝૈનાના બે

مُزَيْنَةَ يُرِيْدَانِ الْمَدِيْنَةَ يَنْعِقَانِ بِغَنَمِهِمَا فَيَجِدَانِهَا وُحُوْشًا حَتّٰى اِذَا

ચરવાહાનો અંજામ થશે જે પોતાની બકરીઓને અવાજ આપતા મદીના આવશે તો ત્યાં જંગલી જાનવર

بَلَغَا ثَنِيَّةَ الْوَدَاعِ خَرَّا عَلٰى وُجُوْهِهِمَا ع

પામશે. જ્યારે ષનિયતુલ વિદાઅ સુધી પહોંચશે તો મોઢાભેર ગબડી પડશે."

(મુસ્લિમ–હજ, મુસ્નદે ઈમામ અહમદ–૩૩૪)

حديث ١٠٩٣ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ الزُّبَيْرِ عَنْ سُفْيَانَ بْنِ اَبِيْ زُهَيْرٍ رَضِيَ اللّٰهُ تَعَا

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેર, હઝરત સુફયાન બિન **[હદીષ : ૧૦૯૩]**

**સમજૂતી : ૧૦૯૨** મુસ્નદે ઈમામ અહમદમાં છેવટમાં આટલુ વધારે છે :–

من يرد الله به خيرا يفقيه فى الدين انما قاسم والله يعطى "અને અલ્લાહ જેની સાથે ભલાઈનો ઈરાદો કરે છે તેને દીનમાં સમજ (તફક્કુહ) અર્પણ કરે છે. અને હું વહેંચનાર છું અને અલ્લાહ આપે છે." عوافى،عافية નું બહુવચન છે. એ મોઅતલે વાવી છે એનો અર્થ રોજી શોધનાર છે. મુરાદ જંગલી જાનવર છે. એ મસ્દર ઈસ્મે ફાઈલના અર્થમાં પણ હોય શકે છે અને ઈસ્મ પણ. અલ્લામા ઈબ્ને જવઝીએ ફર્માવ્યું કે એની પણ સંભાવના છે કે આ عفاء થી બન્યુ છે જેનો અર્થ વિરાન ખાલી જગા છે જ્યાં કોઈ ન હોય. જંગલી જાનવરો એવી જ જગાએ રહેવાનુ અપનાવે છે. સહીહ એ જ છે કે મદીનાનો આ હાલ કયામતની નિકટમાં થશે. જેમ કે અલ્લામા નવવીએ ફર્માવ્યું. અને ખૂદ આ હદીષના અંતનો હિસ્સો એના માટે દલીલ પૂરી પાડે છે કે ફર્માવ્યું, સૌથી છેલ્લે મુઝૈનાના બે ચરવાહાનો અંજામ થશે. *અલ્હદીષ.*

واٰخر من يحشر : મુઝૈનાના આ બંને ચરવાહા પોતાના વતનને છોડીને પોતાની બકરીઓ લઈને મદીના આવશે તો જોશે કે એ જંગલી જાનવરોનું રહેઠાણ છે.

**સમજૂતી : ૧૦૯૩** والمدينة خير لهم : જાહેર છે કે મદીના દયારે રસૂલ છે. અહીં મસ્જિદે નબવી છે.

عَنْهُمْ أَنَّهُ قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ يُفْتَحُ

ઝુહૈર رضوان الله تعالیٰ علیہم اجمعین થી રિવાયત કરે છે કે તેમણે કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺ થી સાંભળ્યું. ફર્માવતા

الْيَمَنُ فَيَأْتِيْ قَوْمٌ يُبِسُّوْنَ فَيَتَحَمَّلُوْنَ بِأَهْلِيْهِمْ وَمَنْ أَطَاعَهُمْ وَالْمَدِيْنَةُ

હતા, યમન ફતહ થશે તો કેટલાક સવારીનાં જાનવર હાંકતા હાંકતા આવશે અને પોતાના ઘરવાળાં તથા

خَيْرٌ لَّهُمْ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ وَيُفْتَحُ الشَّامُ فَيَأْتِيْ قَوْمٌ يُبِسُّوْنَ فَيَتَحَمَّلُوْنَ

અનુસરનારાઓને લાદીને લઈ જશે, જ્યારે કે મદીના એમના માટે બેહતર છે જો તે લોકો જાણતા.

بِأَهْلِيْهِمْ وَمَنْ أَطَاعَهُمْ وَالْمَدِيْنَةُ خَيْرٌ لَّهُمْ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ وَيُفْتَحُ

અને શામ ફતહ થશે તો કેટલાક લોકો સવારીનું જાનવર હાંકતા હાંકતા આવશે અને પોતાનાં ઘરવાળાં તથા

الْعِرَاقُ فَيَأْتِيْ قَوْمٌ يُبِسُّوْنَ فَيَتَحَمَّلُوْنَ بِأَهْلِيْهِمْ وَمَنْ أَطَاعَهُمْ

અનુસરનારાઓ (હાથ નીચેનાં)ને લાદીને લઈ જશે, જ્યારે કે મદીના એમના માટે બેહતર છે જો તેઓ

وَالْمَدِيْنَةُ خَيْرٌ لَّهُمْ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ عه

જાણતા. અને ઈરાક઼ ફતહ થશે તો કેટલાક લોકો સવારીનાં જાનવર હાંકતા હાંકતા આવશે અને પોતાનાં ઘરવાળાં તથા અનુસરનારાઓને લાદીને લઈ જશે, જ્યારે કે મદીના તેમના માટે બેહતર છે જો તે લોકો ઈલ્મ ધરાવતા." (મુસ્લિમ, નિસાઈ–હજ, મુસ્નદે ઈમામ અહમદ, ૫/૨૨૦)

આ વહીના ઉતરાણનું સ્થાન છે. અહીંથી જ ઈસ્લામનો અન્ય શહેરોમાં ફેલાવો થયો, ગલ્બો થયો. એનાથી બેહતર યમન, શામ, ઈરાક઼ કેવી રીતે થઈ શકે છે. આ હદીષમાં કટાક્ષ તે લોકો પર છે જેઓ આર્થિક વિશાળતા તથા ખુશનુમા વાતાવરણ વગેરેની નિય્યતથી મદીના તય્યબહ છોડીને ક્યાંક બીજે ગયા. રહી ગયા તે લોકો જેઓ જેહાદ અથવા તબ્લીગના માટે અન્ય શહેરોમાં ગયા અથવા અન્ય કોઈ દીની મસ્લેહતની બિના પર ગયા, જેમ કે ખલીફતુલ મુસ્લિમીનની તરફથી ગવર્નર બનાવીને મોકલવામાં આવ્યા, તેઓ સવાબના પાત્ર છે, તેઓ આ હદીષના હેઠળ નથી આવતા.

**ગયબદાની** : હુઝૂરે અક઼દસ ﷺ એ પ્રથમ યમનનો ઉલ્લેખ કર્યો, પછી શામનો, પછી ઈરાક઼નો, આ જ ક્રમસર એ દેશો જીતાયા. યમનનો અમુક હિસ્સો રિસાલતકાળમાં જ ફતહ થઈ ગયો હતો, બાકી સિદ્દીક઼ી યુગમાં જીતાયો. ત્યારબાદ શામ (સીરિયા) ફતહ થયું પછી ઈરાક઼ અને જ્યારે આવું ફર્માવ્યું હતું ત્યારે શામ તથા ઈરાક઼ પર કૈસર તથા કસ્રાની અતિ મજબૂત તથા અડીખમ હુકૂમતો ક઼ાયમ હતી. અને અરબનો જે હાલ હતો એને લક્ષમાં લેતાં કોઈ એવી કલ્પના પણ કરી શકતુ ન હતું કે ક્યારેક અરબવાસીઓ શામ તથા ઈરાક઼ને જીતી શકશે. મશહૂર ફિરંગી ભાષા શાસ્ત્રી (મુસ્તશરેક઼ીન) ગબને લખ્યું છે કે જ્યારે રોમ પર સવાર થવાની પેશનગોઈ કરવામાં આવી હતી, એનાથી અધિક અસંભવ અન્ય કોઈ પેશનગોઈ ન થઈ શકતી હતી. આ સર્વ એનો ઝહૂર હતો કે ફર્માવ્યું, "જમીન મારા માટે સમેટી દેવામાં આવી. હું તેના પૂર્વ તથા પશ્ચિમને જોઈ રહ્યો છું જેટલી

## بَابُ الْاِیْمَانِ یَاْرِزُ اِلَی الْمَدِیْنَۃِ ص ۲۵۲

**ઈમાન મદીનામાં પનાહ લેશે** *(પેજ–૨૫૨)*

حدیث ۱۰۹۴ عَنْ اَبِیْ ھُرَیْرَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે નબી ﷺ એ ફર્માવ્યું, બેશક !* **[હદીષ : ૧૦૯૪]**

عَلَیْہِ وَسَلَّمَ قَالَ اِنَّ الْاِیْمَانَ لَیَاْرِزُ اِلَی الْمَدِیْنَۃِ کَمَا تَاْرِزُ الْحَیَّۃُ اِلٰی جُحْرِھَا عـہ

*ઈમાન સમેટાઈને મદીનાની તરફ પલ્ટાઈ આવે છે જેવી રીતે સાપ પોતાના દરોમાં સમેટાઈને પરત થાય છે."*

## بَابُ اِثْمِ مَنْ کَادَ اَھْلَ الْمَدِیْنَۃِ ص ۲۵۲

**મદીનાવાસીઓ સાથે ધોકો કરનારનો ગુનોહ** *(પેજ–૨૫૨)*

حدیث ۱۰۹۵ عَنْ عَائِشَۃَ بِنْتِ سَعْدٍ قَالَتْ سَمِعْتُ سَعْدًا رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ سَمِعْتُ

*"આઈશા બિન્તે સઅદથી રિવાયત છે તે કહે મેં હઝરત અસદ رضی اللہ عنہ થી સાંભળ્યું.* **[હદીષ : ૧૦૯૫]**

النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یَقُوْلُ لَا یَکِیْدُ اَھْلَ الْمَدِیْنَۃِ اَحَدٌ اِلَّا

*તેમણે ફર્માવ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺ ને એવું ફર્માવતાં સાંભળ્યા કે મદીનાવાળાઓ સાથે જે*

اِنْمَاعَ کَمَا یَنْمَاعُ الْمِلْحُ فِی الْمَاءِ

*પણ ધોકો કરશે તે એવી રીતે ઓગળી જશે જેવી રીતે પાણીમાં મીઠુ ઓગળી જાય છે."*

સમેટી દેવામાં આવી છે, મારી ઉમ્મતનો મુલ્ક ત્યાં સુધી પહોંચશે." *(મુસ્લિમ, ૨/૩૯૦ અલ્ફિતન, અબૂ દાઊદ–ફિતન, ૨૩૦, તિર્મિઝી ૨/૪૦ ફિતન, ઈબ્ને માજહ, ૨૯૨ , ફિતન, મુસ્નદે ઈમામ અહમદ ૫/૨૭૮, ૪/૧૨૩)*

**عن ثوبان مولیٰ رسول اللہ صلی اللہ تعالیٰ علیہ وسلم وعن شداد بن اوس رضی اللہ تعالیٰ عنہما**

**સમજૂતી : ૧૦૯૪** અલ્લામા દાઊદી અને અલ્લામા અયનીએ ફર્માવ્યું, મદીના તય્યબહની આ વિશિષ્ટતા રિસાલતકાળ તથા ખુલફાએ રાશિદનના યુગ સુધી રહી. અલ્લામા અયનીના ઈર્શાદ પ્રમાણે વધુમાં વધુ નેવું વરસો રહી, પછી ખૂદ મદીના તય્યબહ ફિત્નાઓનો નિશાનો બની ગયું.

**સમજૂતી : ૧૦૯૫**

યઝીદ પલીદના હુકમથી મુસ્લિમ બિન ઉક્બાએ મદીના તય્યબહ પર હુમ્લો કર્યો અને હર્રાના બનાવના પ્રસંગે મદીનાવાસીઓ પર તે જુલ્મો કર્યા જે કોઈ જાલિમે કોઈની સાથે નહીં કર્યા હોય. પરિણામ એ આવ્યું કે મદીનાથી ફારિગ થઈને મક્કા જતાં માર્ગમાં ઈબ્ને ઉક્બા જહન્નમ રશીદ થયો. અને થોડા દિવસો બાદ યઝીદ પલીદ પણ. તેમ છતાં એહતેયાતવાળા ઉલમાનો ખયાલ એ છે કે મદીના તય્યબહની આ વિશિષ્ટતા પણ હુઝૂર ﷺ ની જાહેરી હયાત સુધી માટે હતી.

حدیث ۱۰۹۶ بَابُ آطَامِ الْمَدِيْنَةِ ص۲۵۲

**મદીનાની ટેકરીઓનું બયાન** –(પેજ–૨૫૨) **[હદીષ : ૧૦૯૬]**

اَخْبَرَنِیْ عُرْوَةُ قَالَ سَمِعْتُ اُسَامَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ

"હઝરત ઓસામા رضی اللہ عنہ એ કહ્યું નબી صلی اللہ علیہ وسلم મદીનાની ટેકરીઓમાંથી એક ટેકરી પર

اَشْرَفَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ عَلٰی اُطُمٍ مِّنْ آطَامِ الْمَدِیْنَةِ فَقَالَ

ચઢયા અને ફર્માવ્યું, શું જે કાંઈ હું જોઈ રહ્યો છું તે તમે લોકો જોઈ રહ્યા છો ?

هَلْ تَرَوْنَ مَا اَرٰی اِنِّیْ لَاَرٰی مَوَاقِعَ الْفِتَنِ خِلَالَ بُیُوْتِکُمْ کَمَوَاقِعِ الْقَطْرِ ع ہ

**હું તમારાં ઘરોમાં ફિત્નાઓને એ રીતે ઉતરતા જોઈ રહ્યો છું જેમ કે વરસાદ પડે છે."**

(બુખારી ૧/૩૩૪ અલ્મઝાલિમ, ૧/૫૦૮ અલામાતુન્નબુવ્વત,
૨/૧૦૪૬ અલ્ફિતન, મુસ્લિમ–ફિતન, મુસ્નદે ઈમામ અહમદ, ૫/૨૦૦)

بَابُ لَا یَدْخُلُ الدَّجَّالُ الْمَدِیْنَةَ ص۲۵۲

**દજ્જાલ મદીનામાં પ્રવેશશે નહીં** –(પેજ–૨૫૨)

حدیث ۱۰۹۷ عَنْ اَبِیْ بَکْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ

"હઝરત અબૂબકરહ رضی اللہ عنہ એ નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત કરી કે ફર્માવ્યું, મદીનામાં **[હદીષ : ૧૦૯૭]**

وَسَلَّمَ قَالَ لَا یَدْخُلُ الْمَدِیْنَةَ رُعْبُ الْمَسِیْحِ الدَّجَّالِ لَهَا یَوْمَئِذٍ سَبْعَةُ

દજ્જાલનો રોઅબ (ડર) દાખલ થશે નહીં. એ દિવસે મદીનાના સાત દરવાજા હશે

اَبْوَابٍ عَلٰی کُلِّ بَابٍ مَّلَکَانِ ع ہ

અને દરેક દરવાજા પર બે ફરિશ્તા હશે." (બુખારી ૨/૧૦૫૫, મુસ્નદે ઈમામ અહમદ, ૫/૪૩)

**સમજૂતી : ૧૦૯૬**

હઝરત ઉષ્માન ઝુન્નૂરૈન رضی اللہ عنہ નો ઘેરાવ પછી શહાદત, પછી હર્રાનો બનાવ આ ગયબની ખબરોનું ઉઘાડુ સમર્થન છે.

**સમજૂતી : ૧૦૯૭–૧૦૯૮–૧૦૯૯**

બુખારીની આ રિવાયતમાં સંક્ષિપ્ત વર્ણન છે. મુસ્લિમમાં એની પૂરી તફસીલ આ પ્રમાણે છે : દજ્જાલની તરફ એક મોમિન જશે. તેને દજ્જાલના કેટલાક અનુયાયીઓ મળશે અને પૂછશે, ક્યાં જઈ રહ્યા છો ? તેની પાસે જઈ રહ્યો છું જે નીકળ્યો છે. તેઓ કહેશે, શું તું અમારા રબ પર ઈમાન નહીં લાવે ? તે ફર્માવશે, મારા રબના

حدیث ۱۰۹۸ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّی

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, મદીનામાં **[હદીષ : ૧૦૯૮]**

اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ عَلٰی اَنْقَابِ الْمَدِیْنَةِ مَلَائِکَةٌ لَا یَدْخُلُهَا الطَّاعُوْنُ

પ્રવેશવાના તમામ રસ્તાઓ પર ફરિશ્તા છે એમાં પ્લેગ તથા

وَلَا الدَّجَّالُ عسه

દજ્જાલ દાખલ થશે નહીં." (બુખારી ૨/૧૦૫૬ અલ્ફિતન, મુસ્લિમ–ફિતન, નિસાઈ–હજ)

حدیث ۱۰۹۹ اَخْبَرَنِیْ عُبَیْدُ اللّٰهِ بْنُ عَبْدِ اللّٰهِ بْنِ عُتْبَةَ اَنَّ اَبَا سَعِیْدِ الْخُدْرِیْ

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ એ ફર્માવ્યું, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ અમને દજ્જાલના **[હદીષ : ૧૦૯૯]**

رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ حَدَّثَنَا رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ

બારામાં એક લાંબી હદીષ વર્ણવી છે. એના બારામાં અમને જે વર્ણન કર્યું એમાં એ પણ હતું

حَدِیْثًا طَوِیْلًا عَنِ الدَّجَّالِ فَکَانَ فِیْمَا حَدَّثَنَا بِهٖ اَنْ قَالَ یَاْتِی الدَّجَّالُ

ત્યાં સુધી કે ફર્માવ્યું, દજ્જાલ આવશે મદીનાના રસ્તાઓમાં દાખલ થવું તેના માટે હરામ હશે.

وَهُوَ مُحَرَّمٌ عَلَیْهِ اَنْ یَّدْخُلَ نِقَابَ الْمَدِیْنَةِ یَنْزِلُ بَعْضَ السِّبَاخِ الَّتِیْ

મદીનાની નજીક જે ક્ષારયુક્ત જમીન છે એમનામાંથી અમુક પર ઉતરશે. તેની પાસે મદીનાથી એક શખ્સ

بِالْمَدِیْنَةِ فَیَخْرُجُ اِلَیْهِ یَوْمَئِذٍ رَجُلٌ هُوَ خَیْرُ النَّاسِ اَوْ مِنْ خَیْرِ النَّاسِ

જશે જે એ દિવસે સૌથી શ્રેષ્ઠ હશે અથવા સૌથી શ્રેષ્ઠ લોકોમાંથી હશે અને કહેશે, હું ગવાહી આપુ છું કે તું તે

فَیَقُوْلُ اَشْهَدُ اَنَّكَ الدَّجَّالُ الَّذِیْ حَدَّثَنَا عَنْكَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ

જ દજ્જાલ છે જેના બારામાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ અમને વર્ણવ્યું છે. હવે દજ્જાલ કહેશે, બોલો જો હું આને

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ حَدِیْثَهٗ فَیَقُوْلُ الدَّجَّالُ اَرَاَیْتَ اِنْ قَتَلْتُ هٰذَا ثُمَّ اَحْیَیْتُهٗ

કત્લ કરી નાખુ અને ફરી જીવંત કરી આપુ તો શું તમે લોકો મારા મામલામાં શક કરશો ? લોકો કહેશે, નહીં !

બારામાં કોઈ શંકા નથી. તેઓ કહેશે, એને કત્લ કરી નાખો ! તો એમનામાંથી અમુક લોકો કહેશે, શું આપણા રબે કોઈને કત્લ કરવાથી મના નથી કર્યું ? કોઈને કત્લ કરવાનો હશે તો તે જ કરશે. તેમને તે સૌ દજ્જાલની પાસે લઈ જશે. આ મોમિન દજ્જાલને જોઈને કહેશે, આ જ તે દજ્જાલ છે જેનું વર્ણન રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું છે. દજ્જાલ હુકમ આપશે તો જાલિમ એમના માથા પર ઝખ્મ લગાડશે. કહેશે, એને પકડો ! મારતા મારતા એમની

هَلْ تَشُكُّوْنَ فِي الْاَمْرِ فَيَقُوْلُوْنَ لَا فَيَقْتُلُهٗ ثُمَّ يُحْيِيْهِ فَيَقُوْلُ حِيْنَ

દજ્જાલ તેમને કત્લ કરી આપશે ફરી ઝિંદા કરી આપશે. હવે તે શખ્સ કહેશે, આજથી વધુ તારી

يُحْيِيْهِ وَاللّٰهِ مَا كُنْتُ قَطُّ اَشَدَّ بَصِيْرَةً مِّنِّي الْيَوْمَ فَيَقُوْلُ الدَّجَّالُ

ઓળખ કદી થઈ ન હતી. દજ્જાલ કહેશે, એને મારી નાખો !

اُقْتُلْهُ فَلَا يُسَلَّطُ عَلَيْهِ ء

હવે તેમના પર કાબૂ આપવામાં આવશે નહીં." (બુખારી ૨/૧૦૫૬ અલ્ ફિતન, મુસ્લિમ–ફિતન, નિસાઈ–હજ)

حدیث ۱۱۰۰ حَدَّثَنَا اِسْحٰقُ حَدَّثَنِيْ اَنَسُ بْنُ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ નબી ﷺ થી રિવાયત કરતાં આ હદીષ **[હદીષ : ૧૧૦૦]**

النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَيْسَ مِنْ بَلَدٍ اِلَّا سَيَطَؤُهُ الدَّجَّالُ

બયાન કરી કે ફર્માવ્યું, મક્કા તથા મદીના સિવાય દરેક શહેરને દજ્જાલ કચડશે.

اِلَّا مَكَّةَ وَالْمَدِيْنَةَ لَيْسَ مِنْ نِقَابِهَا نَقْبٌ اِلَّا عَلَيْهِ الْمَلَائِكَةُ صَافِّيْنَ

તેમના દરેક રસ્તા પર ફરિશ્તા હારબંધ પહેરો આપતા હશે. પછી મદીનામાં

يَحْرُسُوْنَهَا ثُمَّ تَرْجُفُ الْمَدِيْنَةُ بِاَهْلِهَا ثَلٰثَ رَجَفَاتٍ فَيُخْرِجُ اللّٰهُ

ત્રણ ધરતીકંપ થશે જેનાથી દરેક કાફિર તથા મુનાફિકને અલ્લાહ મદીનાથી

كُلَّ كَافِرٍ وَّمُنَافِقٍ ء

બહાર કરી આપશે." (મુસ્લિમ–ફિતન, નિસાઈ–હજ)

પીઠ તથા પેટના ચૂરા કરી નાખશે. હવે દજ્જાલ કહેશે, બોલ ! મારા પર ઈમાન લાવે છે ? તે મોમિન કહેશે, તું મસીહ કઝ્ઝાબ છે ! હવે તે જાલિમ માથા પર કરવટ ચલાવીને કમરની નીચે લાવીને બે ટુકડા કરી દેશે અને તે બે ટુકડાઓની વચ્ચે ચાલશે. પછી કહેશે, ઉભો થઈ જા ! તો તે મોમિન સીધો ઉભો થઈ જશે. દજ્જાલ પૂછશે, મારા પર ઈમાન લાવે છે ? તો તે મર્દે મોમિન જવાબ આપશે, હવે મારું યકીન તારા બારામાં અધિક વધી ગયું. તે મર્દે મોમિન લોકોને કહેશે, મારા બાદ કોઈની સાથે આ આવું કરી શકશે નહીં. પછી દજ્જાલ એમને પકડીને ઝબહ કરવા ચાહશે પણ તેમની ગરદન પર છાતી સુધી સીસુ કરી દેવામાં આવશે તે ઝબહ કરી શકશે નહીં. પછી તેમના હાથ પગો પકડીને ફેંકી દેશે. લોકો સમજશે કે આગમાં ફેંક્યો છે પણ તે જન્નતમાં જશે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, રબ્બુલ આલમીનને ત્યાં આ સૌથી મહાન શહીદ હશે.

**સમજૂતી : ૧૧૦૦** سَيَطَؤُهٗ : એ પોતાના જાહેર પર આધારિત છે. જાહેરથી ઈન્કારનો કોઈ અવકાશ નથી. ખૂદ દજ્જાલ પૂરી દુનિયામાં જશે. એ મુરાદ નથી કે તે ખૂદ નહીં બલ્કે તેનું લશ્કર, તેના અનુયાયીઓ જશે.

## بَابُ الْمَدِيْنَةِ تَنْفِي خَبَثَهَا ص٢٥٣

**મદીના મેલ કાટ દૂર કરી આપે છે** –*(પેજ : ૨૫૩)*

حدیث ۱۱۰۱ عَنْ جَابِرٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ جَاءَ اَعْرَابِيٌّ اِلَى النَّبِيِّ صَلَّى

*"હઝરત જાબિર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે એક અઅરાબી નબી ﷺની ખિદમતમાં* **[હદીષ : ૧૧૦૧]**

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَبَايَعَهُ عَلَى الْاِسْلَامِ فَجَاءَ مِنَ الْغَدِ مَحْمُوْمًا

*હાજર થયા અને ઈસ્લામ પર બયઅત થયા. બીજા દિવસે તાવમાં સપડાઈને આવ્યા અને કહ્યું,*

فَقَالَ اَقِلْنِيْ فَاَبٰى ثَلٰثَ مَرَّاتٍ فَقَالَ الْمَدِيْنَةُ كَالْكِيْرِ تَنْفِي خَبَثَهَا

*મારી બયઅત તોડી નાખો ! હુઝૂરે ત્રણ વાર ઈન્કાર કર્યો, પછી ફર્માવ્યું, મદીના ભઠ્ઠીના જેમ છે તે*

وَتَنْصَعُ طَيِّبُهَا عه

*લોખંડના કાટને દૂર કરે છે અને ખાલિસ (ફક્ત લોખંડ) બાકી રાખે છે."*

*(બુખારી ૨/૧૦૭૦ અલ્અહકામ, ૨/૧૦૮૮ અલએઅતિસામ, નિસાઈ–હજ)*

મુસ્લિમ (૨/૪૦૧ ઝિક્રુદ્દજ્જાલ)માં નવાસ બિન સમ્આન رضی اللہ عنہની હદીષમાં છે કે દજ્જાલ કુલ ૪૦ દિવસ રહેશે. પ્રથમ દિવસ એક વરસનો, બીજો દિવસ એક મહિનાનો અને ત્રીજો દિવસ એક અઠવાડિયાનો. બાકીના દિવસો અન્ય દિવસો જેટલા (૨૪ કલાકના) અને તેની ગતિ એટલી તેજ હશે જાણે કે તે વાદળ જેને હવા ઉડાડતી હોય. કુલ સાલભર બે મહિના ૪૪ દિવસમાં પૂરી દુનિયા ઘુમી લેશે.

**ترجف المدينة** : આ એની વિરૂધ્ધ નથી કે પ્રથમ ફર્માવ્યું કે મદીનામાં દજ્જાલનો ડર પ્રવેશશે નહીં. કેમ કે આ ધરતીકંપ દજ્જાલના તરફથી નહીં પણ અલ્લાહ તરફથી મદીના તય્યબહની પાકીના માટે આવશે.

**સમજૂતી : ૧૧૦૧**

**الاحكام** : અલ અહકામમાં એ તફસીલ છે કે એ અઅરાબી ત્રણવાર આવ્યા. એવું નહીં કે હુઝૂરે અક્દસ ﷺએ એક જ મજલિસમાં ત્રણવાર ઈન્કાર કર્યો. જ્યારે ત્રીજીવાર પણ હુઝૂરે ઈન્કાર કરી આપ્યો તો તે મદીના તયબહથી ગામડે ચાલ્યા ગયા.

**محموما** : તેનો માદ્દો **حُمّٰى** છે **حُمَّ الرجل اَحَمَّ**થી. તન્સઉ ફતહ યફતહુથી આવે છે એનો મસ્દર નુસુઅ છે જેનો અર્થ ખાલિસ (પ્યોર) હોવુ છે. નાસેઅ–ખાસ. મોટાભાગની રિવાયતોમાં યન્સઉ બાબે તફઈલથી મજહૂલ આવ્યું છે.

અમુક રિવાયતોથી માલૂમ થાય છે કે એમનું નામ કૈસ બિન અબી હાઝિમ છે. તેમની વારંવારની દરખાસ્ત છતાં હુઝૂરે અક્દસ ﷺએ બયઅત ન તોડી. આ એમના પર ખાસ મહેરબાની હતી. તે તો તાવના કારણે મઅઝૂર (લાચાર) હતા. તેમના આ ઉઝરના કારણે તેમની સાથે સખ્તી નથી કરી, બલ્કે અતિશય કક્ષાના કરમથી તેમની બયઅત બાકી રાખી.

حدیث ۱۱۰۲ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ يَزِيْدَ قَالَ سَمِعْتُ زَيْدَ بْنَ ثَابِتٍ رَضِيَ اللّٰهُ

"અબ્દુલ્લાહ બિન યઝીદે કહ્યું, મેં હઝરત ઝૈદ બિન ષાબિત رضی اللہ عنہ થી સાંભળ્યું. **[હદીષ : ૧૧૦૨]**

تَعَالٰى عَنْهُ يَقُوْلُ لَمَّا خَرَجَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

તે કહેતા હતા કે જ્યારે નબી ﷺ ઓહદની તરફ ચાલ્યા તો હુઝૂરના સાથીઓમાંથી કેટલાક

اِلٰى اُحُدٍ رَّجَعَ نَاسٌ مِّنْ اَصْحَابِهٖ فَقَالَتْ فِرْقَةٌ نَقْتُلُهُمْ وَقَالَتْ

લોકો પરત થઈ ગયા. એક ગિરોહે કહ્યું, અમે તેમને કત્લ કરીશું અને એક ગિરોહે કહ્યું કે, નહીં ! એના પર

فِرْقَةٌ لَا نَقْتُلُهُمْ فَنَزَلَتْ فَمَا لَكُمْ فِي الْمُنَافِقِيْنَ فِئَتَيْنِ ۔ وَقَالَ النَّبِيُّ

આ આયત નાઝિલ થઈ. તમારો શો હાલ છે કે મુનાફિક઼ોના બારામાં બે ગિરોહ છો ! અને નબી ﷺએ

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِنَّهَا تَنْفِي الرِّجَالَ كَمَا تَنْفِي النَّارُ خَبَثَ

ફર્માવ્યું, આ ખરાબ લોકોને કાઢીને બહાર ફેંકે છે. જેવી રીતે આગ

الْحَدِيْدِ ـ

લોખંડના મેલને ફેંકી આપે છે." (બુખારી ૨/૫૮૦ મગાઝી, ૨/૬૬૦ અત્તફસીર, મુસ્લિમ ઝિક્રુલ મુનાફિક઼ીન, તિર્મિઝી–તફસીર)

**સમજૂતી : ૧૧૦૨**

આ અબ્દુલ્લાહ બિન ઉબય સલૂલ રાસુલ મુનાફિક઼ીન હતો જે પોતાના ત્રણસો સાથીઓને લઈને એવું કહેતાં પરત ચાલ્યો ગયો કે જો અમે જાણતા કે લડાઈ છે તો અમે જરૂર આપની પયરવી કરતા. હુઝૂરે અક઼દસ ﷺ એક હજાર વ્યક્તિઓ સાથે મદીનાથી નીકળ્યા હતા, હવે કેવળ સાતસો રહી ગયા.

**من اصحابه** : અહીં આ મુનાફિક઼ો માટે અસ્હાબ શબ્દ જાહેરના એતબારથી છે. મગાઝીની રિવાયતમાં છે : **من خرجوا معه،فكان اصحب النبی ﷺ فرقتين۔** હુઝૂર ﷺની સાથે મદીનાથી જે લોકો ચાલ્યા હતા એમાંથી અમુક લોકો પરત ચાલ્યા ગયા. હવે નબી ﷺના અસ્હાબમાં બે ગિરોહ પડી ગયા.

**فنزلت۔** : સૂરએ નિસાઅની આયત–૮૮ નાઝિલ થઈ : શું વાત છે તમે મુનાફિક઼ોના બારામાં બે ગિરોહ (ગૃપ) થઈ ગયા ?! અલ્લાહે તેમને ઊંધા કરી આપ્યા છે (તેમના કરતુતોના કારણે). શું તમે ચાહો છો કે અલ્લાહે જેમને ગુમરાહ કરી આપ્યા છે તેમને હિદાયત પર લાવો ?! અને જેમને અલ્લાહ ગુમરાહ કરી આપશે તેમના માટે તમે માર્ગ જોશો નહીં.

મગ઼ાઝીમાં છે : **وانها طيبة تنفى الذنوب كما تنفى النار خبث الفضة** "આ તયબહ છે, ગુનાહોને એવી રીતે દૂર કરે છે જેવી રીતે આગ ચાંદીના મેલને." અને તફસીરમાં **الذنوب**ની જગાએ **الخبيث** છે.

## باب صفحہ ۲۵۳

حدیث ۱۱۰۳ عَنْ اَنَسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું, **[હદીષ : ૧૧૦૩]**

قَالَ اَللّٰھُمَّ اجْعَلْ بِالْمَدِیْنَةِ ضِعْفَیْ مَا جَعَلْتَ بِمَکَّةَ مِنَ الْبَرَکَةِ عه

હે અલ્લાહ ! મદીનામાં મક્કાથી ત્રણગણી બરકત અતા ફર્માવ." (બુખારી ૧/૨૫૩, મુસ્લિમ–હજ)

## باب ص ۲۵۳

حدیث ۱۱۰۴ عَنْ عَائِشَةَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْهَا قَالَتْ لَمَّا قَدِمَ رَسُوْلُ اللّٰہِ

"ઉમ્મુલ મોમિનીન સૈયદા આઈશા رضی اللہ عنہا થી મરવી છે કે તેમણે ફર્માવ્યું, **[હદીષ : ૧૧૦૪]**

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ الْمَدِیْنَةَ وُعِكَ اَبُوْبَکْرٍ وَّ بِلَالٌ فَکَانَ

રસૂલુલ્લાહ ﷺ મદીના આવ્યા તો હઝરત અબૂબક્ર તથા બિલાલ رضی اللہ عنہما તાવમાં સપડાઈ ગયા. હઝરત

اَبُوْبَکْرٍ اِذَا اَخَذَتْہُ الْحُمّٰی یَقُوْلُ ـ کُلُّ امْرِئٍ مُّصَبَّحٌ فِیْ اَھْلِہٖ ؛ وَ

અબૂબક્રનો હાલ તો એવો હતો કે જ્યારે તેમને તાવ આવતો તો કહેતા, દરેક શખ્સ પોતાના ઘરવાળામાં રહીને

اَلْمَوْتُ اَدْنٰی مِنْ شِرَاكِ نَعْلِہٖ ، وَکَانَ بِلَالٌ اِذَا اُقْلِعَ عَنْہُ الْحُمّٰی یَرْفَعُ

સવાર કરનારો છે અને હાલ એ છે કે મૌત એના ચપ્પલની દોરીથી પણ નજીક છે. અને બિલાલનો તાવ જ્યારે

**સમજૂતી : ૧૧૦૩** ضعف નો અર્થ ડબલ છે એટલે કોઈ ચીજના બરાબર અધિક. બે ضعف નો અર્થ થયો ૨/૩ એટલે કોઈ ચીજના ત્રણ હિસ્સામાંથી બે હિસ્સા, એટલે ત્રણ ગણી. ઈમામ કાઝી અયાઝે ફર્માવ્યું, આ હદીષ એની દલીલ છે કે મક્કા મોઅઝ્ઝમાંથી મદીના તય્યબહ અફઝલ છે. એટલા માટે કે બરકત દીની તથા દુનિયવી બંનેને માટે આમ છે. અને દીની તથા ઉખરવી બરકત સવાબ છે. તો એનાથી સાબિત થયું કે મદીના તય્યબહમાં દરેક અમલ પર મક્કા મોઅઝ્ઝમા કરતાં ત્રણ ગણો સવાબ છે. અને બરકતને દુનિયવી બરકત સાથે ખાસ કરવું વિના કારણે છે.

**સમજૂતી : ૧૧૦૪** હુઝૂરે અક્દસ ﷺ બાર રબીઉલ અવ્વલના ઝવાલથી પહેલાં મદીના તય્યબહ તશરીફ લાવ્યા હતા. عقیرته એ અવાજ જે ગાવા કે રડતી વખતે તરન્નુમની સાથે કાઢવામાં આવે. اذخر મશહૂર ઘાસ છે. جلیل પણ એક નરમ ઘાસનું નામ છે જેનાથી છાપરાં બનાવતા હતા. مَجَنّة લગભગ તે જ જગા છે જ્યાં રજબમાં વાર્ષિક મેળો લાગતો હતો. شامه،طفیل બે પહાડો અથવા બે ઝરણાઓનાં નામ છે. بُطحان મદીના

عَقِيرَتَهُ يَقُولُ - اَلَا لَيْتَ شِعْرِي هَلْ اَبِيتَنَّ لَيْلَةً ، بِوَادٍ وَّحَوْلِي اِذْ

તૂટતો તો તરન્નુમ (લહેજા) સાથે અવાજ બુલંદ કરતા. કહેતા, કાશ ! કે એક રાતમાં એવી વાદીમાં ગુજરતો

خِرٌ وَّجَلِيلُ ، وَهَلْ اَرِدَنْ يَوْمًا مِّيَاهَ مَجَنَّةٍ ، وَهَلْ يَبْدُوَنْ لِي شَامَةٌ

જેથી મારી આસપાસ ઈઝખર તથા જલીલ હોતી અને શું કોઈ દિવસ મજન્નાના પાણી પર ગુજરી શકીશ ?!

وَطَفِيلُ ، اَللّٰهُمَّ الْعَنْ شَيْبَةَ بْنَ رَبِيعَةَ وَعُتْبَةَ بْنَ رَبِيعَةَ وَاُمَيَّةَ بْنَ

અને શું મારી નજરો સમક્ષ શામા અને તફીલ હશે ? હે અલ્લાહ ! શયબા બિન રબીયહ, ઉત્બા બિન

خَلَفٍ كَمَا اَخْرَجُوْنَا مِنْ اَرْضِنَا اِلَى اَرْضِ الْوَبَاءِ ثُمَّ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى

રબીઅહ તથા ઉમૈયા બિન ખલફ પર લઅનત કર જેમણે અમને અમારી ભૂમિથી કાઢીને વબાની જમીનમાં

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَللّٰهُمَّ حَبِّبْ اِلَيْنَا الْمَدِيْنَةَ كَحُبِّنَا مَكَّةَ اَوْ اَشَدَّ -

કરી દીધા છે. તેના પછી રસૂલુલ્લાહ ﷺએ આ દુઆ કરી, હે અલ્લાહ ! અમને મક્કા જેમ મદીનાને પ્યારું

اَللّٰهُمَّ بَارِكْ لَنَا فِيْ صَاعِنَا وَفِيْ مُدِّنَا وَصَحِّحْهَا لَنَا وَانْقُلْ حُمَّاهَا اِلَى الْجُحْفَةِ

કરી આપ, અથવા એનાથી પણ વધુ ! હે અલ્લાહ ! અમારા સાઅમાં, અમારા મુદમાં બરકત આપ ! અને

قَالَتْ وَقَدِمْنَا الْمَدِيْنَةَ وَهِيَ اَوْبَاُ اَرْضِ اللّٰهِ قَالَتْ فَكَانَتْ بُطْحَانُ يَجْرِيْ

મદીનાને અમારા માટે તંદુરુસ્તી વધારનાર બનાવી આપ અને તેનો તાવ જુહફા તબદીલ કરી આપ. ઉમ્મુલ

نَجْلًا يَعْنِيْ مَاءً اٰجِنًا

મોમિનીને ફર્માવ્યું, અમે જ્યારે મદીના આવ્યાં તો અલ્લાહની સર્વ જમીન કરતાં અધિક વબાવાળી હતી. અને

ફર્માવ્યું કે બુત્હાનના નાળાથી બદબૂદાર પાણી વહેતુ હતું." (બુખારી ૧/૨૫૩)

તય્યબહના એક નાળાનું નામ છે. نجلا ગંદુ દુર્ગંધમય પાણી.

મક્કા મોઅઝ્ઝમા ગરમ અને શુષ્ક સ્થળ છે. ઝમઝમ શરીફ સિવાય અન્ય ન કોઈ કૂવો છે ન ઝરણુ. અને મદીના તય્યબહ ભીના વાતાવરણવાળી જગા છે તેમજ એના નાળાંઓથી દુર્ગંધમય પાણી વહેતુ હતું જેની અસર કૂવાઓનાં પાણીઓમાં પણ થતી જેના કારણે ત્યાં લગભગ લોકો તાવમાં સપડાયેલા રહેતા. ઉમરતુલ કઝાના મોકા પર મક્કાવાસીઓએ સહાબાએ કિરામ પર કટાક્ષ કર્યો હતો : اضناهم حمى يثرب "યષરબના તાવે તેમને કમજોર કરી આપ્યા છે." મક્કા મોઅઝ્ઝમા જેવી શુષ્ક જગાથી જ્યારે સહાબાએ કિરામ મદીના જેવી ભીના વાતાવરણવાળી તથા ઝેરીલા સ્થળે પહોંચ્યા તો મોટાભાગે તાવમાં સપડાય ગયા. પછી હુઝૂરે અકદસ ﷺની દુઆની બરકતથી મદીના તય્યબહની વબા ખત્મ થઈ ગઈ અને ત્યાંની આબોહવા તંદુરસ્તીવર્ધક થઈ ગઈ. હવાઓ સવારની હવા (નસીમે સહર)ની જેમ જાંફિઝાં, પાણી આબે હયાતની જેમ મીઠુ થઈ ગયું. જેટલું

حدیث ۱۱۰۵ عَنْ زَيْدِ بْنِ اَسْلَمَ عَنْ اَبِيْهِ عَنْ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ

"હઝરત ઉમર رضی اللہ عنہથી મરવી છે કે તેમણે આ દુઆ કરી, હે અલ્લાહ ! તારા માર્ગમાં **[હદીષ : ૧૧૦૫]**

اَللّٰهُمَّ ارْزُقْنِيْ شَهَادَةً فِيْ سَبِيْلِكَ وَاجْعَلْ مَوْتِيْ فِيْ بَلَدِ رَسُوْلِكَ

શહાદત નસીબ ફર્માવ અને મૌત તારા રસૂલના શહેરમાં આપ."

સ્વાદિષ્ટ હલકુ પાણી મદીના તય્યબહનું છે એવું દુનિયામાં ક્યાંયનું નથી.

જે દિવસે હુઝૂરે અક્દસ ﷺએ આ દુઆ ફર્માવી કે એનો બુખાર જુહફા તબદીલ ફર્માવી દે, તે દિવસ સર્વ જુહફાવાળાઓ તાવમાં સપડાય ગયા અને જુહફા તાવનું ઘર થઈ ગયું. ત્યાં એક ઝરણુ હતું તો જે પણ તેનું પાણી પી લેતું તે તાવમાં સપડાઈ જતું. આ હદીષથી સાબિત થયું કે દફએ બલા તથા હુસૂલે નફા (બલા દૂર કરવા તથા ફાયદો પામવા) માટે દુઆ રઝા બિલ કઝાની વિરૂધ્ધ નથી બલ્કે હુઝૂરે અક્દસ ﷺની સુન્નત છે. એમાં બંદગી, આજીજી તથા હકીરપણાનું પ્રદર્શન છે, જે ખૂદ એક ઈબાદત છે.

**સમજૂતી : ૧૧૦૫** આ દુઆનો સબબ એ બન્યો કે હઝરત ઔફ બિન માલિક رضی اللہ عنہએ ખ્વાબ જોયો કે હઝરત ઉમર શહીદ છે, શહીદ કરવામાં આવશે. આ ખ્વાબ હઝરત ઉમર رضی اللہ عنہને વર્ણવ્યો તો ફર્માવ્યું, મારા માટે શહાદત ક્યાં ? હું અરબદ્વિપની મધ્યમાં છું, જેહાદ કરતો નથી. મારી આસપાસ દરેક વખતે લોકો રહે છે. પછી ફર્માવ્યું, નસીબ થશે, ઈન્શાઅલ્લાહ ! જે વખતે હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું હતું એનાથી વધુ મુશ્કેલ કોઈ વાત ન થઈ શકતી હતી, પણ જે ફર્માવ્યું, તે જ થયું અને તેમની આ દુઆ કબૂલ થઈ અને રસૂલુલ્લાહ ﷺના શહેરમાં શહાદત નસીબ થઈ અને હુઝૂરે અક્દસ ﷺના બાજુમાં દફન થવાનું નસીબ થયું.

આ હદીષ ઝૈદ બિન અસ્લમથી મરવી છે. આમ સનદોમાં છે કે ઝૈદ પોતાના પિતા અસ્લમથી અને તે હઝરત ઉમર رضی اللہ عنہથી રિવાયત કરે છે. પણ ઈબ્ને ઝરીઅના તરીકાથી આ જ હદીષ ઝૈદ બિન અસ્લમ અન ઉમ્મહિ અન હફસા બિન્તે ઉમર અન ઉમર رضی اللہ عنہا મરવી છે. એટલે કે ઝયદ બિન અસ્લમ પોતાનાં માથી, તે ઉમ્મુલ મોમિનીન હઝરત હફસાથી, તે હઝરત ઉમર رضی اللہ عنہاથી રિવાયત કરે છે. **وقال زریع**થી ઈમામ બુખારીએ એના પ્રતિ જ નિર્દેશ કર્યો છે. તેમજ હિશામ બિન સઅદે આ હદીષ આ રીતે રિવાયત કરી છે : ઝયદ બિન અસ્લમ પોતાના વાલિદથી, તે ઉમ્મુલ મોમિનીન હઝરત હફસાથી, તે હઝરત ઉમર رضی اللہ عنہاથી રિવાયત કરે છે. **وقال هشام**-થી આ બતાવ્યું. આ મતભેદના ઉલ્લેખથી ઈમામ બુખારીનો હેતુ શો છે એ સ્પષ્ટ ન થઈ શક્યું. જાહેરી રીતે આ સનદમાં ઈઝતેરાબ છે. જો ઈમામ બુખારીનો હેતુ એ ઈઝતેરાબ દર્શાવવાનો હોત અને આ હદીષ એમના નજીક મુઝતરિબ હોત તો એને સહીહમાં ન નોંધતા. એટલા માટે સદગુમાનની રીતે એ જ કહેવામાં આવશે કે તેમનો હેતુ તરીકા બયાન કરવાનો જ છે. અને એ કે ઝયદ બિન અસ્લમ પોતાના વાલિદથી પણ રિવાયત કરે છે અને પોતાનાં વાલિદાથી પણ. અને તેમના પિતા અસ્લમે આ હદીષ ખૂદ હઝરત ઉમર رضی اللہ عنہથી પણ સાંભળી છે અને ઉમ્મુલ મોમિનીન હઝરત હફસા رضی اللہ عنہاથી પણ. અલ્લાહ બહેતર જાણનાર છે.

**قدتم بعون الله تعالى وعون حبيبه صلى الله تعالىٰ عليه وسلم الجزء الرابع من نزهة القاری ويليه الخامس ان شاء ربنا عزوجل وشاء حبيبه عليه الصلوة والتسليم۔ فالحمدله۔ اولاواخرا والصلوة والسلام على حبيبه وعلى اٰله وصحبه بداية ونهاية۔**

અલ્હમ્દુલિલ્લાહ ! તર્જુમો પૂર્ણ થયો નુઝહતુલ કારી, ભાગ : ૪નો,

તા. ૨૯–૮–૨૦૧૧ સમય ૧૨.૨૪ બપોરના ૨૮–રમઝાન શરીફ, હિ.સ. ૧૪૩૨